ॐ

श्री सीमंधरदेवाय नमः
श्री निज शुद्धात्मने नमः

# શ્રી પંચાસ્તિકાયસંગ્રહ પ્રવચન

## (ભાગ-૩)

અધ્યાત્મયુગપુરુષ
પૂ. ગુરુદેવશ્રી કાનજી સ્વામીના
ગાથા ૬૩ થી ૧૨૫ સંકલિત પ્રવચનો તથા
ગાથા ૧૨૬ થી ૧૪૬ સુધીના ૧૮ અક્ષરશઃ
સળંગ મંગલમયી પ્રવચનો

: પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન :
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
૫-પંચનાથ પ્લોટ, કાનજી સ્વામી માર્ગ,
રાજકોટ-૩૬૦ ૦૦૧. (સૌરાષ્ટ્ર)
ફોન : ૦૨૮૧-૨૨૩૧૦૭૩

| કહાન સંવત | વીર સંવત | વિક્રમ સંવત | ઈ.સ. |
|---|---|---|---|
| ૩૮ | ૨૫૪૪ | ૨૦૭૪ | ૨૦૧૮ |


: પ્રકાશન :

મહાવીર નિર્વાણ દિન બુધવાર
તા. ૦૭/૧૧/૨૦૧૮ ના
મંગલમય દિન નિમિત્તે

પ્રથમ આવૃત્તિ-૫૦૦ પડતર કિંમત- રૂ.૧૭૦/- (અંદાજિત) મૂલ્ય-૩૦/-


**પ્રાપ્તિ સ્થાન**


**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**

૫, પંચનાથ પ્લોટ, શ્રી કાનજીસ્વામી માર્ગ,
રાજકોટ - ૩૬૦ ૦૦૧. ફોન : ૦૨૮૧-૨૨૩૧૦૭૩



: મુદ્રક :
**શાર્પ ઑફસેટ પ્રિન્ટર્સ**
૩૧૨, હીરા પન્ના કૉમ્પ્લેક્સ, ડૉ. યાજ્ઞિક રોડ,
રાજકોટ - ૩૬૦૦૦૧. ફોન : ૨૪૬૮૪૬૧,
મોબાઈલ : ૯૮૨૫૦ ૭૫૦૬૧
અમદાવાદ ફોન : ૨૬૫૮૪૪૧૪/૧૫
Email: sharpoffset@hotmail.com

# 'પંચાસ્તિકાય' ગ્રંથ પરિચય તથા પ્રસ્તાવના

मंगलं भगवान् वीरो मंगलं गौतमो गणी।
मंगलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मंगलम् ।।

''અહો ઉપકાર જિનવરનો, કુંદનો ધ્વનિ દિવ્યનો,
જિનકુંદ ધ્વનિ આપ્યા, અહો તે ગુરુ કહાનનો.

શ્રી આચાર્ય કુંદકુંદ જેવા મહાસમર્થ આચાર્ય ભગવંત દ્વારા પ્રણિત 'પંચાસ્તિકાય' ગ્રંથ જિન સિદ્ધાન્ત અને જિન-અધ્યાત્મનો પ્રવેશદ્વાર છે. આમાં જિનાગમમાં પ્રતિપાદિત દ્રવ્ય વ્યવસ્થા અને પદાર્થ વ્યવસ્થાનો ટૂંકમાં પ્રાથમિક પરિચય આપવામાં આવેલ છે. આચાર્ય જયસેનદેવના કથનાનુસાર આ શાસ્ત્રની રચના શિવકુમાર મહારાજ વગેરે સંક્ષેપ રુચિવાળા શિષ્યોને સમજાવવા માટે થયેલી છે.

મહાશ્રમણ તીર્થંકરદેવની વાણી દિવ્ય ધ્વનિનો, પ્રવચનનો સાર જ સંક્ષેપમાં આ શાસ્ત્રજીમાં સમાવવામાં આવેલ છે.

મૂળ શાસ્ત્રની છેલ્લી ગાથા-૧૭૩ મુજબ જિનપ્રવચનના સારભૂત ''પંચાસ્તિકાય સંગ્રહ'' સૂત્ર મારા (ગ્રંથ કર્તા) દ્વારા માર્ગની પ્રભાવના હેતુએ જિનપ્રવચનની ભક્તિથી પ્રેરિત થઈને કહેવાય ગયું છે.

આ શાસ્ત્રના વાંચન-મનનથી થતાં લાભ અંગેની નોંધ લેતા મૂળ ગ્રંથકર્તા કહે છે કે, ''આ પ્રકારે જિનપ્રવચનનો સારભૂત આ 'પંચાસ્તિકાય સંગ્રહ'ને જાણીને જે રાગ-દ્વેષને છોડે છે, તે દુઃખથી મુક્ત થઈ જાય છે (ગાથા-૧૦૩)

પંચાસ્તિકાય શાસ્ત્ર ઉપર લખેલી બે ટીકાઓ જગપ્રસિદ્ધ છે. પ્રથમ ટીકા શ્રી અમૃતચંદ્રાચાર્ય દેવની 'સમયવ્યાખ્યા' અને શ્રી આચાર્ય જયસેનદેવની 'તાત્પર્યવૃત્તિ' બીજી ટીકા.

પ્રથમ ટીકાકારના મતે આ ગ્રંથના બે ખંડ છે જેના નામાલ્લેખ ટીકાકર્તા 'શ્રુતસ્કંધ'ના

નામે કરે છે. જ્યારે બીજા ટીકાકાર શ્રી જયસેનદેવે આ ગ્રંથને ત્રણ મહા અધિકારોમાં વિભક્ત કર્યો છે.

પ્રથમ શ્રુતસ્કંધને આચાર્ય જયસેનદેવ પ્રથમ મહા અધિકાર કહે છે અને દ્વિતીય શ્રુતસ્કંધને બીજા અને ત્રીજા મહા અધિકારોમાં વિભાજિત કરે છે. વિશેષ એટલું જ કે અમૃતચંદ્રાચાર્ય જેને 'મોક્ષમાર્ગ પ્રપંચ ચૂલિકા' કહે છે તેને જ જયસેનાચાર્ય તૃતીય મહા અધિકાર કહીને પોકારે છે.

પ્રથમ શ્રુતસ્કંધમાં સૌપ્રથમ પહેલી ૨૬ ગાથાઓમાં મંગલાચરણ, ગ્રંથ-પ્રતિજ્ઞા ઉપરાંત છ દ્રવ્ય અને પંચાસ્તિકાયના સામાન્ય વ્યાખ્યાનરૂપ પીઠિકા પ્રસ્તુત કરવામાં આવી છે. ત્યારબાદ વિશેષ વ્યાખ્યાન પ્રારંભ થાય છે. આ ક્રમમાં સૌથી પ્રથમ ૨૭ મી ગાથાથી ૭૩ મી ગાથા સુધી કુલ ૪૭ ગાથાઓમાં જીવાસ્તિકાયનું વ્યાખ્યાન રજૂ કરેલ છે, જે અત્યન્ત ગહન તેમજ મહત્ત્વપૂર્ણ છે. આ પ્રકરણમાં આત્મસ્વરૂપનો જીવત્વ, ચેતયિતત્ત્વ, ઉપયોગત્વ, પ્રભુત્વ, કર્તૃત્વ, ભોક્તૃત્વ, દેહપ્રમાણત્વ, અમૂર્તત્વ અને કર્મસંયુક્તત્વરૂપે સવિશેષ ખુલાસો કરવામાં આવેલો છે. ઉક્ત બધાં જ વિશેષણો આત્માના સંસારી અને મુક્ત બન્ને અવસ્થાઓ ઉપર ઘટિત કરીને સમજાવવામાં આવ્યા છે.

ત્યારબાદ ૯ ગાથાઓમાં પુદ્ગલનું, સાત ગાથાઓમાં ધર્મ-અધર્મનું તેમજ વળી સાત ગાથાઓમાં આકાશ દ્રવ્યાસ્તિકાયનું નિરૂપણ છે. પછીની ત્રણ ગાથાઓમાં વિશેષ ચૂલિકા છે; જેમાં પાંચેય આસ્તિકાય દ્રવ્યોનાં મૂર્તત્વ-અમૂર્તત્વ, ચેતનત્વ-અચેતનત્વ જેવા ગુણધર્મો સમજાવવામાં આવેલા છે. તત્પશ્ચાત્ ત્રણ ગાથાઓમાં કાળ દ્રવ્યનું વર્ણન અને છેલ્લી બે ગાથાઓમાં પ્રથમ શ્રુતસ્કંધનો ઉપસંહાર સાથે અધ્યયનનું ફળ દર્શાવવામાં આવ્યું છે. આ પ્રમાણે કુલ ૧૦૪ ગાથાઓનો પ્રથમ શ્રુતસ્કંધ સમાપ્ત થયો. હવે ગાથા ૧૦૫ થી દ્વિતીય શ્રુતસ્કંધ આરંભ થાય છે જે ગાથા ૧૫૩ સુધી વિસ્તેરલો છે.

મંગલાચરણ, મોક્ષમાર્ગ, નૌ પદાર્થોના નામ-નિર્દેશપૂર્વક ગાથા ૧૦૯ થી ૧૨૩ મી ગાથા સુધી 'જીવ-પદાર્થનું, ગાથા ૧૨૪ થી ૧૨૭ ગાથા સુધી અજીવ પદાર્થનું વર્ણન છે, જેમાં પાંચ અજીવ દ્રવ્યોનું અજીવપણું સિદ્ધ કરવામાં આવ્યું છે.

અહીં એક ખાસ બાબત ધ્યાનમાં રાખવા જેવી છે કે પાંચેય પરમાગમોમાં પ્રાપ્ત થતી

'अरसमरुवमगंधं.......ગાથા અત્રે ૧૨૭ મી ગાથા સ્વરૂપે અને અજીવ-પદાર્થના વ્યાખ્યાનના પ્રકરણમાં આવેલી છે.

આની પછી જીવ-અજીવના જ વિશેષ એવા સાત પદાર્થોનો ઉપોદ્‌ઘાત માટે ત્રણ ગાથાઓમાં જીવકર્મ (ભાવકર્મ) અને પુદ્‌ગલકર્મ (દ્રવ્યકર્મ)ના દુષ્ચક્રનું વિવેચન પ્રસ્તુત કરતા પછીનો ચાર ગાથાઓમાં પુણ્ય-પાપ પદાર્થોનું કથન રજૂ કર્યું છે.

ત્યાર પછી છ ગાથાઓમાં (ગાથા ૧૩૫-૧૪૦) આસ્રવ પદાર્થનું વિશેષ સ્પષ્ટીકરણ કરવામાં આવેલ છે જેમાં અજ્ઞાની જ્ઞાનીની અપેક્ષાએ અરહંતાદિ પ્રત્યેની ભક્તિ વગેરે વિષયનું વિવેચન વિશેષરૂપથી મનનીય છે.

આ પ્રકરણમાં 'અનુકંપા' અંગેની ૧૩૭ મી ગાથા દ્રષ્ટવ્ય છે;

દુઃખિત તૃષિત વા ક્ષુધિત દેખી, દુઃખ પામી મન વિષે
કરુણાથી વર્તે જેહ, અનુકંપા સહિત તે જીવ છે.

આ ગાથાની ટીકામાં આચાર્યદેવે અજ્ઞાનીના અને જ્ઞાનીના હૃદયમાં વર્તતી અનુકંપારૂપ પુણ્ય-પરિણામની નોંધ ખૂબ જ માર્મિકતાથી લીધી છે. તેઓશ્રી ફરમાવે છે કે 'જ્ઞાનીની અનુકંપા તો, નીચલી ભૂમિકાઓમાં વિહરતા જન્માર્ણવમાં નિમગ્ન જગતના અવલોકનથી મનમાં જરા ખેદ થવો તે છે.'

ત્યાર પછીની ગાથાઓમાં ચિત્તની કલુષતાની સૂક્ષ્મ વ્યાખ્યા (ગાથા-૧૩૮) અને પાપાસ્રવના સ્વરૂપની વિવેચના ૧૩૯-૧૪૦ મી ગાથાઓમાં રજૂ કરવામાં આવી છે. ત્યારબાદ ત્રણ ગાથાઓમાં (ગાથા-૧૪૧-૧૪૨-૧૪૩) સંવર તત્ત્વનું અને પછીની ત્રણ ગાથાઓમાં (ગાથા-૧૪૪-૧૪૫-૧૪૬) નિર્જરા પદાર્થોનું નિરૂપણ કરવામાં આવેલું છે.

અહિં ગાથા ૧૪૬માં ''શુદ્ધ સ્વરૂપમાં અવિચલિત ચૈતન્યપરિણતિ તે ખરેખર ધ્યાન છે.' ધ્યાનની આવી અપૂર્વ વ્યાખ્યા આપીને ધ્યાન પ્રગટ કરવાની સંપૂર્ણ વિધિ પણ સમજાવવામાં આવી છે. મૂળ ટીકામાં ઉદ્ધૃત કરેલી બે પ્રાચીન ગાથાઓ સ્વરૂપ પ્રાપ્તિ માટેની સચોટ પ્રેરણા સાથે વૈરાગ્યભાવનાની હૂંફ આપીને જાય છે. બીજી સંદર્ભ-ગાથા કંઈક એવી શિક્ષા આપે છે 'શ્રુતિઓનો અંત નથી, કાળ થોડો છે અને આપણે અલ્પબુદ્ધિ છીએ; માટે તે જ કેવળ શીખવાયોગ્ય છે કે જે જરા-મરણનો ક્ષય કરે...

આધ્યાત્મિક સંત પુરુષ પૂ.ગુરુદેવશ્રી કાનજી સ્વામીએ આ બધી ગાથાઓના પ્રવચનોમાં આગમના સારભૂત અધ્યાત્મ નિચોડ કાઢીને વ્યાખ્યાનો કર્યા છે. અત્રે ક્રમશઃ સળંગ થયેલા ૮૮ પ્રવચનોને અક્ષરશઃ ચાર ભાગમાં પ્રકાશિત કરવાનું આયોજન છે. તેમાંનો આ ત્રીજો પ્રકાશિત ભાગ આપ સહુ આત્માર્થી ભવ્યાત્માઓના કરકમળમાં પ્રસ્તુત છે. જેમાં પૂ.ગુરુદેવશ્રીના ૬૩ થી ૧૨૫ ગાથા સુધીના 'પ્રવચન પ્રસાદ'માં છપાયેલા સંકલિત પ્રવચનો છાપવામાં આવેલા છે. કારણ કે તે ગાથાઓના પ્રવચનો ઉપલબ્ધ ન હોવાના કારણે અક્ષરશઃ પ્રવચનો છપાયેલા નથી. ત્યારબાદ ૧૨૬ થી ૧૪૬ ગાથા સુધીના ૧૮ અક્ષરશઃ પ્રવચનો પ્રકાશિત કરવામાં આવેલા છે.

આ પંચાસ્તિકાય ત્રીજા ભાગના પ્રકાશન અર્થે અમેરિકામાં રહેતા ભાઈશ્રી ચંદ્રકાંતભાઈ મહેતા તરફથી રૂપિયા એક લાખની દાન રાશિ તથા અન્ય દાન રાશિ આવેલી છે તે દાનરાશિ આપનારા સર્વે મુમુક્ષુ ભાઈઓ તથા બહેનોનો સંસ્થા આભાર વ્યક્ત કરે છે.

આ સમગ્ર પ્રવચનોને સી.ડી. ઉપરથી કોમ્પ્યુટરાઈઝડ અક્ષરશઃ ઉતારવાનું કાર્ય **આત્માર્થી શ્રીમતી બીનાબેન ચેતનભાઈ મહેતા - રાજકોટ** દ્વારા થયેલ હોય તથા પ્રવચનોને ફરી સાંભળીને ચેક કરવાનું કાર્ય **આત્માર્થી ભાઈશ્રી ચેતનભાઈ મહેતા - રાજકોટ** દ્વારા થયું હોઈ સંસ્થા તેમનો આભાર વ્યક્ત કરે છે. જે હિન્દી પ્રવચનો છે તેને ગુજરાતી ભાષામાં રૂપાંતર કરવામાં આવ્યા છે. આ પ્રવચનોમાં કાંઈ પણ ક્ષતિ રહી ગઈ હોય તો તેની ક્ષમા માગીએ છીએ.

સમગ્ર પુસ્તકનું કોમ્પ્યુટરાઈઝ સેટીંગ કરવાનું કાર્ય શ્રી અમરભાઈ પોપટ – રાજકોટ દ્વારા તથા પ્રિન્ટીંગ તથા બાઈન્ડીંગનું કાર્ય શાર્પ ઓફસેટવાળા ધર્મેશભાઈ શાહ – અમદાવાદ દ્વારા થયેલ હોઈ સંસ્થા તેમનો આભાર માને છે.

આ પુસ્તક http://www.atmadharma.com તથા vitragwani.com પર મૂકવામાં આવેલ છે.

**ટ્રસ્ટી શ્રી**

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ - રાજકોટ**

# શ્રી સમયસારજી સ્તુતિ

**(હરિગીત)**

સંસારી જીવનાં ભાવમરણો ટાળવા કરુણા કરી,
સરિતા વહાવી સુધા તણી પ્રભુ વીર ! તે સંજીવની;
શોષાતી દેખી સરિતને કરુણાભીના હૃદયે કરી,
મુનિકુંદ સંજીવની સમયપ્રાભૃત તણે ભાજન ભરી.

**(અનુષ્ટુપ)**

કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂર્યા,
ગ્રંથાધિરાજ ! તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**(શિખરિણી)**

અહો ! વાણી તારી પ્રશમરસ-ભાવે નીતરતી,
મુમુક્ષુને પાતી અમૃતરસ અંજલિ ભરી ભરી;
અનાદિની મૂર્છા વિષ તણી ત્વરાથી ઊતરતી,
વિભાવેથી થંભી સ્વરૂપ ભણી દોડે પરિણતિ.

**(શાર્દૂલવિક્રીડિત)**

તું છે નિશ્ચયગ્રંથ ભંગ સઘળા વ્યવહારના ભેદવા;
તું પ્રજ્ઞાછીણી જ્ઞાન ને ઉદયની સંધિ સહુ છેદવા;
સાથી સાધકનો, તું ભાનુ જગનો, સંદેશ મહાવીરનો,
વિસામો ભવક્લાંતના હૃદયનો, તું પંથ મુક્તિ તણો.

**(વસંતતિલકા)**

સૂણ્યે તને રસનિબંધ શિથિલ થાય,
જાણ્યે તને હૃદય જ્ઞાની તણાં જણાય;
તું રુચતાં જગતની રુચિ આળસે સૌ,
તું રીઝતાં સકલજ્ઞાયકદેવ રીઝે.

**(અનુષ્ટુપ)**

બનાવું પત્ર કુંદનનાં, રત્નોના અક્ષરો લખી;
તથાપિ કુંદસૂત્રોનાં અંકાયે મૂલ્ય ના કદી.

# શ્રી સદ્‌ગુરુદેવ-સ્તુતિ

**(હરિગીત)**

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

**(અનુષ્ટુપ)**

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

**(શિખરિણી)**

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

**(શાર્દૂલવિક્રીડિત)**

હૈયું 'સત્ સત્, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
-રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં - અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

**(વસંતતિલકા)**

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમુ હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

**(સ્ત્રગ્ધરા)**

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું, -મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

# અનુક્રમણિકા


| પ્રવચન | તારીખ | ગાથા | પેઈજ નં. |
|---|---|---|---|
| સંકલિત | વીર સંવત ૨૪૭૮ | ૬૩ થી ૧૨૫ | ૧ થી ૨૨૬ |
| ૨૮ | ૨૩/૯/૬૪ | ૧૨૬/૧૨૭ | ૨૨૯ |
| ૨૯ | ૨૪/૯/૬૪ | ૧૨૬ થી ૧૩૦ | ૨૪૭ |
| ૩૦ | ૨૫/૯/૬૪ | ૧૨૮ થી ૧૩૦ | ૨૬૬ |
| ૩૧ | ૨૬/૯/૬૪ | ૧૨૮ થી ૧૩૧ | ૨૮૧ |
| ૩૨ | ૨૭/૯/૬૪ | ૧૩૨ | ૨૯૭ |
| ૩૩ | ૨૯/૯/૬૪ | ૧૩૩/૧૩૪ | ૩૧૩ |
| ૩૪ | ૩૦/૯/૬૪ | ૧૩૫/૧૩૬ | ૩૩૦ |
| ૩૫ | ૧/૧૦/૬૪ | ૧૩૭ થી ૧૩૯ | ૩૪૮ |
| ૩૬ | ૨/૧૦/૬૪ | ૧૪૦ | ૩૬૬ |
| ૩૭ | ૩/૧૦/૬૪ | ૧૪૦ થી ૧૪૨ | ૩૭૬ |
| ૩૮ | ૪/૧૦/૬૪ | ૧૪૨ | ૩૯૪ |
| ૩૯ | ૫/૧૦/૬૪ | ૧૪૩/૧૪૪ | ૪૧૧ |
| ૪૦ | ૬/૧૦/૬૪ | ૧૪૪ | ૪૨૬ |
| ૪૧ | ૭/૧૦/૬૪ | ૧૪૫ | ૪૪૨ |
| ૪૨ | ૮/૧૦/૬૪ | ૧૪૫/૧૪૬ | ૪૫૬ |
| ૪૩ | ૯/૧૦/૬૪ | ૧૪૬ | ૪૭૩ |
| ૪૪ | ૧૦/૧૦/૬૪ | ૧૪૬ | ૪૮૭ |
| ૪૫ | ૧૧/૧૦/૬૪ | ૧૪૬ | ૫૦૧ |



# Jyoti Chandrakant Mehta

**Born: Chital, India. April 9, 1944 Dehvilay: Boston, USA. July 9, 2010**

Jyoti Chandrakant Mehta, wife, mother, and grandmother was, above all, a disciple of Pujya Gurudev Sri Kanjiswami, in her actions and thoughts. After fulfilling her responsibilities caring for her family and raising her children, she devoted the major part of her last years in swadhyay. Her only objective was to make the manushya-bhav sarthak by breaking the cycle of life and death and putting herself on the moksh-marg to establish nij-ghar. By doing this, her life became an inspiration and a teacher for young and old, friend and family, to everyone that came to know her. In swadhyay, she read and listened to Pujya Gurudev's pravachans and all the related study she could find from anywhere to complement it. She took every opportunity available to her to visit Songadh to benefit from the teaching of Pujya Gurudev.

In the words of her children, “Perhaps the most important constant theme in my life has been the respect that I have been taught for Jainism. Although we have had many conversations about religious teachings, I did not learn about the importance of religion from the words that you have shared with me. Rather, you have taught me about religion through the way that you have lived your life. You have followed the principles that Jainism teaches. And I have learned the importance of the principles that Jainism teaches through your actions. I have learned not to desire for material things in life, the importance of recognition of the true and pure soul, how to be at peace no matter the adversity that life throws in your direction, and so much more. I have not learned these things from reading passages in a scripture. I have learned these things from watching you live your life. I have so much more to learn about Jainism, but you have put me on a path from which I will never turn back.

Further they wrote that “Mom, I have learned everything by watching you to be an amazing, strong, and nurturing mother at all times. You have been a tremendous positive role model in my life and I will continue to follow your footsteps as I make my journey through my life”

During last three years of her life, she was in Boston with her daughter for cancer treatment. It is amazing how her 13 year old grandson, Niam, observed her behavior and the impact it made on his life. Below is a memoriam written by him in his own words:

The Gift without a Price Tag

I tried to help her make it to the kitchen, but she insisted, as usual, on doing it herself. I watched with a melancholy face as she somehow hobbled across the tile floor to the large, wooden chair. As soon as the scene flooded me with despair and I could not bear to watch anymore, I opened the cabinet to see a miscellany of medicines. I selected a large pill, as bright as the sun, from an orange container, got a cup of water, and offered it to her with a stern look.

My grandma was diagnosed with cancer in 2007. While she bravely battled this disease, my family and I took care of her as she stayed and lived in our house. My grandma has shaped the character I am by showing me to stay calm, never letting something shake you from what you believe, and teaching me that every day is a gift.

My grandma noticed that she was losing her breath with just a small amount of exercise. As usual, she figured it was just the onset of aging. A month passed with the same conditions, but when my grandma was in India, she did not have enough stamina to climb a set of stairs. After being forced, she went to the hospital where she learnt about her unfortunate disease. When my grandma arrived back to the United States, the whole family decided that it would be best for her to stay in our home in Boston while receiving treatment at Dana Farber Cancer Institute. In the duration of her stay, she displayed tremendous control over her emotions in ways that left me astounded.

To begin, my grandma taught me the key to success in life: always stay calm. Whenever my sister or I threw a fit, unlike any other parent, my grandma stayed calm. She analyzed the situation we were enduring, calmed us down and fixed the problem. An average adult would most likely get very angry and start yelling at their kids. When my grandma stayed calm and fixed the situation, I learned that getting angry was never the answer and if I were to stay calm, there would always be an easy fix. My grandma was adroit at keeping calm. For example, when she learnt that she only had a few months to live, she accepted it and we went home. I thought she put on a brave face and was going to break down when we arrived back home. Instead, she decided to play a game with me. It struck me soon after, that she understood the message, stayed completely calm, and decided to make the most of the time she had left.

Along with staying calm, my grandma taught me to stand up for what I believe. She was an extremely religious person. In fact, every day, she would listen to a three hour tape on religious topics to achieve peace of mind. However, some of her medicine caused her to feel drowsy. This prevented her from listening to her lengthy tapes. My grandma decided since it was her lifetime goal to attain eternal happiness, she did not take her medicine. I thought that she was going crazy, so I tried to force her to take the medicine. Instead, I learned that if something stands in the way of what you believe, you should overcome it and continue on with the belief. Whenever I run into a situation where two things contradict, I remember her advice and every time, I feel as if I have made the correct decision by standing up for what I believe.

Lastly, my grandma has shown me that every day is a gift, so one should not take anything for granted. Every day, when my grandma woke up, she always had a warm smile on her face. This was amazing because she was battling a painful, tormenting disease. Sometimes, when I wake up, I am frustrated with life because of some silly reason, such as the weather being cold. My entire day is then wasted because of my grumpy attitude. My grandma, however, was always calm and happy even if she had to go to the hospital to receive chemotherapy or if she had to spend her birthday checked into a dreadful, grey room where nobody could visit. One day, when she had a medicine rack attached to her body, she looked as if she was completely enjoying the day. My curiosity could not be contained anymore, so I asked her why she was always so happy. Then, my grandma explained to me that every day one lives is a gift from God. If you waste a day, you are telling God you do not want to receive any more days. However, if you live your life in joy and peace, God will see that you are enjoying life and grant more and more days. This message completely got through to me, as I now try to enjoy every second of my life because I will never get it back. On July 9, 2010, I woke up to see my entire family crowded around my grandma's bed. I knew the day had come where my closest friend was gone. I was wondering how my life could go on without her. For a few days, I did not do my homework properly, eat my usual amount, or even talk to anyone. Then, I realized my grandma's soul was still with me, just her body was gone. I had just wasted three days of my life and completely forgot about her teachings. I gathered myself together and moved on with life.

In short, every day, I try my best to imitate my grandma by staying calm, always keeping what I believe in front of me, and by enjoying each day to the fullest. While my grandma lived her everyday life, she inspired me with her extreme emotional strength and her clarity of thought. Everything she did was filled with grace, and she did this while fighting an excruciating battle against cancer. My grandma fought this battle with as much dignity and grace as a peacock raising its feathers toward the sky. She was a true fighter and she will keep me safe as she watches over me every day.

**In loving memory, we are:**

**Chandrakant (husband)**

**Divyesh (son) - Niketa (daughter-in-law), Devan, Neel**

**Ketan (son) - Aakash, Sanya**

**Sonal (daughter) - Milan (son-in-law), Ashti, Niam**

## પંચાસ્તિકાય ભાગ-૩ નું દાતાઓનું લીસ્ટ

| | | |
|---|---|---|
| ૧. | શ્રી ચંદ્રકાંતભાઈ મહેતા – અમેરિકા | રૂા.૧,૦૦,૦૦૦/- |
| ૨. | બ્ર.શાનુબેન જયંતીભાઈ દોશી<br>હ. ગીતાબેન શૈલેષભાઈ – રાજકોટ | રૂા.૧૧,૧૧૧/- |
| ૩. | એક મુમુક્ષુ – રાજકોટ | રૂા.૧૦,૦૦૦/- |
| ૪. | સ્વ. વસંતભાઈ વ્રજલાલ પારેખ – રાજકોટ | રૂા.૬,૦૦૦/- |
| ૫. | શ્રી નલિનભાઈ ધીયા – રાજકોટ | રૂા.૫,૦૦૦/- |
| ૬. | શાંતાબેન માંગીલાલ જૈન પરિવાર – અમદાવાદ | રૂા.૫,૦૦૦/- |
| ૭. | પૂનમબેન કેતનભાઈ પારેખ – મુંબઈ | રૂા.૫,૦૦૦/- |
| ૮. | વંદનાબેન ભરતભાઈ ગાંધી – રાજકોટ | રૂા.૫,૦૦૦/- |
| ૯. | કથન વિકાસભાઈ કોઠારી<br>હ.પ્રવિણચંદ્ર ગુલાબચંદ કોઠારી – ચોટીલાવાળા | રૂા.૫,૦૦૦/- |
| ૧૦. | સુધીરભાઈ શાહ – સુરત | રૂા.૫,૦૦૦/- |
| ૧૧. | વસંતલાલ વ્રજલાલ પારેખ – રાજકોટ | રૂા.૫,૦૦૦/- |
| ૧૨. | કલાબેન એન ધીયા – રાજકોટ | રૂા.૪,૫૦૦/- |
| ૧૩. | મીતાબેન નિતિનભાઈ શાહ | રૂા.૪,૦૦૦/- |
| ૧૪. | નિમિષભાઈ એન. ધીયા – રાજકોટ | રૂા.૩,૦૦૦/- |
| ૧૫. | પૂર્વીબેન એન. ધીયા – રાજકોટ | રૂા.૩,૦૦૦/- |
| ૧૬. | ડૉ.સુધીરભાઈ શાહ – રાજકોટ | રૂા.૩,૦૦૦/- |
| ૧૭. | માલતીબેન જગદીશભાઈ – રાજકોટ | રૂા.૨,૫૦૦/- |
| ૧૮. | ભોગીલાલ જમનાદાસભાઈ સંઘવી – રાજકોટ | રૂા.૨,૫૦૦/- |

| | | |
|---|---|---|
| ૧૯. | બિપિનભાઈ મોદી - સુરત | રૂા.૨,૫૦૦/- |
| ૨૦. | શાંતાબેન પ્રભુલાલ ધીયા પરિવાર - રાજકોટ | રૂા.૨,૫૦૦/- |
| ૨૧. | મનહરલાલ રતીલાલ દોશી - રાજકોટ | રૂા.૨,૫૦૦/- |
| ૨૨. | અન્વી એન. ધીયા - રાજકોટ | રૂા.૧,૫૦૦/- |
| ૨૩. | પ્રાંચી એન. ધીયા - રાજકોટ | રૂા.૧,૫૦૦/- |
| ૨૪. | સ્વ. રેણુકાબેન કીરીટકુમાર નંદલાલ શાહ - રાણપુર | રૂા.૧,૫૦૦/- |
| ૨૫. | પૃથા જયેશકુમાર દોશી - રાજકોટ | રૂા.૧,૦૦૦/- |
| ૨૬. | સ્વ. બકુલભાઈ વિનયકાંત લાખાણી<br>હ. પ્રજ્ઞાબેન લાખાણી | રૂા.૧,૦૦૦/- |
| ૨૭. | બ્ર.જસુબેન મહેતા - રાજકોટ | રૂા.૧,૦૦૦/- |
| ૨૮. | ધીરજબેન મનુભાઈ ખારા - રાજકોટ | રૂા.૧,૦૦૦/- |
| ૨૯. | પ્રજ્ઞાબેન બકુલભાઈ લાખાણી - રાજકોટ | રૂા.૧,૦૦૦/- |
| ૩૦. | શિલ્પાબેન રાજેશભાઈ શાહ - રાજકોટ | રૂા.૧,૦૦૦/- |
| ૩૧. | સુશીલાબેન વિ. કોઠારી - રાજકોટ | રૂા.૧,૦૦૦/- |
| ૩૨. | સ્મીતાબેન મનોજભાઈ શેઠ - રાજકોટ | રૂા.૧,૦૦૦/- |
| ૩૩. | પદ્માબેન રમણીકલાલ અવલાણી - રાજકોટ | રૂા.૧,૦૦૦/- |
| ૩૪. | બ્ર.જ્યોત્સનાબેન પારસભાઈ શાહ - રાજકોટ | રૂા.૧,૦૦૦/- |
| ૩૫. | ચંદ્રિકાબેન મહેતા - રાજકોટ | રૂા.૧,૦૦૦/- |
| ૩૬. | અભિષેક કીરીટભાઈ સંઘવી - રાજકોટ | રૂા.૧,૦૦૦/- |
| ૩૭. | બ્ર.ઈન્દિરાબેન શાહ - રાજકોટ | રૂા.૧૦૦૦/- |
| ૩૮. | મનોરમાબેન પ્રમોદભાઈ દોશી - રાજકોટ | રૂા.૧૦૦૦/- |
| ૩૯. | ઉષાબેન, નયનાબેન, બિંદુબેન - રાજકોટ | રૂા.૧૦૦૦/- |

| | | |
|---|---|---|
| ૪૦. | ઉષાબેન કિશનલાલ પારેખ – રાજકોટ | રૂા.૧૦૦૦/- |
| ૪૧. | પાનુભાઈ લાલચંદભાઈ મોદી – રાજકોટ | રૂા.૧૦૦૦/- |
| ૪૨. | કનુભાઈ માણીલાલ પુવાતર – હ. ચંદનબેન | રૂા.૫૦૧/- |
| ૪૩. | અમીષાબેન રમેશચંદ્ર ગાંધી | રૂા.૫૦૧/- |
| ૪૪. | નરેન્દ્રભાઈ બાવીસી | રૂા.૫૦૦/- |
| ૪૫. | શાંતાબેન પ્રાણલાલ મહેતા – રાજકોટ | રૂા.૫૦૦/- |
| ૪૬. | કાંતિભાઈ મગીયા – અમદાવાદ | રૂા.૫૦૦/- |
| ૪૭. | છબીલદાસભાઈ લાખાણી – રાજકોટ | રૂા.૫૦૦/- |
| ૪૮. | હર્ષાબેન હરિલાલ દોશી – રાજકોટ | રૂા.૫૦૦/- |
| ૪૯. | જયંતીભાઈ તથા પુષ્પાબેનના સ્મરણાર્થે હ. રમાણીકભાઈ અવલાણી | રૂા.૫૦૦/- |
| ૫૦. | અમીત પ્રકાશભાઈ લાખાણી – રાજકોટ | રૂા.૫૦૦/- |
| ૫૧. | સ્વ. અરૂણભાઈ માણેકચંદ સંઘવી હ. રંજનબેન | રૂા.૫૦૦/- |
| ૫૨. | કીરીટભાઈ જમનાદાસભાઈ સંઘવી – રાજકોટ | રૂા.૫૦૦/- |
| ૫૩. | વસંતભાઈ ચંદુલાલ પારેખ | રૂા.૫૦૦/- |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |
| | | |

**પૂ.ગુરુદેવશ્રીના પ્રવચનો**
**ગાથા નં.૬૩ થી ૧૨૫ સુધી ઉપલબ્ધ ન હોવાના કારણે**
**આ પ્રવચનો પ્રવચન પ્રસાદ ભાગ-૧ તથા ૨ માં સંકલન રૂપે**
**છપાયેલા હતા તે આમાં લેવામાં આવેલા છે.**
**સર્વે મુમુક્ષુઓ આ પ્રવચનોનો માત્ર વાંચીને જ**
**સ્વાધ્યાય કરી શકશે.**
**ત્યારબાદ ૧૨૬ ગાથાથી સળંગ પ્રવચનો પાના નં.૨૨૭ થી**
**આ ભાગમાં અક્ષરશઃ છપાયેલા છે.**

## ગાથા-૬૩

**कम्मं कम्मं कुव्वदि जदि सो अप्पा करेदि अप्पाणं।**
**किध तस्स फलं भुंजदि अप्पा कम्मं च देदि फलं ।।६३।।**

कर्म कर्म करोति यदि स आत्मा करोत्यात्मानम्।
कथं तस्य फलं भुङ्क्ते आत्मा कर्म च ददाति फलम्।।६३।।

**જો કર્મ કર્મ કરે અને આત્મા કરે બસ આત્માને,**
**ક્યમ કર્મ ફળ દે જીવને ? ક્યમ જીવ તે ફળ ભોગવે ? ૬૩.**

**અન્વયાર્થ :** (**यदि**) જો (**कर्म**) કર્મ (**कर्म करोति**) કર્મને કરે અને (**सः आत्मा**) આત્મા (**आत्मानम् करोति**) આત્માને કરે તો (**कर्म**) કર્મ (**फलम् कथं ददाति**) આત્માને ફળ કેમ આપે (**च**) અને (**आत्मा**) આત્મા (**तस्य फलं भुङ्क्ते**) તેનું ફળ કેમ ભોગવે ?

---

**तात्पर्यवृत्ति :** एवमागमसंवादरूपेणाभेदषट्कारकीरूपेण च स्वतन्त्रगाथाद्वयं गतं। इति समुदायेन गाथाषट्केन तृतीयांतरस्थलं समाप्तं। अथ पूर्वोक्तप्रकारेणाभेदषट्कारकीव्याख्याने कृते सति निश्चयनयेनेदं व्याख्यानं कृतमिति नयविचारमाजनन्नेकांतं गृहीत्वा शिष्यः पूर्वपक्षं करोतिः- **कम्मं** कर्म कर्तृ **कम्मं कुव्वदि जदि** यद्येकांतेन जीवपरिणामनिरपेक्षं सद्द्रव्यकर्म करोति 'जदि' **सो अप्पा करेदि अप्पाणं** यदि च स आत्मात्मानमेव करोति न च द्रव्यकर्म **किह तस्स**

**फलं भुंजदि** कथमेतस्याकृतकर्मणः फलं भुंक्ते। स कः। **अप्पा** आत्मा कर्ता **कम्मं च देदि फलं** जीवेनाकृतं कर्म च कर्तृ कथमात्मने ददाति फलं न कथमपीति ।।६३।।

**समयव्याख्या : कर्मजीवयोरन्योन्याकर्तृत्वेऽन्यदत्तफलान्योपभोगलक्षणदूषणपुरःसरः पूर्वपक्षोऽयम्।।६३।।**

**અનુવાદ : જો કર્મ અને જીવને અન્યોન્ય અકર્તાપણું હોય, તો 'અન્યે દીધેલું ફળ અન્ય ભોગવે' એવો પ્રસંગ આવે :– આવો દોષ બતાવીને અહીં પૂર્વપક્ષ રજૂ કરવામાં આવ્યો છે.**

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮ ફાગણ વદ ૦)) મંગળવાર)

'जो ज्ञानावरणादि आठ प्रकारका कर्म समूह है सो अपने परिणामको करता है और जो वह संसारी जीवद्रव्य अपने स्वरूपको करता है तब उस कर्मका उदय अवस्थाको प्राप्त हुवा जो फल तिसको जीवद्रव्य किस प्रकार भोगता है ? और ज्ञानावरणादि आठ प्रकारका कर्म अपने विपाकको कैसे देता है।'

આ ગાથામાં શિષ્ય પ્રશ્ન કરે છે કે 'તમો કહો છો કે જીવ પોતાના ભાવને કરે છે ને જીવની દશા પરમાં જતી નથી ને જડકર્મની અવસ્થા પણ જડથી થાય છે, કર્મ જીવને કાંઈ કરતું નથી. તો પછી અમારો પ્રશ્ન છે કે કર્મનો ઉદય આવવાથી કર્મનું ફળ જીવ કેવી રીતે ભોગવે ને જડ કર્મ જ્ઞાનાવરણીયાદિ પોતાનું ફળ જીવને કેવી રીતે આપે ?' જુઓ અહીં શિષ્યને મૂંઝવણ થઈ છે કે આત્મા તો અરૂપી–અમૂર્ત છે, કર્મ રૂપી–મૂર્ત છે. શરીર, વાણી વગેરે બધાં રૂપી છે. જેમ પાણી અને કાંકરા એકક્ષેત્રે હજારો વર્ષ ભેગાં રહે છે છતાં પાણી કાંકરારૂપે થતું નથી ને કાંકરા પાણીરૂપે થતા નથી તેમ ચૈતન્ય આત્મા જળસમાન કદી પણ શરીર, મન, વાણી, કર્મરૂપે થતો નથી ને તેનું કાંઈ કરી શકતો નથી. તો પછી અરૂપી આત્મા બાંધેલાં રૂપી કર્મોને કેવી રીતે ભોગવે ને રૂપી કર્મો તેના રૂપી ફળને અરૂપી આત્માને કેવી રીતે આપે ? એમ શિષ્ય પ્રશ્ન કરે છે.

**ભાવાર્થ** : રૂપી કર્મ તો પોતાના રૂપી સ્વરૂપનું કર્તા છે ને આત્મા પોતાના વિકારી અથવા અવિકારી ભાવનો કર્તા છે તે અરૂપી આત્મા જડ–સ્વરૂપ કર્મોને કેવી રીતે ભોગવે ને જડકર્મ ચૈતન્યસ્વરૂપ આત્માને કેવી રીતે ફળ આપે ? જડ કર્મ આત્માને ફળ આપતું હશે ?

**સમાધાન** : નિશ્ચયનયની અપેક્ષાથી આત્મા કોઈ પણ પ્રકારે કર્મને ભોગવતો નથી તેમ જ કર્મ પણ આત્માને ફળ દેતું નથી પણ આત્મા પોતાના અજ્ઞાનના કારણે રાગ–દ્વેષના પરિણામ કરે છે ત્યારે પરપદાર્થોમાં સુખ–દુઃખ માની લ્યે છે ને કર્મે ફળ આપ્યું એમ કહે છે. અજ્ઞાની જીવને આત્મા ને પરપદાર્થના ભેદજ્ઞાનની ખબર નથી તેથી તે માને છે કે હું આ જડ પદાર્થને ભોગવું છું, જેમકે બંગલો, લાડવા, દાળ, ભાત, ઠંડા પાણી વગેરેને ભોગવું છું એમ તે માને

છે. અરૂપી આત્મા ખાવા–પીવાના રૂપી પદાર્થને ખાતો હશે ? ના. જ્ઞાની કે અજ્ઞાની કોઈ પણ જીવ પરપદાર્થનો ભોક્તા છે જ નહિ. અજ્ઞાનીને ભેદજ્ઞાન નથી તેથી તે માને છે કે મેં સાકર ખાધી, ઠંડું પાણી પીધું પણ તે પોતાની ઊંધી માન્યતા તથા વિકારને અનુભવે છે, જડને અનુભવતો નથી. છરી લાગતાં છરીને અનુભવતો નથી પણ દ્વેષને અનુભવે છે. અગ્નિમાં હાથ પડે ત્યારે જીવ અગ્નિને અનુભવતો નથી પણ દ્વેષને અનુભવે છે, નિગોદનો જીવ પણ સમયે સમયે પોતાના પરિણામને અનુભવે છે. કર્મ કે પરપદાર્થને અનુભવતો નથી. પરને લીધે દુઃખ હોય તો કેવળી ભગવાન બધાને જાણે છે ને સમુદ્ઘાત વખતે નરકમાં પણ તેના પ્રદેશો ફેલાય છે છતાં તેને દુઃખ નથી કારણ કે તેમને રાગ–દ્વેષ નથી. આથી સાબિત થાય છે કે જ્ઞાની જીવને પણ પરનું દુઃખ નથી. રોગ આવવો તે દુઃખ નથી, શરીરમાં રોગ આવતાં મને (આત્માને) રોગ આવ્યો એમ માની દ્વેષને અનુભવે છે. પરથી જુદો માને ને વિકાર ક્ષણિક છે, હું તો શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છું એવું ભાન કરે તો ધર્મ થાય, પણ અજ્ઞાનીને શુદ્ધ ચૈતન્ય સ્વભાવનું ભાન નથી તેથી તે વિપરીત માન્યતા કરે છે. વીંછી કરડતાં તેના ડંખને અનુભવતો નથી પણ દ્વેષને અનુભવે છે. આમ પોતામાં રાગ–દ્વેષના પરિણામ કરવા છતાં પરને લીધે રાગ–દ્વેષ માનીને પરને અનુભવે છે એમ માને છે, પણ જડ પદાર્થથી આત્મા જુદો છે એવું માનતો નથી. તેથી અજ્ઞાન ને રાગ–દ્વેષને અનુભવતો હોવા છતાં માને છે કે પરપદાર્થોને હું ભોગવું છું. કર્મે મને ફળ આપ્યું ને તે ફળને હું ભોગવું છું એમ માની રહ્યો છે. તે વખતે અવળા પરિણામ કરે છે તે પણ પોતાથી કરે છે, કર્મને લીધે કરતો નથી. પણ કર્મોએ ફળ આપ્યું ને મેં તેને ભોગવ્યું એમ માની પરદ્રવ્ય સંબંધી સુખ–દુઃખ માની લ્યે છે. ૬૩.

---

**ओगाढगाढणिचिदो पोग्गलकायेहिं सव्वदो लोगो।**
**सुहमेहिं बादरेहिं य णंताणंतेहिं विविधेहिं ।।६४।।**

**अवगाढगाढनिचितः पुद्गलकायैः सर्वतो लोकः।**
**सूक्ष्मैर्बादरैश्चानंतानंतैर्विविधैः ।।६४।।**

**અવગાઢ ગાઢ ભરેલ છે સર્વત્ર પુદ્ગલકાયથી**
**આ લોક બાદર–સૂક્ષ્મથી, વિધવિધ અનંતાનંતથી. ૬૪.**

**અન્વયાર્થ :** (लोकः) લોક (सर्वतः) સર્વતઃ (विविधैः) વિવિધ પ્રકારના, (अनंतानंतैः) અનંતાનંત (सूक्ष्मैः बादरैः च) સૂક્ષ્મ તેમ જ બાદર (पुद्गलकायैः) પુદ્ગલકાયો (પુદ્ગલસ્કંધો) વડે (अवगाढगाढनिचितः) (વિશિષ્ટ રીતે) અવગાહાઈને ગાઢ ભરેલો છે.

---

**तात्पर्यवृत्ति :** चतुर्थस्थले पूर्वपक्षद्वारेण गाथा गता। अथ परिहारमुख्यत्वेन गाथासप्तकं। तत्र गाथासु सप्तसु मध्ये पुद्गलस्य स्वयमुपादानकर्तृत्वमुख्यत्वेन `ओगाढगाढ' इत्यादिपाठक्रमेण

गाथात्रयं, तदनंतरं कर्तृत्वभोक्तृत्वव्याख्यानोपसंहारमुख्यत्वेन च `जीवा पोग्गलकाया' इत्यादि गाथाद्वयं, तदनंतरं बंधप्रभुत्वेन मोक्षप्रभुत्वेन च `एवं कत्ता भोत्ता' इत्यादि गाथाद्वयं। एवं समुदायेन परिहारगाथासूत्राणि सप्त। तद्यथा। यथा शुद्धनिश्चयेन शक्तिरूपेण केवलज्ञानाद्यनंतगुणपरिणतैः सूक्ष्मजीवैर्निरंतरं लोको भृतस्तिष्ठति तथा पुद्गलैरपीति निरूपयतिः- `**ओगाढगाढणिचिदो** अवगाढगाढनिचितः यथा पृथ्वीकायिकादिपंचविधसूक्ष्मस्थावरैरंजनचूर्णपूर्णसमुद्गकन्यायेनाव गाढगाढरूपेण नैरंतर्येण निचितो भृतः। कोऽसौ ? **लोगो** लोकः **पोग्गलकायेहि** तथा पुद्गलकायैश्च। कथं ? **सव्वदो** सर्वप्रदेशेषु। कथंभूतैः, पुद्गलकायैः ? **सुहुमेहि बादरेहि य** सूक्ष्मैर्दष्ट्यगोचरैर्बादरैर्दृष्टिविषयैश्च। कतिसंख्योपेतैः ? **अणंताणंतेहिं** अनंतानंतैः। किंविशिष्टैः ? **विविहेहिं** विविधैरंतर्भेदेन बहुभेदैरिति। अत्र कर्मवर्गणायोग्यपुद्गला यत्रात्मा तिष्ठति तत्रानानीता एव पूर्वं तिष्ठन्ति बंधकाले पश्चादागमिष्यंत्येव। यद्यपि पूर्वं ते तत्रात्मावगाढगाढक्षेत्रे क्षीरनीरन्यायेन तिष्ठन्ति तथापि ते हेयास्तेभ्यो भिन्नः शुद्धबुद्धैकस्वभावः परमात्मा स एवोपादेय इति भावार्थः ।।६४।।

---

**समयव्याख्या : कर्मयोग्यपुद्गला अञ्जनचूर्णपूर्णसमुद्गकन्यायेन सर्वलोकव्यापित्वाद्यत्रात्मा तत्रानानीता एवावतिष्ठंत इत्यत्रोक्तम् ।।६४।।**

**અનુવાદ : અહીં એમ કહ્યું છે કે – કર્મયોગ્ય પુદ્ગલો (કાર્માણવર્ગણારૂપ પુદ્ગલસ્કંધો) અંજનચૂર્ણથી (આંજણના ઝીણા ભૂકાથી) ભરેલી ડાબલીના ન્યાયે આખા લોકમાં વ્યાપેલાં છે; તેથી જ્યાં આત્મા છે ત્યાં, વિના લાવ્યે જ (ક્યાંયથી લાવવામાં આવ્યા વિના જ), તેઓ રહેલાં છે. ૬૪.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ–૧, બુધવાર)

અજ્ઞાની કહે છે કે 'જડ જડના કારણે પરિણમે છે, અને આત્મા આત્માના કારણે પરિણમે છે. એમ છ કારકો કહ્યા તો પછી કર્મ ન હોય તો શરીર કેવી રીતે મળ્યું ? આ બધા જુદા જુદા અનેક પ્રકારના આત્મા દેખાય છે ને ! જો કર્મ આત્મામાં કાંઈ ન કરતું હોય તો આ વિચિત્રતાનું કારણ શું છે ? વળી શરીર અને કર્મ આત્મામાં ન હોય તો આત્માની અત્યારે મુક્તિ હોવી જોઈએ ! વર્તમાન મુક્તિ નથી માટે શરીર અને કર્મ આત્માનાં હોય એમ લાગે છે. કોઈને સ્ત્રી–પુત્ર મરી જાય, કોઈને વેપારમાં ખોટ આવે – એ બધું કર્મનું ફળ દેખાય છે. જો આત્મા ને શરીર અથવા કર્મ જુદાં હોય તો જુદો જુદાને ફળ કેવી રીતે આપે ? ને ફળ ન આપે તો જુદો આત્મા કેવી રીતે ફળ ભોગવે ?' એવો પ્રશ્ન શિષ્યે ગાથા ૬૩માં કર્યો હતો. તેનો જવાબ મૂળ ગાથામાં કુંદકુંદાચાર્ય ભગવાન કહે છે.

'समस्त त्रैलोक्य सब जगह पुद्गलस्खंधोंके द्वारा अतिशय भरपूर गाढा भरा हुवा है। जैसें कज्जलकी कज्जलदानी अंजनसे भरी होती है उसी प्रकार सर्वत्र पुद्गलोंसे लोक

भरपूर तिष्ठता है। कैसे हैं पुद्‌गल ? अतिशय सूक्ष्म हैं तथा अतिशय बादर हैं। फिर कैसे हैं पुद्‌गल ? अपरिमाणसंख्या लिये हुये हैं। फिर कैसे हैं पुद्‌गल ? निश्चय करकें कर्मपरमाणु स्कंध आदि अनेक प्रकारके हैं।'

ત્રણ લોકમાં જીવો ભરેલા છે. કોઈ પણ જગ્યા જીવથી ખાલી નથી તેવી રીતે આખા લોકમાં પુદ્‌ગલ સ્કંધો અતિશય ગાઢ ભરેલા છે. જેવી રીતે કાજળની કાજળદાની આખી અંજનથી ભરેલી છે તે પ્રકારે સર્વત્ર ઊર્ધ્વ, મધ્ય ને અધો – એમ ત્રણે લોકમાં પુદ્‌ગલો ઠાંસી ઠાંસીને ભરેલા છે. તે અતિશય સૂક્ષ્મ છે ને સ્થૂલ પણ છે. જેની સંખ્યાનું માપ નથી. બે પરમાણુના સ્કંધથી માંડી અનંતા પરમાણુના સ્કંધવાળા – અનેક વિચિત્રતાવાળા છે. ઔદારિક, કાર્મણ, તૈજશ શરીરના પરમાણુના સ્કંધો પણ ઠાંસોઠાંસ ભરેલા છે. જેમ જગતમાં જુદી જુદી જાતનાં મકાનોનાં પ્લાસ્ટર થાય છે ને તે પોતપોતાના કારણે થાય છે, કારીગરથી થતા નથી, તેમ અનેક પ્રકારની વિચિત્રતાવાળા કર્મપરમાણુઓના સ્કંધો પોતાના કારણે થાય છે. નિગોદનો જીવ નીચે હોય તોપણ કર્મો બાંધે ને સિદ્ધશિલા ઉપર હોય તોપણ કર્મો બાંધે ને ત્યાં રહેલા સિદ્ધો કર્મો ન બાંધે. કેવળ સમુદ્‌ઘાત કરે ત્યારે જ્યાં કેવળી છે ત્યાં નિગોદના જીવો છે. કેવળી ભગવાનને યોગને લીધે એક સમયે કર્મો આવે ને બીજે સમયે ખરી જાય ને તે જગ્યાએ રહેલો નિગોદનો જીવ મોહનીય આદિ કર્મો બાંધે. મુનિ અમુક કર્મો બાંધે, અજ્ઞાની અમુક કર્મો બાંધે, તો એકક્ષેત્રે હોવા છતાં આત્મા ફેરે કર્મ બાંધવામાં ફેર પડે છે તો તે કર્મ બાંધાવામાં આત્મા આધાર ખરો કે નહિ ? ને જો આત્મા આધાર નથી તો પુદ્‌ગલસ્કંધો જુદા જુદા જીવો પાસે જુદા જુદા રૂપે કેમ પરિણમે છે ? તેનો ઉત્તર હવે પછીની ગાથામાં આપે છે. ૬૪.

બીજા કોઈ કારણથી કર્મની ઉત્પત્તિ નથી, જ્યારે રાગાદિ ભાવોરૂપે આત્મા પરિણમે છે ત્યારે તેનું નિમિત્ત પામીને પુદ્‌ગલકર્મો સ્વયં બંધાય છે.

---

**अत्ता कुणदि सभावं तत्थ गदा पोग्गला सभावेहिं।**
**गच्छंति कम्मभावं अण्णोण्णागाहमवगाढा ।।६५।।**

**आत्मा करोति स्वभावं तत्र गताः पुद्‌गलाः स्वभावैः।**
**गच्छन्ति कर्मभावमन्योन्यावगाहावगाढाः ।।६५।।**

**આત્મા કરે નિજ ભાવ જ્યાં, ત્યાં પુદ્‌ગલો નિજ ભાવથી**
**કર્મત્વરૂપે પરિણમે અન્યોન્ય–અવગાહિત થઈ. ૬૫.**

**અન્વયાર્થ :** **(आत्मा)** આત્મા (स्वभावं) (મોહ–રાગ–દ્વેષરૂપ) પોતાના ભાવને (करोति) કરે છે; (तत्र गताः पुद्‌गलाः) (ત્યારે) ત્યાં રહેલાં પુદ્‌ગલો (स्वभावैः) પોતાના ભાવોથી (अन्योन्यावगाहावगाढाः) જીવને વિષે (વિશિષ્ટ પ્રકારે) અન્યોન્ય-અવગાહરૂપે પ્રવેશ્યાં થકાં (कर्मभावम् गच्छन्ति) કર્મભાવને પામે છે.

**तात्पर्यवृत्ति :** अथात्मनो मिथ्यात्वरागादिपरिणामे सति कर्मवर्गणायोग्यपुद्‌गला निश्चयेनोपादानरूपेण स्वयमेव कर्मत्वेन परिणमंतीति प्रतिपादयति, - **अत्ता** आत्मा **कुणदि** करोति। कं करोति ? **सहावं** स्वभावं राग-द्वेषमोहसहितं परिणामं। ननु राग-द्वेषमोहरहितो निर्मलचिज्ज्योतिःसहितश्च वीतरागानंदरूपः स्वभावपरिणामो भण्यते रागादिविभावपरिणामः कथं स्वभावशब्देनोच्यत इति परिहारमाह - बंधप्रकरणवशादशुद्धनिश्चयेन रागादिभावपरिणामोपि स्वभावो भण्यते इति नास्ति दोषः। **तत्थ गदा** तत्रात्मशरीरावगाढक्षेत्रे गताः स्थिताः। के ते ? **पोग्गला** कर्मवर्गणायोग्यपुद्‌गलस्कंधाः **गच्छंति कम्मभावं** गच्छन्ति परिणमन्ति कर्मभावं द्रव्यकर्मपर्यायं। कैः करणभूतैः ? **सहावेहिं** निश्चयेन स्वकीयोपादानकारणैः। कथं गच्छन्ति ? **अण्णोण्णागाहं** अन्योन्यावगाहसंबंधो यथा भवति। कथंभूताः संतः ? **अवगाढा** क्षीरनीरन्यायेन संश्लिष्टा इत्यभिप्रायः ।।६५।।

---

**समयव्याख्या : अन्याकृतकर्मसंभूतिप्रकारोक्तिरियम्। आत्मा हि संसारावस्थायां पारिणामिकचैतन्यस्वभावमपरित्यजन्नेवानादिबंधनबद्धत्वादनादिमोहरागद्वेषस्निग्धैरविशुद्धैरेव भावैर्विवर्तते। स खलु यत्र यदा मोहरूपं रागरूपं द्वेषरूपं वा स्वस्य भावमारभते, तत्र तदा तमेव निमित्तीकृत्य जीवप्रदेशेषु परस्परावगाहेनानुप्रविष्टाः स्वभावैरेव पुद्‌गलाः कर्मभावमापद्यंत इति ।।६५।।**

**અનુવાદ : અન્ય વડે કરવામાં આવ્યા વિના કર્મની ઉત્પત્તિ કઈ રીતે થાય છે તેનું આ કથન છે.**

**આત્મા ખરેખર સંસાર–અવસ્થામાં પારિણામિક ચૈતન્યસ્વભાવને છોડ્યા વિના જ અનાદિ બંધન વડે બદ્ધ હોવાથી અનાદિ મોહ–રાગ–દ્વેષ વડે સ્નિગ્ધ એવા અવિશુદ્ધ ભાવોરૂપે જ વિવર્તન પામે છે (પરિણમે છે). તે (સંસારસ્થ આત્મા) ખરેખર જ્યાં અને જ્યારે મોહરૂપ, રાગરૂપ કે દ્વેષરૂપ એવા પોતાના ભાવને કરે છે, ત્યાં અને ત્યારે તે જ ભાવને નિમિત્ત કરીને પુદ્‌ગલો પોતાના ભાવોથી જ જીવના પ્રદેશોમાં (વિશિષ્ટતાપૂર્વક) પરસ્પર–અવગાહરૂપે પ્રવેશ્યાં થકાં કર્મભાવને પામે છે. ૬૫.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ–૧, બુધવાર)

'जीव अशुद्ध रागादि विभाव परिणामोंको करता है। जहां जीवद्रव्य तिष्ठता है तहां वर्गणारूप पुद्‌गल तिष्ठता है ते अपने परिणामोंके द्वारा ज्ञानावरणादि अष्टकर्मरूप भावको प्राप्त होते हैं। कैसे हैं वे पुद्‌गल ? परस्पर एकक्षेत्र अवगाहना करके अतिशय गाढे भर रहे हैं।'

જીવના શુભાશુભ ભાવોને, અભવીના મિથ્યાત્વના ભાવને, તીર્થંકરો તેમજ જ્ઞાનીની આશાતનાના ભાવોને અહીં સ્વભાવ કહ્યો છે. કારણ કે જીવ પોતે તે ભાવો પર્યાયમાં કરે છે.

પોતાના ચૈતન્ય–સ્વભાવની જેને ખબર નથી ને જે વિરુદ્ધ માન્યતા કરે છે તે કેવળીની આશાતના કરી રહ્યા છે. તે આશાતનાના ભાવો તેમ જ કસાઈખાનામાં પશુ કાપવાના ભાવોને અહીં સ્વભાવભાવ કહ્યો છે.

આવી રીતે અજ્ઞાની જીવ પોતામાં મિથ્યાત્વ, રાગ–દ્વેષાદિના અશુદ્ધભાવો કરે છે. જ્યાં જીવદ્રવ્ય છે ત્યાં કાર્મણવર્ગણારૂપ પરમાણુ રહેલા છે તે પરમાણુઓ કર્મરૂપે પરિણમે છે. કોઈ કહે છે કે કર્મો બહારથી આવતાં હશે ? ના. ત્યાંની વર્ગણા કર્મરૂપે પરિણમે છે. જીવ તેને કરતો નથી. જીવ કર્મોને કરે તો જીવ–પુદ્‌ગલ એક થઈ જાય. પણ તેમ બનતું નથી, કેમકે બન્ને જુદાં તત્ત્વો છે. અજ્ઞાની માને છે કે **શરીર ને કર્મ મારાં છે ને હું એનો છું એવો અજ્ઞાનભાવ પ્રગટ કરે છે ત્યારે પુદ્‌ગલો સ્વયં જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મરૂપે પરિણમે છે. કર્મથી જુદાપણું તેં ન માન્યું ને મિથ્યાભાવરૂપે તું થયો ત્યારે કર્મો મિથ્યાત્વની પ્રકૃતિરૂપે પરિણમે છે. તેને તું પરિણમાવતો નથી. જડ પરમાણુઓનો જ્ઞાનાવરણીયાદિ કર્મરૂપે પરિણમવાનો સ્વભાવ છે. મૂળમાં 'स्वभावैः'** શબ્દ છે. પોતાના પર્યાયસ્વભાવથી કર્મરૂપ અવસ્થાપણે પરિણમે છે. વળી **'गच्छन्ति'** શબ્દનો અર્થ 'પ્રાપ્ત થાય છે' – પોતે કર્મરૂપ અવસ્થાને પ્રાપ્ત થાય છે. કોઈ પ્રાપ્ત કરાવતું નથી.

વળી ઔદારિક, કાર્મણ, તૈજસ ને ભાષા વગેરેના પરમાણુ આખા લોકમાં ભરેલા છે. કોઈ ઈશ્વરે કે આત્માએ તેને બનાવેલા નથી. તે આત્માથી જુદા છે એવી ખબર વિનાનો – બેખબરો જીવ પરથી પોતાનું કાર્ય માની અજ્ઞાનભાવ કરે છે ત્યારે જડ પરમાણુ કર્મરૂપે બંધાઈને એકક્ષેત્રાવગાહપણે રહે છે. દરેક આત્માની સાથે પરસ્પર એકક્ષેત્રે અતિગાઢપણે પુદ્‌ગલ પરમાણુ રહેલા છે, તે પુદ્‌ગલ પરમાણુ કર્મરૂપે બંધાય છે.

કોઈ પ્રશ્ન કરે કે આમાં ધર્મ શું આવ્યો ?

જીવ અને અજીવ બે તત્ત્વો સ્વતંત્ર છે. તેની સાત પર્યાયો મળીને નવ તત્ત્વો થાય છે. નવ સ્વતંત્ર ન માનતાં એકબીજામાં એકબીજાનું કાર્ય માને તો મિથ્યાત્વ થાય છે. જીવ અજીવ ન થાય, અજીવ જીવ ન થાય, પુણ્ય ને પાપ નથી, પાપ તે પુણ્ય નથી, પુણ્યથી ધર્મ ન થાય, પુણ્ય–પાપ બન્ને આસ્રવ ને બંધ છે, તે સંવર–નિર્જરા નથી. સંવર–નિર્જરા અંશે શુદ્ધતા છે ને મોક્ષ પૂર્ણ શુદ્ધતા છે. આમ નવને નવ પૃથક્ માને તો તેને હજી વ્યવહાર શ્રદ્ધા એટલે કે પુણ્યનું કારણ છે. જે નવને પૃથક્ જાણતો નથી ને એકબીજાને પરાધીન માને તેને ધર્મ નથી પણ પુણ્ય પણ નથી. જેમ કાંકરા ને પાણી સાથે હોવા છતાં કાંકરા પાણી થતાં નથી તેમ આત્મા ને જડકર્મ ભેગા હોવા છતાં એક બીજારૂપ થતા નથી. એમ પોતાના આત્માને પરથી જુદો માની, વિકાર જેટલો પણ નથી, હું તો શુદ્ધ ચૈતન્ય છું એમ શ્રદ્ધા–જ્ઞાન કરે તો ધર્મ થાય.

**ભાવાર્થ** : આ આત્મા સંસારઅવસ્થામાં અનાદિકાળથી પરદ્રવ્યના નિમિત્તે મિથ્યાત્વ રાગાદિ અશુદ્ધભાવોરૂપે પરિણમે છે. જીવ મુનિપણું લઈ નવમી ગ્રૈવેયકે ગયો પણ આત્મા પરથી જુદો છે એવું ભાન કર્યું નહિ. તેથી અશુદ્ધિભાવોરૂપે પરિણમે છે. આત્મા અરૂપી શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે, કર્મ રૂપી જડસ્વભાવી છે, શરીર પણ રૂપી છે, બન્ને જુદાં છે છતાં શરીર, કર્મ, કુટુંબ મારાં એવો મિથ્યાભાવ પોતાના ચૈતન્યસ્વભાવને ચૂકીને કરે છે તે નિમિત્તના લક્ષે કરે છે. બૈરાં–છોકરાં,

કર્મ કે શરીર સંસાર નથી. પણ તે મારાં ને હું એનો એવા અજ્ઞાનભાવથી મોહ–રાગ–દ્વેષરૂપે પરિણમે છે. આત્મા કર્મ ને વિકારથી જુદો છે એવું જ્ઞાન કર્યું નથી. અનાદિથી નિગોદથી લઈને બધા સંસારી જીવો પોતાના કારણે વિભાવરૂપે પરિણમે છે ત્યારે એ ભાવોનું નિમિત્ત પામીને પુદ્ગલપરમાણુઓ પોતાની ઉપાદાનશક્તિથી આઠ કર્મોરૂપે પરિણમે છે. એટલે કે નિશ્ચયથી પોતાના કારણે કર્મરૂપે થાય છે. આત્મા ને કર્મ જુદાં છે એવું અજ્ઞાનીને ભાન નથી તેથી માને છે કે આત્મા કર્મ કરે ને કર્મ આત્માને રાગાદિક કરાવે – એમ અજ્ઞાની માનતો હોવા છતાં અજ્ઞાનીનો આત્મા સ્વતંત્રપણે વિભાવરૂપે પરિણમી રહ્યો છે ને કર્મો પણ સ્વતંત્ર બંધાય છે. જ્ઞાની જ્ઞાનભાવનો કર્તા છે, અજ્ઞાની અજ્ઞાનભાવનો કર્તા છે ને જડ જડભાવનો કર્તા છે.

અજ્ઞાની જીવે અજ્ઞાન ઘણું કર્યું છે માટે ત્યાં ચીકણા કર્મરૂપે બંધાઉં એવી શું પુદ્ગલ પરમાણુને ખરબ છે ? શરીરને કાંઈ ખબર છે ? ખબર નહિ હોવા છતાં કેમ બંધાય છે ? ભાઈ, તેમાં ખબરની કાંઈ જરૂર નથી. જડમાં શક્તિ છે. જડ પણ ઈશ્વર છે. જેમ ચેતન ચેતનના ભાવને કરે તેમ જડ પોતાના જડભાવને કરે એવી તાકાત છે. કોઈને લીધે કોઈ હોય નહિ. કોઈ ઈશ્વર જડને કરે કે કોઈ આત્મા જડની અવસ્થા કરે એમ માનનારને પરથી છૂટું પડવું ગમતું નથી, તેને તીવ્ર એકત્વબુદ્ધિ વર્તે છે. તેની ત્રસની સ્થિતિ પૂરી થવા આવી છે ને તે નિગોદમાં જવા તૈયારીવાળો છે.

અજ્ઞાની જીવ જેટલા પ્રમાણમાં અજ્ઞાનભાવ કરે છે તેટલા જ પ્રમાણમાં પુદ્ગલપરમાણુઓ કર્મરૂપે પરિણમીને એકક્ષેત્રાવગાહપણે રહે છે. છતાં આત્મા કર્મમાં પેસી જતો નથી. બન્નેની ક્રિયા સ્વતંત્ર છે. તેથી નક્કી થાય છે કે પૂર્વે બંધાયેલાં કર્મના ઉદય વખતે જીવ પોતાના શુદ્ધ ચિદાનંત સ્વભાવને ચૂકીને પોતાની પર્યાયની યોગ્યતાના કારણે મિથ્યાત્વ, રાગ, દ્વેષાદિ ભાવોનો કર્તા થાય છે. પૂર્વે છ નિરપેક્ષ કારકો કહેલ હતા તે વાત રાખીને આ વાત કરે છે. જડકર્મે તેને અશુદ્ધ કર્યો નથી પણ કર્મો મને હેરાન કરે છે એમ જડકર્મ ઉપર દોષ નાખતો, પોતાના સ્વભાવને ચૂકતો અજ્ઞાનભાવરૂપે પરિણમે છે. જડકર્મ આત્માના કર્તા નથી ને આત્મા જડનો કર્તા નથી છતાં આત્માના કર્તા વિના રાગ–દ્વેષ ન હોય ને જડના કર્તા વિના તેનું કર્મરૂપે કાર્ય ન હોય. કર્મ કર્મમાં છે, કર્મ આત્માથી પર છે, વિકાર વિકારમાં છે, તે ક્ષણિક છે. તે સિવાયનો આત્મા શુદ્ધ છે એમ દ્રવ્ય, વિકાર ને નિમિત્ત એમ ત્રણેનું પ્રમાણજ્ઞાન કરાવે છે. જે આ પ્રમાણે સાચું જ્ઞાન કરતો નથી તે રાગાદિરૂપે પરિણમે છે. અજ્ઞાની માને છે કે મારી હોશિયારીથી પૈસા મળ્યા તેને તો પુણ્યની પણ શ્રદ્ધા નથી. અહીં તો કહે છે દયાદાનાદિના ભાવ થાય છે તે વિકાર તે કર્મને લીધે નથી પણ તારા અપરાધને લીધે થાય છે. **તે તારો પર્યાયધર્મ છે. અને તે વિકારથી તને દ્રવ્યકર્મ બંધાતું નથી,** દ્રવ્યકર્મ પુદ્ગલના કારણે બંધાય છે. **એમ કર્મ ને વિકારની સ્વતંત્રતા બતાવે છે.**

આવી સ્વતંત્રતાની ખબર નથી એવો અજ્ઞાની જીવ માને છે કે હું છું તો શરીર ચાલે છે ને શરીરથી આત્મામાં કાર્ય થાય છે. તેને રાગાદિ ભાવો થાય છે તેનું નિમિત્ત પામીને કાર્મણવર્ગણાના પુદ્ગલપરમાણુઓ પોતાની ઉપાદાનશક્તિથી આઠ કર્મોરૂપે થાય છે ને તે પરમાણુઓ તે કર્મોના

કર્તા થાય છે. જીવ તે કર્મોનો કર્તા નથી. આ જીવે અજ્ઞાનભાવ કર્યો માટે હું ત્યાં કર્મરૂપે પરિણમું એવી પુદ્‌ગલને ખબર નથી. કર્મ કર્મના કારણે પરિણમે છે તે ઉપાદાનકારણ છે. જીવના રાગ–દ્વેષ તેમાં નિમિત્તમાત્ર છે.

**પ્રશ્ન** : રાગ–દ્વેષ જીવ કરે તો કર્મને આવવું પડે ને ?

**સમાધાન** : ના. પુદ્‌ગલ પરમાણુમાં કર્મરૂપે થવાની લાયકાત છે તો થાય છે, કોઈને લીધે થતા નથી. અજ્ઞાની કહે કે, જગતનો કર્તા ઈશ્વર છે ને ઈશ્વરની ઇચ્છા વિના પાંદડું પણ ન ચાલે તેવી માન્યતાવાળો જેમ મિથ્યાદષ્ટિ છે, તેમ જૈન નામ ધરાવનારા કહે કે આત્મા વિના શરીર ને કર્મ ચાલે નહિ તો તે પણ તેના જ જેવો મિથ્યાદષ્ટિ છે. તે આવી ઊંધી દષ્ટિથી રખડી રહ્યો છે. છએ દ્રવ્યો પૃથક્ પૃથક્ છે. કોઈ કોઈનું કામ કરતાં નથી. આત્મા પુદ્‌ગલનો કર્તા નથી ને પુદ્‌ગલ આત્માનો કર્તા નથી. પુદ્‌ગલો પોતાના કારણે કર્મરૂપે થાય છે તેમાં ઉપાદાન પોતે જ છે, પરદ્રવ્યથી માત્ર નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. ૬૫.

---

**जह पुग्गलदव्वाणं बहुप्पयारेहिं खंधणिव्वत्ती।**
**अकदा परेहिं दिट्ठा तह कम्माणं वियाणाहि ।।६६।।**
**यथा पुद्गलद्रव्याणां बहुप्रकारैः स्कंधनिर्वृत्तिः।**
**अकृता परैदृ ष्टा तथा कर्मणां विजानीहि ।।६६।।**
**જ્યમ સ્કંધરચના બહુવિધા દેખાય છે પુદ્‌ગલ તણી,**
**પરથી અકૃત, તે રીત જાણો વિવિધતા કર્મો તણી. ૬૬.**

**અન્વયાર્થ** : (यथा) જેમ (पुद्गलद्रव्याणां) પુદ્‌ગલદ્રવ્યોની (बहुप्रकारैः) બહુ પ્રકારે (स्कंधनिर्वृत्तिः) સ્કંધરચના (परैः अकृता) પરથી કરાયા વિના (दृष्टा) થતી જોવામાં આવે છે, (तथा) તેમ (कर्मणां) કર્મોની બહુપ્રકારતા (विजानीहि) પરથી અકૃત જાણો.

---

**तात्पर्यवृत्ति :** अथ कर्मवर्गणायोग्यपुद्गला यथा स्वयमेव कर्मत्वेन परिणमन्ति तथा दृष्टांतमाह, - **जह पोग्गलदव्वाणं बहुप्पयारेहिं खंदणिप्पत्ती अकदा परेहिं दिट्ठा** यथा पुद्गलद्रव्याणां बहुप्रकारैः स्कंदनिष्पत्तिरकृता परैर्दृष्टा **तह कम्माणं वियाणाहि** तथा कर्मणामपि विजानीहि, हे शिष्ट त्वमिति। तथाहि। यथा चंद्रार्कप्रभोपलंभे सति अभ्रसंध्यारागेंद्रचापपरिवेषादिभिर्बहुभिः प्रकारैः परेणाकृता अपि स्वयमेव पुद्गलाः परिणमन्ति लोके तथा विशुद्धज्ञानदर्शन-स्वभावात्मतत्त्वसम्यक्श्रद्धानज्ञानानुचरणभावनारूपाभेदरत्नत्रयात्मककारणसमयसाररहितानां जीवानां मिथ्यात्वरागादिपरिणामे सति कर्मवर्गणायोग्यपुद्गला जीवेनोपादानकारणभूतेनाकृता अपि स्वकीयोपादानकारणैः कृत्वा ज्ञानावरणादिमूलोत्तरप्रकृतिरूपैर्बहुभेदैः परिणमन्ति इति भावार्थः ।।६६।।

**समयव्याख्या : अनन्यकृतत्वं कर्मणां वैचित्र्यस्यात्रोक्तम्। यथा हि स्वयोग्यचंद्रार्कप्रभोपलंभे संध्याभ्रेंद्रचापपरिवेषप्रभृतिभिर्बहुभिः प्रकारैः पुद्गलस्कंधविकल्पाः कर्त्रंतरनिपरपेक्षा एवोत्पद्यंते, तथा स्वयोग्यजीवपरिणामोपलंभे ज्ञानावरणप्रभृतिभिर्बहुभिः प्रकारैः कर्माण्यपि कर्त्रंतरनिपरेक्षाण्येवोत्पद्यंते इति ।।६६।।**

**અનુવાદ : કર્મોની વિચિત્રતા (બહુપ્રકારતા) અન્ય વડે કરવામાં આવતી નથી એમ અહીં કહ્યું છે.**

**જેમ પોતાને યોગ્ય ચંદ્ર–સૂર્યના પ્રકાશની ઉપલબ્ધિ હોતાં, સંધ્યા–વાદળાં–ઇંદ્રધનુષ–પ્રભામંડળ ઇત્યાદિ ઘણા પ્રકારે પુદ્ગલસ્કંધભેદો અન્ય કર્તાની અપેક્ષા વિના જ ઊપજે છે, તેમ પોતાને યોગ્ય જીવ–પરિણામની ઉપલબ્ધિ હોતાં, જ્ઞાનાવરણાદિ ઘણા પ્રકારે કર્મો પણ અન્ય કર્તાની અપેક્ષા વિના જ ઊપજે છે. ૬૬.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ–૨, ગુરુવાર)

કર્મોની અનેક પ્રકારની વિચિત્રતાનો અન્ય કોઈ દ્રવ્ય કર્તા નથી પણ પુદ્ગલ તેનો કર્તા છે. આત્મા તેનો કર્તા નથી એમ બતાવે છે.

'जैसें पुद्गलद्रव्योंके नाना प्रकारके भेदोंसे स्कंधोंकी परिणति देखी जाती है। कैसी है स्कंधोंकी परिणति ? अन्य द्रव्योंके द्वारा नहीं कियी हुई अपनी शक्तिसे उत्पन्न हुई है तैसें ही कर्मोंकी विचित्रता जानो।'

પુદ્ગલ દ્રવ્યોના અનેક પ્રકારના સ્કંધો દેખાય છે. તે સ્કંધો પોતાના કારણે થયા છે. આત્માના કારણે અથવા બીજા દ્રવ્યના કારણે થયા નથી, તેવી રીતે કર્મોની વિચિત્રતા જાણવી. જેટલા પ્રમાણમાં જીવ રાગ કરે તેટલા પ્રમાણમાં કર્મો બંધાય છે, છતાં જીવ તેનો કર્તા નથી તો પછી જીવ શરીરનો કે બહારના પદાર્થોનો કર્તા થાય તેમ કદી બનતું નથી.

**ભાવાર્થ :** ચંદ્રમાંથી અથવા સૂર્યની પ્રભાનું નિમિત્ત પામીને સંધ્યા ખીલે છે ત્યારે આકાશમાં અનેક પ્રકારના લાલ–લીલા રંગ દેખાય છે, અનેક પ્રકારના રંગરૂપે પુદ્ગલ પોતાના કારણે થાય છે. સૂર્ય અથવા ચંદ્રનું નિમિત્ત છે માટે થાય છે એમ નથી પણ સ્વતંત્રપણે થાય છે. જેમ તડકામાં હાથ રાખવાથી પરમાણુની કાળી પર્યાય થાય છે તે પરમાણુના કારણે થાય છે, હાથને લીધે થતી નથી, સવારમાં પણ આકાશમાં અનેક રંગો દેખાય છે તે પરમાણુના કારણે થાય છે, સૂર્યને લીધે થતા નથી. વાદળાનું અનેક રંગરૂપ થવું, ઇન્દ્રધનુષ્ય વરસાદ વખતે થાય છે, ચંદ્રની આસપાસ જળકૂંડાળું થાય છે વગેરે અનેક જાતની પુદ્ગલ સ્કંધોની અવસ્થા પોતાની લાયકાતથી થાય છે, પરના કારણે નહિ. વાદળાં ભેગાં થઈને વીખરાય તોપણ પોતાના કારણે વીખરાય છે, બીજાના કર્તાપણાની અપેક્ષા વિના તે તે રૂપ પરિણમે છે. આ દષ્ટાંત મુજબ જીવના અશુદ્ધ વિકારી પરિણામનું નિમિત્ત પામીને પુદ્ગલ વર્ગણાએ આઠ કર્મની દશારૂપે સ્વયં પરિણમે છે.

કોઈ કહે કે 'જે જીવો સ્વરૂપ જાણતા નથી તેને ઓછો દોષ લાગે ને જાણીને જે પાપ કરે તે વધારે દોષને પાત્ર છે' તો એ વાત ખોટી છે, વસ્તુસ્વરૂપનું અજાણપણું એ જ મોટું પાપ છે. નિગોદના જીવને 'હું કોઈને મારું' એવી ખબર નથી, છતાં ઊંધી માન્યતા ને વિપરીત આચરણ એ જ મોટું પાપ છે.

સમકિતી જીવ લડાઈમાં કરોડો માણસની હિંસા કરતો દેખાય છતાં ચારિત્રની અસ્થિરતાનો અલ્પ બંધ છે ને નિગોદનો જીવ કોઈને મારતો દેખાતો નથી છતાં ઊંધી માન્યતા વડે મોટું પાપ બાંધી રહ્યો છે, દ્રવ્ય–ગુણ–પર્યાયનું સ્વરૂપ શું છે તેની ખબર નથી એ જ મોટું પાપ છે.

તે અજ્ઞાની નિગોદનો જીવ આટલું મોટું મિથ્યાત્વનું પાપ કરે છે એવી જડ પરમાણુને ખબર નથી. છતાં જડ પરમાણુઓ વિકારના પ્રમાણમાં કર્મરૂપે પરિણમે છે છતાં આત્મા તે કર્મને બાંધતો નથી, આવી સ્વતંત્ર ક્રિયા દરેક જીવ અને પુદ્‌ગલમાં થઈ રહી છે.

અહીં 'चेतनात्मक भावोंका निमित्त पाकर' લખ્યું છે એનો અર્થ એવો નથી કે રાગ–દ્વેષે કર્મ કરાવ્યાં અથવા પરમાણુમાં કર્મરૂપે થવાની લાયકાત તો હતી પણ જીવે વિકાર કર્યો નહિ માટે તે અટકી ગયાં એમ પણ નથી. અશુદ્ધભાવોનું નિમિત્ત પામીને પુદ્‌ગલ સ્કંધો પોતાની શક્તિથી કર્મ–રૂપે બંધાય છે.

કોઈ કહે કે 'જો આત્મા કર્મથી બંધાણો નથી તો તે અબંધ ઠરતાં હમણાં જ સિદ્ધ થવો જોઈએ,' ભાઈ, તારા જેવા ભાવ થયા તેવાં કર્મ બંધાયાં, તે કર્મોને તેં કર્યાં નથી, તે કર્મનું નિમિત્તપણું –રાગ–દ્વેષ તારામાં નથી એમ પણ નથી, જો રાગ–દ્વેષ ન હોય તો સિદ્ધ થઈ જાય, તારામાં રાગ–દ્વેષરૂપી સંસાર છે માટે પુદ્‌ગલને કર્મરૂપે થવું પડે છે એમ પણ નથી, જીવના રાગ–દ્વેષને તથા કર્મને બન્નેને સ્વતંત્ર નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે.

જીવ જેટલા રાગ–દ્વેષ કરે તેટલા પ્રમાણમાં કર્મો બંધાય છે. આ શરીર ને કર્મ મારાં છે એવી એકત્વબુદ્ધિ કરે તો તેના પ્રમાણમાં કર્મ બંધાય છતાં આત્મા તેનો કર્તા નથી. વળી કોઈ જીવ દયા થોડી કરે ને પુણ્યકર્મ વધારે બંધાય એમ નથી દયા ખૂબ કરે ને પુણ્યકર્મ ઓછું બંધાય એમ નથી, વધારે અશુભભાવ કરે ને ઓછાં પાપકર્મ બંધાય એમ પણ નથી. જેવી રીતે ત્રાજવામાં તોલા કરતાં સામી ચીજ ઓછી હોય ત્યારે કાંટો આડો રહે છે, છતાં કાંટો પોતાના કારણે આડો રહે છે, સામે ઓછી ચીજ છે માટે આડો રહે છે એમ નથી, ને ચીજ ને તોલા સરખાં થતાં કાંટ બરાબર સીધો થાય છે તે પોતાના કારણે થાય છે. પર ચીજને લીધે થતો નથી. ત્યાં કાંટાને ખબર નથી કે હું સીધો થાઉં, છતાં તે પોતાના કારણે સીધો થાય છે, તેમ જીવ જેટલા પ્રમાણમાં રાગ–દ્વેષ કરે તેટલા પ્રમાણમાં જડ કર્મો બંધાય છે. કાંટેકાંટો સરખો મળી રહે છે. જીવે આટલા ને આવા રાગ–દ્વેષ કર્યા માટે તેના પ્રમાણમાં બંધાઉં એવી જડકર્મોને ખબર નથી છતાં વિકારના પ્રમાણમાં કર્મ બંધાય છે તોપણ જીવ તેનો કર્તા નથી, તો પછી દુકાન–શરીર વગેરે પરપદાર્થનો આત્મા કર્તા થાય એમ કદી બનતું નથી. ૬૬.

**जीवा पुग्गलकाया अण्णोण्णागाढगहणपडिबद्धा।**
**काले विजुज्जमाणा सुहदुक्खं दिंति भुंजंति ।।६७।।**

जीवाः पुद्गलकायाः अन्योन्यावगाढग्रहणप्रतिबद्धाः।
काले वियुज्यमानाः सुखदुःखं ददति भुञ्जन्ति।।६७।।

**જીવ–પુદ્ગલો અન્યોન્યમાં અવગાહ ગ્રહીને બદ્ધ છે;**
**કાળે વિયોગ લહે તદા સુખદુઃખ આપે–ભોગવે. ૬૭**

**અન્વયાર્થ :** (जीवाः पुद्गलकायाः) જીવો અને પુદ્ગલકાયો (अन्योन्यावगाढग्रहणप्रतिबद्धाः) (વિશિષ્ટ પ્રકારે) અન્યોન્ય–અવગાહને ગ્રહવા વડે (પરસ્પર) બદ્ધ છે; (काले वियुज्यमानाः) કાળે છૂટા પડતાં (सुखदुःखं ददति भुञ्जन्ति) સુખદુઃખ આપે છે અને ભોગવે છે (અર્થાત્ પુદ્દગલકાયો સુખદુઃખ આપે છે અને જીવો ભોગવે છે).

---

**तात्पर्यवृत्ति :** एवं पुद्गलस्य स्वयमुपादानकर्तृत्वव्याख्यानमुख्यत्वेन गाथात्रयं गतं। अथाकृतकर्मणः कथं फलं भुंक्ते जीव इति योऽसौ पूर्वपक्षः कृतस्तत्र फलभोक्तृत्वविषये नयविभागेन युक्तिं दर्शयतिः-**जीवा पोग्गलकाया** जीवकायाः पुद्गलकायाश्च। कथंभूताः ? **अण्णोण्णागाढगहणपडिबद्धा** अन्योन्यायगाढग्रहणप्रतिबद्धाः स्वकीयस्वकीयरागादिस्निग्धरूक्षादि-परिणामनिमित्तेन पूर्वमेवान्योन्यावगाहेन संश्लिष्टरूपेण प्रतिबद्धाः संतः तिष्ठन्ति तावत् **काले विजुज्जमाणा** उदयकाले स्वकीयफलं दत्त्वा वियुज्यमाना निर्जरां गच्छंतः। किं कुर्वन्ति ? **दिंति** निर्विकारीचिदानंदैकस्वभावजीवस्य मिथ्यात्वरागादिभिः सहैकत्वरुचिरूपं मिथ्यात्वं तैरेव सहैकत्वप्रतिपत्तिरूपं मिथ्याज्ञानं तदैवैकत्वपरिणतिरूपं मिथ्याचारित्रमिति मिथ्यात्वादित्रयपरिणतजीवानां पुद्गलाः कर्तारो ददति प्रयच्छंति। किं ददति ? **सुहदुक्खं** अनाकुलत्वलक्षणपारमार्थिकसुखाद्विपरीतं परमाकुलत्वोत्पादकमभ्यंतरे निश्चयेन हर्षविषादरूपं व्यवहारेण पुनर्बहिर्विषये विविधेष्टा-निष्टेन्द्रियविषयप्राप्तिरूपं कटुकविषरसास्वादस्वभावं सांसारिकसुखदुःखं **भुंजंति** वीतरागपर-माह्लादैकरूपसुखामृतरसास्वादभोजनरहिता जीवा निश्चयेन भावरूपं व्यवहारेण द्रव्यरूपं भुजंते सेवंत इत्यभिप्रायः ।।६७।।

---

**समयव्याख्या : निश्चयेन जीवकर्मणोश्चैककर्तृत्वेऽपि व्यवहारेण कर्मदत्तफलोपलंभो जीवस्य न विरुध्यत इत्यत्रोक्तम्। जीवा हि मोहरागद्वेषस्निग्धत्वात्पुद्गलस्कंधाश्च स्वभावस्निग्धत्वा-द्बंधावस्थायां परमाणुद्वंद्वानीवान्योन्यावगाहग्रहणप्रतिबद्धत्वेनावतिष्ठंते। यदा तु ते परस्परं वियुज्यंते, तदोदितप्रच्यवमाना निश्चयेन सुखदुःखरूपात्मपरिणामानां व्यवहारेणेष्टानिष्टविषयाणां निमित्तमात्रत्वात्पुद्गलकायाः सुखदुःखरूपं फलं प्रयच्छन्ति। जीवाश्च निश्चयेन निमित्तमात्र-भूतद्रव्यकर्मनिर्वर्तितसुखदुःखरूपात्मपरिणामानां व्यवहारेण द्रव्यकर्मोदयापादितेष्टानिष्ट**

**विषयाणां भोक्तृत्वात्तथाविधं फलं भुञ्जन्ते इति। एतेन जीवस्य भोक्तृत्वगुणोऽपि व्याख्यातः ॥६७॥**

**અનુવાદ : નિશ્ચયથી જીવ અને કર્મને એકનું (નિજ નિજરૂપનું જ) કર્તાપણું હોવા છતાં, વ્યવહારથી જીવને કર્મે દીધેલા ફળનો ભોગવટો વિરોધ પામતો નથી (અર્થાત્ 'કર્મ જીવને ફળ આપે છે અને જીવ તેને ભોગવે છે' એ વાત પણ વ્યવહારથી ઘટે છે) એમ અહીં કહ્યું છે.**

**જીવો મોહ-રાગ-દ્વેષ વડે સ્નિગ્ધ હોવાને લીધે અને પુદ્‌ગલસ્કંધો સ્વભાવથી સ્નિગ્ધ હોવાને લીધે, (તેઓ) બંધ-અવસ્થામાં-પરમાણુદ્વંદ્વોની માફક-(વિશિષ્ટ પ્રકારે) અન્યોન્ય-અવગાહના ગ્રહણ વડે બદ્ધપણે રહે છે. જ્યારે તેઓ પરસ્પર છૂટા પડે છે ત્યારે (નીચે પ્રમાણે પુદ્‌ગલસ્કંધો ફળ આપે છે અને જીવો તેને ભોગવે છે) – ઉદય પામીને ખરી જતા પુદ્‌ગલકાયો સુખ-દુઃખરૂપ આત્મપરિણામોના નિમિત્તમાત્ર હોવાની અપેક્ષાએ નિશ્ચયથી, અને ઇષ્ટાનિષ્ટ વિષયોના નિમિત્તમાત્ર હોવાની અપેક્ષાએ વ્યવહારથી સુખ-દુઃખરૂપ ફળ આપે છે; તથા જીવો નિમિત્તમાત્રભૂત દ્રવ્યકર્મથી નિષ્પન્ન થતા સુખ-દુઃખરૂપ આત્મપરિણામોના ભોક્તા હોવાની અપેક્ષાએ નિશ્ચયથી, અને (નિમિત્તમાત્રભૂત) દ્રવ્યકર્મના ઉદયથી સંપાદિત ઇષ્ટાનિષ્ટ વિષયોના ભોક્તા હોવાની અપેક્ષાએ વ્યવહારથી, તે પ્રકારનું (સુખ-દુઃખરૂપ) ફળ ભોગવે છે (અર્થાત્ નિશ્ચયથી સુખ-દુઃખપરિણામરૂપ અને વ્યવહારથી ઇષ્ટાનિષ્ટ વિષયરૂપ ફળ ભોગવે છે).**

**આથી (આ કથનથી) જીવના ભોક્તૃત્વગુણનું પણ વ્યાખ્યાન થયું. ૬૭.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ-૨, ગુરુવાર)

નિશ્ચયની અપેક્ષાથી જીવ પોતાના વિકારભાવોનો કર્તા છે ને પુદ્‌ગલ પોતાના કર્મરૂપી ભાવનો કર્તા છે તથાપિ વ્યવહારથી કર્મ દ્વારા મળેલાં સુખ-દુઃખની સામગ્રીના ફળને જીવ ભોગવે છે એવા વ્યવહારકથનમાં વિરોધ નથી એમ કહે છે.

'जीवद्रव्य हैं ते पुद्‌गलवर्गणाके पुञ्ज परस्पर अनादि कालसे लेकर अत्यंत सघन मिलापसे बंध अवस्थाको प्राप्त हुये हैं। वे ही जीव पुद्‌गल उदयकाल अवस्थामें अपना रस देकर खिरते हैं तब साता-असाता देते हैं और भोगते हैं।'

આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેને ચૂકીને વિકારભાવ કરે છે ત્યારે પુદ્‌ગલ વર્ગણા પોતના કારણે કર્મરૂપે પરિણમે છે ને તે જીવને પુદ્‌ગલ કર્મો અરસપરસ અનાદિ કાળથી નિબિડરૂપે બંધાણાં છે એટલે કે એકક્ષેત્રાવગાહરૂપે છે. આત્મા આત્મારૂપે છે ને જડ જડના કારણે કર્મરૂપે થાય છે, કોઈને લીધે કોઈ નથી. પુદ્‌ગલ કર્મો તેના ઉદય કાળે રસ આપી ખરી જાય છે ત્યારે શાતા કે અશાતાના સંયોગોની પ્રાપ્તિ જીવને થાય છે, અજ્ઞાની જીવ તે ચીજોમાં ઠીક-અઠીકની કલ્પના કરે છે તેથી તે પદાર્થોને તથા કર્મને ભોગવે છે એમ કહેવાય છે. કોઈને પૈસા મળે, કોઈને રોગ થયા, કોઈનો દીકરો મરે, કોઈને સર્પ કરડે એવા પ્રસંગો પોતાના કારણે ભજે છે તેમાં પૂર્વ કર્મ

નિમિત્ત કહેવાય છે ને તે ચીજોમાં હરખ–શોક જીવ કરે છે માટે ભોગવે છે એમ કહેવાય છે.

**ભાવાર્થ :** એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના અનંતા અજ્ઞાની જીવો પોતાના સ્વરૂપને ચૂકીને પૂર્વકર્મના નિમિત્તે મોહ–રાગ–દ્વેષરૂપ ભાવો કરે છે તેમાં રાગ સ્નિગ્ધ છે ને દ્વેષ રુક્ષ છે, તે વખતે પુદ્‌ગલ પરમાણુઓ પોતાના સ્નિગ્ધ-રુક્ષ પરિણામ દ્વારા કર્મના સ્કંધરૂપે પરિણમે છે.

બે ગુણો – બે અંશો લૂખાશ અથવા ચીકાશના વધારે હોય તો પુદ્‌ગલોની બંધ અવસ્થા થાય છે. શરીર, લાકડાં વગેરે પુદ્‌ગલપરમાણુઓના સ્કંધ છે. પુદ્‌ગલપરમાણુ દ્રવ્ય છે, તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ગુણો છે ને તેમાં સ્પર્શ ગુણની લૂખાશ અથવા ચીકાશરૂપ પર્યાય હોય છે તેમાં બે ગુણ ચીકાશવાળો ચાર ગુણ ચીકાશવાળા સાથે, ચાર વાળો છ ગુણવાળા સાથે, પાંચવાળો સાતવાળા સાથે સ્કંધરૂપ થાય છે તે પોતાની લાયકાતથી થાય છે, જીવ તેનો કર્તા નથી.

પરમાણુમાં એક ગુણ વધારે હોય તો બંધ થતો નથી, બે અંશ વધારે હોય તો જ બંધાય, તેમ આત્મામાં રાગ–દ્વેષના છેલ્લા અંશો બંધનું કારણ નથી. જો છેલ્લા અંશો બંધનું કારણ હોય તો આત્મા કદી અબંધ થાય નહિ.

શરીરનું બંધાવું, કર્મનું બંધાવું, લાડવા થવા તે જડના લૂખાશ ને ચીકાશના કારણે થાય છે. આ બધા પુદ્‌ગલસ્કંધો આત્મા વિના ભેગા થાય છે. કર્મ કરતાં અનંતગુણા એવા પુદ્‌ગલસ્કંધો છે કે જેને આત્મા સાથે સંબંધ નથી. તે પોતાના કારણે પિંડરૂપ થાય છે. આ આંગળી ઊંચી–નીચી થાય છે તે પોતાના કારણે થાય છે. છતાં આત્માથી થાય છે એમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે.

જેમ પુદ્‌ગલો સ્કંધરૂપે થાય છે તેમ પુદ્‌ગલવર્ગણા કર્મના સ્કંધરૂપ પરિણમે છે તે કર્મ પરમાણુના ઉદયકાળે શાતા–અશાતાનાં ફળ મળે છે તેથી તેને સુખ–દુઃખરૂપ કહેલ છે, તેના નિમિત્તે પૈસા, રોટલા, સ્ત્રી, કુટુંબ, મકાન વગેરે મળે છે ત્યારે અજ્ઞાની જીવ પોતાના અજ્ઞાનના કારણે આ પદાર્થો હું લાવ્યો એમ અભિમાન કરી તેમાં સુખ–દુઃખની કલ્પના ઊભી કરે છે. તે તે પદાર્થો પોતપોતાના કારણે આવે છે તેમાં પૂર્વે બંધાયેલાં કર્મ નિમિત્તમાત્ર છે ને જીવ પોતામાં રાગ–દ્વેષના ભાવ કરીને આકુળતાને ભોગવે છે તેમાં પણ નિમિત્તમાત્ર છે. જૂનાં કર્મો સ્વતંત્ર, સામગ્રીનું આવવું સ્વતંત્ર ને જીવના હરખઃશોકના પરિણામ થવા પણ સ્વતંત્ર છે. શરીરમાં રોગ આવતાં બોલાય કે અશાતા કર્મે ફળ આપ્યું. સામગ્રીના ઢગલા મળે ત્યારે બોલાય કે શાતા કર્મે ફળ આપ્યું. આમ આત્માએ કર્મફળ ભોગવ્યાં ને કર્મે આત્માને સુખ–દુઃખનું ફળ આપ્યું, એમ બોલવામાં આવે છે.

અજ્ઞાની જીવને સ્વ–પરનું ભાન નથી તેથી શરીરને હું ચલાવું છું, આ રૂપિયાનું વ્યાજ હું ઉપજાવી શકું છું એમ તે માને છે. શરીર શરીરના કારણે ને રૂપિયા રૂપિયાના કારણે આવે – જાય છતાં અજ્ઞાની જીવ મારા કારણે તે આવ્યા માની, મિથ્યાત્વના ભાવો કરી, સંસારમાં રખડે છે.

અત્યારે જીવોને વસ્તુસ્વરૂપનું યથાર્થ જ્ઞાન નથી. 'નમો અરિહંતાણં'નો અર્થ સમજતા નથી, ભગવાને જડ કર્મરૂપી શત્રુનો નાશ કર્યો એમ અજ્ઞાની માને છે. આત્માનું અજાણપણું એ જ વેરી છે, તે વેરીને એટલે અજ્ઞાન–રાગ–દ્વેષને આત્માના ભાન દ્વારા જેણે નાશ કર્યો તેને અરિહંત કહે છે, વ્યવહારથી કર્મને હણ્યાં એમ કહેવાય છે. લોકોમાં બોલાય છે કે પાણીનો લોટો, ગામ આવ્યું, વગેરે તે બધું નિમિત્તથી કથન છે.

વળી અહીં કહ્યું છે કે શુભ–અશુભ બાહ્ય પદાર્થમાં કર્મ નિમિત્તકારણ છે. અત્યારે કેટલાક એમ કહે છે કે સમાજની વ્યવસ્થા બરાબર નથી તેથી કેટલાક કરોડપતિ થઈ ગયા ને કેટલાક ગરીબ રહ્યા પણ તે વાત ખોટી છે, સૌને કર્મ અનુસાર સંયોગોની પ્રાપ્તિ થાય છે. તે સામગ્રી મળતાં અજ્ઞાની જીવ રાગ–દ્વેષ કરે તો સામગ્રી સુખ–દુઃખમાં નિમિત્ત કહેવાય છે. આ પ્રમાણે કર્મોના નિમિત્તે સામગ્રી મળે છે ને તેના નિમિત્તે જીવ સુખ–દુઃખની કલ્પના કરે છે. તેથી કર્મોએ સુખદુઃખનાં ફળ આપ્યાં ને જીવે તેને ભોગવ્યાં એમ કહેવાય છે.

(વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ–૩, શુક્રવાર)

આત્મા જડકર્મનો કર્તા નથી. આત્મા પોતાના રાગદ્વેષનો કર્તા છે. કોઈ પૂછે કે કર્મ વિના આત્માને સુખ–દુઃખ થાય ? ભાઈ, સુખ–દુઃખની કલ્પના જીવ કરે છે તો બાહ્ય ચીજને અને કર્મને ભોગવે છે એમ કહેવાય છે. જડકર્મો બે પ્રકારે નિમિત્ત થાય છે. જીવના રાગ–દ્વેષ પરિણામમાં મોહનીય કર્મ નિમિત્ત છે ને સંયોગ મળવામાં અઘાતીકર્મ નિમિત્ત છે. કર્મ રાગ–દ્વેષ કરાવે કે બાહ્ય ચીજોને મેળવી આપે એમ બનતું નથી, પણ જીવ રાગ–દ્વેષ કરે તો કર્મ નિમિત્ત કહેવાય છે ને સંયોગી વસ્તુ તેના કારણે આવે તો કર્મ નિમિત્ત કહેવાય છે ને જીવ તેને ભોગવે છે એમ કહેવાય છે.

શરીરમાં છરી લાગતાં અજ્ઞાની છરીને દુઃખનું કારણ માને છે પણ તેનું દુઃખ નથી, અજ્ઞાનદશાનું દુઃખ છે. વળી કોઈ શરીરને દુઃખનું કારણ માને છે, કોઈ શરીરને ધર્મનું કારણ માને છે, બન્ને ભ્રાંતિમાં છે.

વળી એમ કહે કે 'સંસારમાં જીવ કર્મને લીધે રખડે છે.' ભાઈ, તે કથન નિમિત્તથી છે. કર્મને લીધે જીવ રખડતો નથી, પોતાની ભૂલના કારણે રખડે છે. ચિદાનંદ સ્વભાવને ચૂકીને ઇષ્ટ પદાર્થોને દેખીને રાગ કરે, અનિષ્ટ પદાર્થોને દેખીને દ્વેષ કરે તે ભૂલ છે, તે ભૂલને ભોગવે છે. વેપારમાં મંદી આવતાં શોક પોતાના કારણે કરે છે, મંદીને લીધે શોક નથી. જીવ પરચીજને કદી પણ અનુભવતો નથી કારણ કે જીવનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવરૂપ સ્વ–ચતુષ્ટય પોતામાં છે ને પરનાં ચતુષ્ટય પરમાં છે. પોતાના ચૈતન્ય સ્વભાવને ચૂકીને જીવ ભૂલ કરે છે ને ભૂલને ભોગવે છે. અથવા સ્વભાવનું ભાન કરીને ભૂલ ટાળે છે. આ સિવાય બીજું કાંઈ જીવ કરી શકતો નથી. એટલે જીવ ખરેખર પોતાના સુખ–દુઃખના પરિણામનો ભોક્તા છે.

'व्यवहारकर द्रव्यकर्मके उदयसे प्राप्त हुये जो शुभ अशुभ पदार्थ तिनको भोक्ता है।'

કેટલાક જીવો કહે છે કે સમાજની વ્યવસ્થા બરાબર નથી તેથી કોઈ પૈસાવાળા અને કોઈ ગરીબ છે. માટે વ્યવસ્થા બરાબર રાખવી જેથી બધા સરખા થઈ જાય. આવી માન્યતાવાળા પુણ્યકર્મને માનતા નથી. અહીં ચોખ્ખું લખેલ છે કે દ્રવ્યકર્મના ઉદયથી શુભ–અશુભ પદાર્થોની પ્રાપ્તિ થાય છે. જેવાં કર્મ ઉપાર્જન કર્યાં હોય તે પ્રમાણમાં સામગ્રી મળે છે.

અહીં એમ કહેવું છે કે દ્રવ્યકર્મના ઉદયના નિમિત્તે જે સામગ્રી મળે છે તેમાં અજ્ઞાની જીવ સુખ–દુઃખની કલ્પના કરે છે તો આ પદાર્થોને જીવે ભોગવ્યા એમ કહેવાય છે. જડ પરમાણુને જીવદ્રવ્ય કદી અડતો નથીપણ જીવ રાગ–દ્વેષ કરે છે તેમાં તે પદાર્થો નિમિત્ત છે માટે તે પદાર્થોને ભોગવ્યા એમ કહેવાય છે. જીવમાં ભોક્તાગુણ છે. હરખ–શોકના વેદનરૂપે થવાની લાયકાત છે. કર્મમાં તથા પુદ્‌ગલમાં રાગ–દ્વેષના વેદનરૂપી ભોક્તાગુણ નથી. કારણ કે તે પદાર્થો જડ છે. શરીર કે કર્મને સુખ–દુઃખનો અનુભવ નથી.

આમાં ધર્મ શું આવ્યો ? નક્કી કર કે જીવ પરને અનુભવતો નથી. જીવ અજ્ઞાન કરે તો વિકારને અનુભવે છે, ને સ્વભાવનું જ્ઞાન કરે તો પોતાના જ્ઞાનને અને આનંદને અનુભવે છે માટે પર ઉપરની દૃષ્ટિ છોડીને વિકાર ક્ષણિક છે, તે આત્માનું સ્વરૂપ નથી, એમ જ્ઞાન કરી સ્વભાવ તરફ વળવું એ જ ધર્મ છે.

શિષ્યે પ્રશ્ન કરેલ હતો કે આત્મા જડકર્મને કેવી રીતે ભોગવે ને જડકર્મ આત્માને કેવી રીતે ફળ આપે ? તેનો જવાબ આપ્યો કે જીવ પોતાના સ્વરૂપને ચૂકે છે ને રાગ–દ્વેષ કરે છે તો કર્મને તથા સંયોગોને ભોગવે છે એમ વ્યવહારથી કહેવામાં આવે છે. ૬૭.

હવે કર્તૃત્વ–ભોક્તૃત્વનું સંક્ષેપથી વ્યાખ્યાન કહે છે.

---

**तम्हा कम्मं कत्ता भावेण हि संजुदोध जीवस्स।**
**भोत्ता दु हवदि जीवो चेदगभावेण कम्मफलं।।६८।।**

**तस्मात्कर्म कर्तृ भावेन हि संयुतमथ जीवस्य।**
**भोक्ता तु भवति जीवश्चेतकभावेन कर्मफलम् ।।६८।।**

**તેથી કરમ, જીવભાવથી સંયુક્ત, કર્તા જાણવું;**
**ભોક્તાપણું તો જીવને ચેતકપણે તત્ફળ તણું. ૬૮.**

**અન્વયાર્થ :** (तस्मात्) તેથી (अथ जीवस्य भावेन हि संयुतम्) જીવના ભાવથી સંયુક્ત એવું (कर्म) કર્મ (દ્રવ્યકર્મ) (कर्तृ) કર્તા છે (નિશ્ચયથી પોતાનું કર્તા અને વ્યવહારથી જીવભાવનું કર્તા; પરંતુ તે ભોક્તા નથી). (भोक्ता तु) ભોક્તા તો (जीवः भवति) (માત્ર) જીવ છે (चेतकभावेन) ચેતકભાવને લીધે (कर्मफलम्) કર્મફળનો.

---

**तात्पर्यवृत्ति :** एवं भोक्तृत्वव्याख्यानमुख्यत्वेन गाथा गता। अथ कर्तृत्वभोक्तृत्वोपसंहारः कथ्यते, - **तम्हा** यस्यात्पूर्वोक्तनयविभागेन जीवकर्मणोः परस्परोपादानकर्तृत्वं नास्ति तस्मात्कारणात् **कम्मं कत्ता** कर्म कर्तृ भवति। केषां ? निश्चयेन स्वकीयभावानां, व्यवहारेण रागादिभावानां, जीवोपि व्यवहारेण द्रव्यकर्मभावानां निश्चयेन स्वकीयचेतकभावानां। कथंभूतं सत्कर्म स्वकीयभावानां कर्तृ भवति ? **संजुदो** संयुक्तं अध अथो। केन संयुक्तं ? **भावेण** मिथ्यात्वरागादिभावेन परिणामेन **जीवस्स** जीवस्य जीवोपि कर्मभावेन संयुक्त इति **भोक्ता दु** भोक्ता पुनः **हवदि** भवति। कोसौ।

**जीवो** निर्विकारचिदानंदैकानुभूतिरहितो जीवः। केन कृत्वा। **चेदगभावेण** परमचैतन्यप्रकाश-विपरीतेनाशुद्धचेतकभावेन। किं भोक्ता भवति ? **कम्मफलं** शुद्धबुद्धैकस्वभावपरमात्मतत्त्वभावनोत्पन्नं यत्सहजशुद्धपरमसुखानुभवनफलं तस्माद्विपरीतं सांसारिकसुखदुःखानुभवनरूपं शुभाशुभकर्मफल-मिति भावार्थः ।।६८।।

---

**समयव्याख्या : कर्तृत्वभोक्तृत्वव्याख्योपसंहारोऽयम्। तत एतत् स्थितं निश्चयेनात्मनः कर्म कर्तृ, व्यवहारेण जीवभावस्य, जीवोऽपि निश्चयेनात्मभावस्य कर्ता, व्यहारेण कर्मण इति। यथात्रोभयनयाभ्यां कर्म कर्तृ, तथैकेनापि नयेन न भोक्तृ। कुतः ? चैतन्यपूर्वकानुभूतिसदभावभावात्। ततश्चेतनत्वात् केवल एव जीवः कर्मफलभूतानां कथंचिदात्मनः सुखदुःखपरिणामानां कथंचिदिष्टानिष्टविषयाणां भोक्ता प्रसिद्ध इति ।।६८।।**

**અનુવાદ : આ, કર્તૃત્વ અને ભોક્તૃત્વની વ્યાખ્યાનો ઉપસંહાર છે.**

**તેથી (પૂર્વોક્ત કથનથી) એમ નક્કી થયું કે – કર્મ નિશ્ચયથી પોતાનું કર્તા છે, વ્યવહારથી જીવભાવનું કર્તા છે; જીવ પણ નિશ્ચયથી પોતાના ભાવનો કર્તા છે, વ્યવહારથી કર્મનો કર્તા છે.**

**જેમ અહીં બંને નયોથી કર્મ કર્તા છે, તેમ એક પણ નયથી તે ભોક્તા નથી. શા કારણે ? કારણ કે તેને ચૈતન્યપૂર્વક અનુભૂતિનો સદ્ભાવ નથી. તેથી ચેતનપણાને લીધે કેવળ જીવ જ કર્મફળનો–કથંચિત્ આત્માના સુખ–દુઃખપરિણામોનો અને કથંચિત્ ઇષ્ટાનિષ્ટ વિષયોનો – ભોક્તા પ્રસિદ્ધ છે. ૬૮.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ–૩, શુક્રવાર)

‘तिस कारणसे निश्चय करके द्रव्यकर्म जो है सो अपने परिणामोंका कर्ता है। कैसा है द्रव्यकर्म ? आत्मद्रव्यका अशुद्ध चेतनात्मपरिणामोंकर संयुक्त है।’

ભાવાર્થ : ખરેખર દ્રવ્યકર્મ પોતાના પરિણામો એટલે જ્ઞાનાવરણાદિ પરિણામોનો ઉપાદાનકર્તા છે, ને વ્યવહારથી જીવના રાગ–દ્વેષાદિ ભાવોનો કર્તા કહેવામાં આવે છે.

‘फिर इसी प्रकार जीवद्रव्य अपने अशुद्ध चेतनात्मक भावोंका उपादानरूप कर्ता है। ज्ञानावरणादिक द्रव्यकर्मको अशुद्ध चेतनात्मक भाव निमित्तभूत हैं। इस कारण व्यवहारसे जीव द्रव्यकर्मका भी कर्ता है।’

જીવ પોતાના અશુદ્ધપરિણામનો કર્તા છે, પણ દ્રવ્યકર્મનો કર્તા નથી. પરંતુ નવાં કર્મો જે પોતાના કારણે બંધાય છે તેમાં જીવના વિકારી ભાવો નિમિત્ત છે તેથી જીવને દ્રવ્યકર્મોનો કર્તા વ્યવહારથી કહેવામાં આવે છે. પાણીમાં મોજાં ઊઠે તો પવન નિમિત્ત કહેવાય ને મોજાં ન ઊઠે તો પવનનો અભાવ નિમિત્ત કહેવાય, તેમ જીવ વિકાર કરે તો કર્મને નિમિત્ત કહેવાય ને શુદ્ધતા કરે તો કર્મનો અભાવ નિમિત્ત કહેવાય. જડકર્મને આત્મા કરતો નથી પણ વિકાર કરે છે ત્યારે

કર્મ બંધાય છે, તો આત્માએ કર્મ કર્યાં એમ કહેવાય છે.

કોઈ પ્રશ્ન કરે કે કર્મ નિમિત્તમાત્ર છે તો તેનું શું કામ છે ?

**સમાધાન :** આત્માનો જ્ઞાનસ્વભાવ સ્વ–પરપ્રકાશક છે. પોતાની અધૂરી દશામાં સાધકજીવ જ્ઞાન કરે છે કે કર્મ કેટલું રહેલું છે ને કેટલું ટળ્યું છે. સ્વ–પર બન્નેનું જ્ઞાન કરે છે. એકલા સ્વને કે એકલા પરને જાણવાનો આત્માનો સ્વભાવ નથી, સ્વ–પર બન્નેને જાણવાનું આત્માનું કામ છે.

'और आत्मद्रव्य जो है सो अपने अशुद्ध चेतनात्मक रागादि भावोंसे साता-असातारूप कर्मफलका भोगनेवाला है।'

જીવ દ્રવ્ય પોતાના વિકારી ભાવોને ભોગવે છે. કર્મને તથા સામગ્રીને ભોગવતો નથી. પણ પૂર્વકર્મના નિમિત્તે સંયોગરૂપે ફળ આવે છે ને જીવ રાગાદિ પરિણામ કરે છે તો કર્મને તથા સામગ્રીને વ્યવહારથી ભોગવે છે એમ કહેવામાં આવે છે.

**ભાવાર્થ :** જેવી રીતે જીવ અથવા કર્મ નિશ્ચય–વ્યવહારનયોથી એકબીજાના પરસ્પર કર્તા છે તેવી રીતે બન્ને ભોક્તા નથી. નિશ્ચયથી જીવ પોતાના પરિણામનો કર્તા છે, વ્યવહારથી જીવ જડકર્મનો કર્તા છે; નિશ્ચયથી પરમાણુ પોતાના જ્ઞાનાવરણાદિ પર્યાયનો કર્તા છે, વ્યવહારથી કર્મ રાગ–દ્વેષના કર્તા છે. આમ કર્તામાં જીવ અને કર્મ બન્નેમાં અરસપરસ નિશ્ચય અને વ્યવહાર લાગુ પડે છે. તેવી રીતે ભોક્તપણામાં બન્ને અરસપરસ લાગુ પડતા નથી. ભોક્તાપણું એટલે હરખ–શોકના પરિણામનું વેદન માત્ર જીવદ્રવ્યમાં છે. કારણ કે પોતે ચૈતન્યસ્વરૂપ છે. પુદ્ગલદ્રવ્ય અચેતન છે તેનામાં સુખ–દુઃખના વેદનનો કે શુદ્ધતાના વેદનનો ગુણ નથી. તેથી પુદ્ગલદ્રવ્ય નિશ્ચયથી કે વ્યવહારથી ભોક્તા નથી.

(૧) જીવ પોતાના રાગાદિ ભાવોનો કર્તા તે નિશ્ચય છે, (૨) જીવને જડ કર્મોનો કર્તા કહેવો તે વ્યવહાર, (૩) જડ પુદ્ગલ જ્ઞાનાવરણાદિ કર્મનો કર્તા તે નિશ્ચય છે, (૪) કર્મને વિકારાદિનો કર્તા કહેવો તે વ્યવહાર, (૫) જીવ પોતાના હરખ–શોકના પરિણામને ભોગવે તે નિશ્ચય છે, (૬) જીવ કર્મને તથા સામગ્રીને ભોગવે એમ કહેવું તે વ્યવહાર છે. કર્મ અચેતન છે તેથી તે પોતાની પર્યાયમાં હરખ–શોકાદિને ભોગવવું નથી તેથી કર્મ આત્માને ભોગવે તેવો વ્યવહાર લાગુ પડતો નથી. જીવ પોતાના અજ્ઞાનના કારણે વિકારનો ભોક્તા થાય છે ને વ્યવહારે કર્મનો તથા – પદાર્થનો ભોક્તા થાય છે પણ કર્મ કે જડ પદાર્થને સુખ–દુઃખનું વેદન નથી તેમ જ તે સુખ–દુઃખ કરાવતાં નથી માટે કર્મ ઉપરથી દૃષ્ટિ ઉઠાવીને સુખ–દુઃખના પરિણામ પોતે સ્વતંત્ર કરે છે એમ નક્કી કરી, તે વિકાર ક્ષણિક છે, આત્મા તો શુદ્ધ ચૈતન્ય–સ્વભાવી છે એવી દૃષ્ટિ કરવી તે ધર્મ છે.

જીવ કર્તા--ભોક્તા છે તે વાત પૂરી થઈ. હવે કર્મસંયુક્ત જીવની મુખ્યતાથી પ્રભુત્વગુણનું વ્યાખ્યાન કરે છે. ગાથા ૨૭માં પૃષ્ઠ ૫૬માં જીવને પ્રભુ કહ્યો છે. તે પ્રભુની વ્યાખ્યા આ ગાથામાં શરૂ કરે છે. ત્રણ પ્રકારના પ્રભુ છે.

(૧) **જડેશ્વર** : જડ પણ પ્રભુ છે, પોતામાં શક્તિવાન છે. આ લાકડાની સડવાની પર્યાય થાય તે વખતે આત્મા પોતાની પ્રભુતા ઘણી ફેરવે તોપણ તે જડની સડવારૂપી પ્રભુતાને ફેરવી શકે નહિ. આ લાકડું આત્માની પ્રભુતાથી ઊંચું થતું હોય તો આત્માના કારણે આકાશ પણ

ઊંચું થવું જોઈએ. પણ તે ઊંચું થતું નથી. ધર્મ, અધર્મ, આકાશ ને કાળ અનાદિથી જ્યાં પડ્યા પાથર્યાં છે ત્યાં પોતાની પ્રભુતાથી છે. પુદ્‌ગલ પણ પ્રભુ છે. આમ જડના દ્રવ્ય–ગુણ–પર્યાય બધા પ્રભુ છે.

(૨) વિભાવેશ્વર : જીવ પોતે રાગ–દ્વેષ કરે તેમાં પ્રભુ છે. સાક્ષાત્ તીર્થંકર પણ બીજાના રાગ–દ્વેષની પ્રભુતા ટાળી શકે નહિ એવી અવળાઈમાં અજ્ઞાની પ્રભુ છે. વિભાવેશ્વર છે.

(૩) **સ્વભાવેશ્વર** : પોતાના શુદ્ધસ્વભાવનું ભાન કરી પરિપૂર્ણ શુદ્ધતા પ્રગટાવે તે સ્વભાવેશ્વર છે. ૬૮.

હવે આ ગાથામાં સંસારીની પ્રભુતાની વાત કરે છે, સિદ્ધની વાત નથી.

---

**एवं कत्ता भोत्ता होज्जं अप्पा सगेहिं कम्मेहिं।**
**हिंडदि पारमपारं संसारं मोहसंछण्णो ।।६९।।**
**एवं कर्ता भोक्ता भवन्नात्मा स्वकैः कर्मभिः।**
**हिंडते पारमपारं संसारं मोहसंछन्नः ।।६९।।**
**કર્તા અને ભોક્તા થતો એ રીતે નિજ કર્મો વડે**
**જીવ મોહથી આચ્છન્ન સાંત અનંત સંસારે ભમે. ૬૯.**

**અન્વયાર્થ :** (एवं) એ રીતે (स्वकैः कर्मभिः) પોતાનાં કર્મોથી (कर्ता भोक्ता भवन्) કર્તા–ભોક્તા થતો (आत्मा) આત્મા (मोहसंछन्नः) મોહાચ્છાદિત વર્તતો થકો (पारम् अपारं संसारं) સાંત અથવા અનંત સંસારમાં (हिंडते) પરિભ્રમણ કરે છે.

---

**तात्पर्यवृत्ति :** एवं पूर्वगाथा कर्मभोक्तृत्वमुख्यत्वेन, इयं तु गाथा कर्मकर्तृत्व-भोक्तृत्वयोरूपसंहारमुख्यत्वेनेति गाथाद्वयं गतं। अथ पूर्वं भणितमपि प्रभुत्वं पुनरपि कर्मसंयुक्तत्वत्वेनदर्शयतिः- **एवं कत्ता भोत्ता होज्जं** निश्चयेन कर्मकर्तृत्वभोक्तृत्वरहितोपि व्यवहारेणैवं पूर्वोक्तनयविभागेन कर्ता भोक्ता च भूत्वा. स कः ? **अप्पा** आत्मा। कैः कारणभूतेः ? **सगेहि कम्मेहिं** स्वकीयशुभाशुभद्रव्यभावकर्मभिः। एवंभूतः सन् किं करोति ? **हिंडदि** हिंडते भ्रमति। कं ? **संसार** निश्चयनयेनानंतसंसारव्याप्तिरहितत्वेनानंतज्ञानादिगुणाधारात्परमात्मनो विपरीतं चतुर्गतिसंसारं। पुनरपि कि विशिष्टं। **पारमपारं** भव्यापेक्षया सपारं अभव्यापेक्षया त्वपारं। पुनरपि कथंभूतः स आत्मा ? विपरीताभिनिवेशोत्पादकमोहरहितत्वेन निश्चयनयेना-नंतसद्दर्शनादिशुद्धगुणोपि व्यवहारेण दर्शनचारित्रमोहसंछन्नः प्रच्छादित इत्यभिप्रायः ।।६९।।

---

**समयव्याख्याः कर्मसंयुक्तत्वमुखेन प्रभुत्वगुणव्याख्यानमेतत्। एवमयमात्मा प्रकटितप्रभुत्वशक्तिः स्वकैः कर्मभिर्गृहीतकर्तृत्वभोक्तृत्वाधिकारोऽनादिमोहावच्छन्नत्वादुपजातविपरीताभिनिवेशः**

**प्रत्यस्तमितसम्यग्ज्ञानज्योतिः सांतमनंतं वा संसारं परिभ्रमतीति ।।६९।।**

**અનુવાદ : આ, કર્મસંયુક્તપણાની મુખ્યતાથી પ્રભુત્વગુણનું વ્યાખ્યાન છે.**

**એ રીતે પ્રગટ પ્રભુત્વશક્તિને લીધે જેણે પોતના કર્મો વડે (નિશ્ચયથી ભાવકર્મો અને વ્યવહારથી દ્રવ્યકર્મો વડે) કર્તૃત્વ અને ભોક્તૃત્વનો અધિકાર ગ્રહણ કર્યો છે એવા આ આત્માને, અનાદિ મોહાચ્છાદિતપણાને લીધે વિપરીત અભિનિવેશ ઊપજ્યો હોવાથી સમ્યગ્જ્ઞાનજ્યોતિ અસ્ત થઈ ગઈ છે, તેથી તે સાંત અથવા અનંત સંસારમાં પરિભ્રમણ કરે છે.**

**(આ પ્રમાણે જીવના કર્મસહિતપણાની મુખ્યાતાપૂર્વક પ્રભુત્વગુણનું વ્યાખ્યાન કરવામાં આવ્યું.)** ૬૯.

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ–૪, શનિવાર)

જીવ અનાદિથી અવિદ્યારૂપી પરિણમે છે, જ્ઞાનાવરણાદિ જડકર્મનો ઉદય જડમાં છે. કર્મ વિકાર કરાવતું નથી. પોતે પોતાના સ્વભાવની પ્રભુતા ચૂકે છે ને અજ્ઞાન કરે છે તો કર્મનો ઉદય નિમિત્ત કહેવાય છે. આ પ્રમાણે જીવદ્રવ્ય નિશ્ચિયથી રાગ–દ્વેષનો ને નિમિત્તરૂપે કર્મનો કર્તા–ભોક્તા થાય છે. ભવ્યની અપેક્ષાએ સંસાર સાંત કહેવાય છે. ભવી જીવ પોતાના આત્માનું ભાન કરીને રાગ–દ્વેષ ટાળશે તેથી ભવીને સંસારના કર્તા–ભોક્તાપણાનો અંત છે ને અભવી કદી સંસાર ટાળશે નહિ માટે તેનો સંસાર અનંત છે. અહીં ભવી ને અભવી બન્નેની પ્રભુતા બતાવે છે. ભવી સંસારને ટાળે તોપણ પોતાની પ્રભુતાથી ટાળે છે ને અભવી ન ટાળે ને રખડે તોપણ તે પોતાથી પ્રભુતાથી છે. આ પ્રમાણે પાંચ પરાવર્તનરૂપ સંસાર ધારણ કરીને અજ્ઞાની ચાર ગતિમાં રખડે છે. પાંચ પરાવર્તન (૧) દ્રવ્ય=દ્રવ્યના સંયોગોમાં, (૨) ક્ષેત્ર=જુદાં જુદાં ક્ષેત્રમાં, (૩) કાળ=ઉત્સર્પિણી–અવસર્પિણી કાળમાં, (૪) ભાવ=જુદા જુદા શુભાશુભ ભાવોમાં, (૫) ભવ=ચાર ગતિરૂપ ભવમાં – આમ પાંચ પ્રકારના પરાવર્તનમાં જીવ રખડી રહ્યો છે.

અહીં સ્પષ્ટ કહ્યું છે કે જીવ શુભાશુભભાવોના કારણે રખડે છે. પોતાની પ્રભુતાથી રખડે છે, કોઈ રખડાવતું નથી. પોતે મિથ્યાદર્શન, જ્ઞાન ને ચારિત્રરૂપી અશુદ્ધપરિણતિથી આચ્છાદિત છે. કર્મને લીધે આચ્છાદિત કહ્યો નથી. શુભાશુભભાવની રુચિ અને સ્વભાવની અરુચિ તે મિથ્યાભાવ છે. પોતાના સ્વરૂપથી વિપરીત જ્ઞાન તે મિથ્યાજ્ઞાન છે ને શુભાશુભભાવ તે મિથ્યાઆચરણ છે.

**ભાવાર્થ** : અજ્ઞાની જીવો કહે છે કે જેમ જાદુગર દોરી ખેંચે ને પૂતળીને નચાવે છે તેમ કર્મરૂપી દોરી જાદુગરની જેમ સંસારી જીવોને નચાવે છે પણ તે માન્યતા ભૂલવાળી છે. અહીં કહે છે કે પોતાની ભૂલથી જ જીવ અનેક વિભાવપર્યાય ધારણ કરી સંસારમાં નાચે છે. 'अपनेको आप भूलके हेरान हो गया।' કોઈએ હેરાન કર્યા નથી, કર્મ જડ છે, તે હેરાન કરતું નથી. માટે કર્મને લીધે હું હેરાન થતો નથી, મારા અજ્ઞાનના કારણે વિભાવરૂપ સ્વતંત્રપણે થાઉં છું એમ જ્ઞાન કરે તો સ્વભાવરૂપ થવાની લાયકાત મારી છે એમ સમજે તો મુક્તિનો માર્ગ હાથા આવે.

(વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ–૪, શનિવાર)

કર્મ જડ છે, કર્મ આત્માને રખડાવતા નથી, પણ આત્મા પોતાની ભૂલથી રખડે છે. આત્મા ભૂલ કરવામાં પ્રભુ છે ને ધર્મ કરવામાં પણ પ્રભુ છે, પોતાના જ્ઞાનાનંદસ્વભાવની રુચિ કરી તેમાં રમણતા કરવી તે ધર્મ છે, અનુકૂળ શરીર કે સંહનનથી ધર્મ થતો નથી. જ્ઞાનાવરણીયાદિ કર્મો આતમાની શક્તિને રોકે ? ના. પોતે આત્માનો સ્વભાવ ચૂકીને પોતાના અપરાધથી ભૂલ કરે છે તો કર્મ નિમિત્ત કહેવાય છે. પુણ્ય–પાપ બન્ને દોષ છે, તે આત્માનો ગુણ નથી. પુણ્યથી ને શરીરથી ધર્મ માની જીવ ચાર ગતિમાં રખડે છે.

**પ્રશ્ન** : ભૂલ કેમ થાય છે ?

**સમાધાન** : આત્માની વર્તમાનપર્યાયની યોગ્યતાથી ભૂલ થાય છે. પરપદાર્થની ભૂલ થતી નથી, પરપદાર્થનો આત્મામાં અભાવ છે, કર્મ જડ છે. વિકારમાં કર્મનો અત્યંત અભાવ છે.

ગાથા ૬૯માં કહ્યું છે કે 'मोहसंछण्णो' એનો અર્થ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્રરૂપ અશુદ્ધપરિણતિથી આત્મા ઢંકાયેલો છે. મોહકર્મથી ઢંકાણો નથી તેમ જ મોહકર્મને લીધે ઢંકાણો નથી, મોહકર્મથી ઢંકાયો છે એમ કહેવું તે નિમિત્તનું કથન છે. હું ચિદાનંદ છું, તેવી રુચિ છોડીને અનુકૂળ નિમિત્તથી લાભ થશે, પુણ્યથી ધર્મ થશે એવી માન્યતાને મિથ્યાદર્શન કહે છે, કર્મ મોહ કરાવાતું નથી, 'તત્ત્વાર્થસૂત્ર'માં મિથ્યાદર્શન વગેરેના ઔદયિકભાવને જીવનું સ્વતત્ત્વ કહેલ છે. કર્મનો ઉદય પરતત્ત્વ છે, પરતત્ત્વથી મારામાં કાંઈ થતું નથી. જડની ક્રિયા હું કરી શકતો નથી. પુણ્ય–પાપ મારું સ્વરૂપ નથી, હું તો જ્ઞાતા છું એવી સાચી રુચિ નહિ કરતાં વિકારથી ધર્મ થાય તે માન્યતા મિથ્યાદર્શન છે ને તે જીવના સ્વતત્ત્વમાં થાય છે. આત્મા ત્રિકાળી શુદ્ધદ્રવ્ય છે. તેના ગુણો ત્રિકાળ છે ને વર્તમાન પર્યાય અશુદ્ધ છે. દયા, દાન કે કામ–ક્રોધની પર્યાય એક સમયની છે, મોક્ષમાર્ગ પણ પર્યાય છે ને કેવળજ્ઞાન પણ પર્યાય છે. આત્માનો ત્રિકાળ સ્વભાવ શુદ્ધ છે, તેની રુચિ છોડીને નિમિત્તથી લાભ માનવો, એક સમયના વિકાર જેટલો આત્માને માનવો અથવા એક સમયના જ્ઞાનના ઉઘાડ જેટલો માનવો તે મિથ્યાદર્શન છે.

ત્રિકાળી સ્વભાવના આશ્રયે ભ્રાંતિનો નાશ થાય છે. નિમિત્તથી, પુણ્યથી કે વર્તમાન પર્યાયના આશ્રયે સમ્યગ્દર્શન થતું નથી, ત્રિકાળી શુદ્ધ સ્વભાવની રુચિ કરે તો સમ્યગ્દર્શન થાય છે.

પણ અનાદિથી અજ્ઞાની જીવ પર્યાયબુદ્ધિમાં સર્વસ્વ માની બેઠો છે. કર્મ, શરીર કે કુટુંબમાં સંસાર નથી, જીવની વર્તમાન ઊંધી માન્યતામાં સંસાર છે. મિથ્યાદર્શનમાં પોતાની અવળી પ્રભુતા છે. આત્મામાં પ્રભુત્વ નામની એક શક્તિ ત્રિકાળ છે, તેની વિપરીત પરિણતિ પોતાની ભૂલથી થાય છે. કોઈ પર કે કર્મ ભૂલ કરાવતું નથી.

પોતાના શુદ્ધ ચૈતન્યનું સ્વસંવેદન છોડીને રાગથી ધર્મ માની ઊંધું જ્ઞાન કરવું તે મિથ્યાજ્ઞાન છે ને રાગ–દ્વેષના ભાવ થાય છે તે મિથ્યાચારિત્ર છે, હું જ્ઞાતા–દ્રષ્ટા છું, એવા ભાનથી સમ્યગ્દર્શન થયા પછી આત્માના આશ્રયે અકષાય શાંતિ થવી તે વિશેષ લીનતા થવી તેને સમ્યક્ચારિત્ર કહે છે તેથી વિરુદ્ધભાવનને મિથ્યાચારિત્ર કહે છે.

અત્યારે જીવો ક્રિયાનું સ્વરૂપ સમજતા નથી ને પોતાની માનેલી ક્રિયાથી ધર્મ માને છે.

**'કર્તા પરિણામી દરવ, કર્મરૂપ પરિણામ,**
**ક્રિયા પર્યાયકી ફેરણી, વસ્તુ એક ત્રય નામ.'**

આત્મા પોતે પદાર્થ છે, પોતે પોતાના પરિણામનો કર્તા છે, પરમાણુનો કર્તા નથી. જડ પરમાણુ પોતાનો કર્તા છે, ચેતનનો કર્તા નથી, ને જે પરિણામ થાય તે તેનું કર્મ છે – કાર્ય છે, ને પૂર્વ અવસ્થા પલટી નવી અવસ્થા થવી તે તેની ક્રિયા છે. ભગવાને ક્રિયા ત્રણ પ્રકારની કહી છે.

(૧) **જડની ક્રિયા** : જડની અવસ્થી જડથી થાય તે જડની ક્રિયા છે, શરીરના પરમાણુની પ્રથમ અવસ્થાનો વ્યય થઈ બીજી અવસ્થા થવી તે શરીરની અથવા જડની પર્યાય છે. જડની ક્રિયાથી પુણ્ય નથી, પાપ નથી તેમ જ ધર્મ નથી.

(૨) **વિકારી ક્રિયા** : આત્મા પોતના શુદ્ધ ચૈતન્ય સ્વભાવને ચૂકીને નિમિત્તથી લાભ થાય, પુણ્યથી ધર્મ થાય એમ માને છે તે મિથ્યાદર્શનની વિકારી ક્રિયા પોતાની પર્યાયમાં થાય છે.

(૩) **નિર્વિકારી ધાર્મિક ક્રિયા** : હું શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું, જડની પર્યાયનો તેમ જ રાગનો જ્ઞાતા છું એવું ભાન કરી શુદ્ધ ચૈતન્યના અવલંબને જે મોક્ષમાર્ગ પ્રગટી મોક્ષ થાય તેને નિર્વિકારી ધાર્મિક ક્રિયા કહે છે. જડની ક્રિયાથી ધર્મ કે મોક્ષ થતો નથી.

અજ્ઞાની જીવને ક્રિયાના સાચા સ્વરૂપની ખબર નથી. હિંસા, જૂઠ, ચોરી વગેરે અશુભભાવ પાપની ક્રિયા છે. દયા–દાનાદિ ભાવ પુણ્યની ક્રિયા છે ને તે બન્નેથી રહિત તે ધર્મની ક્રિયા છે. અજ્ઞાની જીવ અશુદ્ધ પરિણતિ દ્વારા આચ્છાદિત છે, પરથી અશુદ્ધતા માની છે અથવા અશુદ્ધતા જેટલો હું છું એમ માની પોતે રોકાઈ ગયો છે. પોતાનો સામાન્ય શુદ્ધ સ્વભાવ વિકારથી ઢંકાઈ ગયો છે. આમ જીવ પોતાના ભાવબંધથી રઝળે છે. ભાવબંધ કરે તો દ્રવ્યબંધને નિમિત્ત કહેવામાં આવે છે. ભાવબંધ ન કરે તો દ્રવ્યબંધ નિમિત્ત કહેવાય નહિ. અજ્ઞાની જીવ અનંતવાર સમવસરણમાં ગયો પણ પોતાના અજ્ઞાનના કારણે સમજ્યો નહિ. અત્યારે મહાવિદેહ ક્ષેત્રમાં ભગવાન બિરાજે છે ત્યાં મિથ્યાદૃષ્ટિ જીવો પણ છે, તેને ભગવાન સમજાવી શકે એમ નથી, પોતે સમજે તો ભગવાનને નિમિત્ત કહેવાય છે. છ ઢાળામાં પંડિત દૌલતરામજી કહે છે કે –

**'મુનિવ્રત ધાર અનંતવાર ગ્રૈવેક ઉપજાયૌ**
**પૈ નિજ આતમજ્ઞાન બિના સુખ લેશ ન પાયૌ.'**

સમ્યગ્દર્શન વિના વ્રત, તપાદિ સાચાં નથી. મુનિપણું ધારણ કરી અનંતવાર નવમી ગ્રૈવેયકે ગયો પણ આત્માના જ્ઞાન વિના જરા પણ સુખને પામ્યો નહિ. જાત્રા આદિના શુભભાવથી પુણ્ય થાય છે પણ પુણ્યથી ધર્મ માને તો મિથ્યાત્વનું મોટું પાપ બાંધે છે.

વળી અજ્ઞાની જીવો કર્મનું જોર માની ભ્રાંતિ સેવી રહ્યા છે. બળદેવ છ માસ સુધી વાસુદેવનું મડદું ઉપાડે છે, ત્યાં ચારિત્રમોહનીયકર્મના જોરને લીધે આવો રાગ થાય છે એમ અજ્ઞાની માને છે. જ્ઞાની કે અજ્ઞાની કોઈને પણ કર્મથી રાગ થતો નથી, પોતાની નબળાઈને લીધે રાગ થાય છે.

**પ્રશ્ન** : કષાયની મંદતાથી ગુણસ્થાન ચડે છે ?

**સમાધાન** : ના, કષાયની મંદતા તે વિકાર છે, તે પુણ્ય–આસ્રવ છે, જે કારણથી આસ્રવ

થાય તે કારણથી સંવર ન થાય, બન્નેનાં કારણ એક હોય તો આસ્રવ ને સંવર બન્ને એક થતાં નવ તત્ત્વ રહેતાંનથી. નિમિત્તથી તો ધર્મ નથી, પુણ્યથી તો ધર્મ નથી પણ સમ્યગ્દર્શનની નિર્મળ પર્યાયથી પણ ચારિત્ર થતું નથી. ચારિત્ર અથવા ગુણસ્થાની શુદ્ધાતાની વૃદ્ધિ ત્રિકાળી શુદ્ધ ચૈતન્ય–સ્વભાવના અવલંબને થાય છે. જીવે નિમિત્તની, પુણ્યની તેમ જ પર્યાયની રુચિ છોડી શુદ્ધ સ્વભાવની પ્રથમ રુચિ કરવી જોઈએ, તેના આધારે સમ્યગ્દર્શન થાય છે ને સમ્યગ્દર્શન થયા પછી સ્વભાવમાં લીનતા કરતાં આસક્તિ ઘટતી જાય છે ને અપ્રત્યાખાનાવરણીય તથા પ્રત્યાખ્યાનાવરણીય કષાય ટળે છે. આમ છઠ્ઠું ગુણસ્થાન શુદ્ધસ્વભાવના અવલંબને પ્રગટે છે. છઠ્ઠે ગુણસ્થાને પાંચ મહાવ્રતાદિના પરિણામ થાય છે તે પણ પુણ્યાસ્રવ છે. તેનાથી ગુણસ્થાન ટકતું નથી છતાં તે ભૂમિકામાં તે પ્રકારની રાગની મંદતા હોય છે ને નિમિત્તરૂપે વસ્ર, પાત્ર હોતાં નથી, કોઈ કહે કે વસ્ર, પાત્ર હોય ને મુનિપણું પ્રગટે તો તે વાત ખોટી છે. ને વસ્ર, પાત્ર છૂટ્યાં માટે મુનિપણું પ્રગટ થયું એમ માને તોપણ મિથ્યાદૃષ્ટિ છે. ગુણસ્થાનનું પ્રગટવું, ટકવું ને આગળ વધવું પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવના આશ્રયે છે. કષાયની મંદતાથી ગુણસ્થાન વધતું નથી. વર્તમાનમાં અજ્ઞાની જીવો કષાયની મંદતાથી ધર્મ માનવી રહ્યા છે, એવી કષાયની મંદતાના પરિણામ જીવે ઘણી વાર કર્યા છે, શરીરના ટુકડા કરે તોપણ ગુસ્સો ન કરે એવા શુભપરિણામ હોવા છતાં અંતરનું ભાન નહીં હોવાથી અજ્ઞાની અનંત સંસારમાં રખડે છે, કષાયની મંદતાથી ધર્મ થતો નથી, પણ હું ત્રિકાળ જ્ઞાનસ્વરૂપ છું એવી શ્રદ્ધા ને સ્થિરતાથી ધર્મ થાય છે. ઉપશમ તથા ક્ષયોપશમભાવથી ક્ષાયિકભાવ થતો નથી, ને ઉપશમભાવ ને ક્ષયોપશમભાવ પણ શુદ્ધ ચૈતન્યસ્વભાવના અવલંબને પ્રગટે છે, રાગની મંદતાથી તે ભાવ પ્રગટતો નથી, દ્રવ્યના અવલંબને શુદ્ધતા પ્રગટે છે ને વધે છે.

વળી જે કષાય ઉત્પન્ન થયો તેનો કેવી રીતે નાશ કરવો ?

આત્માની પર્યાયમાં જે રાગ થાય છે તે બે સમય તો રહેતો નથી. એક સમય માત્ર જ રહે છે. જે સમયે રાગ ઉત્પન્ન થયો તેનો તે સમયે કેવી રીતે નાશ થાય ? તે સમયે તો નાશ કરી શકાતો નથી પણ બીજે સમયે ઉત્પન્ન ન થાય એમ કરે તો નાશ કર્યો કહેવાય. તેનો ઉપાય માત્ર દ્રવ્યદૃષ્ટિ છે. એક સમયની પર્યાય જેટલો હું નથી, હું તો શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છું એવું ભાન કરી સ્વભાવમાં સ્થિરતા કરે તો રાગ ઉત્પન્ન થતો નથી. તેણે રાગનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. સર્વજ્ઞે કહેલો વસ્તુસ્વભાવ જાણવો જોઈએ. આ જગતમાં છ દ્રવ્યો સ્વતંત્ર છે. કોઈ કોઈની સ્વતંત્રતા લૂંટી લેતું નથી. છ દ્રવ્યોને સ્વતંત્ર જાણવા, પોતાની ભૂલથી થતા વિકારને ક્ષણિક જાણવો, ને પોતાનો ત્રિકાળી સ્વભાવ શુદ્ધ છે એવી રુચિ કરવી તે ધર્મ છે.

**ભાવાર્થ** : જીવ પોતાની ભૂલના કારણે રખડે છે. ખોટા ઉપદેશક અથવા કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને લીધે રખડતો નથી તેમ જ સાચા દેવ–ગુરુ–શાસ્ત્રથી તરી જતાં નથી, ઊલટી દશા કરવામાં પણ પોતે પ્રભુ છે ને સવળી દશા કરવામાં પણ પોતે પ્રભુ છે.

**પ્રશ્ન** : સિદ્ધના ગુણોનું સ્મરણ કરવાથી ધર્મ થાય ?

**સમાધાન** : ના. સ્મરણ કરવાનો ભાવ તે શુભરાગ છે. નિમિત્તથી ધર્મ નથી. શુભરાગથી ધર્મ નથી તેમ જ પર્યાયમાંથી પણ ધર્મની પર્યાય પ્રગટ થતી નથી. શુદ્ધ ચૈતન્યસ્વભાવના અવલંબને

ધર્મ થાય છે. સિદ્ધનું સ્મરણ અનંતવાર કર્યું ને વૈરાગ્યપૂર્વક મુનિપણું પાળ્યું પણ આત્માના ભાન વિના ધર્મ થયો નહિ. સિદ્ધના સ્મરણથી તો કલ્યાણ નથી પણ પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદથી પણ કલ્યાણ નથી. ભેદબુદ્ધિ ધર્મનું કારણ નથી, હું અભેદસ્વભાવી શુદ્ધ છું એવી રુચિ કરવી તે ધર્મનું કારણ છે.

જીવ પોતાની ભૂલથી સંસારમાં અનેક પ્રકારના ઉદયભાવરૂપ પરિણમીને રખડે છે તથા અસત્ વસ્તુમાં સત્‌રૂપ માને છે. શરીર, મન, વાણી આત્મા નથી, તે પર છે છતાં તેને પોતાના માનવા તે અસત્ છે. વળી વિકાર એક સમય પૂરતો સત્ છે પણ ત્રિકાળી સ્વભાવમાં નથી માટે તે પણ અસત્ છે. વિકારથી સમ્યગ્દર્શન થશે એમ માનવું તે અસત્‌ને સત્ માનવા બરાબર છે. વળી જેવી રીતે દારૂ પીધેલા માણસને સ્વસ્ત્રી ને પરસ્ત્રી વચ્ચે વિવેક નથી, તે જેમતેમ વર્તે છે, તેવી રીતે મિથ્યાદૃષ્ટિ જીવ અસત્‌ને સત્ માની ભ્રમરૂપ પ્રવર્તે છે, ને પોતાના શુદ્ધ સ્વભાવને ચૂકી જાય છે. આ પ્રમાણે મિથ્યાદૃષ્ટિ જીવ પોતાના અજ્ઞાનના કારણે કેવી રીતે પ્રવર્તે છે તે બતાવ્યું. ૬૯.

---

**उवसंतखीणमोहो मग्गं जिणभासिदेण समुवगदो।**
**णाणाणुमग्गचारी णिव्वाणपुरं वजदि धीरो ।।७०।।**

**उपशांतक्षीणमोहो मार्गं जिनभाषितेन समुपगतः।**
**ज्ञानानुमार्गचारी निर्वाणपुरं व्रजति धीरः ।।७०।।**

**જિનવચનથી લહી માર્ગ જે, ઉપશાંતક્ષીણમોહી બને,**
**જ્ઞાનાનુમાર્ગ વિષે ચરે, તે ધીર શિવપુરને વરે. ૭૦.**

**અન્વયાર્થ** : (जिनभाषितेन मार्गं समुपगतः) જે (પુરુષ) જિનવચનથી માર્ગને પામીને (उपशांतक्षीणमोहः) ઉપશાંતક્ષીણમોહ થયો થકો (અર્થાત્ દર્શનમોહનો જેને ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમ થયો છે એવો થયો થકો) (ज्ञानानुमार्गचारी) જ્ઞાનાનુમાર્ગે ચરે છે (જ્ઞાનને અનુસરનારા માર્ગે પ્રવર્તે છે), (धीरः) તે ધીર પુરુષ (निर्वाणपुर व्रजति) નિર્વાણપુરને પામે છે.

---

**तात्पर्यवृत्ति :** एवं कर्मसंयुक्तत्वमुख्यत्वेन गाथा गता। अथात्रापि पूर्वोक्तमपि प्रभुत्वं पुनरपि कर्मरहितत्वं मुख्यत्वेन प्रतिपादयति, - **उवसंतखीणमोहो** उपशांतक्षीणमोहः अत्रोपशम-शब्देनौपशमिकसम्यक्त्वं क्षीणशब्देन क्षायिकसम्यक्त्वं द्वाभ्यां तु क्षायोपशमिकसम्यक्त्वमिति ग्राह्यं। **मग्गं** भेदाभेदरत्नत्रयात्मकं निश्चयव्यवहारमोक्षमार्गं **समुवगदो** समुपगतः प्राप्तः। केन ? **जिणभासिदेण** वीतरागसर्वज्ञभाषितेन **णाणं** निर्विकारस्वसंवेदनज्ञानं अभेदेन तदाधारं शुद्धात्मानं वा **अणु** अनुलक्षणीकृत्व समाश्रित्य तं ज्ञानगुणमात्मानं वा **मग्गचारी** पूर्वोक्तनिश्चयव्यवहारमोक्षमार्गचारी। एवंगुणविशिष्टो भव्यवरपुण्डरीकः **वजदि** व्रजति गच्छति। किं ? **णिव्वाणपुरं** अव्या-

बाधसुखाद्यनंतगुणास्पदं शुद्धात्मोपलंभलक्षणं निर्वाणनगरं। पुनरपि किंविशिष्टः स भव्यः ? **धीरो** धीरः घोरोपसर्गपरीषहकालेपि निश्चयरत्नत्रयलक्षणसमाधेरच्युतः पाण्डवादिवदिति भावार्थः ।।७०।।

---

**समयव्याख्या : कर्मवियुक्तत्वमुखेन प्रभुत्वगुणव्याख्यानमेतत्। अयमेवात्मा यदि जिनाज्ञया मार्गमुपगम्योपशांतक्षीणमोहत्वात्प्रहीणविपरीताभिनिवेशः समुद्भिन्नसम्यग्ज्ञानज्योतिः कर्तृत्वभोक्तृत्वाधिकारं परिसमाप्य सम्यक्प्रकटितप्रभुत्वशक्तिर्ज्ञानस्यैवानुमार्गेण चरति, तदा विशुद्धात्मतत्त्वोपलंभरूपमपवर्गनगरं विगाहत इति ।।७०।।**

**અનુવાદ : આ, કર્મવિયુક્તપણાની મુખ્યતાથી પ્રભુત્વગુણનું વ્યાખ્યાન છે.**

**જ્યારે આ જ આત્મા જિનાજ્ઞા વડે માર્ગને પામીને, ઉપશાંતક્ષીણમોહપણાને લીધે (દર્શનમોહના ઉપશમ, ક્ષય અથવા ક્ષયોપશમને લીધે) જેને વિપરીત અભિનિવેશ નષ્ટ થયો હોવાથી સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટી છે એવો થયો થકો, કર્તૃત્વ અને ભોક્તૃત્વના અધિકારને સમાપ્ત કરીને સમ્યક્પણે પ્રગટ પ્રભુત્વશક્તિવાળો થયો થકો જ્ઞાનને જ અનુસરનારા માર્ગે ચરે છે (પ્રવર્તે છે, પરિણમે છે, આચરણ કરે છે), ત્યારે તે વિશુદ્ધ આત્મતત્ત્વની ઉપલબ્ધિરૂપ અપવર્ગનગરને (મોક્ષપુરને) પામે છે.**

**(આ પ્રમાણે જીવના કર્મરહિતપણાની મુખ્યતાપૂર્વક પ્રભુત્વગુણનું વ્યાખ્યાન કરવામાં આવ્યું.) ૭૦.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ–૫, રવિવાર)

ગાથા ૬૯માં કહ્યું કે અનાદિથી અજ્ઞાની જીવ સત્‌ને અસત્ માને છે અને અસત્‌ને સત્ માને છે, તે પોતાના અજ્ઞાનના કારણે છે. હું ચૈતન્ય શુદ્ધ છું તેને વીસરી જવાની પ્રભુતા પણ તેની પોતાની છે. કર્મની મોટપ છે માટે સ્વભાવને વીસરી જાય છે એમ નથી. પોતાની ત્રિકાળ સાચી પ્રભુતાને ભૂલે છે ને દયા–દાનમાં અટકી જાય છે તેમાં કર્મ નિમિત્તરૂપે હોય છે. આમ કર્મસંયુક્ત જીવની વિકારમાં પ્રભુતા બતાવી. હવે ૭૦મી ગાથામાં બતાવે છે કે જીવ ધર્મ કરે છે તો પોતાના પુરુષાર્થથી કરે છે, કર્મનો વિયોગ છે માટે ધર્મ થાય છે એમ નથી. રાગ–દ્વેષ કરે છે તે પોતાની પ્રભુતાથી કરે છે ને સાધકદશામાં ધર્મ કરે છે તે પણ પોતાની પ્રભુતાથી કરે છે.

'अपनी फलविपाक दशारहित उपशम भावको अथवा मूलसत्तासे विनाशभावको प्राप्त हुवा है। असत् वस्तुमें प्रतीतिरूप मोहकर्म जिसका ऐसा अपने स्वरूपमें निश्चल सम्यग्दृष्टि जीव है सो मोक्षनगरमें गमन करता है।'

જીવને ઉપશમસમકિત થાય છે તે પોતાની પ્રભુતાથી થાય છે. કર્મ ઉપશમ પામ્યાં માટે

ઉપશમસમકિત થાય એમ નથી. કર્મના ઉપશમનો સમય અને આત્મામાં ઉપશમસમકિતનો સમય એક છે છતાં કર્મના ઉપશમના કારણે સમકિત થતું નથી. જીવ પોતાના શુદ્ધ ચિદાનંદ સ્વભાવના આશ્રયે શ્રદ્ધા કરે છે, તો કર્મનો ઉપશમ કર્મના કારણે થાય છે. કર્મ આત્મામાં કાંઈ કરતું નથી, તેમ જ આત્મા કર્મમાં કાંઈ કરતો નથી. બન્નેમાં સ્વતંત્ર ક્રિયા થાય છે.

વળી અજ્ઞાનદશામાં શરીર હું છું ને વિકલ્પ હું છું એવી જે વિપરીત પ્રતીતિ હતી તેનો પોતાના જ્ઞાનસ્વભાવના અવલંબનથી પુરુષાર્થ વડે મૂળમાંથી નાશ કર્યો તેથી નિમિત્તરૂપે કર્મનો નાશ થયો તેને ક્ષાયિકસમકિત કહે છે. ગોમ્મટસારમાં કથન આવે છે કે દર્શનમોહકર્મનો ક્ષય થાય તો ક્ષાયિકસમકિત થાય – તે કથન નિમિત્તથી છે. ત્યાં અંતરંગ હેતુ કર્મના ક્ષયને કહ્યો છે ને બાહ્ય હેતુ સત્ દેવ–ગુરુ–શાસ્ત્ર કહ્યા છે ને ઉપાદાન પોતાથી છે. આમ જે ધર્મી જીવ ઉપશમ અથવા ક્ષાયિકસમકિત પ્રગટ કરે છે તે પોતાના સ્વરૂપ વિષે નિશ્ચળ છે – અડગ છે ને તે મોક્ષનગરમાં જાય છે એટલે કે પોતામાં પરિપૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ કરે છે, પોતાની પરમાનંદ દશામાં એકાકાર થાય છે. કર્મના અભાવના કારણે મોક્ષ પામતા નથી પણ પોતાની પ્રભુતાથી મોક્ષ પામે છે.

**ભાવાર્થ :** ધર્મી જીવને ચોથે ગુણસ્થાને શુદ્ધ ચૈતન્યસ્વભાવની શ્રદ્ધા છે. પાંચમે ગુણસ્થાને શ્રદ્ધા સહિત વિશેષ સ્થિરતા છે, છઠ્ઠે એથી વિશેષ સ્થિરતાપૂર્વક મુનિપણું છે. સાધક જીવ પોતાની પ્રભુતાથી આગળ વધે છે. જડની પ્રભુતા જડમાં છે. વિકારમાં પણ પોતાની પ્રભુતા છે ને ધર્મદશામાં પણ પોતાની પ્રભુતા છે. શરીર નહિ, મન–વાણી નહિ, પુણ્યવિકાર છે, હું તો શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું એવી શ્રદ્ધા તો છે, તે ઉપરાંત વિશેષ અંતર પુરુષાર્થ કરી સમ્યગ્દષ્ટિ જીવ પોતાની પ્રભુતાથી મુક્ત દશાને પ્રાપ્ત કરે છે.

વળી કેવો છે તે સમ્યગ્દષ્ટિ જીવ ?

'सर्वज्ञप्रणीत आगमके द्वारा सम्यग्दर्शन ज्ञान चारित्ररूप मोक्षमार्गको प्राप्त हुवा है। फिर कैसा है ? स्वसंवेदनप्रत्यक्ष ज्ञानमार्गमें प्रवर्तता है।'

સમ્યગ્દષ્ટિ જીવ મોક્ષમાર્ગને પામે છે તેમાં નિમિત્ત કેવું હોય ? એક સમયમાં ત્રણ કાળ ને ત્રણ લોકનું જ્ઞાન પ્રગટ વર્તી રહ્યું છે, તેવા ભગવાન સર્વજ્ઞનાં કહેલાં શાસ્ત્રો નિમિત્ત હોય છે. કુશાસ્ત્ર તેમાં નિમિત્ત નથી. જે શાસ્ત્ર પંદર ભેદે સિદ્ધ થાય એમ કહે તે શાસ્ત્ર સાચાં નથી. સ્વરૂપના આશ્રયે સિદ્ધદશા થાય છે એવો એક જ ભેદ છે. આત્માના ભાનસહિત અંતરદશા આગળ વધતાં મુનિપણું પ્રગટે છે, ત્યારે બાહ્ય નગ્ન દિગંબરદશા હોય છે. તે મુનિ પોતાના સ્વભાવના આશ્રયે જ મોક્ષ પ્રગટ કરે છે. આ એક જ પ્રકારે મુક્તિ છે. જે શાસ્ત્ર વસ્ત્રસહિત મુનિપણું કહે ને સ્ત્રીને મોક્ષ કહે, ગૃહસ્થલિંગે મોક્ષ કહે, અન્યલિંગે મોક્ષ કહે તે શાસ્ત્ર સાચાં નથી. 'એક હોય ત્રણ કાળમાં પરમાર્થનો પંથ.' આવી રીતે સાચાં શાસ્ત્રોના નિમિત્તે ધર્મી જીવ આત્માની સાચી દૃષ્ટિ, સ્વસંવેદન જ્ઞાન ને અંતરરમણતારૂપ મોક્ષમાર્ગ પામે છે.

**પ્રશ્ન** : ભગવાનની વાણી નિમિત્ત થાય છે તેથી શું આત્માની પ્રભુતા ખંડિત થાય છે ?

**ઉત્તર** : ના, વાણીથી ધર્મી જીવ મોક્ષમાર્ગ પામતો નથી. પણ કુદેવાદિની વાણી નિમિત્તરૂપે

ન હોય પણ સાચા દેવની વાણી નિમિત્ત હોય એટલું બતાવવું છે. જીવ પોતાના પુરુષાર્થથી ક્ષાયિક સમકિત પામે ત્યારે તીર્થંકર આદિની સમીપતા હોય છે, પણ તીર્થંકરને લીધે ક્ષાયિકસમકિત પામતો નથી. જો તેનાથી પામતો હોય તો સભામાં બધાને ક્ષાયિકસમકિત થવું જોઈએ. ત્યાં મિથ્યાદૃષ્ટિ જીવ ધર્મ પામતો નથી. ઉપાદાન પોતાની પ્રભુતાથી કાર્ય કરે છે તો પ્રભુનું નિમિત્ત કહેવાય છે. તેમાં પોતાની પ્રભુતા ખંડિત થતી નથી.

વળી કેવા છે સમ્યગ્દૃષ્ટિ જીવ ? '**ज्ञानानुमार्गचारी**' કહ્યો છે. હું શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું એવા જ્ઞાનને અનુસરીને પ્રત્યક્ષ જ્ઞાનમાર્ગમાં પ્રવર્તે છે. કોઈ નિમિત્તનો અનુચારી, ભગવાનનો અનુચારી, કે રાગનો અનુચારી કહ્યો નથી. હું જ્ઞાતા–દૃષ્ટા છું એવા જ્ઞાનને અનુસરી અંતરમાર્ગને અનુસરવું તે મોક્ષમાર્ગ છે. સાધક જીવને પોતાની નબળાઈના કારણે દેવ–ગુરુ–શાસ્ત્ર પ્રત્યે શુભરાગ થઈ આવે છે, પણ તે તેને પુણ્ય સમજે છે, બંધમાર્ગ સમજે છે, મોક્ષમાર્ગ સમજતો નથી.

વળી નિમિત્તની, શુભરાગની ને પર્યાયની રુચિ છોડી, હું જ્ઞાનસ્વભાવી છું એવા અંતરના આશ્રયે પ્રગટતું જ્ઞાન પ્રત્યક્ષ સ્વસંવેદન જ્ઞાન છે. આવા પ્રત્યક્ષજ્ઞાનમાં પ્રવર્તવું તે મોક્ષમાર્ગ છે. સમ્યગ્દર્શન વિનાનું જ્ઞાન પરોક્ષજ્ઞાન પણ કહેવાતું નથી. હું શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું એમ શુદ્ધના લક્ષે સાધકને જે જ્ઞાન પ્રગટ થાય છે તે અંશે પ્રત્યક્ષજ્ઞાન છે, તેને બાકીનું જ્ઞાન રાગના લક્ષે થાય તે પરોક્ષ કહેવાય છે. એકલા રાગના લક્ષે થતું જ્ઞાન પરોક્ષ પણ નથી.

આવી રીતે સમ્યગ્દૃષ્ટિ જીવ પોતાની પ્રભુતાથી મોક્ષમાર્ગમાં –જ્ઞાનમાર્ગમાં પ્રવર્તે છે. કર્મનો અભાવ થાય છે માટે મોક્ષમાર્ગમાં પ્રવર્તે છે એમ નથી.

**ભાવાર્થ :** જે જીવ પુરુષાર્થ વડે અનાદિ મિથ્યાદર્શન–જ્ઞાન–ચારિત્રરૂપી અવિદ્યાનો નાશ કરે છે તેને નવ તત્ત્વોની પ્રતીતિ વર્તે છે.

કાળલબ્ધિ એટલે પોતાનો સ્વકાળ અથવા પુરુષાર્થ એવો અર્થ સમજવો. પાંચમો કાળ કે ચોથો કાળ એવા વ્યવહારકાળની વાત નથી. પોતે જે સમયે જ્ઞાનસ્વભાવનો પુરુષાર્થ કરે તે પોતાનો સ્વકાળ છે એટલે તેને પોતાની કાળલબ્ધિ પાકી છે.

ધર્મી જીવ પોતાના પુરુષાર્થ વડે અનાદિ અવિદ્યાનો નાશ કરે છે. શરીર, વિકાર ને પર્યાય જેટલો જ હું છું વગેરે પ્રકારે મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન ને મિથ્યાચારિત્રને અવિદ્યા કહે છે. તેને સાચા ભાન દ્વારા નાશ કર્યો એટલે કે નિમિત્તબુદ્ધિનો ને પર્યાયબુદ્ધિનો નાશ કર્યો ને હું શુદ્ધ છું એવી સાચી પ્રતીતિ કરી. આમ જે જીવ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં પ્રવર્તે છે તેને નવ પદાર્થની યથાર્થ પ્રતીતિ વર્તે છે. હું શુદ્ધ–ચૈતન્યસ્વભાવી છું તેમાં જીવની પ્રતીતિ આવી, હું જીવ છું તો અજીવ પદાર્થો મારામાં નથી એમ નક્કી કરતાં અજીવની પ્રતીતિ થઈ, મારા શુદ્ધ ચૈતન્યસ્વભાવનો આશ્રય ચૂકું છું તેટલી મારામાં અશુદ્ધતા આવે છે તે આસ્રવ છે. તેના પુણ્ય–પાપ બે ભેદ છે. જેટલો અશુદ્ધતામાં અટકું છું તે બંધ છે, પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવના આશ્રયે શુદ્ધતા પ્રગટે છે, તે સંવર છે ને શુદ્ધિની વૃદ્ધિ તે નિર્જરા છે. સંવર–નિર્જરા અધૂરી શુદ્ધતા છે. પૂર્ણ શુદ્ધતા તે મોક્ષ છે એમ મોક્ષની પ્રતીતિ વર્તે છે. વળી પોતે ધર્મદશા પ્રગટ કરે છે, નવ પદાર્થોની પ્રતીતિ કરે છે તેમાં સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર નિમિત્ત છે, છતાં તેનાથી ધર્મ થતો

નથી. આવી રીતે પદાર્થોની યથાર્થ પ્રતીતિ વર્તે છે. અજ્ઞાની જીવોને પુરુષાર્થની વાત બેસતી નથી, તે પણ તેની પ્રભુતા છે.

વળી કેવો છે ધર્મીનો આત્મા ? પ્રગટ ભેદવિજ્ઞાનની જ્યોતિથી રાગ–દ્વેષના કર્તૃત્વ–ભોક્તૃત્વરૂપી અંધકારનો નાશ કર્યો છે. જો નિમિત્તથી ધર્મ થતો હોય તો નિમિત્તથી ભેદજ્ઞાન કરવાનો અવસર રહેતો નથી. પરથી ને રાગથી જુદો હું ચિદાનંદ છું તેવું જ્ઞાન કરવું તે ભેદજ્ઞાન છે. અહીં પ્રભુત્વશક્તિ પર્યાયમાં બતાવવી છે.

'સમયસાર'માં ૪૭ શક્તિમાં એક પ્રભુત્વશક્તિની વાત આવેલ છે. તે ત્રિકાળી ગુણ અથવા ત્રિકાળી શક્તિની વાત છે. જેનો પ્રતાપ અખંડિત છે. અર્થાત્ કોઈથી ખંડિત કરી શકાતો નથી એવા સ્વાતંત્ર્યથી (સ્વાધીનતાથી) શોભાયમાનપણું જેનું લક્ષણ છે તેને પ્રભુત્વશક્તિ કહે છે. તેવી પ્રભુત્વશક્તિ અનાદિ–અનંત છે. એવા શુદ્ધ ચૈતન્યસ્વભાવનું લક્ષ કરે તો પર્યાયમાં પ્રભુતા પ્રગટે. ત્યાં ત્રિકાળી શક્તિની વાત છે. (ત્યાં રાગની પ્રભુતાની વાત ગૌણ છે). વળી દરેક ગુણમાં પણ પ્રભુત્વશક્તિ છે. જ્ઞાનની પ્રભુતા, દર્શનની પ્રભુતા, આનંદની પ્રભુતા, પોતપોતાની પ્રભુતા કરે એવા કર્તાગુણની પ્રભુતા, કાર્યની પ્રભુતા – આમ અનંતા ગુણોની પ્રભુતા છે. એટલે ત્યાં ત્રિકાળી શક્તિની વાત છે. તેવી પ્રભુત્વશક્તિથી ભરેલા આત્માના આશ્રયે ધર્મ થાય છે. ત્યાં દ્રવ્યદૃષ્ટિથી દર્શનપ્રધાન કથન છે.

અહીં 'પંચાસ્તિકાય'માં પ્રભુત્વની વાત પર્યાયમાં લઈ પ્રમાણજ્ઞાન કરાવે છે. પ્રભુત્વશક્તિ તો અનાદિ–અનંત છે. પ્રભુત્વશક્તિ બે નથી, શક્તિ તો એક છે. પણ તેનું જેને ભાન નથી ને રાગ–દ્વેષાદિના પરિણામ કરે છે તો વિકારમાં પોતાની પ્રભુતા છે ને સ્વભાવનું ભાન કરી શુદ્ધતા પ્રગટાવે તો શુદ્ધતા પ્રગટાવવામાં પણ પોતાની પ્રભુતા છે. આમ ૬૯ ને ૭૦ ગાથામાં પર્યાયની પ્રભુતાની વાત કરી છે. ને સ્વતંત્ર પર્યાયનું જ્ઞાન કરાવી પ્રમાણજ્ઞાન કરાવે છે. અહીં જ્ઞાનપ્રધાન કથન છે.

અહીં કહે છે કે ધર્મી જીવે ભેદવિજ્ઞાન પ્રગટ કર્યું. નિમિત્ત તો પર છે તેનાથી હું જુદો છું એમ તો ભેદજ્ઞાન કર્યું, પણ નિમિત્ત તરફનો શુભરાગ એક સમયનો પર્યાય છે, હું તો શુદ્ધ ચૈતન્ય છું એમ ભેદજ્ઞાન કર્યું. પરપદાર્થને રાગથી મેળવી શકું છું ને પરપદાર્થને ભોગવી શકું છું એવી પરપદાર્થના સ્વામીપણાની તથા ભોક્તાપણાની બુદ્ધિ તે અંધકાર છે. તેનો ભેદવિજ્ઞાનની જ્યોતિથી નાશ કર્યો. તે પણ પર્યાયથી કથન છે. શુદ્ધ સ્વભાવનું અવલંબન લેતાં અજ્ઞાન અંધકારનો વિનાશ થઈ જાય છે. નિમિત્તનું કર્તૃત્વ ને ભોક્તૃત્વ મારામાં નથી ને મારું કર્તૃત્વ ને ભોક્તૃત્વ નિમિત્તમાં નથી. હું મન, વાણી કે પરપદાર્થરૂપ નથી. હું શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું એવી માન્યતા દ્વારા અજ્ઞાનઅંધકારનો વિનાશ કરી ધર્મી જીવ પોતાની પ્રભુત્વશક્તિથી સ્વરૂપમાં પ્રવર્તે છે. કોઈ કાળથી કે વજ્રકાયના બળથી આત્મામાં લાભ થતો નથી. વળી વ્યવહારમાં કે રાગમાં પ્રવર્તતો નથી પણ પોતાની પ્રભુતાથી સ્વરૂપમાં પ્રવર્તે છે. આમ જે જીવ પોતાના શુદ્ધ ચૈતન્યસ્વભાવની પ્રભુતા સમજી તેનો આશ્રય કરે છે તે મોક્ષદશાને પ્રાપ્ત કરે છે. ૭૦.

**एक्को चेव महप्पा सो दुवियप्पो तिलक्खणो होदि।**
**चदुचंकमणो भणिदो पंचग्गगुणप्पधाणो य ।।७१।।**
**छक्कापक्कमजुत्तो उववुत्तो सत्तभङ्गसब्भावो।**
**अट्ठासओ णवट्ठो जीवो दसट्ठाणगो भणिदो ।।७२।।**

**एक एव महात्मा स द्विविकल्पस्त्रिलक्षणो भवति।**
**चतुश्चंक्रमणो भणितः पञ्चाग्रगुणप्रधानश्च।।७१।।**
**षट्कापक्रमयुक्तः उपयुक्तः सप्तभङ्गसद्भावः।**
**अष्टाश्रयो नवार्थो जीवो दशस्थानगो भणितः ।।७२।।**

**એક જ મહાત્મા તે દ્વિભેદ અને ત્રિલક્ષણ ઉક્ત છે,**
**ચઉભ્રમણયુત, પંચાગ્રગુણપરધાન જીવ કહેલ છે. ૭૧**
**ઉપયોગી ષટ–અપક્રમસહિત છે, સપ્તભંગીસત્ત્વ છે,**
**જીવ અષ્ટ–આશ્રય, નવ–અરથ, દશસ્થાનગત ભાખેલ છે. ૭૨**

**અન્વયાર્થ :** (**सः महात्मा**) તે મહાત્મા (**एकः एव**) એક જ છે, (**द्विविकल्पः**) બે ભેદવાળો છે અને (**त्रिलक्षणः भवति**) ત્રિલક્ષણ છે; (**चतुश्चंक्रमणः**) વળી તેને ચતુર્વિધ ભ્રમણવાળો (**च**) તથા (**पञ्चाग्रगुणप्रधानः**) પાંચ મુખ્ય ગુણોથી પ્રધાનતાવાળો (**भणितः**) કહ્યો છે. (**उपयुक्तः जीवः**) ઉપયોગી એવો તે જીવ (**षट्कापक्रमयुक्तः**) છ અપક્રમ સહિત, (**सप्तभंगसद्भावः**) સાત ભંગપૂર્વક સદ્ભાવવાળો, (**अष्टाश्रयः**) આઠના આશ્રયરૂપ, (**नवार्थः**) નવ-અર્થરૂપ અને (**दशस्थानगः**) દશસ્થાનગત (**भणितः**) કહેવામાં આવ્યો છે.

---

**तात्पर्यवृत्ति :** इति कर्मरहितत्वव्याख्यानेन द्वितीयगाथा गता। एवं `ओगाढगाढ' इत्यादि पूर्वोक्तपाठक्रमेण परिहारगाथासप्तकं गतं। इति जीवास्तिकायव्याख्यानरूपेषु प्रभुत्वादिनवाधिकारेषु मध्ये पंचभिरंतरस्थलैः समुदायेन `जीवा अणाइणिहणा' इत्याद्यष्टादशगाथाभिः कर्तृत्वभोक्तृत्वकर्मसंयुक्तत्वत्रयस्य यौगपद्यव्याख्यानं समाप्तं। अथ तस्यैव नवाधिकारकथितजीवास्तिकायस्य पुनरपि दशविकल्पैर्विंशतिविकल्पैर्वा विशेषव्याख्यानं करोतिः- **एक्को चेव महप्पा** सर्वसुवर्णसाधारणेन षोडशवर्णिकगुणेन यथा सुवर्णराशिरेकः तथा सर्वजीवसाधारणकेवलज्ञानाद्यनंतगुणसमूहेन शुद्धजीवजातिरूपेण संग्रहनयेनैकश्चैव महात्मा अथवा **उवजुत्तो** सर्वजीवसाधारणलक्षणेन केवलज्ञानदर्शनोपयोगेनोपयुक्तत्वात्परिणतत्वादेकः। कश्चिदाह। यथैकोपि चंद्रमा बहुषु जलघटेषु भिन्नभिन्नरूपो दृश्यते तथैकोपि जीवो बहुशरीरेषु भिन्नभिन्नरूपेण दृश्यत इति। परिहारमाह। बहुषु जलघटेषु चंद्रकिरणोपाधिवशेन जलपुद्गला एव चंद्राकारेण परिणता न चाकाशस्थचंद्रमाः। अत्र दृष्टांतमाह। यथा देवदत्तमुखोपाधिवशेन नानादर्पणानां पुद्गला एव नानामुखाकारेण परिणमन्ति न च देवदत्तमुखं नानारूपेण परिणमति, यदि परिणमति तदा दर्पणस्थं मुखप्रतिबिंब

चैतन्यं प्राप्नोति न च तथा तथैकचंद्रमा अपि नानारूपेण न परिणमतीति। किं च। न चैक्रब्रह्मनामा कोपि दृश्यते प्रत्यक्षेण चश्चंद्रवन्नानारूपेण भविष्यति इत्यभिप्रायः। **सो दुवियप्पो** दर्शनज्ञानभेदद्वयेन संसारिमुक्तद्वयेन भव्याभव्यद्वयेन वा स द्विविकल्पः **तिलक्खणो हवद्रि** ज्ञानकर्मफलचेतनात्रयेणोत्पादव्ययध्रौव्यत्रयेण ज्ञानदर्शनचारित्रत्रयेण द्रव्यगुणपर्यायत्रयेण वा त्रिलक्षणो भवति। **चदुसंकमो य भणिदो** यद्यपि शुद्धनिश्चयनयेन निर्विकारचिदानंदैकलक्षणसिद्धगतिस्वभावस्तथापि व्यवहारेण मिथ्यात्वरागादिपरिणतः सन्नरकादिचतुर्गतिसंक्रमणो भणितः। **पंचग्गगुणप्पहाणो य** यद्यपि निश्चयेन क्षायिकशुद्धपारिणामिकभावद्वयलक्षणस्तथापि सामान्येनौदयिकादिपंचाग्रगुण-प्रधानश्च।। **छक्कावक्कमजुत्तो** षट्केनापक्रमेण युक्तः अस्य वाक्यस्यार्थः कथ्यते - अपगतो विनष्टः विरुद्धक्रमः प्रांजलत्वं यत्र स भवत्यपक्रमो वक्र इति ऊर्ध्वाधोमहादिकचतुष्टयगमनरूपेण षड्विधेनापक्रमेण मरणांते युक्त इत्यर्थः। सा चैवानुश्रेणिगतिरिति। **सत्तभंगसब्भावो** स्यादस्तीत्यादि सप्तभंगीसद्भावः **अट्ठासवो** यद्यपि निश्चयेन वीतरागलक्षणनिश्चयसम्यकत्वाद्यष्टगुणाश्रय-स्तथापि व्यवहारेण ज्ञानावरणाद्यष्टकर्मास्रवः **णवट्ठो** यद्यपि निर्विकल्पसमाधिस्थानां निश्चयेन सर्वजीवसाधारणत्वेनाखण्डैकज्ञानरूपः प्रतिभाति तथापि व्यवहारेण नानावर्णिकागतसुवर्णवन्नव-पदार्थरूपः **दह ठाणियो भणियो** यद्यपि निश्चयेन शुद्धबुद्धैकलक्षणस्तथापि व्यवहारेण पृथिव्यप्तेजोवायुप्रत्येकसाधारणवनस्पतिद्वयद्वित्रिचतुःपंचेंद्रियरूपदशस्थानगतः। स कः ? **जीवो** जीवपदार्थः एवं दशविकल्परूपो भवति। अथवा द्वितीयव्याख्यानेन पृथगिमानि दशस्थानानि उपयुक्तपदस्य पृथग्व्याख्याने कृते सति तान्यपि दशस्थानानि भवंतीत्युभयमेलापकेन विंशभेदः स्यादिति भावार्थः ।।७१-७२।।

---

**समयव्याख्याः अथ जीवविकल्पा उच्यन्ते। स खलु जीवो महात्मा नित्यचैतन्योपयुक्तत्वादेक एव, ज्ञानदर्शनभेदाद्विविकल्पः, कर्मफलकार्यज्ञानचेतनाभेदेन लक्ष्यमाणत्वात्त्रिलक्षणः ध्रौव्योत्पादविनाशभेदेन वा, चतसृषु गतिषु चंक्रमणत्वाच्चतुश्चंक्रमणः, पञ्चभिः पारिणामिकौदयिकादिभिरग्रगुणैः प्रधानत्वात्पञ्चाग्रगुणप्रधानः, चतसृषु दिक्षूर्ध्वमधश्चेति भवांतरसंक्रमणषट्केनापक्रमेण युक्तत्वात्षट्कापक्रमयुक्तः, अस्तिनास्त्यादिभिः सप्तभङ्गैः सद्भावो यस्येति सप्तभङ्गसद्भावः, अष्टानां कर्मणां गुणानां वा आश्रयत्वादष्टाश्रयः, नवपदार्थरूपेण वर्तनान्नवार्थः, पृथिव्यप्तेजोवायुवनस्पतिसाधारणप्रत्येकद्वित्रिचतुःपञ्चेन्द्रियरूपेषु दशसु स्थानेषु गतत्वाद्दश - स्थानग इति ।।७१-७२।।**

**અનુવાદ : હવે જીવના ભેદો કહેવામાં આવે છે. તે જીવ મહાત્મા (૧) ખરેખર નિત્યચૈતન્ય– ઉપયોગી હોવાથી 'એક જ' છે; (૨) જ્ઞાન ને દર્શન એવા ભેદોને લીધે 'બે ભેદવાળો' છે; (૩) કર્મફળચેતના, કાર્યચેતના ને જ્ઞાનચેતના એવા ભેદો વડે અથવા ધ્રૌવ્ય, ઉત્પાદ ને વિનાશ એવા ભેદો વડે લક્ષિત હોવાથી 'ત્રિલક્ષણ (ત્રણ લક્ષણવાળો)' છે; (૪) ચાર ગતિમાં ભમતો હોવાથી 'ચતુર્વિધ ભ્રમણવાળો' છે; (૫) પારિણામિક, ઔદયિક ઇત્યાદિ પાંચ મુખ્ય ગુણો વડે પ્રધાનપણું હોવાથી 'પાંચ મુખ્ય ગુણોથી પ્રધાનતાવાળો' છે; (૬) ચાર દિશાઓમાં, ઊંચે અને નીચે એમ**

**ષડ્‌વિધ ભવાંતરગમનરૂપ અપક્રમથી યુક્ત હોવાથી (અર્થાત્ અન્ય ભવમાં જતાં ઉપરોક્ત છ દિશોઓમાં ગમન થતું હોવાથી) 'છ અપક્રમ સહિત' છે; (૭) અસ્તિ, નાસ્તિ આદિ સાત ભંગો વડે જેનો સદ્‌ભાવ છે એવો હોવાથી 'સાત ભંગપૂર્વક સદ્‌ભાવવાળો' છે; (૮) (જ્ઞાનાવરણીયાદિ) આઠ કર્મોના અથવા (સમ્યક્‌ત્વાદિ) આઠ ગુણોના આશ્રયભૂત હોવાથી 'આઠના આશ્રયરૂપ' છે; (૯) નવ પદાર્થરૂપે વર્તતો હોવાથી 'નવ-અર્થરૂપ' છે; (૧૦) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, સાધારણ વનસ્પતિ, પ્રત્યેક વનસ્પતિ, દ્વીંદ્રિય ત્રીંદ્રિય ચતુરિંદ્રિય અને પંચેન્દ્રિયરૂપ દશ સ્થાનોમાં પ્રાપ્ત હોવાથી 'દશસ્થાનગત' છે. ૭૧–૭૨.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ–૬, શનિવાર)

'वह जीवद्रव्य अविनाशी चैतन्य उपयोगसंयुक्त है इस कारण सामान्य नयसे एक ही है। जो जो जीव है सो चैतन्यस्वरूप है इस कारण जीव एक ही कहा जाता है।'

આ જીવ દ્રવ્ય અવિનાશી જ્ઞાતા–દ્રષ્ટા ઉપયોગવાળો છે, દેહાદિની તથા પુણ્ય–પાપની ક્રિયા થાય તેને જાણવાવાળો છે. પુણ્ય–પાપના ભેદો તથા અવસ્થાના ઓછાવત્તા ભેદો પડે છે, તે પર્યાયમાં પડે છે છતાં ત્રિકાળી સ્વભાવની અપેક્ષાએ બધા જીવો સદા ચૈતન્ય ઉપયોગી છે એ જ તેનું સ્વરૂપ છે.

**પ્રશ્ન** : તો પછી દયા કોની પાળવી ?

**સમાધાન** : પર જીવની દયા કોઈ પાળી શકતું નથી, પોતાની પર્યાયમાં રાગ આવે તે જુદી વાત છે પણ આ જીવ દયા પાળવા જેવો છે ને આ જીવ મારવા જેવો છે એવું મૂળ વસ્તુસ્વભાવમાં નથી, કેવલી ભગવાન છે માટે મને આદરણીય છે ને નિગોદનો જીવ આદરણીય નથી એવો ભેદ મૂળ સ્વભાવમાં નથી, જીવ બધાનો જાણનાર–દેખનાર છે. પોતાથી બીજાને મહાન સ્વીકારે એવો જીવનો સ્વભાવ નથી. પોતે જ મહાત્મા છે. જડ શરીર કે કર્મ તો જીવનું સ્વરૂપ નથી પણ જીવની પર્યાયમાં જે ભેદો પડે છે તે પણ જાણવા જેવા છે, તે મૂળ સ્વરૂપ નથી, માટે આદરણીય નથી. પાંચ જ્ઞાન, ત્રણ અજ્ઞાન ને ચાર દર્શનના એમ બાર ભેદો પડે છે તે પર્યાયમાં પડે છે તેની અત્યારે વાત નથી. હું ત્રિકાળ એકરૂપ ચૈતન્ય ઉપયોગી છું, મારા કોઈ દેવ નથી, હું કોઈનો દેવ નથી, હું કોઈનો ધણી નથી ને કોઈ મારો ધણી નથી, સ્વામી ને સેવકપણું વિકલ્પ વખતે હોય છે તે માત્ર પર્યાયના ભેદ જાણવા યોગ્ય છે, પુણ્ય–પાપના ભેદ પર્યાયમાં પડવા છતાં હું અભેદ ચૈતન્યસ્વભાવી છું એવી ઓળખાણ કરવી તે ધર્મ છે.

**પ્રશ્ન** : વિશ્વપ્રેમ કેમ થાય ?

**ઉત્તર** : આ જીવ હીણો છે ને આ જીવ મોટો છે એવા ક્યાંય જ્ઞેયમાં ભાગલા ન પાડે ને પર્યાયના ભેદને ગૌણ કરી ત્રિકાળી સ્વભાવના સરખાપણાની દ્દષ્ટિથી બધા જીવોને જુએ તે

વિશ્વપ્રેમ છે. સિદ્ધ આદરણીય છે ને નિગોદ આદરણીય નથી, ધર્મી જીવ પ્રત્યે રાગ કરવા જેવો છે ને ધર્મના દુશ્મન પ્રત્યે દ્વેષ કરવા જેવો છે એ બધા તો ભેદ થયા. એવા ભેદને સ્વભાવમાં સ્થાન નથી. બધા જીવો ત્રિકાળ શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે એમ ત્રિકાળની દૃષ્ટિથી જોવું તે વિશ્વપ્રેમ છે.

**પ્રશ્ન** : ભગવાનની વાણી આત્માને સ્થિર કરે ?

**ઉત્તર** : વાણી તો જડ છે, વાણીથી આત્મા સ્થિર થતો નથી, તેમ જ આત્મા વાણીને કાઢતો નથી. વાણી નીકળે તો ઇચ્છાને નિમિત્ત કહેવાય. અહીં તો ઇચ્છા કરે તેને પણ આત્મા કહેતા નથી પણ ઇચ્છાને જાણનાર આત્મા છે. આ જ્ઞાન થાય છે તે શ્રવણથી થતું નથી. અંતરચૈતન્ય સ્વભાવમાંથી જ્ઞાન પ્રગટે છે તો વાણીને નિમિત્ત કહેવાય છે. વાણી જ્ઞાનને અડતી નથી ને જ્ઞાન વાણીને અડતું નથી, બન્ને સ્વતંત્ર છે.

કોઈ પૂછે કે તો પછી ભીંતમાંથી વાણી કેમ નીકળતી નથી ને આત્મા હોય તો નીકળે છે ?

**સમાધાન** : પક્ષઘાતવાળા જીવો બોલી શકતા નથી ત્યાં જીવ તો છે છતાં વાણી નીકળતી નથી; કારણ કે વાણીનું નીકળવું તે વાણીના કારણે છે, આત્માને લીધે વાણી નીકળતી નથી ને વાણીને લીધે આત્માને લાભ થતો નથી, પોતે શુદ્ધ ચૈતન્યસ્વરૂપી છે.

જે જીવ વાણીને લીધે જ્ઞાન માને છે, દેવ-ગુરુ-શાસ્ત્રને લીધે જ્ઞાન ખીલે એમ માને છે તે પોતાના ચૈતન્યસ્વભાવને જાણતો નથી તેથી તેવા જીવો જાત્રા, વ્રત, તપાદિ કરે તો પુણ્ય થાય પણ તેને ધર્મ થતો નથી. સોનું તાંબાને લીધે ૧૫ વલું કહેવાય છે પણ સોનું તો ૧૬ વલું જ છે, તેમ જીવની પર્યાયમાં ભેદ હોવા છતાં બધા જીવો શુદ્ધ છે, ઉપયોગમય છે. 'સર્વ જીવ છે સિદ્ધસમ જે સમજે તે થાય' – બધા જીવો સિદ્ધ સમાન છે, જે સમજે છે તે સિદ્ધદશાને પામે છે.

હવે બે ભેદથી જીવનું સ્વરૂપ કહે છે :

'वह ही जीवद्रव्य ज्ञानोपयोग - दर्शनोपयोगके भेदसे दो प्रकारका भी कहा जाता है।'

જ્ઞાન ને દર્શન ઉપયોગવાળા એમ બે પ્રકારે જીવો છે. ભાઈ, તારો દર્શન ને જ્ઞાનનો વ્યાપાર કરવાનો જીવનો સ્વભાવ છે. પરનો વેપાર કરવાનો કે રાગ-દ્વેષ કરવાનો જીવનો સ્વભાવ નથી. પૈસા આવે કે જાય તેનો આત્મા જાણનાર છે. પણ અજ્ઞાની જીવ પરનો ધણી થાય છે. 'જાનમાં કોઈ જાણે નહિ ને વરની ફોઈ હું'. જડને ખબર નથી કે મારા ઉપર કોણ રાગ કરે છે. શરીર ઉપર જીવ મમતા કરે છે એવી શરીરને ખબર નથી. મકાનને જોઈને અજ્ઞાની અભિમાન કરે છે એવી મકાનને ખબર નથી, છતાં અજ્ઞાની જીવ 'વરની ફોઈની જેમ' જડનો ધણી થઈ બેઠો છે, તેને પોતાના જ્ઞાન-દર્શનાવ્યાપારની ખબર નથી તેથી અહીં દર્શન ને જ્ઞાન ઉપયોગવાળો કહી બે પ્રકારના ભેદથી જીવની ઓળખાણ આપી.

હવે જીવના ત્રણ પ્રકાર કહે છે.

**'फिर वह ही जीवद्रव्य कर्मचेतना, कर्मफलचेतना, ज्ञानचेतना इन तीन भेदोंकर संयुक्त होने से'**

(૧) **કર્મચેતનાવાળો જીવ** : જીવ પોતાનું શુદ્ધચૈતન્ય સ્વરૂપ ચૂકીને દયા, દાન, કામ–ક્રોધાદિના ભાવોમાં એકાગ્ર થાય છે તે કર્મચેતનાવાળા જીવો છે. અમોએ આટલી જાત્રા કરી, આટલાં મંદિરો કર્યાં, આટલાં વ્રત–તપ કર્યાં એમ રાગનું કર્તૃત્વ માને છે. તેને જ સર્વસ્વ માને છે ને પોતાના જ્ઞાતા સ્વભાવને ચૂકી જાય છે. બધા અજ્ઞાની જીવો રાગાદિમાં કર્તૃત્વ માને છે.

(૨) **કર્મફળચેતનાવાળા જીવો** : પોતાના શુદ્ધ સ્વભાવને ચૂકીને હરખશોકમાં એકાગ્રતા તે કર્મફળ ચેતના છે. અનુકૂળતા વખતે હરખાઈ જવું ને મંદી આવતાં મરી ગયો માની શોકમાં એકાકાર થવું તે કર્મફળ ચેતના છે.

એકેન્દ્રિય જીવોને કર્મફળ ચેતના ગણી છે તે મુખ્યપણે કથન કરીને કહેલ છે. ત્રસ જીવની જેમ વિશેષ વીર્ય ફોરવી રાગની કર્તૃત્વબુદ્ધિ તેમને મુખ્યપણે હોતી નથી, તેથી ત્યાં કર્મફળચેતના મુખ્ય ગણી છે પણ કર્મચેતના ત્યાં પણ છે જ, ત્રસ જીવો રાગના કર્તૃત્વની મુખ્યતામાં રોકાણા છે તેથી તેમને કર્મચેતના મુખ્ય ગણી છે પરંતુ ત્યાં પણ કર્મફળચેતના છે.

કેટલાક જીવો પ્રતિકૂળતા આવતાં દિલગીરીના દરિયામાં ડૂબી જાય છે ને અનુકૂળતા આવતાં રાગના બરફમાં ગળી જાય છે. તેને જ્ઞાનચેતનાનું ભાન નથી, તેને ધર્મ થતો નથી. નિગોદથી પંચેન્દ્રિય સુધીના બધા અજ્ઞાની જીવોને કર્મફળ ચેતના છે.

(૩) **જ્ઞાનચેતનાવાળા જીવો** : ધર્મી જીવ સમજે છે કે હરખ–શોક મારી નબળાઈથી થાય છે. અમો તેના જાણનાર છીએ. શાંતિનાથ વગેરે ત્રણ તીર્થંકરો ચક્રવર્તી પણ હતા. ૯૬૦૦૦ રાણીઓ હતી, નવ નિધાન હતા, છતાં અંતરભાન હતું કે આ બધા પુણ્યના ઠાઠ છે. તે અમો નથી, અમો તો આત્મા જ્ઞાનસ્વભાવી છીએ. આત્મા જ્ઞાનનો ગાંગડો છે, એમ જ્ઞાનસ્વભાવનું ભાન કરી અંતર એકાકાર થનારો પણ એક જીવનો વર્ગ છે, સમકિતીથી સિદ્ધ સુધીના જીવો આમાં આવી જાય છે.

આ જીવના ભેદનું વર્ણન છે. જીવ રાગમાં એકાકાર થાય કે હરખ–શોકમાં એકાકાર થાય તો તે જીવનો પોતાનો ભેદ છે. કર્મને લીધે કર્મચેતના થાય કે લક્ષ્મીને લીધે હરખ થાય કે જાત્રાના સ્થાનને લીધે પુણ્ય થાય એમ વસ્તુસ્વરૂપ નથી. જીવની પર્યાયની યોગ્યતાને લીધે શુભાશુભ ભાવો થાય છે. પરને લીધે તે થતા નથી. કર્મને લીધે કર્મચેતના નથી તેમ જ કર્મ ખસ્યું માટે જ્ઞાનચેતના નથી. અનુકૂળ સામગ્રી મળે તો જ્ઞાન પ્રગટે ને પ્રતિકૂળ સામગ્રી આવતાં જ્ઞાન રોકાય એમ છે જ નહિ. નિગોદના જીવે ભારે કર્મો કર્યાં છે માટે કર્મફળચેતના હશે ? ને ત્રસમાં હાલવા ચાલવાની શક્તિ છે ને વેપારાદિના સંયોગો છે માટે કર્મચેતના હશે ? ના, જીવનો પોતાની પર્યાયનો ભેદ છે, તે પરને લીધે નથી. શિક્ષકની હોશિયારીના પ્રમાણમાં વિદ્યાર્થી શીખતો નથી, પણ પોતાના કારણે પોતાની યોગ્યતા મુજબ શીખે છે. તેવી રીતે ધર્મમાં જેવા ગુરુ મળે તે પ્રકારે જ્ઞાન કરતો નથી પણ પોતાના કારણે જ્ઞાન કે અજ્ઞાન કરે છે, ગુરુને લીધે નથી.

હવે જીવના ત્રણ પ્રકારે ભેદ બીજી રીતે કહે છે.

**'तथा उत्पाद व्यय ध्रौव्य गुण संयुक्त होनेसे तीन प्रकार भी होता है।'**

ઉત્પાદ, વ્યય ને ધ્રુવની અપેક્ષાએ જીવના ત્રણ ભેદો છે તે કહે છે.

**ઉત્પાદ :** સિદ્ધને સમયે સમયે કેવળજ્ઞાન થાય, નિગોદને સમયે સમયે અજ્ઞાન થાય, અભવીને સમયે સમયે મિથ્યાત્વનો ઉત્પાદ થાય, ઉત્પાદ બધામાં સમયે સમયે થાય છે એ અપેક્ષાએ બધા સમાન છે. કર્મના ઉત્પાદને લીધે મિથ્યાત્વ થતું નથી. વાણીને લીધે જ્ઞાનનો ઉત્પાદ થતો નથી અજ્ઞાન હો કે જ્ઞાન હો, વિકાર હો કે અવિકાર હો, પૂર્ણ પર્યાય હો કે અધૂરી પર્યાય હો તે ઉત્પાદ પોતાને લીધે છે, પરને લીધે નથી. કોઈ જીવને કેવળજ્ઞાનનો ઉત્પાદ, કોઈને અજ્ઞાનનો, કોઈને ક્ષાયિકસમ્યક્ત્વનો ઉત્પાદ, કોઈને મિથ્યાત્વનો ઉત્પાદ, કોઈને વીતરાગતાનો ઉત્પાદ, કોઈને અચારિત્રનો, તે ઉત્પાદ જીવનો પ્રકાર છે, કર્મને લીધે તે ઉત્પાદ નથી.

તીર્થંકરના સમવસરણમાં જઈને સમ્યક્જ્ઞાનનો ઉત્પાદ કરે કે મિથ્યાજ્ઞાનનો ઉત્પાદ કરે તે પોતાને લીધે છે ને સાતમી નરકમાં અજ્ઞાનનો ઉત્પાદ કરે તો તે પોતાને લીધે છે. પરથી ઉત્પાદ નથી, જીવ પોતામાં ધર્મ કરે કે અધર્મ કરે, રાગ કરે કે વીતરાગતા કરે, ગુણ કરે કે અવગુણ કરે તે પરને લીધે નથી, પોતાને લીધે છે. આમ પોતાને લીધે ઉત્પાદ કરે છે એ અપેક્ષાએ નિગોદથી સિદ્ધ સુધીના બધા જીવો સરખા છે. આમ ઉત્પાદની અપેક્ષાએ જીવનો ભેદ કહ્યો.

(વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ–૭, મંગળવાર)

જીવના ભેદની વાત ચાલે છે. જીવમાં સમયે સમયે નવી અવસ્થા ઉત્પન્ન થાય છે તે જીવનો સ્વભાવ છે. જીવને જુદે જુદે સમયે જુદા જુદા ભાવ થાય છે. રાગ–દ્વેષના ભાવ થાય, કામ, ક્રોધ, મિથ્યાત્વ, સમકિત, કેવલજ્ઞાન, સિદ્ધદશા વગેરેનો ઉત્પાદ થાય તે જીવના કારણે છે, કોઈ કર્મના કારણે નથી. આમ પરથી ભેદજ્ઞાન કરાવી, ઉત્પાદ સ્વતંત્ર બતાવી, માત્ર ઉત્પાદ જેટલો નથી પણ આખો પરિપૂર્ણ છે, એમ દ્રવ્ય તથા પર્યાયનું પ્રમાણજ્ઞાન કરાવવું છે.

**વ્યય** : જીવ સમયે સમયે પૂર્વ અવસ્થાથી બદલે છે તે જીવનો ભેદ છે. મનુષ્યગતિનો વ્યય થઈ દેવગતિ થાય તે કર્મના કારણે નથી. અલ્પજ્ઞતાનો વ્યય થાય, સંસારનો વ્યય થાય, સમકિતનો નાશ થઈ મિથ્યાત્વ થાય, અગિયારમા ગુણસ્થાનથી પડે તે ઉપશમભાવનો વ્યય થયો, તે પોતાના કારણે છે. કર્મનો ઉદય આવ્યો માટે જીવ અગિયારમેથી પડી જાય છે તે વાત સાચી નથી. કુદેવ મળ્યા માટે સમકિતનો વ્યય થયો ? ના, વ્યય તે જીવનો ભેદ છે. કોઈ અજ્ઞાનનો વ્યય, કષાયનો વ્યય, બધા વ્યયનું કારણ જીવ પોતે છે. મુનિ છઠ્ઠે–સાતમે ચારિત્રવાન છે, ને દેહ છૂટી જાય ત્યાં રસ્તામાં અસંયમી થાય છે તો ચારિત્રદશાના વ્યયનું કારણ ? દેવનામકર્મનો ઉદય આવ્યો માટે ? ના. વ્યય તે જીવનો ભેદ છે. પરને લીધે નથી, પૂર્વને લીધે વ્યય નથી. ઉત્પાદને લીધે વ્યય નથી, વ્યયના કારણે વ્યય થાય છે. તે જીવનો ભેદ છે.

**પ્રશ્ન** : તેમાં પર્યાયની મહત્તા આવે છે ?

**સમાધાન** : એક સમયની પર્યાયની સ્વતંત્રતા સ્વીકારતાં ત્રિકાળી દ્રવ્યની સ્વતંત્રતા સ્વીકારવામાં આવે છે.

અહીં સમય સમયની સ્વતંત્રતા જાહેર કરે છે. ઓછા જ્ઞાનનો વ્યય થાય, મિથ્યાત્વનો વ્યય

થાય. મનુષ્યગતિનો વ્યય થાય તે બધામાં પોતાનું કારણ છે, કર્મને લીધે તે નથી.

**ધ્રુવ** : જીવનું ધ્રુવપણું જીવના કારણે છે. ધ્રુવપણું ઉત્પાદ કે વ્યયને લીધે નથી. ત્રિકાળી ધ્રુવ–સ્વભાવ પોતાને લીધે છે, બીજાના કારણે નથી.

આમ ઉત્પાદ, વ્યય ને ધ્રુવની અપેક્ષાએ જીવના ત્રણ ભેદો બતાવ્યા.

મનુષ્ય, દેવ, નારકી ને તિર્યંચ – એ ચાર ગતિમાં જીવ રખડે છે તે અપેક્ષાએ જીવના ચાર ભેદ છે. કોઈ કર્મને લીધે અમુક ગતિ મળી એવું સ્વરૂપ નથી. વળી કોઈ કહે છે કે નિગોદમાં કર્મનું જોર ઘણું છે ને ત્રસમાં અવળા પુરુષાર્થનું જોર છે એમ નિગોદ ને ત્રસમાં આવો ભેદ અજ્ઞાની પાડે છે. નિગોદમાં હોય કે ત્રસમાં, ગમે તે ગતિમાં હોય તોપણ વિકાર પોતાના કારણે છે. કર્મને લીધે નથી. શ્રેણિક રાજાએ નરકગતિનું કર્મ બાંધેલું માટે નરકમાં જવું પડ્યું ? કોઈ મનુષ્યમાંથી અનુત્તર વિમાનમાં જાય તે શુભકર્મ બાંધેલું માટે જતો હશે ? અહીં તેની ના પાડે છે. નારક કે તિર્યંચ, મનુષ્ય કે દેવ – તે બધી ગતિમાં જવાની જીવની યોગ્યતા છે. પોતાની સ્વતંત્રતાથી તે રખડે છે. આમ પરથી ભેદજ્ઞાન કરાવે છે.

ફરી જીવના પાંચ પ્રકારે ભેદ કહે છે.

**પારિણામિકભાવ** : આત્મામાં પારિણામિક શુદ્ધભાવ છે, તે એકરૂપ છે. શરીર કે કર્મને લીધે તે નથી. પોતે એકરૂપ છે. વળી પારિણામિકભાવમાં ભવી ને અભવીના ભેદો છે તેનું કારણ ? કોઈ કર્મ કારણ હશે ? ના, ભવી ને અભવી પારિણામિક ભાવે છે, તેમાં કોઈ કર્મનું કારણ નથી. વળી ઉદય, ઉપશમ, ક્ષયોપશમ ને ક્ષાયિકભાવો સ્વ–અપેક્ષાએ પારિણામિકમાં આવી જાય છે. પારિણામિકભાવ પર્યાય અપેક્ષાએ વિકારરૂપે અથવા ઉપશમરૂપે પોતે થાય છે. કોઈ કર્મને લીધે રાગ થયો અથવા કર્મ ખસ્યાં માટે ગુણ થયો એમ નથી. પોતાના પરિણામ અનુસાર ભેદ પડે છે. આમ સ્વતંત્ર સમજે ને અંશ જેટલો હું નથી પણ હું તો અંશી છું એવું ભાન કરે તો ધર્મ થાય.

**ઔદયિકભાવ** : જીવની પર્યાયમાં રાગ–દ્વેષ, દયા–દાનાદિના પરિણામ થાય તે જીવનો ભેદ છે. કર્મને લીધે ઉદયભાવ નથી. કેવળી ભગવાનનો ઔદયિકભાવ ને નિગોદનો ઔદયિકભાવ તે પોતાના કારણે છે એ અપેક્ષાએ સમાન છે. ભગવાનને કર્મ બાકી છે માટે વિભાવ ને જોગનું કંપન છે એમ નથી. અજ્ઞાની જીવ કર્મ ઉપર દોષ ઢોળે છે. કર્મ તથા પ્રતિકૂળ સંયોગો જીવમાં પેસતા નથી ને તે રાગ–દ્વેષ કરાવતા નથી, પણ અજ્ઞાની જીવ વર્તમાન સંયોગોને દેખી વર્તમાન ભીંસમાં ભીંસાઈ જાય છે; પણ રાગ–દ્વેષ પોતાથી થાય છે એમ સ્વતંત્ર જ્ઞાન કરે તો પરથી છૂટો પડી દ્રવ્યસ્વભાવ તરફ વળવાનો અવકાશ રહે છે.

**ઉપશમભાવ** : જીવમાં સમકિત અથવા ચારિત્રનો ઉપશમ થાય છે તે પોતાના કારણે છે. કર્મનો ઉપશમ થયો માટે ઉપશમભાવ થયો એમ નથી. વળી કર્મો મંદ પડે તો આત્મા ઉપશમશ્રેણીમાં આગળ વધતો હશે ? ના, પોતાના કારણે વધે છે. વળી દેવ–ગુરુ–શાસ્ત્રથી ઉપશમસમકિત નથી પણ પોતાથી છે. અગિયારમે ગુણસ્થાને ઉપશમભાવ ને ચોથે ગુણસ્થાને ઉપશમભાવ પોતાના કારણે છે. એટલી અપેક્ષાએ બન્ને સરખા છે. તે પરને લીધે નથી. આ જીવના ભેદનું વર્ણન છે.

**ક્ષયોપશમભાવ** : જીવમાં જ્ઞાન, દર્શન, વીર્યનો ઉઘાડ જણાય છે, તે જીવને લીધે છે. અજ્ઞાની જીવો કહે છે કે ઘડો છે માટે ઘડાનું જ્ઞાન થાય છે. જૈન કહે છે કે જ્ઞાન જ્ઞાનનું કારણ છે, પરવસ્તુ કારણ નથી. તો અન્યમતવાળા પૂછે છે કે તો પછી ઘડા વખતે ઘડાનું જ જ્ઞાન કેમ થાય છે ને બીજી ચીજનું જ્ઞાન કેમ થતું નથી ? તેનું સમાધાન : તે સમયે જીવની પર્યાયમાં ક્ષયોપશમની યોગ્યતા મુજબ જ્ઞાન થાય છે. હવે જ્યાં ક્ષયોપશમની વાત કરી ત્યાં અજ્ઞાની જીવો બીજી દલીલ કરે છે કે જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ છે માટે જ્ઞાનનો વિકાસ દેખાય છે. તો એ પણ ખોટી માન્યતા છે. જ્ઞાન ઓછું દેખાય કે વધારે દેખાય તે જીવના કારણે છે, પરને લીધે નથી. જે વિવિધતા ને વિચિત્રતા ક્ષયોપશમભાવમાં દેખાય છે તે જીવનો ભેદ છે. આમ સમય સમયનો પર્યાય સ્વતંત્ર સમજે તો ત્રિકાળી સ્વભાવની સ્વતંત્રતાની ખબર પડે.

**ક્ષાયિકભાવ** : ક્ષાયિકસમકિત કેવળી અથવા શ્રુતકેવળીને લીધે થતું નથી. ક્ષાયિકનો ભેદ તારો છે, તે નિમિત્તનો ભેદ નથી. વળી 'સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા'માં કહ્યું છે કે કેવળજ્ઞાનાવરણીયને લીધે કેવળજ્ઞાન રોકાયું; ત્યાં તો કેવળજ્ઞાનાવરણીય પુદ્ગલકર્મનું નિમિત્તપણું બતાવવું છે. પણ તેથી કેવળજ્ઞાન રોકાયું છે એમ ત્યાં કહેવું નથી. કેવળજ્ઞાન રોકાયું તે તારા કારણે છે.

પારિણામિકભાવના ત્રણ ભેદો છે ને બીજા ચાર ભાવના પચાસ ભેદો છે. એમ કુલ ૫૩ ભેદોમાં સમજી લેવું કે દરેક પરિણામ પોતાના કારણે છે. અભવી કેમ ? તેનો સ્વભાવ છે. કરોડો ઉપદેશનો ધોધ પડે છતાં તેનું જ્ઞાન ઓગળતું નથી એવો તેનો સ્વભાવ છે. જાતિ, લેશ્યા, અસિદ્ધત્વ વગેરે દરેક ભેદ સ્વતંત્ર પોતાના કારણે છે. જીવ પોતાને વિકારમાં રોકે કે સ્વભાવમાં રોકે પણ પરનું કાંઈ કરી શકે નહિ. તેમ જ પરપદાર્થો જીવમાં કાંઈ કરી શકે નહિ. પરને લીધે પોતામાં કાંઈ થાય ને પોતાને લીધે પરમાં કાંઈ થાય તો તત્ત્વો નમાલાં થઈ જાય છે. માટે સ્વતંત્રતાનું જ્ઞાન કરી પરથી છૂટા પડી, અંશનું જ્ઞાન કરી અંશ જેટલો પણ હું નથી, હું સ્વભાવે ત્રિકાળી અંશી છું એમ પ્રમાણજ્ઞાન થતાં ધર્મ થાય છે.

જીવ પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ, ઉપર, નીચે – એમ છ દિશામાં ગમન કરે છે એમ છ પ્રકારે જીવના ભેદ છે, વિદિશામાં જીવ ગમન કરતો નથી, વિદિશા પહોળાઈની અપેક્ષાએ એકપ્રદેશી છે તેથી જીવ સીધો વિદિશામાં જતો નથી. પૂર્વ, પશ્ચિમાદિ દિશા અસંખ્યપ્રદેશી છે, તેમાં જીવ ગમન કરે છે. તેનું કારણ પોતે છે. કર્મ કારણ નથી.

સપ્તભંગીના સાત ભંગથી જીવ ઓળખી શકાય છે. માટે જીવ સાત પ્રકારે પણ કહેવાય છે.

(૧) **અસ્તિત્વભંગ** : જીવ સ્વદ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી અસ્તિરૂપે છે. એવા એક ભંગમાં બધા જીવો આવી જાય છે. દ્રવ્ય=ત્રિકાળી વસ્તુ, ક્ષેત્ર=પોતાના અસંખ્ય પ્રદેશરૂપ પહોળાઈ, કાળ=સમય સમયનો પર્યાય, ભાવ=ત્રિકાળી ગુણો કે શક્તિઓ – આમ સ્વચતુષ્ટયથી દરેક જીવ છે.

(૨) **નાસ્તિત્વભંગ** : શરીર, કર્મ, વાણી, દેવ, ગુરુ, શાસ્ત્રરૂપે આ જીવ નથી. એવો નાસ્તિત્વધર્મ જીવનો છે. નાસ્તિધર્મ પરનો નથી પણ પોતાનો છે. કર્મ, શરીર, વાણીનો જીવમાં અભાવ છે. આ ત્રણે કાળના જીવની વાત ચાલે છે. એકલા સિદ્ધની નહિ. ભવી–અભવી, સંસારી કે સિદ્ધ બધા જીવો પરરૂપે નથી એવા ભેદમાં સમાઈ જાય છે.

(૩) **અસ્તિત્વ–નાસ્તિત્વભંગ** : આત્મા સ્યાત્ પોતાથી અસ્તિ છે. સ્યાત્ પરથી નાસ્તિ છે. એમ ક્રમથી કહી શકાય એવો આત્મામાં ધર્મ છે. વાણીમાં ક્રમ પડે છે માટે વક્તવ્યધર્મ છે એમ નથી. આ ધર્મ પોતાને લીધે છે.

(૪) **અવક્તવ્યભંગ** : આત્મા પોતાથી છે ને પરથી નથી એમ યુગપદ્ કહી શકાતું નથી એવો જીવનો ધર્મ છે. વાણી એકસાથે કહી શકાતી નથી માટે અવક્તવ્યભંગ છે એમ નથી પણ પોતાના કારણે છે.

(૫) **અસ્તિત્વ–અવક્તવ્યભંગ** : પોતે અસ્તિરૂપ છે એમ કહેવાય છે પણ અસ્તિત્વ–નાસ્તિત્વ યુગપદ્ કહી શકાતા નથી એવો અસ્તિત્વ–અવક્તવ્યધર્મ જીવનો છે, વાણીને લીધે નથી.

(૬) **નાસ્તિત્વ–અવક્તવ્યભંગ** : નાસ્તિત્વ ધર્મ કહેવાય છે તે વખતે અસ્તિત્વ–નાસ્તિત્વ યુગપદ્ કહેવાતા નથી એવો અસ્તિત્વ–અવક્તવ્યધર્મ જીવનો છે, વાણીને લીધે નથી.

**(૭) અસ્તિત્વ–નાસ્તિત્વ–અવક્તવ્યભંગ** : અસ્તિ–નાસ્તિ ક્રમે કહી શકાય છે પણ બન્ને યુગપદ્ કહી શકાતા નથી એવો અસ્તિત્વ–નાસ્તિત્વ–અવક્તવ્યધર્મ જીવનો છે.

આમ જીવમાં ઊતરતા સાત ભેદો પરથી જુદા પડાવી ભેદજ્ઞાન કરાવે છે.

સિદ્ધ જીવોમાં આઠ ગુણો અનંતજ્ઞાન, દર્શન, વીર્ય, અવ્યાબાધ વગેરે છે. તેમ જ સંસારી જીવોમાં આઠ ગુણો શક્તિરૂપે છે તેથી તે પ્રકારે જીવ ઓળખી શકાય છે અથવા સંસારદશામાં જીવ આઠ કર્મોનો આશ્રય લ્યે છે ને અટકે છે એ પ્રકારે પણ જીવમાં આઠ પ્રકારે ભેદ પડે છે. આઠ કર્મો છે માટે ભેદ પડે છે એમ નથી પણ જીવ પોતાના ત્રિકાળી સ્વભાવને ચૂકે છે ને આઠ પ્રકારનાં કર્મનો આશ્રય લ્યે છે તો પોતામાં વિકાર થાય છે. તેથી જીવમાં આઠ પ્રકારના ભેદ કહ્યા.

છઠ્ઠે–સાતમે ઝૂલતા મહામુનિઓએ આ રચના કરી છે, તેમાં પ્રયોજન છે. અહીં પરથી ભેદજ્ઞાન કરાવી, પર્યાય સ્વતંત્ર બતાવી, જ્ઞાનની નિર્મળતા કરાવે છે. પર્યાયમાં વિવિધતા ને વિચિત્રતા હોવા છતાં પર્યાય સ્વતંત્ર છે એમ જે યથાર્થ માને છે તે જીવ વિવિધતાવિનાના એકરૂપ દ્રવ્યસ્વભાવને સ્વતંત્ર માન્યા વિના રહે નહિ. ને જે વિવિધતાને પરતંત્ર માને છે તે દ્રવ્યને સ્વતંત્ર માની શકે નહિ. પર સાથેની એકત્વબુદ્ધિવાળો જીવ સ્વ તરફ વળી શકે નહિ તેથી અહીં પરથી ભેદજ્ઞાન કરાવે છે. કર્મને લીધે જીવમાં કાંઈ નથી પણ જીવ પોતે વિકાર કરે છે તો થાય છે.

આમ જીવના આઠ પ્રકારે ભેદ બતાવ્યા.

(વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ–૮, બુધવાર)

અહીં જીવ કોને કહેવો તેની વાત પ્રમાણજ્ઞાનથી કરે છે. જીવમાં પર્યાયના ભેદની અપેક્ષાએ વાત કરે છે. એટલે અહીં જ્ઞાનપ્રધાન કથન છે.

'સમયસાર'માં ને 'નિયમસાર'માં જીવદ્રવ્યની વ્યાખ્યા દષ્ટિપ્રધાન કથનથી કરવામાં આવી છે. ત્યાં તો પુણ્ય, પાપ આસ્રવ, બંધને વિકાર ગણી શુદ્ધ જીવમાં ગણેલ નથી કારણ કે વિકારના

લક્ષે ધર્મ થતો નથી. વળી સંવર, નિર્જરા ને મોક્ષ પણ પર્યાય છે. તે ધર્મની પર્યાયમાંથી પણ ધર્મપર્યાય થતી નથી, તેથી તેને પણ પરદ્રવ્ય ગણીને જીવ ગણેલ નથી. શુદ્ધ ત્રિકાળી જીવ અંતઃતત્ત્વ એકને જ આશ્રયે સમ્યગ્દર્શન થાય છે તેથી તેને જીવતત્ત્વ ગણેલ છે, વિકારીપર્યાય તથા અધૂરી પર્યાયને ગૌણ કરી શુદ્ધ જીવ ત્રિકાળી એકરૂપ ધ્રુવ રહે છે તે જ સમ્યગ્દર્શનનો વિષય છે તેના આધારે ધર્મ થાય છે ને ધર્મદશા વધે છે, તેથી દર્શનપ્રધાન કથનમાં પર્યાયબુદ્ધિ છોડાવવા ને સ્વભાવબુદ્ધિ કરાવવા શુદ્ધ જીવને જ જીવ ગણ્યો છે.

અહીં જીવદ્રવ્યની જ્ઞાનપ્રધાનથી વાત કરે છે. વર્તમાન પર્યાય ને સામાન્ય દ્રવ્ય એમ બે થઈને જીવદ્રવ્ય છે. અહીં જીવના નવ ભેદ કહે છે.

(૧) **જીવ** : હું ત્રિકાળ એકરૂપ શુદ્ધ જીવ છું તે જીવતત્ત્વ છે.

(૨) **જીવનો ભેદ અજીવ** : આ શરીર છે, વાણી છે, ધર્મ છે, અધર્મ છે, કાળ છે, એ અજીવ પદાર્થને લક્ષે રાગની ઉત્પત્તિ થાય છે. તે રાગને અજીવ કહ્યો છે ને તે રાગમાં જીવ પોતે રોકાય છે માટે જીવ પોતે અજીવરૂપ થાય છે. અહીં અજીવ કહેતાં શરીર, મન, વાણી ન સમજવાં. તે તો અજીવ છે ને આત્માથી ભિન્ન જ છે પણ અજીવના લક્ષે જે રાગ થાય છે તે પોતાનો ભેદ છે માટે રાગને અજીવ ગણી તેને જીવનો ભેદ ગણ્યો. કર્મ, શરીર તો રૂપી છે, પણ કર્મના લક્ષે થતો રાગ જીવના દ્રવ્ય–ગુણની જેમ અરૂપી છે, તે જીવના અસ્તિકાયમાં થાય છે પણ અજીવના લક્ષે થાય છે તેથી તેને અજીવ કહ્યો પણ તે રાગ શરીર કે કર્મના કારણે થતો નથી પણ જીવના કારણે થાય છે તેથી તેને જીવનો ભેદ કહ્યો. આમ જીવ પોતે અજીવના ભેદરૂપ થાય છે.

(૩) **જીવનો ભેદ પુણ્ય** : જીવની પર્યાયમાં દયા–દાનાદિના ભાવ થાય છે. તે જીવના કારણે છે, અરૂપી છે. કર્મને લીધે અથવા પરને લીધે પુણ્યભાવ થતા નથી. જીવની પર્યાયમાં પુણ્ય થવાની લાયકાત છે. કર્મ તથા આત્માને અત્યંત અભાવ છે, પુણ્ય તથા આત્મામાં કથંચિત્ ભાવ છે કેમ કે પર્યાયમાં પુણ્ય થાય છે ને પુણ્યનો ભાવ ત્રિકાળી સ્વભાવમાં નથી માટે પુણ્યને અને આત્માને કથંચિત્ અભાવ છે. અહીં કહે છે કે જીવને શુભભાવ થાય છે તે જીવનો ભેદ છે. 'મોક્ષમાર્ગપ્રકાશ'માં લખાણ આવે છે કે કર્મનો તીવ્ર ઉદય હોય ત્યારે તો પુરુષાર્થ થઈ શકતો નથી પરંતુ જ્યાં કર્મનો ઉદય મંદ થાય ત્યાં પ્રમાદી ન થવું પણ સાવધાન થઈ પોતાનું કાર્ય કરી લેવું એમ જે કથન આવે છે તે નિમિત્તથી કથન છે. કર્મ તથા આત્માને અત્યંત અભાવ છે. મંદ કર્મને લીધે કષાયની મંદતા થાય એમ માન્યતા કરવી તે ખોટી દૃષ્ટિ છે. પુણ્યનો ભાવ જીવનો છે એમ યથાર્થ જ્ઞાન કરી પછી નવે ભેદોથી રહિત હું અખંડ શુદ્ધ છું એવી દૃષ્ટિ કરવી તે ધર્મ છે.

(૪) **જીવનો ભેદ પાપ** : જીવની પર્યાયમાં મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાયના અશુભ પરિણામ થવા તે પાપ છે. તે જીવનો ભેદ છે. પર નિમિત્તથી કે જડનાં અસ્તિત્વથી પાપનાં પરિણામ થતા નથી. અજ્ઞાની જીવો કહે છે કે શું કરીએ ? એવો કર્મનો ઉદય આવ્યો કે અશુભભાવ થાય છે. કર્મનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવ તારાથી પર છે, તેનું અસ્તિકાય તારામાં નથી. જો કર્મથી રાગ

થાય તો મોક્ષ થવાનો અવસર રહેતો નથી. તું જીવ છો, વિકારરૂપે થા કે સ્વભાવરૂપે થા તે તારો ભેદ છે, કર્મનો ભેદ નથી. પોતાના શુદ્ધ ત્રિકાળી સ્વભાવને ચૂકીને અશુભ પરિણામરૂપે જીવ પોતે થાય છે, શરીરને લીધે કે પરને લીધે અશુભભાવ થતા નથી, પોતાના અસ્તિકાયમાં થાય છે.

(૫) **જીવનો ભેદ આસ્રવ** : પુણ્ય–પાપના ભાવ બન્ને આસ્રવ છે. કર્મના પરમાણુઓ આવે છે, માટે જીવમાં આસ્રવ થાય છે એમ નથી; કારણ કે કર્મનો આસ્રવ કર્મમાં છે. કર્મ જડ છે, કોઈ ઝવેરાતનો વેપાર કરે, કોઈ વિદ્યાર્થીને ભણાવે, કોઈ છોકરાને વિલાયત ભણવા મોકલે, આવા જુદા જુદા અશુભભાવનો આસ્રવ થાય તેનું કારણ જુદાં જુદાં કર્મો ઉદયમાં હશે માટે વિચિત્રતા હશે ? ના, કર્મના કારણે વિચિત્રતા નથી, તારા કારણે વિચિત્રતા છે. જીવ પોતે આસ્રવરૂપ થાય છે.

(૬) **જીવનો ભેદ બંધ** : આ ભાવબંધની વાત છે, કર્મનો બંધ કર્મમાં છે. કર્મ જડ છે. જીવ રાગ–દ્વેષમાં રોકાઈ જાય છે તે ભાવબંધ પોતાના અસ્તિકાયમાં થાય છે. તે જીવનો ભેદ છે. કર્મના બંધને આત્મા સાથે સંબંધ નથી. ભાવબંધ જડમાં નથી, જડને લીધે નથી.

(૭) **જીવનો ભેદ સંવર** : આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે તેવી ઓળખાણ કરી જે સમ્યગ્દર્શનની નિર્મળ પર્યાય પ્રગટે તે સંવર છે, તે જીવનો ભેદ છે. સ્ત્રી, કુટુંબને છોડી દીધાં કે કર્મ રોકાણું માટે સંવર થાય એમ નથી, કર્મ પર છે ને વિકાર મારું સ્વરૂપ નથી, પુણ્ય–પાપ રહિત સ્વભાવનો આશ્રય કરતાં જે અરાગીપર્યાય પ્રગટ થાય છે તે સંવર છે. સંકલ્પ–વિકલ્પનો અભાવ કરી સંવર થાય છે એમ જે કહેવામાં આવે છે તે વ્યવહારથી કથન છે, જે વિકલ્પ થયો છે તેને છોડી શકાતો નથી, તેનો વ્યય બીજે સમયે થાય તો તે કેવી રીતે થાય ? સંકલ્પ–વિકલ્પની રુચિ છોડીને હું શુદ્ધ જ્ઞાતા–દૃષ્ટા છું એવા ભાનપૂર્વક સ્વભાવમાં એકાગ્ર થતાં સંકલ્પ–વિકલ્પ ઉત્પન્ન થતા જ નથી, તેને વિકલ્પ છોડીને અથવા રોકીને સંવર કર્યો એમ કહેવામાં આવે છે. કર્મ આવતું અટકી ગયું માટે સંવર થયો ? ના. આ જીવદ્રવ્યના અસ્તિકાયની વ્યાખ્યા છે, જીવના કારણે જીવમાં સંવર થાય છે.

(૮) **જીવનો ભેદ નિર્જરા** : જીવની પર્યાયમાં શુદ્ધિની વૃદ્ધિ થવી તે નિર્જરા છે. કર્મનું છૂટી જવું કર્મમાં છે, તેને આત્માની સાથે સંબંધ નથી. સોનામાં જુદા જુદા રંગના ભેદ પડે છે તે સોનાના ભેદ છે, તેમ જીવમાં જુદા જુદા ભેદ પડે છે તે જીવના ભેદ છે. અજ્ઞાની પરને લીધે કાર્ય માને છે. સ્વપર્યાયમાં નવ ભેદનું જ્ઞાન કરવું ને ત્રિકાળી દ્રવ્ય–સામાન્યનું જ્ઞાન કરવું એમ બન્નેનું જ્ઞાન કરવું તે પ્રમાણજ્ઞાન છે.

(૯) **જીવનો ભેદ મોક્ષ** : જીવ મોક્ષ દશા પામે છે તે જીવનો ભેદ છે. કર્મો છૂટ્યાં માટે મોક્ષ થયો એમ નથી. જીવના કારણે જીવના અસ્તિકાયમાં મોક્ષ થાય છે.

'પંચાધ્યાયી'માં શંકાકાર કહે છે કે નવ તત્ત્વો જીવમાંથી નીકળી જાય છે માટે નવ પદાર્થો કહેવા ન જોઈએ. જીવ તો એકરૂપ છે માટે એકરૂપ જ કહો ને ?

**સમાધાન** : નવ ભેદ જીવમાં થાય છે માટે નવ ભેદ બરાબર કહેવા જોઈએ. પર્યાયનો સર્વથા અભાવ માનવાથી પર્યાયવાના અભાવનો પ્રસંગ આવશે ને જો પરથી નવ ભેદ થતા હોય

તો તેનો નિષેધ કરી શકાતો નથી. તે ભેદો પોતાથી પોતામાં થાય છે, એમ કબૂલ કર્યા પછી સ્વભાવનો આશ્રય લેવા માટે તેનો નિષેધ કરવો જોઈએ. પરપદાર્થો ને કર્મ આત્મામાં નથી તો તેનો નિષેધ શો કરવો ? ને પરના કારણે જીવમાં નવ ભેદ થતા હોય તો તેનો કેવી રીતે નિષેધ કરવો ? માટે અશુદ્ધતાનાં પરિણામો જીવમાં જીવના કારણે થાય છે એમ નક્કી કરી તેનો નિષેધ કરે તો અભેદ સ્વભાવમાં ઠરી શકે, પણ નવ ભેદો પર્યાયમાં ન જ માને અથવા પરથી માને તો તેનું જ્ઞાન યથાર્થ નથી, તેને ધર્મ થતો નથી. નવ ભેદો પર્યાયમાં પોતાથી થાય છે ને પોતે ત્રિકાળ એક અભેદસ્વરૂપી છે એમ પર્યાય ને દ્રવ્યનું જ્ઞાન કરી સ્વભાવ તરફ વળવું તે ધર્મ છે.

વળી જીવને દસ પ્રકારે વર્ણવે છે.

(૧) **પૃથ્વીકાય જીવ** : 'સમયસાર'માં પૃથ્વીકાય આદિ જીવોના ભેદને કર્મકૃત કહ્યા છે, ત્યાં પર્યાયદૃષ્ટિ છોડાવવા ને ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ કરાવવા એમ કહેલ છે. અહીં જ્ઞાનપ્રધાન કથન છે, સચેત મીઠાના એક કણિયામાં અસંખ્ય શરીર છે ને એક એક શરીરમાં એક એક જીવ છે, તે પૃથ્વીકાયનો જીવ એકેન્દ્રિયપણે થયો છે તે પોતાના અપરાધથી થયો છે. નામકર્મના ઉદયથી થયો છે એમ નથી. કર્મ પુદ્‌ગલાસ્તિકાય છે, જીવમાં તેનો અભાવ છે. વળી કર્મ રૂપી છે, જીવ અરૂપી છે. વળી અહીં એકેન્દ્રિય શરીરની વાત નથી. તે તો જડ છે, જીવ પોતે અપરાધ કરી એકેન્દ્રિયની હીણી દશારૂપ થયો છે, તે અપરાધ જીવનો છે, કર્મનો નથી.

(૨) **અપકાય જીવ** : પાણીના એક બિન્દુમાં અસંખ્ય શરીર છે ને એક શરીરમાં એક જીવ છે. એકેન્દ્રિય શરીરની વાત નથી, અંદર જીવ છે તેની વાત ચાલે છે. વળી એકેન્દ્રિય કર્મનો ઉદય આવ્યો માટે પાણીમાં જન્મ્યો ? ના, કર્મ પુદ્‌ગલ છે પુદ્‌ગલને લીધે જીવમાં કાંઈ થતું નથી.

પરને લીધે અથવા કર્મને લીધે વિકાસ ઓછો થયો માનવામાં આવે તો પર્યાય પરાધીન થતાં જીવદ્રવ્ય પરાધીન થાય છે એટલે જીવ સાબિત થતો નથી. હીણા પરિણમનરૂપે જીવ થયો છે. તે જીવનો ભેદ છે.

(૩) **અગ્નિકાય જીવ** : દીવાસળી તથા ભઠ્ઠીમાં જે અગ્નિ દેખાય છે તે શરીર છે, તેમાં અરૂપી અગ્નિકાયનો જીવ છે. શરીર તો પુદ્‌ગલ છે ને કર્મ પુદ્‌ગલ છે બન્ને રૂપી છે, જીવ અરૂપી છે. જીવ પોતાના કારણે હીણારૂપે પરિણમ્યો છે. શરીર ઊનું મળ્યું માટે અગ્નિકાય જીવ છે. એમ નથી,

પાણી દ્રવે છે માટે જલકાય જીવ છે એમ નથી,

પૃથ્વી કઠણ છે માટે પૃથ્વીકાય જીવ છે એમ નથી.

દરેકમાં જીવ પોતાના કારણે છે એમ પરથી જુદો પાડી ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

(વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ–૯, ગુરુવાર)

અહીં જીવાસ્તિકાયનું વર્ણન છે. જીવ અસંખ્યપ્રદેશી અનંત ગુણોનો પિંડ છે. તેમાં સમય–સમયની અવસ્થા થાય છે તે જીવને લીધે થાય છે. પરને લીધે થતી નથી. ઉદયાદિ ભાવો જીવનું

સ્વતત્ત્વ છે, કર્મને લીધે તે નથી. બીજું તત્ત્વ ભલે ઉપસ્થિત હો પણ તેને લીધે ભેદ પડતો નથી.

અહીં જીવની પર્યાયના સ્વતંત્ર ભેદ બતાવી, તે ભેદ અથવા રાગ જેટલો હું નથી, હું તો ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય છું એવી અંતરરુચિનું પરિણમન કરે તો સમ્યગ્દર્શન થાય છે, પણ તે સમ્યગ્દર્શન થયા પહેલાં પર્યાય સ્વતંત્ર સ્વીકારવી જોઈએ. જે જીવ પરથી પર્યાય માને છે તેને પર્યાયદષ્ટિ ટળી શકશે નહિ. જીવમાં સમયે–સમયે ક્રમબદ્ધપર્યાય થયા કરે છે. ત્રણ કાળની પર્યાય જેટલું દ્રવ્ય છે ને જેટલી પર્યાય તેટલા ત્રણ કાળના સમયો છે. અમુક પ્રકારનું નિમિત્ત આવે તો આવી પર્યાય થાય ને અમુક પ્રકારનું નિમિત્ત ન આવે તો આવી પર્યાય ન થાય એમ માને તો પર્યાય સ્વતંત્ર નહિ રહેતાં દ્રવ્ય અવ્યવસ્થિત થઈ જાય છે. તેને પર્યાયદષ્ટિ ટળી દ્રવ્યદષ્ટિ થઈ શકશે નહિ.

(૪) **વાયુકાય** : જીવના દસ પ્રકારે ભેદો કહે છે. તેમાં પૃથ્વીકાય, અપકાય ને તેજકાયની વાત ગઈકાલે થઈ ગઈ છે. અહીં વાયુકાયના શરીરની વાત નથી તેમ જ નામકર્મ પણ જડ છે. અંદર જીવની પર્યાય એકેંદ્રિયગતિને યોગ્ય છે તેની વાત ચાલે છે. તે જીવનો ભેદ છે. શરીર ને કર્મનો જીવમાં અત્યંત અભાવ છે. જીવની પર્યાય કર્મથી જુદી છે એવું ભેદજ્ઞાન કરવાની જેને તાકાત નથી તેને વિકારથી જુદો હું શુદ્ધ ચિદાનંદ સ્વભાવી છું એવું ભેદજ્ઞાન કરવાની તાકાત પ્રગટશે નહિ.

અજ્ઞાની માને છે કે કર્મના ઉદયને લીધે જીવ વાયુકાયરૂપે થયો પણ તે માન્યતા ભૂલભરેલી છે. જીવના દ્રવ્ય–ગુણ શુદ્ધ છે પણ પર્યાયમાં જે અશુદ્ધતા ને હીણપ છે તે જીવની પર્યાયની યોગ્યતાના કારણે છે, કર્મ અથવા શરીરને લીધે નથી. વળી જીવની એકેંદ્રિયની યોગ્યતા થઈ માટે શરીર તે રૂપે પરિણમ્યું એમ પણ નથી. તેમ જ નામકર્મનો ઉદય આવ્યો માટે શરીર એકેંદ્રિયપણે પરિણમ્યું એમ પણ નથી. જીવની એકેંદ્રિયપણાની યોગ્યતા, કર્મનો તે પ્રકારનો ઉદય ને શરીરનું એકેંદ્રિયપણે થવું ત્રણે એક સમયે હોવા છતાં એકને લીધે બીજું નથી. એકબીજાને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. પણ કર્તા–કર્મસંબંધ નથી. એકને લીધે બીજાનું કાર્ય માનવામાં આવે તો કર્તા–કર્મસંબંધ થઈ જાય છે. જીવ ને પુદ્ગલમાં અત્યંત અભાવ છે ને પુદ્ગલની એક પર્યાયને પુદ્ગલની બીજી પર્યાય સાથે અન્યોન્ય અભાવ છે. જે અભાવરૂપે હોય તે બીજામાં શું કરે ? કાંઈ ન કરે. છતાં જે જીવ એકને લીધે બીજામાં કાર્ય માને છે તે ઈશ્વરકર્તાની માન્યતાવાળાની જેમ મિથ્યાદષ્ટિ છે.

વળી જીવ વિગ્રહગતિમાં હોય છે ત્યારે પણ સ્વતંત્ર છે. આનુપૂર્વીનામકર્મનો ઉદય છે માટે એકેન્દ્રિયનું પરિણમન છે અથવા કાર્મણશરીર સાથે છે માટે એકેન્દ્રિયપણું થયું છે એમ નથી. કાર્મણશરીર કે ઔદારિકશરીરને લીધે જીવનું એકેન્દ્રિયપણું નથી ને જીવના એકેન્દ્રિયપણાને લીધે શરીર નથી. શરીર શરીરની લાયકાતથી છે તો જીવનું એકેન્દ્રિયપણું નિમિત્ત કહેવાય છે. જીવ જીવમાં છે, જીવ પુદ્ગલમાં નથી; પુદ્ગલ પુદ્ગલમાં છે, પુદ્ગલ જીવમાં નથી. એકબીજાને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે, પણ એકબીજામાં કોઈનો પ્રવેશ નથી. એમ સમજે તો એક જીવ બીજાને મારી શકે અથવા બચાવી શકે એવી તાકાત કોઈ જીવમાં નથી એમ નિર્ણય થાય. દરેક દ્રવ્યનાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્યરૂપ ત્રણ અંશો પોતામાં છે. એકને લીધે બીજામાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય નથી. આમ સ્વંતત્ર સમજે તો પરથી છૂટો પડી દ્રવ્ય તરફ વળવાનો અવસર રહે છે.

(૫) **પ્રત્યેક** : એક શરીરમાં એક જીવ રહે છે તે નિમિત્તનું કથન છે. દરેક પદાર્થ પોતાનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી છે ને પરનાં દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવથી નથી. ગતિ, લેશ્યા, કષાય આદિના જે પરિણામ થાય છે તે કર્મને લીધે અથવા શરીરને લીધે નથી પણ પોતાના કારણે છે. વળી જીવના પરિણામને લીધે શરીર આવે છે એમ પણ નથી, ને કર્મને લીધે શરીર આવે છે એમ પણ નથી. કર્મ કાર્મણના પરમાણુ છે ને શરીર ઔદારિકના પરમાણુ છે. પ્રત્યેક વનસ્પતિ જીવનો ભેદ પોતાના કારણે છે તો કર્મને અને શરીરને નિમિત્ત કહેવાય છે. રાગ–દ્વેષ મારાથી થાય છે, તે મારો ભેદ છે એમ જ્ઞાન કરી અંશ જેટલો હું નથી. હું તો ત્રિકાળી શુદ્ધ દ્રવ્ય છું એમ જ્ઞાન કરી દ્રવ્યનો આશ્રય લ્યે તો સમ્યગ્દર્શન થાય છે. નિમિત્તમાંથી, રાગમાંથી કે પર્યાયમાંથી સમ્યગ્દર્શન થતું નથી.

'નિયમસાર' ને 'સમયસાર'માં એમ કહ્યું કે જીવના વ્યવહારરત્નત્રયના પરિણામ જડ છે, પુદ્‌ગલના છે, કેમ કે શુદ્ધ સ્વભાવમાંથી તે પરિણામો નીકળી જાય છે માટે હેય છે. શુદ્ધ ચૈતન્યસ્વભાવ એક જ આદરણીય છે.

અહીં 'પંચાસ્તિકાય'માં કહે છે કે રાગાદિ પરિણામ તારી યોગ્યતાથી થાય છે. તે જીવનો ભેદ છે. એમ કબૂલ કરે તો અભેદની દૃષ્ટિ થાય છે.

**પ્રશ્ન** : તો પહેલાં ક્યું પુસ્તક વાંચવું ? 'સમયસાર' કે 'પંચાસ્તિકાય' ?

**સમાધાન** : પર્યાય પોતાનો છે એમ અંશનું સાચું જ્ઞાન ત્યારે જ થાય છે કે જો પોતા તરફ વળે તો. ઉપશમ, ઔદયિક, ક્ષયોપશમ કે ક્ષાયિક કોઈ પણ ભાવની પર્યાય સ્વતંત્ર થાય છે એમ પ્રથમ વ્યવહારજ્ઞાન કરે છે પણ અંશી દ્રવ્યસ્વભાવના જ્ઞાન વિના પર્યાયનું જ્ઞાન યથાર્થ કહેવાતું નથી. દ્રવ્યાનુયોગમાં દૃષ્ટિપ્રધાન કથનમાં રાગને અસદ્‌ભૂતવ્યવહારનયનો વિષય કહ્યો છે ને અભૂતાર્થ કહ્યો છે. 'પંચાસ્તિકાય'માં જ્ઞાનપ્રધાન કથનમાં રાગાદિ પરિણામને અશુદ્ધનિશ્ચયનો વિષય કહ્યો છે ને તે સમય પૂરતો ભૂતાર્થ છે તે વ્યવહારના વિષયનું જ્ઞાન કરવું જોઈએ. તેને પરતંત્ર માને તે તો સ્થૂલ ભૂલમાં છે, તેથી તેને એક સમય પૂરતો ભૂતાર્થ કહ્યો છે. તે તારી પર્યાયમાં તારા કારણે થાય છે પણ તે રાગ વ્યવહારનો વિષય છે, તે જ્ઞેય છે પણ રાગ અથવા વ્યવહારના આશ્રયે ધર્મ થતો નથી તેથી અનિત્ય–ભૂતાર્થને ગૌણ કરી, નિશ્ચયની દૃષ્ટિમાં તેને અભૂતાર્થ કહ્યો છે. ને ત્રિકાળી એકરૂપ સ્વભાવને ભૂતાર્થ કહ્યો છે.

'સમયસાર' ગાથા ૧૧માં કહ્યું છે :

**'વ્યવહારનય અભૂતાર્થ દર્શિત, શુદ્ધનય ભૂતાર્થ છે;**
**ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે.'**

પર્યાયની સ્વતંત્રતા સ્વીકારે તેને ત્રિકાળી સ્વભાવનું યથાર્થ જ્ઞાન થાય છે. પર્યાયમાં વિવિધતા ને વિચિત્રતા છે તે મારો ભેદ છે એમ નક્કી કર્યા વિના દ્રવ્યનું સાચું જ્ઞાન થતું નથી.

**પ્રશ્ન** : પહેલાં ક્યું જ્ઞાન કરવું ?

**સમાધાન** : ભૂતાર્થ ત્રિકાળી શુદ્ધ છું એમ નિશ્ચયનું જ્ઞાન કર્યા વિના પર્યાયનું જ્ઞાન યથાર્થ કહેવાતું નથી. અભેદ વિના ભેદ કોનો ? વિકાર સ્વતંત્ર થાય છે એમ સાધારણ નક્કી કરે પણ

સ્વભાવનું જ્ઞાન કર્યા વિના રાગાદિ પર્યાયનું જ્ઞાન યથાર્થ નથી. મારું જ્ઞાન મારા અખંડ શુદ્ધ સ્વભાવમાંથી આવે છે એમ નક્કી કરતાં જે સ્વ–પરપ્રકાશક જ્ઞાન પ્રગટે છે, તે જ્ઞાન જાણે છે કે આવા પ્રકારના વ્યવહારરત્નત્રયના શુભરાગ પર્યાયમાં વર્તે છે ને આવાં નિમિત્તો છે પણ સમ્યગ્દર્શન કે સમ્યગ્જ્ઞાન નિમિત્તો કે રાગમાંથી આવતું નથી પણ દ્રવ્યના આશ્રયે પ્રગટે છે. પણ જીવ પરિપૂર્ણ વીતરાગ ન થાય ત્યાં સુધી સાધકદશામાં શુભ રાગ આવે છે. વીતરાગ ભગવાન પરિપૂર્ણ થઈ ગયા તેમને નય નથી. અજ્ઞાનીને નય નથી, સાધકને નય છે. સાધક જીવ નયજ્ઞાનથી ચોથે, પાંચમે, છઠ્ઠે જે પ્રકારના શુભરાગનો વ્યવહાર હોય છે તેને જાણી લ્યે છે. જડની પર્યાય વ્યવહાર નથી.

આમ નિશ્ચયદૃષ્ટિ જેને થઈ છે કે શરીર, કર્મ વગેરે પર છે ને રાગ મારું સ્વરૂપ નથી, હું તો શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું એવા નિશ્ચયના ભાનવાળાને જે રાગ–દ્વેષાદિના પરિણામ વર્તે છે તેને 'સમયસાર'માં વ્યવહાર કહ્યો છે, પણ નિશ્ચયના ભાવ વિના વ્યવહાર કહેવાતો નથી. 'સમયસાર'માં જે રાગાદિ પરિણામને વ્યવહાર કહ્યો છે તેને અહીં અશુદ્ધનિશ્ચયથી પોતાના છે, એમ કહી જ્ઞાન કરાવે છે.

(૬) **સાધારણ** : નિત્યનિગોદના જીવો પોતાના પ્રચુર માઠાં પરિણામોને કારણે નિગોદમાં રહ્યા છે. કર્મને લીધે નિગોદપણું છે એમ નથી.

**પ્રશ્ન** : તો પછી એકાંત થઈ જાય છે.

**સમાધાન** : જીવ પોતાથી છે ને પરથી નથી એ જ અનેકાંત છે. પોતાના ધર્મો પોતામાં છે ને પરના ધર્મો પરમાં છે.

એક વસ્તુમાં વસ્તુપણાની નિપજાવનારી (અસ્તિ–નાસ્તિ આદિ) પરસ્પર વિરુદ્ધ બે શક્તિઓનું પ્રકાશવું તે અનેકાંત છે. પોતાની વિરુદ્ધ શક્તિઓ અસ્તિ–નાસ્તિ આદિ પોતામાં છે.

અજ્ઞાની જીવો કહે છે કે સંજ્ઞી જીવોને મન છે માટે પુરુષાર્થ કરી શકે છે પણ અસંજ્ઞી જીવોને મન નથી માટે ત્યાં કર્મનું જોર છે માટે પુરુષાર્થ કરી શકતા નથી, તો તે વાત ખોટી છે. દરેક જીવ પુરુષાર્થ પોતાના કારણે કરે છે. મન છે તો પુરુષાર્થ કરે છે એમ નથી ને મનનો અભાવ છે માટે પુરુષાર્થ અટકે છે એમ પણ નથી.

આ જૈનદર્શન છે. સર્વજ્ઞે વસ્તુ બનાવી નથી. વસ્તુ જેવી છે તેવી જોઈ છે ને વાણી દ્વારા આવી છે. વસ્તુ વસ્તુના કારણે છે. સર્વજ્ઞ સર્વજ્ઞના કારણે છે. નિત્યનિગોદનો જીવ જે હજુ સુધી ત્રસ પણ થયો નથી તે પોતાના કારણે છે. વળી શરીરમાં અનંતા જીવો રહે, શ્વાસ, આહાર, એકીસાથે લ્યે, એમ જે કથન આવે છે તે વ્યવહારનું કથન છે. શરીર, શ્વાસ, આહાર વગેરે ભેદો પુદ્‌ગલના છે. જીવના ભેદ નથી. પોતાના કારણે નિત્ય કે વ્યવહાર નિગોદરૂપે રહ્યો છે. જો પર્યાય પરથી માનવામાં આવે તો પર્યાય પોતાની રહેતી નથી તેથી દ્રવ્ય પર્યાયવિનાનું થઈ જાય છે. આમ માનતાં જ્ઞાન ખોટું ઠરે છે.

અહીં પ્રથમ નિમિત્તથી ભેદજ્ઞાન કરાવે છે. આત્મામાં શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર વગેરે ત્રિકાળ ગુણો છે તેની જેટલી પર્યાય તેટલા સમયો છે ને જેટલા સમયો તેટલી પર્યાયો છે. મિથ્યાત્વ, અજ્ઞાનાદિના ભાવ પોતાના કારણે છે, દર્શનમોહના કારણે નથી. જડકર્મને લીધે તે ભાવ થાય

તો કર્મ ઉપર જોવાનું રહે પણ પોતાના સ્વ-ચતુષ્ટય સામે જોવાનું રહેતું નથી. તેવા જીવને ધર્મ થતો નથી.

વનસ્પતિકાયના જીવને મિથ્યાત્વ, અજ્ઞાન, અસંયમ, ગતિનો ભાવ વગેરે જે પરિણામ થાય છે તે તેના અસંખ્યપ્રદેશમાં થાય છે, એમ ક્ષેત્ર એક છે પણ કાળ એક સમયનો છે. જ્ઞાન-દર્શનાદિ જે ગુણો છે તે અસંખ્યપ્રદેશમાં છે પણ તે ત્રિકાળ છે. આમ રાગ એક સમયનો હોવા છતાં તે પોતાના કારણે છે, જડમાં નથી તેમ જ જડના કારણે નથી, આમ સ્વતંત્ર જ્ઞાન કરવું જોઈએ.

વળી નિગોદમાંથી નીકળીને કોઈ જીવ મનુષ્ય થાય તો કર્મ મંદ પડ્યું માટે મનુષ્ય થયો એમ નથી, પણ પોતાના કારણે ઊંચો આવે છે. જેમ દ્રવ્ય-ગુણ સ્વતંત્ર છે તેમ પર્યાય પણ સ્વતંત્ર છે, તેનો કોઈ કર્તા નથી. આ ગાથામાં શબ્દો થોડા છે પણ પાછળ ભાવ ઘણો છે. કુંદકુંદાચાર્ય તથા અમૃતચંદ્રાચાર્ય ભાવલિંગી સમર્થ આચાર્ય હતા. પોતાના સ્વભાવના આશ્રયે ત્રણ કષાયોનો નાશ કર્યો છે ને કર્મોનો તો એના કારણે નાશ થયો છે. એવા ચારિત્રવંત મુનિઓને વિકલ્પ ઊઠેલ છે ને પુસ્તકની રચના પુસ્તકના કારણે થઈ છે. આચાર્ય કહે છે કે અમારાથી પુદ્ગલમાં કાંઈ થતું નથી ને પુદ્ગલથી અમારામાં ભેદ પડતો નથી. તેઓ કહે છે કે ભાઈ, દરેક જીવના પરિણામ પોતાથી થાય છે. આ તારી સ્વતંત્રતાની વાત થાય છે. નિગોદમાં ત્રણ ભાવો હોય છે. પારિણામિક ભાવ ત્રિકાળી છે, ને ઔદયિક ને ક્ષયોપશમભાવ પર્યાયમાં છે, તે નિગોદનો જીવ સ્વતંત્ર કરે છે.

(૧) જો ઉદયભાવ ન હોય તો સિદ્ધદશા થઈ જાય,

(૨) જો જ્ઞાનાદિનો ક્ષયોપશમભાવ ન હોય તો કેવળદશા થઈ જાય,

(૩) જો ત્રિકાળી પરિણામિકભાવ ન હોય તો જીવનો અભાવ થઈ જાય.

તત્ત્વાર્થસૂત્રમાં રાગાદિ ઔદયિકભાવને સ્વતત્ત્વ કહેલ છે ને 'સમયસાર'માં રાગાદિને પરતત્ત્વ કહેલ છે. 'સમયસાર'માં દૃષ્ટિપ્રધાન કથન છે, વિકાર છૂટી જાય છે તેથી તેને પરતત્ત્વ કહેલ છે. વળી જડ પદાર્થોને તો આત્મા છોડતો નથી; કેમ કે તેને કદી ગ્રહ્યા જ નથી. પણ રાગને આત્મા છોડે છે અથવા નાશ કરે છે એમ કહેવું તે વ્યવહાર છે. જે સમયે રાગનો ઉત્પાદ છે તેનો તે સમયે કેવી રીતે નાશ કરવો ? ને જે રાગ નથી તેનો શું નાશ કરવો ? સ્વભાવ-દૃષ્ટિપૂર્વક લીનતા થતાં રાગ ઉત્પન્ન ન થયો ત્યારે રાગને છોડ્યો અથવા નાશ કર્યો એમ કથન કરવામાં આવે છે.

અહીં સાધારણ વનસ્પતિકાયના જીવની વાત ચાલે છે. 'ગોમ્મટસાર'માં ગાથા-૧૯૭માં લખાણ છે કે **'भावकलङ्कसुपउरा'** નિગોદના જીવો પોતાના ઘણા પ્રચુર માઠા પરિણામને લીધે નિગોદ અવસ્થાને છોડતા નથી એટલે કે ત્યાં ને ત્યાં રહે છે.

**પ્રશ્ન** : કર્મનો પ્રભાવ જીવમાં પડે ને ?

**સમાધાન** : ના. એક દ્રવ્યનો બીજા દ્રવ્યમાં અભાવ છે, જે અભાવરૂપ હોય તે અસર કેવી રીતે કરે ? જો અસર કરે તો ભાવરૂપ થઈ જાય છે. અભાવ રહેતો નથી. એક સ્કંધની પર્યાયમાં

એક પરમાણુની પર્યાય બીજાને અડતી નથી. બે ગુણ અધિક હોય તો સ્કંધરૂપ થાય છે, તો પછી એક દ્રવ્ય બીજા દ્રવ્યમાં પ્રભાવ પાડે તે અસંભવિત છે. કોઈ પણ કાર્ય પર્યાયમાં થાય છે, દ્રવ્ય–ગુણમાં કાર્ય થતું નથી. જો કાર્ય પરતંત્ર માન્યા કરે તો સ્વતંત્ર થવાનો અવસર રહેતો નથી માટે અહીં સ્વતંત્રતાનું જ્ઞાન કરાવે છે.

(૭) **બેઇન્દ્રિય** : બેઇન્દ્રિય શરીર તે જીવ નથી. ભાવ બેઇન્દ્રિયપણું જીવનો ભેદ છે; વળી જ્ઞાનાવરણીયકર્મના ક્ષયોપશમને લીધે જ્ઞાનનો ઉઘાડ નથી. વળી નામકર્મને લીધે બેઇન્દ્રિયનું શરીર નથી, કાર્મણશરીરના પરમાણુ છે, ઇન્દ્રિય ઔદારિકના પરમાણુ છે, બન્નેની જાત જુદી છે. એક પરમાણુની પર્યાય બીજા પરમાણુની પર્યાયને બનાવતી નથી. તો કર્મપરમાણુથી કે શરીરના પરમાણુથી આત્મામાં કાર્ય થાય તેમ બને નહિ. બધા સ્વતંત્ર છે. આમ સ્વતંત્ર જ્ઞાન કરી, રાગ જેટલો હું નથી, હું તો જ્ઞાતા છું એમ ભાન કરવું તે ધર્મ છે. આવા ભાન વિના વ્રત, તપ બધાં એકડા વિનાનાં મીંડાં જેવાં છે.

(૮) **તેઇન્દ્રિય** : અંદર ત્રણ ભાવઇન્દ્રિયનો ઉઘાડ થયો તે જીવનો ભેદ છે. પોતાના જ્ઞાનનો ઉત્પાદ પોતાના કારણે છે ને જ્ઞાનાવરણીયકર્મનો ક્ષયોપશમ કર્મના કારણે છે.

**પ્રશ્ન** : પુદ્‌ગલમાં ને જીવમાં એક સમયે એકસરખું પરિણમન થાય છે માટે ભ્રમ પડે છે?

**ઉત્તર** : ના. પોતાના અજ્ઞાનના કારણે ભ્રમ પડે છે. સૂર્ય ઊગે છે ને કમળ ખીલે છે, પવન આવે છે ને પાણીમાં તરંગ ઊઠે છે. બધા એકસાથે હોવા છતાં કોઈને લીધે કોઈ નથી. કોઈ કોઈમાં પ્રભાવ પાડે કે પ્રેરણા કરે એમ બનતું નથી, કોઈ પર્યાય નહોતી થવાની ને થાય છે એમ પણ નથી. જીવ ને પુદ્‌ગલાદિ દરેક પદાર્થની જે સમયે જે પર્યાય થવાની તે થવાની છે. જીવનો ભેદ જીવમાં, ને પુદ્‌ગલનો ભેદ પુદ્‌ગલમાં છે, આમ ભેદ સમજે તો દ્રવ્યદષ્ટિ થવાનો અવકાશ રહે છે.

(વીર સસંવત, ૨૪૭૮ ચૈત્ર સુદ–૧૦, શુક્રવાર)

આત્મા સામાન્યસ્વભાવે એકરૂપ છે ને વિશેષરૂપના ભેદ પડે છે તે પોતાના કારણે પડે છે. નિમિત્તને લીધે ભેદ પડતો નથી. અહીં દસ પ્રકારના જીવના ભેદની વાત ચાલે છે.

(૯) **ચતુરિન્દ્રિય** : જીવ ચતુરિન્દ્રિયપણે થયો છે તે પોતાની લાયકાતથી થયો છે. કર્મના કારણે જીવ ચતુરિન્દ્રિયપણે થયો નથી તેમ જ ચાર ઇન્દ્રિયો છે માટે જીવ ચતુરિન્દ્રિય છે એમ નથી. જીવ પોતાના કારણે તે રૂપ થયો છે. જડ પરમાણુને લીધે જીવમાં ભેદ પડતો નથી. માખી, પતંગિયાં વગેરે જીવોનાં શરીર ઊંચાં ચાલે માટે તેનો જીવ ઊંચો ચાલે છે એમ નથી. શરીર શરીરના કારણે ને આત્મા આત્માના કારણે ઊંચો જાય છે.

(૧૦) **પંચેન્દ્રિય** : નારકી, દેવ, મનુષ્ય, તિર્યંચના શરીર દેખાય છે તે પંચેન્દ્રિય જીવ નથી. અંતરમાં જ્ઞાનનો વિકાસ–ઉઘાડ છે તે પોતાનો ભેદ છે. ઉઘાડ છે માટે પાંચ ઇન્દ્રિયો મળી છે એમ નથી. ને પાંચ ઇન્દ્રિયો મળી છે માટે ઉઘાડ છે એમ નથી. પાંચ ઇન્દ્રિયો પુદ્‌ગલનો સ્કંધ

છે, તે પુદ્‌ગલના કારણે છે. જીવનું ભાવપંચેન્દ્રિયપણું જીવના કારણે છે, કોઈના કારણે કોઈ નથી.

માણસો કહે છે કે પાંચ ઇન્દ્રિયોને વશ કરવી તે ધર્મ છે. પણ ભાઈ, કઈ પાંચ ઇન્દ્રિયો ? આ પાંચ ઇન્દ્રિયો દેખાય છે તે તો જડ છે, તેને વશ કરું છું એમ માનવું તે મિથ્યાભાવ છે. જીવ તેને વશ કરી શકતો નથી. ભાવપાંચઇન્દ્રિયો પોતપોતાના વિષયો તરફ ખંડખંડ વળે છે તેને અખંડ સ્વભાવનાં શ્રદ્ધા-જ્ઞાન તરફ વાળીને અખંડ જ્ઞાન ઉપયોગ કરવો તે પાંચ ઇન્દ્રિયોનું જીતવાપણું છે.

હું જ્ઞાયક છું એવા સ્વભાવમાં એકાગ્ર થતાં ભાવેન્દ્રિય વશ થાય છે. જડ ઇન્દ્રિયોને વશ કરવી પડતી નથી. આમ, દસ પ્રકાર જીવના કહ્યા.

દરેક ભેદ જીવના કારણે છે. અજ્ઞાની જીવ રાગ-દ્વેષ, ઉપશમ, ક્ષાયિક ભાવ વગેરે કર્મથી માને છે પણ આચાર્ય કહે છે કે દરેક પર્યાય સ્વતંત્ર છે એમ માને તો દ્રવ્ય સ્વતંત્ર માનવાની શ્રદ્ધા પ્રગટે. ૭૧--૭૨.

---

**पयडिट्ठिदिअणुभागप्पदेसबंधेहिं सव्वदो मुक्को।**
**उड्ढं गच्छदि सेसा विदिसावज्जं गदिं जंति ।।७३।।**

**प्रकृतिस्थित्यनुभागप्रदेशबंधैः सर्वतो मुक्तः।**
**ऊर्ध्वं गच्छति शेषा विदिग्वर्जां गतिं यांति ।।७३।।**

**પ્રકૃતિ-સ્થિતિ-પરદેશ-અનુભવબંધથી પરિમુક્તને**
**ગતિ હોય ઊંચે; શેષને વિદિશા તજી ગતિ હોય છે. ૭૩.**

**અન્વયાર્થ** : (प्रकृतिस्थित्यनुभागप्रदेशबंधैः) પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધથી (सर्वतः मुक्तः) સર્વતઃ મુક્ત જીવ (ऊर्ध्वं गच्छति) ઊર્ધ્વગમન કરે છે; (शेषाः) બાકીના જીવો (ભવાંતરમાં જતાં) (विदिग्वर्जां गतिं यांति) વિદિશાઓ છોડીને ગમન કરે છે.

---

**तात्पर्यवृत्ति** : अथ मुक्तस्योर्ध्वगतिः संसारिणां मरणकाले षड्गतय इति प्रतिपादयति, - **पयडिट्ठिदिअणुभाग-पदेसबंधेहिं सव्वदो मुक्को** प्रकृतिस्थित्यनुभागप्रदेशबंधैर्विभावरूपैः समस्तरागादिविभावरहितेन शुद्धात्मानुभूतिलक्षणध्यानबलेन सर्वतो मुक्तोपि **उड्ढं गच्छदि** स्वाभाविकानंतज्ञानादिगुणैर्युक्तः सन्नेकसमयलक्षणाविग्रहगत्योर्ध्वं गच्छति **सेसा** शेषाः संसारिणो जीवाः **विदिसावज्जं गदिं जंति** मरणान्ते विदिग्वर्ज्यां पूर्वोक्तषट्कापक्रमलक्षणमनुश्रेणिसंज्ञां गतिं गच्छन्ति इति। अत्र गाथासूत्रे 'सदसिव संखो मंडलि बुद्धो णइयाइगो य वइसेसा। ईसर मस्सरि पूरण विदूसणट्ठं कयं अट्ठं' इति गाथोक्ताष्टमतांतरनिषेधार्थे 'अट्ठविहकम्मवियला सीदीभूदा णिरंजणा णिच्चा। अट्ठगुणा किदकिच्चा लोयग्गणिवासिणो सिद्धा' इति द्वितीयगाथोक्तलक्षणं सिद्धस्वरूपमुक्तमित्यभिप्रायः ।।७३।।

**समयव्याख्या : बद्धजीवस्य षड्गतयः कर्मनिमित्ताः। मुक्तस्याप्यूर्ध्वगतिरेका स्वाभाविकीत्यत्रोक्तम् ।।७३।।**

**- इति जीवद्रव्यास्तिकायव्याख्यानं समाप्तम्।**

**અનુવાદ : બદ્ધ જીવને કર્મનિમિત્તક ષડ્વિધ ગમન (અર્થાત્ કર્મ જેમાં નિમિત્તભૂત છે એવું છ દિશાઓમાં ગમન) હોય છે; મુક્ત જીવને પણ સ્વાભાવિક એવું એક ઊર્ધ્વગમન હોય છે. – આમ અહીં કહ્યું છે. ૭૩.**

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ–૧૦, શુક્રવાર)

જે જીવ સિદ્ધદશા પામે છે તે ઊર્ધ્વગતિથી જાય છે ને જે સંસારી છે તે છ દિશામાં જાય છે. જીવ મુક્ત હોય કે સંસારી હોય પણ પોતાના કારણે ગમન કરે છે. કર્મના કારણે ગમન કરતો નથી.

શુદ્ધજીવ ચાર પ્રકારના બંધોથી છૂટે છે. કર્મોનો સ્વભાવ તે પ્રકૃતિ, કર્મોને રહેવાની સ્થિતિ તે સ્થિતિ, કર્મના પરમાણુની સંખ્યા તે પ્રદેશ અને ફળદાન શક્તિ તે અનુભાગ – આ ચાર પ્રકારના બંધોથી સર્વાંગ અસંખ્યપ્રદેશોથી છૂટીને શુદ્ધજીવ સિદ્ધગતિને પ્રાપ્ત કરે છે, એક સમયમાં ઊર્ધ્વગતિના સ્વભાવથી મોક્ષસ્થાને પહોંચી જાય છે.

**ભાવાર્થ** : જે જીવ આઠે કર્મોથી રહિત થાય છે તે એક સમયમાં પોતાના ઊર્ધ્વગતિ સ્વભાવથી શ્રેણીબદ્ધ પ્રદેશો દ્વારા મોક્ષસ્થાનમાં પહોંચી જાય છે. સંસારીનો સ્વભાવ છ દિશામાં જવાનો છે ને સિદ્ધનો સ્વભાવ એક સમયમાં લોકાગ્રે જવાનો છે.

જયસેન આચાર્યે ટીકામાં લખેલ છે કે 'एकसमयलक्षणाविग्रहगत्योर्ध्वं गच्छति' =ઊર્ધ્વગમન–અવિગ્રહગતિનો સમય જ એક છે, એક સમય જ તેનું લક્ષણ છે, તે લોકાગ્રે રોકાય છે તે પોતાના કારણે રોકાય છે, ઊર્ધ્વ ચાલ્યો જ જાય એવો એનો સ્વભાવ નથી, એક જ સમય ઊર્ધ્વગમન કરવાનો સ્વભાવ છે. શુદ્ધજીવ જે જગ્યાએ મુક્તદશા પામે છે ત્યાંથી સમશ્રેણીએ ઊર્ધ્વ જાય છે ને લોકાગ્રે બિરાજે છે. ધર્માસ્તિકાયનો અભાવ છે માટે સિદ્ધો લોકથી આગળ જઈ શકતા નથી, એમ નથી. પોતાના કારણે જતા નથી, એવો સ્વભાવ છે ને ત્યારે ધર્મદ્રવ્યનો અભાવ નિમિત્ત છે. નિમિત્ત બતાવવું હોય ત્યારે એમ કહેવાય કે ધર્મદ્રવ્યના અભાવને લીધે સિદ્ધો અલોકમાં જતા નથી. અહીં સિદ્ધનો સ્વતંત્ર સ્વભાવ બતાવે છે. જો ધર્માસ્તિકાયના અભાવને લીધે જીવ અટકી જાય તો તે જીવનો ભેદ રહેતો નથી, અજીવનો ભેદ થઈ જાય છે. અહીં સિદ્ધની ઊર્ધ્વગમનની પર્યાય સ્વતંત્ર બતાવી જીવનો ભેદ બતાવવો છે.

બાકીના સંસારી જીવો તે નિગોદથી પંચેન્દ્રિય સુધીના જીવોનો ચાર ખૂણા છોડીને ઊર્ધ્વ, અધો, પૂર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ એમ છ દિશામાં જવાનો સ્વભાવ છે. સ્વર્ગમાં જાય કે નરકમાં જાય તો પોતાની યોગ્યતાથી જાય છે, કર્મને લીધે જતા નથી.

સંસારી જીવ જે જુદા જુદા દેહમાં રહે છે તેટલા પ્રમાણમાં તે પોતાના કારણે રહે છે. કર્મને લીધે રહેતા નથી ને મુક્ત થાય તોપણ પોતાના કારણે થાય છે.

**ભાવાર્થ** : મોક્ષગામી જીવ ઊર્ધ્વગમન સ્વભાવથી એક સમયમાં લોકાગ્રે બિરાજે છે. તે સિવાયના સમસ્ત જીવ છ દિશામાં ગમન કરે છે. ચાર વિદિશામાં જતા નથી.

આ પ્રમાણે ૨૭મી ગાથાનું સ્પષ્ટીકરણ થયું કે જીવ કર્તા–ભોક્તા પોતાનો છે. કર્મ સહિત હો, કર્મરહિત હો, ઊર્ધ્વગમન હો કે છ દિશામાં ગમન હો, તે પોતાના કારણે છે. ૭૩.

અહીં જીવદ્રવ્યના અસ્તિકાયનું વ્યાખ્યાન પૂર્ણ થયું.

---

**खंधा य खंधदेसा खंधपदेसा य होंति परमाणू।**
**इदि ते चदुव्वियप्पा पुग्गलकाया मुणेयव्वा ।।७४।।**
**स्कंधाश्च स्कंधदेशाः स्कंधप्रदेशाश्च भवन्ति परमाणवः।**
**इति ते चतुर्विकल्पाः पुद्गलकाया ज्ञातव्याः ।।७४।।**
**જડરૂપ પુદ્‌ગલકાય કેરા ચાર ભેદો જાણવા;**
**તે સ્કંધ, તેનો દેશ, સ્કંધપ્રદેશ, પરમાણુ કહ્યા. ૭૪.**

**અન્વયાર્થ :** (ते पुद्गलकायाः) પુદ્‌ગલકાયના (चतुर्विकल्पाः) ચાર ભેદ (ज्ञातव्याः) જાણવા; (स्कंधाः च) સ્કંધો, (स्कंधदेशाः) સ્કંધદેશો, (स्कंधप्रदेशाः) સ્કંધપ્રદેશો (च) અને (परमाणवः भवन्ति इति) પરમાણુઓ.

---

**तात्पर्यवृत्ति :** इति जीवास्तिकायसंबंधे नवाधिकाराणां चूलिकाव्याख्यानरूपेण गाथात्रयं ज्ञातव्यं। एवं पूर्वोक्तप्रकारेण 'जीवोत्ति हवदि चेदा' इत्यादि नवाधिकारसूचनार्थं गाथैका, प्रभुत्वमुख्यत्वेन गाथाद्वयं, जीवत्वकथनेन गाथात्रयं, स्वदेहप्रमितिरूपेण गाथाद्वयं, अमूर्तगुणज्ञापनार्थं गाथात्रयं, त्रिविधचैतन्यकथनेन गाथाद्वयं, तदनंतरं ज्ञानदर्शनोपयोगद्वयज्ञापनार्थं गाथा एकोनविंशतिः, कर्तृत्वभोक्तृत्वकर्मसंयुक्तत्वत्रयव्याख्यानमुख्यत्वेन गाथा अष्टादश, चूलिकारूपेण गाथात्रयमिति सर्वसमुदायेन त्रिपंचाशद्गाथाभिः) पंचास्तिकायषड्द्रव्यप्रतिपादकप्रथममहाधिकारमध्ये जीवास्तिकायनामा 'चतुर्थोतराधिकारः' समाप्तः। अथानंतरं चिदानंदैकस्वभावशुद्धजीवास्तिकायादिभन्ने हेयरूपे पुद्गलास्तिकायाधिकारे गाथादशकं भवति। तद्यथा। पुद्गलस्कंदव्याख्यानमुख्यत्वेन 'खंदा य खंददेसा' इत्यादि पाठक्रमेण गाथाचतुष्टयं, तदनंतरं परमाणुव्याख्यानमुख्यत्वेन द्वितीयस्थले गाथापंचकं, तत्र पंचकमध्ये परमाणुस्वरूपकथनेन 'सव्वेसिं खंदाण' - मित्यादिगाथासूत्रमेकं। अथ परमाणूनां पृथिव्यादिजातिभेदनिराकरणार्थं 'आदेसमत्त' इत्यादि सूत्रमेकं, तदनंतरं शब्दस्य पुद्गलद्रव्यपर्यायत्वस्थापनमुख्यत्वेन 'सद्दो खंदप्पभवो' इत्यादि सूत्रमेकं। अथ परमाणुद्रव्यप्रदेशाधारेण समयादिव्यवहारकालमुख्यत्वेन एकत्वादिसंख्याकथनेन च 'णिच्चो णाणवगासो' इत्यादि सूत्रमेकं।

तदनंतरं परमाणुद्रव्ये रसवर्णादिव्याख्यानमुख्यत्वेन 'एयरस वण्ण' इत्यादि गाथासूत्रमेकं। एवं परमाणुद्रव्यप्ररूपणद्वितीयस्थले समुदायेन गाथापंचकं गतं। अथ पुद्‌गलास्तिकायोपसंहाररूपेण 'उवभोज्ज' इत्यादि सूत्रमेकं। एवं गाथादशकपर्यंतं स्थलत्रयेण पुद्‌गलाधिकारे समुदायपातनिका। तद्यथा। पुद्‌गलद्रव्यविकल्पचतुष्टयं कथ्यतेः- **खंदा य खंददेसा खंदपदेसा य होंति** स्कंदाः स्कंददेशाः स्कंदप्रदेशाश्चेति त्रयः स्कंदा भवन्ति **परमाणू** परमाणवश्च भवन्ति **इदि ते चदुव्वियप्पा पोग्गलकाया मुणेदव्वा** इति स्कंदत्रयं परमाणवश्चेति भेदेन चतुर्विकल्पास्ते पुद्‌गलकाया ज्ञातव्या इति। अत्रोपादेयभूतानंतसुखरूपाच्छुद्धजीवास्तिकायाद्विलक्षणत्वाद्धेयतत्वमिदमिति भावार्थः ।।७४।।

---

**समयव्याख्या : अथ पुद्‌गलद्रव्यास्तिकायव्याख्यानम्। पुद्‌गलद्रव्यविकल्पादेशोऽयम्। पुद्‌गलद्रव्याणि हि कदाचित्स्कंधपर्यायेण, कदाचित्स्कंधदेशपर्यायेण, कदाचित्स्कंधप्रदेशपर्यायेण, कदाचित्परमाणुत्वेनात्र तिष्ठन्ति। नान्या गतिरस्ति। इति तेषां चतुर्विकल्पत्वमिति ।।७४।।**

હવે પુદ્‌ગલદ્રવ્યના અસ્તિકાયનું વ્યાખ્યાન છે.

**અનુવાદ : આ, પુદ્‌ગલદ્રવ્યના ભેદોનું કથન છે.**

**પુદ્‌ગલદ્રવ્યો કદાચિત્ સ્કંધપર્યાયે, કદાચિત્ સ્કંધદેશરૂપ પર્યાયે, કદાચિત્ સ્કંધપ્રદેશરૂપ પર્યાયે અને કદાચિત્ પરમાણુપણે અહીં (લોકમાં) હોય છે; બીજી કોઈ ગતિ નથી. એ પ્રમાણે તેમના ચાર ભેદો છે. ૭૪.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ–૧૦, શુક્રવાર)

પુદ્‌ગલ–દ્રવ્ય–અસ્તિકાયનું વ્યાખ્યાન કરે છે જેમાં પ્રથમ પુદ્‌ગલના ભેદ કહે છે.

(૧) **પુદ્‌ગલ સ્કંધ** : એક પુદ્‌ગલ પિંડ સ્કંધ જાતિનો છે એટલે કે તે પરિણમન પુદ્‌ગલનું છે. શરીરને જીવે બનાવ્યું નથી. દાળ, ભાત, રોટલાના પરમાણુ પલટીને શરીરના સ્કંધ રૂપે થયા છે. અજ્ઞાની પર પદાર્થના ગ્રહણ–ત્યાગનો સ્વામી થાય છે ને માને છે કે મેં આટલા પદાર્થો છોડ્યા એ અજ્ઞાનભાવ છે. મુનિઓ પોતાના માટે બનાવેલ આહાર લેતા નથી. એનો અર્થ એ છે કે આહાર ઉપરનું લક્ષ છૂટી જાય છે ને આહાર તો એના કારણે છૂટી જાય છે. આહારના પુદ્‌ગલના સ્કંધનું આવવું ને છૂટું પડવું તે પુદ્‌ગલના કારણે છે, જીવના કારણે નથી.

(૨) **પુદ્‌ગલ સ્કંધદેશ** : સ્કંધનો અર્ધો ભાગ થાય તેને સ્કંધદેશ કહે છે. તે પુદ્‌ગલથી થયો છે. લાકડાના બે ટુકડા થવા કે ચોખાના બે ટુકડા થવા તે પુદ્‌ગલનો સ્કંધદેશ છે. તે પુદ્‌ગલના કારણે છે, જીવના કારણે નથી. તે ટુકડા જીવથી થયા નથી. તે પુદ્‌ગલનો સ્કંધદેશ છે. ઈશ્વરથી અથવા જીવની ઇચ્છાથી કે જ્ઞાનથી તે સ્કંધદેશ થયો નથી. કોઈ પણ સ્કંધના બે સરખા ભાગ પડે તેને પુદ્‌ગલ સ્કંધદેશ કહે છે, તે પુદ્‌ગલના કારણે થાય છે.

(૩) **પુદ્ગલ સ્કંધપ્રદેશ** : આખા સ્કંધનો ચોથા હિસ્સારૂપ સ્કંધ થાય તેને પુદ્ગલ સ્કંધપ્રદેશ કહે છે. પુદ્ગલ પોતે સ્કંધપ્રદેશરૂપ થાય છે. અજ્ઞાની જીવ પુદ્ગલનો સ્કંધ પોતાથી થયાનું અભિમાન કરે છે ને જ્ઞાની પુદ્ગલની અવસ્થાનું જ્ઞાન કરે છે.

(૪) **પુદ્ગલ પરમાણુ** : પુદ્ગલ સ્કંધમાંથી પરમાણુ છૂટો પડીને એકલો રહે તોપણ પોતાના કારણે છે. જીવના કારણે તે છૂટો પડતો નથી. અથવા એકલા પરમાણુ છૂટા પણ છે તે પણ પોતાના કારણે છે.

આ પ્રમાણે પુદ્ગલના સ્કંધો, સ્કંધનો અર્ધો ભાગ, ચોથો ભાગ કે પરમાણુ આ ચાર પ્રકાર પુદ્ગલના કારણે છે. જીવના કારણે નથી. આ પ્રકારે ચાર ભેદો 'ज्ञातव्या' – જાણવા યોગ્ય કહ્યા છે. પણ તું તેને કરી શકે છે અથવા તોડી શકે છે એમ કહ્યું નથી. માટે જીવે પુદ્ગલના કર્તાપણાનું અભિમાન છોડવું એમ કહેવાનો હેતુ છે.

અજ્ઞાની બાઈઓ ઘરની ચીજોની વહેંચણીમાં મમતા કરે છે. ભાઈઓ મજિયારાના રૂપિયાની વહેંચણીમાં મમતા કરે છે ને માને છે કે તે સ્કંધની અવસ્થા અમારાથી થાય છે. રૂપિયાની, રોટલીની, શાકની વગેરે જડ પદાર્થોની ટુકડારૂપ કે આખારૂપ અવસ્થા થવી તે તે પુદ્ગલ પરમાણુના કારણે છે. પુદ્ગલ ભેગો રહે કે છૂટો રહે, સ્કંધરૂપ થાય કે અર્ધાભાગરૂપ થાય તે પોતાના કારણે છે. જીવ તેનો કર્તા–હર્તા નથી. આમ જ્ઞાન કરે તો પુદ્ગલનું અભિમાન છૂટી જાય ને પોતે તેનો માત્ર જ્ઞાતા રહે તો ધર્મ થાય.

(વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ–૧૧, શનિવાર)

આ પદ્ગલાસ્તિકાયનો અધિકાર છે. પુદ્ગલનો સ્કંધ પુદ્ગલના કારણે થાય છે. જીવ તેનો જાણનાર છે. સ્કંધ થાય કે તેનો ભેદ થાય તે આત્માથી થતો નથી, તે પુદ્ગલના કારણે થાય છે.

**ભાવાર્થ** : પુદ્ગલદ્રવ્યનું પરિણમન ચાર પ્રકારે છે. સ્કંધ, દેશ, પ્રદેશ ને પરમાણુ એમ ચાર સિવાય બીજો કોઈ ભેદ નથી. આ સિવાય બીજો કોઈ ભેદ હોય તે આ ચાર ભેદોમાં આવી જાય છે. ૭૪.

---

**खंधं सयलसमत्थं तस्स दु अद्धं भणंति देसो त्ति।**
**अद्धद्धं च पदेसो परमाणू चेव अविभागी ।।७५।।**

स्कंधः सकलसमस्तस्तस्य त्वर्धं भणन्ति देश इति।
अर्धार्धं च प्रदेशः परमाणुश्चैवाविभागी ।।७५।।

**પૂરણ–સકળ તે 'સ્કંધ' છે ને અર્ધ તેનું 'દેશ' છે,**
**અર્ધાર્ધ તેનું 'પ્રદેશ' ને અવિભાગ તે 'પરમાણુ' છે. ૭૫.**

---

**અન્વયાર્થ :** (सकलसमस्तः) સકળ–સમસ્ત (પુદ્ગલપિંડાત્મક આખી વસ્તુ) તે (स्कंधः) સ્કંધ છે, (तस्य अर्धं तु) તેના અર્ધને (देशः इति भणन्ति) દેશ કહે છે, (अर्धार्धं च) અર્ધનું અર્ધ તે (प्रदेशः) પ્રદેશ છે (च) અને (अविभागी) અવિભાગી તે (परमाणुः एव) ખરેખર પરમાણુ છે.

---

**तात्पर्यवृत्ति :** अथ पूर्वोक्तस्कंदादिचतुर्विकल्पानां प्रत्येकलक्षणं कथयति, - **खंदं सयलसमत्थं तस्स दु अद्धं भणंति देसोत्ति अद्धद्धं च पदेसो** सकलसमस्तलक्षणः स्कंदो भवति, तदर्धलक्षणो देशो भवति, अर्द्धार्द्धलक्षणः प्रदेशो भवति। तथाहि - समस्तोपि विवक्षितघटपटाद्यखण्डरूपः सकल इत्युच्यते तस्यानंतपरमाणुपिंडस्य स्कंदसंज्ञा भवति। तत्र दृष्टांतमाह - षोडशपरमाणुपिंडस्य स्कंदकल्पना कृता तावत् एकैकपरमाणोरपनयेन नवपरमाणुपिंडे स्थिते ये पूर्वविकल्पा गतास्तेपि सर्वे स्कंदा भण्यंते, अष्टपरमाणुपिंडे जाते देशो भवति तत्राप्येकैकापनयेन पंचपरमाणुपिंडपर्यंतं ये विकल्पा गतास्तेषामपि देशसंज्ञा भवति, परमाणुचतुष्टयपिंडे स्थिते प्रदेशसंज्ञा भण्यते पुनरप्येकैकापनयेन द्व्यणुकस्कंदे स्थिते ये विकल्पा गतास्तेषामपि प्रदेशसंज्ञा भवति **परमाणू चेव अविभागी** परमाणुश्चैवाविभागीति। पूर्व भेदेन स्कंदा भणिता, इदानीं संघातेन कथ्यंते, परमाणुद्वयं संघातेन द्व्यणुकस्कंदो भवति, त्रयाणां संघातेन त्र्यणुक इत्याद्यनंतपर्यंता ज्ञातव्या। एवं भेदसंघाताभ्यामप्यनंता भवंतीति। अत्रोपादेयभूतात्परमात्मतत्वात्पुद्गलानां यद्भिन्नत्वेन परिज्ञानं तदेव फलमिति तात्पर्यं ।।७५।।

---

**समयव्याख्या : पुद्गलद्रव्यविकल्पनिर्देशोऽयम्। अनंतानंतपरमाण्वारब्धोऽप्येकः स्कंधो नाम पर्यायः। तदर्धं स्कंधप्रदेशो नाम पर्यायः। तदर्धार्धं स्कंधप्रदेशो नाम पर्यायः। एवं भेदवशात् द्व्यणुकस्कंधादनंताः स्कंधप्रदेशपर्यायाः। निर्विभागैकप्रदेशः स्कंधस्यांत्यो भेदः परमाणुरेकः। पुनरपि द्वयोः परमाण्वोः संघातादेको द्व्यणुकस्कंधपर्यायः। एवं संघातवशादनंताः स्कंधपर्यायाः। एवं भेदसंघाताभ्यामप्यनंता भवंतीति ।।७५।।**

**અનુવાદ : આ, પુદ્ગલદ્રવ્યના ભેદોનું વર્ણન છે.**

**અનંતાનંત પરમાણુનો બનેલો હોવા છતાં જે એક હોય તે સ્કંધ નામનો પર્યાય છે; તેનું અર્ધ તે સ્કંધદેશ નામનો પર્યાય છે; તે અર્ધનું જે અર્ધ તે સ્કંધપ્રદેશ નામનો પર્યાય છે. એ પ્રમાણે ભેદને લીધે (છૂટા પડવાને લીધે) દ્વિ-અણુક સ્કંધપર્યંત અનંત સ્કંધપ્રદેશરૂપ પર્યાયો હોય છે. નિર્વિભાગ–એક પ્રદેશવાળો, સ્કંધનો છેલ્લો ભાગ તે એક પરમાણુ છે. (આ રીતે ભેદથી થતા પુદ્ગલવિકલ્પોનું વર્ણન થયું.)**

**વળી, બે પરમાણુઓના સંઘાતથી (ભેગા થવાથી) એક દ્વિઅણુક–સ્કંધરૂપ પર્યાય થાય છે. એ રીતે સંઘાતને લીધે (દ્વિઅણુક–સ્કંધની માફક ત્રિઅણુક–સ્કંધ, ચતુરણુક–સ્કંધ ઇત્યાદિ) અનંત સ્કંધરૂપ પર્યાયો થાય છે. (આ રીતે સંઘાતથી થતા પુદ્ગલવિકલ્પનું વર્ણન થયું.)**

**એ પ્રમાણે ભેદ-સંઘાત બંનેથી પણ (એકીસાથે ભેદ અને સંઘાત બંને થવાથી પણ) અનંત (સ્કંધરૂપ પર્યાયો) થાય છે. (આ રીતે ભેદ–સંઘાતથી થતા પુદ્ગલવિકલ્પનું વર્ણન થયું.) ૭૫**

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ–૧૧, શનિવાર)

હવે તે ચાર પ્રકારના પુદ્‌ગલનાં લક્ષણ કહે છે.

(૧) **સ્કંધ** : પુદ્‌ગલનો સ્કંધભેદ અનંત પરમાણુનો બનેલો એક પિંડ છે, તે જીવથી થયો નથી. શરીર, વાણી, કર્મના સ્કંધની અવસ્થા જીવથી થતી નથી. રોટલી, શાક આદિના સ્કંધો મારાથી નથી, તે મારાથી ભિન્ન છે. પરનો હું કર્તા નથી, હું તો જાણનાર છું. એમ સ્વને જાણતાં પર જણાઈ જાય છે.

(૨) **સ્કંધદેશ** : પુદ્‌ગલ સ્કંધનો અર્ધો ભાગ થાય તેને સ્કંધદેશ કહે છે. એક તણખલું છે તે સ્કંધ છે, તેના બે ટુકડા થવા તે જીવથી થયા નથી. અજ્ઞાની માને છે કે તે મારાથી થયા તે અજ્ઞાનભાવ છે. પુદ્‌ગલની અવસ્થાને કરવાનો જીવનો સ્વભાવ નથી પણ તેને જાણવાનો છે. સ્કંધના અર્ધા ભાગ થવા તે આત્માથી થતા નથી, તે પુદ્‌ગલના કારણે થયેલ છે, જીવ તેનો જ્ઞાતા માત્ર છે.

(૩) **સ્કંધપ્રદેશ** : સ્કંધના અર્ધાનો અર્ધો ભાગ અથવા સ્કંધનો ચોથો ભાગ તેને સ્કંધપ્રદેશ કહે છે. તે પુદ્‌ગલથી થાય છે.

(૪) **પુદ્‌ગલપરમાણુ** : જેના બે ભાગ ન થઈ શકે તેને પુદ્‌ગલપરમાણુ કહે છે. આ પ્રમાણે પુદ્‌ગલના ચાર વિભાગ જાણવા.

કાર્મણ, તૈજસ, ઔદારિક શરીરો, દવા, વાણી, મન વગેરે જે પુદ્‌ગલપિંડો જગતમાં છે તે આ ચારમાં આવી જાય છે. મીઠાનો (નિમકનો) ભૂકો થાય છે તે આત્માથી અથવા આંગળીથી થતો નથી, પુદ્‌ગલના કારણે થાય છે. આહાર–પાણીની અવસ્થા આત્માથી થાય એમ માનવું તે મિથ્યાભાવ છે. તલમાંથી તેલ નીકળે છે તે આત્માથી નીકળતું નથી. સ્કંધ થવો, દેશ થવો, પ્રદેશ થવો કે પરમાણુ છૂટું રહે તે પુદ્‌ગલના કારણે છે. આત્માથી તે બિલકુલ થતા નથી. મૂળ ગાથામાં કહ્યું છે કે 'मुणेयव्वा=ज्ञातव्याः' આવા ચાર પ્રકારના ભેદ જાણવા યોગ્ય છે. એટલે કે આત્મા તેનો જાણનાર છે, કર્તા–હર્તા નથી.

માનસ્તંભ થશે, આ માનસ્તંભનો નકશો છે. તે પુદ્‌ગલને લીધે છે, જીવને લીધે નથી. આત્મા પુદ્‌ગલનો સ્વામી નથી તેમ જ આત્મા પુદ્‌ગલનો કર્તા નથી. બરણી, દીવાસળી, ચા વગેરે સ્કંધો છે તે તેનાથી છે છતાં મારા લીધે તે સ્કંધો છે એમ માનનાર અજ્ઞાની પુદ્‌ગલદ્રવ્યને ઉડાડે છે ને તેથી પોતાના જીવતત્ત્વને પણ ઉડાડે છે એટલે કે ખોટી શ્રદ્ધા કરે છે.

**ભાવાર્થ** : સ્કંધ, સ્કંધદેશ, સ્કંધપ્રદેશ એ ત્રણ પુદ્‌ગલસ્કંધોમાં અનંત અનંત ભેદ છે. અહીં ભેદની અપેક્ષાએ અનંતની વાત છે. સંખ્યાની અપેક્ષાએ તો ત્રણે અનંત છે પણ અહીં સંખ્યાની વાત નથી પણ તેના ભેદની વાત ચાલે છે. પરમાણુમાં એક જ પ્રકારનો ભેદ છે. પરમાણુ સંખ્યાએ અનંતા છે, પણ ભેદ એક પ્રકારનો છે.

**સ્કંધના પ્રકારો** : હવે દૃષ્ટાંત દ્વારા આ કથનને સમજાવવામાં આવે છે. આ જયસેન આચાર્યની

ટીકામાંથી લીધેલ છે. અનંતાનંત પરમાણુના સ્કંધની નિશાની સોળ અંકથી જાણવી. મોટામાં મોટા અનંતની સંખ્યાને ૧૬ની ઉપમા સમજવા માટે આપી છે. હવે તેમાંથી ૧૬ પરમાણુવાળાને ઉત્કૃષ્ટ સ્કંધ જાણવો. તેના અર્ધાથી એક પરમાણુ વધારે હોય તેને જઘન્ય સ્કંધ જાણવો. દાખલાના હિસાબે નવ પરમાણુવાળાને જઘન્ય સ્કંધ જાણવો ને દસથી પંદર પરમાણુના સ્કંધને મધ્યમ સ્કંધ જાણવો. તે અનંતા પ્રકારના સમજવા.

એક ચીજના ઉત્કૃષ્ટ સ્કંધો ને બીજી ચીજના ઉત્કૃષ્ટ સ્કંધો પરમાણુની સંખ્યા અપેક્ષાએ સરખા છે – એમ કહેવું નથી. દરેકના ઉત્કૃષ્ટ જુદા જુદા સમજવા. પણ એક સ્કંધમાં એક ઉત્કૃષ્ટ, એક જઘન્ય ને અનંતા મધ્યમ સ્કંધ હોય છે. એ રીતે અનંતા પ્રકારના ભેદ સ્કંધના જાણવા. એક ઘડો છે તેમાં પોતાની અપેક્ષાએ ઉત્કૃષ્ટનો એક ભેદ, જઘન્યનો એક ભેદ ને મધ્યમના અનંતા ભેદ જાણવા એમ દરેક સ્કંધમાં સમજવું.

આ બધા સ્કંધોના ભેદો પુદ્‌ગલને લીધે છે, જીવને લીધે નથી. શરીર ટુકડારૂપ થાઓ કે આખું રહો તે પુદ્‌ગલનો ખેલ છે. કોઈ કહે છે કે 'તમે બધું કરો છો, છતાં જીવ પુદ્‌ગલને કરતો નથી એમ માનવાનું કેમ કહો છો ?'

**સમાધાન :** ભાઈ, પુદ્‌ગલને પુદ્‌ગલ કરે છે, જીવ પુદ્‌ગલને કરતો જ નથી. આ બધા સ્કંધો થાય, અનાજના થેલા આવે–જાય, મિલો ચાલે, ઇલેક્ટ્રિક મશીનો ચાલે, તે બધાં પુદ્‌ગલના કારણે સ્કંધરૂપ થાય છે. જીવ તો માત્ર જાણનાર છે એમ અહીં કહે છે.

**સ્કંધદેશના પ્રકારો** : જે સ્કંધ હોય તેનો અર્ધો ભાગ તે ઉત્કૃષ્ટ સ્કંધદેશ જાણવો. અહીં દાખલામાં આઠ પરમાણુના સ્કંધને ઉત્કૃષ્ટ સ્કંધદેશ જાણવો. તે એક છે. ચોથા ભાગ કરતાં એક પરમાણુ વધારે હોય તેવા સ્કંધને એટલે અહીં દાખલા મુજબ પાંચ પરમાણુના સ્કંધને જઘન્ય સ્કંધદેશ જાણવો તે એક છે ને જઘન્યથી મોટાને ઉત્કૃષ્ટથી નાના એટલે દાખલા મુજબ છ ને સાત પરમાણુના સ્કંધોને મધ્યમ સ્કંધદેશ જાણવા. તે પણ અનંત પ્રકારના છે. આમ સ્કંધદેશના ઉત્કૃષ્ટ, મધ્યમ ને જઘન્ય થઈને અનંતા પ્રકાર જાણવા.

અગાઉ વાત આવેલ હતી કે જ્ઞાનસમય, શબ્દસમય ને અર્થસમય એમ ત્રણ પ્રકારના સમય છે. જે શાસ્ત્ર અથવા વાણી રાગ–દ્વેષરહિતપણે પદાર્થની સ્વતંત્રતા જાહેર કરે તથા બધા આત્મા અને પરમાણુ સ્વતંત્ર છે, રાગ આત્માનો સ્વભાવ નથી પણ આત્મા જ્ઞાનસ્વભાવી છે એમ જે જાહેર કરે તે શબ્દસમય છે. સાચાં શાસ્ત્રો છે. આનાથી વિપરીત બતાવે તે શાસ્ત્ર સાચાં નથી, તે શબ્દસમય નથી અને એવું વિપરીત માનનાર જીવ મૂઢ છે.

**પ્રશ્ન** : જે શબ્દો વિપરીતતા બતાવે તેને શબ્દસમય કેમ કહેતા નથી ?

**ઉત્તર** : લોકોમાં ભલે તેને ભાષા કહેવામાં આવે પણ તે શબ્દસમય નથી. સાચાં શાસ્ત્રો નથી. નિમિત્તથી ને રાગથી લાભ મનાવે, કેવળીને આહાર મનાવે. મુનિને વસ્ત્રપણું મનાવે તે શબ્દસમય નથી. તે કુશબ્દ અથવા કુશાસ્ત્ર છે. પૃષ્ઠ ૧૦માં વ્યાખ્યા આપી છે કે જે પંચાસ્તિકાયની રાગ–દ્વેષરહિતપણે યથાર્થ અક્ષર, પદ ને વાક્યની રચના કરે તેને દ્રવ્યશ્રુતરૂપ શબ્દસમય કહે છે, બાકીનાને કુશ્રુત કહે છે. વળી મિથ્યાત્વભાવ નષ્ટ થઈને જે યથાર્થ જ્ઞાન થાય તેને ભાવશ્રુતરૂપ જ્ઞાનસમય

કહે છે. જે જ્ઞાન વિકારરહિત આત્માને જાણતું નથી તે કુજ્ઞાન છે. સમ્યગ્જ્ઞાન દ્વારા જે પદાર્થ જાણી શકાય છે તે પદાર્થને અર્થસમય કહે છે. અહીં પદાર્થસમયની વાત ચાલે છે. પદાર્થમાં દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણે આવી જાય છે. અહીં પુદ્ગલ પદાર્થનું સ્વરૂપ બતાવે છે. પુદ્ગલનું જેવું સ્વરૂપ છે તેમ જ્ઞાન જાણે ને શાસ્ત્ર એમ કહે તો ત્રણે સાચા છે, વિપરીત જાણે તો એકે સાચા નથી.

અહીં સ્કંધદેશના ઉત્કૃષ્ટ એક, જઘન્ય એક ને મધ્યમ અનંતા એમ અનંતા પ્રકારના ભેદ સમજવા.

**સ્કંધપ્રદેશના ભેદો** : કોઈ પણ સ્કંધનો ચોથો ભાગ ઉત્કૃષ્ટ સ્કંધપ્રદેશ જાણવો. દાખલાના હિસાબે ચાર પરમાણુનો ઉત્કૃષ્ટ સ્કંધપ્રદેશ જાણવો. બે પરમાણુઓનો જઘન્ય સ્કંધપ્રદેશ જાણવો ને જઘન્યથી મોટા ને ઉત્કૃષ્ટથી નાના એટલે ત્રણ પરમાણુઓવાળા મધ્યમ સ્કંધપ્રદેશ જાણવા. આમ સ્કંધપ્રદેશના ઉત્કૃષ્ટ, મધ્યમ અને જઘન્ય થઈને અનંતા ભેદો જાણવા.

ચોપડીનું ફાટવું ચોપડીના કારણે છે, આહારાદિ સારા હોય તો લાભ થાય એમ માનનાર મૂઢ છે. પુદ્ગલના સ્કંધનું આમ થવું જોઈએ ને આવી રીતે તેને પરિણમાવવા જોઈએ એવું અભિમાન ને હઠાગ્રહ કરીશ નહિ. પુદ્ગલની અવસ્થા પુદ્ગલથી થાય છે, તારાથી થતી નથી. પુદ્ગલ તારાથી ભિન્ન છે, તું જાણનાર છો એમ સાચી દૃષ્ટિ કરવી તે ધર્મ છે.

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ–૧૧, રવિવાર)

આત્મા જ્ઞાનસ્વભાવી છે, ધર્મ કરનારે જાણવું જોઈએ કે હું આત્મા છું. પુણ્ય–પાપ વિકાર છે, શરીરાદિની ક્રિયા મારાથી બિલકુલ થતી નથી. જે એ ન જાણે તેને અધર્મબુદ્ધિ ટળતી નથી. અજ્ઞાની જીવ અભિમાન કરે છે કે મારાથી આ સુધર્યું, એમ માનવું તે જ મોટું પાપ છે.

ઘણા રજકણોના પિંડને સ્કંધ કહે છે, તેના અર્ધાભાગને સ્કંધદેશ કહે છે, સ્કંધના ચોથા ભાગને પ્રદેશ કહે છે. વળી એક સ્કંધની અપેક્ષાએ જે અર્ધો થઈને સ્કંધદેશ થાય તે વળી પોતાની અપેક્ષાએ સ્કંધ કહેવાય. એ પ્રમાણે સમજી લેવું. આમ સ્કંધ, દેશ ને પ્રદેશમાં ઉત્કૃષ્ટ, મધ્યમ ને જઘન્ય એમ અનંતા ભેદો જાણવા. ને પરમાણુ અવિભાગી છે, તેમાં ભેદકલ્પના નથી. આ પ્રમાણે ચાર પ્રકાર ભેદ દ્વારા જાણવા.

હવે પરમાણુઓ ભેગા થાય તેમાં ચાર ભેદ બતાવે છે. પરમાણુનું મળવું તેને સંઘાત કહે છે. બે પરમાણુ ભેગા થાય તેને જઘન્ય સ્કંધપ્રદેશ કહે છે. તેમાં એક એક મળવાથી ઉત્તરોત્તર પ્રદેશ, દેશ અને સ્કંધ એમ ત્રણ પ્રકારના સ્કંધો થાય છે. છેવટે ઉત્કૃષ્ટ સ્કંધ સુધી જાણવું. આવી રીતે પરમાણુ છૂટા પડે કે ભેગા થાય એમાં આ ત્રણ પ્રકારનાં સ્કંધો પરમ આગમને વિષે ગણવામાં આવ્યા છે. એક પૃથ્વીપિંડમાં ચારે ભેદ હોય છે. સકલપિંડનું નામ સ્કંધ છે, અર્ધાનું નામ સ્કંધદેશ છે, ચોથા ભાગનું નામ સ્કંધપ્રદેશ છે. અવિભાગીનું નામ પરમાણુ છે. એ પ્રમાણે ખંડખંડ કરવાથી તે ભેદોના અનંતા ભેદો થાય છે. બે પરમાણુના મિલાપથી જે સંઘાત થયો તે જઘન્ય સ્કંધપ્રદેશ છે, તેથી શરૂ કરી સકલ પૃથ્વીખંડરૂપ ઉત્કૃષ્ટ સ્કંધ સુધી પરમાણુના સંઘાતથી જે સ્કંધો થાય

તેના અનંતા ભેદ થાય છે. આવી રીતે ભેદ તથા સંઘાતથી પુદ્‌ગલની અનંતી પર્યાયો થાય છે.

પરમાણુઓ ભેગા થાય તે આત્માના વિજ્ઞાનના કારણે ભેગા થતા નથી. પુસ્તકનું ભેગું થવું, શ્લોકના અક્ષરનું લખાવું તે પુદ્‌ગલનો સ્વભાવ છે. જિનેશ્વર ભગવાનની પૂજા માટે આઠ પ્રકારની સામગ્રી મેળવવી તે આત્માના હાથની વાત નથી. જીવને શુભભાવ આવે છે, પણ શુભને લીધે જડની અવસ્થા થતી નથી. જડ પરમાણુ ભેગા થવા કે છૂટા થવા તે તેનો સ્વભાવ છે. એક પૃથ્વીપિંડના ચાર ભેદ કહ્યા તે જડના કારણે છે. તે જગતનું તત્ત્વ છે. અજ્ઞાની જીવ પરનો સ્વામી થાય છે, પરને ભેગું કરવા માંગે છે તે સંયોગી દૃષ્ટિ છે. જ્ઞાની સમજે છે કે તેની જુદી જુદી અવસ્થા પુદ્‌ગલના કારણે છે, રાગાદિના પરિણામ થાય તે મારી નબળાઈ છે તેનો પણ હું જાણનાર છું. આમ જ્ઞાતા રહેવું તે ધર્મ છે.

અજ્ઞાની જીવોને આત્મા અને જડ વચ્ચેના ભેદનું જ્ઞાન નથી ને સમજણ વગર સામાયિકના પાઠ માત્ર બોલી જાય, 'તાવકાયં ઠાણેણં મોણેણં'. પણ અર્થની ખબર નથી. ભાઈ, કાયાને તું સ્થિર રાખી શકતો નથી. કાયા જડ છે, તેનું સ્થિર રહેવું તેના કારણે છે. તું જ્ઞાનસ્વભાવી છે. એમ સમજણ કર.

બે પરમાણુના સંઘાતથી લઈ પૃથ્વીપિંડ સુધીના સંઘાતના અનંતા ભેદ છે. તે બધી પર્યાયો છે. ભેદસંઘાતથી પુદ્‌ગલની અનંતી પર્યાયો થાય છે. ૭૫.

સ્કંધોનું નામ પુદ્‌ગલ કહ્યું છે તેથી પુદ્‌ગલનો અર્થ બતાવે છે.

---

**बादरसुहुमगदाणं खंधाणं पुग्गलो त्ति ववहारो।**
**ते होंति छप्पयारा तेलोक्कं जेहिं णिप्पण्णं ।।७६।।**

**बादरसौक्ष्म्यगतानां स्कंधानां पुद्‌गलः इति व्यवहारः।**
**ते भवन्ति षट्‌प्रकारास्त्रैलोक्यं यैः निष्पन्नम् ।।७६।।**

**સૌ સ્કંધ બાદર–સૂક્ષ્મમાં 'પુદ્‌ગલ' તણો વ્યવહાર છે;**
**છ વિકલ્પ છે સ્કંધો તણા, જેથી ત્રિજગ નિષ્પન્ન છે. ૭૬.**

**અન્વયાર્થ** : (**बादरसौक्ष्म्यगतानां**) બાદર ને સૂક્ષ્મપણે પરિણત (**स्कंधानां**) સ્કંધોને (**पुद्‌गलः**) 'પુદ્‌ગલ' (**इति**) એવો (**व्यवहारः**) વ્યવહાર છે. (**ते**) તેઓ (**षट्‌प्रकाराः भवन्ति**) છ પ્રકારના છે, (**यैः**) જેમનાથી (**त्रैलोक्यं**) ત્રણ લોક (**निष्पन्नम्**) નિષ્પન્ન છે.

---

**तात्पर्यवृत्ति** : अथ स्कंदानां व्यहारेण पुद्‌गलत्वं व्यवस्थापयति, - **बादहसुहमगदाणं खंधाणं पोग्गलोत्ति ववहारो** बादरसूक्ष्मगतानां स्कंदानां पुद्‌गल इति व्यवहारो भवति। तद्यथा। यथा शुद्धनिश्चयेन सत्ताचैतन्यबोधादिशुद्धप्राणैर्योऽसौ जीवति स किल सिद्धरूपो जीवः व्यवहारेण पुनरायुःप्रभृत्यशुद्धप्राणैर्योऽसौ जीवति गुणस्थानमार्गणादिभेदेन भिन्नः सोऽपि जीवः तथा

'वर्णगंधरसस्पर्शैः पूरणं गलनं च यत्। कुर्वन्ति स्कंदवत्तस्मात्पुद्गलाः परमाणवः' इति श्लोककथितलक्षणा; परमाणवः किल निश्चयेन पुद्गला भण्यंते व्यवहारेण पुनर्द्व्यणुकाद्यनंतरपमाणुपिंडरूपाः बादरसूक्ष्मगतस्कंदा अपि पुद्गला इति व्यवह्रियंते **ते होंति छप्पयारा** ते भवन्ति षट्प्रकाराः। यैः किं कृतं ? **णिप्पण्णं जेहि तेलोक्कं** यैर्निष्पन्नं त्रैलोक्यमिति। इदमत्र तात्पर्यं - लोक्यंते जीवादिपदार्था यत्र स लोक इतिवचनात्पुद्गलादिषड्द्रव्यैर्निष्पन्नोऽयं लोकः न चान्येन केनापि पुरुषविशेषेण क्रियते ह्रीयते ध्रीयते वेति।

अथ तानेव षड्भेदान् विवृणोतिः-

**पुढवी जलं च छाया तउरिंदियविसयकम्मपाओग्गा।**

**कम्मातीदा येवं छबभेया पोग्गला होंति ।।१।।**

पृथ्वी जलं च छाया चक्षुर्विषयं विहाय चतुरिन्द्रियविषयाः कर्मपार्यायोग्याः कर्मातीता इति षड्भेदाः पुद्गला भवन्ति। ते च कथंभूताः ? स्थूलस्थूलाः स्थूलाः स्थूलसूक्ष्माः सूक्ष्मस्थूलाः सूक्ष्माः सूक्ष्मसूक्ष्माः इति। तद्यथा - ये छिन्नाः संतः स्वयमेव संधातुमसमर्थास्ते स्थूलस्थूलाः भूपर्वतादयः। ये तु छिन्नाः संतः तत्क्षणादेव संधानेन स्वयमेव समर्थास्ते स्थूलाः सर्पिस्तैलजलादयः। ये तु हस्तानादातुं देशांतरं नेतु अशक्यास्ते स्थूलसूक्ष्माः छायातपादयः, ये पुनर्लोचनविषया न भवन्ति ते सूक्ष्मस्थूलाश्चतुरिन्द्रियविषयाः। ये तु ज्ञानावरणादिकर्मवर्गणायोग्यास्ते सूक्ष्मा इन्द्रियज्ञानाविषयाः। ये चात्यंतसूक्ष्मत्वेन कर्मवर्गणातीतास्ते सूक्ष्मासूक्ष्माः कर्मवर्गणातीतेभ्यो (योग्येभ्यः) अत्यंतसूक्ष्मा द्व्यणुकस्कंदपर्यंता इति तात्पर्यं ।।७६।।

---

**समयव्याख्या : स्कंधानां पुद्गलव्यवहारसमर्थनमेतत्। स्पर्शरसगंधवर्णगुणविशेषैः षट्स्थानपतितवृद्धिहानिभिः पूरणगलनधर्मत्वात् स्कंधव्यक्त्याविर्भावतिरोभावाभ्यामपि च पूरणगलनोपपत्तेः परमाणवः पुद्गला इति निश्चीयंते। स्कंधास्त्वनेकपुद्गलमयैकपर्यायत्वेन पुद्गलेभ्योऽनन्यत्वात्पुद्गला इति व्यवह्रियंते, तथैव च बादरसूक्ष्मत्वपरिणामविकल्पैः षट्प्रकारतामापद्य त्रैलोक्यरूपेण निष्पद्य स्थितवंत इति। तथा हि - बादरबादराः, बादराः, बादरसूक्ष्माः, सूक्ष्मबादराः, सूक्ष्माः, सूक्ष्मासूक्ष्मा इति। तत्र छिन्नाः स्वयं संधानासमर्थाः काष्ठपाषाणादयो बादरबादराः। छिन्नाः स्वयं संधानसमर्थाः क्षीरधृततैलतोयरसप्रभृतयो बादराः। स्थूलोपलंभा अपि छेत्तुं भेत्तुमादातुमशक्याः छायातपतमोज्योत्स्नादयो बादरसूक्ष्माः। सूक्ष्मत्वेऽपि स्थूलोपलंभाः स्पर्शरसगंधशब्दाः सूक्ष्मबादराः। सूक्ष्मत्वेऽपि हि करणानुपलभ्याः कर्मवर्गणादयः सूक्ष्माः। अत्यंतसूक्ष्माः कर्मवर्गणाभ्योऽधो द्व्यणुकस्कंधपर्यन्ताः सूक्ष्मसूक्ष्मा इति ।।७६।।** ?

**અનુવાદ : સ્કંધોને વિષે 'પુદ્ગલ' એવો જે વ્યવહાર છે તેનું આ સમર્થન છે.**

**(૧) જેમાં ષટ્સ્થાનપતિત (છ સ્થાનોમાં સમાવેશ પામતી) વૃદ્ધિહાનિ થાય છે એવા સ્પર્શ–રસ–ગંધ–વર્ણરૂપ ગુણવિશેષોને લીધે (પરમાણુઓ) 'પૂરણ–ગલન' ધર્મવાળા હોવાથી તથા (૨) સ્કંધવ્યક્તિના (સ્કંધપર્યાયના) આવિર્ભાવ અને તિરોભાવની અપેક્ષાએ પણ (પરમાણુઓમાં) 'પૂરણ–ગલન' ઘટતાં હોવાથી પરમાણુઓ નિશ્ચયે 'પુદ્ગલો' છે. સ્કંધો તો અનેકપુદ્ગલમય એક પર્યાયપણાને**

**લીધે પુદ્‌ગલોથી અનન્ય હોવાથી વ્યવહારે 'પુદ્‌ગલો' છે, તેમ જ (તેઓ) બાદરત્વ ને સૂક્ષ્મત્વરૂપ પરિણામોના ભેદો વડે છ પ્રકારોને પામીને ત્રણ લોકરૂપે થઈને રહ્યા છે. તે છ પ્રકારના સ્કંધો આ પ્રમાણે છે :– (૧) બાદરબાદર; (૨) બાદર; (૩) બાદરસૂક્ષ્મ; (૪) સૂક્ષ્મબાદર; (૫) સૂક્ષ્મ; (૬) સૂક્ષ્મસૂક્ષ્મ. ત્યાં, (૧) કાષ્ઠપાષાણાદિક (સ્કંધો) કે જે છેદાતા થકા સ્વયં સંધાઈ શકતા નથી તે (ઘન પદાર્થો) 'બાદરબાદર' છે; (૨) દૂધ, ઘી, તેલ, જળ, રસ વગેરે (સ્કંધો) કે જે છેદાતા થકા સ્વયં જોડાઈ જાય છે તે (પ્રવાહી પદાર્થો) 'બાદર' છે; (૩) છાંયો, તડકો, અંધકાર, ચાંદની વગેરે (સ્કંધો) કે જે સ્થૂલ જણાતા હોવા છતાં છેદી, ભેદી કે (હસ્તાદિ વડે) ગ્રહી શકાતા નથી તે 'બાદરસૂક્ષ્મ' છે; (૪) સ્પર્શ–રસ–ગંધ–શબ્દ કે જે સૂક્ષ્મ હોવા છતાં સ્થૂલ જણાય છે (અર્થાત્ ચક્ષુ સિવાયની ચાર ઇન્દ્રિયોના વિષયભૂત સ્કંધો કે જે આંખથી નહિ દેખાતા હોવા છતાં સ્પર્શેંદ્રિયથી સ્પર્શી શકાય છે, જીભથી આસ્વાદી શકાય છે, નાકથી સૂંઘી શકાય છે અથવા કાનથી સાંભળી શકાય છે) તે 'સૂક્ષ્મબાદર' છે; (૫) કર્મવર્ગણા વગેરે (સ્કંધો) કે જેમને સૂક્ષ્મપણું છે તેમ જ જેઓ ઇન્દ્રિયોથી ન જણાય એવા છે તે 'સૂક્ષ્મ' છે; (૬) કર્મવર્ગણાથી નીચેના (કર્મવર્ગણાતીત) દ્વિઅણુક–સ્કંધ સુધીના (સ્કંધો) કે જે અત્યંત સૂક્ષ્મ છે તે 'સૂક્ષ્મસૂક્ષ્મ' છે. ૭૬.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮. ચૈત્ર સુદ–૧૧, રવિવાર)

અનંતા પરમાણુ ભેગા થાય. કોઈ સૂક્ષ્મ પરિણમન ધારણ કરે, જેમ કે કાર્મણ શરીર ને કોઈ સ્થૂલ પરિણમન ધારણ કરે જેમ કે ઔદારિક શરીર, તે બધાને પુદ્‌ગલ કહે છે. જે પૂર્વે સ્કંધ, દેશ, પ્રદેશ ને પરમાણુ એમ ચાર પ્રકારના ભેદ કહ્યા તેમાં પુરાવું ને ગળવું એવો સ્વભાવ છે. પુદ્=પુરાવું ને ગલ એટલે છૂટું પડવું. પોતાના કારણે પુરાય છે એટલે કે મળે છે ને છૂટા પડે છે માટે પુદ્‌ગલ કહે છે. વળી જે વધે છે – ઘટે છે તેને પુદ્‌ગલ કહે છે.

જે જીવ એમ માને છે કે મારાથી પુદ્‌ગલમાં વધારો–ઘટાડો કરી શકાય છે તે મૂઢ છે. એમ માનનારને ધર્મ તો નથી પણ 'સ્વધર્મત્યાગ' વર્તે છે. 'નિયમસાર'માં મોહીનો અર્થ 'સ્વધર્મત્યાગ' કર્યો છે. પોતાના જ્ઞાતા–દ્રષ્ટા સ્વભાવને છોડીને જડનો કર્તા–હર્તા–ભોક્તા થાય છે તેથી તેને સ્વધર્મત્યાગ વર્તે છે. તે કહેવાતો ત્યાગી પાપનો ત્યાગી નથી પણ પોતાના ધર્મનો ત્યાગી છે. પ્રથમ સાચું જ્ઞાન કરો કે આહારાદિની ક્રિયા મારાથી થતી નથી કેમ કે હું જ્ઞાન છું. પોતાના જ્ઞાનસ્વભાવની શ્રદ્ધા કરે તે શ્રદ્ધામાં સમતા છે. આવી શ્રદ્ધાની સમતા થયા પછી સ્વભાવના અવલંબને રાગનો અભાવ થઈ વીતરાગતા પ્રગટે તે ચારિત્રની સમતા છે. જેને શ્રદ્ધાની સમતાના ઠેકાણાં નથી ને પરપદાર્થો છોડવાના અભિમાન કરે ને આહારશુદ્ધિમાં સવારથી સાંજ સુધી રોકાય તે બાહ્યથી ત્યાગી દેખાતો હોવા છતાં તેને ચારિત્રની સમતા હોતી નથી તેથી તે સ્વધર્મત્યાગી છે.

અહીં બતાવ્યું કે સ્કંધોમાં વધવું–ઘટવું થયા કરે છે માટે તેને પુદ્‌ગલ કહ્યા. હવે પરમાણુને

પુદ્‌ગલ કેમ કહ્યું તે કહે છે. પોતાના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ગુણના ભેદોમાં ષટ્‌ગુણી હાનિવૃદ્ધિના પ્રભાવથી પુદ્‌ગલનામ પામે છે. એક પરમાણુમાં એક ગુણ ચીકાશ હોય, બીજે સમયે અનંતગુણી ચીકાશ થઈ જાય, દૂધના પરમાણુઓ મીઠાશમાંથી ખટાશરૂપે થઈ જાય, કોઈ થોડી મીઠાશમાંથી વધારે મીઠાશરૂપે થાય, કોઈ એકગુણ લીલો હોય તે બીજે સમયે અનંતગુણો લીલો થઈ જાય, કોઈ પરમાણુ શીતમાંથી ઉષ્ણ થાય માટે તેને પુદ્‌ગલ કહે છે, તે બધું જડથી થાય છે. આત્માની ઇચ્છાથી થતું નથી. માટે આ પુદ્‌ગલના નાટકનું જ્ઞાન કર. કેમ કે તું જ્ઞાતા છો.

વળી તે પરમાણુમાં કોઈ કાળમાં પોતાની યોગ્યતાના કારણે સ્કંધ થવાની શક્તિ છે તેમ જ કેટલાય પરમાણુ એવા છે કે જે કદી સ્કંધરૂપ થયા નથી. તોપણ તેમાં સ્કંધ થવાની યોગ્યતા છે માટે તેને પણ પુદ્‌ગલ કહે છે. તથા સ્કંધ, દેશ ને પ્રદેશ એમ ત્રણ પ્રકારના સ્કંધ છે તે અનંતા પરમાણુઓ મળીને એક પિંડરૂપ અવસ્થા ધારણ કરે છે. તે કારણથી તેમાં પણ પૂરણ–ગલન સ્વભાવ છે ને તેને પણ પુદ્‌ગલ કહેવામાં આવે છે. તે છ પ્રકારના છે. આખા જગતના પુદ્‌ગલ સ્કંધોને છ પ્રકારથી કહે છે.

**ભાવાર્થ** : પુદ્‌ગલસ્કંધો પોતાના સ્થૂલસૂક્ષ્મ પરિણામોના ભેદોથી ત્રણ લોકમાં પ્રવર્તી રહ્યા છે. તેના છ પ્રકાર બતાવવામાં આવે છે.

(૧) **બાદરબાદર** : જે પુદ્‌ગલપિંડના બે ટુકડા થયા પછી પોતાની મેળે ફરી ભેગા થતા નથી તેવા પુદ્‌ગલપિંડ બાદરબાદર સમજવા. દાખલો : પથ્થર ને લાકડાના ટુકડા થયા પછી તે ભેગા થતા નથી. તેના ટુકડા થવા તે પુદ્‌ગલના સ્વભાવથી છે ને તે ફરી ભેગા થતા નથી તે પુદ્‌ગલના સ્વભાવથી ભેગા થતા નથી. આવો પુદ્‌ગલસ્કંધનો સ્વભાવ છે.

(૨) **બાદર** : જે પુદ્‌ગલનો પિંડ ટુકડા થયા પછી પોતાની મેળે મળી જાય તેને બાદર કહે છે. દાખલો : ઘી, તેલ છૂટાં પડીને પાછાં પોતાના કારણે ભેગાં થાય એવો એનો સ્વભાવ છે. આત્માના કારણે તે જુદા થતાં નથી કે ભેગાં થતાં નથી. અહીં પુદ્‌ગલનું જ્ઞાન કરાવી તે તારાથી જુદા છે એમ કહે છે. તારાથી એમાં કાંઈ થતું નથી. વળી કાળને લીધે પણ એમાં ફેરફાર થતો નથી. એના કારણે છૂટા પડે ને ભેગા થાય તે તેનો સ્વભાવ છે ને તે બાદર સ્કંધ છે.

(૩) **બાદરસૂક્ષ્મ** : જે દેખવામાં આવે પણ હાથ વગેરેથી ગ્રહણ થઈ ન શકે તે સ્કંધને બાદરસૂક્ષ્મ કહે છે. દાખલો : સૂર્યનો તડકો, ચંદ્રમાની ચાંદની, પડછાયો વગેરે આંખોથી દેખાય છે પણ હાથથી પકડી શકાતા નથી માટે તે બાદરસૂક્ષ્મ જાણવા.

તું અસંખ્યપ્રદેશી આત્મા છો, તારાથી પુદ્‌ગલની અવસ્થા થતી નથી, તું જાણનાર છો. જેમ સૂર્ય લોકમાં પ્રકાશી રહ્યો છે તેમ જડ પ્રકાશથી વિલક્ષણ એવા કેવળજ્ઞાનરૂપી પ્રકાશથી તું ભરેલો પડ્યો છો, તું અનંતપ્રકાશી છો. અનંતા સ્કંધોને જાણી લેવાનો તારો સ્વભાવ છે. અનંતાને જાણતાં રાગ થાય એવો તારો સ્વભાવ નથી. અનંતાને જાણી લ્યે તેવો અનંત જ્ઞાનપ્રકાશની શક્તિરૂપ તું છો. વળી જેમ ચંદ્ર શીતળતા આપે છે તેમ જડ શીતળતાથી વિલક્ષણ એવી ચૈતન્ય શીતળતા–શાંતિ–ધીરજ તારામાં અનંતી છે. અનંતા પદાર્થો હોવા છતાં તે તારામાં આકુળતા ઉત્પન્ન કરી શકે નહિ. તું અનંત શક્તિવાન છે. આમ આત્મા અનંત જ્ઞાનપ્રકાશનો ને અનંત શાંતિનો ભરપૂર

ભંડાર છે.

આવું જેને ભાન નથી તે પરપદાર્થને પોતાના માને છે. એક પુદ્‌ગલદ્રવ્યની ક્રિયા મારાથી થાય એમ માનનાર અનંતા પદાર્થોનો સ્વામી થાય છે. ને પોતે અનંતી આકુળતામાં રોકાય છે તેથી તેનું જ્ઞાન સાચું થતું નથી, ને તેથી તેને અશાંતિ થાય છે, તેને અધર્મ થાય છે. પણ જે યથાર્થ જ્ઞાન કરે છે કે પુદ્‌ગલોનું પરિણમન પુદ્‌ગલના કારણે છે, પુદ્‌ગલની અનેક પ્રકારની વિવિધતાનો જ્ઞાન કરવાનો મારો સ્વભાવ છે, મારામાં અનંત જ્ઞાનપ્રકાશ ને અનંત શીતળતા ને શાંતિ છે. એમ જે શ્રદ્ધા કરે છે તને ધર્મદશા પ્રગટે છે.

(૪) **સૂક્ષ્મબાદર** : જે સ્કંધ સૂક્ષ્મ છે પરંતુ સ્થૂલ જેવા પ્રતિભાસે છે તેને સૂક્ષ્મબાદર કહે છે. દાખલો : લીમડાના કોરની ગંધ આવે છે તે ગંધ દેખાતી નથી માટે સૂક્ષ્મ પણ નાક દ્વારા ખ્યાલમાં આવે છે માટે બાદર એમ સૂક્ષ્મબાદર છે. વાણી દેખાતી નથી માટે સૂક્ષ્મ પણ કાન દ્વારા સંભળાય છે માટે સ્થૂલ એમ સૂક્ષ્મસ્થૂલનો અર્થ સમજવો. આત્મા ભાષા બોલતો નથી તેમ જ ભાષા બંધ કરી શકતો નથી. તે તો પુદ્‌ગલનો સૂક્ષ્મબાદર સ્કંધ છે.

**'તનતા મનતા વચનતા, જડતા જડસમ્મેલ,**
**લઘુતા ગુરુતા ગમનતા, યે અજીવકે ખેલ.'**

જડનું હલનચલન જડથી છે, તે બધો અજીવનો ખેલ છે. જ્ઞાની જાણે છે કે તે જડની અવસ્થા છે તેથી તેઓ તેનું અભિમાન કરતા નથી. પણ જેમ છે તેમ જાણી લ્યે છે. આમ પુદ્‌ગલના સ્કંધોને જેમ છે તેમ જાણવા ને આત્મા તેનાથી જુદો માત્ર જ્ઞાતા છે એમ જાણવું તે ધર્મ છે.

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ–૧૨, સોમવાર)

આત્મા જ્ઞાનસ્વભાવી છે. પુદ્‌ગલ જ્ઞેયોને જાણવાનો તેનો સ્વભાવ છે. પરમાણુઓ છૂટા પડે કે ભેગા થાય તેમાં આત્માનો અધિકાર નથી. શરીરાદિ દશ્યમાન રૂપી પદાર્થોનું વિવિધપણું ને વિચિત્રપણું દેખાય છે તે અંદર આત્મા ચેતન છે માટે વિવિધતા થાય છે એમ નથી. અજ્ઞાની માને છે કે મારાથી આ વિવિધતા થાય છે ને એમ માની અસત્યનું પાપ કરે છે.

અહીં સ્કંધોના છ ભેદની વાત ચાલે છે.

(૧) **બાદરબાદર** : પથ્થર, લાકડાના કટકા થાય ને કટકા થયા પછી ભેગા ન થાય એવો પુદ્‌ગલનો સ્વભાવ છે. તેને બાદરબાદર સ્કંધ કહે છે. આત્મા તેના કટકા કરી શકતો નથી.

(૨) **બાદર** : ઘી, તેલ વગેરે પ્રવાહી ચીજો જે છૂટી પડીને પાછી સ્વયં ભેગી થાય તેને બાદરસ્કંધ કહે છે, અજ્ઞાની જીવો માને છે કે અમે ઘીને ભેગું કરીએ છીએ તે અજ્ઞાન છે. ઘીનું ઓગળવું કે છૂટું પડવું તે ઘીના કારણે છે. અગ્નિના કારણે કે આત્માના કારણે નથી.

(૩) **બાદરસૂક્ષ્મ** : તડકો, ચાંદની છાયા આંખોથી દેખાય છે પણ હાથથી એક જગ્યાએથી બીજી જગ્યાએ મૂકી શકાતા નથી માટે સૂક્ષ્મ એવી રીતે બાદરસૂક્ષ્મ છે. તે કોઈના કરેલા નથી.

સ્વભાવથી થયેલા છે.

(૪) **સૂક્ષ્મબાદર** : સ્પર્શ, રસ, ગંધ ને શબ્દાદિ આંખે જણાતા નથી માટે સૂક્ષ્મ ને બીજી કોઈ ઇન્દ્રિય દ્વારા જણાય છે માટે બાદર – એમ સૂક્ષ્મબાદર જાણવા. આ ચીજ હળવી છે કે ભારે છે તે આંખથી દેખાતું નથી પણ સ્પર્શેન્દ્રિય દ્વારા ખ્યાલ આવે છે. આ ચામડી સુંવાળી છે કે કર્કશ છે તે આંખથી દેખાતું નથી પણ સ્પર્શ દ્વારા ખ્યાલ આવે છે. ખાટો, મીઠો, કડવો સ્વાદ આંખ નક્કી ન કરે માટે સૂક્ષ્મ ને જીભ દ્વારા નક્કી થાય છે માટે બાદર એમ સૂક્ષ્મબાદર, ગ્યાસતેલની ગંધના પરમાણુ દેખાતા નથી માટે સૂક્ષ્મ, પણ નાકથી જણાય છે માટે બાદર એમ સૂક્ષ્મ–બાદર સમજવું. શબ્દ આંખથી દેખાતો નથી પણ કાનથી સંભળાય છે. આ બધી અવસ્થા પુદ્‌ગલથી થઈ રહી છે. આત્માથી થતી નથી.

બાદરબાદર ને બાદર તો ઇન્દ્રિયથી ગ્રાહ્ય છે. બાદરસૂક્ષ્મ આંખથી ગ્રાહ્ય છે ને બીજી ઇન્દ્રિયથી ગ્રાહ્ય નથી, ને સૂક્ષ્મબાદર આંખથી ગ્રાહ્ય નથી, પણ આંખ સિવાયની બીજી ઇન્દ્રિયથી ગ્રાહ્ય છે. હવે ઇન્દ્રિયોથી ગ્રાહ્ય નથી એવા સ્કંધોની વાત કરે છે.

(૫) **સૂક્ષ્મ** : જે સ્કંધો ઇન્દ્રિયોથી ગ્રાહ્ય નથી એવા કર્મવર્ગણાના સ્કંધોને સૂક્ષ્મસ્કંધો કહે છે. તે કોઈ ઇન્દ્રિય દ્વારા જાણી શકાતા નથી.

(૬) **સૂક્ષ્મસૂક્ષ્મ** :કર્મવર્ગણાઓથી પણ અતિસૂક્ષ્મ બે પરમાણુ, ત્રણ પરમાણુ વગેરેના સ્કંધોને સૂક્ષ્મસૂક્ષ્મ કહે છે તે પણ ઇન્દ્રિયગ્રાહ્ય નથી.

અહીં જે ભેદો કહ્યા છે તે સ્કંધોના ભેદ છે. 'ગોમ્મટસાર'માં પુદ્‌ગલના છ ભેદ કહ્યા છે. તેમાં પાંચ બોલ ઉપર મુજબ ને છેલ્લો બોલ સૂક્ષ્મસૂક્ષ્મનો એક પરમાણુનો લીધો છે. અહીં તો છ પ્રકારના સ્કંધોની વાત લીધી છે. ૭૬.

---

**सव्वेसिं खंधाणं जो अंतो तं वियाण परमाणू।**
**सो सस्सदो असद्दो एक्को अविभागी मुत्तिभवो ।।७७।।**
**सर्वेषां स्कंधानां योऽन्त्यस्तं विजानीहि परमाणुम्।**
**स शाश्वतोऽशब्दः एकोऽविभागी मूर्तिभवः ।।७७।।**
**જે અંશ અંતિમ સ્કંધનો, પરમાણુ જાણો તેહને;**
**તે એક ને અવિભાગ, શાશ્વત, મૂર્તિપ્રભવ, અશબ્દ છે. ૭૭.**

**અન્વયાર્થ** : (**सर्वेषां स्कंधानां**) સર્વ સ્કંધોનો (**यः अन्त्यः**) જે અંતિમ ભાગ (**तं**) તેને (**परमाणुम् विजानीहि**) પરમાણુ જાણો. (**सः**) તે (**अविभागी**) અવિભાગી, (**एकः**) એક, (**शाश्वतः**) શાશ્વત, (**मूर्तिभवः**) મૂર્તિભવ (મૂર્તિપણે ઊપજનારો) અને (**अशब्दः**) અશબ્દ છે.

---

**तात्पर्यवृत्ति** : एवं प्रथमस्थले स्कंदव्याख्यानमुख्यत्वेन गाथाचतुष्टयं समाप्तं। तदनंतरं

परमाणुव्याख्यानमुख्यतया द्वितीयस्थले गाथापंचकं कथ्यते। तथाहि। शाश्वतादिगुणोपेतं परमाणुद्रव्यं प्रतिपादयति:- **सव्वेसिं खंधाणं जो अंतो तं वियाण परमाणू** यथा य एव कर्मस्कंधानामंतो विनाशस्तमेव शुद्धात्मानं विजानीहि तथा य एव षड्विधस्कंदानामंतोऽवसानो भेदस्तं परमाणु विजानीहि। **सो** स च। कथंभूतः ? **सस्सदो** यथा परमात्मा टंकोत्कीर्णज्ञायकैकस्वभावेन द्रव्यार्थिकनयेनाविनश्वरत्वात् शाश्वतः तथा पुद्गलत्वेनाविनश्वरत्वात्परमाणुरपि नित्यः, **असद्दो** यथा शुद्धजीवास्तिकायो निश्चयेन स्वसंवेदनज्ञानविषयोपि शब्दविषयः शब्दरूपो वा न भवतीत्यशब्दः तथा हि परमाणुरपि शक्तिरूपेण शब्दकारणभूतोपि व्यक्तिरूपेण शब्दपर्यायरूपो न भवतीत्यशब्दः, एक्को यथा शुद्धात्मद्रव्यं निश्चयेन परोपाधिरहितत्वेन केवलमसहायमेकं भण्यते तथा परमाणुद्रव्यमपि द्व्यणुकादिपरोपाधिरहितत्वात्केवलमसहायमेकं भवत्येकप्रदेशत्वाद्वा **अविभागी** यथा परमात्मद्रव्यं निश्चयेन लोकाकाशप्रमितासंख्येयप्रदेशमपि विवक्षिताखंडैकद्रव्यत्वेन भागाभावादविभागी तथा परमाणुद्रव्यमपि निरंशत्वेन भागाभावादविभागी। पुनश्च कथंभूतः स परमाणुः ? **मुत्तिभवो** अमूर्तात्परमात्मद्रव्याद्विलक्षणा या तु स्पर्शरसगंधवर्णवती मूर्तिस्तया समुत्पन्नत्वात् मूर्तिभव इति सूत्राभिप्रायः ।।७७।।

---

**समयव्याख्या : परमाणुव्याख्येयम्। उक्तानां स्कंधरूपपर्यायाणां योऽन्त्यो भेदः स परमाणुः। स तु पुनर्विभागाभावादविभागी, निर्विभागैकप्रदेशत्वादेकः मूर्तद्रव्यत्वेन सदाप्यविनश्वरत्वान्नित्यः, अनादिनिधनरूपादिपरिणामोत्पन्नत्वान्मूर्तिभवः, रूपादिपरिणामोत्पन्नत्वेऽपि शब्दस्य परमाणुगुण-त्वाभावात्पुद्गलस्कंधपर्यायत्वेन वक्ष्यमाणत्वाच्चाशब्दो निश्चीयत इति ।।७७।।** ?

**અનુવાદ : આ, પરમાણુની વ્યાખ્યા છે.**

**પૂર્વોક્ત સ્કંધરૂપ પર્યાયોનો જે અંતિમ ભેદ (નાનામાં નાનો ભાગ) તે પરમાણુ છે. અને તે તો, વિભાગના અભાવને લીધે અવિભાગી છે; નિર્વિભાગ–એક પ્રદેશવાળો હોવાથી એક છે; મૂર્તદ્રવ્યપણે સદાય અવિનાશી હોવાથી નિત્ય છે; અનાદિ–અનંત રૂપાદિના પરિણામે ઊપજતો હોવાથી મૂર્તિપ્રભવ છે; અને રૂપાદિના પરિણામે ઊપજતો હોવા છતાં પણ અશબ્દ છે એમ નિશ્ચિત છે, કારણ કે શબ્દ પરમાણુનો ગુણ નથી તથા તેનું (શબ્દનું) હવે પછી (૭૯મી ગાથામાં) પુદ્ગલસ્કંધપર્યાયપણે કથન છે. ૭૭.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮ ચૈત્ર વદ–૧૨, સોમવાર)

હવે પરમાણુનું સ્વરૂપ કહે છે.

આ બધા જે સ્થૂલ સ્કંધો દેખાય છે તે કાર્ય છે. માટે તેનું કારણ હોવું જોઈએ. અનેકપણું કાયમ રહેતું નથી. જેમકે આ આંગળી છે, તેના છૂટા છૂટા રજકણ થાય છે. ભેગા થાય તો સ્કંધ થાય ને છૂટા થતાં થતાં છેવટ એક પરમાણુ રહે છે.

જુઓ, આ સર્વજ્ઞનું વિજ્ઞાન ! સ્કંધમાંથી છૂટો થઈને પરમાણુ રહે તો પરમાણુના કારણે રહે છે. જીવને લીધે પુદ્‌ગલમાં ફેરફાર થતો નથી.

ત્યાં વળી કોઈ એમ કહે કે અમો નિમિત્ત તો થઈએ છીએ ને ?

**સમાધાન** : કોનું નિમિત્ત ? હજી ત્યાં તો કાર્ય થયું નથી તે પહેલાં કોનું નિમિત્ત ? પુદ્‌ગલની અવસ્થારૂપ કાર્ય થાય છે ત્યારે જીવને નિમિત્ત કહેવાય છે. નિમિત્ત આગળ-પાછળ નથી, પણ એક જ સમયે છે. નિમિત્ત તો ખરા ને ? આમ પ્રશ્ન કરનારની દૃષ્ટિ સંયોગ ઉપર છે, તેથી તેને પરની સાથે એકત્વબુદ્ધિ વર્તે છે. તેને ધર્મ થતો નથી.

અહીં બતાવે છે કે સ્કંધનો અંતનો ભેદ પરમાણુ છે. તે આત્માના કારણે નથી. અહીં અંતનો ભેદ કહ્યો એટલે છઠ્ઠો ભેદ સૂક્ષ્મસૂક્ષ્મ કહ્યો છે તે સમજવો નહિ પણ અંતનો ભેદ કહેતાં છેલ્લા કટકાની એટલે કે પરમાણુની વાત છે. જે કટકામાંથી ભેદ પડે નહિ તે પરમાણુ એક જ પ્રકારનો છે, તેના બે કટકા થતા નથી.

તે પરમાણુ ત્રિકાળ અવિનાશી છે. સ્કંધોની સાથે મેળાપ થવાથી તેની એક પર્યાયથી બીજી પર્યાય થાય છે. એક પરમાણુ સૂક્ષ્મસ્કંધમાં જોડાય તો તેની સૂક્ષ્મ વિભાવપર્યાય થાય છે ને સ્થૂલમાં જોડાય તો સ્થૂલ વિભાવપર્યાય થાય છે. આમ પર્યાયમાં ફેરફાર થવા છતાં દ્રવ્યની અપેક્ષાએ પરમાણુ સદા ટંકોત્કીર્ણ નિત્ય છે.

વળી એક પરમાણુમાં શબ્દરૂપ થવાની તાકાત નથી. એક પરમાણુ બીજા અનંતા પરમાણુ સાથે ભળે તો શબ્દરૂપે થવાની શક્તિ છે. પણ એકલો પરમાણુ શબ્દ કરે એવો તેનો સ્વભાવ નથી.

અજ્ઞાની જીવો કહે છે કે અમે ભાષા બોલીએ છીએ. પણ ભાઈ, તે તારું અજ્ઞાન છે. એક પરમાણુ સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળું તત્ત્વ છે, પણ તેમાં શબ્દ થવાની તાકાત નથી. તો પછી તું આત્મા અરૂપી, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વિનાનો બોલી શકે એ અસંભવિત છે. માટે અભિમાન છોડ.

વળી શબ્દ તે પુદ્‌ગલદ્રવ્યનો ગુણ નથી. જો ગુણ હોય તો એકલા પરમાણુમાં કાયમ હોવો જોઈએ. જે કાયમ રહે તેને ગુણ કહે છે. ને જે કદાચિત્ થાય તેને પર્યાય કહે છે. પુદ્‌ગલમાં શબ્દ કાયમ રહેતો નથી, એકલા પરમાણુમાં શબ્દ નથી, માટે શબ્દ ગુણ નથી. કદાચિત્ થાય છે માટે પર્યાય છે. તેના કર્તા આત્મા નથી.

વળી પરમાણુ એકપ્રદેશી છે, છતાં તેમાં સ્કંધરૂપે થવાની લાયકાત છે માટે પરમાણુને પુદ્‌ગલાસ્તિકાય કહેવામાં આવે છે. તે પરમાણુના બે ભાગ થઈ શકતા નથી માટે નિરંશ છે. વળી તે પરમાણુ સદાકાળ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એમ ચાર ગુણો સહિત છે. સ્પર્શાદિ ગુણો તે સ્વભાવ છે ને પરમાણુ દ્રવ્ય તે સ્વભાવવાન છે. આમ ગુણ-ગુણી અભેદ છે. આત્મા તેનો જાણનાર છે, પણ તેનો કર્તા નથી. ૭૭

---

**आदेसमेत्तमुत्तो धादुचदुक्कस कारणं जो दु।**
**सो णेओ परमाणू परिणामगुणो समयसद्दो ।।७८।।**

**आदेशमात्रमूर्तः धातुचतुष्कस्य कारणं यस्तु।**
**स ज्ञेयः परमाणुः परिणामगुणः स्वयमशब्दः ।।७८।।**
**આદેશમાત્રથી મૂર્ત, ધાતુચતુષ્કનો છે હેતુ જે,**
**તે જાણવો પરમાણુ–જે પરિણામી, આપ અશબ્દ છે. ૭૮.**

**અન્વયાર્થ** : (यः तु) જે (आदेशमात्रमूर्तः) આદેશમાત્રથી મૂર્ત છે (અર્થાત્ માત્ર ભેદવિવક્ષાથી મૂર્તત્વવાળો કહેવાય છે) અને (धातुचतुष्कस्य कारणं) જે (પૃથ્વી આદિ) ચાર ધાતુઓનું કારણ છે (सः) તે (परमाणुः ज्ञेयः) પરમાણુ જાણવો – (परिणामगुणः) કે જે પરિણામગુણવાળો છે અને (स्वयम् अशब्दः) સ્વયં અશબ્દ છે.

---

**तात्पर्यवृत्ति :** इति परमाणुस्वरूपकथनेन द्वितीयस्थले प्रथमगाथा गता। अथ पृथिव्यादिजातिभिन्नाः परमाणवो न संतीति निश्चिनोति, - **आदेसमेत्तमुत्तो** आदेशमात्रमूर्तः, आदेशमात्रेण संज्ञादिभेदेनैव परमाणोर्मूर्तत्वनिबंधनभूता वर्णादिगुणा भिद्यंते पृथक् क्रियंते न च सत्ताप्रदेशभेदेन। वस्तुतस्तु य एव परमाणोरादिमध्यांतभूतप्रदेशः स एव रूपादिगुणानामपि। अथवा मूर्त इत्यादिश्यते कथ्यते न च दृष्ट्या दृश्यते तेनादेशमात्रमूर्तः, **धाउचउक्कस कारणं जो दु** निश्चयेन शुद्धबुद्धैकस्वभावैरपि पृथिव्यादिजीवैर्व्यवहारेणानादिकर्मोदयवशेन यानि पृथिव्यप्तेजोवायुधातुचतुष्कस्य शरीराणि ग्रहीतानि तिष्ठन्ति तेषामन्येषां च जीवेनागृहीतानां हेतुत्वेन निमित्तत्वाद्धातुचतुष्कस्य कारणं यस्तु **सो णेओ परमाणू** यः पूर्वं कथित एकोपि परमाणुः पृथिव्यादिधातुचतुष्करूपेण कालांतरेण परिणमति स परमाणुरिति ज्ञेयः, **परिणामगुणो** औदयिकादिभावचतुष्टयरहितत्वेन पारिणामिकगुणः। पुनः किंविशिष्टः ? **सयमसद्दो** एकप्रदेशत्वेन कृत्वानंतरपरमाणुपिंडलक्षणेन शब्दपर्यायेण सह विलक्षणत्वात्स्वयं व्यक्तिरूपेणाशब्द इति सूत्रार्थः ।।७८।।

---

**समयव्याख्याः परमाणूनां जात्यंतरत्वनिरासोऽयम्। परमाणोर्हि मूर्तत्वनिबंधनभूताः स्पर्शरसगंधवर्णा आदेशमात्रेणैव भिद्यंतेः वस्तुतस्तु यथा तस्य स एव प्रदेश आदिः, स एव मध्यं, स एवांतः इति, एवं द्रव्यगुणयोरविभक्तप्रदेशत्वात् य एव परमाणोः प्रदेशः, स एव स्पर्शस्य, स एव रसस्य, स एव गंधस्य, स एव रूपस्येति। ततः क्वचित्परमाणौ गंधगुणे, क्वचित् गंधरसगुणयोः, क्वचित् गंधरसरूपगुणेषु अपकृष्यमाणेषु तदविभक्तप्रदेशः परमाणुरेव विनश्यतीति। न तदपकर्षो युक्तः। ततः पृथिव्यप्तेजोवायुरूपस्य धातुचतुष्कस्यैक एव परमाणुः कारणं परिणामवशात्। विचित्रो हि परमाणोः परिणामगुणः क्वचित्कस्यचिद्गुणस्य व्यक्ताव्यक्तत्वेन विचित्रां परिणतिमादधाति। यथा च तस्य परिणामवशादव्यक्तो गंधादिगुणोऽस्तीति प्रतिज्ञायते, न तथा शब्दोऽप्यव्यक्तोऽस्तीति ज्ञातुं शक्यते तस्यैकप्रदेशस्यानेकप्रदेशात्मकेन शब्देन सहैकत्वविरोधादिति ।।७८।।**

**અનુવાદ : પરમાણુઓ ભિન્ન ભિન્ન જાતિના હોવાનું આ ખંડન છે.**

**મૂર્તત્વના કારણભૂત સ્પર્શ–રસ–ગંધ–વર્ણનો, પરમાણુથી આદેશમાત્ર વડે જ ભેદ કરવામાં**

**આવે છે; વસ્તુતઃ તો જેવી રીતે પરમાણુનો તે જ પ્રદેશ આદિ છે, તે જ પ્રદેશ મધ્ય છે અને તે જ પ્રદેશ અંત છે, તેવી રીતે દ્રવ્ય અને ગુણના અભિન્ન પ્રદેશ હોવાથી, જે પરમાણુનો પ્રદેશ છે, તે જ સ્પર્શનો છે, તે જ રસનો છે, તે જ ગંધનો છે, તે જ રૂપનો છે. તેથી કોઈ પરમાણુમાં ઓછો હોય, કોઈ પરમાણુમાં ગંધગુણ અને રસગુણ ઓછા હોય, કોઈ પરમાણુમાં ગંધગુણ, રસગુણ અને રૂપગુણ ઓછા હોય, તો તે ગુણથી અભિન્ન પ્રદેશવાળો પરમાણુ જ વિનાશ પામે. માટે તે ગુણની ઓછપ યુક્ત (ઉચિત) નથી. (કોઈ પણ પરમાણુમાં એક પણ ગુણ ઓછો હોય તો તે ગુણની સાથે અભિન્ન પ્રદેશવાળો પરમાણુ જ નાશ પામે; માટે બધા પરમાણુઓ સમાન ગુણવાળા જ છે, એટલે કે તેઓ ભિન્ન ભિન્ન જાતિના નથી.) તેથી પૃથ્વી, પાણી, અગ્નિ અને વાયુરૂપ ચાર ધાતુઓનું, પરિણામને લીધે, એક જ પરમાણુ કારણ છે (અર્થાત્ પરમાણુઓ એક જ જાતિના હોવા છતાં તેઓ પરિણામને લીધે ચાર ધાતુઓનાં કારણ બને છે); કેમ કે વિચિત્ર એવો પરમાણુનો પરિણામગુણ ક્યાંક કોઈ ગુણની વ્યક્તાવ્યક્તતા વડે વિચિત્ર પરિણતિને ધારણ કરે છે.**

**વળી જેવી રીતે પરમાણુને પરિણામને લીધે અવ્યક્ત ગંધાદિગુણ છે એમ જણાય છે તેવી રીતે શબ્દ પણ અવ્યક્ત છે એમ જાણી શકાતું નથી, કારણ કે એકપ્રદેશી પરમાણુને અનેકપ્રદેશાત્મક શબ્દ સાથે એકત્વ હોવામાં વિરોધ છે. ૭૮.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૧૨, સોમવાર)

વેદાંત એમ કહે છે કે 'પુદ્ગલો અનાદિથી પાંચ જાતિના છે. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ ને આકાશ પાંચ મહાભૂત છે. તેમાંથી આ શરીર બન્યું છે. હાડકાંને પૃથ્વીનું તત્ત્વ કહે છે. લોહીને પાણીનું તત્ત્વ કહે છે. જઠરની ઉષ્ણતાને અગ્નિનું તત્ત્વ કહે છે. શ્વાસને વાયુનું તત્ત્વ કહે છે વગેરે પ્રકારે પાંચ મહાભૂતના પૂતળારૂપ આ શરીર બન્યું છે. ને મૃત્યુ થતાં આત્મા અનંતમાં ભળી જાય છે એમ કહે છે ને શરીર વીખરાઈને ઉપર કહ્યા તે પાંચ મહાભૂતના પરમાણુરૂપ થઈ જાય છે ! આવી રીતે જે માને છે તે તેનો અજ્ઞાનભાવ છે. તેને કહે છે કે આત્મા કોઈની સાથે ભળી જતો નથી, પણ એકલો રહે છે. ને પરમાણુ એક જ જાતના છે, પાંચ જાતના નથી, પણ પૃથ્વીકાય આદિની જુદી જુદી અવસ્થારૂપે થાય છે. તે સ્પષ્ટતા આ ગાથા ૭૮માં કહે છે.

પરમાણુ પોતે દ્રવ્ય એટલે ગુણી છે ને તેના સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ ગુણો છે. ગોળ ને ગળપણ નામ જુદાં છે પણ વસ્તુ જુદી નથી તેમ પરમાણુના દ્રવ્ય ને ગુણમાં નામભેદ છે પણ વસ્તુભેદ નથી. વેદાંતાદિ પૃથ્વી વગેરેના જુદી જુદા જાતના પરમાણુ કહે છે તે વાત બરાબર નથી. તે આ ગાથામાં બતાવે છે. પૃથ્વીના પરમાણુ પાણીરૂપે થાય છે, મડદામાંથી પાણી નીકળે છે. હાડકાંના ને પાણીના પરમાણુ જુદી જાતના નથી. પરમાણુ કાયમ રહીને પૃથ્વી આદિરૂપે થાય છે. રૂપાંતર થાય છે. વળી પરમાણુમાં શબ્દની વ્યક્તતા નથી પણ શબ્દની શક્તિ છે, શબ્દનું કારણ છે.

**ભાવાર્થ** : પરમાણુ દ્રવ્ય છે ને તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ચાર ગુણ છે. કોઈ કહે કે જડમાં શક્તિ નથી. કર્મની વાત આવે તો કર્મ આત્માને રખડાવે છે એમ કહે છે તો કર્મ જે જડ છે અને જેમાં શક્તિ નથી તે કેવી રીતે રખડાવે ? એટલે કે ત્યાં કર્મને શક્તિવાળું માને. વળી બીજી વખત કહે કે આત્મા હોય તો શરીર ચાલે તો ત્યાં શરીરને નમાલુ માન્યું. આવી રીતે અજ્ઞાનીને કાંઈ ખબર નથી. કર્મોને દેખ્યાં નથી છતાં તેની શક્તિ માને પણ જે આ શરીર દેખાય છે તેની શક્તિ ન માને. આમ તે ભ્રમણામાં વર્તે છે.

જીવો મુક્તિને ઇચ્છે છે. મુક્તિ એટલે પરથી સંપૂર્ણ જુદા પડવાની ક્રિયા. હવે જે જીવ શરીરની ક્રિયામાં ધર્મ માને છે તેને હજી પરથી જુદો હું છું એવી શ્રદ્ધા થઈ નથી તો પછી વિકારથી સર્વથા જુદા થવારૂપ મોક્ષક્રિયા તેને ક્યાંથી પ્રગટે ? પરથી ન ચાલે તેવી એકત્વબુદ્ધિ એ જ મિથ્યા માન્યતા છે, તેવા જીવને પોતામાં એકત્વ થઈને નિરાકુળ શાંતિ ને એકાગ્રતાની ક્રિયા કદી પ્રગટી શકે નહિ. અજ્ઞાની પોતાના માનેલા ઉપધાન કરે, વર્ષીતપ કરે, તેના વરઘોડા કાઢે, બીજાની સેવા કરે, વિધવાનાં આંસુ લૂછે, લીલોતરી ન ખાય પણ તેમાં ક્યાંય ધર્મ નથી. અજ્ઞાની ધર્મના નામે ગપગોળા ચલાવી અંદરમાં અજ્ઞાનરૂપી અંધકાર સેવી રહ્યો છે.

જડ ને ચેતન બન્ને જુદાં છે. બન્ને શક્તિવાળાં તત્ત્વ છે. ધર્મ કરનારને તેનું જ્ઞાન હોવું જોઈએ. જે તત્ત્વ હોય તે શક્તિ વિના ન હોય. સ્વભાવ વિના સ્વભાવવાન ન હોય, શક્તિ વિના શક્તિવાન ન હોય. ગુણ વિના ગુણી ન હોય. દાળ, ભાત, રોટલી, શરીર વગેરે જડ પદાર્થો છે, તે પોતે જડેશ્વર છે, તેની ક્રિયા તેનાથી થઈ રહી છે. આમ પરથી જુદાપણાનું જ્ઞાન કરી હું ત્રિકાળી શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છું એવું અંતર જુદાપણું તે જ્ઞાનની અથવા ધાર્મિક ક્રિયા છે, એના ફળમાં મોક્ષની પ્રાપ્તિ થાય છે, એ જ પૂર્ણ સુખનો ઉપાય છે.

પરમાણુ તે દ્રવ્ય છે, તે શક્તિવાન છે. શક્તિવાન શક્તિ અથવા ગુણ વિના ન હોય, તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણની શક્તિ અથવા ગુણ છે. આ ચારે ગુણથી પરમાણુને મૂર્તિક કહેવામાં આવે છે. પરમાણુ નિર્વિભાવ છે, તે છેલ્લો અંશ છે. અત્યારે જે ઍટમબૉમ્બ (અણુબોમ્બ) કહે છે તે તો અનંતા સ્કંધોનો બનેલો છે. પરમાણુ તો છેલ્લો અવિભાગી અંશ છે. વળી અત્યારના વિજ્ઞાનવાળા કહે છે કે, 'પરમાણુ એટલે છેલ્લા બિંદુમાં કદ નથી, લીટી કરીએ તો કદ થાય.' પણ તે વાત ખોટી છે. જો મૂળ પરમાણુમાં કદ ન હોય તો લીટીમાં કદ ન આવે. જે ચીજ હોય તે જગ્યા રોકે, જે જગ્યા ન રોકે તે ચીજ ન કહેવાય. પરમાણુ એક દ્રવ્ય છે, તે જગ્યા રોકે છે. તેને કદ છે તો લીટીમાં કદ આવે છે. આ પરમાણુ એકલો છે, તેનો જે પ્રદેશ આદિમાં છે તે જ મધ્યમાં છે ને તે જ અંતમાં છે. ત્રણ પરમાણુ હોય તો પહેલો પછી કહેવાય પણ પરમાણુ એક જ છે. તે આદિ–મધ્ય–અંતમાં એક જ છે. એ કારણથી પરમાણુના બે ભાગ થતા નથી. વળી પરમાણુના દ્રવ્ય–ગુણમાં પ્રદેશભેદ નથી. સાકર ને મીઠાશનું ક્ષેત્ર જુદું નથી. જે ક્ષેત્ર સાકરનું છે તે જ મીઠાશનું છે. તેમ પરમાણુના ગુણ–ગુણીમાં પ્રદેશભેદ નથી તેથી જે પ્રદેશ પરમાણુનો છે તે જ પ્રદેશ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ગુણનો જાણવો. આ સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ચારે ગુણો પરમાણુમાં સદાકાળ જોવામાં આવે છે. પરંતુ ગૌણ–મુખ્યના ભેદથી ન્યૂનાધિક રીતે આ ગુણોનું

કથન કરવામાં આવે છે. પૃથ્વી, અગ્નિ, વાયુ વગેરે જુદા જુદા પુદ્‌ગલના પરમાણુ નથી, પણ પરમાણુઓ જુદી જુદી અવસ્થા ધારણ કરે છે. કોઈ પૃથ્વીરૂપે પરિણમે છે, કોઈ પાણીરૂપે પરિણમે છે. તેમાં ગુણોની પર્યાયની ન્યૂનાધિકતાથી કથન કરે છે. પૃથ્વી જાતિના પરમાણુઓમાં સ્પર્શાદિ ચારે ગુણોની મુખ્યતા છે, પાણીમાં ગંધગુણની ગૌણતા છે ને બાકીના ત્રણ ગુણોની મુખ્યતા છે. તેથી પાણીમાં ગંધ છે જ નહિ એમ ન સમજવું પણ ગંધની ઇન્દ્રિયગ્રાહ્ય વ્યક્તતા નથી તેથી ગંધની ગૌણતા કહી છે.

આ પુદ્‌ગલનું વિજ્ઞાન છે, તે પુદ્‌ગલનો સ્વભાવ બતાવે છે, તેનું પરિણમન તેના કારણે થઈ રહ્યું છે. આત્મા તેનો કર્તા નથી, આત્મા તેનો જ્ઞાતા–દ્રષ્ટા છે. એમ કહેવાનો સાર છે.

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ–૧૩, મંગળવાર)

આ પુદ્‌ગલ અસ્તિકાયનું વર્ણન છે. પાંચ અસ્તિકાય ને કાળનું સ્વરૂપ ભગવાને જેવું જોયું તેવું વાણી દ્વારા આવ્યું ને જેની જેવી યોગ્યતા હતી તે મુજબ સમજ્યા. ભગવાન વાણી કે બીજાની દશાના કર્તા નથી.

આજે ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિન છે. ઘણા લોકો ભાષણ કરશે કે ભગવાને આટલાને મોક્ષ અપાવ્યો, અજ્ઞાન ટાળ્યું. પણ તે બધાં કથનો નિમિત્તથી છે. ભગવાન કોઈનું અજ્ઞાન ટાળતા નથી ને કોઈને જ્ઞાન આપતા નથી. વાણી વાણીના કારણે નીકળે ત્યારે ભગવાનના કારણે વાણી નીકળી એમ બોલાય છે, ને સૌ પોતાના કારણે જ્ઞાન કરે છે તો ભગવાનની વાણીને નિમિત્ત કહેવાય છે. તો પછી ભગવાનના ગુણ શું કામ ગાવા જોઈએ ? એમ કોઈ પ્રશ્ન કરે તો તેનું સમાધાન એમ છે કે જેને જે રુચે છે તેનાં ગાણાં તે ગાય છે. પરનાં ગાણાં ગાય છે એમ કહેવું તે નિમિત્તથી છે. ભગવાન તીર્થના કર્તા હોય તો ભગવાન અને સામેના જીવો બન્ને સ્વતંત્ર રહેતા નથી. ભગવાને તો દરેક દ્રવ્યની સ્વતંત્રતાનો ઢંઢેરો પીટ્યો છે. ભગવાને તો પોતામાં કેવળજ્ઞાનદશા પ્રગટ કરી છે, પરનું કાંઈ કર્યું નથી.

તે ભગવાનના જ્ઞાનમાં પરમાણુનું સ્વરૂપ શું આવ્યું તે બતાવે છે. કેટલાક લોકો પૃથ્વી, પાણી, અગ્નિ વગેરેના પરમાણુને જુદી જુદી જાતના કહે છે, પણ તે વાત સાચી નથી. જેવી રીતે નિગોદથી માંડીને સિદ્ધ સુધીના જીવો એક જ જાતના છે, જાતમાં કાંઈ ફેર નથી, પણ પર્યાયમાં ફેર છે; તેવી રીતે પૃથ્વી, પાણી વગેરેના પરમાણુની જાત એક છે, જાત જુદી નથી, પણ પર્યાયમાં ફેર છે. પર્યાયભેદે ભેદ પડે છે. પૃથ્વીના પરમાણુમાં ચારે ગુણોની પર્યાયની મુખ્યતા છે. જળમાં ગંધની ગૌણતા છે ને બીજા ત્રણ ગુણોની મુખ્યતા છે. અગ્નિમાં ગંધ અને રસની ગૌણતા છે ને સ્પર્શ, વર્ણની મુખ્યતા છે. વાયુમાં ત્રણ ગુણોની ગૌણતા છે ને સ્પર્શગુણની મુખ્યતા છે.

પરમાણુ અનેક પ્રકારરૂપે પલટે છે, તે પોતાના પર્યાયસ્વભાવના કારણે પલટે છે. જીવને લીધે તે પરિણમતા નથી. મીઠાનો પૃથ્વીકાય જીવ છે માટે મીઠારૂપ શરીરની અવસ્થા થાય છે એમ નથી, પાણીનો જીવ અંદર છે માટે પાણીરૂપે શરીર થાય છે એમ નથી. અગ્નિનો જીવ

અંદર છે માટે ઉષ્ણરૂપે શરીર થયું છે એમ નથી. જડ પરમાણુની પર્યાયોના કારણે શરીર થઈ રહ્યું છે, જીવ તે શરીરની પર્યાયનો કર્તા નથી.

બીજા શાસ્ત્રમાં એમ કથન આવે કે શુભભાવને લીધે દ્રવ્યકર્મ બંધાય છે ને દ્રવ્યકર્મને લીધે શરીર મળે છે તે કથન નિમિત્તનું છે. શરીર શરીરના કારણે મળે છે તો કર્મને નિમિત્ત કહેવાય ને કર્મને શુભભાવ નિમિત્ત કહેવાય છે. અહીં કર્મની કે જીવની વાત લીધી નથી. દરેક પુદ્‌ગલની પર્યાય પોતાના કારણે છે.

**પ્રશ્ન** : બેમાંથી કઈ વાત માનવી ?

**સમાધાન** : બન્ને સમજવી. કર્મ કર્મના કારણે છે. તેમાં શુભભાવ નિમિત્ત છે ને શરીર શરીરના કારણે થાય તેમાં કર્મ નિમિત્ત છે. નિમિત્તનું જ્ઞાન કરવું પણ સમજવું કે પૃથ્વીના પરમાણુની દશા સ્વતંત્ર થયા છે. અહીં તો જે જીવ પૃથ્વી આદિના પરમાણુ જુદી જાતના કહે છે તેને સમજાવે છે કે તે જુદી જાતના નથી. પરમાણુની જાત એક છે, પણ તેની પર્યાય બદલે છે. વળી કોઈ કહે કે 'અમો પંચમહાભૂત કહીએ છીએ ને તમો પુદ્‌ગલ કહો છો. બન્નેમાં કાંઈ ફેર નથી, એક જ છે.' તો કહે છે કે બન્નેમાં ઘણો આંતરો–ફેર છે. પંચમહાભૂતમાં તો પરમાણુ જુદી જુદી જાતના માને છે, તે માન્યતા સાચી નથી. પરમાણુની જાત એક છે પણ પર્યાયમાં ફેર છે. કોઈ વાર એક ગુણની મુખ્યતા અથવા ગૌણતાથી અનેક પ્રકારના પરિણામ પર્યાયમાં જુદાં જુદાં દેખાય છે પણ પરમાણુની જાત એક છે.

**પ્રશ્ન** : જેવી રીતે પરમાણુઓ અવસ્થા ધારણ કરતા કરતા પૃથ્વી, પાણીરૂપે થાય તેવી રીતે એક પરમાણુ શબ્દ કરતો હશે ? એવી શંકા કોઈ કરે તો તેનું સમાધાન : પરમાણુ એકપ્રદેશી છે. તેનામાં શબ્દ વ્યક્ત કરવાની તાકાત નથી. અનેક પરમાણુના સ્કંધમાંથી શબ્દ પરિણમે છે માટે પરમાણુ અશબ્દમય છે. એટલે કે એક પરમાણુમાં શબ્દ વ્યક્ત કરવાની તાકાત નથી.

ભગવાને વાણી કાઢી એમ જે કહેવાય છે તે નિમિત્તનું કથન છે. ભગવાનની વાણીમાં એમ આવ્યું કે હું વાણી કરી શકતો નથી. વાણી વાણીના કારણે નીકળે છે. વળી વાણી નીકળે છે માટે તમે સમજશો એમ નથી. તમે તમારા કારણે સમજો છો. છયે દ્રવ્યો સ્વતંત્ર છે. દરેકનાં દ્રવ્ય–ગુણ–પર્યાય સ્વતંત્ર છે. એમ ભગવાનની વાણીમાં આવે છે. ભવ્ય જીવો તે વાણી સમજે છે કે દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. કોઈ કોઈને તારી દેતા નથી. છતાં અધૂરી દશામાં ભગવાન પ્રત્યે શુભરાગ આવ્યા વિના રહેતો નથી. નંદીશ્વરદ્વીપમાં ભગવાનની શાશ્વત પ્રતિમાઓ છે ને ત્યાં ઇન્દ્રો જઈને મહોત્સવ કરે છે ને નૃત્ય કરે છે; છતાં ભાન છે કે શરીરની ક્રિયા ને પુણ્ય તે આત્માનું સ્વરૂપ નથી. અમે તો શુદ્ધ આત્મા છીએ. ભગવાનની વાણીમાં એમ આવ્યુ ને ઇન્દ્રો પણ એમ જ સમજે છે.

આજે ભગવાન મહાવીરનો જન્મકલ્યાણક દિન છે. લોકો જન્મજયંતી કહે છે તે બરાબર નથી. સાધારણ લૌકિક માણસોની જન્મતિથિને જયંતી કહે છે. જયંતી ને જન્મકલ્યાણકમાં ઘણો ફેર છે. જન્મકલ્યાણક તો અલૌકિક પુરુષનાં હોય છે. સાધારણ માણસનાં જન્મકલ્યાણક ઊજવાતાં નથી. સાધારણ માણસ માતાના ગર્ભમાં આવે, જન્મ લ્યે, દીક્ષા લ્યે, તો તેનાં કલ્યાણક ઊજવાતાં

નથી. તીર્થંકરનાં જ પાંચ કલ્યાણક ઊજવાય છે. ૧૪ પૂર્વમાં કલ્યાણવાદ નામનું ૧૧મું પૂર્વ છે. તેમાં ભગવાનના ગર્ભ આદિ કલ્યાણકનું વર્ણન આવે છે. તીર્થંકર ભગવાન જન્મથી ત્રણ જ્ઞાન લઈને અવતરે છે. આત્માનું ભાન છે ને મુનિપણું લઈ કેવળજ્ઞાન પ્રાપ્ત કરશે ત્યારે દિવ્યધ્વનિ છૂટશે. તે ભગવાન પવિત્રતામાં ને પુણ્યમાં પૂરા છે ને એમની અલૌકિક વાણી નીકળશે. ઇન્દ્રને ભાન છે કે આ ભગવાનનો જન્મ થયો છે ને ભગવાન પૂર્ણદશાને પામશે ત્યારે સહજ વાણી છૂટશે. તે વાણીમાં એમ આવશે કે 'તારી પ્રભુતાથી તું મોક્ષ પામીશ, તારાં દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેની પ્રભુતા છે. તું તને સમજીશ તો પ્રભુ થઈશ. અમારાથી તું તરીશ નહિ, તેમ જ આ વાણીના અમે કર્તા નથી. એવી સ્વતંત્ર વાત આવશે' એમ ઇન્દ્ર જાણે છે તેથી તેવા પુરુષ પ્રત્યે બહુમાન ને ભક્તિ આવે છે ને તેના કલ્યાણક ઊજવે છે ને પોતે પોતાથી સમજ્યો છે એમ ભાન છે તેનો આરોપ ને બહુમાન ભગવાન ઉપર કરે છે.

પણ જે અજ્ઞાની પ્રરૂપક એમ કહે કે 'અમારી વાણીથી તમે તરશો, તારી પામરતા હોવા છતાં અમારી પ્રભુતાની મદદથી તમોને તારશું' – આમ એકને લીધે બીજામાં કાર્ય થાય એમ માનનાર પોતાને પરાધીન માને છે. તે સાંભળનાર જીવોને પણ પામર માને છે તેથી તેના અભિપ્રાયમાં આખા જગતના જીવો પામર છે. આવા અજ્ઞાની જીવની વાણી ધર્મી જીવ સાંભળતો નથી ને તેના કલ્યાણક ઊજવાતા નથી. ધર્મી સમજે છે કે આ જીવ મને પામર બનાવે છે ને બીજાની પ્રભુતામાં આક્ષેપ કરે છે. બીજી જીવના રાગ-દ્વેષ ટાળી શકીશ એમ કહેનારો રાગ-દ્વેષની પ્રભુતાને પણ સમજતો નથી, કારણ કે સામો જીવ રાગ-દ્વેષ કરવામાં પણ સ્વતંત્ર છે. પોતે વિકાર કરે તો થાય છે ને સ્વભાવસન્મુખ થાય તો રાગ-દ્વેષ થતા નથી. અજ્ઞાનીનાં વાક્યો નમાલાં છે. કોઈના આશીર્વાદથી કલ્યાણ થાય ને કોઈના શાપથી અકલ્યાણ થાય તેમ કહેનાર વસ્તુની સ્વતંત્રતાને સમજતો નથી. જે તત્ત્વને પરાધીન માને છે તેનું જ્ઞાન દોષવાળું ને રાગવાળું છે. જે તત્ત્વને સ્વાધીન માને છે તેનું જ્ઞાન નિર્દોષતાવાળું ને વીતરાગતા સહિત છે. નિર્દોષતા ને વીતરાગતા પૂજ્ય હોઈ શકે, દોષ ને રાગ પૂજ્ય ન હોય. જ્ઞાનીને પોતાના સ્વભાવનું ભાન છે, તે સ્વતંત્રતા સમજે છે, તેથી નિશ્ચયથી પોતાના નિર્દોષ સર્વજ્ઞ વીતરાગ જિનેન્દ્ર ભગવાનને પૂજે છે.

શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું કે 'નિર્દોષ સુખ નિર્દોષ આનંદ લ્યો ગમે ત્યાંથી ભલે એ દિવ્ય શક્તિમાન જેથી જંજીરેથી નીકળે.' લ્યો ગમે ત્યાંથી એટલે પરમાંથી લેવાનો નથી પણ પોતાના શુદ્ધ સ્વભાવમાંથી લેવાનું કહે છે. પોતે ચિદાનંદ આત્મા છે એવું ભાન કરે તો પર્યાયમાંથી પરતંત્રતા નાશ થઈ સ્વતંત્રતા પ્રગટ થાય ને નિર્દોષ સુખ ને નિર્દોષ આનંદ પ્રગટે. પોતાના અપરાધના કારણે પર્યાયમાં જંજીરેથી બંધાયો છે એમ ભાન કરે તો છૂટો થાય.

વળી કોઈ કહે છે કે 'અનંત ઉપકારી જિનેન્દ્ર ભગવાન કહે છે કે જીવ કર્મોથી રખડે છે' પણ તે વાત તદ્દન ખોટી છે. ભગવાન કહે છે કે તું તારી ભૂલથી રખડ્યો એમ અણારોપકથન સમજે ત્યારે કર્મથી રખડ્યો એમ આરોપિત-ઉપચારકથન આવે છે. વળી ભક્તિમાં કથન આવે કે 'હે ભગવાન ! તારાથી સંસાર ટળ્યો' તેનો અર્થ એમ છે કે 'હે આત્મા, તારા સ્વભાવમાં સંસાર નથી, સંસાર એક સમયની પર્યાયમાં છે, સ્વભાવમાં નથી.' સ્વભાવનું ભાન થતાં સંસાર

ટળી જાય છે એનો આરોપ ભગવાન ઉપર આવે છે. અત્યારે તો અજ્ઞાન ઘણું ચાલી રહ્યું છે. દુષ્કાળ વખતે કોઈને રૂ. ૫૦૦/--ની મદદ આપી તો મદદ લેનાર કહે કે શેઠને લીધે દુષ્કાળની મુશ્કેલી પસાર થઈ. આપનાર શેઠ પણ એમ માને કે મારે લીધે પરની અવસ્થા થઈ. આમ બન્ને રાંકા ભેગા થયા છે. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે કોઈનું લીધું લેવાતું નથી, કોઈનું દીધું દેવાતું નથી. અજ્ઞાની જીવ મફતનો ઊંધું માની રહ્યો છે.

આ બધી વાત શબ્દસમયમાંથી નીકળી છે. શબ્દ અથવા વાણી સ્વતંત્ર છે. આજે ભગવાનનો જન્મદિવસ છે એટલે ગામોગામ ભાષણ થશે કે 'ભગવાને યજ્ઞમાંથી બકરાંને બચાવ્યા, સ્ત્રીને હકો અપાવ્યા વગેરે' આમ કહેનાર ભગવાનની વાણીને સમજતા નથી. આવી ભગવાનની વાણી ન હોઈ શકે. સ્ત્રીને સાધુપદ ન હોય, સ્ત્રી અને પુરુષનો આત્મા સમાન હોવા છતાં પર્યાયમાં ફેર છે. સાધુપદ અંગીકાર કરવા માટે જેટલી વીતરાગતા જોઈએ તેટલી સ્ત્રીની પર્યાયમાં પ્રગટ થઈ શકતી નથી. સમકિતી સ્ત્રીઓ સમજે છે કે અમારો આત્મા દ્રવ્યે ને ગુણે સરખો હોવા છતાં પર્યાયની હદ જ એટલી છે કે પાંચમા ગુણસ્થાનથી આગળ વધે નહિ. વળી મુનિપણામાં વસ્ત્રનો રાગ રહી જાય તેમ બની શકે નહિ. મુનિપણામાં વસ્ત્ર ઉપરનો રાગ હોતો નથી. મુનિ નિર્ગ્રંથ–દિગંબર જ હોય છે. આમ જે જે ભૂમિકાની જેટલી જેટલી હદ છે તે પ્રમાણે બતાવે તે વાણી સાચી છે. વસ્ત્રસહિત મુનિપણું બતાવે, સ્ત્રીને મુનિપણું ને મોક્ષ માને તે વાણી ને શાસ્ત્ર સાચાં નથી. 'સૂત્રપાહુડ;માં આચાર્ય કહે છે કે જે કોઈ જીવ સૂત્રથી એક શબ્દ આડોઅવળો કરે તે અનંત સંસારી છે. તેવો જીવ પૂજનિક નથી. જેણે સર્વજ્ઞની પરંપરાથી ચાલતા આવતાં સૂત્રોમાં ફેરફાર કરી ખોટાં શાસ્ત્રો રચ્યાં તેમાં મિથ્યાદૃષ્ટિ નિમિત્ત છે, સમકિતી નિમિત્ત નથી.

વળી કોઈ એમ કહે કે ભાષા મિથ્યારૂપે નીકળે તેના ક્યાં અમે કર્તા છીએ ? અમે ભાષાના કે શબ્દના કર્તા નથી.

**સમાધાન :** ભાષાના કર્તા જ્ઞાની કે અજ્ઞાની કોઈ નથી તે વાત બરાબર છે, પણ ભાષા થઈ તે વખતે ક્યા જીવનું નિમિત્ત હતું તે વાણી દ્વારા નક્કી કરી શકાય છે. શાસ્ત્રના શબ્દોના કર્તા તો પુદ્‌ગલપરમાણુ છે, પણ તે શાસ્ત્ર ઊંધા ને વિરુદ્ધ લખવાના ભાવનો કર્તા અજ્ઞાની જીવ છે. માટે તેમાં અજ્ઞાની જીવ નિમિત્ત છે એમ કહી શકાય છે. જેમકે એક જગ્યાએ પાંચ શ્રીફળ પડ્યાં છે, છતાં કોઈ જીવ કહે કે ત્યાં ત્રણ શ્રીફળ પડ્યાં છે તો 'ત્રણ શ્રીફળ પડ્યાં છે' એવા શબ્દો તો શબ્દોના કારણે નીકળે છે પણ પાછળ તેનું જ્ઞાન ખોટું છે એમ સાબિત થાય છે. વાણીના કારણે નહિ પણ વાણી પાછળ રહેલું (બોલનારનું) જ્ઞાન ખોટું છે એમ સામો જીવ પોતાના જ્ઞાનથી નક્કી કરે છે; તેમ મિથ્યાદૃષ્ટિના શાસ્ત્રના લખાણમાં આવે કે મુનિને વસ્ત્ર હોય, સ્ત્રીને મુનિપણું હોય, તો ત્યાં તે શબ્દોનું તો પુદ્‌ગલના કારણે પરિણમન થયું છે, આત્મા તેનો કર્તા નથી પણ તે શબ્દોમાં નિમિત્તરૂપે અજ્ઞાની જીવ છે એમ નક્કી થાય છે. ને વીતરાગની વાણીમાં એમ આવે કે દરેક દ્રવ્ય સ્વતંત્ર છે, મુનિપણામાં વસ્ત્ર ન હોય, સ્ત્રીને પાંચમા ગુણસ્થાનથી વધારે ન હોય, ત્યાં વાણી તો વાણીના કારણે છે પણ વાણીની પાછળ રહેલું જ્ઞાન સમ્યગ્જ્ઞાનીનું અથવા કેવળજ્ઞાનીનું છે અથવા લખાણ ઉપરથી શાસ્ત્રનો લખનાર જ્ઞાની છે એમ નક્કી થાય

છે. તેથી ભગવાનની વાણીને પણ સત્ કહી છે ને તેથી પૂજનિક કહી છે. જે જાતના શબ્દો હોય તેની પાછળ અજ્ઞાન કામ કરે છે કે જ્ઞાન કામ કરે છે તેનો ખ્યાલ જ્ઞાનીને આવી જાય છે.

'સત્તાસ્વરૂપ'માં દૃષ્ટાંત આપેલ છે કે એક બંધ ઓરડામાં એક કલાબાજ સિતાર વગાડે છે ને બહુ સરસ વગાડે છે. બીજો હોશિયાર માણસ દૂર ખેતરમાં બેઠો બેઠો સાંભળે છે. સાંભળનારે સંગીત વગાડનારને જોયો નથી, ઓરડો પણ બંધ છે, છતાં તેની સિતાર વગાડવાની ઢબ ને સૂર કાને પડતાં સાંભળનાર હોશિયાર માણસ તે સૂર ઉપરથી નક્કી કરે છે કે તે વગાડનાર હોશિયાર હોવો જોઈએ. આમ સૂર ઉપરથી તેની તે જાતની જ્ઞાનકળાનો ખ્યાલ કરે છે. સૂર તો પુદ્ગલની પર્યાય છે, ને જ્ઞાનકળા તો આત્માની છે, છતાં એવા સુંદર સૂર ને જ્ઞાનકળાને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે તે ઉપરથી નક્કી કરે છે.

તેવી રીતે તીર્થંકરો, કેવળીઓ, મુનિઓ, ધર્માત્મા જ્ઞાનીઓ જ્ઞાનકળાથી ભરપૂર છે. તેનો આત્મા તો અંદર શરીરમાં છે. જ્ઞાનીનો આત્મા દેખાતો નથી, પણ તેમના જ્ઞાન સાથે નિમિત્ત નૈમિત્તિક સંબંધ ધરાવતી વાણી નીકળે છે તેમાં છ દ્રવ્યો સ્વતંત્ર છે વગેરે પ્રકારે યથાર્થ બતાવે છે તે ઉપરથી સાંભળનાર નક્કી કરે છે કે પાછળ રહેલો આત્મા જ્ઞાની છે. તેથી ઊલટું, જે વાણી પરાધીનતા બતાવે, આત્માને વાણીનો કર્તા બતાવે તે વાણી ઉપરથી સાંભળનાર નક્કી કરે છે કે પાછળ રહેલો આત્મા મિથ્યાદૃષ્ટિ છે. શબ્દો તો શબ્દના કારણે પરિણમે છે પણ પાછળ રહેલો આત્મા નિમિત્તરૂપે કેવો છે તે યથાર્થ જાણી શકાય છે, છતાં આત્માને લીધે વાણીનું પરિણમન થયું નથી. વળી જેમ સંગીત સાંભળનાર હોશિયાર માણસ હોય તે પારખી શકે પણ અજ્ઞાની સંગીત સાંભળે તો પારખી ન શકે, તેમ અહીં પણ વાણીનો સાંભળનાર હોશિયાર હશે તો પારખી શકશે કે આ જ્ઞાનીની વાણી છે, ને આ અજ્ઞાનીની છે. અજ્ઞાની ભેદ પાડી શકશે નહિ. એટલે જેની યોગ્યતા છે તે સમજશે. વાણીને લીધે કોઈ સમજતું નથી. મિથ્યાદૃષ્ટિને મિથ્યાદૃષ્ટિની વાણી સારી લાગશે, ધર્મી જીવને જ્ઞાનીની વાણી સારી લાગશે. છતાં જ્ઞાની વાણીનો કર્તા નથી ને વાણીને લીધે સાંભળનાર જીવ સમજતો નથી. બધા સ્વતંત્ર છે. જે મિથ્યાદૃષ્ટિ છે ને જેની ઊંધી પ્રરૂપણા છે તેના કલ્યાણક ઊજવાતાં નથી પણ જે સર્વજ્ઞ છે, પવિત્રતામાં ને પુણ્યમાં પૂરા છે, એવા તીર્થંકર ભગવાનનાં જન્મકલ્યાણકાદિ પ્રસંગો ઊજવાય છે.

એક પરમાણુ જે રૂપી છે તેમાં શબ્દ વ્યક્ત કરવાની તાકાત નથી, તો પછી આત્મા જે અરૂપી છે તે શબ્દનો કર્તા હોઈ શકે જ નહિ, છતાં શબ્દ પાછળ નિમિત્ત પણ કોણ છે તેનો ખ્યાલ આવી શકે છે.

અહીં ગાથામાં એમ કહ્યું કે અનેક પરમાણુના સ્કંધથી શબ્દ ઉત્પન્ન થાય છે પણ એક પરમાણુમાં શબ્દ કરવાની તાકાત નથી તેથી પરમાણુ અશબ્દમય છે. ૭૮.

---

**सद्दो खंधप्पभवो खंधो परमाणुसंगसंघादो।।**
**पुट्ठेसु तेसु जायदि सद्दो उप्पादिगो णियदो ।।७९।।**

---

**शब्दः स्कंधप्रभवः स्कंधः परमाणुसङ्गसङ्घातः।**
**स्पृष्टेषु तेषु जायते शब्द उत्पादिको नियतः ।।७९।।**
**છે શબ્દ સ્કંધોત્પન્ન; સ્કંધો અણુસમૂહસંઘાત છે,**
**સ્કંધાભિઘાતે શબ્દ ઊપજે, નિયમથી ઉત્પાદ્ય છે. ૭૯.**

**અન્વયાર્થ :** (**शब्दः स्कंधप्रभवः**) શબ્દ સ્કંધજન્ય છે. (**स्कंधः परमाणुसङ्गसङ्घातः**) સ્કંધ પરમાણુદળનો સંઘાત છે, (**तेषु स्पृष्टेषु**) અને તે સ્કંધો સ્પર્શાતાં–અથડાતાં (**शब्दः जायते**) શબ્દ ઉત્પન્ન થાય છે; (**नियतः उत्पादिकः**) એ રીતે તે (શબ્દ) નિયતપણે ઉત્પાદ્ય છે.

---

**तात्पर्यवृत्ति :** एवं परमाणूनां पृथिव्यादिजातिभेदनिराकरणकथनेन द्वितीयगाथा गता। अथ शब्दस्य पृद्गलस्कंदपर्यायत्वं दर्शयतिः- **सद्दो** श्रवणेन्द्रियावलम्बनो भावेन्द्रियपरिच्छेद्यो ध्वनिविशेषः शब्दः। स च किंविशिष्टः ? **खंदप्पभवो** स्कंदेभ्यः सकाशादुत्पन्नः प्रभवः इति स्कंदप्रभवः। स्कंदलक्षणं कथ्यते। **खंदो परमाणुसंगसंघादो** स्कंदो भवति। कथंभूतः ? परमाणुसंगसंघातः अनंतपरमाणुसंगानां समूहानामपि संघातः समुदायः। इदानीं स्कंदेभ्यः सकाशाच्छब्दस्य प्रभवत्वमुत्पत्तिं कथयति। **पुट्ठेसु तेसु** स्पृष्टेषु तेषु पूर्वोक्तेषु स्कंदेषु स्पृष्टषु लग्नेषु परस्परं संघट्टितेषु सत्सु **जायदि** जायते प्रभवति। स कः ? कर्ता। सद्दो पूर्वोक्तशब्दः। अयमत्राभिप्रायः। द्विविधाः स्कंदा भवन्ति भाषावर्गणायोग्या ये तेऽभ्यंतरे कारणभूताः सूक्ष्मास्ते च निरंतरं लोके तिष्ठन्ति ये तु बहिरंगकारणभूतास्ताल्वोष्टपुटव्यापारघंटाभिघातमेघादयस्ते स्थूलाः क्वापि क्वापि तिष्ठन्ति न सर्वत्र यत्रेयमुभयसामग्री समुदिता तत्र भाषावर्गणाः शब्दरूपेण परिणमन्ति न सर्वत्र। स च शब्दः किं विशिष्टः ? **उप्पादिगो णियदो** भाषावर्गणास्कंदेभ्य उत्पद्यते इत्युत्पादकः नियतो निश्चितः न चाकाशद्रव्यरूपस्तद्गुणो वा यद्याकाशगुणो भवति तर्हि श्रवणेन्द्रियविषयो न भवति। कस्मात्। आकाशगुणस्यामूर्तत्वादिति। अथवा `उप्पादिगो' प्रायोगिकः पुरुषादिप्रयोगप्रभवः `णियदो' नियतो वैश्रसिको मेघादिप्रभवः। अथवा भाषात्मको भाषारहितश्चेति, भाषात्मको द्विविधोऽक्षरात्मकोऽनक्षरात्मकश्चेति। अक्षरात्मकः संस्कृतप्राकृतादिरूपेणार्यम्लेच्छभाषाहेतुः, अनक्षरात्मको द्विन्द्रियादिशब्दरूपो दिव्यध्वनिरूपश्च। इदानीमभाषात्मकः, कथ्यते। सोपि; द्विविधो प्रायोगिको वैश्रसिकश्चेति। प्रायोगिकस्तु ततविततं धनसुषिरादिः। तथा चोक्तं। `ततं वीणादिकं ज्ञेयं विततं पटहादिकं। धनं तु कंसतालादि सुषिरं वंशादिकं विदुः।' वैश्रसिकस्तु मेघादिप्रभवः पूर्वोक्त एव। इदं सर्वं हेयतत्त्वमेतस्मादिभन्नं शुद्धात्मतत्त्वमुपादेयमिति भावार्थः ।।७९।।

---

**समयव्याख्या : शब्दस्य पुद्गलस्कंधपर्यायत्वख्यापनमेतत्। इह हि बाह्यश्रवणेन्द्रियावलम्बितो भावेन्द्रियपरिच्छेद्यो ध्वनिः शब्दः। स खलु स्वरूपेणानंतपरमाणूनामेकस्कंधो नाम पर्यायः। बहिरङ्गसाधनीभूतमहास्कंधेभ्यः तथाविधपरिणामेन समुत्पद्यमानत्वात् स्कंधप्रभवः, यतो हि परस्पराभिहतेषु महास्कंधेषु शब्दः समुपजायते। किं च स्वभावनिर्वृत्ताभिरेवानंतपरमाणुमयीभिः**

**शब्दयोग्यवर्गणाभिरन्योन्यमनुप्रविश्य समंततोऽभिव्याप्य पूरितेऽपि सकले लोके यत्र यत्र बहिरङ्गकारणसामग्री समुदेति तत्र तत्र ताः शब्दत्वेन स्वयं व्यपरिणमंत इति शब्दस्य नियतमुत्पाद्यत्वात् स्कंधप्रभत्वमिति ।।७९।।**

**અનુવાદ : શબ્દ પુદ્‌ગલસ્કંધપર્યાય છે એમ અહીં દર્શાવ્યું છે.**

**આ લોકમાં, બાહ્ય શ્રવણેન્દ્રિય વડે અવલંબિત, ભાવેન્દ્રિય વડે જણાવા યોગ્ય એવો જે ધ્વનિ તે શબ્દ છે. તે (શબ્દ) ખરેખર સ્વરૂપે અનંત પરમાણુઓના એકસ્કંધરૂપ પર્યાય છે. બહિરંગ સાધનભૂત (બાહ્યકારણભૂત) મહાસ્કંધો દ્વારા તથાવિધ પરિણામે (શબ્દપરિણામે) ઊપજતો હોવાથી તે સ્કંધજન્ય છે, કારણ કે મહાસ્કંધો પરસ્પર અથડાતાં શબ્દ ઉત્પન્ન થાય છે. વળી આ વાત વિશેષ સમજાવવામાં આવે છે :– એકબીજામાં પ્રવેશીને સર્વત્ર વ્યાપીને રહેલી એવી જે સ્વભાવનિષ્પન્ન જ (પોતાના સ્વભાવથી જ બનેલી), અનંતપરમાણુમયી શબ્દયોગ્ય વર્ગણાઓ તેમનાથી આખો લોક ભરેલો હોવા છતાં જ્યાં જ્યાં બહિરંગકારણસામગ્રી ઉદિત થાય છે ત્યાં ત્યાં તે વર્ગણાઓ શબ્દપણે સ્વયં પરિણમે છે; એ રીતે શબ્દ નિયતપણે (અવશ્ય) ઉત્પાદ્ય છે; તેથી તે સ્કંધજન્ય છે. ૭૯.**

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ–૧૪, બુધવાર)

આત્મા અને શબ્દ બન્ને જુદી ચીજ છે. શબ્દ આત્માથી બોલાતો નથી. શબ્દ પુદ્‌ગલની પર્યાય છે ને આત્માથી ભિન્ન છે. જેને ધર્મ પ્રગટ કરવો છે તેણે પરપદાર્થના કર્તૃત્વનું અભિમાન છોડવું જોઈએ. અભિમાન ક્યારે ટળે ? હું ને ભાષા બન્ને જુદા છીએ, હું તો જ્ઞાનસ્વરૂપી છું એમ ભાન કરે તો ધર્મ થાય. પણ એમ ભાન ન કરે ને કહે કે આવી રીતે ઉપદેશ આપવો જોઈએ, બીજાની દયા પાળવી જોઈએ વગેરે પ્રકારે માનવું તે ભ્રાંતિ છે.

શબ્દ તે પુદ્‌ગલની પર્યાય છે તે બતાવે છે.

શબ્દ સ્કંધથી ઉત્પન્ન થાય છે. કોઈ ભાવવાળી ચીજ છે તો પર્યાય પલટીને શબ્દ થાય છે. આત્મા છે માટે શબ્દ થાય છે એમ નથી. શબ્દ સ્કંધથી થાય છે ને તે અનંત પરમાણુના મિલાપથી સ્કંધ થાય છે. તે સ્કંધોનું પરસ્પર સંઘટન થાય છે ત્યારે ભાષાવર્ગણાના પરમાણુ શબ્દરૂપે પરિણમે છે. આત્માને લીધે શબ્દ થતો નથી.

આમાં ધર્મ શું આવ્યો ? જે ચીજ તારા સ્વભાવને ધારી રાખે તે તારી ચીજ છે. જે જડ સ્વભાવને ધારી રાખે તે જડ છે, તે તારી ચીજ નથી. તું જ્ઞાનસ્વભાવી છો, તારો ધર્મ જડથી થતો નથી ને જડનો ધર્મ તારાથી થતો નથી, એમ સમજે તો ધર્મ થાય. સામાયિકના પાઠમાં બોલે કે 'તાવ કાયં ઠાણેણં મોણેણં' પણ અર્થની ખબર ન હોય, શરીરને સ્થિર રાખું ને મૌન રહું – એ બધાં કથન નિમિત્તથી છે. કાયાને કોણ સ્થિર રાખે ? વાણીને મૌન કોણ રાખી શકે કે બોલી શકે ? મનને કોણ દબાવે ? મન, વચન, કાયા પુદ્‌ગલની સ્કંધરૂપ અવસ્થા છે, આત્મા તેને કરી શકતો નથી. આમ ભેદજ્ઞાન કરવું જોઈએ.

**ભાવાર્થ :** દ્રવ્યકર્ણેન્દ્રિયના નિમિત્તે ભાવકર્ણેન્દ્રિય દ્વારા જે અવાજ જાણવામાં આવે છે તેને શબ્દ કહે છે. આ કાન તો જડ છે પણ જ્ઞાનના વિકાસ દ્વારા ને કાનના નિમિત્તે આ શબ્દ છે એમ જણાય છે. શબ્દ જ્ઞાન નથી ને જ્ઞાન શબ્દ નથી. વીતરાગનો ઉપદેશ પરમાણુની પર્યાય છે, તેનાથી આત્માને જ્ઞાન થતું નથી. જ્ઞાનપર્યાય ક્ષણે ક્ષણે શબ્દને જાણે છે, તેમાં કાન નિમિત્ત છે. તે શબ્દ અનંતા પરમાણુના સ્કંધથી ઉત્પન્ન થાય છે. પરસ્પર મહાસ્કંધોનું સંઘર્ષણ થાય છે ત્યારે શબ્દ થાય છે. ભાષા થવાને લાયક ભાષાવર્ગણા ત્રણ લોકમાં ભરેલી પડી છે.

વળી જેમ ચણાના જાડા લોટમાંથી મગજ થાય છે ને ઝીણા લોટમાંથી મેસુબ થાય છે તેમ ઘણા જાડા પરમાણુમાંથી ઔદારિકશરીર થાય છે ને સૂક્ષ્મ પરમાણુમાંથી ભાષા થાય છે. આ હોઠ ને દાંત જાડા પરમાણુના બનેલા છે તેમાંથી પણ ભાષા થતી નથી તો પછી આત્માથી ભાષા થાય એમ કદી બનતું નથી.

જ્યાં જ્યાં શબ્દ ઉત્પન્ન કરવા માટેની બાહ્યસામગ્રીનો સંયોગ મળે છે ત્યાં ત્યાં શબ્દયોગ્ય વર્ગણા સ્વયમેવ શબ્દરૂપે પરિણમે છે. તેનો અર્થ એમ છે કે ભાષાને લાયક પરમાણુ ભાષારૂપે પરિણમે છે ત્યારે બાહ્યસામગ્રીને નિમિત્ત કહેવાય છે, પણ બાહ્યસામગ્રીને લીધે ભાષા થાય છે એમ નથી. જેમ ઘરમાં જુદા જુદા પ્રકારના લોટ હોય છે તેની જુદી જુદી ચીજો લાપસી, મેસુબ આદિ બને છે, ત્યાં તે તે પરમાણુ સ્વયમેવ તે રૂપે પરિણમે છે તો બાઈની ઇચ્છાને નિમિત્ત કહેવાય છે. અજ્ઞાની કહે છે કે મારાથી થાય છે તે જ ભ્રમણા છે. બજારમાંથી ચોખા, બાજારો, શાક વગેરે લઈ આવે તો અજ્ઞાની કહે કે જેવી મારી ઇચ્છા થઈ તેવી ચીજ લઈ આવ્યો. એ જ ભ્રમણા છે. તે સત્તાવાળા પદાર્થો પોતાથી છે કે તારે લીધે છે ? તે જડતત્ત્વો પોતાથી છે, પોતાથી રૂપાંતર ને ક્ષેત્રાંતર પામે છે. તેવી રીતે ભાષાવર્ગણાના પરમાણુ પોતાની મેળે જ શબ્દરૂપે પરિણમે છે તો બાહ્યસામગ્રીને નિમિત્ત કહેવાય છે. આ ઉપદેશ ઇચ્છાથી નીકળતો નથી. એની મેળે પરિણમી જાય છે. નિમિત્ત આવે છે માટે પરિણમે છે એમ નથી. ભાષા ભાષાના કારણે છે, ઇચ્છા નબળાઈથી થાય છે. આત્મા તે ઇચ્છા વિનાનો જ્ઞાતા છે એમ નક્કી કરે તો ધર્મ થાય.

કોઈ મતવાળા શબ્દને આકાશનો ગુણ કહે છે પણ તે આકાશનો ગુણ કદાપિ નથી. આકાશ અરૂપી છે. અરૂપીના દ્રવ્ય–ગુણ–પર્યાય અરૂપી હોય છે. શબ્દ આકાશનો ગુણ હોય તો શબ્દ અરૂપી ઠરતાં કાન દ્વારા ગ્રાહ્ય થવો ન જોઈએ. ઇન્દ્રિયો મૂર્તિક છે ને ઇન્દ્રિયો દ્વારા જે ગ્રહણ થાય તે પણ મૂર્તિક છે. શબ્દ તો ઇન્દ્રિયથી ગ્રાહ્ય થાય છે માટે શબ્દ મૂર્તિક છે. તે અમૂર્તિક આકાશનો ગુણ નથી.

વળી શબ્દ બે પ્રકારનાં છે : એક પ્રાયોગિક ને બીજો વૈસ્રસિક.

**પ્રાયોગિક** : જે પુરુષાદિકના સંબંધથી થાય તેને પ્રાયોગિક કહે છે. ભાષામાં આત્માના ભાવનું નિમિત્ત છે, માટે પ્રાયોગિક કહે છે. જીવની ઇચ્છાને લીધે ભાષા પરિણમે છે એમ નથી. વળી તે પરમાણુની ભાષારૂપે પરિણમવાની લાયકાત ન હતી ને પુરુષની ઇચ્છા થઈ માટે ભાષા થાય છે એવો પ્રાયોગિકનો અર્થ નથી. ભાષાવર્ગણા પોતાના કારણે શબ્દરૂપે પરિણમે છે તેમાં જીવનો પ્રયત્ન આદિ કારણ નિમિત્ત છે માટે તેને પ્રાયોગિક કહે છે.

**વૈસ્રસિક** : જે મેઘાદિથી ઉત્પન્ન થાય છે તે વૈસ્રસિક છે તેમાં જીવનું નિમિત્તપણું નથી એમ બતાવવું છે ને પ્રાયોગિકમાં જીવનું નિમિત્તપણું છે. બાકી તો બન્ને પ્રકારોમાં પોતાના કારણે જ પરિણમન થાય છે.

વળી શબ્દ ભાષા–અભાષા બે પ્રકારે છે. તેમાંથી ભાષાત્મક શબ્દ અક્ષર–અનક્ષરના ભેદથી બે પ્રકારના છે. સંસ્કૃત, પ્રાકૃત, આર્ય, મ્લેચ્છાદિથી ભાષારૂપ જે શબ્દ છે તે અક્ષરાત્મક છે. તે જડનું પરિણમન છે. જડની પર્યાયનું અભિમાન કરે તે અજ્ઞાની છે. જે જીવ જડની પર્યાયથી જુદો પડે નહિ તે વિકારથી તો કદી જુદો પડી શકે નહિ. બે ઇન્દ્રિયાદિ જીવોની તથા માખી, મચ્છર વગેરેની ભાષા અનક્ષરાત્મક છે, ને ભગવાનનો દિવ્યધ્વનિ પણ અનક્ષરાત્મક છે. ભગવાનની વાણીમાં શબ્દો ક્રમપૂર્વક બોલાતા નથી. જે એમ કહે છે કે ભગવાન ગૌતમગણધર તથા બીજી જુદી જુદી વ્યક્તિઓને સંબોધીને ક્રમપૂર્વક બોલતા તે ભગવાનની વાણીને પણ સમજતો નથી. ભગવાનને તો અસંખ્યપ્રદેશેથી અનક્ષરી દિવ્યધ્વનિ નીકળે છે. છદ્મસ્થદશામાં કષાય હોય છે, ત્યાં સુધી તેના નિમિત્તે વાણી ક્રમવાળી હોય છે ને અકષાયદશા પ્રગટ કરી સર્વજ્ઞપદ પ્રાપ્ત થતાં વાણી અક્રમે નીકળે છે. તે વાણીને બાર સભામાં દેવ, મનુષ્ય, તિર્યંચ વગેરે પોતપોતાની ભાષામાં સમજી જાય છે ને દરેક સાંભળનારને એમ લાગે કે મારી ભાષામાં ભગવાન બોલે છે. પણ ત્યાં તો અક્રમ અનક્ષરાત્મક વાણી છે.

વળી કોઈ કહે કે બે ઇન્દ્રિયાદિ જીવોની અનક્ષરાત્મક વાણી ને ભગવાનની અનક્ષરાત્મક વાણીમાં શું ફેર છે ? સમાધાન : એક હરિજન ને એક ચક્રવર્તી મનુષ્યપણાની અપેક્ષાએ સરખા છે છતાં પર્યાય અપેક્ષાએ ને પુણ્ય અપેક્ષાએ મોટો ફેર છે. તેમ બન્નેને અનક્ષરાત્મક હોવા છતાં મોટો ફેર છે. અહીં તો એમ કહેવું છે કે માખી જે ભાષા બોલે તેની કર્તા માખી નથી તેમ જ દિવ્યધ્વનિના કર્તા ભગવાન નથી પણ ભાષાના પરમાણુ સ્વતંત્રપણે ભાષારૂપે પરિણમી જાય છે.

વળી અભાષાત્મક શબ્દોના બે ભેદ છે – એક પ્રાયોગિક ને એક વૈસ્રસિક. પુરુષના સંબંધથી થાય તે પ્રાયોગિક છે. પ્રાયોગિકમાં તત, વિતત, ધન, સુષિરાદિરૂપ જાણવા. વીણાને વાજિંત્રથી જે અવાજ થાય તે તત કહેવાય છે, તેમાં પુરુષની આંગળીનું નિમિત્ત છે. ઢોલ આદિથી ઉત્પન્ન થાય તે વિતત શબ્દ કહેવાય છે તે અભાષાત્મક શબ્દ છે. ઝાંઝ, કરતાલથી શબ્દ ઉત્પન્ન થાય તેને ધન કહે છે. વાંસળીના નિમિત્તે જે શબ્દ ઉત્પન્ન થાય તેને સુષિર કહે છે. આ પ્રમાણે પ્રાયોગિક અભાષાત્મક શબ્દના ચાર ભેદ જાણવા. તેમાં પુરુષાદિનું નિમિત્ત છે તેથી તેને પ્રાયોગિક કહે છે. પણ જીવને લીધે તે સ્વર આદિનું પરિણમન થતું નથી. અજ્ઞાની જીવ અભિમાન કરે છે કે અમોને વાંસળી વગાડતાં આવડે છે માટે વગાડી શકીએ છીએ. જેને ન આવડતી હોય તેને વાંસળી આપો તો શું તે વગાડી શકશે ? આમ અજ્ઞાની જીવ જડનો સ્વામી થઈ અભિમાન કરે છે.

જે મેઘાદિથી ઉત્પન્ન થાય છે તેને વૈસ્રસિક અભાષાત્મક શબ્દ કહે છે. આ પ્રમાણે સમસ્ત પ્રકારના શબ્દ પુદ્‌ગલ સ્કંધોથી ઉત્પન્ન થાય છે. જીવને લીધે તે થતા નથી.

કોઈ કહે છે કે 'કેવળી ભગવાનને ઇચ્છા નથી છતાં વાણી નીકળે છે તે તો બરાબર છે, પણ છદ્મસ્થ જીવને તો ઇચ્છાને લીધે વાણી નીકળે છે.' પણ તે દલીલ ખોટી છે. છદ્મસ્થની

વાણી હોય કે કેવળીની અનક્ષરાત્મક ધ્વનિ હોય – બન્ને સ્વતંત્ર છે. જીવને લીધે તે થતી નથી. દરેક શબ્દ પોતાથી થાય છે, નિમિત્તને લીધે નથી. ભાષાના સ્વરૂપથી તારું સ્વરૂપ સદાકાળ જુદું છે એમ નક્કી કરાવે છે.

કોઈ કહે છે કે ભાષણ જોરદાર કરવું જોઈએ કે જેથી શ્રોતા ઉપર પ્રભાવ પડે. ધીમે ધીમે બોલીએ તો પ્રભાવ પડે નહિ. આમ માનનાર મૂઢ છે. તે ભાષાનો અધિપતિ થાય છે. ધીમેથી કે જોરથી બોલાવું તે આત્માના અધિકારની વાત નથી. આવા જડના અભિમાનીને સાચું પ્રતિક્રમણ હોતું નથી. જડ મારું સ્વરૂપ નથી એમ ભેદજ્ઞાન કરી રાગથી પાછા ફરવું તે પ્રતિક્રમણ છે. આવી જેને ખબર નથી ને ભાષાની સાથે એકત્વબુદ્ધિ કરે છે, તે જીવ સ્વભાવમાંથી પાછો ફર્યો છે એટલે કે તે મિથ્યાત્વ સેવે છે.

વળી ભગવાનની વાણી અનક્ષરી કહી તેમાં દેવના સ્વરૂપની પણ વાત આવી. જે જીવ એમ માને છે કે સાધારણ માણસ સમવસરણમાં ભગવાનને પ્રશ્ન પૂછે ને ભગવાન વ્યક્તિને જવાબ આપે તે ભગવાનને સમજતો નથી. તીર્થંકરની સભામાં ચક્રવર્તી, ઇન્દ્ર, ગણધરાદિ પુણ્યવંત પૂછી શકે એવો વાણીને તથા પુણ્યવંત પુરુષને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે. કોઈ સાધારણ જીવ પ્રશ્ન કરી શકે નહિ. જેમ રાજાને અરજી કરવી હોય તો તેના યથાયોગ્ય અનુચર દ્વારા અરજી પહોંચે છે તેમ ત્રણ લોકના નાથને પ્રશ્ન પુણ્યવંત પુરુષો પૂછે છે ને જવાબ ૐ ધ્વનિમાં આવે છે. અને સૌ પોતપોતાની લાયકાત મુજબ સમજી જાય છે. એટલે અહીં અનક્ષરી વાણી કહીને દેવના સ્વરૂપની પણ ઓળખાણ આપી. ભગવાનને ૐ અનક્ષરી અભેદ વાણી નીકળે છે.

અહીં કહેવાનો ભાવાર્થ એમ છે કે એક પરમાણુમાં શબ્દરૂપે થવાની તાકાત નથી. ઘણા પરમાણુ ભેગા થાય છે તો શબ્દ થાય છે. પરમાણુમાં શક્તિ છે પણ વ્યક્તિ નથી. આત્મામાં તો શબ્દની શક્તિ નથી તેમ જ વ્યક્તિ પણ નથી. આ બધા શબ્દોના ભેદો બતાવ્યા તે પુદ્ગલનું કાર્ય છે. આત્મા તેનાથી જુદો છે એમ ભાન કરી જ્ઞાતા રહે તો ધર્મ થાય.

(વીર સંવત ૨૪૭૮ ચૈત્ર સુદ–૧૫, ગુરુવાર)

પુદ્ગલ આત્માથી ભિન્ન છે તેમ જાણી પુદ્ગલને હેય બતાવે છે ને આત્મા અંગીકાર કરવા જેવો છે એમ કહે છે. આત્મા જ્ઞાનસ્વભાવી છે તે પોતાથી જુદા એવા શબ્દને કરે નહિ તેમ જ પોતાથી જુદા એવા શબ્દથી આત્માને જ્ઞાન થાય નહિ. એક પરમાણુ જડ છે, તેનામાં શબ્દ કરવાની તાકાત નથી તો પછી અરૂપી આત્મા શબ્દને કરે તે અસંભવિત છે, ને શબ્દથી જ્ઞાન થાય તે અસંભવિત છે.

**પ્રશ્ન** : ઘેર હતા ત્યારે આ જ્ઞાન ન હતું પણ અહીં આવીને આ સાંભળ્યું તો જ્ઞાન થયું ને ?

**સમાધાન** : ભાઈ, શ્રવણથી જ્ઞાન થતું નથી. શબ્દ જડ છે, આત્મા જ્ઞાનાનંદ સ્વભાવી છે. શબ્દથી જ્ઞાન થતું નથી.

**પ્રશ્ન** : નિશ્ચયે ન થાય પણ વ્યવહારે થાય છે ને ? ભગવાને બે નય કહ્યા છે ને ?

**સમાધાન** : પોતામાં પોતાના કારણે જ્ઞાન થાય છે તે નિશ્ચય છે ત્યારે બીજી ચીજનું જ્ઞાન વ્યવહારનય કરાવે છે પણ બીજી ચીજથી જ્ઞાન થતું નથી. નિશ્ચયનય આદરવા માટે છે, વ્યવહાર જ્ઞાન કરવા માટે છે, આદરવા માટે નથી. આત્મા ત્રિકાળી જ્ઞાતા છે, તેનામાં શબ્દ કરવાની તાકાત નથી ને આત્મા કારણ થઈને શબ્દ બનાવે તેવી શબ્દમાં તાકાત નથી, શબ્દ ભાષાના પરમાણુના કારણે બને છે.

લૌકિકમાં કોહીનૂર હીરો બહુ તેજવાળો કહેવાય છે. પ્રકાશનો ડુંગર કહેવાય છે. છતાં તે આટલો પ્રકાશવાળો છે એવી હીરાને ખબર નથી. હીરો પોતાને તેમ જ પરને જાણતો નથી. હીરાને જાણનાર આત્મા પોતાને તેમ જ પરને જાણે છે. આવો જ્ઞાનનો ડુંગર દરેક આત્મા દેહ દીઠ બિરાજે છે. તેના જ્ઞાનની વર્તમાન અવસ્થા ને સત્તા છે કે નહિ ? ને વર્તમાન જ્ઞાનનું કાર્ય પરને લીધે હોય તો પોતાનું વર્તમાન શું ? માટે કોઈ કોઈને લીધે નથી. અજ્ઞાનીને ભ્રમ પડે છે કે મારું જ્ઞાન વક્તામાંથી આવે છે. તે જ ભ્રમ છે.

કોઈ પ્રશ્ન કરે કે : તો પછી વક્તાનો અને સાંભળનારનો અભિપ્રાય એક કેમ થાય છે ?

**સમાધાન** : બન્નેનો અભિપ્રાય સરખો થાય છે તે પોતાના કારણે થાય છે. વક્તાનો આશય તેના આત્મામાંથી જુદો પડી શ્રોતાના આત્મામાં આવી જતો નથી, પણ અજ્ઞાનીને ભ્રમ પડે છે કે વાણીનો પ્રવાહ ચાલતો હોય છે ત્યારે તેને લીધે મને જ્ઞાન થાય છે. તું ભાવવાળો પદાર્થ છો કે ભાવ વિનાનો ? જે પદાર્થ હોય તે ભાવ વિના ન હોય. વળી તેનું વર્તમાન મારાથી કામ કરે છે કે પરથી ? જો એક સમય પરથી જ્ઞાનનું કામ થતું હોય તો ત્રિકાળી દ્રવ્ય પણ પરાધીન થઈ જાય. અહીં કહે છે કે શબ્દથી તને જ્ઞાન થતું નથી, જ્ઞાન તારાથી થાય છે. ૭૯.

---

**णिच्चो णाणवकासो ण सावकासो पदेसदो भेदा।**
**खंधाणं पि य कत्ता पविहत्ता कालसंखाणं ।।८०।।**

**नित्यो नानवकाशो न सावकाशः प्रदेशतो भेत्ता।**
**स्कंधानामपि च कर्ता प्रविभक्ता कालसंख्यायाः ।।८०।.**

**નહિ અનવકાશ, ન સાવકાશ પ્રદેશથી, અણુ શાશ્વતો,**
**ભેત્તા રચયિતા સ્કંધનો, પ્રવિભાગી સંખ્યા–કાળનો. ૮૦.**

**અન્વયાર્થ** : (प्रदेशतः) પ્રદેશ દ્વારા (नित्यः) પરમાણુ નિત્ય છે, (न अनवकाशः) અનવકાશ નથી, (न सावकाशः) સાવકાશ નથી, (स्कंधानाम् भेत्ता) સ્કંધોનો તોડનાર (अपि च कर्ता) તેમ જ કરનાર છે તથા (कालसंख्यायाः प्रविभक्ता) કાળ ને સંખ્યાનો વિભાગનાર છે (અર્થાત્ કાળનો ભાગ પાડે છે અને સંખ્યાનું માપ કરે છે).

---

**तात्पर्यवृत्ति** : एवं शब्दस्य पुद्गलद्रव्यपर्यायत्वस्थापनामुख्यत्वेन तृतीयगाथा गता। अथ परमाणोरेक प्रदेशत्वं व्यवस्थापयतिः- **णिच्चो** नित्य। कस्मात्। **पदेसदो** प्रदेशतः परमाणोः

खलु एकेन प्रदेशेन सर्वदैवाविनश्वरत्वान्नित्यो भवति **णाणवगासो** नानवकाशः किंत्वेकेन प्रदेशेन स्वकीयवर्णादिगुणानामवकाशदानात्सावकाशः **ण सावगासो** न सावकाशः किंत्वेकेन प्रदेशेन द्वितीयादिप्रदेशाभावान्निरवकाशः **भेत्ता खंधाणं** भेत्ता स्कंदानां **कत्ता अवि य** कर्ता अपि च स्कंदानां जीववत्। तद्यथा। यथायं जीवः स्वप्रदेशगतरागादिविकल्परूपनिस्नेहभावेन परिणतः सन् कर्मस्कंदानां भेत्ता विनाशको भवति तथा परमाणुरप्येकप्रदेशगतनिस्नेहभावेन परिणतः सन् स्कंदानां विघटनकाले भेत्ता भेदको भवति। यथा स एव जीवो निस्नेहात्परमात्मतत्त्वाद्विपरीतेन स्वप्रदेशगतिमिथ्यात्वरागादिस्निग्धभावेन परिणतः सन्नवतरज्ञानावरणादिकर्मस्कंदानां कर्ता भवति तथा स एव परमाणुरेकप्रदेशगतस्निग्धभावेन परिणतः सन् द्व्यणुकादिस्कंदानां कर्ता भवति। अत्र योसौ स्कंदानां भेदको भणितः स कार्यपरमाणुरुच्यते यस्तु कारकस्तेषां स कारणपरमाणुरिति कार्यकारणभेदेन द्विधा परमाणुर्भवति। तथा चोक्तं। 'स्कंदभेदाद्भवेदाद्यः स्कंदानां जनकोपरः।' अथवा भेदविषये द्वितीयव्याख्यानं क्रियते। परमाणुरयं। कस्मात् ? एकप्रदेशत्वेन बहुप्रदेशस्कंदाद्भिन्नत्वात्। स्कंदोयं। कस्मात् ? बहुप्रदेशत्वेनैकप्रदेश-त्वेनैकप्रदेशपरमाणोर्भिन्नत्वादिति **पविभत्ता कालसंखाणं** प्रविभक्ता कालसंख्ययोर्जीववदेव। यथा एकप्रदेशस्थकेवलज्ञानांशेनैकसमयेन भगवान् केवली समयरूपव्यवहारकालस्य संख्यायाश्च प्रविभक्ता परिच्छेदको ज्ञायको भवति तथा परमाणुरप्येकप्रदेशेन मंदगत्याऽणोरण्वंतरव्यतिक्रमणलक्षणेन कृत्वा समयरूपव्यवहारकालस्य संख्यायाश्च प्रविभक्ता भेदको भवतीति। संख्या कथ्यते। द्रव्यक्षेत्रकालभावरूपेण संख्या चतुर्विधा भवति, सा च जघन्योत्कृष्टभेदेन प्रत्येकं द्विविधा। एकपरमाणुरूपा जघन्या द्रव्यसंख्येति अनंतपरमाणु-पुंजरूपोत्कृष्टद्रव्यसंख्येति, एकप्रदेशरूपा जघन्या क्षेत्रसंख्या, अनंतप्रदेशरूपोत्कृष्टा क्षेत्रसंख्या, एकसमयरूपा जघन्या व्यवहारकालसंख्या, अनंतसमयरूपोत्कृष्टव्यवहारकालसंख्या, परमाणुद्रव्ये वर्णादीनां सर्वजघन्या तु या शक्तिः सा जघन्या भावसंख्या, तस्मिन्नेव परमाणुद्रव्ये सर्वोत्कृष्टा तु या वर्णादिशक्तिः सा तूत्कृष्टा भावसंख्येति। एवं जघन्योत्कृष्टा प्रत्येकं द्रव्यक्षेत्रकालभावसंख्या ज्ञातव्याः ।।८०।।

---

**समयव्याख्या : परमाणोरेकप्रदेशत्वख्यापनमेतत्। परमाणुः स खल्वेकेन प्रदेशेन रूपादिगुणसामान्यभाजा सर्वदैवाविनश्वरत्वान्नित्यः। एकेन प्रदेशेन तदविभक्तवृत्तीनां स्पर्शादिगुणानामवकाशदानान्नानवकाशः। एकेन प्रदेशेन द्व्यादिप्रदेशाभावादात्मादिनात्ममध्येनात्मांतेन न सावकाशः। एकेन प्रदेशेन स्कंधानां भेदनिमित्तत्वात् स्कंधानां भेत्ता। एकेन प्रदेशेन स्कंधसंघातनिमित्तत्वात्स्कंधानां कर्ता। एकेन प्रदेशेनैकाकाशप्रदेशातिवर्तितद्गतिपरिणामापन्नेन समयलक्षणकालविभागकरणात् कालस्य प्रविभक्ता। एकेन प्रदेशेन तत्सूत्रितद्व्यादिभेदपूर्विकायाः स्कंधेषु द्रव्यसंख्यायाः, एकेन प्रदेशेन तदवच्छिन्नैकाकाशप्रदेशपूर्विकायाः क्षेत्रसंख्यायाः एकेन प्रदेशेनैकाकाशप्रदेशातिवर्तितद्गतिपरिणामावच्छिन्नसमयपूर्विकायाः कालसंख्यायाः, एकेन प्रदेशेन तद्विवर्तिजघन्यवर्णादिभावावबोधपूर्विकाया भावसंख्यायाः प्रविभागकरणात् प्रविभक्ता संख्याया अपीति ।।८०।।**

---

**અનુવાદ : આ પરમાણુના એકપ્રદેશીપણાનું કથન છે.**

**જે પરમાણુ છે, તે ખરેખર એક પ્રદેશ વડે – કે જે રૂપાદિગુણસામાન્યવાળો છે તેના વડે– સદાય અવિનાશી હોવાથી નિત્ય છે; તે ખરેખર એક પ્રદેશ વડે તેનાથી (પ્રદેશથી) અભિન્ન અસ્તિત્વવાળા સ્પર્શાદિગુણોને અવકાશ દેતો હોવાને લીધે અનવકાશ નથી; તે ખરેખર એક પ્રદેશ વડે (તેનામાં) દ્વિઆદિ પ્રદેશોનો અભાવ હોવાથી, પોતે જ આદિ, પોતે જ મધ્ય અને પોતે જ અંત હોવાને લીધે (અર્થાત્ નિરંશ હોવાને લીધે), સાવકાશ નથી; તે ખરેખર એક પ્રદેશ વડે સ્કંધોના ભેદનું નિમિત્ત હોવાથી (અર્થાત્ સ્કંધના વીખરાવાનું–તૂટવાનું નિમિત્ત હોવાથી) સ્કંધોનો તોડનાર છે; તે ખરેખર એક પ્રદેશ વડે સ્કંધના સંઘાતનું નિમિત્ત હોવાથી (અર્થાત્ સ્કંધના મળવાનું–રચાવાનું નિમિત્ત હોવાથી) સ્કંધોનો કરનાર છે; તે ખરેખર એક પ્રદેશ વડે – કે જે એક આકાશ પ્રદેશને અતિક્રમનારા (ઓળંગનારા) તેના ગતિપરિણામને પામે છે તેના વડે – 'સમય' નામનો કાળનો વિભાગ કરતો હોવાથી કાળનો વિભાગનાર છે; તે ખરેખર એક પ્રદેશ વડે સંખ્યાનો પણ વિભાગનાર છે, કારણ કે (૧) તે એક પ્રદેશ વડે તેનાથી રચાતા બે વગેરે ભેદોથી માંડીને (ત્રણ અણુ, ચાર અણુ, અસંખ્ય અણુ ઇત્યાદિ) દ્રવ્યસંખ્યા વિભાગ સ્કંધોને વિષે કરે છે, (૨) તે એક પ્રદેશ વડે તેના જેટલી મર્યાદાવાળા એક 'આકાશપ્રદેશ'થીમાંડીને (બે આકાશપ્રદેશ, ત્રણ આકાશપ્રદેશ, અસંખ્ય આકાશપ્રદેશ ઇત્યાદિ) ક્ષેત્રસંખ્યાના વિભાગ કરે છે, (૩) તે એક પ્રદેશ વડે, એક આકાશપ્રદેશને અતિક્રમનારા તેના ગતિપરિણામના જેટલી મર્યાદાવાળા 'સમય'થી માંડીને (બે સમય, ત્રણ સમય, અસંખ્ય સમય ઇત્યાદિ) કાળસંખ્યા વિભાગ કરે છે, અને (૪) તે એક પ્રદેશ વડે તેનામાં વિવર્તન પામતા (પલટાતા, પરિણમતા) જઘન્ય વર્ણાદિભાવને જાણનારા જ્ઞાનથી માંડીને ભાવસંખ્યાના વિભાગ કરે છે. ૮૦.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર સુદ–૧૫, ગુરુવાર)

હવે પરમાણુ એકપ્રદેશી છે એમ બતાવે છે.

આ પુદ્‌ગલસ્કંધોનો નાનામાં નાનો ભાગ કે જેના બે ટુકડા થઈ ન શકે તેને પરમાણુ કહે છે. પરમાણુ સદા અવિનાશી છે, નિત્ય છે. આ શરીર દેખાય છે તે મૂળ તત્ત્વ નથી, પણ તેનો નાનામાં નાનો ભાગ પરમાણુ છે. તે પરમાણુ અવિનાશી છે એમ જ્ઞાન જાણે છે. પરમાણુને પોતાની ખબર નથી તેમ જ બીજાની પણ ખબર નથી. આત્મા પોતાને તેમ જ પરમાણુ આદિ પરને જાણે છે. પરથી જુદો છું એમ યથાર્થ ભાન કરનાર ધર્મી જીવને ખ્યાલ આવે છે કે અહો ! હું જ્ઞાનસ્વભાવી અવિનાશી છું ને પરમાણુ જડસ્વભાવી અવિનાશી છે. અનેક પરમાણુના સ્કંધમાંથી શબ્દ થાય છે, કોઈ ઈશ્વર કે આત્મા શબ્દનો કર્તા નથી.

વળી એક પરમાણુ એક પ્રદેશમાં છે ને તેના રૂપાદિ ગુણોથી કદી પણ જુદો હોતો નથી, તેમ આત્મા જાણે છે. તેવી રીતે આત્મા પોતાના જ્ઞાન–દર્શનાદિ ગુણોથી કદી પણ જુદો હોતો

નથી. શુભાશુભભાવો થાય છે તે પર્યાયમાં થાય છે તે પલટીને નાશ પામે છે, જ્ઞાન–દર્શનાદિ શક્તિઓ કાયમ રહે છે. કોઈ વખતે આત્મામાં ગુણ ન હોય એમ બને નહિ. અજ્ઞાની માને છે કે શબ્દથી, પુસ્તકથી, પ્રતિમાથી જ્ઞાન થાય છે પણ તેને પોતાના જ્ઞાનસ્વભાવનો વિશ્વાસ આવતો નથી. જે વસ્તુ હોય તે પોતાના સ્વભાવ વિનાની હોય ? ન હોય. સ્વભાવ વિનાની હોય તેને વસ્તુ કહેવાતી નથી. પરમાણુ એકપ્રદેશી હોવા છતાં તેના ગુણોથી રહિત નથી તેમ ચૈતન્યપ્રકાશનો ડુંગરો પણ પોતાના જ્ઞાન–દર્શનાદિ ગુણોથી કદી રહિત નથી.

વળી પરમાણુ અવિનાશી છે ને તેના ગુણોથી રહિત નથી. એવું નક્કી કોણે કર્યું ને શેમાં કર્યું ? પરમાણુને ખબર નથી. જીવદ્રવ્ય તે નક્કી કરે છે પણ નક્કી કરવાનું કાર્ય પર્યાયમાં છે, દ્રવ્ય–ગુણમાં કાર્ય નથી. પર્યાય નક્કી કરે છે કે જેમ પરમાણુ અવિનાશી છે ને તેના ગુણથી રહિત નથી તેમ આત્મા અવિનાશી છે ને તેના જ્ઞાનાદિ ગુણથી રહિત નથી. મારું કાર્ય મારા ગુણના ધરનાર આત્મદ્રવ્યના આધારે થાય છે. આમ પોતે અવિનાશી છે ને ગુણસહિત છે. એવો ભરોસો જેને આવ્યો તે જીવ પરમાણુનું નક્કી કરે છે. નીચલી દશામાં પરમાણુ તો પ્રત્યક્ષ દેખાતું નથી. પરમાણુ પ્રત્યક્ષ તો કેવળીને હોય છે છતાં નીચલી દશાવાળો જીવ કે જેને પોતાના દ્રવ્ય–ગુણની એકતાનો ભરોસો આવ્યો છે ને સ્વભાવનો આશ્રય લઈ સ્વસંવેદનપ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ થયું છે તેના જ્ઞાનમાં ભલે પરમાણુ પ્રત્યક્ષ દેખાતો નથી છતાં જ્ઞાન અનુમાન કરે છે કે આ સ્કંધ દેખાય છે તે ઘણા પરમાણુનો પિંડ છે, તેમાંથી ટુકડા થતાં થતાં છેલ્લો અંશ રહે તે પરમાણુ છે. આમ પ્રત્યક્ષપૂર્વક અનુમાનથી નક્કી કરે છે કે પરમાણુ સ્કંધનો નાનામાં નાનો ભાગ છે, એકપ્રદેશી છે ને તેના ગુણો સહિત છે.

આ ચાપડી (લાકડાની પટ્ટી) દેખાય છે તે કોનાથી થઈ છે એમ એક પંડિતને પ્રશ્ન પૂછવામાં આવતાં તેણે જવાબ આપેલ કે 'ચાપડી વાંસલાથી થઈ છે એમ પ્રત્યક્ષ દેખાય છે.' કોને પ્રત્યક્ષ કહો છો ? પ્રત્યક્ષપણું જ્ઞાનને લાગુ પડે છે કે જડને લાગુ પડે છે ? જડમાં જ્ઞાન નથી તેથી જડને પ્રત્યક્ષ કે પરોક્ષ કાંઈ છે જ નહિ ને પોતામાં સ્વસંવેદન જ્ઞાન–રાગ વિનાનું પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ થયા વિના સ્કંધનો નાનામાં નાનો ભાગ સૂક્ષ્મ પરમાણુ છે એવું અનુમાન કોણ કરશે ? હું આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું, સ્વતઃસિદ્ધ વસ્તુ છું, શરીર, મન, વાણી આદિ પર છે, તેનાથી હું જણાઉં એવો નથી તેમ જ રાગથી પણ જણાઉં એવો નથી. હું તો સદાય મારા જ્ઞાન–દર્શનાદિથી સહિત છું. એવા ભાનપૂર્વક શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા કરી સાધકને જે જ્ઞાન પ્રગટ થાય છે તે પ્રત્યક્ષ છે. પણ સર્વજ્ઞદશા નથી ત્યાં સુધી તે પૂર્ણ પ્રત્યક્ષ નથી તેથી એક પરમાણુને તે પ્રત્યક્ષ જોઈ શકતો નથી. સાધકને પ્રત્યક્ષ જ્ઞાન અધૂરું છે ને વિકલ્પ પણ વર્તે છે. તે અનુમાન કરે છે કે આ સ્કંધના કટકા થાય છે માટે તે મૂળ ચીજ નથી, મૂળ ચીજ હોય તેના કટકા થાય નહિ, તેથી સ્કંધની મૂળ ચીજનું અનુમાન કરે છે કે સ્કંધનો કટકો થતાં થતાં નાનો ભાગ રહે છે તે પરમાણુ છે આવી રીતે જે સાધક જીવે પોતામાં અંશે પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ કર્યું છે તેનું અનુમાન સાચું છે.

અનુમાન=પોતાને + અનુસરીને જ્ઞાનના માપમાં આવવું તે અનુમાન છે. રાગ–દ્વેષ, પુણ્ય–

પાપ દોષ છે. જ્ઞાનસ્વભાવ તો નિર્દોષ છે. નિર્દોષસ્વભાવ દોષથી જણાય નહિ. નિર્દોષ જ્ઞાનસ્વભાવનો ખ્યાલ આવ્યા વિના સ્કંધનો નાનામાં નાનો ભાગ પરમાણુ છે તેનો ખ્યાલ કોણ કરશે ? પરમાણુની વાત ચાલે છે. પરમાણુ અર્થસમય છે. પણ તે અર્થસમયને જાણનાર તો જ્ઞાનસમય છે, ને તેને કહેનાર શબ્દસમય છે. જે શબ્દ રાગરહિત શુદ્ધ ચૈતન્યના જ્ઞાન વિના રાગ–દ્વેષ વગેરે પર્યાયનું એકલાનું જ્ઞાન બતાવે ને શુભથી વિકાસ થશે એમ બતાવે તે દ્રવ્યશ્રુત નથી ને જેનું જ્ઞાન એમ જાણે કે પુદ્‌ગલનું કાર્ય અમારાથી થાય છે તેનું જ્ઞાન પણ ખોટું છે ને તેણે ભગવાનની વાણી પણ જાણી નથી.

અહીં પરમાણુની વાત કરી પણ પરમાણુને જાણનાર કોણ છે ? જાણનાર તો આત્મા છે. પરમાણુ મારામાં નથી, એમ જાણીને તેને હેય કહ્યું છે. તે ચીજ મારામાં નથી, ને હું તેનામાં નથી. તે તેનામાં છે ને હું મારામાં છું તેવું જ્ઞાન પણ પોતામાં રહીને કરે છે. પરમાં રહીને જ્ઞાન કરતો નથી.

અહીં કહ્યું કે એક પરમાણુ તેના ગુણના વિરહ વિનાનો છે. વસ્તુ કહો ને તેને ગુણો ન હોય તેમ બને નહિ. સ્વભાવ અને સ્વભાવવાન વિરહ વિનાના છે. જ્ઞાને નક્કી કર્યું કે અહો ! એક પરમાણુ અવિનાશી છે ને તેના ગુણોના વિરહ વિનાનો છે. પણ પરમાણુને પોતાની ખબર નથી. હું તેનો જાણનાર છું પણ બનાવનાર નથી. વળી રાગ–દ્વેષનાં ગ્રહણ–ત્યાગ કરનાર પણ હુ નથી. હું તો પરમાણુનો તથા રાગાદિનો જાણનાર છું. તે પણ વ્યવહારે જાણનાર છું. પરમાણુને સ્વમાં રહીને જાણનારો છું. જ્ઞાન પરમાણુનું નથી, જ્ઞાન સ્વનું છે. પોતાની તાકાતથી જાણું છું, હું સ્વયંસિદ્ધ જ્ઞાન જ છું. જ્ઞાનપ્રકાશનો પિંડ છું, ધ્રુવ છું એમ જે જ્ઞાને નક્કી કર્યું તે જ્ઞાન નક્કી કરે છે કે આ ચીજો ભાંગે છે–તૂટે છે તે મૂળતત્ત્વ નથી, મૂળતત્ત્વ ભાંગે–તૂટે નહિ. મૂળ તત્ત્વ તો પરમાણુ છે. જેમ હું અવિનાશી ને મારા ગુણોથી સહિત છું તેમ પરમાણુ પણ નિત્ય અવિનાશી છે ને પોતાના ગુણોથી સહિત છે.

આત્માના જ્ઞાન વિના માત્ર શાસ્ત્રનું જ્ઞાન વૃથા છે. આંધળો માણસ દળે ને બીજી બાજુથી કૂતરો ચાટી જાય તે દેખે નહિ, જેથી તેની મહેનત નકામી જાય છે. તેને કોઈ દિવસ લોટ ભેગો થાય નહિ; તેમ શાસ્ત્રો ખૂબ ભણ્યો, પુદ્‌ગલના ભેદો યાદ રાખ્યા પણ હું ચિદાનંદ કોણ છું ? વિકાર કે સંયોગ તે મારો સ્વભાવ નથી, એવા ભાન વિના પુદ્‌ગલસ્કંધનો સૂક્ષ્મ ભાગ તે પરમાણુ છે એમ અનુમાન કોણ કરશે ? જેને આત્માનું ભાન છે ને અંશે પ્રત્યક્ષ જ્ઞાન પ્રગટ થયું છે તે અનુમાન કરે છે કે સ્કંધ મૂળ વસ્તુ નથી પણ તેનો નાનામાં નાનો ભાગ તે પરમાણુ છે, તે સદા અવિનાશી છે. આમ નિત્યનો બોલ થયો.

વળી તે પરમાણુ કેવો છે ? એકપ્રદેશી છે છતાં પોતાના પ્રદેશોથી જુદા નહિ એવા પોતાના સ્પર્શાદિ ગુણોને અવકાશ દેવામાં સમર્થ છે. પરમાણુ દ્રવ્ય અને તેના સ્પર્શાદિ ગુણોને નામભેદ હોવા છતાં ને અનેક ગુણો હોવા છતાં પરમાણુ તેના ગુણોને અવકાશ આપે છે. એકમાં અનેક કેવી રીતે સમાતા હશે ? એક પણ અનેકનું બનેલું છે. ગુણ–ગુણીના પ્રદેશ જુદા નથી તેથી ગુણી ગુણોને અવકાશ આપે છે. પરમાણુ એકપ્રદેશી છે માટે અનેક ગુણોને અવકાશ ન આપે

એમ છે જ નહિ. પોતાના ગુણોને અવકાશ ન આપે તે વસ્તુ દ્રવ્ય ન હોય. અનંતા ગુણો સહિતનું તે એક દ્રવ્ય છે.

તેને જાણનાર આત્મદ્રવ્ય કેવું છે ? જેમ પરમાણુ પોતાના ગુણને અવકાશ આપે છે તેમ આત્મદ્રવ્ય પોતાના અસંખ્યપ્રદેશે પોતાના અનંત ગુણોને અવકાશ આપે છે. વળી જેમ સ્કંધમાં એક પરમાણુ બીજા પરમાણુથી અનેરો છે, ત્રીજાથી અનેરો છે ને સ્કંધમાં રહેવા છતાં પોતાનું દ્રવ્યપણું ટકાવી રાખે છે તેમ એક આત્મા બીજા અનંત આત્માથી તથા બીજા અનંત જડ દ્રવ્યોથી અન્યપણે છે, એક આત્મા બીજાથી પૃથક્ ન હોય તો બેપણું રહેતું નથી. આમ અનંતા પરપદાર્થોથી અનેરાપણે આત્મા ટકી રહ્યો છે. આમ અન્યત્વાદિ અનંતા ગુણોને આત્મા અવકાશ આપે છે.

અહીં પુદ્ગલનું સ્વરૂપ એટલે અર્થસમય બતાવે છે, પણ તે અર્થસમયનું જ્ઞાન કરનાર આત્મા છે. પોતાનો સ્વ–પરપ્રકાશક જ્ઞાનસ્વભાવ છે તે જ્ઞાનનું સામર્થ્ય સમજાવે છે.

આ જ્ઞાનસ્વભાવને સમજ્યા વિના ભગવાનની પ્રતિમા તથા ક્ષેત્રને લીધે શુભભાવ થાય ને તેને જ્ઞાન થાય એમ અજ્ઞાની માને છે. પોતાનું નમાલાપણું લઈને જાત્રા કરવા જાય છે તે પર્વતથી ઊતરી આવશે તો મિથ્યાત્વને દઢ કરીને પર્વતથી નીચે ઊતરશે, કારણ કે પોતાનો જ્ઞાનસ્વભાવ પરાધીન માને છે. જ્ઞાનીને જાત્રાનો ભાવ આવે છે પણ તે સમજે છે કે હું જ્ઞાનસ્વભાવી છું, પરને લીધે શુભભાવ નથી તેમ જ જ્ઞાન પણ નથી, રાગ આવે છે તે નબળાઈથી આવે છે. જ્ઞાનસ્વભાવનું ભાન છે છતાં જે પ્રકારનો રાગ આવવાનો તે આવવાનો. ભેદજ્ઞાન વર્તે છે તેથી જાત્રા કરીને પાછો ફરે છે તે વખતે પણ જ્ઞાન દઢ કરીને પાછો ફરે છે. માટે જ્ઞાનસ્વભાવી છું એમ અહીં બતાવે છે. જેમ પુદ્ગલમાં તેના ગુણોનું ક્ષેત્ર જુદું નથી તેમ આત્મા અને તેના જ્ઞાન–દર્શનાદિ ગુણોનું ક્ષેત્ર જુદું નથી.

વળી, પરમાણુ કેવો છે ? પરમાણુ જેમ પોતાના ગુણોને અવકાશ આપે તેમ બીજા પરમાણુને જ્ગ્યા ન આપે. પરમાણુઓ પોતાની વિશિષ્ટ અવગાહનશક્તિના કારણે આકાશના એક ક્ષેત્રે છે તે જુદી વાત છે; પણ એક પરમાણુ બીજા પરમાણુના અસ્તિત્વમાં પ્રવેશી જાય તેમ બનતું નથી. કારણ કે પરમાણુ નિર્વિભાગ અંશ છે. એકપ્રદેશી છે. આદિ–મધ્ય–અંતમાં એકલો છે. તે બીજા પરમાણુને અવકાશ આપવા અસમર્થ છે.

તેવી રીતે આત્મા પણ કર્મ, શરીર, દેવ, ગુરુ, શાસ્ત્ર કોઈને પણ પોતાના અસંખ્યપ્રદેશમાં સ્થાન આપતો નથી. ધર્મી કહે છે કે ભગવાન ભગવાનમાં છે ને અમો અમારામાં છીએ. કોઈ કહે કે તો પછી આત્મા સ્વાર્થી થઈ ગયો. હા, દરેક પદાર્થ સ્વાર્થી છે. સ્વપ્રયોજન સિદ્ધ કરીને પોતામાં ટકી રહે તે સ્વાર્થી છે, પરનું પ્રયોજન કોઈ સાધતું નથી, પરને કોઈ મદદ આપતું નથી, માટે દરેક સ્વાર્થી છે. આત્મા કોઈ પણ પરપદાર્થને અવકાશ આપવા અસમર્થ છે.

વળી તે પરમાણુ કેવો છે ? પોતે એકપ્રદેશી રહીને સ્કંધોનો ભેદ વ્યવહારથી કરે છે. જ્યારે સ્કંધોમાંથી છૂટા પડવાની તેની લાયકાત થાય છે ત્યારે પરમાણુ છૂટો પડે છે. તેથી તે સ્કંધોનો વ્યવહારથી ભેદ કરનાર કહેવાય છે. પણ પરમાણુને ખબર નથી કે હું સ્કંધનો ભેદ કરનાર છું. પરમાણુ છૂટો પડી સ્કંધોનો ભેદ કરે છે એમ જાણનાર તો આત્મા છે. હું આત્મા જ્ઞાનસ્વભાવી

છું. શરીર, કર્મ કે રાગસ્વભાવી હું નથી, હું તો જ્ઞાન જ છું એમ ભેદજ્ઞાન ને વીતરાગતા થતાં કર્મથી છૂટો પડી જાય છે. અજ્ઞાનથી જે કર્મો ભેગાં થતાં તે જ્ઞાન થતાં છૂટાં પડી જાય છે. આત્મા કર્મોને છૂટો પાડનાર છે એમ વ્યવહારથી કહેવાય છે.

વળી તે પરમાણુ કેવો છે ? પરમાણુ પોતાના સ્વકાળે પોતાની યોગ્યતા મુજબ સ્કંધો સાથે મળી જાય છે તેથી વ્યવહારથી સ્કંધોનો કર્તા કહેવાય છે, તેમ અજ્ઞાની આત્મા મિથ્યાત્વ, રાગ–દ્વેષ કરે ને કર્મ બંધાય તો કર્મોનો કર્તા વ્યવહારે કહેવાય છે.

પરમાણુ અવિનાશી છે, પોતાના સ્પર્શાદિ ગુણોથી રહિત નથી, પોતાના ગુણોને અવકાશ આપે છે. બીજા પરમાણુને અવકાશ આપતો નથી. સ્કંધમાંથી છૂટો પડતાં સ્કંધનો ભેદ કરનાર છે, તથા સ્કંધ સાથે મળે ત્યારે સ્કંધનો કર્તા છે. પરમાણુને આ બધાની કાંઈ ખબર નથી પણ તે બધાનો જાણનાર આત્મા છે. આત્મા પુદ્ગલથી જુદો છે એમ પોતામાં રહી સ્વ–પર–પ્રકાશક જ્ઞાન પ્રગટ કરવું તે ધર્મ છે.

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૧, શુક્રવાર)

કેવળજ્ઞાની ભગવાને પરમાણુને જડ જોયું છે. તેનું સ્વરૂપ કહે છે, પરમાણુ પોતાના કારણે છે, આત્માના કારણે નથી. તે પરમાણુને જ્ઞાન જાણે છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે. એક પરમાણુને જે જ્ઞાન જાણે તે કેટલું સૂક્ષ્મ હોય ? પરમાણુ જગતની અસ્તિ ચીજ છે. જે વસ્તુ હોય તેને જ્ઞાન ન જાણે એમ બને જ નહિ. ન જાણે તો તે જ્ઞાન જ કહેવાય નહિ. ને પદાર્થ ન જણાય તો તે પદાર્થ સત્ કહેવાય નહિ. અહીં પરમાણુ જે પુદ્ગલનો છેલ્લો અંશ છે તેની વ્યાખ્યા ચાલે છે. તેને જાણનાર જ્ઞાનની સૂક્ષ્મતા કેટલી ? ને પરમાણુ આટલું સૂક્ષ્મ છે એમ પ્રતીત કરતાં જ્ઞાનની સૂક્ષ્મતા કેટલી વધે ? પણ તે જ્ઞાન કેવી રીતે પ્રગટે ? હું મને પોતાને જાણનાર છું, દયા–દાનાદિ ભાવનો તથા પરમાણુનો કરનાર નથી, પણ મારામાં રહીને તેનો જાણનાર છું એવું સ્વનું જ્ઞાન થાય તેનું પરપ્રકાશક જ્ઞાન સાચું કહેવાય.

પરમાણુ પોતાની મિલનશક્તિથી સ્કંધોમાં જઈ મળી જાય છે તેથી સ્કંધોનો કર્તા કહેવાય છે. વળી કેવો છે પરમાણુ ?

પરમાણુ કાળની સંખ્યાનો ભેદ કરે છે. આકાશના એકપ્રદેશમાં રહેલો પરમાણુ બીજા પ્રદેશે જાય તેટલા કાળને એક સમય કહે છે. તેથી સમયરૂપ કાળ પ્રગટ થાય છે – જણાય છે, તે કારણે પરમાણુને કાળના અંશનો કર્તા કહેવાય છે. પરમાણુને પોતાની ખબર નથી, તેમ જ પોતે એક પ્રદેશેથી બીજે પ્રદેશે જાય તેટલા કાળને એક સમય કહે છે એવી પણ તેને ખબર નથી, પ્રદેશને ખબર નથી તેમ જ કાળને ખબર નથી. તે બધાનો જાણનાર તો આત્મા છે. અસંખ્યપ્રદેશી આત્મા – તેમાં એક એક પ્રદેશે રહેલું જ્ઞાન સૂક્ષ્મકાળને પણ જાણી લ્યે છે. એવો તેનો ધર્મ છે. એક સમયનું જ્ઞાન સ્વ–પર–પ્રકાશક છે, તે એટલી તાકાતવાળું છે. આત્મા જ્ઞાનથી ભરેલો છે તેમાં રાગ–દ્વેષ થાય તે તેનો ધર્મ નથી. તેનો ધર્મ તો બધાને જાણવાનો છે. આમાં અર્હંતનું

કેવળજ્ઞાન કેવું હોય તેની વાત આવી જાય છે. કેવળજ્ઞાનની પ્રતીતિમાં આત્માની પ્રતીતિ ને પરમાણુની પ્રતીતિ આવી જાય છે. કેવળજ્ઞાનીનો આત્મા અસંખ્યપ્રદેશી પહોળો છે, તેનું એક સમયનું જ્ઞાન ત્રણે કાળના સમયોમાંથી એકએક સમયને જુદો પાડીને જાણવાની તાકાતવાળું છે. એક એક સમયને ન જાણે તો ત્રિકાળને કેવી રીતે જાણે ? ભગવાનને ત્રણે કાળનું જ્ઞાન છે અને એક એક સમયને જુદો પાડીને પણ તેઓ જાણે છે. અસંખ્યપ્રદેશમાં દરેક પ્રદેશે રહેલું કેવળજ્ઞાન એક સમયને ભિન્ન કરીને જાણે છે. એક એક પરમાણુને ભિન્ન ભિન્ન જાણે છે. એક એક પ્રદેશને ભિન્ન ભિન્ન જાણે છે, તથા એક પરમાણુના ભાવને જાણે છે. પરમાણુ, ક્ષેત્ર ને કાળ તો જ્ઞેય છે. તેને કેવળજ્ઞાની જાણનાર છે. તે કેવળજ્ઞાનદશા ક્યાંથી પ્રગટ થઈ ? સર્વજ્ઞ ભગવાન પણ મારા જેવા આત્મા હતા, હું પણ તેવો આત્મા છું, હું પણ પરપદાર્થમાં પેઠા વિના બધા પદાર્થોના સૂક્ષ્મ પરિણમનને જાણી શકું એવો મારો સ્વભાવ છે. પરનું કરવાનો કે રાગ કરવાનો મારો સ્વભાવ નથી. આમ પોતાના જ્ઞાનસ્વભાવની પ્રતીતિ થવી, અર્હંતદશાની પ્રતીતિ થવી તે ધર્મ છે.

જુઓ, આ પુદ્‌ગલપરમાણુ જે જ્ઞેય છે તેની વાત ચાલે છે. પણ તેને ખબર નથી, તેને જાણનારો તો આત્મા છે. એક પરમાણુ એક પ્રદેશથી બીજા પ્રદેશે જાય ને એક સમય લાગે તેની પરમાણુને ખબર નથી, પ્રદેશને ખબર નથી, કાળને ખબર નથી. પણ તેને જાણનારું જ્ઞાન છે. વર્તમાનમાં સાધક જીવનું જ્ઞાન પરમાણુ, પ્રદેશ કે સમયને પ્રત્યક્ષ જાણી શકતું નથી કારણ કે જ્ઞાન અધૂરું છે. છતાં સાધક વિચારે છે કે પરમાણુ, ક્ષેત્ર, કાળ ને ભાવને એક સમયમાં જાણી લ્યે એવી મારી જ્ઞાનપર્યાયની તાકાત છે. પરમાણુ અતીન્દ્રિય છે. પ્રદેશ અતીન્દ્રિય છે, સમય અતીન્દ્રિય છે ને તે બધાને જાણનારું જ્ઞાન પણ અતીન્દ્રિય છે.

સર્વજ્ઞ ભગવાન પોતાના દરેક પ્રદેશેથી એક એક પ્રદેશને ભિન્ન ભિન્ન એક સમયમાં જાણે છે. છદ્મસ્થ જીવ વર્તમાનમાં પદાર્થને અસંખ્ય સમયે જાણે છે છતાં અસંખ્ય સમયમાંથી એક એક સમયને ભિન્ન ભિન્ન જાણે તેવો સ્વભાવ છે. એમ શ્રદ્ધા કરે તો ધર્મ થાય. આત્મા વસ્તુ છે, તેનો સ્વભાવ જ્ઞાન છે, તે એક સમયની દશામાં પરમાણુના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવને જાણી લ્યે તેવું છે. પરમાણુને લીધે નહિ પણ સ્વની તાકાતને લીધે જાણે તેવું છે. તેવા જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરવી તે કેવળદશા પ્રાપ્ત કરવાનો ઉપાય છે.

તું કોણ છે ? બીજું બધું ભૂલી જા. દેહ, મન, વાણી પર છે, તેને લીધે તું નથી એટલે કે તેને લીધે તારું જ્ઞાન નથી, તું તારા લીધે છો, તું જ્ઞાનસ્વભાવી છો એવું નક્કી કરવામાં શાંતિ છે. પરમાણુનો વિચાર કરતાં અતીન્દ્રિયજ્ઞાનનો ખ્યાલ આવે છે. અતીન્દ્રિય પરમાણુનો ખ્યાલ પ્રથમ આવતો નથી પણ અતીન્દ્રિયજ્ઞાનસ્વભાવનો ખ્યાલ પ્રથમ આવે છે. જે જ્ઞાનસ્વભાવ નાનામાં નાના કાળને ન જાણે તે સ્વભાવ ન કહેવાય. જ્ઞાન સ્વ–પર બધાને ભિન્ન ભિન્ન એક સમયમાં જાણવાની તાકાતવાળું છે આવું નક્કી કરનારને સ્વભાવ તરફ વલણ થયા વિના રહે નહિ. જ્ઞાનસ્વભાવી આત્મા છે તેવા નિશ્ચયના જ્ઞાન વિના નિમિત્ત ને વ્યવહારનું જ્ઞાન યથાર્થ હોઈ શકે નહિ. જ્ઞાનસમય અર્થસમયને જાણે છે. જાણવાનો સ્વભાવ અર્થસમયમાં છે કે ચૈતન્યમાં છે ? પુદ્‌ગલપદાર્થમાં જાણવાનો સ્વભાવ નથી. મારો સ્વભાવ એક સમયને જાણી લ્યે તેવો છે પણ વર્તમાનમાં મારું

જાણવું ક્યાંક અટક્યું છે, તેથી એક સમયને જુદો પાડીને જાણતો નથી. જો એક સમયને જુદો પાડીને જાણે તો રાગ રહે નહિ. વર્તમાનમાં રાગ હોવા છતાં એક સમયને જુદો પાડીને જાણવાની પોતાની શક્તિ છે કે નહિ ? રાગ ને અધૂરી દશા હોવા છતાં એક સમયને જુદો પાડીને જાણવાની પોતામાં તાકાત છે, એમ પોતાના સ્વભાવની શ્રદ્ધા કરી દ્રવ્યબુદ્ધિ કરવી ને પર્યાયબુદ્ધિ ઉડાડવી તે જ ધર્મનો ઉપાય છે.

જેને ધર્મ કરવો છે ને જેમાં ધર્મ કરવો છે તે આત્મપદાર્થ કોણ છે તે પ્રથમ જાણવું જોઈએ. પહેલાં ઘર પૂછીને પછી પાણી પીએ છે, તેમ ધર્મ કરનારે ધર્મ ક્યાં થાય તે પ્રથમ પૂછવું જોઈએ. આત્મા કોણ છે ? જાણનાર કેવડો છે ? એક એક પરમાણુ, એક એક પ્રદેશ, એક એક સમયને ભિન્ન ભિન્ન જાણવાની તાકાતવાળો છે. એક પરમાણુ એક પ્રદેશથી બીજે પ્રદેશે જાય તેટલા કાળને સમય કહે છે. તે વાતનું જ્ઞાન ક્યાંથી આવશે ? હું વિકારસ્વભાવી છું એમ માનનારને તેવું જ્ઞાન થશે ? ના, હું રાગરહિત પ્રત્યક્ષ જ્ઞાનસ્વભાવી આત્મા છું એમ આત્માનું જ્ઞાન થયા વિના પરમાણુ, પ્રદેશ કે સમયનું જ્ઞાન થશે નહિ.

એક પરમાણુ એક પ્રદેશેથી બીજે પ્રદેશે જાય તેટલા કાળને સમય કહે છે. તેથી પરમાણુ કાળના નાનામાં નાના અંશનો કર્તા છે, તેને કોણ જાણે છે ? અતીન્દ્રિયજ્ઞાનસ્વભાવી આત્મા છે એવો જેને વિશ્વાસ બેઠો છે તેને આ પ્રતીતિ થાય છે. એક પરમાણુની પ્રતીતિ થતાં અનંતા પરમાણુની પ્રતીતિ થાય છે, એક પ્રદેશની પ્રતીતિ થતાં અનંતા સમયોની પ્રતીતિ થાય છે, એક સમયની પ્રતીતિ થતાં એવા અનંતા પ્રદેશોની પ્રતીતિ થાય છે. ઇન્દ્રિયોના લક્ષે થતા જ્ઞાનમાં અથવા નિમિત્તના વલણથી થયેલા જ્ઞાનમાં આવી પ્રતીતિ ન આવે. અતીન્દ્રિયસ્વભાવના ભાન વિના અતીન્દ્રિય પરમાણુ જણાય નહિ. તેથી અહીં કહે છે કે પરમાણુ કાળના ભેદનો કર્તા છે તેને અતીન્દ્રિયજ્ઞાનવાળો જાણી શકે છે; માટે તારા આત્માના આશ્રયે સ્વસંવેદન જ્ઞાન પ્રગટ કર તો સ્વને જાણતાં પરમાણુ, પ્રદેશ ને કાળને યથાર્થ જાણી શકીશ. ને તે જ ધર્મદશા છે.

(૧) વળી તે પરમાણુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવની સંખ્યાના ભેદનો કર્તા છે તે બતાવે છે. એક પરમાણુ મૂળવસ્તુ છે તે પોતાના એકપ્રદેશપરિમાણથી સંખ્યાને બતાવે છે, એક, બે, ત્રણ, ચાર, પાંચ, અસંખ્ય, અનંત એવા પરમાણુની સંખ્યાને પરમાણુ બતાવે છે. એટલે કે દ્રવ્યની સંખ્યા બતાવવામાં પરમાણુ નિમિત્ત છે. તેને જાણનાર તો આત્મદ્રવ્ય છે. સ્કંધને કે પરમાણુને ખબર નથી, નક્કી કરનાર તો જ્ઞાન છે. તે પરમાણુની સંખ્યા, સંખ્યાતી, અસંખ્ય કે અનંતીનું નક્કી કરે છે. તેમાં પરમાણુ નિમિત્ત છે. દ્રવ્યની અનેકતાનો ખ્યાલ જ્ઞાન કરે છે તેમાં પરમાણુ નિમિત્ત છે, તેથી પરમાણુ સ્કંધોની દ્રવ્યસંખ્યાનો ભેદકર્તા કહેવાય છે.

(૨) વળી એક પરમાણુ એકપ્રદેશી છે. એક પ્રદેશ એક પરમાણુ જેટલો છે, તે પરમાણુના માપથી જુદી જુદી વસ્તુનું ક્ષેત્ર નક્કી થાય છે તેથી પરમાણુ સંખ્યાત, અસંખ્ય કે અનંત પ્રદેશને માપનારો છે. પરમાણુ એકપ્રદેશી છે. સ્કંધો બે પ્રદેશથી લઈ સંખ્યાત, અસંખ્ય કે અનંતપ્રદેશી છે. જીવ, ધર્મ, અધર્મ અસંખ્યપ્રદેશી છે ને આકાશ અનંતપ્રદેશી છે, તે બધાને પરમાણુ બતાવે છે. ક્ષેત્રનું માપ કરવામાં પરમાણુ નિમિત્ત છે તેથી પરમાણુ ક્ષેત્રસંખ્યાનો ભેદકર્તા છે. પરમાણુ

બધાના ક્ષેત્રનું માપ કરે છે પણ તેનું પ્રમાણ કરનારો કોણ છે ? પ્રમાણ કરનારો તો આત્મા છે તે નક્કી કરે છે.

દ્રવ્યમાં અનેકતા છે, પરમાણુ તે દ્રવ્યની અનેકતાનો ભેદકર્તા છે, ને ક્ષેત્રમાં અનેકતા છે. પરમાણુ તે ક્ષેત્રની અનેકતાનો ભેદકર્તા છે. તે અનેકતાનો ભેદકર્તા પરમાણુ છે. પરમાણુને તેની ખબર નથી. તે અનેકતાને જાણનારો આત્મા છે, તે પણ વ્યવહારે જાણનાર છે. પોતાના અતીન્દ્રિય–સ્વભાવને જાણતાં પરમાણુ ક્ષેત્રની અનેકતાનો ભેદકર્તા છે એમ વ્યવહારે જાણી લ્યે છે.

(૩) વળી તે પરમાણુ એક પ્રદેશથી બીજે પ્રદેશે જાય તેટલા કાળને સમય કહે છે. તેવી રીતે એકથી બીજે, બીજેથી ત્રીજે એવી રીતે પ્રદેશાંતરરૂપ ગતિપરિણામથી બે સમયથી અનંત સમય સુધીની કાળની સંખ્યા બતાવે છે. અનંતા સમયનું માપ આવ્યું તેથી પરમાણુને કાળની સંખ્યાનો ભેદકર્તા કહે છે. તે બધાંને જાણનારો આત્મા છે. જ્ઞાનસ્વભાવના મહિમા વિના બધું વૃથા છે.

આવા જ્ઞાનસ્વભાવી આત્માના ભાન વિના સામાયિક, વ્રત, તપાદિ પોતાનાં માનેલાં કરે તે બધાં વૃથા છે. હું આત્મા જ્ઞાનસ્વભાવી છું, પરમાણુને, પ્રદેશને તથા કાળને મારામાં રહીને જાણનારો છું. પરનો કરનાર નથી તેમ જ રાગ–દ્વેષનો કરનાર નથી. એવા શુદ્ધ ચૈતન્યસ્વભાવના ભાન વિના સમતા અથવા સામાયિક ક્યાંથી થશે ? ને બોધિબીજ વાવ્યા વિના આત્માને પૌષધરૂપી ક્રિયા થાય નહિ. પ્રથમ બોધિબીજ વાવે પછી પ્રતિમા હોય છે. આકોલિયાં વાવે તો આંબો ઊગે નહિ, તેમ મિથ્યાદર્શનરૂપી આકોલિયાં વાવીને સામાયિક ને પૌષધરૂપ આંબા ઊગે નહિ. ચૈતન્યસ્વભાવનું બીજ વાવે તો આત્માને પોષણ મળે ને તો પૌષધ થાય.

**પ્રશ્ન** : આ જ્ઞેય અધિકાર છે કે જ્ઞાન અધિકાર છે ?

**સમાધાન** : આ પુદ્‌ગલનો–જ્ઞેયનો અધિકાર છે એમ જાણ્યું કોણે ? જ્ઞાનને સ્વજ્ઞેય છે કે નહિ ? સ્વજ્ઞેયને જાણ્યા વિના પરજ્ઞેયને વ્યવહારે કોણ જાણશે ? સ્વજ્ઞાનના મહિમા વિના પરજ્ઞેય નક્કી થાય નહિ. આ પરમાણુને પણ જાણનાર તું છો એમ બતાવે છે. એક પરમાણુ સંખ્યાને, ક્ષેત્રને, સમયને જણાવે છે. તે તો વ્યવહારથી કથન છે. પરમાણુ ક્ષેત્ર કે સમય નક્કી કરનાર નથી, નક્કી કરનાર તો આત્મા છે.

(૪) વળી, સ્કંધના સ્પર્શાદિ ગુણોમાં તો ફેરફાર થાય છે, પણ એકલા પરમાણુમાં પણ સ્વભાવભાવોમાં ફેરફાર થાય છે. સ્કંધ તે વ્યવહારપુદ્‌ગલ છે. નિશ્ચયપુદ્‌ગલ તો પરમાણુ છે. એક પરમાણુ એકગુણો ચીકણો હોય તો છગુણો થઈ જાય, અનંતગુણો પણ થઈ જાય. જઘન્ય એકગુણથી માંડીને ઉત્કૃષ્ટ અનંતગુણો થઈ જાય એવી રીતે એક પરમાણુના પોતાના ભાવમાં ફેરફાર થાય છે તેથી પરમાણુ ભાવભેદનો કર્તા કહેવાય છે.

પોતાના સ્પર્શ, રસ, ગંધ, વર્ણ વગેરે ભાવોની જઘન્યથી માંડીને ઉત્કૃષ્ટ સુધી તારતમ્યતા થાય તેમાં એક પરમાણુ નિમિત્ત છે તેથી ભાવભેદનો કર્તા કહેલ છે.

કોઈ કહે કે કાળને લીધે ભાવમાં ફેરફાર થાય છે તો તે વાત ખોટી છે. એક પરમાણુ એકગુણ ચીકણામાંથી દસગુણ ચીકણો થાય, બીજો પરમાણુ છગુણો થાય. કાળ તો બન્નેને નિમિત્ત

છે. કાળને લીધે હોય તો સરખું પરિણમન થવું જોઈએ, પણ તેમ બનતું નથી. પોતે પોતાના કારણે જઘન્યભાવથી ઉત્કૃષ્ટરૂપે ને ઉત્કૃષ્ટમાંથી જઘન્ય ભાવરૂપે થાય છે. ગાથા ૭૬માં કહ્યું હતું કે એક પરમાણુ પોતાના સ્પર્શ, રસ, ગંધ, વર્ણના ગુણભેદોમાં ષટ્ગુણહાનિવૃદ્ધિથી પુદ્ગલ નામ પામે છે. તે ષટ્ગુણહાનિવૃદ્ધિ આ સમજવી.

પણ આવા પરિણામને જાણે છે કોણ ? આત્મા જાણે છે કે પરમાણુના સ્પર્શાદિ ગુણોમાં આવી તારતમ્યતા થવાનો સ્વભાવ છે. જઘન્ય, મધ્યમ કે ઉત્કૃષ્ટરૂપે થવાની લાયકાત પરમાણુમાં છે એવી પરમાણુને ખબર નથી. પોતાના જ્ઞાનને લીધે જ્ઞેયોનું સૂક્ષ્મ સ્વરૂપ નક્કી થાય છે.

એક પરમાણુ એક દ્રવ્ય છે તેવા અનંતા પરમાણુ છે એટલે દ્રવ્યની સંખ્યા બતાવે છે. એક પરમાણુ એકપ્રદેશી છે તે માપ વડે એકથી અનંતા પ્રદેશોની સંખ્યા બતાવે છે, એક પરમાણુ એક સમયને બતાવે એવા અનંતા સમયોની સંખ્યા બતાવે છે, એક પરમાણુમાં વર્ણાદિમાં જઘન્યથી ઉત્કૃષ્ટગુણા ફેરફાર થાય તેવા ભાવના ભેદને બતાવે છે.

આ પ્રમાણે પરમાણુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવથી ભેદને બતાવે છે. પરમાણુ અનાદિથી તે બતાવી રહ્યો છે. પણ અત્યાર સુધી કેમ ખ્યાલ ન આવ્યો ? પોતાનો ખ્યાલ આવે તો પરનો ખ્યાલ આવે. ખ્યાલ કરનારો આત્મા છે, એવા પોતાના સૂક્ષ્મ જ્ઞાનસ્વભાવનો મહિમા આવે તો સ્વને જાણતાં પરજ્ઞેયોની સૂક્ષ્મતાને જાણે. પરમાણુના માહાત્મ્યને લીધે પોતાનું માહાત્મ્ય નથી. હું મારે લીધે મોટો છું એમ પોતાના સ્વભાવની જેને મોટપ આવે છે તેને નિમિત્તની ને વિકારની મોટપ ઊડી જાય છે ને પોતાના સૂક્ષ્મ સ્વભાવને જાણતાં જ્ઞેયોનો સ્વભાવ આવો સૂક્ષ્મ છે એમ તે જાણી લ્યે છે.

વળી પરમાણુના ભાવોમાં જઘન્ય, મધ્યમ ને ઉત્કૃષ્ટ એવા ફેરફાર થાય ને ઉત્કૃષ્ટ ચીકાશ અથવા લૂખાશરૂપે થયા પછી પાછો મધ્યમ ને જઘન્યરૂપે તે થઈ જાય, પણ જે આત્મા પોતાના જ્ઞાનસ્વભાવી આત્માનાં શ્રદ્ધા-જ્ઞાન કરી ઉત્કૃષ્ટદશા-કેવળદશા પ્રાપ્ત કરે તેને ફરી મધ્યમ કે જઘન્યદશા એટલે સંસારદશા થતી નથી. એટલો પરમાણુમાં ને આત્મામાં ફેર છે.

આત્માનો સ્વભાવ જ સર્વજ્ઞપણું છે. કેવળજ્ઞાનથી ઓછું હોય તેવો સ્વભાવ જ નથી. એવું જેણે નક્કી કર્યું છે તે પરમાણુના સૂક્ષ્મ સ્વભાવને વ્યવહારે જાણે છે. પરમાણુને ખબર નથી કે હું દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવનો ભેદ કરનારો છું, પણ જ્ઞાન તે બધાને વ્યવહારે જાણે છે. જ્ઞાન તેમાં તન્મય થયા વિના જાણે છે.

જે જીવનું વલણ નિમિત્તો તરફ, જ્ઞેયો તરફ, રાગ ને અલ્પજ્ઞતા તરફ રહ્યા કરે છે તેણે જ્ઞાનસ્વભાવને જાણ્યો નથી, ને સમ્યક્જ્ઞાનરૂપી બોધિબીજ વાવ્યા વિના આત્માને પોષણ મળી શકે નહિ.

એક પરમાણુ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને ભાવ વગેરેની સંખ્યાને તારતમ્યતા બતાવવામાં નિમિત્ત છે તેથી પરમાણુને તેનો કર્તા કહેવાય છે. તેનો જાણનાર આત્મા છે. તે બધા ભેદોને એક સમયમાં જાણવાની તાકાત મારા આત્મામાં છે એવી તાકાત કબૂલ કરે તેને ધર્મ થાય છે. જેને આવી તાકાતની ખબર નથી તેને આત્માની ખબર નથી ને તેથી તેને ધર્મ થતો નથી. જ્ઞેયોની સૂક્ષ્મતાથી

જ્ઞાનની સૂક્ષ્મતા નથી; પોતાના મહિમાવંત જ્ઞાનની સૂક્ષ્મતાથી જ્ઞેયોની સૂક્ષ્મતાનો વ્યવહારે ખ્યાલ આવી જાય છે. ૮૦.

**एयरसवण्णगंधं दोफासं सद्दकारणमसद्दं।**
**खंधंतरिदं दव्वं परमाणुं तं वियाणाहि ।।८१।।**
**एकरसवर्णगंधं द्विस्पर्शं शब्दकारणमशब्दम्।**
**स्कंधांतरितं द्रव्यं परमाणुं तं विजानीहि ।।८१।।**
**એક જ વરણ–રસ–ગંધ ને બે સ્પર્શયુત પરમાણુ છે,**
**તે શબ્દહેતુ, અશબ્દ છે, ને સ્કંધમાં પણ દ્રવ્ય છે. ૮૧.**

**અન્વયાર્થ :** (**तं परमाणुं**) તે પરમાણુ (**एकरसवर्णगंधं**) એક રસવાળો, એક વર્ણવાળો, એક ગંધવાળો તથા (**द्विस्पर्शं**) બે સ્પર્શવાળો છે, (**शब्दकारणम्**) શબ્દનું કારણ છે, (**अशब्दम्**) અશબ્દ છે અને (**स्कंधांतरितं**) સ્કંધની અંદર હોય તોપણ (**द्रव्यं**) (પરિપૂર્ણ સ્વતંત્ર) દ્રવ્ય છે એમ (**विजानीहि**) જાણો.

**तात्पर्यवृत्ति :** एवं परमाणुद्रव्यप्रदेशाधारं कृत्वा समयादिव्यवहारकालकथनमुख्यत्वेन एकत्वादिसंख्याकथनेन च द्वितीयस्थले चतुर्थगाथा गता। अथ परमाणुद्रव्ये गुणपर्यायस्वरूपं कथयतिः- **एयरसवण्णगंधं दोफासं** एकरसवर्णगंधद्विस्पर्शः। तथाहि - तत्र परमाणौ तिक्तादिपंचरसपर्यायाणामेकतमेनैकेनैकदा रसो वर्तते, शुक्लादिपंचवर्णपर्यायाणामेकतमेनैकेनैकदा वर्णो वर्तते, सुरभिदुरभिरूपगंधपर्याययोर्द्वयोरेकतरेणैकेनैकदा गंधो वर्तते, शीतस्निग्धशीत-रूक्षउष्णस्निग्धउष्णरूक्षरूपाणां चतुर्णां स्पर्शपर्यायद्वंद्वानामेकतमेनैकेनैकदा स्पर्शो वर्तते, **सद्दकारणमसद्दं** शब्दकारणोप्यशब्द आत्मवत्। यथात्मा व्यवहारेण ताल्वोष्ठपुटव्यापारेण शब्दकारणभूतोपि निश्चयेनातीन्द्रियज्ञानविषयत्वाच्छब्दज्ञानविषयो न भवति शब्दादिपुद्गलपर्यायरूपो वा न भवति तेन कारणेनाशब्दः तथा परमाणुरपि शक्तिरूपेण शब्दकारणभूतोप्येकप्रदेशत्वेन शब्दव्यक्त्यभावादशब्दः, **खंदतरिदं दव्वं परमाणुं तं वियाणाहि** यमेवमुक्तवर्णादि-गुणशब्दादिपर्यायवृत्तिविशिष्टस्कंदांतरितं द्रव्यरूपस्कंदपरमाणुं विजानीहि परमात्मवदेव। तद्यथा - यथा परमात्मा व्यवहारेण द्रव्यभावरूपकर्मस्कन्दांतर्गतोपि निश्चयनयेन शुद्धबुद्धैकस्वभाव एव तथा परमाणुरपि व्यवहारेण स्कंदातर्गतोपि निश्चयनयेन स्कंदबहिर्भूतशुद्धद्रव्यरूप एव। अथवा स्कंदांतरित इति कोऽर्थः ? स्कंदात्पूर्वमेव भिन्न इत्यभिप्रायः ।।८१।।

**समयव्याख्या : परमाणुद्रव्ये गुणपर्यायवृत्तिप्ररूपणमेतत्। सर्वत्रापि परमाणौ रसवर्णगंधस्पर्शाः सहभुवो गुणाः। ते च क्रमप्रवृत्तैस्तत्र स्वपर्यायैर्वर्तन्ते। तथा हि - पञ्चानां रसपर्यायाणामन्यतमेनैकेनैकदा**

**रसो वर्तते। पञ्चानां वर्णपर्यायाणामन्यतमेनैकेनैकदा वर्णो वर्तते। उभयोर्गंधपर्याययोरन्यतरेणैकेनैकदा गंधो वर्तते। चतुर्णां शीतस्निग्धशीतरूक्षोष्णस्निग्धोष्णरूक्षरूपाणां स्पर्शपर्यायद्वंद्वानामन्यतमेनैकेनैकदा स्पर्शो वर्तते। एवमयमुक्तगुणवृत्तिः परमाणुः शब्दस्कंधपरिणतिशक्तिस्वभावात् शब्दकारणम्। एकप्रदेशत्वेन शब्दपर्यायपरिणतिवृत्त्यभावादशब्दः। स्निग्धरूक्षत्वप्रत्ययबंधवशादनेकपरमाण्वेकत्वपरिणतिरूपस्कंधांतरितोऽपि स्वभावमपरित्यजन्नुपात्तसंख्यत्वादेक एव द्रव्यमिति ।।८१।**

**અનુવાદ : આ, પરમાણુદ્રવ્યમાં ગુણ-પર્યાય વર્તવાનું (ગુણ અને પર્યાય હોવાનું) કથન છે.**

**સર્વત્ર પરમાણુમાં રસ-વર્ણ-ગંધ-સ્પર્શ સહભાવી ગુણો હોય છે; અને તે ગુણો તેમાં ક્રમવર્તી નિજ પર્યાયો સહિત વર્તે છે. તે આ પ્રમાણે :- પાંચ રસપર્યાયોમાંથી એક વખતે કોઈ એક (રસપર્યાય) સહિત રસ વર્તે છે; પાંચ વર્ણપર્યાયોમાંથી એક વખતે કોઈ એક (વર્ણપર્યાય) સહિત વર્ણ વર્તે છે; બે ગંધપર્યાયોમાંથી એક વખતે કોઈ એક (ગંધપર્યાય) સહિત ગંધ વર્તે છે; શીત-સ્નિગ્ધ, શીત-રૂક્ષ, ઉષ્ણ-સ્નિગ્ધ ને ઉષ્ણ-રૂક્ષ એ ચાર સ્પર્શપર્યાયોનાં જોડકાંમાંથી એક વખતે કોઈ એક જોડકા સહિત સ્પર્શ વર્તે છે. આ પ્રમાણે જેમાં ગુણોનું વર્તવું (અસ્તિત્વ) કહેવામાં આવ્યું એવો આ પરમાણુ શબ્દસ્કંધરૂપે પરિણમવાની શક્તિરૂપ સ્વભાવવાળો હોવાથી શબ્દનું કારણ છે; એકપ્રદેશી હોવાને લીધે શબ્દપર્યાયરૂપ પરિણતિ નહિ વર્તતી હોવાથી અશબ્દ છે; અને સ્નિગ્ધ-રૂક્ષત્વના કારણે બંધ થવાને લીધે અનેક પરમાણુઓની એકત્વપરિણતિરૂપ સ્કંધની અંદર રહ્યો હોય તોપણ સ્વભાવને નહિ છોડતો થકો, સંખ્યાને પ્રાપ્ત હોવાથી (અર્થાત્ પરિપૂર્ણ એક તરીકે જુદો ગણતરીમાં આવતો હોવાથી) એકલો જ દ્રવ્ય છે. ૮૧.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૧, શુક્રવાર)

હવે પરમાણુદ્રવ્યમાં ગુણ-પર્યાયના સ્વરૂપનું કથન કરે છે.

એક પરમાણુમાં એક રસ, એક ગંધ, એક વર્ણ ને બે સ્પર્શ છે, શબ્દની ઉત્પત્તિનું કારણ છે. પણ પોતે એકપ્રદેશી એકલો છે તેથી શબ્દની વ્યક્તતારહિત છે તથા પુદ્ગલસ્કંધથી જુદો છે તેને પરમાણુ જાણવો.

સ્કંધમાં રહેવા છતાં પરમાણુ પોતાપણે છે, પરનો અભાવ રાખીને રહ્યો છે. પોતાના બે સ્પર્શ, એક ગંધ, રસ, વર્ણના ભાવમાં રહ્યો છે. કદી પણ બીજા સાથે એકરૂપ થતો નથી. બીજા સ્કંધો સાથે ભળે ને સ્થૂલપણું ધારણ કરે તો બીજા સ્થૂલ સ્કંધને લીધે સ્થૂલપણું ધારણ કરતો નથી પણ પોતાના કારણે સ્થૂલપણું ધારણ કરી એકલો રહેલો છે.

પરમાણુ સ્કંધમાં રહેવા છતાં એકલો પોતામાં કામ કરી રહ્યો છે. એવી જડ પરમાણુને ખબર નથી છતાં એકલો પોતાની હયાતી ટકાવી રહ્યો છે. તો પછી આ ચૈતન્ય બાદશાહ જે પોતાને તથા પરને જાણે એવા સ્વભાવવાળો છે તે શરીર, કર્મ ને રાગ વગેરે પર સાથે એકમેક થાય, એમ માનતાં તારી શોભા લૂંટાય છે. તું શરીર, કર્મ વગેરે સાથે એકક્ષેત્રે રહેવા છતાં કદી

પણ તેની સાથે એકમેક થયો નથી. તું સદાય જ્ઞાનસ્વભાવી છો. ઘરમાં ગાંડો માણસ કમાઈને રૂપિયા લાવે ને બારિસ્ટર થઈને કાંઈ પણ કમાય નહિ તે તો બારિસ્ટર માટે શરમ ભરેલું છે. તેમ અચેતન પરમાણુ કદી પરની સાથે એકમેક થતો નથી ને તું ચૈતન્ય બાદશાહ થઈને શરીર, કર્મ ને રાગ સાથે એકમેક થયો એમ માન તો તારા માટે તે શરમાવા જેવું છે. અજ્ઞાની માને ભલે પણ તે કદી પર સાથે એકમેક થતો નથી, સદાય જ્ઞાનસ્વભાવી છે. આમ પરથી ભેદજ્ઞાન કરી પોતાના અભેદ જ્ઞાનસ્વભાવનો મહિમા લાવવો તે ધર્મ છે.

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૨, શનિવાર)

આ અધિકાર પુદ્‌ગલનો છે. પુદ્‌ગલથી આત્મા જુદો છે એવું જ્ઞાન ન કરે તો પુદ્‌ગલાદિ પરપદાર્થના સંયોગોથી છૂટો પડે નહિ. ધર્મ છૂટો પડવા માટે એટલે કે મુક્તિ માટે છે. હું આત્મા જ્ઞાનસ્વભાવી છું, પરમાણુ પર છે, રાગ–દ્વેષ ક્ષણિક છે, જ્ઞાન ને આનંદ મારી ચીજ છે ને તે નિત્ય ધ્રુવ છે એવી જેને ખબર નથી તેને ધર્મ થતો નથી.

**ભાવાર્થ :** સ્કંધના ટુકડા થતાં થતાં એક નાનામાં નાનો અંશ રહે તેને પરમાણુ કહે છે. ભગવાને પોતાના અતીન્દ્રિયજ્ઞાન વડે તે પરમાણુમાં પુદ્‌ગલના પાંચ રસમાંથી એક રસ, પાંચ વર્ણમાંથી એક વર્ણ, બે પ્રકારની ગંધમાંથી એક ગંધ તથા શીત ચીકણો, શીત લૂખો, ઉનો ચીકણો અથવા ઉનો લૂખો એમ ચાર સ્પર્શના જોડલામાંથી એક યુગલ જોયેલ છે. આ પ્રમાણે એક પરમાણુમાં સ્પર્શ ૨, રસ ૧, ગંધ ૧, વર્ણ ૧ એમ પાંચ ગુણ સમજવા.

તે પરમાણુ સ્કંધની સાથે ભળી જાય છે ત્યારે શબ્દપર્યાયનું કારણ બને છે ને સ્કંધથી જુદો પડે ને છૂટો રહે ત્યારે એકલા પરમાણુથી શબ્દ થતો નથી. વળી તે પરમાણુ પોતાની લૂખાશ–ચીકાશના કારણે અનેક પરમાણુના સ્કંધમાં જોડાઈ જાય છે છતાં પોતાના એકરૂપ સ્વભાવને છોડતો નથી, એકદ્રવ્યરૂપ કદી છોડતો નથી.

જુઓ, પરમાણુ તો જડ છે. પરમાણુ સ્થૂળ સ્કંધમાં ભળી જાય ત્યારે તેમાં બે સ્પર્શ રહેતા નથી છતાં બે સ્પર્શાદિ ગુણોનો મૂળ સ્વભાવ કદી છોડતો નથી. પરમાણુ જડ છે, ખબર વિનાનું તત્ત્વ છે. છતાં પોતાની સ્વતંત્રતા જાળવી રાખે છે તેમ આ આત્મા શરીર, કર્મ વગેરેના સંયોગોમાં રહેવા છતાં પોતાપણું કદી છોડતો નથી. અજ્ઞાનીને તેનું ભાન નથી તેથી શરીર, મન, વાણીને મારાં માને છે, શરીર ને કર્મની ક્રિયા મારાથી થાય છે ને તે ક્રિયાથી મને શાંતિ ને સુખ મળે છે, આવી માન્યતા હોવાના કારણે શરીરાદિથી પોતાને જુદો માનતો નથી.

પરમાણુ સ્કંધમાં ભળે ત્યારે પર્યાયદ્રષ્ટિએ પરમાણુમાં સ્થૂલપણાની તથા સ્થૂલ સ્કંધમાં ભળે ત્યારે ચાર સ્પર્શની યોગ્યતા હોય છે. છતાં દ્રવ્યદ્રષ્ટિએ તો પરમાણુ સૂક્ષ્મ અતીન્દ્રિય છે ને બે સ્પર્શની યોગ્યતાવાળું છે. આમ બેખબરવાળું તત્ત્વ અતીન્દ્રિય પરમાણુ પોતાની સ્વતંત્રતા જાળવી રહેલ છે એમ ભગવાને જોયું છે. તો અહીં કહે છે કે ભાઈ, તું તો જ્ઞાનસ્વભાવી છો, ચેતનબાદશાહ છો, તું પર્યાયદ્રષ્ટિએ શરીર ને કર્મના સંયોગવાળો છે, પુણ્ય–પાપના વિકારીભાવવાળો છો છતાં

સ્વભાવદષ્ટિએ તો તું શરીર ને કર્મ વિનાનો છે. પુણ્ય–પાપ તારા સ્વભાવમાં કદી પેઠા નથી, તું તો જ્ઞાનસ્વભાવી એવો ને એવો છો, આમ શુદ્ધ ચૈતન્યની દષ્ટિ કરવી તે ધર્મ છે.

અચેતન પરમાણુ પોતાના ગુણ–પર્યાયને જુદા જાળવી રાખે છે તેવી તેને ખબર નથી. તેને જાણનાર તો આત્મા છે. આત્મા જાણે છે કે પરમાણુ પોતાના ગુણ–પર્યાયને સ્વતંત્ર જાળવી રાખે છે. પરમાણુની સ્વતંત્રતા બતાવી, તે માત્ર પરમાણુનું જ્ઞાન કરાવવા માટે નથી પણ આત્માનું જ્ઞાન કરાવવા માટે છે.

શરીર, કર્મના સંયોગ હોવા છતાં તે મારી ચીજ નથી, વિકાર મારું સ્વરૂપ નથી, હું તો જાણનાર–દેખનાર છું, જાણવું એ જ એક મારું સ્વરૂપ છે. એમ એકરૂપ જ્ઞાતા–દ્રષ્ટા સ્વભાવનો આદર કરવો તે ધર્મ છે.

તલના લાડવામાં એક તલ બીજા તલરૂપ થતો નથી. તેવી રીતે પરમાણુ પણ સ્કંધમાં હોવા છતાં બીજા પરમાણુરૂપ થતો નથી, તેમ આત્મા શરીર ને કર્મના પરમાણુઓ સાથે એકક્ષેત્રે દેખાય છે છતાં તેની સાથે એકરૂપ થતો નથી, પરથી ત્રિકાળ જુદો છે, એવું ભેદજ્ઞાન અહીં કરાવે છે. ધર્મ કરનાર આત્મા છે માટે તેનું સ્વરૂપ યથાર્થ જાણવું જોઈએ, આત્માને નિમિત્તરૂપે શરીર ને કર્મનો સંયોગ હોવા છતાં ને પર્યાયમાં વિકાર હોવા છતાં અંદર આત્મા શુદ્ધ એકરૂપ પડ્યો છે એવું ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે. ૮૧.

---

**उवभोज्जमिंदिएहिं य इंदियकाया मणो य कम्माणि।**
**जं हवदि मुत्तमण्णं तं सव्वं पुग्गलं जाणे ।।८२।।**

**उपभोग्यमिन्द्रियैश्चेन्द्रियकाया मनश्च कर्माणि।**
**यद्भवति मूर्तमन्यत् तत्सर्वं पुद्गलं जानीयात् ।।८२।।**

**ઇન્દ્રિય વડે ઉપભોગ્ય, ઇન્દ્રિય, કાય, મન ને કર્મ જે,**
**વળી અન્ય જે કંઈ મૂર્ત તે સઘળું ય પુદ્ગલ જાણજે. ૮૨.**

**અન્વયાર્થ :** (इन्द्रियैः उपभोग्यम् च) ઇન્દ્રિયો વડે ઉપભોગ્ય વિષયો, (इन्द्रियकायाः) ઇન્દ્રિયો, શરીરો, (मनः) મન, (कर्माणि) કર્મો (च) અને (अन्यत् यत्) બીજું જે કાંઈ (मूर्त्तं भवति) મૂર્ત હોય (तत् सर्वं) તે સઘળું (पुद्गलं जानीयात्) પુદ્ગલ જાણો.

---

**तात्पर्यवृत्ति :** एवं परमाणुद्रव्यवर्णादिगुणस्वरूपशब्दादिपर्यायस्वरूपकथनेन पंचमगाथा गता। इति परमाणुद्रव्यरूपेण द्वितीयस्थले समुदायेन गाथापंचकं गतं। अथ सकलपुद्गलभेदानामुपसंहारमावेदयतिः **उवभोज्जमिंदियेहिं य** वीतरागातींद्रियसुखास्वादरहितानां जीवानां यदुपभोग्यं पंचेन्द्रियविषयस्वरूपं **इंदियकाया** अतीन्द्रियात्मस्वरूपाद्विपरीतानीन्द्रियाणि अशरीरात्मपदार्थात्प्रतिपक्षभूता औदारिकवैक्रियिकाहारकतैजसकार्मणशरीरसंज्ञाः पंचकायाः **मणो**

**य** मनोगतविकल्पजालरहितात् शुद्धजीवास्तिकायाद्विपरीतं मनश्च **कम्माणि** कर्मरहितात्मद्रव्यात् प्रतिकूलानि ज्ञानावरणाद्यष्टकर्माणि **जं हवदि मुत्तमण्णं** अमूर्तात्मस्वभावात्प्रतिपक्षभूतमन्यदपि यन्मूर्तं प्रत्येकानंतसंख्येयासंख्येयानंताणुस्कंदरूपमनंतविभागिपरमाणुराशिरूपं च **तं सव्वं पोग्गलं जाणे** तत्सर्वमन्यच्च नोकर्मादिकं पुद्‌गलं जानीहि। इति पुद्‌गलद्रव्योपसंहारः ।।८२।।

---

**समयव्याख्या : सकलपुद्‌गलविकल्पोपसंहारोऽयम्। इन्द्रियविषयाः स्पर्शरसगंधवर्णशब्दाश्च, द्रव्येन्द्रियाणि स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्राणि, कायाः औदारिकवैक्रियिकाहारकतैजसकार्मणानि, द्रव्यमनः, द्रव्यकर्माणि, नोकर्माणि, विचित्रपर्यायोत्पत्तिहेतवोऽनंता अनंताणुवर्गणाः, अनंता असंख्येयाणुवर्गणाः, अनंताः संख्येयाणुवर्गणाः द्व्यणुकस्कंधपर्यंताः, परमाणवश्च, यदन्यदपि मूर्तं तत्सर्वं पुद्‌गलविकल्पत्वेनोपसंहर्तव्यमिति ।।८२।।**

**- इति पुद्‌गलद्रव्यास्तिकायव्याख्यानं समाप्तम्।**

**અનુવાદ : આ, સર્વ પુદ્‌ગલભેદોનો ઉપસંહાર છે.**

**સ્પર્શ, રસ, ગંધ, વર્ણ ને શબ્દરૂપ (પાંચ) ઇન્દ્રિયવિષયો, સ્પર્શન, રસન, ઘ્રાણ, ચક્ષુ ને શ્રોત્રરૂપ (પાંચ) દ્રવ્યેંદ્રિયો, ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ ને કાર્મણરૂપ (પાંચ) કાયો, દ્રવ્યમન, દ્રવ્યકર્મો, નોકર્મો, વિચિત્ર પર્યાયોની ઉત્પત્તિના હેતુભૂત (અર્થાત્ અનેક પ્રકારના પર્યાયો ઊપજવાના કારણભૂત) અનંત અનંતાણુક વર્ગણાઓ, અનંત અસંખ્યાતાણુક વર્ગણાઓ અને દ્વિ–અણુક સ્કંધ સુધીની અનંત સંખ્યાતાણુક વર્ગણાઓ તથા પરમાણુઓ, તેમ જ બીજું પણ જે કાંઈ મૂર્ત હોય તે સઘળું પુદ્‌ગલના ભેદ તરીકે સંકેલવું. ૮૨.**

**આ રીતે પુદ્‌ગલ–દ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૨, શનિવાર)

હવે સમસ્ત પુદ્‌ગલોનો ભેદ સંક્ષેપતાથી બતાવે છે.

પાંચ ઇન્દ્રિયો વડે પાંચ પ્રકારના વિષય ભોગવવામાં આવે છે તે જડ છે–મૂર્તિક છે. ગાદલાંને સ્પર્શ કરતાં સુંવાળા માખણ જેવા લાગે, રસ ખાટા–મીઠા લાગે, ગંધ સુગંધ કે દુર્ગંધ લાગે, રંગ કાળો, ધોળો લાગે, તે તથા શબ્દ તે બધા જડ છે, જડની દશા છે તેમાં સુખ નથી. અજ્ઞાની માને કે ગરમીના વખતમાં આઇસક્રીમ ખાતા હોઈએ, પંખા ફરતા હોય, સરબતી મલમલ પહેર્યાં હોય તો બહુ મજા પડે, પણ તે માન્યતા ભૂલભરેલી છે. આત્માનું સુખ આત્મામાં છે, જડમાં આત્માનું સુખ નથી, જે જીવ જડથી સુખ માને તેને કદી ધર્મ ને શાંતિ થતાં નથી.

વળી સ્પર્શ, જીભ, નાક, કાન ને નેત્ર એમ પાંચ પ્રકારની ઇન્દ્રિયો પણ જડ છે, તેમાં પણ સુખ નથી. કોઈ કહે કે, અનાજ સડતું હોય તો નાકથી ખબર પડે ને જીવની રક્ષા થાય, અનાજમાં જીવાત પડી છે કે નહિ તે આંખથી ખ્યાલ આવે તો તેની દયા પાળી શકાય, ઇન્દ્રિયોએ દયાધર્મમાં

એટલી તો મદદ કરીને ? સમાધાન :– ભાઈ, જાણનારો તો આત્મા છે. ઇન્દ્રિયો જડ છે, આત્મા પરપદાર્થને ઇન્દ્રિયોથી જાણતો નથી, પોતાથી જાણે છે. વળી જેને આત્માના અતીન્દ્રિયસુખના સ્વાદની ખબર નથી ને અનુભવ નથી તેવો અજ્ઞાની જીવ પાંચ ઇન્દ્રિયના વિષયો ભોગવી સુખ માને છે. વળી અતીન્દ્રિય આત્મસ્વરૂપની ખબર નથી તે જીવ પાંચ પ્રકારની દ્રવ્ય–ઇન્દ્રિયમાં સુખ માને છે.

વળી મનુષ્ય તથા તિર્યંચનાં ઔદારિક શરીર, દેવ તથા નારકીનાં વૈક્રિયિક શરીર, કોઈ મુનિને મસ્તકમાંથી સફેદ પૂતળું નીકળે તે આહારક શરીર, હાથ ઘસતાં જે ગરમી દેખાય તે તૈજસ શરીર ને આઠ કર્મોનું શરીર તે કાર્મણ. આમ પાંચ પ્રકારનાં શરીરો જડ છે – પુદ્ગલ છે. અજ્ઞાની જીવ શરીરને મારું માની સંસારમાં રખડી રહ્યો છે. જડ ને આત્મા જુદા માન્યા વિના ધર્મ થતો નથી, આત્મા અશરીરી છે, ચૈતન્યસ્વભાવી છે ને શરીર પ્રતિપક્ષી છે, જડ સ્વભાવી છે. શરીર જે જુદી ચીજ છે તેનાથી આત્માને કલ્યાણ નથી, આમ પરથી ભેદજ્ઞાન કરે તો ધર્મ થાય.

છાતીમાં આઠ પાંખડીના કમળના આકારે દ્રવ્યમન સંજ્ઞી જીવોને હોય છે તે જડ છે, આત્મા તેનાથી જુદો છે. દયા–દાનાદિ શુભ–વિકલ્પોથી તથા બીજા મનોગત વિકલ્પોથી તથા દ્રવ્યમનથી આત્મા જુદો છે. આમ પરથી ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

**'ज्ञानक्रियाभ्याम् मोक्षः'** આત્માનું જ્ઞાન અને તેમાં ઠરવું તે મોક્ષનો ઉપાય છે.

જ્ઞાનાવરણાદિ આઠ કર્મો તથા શરીર, વાણી વગેરે નોકર્મ પુદ્ગલ છે, આત્માથી જુદા છે. આત્મા તો કર્મથી રહિત છે તેમ જ અમૂર્તિક છે, કર્મ તથા નોકર્મ મૂર્તિક છે માટે તે બધાને તથા લક્ષ્મી, મકાન વગેરે બધા મૂર્તિક પદાર્થો જે દેખાય છે તે બધાને પુદ્ગલ દ્રવ્ય જાણ, અહીં જાણ એમ કહ્યું છે, તે પુદ્ગલના સ્વરૂપો તારું સ્વરૂપ નથી એમ જાણ ને ભેદજ્ઞાન કર એમ કહે છે.

**ભાવાર્થ** : પાંચ પ્રકારના વિષયો–પદાર્થો પુદ્ગલ છે, તેમાં વાણી, પુસ્તકો, મૂર્તિ વગેરે પાંચ ઇન્દ્રિયોના શુભ વિષયોમાં આવે છે, ધર્મી જીવને નબળાઈને લીધે શુભરાગ આવે ત્યારે મૂર્તિ ઉપર લક્ષ જાય છે, પણ મૂર્તિ આદિ પદાર્થોમાં આત્મા નથી, તેને લીધે ધર્મ કે જ્ઞાન થતું નથી.

વળી ઇન્દ્રિયોના અશુભ વિષયો પણ તેના કારણે આવે છે, આત્માને લીધે આવતા નથી. મોટરો, દૂધપાક, વગેરે પુદ્ગલો છે તેને મારાં માનવાં તે કજાતને જાત માનવા બરાબર છે. વાઘરીના દીકરાને બ્રાહ્મણનો દીકરો માને તે મૂર્ખ છે, તેમ શરીર, મોટરો વગેરે પુદ્ગલને બ્રહ્મ કહેતાં આત્માનાં માનવા તે આત્માનું ખૂન કરવા બરાબર છે.

પાંચ પ્રકારની ઇન્દ્રિયો અચેતન છે. દ્રવ્યમન, આઠ પ્રકારનાં દ્રવ્યકર્મો, શરીરાદિ નોકર્મ પુદ્ગલ છે તથા તે સિવાય અનેક પર્યાયની ઉત્પત્તિનું કારણ એવી અનંતાનંત પુદ્ગલવર્ગણા છે, અનંતી અસંખ્યાણુ વર્ગણા છે તથા અનંતી સંખ્યાણુ વર્ગણા છે તથા એક અવિભાગી પરમાણુ છે, તે બધાને પુદ્ગલ જાણવા.

અજ્ઞાની જીવને બે–પાંચ લાખ રૂપિયા ભેગા થાય ત્યાં તો હરખાઈ જાય છે પણ તે તો ધૂળના ઢગલા છે. તેમાં સુખ નથી. કોઈ ભંગીને ઠેસ વાગે ને કોઈના પાયખાનાની વિષ્ટાનો ડબો પોતાની ફળીમાં ઢોળાઈ જાય તો ઘરધણી ભંગી ઉપર ગુસ્સો કરે પણ વિષ્ટાને પોતાની માલિકીની

ચીજ માનતો નથી. તેમ પાંચ લાખ રૂપિયા પુણ્યકર્મના નિમિત્તે તારા ઘરમાં આવી પડ્યા તે વિષ્ટા સમાન છે. બન્ને પુદ્‌ગલો છે, તેને તારું સ્વરૂપ માનીશ નહિ.

વળી કોઈ કહે કે શરીર સારું હોય તો ધર્મ થાય, પણ તે માન્યતા ભૂલભરેલી છે, શરીર પોતાની જાતથી જુદી જાતનું છે, કજાતને પોતાની જાત માનવી તે અધર્મ છે. આ જગતમાં જે જે દૃશ્યમાન પદાર્થો દેખાય છે તે બધા પુદ્‌ગલો છે. તે સિવાય અદૃશ્યમાન પુદ્‌ગલો પણ છે તે બધા અચેતન છે ને આત્માથી જુદા છે. ચૈતન્ય ભગવાન આત્મા જ્ઞાનમય છે, જ્ઞાનનો જ પિંડ છે, જે જે પ્રકારના પુદ્‌ગલો છે તેને તે જાણી લ્યે છે. પણ પુદ્‌ગલ પુદ્‌ગલમાં છે, આત્મામાં નથી; આત્મા આત્મામાં છે, પુદ્‌ગલમાં નથી. આમ ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

વળી કોઈ કહે કે : જેનાં માતા–પિતા સારાં હોય. કોઈ જાતનું લાંછન ન હોય તેવા ખાનદાન મા–બાપના પેટે જન્મેલા દીકરાનું શરીર સજાત ગણાય તેવાને ધર્મ થાય, આમ અજ્ઞાની જીવો દલીલ કરે છે. તેને કહેવામાં આવે છે કે ભાઈ, એવાં શરીર અનંત વાર મળ્યાં છતાં ધર્મ કેમ ન થયો ? તો તેઓ દલીલ કરે છે કે ધર્મ વખતે સજાત શરીર ન હોય તેવો દાખલો બતાવો, તો તેને કહેવામાં આવે છે કે ભાઈ, તારે શરીરનું નક્કી કરવું છે કે આત્માનું ? જેની દૃષ્ટિ શરીર ઉપર છે તેની દૃષ્ટિ શરીરથી રહિત એવા આત્મા ઉપર નથી. તિર્યંચને એવો ક્યાં મેળ છે ? છતાં તે ધર્મ પામે છે, નારકી પણ ધર્મ પામે છે, માટે શરીર ઉપરની દૃષ્ટિ છોડ, તે બધી પુદ્‌ગલની પર્યાય છે. તું આત્મા છો, તેનાથી જુદો છો એવું જ્ઞાન કરવું તે ધર્મ છે. ૮૨.

---

**धम्मत्थिकायमरसं अवण्णगंधं असद्दमप्फासं।**
**लोगागाढं पुट्ढं पिहुलमसंखादियपदेसं ।।८३।।**

**धर्मास्तिकायोऽरसोऽवर्णगंधोऽशब्दोऽस्पर्शः।**
**लोकावगाढः स्पृष्टः पृथुलोऽसंख्यातप्रदेशः ।।८३।।**

**ધર્માસ્તિકાય અવર્ણગંધ, અશબ્દરસ, અસ્પર્શ છે;**
**લોકાવગાહિ, અખંડ છે, વિસ્તૃત, અસંખ્યપ્રદેશ છે. ૮૩.**

**અન્વયાર્થ :** (धर्मास्तिकायः) ધર્માસ્તિકાય (अस्पर्शः) **અસ્પર્શ,** (अरसः) **અરસ,** (अवर्णगंधः) **અગંધ, અવર્ણ અને** (अशब्दः) **અશબ્દ છે;** (लोकावगाढः) **લોકવ્યાપક છે;** (स्पृष्टः) **અખંડ,** (पृथुलः) **વિશાળ અને** (असंख्यातप्रदेशः) **અસંખ્યાતપ્રદેશી છે.**

---

**तात्पर्यवृत्ति :** एवं पुद्‌गलास्तिकायोपसंहाररूपेण तृतीयस्थले गाथैका गता। इति पंचास्तिकायषड्द्रव्यप्रतिपादकप्रथममहाधिकारे गाथादशकपर्यंतं स्थलत्रयेण **पुद्‌गलास्तिकायनामा** पंचमोंतराधिकारः समाप्तः।। अथानंतरमनंतकेवलज्ञानादिरूपादुपादेयभूतान् शुद्धजीवास्तिकायात्सकाशाद्भिन्ने हेयरूपे धर्माधर्मास्तिकायाधिकारे गाथासप्तकं भवति। तत्र गाथासप्तकमध्ये

धर्मास्तिकायस्वरूपकथनमुख्यत्वेन `धम्मत्थिकायमरसं' इत्यादि पाठक्रमेण गाथात्रयं। तदनंतरमधर्मास्तिकायस्वरूपनिरूपणमुख्यात्वेन `जह हवदि' इत्यादि गाथासूत्रमेकं। अथ धर्माधर्मोभयसमर्थनमुख्यत्वेन तयोरस्तित्वाभावे दूषणमुख्यत्वेन च `जादो अलोग' इत्यादि पाठक्रमेण गाथात्रयमिति। एवं सप्तगाथाभिः स्थलत्रयेण धर्माधर्मास्तिकायव्याख्याने समुदायपातनिका तद्यथा - धर्मास्तिकायस्वरूपं कथयति, **धम्मत्थिकायं** धर्मास्तिकायो भवति **अरसमवण्णमगंधम-सद्दमप्फासं** रसवर्णगंधशब्दस्पर्शरहितः **लोगागाढं** लोकव्यापकः **पुट्ठं** निर्विकारस्वसंवेदन-ज्ञानपरिणतजीवप्रदेशेषु परमानंदैकलक्षणसुखरसास्वादसमरसीभाववत् सिद्धक्षेत्रे सिद्धराशिवत् पूर्णघटे जलवत् तिलेषु तैलवद्वा स्पृष्टः परस्परप्रदेशव्यवधानरहितत्वेन निरंतरः न च निर्जनप्रदेशे भावितात्ममुनिसमूहवन्नगरे जनचयवद्वा सांतरः, बहुलं अभव्यजीवप्रदेशेषु मिथ्यात्वरागादिवल्लोके नभोवद्वा पृथुलोऽनाद्यंतरूपेण स्वभावविस्तीर्णः न च केवलिसमुद्घाते जीवप्रदेशवल्लोके वस्त्रादिप्रदेशविस्तारवद्वा पुनरिदानीं विस्तीर्णः। पुनरपि किंविशिष्टः ? **असंखादियपदेसं** निश्चयेनाखंडैकप्रदेशोऽपि सद्भूतव्यवहारेण लोकाकाशप्रमितासंख्यातप्रदेश इति सूत्रार्थः ।।८३।।

---

**समयव्याख्या : अथ धर्माधर्मद्रव्यास्तिकायव्याख्यानम्। धर्मस्वरूपाख्यानमेतत्। धर्मो हि स्पर्शरसगंधवर्णानामत्यंताभावादमूर्तस्वभावः। तत एव चाशब्दः। सकललोकाकाशा-भिव्याप्यावस्थितत्वाल्लोकावगाढः। अयुतसिद्धप्रदेशत्वात् स्पृष्टः। स्वभावादेव सर्वतो विस्तृतत्वात्पृथुलः। निश्चयनयेनैकप्रदेशोऽपि व्यवहारनयेनासंख्यातप्रदेश इति ।।८३।।**

**અનુવાદ : આ, ધર્મના (ધર્માસ્તિકાયના) સ્વરૂપનું કથન છે.**

**સ્પર્શ, રસ, ગંધ અને વર્ણનો અત્યંત અભાવ હોવાથી ધર્મ (ધર્માસ્તિકાય) ખરેખર અમૂર્તસ્વભાવવાળો છે; અને તેથી જ અશબ્દ છે; સમસ્ત લોકાકાશમાં વ્યાપીને રહેલો હોવાથી લોકવ્યાપક છે; અયુતસિદ્ધપ્રદેશવાળો હોવાથી અખંડ છે; સ્વભાવથી જ સર્વતઃ વિસ્તૃત હોવાથી વિશાળ છે; નિશ્ચયનયે એકપ્રદેશી હોવા છતાં વ્યવહારનયે અસંખ્યાતપ્રદેશી છે. ૮૩.**

---

પ્રવચન :

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૨, શનિવાર)

આ જગતમાં કેવળી ભગવાને ધર્મ ને અધર્મ બે અરૂપી પદાર્થો જોયા છે, તેનાથી આત્મા જુદો છે એવું ભેદજ્ઞાન કરવાની તાકાત આત્મામાં છે, આત્માનું જ્ઞાન સ્વ–પરપ્રકાશક છે. પોતાને જાણતાં છ દ્રવ્યોને જાણી લ્યે છે. છ દ્રવ્ય સહિત આત્માની પ્રતીત કરે તેવો ચૈતન્યનો સ્વભાવ છે.

પ્રથમ ધર્મદ્રવ્યનું સ્વરૂપ કહે છે.

ધર્મદ્રવ્ય અસંખ્યપ્રદેશી છે, આત્મા અસંખ્યપ્રદેશી, અરૂપી, ચેતન કાયવંત છે ને ધર્મદ્રવ્ય અસંખ્યપ્રદેશી, અરૂપી, અચેતન કાયવંત છે. બન્નેના પ્રદેશો સરખા છે. દરેક આત્માના પ્રદેશો

સરખા છે પણ તેમાં પ્રદેશો સંકોચ–વિસ્તાર પામે છે. છતાં પ્રદેશનું ક્ષેત્ર નાનું–મોટું નથી. અહીં ધર્મદ્રવ્યની વાત છે, તેને અસંખ્યપ્રદેશ છે. પાંચ રસ, પાંચ વર્ણ, બે ગંધ, આઠ સ્પર્શરહિત છે ને શબ્દપર્યાય રહિત છે. સમસ્ત લોકમાં વ્યાપેલા છે. જડ–ચેતન ગતિ કરે તેને નિમિત્ત થાય છે. પોતાના પ્રદેશોના સ્પર્શથી અસંખ્યાત છે ને સ્વભાવથી જ આખા લોકમાં ફેલાયેલ છે. જોકે ધર્મદ્રવ્ય નિશ્ચયથી અખંડિત છે છતાં વ્યવહારથી અસંખ્યપ્રદેશી છે.

કેટલાકને ધર્મદ્રવ્યની પણ ખબર નથી, નામ પણ સાંભળ્યું ન હોય.

**પ્રશ્ન** : ધર્મદ્રવ્યની કલ્પના કરવાની શી જરૂર છે ?

**સમાધાન** : તે કલ્પના નથી, ધર્મદ્રવ્ય અનાદિ–અનંત અરૂપી વસ્તુ છે. તે જીવ–પુદ્ગલને ગતિમાં નિમિત્ત થાય છે. ભગવાને જોયું છે ને તેનો જાણનાર પણ આત્મા છે. છ દ્રવ્યોમાં એક દ્રવ્યને પણ ઓછું જાણે તો જ્ઞાન પરિપૂર્ણ સિદ્ધ થતું નથી. કેવળી ભગવાન પ્રત્યક્ષ જાણે છે ને છદ્મસ્થ જીવને રાગરહિત જ્ઞાનસ્વભાવના આશ્રયે જે સમ્યક્‌જ્ઞાન પ્રગટ થાય છે તે જ્ઞાન અનુમાન દ્વારા ધર્મદ્રવ્યનું નક્કી કરે છે, તે કલ્પના નથી, યથાર્થ વસ્તુ છે.

અન્ય મતોમાં જીવ, પુદ્ગલ, આકાશ, કાળ એવાં નામો આવે છે પણ ધર્મ–અધર્મદ્રવ્યનું નામ નથી, અથવા છ દ્રવ્યનું યથાર્થ સ્વરૂપ સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી, સર્વજ્ઞ સિવાય પરિપૂર્ણ જાણવાની તાકાત કોઈને હોતી નથી, સર્વજ્ઞને માનનારા અલ્પજ્ઞ જીવો પણ પોતાના સ્વસંવેદનજ્ઞાનની તાકાતથી ને અનુમાનથી ધર્મદ્રવ્યને જાણી લ્યે છે.

જેવી રીતે તલમાં તેલ વ્યાપેલું છે, આત્મામાં જ્ઞાન વ્યાપેલું છે, સિદ્ધક્ષેત્રમાં સિદ્ધો વ્યાપેલા છે, અભવ્ય જીવોમાં રાગ ને મિથ્યાત્વ વ્યાપેલું છે; તેમ આખા લોકમાં અચેતન અરૂપી ધર્મદ્રવ્ય વ્યાપેલું છે. તે આત્માથી જુદું છે, આત્માના જ્ઞાનનું જ્ઞેય છે. આત્માનું જ્ઞાન થતાં તેનું જ્ઞાન થાય છે.

વળી ધર્મદ્રવ્યનું સ્વરૂપ થોડીક વિશેષતાથી બતાવે છે. ૮૩.

---

**अगुरुलघुगेहिं सया तेहिं अणंतेहिं परिणदं णिच्चं।**
**गदिकिरियाजुत्ताणं कारणभूदं सयमकज्जं ।।८४।।**

अगुरुकलघुकैः सदा तैः अनंतैः परिणतः नित्यः।
गतिक्रियायुक्तानां कारणभूतः स्वयमकार्यः ।।८४।।

**જે અગુરુલઘુક અનંત તે–રૂપ સર્વદા એ પરિણમે,**
**છે નિત્ય, આપ અકાર્ય છે, ગતિપરિણમિતને હેતુ છે. ॥૮૪॥**

**અન્વયાર્થ** : (**अनंतैः तैः अगुरुकलघुकैः**) તે (ધર્માસ્તિકાય) અનંત એવા જે અગુરુલઘુ (ગુણો, અંશો) તે–રૂપે (**सदा परिणतः**) સદા પરિણમે છે, (**नित्यः**) નિત્ય છે, (**गतिक्रियायुक्तानां**) ગતિક્રિયાયુક્તને, (**कारणभूतः**) કારણભૂત (નિમિત્તરૂપ) છે અને (**स्वयम् अकार्यः**) પોતે અકાર્ય છે.

**तात्पर्यवृत्ति** : अथ धर्मस्यैवावशिष्टस्वरूपं प्रतिपादयतिः- **अगुरुगलहुगेहिं सदा तेहिं अणंतेहिं परिणदं** अगुरुलघुकैः सदा तैरनंतैः परिणतः प्रतिसमयसंभवत्षट्स्थानपतितवृद्धिहानिभिरनंतैरविभागपरिच्छेदैः परिणतः येऽगुरुलघुकगुणाः स्वरूपप्रतिष्ठत्वनिबंधनभूतास्तैः कृत्वा पर्यायार्थिकनयेनोत्पादव्ययपरिणतोपि द्रव्यार्थिकनयेन णिच्चं नित्यं **गतिकिरियाजुत्ताणं कारणभूदं** गतिक्रियायुक्तानां कारणभूतः। यथा सिद्धो भगवानुदासीनोपि सिद्धगुणानुरागपरिणतानां भव्यानां सिद्धगतेः सहकारिकारणं भवति तथा धर्मोपि स्वभावेनैव गतिपरिणतजीवपुद्गलानामुदासीनोपि गतिसहकारिकारणं भवति **सयमकज्जं** स्वयमकार्यः। यथा सिद्धः स्वकीयशुद्धास्तित्वेन निष्पन्नत्वादन्येन केनापि न कृत इत्यकार्यः तथा धर्मोपि स्वकीयास्तित्वेन निष्पन्नत्वादकार्य इत्यभिप्रायः ।।८४।।

---

**समयव्याख्या : धर्मस्यैवावशिष्टस्वरूपाख्यानमेतत्। अपि च धर्मः अगुरुलघुभिर्गुणैरगुरुलघुत्वाभिधानस्य स्वरूपप्रतिष्ठत्वनिबंधनस्य स्वभावस्याविभागपरिच्छेदैः प्रतिसमयसंभवत्षट्स्थानपतितवृद्धिहानिभिरनंतैः सदा परिणतत्वादुत्पादव्ययवत्त्वेऽपि स्वरूपादप्रच्यवनान्नित्यः गतिक्रियापरिणतानामुदासीनाविनाभूतसहायमात्रत्वात्कारणभूतः। स्वास्तित्वमात्रनिर्वृत्तत्वात् स्वयमकार्य इति ।।८४।।**

**અનુવાદ : આ, ધર્મના જ બાકીના સ્વરૂપનું કથન છે.**

**વળી ધર્મ (ધર્માસ્તિકાય) અગુરુલઘુ ગુણોરૂપે એટલે કે અગુરુલઘુત્વ નામનો જે સ્વરૂપપ્રતિષ્ઠત્વના કારણભૂત સ્વભાવ તેના અવિભાગપરિચ્છેદોરૂપે – કે જેઓ પ્રતિસમય થતી ષટ્સ્થાનપતિત વૃદ્ધિહાનિવાળા અનંત છે તેમના રૂપે–સદા પરિણમતો હોવાથી ઉત્પાદ–વ્યયવાળો છે, તોપણ સ્વરૂપથી ચ્યુત નહિ થતો હોવાથી નિત્ય છે; ગતિક્રિયાપરિણતને (ગતિક્રિયારૂપે પરિણમતાં જીવ–પુદ્ગલોને) ઉદાસીન અવિનાભાવી સહાયમાત્ર હોવાથી (ગતિક્રિયાપરિણતને) કારણભૂત છે; પોતાના અસ્તિત્વમાત્રથી નિષ્પન્ન હોવાને લીધે પોતે અકાર્ય છે (અર્થાત્ સ્વયંસિદ્ધ હોવાને લીધે કોઈ અન્યથી ઉત્પન્ન થયો નથી તેથી કોઈ અન્ય કારણના કાર્યરૂપ નથી). ૮૪.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૨, શનિવાર)

દરેક દ્રવ્યમાં અગુરુલઘુ નામનો ગુણ છે, તે ધર્મદ્રવ્યમાં પણ છે, તેથી ધર્મદ્રવ્યમાં સમયે સમયે પોતાની પર્યાયમાં અનંતા અવિભાગપ્રતિચ્છેદરૂપ પરિણમન થયા કરે છે. વળી તે ટંકોત્કીર્ણ અવિનાશી છે. તથા જીવ–પુદ્ગલ ગમન કરે તેને નિમિત્તકારણ છે. ગતિહેતુત્વ ગુણ પોતાનો છે. જીવ–પુદ્ગલમાં નિમિત્ત છે. કોઈ ઈશ્વરે ધર્મદ્રવ્યને ઉત્પન્ન કર્યું નથી પણ તે અનાદિ–અનંત છે. ભગવાન સિદ્ધ જગતથી ઉદાસીન છે. તે કોઈ જીવને પોતાનું સ્મરણ કરવાનું કહેતા નથી તેમ જ મદદ કરતા નથી, પણ જે જીવ પોતે સ્મરણ કરે છે તેને સિદ્ધ ભગવાન સ્મરણમાં નિમિત્ત

છે. તેવી રીતે ધર્મદ્રવ્ય ઉદાસીન છે, તે કોઈ જીવ–પુદ્ગલને પરાણે ગતિ કરાવતું નથી, પણ જે ગતિ કરે તેને તે નિમિત્ત કહેવાય છે. ધર્મદ્રવ્યમાં ગતિહેતુત્વ, અરૂપીપણું અચેતનપણું, અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે અનંતા ગુણો છે.

**ભાવાર્થ :** ધર્મદ્રવ્ય સદા અવિનાશી ટંકોત્કીર્ણ વસ્તુ છે. આત્મા પણ ટંકોત્કીર્ણ અવિનાશી છે, પણ આત્મા ચેતન છે, ધર્મદ્રવ્ય અચેતન છે. જડ હોવા છતાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ સહિત છે, અગુરુલઘુગુણથી ષટ્ગુણી હાનિ–વૃદ્ધિરૂપ પરિણમન થયા કરે છે.

ધર્મદ્રવ્ય પોતાની અવસ્થા સહિત અનાદિ–અનંત એવું ને એવું છે તેથી ધર્મદ્રવ્ય કાર્યરૂપ નથી. કોઈનાથી ઊપજ્યું હોય તો કાર્ય કહેવાય પણ ધર્મદ્રવ્ય અનાદિથી છે, કોઈથી ઊપજેલ નથી. માટે કાર્યરૂપ નથી. ધર્મદ્રવ્ય ગતિમાં નિમિત્ત થાય છે તેથી કારણરૂપ છે પણ કાર્યરૂપ નથી.

આ ધર્માસ્તિકાય જેમ અનાદિ–અનંત છે તેમ તું પણ અનાદિ–અનંત છો તેમ નક્કી કર. અજ્ઞાની કહે છે કે મારું જ્ઞાન પરથી થાય. અહીં જડ પદાર્થો કહે છે કે અમારું અસ્તિત્વ તું નક્કી કરે છે, અમોને અમારી ખબર નથી. અમારે લીધે તું નથી, તારે લીધે અમે નથી. આમ જડ પદાર્થથી આત્મા જુદો છે એમ ભેદજ્ઞાન કરવું જોઈએ.

વળી જેવી રીતે સિદ્ધ અક્રિય છે, તેમને રાગ થતો નથી. કોઈનું ભલું–ભૂંડું કરતા નથી. તેમ તારો સ્વભાવ પણ એવો અક્રિય છે. આવી વાત આવતાં અજ્ઞાની કહે છે કે એવા સિદ્ધ અમારે જોઈતા નથી, અમારે તો બીજાનું ભલું કરે તેવા સિદ્ધ જોઈએ છીએ. આમ ભલું–ભૂંડું કરવાના અભિમાની જીવો સિદ્ધના તેમ જ પોતાના સ્વરૂપને કબૂલતા નથી. અજ્ઞાની જીવ રાગ–દ્વેષ કરે છે, પણ પરનું ભલું–ભૂંડું કરવાની તાકાત કોઈ જીવમાં નથી. પોતાનો સ્વભાવ તો જ્ઞાન જ છે. તે જ્ઞાનમાં સ્વને જાણતાં, પર એવા ધર્માસ્તિકાય પદાર્થને જેમ છે તેમ જાણી લેવા તે ધર્મ છે. ૮૪.

---

**उदयं जह मच्छाणं गमणाणुग्गहकरं हवदि लोए।**
**तह जीवपुग्गलाणं धम्मं दव्वं वियाणाहि ।।८५।।**

**उदकं यथा मत्स्यानां गमनानुग्रहकरं भवति लोके।**
**तथा जीवपुद्‌गलानां धर्मद्रव्यं विजानीहि ।।८५।।**

**જ્યમ જગતમાં જળ મીનને અનુગ્રહ કરે છે ગમનમાં,**
**ત્યમ ધર્મ પણ અનુગ્રહ કરે જીવ–પુદ્ગલોને ગમનમાં. ૮૫.**

**અન્વયાર્થ :** (यथा) જેમ (लोके) જગતમાં (उदकं) પાણી (मत्स्यानां) માછલાંઓને (गमनानुग्रहकरं भवति) ગમનમાં અનુગ્રહ કરે છે, (तथा) તેમ (धर्मद्रव्यं) ધર્મદ્રવ્ય (जीवपुद्‌गलानां) જીવ–પુદ્ગલોને ગમનમાં અનુગ્રહ કરે (નિમિત્તભૂત હોય છે) એમ (विजानीहि) જાણો.

**तात्पर्यवृत्ति :** अथ धर्मस्य गतिहेतुत्वे लोकप्रसिद्धदृष्टांतमाहः- उदकं यथा मत्स्यानां गमनानुग्रहकरं भवति लोके तथैव जीवपुद्‌गलानां धर्मद्रव्यं विजानीहि हे शिष्य ! तथाहि - यथा हि जलं स्वयमगच्छन्मत्स्यानप्रेरयत्सत्तेषां स्वयं गच्छतां गतेः सहकारिकारणं भवति तथा धर्मोपि स्वयमगच्छत्परानप्रेरयंश्च स्वयमेव गतिपरिणतानां जीवपुद्‌गलानां गतेः सहकारिकारणं भवति। अथवा भव्यानां सिद्धगतेः पुण्यवत्। तद्यथा - यथा रागादिदोषरहितः शुद्धात्मानुभूतिसहितो निश्चयधर्मो यद्यपि सिद्धगतेरुपादानकारणं भव्यानां भवति तथा निदानरहितपरिणामो-पार्जिततीर्थंकरप्रकृत्युत्तमसंहननादिविशिष्टपुण्यरूपधर्मोपि सहाकारिकारणं भवति, तथा यद्यपि जीवपुद्‌गलानां गतिपरिणतेः स्वकीयोपादानकारणमस्ति तथापि धर्मास्तिकायोपि सहकारिकारणं भवति। अथवा भव्यानामभव्यानां वा यथा चतुर्गतिगमनकाले यद्यप्यभ्यंतरशुभाशुभपरिणाम उपादानकारणं भवति तथापि द्रव्यलिङ्गादि दानपूजादिकं वा बहिरंगशुभानुष्ठानं च बहिरंगसहकारिकारणं भवति तथा जीवपुद्‌गलानां यद्यपि स्वयमेव निश्चयेनाभ्यंतरेऽन्तरंगसामर्थ्यमस्ति तथापि व्यवहारेण धर्मास्तिकायोपि गतिकारणं भवतीति भावार्थः ।।८५।।

---

**समयव्याख्या : धर्मस्य गतिहेतुत्वे दृष्टांतोऽयम्। यथोदकं स्वयमगच्छदगमयच्च स्वयमेव गच्छतां मत्स्यानामुदासीनाविनाभूतसहायकारणमात्रत्वेन गमनमनुगृह्णाति, तथा धर्मोऽपि स्वयमगच्छन् अगमयंश्च स्वयमेव गच्छतां जीवपुद्‌गलानामुदासीनाविनाभूतसहायकारणमात्रत्वेन गमनमनुगृह्णति इति ।।८५।।**

**અનુવાદ : આ, ધર્મના ગતિહેતુત્વ વિષે દ્રષ્ટાંત છે.**

**જેમ પાણી પોતે ગમન નહિ કરતું થકું અને (પરને) ગમન નહિ કરાવતું થકું, સ્વયમેવ ગમન કરતાં માછલાંઓને ઉદાસીન અવિનાભાવી સહાયરૂપ કારણમાત્ર તરીકે ગમનમાં અનુગ્રહ કરે છે, તેમ ધર્મ (ધર્માસ્તિકાય) પણ પોતે ગમન નહિ કરતો થકો અને (પરને) ગમન નહિ કરાવતો થકો, સ્વયમેવ ગમન કરતાં જીવ–પુદ્‌ગલોને ઉદાસીન અવિનાભાવી સહાયરૂપ કારણમાત્ર તરીકે ગમનમાં અનુગ્રહ કરે છે. ૮૫.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૩, રવિવાર)

સર્વજ્ઞ ભગવાને જોએલા પદાર્થોમાં ધર્માસ્તિકાય નામે એક પદાર્થ છે. આ અધ્યાત્મ–ગ્રંથ હોવાથી વિશેષ યુક્તિથી સિદ્ધ કરેલ નથી. ચેતન અને પુદ્‌ગલ પદાર્થો પોતાના કારણે ગમન કરે છે ત્યારે તેમાં બીજું નિમિત્તકારણ હોવું જોઈએ. બે પ્રકારનાં કારણ છે. એક ઉપાદાનકારણ અને બીજું નિમિત્તકારણ. પોતાના કારણે ક્ષેત્રાંતર થવું તે ઉપાદાન છે ને તેમાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે. જેમ નિશ્ચય હોય છે ત્યાં વ્યવહાર હોય છે, તેમ ઉપાદાન કારણ છે ત્યાં નિમિત્તકારણ છે.

ધર્મદ્રવ્ય ગતિમાં નિમિત્તકારણ છે તે દ્રષ્ટાંતથી બતાવે છે.

આત્મા સ્વમાં રહીને બધાને જાણી શકે તેટલા સામર્થ્યવાળો છે. એક અરીસો ચોખ્ખો હોય તેની સામે જેટલી ચીજ પડી હોય તે બધીને તે અરીસો દેખાડે છે, તેમ ચૈતન્ય અરીસો જગતનાં બધાં દ્રવ્યોને પૂર્ણ રીતે પ્રકાશે એવડો છે; એમ જો પોતાના આત્માને માને તો આત્માને યથાર્થ માન્યો કહેવાય.

અહીં ધર્મદ્રવ્યનું જ્ઞાન કરાવે છે. તેને જાણી લેવાનો આત્માનો સ્વભાવ છે. જેવી રીતે માછલીઓને ગતિ કરવામાં પાણી નિમિત્તમાત્ર છે. પાણી માછલીને પરાણે ચલાવતું નથી પણ જે માછલી ચાલે તેને પાણી નિમિત્ત કહેવાય છે, તેવી રીતે જીવ તથા પુદ્‌ગલને ધર્મદ્રવ્ય પરાણે ચલાવતું નથી પણ જીવ–પુદ્‌ગલો ચાલે છે તેને ધર્મદ્રવ્ય નિમિત્ત કહેવાય છે. મૂળ પાઠમાં શબ્દ **'अनुग्रहकरं भवति'** છે તેનો અર્થ ઉપકાર કરે છે એટલે કે નિમિત્તરૂપે સહકારી કારણ હોય છે એવો એનો અર્થ સમજવો.

ભાવાર્થ : માછલીઓ ગમન કરે છે તે વખતે પાણી તેની સાથે ચાલતું નથી, તેમ જ તે માછલીઓને ચલાવતું નથી. પરંતુ માછલીના ગમનમાં નિમિત્તમાત્ર સહાયરૂપ છે. એવો પાણીનો સ્વભાવ છે. સહાયક એટલે ઉપસ્થિતરૂપે હોય છે. માછલી પાણી વિના ચાલવાને અસમર્થ છે તેથી પાણી નિમિત્તમાત્ર છે. અહીં પાણીનું નિમિત્તપણું બતાવવું છે, પણ તેથી માછલી ગતિમાં પરાધીન છે એમ નથી. માછલી પોતાના કારણે ચાલે તેમાં પાણીનું નિમિત્ત સાબિત કરવું છે. પાણી ન હોત તો ? એ પ્રશ્ન નથી. માછલી પોતાના કારણે ચાલે છે ત્યારે પાણી નિમિત્ત છે; તેવી રીતે જીવ તથા પુદ્‌ગલ ધર્મદ્રવ્ય વિના ગમન કરવામાં અસમર્થ છે. એટલે કે તેઓ ગતિ કરે છે ત્યારે ધર્મદ્રવ્ય છે એમ નિમિત્ત સાબિત કરવું છે. જીવ ને પુદ્‌ગલો ચાલે છે ત્યારે ધર્મદ્રવ્ય ચાલતું નથી તેમ જ ધર્મદ્રવ્ય પ્રેરણા કરી જીવ–પુદ્‌ગલને ચલાવતું નથી, પોતે ઉદાસીન છે પરંતુ તેનો અનાદિ–નિધન એવો સ્વભાવ છે કે જે જીવ ને પુદ્‌ગલ પોતાના કારણે ક્ષેત્રાંતર કરે તેને ધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર થાય છે.

હવે જયસેન આચાર્યની 'સંસ્કૃત ટીકા' ઉપરથી ખુલાસો પૃ. ૩૭૬, સંસ્કૃત ટીકા, લીટી ૧૩. **'अथवा भव्यानां सिद्धगतेः'** થી શરૂ કરી છઠ્ઠી લીટી **'सहकारिकारणं भवति'** સુધી. પહેલો લોકોત્તર દાખલો (ઉપાદાન ને નિમિત્તકારણ બતાવતો) – ભવ્ય જીવ પોતાના આત્માનું ભાન કરે કે હું એક શુદ્ધ આત્મા છું. દેહ, મન, વાણીની ક્રિયા મારી નથી, પુણ્ય–પાપ મારું સ્વરૂપ નથી. હું નિશ્ચયથી રાગાદિરહિત છું એવું ભાન કરીને સિદ્ધદશાને પામે તો રાગાદિ દોષરહિત શુદ્ધાત્માની અનુભૂતિ સિદ્ધદશારૂપી કાર્યનું ઉપાદાનકારણ છે. શરીરની ક્રિયા પર છે ને પુણ્ય–પાપ તો અપરાધ છે. પોતાના જ્ઞાનાનંદ સ્વભાવમાં અંતર રમણતા કરવી તે મોક્ષનું નિશ્ચયકારણ છે. હવે તેને નિમિત્તકારણ કોણ છે તે બતાવે છે. કોઈ પણ જાતના નિદાન વગર બાંધેલી તીર્થંકરનામકર્મની પ્રકૃતિ, ઉત્તમ સંહનન, બાદરપણું, મનુષ્યપણું વગેરે સહકારીકારણ અથવા નિમિત્તકારણ કહેવાય છે. કોઈ ધર્મી જીવને આત્માનું ભાન થયા પછી શુભરાગની ભૂમિકામાં તીર્થંકરપુણ્યપ્રકૃતિ બંધાઈ જાય છે. તેને બાંધવાની ભાવના નથી તેમ જ તે તેનો સ્વામી નથી. મિથ્યાદષ્ટિને તો બંધાય નહિ. તે પ્રકૃતિ, મજબૂત સંહનન કે મનુષ્યપણું સિદ્ધદશા કરાવતા નથી. સિદ્ધદશાને અને પ્રકૃતિઆદિ

જડને અત્યંત અભાવ છે. પણ પોતે સિદ્ધદશા પ્રગટ કરે છે તો પ્રકૃતિ આદિ જે જે હોય તે, નિમિત્ત કહેવાય છે.

'ઇષ્ટોપદેશ'માં કહ્યું છે કે નિશ્ચયથી આત્મા જ પોતે પોતાનો નિશ્ચય ગુરુ છે તો વ્યવહારથી પરને ગુરુ કહેવાય છે. ગુરુ પરમાં કાંઈ કરતા નથી. અત્યારે નિમિત્તના નામે ગોટા બહુ ચાલે છે. પ્રેરકનો અર્થ એવો નથી કે તેણે પરપદાર્થમાં કાંઈ પ્રેરણા કરી. પોતામાં ગતિ કરતો પદાર્થ અથવા સંકલ્પ–વિકલ્પ કરતો જીવ હોય તેને પ્રેરક કહે છે ને સ્થિર પદાર્થને ઉદાસીન કહે છે. ચાલતા ઘોડા ઉપર માણસ બેઠો છે ત્યાં માણસ પોતાના કારણે ગતિ કરે છે તેમાં ઘોડો પ્રેરક નિમિત્ત છે; કેમકે ઘોડો પોતે ગતિ કરે છે ને ત્યાં રહેલું ધર્મદ્રવ્ય ગતિ કરતું નથી માટે ધર્મને ઉદાસીન નિમિત્ત કહે છે. પ્રેરક એટલે પોતામાં સક્રિયપણું ને ઉદાસીન એટલે પોતામાં અક્રિયપણું એટલે ગતિરૂપ નહિ થવું તે.

અહીં દૃષ્ટાંતમાં કહ્યું કે સિદ્ધદશા પ્રાપ્ત કરવામાં ભવ્ય જીવની લાયકાત એટલે કે શુદ્ધાત્માની અનુભૂતિ તે ઉપાદાનકારણ છે. (અહીં વર્તમાનપર્યાયને ઉપાદાનકારણ લીધેલ છે, ગુણ તો ત્રિકાળ છે.) તો મનુષ્યદેહ, સંહનન, તીર્થંકરપ્રકૃતિ નિમિત્તકારણ છે. પણ જેને રાગનો આદાર છે, કર્મ સાથે એકત્વબુદ્ધિ છે તે મિથ્યાદૃષ્ટિ છે, તેને તીર્થંકરપ્રકૃતિ બંધાતી નથી. જેને આત્માનો અનુભવ નથી તેને મનુષ્યદેહાદિ નિમિત્ત કહેવાતાં નથી. આ દૃષ્ટાંત છે. તેવી રીતે જીવ અને પુદ્ગલ પોતાના કારણે ક્ષેત્રાંતર કરે છે તે ઉપાદાનકારણ છે ને ધર્માસ્તિકાયને સહકારીકારણ–નિમિત્તકારણ કહેવાય છે.

બીજું લોકોત્તર દૃષ્ટાંત 'સંસ્કૃત ટીકા' પૃ. ૩૭૬, લીટી ૧૭ **'अथवा भव्यानाम्'** થી **'भवतीति भावार्थः'** ભવી તથા અભવી ચાર ગતિમાં પરિભ્રમણ કરે છે તેમાં પોતપોતાના શુભાશુભભાવ ઉપાદાનકારણ છે. દેવગતિમાં શુભપરિણામ, મનુષ્યગતિમાં મધ્યમ પરિણામ, તિર્યંચ ગતિમાં માયાના પરિણામ, નરકમાં અશુભપરિણામ ઉપાદાનકારણ છે. ત્યારે શરીરનું બાહ્યલિંગ, દાન–પૂજા વખતે થતી શરીરાદિની ક્રિયા તથા બહારનાં શુભ અનુષ્ઠાન, મંદિર, સમવસરણ, માનસ્તંભ આદિને બહિરંગ સહાકારીકારણ કહેવાય છે.

બે દાખલા આપ્યા : (૧) સિદ્ધગતિમાં શુદ્ધ આત્માનો અનુભવ તે ઉપાદાનકારણ ને તીર્થંકર–પ્રકૃતિ આદિ નિમિત્તકારણ. (૨) શુભાશુભભાવો ચાર ગતિમાં ઉપાદાનકારણ ને બાહ્યલિંગ ને શરીરની ક્રિયા તે નિમિત્તકારણ. તેવી રીતે જીવ અને પુદ્ગલ પોતાના કારણે ચાલે છે. તે ઉપાદાનકારણ ને ધર્મદ્રવ્ય નિમિત્તકારણ છે. વાવનું સ્થિર પાણી માછલાની ગતિમાં નિમિત્ત છે તેમ જીવ અને પુદ્ગલને ગમનમાં ધર્મદ્રવ્ય નિમિત્ત છે.

પંડિત બનારસીદાસે કહ્યું છે કે કોઈ દ્રવ્ય કોઈ દ્રવ્યનું પ્રેરક નથી.

આ પ્રમાણે જીવ અને પુદ્ગલના ક્ષેત્રાંતરમાં ધર્માસ્તિકાયનું નિમિત્તપણું દૃષ્ટાંતો દ્વારા બતાવ્યું. ૮૫.

---

**जह हवदि धम्मदव्वं तह तं जाणेह दव्वमधमक्खं।**
**ठिदिकिरियाजुत्ताणं कारणभूदं तु पुढवीव ।।८६।।**

**यथा भवति धर्मद्रव्यं तथा तज्जानीहि द्रव्यमधर्माख्यम्।**
**स्थितिक्रियायुक्तानां कारणभूतं तु पृथिवीव ।।८६।।**
**જ્યમ ધર્મનામક દ્રવ્ય તેમ અધર્મનામક દ્રવ્ય છે;**
**પણ દ્રવ્ય આ છે પૃથ્વી માફક હેતુ થિતિપરિણમિતને. ૮૬.**

**અન્વયાર્થ :** (यथा) જેમ (धर्मद्रव्यं भवति) ધર્મદ્રવ્ય છે (तथा) તેમ (अधर्माख्यम् द्रव्यम्) અધર્મ નામનું દ્રવ્ય પણ (जानीहि) જાણો; (तत् तु) પરંતુ તે (ગતિક્રિયાયુક્તને કારણભૂત હોવાને બદલે) (स्थितिक्रियायुक्तानाम्) સ્થિતિક્રિયાયુક્તને (पृथिवी इव) પૃથ્વીની માફક (कारणभूतम्) કારણભૂત છે (અર્થાત્ સ્થિતિક્રિયાપરિણત જીવ-પુદ્‌ગલોને નિમિત્તભૂત છે).

---

**तात्पर्यवृत्ति :** एवं प्रथमस्थले धर्मास्तिकायव्याख्यानमुख्यत्वेन गाथात्रयं गतं। अथाधर्मास्तिकायस्वरूपं कथ्यतेः- यथा भवति धर्मद्रव्यं तथार्थं कर्तुं जानीहि हे शिष्य ! द्रव्यमधर्माख्यं। तच्च कथंभूतं ? स्थितिक्रियायुक्तानां कारणभूतं पृथिवीवत्। तथाहि - यथा पूर्वमरसादिविशेषणविशिष्टं धर्मद्रव्यं व्याख्यातं अधर्मद्रव्यमपि तद्रूपं ज्ञातव्यं, अयं तु विशेषः तन्मत्स्यानां जलवज्जीवपुद्गलानां गतेर्बहिरंगसहकारिकारणं इदं तु यथा पृथिवी स्वयं पूर्वं तिष्ठंती परं अस्थापयंती तुरंगादीनां स्थितेर्बहिरंगसहकारिकारणं भवति तथा जीवपुद्गलानां स्थापयत्स्वयं च पूर्वं तिष्ठत्सत् स्थितेस्तेषां कारणमिति पथिकानां छायावद्वा। अथवा शुद्धात्मस्वरूपे या स्थितिस्तस्या निश्चयेन वीतरागानिर्विकल्पस्वसंवेदनं कारणं व्यवहारेण पुनरर्हत्सिद्धादिपरमेष्ठिगुणस्मरणं च यथा तथा जीवपुद्गलानां निश्चयेन स्वकीयस्वरूपमेव स्थितेरुपादानकारणं व्यवहारेण पुनरधर्मद्रव्यं चेति सूत्रार्थः ।।८६।।

समयव्याख्या : अधर्मस्वरूपाख्यानमेतत्। यथा धर्मः प्रज्ञापितस्तथाधर्मोपि प्रज्ञापनीयः। अयं तु विशेषः। स गतिक्रियायुक्तानामुदकवत्कारणभूतः एषः पुनः स्थितिक्रियायुक्तानां पृथिवीवत्कारणभूतः। यथा पृथिवी स्वयं पूर्वमेव तिष्ठंती परमस्थापयंती च स्वयमेव तिष्ठतामश्वादीनामुदासीनाविनाभूतसहायकारणमात्रत्वेन स्थितिमनुगृह्णातीति तथाऽधर्मोऽपि स्वयं पूर्वमेव तिष्ठन् परमस्थापयंश्च स्वयमेव तिष्ठतां जीवपुद्गलानामुदासीनाविना-भूतसहायकारणमात्रत्वेन स्थितिमनुगृह्णातीति ।।८६।।

---

**અનુવાદ : આ, અધર્મના સ્વરૂપનું કથન છે.**

**જેમ ધર્મનું પ્રજ્ઞાપન કરવામાં આવ્યું, તેમ અધર્મનું પણ પ્રજ્ઞાપન કરવા યોગ્ય છે. પરંતુ આ (નીચે પ્રમાણે) તફાવત છે : પેલો (ધર્માસ્તિકાય) ગતિક્રિયાયુક્તને પાણીની માફક કારણભૂત છે. અને આ (અધર્માસ્તિકાય) સ્થિતિક્રિયાયુક્તને પૃથ્વીની માફક કારણભૂત છે. જેમ પૃથ્વી પોતે પહેલેથી જ સ્થિતિરૂપે (સ્થિર) વર્તતી થકી અને પરને સ્થિતિ (સ્થિરતા) નહિ કરાવતી થકી, સ્વયમેવ સ્થિતિરૂપે પરિણમતા અશ્વાદિકને ઉદાસીન અવિનાભાવી સહાયરૂપ કારણમાત્ર તરીકે સ્થિતિમાં**

**અનુગ્રહ કરે છે, તેમ અધર્મ (અધર્માસ્તિકાય) પણ પોતે પહેલેથી જ સ્થિતિરૂપે વર્તતો થકો અને પરને સ્થિતિ નહિ કરાવતો થકો, સ્વયમેવ સ્થિતિરૂપે પરિણમતાં જીવ–પુદ્ગલોને ઉદાસીન અવિનાભાવી સહાયરૂપ કારણમાત્ર તરીકે સ્થિતિમાં અનુગ્રહ કરે છે. ૮૬.**

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર, વદ–૩, રવિવાર)

હવે અધર્મદ્રવ્યનું સ્વરૂપ બતાવે છે.

જીવ અને પુદ્ગલો ગતિપૂર્વક સ્થિર થાય તેને અધર્મદ્રવ્ય નિમિત્ત છે. જેવી રીતે પૃથ્વી કોઈને ઊભો રહે તેમ કહેતી નથી, પણ જે ઊભો રહે છે તેને તે નિમિત્ત કહેવાય છે તે દૃષ્ટાંતે અધર્મદ્રવ્યનું સમજવું.

**ભાવાર્થ** : પૃથ્વી પોતાના સ્વભાવથી પોતાની અવસ્થામાં સ્થિર છે. ઘોડા વગેરેને પરાણે ઊભા રખાવતી નથી. ઘોડા વગેરે પદાર્થો પોતાના કારણે સ્થિર થાય છે તેને પૃથ્વી સહજ ઉદાસીન–અવસ્થારૂપે નિમિત્તમાત્ર થાય છે. તે દૃષ્ટાંત મુજબ અધર્મદ્રવ્ય પણ પોતાની સહજ અવસ્થારૂપે લોકાકાશના અસંખ્ય પ્રદેશોના પ્રમાણરૂપ અનાદિકાળથી છે તેના અસંખ્ય પ્રદેશો લોકપ્રમાણ સહજ છે. કોઈ જીવ કેવળી સમુદ્ઘાત કરે ત્યારે તેના પ્રદેશો વિસ્તાર પામીને લોકપ્રમાણ થાય છે. અથવા કપડું પહેલાં સંકોચરૂપ ને પાછળથી મોટું થાય તેવી રીતે ધર્મદ્રવ્ય અને અધર્મદ્રવ્ય બન્નેના પ્રદેશો પહેલાં સંકોચરૂપ હતા ને પાછળથી આખા લોકપ્રમાણ થયા એમ નથી. અનાદિથી જ આખા લોકપ્રમાણ અખંડ અસંખ્યપ્રદેશી છે. તે અધર્મદ્રવ્ય સ્વભાવથી જીવ–પુદ્ગલની સ્થિરતામાં નિમિત્તકારણ છે, પરંતુ તે દ્રવ્યને જબરજસ્તીથી તે સ્થિર કરાવતું નથી. ગતિમાન જીવ–પુદ્ગલો પોતાથી સ્થિર અવસ્થારૂપ પરિણામ કરે તો અધર્મદ્રવ્ય પોતાની સ્વાભાવિક ઉદાસીન અવસ્થારૂપે નિમિત્તમાત્ર સહાય થાય છે.

હવે જયસેન આચાર્યની સંસ્કૃત ટીકા, પૃ. ૩૭૯, લીટી ૧૭ **'शुद्धात्मास्वरूपे'** થી **'चेति सूत्रार्थः'** સુધી.

હું આત્મા શુદ્ધસ્વરૂપી છું એવું ભાન થતાં સ્વભાવમાં સ્થિરતા થાય છે. આ પ્રમાણે શુદ્ધ આત્મામાં સ્થિરતાનું નિશ્ચયકારણ વીતરાગ નિર્વિકલ્પ સ્વસંવેદન છે. શુભરાગ કે પુણ્ય તેમાં કારણ નથી. જીવ પોતાની પર્યાયમાં થતા રાગદ્વેષની અસ્થિરતા છોડી શુદ્ધ ચિદાનંદ સ્વભાવમાં સ્થિરતા કરે છે તેમાં સ્વસંવેદન નિશ્ચયકારણ છે. તો અર્હંત–સિદ્ધના સ્મરણનો વિકલ્પ, અર્હંત–સિદ્ધ ભગવંતોની પ્રતિમા વગેરેને નિમિત્તકારણ કહેવાય છે. પણ તે નિમિત્તો સ્થિર કરાવતાં નથી. પોતે શુદ્ધ ચિદાનંદ આત્માના શ્રદ્ધા–જ્ઞાન કરે તો બાહ્યને નિમિત્તકારણ કહેવાય, નહિતર તે નિમિત્ત પણ કહેવાતાં નથી.

જે આત્મા દયા–દાનાદિના ભાવોમાં ધર્મ માની તેવા પરિણામમાં ઠર્યા કરે તે મિથ્યાદૃષ્ટિ છે. તેને ભગવાન નિમિત્ત કહેવાતા નથી. પુણ્ય–પાપના પરિણામ શુદ્ધ આત્મા નથી, ત્રિકાળી સ્વભાવ તે શુદ્ધ આત્મા છે, તે હું છું એમ જ્ઞાનની પર્યાય ધ્રુવ સ્વભાવને પકડે, ને સ્થિર થાય તેને

ધર્મની ક્રિયા કહેવામાં આવે છે ને આવી સ્થિરતામાં સ્વસંવેદનજ્ઞાન નિશ્ચયકારણ છે તો ભગવાનના સ્મરણને નિમિત્ત કહેવાય છે. તે દ્રષ્ટાંતે પુદ્ગલ ને ચેતન પદાર્થો પોતાના કારણે સ્થિર થાય તે ઉપાદાનકારણ છે તેમાં અધર્મદ્રવ્ય નિમિત્તકારણ કહેવાય છે. ૮૬.

**जादो अलोगलोगो जेसिं सब्भावदो य गमणठिदी।**
**दो वि य मया विभत्ता अविभत्ता लोयमेत्ता य ।।८७।।**

**जातमलोकलोकं ययोः सद्भावतश्च गमनस्थिति।**
**द्वावपि च मतौ विभक्तावविभक्तौ लोकमात्रौ च ।।८७।।**

**ધર્માધરમ હોવાથી લોક–અલોક ને સ્થિતિગતિ બને;**
**તે ઉભય ભિન્ન–અભિન્ન છે ને સકળલોકપ્રમાણ છે. ૮૭.**

**અન્વયાર્થ :** (गमनस्थिती) (જીવ–પુદ્ગલની) ગતિ–સ્થિતિ (च) તથા (अलोकलोकं) અલોક ને લોકનો વિભાગ, (ययोः सद्भावतः) તે બે દ્રવ્યોના સદ્ભાવથી (जातम्) થાય છે. (च) વળી (द्वौ अपि) તે બંને (विभक्तौ) વિભક્ત, (अविभक्तौ) અવિભક્ત (च) અને (लोकमात्रौ) લોકપ્રમાણ (मतौ) કહેવામાં આવ્યાં છે.

---

**तात्पर्यवृत्ति :** एवमधर्मद्रव्यव्याख्यानरूपेण द्वितीयस्थले गाथासूत्रमेकं गतं। अथ धर्माधर्मसद्भावे साध्ये हेतुं दर्शयतिः- **जादो** जातं। किं कर्तृ ?**अलोगलोगो** लोकालोकद्वयं। कस्माज्जातं ? **जेसिं सब्भावदो य** ययोर्धर्माधर्मयोः स्वभावतश्च। न केवलं लोकालोकद्वयं जातं। **गमणठिदी** गतिस्थितिश्चैतौ द्वौ। कथंभूतौ ? **दोवि य मया** द्वौ धर्माधर्मौ मतौ संमतौ स्तः अथवा पाठांतरं 'अमया' अमयौ न केनापि कृतौ **विभत्ता** विभक्तौ भिन्नौ **अविभत्ता** अविभक्तौ **लोयमेत्ता य** लोकमात्रौ चेति। तद्यथा - धर्माधर्मौ विद्येते लोकालोकसद्भावात्, षड्द्रव्यसमूहात्मको लोकः तस्माद्बहिर्भूतं शुद्धमाकाशमलोकः, तत्र लोके गतिं तत्पूर्वकस्थितिमास्कंदतोः स्वीकुर्वतोर्जीवपुद्गलयोर्यदि बहिरंगहेतुभूतधर्माधर्मौ न स्यातां तदा लोकाद्बहिर्भूतबाह्यभागेपि गतिः केन नाम निषिध्यते? न केनापि। ततो लोकालोकविभागादेव ज्ञायते धर्माधर्मौ विद्येते। तौ च किंविशिष्टौ ? भिन्नास्तित्वनिष्पन्नत्वानिश्चयनयेन पृथग्भूतौ एकक्षेत्रावगाहत्वादसद्भूतव्यवहारनयेन सिद्धराशिवदभिन्नौ सर्वदैव निःक्रियत्वेन लोकव्यापकत्वाल्लोकमात्राविति सूत्रार्थः ।।८७।।

---

**समयव्याख्याः धर्माधर्मसद्भावे हेतूपन्यासोऽयम्। धर्माधर्मौ विद्येते। लोकालोकविभागान्यथानुपपत्तेः। जीवादिसर्वपदार्थानामेकत्र वृत्तिरूपो लोकः। शुद्धैकाकाशवृत्तिरूपोऽलोकः। तत्र जीवपुद्गलौ स्वरसत एव गतितत्पूर्वस्थितिपरिणामापन्नौ। तयोर्यदि गतिपरिणामं तत्पूर्वस्थितिपरिणामं वा स्वयमनुभवतोर्बहिरङ्गहेतू धर्माधर्मौ न भवेताम्, तदा तयोर्निरर्गलगतिस्थिति-**

**परिणामत्वादलोकेऽपि वृत्तिः केन वार्येत। ततो न लोकालोकविभागः सिध्येत। धर्माधर्मयोस्तु जीवपुद्‌गलयोर्गतितत्पूर्वस्थित्योर्बहिरङ्गहेतुत्वेन सद्भावोऽभ्युपगम्यमाने लोकालोकविभागो जायत इति। किञ्च धर्माधर्मौ द्वावपि परस्परं पृथग्भूतास्तित्वनिर्वृत्तत्वाद्विभक्तौ। एकक्षेत्रावगाढत्वादविभक्तौ। निष्क्रियत्वेन सकललोकवर्तिनोर्जीवपुद्‌गलयोर्गतिस्थित्युपग्रहकरणाल्लोकमात्राविति ।।८७।।**

**અનુવાદ : આ, ધર્મ અને અધર્મના સદ્‌ભાવની સિદ્ધિ માટે હેતુ દર્શાવવામાં આવ્યો છે.**

**ધર્મ અને અધર્મ વિદ્યમાન છે, કારણ કે લોક અને અલોકનો વિભાગ અન્યથા બની શકે નહિ. જીવાદિ સર્વ પદાર્થોના એકત્ર-અસ્તિત્વરૂપ લોક છે; શુદ્ધ એક આકાશના અસ્તિત્વરૂપ અલોક છે. ત્યાં, જીવ અને પુદ્‌ગલ સ્વરસથી જ (સ્વભાવથી જ) ગતિપરિણામને તથા ગતિપૂર્વક સ્થિતિપરિણામને પ્રાપ્ત હોય છે. જો ગતિપરિણામ અથવા ગતિપૂર્વક સ્થિતિપરિણામને સ્વયં અનુભવતાં એવાં તે જીવ-પુદ્‌ગલને બહિરંગ હેતુઓ ધર્મ અને અધર્મ ન હોય, તો જીવ-પુદ્‌ગલને નિરર્ગળ ગતિપરિણામ અને સ્થિતિપરિણામ થવાથી અલોકમાં પણ તેમનું (જીવ-પુદ્‌ગલનું) હોવું કોનાથી વારી શકાય ? (કોઈથી ન જ વારી શકાય). તેથી લોક અને અલોકનો વિભાગ સિદ્ધ ન થાય. પરંતુ જો જીવ-પુદ્‌ગલની ગતિના અને ગતિપૂર્વક સ્થિતિના બહિરંગ હેતુઓ તરીકે ધર્મ અને અધર્મનો સદ્‌ભાવ સ્વીકારવામાં આવે તો લોક અને અલોકનો વિભાગ (સિદ્ધ) થાય છે. (માટે ધર્મ અને અધર્મ વિદ્યમાન છે.) વળી (તેમના વિષે વિશેષ હીકકત એ છે કે), ધર્મ અને અધર્મ બંને પરસ્પર પૃથગ્ભૂત અસ્તિત્વથી નિષ્પન્ન હોવાથી વિભક્ત (ભિન્ન) છે; એકક્ષેત્રાવગાહી હોવાથી અવિભક્ત (અભિન્ન) છે; સમસ્ત લોકમાં વર્તનારાં જીવ-પુદ્‌ગલને ગતિ-સ્થિતિમાં નિષ્ક્રિયપણે અનુગ્રહ કરતા હોવાથી (નિમિત્તરૂપ થતા હોવાથી) લોકપ્રમાણ છે. ૮૭.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૩, રવિવાર)

ધર્મ-અધર્મ-દ્રવ્યથી લોક-અલોકના વિભાગ પડે છે. ધર્મ-અધર્મ ન માનો તો લોક-અલોક સિદ્ધ થતા નથી. લોક-અલોકને તથા ધર્મ-અધર્મને ન જાણે તો જ્ઞાન ખોટું ઠરે છે. ધર્મ-અધર્મ બન્ને આખા લોકમાં એકક્ષેત્રે છે પણ બન્ને સ્વભાવે ભિન્ન છે. જે ધર્મ-અધર્મ માનતા નથી તેના સમાધાન માટે આચાર્ય કહે છે :

જે ધર્મ અને અધર્મ દ્રવ્યના હોવાથી લોક અને અલોક થયા છે અને જે ગતિ-સ્થિતિમાં નિમિત્ત છે તે બન્ને પોતપોતાના સ્વરૂપથી જુદા જુદા છે, પણ એકક્ષેત્રાવગાહથી જુદા જુદા નથી અને અસંખ્યપ્રદેશી લોકમાત્ર છે.

**ભાવાર્થ** : અહીં જે પ્રશ્ન કરવામાં આવેલ કે ધર્મ-અધર્મ છે જ નહિ ને આકાશ ગતિ ને સ્થિતિમાં સહાયક છે એમ માનવામાં આવે તો ? તેનું સમાધાન :-

જગત અથવા લોક બધે વ્યાપક નથી. આ લોક મર્યાદાવાળો છે, ને ખાલી ભાગને અલોક

કહે છે. કોઈ કહે કે આ જગત દેખાય છે એવું ને એવું બધે હોય તો ? એવું ને એવું ક્યાં સુધી ? પછી શું ? પછી શું ? બે ભાગ માન્યા વિના યથાર્થ વસ્તુસ્થિતિ નક્કી થતી નથી. જેમ જડ ને ચેતન બે ભિન્ન છે તેમ લોક ને અલોક ભિન્ન છે. લોક–અલોક પોતાના કારણે છે તેમાં ધર્મ–અધર્મને નિમિત્ત તરીકે સિદ્ધ કરેલ છે. ધર્મ–અધર્મ દ્રવ્ય અવશ્ય છે. જો બે દ્રવ્યો ન હોય તો લોક–અલોકનો ભેદ સિદ્ધ થતો નથી. જ્યાં જીવાદિક સમસ્ત પદાર્થો છે તેને લોક કહે છે. જીવાદિ પદાર્થો ભાવે અનંત હોય પણ ક્ષેત્રે અનંત ન હોય. આકાશનું ક્ષેત્ર અનંત છે. તેમાં અસંખ્ય જોજન સુધી લોક છે, પછી જ્યાં એકલું આકાશ છે તેને અલોક કહે છે. તેથી જીવ પુદ્‌ગલની ગતિ–સ્થિતિ લોકાકાશમાં છે, અલોકાકાશમાં નથી. જો ધર્મ–અધર્મમાં ગતિ–સ્થિતિમાં નિમિત્તપણાનો ગુણ ન હોત તો લોક–અલોકનો ભેદ દૂર થઈ જાત. જીવ ને પુદ્‌ગલ બન્ને પોતાના કારણે ગતિ અથવા સ્થિતિરૂપ અવસ્થા ધારણ કરે છે. તેમાં ગતિને બહિરંગ નિમિત્ત ધર્મદ્રવ્ય ને સ્થિતિને બહિરંગ નિમિત્ત અધર્મદ્રવ્ય છે. તે બન્ને લોકમાં છે. જો ધર્મ–અધર્મદ્રવ્ય લોકમાં ન હોત તો લોક–અલોક એવો ભેદ ન હોત ને બધી જગ્યાએ લોક હોત, તે કારણે ધર્મ–અધર્મદ્રવ્ય અવશ્ય છે.

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૪, સોમવાર)

આ અધર્માસ્તિકાયની વ્યાખ્યા ચાલે છે. સર્વજ્ઞભગવાને અધર્મદ્રવ્ય તથા ધર્મદ્રવ્ય એવાં બે દ્રવ્યો જોયાં છે. જેને કોઈ પદાર્થને વીંધવો હોય તેણે ક્યા પદાર્થને વીંધવો છે ને બાણની વીંધવાની તાકાત કેટલી છે તે જાણવું જોઈએ, ક્યા પદાર્થને વીંધવો છે તેની ખબર વિના વીંધી શકાય નહિ તથા બાણ થોથું–તાકાત વગરનું હોય તોપણ વીંધી શકાય નહિ, તેમ અહીં આત્માને જાણવો છે. જ્ઞાન આત્માને નિશાન બનાવી આત્માને વીંધે છે એટલે કે જાણે છે. આત્મા લક્ષ્ય છે ને જ્ઞાન તેનું લક્ષણ છે, માટે આત્મપદાર્થ કેવડો છે ને આત્મપદાર્થને લક્ષમાં લેનારા જ્ઞાનની તાકાત કેવડી છે તે પણ જાણવું જોઈએ. અહીં જ્ઞાનની તાકાતની વાત ચાલે છે, જ્ઞાનની તાકાત સર્વજ્ઞેયોને જાણવાની છે. જ્ઞાનનું ધ્યેય આત્મા છે તેનું લક્ષ કરીને જે જ્ઞાન પ્રગટ થાય તે બધાં દ્રવ્યોને યથાર્થ જાણી શકે. જગતમાં જેટલાં દ્રવ્યો છે તેટલાં બરાબર જ્ઞાનમાં ન લ્યે તો તે જ્ઞાનની તાકાતને સમજ્યો નથી. ને જેને જ્ઞાનની તાકાતનો ખ્યાલ આવ્યો નથી તે આત્માને વીંધી શકે નહિ.

અહીં ધર્મદ્રવ્ય–અધર્મદ્રવ્યની વાત ચાલે છે, પણ ખરેખર તો તેને જાણનાર જીવના જ્ઞાનનાં ગાણાં ચાલે છે, આ બધાં દ્રવ્યોને જ્ઞાન સ્વમાં રહીને જાણે છે. આ વાત કાને પડવા છતાં જે નિર્ણય ન કરે તેને ધર્મ થતો નથી. આત્માનો સ્વભાવ સર્વજ્ઞ છે, તેની પર્યાય સ્વ ને પર બધાં દ્રવ્યોને તથા તેના ગુણ–પર્યાયોને જુદા જુદા જાણવાની તાકાતવાળી છે. જો આટલું ન જાણે તો તેણે જ્ઞાનપર્યાયની તાકાત જાણી નથી. આત્મા જ્ઞાનપ્રમાણ છે ને જ્ઞાન જ્ઞેયપ્રમાણ છે. જ્ઞેયમાં સ્વ–પર બન્ને આવી જાય છે.

અહીં ધર્મ–અધર્મ દ્રવ્યનું જ્ઞાન કરાવે છે.

**ભાવાર્થ** : જ્યાં સુધી જીવ–પુદ્‌ગલ ગતિ–સ્થિતિ કરે છે ત્યાં સુધી લોક છે. આ લોકની

મર્યાદા બાંધી. જ્યાં સુધી જીવ ને પુદ્ગલો ગતિ કે સ્થિતિ કરી શકે ત્યાં સુધીના ક્ષેત્રને લોક કહેવો. લોક પછી ખાલી ભાગને અલોક કહે છે ત્યાં માત્ર આકાશ છે. લોક–અલોકનો ભેદ ધર્મ–અધર્મદ્રવ્યથી જાણવો. લોક–અલોકની મર્યાદા તો અનાદિથી છે પણ ધર્મ–અધર્મદ્રવ્યને સાબિત કરવા એમ કહ્યું છે. ભગવાને છ દ્રવ્યો જોયાં છે, તેમાં ધર્મ–અધર્મ જે ક્ષેત્રમાં છે ત્યાં સુધી લોક ને બાકીના ખાલી ભાગને અલોક જાણવો.

તે ધર્મ–અધર્મ પોતે પોતાના પ્રદેશોની અપેક્ષાએ જુદેજુદા છે પણ એક લોકાકાશની અપેક્ષાએ જુદા નથી કેમકે લોકાકાશના જે પ્રદેશોમાં ધર્મદ્રવ્ય છે તે જ પ્રદેશોમાં અધર્મદ્રવ્ય છે. બન્ને હલનચલનરૂપ ક્રિયાથી રહિત એટલે કે સ્થિર છે ને સર્વલોકવ્યાપી છે. જેવી રીતે લોકાગ્રે બધા સિદ્ધ ભગવાનો એક જગ્યાએ છે છતાં સૌની સત્તા ને અનુભવ જુદેજુદા છે. ભાવ અપેક્ષાએ જુદા છે પણ આકાશક્ષેત્રની અપેક્ષાએ જુદા નથી. તેમ ધર્મ–અધર્મ ભાવ–અપેક્ષાએ જુદાઈ પણ લોકાકાશમાં રહેલા છે. આકાશ અપેક્ષાએ જુદા નથી. ધર્મ–અધર્મ સમસ્ત લોકવ્યાપી જીવ ને પુદ્ગલની ગતિ–સ્થિતિમાં નિમિત્તકારણ છે. તેથી બન્ને દ્રવ્યો લોક જેટલા અસંખ્યપ્રદેશી છે. ૮૭.

---

**ण य गच्छदि धम्मत्थी गमणं ण करेदि अण्णदवियस्स।**
**हवदि गदिस्स प्पसरो जीवाणं पुग्गलाणं च ।।८८।।**

**न च गच्छति धर्मास्तिको गमनं न करोत्यन्यद्रव्यस्य।**
**भवति गतेः सः प्रसरो जीवानां पुद्‌गलानां च ।।८८।।**

**ધર્માસ્તિ ગમન કરે નહીં, ન કરાવતો પરદ્રવ્યને;**
**જીવ–પુદ્ગલોના ગતિપ્રસાર તણો ઉદાસીન હેતુ છે. ૮૮.**

**અન્વયાર્થ :** (धर्मास्तिकः) ધર્માસ્તિકાય (न गच्छति) ગમન કરતો નથી (च) અને (अन्यद्रव्यस्य) અન્યદ્રવ્યને (गमनं न करोति) ગમન કરાવતો નથી; (सः) તે, (जीवानां पुद्‌गलानां च) જીવો તથા પુદ્ગલોને (ગતિપરિણામમાં આશ્રયમાત્રરૂપ હોવાથી) (गतेः प्रसरः) ગતિનો ઉદાસીન પ્રસારનાર (અર્થાત્ ગતિપ્રસારમાં ઉદાસીન નિમિત્તભૂત) (भवति) છે.

---

**तात्पर्यवृत्ति :** अथ धर्माधर्मौ गतिस्थितिहेतुत्वविषयेत्यंतोदासीनाविति निश्चिनोतिः- **ण य गच्छदि** नैव गच्छति। स कः ? **धम्मत्थी** धर्मास्तिकायः **गमणं न करेदि अण्णदवियस्स** गमनं न करोत्यन्यद्रव्यस्य **हवदि** तथापि भवति। स कः ? **पसरो** प्रसरः प्रवृत्तिः। कस्याश्च ? **गदिस्स य** गतेश्च। केषां गतेः ? **जीवाणं पोग्गलाणं च** जीवानां पुद्‌गलानां चेति। तथाहि - यथा तुरंगमः स्वयं गच्छन् स्वकीयारोहकस्य गमनहेतुर्भवति न तथा धर्मास्तिकायः। कस्मात् ? निष्क्रियत्वात्, किंतु यथा जलं स्वयं तिष्ठति सति वा तिष्ठत्सत्स्वयं गच्छतां मत्स्यानामौदासीन्येन गतेर्निमित्तं भवति तथा धर्मोपि स्वयं तिष्ठन्सन् स्वकीयोपादानकारणेन गच्छतां जीवपुद्‌गलानामप्रेरकत्वेन

बहिरंगनिमित्तं भवति। यद्यपि धर्मास्तिकायो उदासीनो जीवपुद्‌गलगतिविषये तथापि जीवपुद्‌गलानां स्वकीयोपादानबलेन जले मत्स्यानामिव गतिहेतुर्भवति, अधर्मस्तु पुनः स्वयं तिष्ठतामश्वादीनां पृथिवीवत्पथिकानां छायावद्वा स्थितेर्बहिरंगहेतुर्भवतीति भगवतां श्रीकुन्दकुन्दाचार्यदेवानामभिप्रायः ।।८८।।

---

**समयव्याख्या : धर्माधर्मयोर्गतिस्थितिहेतुत्वेऽप्यत्यंतौदासीन्याख्यापनमेतत्। यथा हि गतिपरिणतः प्रभञ्जनो वैजयंतीनां गतिपरिणामस्य हेतुकर्ताऽवलोक्यते न तथा धर्मः। स खलु निष्क्रियत्वात् न कदाचिदपि गतिपरिणाममेवापद्यते। कुतोऽस्य सहकारित्वेन परेषां गतिपरिणामस्य हेतुकर्तृत्वम्। किंतु सलिलमिव मत्स्यानां जीवपुद्‌गलानामाश्रयकारणमात्रत्वेनोदासीन एवासौ गतेः प्रसरो भवति। अपि च यथा गतिपूर्वस्थितपरिणतस्तुरङ्गोऽश्ववारस्य स्थितिपरिणामस्य हेतुकर्तावलोक्यते न तथाऽधर्मः। स खलु निष्क्रियत्वात् न कदाचिदपि गतिपूर्वस्थितिपरिणाममेवापद्यते। कुतोऽस्य सहस्थायित्वेन परेषां गतिपूर्वस्थितिपरिणामस्य हेतुकर्तृत्वम् किं तु पृथिवीवत्तुरङ्गस्य जीवपुद्‌गलानामाश्रयकारणमात्रत्वेनोदासीन एवासौ गतिपूर्वस्थितेः गसरो भवतीति ।।८८।।**

**અનુવાદ : ધર્મ અને અધર્મ ગતિ અને સ્થિતિના હેતુઓ હોવા છતાં તેઓ અત્યંત ઉદાસીન છે એમ અહીં કથન છે.**

**જેવી રીતે ગતિપરિણત પવન ધજાઓના ગતિપરિણામનો હેતુકર્તા જોવામાં આવે છે, તેવી રીતે ધર્મ (જીવ–પુદ્‌ગલોના ગતિપરિણામનો હેતુકર્તા) નથી. તે (ધર્મ) ખરેખર નિષ્ક્રિય હોવાથી ક્યારેય ગતિપરિણામને જ પામતો નથી; તો પછી તેને (પરના) સહકારી તરીકે પરના ગતિપરિણામનું હેતુકર્તાપણું ક્યાંથી હોય ? (ન જ હોય). પરંતુ જેવી રીતે પાણી માછલાંઓને (ગતિપરિણામમાં) માત્ર આશ્રયરૂપ કારણ તરીકે ગતિનું ઉદાસીન જ પ્રસારનાર છે, તેવી રીતે ધર્મ જીવ–પુદ્‌ગલોને (ગતિપરિણામમાં) માત્ર આશ્રયરૂપ કારણ તરીકે ગતિનો ઉદાસીન જ પ્રસારનાર (અર્થાત્ ગતિપ્રસારનું ઉદાસીન જ નિમિત્ત) છે.**

**વળી (અધર્માસ્તિકાય વિશે પણ એમ છે કે) – જેવી રીતે ગતિપૂર્વક સ્થિતિપરિણત અશ્વ સવારના (ગતિપૂર્વક) સ્થિતિપરિણામનો હેતુકર્તા જોવામાં આવે છે, તેવી રીતે અધર્મ (જીવ–પુદ્‌ગલોના ગતિપૂર્વક સ્થિતિપરિણામનો હેતુકર્તા) નથી. તે (અધર્મ) ખરેખર નિષ્ક્રિય હોવાથી ક્યારેય ગતિપૂર્વક સ્થિતિપરિણામને જ પામતો નથી; તો પછી તેને (પરના) સહસ્થાયી તરીકે પરના ગતિપૂર્વક સ્થિતિપરિણામનું હેતુકર્તાપણું ક્યાંથી હોય ? (ન જ હોય). પરંતુ જેવી રીતે પૃથ્વી અશ્વને (ગતિપૂર્વક સ્થિતિપરિણામમાં) માત્ર આશ્રયરૂપ કારણ તરીકે ગતિપૂર્વક સ્થિતિની ઉદાસીન જ પ્રસારનાર છે, તેવી રીતે અધર્મ જીવ–પુદ્‌ગલોને (ગતિપૂર્વક સ્થિતિ પરિણામમાં) માત્ર આશ્રયરૂપ કારણ તરીકે ગતિપૂર્વક સ્થિતિનો ઉદાસીન જ પ્રસારનાર (અર્થાત્ ગતિપૂર્વક સ્થિતિપ્રસારનું ઉદાસીન જ નિમિત્ત) છે. ૮૮.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૪, સોમવાર)

(૧) આ ગાથામાં જ્ઞાનની મહત્તા બતાવે છે. બધાં જ્ઞેયોને જાણવાની તાકાત બતાવે છે.

(૨) દરેક પદાર્થ સ્વતંત્ર છે. તેમાં પોતાથી કાર્ય થાય છે તે ઉપાદાનકારણ છે ને ત્યારે બીજી ચીજ જોડે હોય તેને નિમિત્તકારણ કહેવાય છે. નિમિત્તની રાહ જોવી પડતી નથી, એમ બે કારણનું પણ જ્ઞાન કરાવે છે.

દરેક દ્રવ્યમાં સમયે સમયે કાર્ય થઈ રહ્યું છે, તે કાર્યમાં બે કારણ છે : એક નિશ્ચયકારણ ને એક વ્યવહારકારણ. આ લાકડાના ટુકડા થાય છે તેમાં તે લાકડાની તે સમયની પર્યાયની લાયકાત તે ઉપાદાનકારણ છે ને કરવત નિમિત્તકારણ છે. કરવતના કારણે લાકડામાં ટુકડા થતા નથી. કરવતના કારણે ટુકડા થતા હોય તો આકાશના ટુકડા થવા જોઈએ, પણ આકાશમાં ટુકડા થવાની યોગ્યતા નથી તેથી થતા નથી ને લાકડાની યોગ્યતા છે તો ટુકડા થાય છે. શિષ્યની સમજવાની યોગ્યતા તે ઉપાદાનકારણ છે ને ગુરુ નિમિત્તકારણ છે. ગુરુથી શિષ્ય સમજતો નથી પણ શિષ્ય સમજે છે ત્યારે ગુરુ નિમિત્તરૂપે હોય છે. રોટલી થવાની લાયકાત ઉપાદાનકારણ છે ને તવો, અગ્નિ ને બાઈ નિમિત્તકારણ છે. દરેક આત્મા અને પરમાણુ સ્વતંત્રપણે પરિણમી રહ્યા છે ત્યારે બીજી ચીજને નિમિત્ત કહેવાય છે, તેવી રીતે અહીં બતાવે છે કે જીવ અને પુદ્‌ગલો પોતાના કારણે ગતિ–સ્થિતિ કરે છે તો ધર્મ–અધર્મને નિમિત્તકારણ કહેવાય છે.

ધર્મદ્રવ્ય પ્રેરક થઈને ગતિ–સ્થિતિનું કારણ નથી પણ અત્યંત ઉદાસીન છે તે બતાવે છે.

ધર્મદ્રવ્ય હાલતું–ચાલતું નથી, અને અન્ય જીવ–પુદ્‌ગલોને પ્રેરક બનીને હલન–ચલનક્રિયાને કરતું નથી. ધર્મદ્રવ્ય જીવ–પુદ્‌ગલોની ગતિમાં નિમિત્ત છે. તેવી રીતે અધર્મ દ્રવ્ય સ્થિતિમાં માત્ર નિમિત્ત–કારણ છે.

ધર્મ–અધર્મ દ્રવ્ય પ્રેરકકારણ નથી એ બતાવે છે. ચાલતા ઘોડા ઉપર માણસ બેઠો હોય તો માણસને ગતિ થવામાં ઘોડો પ્રેરકનિમિત્ત છે; કેમ કે ઘોડો પોતે ગતિ કરે છે ને પાછો તે સ્થિર રહે છે, પણ ધર્મ–અધર્મ દ્રવ્ય ગતિ કરીને સ્થિર રહ્યાં છે એમ નથી તેથી ધર્મ–અધર્મને ઉદાસીન નિમિત્ત જાણવાં.

અગાઉ દૃષ્ટાંત આપેલ હતું કે જીવ પોતાના આત્માના આશ્રયે સિદ્ધદશા પ્રગટ કરે છે તો તીર્થંકરપ્રકૃતિ, સંહનન વગેરે નિમિત્ત છે તેમ ધર્મદ્રવ્ય ગતિ કરતાં જીવ અને પુદ્‌ગલને નિમિત્ત છે. વળી જે જીવ શુદ્ધ આત્મામાં સ્થિરતા કરે છે તેને પંચપરમેષ્ઠીનું સ્મરણ નિમિત્ત કહેવાય છે, પણ કોને ? પાંચ પદનો વિચાર કરતાં વિચારે કે અહો ! તે પાંચે પદ આત્માનાં છે, જડનાં નથી, અર્હન્ત ને સિદ્ધ પૂર્ણદશા પામેલાં છે ને આચાર્ય, ઉપાધ્યાય ને સાધુ તે પૂર્ણપદને સાધનારાં છે તે પદ આત્મામાંથી થાય છે એમ સમજી, હું પરિપૂર્ણ આત્મા છું એમ ભાન કરી સ્વભાવમાં સ્થિરતા કરે છે તેને પંચપરમેષ્ઠીનાં સ્મરણોનો વિકલ્પ નિમિત્ત કહેવાય છે.

જે જીવ આત્માની યથાર્થ વાત ધારી ન રાખે તે કેવી રીતે વાદ કરે ? આંધળાને સ્વપ્નાં

દેખતા માણસના અનુભવમાં ન આવે, પણ આંધળા માણસના જેવાં આવે, તેમ જેણે પંચપરમેષ્ઠીરૂપ થવાને લાયક હું આત્મા છું એવી રીતે પોતાના આત્માને ધારી રાખ્યો નથી, તેને પંચપરમેષ્ઠીનું સ્મરણ નિમિત્ત થતું નથી, પણ જે આત્મા વિચારે કે અહો ! હું આત્મા છું, પંચપરમેષ્ઠી થયા તે આત્મામાંથી થયા છે, હું પણ તેવો જ આત્મા છું – એમ ભાનપૂર્વક સ્વભાવમાં સ્થિરતા કરે છે તેને પંચપરમેષ્ઠીનું સ્મરણ નિમિત્ત કહેવાય છે. તે દૃષ્ટાંત મુજબ જે જીવ ને પુદ્ગલો પોતાના કારણે ગતિપૂર્વક સ્થિરતા કરે છે તેને અધર્મદ્રવ્ય નિમિત્ત કહેવાય છે.

**ભાવાર્થ** : અહીં સ્વતંત્રતાની વાત કરીને પ્રેરક ને ઉદાસીન નિમિત્ત કોને કહેવાં તે બતાવે છે. જેવી રીતે પવન પોતાના ચંચળ સ્વભાવથી ધ્વજાની હલન–ચલનરૂપ ક્રિયાનો કર્તા જોવામાં આવે છે, તેવી રીતે ધર્મદ્રવ્ય પ્રેરક નિમિત્ત નથી. ત્યાં પવન ધ્વજાને ચલાવે છે એવો પ્રેરકનો અર્થ નથી પણ પવનની ક્રિયા હલન–ચલનવાળી છે તેથી પવનને પ્રેરક કહેવાય છે. પ્રેરકનિમિત્ત બીજાને બહુ મદદ કરે ને ઉદાસીનનિમિત્ત મદદ ન કરે એવો તેનો અર્થ નથી. પવન પોતામાં સક્રિય છે, માટે પ્રેરક છે ને ધર્મ ગતિમાન નથી પણ સ્થિર છે તેથી નિષ્ક્રિય અથવા ઉદાસીન છે. – એમ નિમિત્તમાં ફેર છે પણ નિમિત્તના ફેરે ઉપાદાનમાં ફેર થાય છે એવો એનો અર્થ નથી. લાડવા બનાવતી વખતે હાથની ક્રિયા ગતિ કરતી છે માટે હાથને પ્રેરકનિમિત્ત કહેવાય પણ હાથ ચાલે છે માટે લાડવામાં ક્રિયા થાય છે એવો એનો અર્થ નથી. વળી વંટોળિયો આવે છે ત્યારે ધૂળ ને નાળિયા ઊડે છે, તે પોતાની યોગ્યતાના કારણે છે. ને પવન નિમિત્ત છે પણ પવન ગતિ કરે છે માટે પવનને પ્રેરકકારણ કહેવાય છે ને ધર્મદ્રવ્ય કદી હલન–ચલન કરતું નથી માટે તે ઉદાસીન નિમિત્ત કહેવાય છે. તે ધર્મદ્રવ્ય જીવ ને પુદ્ગલની ગતિમાં કેવી રીતે નિમિત્ત થાય છે તે દૃષ્ટાંતથી સમજાવે છે.

નિષ્કમ્પ સરોવરમાં જલ માછલીઓની ગતિમાં સહકારીકારણ છે. જલ સ્વયંપ્રેરક થઈને માછલીને ચલાવતું નથી. જલ પોતે શાંત પડ્યું છે. જે માછલી પોતાના ઉપાદાનકારણથી ચાલે છે તેને જલ નિમિત્ત કહેવાય છે. પરંતુ જલ વિના માછલીઓ ચાલતી નથી તેથી જલ નિમિત્તમાત્ર કારણ છે. તે દૃષ્ટાંત મુજબ જીવ ને પુદ્ગલો પોતાના કારણે ક્ષેત્રાંતર કરે છે તે ઉપાદાન કારણ છે. ત્યાં ધર્મ દ્રવ્ય તેને ચલાવતું નથી, તેમ જ પોતે ચાલતું નથી, પરંતુ જે ગતિ કરે છે તેને શાંત જલની જેમ નિમિત્ત માત્ર છે તેથી તેને ઉદાસીન કારણ કહ્યું છે.

એ પ્રમાણે અધર્મદ્રવ્ય નિમિત્તમાત્ર છે. ઘોડો ચાલતો હોય ને ઊભો રહી જાય છે ત્યારે ઉપર બેઠેલો માણસ પણ ઊભો રહી જાય છે ત્યાં તે માણસનો આત્મા ને શરીર તે જ જગ્યાએ સ્થિર રહેવાની લાયકાતવાળા છે ત્યારે ઘોડો ઊભો રહ્યો તેને નિમિત્ત કહેવાય છે, પણ ઘોડો સ્થિર થયો માટે માણસને સ્થિર થવું પડ્યું એવી પરાધીનતા નથી સૌ સ્વતંત્ર છે પણ તે ઘોડો ચાલતો સ્થિર થયો તેથી નિમિત્તકારણ થયો, તેવી રીતે અધર્મદ્રવ્ય સક્રિયનિમિત્ત નથી એટલું બતાવવું છે. અધર્મદ્રવ્ય પહેલાં ચાલતું હતું ને પછી સ્થિર થઈને જીવ–પુદ્ગલની સ્થિતિમાં નિમિત્ત થાય છે એમ નથી. પરંતુ અધર્મદ્રવ્ય ગતિમાન નથી, જ્યાં છે ત્યાં પડ્યું છે તેથી ગતિપૂર્વક સ્થિતિના પરિણામની અવસ્થા તેનામાં હોતી નથી. તો અધર્મદ્રવ્ય કઈ રીતે સ્થિતિક્રિયાનું સહકારીકારણ થાય

છે, તે બતાવે છે.

ચાલતો ઘોડો ઊભો રહી જાય છે તેમાં પૃથ્વી ઘોડાને સ્થિર રહેવામાં નિમિત્ત કહેવાય છે. પૃથ્વી પ્રથમ ચાલતી હતી ને પછી સ્થિર થઈ એમ નથી પણ અનાદિથી સ્થિર છે. તે ગતિ કરતા ઘોડાને સ્થિર થવામાં નિમિત્ત કહેવાય છે તેવી રીતે અધર્મદ્રવ્ય જીવ-પુદ્ગલની સ્થિતિમાં ઉદાસીન નિમિત્ત છે. આ ગાથામાં ઉપાદાન-નિમિત્તની સ્પષ્ટ વાત બહુ સરસ બતાવી ને પ્રેરક અને ઉદાસીન નિમિત્તની સ્પષ્ટતા થઈ. ૮૮.

---

**विज्जदि जेसिं गमणं ठाणं पुण तेसिमेव संभवदि।**
**ते सगपरिणामेहिं दु गमणं ठाणं च कुव्वंति ।।८९।।**
**विद्यते येषां गमनं स्थानं पुनस्तेषामेव संभवति।**
**ते स्वकपरिणामैस्तु गमनं स्थानं च कुर्वन्ति ।।८९।।**
**રે ! જેમને ગતિ હોય છે, તેઓ જ વળી સ્થિર થાય છે;**
**તે સર્વ નિજ પરિણામથી જ કરે ગતિસ્થિતિભાવને. ૮૯.**

**અન્વયાર્થ :** (येषां गमनं विद्यते) (ધર્મ-અધર્મ ગતિ-સ્થિતના મુખ્ય હેતુઓ નથી, કારણ કે) જેમને ગતિ હોય છે (तेषाम् एव पुनः स्थानं संभवति) તેમને જ વળી સ્થિતિ થાય છે (અને જેમને સ્થિતિ હોય છે તેમને જ વળી ગતિ થાય છે). (ते तु) તેઓ (ગતિ-સ્થિતિમાન પદાર્થો) તો (स्वकपरिणामैः) પોતાનાં પરિણામોથી (गमनं स्थानं च) ગતિ અને સ્થિતિ (कुर्वन्ति) કરે છે.

---

**तात्पर्यवृत्ति :** अथ धर्माधर्मयोर्गतिस्थितिहेतुत्वोदासीनविषये युक्तिमुद्योतयतिः- विद्यते येषां गमनं स्थानं पुनस्तेषामेव संभवति ते जीवपुद्‌गलाः स्वकपरिणामैरेव स्थानं गमनं च कुर्वंतीति। तथाहि - धर्मस्तावत्क्वापि काले गतिहेतुत्वं न त्यजति न चाधर्मः स्थितिहेतुत्वं; तौ यदि गतिस्थित्योर्मुख्यहेतू स्यातां तदा गतिस्थितिकाले परस्परं मत्सरो भवति। कथमिति चेत् ? येषां गतिस्तेषां सर्वदैव गतिरेव न च स्थितिः येषां पुनः स्थितिस्तेषां सर्वदैव स्थितिरेव न च गतिः। न तथा दृश्यते। किंतु ये गतिं कुर्वन्ति त एव पुनरपि स्थितिं कुर्वन्ति, ये स्थितिं कुर्वन्ति त एव पुनर्गतिं कुर्वन्ति। ततो ज्ञायते न तौ धर्माधर्मौ गतिस्थित्योर्मुख्यहेतू। यदि मुख्यहेतू न भवेतां तर्हि गतिस्थितिमतां जीवपुद्‌गलानां कथं गतिस्थिती इति चेत् ? ते निश्चयेन स्वकीयपरिणामैरेव गतिं स्थितिं च कुर्वंतीति। अत्र सूत्रे निर्विकारचिदानंदैकस्वभावादुपादेयभूतात् शुद्धात्मतत्त्वाद्भिन्नत्वाद्धेयतत्त्वमित्यभिप्रायः ।।८९।।

---

**समयव्याख्या : धर्माधर्मयोरौदासीन्ये हेतूपन्यासोऽयम्। धर्मः किल न जीवपुद्‌गलानां कदाचिद्गतिहेतुत्वमभ्यस्यति, न कदाचित्स्थितिहेतुत्वमधर्मः। तौ हि परेषां गतिस्थित्योर्यदि**

मुख्यहेतू स्यातां तदा येषां गतिस्तेषां गतिरेव न स्थितिः, येषां स्थितिस्तेषां स्थितिरेव न गतिः। तत एकेषामपि गतिस्थितिदर्शनादनुमीयते न तौ तयोर्मुख्यहेतू। किं तु व्यवहारनयव्यवस्थापितौ उदासीनौ। कथमेवं गतिस्थितिमतां पदार्थानां गतिस्थिती भवत इति चेत्, सर्वे हि गतिस्थितिमंतः पदार्थाः स्वपरिणामैरेव निश्चयेन गतिस्थिती कुर्वंतीति ।।८९।।

इति धर्माधर्मद्रव्यास्तिकायव्याख्यानं समाप्तम्।

**અનુવાદ : આ, ધર્મ અને અધર્મના ઉદાસીનપણાની બાબતમાં હેતુ કહેવામાં આવ્યો છે.**

**ખરેખર (નિશ્ચયથી) ધર્મ જીવ–પુદ્ગલોને કદી ગતિહેતુ થતો નથી, અધર્મ કદી સ્થિતિહેતુ થતો નથી; કારણ કે તેઓ પરને ગતિ–સ્થિતિના જો મુખ્ય હેતુ (નિશ્ચયહેતુ) થાય, તો જેમને ગતિ હોય તેમને ગતિ જ રહેવી જોઈએ, સ્થિતિ ન થવી જોઈએ, અને જેમને સ્થિતિ હોય તેમને સ્થિતિ જ રહેવી જોઈએ, ગતિ ન થવી જોઈએ. પરંતુ એકને જ (તેના તે જ પદાર્થને) ગતિ અને સ્થિતિ થતી જોવામાં આવે છે; તેથી અનુમાન થઈ શકે છે કે તેઓ (ધર્મ–અધર્મ) ગતિ–સ્થિતિના મુખ્ય હેતુ નથી, પરંતુ વ્યવહારનયસ્થાપિત (વ્યવહારનય વડે સ્થાપવામાં – કહેવામાં આવેલા) ઉદાસીન હેતુ છે.**

**પ્રશ્ન : એ પ્રમાણે હોય તો ગતિ–સ્થિતિમાન પદાર્થોને ગતિ–સ્થિતિ કઈ રીતે થાય છે?**

**ઉત્તર : ખરેખર સમસ્ત ગતિ–સ્થિતિમાન પદાર્થો પોતાનાં પરિણામોથી જ નિશ્ચયે ગતિ–સ્થિતિ કરે છે. ૮૯.**

**આ રીતે ધર્મદ્રવ્યાસ્તિકાય અને અધર્મદ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૪, સોમવાર)

ધર્મદ્રવ્ય પરદ્રવ્યને પરાણે ગતિ કરાવતું નથી પણ જીવ–પુદ્ગલ પોતે ગતિ કરે છે તો ધર્મદ્રવ્ય નિમિત્ત કહેવાય છે, મૂળ પાઠમાં **'स्वकपरिणामैः'** શબ્દ છે. એટલે કે જીવ–પુદ્ગલો પોતાના પરિણામથી ગતિ–સ્થિતિરૂપ થાય છે. જીવ–પુદ્ગલ સ્વયં સ્થિર થાય છે તો અધર્મદ્રવ્ય નિમિત્ત કહેવાય છે.

ધર્મદ્રવ્ય કદી પણ ગતિરૂપ અવસ્થા ધારણ કરતું નથી તથા અધર્મદ્રવ્ય પોતે ગતિપૂર્વક સ્થિતિઅવસ્થા ધારણ કરતું નથી. પણ જીવ–પુદ્ગલની ગતિ–સ્થિતિમાં નિમિત્તકારણ છે પણ મુખ્ય કારણ નથી તે બતાવે છે.

જો જીવ ને પુદ્ગલની ગતિ–સ્થિતિમાં ધર્મ–અધર્મદ્રવ્ય ઉપાદાનકારણ હોય ને જબરદસ્તીથી તેને ચલાવતા હોય અથવા સ્થિર કરતા હોય તો જે પદાર્થો ગતિમાન છે તે સદાય ગતિ કર્યા કરે ને જે સ્થિર હોય તે સદા સ્થિર જ રહ્યા કરે, પણ એમ બનતું નથી, વળી, ધર્મ–અધર્મ આખા લોકમાં છે તે મુખ્ય કારણ હોય તો ધર્મદ્રવ્ય કહે કે હું આ પદાર્થોને ગતિ કરાવીશ ને અધર્મદ્રવ્ય કહે કે તે જ પદાર્થોને હું સ્થિર કરીશ, આમ થતાં **'परस्परं मत्सरो भवति'** ધર્મઅધર્મને

ઝઘડો થશે. આવી રીતે જયેસન આચાર્યે દલીલ આપી છે, તે સમજાવવાની રીત છે. ધર્મ–અધર્મ ગતિ–સ્થિતિમાં મુખ્ય કારણ નથી.

જીવ ને પુદ્ગલ પદાર્થો પોતાના ઉપાદાનકારણથી ગતિ–સ્થિતિના પરિણામને પ્રાપ્ત કરે છે. કોઈ અન્ય તેને ચલાવતું નથી કે સ્થિર કરતું નથી, માટે નક્કી થાય છે કે ધર્મ–અધર્મદ્રવ્ય મુખ્ય કારણ નથી. વ્યવહારનયની અપેક્ષાથી ઉદાસીનરૂપ નિમિત્તકારણ છે.

આ લાકડું ઊંચું થાય છે તે હાથથી ઊંચું થાય છે કે પોતાથી ? જો હાથથી લાકડું ઊંચું થતું હોય તો લાકડાનું વર્તમાન શું ? વર્તમાનપર્યાય સાબિત થતી નથી ને વર્તમાનપર્યાય સાબિત નહિ થતાં પર્યાય વિનાનું દ્રવ્ય થઈ જાય છે.

પવનને લીધે ધ્વજા ચાલતી હોય, ઘોડાને લીધે માણસ ચાલતો હોય તો વર્તમાનપર્યાય વિનાનું દ્રવ્ય થતાં દ્રવ્યનો નાશ થાય છે.

જેમ કોર્ટમાં સામસામી દલીલો ન્યાયાધીશ સાંભળે છે તેમ અહીં વીતરાગની કોર્ટ છે. સામસામી દલીલો સાંભળી પોતે ન્યાયાધીશ બની નિર્ણય કરવો પડશે. નિમિત્તના પક્ષવાળા કહે કે નિમિત્તથી કાર્ય થાય છે. ઉપાદાનવાળા કહે છે કે નિમિત્તથી કાર્ય માનતાં વર્તમાનનો નાથ થતાં દ્રવ્યનો નાશ થાય છે; માટે ઉપાદાનમાં પોતાથી કાર્ય થાય છે ત્યારે પરચીજ નિમિત્તરૂપ હાજર હોય છે માટે જીવે યથાર્થ વિચાર કરવો જોઈએ.

સર્વજ્ઞ સિવાય ધર્મ–અધર્મદ્રવ્યની વાત ક્યાંય નથી. અહીં ત્રણ વાત ધ્યાનમાં રાખવાની છે.

(૧) આત્માનો સ્વભાવ શક્તિરૂપે સર્વજ્ઞ છે.

(૨) જગતનાં છ દ્રવ્યો પરિપૂર્ણ છે, તે જ્ઞેયોની તાકાત પણ પરિપૂર્ણ છે.

(૩) પોતાના જ્ઞાનસ્વભાવ તરફ ઢળીને જે જ્ઞાન પ્રગટ થાય તે જ્ઞાનપર્યાયની કેટલી તાકાત છે તે બતાવે છે. સ્વને જાણતાં પરપદાર્થો ધર્મ–અધર્મ યથાર્થપણે જણાઈ જાય છે.

અહીં બતાવે છે કે દરેક પદાર્થ પોતાના કારણે ગતિ કે સ્થિતિરૂપ પર્યાય સ્વતંત્ર કરે છે, એવી અનંતી સ્વતંત્ર પર્યાયનો ધરનાર દરેક ગુણ સ્વતંત્ર છે ને એના અનંતા સ્વતંત્ર ગુણનું ધારક દ્રવ્ય પણ સ્વતંત્ર છે એમ અહીં સ્વતંત્રતા બતાવે છે.

આ લાકડું આંગળીથી ચાલે છે એમ માનનાર અજ્ઞાની જીવ લાકડાના ક્ષેત્રાંતર થવાના ધર્મને કે સ્વભાવને જોતો નથી પણ આંગળી કે જે સંયોગરૂપે છે તેને જુએ છે. લાકડું લાકાડાના કારણે ક્ષેત્રાંતર કરે છે ત્યારે હાથ નિમિત્ત કહેવાય છે.

તેવી રીતે જીવ ને પુદ્ગલો પોતાના કારણે ગમન કરે છે ત્યારે ધર્માસ્તિકાય નિમિત્ત છે ને સ્થિર થાય છે ત્યારે અધર્માસ્તિકાય નિમિત્ત છે. ધર્મ–અધર્મ બે અરૂપી વસ્તુ છે. જ્ઞાનમાં જણાવા યોગ્ય છે પણ જ્ઞેયને લીધે જ્ઞાન નથી. વળી જેટલાં જ્ઞેયો છે તે બધાંને જાણવાની તાકાતવાળું જ્ઞાન છે એમ ન માને તો જ્ઞાન સાચું થતું નથી. પ્રમાણ એટલે વિશેષ કરીને માપ કરનારું – ખ્યાલમાં લેનારું જ્ઞાન છે. ધર્મ–અધર્મ વગેરેની વાત કરી છે તેમાં જ્ઞાનનું માહાત્મ્ય જણાવે છે કે જ્ઞાન સૂક્ષ્મ અરૂપી પદાર્થને પણ જાણી શકે છે, એવા જ્ઞાનસ્વભાવનું માહાત્મ્ય લાવતાં સમ્યક્જ્ઞાન પ્રગટ થઈને અલ્પકાળમાં સંપૂર્ણ પ્રત્યક્ષ કેવળજ્ઞાન પ્રગટ થાય છે ને ત્યારે સર્વ પદાર્થો પ્રત્યક્ષ જણાશે.

આવા જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરવા માટે આ વાત છે. ૮૯.

**सव्वेसिं जीवाणं सेसाणं तह य पुग्गलाणं च।**
**जं देदि विवरमखिलं तं लोगे हवदि आगासं ।।९०।।**
**सर्वेषां जीवानां शेषाणां तथैव पुद्‌गलानां च।**
**यद्ददाति विवरमखिलं तल्लोके भवत्याकाशम् ।।९०।।**
**જે લોકમાં જીવ–પુદ્‌ગલોને, શેષ દ્રવ્ય સમસ્તને**
**અવકાશ દે છે પૂર્ણ, તે આકાશનામક દ્રવ્ય છે. ૯૦.**

**અન્વયાર્થ :** (लोके) લોકમાં (जीवानाम्) જીવોને (च) અને (पुद्‌गलानाम्) પુદ્‌ગલોને (तथा एव) તેમ જ (सर्वेषाम् शेषाणाम्) બધાં બાકીનાં દ્રવ્યોને (यद्) જે (अखिलं विवरं) સંપૂર્ણ અવકાશ (ददाति) આપે છે, (तद्) તે (आकाशम् भवति) આકાશ છે.

**तात्पर्यवृत्ति :** एवं धर्माधर्मोभयव्यवस्थापनमुख्यत्वेन तृतीयस्थले गाथात्रयं गतं। इति गाथासप्तकपर्यंतं स्थलत्रयेण पंचास्तिकायषड्द्रव्यप्रतिपादकप्रथममहाधिकारमध्ये धर्माधर्मव्याख्यानरूपेण षष्ठांतराधिकारः समाप्तः। अथानंतरं शुद्धबुद्धैकस्वभावान्निश्चयमोक्षकारणभूतात्सर्वप्रकारोपादेयरूपात् शुद्धजीवास्तिकायात्सकाशाद्भिन्न आकाशास्तिकायः सप्तगाथापर्यंतं कथ्यते। तत्र गाथासप्तकमध्ये प्रथमतस्तावल्लोकालोकाकाशद्वयस्वरूपकथनमुख्यत्वेन `सव्वेसिं जीवाणं' इत्यादि गाथाद्वयं। अथ आकाशमेव गतिस्थितिद्वयं करिष्यति धर्माधर्मभ्यां किं प्रयोजनमिति पूर्वपक्षनिराकरणमुख्यत्वेन `आगासं अवगासं' इत्यादि पाठक्रमेण गाथाचतुष्टयं। तदनंतरं धर्माधर्मलोकाकाशानामेकक्षेत्रावगाहत्वात्समानपरिमाणत्वाच्चासद्‌भूतव्यवहारेणैकत्वं भिन्नलक्षणत्वान्निश्चयेन पृथक्त्वमिति प्रतिपादनमुख्यत्वेन `धम्माधम्मागासा' इत्यादि सूत्रमेकं। एवं सप्तगाथाभिः स्थलत्रयेणाकाशास्तिकायव्याख्याने समुदायपातनिका। तद्यथा। आकाशस्वरूपं कथयतिः-**सव्वेसिं जीवाणं** सर्वेषां जीवनां **सेसाणं तह य** शेषाणां तथैव च धर्माधर्मकालानां **पोग्गलाणं च** पुद्‌गलानां च **जं देदि** यत्कर्तृ ददाति। किं ? **विवरं** विवरं छिद्रं अवकाशमवगाहं **अखिलं** समस्तं तं तत्पूर्वोक्तं **लोगे** लोकविषये **हवदि आगासं** आकाशं भवति। अत्राह शिवकुमारमहाराजनामा हे भगवन् ! लोकस्तावदसंख्यातप्रदेशः, तत्र लोके निश्चयनयेन नित्यनिरंजनज्ञानमयपरमानंदैकलक्षणाः अनंतानंतजीवास्तेभ्योप्यनंतगुणाः पुद्‌गला लोकाकाशप्रमितप्रदेशप्रमाणाः कालाणवो धर्माधर्मौ चेति सर्वे कथमवकाशं लभंत ? इति। भगवानाह - एकापवरके अनेकप्रदीपप्रकाश-वदेकगूढनागरसगद्याणके बहुसुवर्णवदेकस्मिन्नुष्ट्रीक्षीरघटे मधुघटवदेकस्मिन् भूमिगृहे जयघंटादिशब्दवद्विशिष्टावगाहगुणेनासंख्येयप्रदेशेपि लोके अनंतसंख्या अपि जीवादयोऽवकाशं लभंत इत्यभिप्रायः।।९०।।

**समयव्याख्या : अथ आकाशद्रव्यास्तिकायव्याख्यानम्। आकाशस्वरूपाख्यानमेतत्। षड्द्रव्यात्मके लोके सर्वेषां शेषद्रव्याणां यत्समस्तावकाशनिमित्तं विशुद्धक्षेत्ररूपं तदाकाशमिति।।९०।।**

**અનુવાદ : હવે આકાશદ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન છે. આ, આકાશના સ્વરૂપનું કથન છે.**

**ષડ્દ્રવ્યાત્મક લોકમાં બધાં બાકીનાં દ્રવ્યોને જે પૂરેપૂરા અવકાશનું નિમિત્ત છે, તે આકાશ છે - કે જે (આકાશ) વિશુદ્ધક્ષેત્રરૂપ છે. ૯૦.**

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૬, મંગળવાર)

હવે આકાશદ્રવ્યનું વ્યાખ્યાન કરે છે.

આકાશ છે માટે અસ્તિ ને અનંતપ્રદેશી છે માટે કાય, આમ આકાશ અસ્તિકાય છે. આકાશને ખબર નથી કે હું અનંતા જીવો વગેરે દ્રવ્યોને અવકાશ આપું છું. આકાશને ખબર નથી માટે તેને સ્વભાવ ન હોય એમ નથી. જડ પદાર્થો પણ સ્વભાવવાળા છે. આખો લોક સૂક્ષ્મ પરિણમન કરે તો એક પ્રદેશમાં તે બધાને અવગાહન આપવાની તાકાત આકાશ દ્રવ્યમાં છે. એવી આકાશની તાકાત છે એમ આકાશ પોતે જાણતું નથી. જાણનાર તો આત્મા છે. અહો ! આકાશની અનંતતાની મને ખબર છે એવો પોતાનો અપાર જ્ઞાનસ્વભાવ રાગરહિત કબૂલ કર્યો તેને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન પ્રગટે છે. સમસ્ત જીવો, ધર્મ, અધર્મ, કાળ ને પુદ્ગલો એ પાંચ દ્રવ્યોને આકાશ અવગાહન આપે છે. ૯૦.

**जीवा पुग्गलकाया धम्माधम्मा य लोगदोऽणण्णा।**
**तत्तो अणण्णमण्णं आयासं अंतवदिरित्तं ।।९१।।**

**जीवाः पुद्गलकायाः धर्माधर्मौ च लोकतोऽनन्ये।**
**ततोऽनन्यदन्यदाकाशमंतव्यतिरिक्तम् ।।९१।।**

**જીવ-પુદ્ગલાદિક શેષ દ્રવ્ય અનન્ય જાણો લોકથી;**
**નભ અંતશૂન્ય અનન્ય તેમ જ અન્ય છે એ લોકથી. ૯૧.**

**અન્વયાર્થ :** (जीवाः पुद्गलकायाः धर्माधर्मौ च) જીવો, પુદ્ગલકાયો, ધર્મ અને અધર્મ (તેમ જ કાળ) (लोकतः अनन्ये) લોકથી અનન્ય છે; (अंतव्यतिरिक्तम् आकाशम्) અંતરહિત એવું આકાશ (ततः) તેનાથી (લોકથી) (अनन्यत् अन्यत्) અનન્ય તેમ જ અન્ય છે.

**तात्पर्यवृत्ति :** अथ षड्द्रव्यसमवायो लोकस्तस्माद्बहिरनंतमाकाशमलोक इति प्रकटयतिः- **जीवा** जीवाः पुद्गलकायाः धर्माधर्मद्वयं चकारात्कालश्च। एते सर्वे कथंभूताः ? **लोगदो अणण्णा**

लोकात्सकाशादनन्ये **तत्तो** तसमाल्लोकाकाशात् **अणण्णमण्णं आगासं** अनन्यदन्यच्चाकाशं यदन्यदलोकाकाशं। तत्किं प्रमाणं ? **अंतवदिरित्तं** अन्तव्यतिरिक्तमनंतमिति। अत्र सूत्रे यद्यपि सामान्येन पदार्थानां लोकादनन्यत्वं भणितं तथापि निश्चयेन मूर्तिरहितत्वकेवलज्ञानत्व-सहजपरमानंदत्वनित्यत्वनिरंजनत्वादिलक्षणेन शेषद्रव्येभ्यो जीवानामन्यत्वं स्वकीयस्वकीयलक्षणेन शेषद्रव्याणां च जीवेभ्यो भिन्नत्वं। तेन कारणेन ज्ञायते संकरव्यतिकरदोषो नास्तीति भावः ।।९१।।

---

**समयव्याख्या : लोकाद्बहिराकाशसूचनेयम्। जीवादीनि शेषद्रव्याण्यवधृतपरिमाण-त्वाल्लोकादनन्यान्येव। आकाशं त्वनंतत्वाल्लोकादनन्यदन्यच्चेति ।।९१।।**

**અનુવાદ : આ, લોકની બહાર (પણ) આકાશ હોવાની સૂચના છે.**

**જીવ વગેરે બાકીનાં દ્રવ્યો (આકાશ સિવાયનાં દ્રવ્યો) મર્યાદિત પરિણામવાળાં હોવાને લીધે લોકથી અનન્ય જ છે; આકાશ તો અનંત હોવાને લીધે લોકથી અનન્ય તેમ જ અન્ય છે. ૯૧.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૬, મંગળવાર)

હવે લોકની બહાર અલોકાકાશ છે તેનું સ્વરૂપ કહે છે.

આકાશ લોક–અલોકના ભેદથી બે પ્રકારનું છે. જેમાં જીવાદિ પાંચ દ્રવ્યો રહે છે તેને લોકાકાશ કહે છે. જ્યાં એકલું આકાશ છે તેને અલોક કહે છે. અલોકઆકાશ એક દ્રવ્યની અપેક્ષાથી લોકથી જુદું નથી ને અલોકાકાશમાં પાંચ દ્રવ્યો નથી એવી અપેક્ષા લ્યો તો અલોકાકાશ લોકથી જુદું છે, અલોકાકાશ અનંતપ્રદેશી છે ને લોકાકાશ અસંખ્યાતપ્રદેશી છે.

અહીં કોઈ પ્રશ્ન કરે કે લોકાકાશનું ક્ષેત્ર કિંચિત્‌માત્ર છે તેમાં જીવાદિ પદાર્થો કેવી રીતે સમાઈ શકે ? પાંચ રૂ. સમાય તેવી કોથળીમાં પાંચ હજાર રૂ. કેવી રીતે સમાઈ શકે ?

ઉત્તર : એક ઘરમાં અનેક દીપકોનો પ્રકાશ સમાઈ જાય છે તેવી રીતે, અસંખ્યાતપ્રદેશી આકાશમાં સહજ અવગાહન સ્વભાવથી અનંત જીવાદિ પદાર્થ સમાઈ જાય છે. વસ્તુનો સ્વભાવ વચનગમ્ય નથી, સર્વજ્ઞદેવ જાણે છે તેથી જે અનુભવી છે તે સંદેહ ઉપજાવતો નથી. વસ્તુસ્વરૂપમાં સદા નિશ્ચલ થઈને આત્મિક અનંત સુખ અનુભવે છે.

(૧) આકાશનું ક્ષેત્ર લ્યો તો અનંત–અનંત છે. લોક પછી અલોક છે, લોક સંગ્રહાત્મક છે. ત્યાર પછી કાંઈ ભીંતો આવતી હશે ? પછી પછી કાંઈ ખરું ? ના, પછી કાંઈ નથી, માત્ર ખાલી ભાગ છે. દશે દિશામાં અમાપ–અમાપ અનંત–અનંત ક્ષેત્રનો ખ્યાલ આવે છે. તેનો ક્યાંય છેડો નથી. આમ ક્ષેત્રસ્વભાવની અચિંત્યતા ને અનંતતાનો ખ્યાલ આવે છે, કોઈ નાસ્તિક પણ વિચાર કરે તો છે–છે એમ તો કહે. તર્ક કરે તો ખ્યાલમાં આવે છે. આ ક્ષેત્ર શું છે ? અનંત અપાર, જેનો પાર નથી, તેનું અસ્તિપણું સ્વીકારે તો ખ્યાલ આવે, ન્યાયની વાત કહેવાય છે.

ક્યાંય ક્ષેત્રનો આરો છે ? લોકો આકાશ કહે છે તેની વાત નથી તે તો રૂપી છે, અહીં તો અરૂપી આકાશની વાત ચાલે છે, અરૂપી આકાશના પ્રદેશોની શ્રેણી દશે દિશામાં ચાલી જાય છે. એક પરમાણુ જેટલી જગ્યા રોકે તેને એકપ્રદેશ કહે છે, તે પ્રદેશથી માપવામાં આવે તો આકાશ અનંતપ્રદેશી છે. ક્ષેત્ર અમાપ છે, તર્કથી ના પડાય તેમ નથી, જે આકાશક્ષેત્ર છે તેની હદ નથી, દશે દિશામાં અનંત છે. આ પ્રમાણે આકાશના અનંતપ્રદેશી ક્ષેત્રના અસ્તિત્વની વાત કરી.

(૨) હવે તેના સ્વભાવની વાત કહે છે. તે ક્ષેત્રનો સ્વભાવ કેવો છે ? અનંતા જીવો, પુદ્‌ગલો વગેરે પદાર્થોને અવગાહન આપે એવી તેની અવગાહનશક્તિ છે. લોકના પદાર્થો સૂક્ષ્મ પરિણમન કરે તો બધાને એક પ્રદેશમાં જગ્યા આવી શકે એવી અચિંત્ય અવગાહનશક્તિ આકાશમાં છે, તે અવગાહનસ્વભાવની અનંતતા થઈ.

(૩) હવે આકાશ છે તો ક્યારથી છે. તેને આદિ નથી તેમ જ અંત પણ નથી. આમ કાળે પણ અનંતતા છે.

(૪) આ બધી અનંતતાનો સ્વીકાર કોણ કરે છે ? જ્ઞાન આ બધી અનંતતાને જાણે છે. નીચલી દશામાં રાગ હોય છે પણ રાગને તે અનંતતાની ખબર નથી. જ્ઞાન તેને જાણે છે, છદ્મસ્થ જીવનો જ્ઞાન પર્યાય અસંખ્ય સમયમાં અનાદિઅનંત કાળનો ખ્યાલ કરે છે, અનંત ક્ષેત્રનો ખ્યાલ કરે છે. લોકમાં રહેલા અનંતા જીવાદિ પદાર્થનો તથા તે પદાર્થ વિનાના અલોકનો ખ્યાલ કરે છે, આટલી સત્તાને જ્ઞાનપર્યાય કબૂલે છે.

(૫) એક જ્ઞાનપર્યાયમાં આટલી સત્તાને કબૂલવાનું અચિંત્ય સામર્થ્ય છે તો અનંતી અનંતી પર્યાયનાં પિંડરૂપ એક જ્ઞાનગુણનું સામર્થ્ય તો અનંતું સમજવું. જ્ઞાનગુણ છે તેમ બીજા શ્રદ્ધા, અસ્તિત્વ આદિ ગુણો પણ છે. એવા અનંતા ગુણોના પિંડરૂપ આત્મા અચિંત્ય સામર્થ્યવાન છે એવી પ્રતીતિ થાય છે. આમ આત્મા પરના અભાવસ્વભાવરૂપ, વિકાર અને પરના આધાર વિનાનો, પરની સત્તા વિનાનો, અનંતી નિર્મળપર્યાયનો ધરનાર શુદ્ધ ચૈતન્યસ્વભાવી છે એવો સ્વીકાર થાય છે.

(૬) આવું નક્કી કરતાં સાધક જીવને ખ્યાલ આવે છે કે વર્તમાનમાં મને રાગ હોવાથી પ્રત્યક્ષપણે બધા પદાર્થોને જોઈ શકતો નથી, પણ રાગ ટાળી સ્વભાવમાં સંપૂર્ણ ઠરીને પરિપૂર્ણતાને પામેલા સર્વજ્ઞો અનંત હોવા જોઈએ. મારી જેમ સ્વરૂપને સાધનારા સાધકો પણ છે ને વસ્તુસ્વરૂપ જેમ છે તેમ નહીં કબૂલનાર મિથ્યાદૃષ્ટિ જીવો પણ છે. તેઓ રાગને અને વિકારને કબૂલ કરે છે તો તેને નિમિત્તરૂપે કર્મો પણ જગતમાં છે. આમ બધો ખ્યાલ આવી જાય છે.

(૭) પ્રથમ વસ્તુસ્વરૂપની સમજણ ન હતી, સમજણ થતાં જ્ઞાનપર્યાયે પલટો માર્યો કે અહો ! આ જગતમાં આકાશ દ્રવ્ય, ક્ષેત્રે, ભાવે, કાળે અનંતતાવાળું છે તેની કબૂલાત મારું જ્ઞાન કરે છે. તે કાર્ય જ્ઞાનની પર્યાયમાં થાય છે તો જ્ઞાને પર્યાયમાં સમજણરૂપી કાર્ય થવાનું કારણ કોણ છે ? કારણ તો ગુણોનો દરિયો એવો આત્મા છે. અહો ! મારો આત્મા તો અનંતા ગુણોથી ભરેલો છે. મારો જ્ઞાનસ્વભાવ અચિંત્ય છે. એવો મહિમા આવતાં સ્વભાવબુદ્ધિ થાય છે ને પર્યાયબુદ્ધિ ઊડી જાય છે એ જ ધર્મદશાની શરૂઆત છે.

ક્યા દ્રવ્યની ના પાડી શકાય એમ છે ? એકની હા પાડતાં બધાની હા પડે છે. જડના

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ને સ્વભાવનું માપ કરનાર જ્ઞાન છે. રાગવાળા જ્ઞાનને અસંખ્ય સમયો લાગે છે પણ રાગ નીકળી જતાં સંપૂર્ણ કેવળજ્ઞાન પ્રગટ થાય છે, તે બધાં દ્રવ્યો ને પ્રત્યક્ષ એક સમયમાં જાણે છે, તે જ્ઞાન પરપદાર્થો તથા નિમિત્તને લીધે થતું નથી તેમ જ આકાશની અપારતા તથા અનંતતાને લીધે થતું નથી. જ્ઞાન તો અંતર્મુખદષ્ટિ કરતાં પ્રગટે છે. આવા અમાપ ચૈતન્યસ્વભાવી સૂર્યનું માપ નથી ! !

(૧) એક પરમાણુની તાકાત એક સમયમાં ૧૪ બ્રહ્માંડમાં પહોંચી જાય તેટલી છે ને ભાવમાં પણ અનંતી તાકાત છે. એકગુણો ચીકણો પરમાણુ એક સમયમાં અનંતગુણો ચીકણો થઈ જાય ને અનંત ગુણામાંથી એકગુણો થઈ જાય એવી તાકાત પુદ્ગલ પરમાણુની છે.

(૨) ધર્માસ્તિકાયની તાકાત એટલી છે કે અનંતા આત્મા ને પુદ્ગલો એકીસાથે ગતિ કરે તો પણ તે બધાને ગતિમાં નિમિત્ત થાય.

(૩) અધર્માસ્તિકાયની તાકાત એટલી છે કે અનંતા આત્મા અને પુદ્ગલ એકી સયયે ગતિપૂર્વક, સ્થિર થાય તોપણ તે બધાને સ્થિરતામાં નિમિત્ત થાય.

(૪) આકાશની તાકાત એટલી છે કે અનંતા અનંત ચેતન ને જડ બધાને એકીસાથે અવકાશ આપે. અનંતા મેરુ જેટલા પરમાણુ સૂક્ષ્મરૂપે પરિણમે તો એક પ્રદેશમાં સમાડી દે તેવી તાકાત છે.

(૫) કાળની તાકાત એટલી છે કે અનંતા જડ ને ચેતન દ્રવ્યોને પરિણમનમાં એકસાથે નિમિત્ત થાય છે.

(૬) તે બધાની તાકાતને જાણનારો જીવ છે. અનંતા લોકાલોક હોત તોપણ એક સમયમાં તે બધાને જાણી લેવાનો જીવનો સ્વભાવ છે. માટે જીવનો મહિમા છે.

જડમાં ભાવ અનંતા છે પણ તેનું માપ કરનાર ચિદાનંદ આત્મા છે. દ્રવ્યસ્વભાવ તો અમાપ છે પણ સર્વજ્ઞપર્યાયનો સ્વભાવ પણ અમાપ છે.

(૧) રાગ ને વ્યવહારમાં રોકાવું તે જ્ઞાનનો સ્વભાવ નથી.

(૨) વળી જગતના પદાર્થો છે માટે જ્ઞાન છે એમ નથી.

(૩) વળી શુભરાગાદિના વ્યવહાર છે માટે જ્ઞાનસ્વભાવ છે એમ નથી, તેમ જ તેને લીધે જ્ઞાનસ્વભાવ પ્રગટતો નથી.

(૪) પોતાના શુદ્ધસ્વભાવના આશ્રયે જ્ઞાન પ્રગટે તેમ છે, અહો ! જ્ઞાનસ્વભાવનો શો મહિમા ! જે જેનો સ્વભાવ હોય તેની શી મર્યાદા ! આ બધા જડના અપાર સ્વભાવને જાણનારો તો જ્ઞાનપર્યાય છે. આ કાર્યદશાની વાત ચાલે છે. જ્ઞાનની કાર્યદશા પણ બેહદ છે. કાર્ય તો એક સમયનું છે, એક કાર્ય પલટી નવું કાર્ય ઉત્પન્ન થાય છે. જ્ઞાનદશારૂપી કાર્યનું કારણ તો જ્ઞાન ને વીતરાગતાની મૂર્તિ એવો આત્મા છે. તેનું અવલંબન લેવાથી સ્વાભાવિક જ્ઞાનદશા પ્રગટે છે.

કોઈ પૂછે કે આ બધા અનંતતાના સ્વભાવો બુદ્ધિગમ્ય છે ?

**સમાધાન :** હા, બુદ્ધિ એટલે જ્ઞાનગમ્ય છે. આ ક્ષેત્ર છે, છે ને છે... એવો શું ખ્યાલ આવતો નથી ? ક્ષેત્રનો અંત નથી. કાળને આદિ–અંત નથી, સ્વભાવ પણ અનંત સામર્થ્યવાળો છે. આમ ક્ષેત્રે, કાળે ને સ્વભાવે અનંતતા છે એવી જડને ખબર નથી તે બધાને જાણનારું જ્ઞાન છે. અહો !

તું જ્ઞાનસ્વભાવી આત્મા છો. જડ દ્રવ્યના અનંત ક્ષેત્રને, અનંત કાળને ને અનંત સામર્થ્યવાન તેના સ્વભાવને જાણનારો તું છો. તું પણ આદિ–અંત વિનાનો છો, તું જ્ઞાનસ્વભાવી છો એમ અહીં શાસ્ત્ર તારા સ્વભાવના મહિમાનાં ગાણાં ગાય છે.

કોઈ પૂછે કે ગજ મોટો કે કાપડનો તાકો મોટો ? ઉપલક દૃષ્ટિથી જોનાર કહેશે કે તાકો મોટો છે, પણ તે ભૂલ છે. આખો તાકો મપાઈ જાય છે. તાકાના માપનો અંત આવે છે પણ ગજ ખૂટતો નથી. માટે ગજ મોટો છે. વળી કોઈ પૂછે કે પગ મોટા કે પૃથ્વી મોટી ? ઉપલક દૃષ્ટિથી જોનાર કહેશે કે પૃથ્વી મોટી છે પણ તે ભૂલ છે. પૃથ્વી પગથી માપતાં ખૂટી જાય છે. પણ પગ ખૂટી જતો નથી માટે પગ મોટા છે. આ બાહ્ય દૃષ્ટાંતો સમજવા માટે આપ્યાં છે. તેમ કોઈ પૂછે કે લોકાલોક મોટો કે તું મોટો ? ઉપલક દૃષ્ટિવાળા કહેશે કે લોકાલોક મોટો છે પણ તે ભૂલ છે. તારા જ્ઞાનરૂપી ગજથી માપતાં લોકાલોકનું માપ આવી જાય છે, એટલે કે ખૂટી જાય છે પણ જ્ઞાન ખૂટતું નથી, અનંતા લોકાલોકને જાણી લ્યે તેવો તું છો માટે તું મોટો છો.

જુઓ, આ ગાથામાં લોક–અલોક સાબિત કર્યા, જે ક્ષેત્ર અવગાહન સ્વભાવે અપાર છે ને દ્રવ્યો પણ અપાર છે. તે લોક છે, ને જે ક્ષેત્રમાં અન્યદ્રવ્યો નથી પણ એકલું આકાશ છે તે અલોક છે. અલોક અનંતપ્રદેશી છે ને લોક અસંખ્યપ્રદેશી છે પણ તેને જાણવાની તાકાત નિમિત્તની નથી, શુભ રાગની નથી, માટે નિમિત્ત ને શુભરાગ આદરણીય નથી. એક જ્ઞાનપર્યાયમાં બધાને જાણવાની તાકાત છે, તે પર્યાયનું કારણ પર્યાય નથી, પર્યાયનું કારણ ત્રિકાળી દ્રવ્યસ્વભાવ છે માટે પર્યાય આદરણીય નથી, એકલો શુદ્ધ દ્રવ્યસ્વભાવ આદરણીય છે. આ ગાથાનો હેતુ રાગરહિત અચિંત્ય જ્ઞાનસ્વભાવની પ્રતીતિ કરાવવાનો છે.

ક્ષેત્રે અનંતતા, ભાવે અનંતતા, કાળે અનંતતા વગેરેને જાણનાર આત્મસ્વભાવ છે ને પર્યાયમાં થતા રાગાદિ વિકલ્પોને જાણનાર પણ આત્મા છે. રાગ તો એક સમયની પર્યાયમાં છે. રાગરહિત જ્ઞાનસ્વભાવનો મહિમા આવતાં પોતે પોતામાં રહીને સ્વ ને પર બન્નેનું માપ કરનાર છે. પોતે પણ સ્વજ્ઞેય છે એમ પોતામાં રહ્યો થકો સ્વ–પર જ્ઞેયોને જાણે છે.

વસ્તુસ્વરૂપ વચનગમ્ય નથી પણ જ્ઞાનગમ્ય છે. વસ્તુના આશયની ખબર નથી. વચન પાછળ રહેલો આશય જ્ઞાન પકડે છે તે જ્ઞાન વડે સાધક જીવ નક્કી કરે છે. હું આટલું કાર્ય કરી શકું છું તો વધીને પૂર્ણ થઈશ. એવા પૂર્ણ થયેલા સર્વજ્ઞ જીવો પણ છે. સાધક પણ છે. જ્ઞાનસ્વભાવથી વિરુદ્ધ માનનારા બાધક પણ છે, તે રાગાદિમાં પરિણમી રહ્યા છે તેને નિમિત્તરૂપે કર્મનું આવરણ છે. તેમાં કર્મોના પરમાણુઓ ભાવે અનંતા ભાવવાળા છે, તે બધાને જાણનારો જ્ઞાનસ્વભાવે અનંતી શક્તિવાળો આત્મા હું છું, આમ દૃષ્ટિ થવી તે ગાથાનો સાર છે.

સર્વજ્ઞદેવ જાણે છે, પણ કોઈનું કાંઈ કરતા નથી તેમ જ કોઈને કાંઈ દેતા નથી. તો પછી 'બોધ પાહુડ' ગાથા ૨૪માં કહ્યું છે કે :–

દેવ કોને કહીએ ? જે દે અથવા આપે તેને દેવ કહે છે. ધર્મ, અર્થ, કામ, મોક્ષ એ ચાર આપે તે દેવ છે. તેનો આશય શો છે ?

**ઉત્તર** :– ધર્મ, અર્થ, કામ, મોક્ષના દાતાર દેવ છે એટલે કે તેમાં નિમિત્ત છે તે ન્યાયથી

કહેવાય છે.

**જ્ઞાન અથવા મોક્ષ** :– કોઈ માણસ ભિખારી પાસે જાય તો ભિખારી લક્ષ્મી મળવામાં નિમિત્તરૂપ થતો નથી, પણ લક્ષ્મીવાન લક્ષ્મી મળવામાં નિમિત્ત થાય છે તેમ સર્વજ્ઞદેવનું નિમિત્ત મળતાં પાત્ર જીવ ખ્યાલ કરે છે કે જે દશા માટે પ્રગટ કરવી છે તેવી દશા ભગવાનની છે. ભગવાને તે દશા આત્માના અવલંબને પ્રગટ કરી છે, તેમ હું પણ મારા આત્માના અવલંબને તે દશા પ્રગટ કરી શકું એમ છું, સર્વજ્ઞ તથા હું સમાન છીએ, ભગવાન પણ એમ કહે છે કે તું સર્વજ્ઞ છો. શરીર, મન, વાણી, તારું સ્વરૂપ નથી તેમજ અલ્પજ્ઞતા પણ તારું સ્વરૂપ નથી એમ ભગવાને કહ્યું, તે શિષ્યે જાણ્યું ને પ્રતીતિ કરી, આમ સર્વજ્ઞ પાસે સાધકપદની માગણી કરે છે, આવી રીતે દેવના નિમિત્તે શિષ્યને સાચું જ્ઞાન પ્રગટ થાય છે ને જ્ઞાન થતાં મોક્ષ થાય છે તેથી ભગવાને જ્ઞાન આપ્યું અથવા મોક્ષ આપ્યો એમ કહેવાય છે.

**ધર્મ** : ભગવાનના નિમિત્તે જેને યથાર્થ ભાન થયું છે તેવા સાધક જીવને સંપૂર્ણ વીતરાગદશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી શુભરાગ હોય છે. તેને લીધે પુણ્ય બંધાય છે, તેમાં ભગવાન નિમિત્ત છે તેથી ભગવાન પુણ્યના દાતાર છે એમ કહેવાય છે.

કોઈ ધર્મી જીવને શુભરાગની ભૂમિકામાં તીર્થંકરપુણ્યપ્રકૃતિ બંધાય છે તે પણ તીર્થંકરદેવે આપી એમ કહેવાય છે

**કામ–ભોગ** : જે પુણ્યપ્રકૃતિ સાધક જીવને બંધાણી છે તેના ફળમાં તેને લક્ષ્મી વગેરે બહારના પદાર્થોની પ્રાપ્તિ થાય છે તેથી ભગવાન કામ–ભોગના દેનાર છે એમ કહેવાય છે.

આ ચારે વાત ધર્મીને લાગુ પડે છે, તેને ચારેની પૃથક્તાનું ભાન છે ને આત્મસ્વભાવનું પણ ભાન છે. અજ્ઞાનીને ચારની પૃથક્તાનું તેમ જ આત્માનું ભાન નથી. તેને જ્ઞાન કે મોક્ષ તો નથી પણ આવાં પુણ્ય પણ હોતાં નથી. જેને ભાન થાય છે તેને આ ચારે દેવે દીધા એમ કહેવાય છે. દિવ્યશક્તિ જેને ખીલી ગઈ છે તે દેવ છે. તે શક્તિ પાત્રતા વિના ખીલી શકે નહિ, ને પાત્ર જીવો સર્વજ્ઞના નિમિત્તે ખીલે છે તેથી સર્વજ્ઞપદના અને તીર્થંકરપ્રકૃતિના દેનાર સર્વજ્ઞદેવ છે એમ કહેવાય છે. આ પ્રમાણે જે ધર્મ, અર્થ, કામ ને મોક્ષ આપે તેને દેવ કહે છે.

અહીં આ ગાથામાં વાત આવી કે વસ્તુનો સ્વભાવ વચનગમ્ય નથી, પણ જ્ઞાનગમ્ય છે. જ્ઞાનસ્વભાવ બધાને જાણી ન લ્યે તો તે જ્ઞાનસ્વભાવ નથી. દ્રવ્યોની અપારતા, ક્ષેત્રની અપારતા, દરેક દ્રવ્યના સ્વભાવની અપારતાનો સંપૂર્ણ પ્રત્યક્ષપણે ખ્યાલ કરનાર સર્વજ્ઞદેવ છે, તે સિવાય કોઈ નથી. તે સર્વજ્ઞપદ આત્મામાંથી પ્રગટ થાય છે. એમ નક્કી કરનારને પોતાના ચૈતન્યસ્વભાવની અમાપતાનો ખ્યાલ આવે છે. આવી રીતે સાધક જીવો વસ્તુસ્વરૂપમાં નિશ્ચલ થાય છે, આમ આ કેમ ? એવી શંકા જ્ઞાનનો અનુભવ કરનારને રહેતી નથી, વસ્તુ જેમ છે તેમ છે. પોતાના જ્ઞાનસ્વભાવની અપારતાનો ખ્યાલ આવતાં જ્ઞેયોની અપારતાનો ખ્યાલ આવી જાય છે. આવી રીતે રાગરહિત જ્ઞાનસ્વભાવનું વેદન કરવું તે ધર્મ છે. ૯૧.

**आगासं अवगासं गमणट्ठिदिकारणेहिं देदि जदि।**
**उड्ढंगदिप्पधाणा सिद्धा चिट्ठंति किध तत्थ ।।९२।।**
**आकाशमवकाशं गमनस्थितिकारणाभ्यां ददाति यदि।**
**ऊर्ध्वंगतिप्रधानाः सिद्धाः तिष्ठन्ति कथं तत्र ।।९२।।**
**અવકાશદાયક આભ ગતિ–થિતિહેતુતા પણ જો ધરે,**
**તો ઊર્ધ્વગતિપરધાન સિદ્ધો કેમ તેમાં સ્થિતિ લહે ? ૯૨.**

**અન્વયાર્થ :** (यदि आकाशम्) જો આકાશ (गमनस्थितिकारणाभ्याम्) ગતિ–સ્થિતિનાં કારણ સહિત (अवकाशं ददाति) અવકાશ આપતું હોય (અર્થાત્ જો આકાશ અવકાશહેતુ પણ હોય અને ગતિ–સ્થિતિહેતુ પણ હોય) તો (ऊर्ध्वंगतिप्रधानाः सिद्धाः) ઊર્ધ્વગતિપ્રધાન સિદ્ધો (तत्र) તેમાં (આકાશમાં) (कथम्) કેમ (तिष्ठन्ति) સ્થિર હોય ? (આગળ ગમન કેમ ન કરે ?)

---

**तात्पर्यवृत्ति :** एवं लोकालोकाकाशद्वयस्वरूपसमर्थनरूपेण प्रथमस्थले गाथाद्वयं गतं। अथाकाशं जीवादीनां यथावकाशं ददाति तथा यदि गतिस्थिती अपि ददाति तदा दोषं दर्शयतिः- **आयासं** आकाशं कर्तृ **देदि जदि** ददाति यदि चेत्। किं ? **अवगासं** अवकाशमवगाहं। कथं सह काभ्यां ? **गमणट्ठिदिकारणेहिं** गमनस्थितिकारणाभ्यां। तदा किं दूषणं ? **उड्ढंगदिप्पधाणा** निर्विकारविशिष्टचैतन्यप्रकाशमात्रेण कारणसमयसारभावनाबलेन नारकतिर्यग्मनुष्यदेवगतिविनाशं कृत्वा पश्चात्स्वाभाविकोर्ध्वगतिस्वभावाः संतः। के ते ? **सिद्धा** स्वभावोपलब्धिसिद्धिरूपाः सिद्धा भगवंतः **चेट्ठंति किह** तिष्ठन्ति कथं ? कुत्र ? **तत्थ** तत्र लोकाग्र इति। अत्र सूत्रे लोकाद्बहिर्भागेप्याकाशं तिष्ठति तत्र किं न गच्छंतीति भावार्थः ।।९२।।

---

**समयव्याख्या : आकाशस्यावकाशैकहेतोर्गतिस्थितिहेतुत्वशङ्कायां दोषोपन्यासोऽयम्। यदि खल्वाकाशमवगाहिनामवगाहहेतुरिव गतिस्थितिमतां गतिस्थितिहेतुरपि स्यात् तदा सर्वोत्कृष्टस्वाभाविकोर्ध्वगतिपरिणता भगवंतः सिद्धा बहिरङ्गंतरङ्गसाधनसामग्र्यां सत्यामपि कुतस्तत्राकाशे तिष्ठंति इति ।।९२।।**

**અનુવાદ : જે કેવળ અવકાશનો જ હેતુ છે એવું જે આકાશ તેને વિષે ગતિસ્થિતિહેતુત્વ (પણ) હોવાની શંકા કરવામાં આવે તો દોષ આવે છે તેનું આ કથન છે.**

**જો આકાશ, જેમ તે અવગાહવાળાઓને અવગાહહેતુ છે તેમ, ગતિસ્થિતિવાળાઓને ગતિ–સ્થિતિહેતુ પણ હોય, તો સર્વોત્કૃષ્ટ સ્વાભાવિક ઊર્ધ્વગતિએ પરિણત સિદ્ધભગવંતો, બહિરંગ–અંતરંગ સાધનરૂપ સામગ્રી હોવા છતાં પણ, કેમ (ક્યા કારણે) તેમાં–આકાશમાં–સ્થિર હોય ? ૯૨.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૬, મંગળવાર)

હવે કોઈ પ્રશ્ન કરે કે ધર્મ–અધર્મદ્રવ્ય ગતિ–સ્થિતિમાં કારણ કેમ કહો છો ? ગતિ–સ્થિતિમાં કારણ આકાશને કેમ કહેતા નથી ? એવા પ્રશ્ન કરનારમાં શું દોષ છે તે બતાવે છે.

જો ગતિસ્થિતિનું કારણ આકાશ છે એમ માનવામાં આવે ને ધર્મ–અધર્મનો અભાવ માનવામાં આવે તો સિદ્ધ પરમેષ્ઠી અલોકમાં પણ ચાલ્યા જાય, પણ તેમ બને નહિ કેમ કે અલોકમાં ધર્મ–અધર્મ નથી. અહીં નિમિત્ત સાબિત કરવું છે.

(૧) જો જીવ અલ્પજ્ઞ દશાવાળો સદા રહ્યા જ કરે તો કદી પૂર્ણ દશા પ્રાપ્ત કરી શકે નહિ. (૨) પૂર્ણ દશા પ્રાપ્ત થયા પછી એમ ને એમ ગમન કર્યા જ કરે તો ક્યાંય સ્થિર રહેશે નહિ. જો સિદ્ધ જીવ એમ ને એમ ચાલ્યા જાય તો ગતિનું કાર્ય પૂરું થયું ન કહેવાય, સિદ્ધ ભગવાનને ગતિરૂપ કાર્યની પણ કૃતકૃત્યતા થઈ ગઈ છે તેથી એક સમયમાં ઊર્ધ્વગમન સ્વભાવને લીધે લોકાગ્રે પહોંચી જાય છે ને ત્યાં અટકી જાય છે ને નિમિત્તરૂપે ધર્મ–અધર્મ દ્રવ્યો પણ ત્યાં સુધી છે તેથી તેઓ અલોકાકાશમાં જતા નથી. સિદ્ધ ભગવાનને સર્વોત્કૃષ્ટ સ્વાભાવિક ઊર્ધ્વગતિના પરિણામ અંતરંગસાધન તો છે ને આકાશને ગતિમાં બહિરંગસાધન માનવામાં આવે તો બન્ને સાધનો હોવા છતાં સિદ્ધ ભગવાન લોકાગ્રે કેમ રહે છે ને આગળ કેમ જતા નથી ? જો ગતિ માટે આકાશ બહિરંગસાધન હોય તો ભગવાન અલોકમાં જવા જોઈએ, પણ એમ બનતું નથી માટે આકાશ ગતિસ્થિતિ માટે બહિરંગસાધન નથી, ધર્મ–અધર્મ ગતિ–સ્થિતિમાં નિમિત્ત થાય છે. તે જ બહિરંગસાધન છે, ધર્મ–અધર્મ અલોકમાં નથી, લોકમાં છે ને તેથી જ લોકની મર્યાદા છે.

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૭, બુધવાર)

સર્વજ્ઞદેવે છ દ્રવ્યો જોયાં છે. એક દ્રવ્યના ગુણો બીજાને લીધે હોય તો છ દ્રવ્યો રહેતાં નથી. આત્માના ગુણ જ્ઞાન ને આનંદ છે, તે ગુણો જડના માને તો ભેદજ્ઞાન કરી શકે નહિ ને સ્વરૂપમાં ઠરી શકે નહિ. છયે દ્રવ્યોનું કાર્ય પોતપોતાથી છે, એકને લીધે બીજાનું કાર્ય નથી, આત્માનો ગુણ જડમાં નથી, જડનો ગુણ આત્મામાં નથી. ધર્મ–અધર્મનું કાર્ય આકાશમાં ન હોય ને આકાશનું કાર્ય ધર્મ–અધર્મમાં ન હોય. એકને લીધે બીજામાં કાર્ય માનવામાં આવે તો છ દ્રવ્યોની સ્વયંસિદ્ધતા રહેતી નથી, ખીચડો થઈ જાય છે એટલે કે પોતાનાં જ્ઞાન ને શ્રદ્ધા ખોટાં ઠરે છે.

અહીં પ્રશ્ન કરેલ છે કે ધર્મદ્રવ્ય ચેતન તથા પુદ્‌ગલ પદાર્થોની ગતિમાં નિમિત્ત થાય છે ને અધર્મદ્રવ્ય સ્થિતિમાં નિમિત્ત થાય છે તો તે ગતિ–સ્થિતિમાં નિમિત્ત થવાનું કાર્ય આકાશ કરે તો શું વાંધો ? જો એમ માનવામાં આવે તો દ્રવ્યો પૃથક્ રહેતાં નથી. ૯૨.

લોકાગ્રે સિદ્ધોની સ્થિરતા બતાવે છે.

**जम्हा उवरिट्ठाणं सिद्धाणं जिणवरेहिं पण्णत्तं।**
**तम्हा गमणट्ठाणं आयासे जाण णत्थि त्ति ।।९३।।**
**यस्मादुपरिस्थानं सिद्धानां जिनवरैः प्रज्ञप्तम्।**
**तस्माद्गमनस्थानमाकाशे जानीहि नास्तीति ।।९३।।**
**ભાખી જિનોએ લોકના અગ્રે સ્થિતિ સિદ્ધો તણી,**
**તે કારણે જાણો–ગતિસ્થિતિ આભમાં હોતી નથી. ૯૩.**

**અન્વયાર્થ :** (यस्मात्) જેથી (जिनवरैः) જિનવરોએ (सिद्धानाम्) સિદ્ધોની (उपरिस्थानं) લોકના ઉપર સ્થિતિ (प्रज्ञप्तम्) કહી છે, (तस्मात्) તેથી (गमनस्थानम् आकाशे न अस्ति) ગતિ–સ્થિતિ આકાશમાં હોતી નથી (અર્થાત્ ગતિ–સ્થિતિહેતુત્વ આકાશને વિષે નથી) (इति जानीहि) એમ જાણો.

---

**तात्पर्यवृत्ति :** अथ स्थितपक्षं प्रतिपादयतिः- यस्मादुपरि स्थानं सिद्धानां जिनवरैः प्रज्ञप्तं तस्माद्गमनस्थानमाकाशे नास्ति जानीहिति। तथाहि - यस्मात्पूर्वगाथायां भणितं लोकाग्रेऽवस्थानं केषां ? अंजनसिद्धपादुकासिद्धगुटिकासिद्धदिग्विजयसिद्धखड्गसिद्धादिलौकिकसिद्धविलक्षणानां सम्यक्त्वाद्यष्टगुणांतर्भूतनिर्नामनिर्गोत्रामूर्तत्वाद्यनंतगुणलक्षणानां सिद्धानां तस्मादेव ज्ञायते नभसि गतिस्थितिकारणं नास्ति किंतु धर्माधर्मादेव गतिस्थित्योः कारणमित्यभिप्रायः ।।९३।।

---

**समयव्याख्या : स्थितिपक्षोपन्यासोऽयम्। यतो गत्वा भगवंतः सिद्धाः लोकोपर्यवतिष्ठंते, ततो गतिस्थितिहेतुत्वमाकाशे नास्तीति निश्चेतव्यम्। लोकालोकावच्छेदकौ धर्माधर्माववे गतिस्थितिहेतू मंतव्याविति ।।९३।।**

**અનુવાદ : (ગતિપક્ષ સંબંધી કથન કર્યા પછી) આ, સ્થિતિપક્ષ સંબંધી કથન છે.**

**જેથી સિદ્ધભગવંતો ગમન કરીને લોકના ઉપર સ્થિર થાય છે (અર્થાત્ લોકના ઉપર ગતિપૂર્વક સ્થિતિ કરે છે), તેથી ગતિ–સ્થિતિહેતુત્વ આકાશને વિષે નથી એમ નિશ્ચય કરવો; લોક અને અલોકનો વિભાગ કરનારા ધર્મ તથા અધર્મને જ ગતિ તથા સ્થિતિના હેતુ માનવા. ૯૩.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૭, બુધવાર)

આ ગાથામાં આકાશથી ધર્મ–અધર્મદ્રવ્ય જુદાં છે એમ ભેદજ્ઞાન કરાવે છે. જે વીતરાગ ભગવંતો અશરીરી દશાને પામ્યા તેમનું નિવાસસ્થાન લોકાગ્રે છે. માટે ત્યાં સુધી ક્ષેત્રાંતર થવામાં તેમ જ ત્યાં ટકવામાં નિમિત્તરૂપે થવાનો ગુણ આકાશનો નથી. આકાશના ગુણોથી ધર્મ–અધર્મના ગુણો જુદા છે. આકાશમાં ગતિ–સ્થિતિમાં નિમિત્ત થવાનો ગુણ નથી એમ હે શિષ્ય ! તું જાણ.

**ભાવાર્થ** : શિષ્યે પ્રશ્ન પૂછેલ કે ધર્મ–અધર્મની શું જરૂર છે ? આકાશ ચેતન ને પુદ્‌ગલના ગમન–સ્થિતિમાં નિમિત્ત થાય તો શું વાંધો ? તેનો જવાબ આપે છે કે જો સિદ્ધ ભગવાનનું ગમન અલોકમાં થાય તો આકાશમાં ગતિ–સ્થિતિમાં નિમિત્ત થવાનો ગુણ સંભવી શકે. જો તેમાં તે ગુણો હોય તો સિદ્ધ એમ ને એમ ચાલ્યા જવા જોઈએ. પણ સિદ્ધ ત્યાં ચાલ્યા જતા નથી, તે તો લોકાગ્રે રહે છે. લોકાગ્રેથી આગળ જવારૂપ કાર્ય થતું નથી માટે તે કાર્યમાં નિમિત્તકારણરૂપ ગુણો ગતિ–સ્થિતિ હેતુ અલોકમાં નથી એટલે કે આકાશમાં તે ગુણો નથી એમ સાબિત થાય છે. માટે ગતિ–સ્થિતિમાં નિમિત્ત થવાનો ગુણ ધર્મ–અધર્મ દ્રવ્યમાં જ છે, કેમ કે ધર્મ–અધર્મદ્રવ્ય લોકાકાશમાં છે, આગળ નથી.

જેવી રીતે ધર્મ–અધર્મનાં કાર્યો આકાશ કરી ન શકે એમ નક્કી થયું તે ઉપરથી ન્યાય નીકળે છે કે કોઈ દ્રવ્યનું કામ બીજું કોઈ દ્રવ્ય કરી શકે નહિ. તેવી રીતે આત્મામાં અન્ય સાથે ઉતારવું. આત્માનું કાર્ય ગુરુ કરી આપે, અનુકૂળ કાળ કરી આપે, શરીર કરી આપે એમ માને તેને પરથી જુદા પડવાનો અવસર રહેતો નથી. જો આત્માને મન, વાણી, દેહની ક્રિયાથી ધર્મ થતો હોય તો મન, વાણી, દેહ આત્મામાં પેસી જાય, પર્યાયમાં વિકાર કર્મને લીધે થતો હોય તો કર્મ અને વિકાર એક થઈ જાય. જડથી આત્માને લાભ માનવામાં આવે તો આત્મા જડના ક્ષેત્રમાં પેસી જાય ને જડ આત્માના ક્ષેત્રમાં પેસી જાય પણ એમ બનતું નથી.

જો દયા–દાનાદિના ભાવથી ધર્મ થાય એમ માનવામાં આવે તો વિભાવ ને સ્વભાવ એક થઈ જાય. વિભાવ ક્ષણિક છે, અશુદ્ધ છે, સ્વભાવ ત્રિકાળ શુદ્ધ છે. એ બે વચ્ચે મર્યાદા રહેતી નથી.

જે જીવ પરથી, શરીરથી ને વિકારથી ધર્મ માને છે તેને તે બધા સાથે એકત્વબુદ્ધિ વર્તે છે. તેને પરથી છૂટા પડવાનું ગમતું નથી. પરથી જુદું પડવું તે મુક્તિ છે. તેથી અહીં બતાવે છે કે આકાશ ધર્મ–અધર્મનું કામ કરે તો સિદ્ધ લોકાગ્રે કરતાં દૂર જવા જોઈએ ને કોઈ મર્યાદા રહે નહિ. માટે દરેક તત્ત્વ જુદું છે. ધર્મદ્રવ્ય તે અધર્મદ્રવ્ય ને અધર્મદ્રવ્ય આકાશરૂપે નથી, આકાશ ધર્મ–અધર્મરૂપે નથી. દરેક દ્રવ્ય પોતાથી છે; બીજાથી નથી. તેમ આત્મા પોતાથી છે ને બીજાં પાંચ દ્રવ્યરૂપે નથી. વળી અનંતા આત્મામાં એક આત્મા પોતાથી છે ને બીજાથી નથી. એક આત્મા બીજાનું કાર્ય કરે તો તે પોતાનું ક્ષેત્ર છોડી પરમાં ચાલ્યો જાય. પણ એમ બનતું નથી.

ધર્મ–અધર્મનું કામ આકાશ કરતું નથી એમ સિદ્ધ કરીને ભેદજ્ઞાન કરાવે છે. પંચાસ્તિકાય ભેદજ્ઞાનનું કારણ છે. તેમાં દૃષ્ટિનો વિષય આવી જાય છે. ૯૩.

---

**जदि हवदि गमणहेदू आगासं ठाणकारणं तेसिं।**
**पसजदि अलोगहाणी लोगस्स च अंतपरिवड्ढी ।।९४।।**

यदि भवति गमनहेतुराकाशं स्थानकारणं तेषाम्।
प्रसजत्यलोकहानिर्लोकस्य चांतपरिवृद्धिः ।।९४।।

**નભ હોય જો ગતિહેતુ ને સ્થિતિહેતુ પુદ્‌ગલ–જીવને,**

**તો હાનિ થાય અલોકની, લોકાન્ત પામે વૃદ્ધિને. ૯૪.**

**અન્વયાર્થ :** (यदि) જો (आकाशं) આકાશ (तेषाम्) જીવ-પુદ્‌ગલોને (गमनहेतुः) ગતિહેતુ અને (स्थानकारण) સ્થિતિહેતુ (भवति) હોય તો (अलोकहानिः) અલોકની હાનિનો (च) અને (लोकस्य अंतपरिवृद्धिः) લોકના અંતની વૃદ્ધિનો (प्रसजति) પ્રસંગ આવે.

**तात्पर्यवृत्ति :** अथाकाशस्य गतिस्थितिहेतुत्वाभावे साध्ये पुनरपि कारणं कथयतिः- जदि हवदि यदि चेद्भवति। स कः ? गमणहेदू गमनहेतुः। किं ? आयासं आकाशं, न केवलं गमनहेतुः ठाणकारणं स्थितिकारणं। केषां ? तेसिं तेषां जीवपुद्गलानां। तदा किं दूषणं भवति ? पसजदि प्रसजति प्राप्नोति। सा का ? अलोगहाणी अलोकहानिः, न केवलमलोकहानिः लोगस्स य अंतपरिवड्ढी लोकस्य चांतपरिवृद्धिरिति। तद्यथा। यद्याकाशं गतिस्थित्योः कारणं च भवति तदा तस्याकाशस्य लोकबहिर्भागेपि सद्भावात्तत्रापि जीवपुद्गलानां गमनं भवति ततश्चालोकस्य हानिर्भवति लोकांतस्य तु वृद्धिर्भवति न च तथा, तस्मात्कारणात् ज्ञायते नाकाशं स्थितिगत्योः कारणमित्यभिप्रायः ।।९४।।

**समयव्याख्या : आकाशस्य गतिस्थितिहेतुत्वाभावे हेतूपन्यासोऽयम्। नाकाशं गतिस्थितिहेतुः लोकालोकसीमव्यवस्थायास्तथोपपत्तेः। यदि गतिस्थित्योराकाशमेव निमित्तमिष्येत्, तदा तस्य सर्वत्र सद्भावाज्जीवपुद्गलानां गतिस्थित्योर्निःसीमत्वात्प्रतिक्षणमलोको हीयते, पूर्वं पूर्वं व्यवस्थाप्यमानश्चांतो लोकस्योत्तरोत्तरपरिवृद्ध्या विघटते। ततो न तत्र तद्धेतुरिति ।।९४।।**

**અન્વયાર્થ : અહીં, આકાશને ગતિસ્થિતિહેતુત્વનો અભાવ હોવા વિષે હેતુ રજૂ કરવામાં આવ્યો છે.**

**આકાશ ગતિ-સ્થિતિનો હેતુ નથી, કારણ કે લોક અને અલોકની સીમાની વ્યવસ્થા એ રીતે જ બની શકે છે. જો આકાશને જ ગતિ-સ્થિતિનું નિમિત્ત માનવામાં આવે, તો આકાશનો સદ્‌ભાવ સર્વત્ર હોવાને લીધે જીવ-પુદ્‌ગલોની ગતિ-સ્થિતિની કોઈ સીમા નહિ રહેવાથી પ્રતિક્ષણ અલોકની હાનિ થાય અને પહેલાં પહેલાં વ્યવસ્થાપિત થયેલો લોકનો અંત ઉત્તરોત્તર વૃદ્ધિને પામવાથી લોકનો અંત જ તૂટી પડે (અર્થાત્ પહેલાં પહેલાં નિશ્ચિત થયેલો લોકનો અંત પછી પછી આગળ વધતો જવાથી લોકનો અંત જ બની શકે નહિ). માટે આકાશને વિષે ગતિ-સ્થિતિનો હેતુ નથી. ૯૪.**

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૭, બુધવાર)

આ ગાથામાં લોક ને અલોક વચ્ચેનું ભેદજ્ઞાન કરાવે છે.

જો ધર્મ-અધર્મદ્રવ્ય નથી ને આકાશદ્રવ્ય જીવ-પુદ્‌ગલોને ગમન-સ્થિતિમાં સહકારીકારણ છે

એમ માનવામાં આવે તો અલોકાકાશનો નાશ થશે ને લોકની વૃદ્ધિ થશે.

**ભાવાર્થ** : આકાશ જીવ–પુદ્ગલોને ગતિ–સ્થિતિનું કારણ નથી કેમ કે જો ગતિ–સ્થિતિમાં આકાશ કારણ હોય તો જીવો ને પુદ્ગલો અલોકમાં ચાલ્યા જાય ને તેથી લોક–અલોકની મર્યાદા રહે નહિ. લોક–અલોક વચ્ચે ભેદ પાડનાર ધર્મ–અધર્મદ્રવ્ય છે. લોક અને અલોકના ભેદ તો અનાદિથી છે, પણ દરેકના ગુણનું કાર્ય જુદું બતાવવું છે. તેથી કહ્યું કે આકાશમાં ગતિ–સ્થિતિગુણનો અભાવ છે. જો એમ ન હોય તો અલોકાકાશનો અભાવ થાય તથા લોકાકાશ અસંખ્યપ્રદેશપ્રમાણવાળાં ધર્મ–અધર્મદ્રવ્યોથી મોટો થઈ જાય અથવા સમસ્ત અલોકાકાશમાં જીવ–પુદ્ગલ ફેલાઈ જાય. માટે ગતિ–સ્થિતિ ગુણ આકાશનો નથી પરંતુ ધર્મ–અધર્મનો છે.

અહીં કહ્યું કે જીવ ને પુદ્ગલ ગતિ કર્યા કરે તો અસંખ્ય જોજન સુધી જાય પણ અનંત જોજન સુધી ન જાય. જો અનંત જોજન સુધી જાય તો લોક–અલોકના ક્ષેત્રની મર્યાદા રહેતી નથી. અલોકનો અભાવ થાય ને લોક વધી જાય, પણ એમ બનતું નથી. તેની મર્યાદા અસંખ્યપ્રદેશી લોકાકાશમાં અસંખ્ય જોજન સુધીની છે. તે દૃષ્ટાંત આત્મામાં ઉતારે છે.

હું આત્મા શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું, શરીર–મન–વાણી પર છે ને વિકાર એક સમયની અશુદ્ધતા છે, પણ ત્રિકાળી સ્વભાવમાં અશુદ્ધતા નથી એવું ભાન કરીને સાધક જીવને મુક્ત દશા પ્રાપ્ત કરતાં અનંતકાળ લાગે તો મુક્તિના અભાવનો પ્રસંગ આવે. જેમ દૃષ્ટાંતમાં અલોકના અભાવનો પ્રસંગ આવતો હતો તેમ અહીં મુક્તિના અભાવનો પ્રસંગ આવે. પણ જેમ જડ તથા ચેતન પદાર્થોને ગતિ કરવામાં લોકના અસંખ્યપ્રદેશો જ નિમિત્ત છે, અનંતપ્રદેશો નિમિત્ત નથી, તેમ આત્મા પોતાના સ્વભાવનું સાધન કરી મુક્તદશા પામે તો અસંખ્ય સમય જ લાગે, અનંત સમય ન લાગે. સાધક જીવને કેવળજ્ઞાન લેતાં અનંત સમયો થાય નહિ, અસંખ્ય સમયમાં જ તે કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે.

કોઈ કહે કે જે જીવો સમ્યક્ત્વથી પડી જાય છે તેને અર્ધપુદ્ગલપરાવર્તન કાળ તો થાય છે ને નરક–નિગોદના ભવ પણ થાય છે. તો તેને ખુલાસો એમ છે કે સમકિત વમી નાખ્યું માટે સાધક રહેતો નથી, તે બાધકમાં જાય છે. અહીં તો સ્વભાવનું ભાન કરી જે સાધક રહે છે તેની વાત ચાલે છે. તેને એક–બે ભવ લાગે તોપણ તે અસંખ્ય સમય છે, અનંતકાળથી રખડ્યો છે, રખડતાં અનંતા સમયો લાગ્યા પણ ભાન થયા પછી કેવળ લેતાં અસંખ્ય સમય જ લાગે.

અહીં ગાથામાં બતાવે છે કે જીવ–પુદ્ગલોને ગતિ–સ્થિતિમાં આકાશને નિમિત્ત માનવામાં આવે તો નીચેના દોષ આવે છે.

(૧) સિદ્ધને ઉપર જવા માટે એક સમય જ લાગે એવો નિયમ છે. જો સિદ્ધ અનંત અલોકમાં ચાલ્યા જાય એમ માનવામાં આવે તો તેને એમ ને એમ ચાલતાં ચાલતાં અનંતા સમયો થાય.

(૨) સિદ્ધને એમ ને એમ ગતિ કરવાનું બાકી રહ્યું તેથી સિદ્ધની ગતિરૂપ કાર્યની કૃતકૃત્યા ન થઈ.

(૩) લોકનાં દ્રવ્યો અલોકમાં જવાથી સમસ્ત જીવ–પુદ્ગલ ત્યાં ફેલાઈ જવાથી અલોકના અભાવનો પ્રસંગ આવે.

(૪) લોકની મર્યાદા અસંખ્યપ્રદેશની છે તે મર્યાદા તૂટી જશે, ને લોક વધી જશે.

આ પ્રમાણે દોષ આવે છે, માટે ગતિ-સ્થિતિમાં નિમિત્ત થવાનો ગુણ આકાશનો નથી. વળી આકાશને મર્યાદા નથી, ને સિદ્ધ ચાલ્યા જતાં જતાં ક્યાંક અટકી જાય છે એમ તું મર્યાદા કરવા જઈશ તો ત્યારે પણ તે કાર્યને બીજા દ્રવ્યના ગુણનું કાર્ય માનવું પડશે; કારણ કે આકાશ તો અમર્યાદિત છે, ને સિદ્ધ ગમે ત્યાં અટકશે તો ત્યાં બે ભાગલા થઈ જશે. ને આકાશ અમર્યાદિત હોવાથી ગતિ-સ્થિતિમાં નિમિત્ત થવાનો ગુણ આકાશનો નથી એમ કબૂલ કરવું પડશે. આમ સિદ્ધને ગતિ-સ્થિતિ કરવામાં ધર્મ-અધર્મદ્રવ્ય નિમિત્ત છે એમ સ્થાપવું પડશે. માટે જ્યાં સુધી ધર્મ-અધર્મદ્રવ્યો પોતાના અસંખ્ય પ્રદેશોમાં સ્થિતિ છે ત્યાં સુધી લોકાકાશ છે ને ત્યાં સુધી ગમન-સ્થિતિ છે. ૯૪.

---

**तम्हा धम्माधम्मा गमणट्ठिदिकारणाणि णागासं।**
**इदि जिणवरेहिं भणिदं लोगसहावं सुणंताणं ।।९५।।**

**तस्माद्धर्माधर्मौ गमनस्थितिकारणे नाकाशम्।**
**इति जिनवरैः भणितं लोकस्वभावं शृण्वताम् ।।९५।।**

**તેથી ગતિસ્થિતિહેતુઓ ધર્માધરમ છે, નભ નહીં;**
**ભાખ્યું જિનોએ આમ લોકસ્વભાવના શ્રોતા પ્રતિ. ૯૫.**

**અન્વયાર્થ :** (तस्मात्) તેથી (गमनस्थितिकारणे) ગતિ અને સ્થિતિનાં કારણ (धर्माधर्मौ) ધર્મ અને અધર્મ છે, (न आकाशम्) આકાશ નહિ. (इति) આમ (लोकस्वभावं शृण्वताम्) લોકસ્વભાવના શ્રોતાઓ પ્રત્યે (जिनवरैः भणितम्) જિનવરોએ કહ્યું છે.

---

**तात्पर्यवृत्ति :** अथाकाशस्य गतिस्थितिकारणनिराकरणव्याख्यानोपसंहारः कथ्यते, - तस्माद्धर्माधर्मौ गमनस्थितिकारणे न चाकाशं इति जिनवरैर्भणितं। केषां संबन्धित्वेन ? भव्यानां। किं कुर्वतां। समवसरणे लोकस्वभावं श्रृण्वतामिति भावार्थः ।।९५।।

---

**समयव्याख्या : आकाशस्य गतिस्थितिहेतुत्वनिरासव्याख्योपसंहारोऽयम्। धर्माधर्मावेव गतिस्थितिकारणे नाकाशमिति ।।९५।।**

**અનુવાદ : આ, આકાશને ગતિ-સ્થિતિહેતુત્વ હોવાના ખંડન સંબંધી કથનનો ઉપસંહાર છે. ધર્મ અને અધર્મ જ ગતિ અને સ્થિતિનાં કારણ છે, આકાશ નહિ. ૯૬.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૭, બુધવાર)

હવે આકાશનો ગતિ-સ્થિતિકારણ ગુણ નથી એમ સંક્ષેપથી બતાવે છે.

યુક્તિથી વાત સિદ્ધ કર્યા પછી કહે છે કે ભગવાન પણ આમ જ કહે છે એ બતાવે છે.

વર્તમાન સીમંધર ભગવાન મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. ને પૂર્વે મહાવીર ભગવાન અહીં તીર્થંકરપણે હતા. તેમના દિવ્યધ્વનિને જે સાંભળનારા હતા તેને ભગવાને એમ કહ્યું છે કે ધર્મ–અધર્મદ્રવ્ય ગમન ને સ્થિતિમાં નિમિત્તકારણ છે, આકાશ ગમન–સ્થિતિમાં કારણ નથી. છયે દ્રવ્યો સ્વતંત્ર છે એવો લોકનો સ્વભાવ છે. ભગવાને છ દ્રવ્યો પૃથક્ પૃથક્ કહ્યાં છે. જો તું શરીરથી આત્માનું કાર્ય માને ને તારા જ્ઞાન માટે શરીર, મન, પુસ્તક આદિની જરૂર પડે એમ માનીશ તો તારા ગુણની હાનિ થશે. કોઈનું કાર્ય કોઈથી થતું નથી. પણ ભવ્ય જીવોને ભગવાને આ વાત કરી છે; અભવી તો ભગવાનના સમવસરણમાં પ્રવેશ કરી શકતા નથી. કોરડુ મગ લાખો મણ પાણીમાં ચોડવે તો ઓગળે નહિ પણ ભરડે ભૂકો થાય તેમ અભવી જીવને સાચો ઉપદેશ મળે તોપણ તે જ્ઞાનથી ઓગળતો નથી પણ પુણ્ય–પાપથી ઓગળવા માગે છે. તેવા અભવી જીવ ક્રિયાકાંડ કરીને ભૂકા થાય ને પુણ્ય–પરિણામથી સ્વર્ગાદિમાં જાય પણ પાછા પાપ કરી નરકમાં જાય, ચાર ગતિની રખડપટ્ટીમાંથી કદી છૂટે નહિ.

ભગવાન ભવ્ય જીવોને વાત સંભળાવે છે. (સમ્યક્ પ્રકારે ભવ્ય જીવો બાર સભારૂપે ભેગા થાય તેને સમવસરણ કહે છે). ભગવાન કહે છે કે હે ભવ્ય જીવો ! જૈનદર્શન તે વસ્તુદર્શન છે, તે સ્વભાવ–સ્વરૂપ છે. આકાશ અનંત દ્રવ્યોને અવગાહન આપે એવા સ્વભાવવાળું છે, ધર્મ અનંતા જીવ–પુદ્‌ગલને ગતિમાં નિમિત્ત થાય એવા સ્વભાવવાળું છે, અધર્મ ગતિપૂર્વક અનંતા જીવ–પુદ્‌ગલને સ્થિતિમાં નિમિત્ત થાય તેવા સ્વભાવવાળું છે, કાળ અનંતાને પરિણમનમાં નિમિત્ત થાય, પરમાણુ એક સમયમાં ચૌદ રાજુલોક જાય તેવો તથા સ્પર્શાદિની તારતમ્યતામાં અનંત પ્રકારના ભાવવાળો છે. ને જીવ એકલો જ્ઞાનાનંદ સ્વભાવી સ્વ ને પર બધાને જાણવાવાળો છે. આમ છયે દ્રવ્યો સ્વતંત્ર છે, એમ જ્ઞાન કરી પરથી જુદાપણું – વિભક્તપણું ને સ્વથી એકત્વપણું સાધે છે તે ધર્મી છે, તેણે ભગવાનની વાણી સાંભળી છે.

જે જીવ કોઈ પણ એક દ્રવ્યનો સ્વભાવ ઉડાડે, ધર્મ–અધર્મના ગતિ–સ્થિતિહેતુત્વ ગુણને ઉડાડે ને કાળને ઉડાડે તે જીવ પરથી જુદાઈ ને સ્વમાં એકત્વ કરતો નથી. પરથી જુદા થયા વિના સ્વમાં એકત્વ થતું નથી.

એક પરમાણુ ચૌદ રાજુલોક સુધી કોઈની પણ સહાય વિના એક સમયમાં જાય તેનું કારણ ? કારણ તેનો સ્વયંસિદ્ધ સ્વભાવ છે. જે સ્વભાવ હોય તે જાય નહિ ને જે નવું થાય તે સ્વભાવ કહેવાય નહિ. રાગદ્વેષમાં અટકવું તે જ્ઞાનનો સ્વભાવ નથી. સાચી સમજણ થતાં જ્ઞાનપર્યાયે પોતાના જ્ઞાનસ્વભાવમાં ગમન કર્યું ને પરથી વિભક્ત થઈ, રાગ–દ્વેષથી વિભક્ત થઈ સ્વભાવમાં એકત્વ કર્યું તેણે ભગવાનની વાણી સાંભળી છે. જે જીવે વાણી સાંભળવા છતાં સ્વભાવને જાણ્યો નથી તેને આ વાત બેઠી નથી. તેને વાણી સાંભળવાવાળો કહ્યો નથી. જેણે પોતાના સ્વભાવને જાણ્યો તેણે વાણી સાંભળી છે એમ કહ્યું છે. છ દ્રવ્યનું સ્વરૂપ ભગવાન ઇચ્છારહિતપણે કહે છે, વાણી તથા ભગવાનને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ હોવાથી ભગવાને કહ્યું એમ કહેવામાં આવે છે. ૯૫.

**धम्माधम्मागासा अपुधब्भूदा समाणपरिमाणा।**
**पुधगुवलद्धिविसेसा करिंति एगत्तमण्णत्तं ।।९६।।**
**धर्माधर्माकाशान्यपृथग्भूतानि समानपरिमाणानि।**
**पृथगुपलब्धिविशेषाणि कुर्वंत्येकत्वमन्यत्वम् ।।९६।।**
**ધર્માધરમ–નભને સમાનપ્રમાણયુત અપૃથક્ત્વથી,**
**વળી ભિન્નભિન્ન વિશેષથી, એકત્વ ને અન્યત્વ છે. ૯૬.**

અન્વયાર્થ : (धर्माधर्माकाशानि) ધર્મ, અધર્મ અને આકાશ (લોકાકાશ) (समानपरिमाणानि) સમાન પરિમાણવાળાં (अपृथग्भूतानि) અપૃથગ્ભૂત હોવાથી તેમ જ (पृथगुपलब्धिविशेषाणि) પૃથક્‌ઉપલબ્ધ (ભિન્નભિન્ન) વિશેષવાળાં હોવાથી (एकत्वम् अन्यत्वम्) એકત્વ તેમ જ અન્યત્વને (कुर्वंति) કરે છે.

---

**तात्पर्यवृत्ति :** एवं धर्माधर्मौ गतिस्थित्योः कारणं न चाकाशमिति कथनरूपेण द्वितीयस्थले गाथाचतुष्टयं गतं। अथ धर्माधर्माकाशानामेकक्षेत्रावगाहत्वाद्व्यवहारेणैकत्वं निश्चयेन भिन्नत्वं दर्शयति, - **धम्माधम्मागासा** धर्माधर्मलोकाकाशद्रव्याणि भवन्ति। किंविशिष्टानि **अपुधभूदा समाणपरिमाणा** व्यवहारनयेनापृथग्भूतानि तथा समानपरिमाणानि च। पुनश्च किंरूपाणि ? **पुधगुवलद्धिविसेसा** निश्चयेन पृथग्रूपेणोपलब्धिविशेषाणि। इत्थंभूतानि संति किं कुर्वन्ति ? **करेंति** कुर्वन्ति **एयत्तमण्णत्तं** व्यवहारेणैकत्वं निश्चयेनान्यत्वं चेति। तथाहि - यथायं जीवः पुद्गलादिपंचद्रव्यैः सह शेषजीवांतरैश्चैकक्षेत्रावगाहित्वाद्व्यवहारेणैकत्वं करोति निश्चयेन तु समस्तवस्तुगतानंतधर्मयुगपत्प्रकाशेन परमचैतन्यविलासलक्षणज्ञानगुणेन भिन्नत्वं च तथा धर्माधर्मलोकाकाशद्रव्याण्येकक्षेत्रावगाहेनाभिन्नत्वात्समानपरिमाणत्वाच्चोपरितासद्भूतव्यवहारेण परस्परमेकत्वं कुर्वन्ति निश्चयनयेन गतिस्थित्यवगाहरूपस्वकीयस्वकीयलक्षणैर्नानात्वं चेति सूत्रार्थः ।।९६।।

---

**समयव्याख्या : धर्माधर्मलोकाकाशानामवगाहवशादेकत्वेऽपि वस्तुत्वेनान्यत्वमत्रोक्तम्। धर्माधर्मलोकाकाशानि हि समानपरिमाणत्वात्सहावस्थानमात्रेणैवैकत्वभाञ्जि। वस्तुतस्तु व्यवहारेण गतिस्थित्यवगाहहेतुत्वरूपेण निश्चयेन विभक्तप्रदेशत्वरूपेण विशेषेण पृथगुपलभ्यमानेनान्यत्वभाञ्ज्येव भवंतीति ।।९६।।**

**- इति आकाशद्रव्यास्तिकायव्याख्यानं समाप्तम्।**

**અનુવાદ : અહીં ધર્મ, અધર્મ અને લોકાકાશનું અવગાહની અપેક્ષાએ એકત્વ હોવા છતાં વસ્તુપણે અન્યત્વ કહેવામાં આવ્યું છે.**

**ધર્મ, અધર્મ અને લોકાકાશ સમાન પરિણામવાળાં હોવાને લીધે સાથે રહેલાં હોવામાત્રથી જ (માત્ર એકક્ષેત્રાવગાહની અપેક્ષાએ જ) એકત્વવાળાં છે; વસ્તુતઃ તો, (૧) વ્યવહારે ગતિહેતુત્વ,**

**સ્થિતિહેતુત્વ અને અવગાહહેતુત્વરૂપ (પૃથક્–ઉપલબ્ધ વિશેષ વડે) તથા (૨) નિશ્ચયે વિભક્તપ્રદેશત્વરૂપ પૃથક્–ઉપલબ્ધ વિશેષ વડે, તેઓ અન્યત્વવાળાં જ છે.**

**આ રીતે આકાશદ્રવ્યાસ્તિકાયનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૭, બુધવાર)

ધર્મ, અધર્મ ને આકાશ ત્રણેના ગુણ જુદા કહ્યા તો પછી ત્રણેનાં ક્ષેત્ર જુદાં હશે ? ના, એક ક્ષેત્રમાં રહ્યા છે છતાં વિરોધ આવતો નથી, તે બતાવે છે. ઘરમાં જુદા જુદા માણસો હોય, કોઈ તીખી પ્રકૃતિના હોય, કોઈ શાંત હોય છતાં એક ઘરમાં સાથે રહે છે. (આ દૃષ્ટાંત છે) તેમ ધર્મ, અધર્મ ને આકાશના ગુણો જુદા હોવા છતાં ને સૌનાં કાર્ય જુદાં હોવા છતાં આકાશમાં એક જગ્યાએ રહેલાં છે. ને એક જગ્યાએ રહેવા છતાં પોતાનો સ્વભાવ છોડતાં નથી.

તેવી રીતે શરીર, કર્મ ને આત્મા એક ક્ષેત્રે હોવા છતાં દરેક પોતપોતાનો સ્વભાવ છોડતા નથી. કોઈ દલીલ કરે છે કે 'જ્ઞાનાવરણીય કર્મ જ્ઞાનને હીણું કરે છે માટે જ્ઞાનાવરણીય કર્મ નામ આપ્યું.' અહીં કહે છે કે ભાઈ, કર્મને લીધે તો જ્ઞાન હીણું થતું નથી પણ જીવ પોતે પોતાના કારણે જ્ઞાન હીણું કરે છે માટે કર્મને જ્ઞાનાવરણીય નામ આપ્યું છે એમ પણ નથી. તેનો સ્વભાવ અને તેનું નામ તેના કારણે છે. વળી તેનું નામ જ્ઞાનાવરણીય પડ્યું છે માટે અહીં જ્ઞાન હીણું થાય છે એમ પણ નથી. વિકાર અથવા હીનતા જીવ પોતાના કારણે કરે છે ને કર્મની અવસ્થા ને નામ કર્મને લીધે છે. બન્નેના સ્વભાવ ભિન્ન છે છતાં એકક્ષેત્રે રહે છે.

હવેની ગાથામાં બતાવે છે કે ધર્મ, અધર્મ ને આકાશ ત્રણે દ્રવ્યો એકક્ષેત્રે રહેલાં છે પરંતુ નિજસ્વરૂપથી ત્રણે જુદાં જુદાં છે.

ધર્મ, અધર્મ ને લોકાકાશ એ ત્રણ દ્રવ્યો વ્યવહારનયની અપેક્ષાથી એકક્ષેત્રાવગાહી છે. જ્યાં આકાશ છે ત્યાં ધર્મ, અધર્મ બન્ને દ્રવ્યો રહેલાં છે. કેવાં છે ત્રણે દ્રવ્યો ? ત્રણેના અસંખ્ય પ્રદેશો સમાન છે. વળી કેવા છે ? નિશ્ચયનયથી જુદાં જુદાં જોવામાં આવે છે અથવા પોતાના સ્વભાવથી ટંકોત્કીર્ણ પોતપોતાની જુદી જુદી સત્તાવાળાં છે. પથ્થરમાં ટાંકણાથી કોતરેલી મૂર્તિની જેમ જેવાં ને તેવાં છે. અહીં કહે છે કે સમ્યગ્જ્ઞાનરૂપી ટાંકણાથી ભેદ પાડ કે દરેક આત્મા ને જડપદાર્થો જુદેજુદા છે, કોઈ તેને લાવેલ નથી ને કોઈએ તેને મૂક્યા નથી. એક જગ્યાએ ૯૦ ફૂટનો સળંગ પથ્થર નીકળ્યો ને તેનો માનસ્તંભ બન્યો, તેવી રીતે દરેક દ્રવ્ય સળંગ આખું પડ્યું છે. જેમ પથ્થરમાં રંગ હોય ત્યાંથી તે જુદો પડી જાય છે તેમ દરેક આત્મા, પરમાણુ, ધર્મ, અધર્મ, આકાશ ને કાળ વચ્ચે સ્વભાવ અપેક્ષાએ ભેદ છે તેથી તે જુદા પડી જાય છે.

અહીં કહ્યું કે ધર્મ, અધર્મ, આકાશ વ્યવહારનયથી એકક્ષેત્રાવગાહી છે તેથી એકભાવરૂપ કહેવાય છે ને નિશ્ચયનયથી ત્રણે પોતપોતાની સત્તાથી ભેદભાવને કરે છે. આ પ્રમાણે ત્રણે દ્રવ્યોનું સ્વરૂપ વ્યવહાર–નિશ્ચયથી એકરૂપ જાણવું.

તે દૃષ્ટાંતે શરીર, કર્મ ને આત્મા આકાશક્ષેત્રની અપેક્ષાએ એકક્ષેત્રાવગાહી કહેવાય પણ પરમાર્થથી ત્રણેનાં કાર્ય જુદેજુદાં છે, કોઈ કોઈને મદદ કરતું નથી. જેમ પાણીમાં કાંકરા હોવા છતાં એકબીજારૂપ થતા નથી, સ્વતંત્ર રહ્યા છે, તેમ ચૈતન્ય ને શરીર, કર્મ આદિ જડ એકક્ષેત્રે હોવા છતાં પોતાનો સ્વભાવ કદી છોડતા નથી. આમ પરથી ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે. ૯૬.

**आगासकालजीवा धम्माधम्मा य मुत्तिपरिहीणा।**
**मुत्तं पुग्गलदव्वं जीवो खलु चेदणो तेसु ।।९७।।**
**आकाशकालजीवा धर्माधर्मौ च मूर्तिपरिहीनाः।**
**मूर्तं पुद्गलद्रव्यं जीवः खलु चेतनस्तेषु ।।९७।।**
**આત્મા અને આકાશ, ધર્મ, અધર્મ, કાળ અમૂર્ત છે,**
**છે મૂર્ત પુદ્ગલદ્રવ્ય; તેમાં જીવ છે ચેતન ખરે. ૯૭.**

**અન્વયાર્થ :** (आकाशकालजीवाः) આકાશ, કાળ, જીવ, (धर्माधर्मौ च) ધર્મ અને અધર્મ (मूर्तिपरिहीनाः) અમૂર્ત છે, (पुद्गलद्रव्यं मूर्तं) પુદ્ગલદ્રવ્ય મૂર્ત છે. (तेषु) તેમાં (जीवः) જીવ (खलु) ખરેખર (चेतनः) ચેતન છે.

**तात्पर्यवृत्ति :** एवं धर्माधर्मलोकाकाशानामेकत्वान्यत्वकथनरूपेण तृतीयस्थले गाथासूत्रं गतं। इति पंचास्तिकायषड्द्रव्यप्रतिपादकप्रथममहाधिकारमध्ये गाथासप्तकपर्यंतं स्थलत्रयेणाकाशास्तिकायव्याख्यानरूपः सप्तमोंतराधिकारः समाप्तः। तदनंतरमष्टगाथापर्यंतं पंचास्तिकायषड्द्रव्यचूलिकाव्याख्यानं करोति। तत्र गाथाष्टकमध्ये चेतनाचेतनमूर्तामूर्तत्वप्रतिपादनमुख्यत्वेन 'आयासं' इत्यादि गाथासूत्रमेकं, अथ सक्रियनिः-क्रियत्वमुख्यत्वेन 'जीवा पोग्गलकाया' इत्यादि सूत्रमेकं, पुनश्च प्रकारांतरेण मूर्तामूर्तत्वकथनमुख्यत्वेन 'जे खलु इंदियगेज्जा' इत्यादि सूत्रमेकं, अथ नवजीर्णपर्यायादिस्थितिरूपो व्यवहारकालः जीवपुद्गलादीनां पर्यायपरिणतेः सहकारिकारणभूतः कालाणुरूपो निश्चयकाल इति कालद्वयव्याख्यानमुख्यत्वेन 'कालो परिणामभवो' इत्यादि गाथाद्वयं, तस्यैव कालस्य द्रव्यलक्षणसंभवात् द्रव्यत्वं द्वितीयादिप्रदेशाभावादकायत्वमिति प्रतिपादनमुख्यत्वेन 'एदे कालागासा' इत्यादि सूत्रमेकं, अथ पंचास्तिकायांतर्गतस्य केवल ज्ञानदर्शनरूपशुद्धजीवास्तिकायस्य वीतरागनिर्विकल्पसमाधिपरिणतिकाले निश्चयमोक्षमार्गभूतस्य भावनाफलप्रतिपादनरूपेण 'एवं पवयणसारं' इत्यादि गाथाद्वयं। इत्यष्टगाथाभिः षट्स्थलैश्चूलिकायां समुदायपातनिका। तद्यथा। द्रव्याणां मूर्तामूर्तत्वं चेतनाचेतनत्वं प्रतिपादयति, - स्पर्शरसगंधवर्णवत्या मूर्त्या रहितत्वादमूर्ता भवन्ति। ते के ? आकाशकालजीवधर्माधर्माः, किंतु जीवो यद्यपि निश्चयेनामूर्ताखंडैकप्रतिभासमयत्वादमूर्तस्तथापि रागादिरहितसमहजानंदैकस्वभावात्मतत्त्वभावनारहितेन जीवेन यदुपार्जितं मूर्तं कर्म तत्संसर्गाद्व्यवहारेण मूर्तोपि भवति स्पर्शरसगंधवर्णवत्त्वान्मूर्तं पुद्गलस्यं संशयादिरहितत्वस्वपरपरिच्छित्ति-

समर्थानंतचैतन्यपरिणतत्वाज्जीवः खलु चेतकस्तेषु स्वपरप्रकाशकचैतन्याभावात् शेषाण्यचेतनानीति भावार्थः ।।९७।।

**समयव्याख्या : अथ चूलिका। अत्र द्रव्याणां मूर्तामूर्तत्वं चेतनाचेतनत्वं चोक्तम्। स्पर्शरसगंधवर्णसद्भावस्वभावं मूर्तं, स्पर्शरसगंधवर्णाभावस्वभावममूर्तम्। चैतन्यसद्भावस्वभावं चेतनं, चैतन्याभावस्वभावमचेतनम्। तत्रामूर्तमाकाशं, अमूर्तः कालः, अमूर्तः स्वरूपेण जीवः पररूपावेशान्मूर्तोऽपि, अमूर्तो धर्मः, अमूर्तोऽधर्मः, मूर्तः पुद्गल एवैक इति। अचेतनमाकाशं, अचेतनः कालः, अचेतनो धर्मः, अचेतनोऽधर्मः, अचेतनः पुद्गलः, चेतनो जीव एवैक इति ।।९७।।**

**અનુવાદ : હવે ચૂલિકા છે. અહીં દ્રવ્યોનું મૂર્તામૂર્તપણું (મૂર્તપણું અથવા અમૂર્તપણું) અને ચેતનાચેતનપણું (ચેતનપણું અથવા અચેતનપણું) કહેવામાં આવ્યું છે.**

**સ્પર્શ–રસ–ગંધ–વર્ણનો સદ્‌ભાવ જેનો સ્વભાવ છે તે મૂર્ત છે; સ્પર્શ–રસ–ગંધ–વર્ણનો અભાવ જેનો સ્વભાવ છે તે અમૂર્ત છે. ચૈતન્યનો સદ્‌ભાવ જેનો સ્વભાવ છે તે ચેતન છે; ચૈતન્યનો અભાવ જેનો સ્વભાવ છે તે અચેતન છે. ત્યાં, આકાશ અમૂર્ત છે. કાળ અમૂર્ત છે, જીવ સ્વરૂપે અમૂર્ત છે, પરરૂપમાં પ્રવેશ દ્વારા (મૂર્ત દ્રવ્યના સંયોગની અપેક્ષાએ) મૂર્ત પણ છે, ધર્મ અમૂર્ત છે, અધર્મ અમૂર્ત છે; પુદ્‌ગલ જ એક મૂર્ત છે. આકાશ અચેતન છે, કાળ અચેતન છે, ધર્મ અચેતન છે, અધર્મ અચેતન છે, પુદ્‌ગલ અચેતન છે; જીવ જ એક ચેતન છે. ૯૭.**

**પ્રવચન :**

(વીસ સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૮, ગુરુવાર)

હવે દ્રવ્યોમાં મૂર્તત્વ–અમૂર્તત્વ, ચેતનત્વ–અચેતનત્વ એ પ્રકારે ચાર ભાવ બતાવે છે.

આ જગતમાં છ વસ્તુ છે. તેના પૃથક્ પૃથક્ ભાવ છે. પાંચ જડ પદાર્થોનો દરેકનો ભાવ પોતાપોતાનો પોતાથી અભેદ છે ને પરથી ભેદ છે. ચૈતન્યમય જીવનો પોતાનો ભાવ પોતાથી અભેદ છે ને પરથી ભેદ છે. અહીં કાળની વાત સાથે લઈ લીધી છે. આકાશદ્રવ્ય અમૂર્તિક છે, તેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નથી, તેવી રીતે આત્મામાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નથી છતાં આત્મા ને આકાશના સ્વરૂપમાં ફેર છે. આકાશ અચેતન અમૂર્તિક છે ને આત્મા ચેતન અમૂર્તિક છે; તેવી રીતે કાળ, ધર્મ, અધર્મ, ત્રણેમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણ નથી તેથી અમૂર્તિક છે, પણ અચેતન છે. જ્યારે આત્મા ચેતન અમૂર્તિક છે.

પુદ્‌ગલદ્રવ્ય મૂર્તિક છે, સ્પર્શ–રસ–ગંધ–વર્ણવાળું ને અચેતન છે. આત્મા ચેતન અમૂર્તિક છે. આ બતાવીને આત્મા પરપદાર્થોથી જુદો છે એમ કહે છે. જે પદાર્થો પોતાથી જુદા હોય તેનો ત્યાગ આત્મા કેવી રીતે કરે ? કુટુંબ, પૈસા, શરીર વગેરેથી આત્મા જુદો છે તેનો ત્યાગ આત્મા કરી શકતો નથી. અજ્ઞાની જીવ માને છે કે પરપદાર્થોને છોડે તે ત્યાગી કહેવાય ને **વળી દલીલ**

**કરે છે કે જીવને જે અધ્યવસાન થાય છે તે શું પરના આશ્રય વિના થાય ?** માટે પરને છોડવા જોઈએ.

(૧) શરીર, કર્મ, પૈસો, દેવ, ગુરુ, શાસ્ત્ર વગેરે સમસ્ત જડ ને ચેતન પદાર્થો તારાથી ત્રણે કાળ જુદા છે. પરવસ્તુ છોડવી પડતી નથી. તે તો છૂટી જ પડેલી છે, તે તારાથી ત્રણે કાળ જુદી છે માટે તેના ઉપરની દૃષ્ટિ છોડ.

(૨) શરીર, મન, વાણી આદિ પર પદાર્થોને હું છોડું છું એવી જે ભ્રાંતિ ને વિકાર – તે પણ છોડ્યો જતો નથી કેમ કે જે વિકાર અથવા દોષ થયો તેને શી રીતે છોડવો ? ને જે દોષ હજી થયો નથી તેને શી રીતે છોડવો ? માટે વિકાર છોડ્યો જતો નથી.

(૩) શરીરાદિ પર છે ને ભ્રાંતિ ને વિકાર તો એક સમયનો પર્યાય છે. હું તો શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું. મારામાં પરપદાર્થોનો ત્રણે કાળ અભાવ છે ને શુદ્ધ સ્વભાવમાં ક્ષણિક વિકારનો પણ અભાવ છે. આમ શુદ્ધ ચૈતન્યસ્વભાવની પ્રતીતિ થતાં મિથ્યાત્વની ઉત્પત્તિ થતી નથી ને સ્થિરતા કરતાં અચારિત્રદશા ઉત્પન્ન થતી નથી. આને મિથ્યાત્વ ને રાગ–દ્વેષ છોડ્યાં એમ કથન કરવામાં આવે છે.

આમ વસ્તુસ્વરૂપના ભાન વિના ત્યાગી થઈ જાય ને બૈરાં–છોકરાં હું છોડું છું એમ માને તે મિથ્યાદૃષ્ટિ છે, તેને પોતાના ધર્મનો ત્યાગ વર્તે છે. તેને સ્વધર્મત્યાગી કહ્યો છે. શરીર, કુટુંબ વગેરે પરવસ્તુ ભિન્ન હોવા છતાં તેને ઉપાધિ માની છે, હું તેનાં ગ્રહણ–ત્યાગ કરી શકું છું એ માન્યતા અજ્ઞાન છે. સ્વભાવનું યથાર્થ જ્ઞાન થતાં અજ્ઞાન ટળી જાય છે. આત્માના જ્ઞાન વિના વ્રત, તપ વગેરે કરે ને શાસ્ત્ર ભણે તોપણ તે રણમાં પોક સમાન છે.

આત્મા અમૂર્ત ને બીજાં ચાર દ્રવ્યો અમૂર્ત છે ને પુદ્ગલ એક મૂર્ત છે, આત્મા જાણનાર–દેખનાર છે. બીજાં પાંચ અચેતન છે, પરપદાર્થથી આત્માનો સ્વભાવ જુદો છે તેની રુચિ કરી પરને ગ્રહવા–મૂકવાની પર્યાયબુદ્ધિ છોડી સ્વ–અંતરરુચિ કરવી તે ધર્મ છે તે જ મોક્ષમાર્ગ છે.

કેટલાક જીવો કાળને ઉપચારિક દ્રવ્ય માને છે, કેટલાક કાળને અનંત દ્રવ્યો તરીકે માને એ બધી માન્યતા ભૂલવાળી છે. કાળ અસંખ્ય અચેતન અમૂર્તિક દ્રવ્ય છે. આત્મા તેનાથી જુદો ચેતન અમૂર્તિક છે. આમ ભેદજ્ઞાન કરાવે છે. કર્મ રૂપી–અચેતન છે, આત્મા તેનાથી જુદો છે, કર્મને લીધે જીવ હોય તો જીવનું જીવપણું રહેતું નથી ને જીવને લીધે કર્મ હોય તો કર્મનું જડપણું રહેતું નથી, કર્મ કર્મને લીધે ને જીવ જીવને લીધે છે, આમ ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે. ૯૭.

---

**जीवा पुग्गलकाया सह सक्किरिया हवंति ण य सेसा।**
**पुग्गलकरणा जीवा खंधा खलु कालकरणा दु ।।९८।।**

जीवाः पुद्गलकायाः सह सक्रिया भवन्ति न च शेषाः।
पुद्गलकरणा जीवाः स्कंधा खलु कालकरणास्तु ।।९८।।

**જીવ–પુદ્ગલો સહભૂત છે સક્રિય, નિષ્ક્રિય શેષ છે;**
**છે કાળ પુદ્ગલને કરણ, પુદ્ગલ કરણ છે જીવને. ૯૮.**

**અન્વયાર્થ :** (सह जीवाः पुद्गलकायाः) (બાહ્ય કરણ) સહિત રહેલા જીવો અને પુદ્ગલો (सक्रियाः भवन्ति) સક્રિય છે, (न च शेषाः) બાકીનાં દ્રવ્યો સક્રિય નથી (નિષ્ક્રિય છે); (जीवाः) જીવો (पुद्गलकरणाः) પુદ્ગલકરણવાળા (જેમને સક્રિયપણામાં પુદ્ગલ બહિરંગ સાધન હોય એવા) છે. (स्कंधाः खलु कालकरणाः तु) અને સ્કંધો અર્થાત્ પુદ્ગલો તો કાળકરણવાળા (જેમને સક્રિયપણામાં કાળ બહિરંગ સાધન હોય એવા) છે.

---

**तात्पर्यवृत्ति :** एवं चेतनाचेतनमूर्तामूर्तप्रतिपादनमुख्यत्वेन गाथासूत्रं गतं। अथ द्रव्याणां सक्रियनिः- क्रियत्वं कथयति; - जीवाः पुद्गलकाया सह सक्किरिया हवंति। सक्रिया भवंति। कथं ? सह। सह कोऽर्थः ? बहिरंगसहकारिकारणैः सहिताः। **ण य सेसा** न च जीवपुद्गलाभ्यां शेषद्रव्याणि सक्रियाणि। जीवानां सक्रियत्वे बहिरंगनिमित्तं कथ्यते **पोग्गलकरणा जीवा** मनोवचनकायव्यापाररूपक्रियापरिणतैर्निःक्रियनिर्विकारशुद्धात्मानुभूतिभावनाच्युतैर्जीवैर्ये समुपार्जिताः कर्मनोकर्मपुद्गलास्त एव करणं कारणं निमित्तं येषां ते जीवाः पुद्गलकरणा भण्यंते **खंदा** स्कंधाः स्कंधशब्देनात्र स्कंधाणुभेदभिन्नाद्द्विधा पुद्गला गृह्यंते। ते च कथंभूताः ? सक्रियाः। कैः कृत्वा ? **कालकरणेहिं** परिणामनिर्वर्तककालाणुद्रव्यैः **खलु** स्फुटं। अत्र यथा शुद्धात्मानुभूति-बलेन कर्मक्षये जाते कर्मनोकर्मपुद्गलानामभावात्सिद्धानां निःक्रियत्वं भवति न तथा पुद्गलानां। कस्मात् ? कालस्य सर्वदैव वर्णवत्या मूर्त्या रहितत्वादमूर्तः विद्यमानत्वादिति भावार्थः ।।९८।

---

**समयव्याख्या : अत्र सक्रियनिष्क्रियत्वमुक्तम्। प्रदेशांतरप्राप्तिहेतुः परिस्पंदनरूपपर्यायः क्रिया। तत्र सक्रिया बहिरङ्गसाधनेन सहभूताः जीवाः, सक्रिया बहिरङ्गसाधनेन सहभूताः पुद्गलाः। निष्क्रियमाकाशं, निष्क्रियो धर्मः, निष्क्रियोऽधर्मः, निष्क्रियः कालः। जीवानां सक्रियत्वस्य बहिरङ्गसाधनं कर्मनोकर्मोपचयरूपाः पुद्गला इति ते पुद्गलकरणाः। तद्रभावान्निःक्रियत्वं सिद्धानाम्। पुद्गलानां सक्रियत्वस्य बहिरङ्गसाधनं परिणामनिर्वर्तकः काल इति ते कालकरणाः। न च कर्मादीनामिव कालस्याभावः। ततो न सिद्धानामिव निष्क्रियत्वं पुद्गलानामिति।।९८।।**

**અનુવાદ : અહીં (દ્રવ્યોનું) સક્રિયનિષ્ક્રિયપણું કહેવામાં આવ્યું છે.**

**પ્રદેશાંતરપ્રાપ્તિનો હેતુ (અન્ય પ્રદેશની પ્રાપ્તિનું કારણ) એવો જે પરિસ્પંદરૂપ પર્યાય, તે ક્રિયા છે. ત્યાં, બહિરંગ સાધન સાથે રહેલા જીવો સક્રિય છે; બહિરંગ સાધન સાથે રહેલા પુદ્ગલો સક્રિય છે. આકાશ નિષ્ક્રિય છે; ધર્મ નિષ્ક્રિય છે; અધર્મ નિષ્ક્રિય છે; કાળ નિષ્ક્રિય છે.**

**જીવોને સક્રિયપણાનું બહિરંગ સાધન કર્મ–નોકર્મના સંચયરૂપ પુદ્ગલો છે; તેથી જીવો પુદ્ગલકરણવાળા છે. તેના અભાવને લીધે (પુદ્ગલકરણના અભાવને લીધે) સિદ્ધોને નિષ્ક્રિયપણું છે (અર્થાત્ સિદ્ધોને કર્મ–નોકર્મના સંચયરૂપ પુદ્ગલોનો અભાવ હોવાથી તેઓ નિષ્ક્રિય છે.) પુદ્ગલોને સક્રિયપણાનું બહિરંગ સાધન પરિણામ–નિષ્પાદક કાળ છે; તેથી પુદ્ગલો કાળકરણવાળા છે.**

**કર્માદિકની માફક (અર્થાત્ જેમ કર્મ–નોકર્મરૂપ પુદ્ગલોનો અભાવ થાય છે તેમ) કાળનો**

**અભાવ હોતો નથી; તેથી સિદ્ધોની માફક (અર્થાત્ જેમ સિદ્ધોને નિષ્ક્રિયપણું હોય છે તેમ) પુદ્ગલોને નિષ્ક્રિયપણું હોતું નથી. ૯૮.**

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૮, ગુરુવાર)

હવે છ દ્રવ્યોમાં કેટલાં ક્રિયાવાન છે ને કેટલાં નિષ્ક્રિય-સ્થિર છે તે બતાવે છે.

જીવ અને પુદ્ગલ દ્રવ્યોમાં કેટલાકનો ક્ષેત્રાંતર થવાનો સ્વભાવ છે (સિદ્ધનો નથી) તેમાં પર દ્રવ્ય નિમિત્ત છે. ધર્મ, અધર્મ, આકાશ ને કાળમાં ક્ષેત્રાંતર થવાનો સ્વભાવ બિલકુલ નથી. રૂપાંતરપણું છે પણ ગતિરૂપ સક્રિયપણું નથી. જ્યાં છે ત્યાં અનાદિ-અનંત પડ્યા છે માટે તેમાં ગતિનું નિમિત્તપણું નથી, જીવ-પુદ્ગલમાં સક્રિયપણાની યોગ્યતા છે તો તેમાં નિમિત્તપણું છે.

તેમાં જીવદ્રવ્યની વાત કરે છે. જીવ સંસારદશામાં છે ત્યાં સુધી પોતાના કારણે ગતિ કરે છે તો તેમાં કર્મ અને શરીરને નિમિત્ત કહેવાય છે. જો કર્મ અને નોકર્મ જીવને ગતિ કરાવી દેતાં હોય તો બીજાં ચાર ધર્માદિ દ્રવ્યોને પણ ગતિ કરાવી દે. પણ તેમ બનતું નથી, કારણ કે તેના ઉપાદાનની લાયકાત નથી, જીવમાં ગતિ કરવાની લાયકાત છે તો કર્મ-નોકર્મને નિમિત્ત કહેવાય છે. નિગોદથી માંડીને કેવલી ભગવાન સુધીના આત્મા ક્ષેત્રાંતર પોતાના કારણે કરે છે તો કર્મ તથા શરીરને નિમિત્ત કહેવાય છે. જીવ મનુષ્યમાંથી દેવમાં જાય, ઘરે જાય, દુકાને જાય, ને તેમાં આત્માના પ્રદેશોનું ક્ષેત્રાંતર થાય છે તે પોતાના કારણે થાય છે, શરીરને લીધે કે કર્મને લીધે તે થતા નથી પણ પોતે ચાલે છે તો શરીર તથા કર્મને નિમિત્ત કહેવાય છે.

હવે પુદ્ગલ સ્કંધોની વાત કરે છે, લક્ષ્મી, મકાન, રોટલા, દાળ, ભાત વગેરે પુદ્ગલ સ્કંધો પોતપોતાના કારણે ક્ષેત્રાંતર કરે છે તે ઉપાદાનકારણ છે તેમાં નિમિત્ત કાળદ્રવ્ય છે. જુઓ, અહીં જીવનું નિમિત્તપણું પણ કાઢી નાખ્યું છે. મકાનો થાય છે તેમાં ઉપાદાનકારણ તો તે પરમાણુઓની યોગ્યતા છે, જીવને લીધે નથી. પણ નિમિત્તરૂપે જીવની ઇચ્છા કે જીવનું જ્ઞાન કે પૂર્વના પુણ્યની પણ ના પાડી છે. નિમિત્તરૂપે કાળને કહેલ છે, આ પુસ્તક અહીંથી ત્યાં ક્ષેત્રાંતર થાય છે તેમાં ઉપાદાન તો તેનું પોતાનું છે પણ આંગળી કે જીવની ઇચ્છા કે જ્ઞાનને નિમિત્ત પણ કહ્યું નથી, પણ કાળને નિમિત્ત કહેલ છે.

કોઈ જીવ કહે છે કે જીવ પરમાણુનું કાંઈ કરી શકે નહિ પણ સ્કંધનું તો કરી શકે ને ? જીવ શરીરને ચલાવી શકે ને ? એમ અજ્ઞાની માને છે. તે તત્ત્વના વાસ્તવિક સ્વરૂપને સમજતો નથી. શરીર, મન, વાણી વગેરે સ્કંધોને જીવ કરી શકતો નથી, પણ તેમાં તે નિમિત્ત પણ નથી. અજ્ઞાનીની દૃષ્ટિ સંયોગો ઉપર જાય છે. ભલે પુદ્ગલ પુદ્ગલના કારણે ચાલે પણ તેમાં જીવ નિમિત્ત તો ખરો ને ? તે વાત અહીં ઉડાડી દીધી છે. મકાનો બને તેમાં જીવનો રાગ નિમિત્ત ખરો ને ? રોગ મટે તેમાં શાતાનો ઉદય ખરો ને ? આ લાકડી ઊંચી થઈ તેમાં જીવ નિમિત્ત ખરો ને ? આ બધી વાત ઉડાડી દીધી. જીવની ઇચ્છાને કે બીજાં પુદ્ગલને નિમિત્ત લીધાં નથી.

તારું નિમિત્તપણું પણ તેમાં નથી. **આઠ કર્મો બંધાય છે તે તો તેના કારણે બંધાય છે પણ તેમાં જીવનો રાગ કે ઇચ્છા નિમિત્ત ખરાં ને** ? રોટલી થાય તેમાં બાઈની ઇચ્છા નિમિત્ત ખરી ? પરમાણુઓ પોતાના કારણે ભાષા રૂપે થાય તેમાં નિમિત્ત કોણ ? જ્ઞાની કે અજ્ઞાનીની ઇચ્છા નિમિત્ત ખરી ? કેવળીની વાણીને યોગનું નિમિત્ત ખરું ? આ બંગલા થયા, પૈસા આવ્યા તેમાં જીવના જ્ઞાન ને રાગ નિમિત્ત ખરા ? ના, તે પુદ્ગલ સ્કંધોનું ઉપાદાનકારણ તો તે પરમાણુઓ છે, **જીવની ઇચ્છા કે જ્ઞાન નિમિત્ત પણ નથી, પણ કાળ નિમિત્ત છે. સ્વકાળે પરિણમતાં પુદ્ગલોને માત્ર કાળ નિમિત્ત છે. એમ કહી સૂક્ષ્મ ભેદજ્ઞાન કરાવ્યું છે,** તે તે પુદ્ગલોના પરિણમનનો તે સ્વકાળ છે માટે તેના ઉપરથી દ્રષ્ટિ ફેરવ.

અહીં અસ્તિકાયનું સ્વરૂપ બતાવે છે. જીવદ્રવ્યમાં કહ્યું કે દ્રવ્ય–ગુણ તો સ્વતંત્ર પણ જીવના પ્રદેશોનું ક્ષેત્રાંતર થવું, એક ગતિથી બીજી ગતિમાં જવું તેમાં જીવની પર્યાયની યોગ્યતા તે ઉપાદાનકારણ છે ને તેમાં કર્મ–નોકર્મને નિમિત્તકારણ કહ્યું છે. **ને પરમાણુના સ્કંધોમાં દ્રવ્ય–ગુણ તો સ્વતંત્ર છે પણ તે ક્ષેત્રાંતર થાય તે પોતાના કારણે છે. બીજાને લીધે તો નથી પણ તેમાં જીવની ઇચ્છા કે પુદ્ગલો નિમિત્ત નથી, માત્ર કાળ નિમિત્ત છે.** શાક સુધારતી વખતે જીવની ઇચ્છા, આંગળી નિમિત્ત ખરાં ? દવાખાનાં થયાં તેમાં જીવનો શુભભાવ નિમિત્ત ખરો ? ના, જીવ નિમિત્ત પણ નથી, માત્ર કાળદ્રવ્ય નિમિત્ત છે એમ કહી સૂક્ષ્મતા બતાવે છે.

ધર્મ, અધર્મ, આકાશ ને કાળ એ ચાર તો અરૂપી છે. અક્રિય છે. અર્થાત્ તેમાં ક્ષેત્રાંતર નથી માટે તેના નિમિત્તની તો વાત લેવી નથી, પણ જીવમાં જે રૂપાંતર થાય છે ને જ્ઞાન, દર્શનાદિ ગુણોની અવસ્થા પલટાય છે તે ભાવ છે ને પુદ્ગલોમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણના ભાવો પલટાય છે તેની પણ વાત નથી. **અહીં તો બન્ને દ્રવ્યના ક્ષેત્રાંતરની ક્રિયાની વાત લેવી છે.** લાકડીનું ઊંચું થવું તથા બીજા સ્કંધોનું ક્ષેત્રાંતર થવું તે તેના કારણે છે પણ તેમાં જીવનું નિમિત્તપણું નહિ કહેતાં કાળને નિમિત્ત કહેવામાં આવેલ છે. અહીં કાળદ્રવ્યને સિદ્ધ કરે છે, કોઈ કાળને ઉપચાર માને, કોઈ અનંત કાળદ્રવ્યો માને તો તે બધી વાત ખોટી છે. આ જગતમાં અસંખ્ય કાળાણુ છે તે પુદ્ગલની સક્રિયતામાં નિમિત્ત થાય છે.

પુદ્ગલો જે સક્રિય છે તેનું સક્રિયપણું કાયમ રહે છે માટે તેના નિમિત્તરૂપે કાયમ રહે તેવું નિમિત્ત જોઈએ. જીવ સંસારદશામાં કાયમ રહેતો નથી., જો જીવ સંસારમાં કાયમ રહે તો તેનો સંસાર કદીએ ટળે નહિ. પુદ્ગલનો તો સક્રિય સ્વભાવ ત્રિકાળ છે, તેના નિમિત્ત તરીકે કાળદ્રવ્ય જે ત્રિકાળ છે તે લીધું પણ જીવ લીધો નહિ, કેમ કે જીવ નિમિત્તરૂપે સદાય રહ્યા કરે તો જીવની કદી મુક્તિ થાય નહિ. આત્મા શુદ્ધ ચિદાનંદ સ્વભાવી છે, વિકાર તેનું ખરું સ્વરૂપ નથી, ત્રિકાળ સ્વરૂપ તો શુદ્ધ છે માટે પુદ્ગલોના સ્કંધમાં તેનું નિમિત્તપણું પણ નથી. પુદ્ગલોમાં જીવનું નિમિત્તપણું માનવામાં આવે તો પુદ્ગલો તો સદાય છે, તો તેની સાથે નિમિત્તપણાનો જીવનો સંબંધ કદી છૂટશે નહિ ને તેથી સ્વભાવ તરફ દ્રષ્ટિ કરવાનો અવકાશ પણ રહેશે નહિ, માટે પુદ્ગલનું સક્રિયપણું ત્રિકાળ છે તેની સાથે કાળદ્રવ્ય ત્રિકાળ છે તેને નિમિત્ત લીધું. કોઈ પૂછે કે આમાં ધર્મ શું આવ્યો ? **અનાદિ કાળથી જીવને પરપદાર્થો સાથે એકત્વબુદ્ધિ વર્તે છે. પુદ્ગલ સ્કંધો ભલે તેના કારણે**

**પરિણમે પણ હું તેમાં નિમિત્ત ખરો ને ? તેનો અહીં નિષેધ કરે છે. ભાઈ, પુદ્ગલને નિમિત્ત થવાનો તારો સ્વભાવ નથી માટે પરપદાર્થો પ્રત્યેની સંયોગી દૃષ્ટિ છોડીને શુદ્ધ ચિદાનંદ સ્વભાવની દૃષ્ટિ કર.**

**ભાવાર્થ** : એક પ્રદેશથી બીજા પ્રદેશમાં ગમન કરવું તેને ક્રિયા કહે છે. છ દ્રવ્યોમાંથી જીવ ને પુદ્ગલ ક્ષેત્રાંતર કરે છે તથા કંપરૂપ અવસ્થાને ધારણ કરે છે તેથી તે બે દ્રવ્યો ક્રિયાવંત છે ને બાકીનાં ચાર દ્રવ્યો નિષ્ક્રિય ને નિષ્કંપ છે. જીવદ્રવ્યની ક્રિયામાં બહિરંગનિમિત્ત કર્મ-નોકર્મરૂપ પુદ્ગલ છે, તેના નિમિત્તે જીવ વિકારરૂપ પરિણમન કરે છે. જીવ પોતાના શુદ્ધ ચિદાનંદ સ્વભાવની પ્રતીતિ છોડી સક્રિય શરીરનો સંગ કરે છે તો વિકાર થાય છે. શરીર, કર્મ વગેરે તો નિમિત્તમાત્ર છે. નિમિત્તને છોડવું નથી. પરપદાર્થને નિમિત્ત બનાવવું કે ઉડાવવું તે તારા હાથમાં છે એટલે કે તું રાગ-દ્વેષ કર તો શરીર અને કર્મને નિમિત્ત કહેવાય ને રાગ-દ્વેષ ન કર તો શરીર અને કર્મને નિમિત્ત પણ ન કહેવાય.

વળી જીવનું સ્વરૂપ સક્રિયપણું કાયમ રહેતું નથી. ચૈતન્યસ્વભાવ જ્ઞાનમૂર્તિ અરૂપી ગુણનો પિંડ છે, શરીર પર છે. વિકાર કૃત્રિમ છે, સ્વભાવ વિકારરહિત છે. આમ ભાન કરી સ્વ પર્યાયના પુરુષાર્થ વડે જીવ પોતે શુદ્ધ દશાને પામે ત્યારે પુદ્ગલકર્મ ને નોકર્મનો અભાવ થાય છે. ક્ષેત્રાંતર થવું તે જીવની સ્વાભાવિક ક્રિયા નથી. જો તે સ્વાભાવિક વસ્તુ હોય તો કદી છૂટે નહિ, નિષ્ક્રિયરૂપે રહેવું તે સિદ્ધદશારૂપે થવું તે સ્વભાવિક દશા છે. જીવ પોતે જ્ઞાતા-દૃષ્ટાપણે રહી સ્થિરતા કરે તો સ્વાભાવિક, નિષ્ક્રિય, નિષ્કંપ અવસ્થારૂપ સિદ્ધદશાને પ્રાપ્ત કરે છે. આ કારણથી પુદ્ગલનું નિમિત્ત પામીને જીવ ક્રિયાવાન જાણવો. 'નિમિત્ત પામીને'? એનો અર્થ એ છે કે જીવમાં નૈમિત્તિક પર્યાય થઈ છે તો પુદ્ગલને નિમિત્ત કહ્યું છે. જીવની ક્રિયાનો કાળ ને તે વખતે પુદ્ગલનો કાળ એકસાથે છે એમ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે.

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૯, શુક્રવાર)

આ જગતમાં છ પદાર્થો છે, તેના દ્રવ્ય-ગુણ સ્વતંત્ર છે, તેની ક્ષેત્રાંતર થવાની પર્યાય પણ સ્વતંત્ર છે, પણ અજ્ઞાનીને ભ્રમ પડે છે કે મારા કારણે સ્કંધો ખસે છે, તેને કહે છે કે ભાઈ, તારા કારણે ખસતા નથી. તેઓ તેના કારણે ખસે છે. તેમાં તારું નિમિત્તપણું પણ નથી, એમ અહીં બતાવવું છે, જીવ તથા પુદ્ગલ બન્નેને ક્ષેત્રાંતર થવામાં સામાન્ય નિમિત્ત તો ધર્માસ્તિકાય છે પણ અહીં વિશેષ નિમિત્ત બતાવવું છે, ને તેથી જીવની ક્ષેત્રાંતર ક્રિયામાં પુદ્ગલને નિમિત્ત કહ્યું ને પુદ્ગલસ્કંધોના ક્ષેત્રાંતરમાં કાળને નિમિત્ત કહ્યું છે.

આ પથ્થર, લૂગડાં, દાળ, ભાત આવે-જાય છે ને શરીરની ગતિ થાય છે, તે તો તેના કારણે થાય છે, તેમાં અરૂપી કાળ નિમિત્ત છે. અહીં 'कालका बहिरंग कारण पाकर' એવા શબ્દો લખ્યા છે. તો શું કાળને ખબર છે, હું આ સ્કંધને નિમિત્ત થાઉં ? પુદ્ગલ સ્કંધોમાં નૈમિત્તિક અવસ્થા થાય છે ત્યારે કાળને નિમિત્ત કહેવાય છે, એવો તેનો અર્થ છે.

અજ્ઞાની જીવ માને છે કે મારી હોશિયારીથી પૈસા આવે છે ને તે જડ પદાર્થોની વ્યવસ્થા

હું કરી શકું છું એમ માનનાર મૂઢ છે. અજ્ઞાની જીવ મફતનું અભિમાન કરીને રખડે છે. પૈસાનું આવવું–જવું, શરીરમાં લોહીનું ફરવું, ચોપડીઓ આવવી–જવી તે બધું જીવને લીધે તો નથી પણ તે પરમાણુના આવવા–જવામાં ઉપાદાનકારણ તો તે પરમાણુઓ પોતે છે ને નિમિત્તકારણ કાળદ્રવ્ય છે, એમ અહીં કહ્યું છે, જીવને નિમિત્ત તરીકે પણ અહીં લીધો નથી. જીવ તો પોતામાં રાગ–દ્વેષ કરે અથવા સમજીને વીતરાગતા લાવે એ સિવાય બીજું કાંઈ કરી શકતો નથી.

અહીં કાળને સહકારી કારણ કહ્યું છે. સહકારી એટલે સાથે હોય છે. શરીર તથા આંગળી વગેરે ગતિ કરે છે તેમાં કાળ સહકારી કારણ છે પણ શરીરને ખબર નથી કે મને કાળ નિમિત્ત થાય છે. કાળને ખબર નથી કે હું શરીરને નિમિત્ત થાઉં છું. બન્નેને જાણનાર તો જીવ છે. જીવ કહે છે કે હું તો નિમિત્ત થનાર નથી, હું તો જાણનાર છું.

અહીં કાળને પણ સિદ્ધ કરતા જાય છે. કાળ શબ્દ છે તો તેનું વાચ્ય કાળદ્રવ્ય હોવું જોઈએ. શબ્દ હોય ને વસ્તુ ન હોય એમ બને નહિ. જેમ સર્વજ્ઞ શબ્દ છે તો તેનો વાચ્ય સર્વજ્ઞ આત્મા પણ છે, તેમ કાળ શબ્દ છે તો કાળ અરૂપી પદાર્થ છે. પુદ્‌ગલ સ્કંધોની સક્રિયતામાં કાળ નિમિત્ત છે. આ પૈસા વગેરે હું લાવું છું એમ અજ્ઞાની જીવ અભિમાન કરે છે. ભાઈ, તે વસ્તુનું વર્તમાન સત્ છે કે અસત્ ? વર્તમાન સત્ છે માટે તે તેનાથી છે પણ જીવથી નથી. અહીં તો કહે છે કે તે તો તેના કારણે ક્ષેત્રાંતર થાય છે, તેમાં જીવનું નિમિત્તપણું પણ નથી, પણ કાળ નિમિત્ત છે.

પરંતુ એટલું વિશેષ છે કે જીવદ્રવ્યની જેમ પુદ્‌ગલ નિષ્ક્રિય કદી થતું નથી. જીવ શુદ્ધ થયા પછી કદી ક્ષેત્રાંતર કરતો નથી, પુદ્‌ગલમાં આ નિયમ નથી. પુદ્‌ગલ પરનિમિત્તે સદાય ક્રિયાવાન રહે છે.

અહીં જીવ અને પુદ્‌ગલ બન્ને ક્રિયાવાન પદાર્થો હોવા છતાં બેમાં ભેદ બતાવે છે. જીવ પોતાના શુદ્ધ આત્માનું ભાન કરી સિદ્ધ દશા પામી જાય પછી કોઈ દિવસ ક્ષેત્રાંતર કરતો નથી, જ્યાં સુધી જીવ સિદ્ધની પૂર્ણદશા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી ક્ષેત્રાંતર કરે છે. સિદ્ધભગવંતો એક સ્થાનમાં બિરાજે છે, ગતિ કરતા નથી, પણ પુદ્‌ગલમાં એવો નિયમ નથી. પુદ્‌ગલપરમાણુ એકલો થઈ જાય તોપણ ક્ષેત્રાંતર કરે, બીજા સ્કંધો સાથે ભળી જાય ને ક્ષેત્રાંતર કરે. માટે પુદ્‌ગલને સદાય ક્રિયાવાન કહેલ છે. અહીં પુદ્‌ગલને સદા ક્રિયાવાન કહ્યું છે, એનો અર્થ એ છે કે જીવની જેમ પુદ્‌ગલો સદાય સ્થંભી જાય એમ બનતું નથી. એક પરમાણુ છૂટો પડી શુદ્ધ થાય, અમુક સમય સ્થિર પણ રહે, પાછો ક્ષેત્રાંતર કરે છે. સિદ્ધની જેમ ક્ષેત્રાંતર ન જ કરે એવું નથી, વળી અચેતન મહાસ્કંધમાં કેટલાક પરમાણુ ત્યાં ને ત્યાં પડ્યા છે, જે કદી ક્ષેત્રાંતર થતા નથી. તે વાત ગૌણ કરીને પરમાણુ સ્થિર નથી, પણ ક્રિયાવાન છે તે અપેક્ષાએ સદાય ક્રિયાવાન કહી દીધા છે. સિદ્ધના નિષ્ક્રિય સ્વભાવ સામે પુદ્‌ગલનો ક્રિયાવાન સ્વભાવ બતાવ્યો ને તેમાં કાળદ્રવ્યને નિમિત્ત બતાવ્યું.

હવે અહીં કાળને નિમિત્ત બતાવેલ છે તે વિશેષ નિમિત્ત છે. છ દ્રવ્યોમાં દરેક ગુણની દરેક પર્યાયના પરિણમનમાં કાળ નિમિત્ત છે. તે તો સામાન્ય નિમિત્ત તો છે જ, તે છ દ્રવ્યોમાંથી ક્રિયાવાન જીવ ને પુદ્‌ગલ જુદા પાડ્યા, તે બેના ક્ષેત્રાંતરમાં સામાન્ય નિમિત્ત ધર્માસ્તિકાય છે.

હવે બેમાં વિશેષ નિમિત્તનો ભેદ બતાવ્યો કે જીવના ક્ષેત્રાંતરમાં કર્મ ને નોકર્મ નિમિત્ત છે ને પુદ્ગલ સ્કંધના ક્ષેત્રાંતરમાં કાળ નિમિત્ત છે, એમ અહીં વિશેષ નિમિત્તોની વાત લીધી છે.

વળી કેટલાક પુદ્ગલ પરમાણુઓ એવા છે કે જીવે આજ સુધી ગ્રહ્યા નથી, તેમ જ ભવિષ્યમાં ગ્રહશે પણ નહિ. જગતમાં સંસારી જીવે જેટલા પરમાણુ ગ્રહ્યા છે તેનાથી અનંતગુણા અગ્રાહ્ય પરમાણુઓ આ જગતમાં છે કે જેમાં જીવ કદી પણ નિમિત્ત થતો નથી. બધા પુદ્ગલ પરમાણુમાં જીવ નિમિત્ત તરીકે સદાકાળ થતો નથી જેથી બધાને ગતિમાં સદાકાળ નિમિત્ત થાય તેવો કાળ છે કે જે અનાદિ–અનંત છે. માટે તેને અહીં નિમિત્ત કહેલ છે.

(૧) જીવ ને પુદ્ગલોના ક્ષેત્રાંતરમાં ધર્માસ્તિકાય નિમિત્ત છે પણ તે સામાન્ય વાત કરી. અહીં વિશેષ વાત કરી કે જીવના સક્રિયપણામાં પુદ્ગલ નિમિત્ત છે ને પુદ્ગલના સક્રિયપણામાં કાળને નિમિત્ત લીધું, જીવને ન લીધો. કારણ કે બધાં પુદ્ગલોને જીવ નિમિત્ત થતો નથી. જ્યારે કાળ ત્રણે કાળ હોય છે માટે તેને નિમિત્ત કહ્યો.

(૨) જે જીવો કાળને માનતા નથી તેને પુદ્ગલોમાં કાળ નિમિત્ત છે એમ કહીને કાળની સિદ્ધિ કરી.

(૩) જીવ ને પુદ્ગલો ક્રિયાવાન હોવા છતાં બન્નેના સક્રિયપણામાં ફેર છે. જીવ સિદ્ધ થતાં નિષ્ક્રિય થાય છે તેથી ક્રિયાપણું તે જીવનો મૂળ સ્વભાવ નથી. જ્યારે પુદ્ગલ પરમાણુ છૂટો પડવા છતાં પાછો ક્રિયાવાન થાય છે માટે સક્રિયપણું તેનો સ્વભાવ છે, તેથી પુદ્ગલને સદા ક્રિયાવાન કહ્યા છે. તેથી કરીને પુદ્ગલો હંમેશાં ચાલ્યા જ કરે એવો એનો અર્થ નથી. સિદ્ધની જેમ તે સદાય રહેતા નથી એ બતાવવા સદાય ક્રિયાવાન કહેલ છે.

આ અર્થસમયની વાત ચાલે છે. પદાર્થોનો સ્વભાવ બતાવે છે. તું પદાર્થોનું જ્ઞાન કર. અજ્ઞાન તથા રાગ–દ્વેષને છોડ એમ કહે છે. આ પુસ્તક અહીંથી ખસ્યું, આમ કેમ ? અજ્ઞાનીને દૃશ્ય પદાર્થોમાં ભ્રમ પડે છે. અહીં કહે છે કે તે પુસ્તકનું આવવું–જવું તો તેના કારણે છે પણ તેમાં જીવનું જ્ઞાન, ઇચ્છા કે હાથ ત્રણેમાંથી એકેને અહીં નિમિત્ત લીધું નથી. માત્ર ત્રણે કાળ રહેનાર કાળ અરૂપી અદૃશને નિમિત્ત કહ્યું છે. માટે સંયોગો ઉપરથી દૃષ્ટિ ઉઠાવ. આમ કેમ ? એવા પ્રશ્નને સ્વભાવમાં અવકાશ નથી. સ્વભાવ જ એવો છે. તું જાણનાર–દેખનાર છો એમ નક્કી કર્યા વિના શાંતિ થશે નહિ.

કેટલાક અજ્ઞાની એમ પણ દલીલ કરે છે કે આપણે આરંભ ન કરવો. દેરાસર, પ્રતિમા વગેરે બનાવવાનો આપણે આરંભ ન કરવો. તો પૂછવામાં આવે છે કે શું તે જડપદાર્થોની અવસ્થાને તું કરી શકે છે ? શું શુભરાગથી તે જડ પદાર્થો થાય છે, કે જેથી હવે તે પ્રકારનો શુભરાગ અટકાવી, જે મંદિર આદિ થવાનાં છે તેને અટકાવી દઉં એમ તું માને છે ? આ માન્યતા ભ્રમણા છે. આરંભના સ્વરૂપને સમજતો નથી. જીવના શુભરાગને લીધે મંદિરો થતાં નથી તેમ જ શુભરાગ ન કરે તો મંદિરો અટકી જાય એમ પણ નથી. જે પદાર્થો, જે પથ્થરો–લોઢું વગેરે જ્યાંથી ને જે ક્ષેત્રેથી આવવાના ત્યાંથી આવશે, જ્યાં રહેવાના ને મકાનના સ્કંધરૂપે થવાના ત્યાં થવાના. હું આ જડ પદાર્થોને બનાવી શકું છું કે અટકાવી શકું છું એ માન્યતા જ મિથ્યાદર્શન શલ્ય

છે ને એ જ મોટો આરંભ છે. આરંભ જડ પદાર્થોમાં રહેતો નથી. અહીં તો કહે છે કે જડ પદાર્થો તેના કારણે આવે–જાય છે, તેમાં જીવ નિમિત્ત પણ નથી. મંદિરો આદિ બને છે તેમાં કાળને નિમિત્ત કહીને જીવના શુભરાગના નિમિત્તપણાને ઉડાડ્યું છે માટે સંયોગો ઉપર ને શુભરાગ ઉપરની દ્રષ્ટિ ઉઠાવ ને શુદ્ધ ચિદાનંદ સ્વભાવ ઉપર દ્રષ્ટિ કર. પરમાણુઓનું ક્ષેત્રાંતર થઈને મકાનના સ્કંધરૂપ અવસ્થા થવી તેમાં જીવના જ્ઞાનને ઇચ્છાને કે હાથને નિમિત્ત નહીં કહેતાં, એકલા અદ્રશ્ય કાળને નિમિત્ત કહી બહુ સૂક્ષ્મ વાત કરી છે. જગતના દ્રશ્યમાન પદાર્થ ઉપરની સંયોગી દ્રષ્ટિ ઉઠાવ એમ કહેવાનો ભાવ છે. વળી બધા જડ પુદ્ગલોમાં જીવ નિમિત્ત હોતો નથી તેથી જીવનું નિમિત્તપણું ઉડાડી ત્રણે કાળ રહેતા કાળને નિમિત્ત કહેલ છે. માટે પુદ્ગલના કર્તાપણાનો અહંકાર ઉડાડ્યો છે. વળી પુદ્ગલને સદા ક્રિયાવાન કહ્યા તેનો અર્થ એમ કે જ્યારે ક્રિયા કરે છે ત્યારે ક્રિયાવાન સમજવા, પણ સદાય ચાલતા રહે એવો તેનો અર્થ નથી. પણ જીવ સિદ્ધદશા પામ્યા પછી ક્રિયાવાન થતો નથી પણ પરમાણુ છૂટો પડ્યા પછી ને સ્થિર થયા પછી પાછો ક્રિયાવાન થાય એટલું બતાવવા સદાય ક્રિયાવાન છે એમ કહેલ છે. ૯૮.

---

**जे खलु इंदियगेज्झा विसया जीवेहिं होंति ते मुत्ता।**
**सेसं हवदि अमुत्तं चित्तं उभयं समादियदि ।।९९।।**

**ये खलु इन्द्रियग्राह्या विषया जीवैर्भवन्ति ते मूर्ताः।**
**शेषं भवत्यमूर्तं चित्तमुभयं समाददाति ।।९९।।**

**છે જીવને જે વિષય ઇંદ્રિયગ્રાહ્ય, તે સૌ મૂર્ત છે;**
**બાકી બધુંય અમૂર્ત છે; મન જાણતું તે ઉભયને. ૯૯.**

**અન્વયાર્થ** : (ये खलु) જે પદાર્થો (जीवैः इन्द्रियग्राह्याः विषयाः) જીવોના ઇંદ્રિયગ્રાહ્ય વિષયો છે (ते मूर्ताः भवन्ति) તેઓ મૂર્ત છે અને (शेषं) બાકીનો પદાર્થસમૂહ (अमूर्तं भवति) અમૂર્ત છે. (चित्तम्) ચિત્ત (उभयं) તે બંનેને (समाददाति) ગ્રહણ કરે છે (– જાણે છે).

---

**तात्पर्यवृत्ति :** एवं सक्रियनिःक्रियत्वमुख्यत्वेन गाथा गता। अथ पुनरपि प्रकारांतरेण मूर्तामूर्तस्वरूपं कथयति, - **जे खलु इंदियगेज्झा विसया** ये खलु इन्द्रियैः करणभूतैर्ग्राह्या विषयाः कर्मतापन्नाः। कैः ? कर्तृभूतैः। **जीवेहिं** विषयसुखानंदरतैर्नीरागनिर्विकल्पनिजानंदैकलक्षणसुखामृतरसास्वादच्युतैबर्हिमुखजीवैः **होंति ते मुत्ता** भवन्ति ते मूर्ता विषयातीतस्वभाविकसुखस्वभावात्मतत्त्वविपरीतविषयास्ते च सूक्ष्मत्वेन केचन यद्यपीन्द्रियविषयाः वर्तमानकाले न भवन्ति तथापि कालांतरे भविष्यंतीतीन्द्रियग्रहणयोग्यतासद्भावादिन्द्रियग्रहणयोग्या भण्यंते **सेसं हवदि अमुत्तं** अमूर्तातीन्द्रियज्ञानसुखादिगुणाधारं यदात्मद्रव्यं तत्प्रभृति पंचद्रव्यरूपं पुद्गलादन्यत् यच्छेषं तद्भवत्यमूर्तं **चित्तं उभयं समादियदि** चित्तमुभयं समाददाति। चित्तं हि

मतिश्रुतज्ञानयोरुपादानकारणभूतमनियतविषयं च तच्च श्रुतज्ञानस्वसंवदेनज्ञानरूपेण यदात्मग्राहकं भावश्रुतंः तत्प्रत्यक्षं यत्पुनर्द्वादशांगचतुर्दशपूर्वरूपपरमागमसंज्ञं तच्च मूर्तामूर्तोभयपरिच्छित्तिविषये व्याप्तिज्ञानरूपेण परोक्षमपि केवलज्ञानसदृशमित्यभिप्रायः। तथा चोक्तं। `सुदकेवलं च णाणं दोण्णिवि सरिसाणि होंति बोहादो। सुदणाणं च परोक्खं पच्चक्खं केवलं णाणं' ।।९९।।

---

**समयव्याख्या : मूर्तामूर्तलक्षणाख्यानमेतत्। इह हि जीवैः स्पर्शनरसनघ्राणचक्षुर्भिरिन्द्रियैस्तद्विषयभूताः स्पर्शरसगंधवर्णस्वभावा अर्था गृह्यंते। श्रोत्रेन्द्रियेण तु त एव तद्विषयहेतुभूतशब्दाकारपरिणता गृह्यंते। ते कदाचित्स्थूलस्कंधत्वमापन्नाः कदाचित्सूक्ष्मत्वमापन्नाः कदाचित्परमाणुत्वमापन्नाः इन्द्रियग्रहणयोग्यतासद्भावद् गृह्यमाणा अगृह्यमाणा वा मूर्ता इत्युच्यंते। शेषमितरत् समस्तमप्यर्थजातं स्पर्शरसगंधवर्णाभावस्वभावमिन्द्रियग्रहणयोग्यताया अभावादमूर्तमित्युच्यते। चित्तग्रहणयोग्यतासद्भावभाग्भवति तदुभयमपि, चित्तं ह्यनियतविषयमप्राप्यकारि मतिश्रुतज्ञानसाधनीभूतं मूर्तममूर्तं च समाददातीति ।।९९।।**

**- इति चूलिका समाप्ता ।**

**અનુવાદ : આ, મૂર્ત અને અમૂર્તનાં લક્ષણનું કથન છે.**

**આ લોકમાં જીવો વડે સ્પર્શનેન્દ્રિય, રસનેંદ્રિય, ઘ્રાણેંદ્રિય અને ચક્ષુરિંદ્રિય દ્વારા તેમના (તે ઇંદ્રિયોના) વિષયભૂત, સ્પર્શ-રસ-ગંધ-વર્ણસ્વભાવવાળા પદાર્થો (સ્પર્શ, રસ, ગંધ અને વર્ણ જેમનો સ્વભાવ છે એવા પદાર્થો) ગ્રહાય છે (જણાય છે); અને શ્રોત્રેંદ્રિય દ્વારા તે જ પદાર્થો તેના (શ્રોત્રેંદ્રિયના) વિષયહેતુભૂત શબ્દાકારે પરિણમ્યા થકા ગ્રહાય છે. તેઓ (તે પદાર્થો), કદાચિત્ સ્થૂલસ્કંધપણાને પામતો થકા, કદાચિત્ સૂક્ષ્મત્વને (સૂક્ષ્મસ્કંધપણાને) પામતા થકા અને કદાચિત્ પરમાણુપણાને પામતા થકા ઇંદ્રિયો દ્વારા ગ્રહાતા હોય કે ન ગ્રહાતા હોય, ઇંદ્રિયો વડે ગ્રહાવાની યોગ્યતાનો (સદા) સદ્ભાવ હોવાથી 'મૂર્ત' કહેવાય છે.**

**સ્પર્શ-રસ-ગંધ-વર્ણનો અભાવ જેનો સ્વભાવ છે એવો બાકીનો અન્ય સમસ્ત પદાર્થસમૂહ ઇંદ્રિયો વડે ગ્રહાવાની યોગ્યતાના અભાવને લીધે 'અમૂર્ત' કહેવાય છે.**

**તે બંને (પૂર્વોક્ત બંને પ્રકારના પદાર્થો) ચિત્ત વડે ગ્રહાવાની યોગ્યતાના સદ્ભાવવાળા છે; ચિત્ત - કે જે અનિયત વિષયવાળું, અપ્રાપ્યકારી અને મતિશ્રુતજ્ઞાનના સાધનભૂત (મતિજ્ઞાન તથા શ્રુતજ્ઞાનમાં નિમિત્તભૂત) છે તે મૂર્ત તેમ જ અમૂર્તને ગ્રહણ કરે છે (જાણે છે). ૯૯.**

**આ રીતે ચૂલિકા સમાપ્ત થઈ.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૯, શુક્રવાર)

હવે મૂર્ત-અમૂર્ત પદાર્થો કોને કહેવા તે બતાવે છે.

જીવોથી ઇન્દ્રિયો દ્વારા જણાય છે તે પુદ્‌ગલપદાર્થો છે. તે મૂર્તિક છે. ઇંદ્રિયગ્રાહ્ય એટલે ઇંદ્રિયો પદાર્થોને પકડી લેતી નથી પણ ઇન્દ્રિયોના નિમિત્તે જણાય છે તે પુદ્‌ગલ મૂર્તિક છે ને પુદ્‌ગલથી ભિન્ન પદાર્થોને અમૂર્તિક જાણવા.

**ભાવાર્થ :** આ લોકમાં સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળા પદાર્થો સ્પર્શન, જીભ, નાસિકા ને નેત્ર – આ ચાર ઇન્દ્રિયો દ્વારા જણાય છે. ભાવઇન્દ્રિય દ્વારા પદાર્થો જણાય છે તેમાં દ્રવ્યઇન્દ્રિય નિમિત્ત છે. તે બધા પુદ્‌ગલ છે, મૂર્તિક છે. ઇન્દ્રિય તે પરપદાર્થને ગ્રહતી નથી તેમ જ છોડતી નથી, પણ આત્મા કર્મને ગ્રહે તથા મૂકે એમ પણ બનતું નથી.

કોઈ પૂછે કે શાસ્ત્રમાં કથન આવે છે કે આત્માના કષાયપરિણામથી સ્થિતિ ને રસનો બંધ પડે ને યોગથી પ્રદેશ ને પ્રકૃતિનો બંધ પડે છે તેનું શું ? તથા 'આત્મસિદ્ધિ'માં કથન આવે છે કે 'ગ્રહણ કરે જડધૂપ' તો શું આત્મા જડને, જડકર્મને ગ્રહતો હશે ? ને કર્મને બાંધતો હશે ? તેનું સમાધાન :– તે બધાં નિમિત્તનાં કથન છે. જીવનો વિકારીભાવ બતાવવાનું કથન છે. કર્મો તો પોતાની યોગ્યતાથી આવે છે ને બંધાય છે તેમાં આત્માના વિકારનું નિમિત્તપણું બતાવવું છે. આત્મામાં પરના ગ્રહણ–ત્યાગશૂન્યત્વ (રહિતપણાની) શક્તિ છે. ભાવઇન્દ્રિયો પદાર્થોને માત્ર જાણે છે. (૧) અહીં કહ્યું કે ઇન્દ્રિયો દ્વારા જાણવામાં આવતા પદાર્થો પુદ્‌ગલ મૂર્તિક છે. (૨) કોઈ વાર સ્થૂલ સ્કંધરૂપ ધારણ કરે. (૩) કોઈ વાર સૂક્ષ્મ સ્કંધરૂપ થાય. (૪) કોઈ વાર પરમાણુ થાય. તે બધા મૂર્તિક છે.

કોઈ સૂક્ષ્મસ્કંધ અથવા પરમાણુ ઇન્દ્રિયો દ્વારા જાણવામાં આવતો નથી તોપણ તે પુદ્‌ગલોમાં એવી શક્તિ છે કે કોઈ વાર સ્થૂલતાને ધારણ કરે છે ને ઇન્દ્રિયગમ્ય થાય છે, તેથી ગમે તેવા સૂક્ષ્મ સ્કંધને અથવા પરમાણુને ઇન્દ્રિયગ્રાહ્ય કહ્યા છે. વર્તમાનમાં ભલે ઇન્દ્રિયો દ્વારા જણાતા નથી પણ ઇન્દ્રિય દ્વારા જાણવાની યોગ્યતા છે માટે ઇન્દ્રિયગ્રાહ્ય કહ્યા.

આત્મા કોઈ પણ ઇન્દ્રિયો દ્વારા જણાય એવો નથી. તેવી રીતે ધર્મ, અધર્મ, આકાશ, કાળ પણ અતીન્દ્રિય છે. તે પાંચે પદાર્થો સ્પર્શ, રસ, ગંધ, વર્ણથી રહિત છે. તેમ જ ઇન્દ્રિય દ્વારા જણાય એવા નથી માટે તે પાંચેને અમૂર્તિક જાણવા.

ભાવમનના ઉઘાડથી ને દ્રવ્યમનના નિમિત્તે મૂર્તિક અને અમૂર્તિક બન્ને પ્રકારના પદાર્થો જાણી શકાય છે. મારો આત્મા સ્વતંત્ર છે, ઇન્દ્રિય ને મનથી જ્ઞાન થતું નથી મારા આત્માના આશ્રયે જ્ઞાન થાય છે, એમ પ્રતીતિ ને જ્ઞાન કરી સ્વભાવનો આશ્રય લેતાં જે સમ્યક્ મતિ–શ્રુત જ્ઞાન પ્રગટે છે તે જ્ઞાન સ્વને જાણતાં પરને જાણી લ્યે છે. સૂક્ષ્મ પરમાણુ, તૈજસ, કાર્મણ વગેરેનો ખ્યાલ અનુમાનથી આવી જાય છે. ધર્મ, અધર્મ, આકાશ ને કાળને પણ તે જ્ઞાન જાણી લ્યે છે. વળી આત્માની પર્યાયમાં થતા રાગદ્વેષ અમૂર્તિક છે તેને પણ સમ્યક્જ્ઞાન સ્વને જાણતાં, રાગ તે પર છે એમ જાણી લ્યે છે. આ સમ્યક્મતિ–શ્રુત જ્ઞાનનું સાધન તો આત્મા છે. મન નિમિત્તમાત્ર છે. પોતાને જાણતાં અમૂર્તિક દ્રવ્યો, સૂક્ષ્મ મૂર્ત પદાર્થો ને પોતાના અમૂર્તિક વિકારાદિ પરિણામને તે જાણે છે. કેવળજ્ઞાન ને મતિજ્ઞાનમાં પ્રત્યક્ષ ને પરોક્ષનો ફેર છે.

જ્યારે જ્ઞાન પરપદાર્થોને જાણે છે ત્યારે જ્ઞાન તે પદાર્થોમાં જતું નથી પણ પોતે પોતાની

તાકાતથી સ્વમાં રહીને જાણે છે. મતિ–શ્રુતજ્ઞાનનું સાધન આત્મા છે. મન નિમિત્તમાત્ર છે. આ પ્રમાણે મનના નિમિત્તે મૂર્ત–અમૂર્ત પદાર્થો જાણી શકાય છે.

વર્તમાનમાં જે સ્થૂલમૂર્ત સ્કંધો ઇન્દ્રિય દ્વારા જણાય છે તે વિભાવ પર્યાય છે, તે સંયોગી પદાર્થ છે, મૂળ પદાર્થ નથી. તે વ્યવહારનયનો વિષય છે. નિશ્ચયદ્રવ્ય તો મૂળ પરમાણુ છે તે પણ અતીન્દ્રિય છે. આવી રીતે છ દ્રવ્યો અતીન્દ્રિય છે ને તે અતીન્દ્રિયજ્ઞાન દ્વારા જણાય તેવાં છે. પોતાના આત્માના આશ્રયે અતીન્દ્રિયજ્ઞાન થતાં ઇન્દ્રિયોથી ગ્રાહ્ય ક્યા પદાર્થ છે તેનું યથાર્થ જ્ઞાન થાય છે. એકલી ઇન્દ્રિયથી કામ કરવા જાય તો યથાર્થ જ્ઞાન થતું નથી. ૯૯.

---

**कालो परिणामभवो परिणामो दव्वकालसंभूदो।**
**दोण्हं एस सहावो कालो खणभंगुरो णियदो ।।१००।।**

**कालः परिणामभवः परिणामो द्रव्यकालसंभूतः।**
**द्वयोरेष स्वभावः कालः क्षणभङ्गुरो नियतः ।।१००।।**

**પરિણામભવ છે કાળ, કાળપદાર્થભવ પરિણામ છે;**
**–આ છે સ્વભાવો ઉભયના; ક્ષણભંગી ને ધ્રુવ કાળ છે. ૧૦૦.**

**અન્વયાર્થ** : (कालः परिणामभवः) કાળ પરિણામથી ઉત્પન્ન થાય છે (અર્થાત્ વ્યવહારકાળ જીવ–પુદ્‌ગલોના પરિણામથી મપાય છે;) (परिणामः द्रव्यकालसंभूतः) પરિણામ દ્રવ્યકાળથી ઉત્પન્ન થાય છે – (द्वयोः एषः स्वभावः) આ, બંનેનો સ્વભાવ છે. (कालः क्षणभङ्गुरः नियतः) કાળ ક્ષણભંગુર તેમ જ નિત્ય છે.

---

**तात्पर्यवृत्ति** : एवं प्रकारांतरेण मूर्तामूर्तस्वरूपकथनगाथा गता। अथ व्यवहारकालस्य निश्चयकालस्य च स्वरूपं व्यवस्थापयति, - **कालो** समयनिमिषघटिकादिवसादिरूपो व्यवहारकालः। स च कथंभूतः ? **परिणामभवो** मंदगतिरूपेणाणोरण्वंतरव्यतिक्रमणं नयनपुटविघटनं जलभाजनहस्तविज्ञानरूपपुरुषचेष्टितं दिनकरबिंबागमनमित्येवं स्वभावः पुद्गलद्रव्यक्रियापर्यायरूपः परिणामस्तेन व्यज्यमानत्वात्प्रकटीक्रियमाणत्वाद्धेतोर्व्यवहारेण पुद्गलपरिणामभव इत्युपनीयते, परमार्थेन तु कालाणुद्रव्यरूपनिश्चयकालस्य पर्यायः **परिणामो दव्वकालसंभूदो** अणोरण्वंतरव्यतिक्रमणप्रभृतिपूर्वोक्तपुद्गलपरिणामस्तु शीतकाले पाठकस्याग्निवत् कुम्भकारचक्रभ्रमणविषयेऽधस्तनशिलावद्बहिरङ्गसहकारिकारणभूतेन कालाणुरूपद्रव्यकालेनोत्पन्नत्वाद्द्रव्यकालसंभूतः **दोण्हं एस सहाओ** द्वयोर्निश्चयव्यवहारकालयोरेषः पूर्वोक्तः स्वभावः। स किंरूपः व्यवहारकालः। पुद्गलपरिणामेन व्यज्यमानत्वात्परिणामजन्यः। निश्चयकालस्तु परिणामजनकः **कालो खणभंगुरो -** समयरूपो व्यवहारकालः क्षणभंगुरः **णियदो** स्वकीयगुणपर्यायाधारत्वेन सर्वदैवाविनश्वरत्वाद्द्रव्यकालो नित्य इति। अत्र यद्यपि काललब्धिवशेन भेदाभेदरत्नत्रयलक्षणं

मोक्षमार्गं प्राप्य जीवो रागादिरहितनित्यानंदैकस्वभावमुपादेयभूतं पारमार्थिकसुखं साधयति तथा जीवस्तस्योपादानकारणं न च काल इत्यभिप्रायः। तथा चोक्तं। आत्मोपादानसिद्धमित्यादिरिति ।।१००।।

---

**समयव्याख्या : अथ कालद्रव्यव्याख्यानम्। व्यवहारकालस्य निश्चयकालस्य च स्वरूपाख्यानमेतत्। तत्र क्रमानुपाती समयाख्यः पर्यायो व्यवहारकालः, तदाधारभूतं द्रव्यं निश्चयकालः। तत्र व्यवहारकालो निश्चयकालपर्यायरूपोपि जीवपुद्गलानां परिणामेनावच्छिद्यमानत्वात्तत्परिणामभव इत्युपगीयते, जीवपुद्गलानां परिणामस्तु बहिरङ्गनिमित्तभूतद्रव्यकालसद्भावे सति संभूतत्वाद्-द्रव्यकालसंभूत इत्यभिधीयते। तत्रेदं तात्पर्यं - व्यवहार - कालो जीवपुद्गलपरिणामेन निश्चीयते, निश्चयकालस्तु तत्परिणामान्यथानुपपत्त्येति। तत्र क्षणभङ्गी व्यवहारकालः सूक्ष्मपर्यायस्य तावन्मात्रत्वात्, नित्यो निश्चयकालः स्वगुणपर्यायाधारद्रव्यत्वेन सर्वदैवाविनश्वरत्वादिति ।।१००।।**

**અનુવાદ : હવે કાળદ્રવ્યનું વ્યાખ્યાન છે. આ, વ્યવહારકાળ તથા નિશ્ચયકાળના સ્વરૂપનું કથન છે.**

**ત્યાં, 'સમય' નામનો જે ક્રમિક પર્યાય તે વ્યવહારકાળ છે; તેના આધારભૂત દ્રવ્ય તે નિશ્ચયકાળ છે.**

**ત્યાં, વ્યવહારકાળ નિશ્ચયકાળના પર્યાયરૂપ હોવા છતાં જીવ–પુદ્ગલોના પરિણામથી મપાતો–જણાતો હોવાને લીધે 'જીવ–પુદ્ગલોના પરિણામથી ઉત્પન્ન થતો' કહેવાય છે; અને જીવ–પુદ્ગલોના પરિણામ બહિરંગ–નિમિત્તભૂત દ્રવ્યકાળના સદ્ભાવમાં ઉત્પન્ન થતા હોવાને લીધે 'દ્રવ્યકાળથી ઉત્પન્ન થતા' કહેવાય છે. ત્યાં, તાત્પર્ય એ છે કે – વ્યવહારકાળ જીવ–પુદ્ગલોના પરિણામ વડે નક્કી થાય છે; અને નિશ્ચયકાળ જીવ–પુદ્ગલોના પરિણામની અન્યથા અનુપપત્તિ વડે (અર્થાત્ જીવ–પુદ્ગલોના પરિણામ બીજી રીતે નહિ બની શકતા હોવાથી) નક્કી થાય છે.**

**ત્યાં, વ્યવહારકાળ ક્ષણભંગી છે, કારણ કે સૂક્ષ્મ પર્યાય એવડો જ માત્ર (ક્ષણમાત્ર જેવડો જ, સમયમાત્ર જેવડો જ) છે; નિશ્ચયકાળ નિત્ય છે, કારણ કે તે પોતાના ગુણ–પર્યાયોના આધારભૂત દ્રવ્યપણે સદાય અવિનાશી છે. ૧૦૦.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૯, શુક્રવાર)

કાળની પર્યાય અથવા એક સમયના પરિણામ પોતાના દ્રવ્યથી ઉત્પન્ન થાય છે પણ તેમાં જીવ–પુદ્ગલના પરિણામ નિમિત્ત છે. તેથી સમય આદિ વ્યવહારકાળ જીવ–પુદ્ગલોના પરિણામથી ઉત્પન્ન થાય છે એમ કહ્યું છે. ને કાળાણુ અસંખ્ય આ જગતમાં છે તે દ્રવ્ય છે. તેમાં અનંતગુણો છે. એક ગુણની એક એવી અનંતી પર્યાયો છે. વળી તે દ્રવ્ય ઉત્પાદ–વ્યય–ધ્રુવવાળું છે. નવી

અવસ્થારૂપે ઊપજે છે, જૂનીનો વ્યય થાય છે, પોતે દ્રવ્યપણે ટકી રહે છે. જીવ-પુદ્ગલના બધા પરિણામમાં આ નિશ્ચયકાળાણુ નિમિત્ત છે. તેથી કાળને લીધે જીવ-પુદ્ગલનાં પરિણામ થાય છે એમ કહેવામાં આવે છે. આ પ્રમાણે નિશ્ચય ને વ્યવહારકાળનો સ્વભાવ છે.

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૧૦, શનિવાર)

આ પંચાસ્તિકાયનું વર્ણન ચાલે છે. પાંચ પદાર્થો 'છે' કહેતાં અસ્તિ ને ઘણા પ્રદેશોના સમૂહવાળા છે માટે કાય એમ પાંચ અસ્તિકાય છે, કાળ વસ્તુ છે પણ સમૂહ નથી.

આમ છ દ્રવ્યોનું તે અર્થસમય છે. તેને શાસ્ત્ર કહે છે ને જ્ઞાન જાણે છે. જે શાસ્ત્ર રાગરહિતપણે પદાર્થને બતાવે તે શાસ્ત્ર છે. જે પદાર્થ જ્ઞાનમાં જ્ઞેયરૂપે નિમિત્ત છે તે અર્થસમય છે. ને તે **પદાર્થોનું રાગરહિતપણે જાણવું તે જ્ઞાનસમય છે.** આત્માનો સ્વભાવ સ્વ-પરપ્રકાશક છે. સ્વને જાણતાં રાગ જણાઈ જાય છે. એવા જ્ઞાનની રુચિ કરવી તે શાંતિ ને સુખનો ઉપાય છે.

અરીસાની સામે અનેક ચીજો જુદા જુદા આકારની ને રંગની પડી છે. અરીસો તેને જેમ છે તેમ પ્રકાશે છે. પણ સામી ચીજનો આકાર ને રંગ તેમાં પેસી જતા નથી. નાળિયેર, લીંબુ વગેરે ચીજોના આકાર ને રંગ અરીસામાં પ્રવેશ પામે તો આ ચીજો રંગ ને આકાર વિનાની થતાં નાશને પામે. પણ એમ બનતું નથી. અરીસાની સ્વચ્છતાનું પરિણમન છે તેમાં અનેક ચીજો જણાય છે. તેવી રીતે ચૈતન્ય અરીસો સ્વ-પરપ્રકાશક સ્વભાવવાળો છે. તેમાં સ્વનું જ્ઞાન થતાં પરપદાર્થોના દ્રવ્ય-ગુણ-પર્યય તથા આકૃતિ જેમ છે તેમ જણાઈ જાય છે છતાં પરપદાર્થો આત્મામાં પેસતા નથી. અરીસામાં મોટી અગ્નિ દેખાય છતાં અરીસો ગરમ થતો નથી તેમ હું આત્મા ચિદાનંદસ્વભાવી છું, શરીર-મન-વાણી પર છે, પુણ્ય-પાપ વિકાર છે, વિકાર વિનાનો હું શુદ્ધ છું એમ સ્વનું જ્ઞાન થતાં પરનું જ્ઞાન થઈ જાય છે. કાળ પણ જ્ઞેય છે તેની વ્યાખ્યા કરે છે.

**ભાવાર્થ** : જે ક્રમથી અતિસૂક્ષ્મ પ્રવર્તે છે તે વ્યવહારકાળ છે ને તે વ્યવહારકાળનો આધાર નિશ્ચયકાળ છે. કાળ શબ્દ છે તો કાળ નામનો પદાર્થ પણ છે. જેમ સાકર શબ્દ છે તો સાકર નામનો પદાર્થ પણ છે, સિંહ શબ્દ છે તો સિંહ નામનો પદાર્થ છે, સર્વજ્ઞ શબ્દ છે તો સર્વજ્ઞ નામનો પદાર્થ છે. શબ્દને લીધે પદાર્થ છે એમ કહીને પદાર્થનું પરાધીનપણું બતાવવું નથી પણ શબ્દ વાચક છે ને પદાર્થ વાચ્ય છે એમ કહીને પદાર્થનું પરાધીનપણું બતાવવું નથી પણ શબ્દ વાચક છે ને પદાર્થ વાચ્ય છે એમ કહી વાચક-વાચ્યનો સંબંધ બતાવવો છે. કેટલાક કાળને ઉપચાર માને છે તે વાત ખોટી છે, તેથી અહીં કહેવામાં આવે છે કે કાળ નામનો બે અક્ષરનો શબ્દ છે તો કાળ પદાર્થ પણ છે.

પરમેશ્વર શબ્દ છે તો પરમેશ્વર પણ છે. ચૈનત્યશક્તિનો જેમાં પૂર્ણ વિકાસ થઈ ગયો તેને સર્વજ્ઞ અથવા પરમેશ્વર કહે છે, શબ્દ કહે છે તેવો પદાર્થ છે ને તેમ જ્ઞાનમાં આવવું જોઈએ. સર્વજ્ઞદશા જ્ઞાનગુણની પૂર્ણદશા છે. જોકે મને વર્તમાનમાં પૂર્ણદશા નથી તોપણ જગતમાં પૂર્ણદશાને પામેલા સર્વજ્ઞ હોવા જોઈએ. વર્તમાનમાં મને અલ્પજ્ઞતા હોવા છતાં સર્વજ્ઞદશાને કબૂલ કરું છું.

તે પર્યાયે સર્વજ્ઞને કબૂલવાનું જોર ઉપાડ્યું તે જોર ક્યાંથી આવ્યું ? નિમિત્ત, રાગ કે પર્યાયના અવલંબને તે જોર ઊપડતું નથી પણ પોતાના જ્ઞાનસ્વભાવનો મહિમા આવતાં તે જોર ઊપડે છે. અહો ! તે સર્વજ્ઞ ભગવંતો પોતાના ત્રિકાળી જ્ઞાનગુણવાળા આત્માના આશ્રયે સર્વજ્ઞદશાને પામ્યા છે, તેમ હું પણ આત્મા છું, મારા સ્વભાવના આશ્રયે અલ્પજ્ઞતા ટાળી સર્વજ્ઞદશાને પામીશ. અનંતા સર્વજ્ઞો થયા તેની કબૂલાતમાં પોતાની પ્રભુતાની કબૂલાત આવી જાય છે. તે પ્રભુતાની કબૂલાત સર્વજ્ઞને લીધે નથી તેમ જ શબ્દોને લીધે નથી. હું મારી પ્રભુતા મારા ચૈતન્યના આશ્રયે કબૂલું છું, વર્તમાન અલ્પજ્ઞતા ને રાગમાં અટક્યો છું તે મારી નબળાઈ છે ને તેથી સર્વજ્ઞતા વ્યક્ત નથી, પણ સ્વભાવના આશ્રયે વીતરાગી વિજ્ઞાન થતાં સર્વજ્ઞ થઈ શકાય એવી પ્રતીતિ વર્તે છે. આમ નક્કી કરનારે સર્વજ્ઞ શબ્દ જાણ્યો. શબ્દે બતાવેલો પદાર્થ પણ જાણ્યો ને સર્વજ્ઞ થવાની તાકાત છે એમ જ્ઞાને નક્કી પણ કર્યું આવી રીતે શબ્દ, પદાર્થ ને જ્ઞાન ત્રણે સમયો જાણ્યા કહેવાય.

**પ્રશ્ન** : 'સસલાનાં શીંગડાં' શબ્દો છે તો જગતમાં તેવો પદાર્થ છે ?

**સમાધાન** : સસલાનાં શીંગડાં બે પદવાળું વાક્ય થઈ ગયું. એકલો શબ્દ કહો તો તેવો પદાર્થ હોવો જોઈએ. સસલું શબ્દ છે તો તે નામનો પદાર્થ છે. ને શીંગડું શબ્દ છે તો તે નામનો પદાર્થ છે. બે શબ્દો છે તો બે પદાર્થો જુદા જુદા છે. પણ બે શબ્દોના વાક્યનો પદાર્થ હોવો જોઈએ એવો નિયમ નથી. એક શબ્દ હોય તેવો પદાર્થ હોઈ શકે ને તેવું જ્ઞાન થઈ શકે છે. શબ્દ તો શબ્દના કારણે છે ને જ્ઞાન પણ જ્ઞાનના કારણે થાય છે. પણ શબ્દ તથા જ્ઞાનને નિમિત્ત–નૈમિત્તિક સંબંધ છે.

જેમ સર્વજ્ઞ શબ્દ ઉપરથી સર્વજ્ઞપણું પોતાના રાગરહિત સ્વભાવના આશ્રયે નક્કી કર્યું તેમ કાળ શબ્દ છે તો કાળ નામનો પદાર્થ પણ છે ને કાળ પદાર્થનું જ્ઞાન રાગરહિત સ્વભાવના આશ્રયે યથાર્થ કરી શકાય છે. અહીં પાંચ મહાવ્રતધારી મહાન આચાર્ય કુંદકુંદાચાર્ય ભગવાન કહે છે કે કાળ નામનો શબ્દ છે તો કાળ નામનો પદાર્થ છે. સર્વજ્ઞે કહ્યું છે, શાસ્ત્રે કહ્યું છે, તારા જ્ઞાનના વેદનમાં યુક્તિ ને અનુમાન સહિત ખ્યાલમાં આવી શકે એમ છે.

વ્યવહાકાળ એક સમયનો પર્યાય છે. તે નિશ્ચયકાળનો પર્યાય છે. ને પર્યાય પર્યાયવાનનો છે છતાં બીજી રીતે સમજાવવામાં આવે છે. તે વ્યવહારકાળ જીવ–પુદ્ગલોના નવામાંથી જૂનારૂપ થવાનાં પરિણામોથી ઊપજે છે એમ કહેવામાં આવે છે. કોઈ વસ્ત્ર નવું હતું તે જીર્ણ થયું. કોઈ બાળક હતો તે યુવાન થયો. બાળ, યુવાન ને વૃદ્ધ અવસ્થા – એમ અવસ્થાના પરિણામથી કાળનું માપ જણાય છે. ખરેખર તો વ્યવહારકાળની પર્યાય નિશ્ચયકાળાણુ દ્રવ્યથી જ ઉત્પન્ન થાય છે પણ તેમાં જીવ–પુદ્ગલની જીર્ણ થવારૂપ અવસ્થા નિમિત્ત છે તેથી જીવ–પુદ્ગલના પરિણામથી વ્યવહારકાળનું માપ આવ્યું એમ કહેવાય છે.

તેથી નક્કી થાય છે કે સમય આદિ વ્યવહારકાળ છે તે જીવ–પુદ્ગલનાં પરિણામોથી પ્રગટ થાય છે ને સમયાદિ વ્યવહારકાળ છે તો તેની સાથે અવિનાભાવ સંબંધ ધરાવતો નિશ્ચયકાળ દ્રવ્ય પણ છે. જ્યાં પર્યાય છે ત્યાં દ્રવ્ય હોય જ. જો દ્રવ્ય ન હોય તો પર્યાય ન હોય. પર્યાયથી

પર્યાયનું અસ્તિત્વ ખ્યાલમાં આવે છે. જેમકે સાકરનો મીઠો સ્વાદ છે ત્યાં સાકર દ્રવ્ય છે; તેવી રીતે પરમાણુ એક પ્રદેશેથી બીજે પ્રદેશે મંદગતિથી જાય ત્યાં એક સમયનું માપ આવી ગયું, પર્યાયકાળ એટલામાં આવી ગયો માટે ત્યાં દ્રવ્યકાળ પણ એટલામાં આવી ગયો એમ સાબિત થાય છે. સમયકાળ અથવા વ્યવહારકાળ, દ્રવ્યકાળને અથવા નિશ્ચયકાળને સાબિત કરે છે. નિશ્ચય વિના વ્યવહાર હોય નહિ.

આ કાળદ્રવ્યની વાત ચાલે છે. તે કાળદ્રવ્ય નિશ્ચયથી હોવા છતાં તેની ના પાડે તો જ્ઞાન ખોટું ઠરે છે. કોઈ દુકાનમાં સાકરની ગૂણો પડી હોવા છતાં દુકાનદાર કહે કે સાકરની ગૂણો નથી તો તેનું જ્ઞાન ખોટું ઠરે છે, તેમ કાળ સહિત જગતના પદાર્થોને જેમ છે તેમ ન માને ને કાળને ઉડાડે ત તેને ઉડાડતાં પોતાના જ્ઞાનસ્વભાવને ઉડાડ્યો છે એટલે કે પોતાનું જ્ઞાન ખોટું ઠરે છે. વર્તમાનમાં કોઈ જીવો કાળને માનતા નથી, કોઈ અનંતાં કાળદ્રવ્યો માને છે – બન્ને ખોટા છે. એક પ્રદેશે એક એવા અસંખ્ય કાળાણુ છે એમ વસ્તુસ્વરૂપ છે. ભગવાને તે જોયું છે ને જ્ઞાન–ધ્યાનમાં મસ્ત મુનિઓ પણ એમ કહી રહ્યા છે. જે મુનિને સ્વીકારે છે તેને કાળતત્ત્વનો સ્વીકાર પણ હોવો જોઈએ. જે કાળને સ્વીકારતો નથી તે એકેને સ્વીકારતો નથી.

કોઈ કળાબાજ ચિત્રકાર હોય તે પડદા પાછળ બેઠેલી બાઈનું ચિત્ર તેનો એક અંગૂઠો જોઈને ચિતરી આપે છે. અલ્પજ્ઞ અજ્ઞાની કળાબાજ પણ એક અંશ ઉપરથી આખા શરીરનું તાદશ ચિત્ર દોરી આપે છે, તે કળાબાજની જગતને કિંમત આવે છે પણ આત્મા જ્ઞાનકળાબાજ છે, સમયના માપમાં આખા પર્યાયવાન કાળને નક્કી કરવાની તાકાતવાળો છે તે પોતાની કળાબાજીનો મહિમા અજ્ઞાનીને આવતો નથી, તે રાગ–દ્વેષાદિમાં રોકાઈ જાય છે.

અહીં વ્યવહારકાળ ઉપરથી નિશ્ચયકાળ બતાવે છે. પર્યાયથી પર્યાયીનું અસ્તિત્વ નક્કી થાય છે. તેમાંથી વ્યવહારકાળ ક્ષણવિનશ્વર છે ને નિશ્ચયકાળ નિત્ય છે. તે પોતાના અનંતા ગુણ–પર્યાયથી સહિત છે ને સદા અવિનાશી છે. જોકે આત્માની મોક્ષદશામાં કાળ નિમિત્ત છે પણ કાળને લીધે મોક્ષ થતો નથી, તેમ જ આત્માના જ્ઞાનમાં કાળ જ્ઞેય છે એટલે જ્ઞેય તરીકે પણ નિમિત્ત છે. પર્યાય નિમિત્ત થાય છે, દ્રવ્ય તો ત્રિકાળ છે. આ પ્રમાણે નિત્ય કાળદ્રવ્ય અવિનાશી કહ્યું. ૧૦૦.

---

**कालो त्ति य ववदेसो सब्भावपरूवगो हवदि णिच्चो।**
**उप्पण्णप्पद्धंसी अवरो दीहंतरट्ठाई ।।१०१।।**

**काल इति च व्यपदेशः सद्भावप्ररूपको भवति नित्यः।**
**उत्पन्नप्रध्वंस्यपरो दीर्घांतरस्थायी ।।१०१।।**

**છે 'કાળ' સંજ્ઞા સત્પ્રરૂપક તેથી કાળ સુનિત્ય છે;**
**ઉત્પન્નધ્વંસી અન્ય જે તે દીર્ઘસ્થાયી પણ ઠરે. ૧૦૧.**

**અન્વયાર્થ** : (**कालः इति च व्यपदेशः**) 'કાળ' એવો વ્યપદેશ (**सद्भावप्ररूपकः**) સદ્ભાવનો

પ્રરૂપક છે તેથી (**नित्यः भवति**) કાળ (નિશ્ચયકાળ) નિત્ય છે. (**उत्पन्नध्वंसी अपरः**) ઉત્પન્નધ્વંસી એવો જે બીજો કાળ (અર્થાત્ ઉત્પન્ન થતાંવેંત જ નષ્ટ થનારો જે વ્યવહારકાળ) તે (**दीर्घांतरस्थायी**) (ક્ષણિક હોવા છતાં પ્રવાહ–અપેક્ષાએ) દીર્ઘ સ્થિતિનો પણ (કહેવાય) છે.

---

**तात्पर्यवृत्ति :** अथ नित्यक्षणिकत्वेन पुनरपि कालभेदं दर्शयति;- **कालोत्ति य ववदेसो** काल इति व्यपदेशः संज्ञा। स च किं करोति ? **सब्भावपरूवगो हवदि** काल इत्यक्षरद्वयेन वाचकभूतेन स्वकीयवाच्यं परमार्थकालसद्भावं निरूपयति। क इव किं निरूपयति ? सिंहशब्द इव सिंहस्वरूपं सर्वज्ञशब्द इव सर्वज्ञस्वरूपमिति। एवं स्वकीयस्वरूपं निरूपयन् कथंभूतो भवति ? **णिच्चो** यद्यपि काल इत्यक्षरद्वयरूपेण नित्यो न भवति तथापि कालशब्देन वाच्यं यद्द्रव्यकालस्वरूपं तेन नित्यो भवतीति निश्चयकालो ज्ञातव्यः, **अवरो** अपरो व्यवहारकालः। स च किंरूपः ? **उप्पण्णप्पद्धंसी** यद्यपि वर्तमानसमयापेक्षयोत्पन्नप्रध्वंसी भवति तथापि पूर्वापरसमयसंतानापेक्षया व्यवहारनयेन **दीहंतरट्ठाई** आवलिकापल्योपमसागरोपमादिरूपेण दीर्घांतरस्थायी च घटते, नास्ति दोषः। एवं नित्यक्षणिकरूपेण निश्चयव्यवहारकालो ज्ञातव्यः। अथवा प्रकारांतरेण निश्चयव्यवहारकालस्वरूपं कथ्यते। तथाहि - अनाद्य-निधनः समयादिकल्पनाभेदरहितः कालाणुद्रव्यरूपेण व्यवस्थितो वर्णादिमूर्तिरहितो निश्चयकालः, तस्यैव पर्यायभूतः सादिसनिधनः समयनिमिषघटिकादिविवक्षितकल्पनाभेदरूपो व्यवहारकालो भवतीति ।।१०१।।

---

**समयव्याख्या : नित्यक्षणिकत्वेन कालविभागख्यापनमेतत्। यो हि द्रव्यविशेषः `अयं कालः, अयं कालः' इति सदा व्यपदिश्यते स खलु स्वस्य सद्भावमावेदयन् भवति नित्यः। यस्तु पुनरुत्पन्नमात्र एव प्रध्वंस्यते स खलु तस्यैव द्रव्यविशेषस्य समयाख्यः पर्याय इति। स तूत्संगितक्षणभंगोऽप्युपदर्शितस्वसंतानो नयबलाद्दीर्घांतरस्थाय्युपगीयमानो न दुष्यति; ततो न खल्वावलिकापल्योपमसागरोपमादिव्यवहारो विप्रतिषिध्यते। तदत्र निश्चयकालो नित्यः द्रव्यरूपत्वात्, व्यवहारकालः क्षणिकः पर्यायरूपत्वादिति ।।१०१।।**

**અનુવાદ : કાળના 'નિત્ય' અને 'ક્ષણિક' એવા બે વિભાગનું આ કથન છે.**

**'આ કાળ છે, આ કાળ છે' એમ કરીને જે દ્રવ્યવિશેષનો સદા વ્યપદેશ (નિર્દેશ, કથન) કરવામાં આવે છે, તે (દ્રવ્યવિશેષ અર્થાત્ નિશ્ચયકાળરૂપ ખાસ દ્રવ્ય) ખરેખર પોતાના સદ્ભાવને જાહેર કરતું થકું નિત્ય છે; અને જે ઉત્પન્ન થતાંવેંત જ નષ્ટ થાય છે, તે (વ્યવહારકાળ) ખરેખર તે જ દ્રવ્યવિશેષનો 'સમય' નામનો પર્યાય છે. તે ક્ષણભંગી હોવા છતાં પણ પોતાની સંતતિને (પ્રવાહને) દર્શાવતો હોવાને લીધે તેને નયના બળથી 'લાંબા વખત સુધી ટકનારો' કહેવામાં દોષ નથી; તેથી આવલિકા, પલ્યોપમ, સાગરોપમ ઇત્યાદિ વ્યવહારનો નિષેધ કરવામાં આવતો નથી.**

**એ રીતે અહીં એમ કહ્યું કે – નિશ્ચયકાળ દ્રવ્યરૂપ હોવાથી નિત્ય છે, વ્યવહારકાળ પર્યાયરૂપ હોવાથી ક્ષણિક છે. ૧૦૧.**

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૧૦, શનિવાર)

હવે કાળદ્રવ્યનું સ્વરૂપ નિત્યાનિત્ય ભેદ કરીને બતાવે છે.

**ભાવાર્થ** : જેવી રીતે સિંહ શબ્દ બે અક્ષરનો છે તે સિંહ નામના પદાર્થને બતાવે છે. જ્યારે કોઈ સિંહ શબ્દ કહે ત્યારે સિંહ શબ્દનું જ્ઞાન થાય છે તે પ્રમાણે કાળ શબ્દ કહેવાથી કાળ પદાર્થ જાણવામાં આવે છે. શબ્દને લીધે જ્ઞાન થાય છે એમ છે જ નહિ, પણ વાચક વાચ્ય સંબંધ બતાવી કાળને સિદ્ધ કરે છે. કાળ શબ્દ કાળ નામના નિશ્ચયપદાર્થને બતાવે છે. જેવી રીતે જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ દ્રવ્યો છે તેમ કાળ પણ દ્રવ્ય છે. અસંખ્ય કાળાણુ છે, આમ કાળ નામનો પદાર્થ નિશ્ચયનયથી બતાવ્યો.

વ્યવહારકાળમાં બધાથી સૂક્ષ્મ સમય છે. તે એક સમયની અવસ્થા છે. તે ઉત્પન્ન થાય છે ને નાશ પામે છે તથા નિશ્ચય કાળાણુની પર્યાય છે. પર્યાય ઉત્પાદ-વ્યયરૂપ સિદ્ધાંતમાં કહેવામાં આવેલ છે. તે સમયની ભૂત, ભવિષ્ય ને વર્તમાનરૂપ પરંપરા લેવામાં આવે તો આવલિ, પલ્યોપમ, સાગરોપમ વગેરે અનંત ભેદરૂપ થાય છે, તેથી નક્કી થાય છે કે નિશ્ચયકાળ અવિનાશી છે ને વ્યવહારકાળ વિનાશી છે. ૧૦૧.

---

**एदे कालागासा धम्माधम्मा य पुग्गला जीवा।**
**लब्भंति दव्वसण्णं कालस्स दु णत्थि कायत्तं ।।१०२।।**

**एते कालाकाशे धर्माधर्मौ च पुद्गला जीवाः।**
**लभंते द्रव्यसंज्ञां कालस्य तु नास्ति कायत्वम् ।।१०२।।**

**આ જીવ, પુદ્ગલ, કાળ, ધર્મ, અધર્મ તેમ જ નભ વિષે**
**છે ‘દ્રવ્ય’સંજ્ઞા સર્વને, કાયત્વ છે નહિ કાળને. ૧૦૨.**

**અન્વયાર્થ :** (एते) આ (कालाकाशे) કાળ, આકાશ, (धर्माधर्मौ) ધર્મ, અધર્મ, (पुद्गलाः) પુદ્ગલો (च) અને (जीवाः) જીવો (બધાં) (द्रव्यसंज्ञां लभंते) ‘દ્રવ્ય’ સંજ્ઞાને પામે છે; (कालस्य तु) પરંતુ કાળને (कायत्वम्) કાયપણું (न अस्ति) નથી.

---

**तात्पर्यवृत्ति :** एवं निर्विकारनिजानंदसुस्थितचिच्चमत्कारमात्रभावनारतानां भव्यानां बहिरंगकाललब्धिभूतस्य निश्चयव्यवहारकालस्य निरूपणमुख्यत्वेन चतुर्थस्थले गाथाद्वयं गतं। अथ कालस्य द्रव्यसंज्ञाविधानं कायत्वनिषेधं च प्रतिपादयति, - **एदे** एते प्रत्यक्षीभुताः **कालागासा धम्माधम्मा य पोग्गला जीवा** कालाकाशधर्माधर्मपुद्गलजीवाः कर्तारः **लब्भंति** लभंते। कां। **दव्वसण्णं** द्रव्यसंज्ञां। कस्मादिति चेत्। सत्तालक्षणमुत्पादव्ययध्रौव्यलक्षणं गुणपर्यायलक्षणं चेति

द्रव्यपीठिकाकथितक्रमेण द्रव्यलक्षणत्रययोगात् **कालस्स य णत्थि कायत्तं** कालस्य च नास्ति कायत्वं। तदपि कस्मात्। विशुद्धदर्शनज्ञानस्वभावशुद्धजीवास्तिकायप्रभृतिपंचास्तिकायानां बहुप्रदेशप्रचयत्वलक्षणं कायत्वं यथा विद्यते न तथा कालाणूनां 'लोगागासपदेसे एक्केक्के जे ठिया हु एक्केक्का। रयणाणं रासीमिव ते कालाणू असंखदव्वाणि' इति गाथाकथितक्रमेण लोकाकाशप्रमितासंख्येयद्रव्याणामपीति। अत्र केवलज्ञानादिशुद्धगुणसिद्धत्वागुरुलघुत्वादिशुद्ध-पर्यायसहितशुद्धजीवद्रव्यादन्यद्रव्याणि हेयानीति भावः ।।१०२।।

---

**समयव्याख्या : कालस्य द्रव्यास्तिकायत्वविधिप्रतिषेधविधानमेतत्। यथा खलु जीवपुद्गलधर्माधर्माकाशानि सकलद्रव्यलक्षणसद्भावाद्द्रव्यपदेशभाञ्जि भवन्ति, तथा कालोऽपि। इत्येवं षड्द्रव्याणि। किंतु यथा जीवपुद्गलधर्माधर्माकाशानां द्व्यादिप्रदेशलक्षणत्वमस्ति अस्तिकायत्वं, न तथा लोकाकाशप्रदेशसंख्यानामपि कालाणूनामेकप्रदेशत्वादस्त्यस्तिकायत्वम्। अत एव च पञ्चास्तिकायप्रकरणे न हीह मुख्यत्वेनोपन्यस्तः कालः। जीवपुद्गलपरिणामावच्छिद्यमानपर्यायत्वेन तत्परिणामान्यथानुपपत्त्यानुमीयमानद्रव्यत्वेनात्रैवांतर्भावितः ।।१०२।।**

**- इति कालद्रव्यव्याख्यानं समाप्तम्।**

**અનુવાદ : આ, કાળને દ્રવ્યપણાના વિધાનનું અને અસ્તિકાયપણાના નિષેધનું કથન છે (અર્થાત્ કાળને દ્રવ્યપણું છે પણ અસ્તિકાયપણું નથી એમ અહીં કહ્યું છે).**

**જેમ ખરેખર જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશને દ્રવ્યનાં સઘળાં લક્ષણોનો સદ્ભાવ હોવાથી તેઓ 'દ્રવ્ય'સંજ્ઞાને પામે છે, તેમ કાળ પણ (તેને દ્રવ્યનાં સઘળાં લક્ષણોનો સદ્ભાવ હોવાથી) 'દ્રવ્ય'સંજ્ઞાને પામે છે. એ પ્રમાણે છ દ્રવ્યો છે. પરંતુ જેમ જીવ, પુદ્ગલ, ધર્મ, અધર્મ અને આકાશને દ્વિ–આદિ પ્રદેશો જેનું લક્ષણ છે એવું અસ્તિકાયપણું છે, તેમ કાળાણુઓને – જોકે તેમની સંખ્યા લોકાકાશના પ્રદેશો જેટલી (અસંખ્ય) છે તોપણ – એકપ્રદેશીપણાને લીધે અસ્તિકાયપણું છે, તેમ કાળાણુઓને –જોકે તેમની સંખ્યા લોકાકાશના પ્રદેશો જેટલી (અસંખ્ય) છે તોપણ – એકપ્રદેશીપણાને લીધે અસ્તિકાયપણું નથી. અને આમ હોવાથી જ (અર્થાત્ કાળ અસ્તિકાય નહિ હોવાથી જ) અહીં પંચાસ્તિકાયના પ્રકારણમાં મુખ્યપણે કાળનું કથન કરવામાં આવ્યું નથી; (પરંતુ) જીવ–પુદ્ગલોના પરિણામ દ્વારા જે જણાય છે–મપાય છે એવા તેના પર્યાય હોવાથી તથા જીવ–પુદ્ગલોના પરિણામની અન્યથા અનુપપત્તિ દ્વારા જેનું અનુમાન થાય છે એવું તે દ્રવ્ય હોવાથી તેને અહીં અંતર્ભૂત કરવામાં આવ્યો છે. ૧૦૨.**

**આ રીતે કાળદ્રવ્યનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૧૦, શનિવાર)

કાળ વસ્તુ છે પણ તેને કાય નથી – અનેક પ્રદેશો નથી. તે એક જ પ્રદેશી છે તેથી

તે કાયવાન કહેવાતો નથી. એક પ્રદેશમાં પર્યાય પૂરી થતાં તેનું માપ આવી જાય છે તેથી તે એકપ્રદેશી છે તેમ જ તેમાં લૂખાશ–ચીકાશ પણ નથી, જેથી એક કાળાણુ બીજા કાળાણુ સાથે ચોંટી શકતો નથી. દરેક કાળાણુ છૂટો રહે છે, તે બતાવે છે.

**ભાવાર્થ** : જેવી રીતે ધર્મ, અધર્મ, પુદ્‌ગલ, જીવ પાંચ દ્રવ્યોમાં ગુણ–પર્યાય છે તેથી તે દ્રવ્યનું લક્ષણ જેમ સત્ છે તથા સત્‌નું લક્ષણ ઉત્પાદ–વ્યય–ધ્રુવ છે. તેવી રીતે ગુણ–પર્યાયાદિ લક્ષણ કાળમાં છે તેથી કાળને દ્રવ્ય કહેવામાં આવે છે.

જીવ પુદ્‌ગલાદિ દ્રવ્યનું લક્ષણ સત્ છે ને સત્‌નું લક્ષણ ઉત્પાદ–વ્યય–ધ્રુવ છે. તે ત્રણે સત્‌ના અંશો છે. તે દરેક દ્રવ્યના સ્વભાવો છે. આત્માના ઉત્પાદ–વ્યય–ધ્રુવ આત્મદ્રવ્યને લીધે છે, પુદ્‌ગલને લીધે નથી; પુદ્‌ગલના ઉત્પાદ–વ્યય–ધ્રુવ પુદ્‌ગલને લીધે છે, આત્માને લીધે નથી. તેવી રીતે કાળમાં અનંતા ગુણો ને પર્યાયો છે તે સત્ છે, તેમાં પણ નવી અવસ્થારૂપે ઊપજવું, જૂનીનું ટળી જવું ને ધ્રુવપણે ટકી રહેવું છે. આવાં લક્ષણો હોવાથી કાળને પણ દ્રવ્ય કહે છે, આ પ્રમાણે કાળ તથા બીજાં પાંચ દ્રવ્યોની દ્રવ્યસત્તા સમાન છે. એ અપેક્ષાએ બધાં સમાન છે.

(૧) જીવ નામનો પદાર્થ છે. સામે પુદ્‌ગલ નામનો પદાર્થ છે. જીવમાં જ્ઞાન ન હોય એમ કદી બને નહિ ને પુદ્‌ગલમાં જ્ઞાન હોય એમ કદી બને નહિ. જીવ શક્તિ એ સર્વજ્ઞ છે, પુદ્‌ગલ અજ્ઞ (જ્ઞાન વિનાનો) છે.

(૨) ધર્મદ્રવ્ય જીવ–પુદ્‌ગલને ગતિમાં નિમિત્ત થાય છે, સામે અધર્મદ્રવ્ય સ્થિતિમાં નિમિત્ત થાય છે.

(૩) આકાશ ક્ષેત્રે સર્વવ્યાપક છે – અનંત પ્રદેશી છે. સામે કાળ એકપ્રદેશી છે, ક્ષેત્ર નાનામાં નાનું છે.

(૪) પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ એ પાંચ દ્રવ્યો અચેતન છે ને જીવ એક ચેતન છે.

(૫) જીવ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ પાંચ દ્રવ્યો અમૂર્તિક છે, ને પુદ્‌ગલ એક મૂર્તિક છે.

આ પ્રમાણે વિરુદ્ધ લક્ષણવાળાં દ્રવ્યો છે. તેમાં દ્વૈતતા રહેલી છે પણ દ્રવ્ય છે એ અપેક્ષાએ બધાં સમાન છે.

તેમાંથી ધર્મ, અધર્મ, લોકાકાશ, જીવ આ ચારના અસંખ્ય પ્રદેશ છે, પુદ્‌ગલપરમાણુ નિશ્ચયથી એકપ્રદેશી છે પણ તેમાં સ્કંધરૂપ થવાની યોગ્યતા છે. તેથી સંખ્યાત, અસંખ્યાત ને અનંતપ્રદેશી છે પણ કાળ તો એક જ પ્રદેશી છે તેમ જ તેનામાં લૂખાશ–ચીકાશ નથી તેથી વ્યવહારે સપ્રદેશી થવાની પણ યોગ્યતા નથી.

**ભાવાર્થ** : કાળાણુ રત્નના રાશિની જેમ છૂટા પડેલા છે. કાળાણુ એકપ્રદેશી છે. લોકાકાશના પ્રદેશ અસંખ્ય છે, તેથી કાળાણુ દ્રવ્ય પણ અસંખ્ય છે ને લોકાકાશના એક એક પ્રદેશ ઉપર એક એક કાળાણુ રહે છે તેથી કાળ કાયવાળો – અનેક પ્રદેશોવાળો નથી એટલે કે કાયરહિત છે. તેથી આ 'પંચાસ્તિકાય' ગ્રંથમાં તેનું મુખ્યરૂપ કથન કર્યું નથી. આ કાળદ્રવ્યનું પાંચ અસ્તિકાયમાં ગર્ભિત કથન આવી જાય છે કેમ કે જીવ–પુદ્‌ગલના પરિણમનથી સમયાદિ વ્યવહારકાળ જાણવામાં આવે છે. જો વ્યવહારકાળ પ્રગટ જાણવામાં આવે છે તો નિશ્ચયકાળનું અનુમાન થાય છે તે કારણથી પંચાસ્તિકાયમાં જીવ–પુદ્‌ગલોના પરિણમન દ્વારા કાળદ્રવ્ય જાણવામાં આવી શકે છે. તેથી પાંચ

અસ્તિકાયમાં કાળદ્રવ્યને ગર્ભિત જાણવું. આ કાળદ્રવ્યનું વ્યાખ્યાન પૂરું થયું. ૧૦૨.

**एवं पवयणसारं पंचत्थियसंगहं वियाणित्ता।**
**जो मुयदि रागदोसे सो गाहदि दुक्खपरिमोक्खं ।।१०३।।**

**एवं प्रवचनसारं पञ्चास्तिकायसंग्रहं विज्ञाय।**
**यो मुञ्चति रागद्वेषौ स गाहते दुःखपरिमोक्षम् ।।१०३।।**

**એ રીત પ્રવચનસારરૂપ 'પંચાસ્તિસંગ્રહ' જાણીને**
**જે જીવ છોડે રાગદ્વેષ, લહે સકળદુખમોક્ષને. ૧૦૩.**

**અન્વયાર્થ :** (एवम्) એ પ્રમાણે (प्रवचनसारं) પ્રવચનના સારભૂત (पञ्चास्तिकायसंग्रहं) 'પંચાસ્તિકાયસંગ્રહ'ને (विज्ञाय) જાણીને (यः) જે (रागद्वेषौ) રાગ–દ્વેષને (मुञ्चति) છોડે છે, (सः) તે (दुःखपरिमोक्षम् गाहते) દુઃખથી પરિમુક્ત થાય છે.

---

**तात्पर्यवृत्ति :** एवं कालस्य द्रव्यास्तिकायसंज्ञाविधिनिषेधव्याख्यानेन पंचस्थले गाथासूत्रं गतं। अथ पंचास्तिकायाध्ययनस्य मुख्यवृत्त्या तदंतर्गतशुद्धजीवास्तिकायपरिज्ञानस्य वा फलं दर्शयति, - **एवं** पूर्वोक्तप्रकारेण **वियाणित्ता** विज्ञाय पूर्वं। कं ? **पंचत्थियसंगहं** पंचास्तिकायसंग्रहनामसंज्ञं ग्रंथं। किंविशिष्टं ? **पवयणसारं** प्रवचनसारं पंचास्तिकायषड्द्रव्याणां संक्षेपप्रतिपादकत्वात् मुख्यवृत्त्या परमसमाधिरतानां मोक्षमार्गत्वेन सारभूतस्य शुद्धजीवास्तिकायस्य प्रतिपादकत्वाद्वा द्वादशांगरूपेण विस्तीर्णस्यापि प्रवचनस्य सारभूतं एवं विज्ञाय। किं करोति ? **जो मुयदि** यः कर्ता मुञ्चति। कौ कर्मतापन्नो। **रायदोसे** अनंतज्ञानादिगुणसहितवीतरागपरमात्मनो विलक्षणौ हर्षविषादलक्षणौ भाविरागादिदोषोत्पादककर्मास्रवजनकौ च रागद्वेषौ द्वौ। **सो** सः पूर्वोक्तः ध्याता **गाहदि** गाहते प्राप्नोति। कं ? **दुक्खपरिमोक्खं** निर्विकारात्मोपलब्धिभावनोत्पन्न-परमाल्हादैकलक्षणसुखामृतविपरीतसस्य नानाप्रकारशारीरमानसरूपस्य चतुर्गतिदुःखस्य परिमोक्षं मोचनं विनाशमित्यभिप्रायः ।।१०३।।

---

**समयव्याख्या : तदवबोधफलपुरस्सरः पञ्चास्तिकायव्याख्योपसंहारोऽयम्। न खलु कालकलितपञ्चास्तिकायेभ्योऽन्यत् किमपि सकलेनापि प्रवचनेन प्रतिपाद्यते। ततः प्रवचनसार एवायं पञ्चास्तिकायसंग्रहः। यो हि नामामुं समस्तवस्तुतत्त्वाभिधायिनमर्थतोऽर्थितयावबुध्यात्रैव जीवास्तिकायांतर्गतमात्मानं स्वरूपेणात्यंतविशुद्धचैतन्यस्वभावं निश्चित्य परस्परकार्य-कारणीभूतानादिरागद्वेषपरिणामकर्मबंधसंततिसमारोपितस्वरूपविकारं तदात्वेऽनुभूयमानमवलोक्य तत्कालोन्मीलितविवेकज्योतिः कर्मबंधसंततिप्रवर्तिकां रागद्वेषपरिणतिमत्यस्यति, स खलु जीर्यमाणस्नेहो जघन्यस्नेहगुणाभिमुखपरमाणुवद्भाविबंधपराङ्मुखः पूर्वबंधात्प्रच्यवमानः**

**शिखितप्तोदकदौस्थ्यानुकारिणो दुःखस्य परिमोक्षं विगाहत इति ।।१०३।।**

**અનુવાદ : અહીં પંચાસ્તિકાયના અવબોધનું ફળ કહીને પંચાસ્તિકાયના વ્યાખ્યાનનો ઉપસંહાર કરવામાં આવ્યો છે.**

**ખરેખર સઘળુંય (દ્વાદશાંગરૂપે વિસ્તીર્ણ) પ્રવચન કાળસહિત પંચાસ્તિકાયથી અન્ય કાંઈ પણ પ્રતિપાદિત કરતું નથી; તેથી પ્રવચનનો સાર જ આ 'પંચાસ્તિકાયસંગ્રહ' છે, જે પુરુષ ખરેખર સમસ્તવસ્તુતત્ત્વના કહેનારા આ 'પંચાસ્તિકાયસંગ્રહ'ને અર્થતઃ અર્થીપણે જાણીને, એમાં જ કહેલા જીવાસ્તિકાયને વિષે અંતર્ગત રહેલા પોતાને (નિજ આત્માને) સ્વરૂપે અત્યંત વિશુદ્ધ ચૈતન્યસ્વભાવવાળો નિશ્ચિત કરીને, પરસ્પર કાર્ય કારણભૂત એવા અનાદિ રાગ–દ્વેષપરિણામ અને કર્મબંધની પરંપરાથી જેનામાં સ્વરૂપવિકાર આરોપાયેલો છે એવો પોતાને (નિજ આત્માને) તે કાળે અનુભવાતો અવલોકીને, તે કાળે વિવેકજ્યોતિ પ્રગટ હોવાથી (અર્થાત્ અત્યંત વિશુદ્ધ ચૈતન્યસ્વભાવનું અને વિકારનું ભેદજ્ઞાન તે કાળે જ પ્રગટ વર્તતું હોવાથી) કર્મબંધની પરંપરાને પ્રવર્તાવનારી રાગ–દ્વેષપરિણતિને છોડે છે, તે પુરુષ, ખરેખર જેને સ્નેહ જીર્ણ થતો જાય છે એવો, જઘન્ય સ્નેહગુણની સન્મુખ વર્તતા પરમાણુની માફક ભાવી બંધથી પરાઙ્મુખ વર્તતો થકો, પૂર્વ બંધથી છૂટતો થકો, અગ્નિતપ્ત જળની દુઃસ્થિતિ સમાન જે દુઃખ તેનાથી પરિમુક્ત થાય છે. ૧૦૩.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ--૧૦, શનિવાર)

આ પાંચ અસ્તિકાયના જ્ઞાનનું ફળ બતાવે છે.

પંચાસ્તિકાયના જ્ઞાનનું ફળ મુક્તિ છે તે બતાવે છે. નિકટ ભવ્ય જીવ કહ્યો છે. અલ્પકાળમાં મુક્તિમાં જવાનો છે તે નિકટ ભવ્ય છે. બીજાની પર્યાય બગડે કે સુધરે, કોઈ સર્વજ્ઞ થાય, કોઈ નિગોદ થાય, પરમાણુ છૂટો પડે કે ભેગો થાય તો મને લાભ કે નુકસાન નથી. હું મારા જ્ઞાનમાં સ્વને જાણતાં તે બધા પરને જાણું છું. બીજા પદાર્થો મને સુખ–દુઃખનું કારણ નથી ને મને કલ્પના થાય છે તે પરને લીધે થતી નથી પણ મારી નબળાઈને કારણે છે. હું તો રાગનો તેમ જ પરનો જાણનાર છું એવા જ્ઞાનસ્વભાવની પ્રતીતિવાળો જીવ નિકટ ભવ્ય જીવ છે.

તે નિકટ ભવ્ય જીવ દિવ્યધ્વનિમાંથી આવેલા બાર અંગના રહસ્યને અથવા પાંચ અસ્તિકાયના સ્વભાવને ભલે પ્રકારે જાણે છે. **'ભલે પ્રકારે જાણીને'** એ શબ્દો ઉપર ખાસ વજન છે. છ દ્રવ્યો સ્વતંત્ર જેમ છે તેમ જાણે છે. દરેક દ્રવ્ય પોતપોતાથી છે ને બીજાં દ્રવ્યોથી નથી તેમ જ દરેકનું વર્તમાન પોતાથી છે ને અન્ય દ્રવ્યથી નથી એમ છ દ્રવ્યોના દ્રવ્ય–ગુણ–પર્યાય સ્વતંત્ર છે એમ પૃથક્ પૃથક્ જાણવું તે પ્રથમ ઉપાય છે. મિથ્યાત્વદશામાં છ દ્રવ્યોને ભિન્ન ભિન્ન જાણતો ન હતો તેથી મિથ્યાત્વસહિત રાગ–દ્વેષની ઉત્પત્તિ થતી હતી. હવે ભેદજ્ઞાન થયું કે અહો ! છ દ્રવ્યો સ્વતંત્ર છે, કોઈને લીધે કોઈ નથી. હું આત્મા છું, બીજા જડથી જુદો છું તેમ જ બીજા અનંત આત્માથી પણ જુદો છું તેથી તે પરથી મને લાભ નથી તેમ જ નુકસાન નથી. સર્વજ્ઞથી લાભ નથી, દુશ્મનથી

નુકસાન નથી. મારી પર્યાયનો અંશ તેમાં જતો નથી, ને તેનો અંશ મારામાં આવતો નથી. દરેક પદાર્થની ક્રિયા સ્વતંત્ર થઈ રહી છે, આમ પ્રથમ પરથી ભેદવિજ્ઞાન કરે છે.

આ પ્રકારે ભેદવિજ્ઞાન થયા પછી ઇષ્ટ પદાર્થોમાં પ્રીતિ ને અનિષ્ટ પદાર્થોમાં દ્વેષને છોડે છે. ભેદવિજ્ઞાન થયા વિના કદી રાગ–દ્વેષ છૂટતા નથી તેથી અહીં કહ્યું કે ભલે પ્રકારે જાણીને રાગ–દ્વેષ છોડે છે. પરથી ભેદવિજ્ઞાન કર્યું. કર્મ પર છે, જડ છે તેને હું હણી શકતો નથી તેમ જ પરપદાર્થને હું ગ્રહી કે છોડી શકતો નથી. વળી મારામાં જે રાગ–દ્વેષ થાય છે તે પરને લીધે થતા નથી, મારા કારણે થાય છે. પણ તે રાગ–દ્વેષ મારા સ્વભાવમાં નથી, હું આત્મા જ્ઞાનસ્વભાવી છું એમ પોતાના સ્વભાવમાં શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતા કરતાં રાગ–દ્વેષ ઉત્પન્ન જ થતા નથી તેને રાગ–દ્વેષને છોડે છે એમ કહેવામાં આવે છે. રાગ–દ્વેષ છે તેને કેવી રીતે છોડવા ? ને ઉત્પન્ન થયા નથી તેને શું છોડવા ? હું આત્મા જ્ઞાનસ્વભાવી છું એમ સ્વભાવમાં ઠરતાં રાગ–દ્વેષ ઉત્પન્ન જ થતા નથી. તેને ઇષ્ટ–અનિષ્ટ પદાર્થોમાં રાગ–દ્વેષ છોડે છે એમ ઉપદેશનાં વાક્યો આવે છે.

(૧) પ્રથમ નિમિત્તની રુચિ છૂટી સ્વભાવની રુચિ થાય છે.

(૨) પછી સ્વભાવમાં સ્થિર થતાં રાગ–દ્વેષ છૂટી જાય છે.

આ રીતે તે ભવ્ય જીવ સંસારનાં દુઃખોથી છૂટી મુક્તિને પામે છે.

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૧૧, રવિવાર)

આ પહેલો અધ્યાય પૂરો થાય છે. જ્ઞાનસમય, અર્થસમય ને શબ્દસમય એમ ત્રણ પ્રકારના સમયની વાત કરી હતી. જગતના પદાર્થો જ્ઞાનમાં જણાય છે, તેને લીધે રાગ–દ્વેષ ન થાય પણ વીતરાગતા થાય, એમ જે શાસ્ત્ર બતાવે તેને શાસ્ત્ર કહે છે. શાસ્ત્રકાર કહે છે કે તારે પર પદાર્થો સાથે સંબંધ નથી. છ દ્રવ્યો પૃથક્ પૃથક્ છે. પરને લીધે સંગપણું નથી તેમ જ પરને લીધે અસંગપણું પણ નથી. તને અસંગપણાનો અભાવ વર્તે છે તેથી સંસાર છે. તારા બેભાનપણાને લીધે સંસાર છે ને સ્વભાવનું ભાન થતાં સંસાર ટળી જાય છે ને વીતરાગતા ઉત્પન્ન થાય છે. આમ સ્વતંત્રપણું બતાવે તે શબ્દસમય છે. શાસ્ત્ર ને રાગના અવલંબન વિના જે જ્ઞાન પ્રગટે તે જ્ઞાનસમય છે. પાંચ અસ્તિકાયનું સ્વરૂપ જાણવાનું ફળ વીતરાગતા છે, તે બતાવે છે.

**ભાવાર્થ** : આત્માનો સ્વભાવ જ્ઞાન જ છે. આત્મા પરપદાર્થથી જુદો છે ને પર્યાયમાં વિકાર થાય તે આત્માનું ખરું સ્વરૂપ નથી, એમ ભાન થયા પછી નબળાઈના કારણે અલ્પ રાગ–દ્વેષ થાય છે તે આત્મામાં વિશેષ અસંગપણાની દઢતા કરતાં નાશ પામે છે ને વીતરાગતા પ્રગટીને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. તે સર્વજ્ઞદેવને દિવ્યધ્વનિ નીકળે છે તે દ્વાદશાંગવાણી છે, તેમાં સમયે સમયે બાર અંગનું રહસ્ય નીકળે છે ને તે અનુસારે ગણધરો શાસ્ત્રની રચના કરે છે.

તે દ્વાદશાંગવાણી અનુસારે જેટલાં શાસ્ત્ર રચાયાં તે શાસ્ત્ર સાચાં છે. છયે દ્રવ્યો પરિપૂર્ણ સ્વતંત્ર છે એમ તે શાસ્ત્રો બતાવે છે.

આ છ દ્રવ્યના સ્વરૂપમાંથી એક પણ વસ્તુ આઘીપાછી કરે ને એક પણ પદાર્થને કાઢી

નાખે, એક આત્મા ઓછો કહે, પુદ્‌ગલો ઓછાં કહે, ધર્મ, અધર્મ, આકાશને કાઢી નાખે, કાળને ન માને અથવા અનંતા કાળાણુ માને ને એમાં ફેરફાર કરી શાસ્ત્ર રચે તે મિથ્યાદૃષ્ટિનાં રચેલાં છે, તે દ્વાદશાંગ વાણીના આધારે લખાયેલાં નથી.

આ શબ્દસમય અથવા શબ્દશ્રુતની વાત ચાલે છે. કુંદકુંદાચાર્ય ભગવાન બે હજાર વર્ષ પહેલાં થયા ને અમૃતચંદ્રાચાર્ય ૯૦૦ વર્ષ પહેલાં થયા. તેઓ કહે છે કે '**किसी जगह कुछ भी छूट नहीं की है**' ભગવાનની વાણીમાં જરા પણ છૂટ રાખી નથી. જેમ વસ્તુનું સ્વરૂપ છે તેમ અહીં કહેવાય છે. કોઈ કહે કે દ્રવ્યો પાંચ છે; કાળને ઉપચાર માનીને છૂટ લઈએ તો ? **સમાધાન** : તે વાણી તીર્થંકરની, મુનિની કે સંતોની નથી પણ મિથ્યાદૃષ્ટિની છે. આ સિદ્ધાંત સિદ્ધ કર્યો. જેની પરંપરા સાચી નથી તેનો એક અક્ષર પણ સાચો નથી. કોઈ દલીલ કરે કે 'અમો કાળને નથી માનતા પણ અનંતા આત્મા, અનંતા પરમાણુને તથા દ્રવ્ય-ગુણ-પર્યાયને માનીએ છીએ, તો એટલું તો અમારું સાચું કહો.'

**ઉત્તર** : ના, તારો એક અક્ષર પણ સાચો નથી. કાળદ્રવ્ય જે બધાં દ્રવ્યોના પરિણમનમાં નિમિત્ત છે તેનો તને સ્વીકાર નથી એટલે તારા અભિપ્રાયમાં એક પણ દ્રવ્યનો સ્વીકાર છે જ નહિ. માટે તારી બધી વાત ખોટી છે.

એક પણ દ્રવ્ય ઓછું માને કે વિપરીત માને તે બધા ખોટા છે ને છ દ્રવ્યોને જેમ છે તેમ બતાવે તે સાચાં શાસ્ત્ર છે. આ પંચાસ્તિકાયમાં પણ એ નિર્ણય છે તેથી આ પંચાસ્તિકાયપ્રવચન છે તે ભગવાનનાં પ્રમાણવચનોનો સાર છે. કારણ કે આમાં છયે દ્રવ્યોનું સ્વતંત્ર પ્રતિપાદન કરવામાં આવ્યું છે. આત્મા આત્મારૂપે છે, પરરૂપે નથી; પર પરરૂપે છે ને આત્મારૂપે નથી. આમ પ્રથમ વાણી સિદ્ધ કરીને તેના અનુસારે રચાયેલાં શાસ્ત્રોમાં છ દ્રવ્યો સ્વતંત્ર બતાવ્યાં છે એમ સિદ્ધ કર્યું.

હવે તે શાસ્ત્રોમાં કહેલાં છ દ્રવ્યોના સ્વરૂપને જાણવાનું ફળ કહે છે. સમસ્ત પદાર્થોના સ્વરૂપને બતાવનારો આ ગ્રંથ 'પંચાસ્તિકાય' છે. જે કોઈ પુરુષ તેને શબ્દ તેમ જ અર્થ વડે ભલી રીતે જાણશે તે ભેદવિજ્ઞાનને પામશે. કોઈ આત્મા કોઈ પરને લાભ-નુકસાન કરવા સમર્થ નથી, કાળ પદાર્થ છે પણ તેને લીધે બીજા દ્રવ્યમાં પરિણમન થતું નથી. દરેક દ્રવ્ય પોતાના કારણે પોતાની હદમાં વર્તી રહ્યું છે, કર્મ કર્મરૂપે છે, શરીર શરીરરૂપે છે; બીજા આત્મા બીજારૂપે છે, હું મારારૂપે છું, કોઈ મારી નિંદા કરે તો તે શબ્દો ને તેનો ભાવ મને અહિત કરતા નથી ને કોઈ મારા હિતની ભાવના કરે તો તેથી મારું હિત થતું નથી. મારા કારણે મારું હિત અથવા અહિત છે, મારા દુઃખનું કારણ મારા રાગ-દ્વેષ છે ને મારી શાંતિનું કારણ હું છું, પરપદાર્થો શાંતિ કે દુઃખનાં કારણ નથી. આમ યથાર્થ રીતે શાસ્ત્રને સમજવું જોઈએ.

કોઈ જીવ એમ માને કે બીજા નિંદા કરે છે માટે મને ખેદ થાય છે, પ્રશંસા કરે છે માટે મને રાગ થાય છે, કર્મને લીધે વિકાર થાય છે, સ્ત્રી, કુટુંબ, પૈસો, લાડવા વગેરેથી સુખ થાય છે એમ માનનાર મિથ્યાદૃષ્ટિ છે. પ્રત્યેક પદાર્થને ભિન્ન ભિન્ન જે સમજતો નથી તે શાસ્ત્રને, પદાર્થને કે જ્ઞાનસ્વભાવને એકેને સમજતો નથી.

ત્રીજી ગાથામાં (૧) શબ્દસમય, (૨) પદાર્થસમય, (૩) જ્ઞાનસમયની વાત કરેલ તો અહીં

સરવાળો લાવીને મૂકે છે. છ દ્રવ્યો સ્વતંત્ર બતાવી વીતરાગતા બતાવે છે તે શબ્દસમય છે, વસ્તુ પણ એમ જ છે ને જ્ઞાન પણ એમ જ જાણે છે. **જ્ઞાને જાણ્યું કે અહો ! મારા આત્માને કોઈ પરની સાથે સંબંધ નથી, કોઈને રોકવો કે તેનો વિકાસ કરવો તે મારા હાથમાં નથી, હું તો સ્વતંત્ર છું. આમ ત્રણેનું ફળ વીતરાગતા છે.**

મજબૂત સંહનન હોય તો કેવળ થાય, કાળ સારો હોય તો ધર્મ થાય, કોઈ નિંદા કરે તો દ્વેષ થાય, કોઈ પ્રશંસા કરે તો રાગ થાય એમ માનનારને શાસ્ત્રકાર કહે છે કે એ પ્રકારની તારી મૂઢતા ઉપર મીંડા વાળ. તારો એક અક્ષર સાચો નથી. તું પદાર્થને સમજતો નથી, દેવ–ગુરુ–શાસ્ત્રને સમજતો નથી, તારા આત્માને સમજતો નથી.

છયે દ્રવ્યોને જેમ છે તેમ જાણ. કોઈને કોઈની અપેક્ષા નથી, દરેક તત્ત્વ પૃથક્ છે. શરીર, મન, વાણી, બંગલા, પૈસા બધાં સ્વતંત્ર છે, કોઈને લીધે કોઈ નથી. બીજાના કારણે પોતે છે ને બીજાથી પોતાને સુખ છે એમ માને તો પરથી પૃથકતા રહેતી નથી.

મૂળ ગાથામાં **'विज्ञाय'** શબ્દ છે તેનો અર્થ કર્યો કે **'भली भांति जानेगा'**. જુઓ, આ મૂળ વાત છે. 'ભલે પ્રકારે જાણીને' એમ કહ્યું છે. માત્ર ધારણાની વાત નથી. જેને વસ્તુની રુચિ થઈ નથી તેણે ભલે પ્રકારે સ્વરૂપ જાણ્યું નથી. અહો ! મારો આત્મા સુખ ને જ્ઞાનસ્વરૂપ છે. જગતના કોઈ સાધનથી શાંતિ કે અશાંતિ નથી, કોઈથી મારો ધર્મ પ્રગટતો નથી તેમ જ લૂંટાતો નથી, જેટલી આસક્તિ છે એટલો અધર્મ છે ને જેટલો સ્વભાવ પ્રગટે તે ધર્મ છે. આ પંચાસ્તિકાયનું સ્વરૂપ જાણતાં ભેદવિજ્ઞાન થાય છે. પરને લીધે વિકાર નથી, વિકાર તે મારા જીવાસ્તિકાયનો અંશ છે. એમ પરથી પૃથક્પણાનું ભાન થતાં ધર્મી વિચારે છે કે વિકાર પર્યાયમાં છે છતાં તે મારા શુદ્ધ ત્રિકાળી સ્વભાવમાં નથી. આમ ભેદજ્ઞાન કરે છે તેણે શાસ્ત્રને ભલે પ્રકારે જાણ્યું કહેવાય છે.

અજ્ઞાની જીવ જગતને સમજાવવા માટે શાસ્ત્ર ભણી જાય છે. એકલાં શાસ્ત્રને શુભરાગ સહિત જાણે તે પુણ્યબંધ છે, ધર્મ નથી. વળી કોઈ અસ્તિકાયનો કોઈ અંશ બીજામાં ભેળવી છ દ્રવ્યની પૃથક્તાને જે માનતો નથી તેને વાણી મળી નથી, છ પદાર્થોનું સ્વરૂપ મળ્યું નથી, ને તેને સાચું જ્ઞાન થયું નથી.

એ માટે અહીં **'भली भांति'** શબ્દ વાપરેલ છે. ભલા પ્રકારથી જાણવાની વાત છે. એકલી ધારણાની વાત નથી. ધર્મી જીવ સ્વર્ગમાં હોય તોપણ ઇન્દ્રાણીથી સુખ ન માને કારણ કે તે પર છે, નરકમાં હોય તો પણ અગ્નિને દુઃખનું કારણ ન માને, કારણ કે તે પર છે. ધર્મી તિર્યંચ હોય તો ટાઢ–તડકાને લીધે દુઃખ ન માને, કારણ કે તે બધા પર છે, મારું સુખ મારામાં છે તેમ ધર્મી જીવ ગમે તે ગતિમાં હોય તોપણ માને છે.

અજ્ઞાની જીવો માને છે કે ગરમીને લીધે આકુળતા ઘણી થાય છે. ભાઈ, તું આકુળતા કરે છે તો થાય છે. વળી કોઈ જીવ શરીરને ધર્મનું સાધન માની કસરત કરે છે ને શરીર મજબૂત થાય તો ધર્મ થાય એમ માને છે. વળી કહે છે કે શરીરમાં ૧૦૫ ડિગ્રી તાવ આવે તો સામાયિક થાય ? તેને કહે છે કે ભાઈ, તું અજ્ઞાની છો, તાવ શરીરને આવે છે, આત્માને તાવ આવતો

નથી. શરીરથી આત્મા જુદો છે. આત્માના આધારે સામાયિક થાય છે, એનું તને ભાન નથી.

એટલા માટે અહીં પ્રથમ ભેદજ્ઞાન કરવાની વાત કરે છે. ધર્મી જીવ છ દ્રવ્યોને સ્વતંત્ર માને છે. વિકાર પરને લીધે નથી, મારા અપરાધને લીધે છે. પણ તે પર્યાયમાં છે, દ્રવ્ય–ગુણમાં નથી. એમ પરથી ભિન્ન થઈ વિચારે છે કે શુભાશુભભાવ હેય છે ને શુદ્ધ આત્મસ્વભાવ ઉપાદેય છે. ચૈતન્યસ્વભાવ નિર્મળ છે એમ જેણે દઢ કર્યું છે તે જાણે છે કે અવિદ્યાથી ઉત્પન્ન થતા રાગ–દ્વેષના પરિણામ આત્મસ્વરૂપમાં વિકાર ઉપજાવે છે, પણ તે મારું ખરું સ્વરૂપ નથી. અહીં કર્મથી રાગ–દ્વેષ થાય છે એમ કહ્યું નથી. અનાદિ અવિદ્યાથી રાગ–દ્વેષ થાય છે એટલે કે છ દ્રવ્યોથી પૃથક્તાની ખબર નથી તે અનાદિની અવિદ્યા છે તેથી વિકાર ઊપજે છે. હવે ભાન થયું કે મારા કારણે હાસ્ય, રતિ, અરતિ, યશ, અયશની લાગણીઓ થાય છે કર્મને લીધે નહિ. વ્યવહારરત્નત્રયના પરિણામ પણ ચૈતન્યસ્વભાવની નિર્મળતાને મલિન કરનારા છે. આમ જે યથાર્થ જ્ઞાન કરે છે તેનું જ્ઞાન સાચું છે.

જ્ઞાનસ્વભાવમાં વિકાર નથી, વિકાર મારી જાત નથી, વિકાર જડનો છે, ચૈતન્યસ્વરૂપનો નથી, એમ દ્રવ્યદૃષ્ટિ કરાવવા 'સમયસાર'માં કથન આવે છે.

અહીં 'પંચાસ્તિકાય'માં શુભાશુભરાગ તારા જીવાસ્તિકાયના છે, પરને લીધે નથી. પોતાનો અંશ છે એમ જ્ઞાન કરાવી હવે કહે છે કે તે શુભાશુભભાવો ચૈતન્યસ્વરૂપને મલિન કરનારા છે. એમ કહીને કાઢી નાખે છે. પ્રથમ રાગ–દ્વેષ તારા અસ્તિકાયમાં છે એમ સિદ્ધ કરેલ પછી કાઢી નાખ્યા.

કોઈ કહે તો શું કરવું ? વ્યવહારરત્નત્રયનું સાધન પણ ઉડાડી દીધું ? ભાઈ, તારો આત્મા ખરું સાધન છે. તે રાખ્યું છે. જેટલો રાગ–દ્વેષ થાય છે તે મલિનતા કરનારો છે. તે મલિનતા પરને લીધે નથી. તારે લીધે છે, તને નુકસાન કરનારો છે માટે જ્ઞાનસ્વભાવમાં તું ઠર. તો ધર્મ ને શાંતિ થાય એમ છે.

વળી કોઈ કહે કે આ બૈરાં–છોકરાંનું શું કરવું ? એની અમોને ચિંતા થાય છે. ભાઈ, તે આત્મા તો જુદા છે, તેને લીધે ચિંતા થાય એ માન્યતા મિથ્યાત્વની ચિંતા છે. જ્ઞાનીને નબળાઈને લીધે ચિંતા થાય છે પણ પરને લીધે ચિંતા માનતો નથી. પર આત્મા ને પર પદાર્થો તો મારું સ્વરૂપ નથી પણ મારા કારણે મારામાં ચિંતા થાય તે પણ મારો સ્વભાવ નથી. હું તો જ્ઞાનસ્વભાવી છું એમ જ્ઞાની માને છે. આમ જ્ઞાની જ્ઞાનમાં રહીને રાગને જાણે છે. જે ભાવથી તીર્થંકરનામકર્મ બંધાય તે રાગ મારા આત્મામાં મલિનતા કરનારો છે, તે મારું સ્વરૂપ નથી એમ જ્ઞાની જાણે છે. જેટલો વ્યવહાર શાસ્ત્રમાં કહ્યો તે બધો મલિનતા કરનારો છે. તેનાથી મારી પરમ જ્યોતિ ભિન્ન છે તેવું ભેદજ્ઞાન કરવું તે પ્રથમ શ્રદ્ધા છે, તે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન છે.

જે પરપદાર્થોને પણ જુદા માનતો નથી તે જીવ વિકારથી આત્મા જુદો છે ને આત્મા વિકારનો ટાળનાર છે એવી પ્રતીતિ ક્યાંથી લાવશે ? 'ધર્મ વિવેકે નીપજે, જો કરીએ તો થાય' – ધર્મ બહારથી આવતો નથી, અંતરમાંથી – વિવેકજ્ઞાનથી ધર્મ પ્રગટે છે.

હવે જેને ભેદજ્ઞાન થયું છે તે રાગ–દ્વેષ ટાળી ચારિત્ર અથવા વીતરાગતા પ્રગટ કરે છે

તેની વાત કરે છે. ભેદવિજ્ઞાન થયા પછી પરમ વિવેકજ્યોતિ પ્રગટ થાય છે એટલે પોતાના શુદ્ધ સ્વભાવમાં સ્થિરતા કરે છે. ભેદવિજ્ઞાન વખતે દર્શન–જ્ઞાન હતાં, હવે સ્વભાવમાં એકાગ્રતા ખૂબ જામી એટલે રાગ–દ્વેષ ઉત્પન્ન થતા નથી. આમ પરમ વિવેકજ્યોતિના પ્રગટપણામાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે સમાવી દીધાં ને તે મોક્ષમાર્ગ છે. આત્મા પરથી જુદો છે એવું ભેદવિજ્ઞાન થયું હતું પણ પર્યાયમાં રાગદ્વેષનો દોષ થતો હતો તે સ્વભાવમાં એકાગ્રતા થતાં તે દોષ પણ ટ૧૦૩ળ્યો એટલે કે પરમ વિવેકજ્યોતિ પ્રગટ થઈ. તેથી કર્મબંધને ઉપજાવવાવાળી રાગદ્વેષની પરિણતિનો નાશ થઈ જાય છે. પ્રથમ અજ્ઞાનદશામાં રાગ–દ્વેષ થતા તેનું કારણ કર્મ લીધું ન હતું. ત્યાં અવિદ્યાના કારણે રાગ–દ્વેષ થતા એમ કહેલ પણ જે નવા રાગ–દ્વેષ થાય તેને નવાં કર્મબંધનું કારણ કહ્યું. આમ કર્મબંધને ઉપજાવવાવાળી રાગ–દ્વેષ પરિણતિ ધર્મી જીવને સ્વભાવમાં સ્થિરતા કરતાં ઉત્પન્ન થતી નથી, તેથી તે નાશ થઈ જાય છે એમ કથન કરવામાં આવે છે. આમ આગામી બંધની રીત હતી તે છૂટી ગઈ ને નવો બંધ થતો નથી.

તે વાત દૃષ્ટાંતથી સમજાવે છે. જેવી રીતે એક પરમાણુ એક ગુણ ચીકાશવાળો અથવા લુખાશવાળો હોય તો બીજા પરમાણુ સાથે અથવા સ્કંધ સાથે બંધ દશાને પામતો નથી, તેવી રીતે જીવ પોતામાં પરમ વિવેકજ્યોતિ પ્રગટ કરીને સ્વરૂપમાં ઠરી જાય છે ને રાગ–દ્વેષ ઉત્પન્ન કરતો નથી, તેથી પોતાના સ્વરૂપને ઓળખી અંદર ઠરવું તે ક્રિયા અબંધનું કારણ છે, બીજી બધી ક્રિયા બંધનું કારણ છે. આ ચારિત્ર છે. પોતાના આત્મામાં એકાગ્ર થઈ સ્થિર થયો તે ચારિત્ર છે. દેહની ક્રિયા કે પાંચ મહાવ્રત તે ચારિત્ર નથી. પૂર્વે બાંધેલાં કર્મો સંયોગો આપી ખરી જાય છે ને પછી જીવ ચાર ગતિનાં દુઃખથી નિવૃત્ત થઈને મોક્ષપદને પામે છે. તીર્થંકરપ્રકૃતિ સમવસરણ આદિ સંયોગો આપી છૂટી જાય છે ને ભગવાન મોક્ષ પધારે છે. વળી આદિનાથ ભગવાનને ઘણા સાધુ હતા ને મહાવીર ભગવાનને ઓછા સાધુ હતા, તેથી તેમના મોક્ષપદમાં કાંઈ ફેર પડતો હશે ? ભાઈ, એ બધી બહારની વાતો છે. સમવસરણ વગેરે બધું અહીં પડ્યું રહે છે. કર્મો સંયોગો આપી ખરી જાય છે. ભગવાન મુક્તદશાને પામે છે. કોઈની મોક્ષદશામાં ફેર નથી, બધા સંપૂર્ણ શુદ્ધજ્ઞાન–આનંદને અનુભવે છે.

આ પ્રમાણે પ્રથમ ભગવાનની વાણી સ્થાપી, તેમાંથી રચાયેલાં શાસ્ત્રો સાચાં છે એમ કહ્યું, તેમાં બતાવેલાં છ દ્રવ્યોની પૃથક્તાને જાણે, માત્ર ધારણા નહિ, પછી વિકારને મલિન જાણે ને ભેદવિજ્ઞાન પ્રગટ કરે, પછી પરમ જ્યોતિ પ્રગટ કરી રાગદ્વેષનો નાશ કરીને મોક્ષપદ પામે છે. એ પ્રમાણે આખો મોક્ષમાર્ગનો ક્રમ બતાવ્યો.

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૧૨, સોમવાર)

અનાદિથી અજ્ઞાની જીવ રાગ–દ્વેષથી રખડે છે. તે જો ભેદજ્ઞાન કરે તો ધર્મદશાને પામે. હું આત્મા આનંદસ્વરૂપ છું, પરપદાર્થો સાથે મારે સંબંધ નથી તેમ જ રાગ–દ્વેષ થાય છે તે ક્ષણિક ઉપાધિ છે. મારું સ્વરૂપ તો જ્ઞાન ને આનંદ છે એમ પરથી ભિન્ન પાડી, આકુળતારહિત

મારું સ્વરૂપ છે એમ વિવેક કરી પોતાના સ્વભાવમાં એકાગ્ર થાય તો મોક્ષદશાને પામે છે. તે દૃષ્ટાંત દ્વારા સમજાવે છે.

પાણી અગ્નિના નિમિત્તે ગરમ થાય છે, ત્યાં પાણી તો પોતાની લાયકાતથી ગરમ થાય છે. અગ્નિને લીધે ગરમ થતું હોય તો ત્યાં રહેલાં ધર્મ, અધર્મ, આકાશ, કાળ પણ ગરમ થવાં જોઈએ. પણ તેની લાયકાત ઉષ્ણ થવાની નથી માટે તે ઉષ્ણ થતાં નથી તો અગ્નિ તેને નિમિત્ત પણ થતી નથી. પાણી પોતાની લાયકાતથી ઉષ્ણ થાય છે તો અગ્નિના સંબંધે ઉષ્ણ થયું એમ કહેવાય છે. તે પાણી પોતાની યોગ્યતાના કાળે ગરમપણું છોડી શીતળ સ્વભાવને પ્રાપ્ત થાય છે. પાણીનો સ્વભાવ ઠંડો છે તે જ્ઞાન નક્કી કરે છે. ગરમ પાણીમાં હાથ નાખવાથી ઠંડું માલૂમ નહિ પડે, તેમ આંખ, કાન, નાક કે જીભ દ્વારા પણ તેનો શીતળ સ્વભાવ જણાશે નહિ અથવા કોઈ જીવ બહુ આકુળતા કરે ને મનના નિમિત્તે સંકલ્પ-વિકલ્પ ઘણા કરે તોપણ શીતળ સ્વભાવ જણાય એવો નથી. પણ જ્ઞાન નિર્ણય કરે છે કે પાણીનો સ્વભાવ શીતળ છે. તે દૃષ્ટાંત મુજબ ભગવત્ વચનને અંગીકાર કરીને જ્ઞાની જીવ કર્મવિકારના આતાપને નષ્ટ કરી શાંતરસગર્ભિત સુખને પ્રાપ્ત કરે છે. અહીં શબ્દસમય કોને કહેવો તે પણ આવી જાય છે. ભગવાનનાં વચનો કહે છે કે તું ત્રિકાળી શુદ્ધ છો, પરપદાર્થે વિકાર કરાવ્યો નથી તેમ જ સ્વભાવમાં વિકાર નથી, પણ શાંતિ ને સુખ છે. એમ શબ્દસમયે કહ્યું ને જ્ઞાનસમય પણ એમ જ નિર્ણય કરે છે. સંતો અંતર્મુખ દૃષ્ટિ કરી, આતાપ નાશ કરી શીતળતાને પામ્યા છે, તેમ હું પણ અંતર્ભાન કરી આતાપ નાશ કરીશ ને અનાકુળ શાંતરસને પ્રાપ્ત કરીશ. બહારની સાથે મારે દેવા-લેવા નથી. કોઈ દુશ્મન આવે તો મારી પર્યાયને બગાડી દેતો નથી ને ચોથો આરો હોય ને સમવસરણમાં જીવ બેઠો હોય તોપણ પોતાના સ્વભાવના અવલંબન વિના આતાપ ટળે તેમ નથી.

ભગવાન કયે માર્ગે થયા ? આત્મામાંથી થયા કે બહારથી થયા ? જેમ પાણીની શીતળતા તેના સ્વભાવમાંથી આવે છે તેમ શીતળ શાંત સ્વભાવમાંથી સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પ્રગટે છે. જીવ લાખો મંદિરો બનાવે કે મહાવિદેહમાં જાય તોપણ ધર્મનું સાધન તો પોતાનો સ્વભાવ છે. જેમ પાણીનો સ્વભાવ જ્ઞાનથી નક્કી થાય છે તેમ આત્માનો સ્વભાવ જ્ઞાનથી નક્કી થાય છે. આમ નિર્ણય કર્યા પછી જીવ અંતરમાં ઠરે છે. અહીં ચારિત્રની વાત છે. બહારમાં રોગાદિની પ્રતિકૂળતાથી અંદરમાં પ્રતિકૂળતા આવતી નથી, તેમ જ અંતરની અનુકૂળતાથી બહારમાં અનુકૂળતા કે પ્રતિકૂળતા આવતી નથી. આમ પોતાના શાંત સ્વભાવને જાણીને ઠરે છે તે આતાપનો નાશ કરી આત્મિક શાંતરસગર્ભિત સુખને પામે છે. બહારના સંયોગો જેમ છે તેમ રહેવા દે, હજારો તીર્થંકરો હોય ને કેવળીઓ હોય તોપણ મારી પરિણતિમાં વિભાવ ઓછો કરવો ને સ્વભાવમાં ભરતી લાવવી તે મારે આધીન છે, ભગવાનને આધીન નથી. આમ પોતાના સ્વભાવને સમજીને ઠરે છે તે મુક્તિને પામે છે. ૧૦૩.

---

**मुणिऊण एतदट्ठं तदणुगमणुज्जदो णिहदमोहो।**
**पसमियरागद्दोसो हवदि हदपरापरो जीवो ।।१०४।।**

**ज्ञात्वैतदर्थं तदनुगमनोद्यतो निहतमोहः।**
**प्रशमितरागद्वेषो भवति हतपरापरो जीवः ।।१०४।।**
**આ અર્થ જાણી, અનુગમન–ઉદ્યમ કરી, હણી મોહને,**
**પ્રશમાવી રાગદ્વેષ, જીવ ઉત્તર–પૂરવ વિરહિત બને. ૧૦૪.**

**અન્વયાર્થ :** (जीवः) જીવ (एतद् अर्थं ज्ञात्वा) આ અર્થને જાણીને (આ શાસ્ત્રના અર્થભૂત શુદ્ધાત્માને જાણીને), (तदनुगमनोद्यतः) તેને અનુસરવાનો ઉદ્યમ કરતો થકો (निहतमोहः) હતમોહ થઈને (જેને દર્શનમોહનો ક્ષય થયો હોય એવો થઈને), (प्रशमितरागद्वेषः) રાગ–દ્વેષને પ્રશમિત–નિવૃત્ત કરીને, (हतपरापरः भवति) ઉત્તર અને પૂર્વ બંધનો જેને નાશ થયો છે એવો થાય છે.

---

**तात्पर्यवृत्ति :** अथ दुःखमोक्षकारणस्य क्रमं कथयति, - **मुणिउण** मत्वा विशिष्टस्वसंवेदनज्ञानेन ज्ञात्वा तावत्। कं ? **एदं** इमं प्रत्यक्षीभूतं नित्यानंदैकशुद्धजीवास्तिकायलक्षणं **अत्थं** अर्थं विशिष्टपदार्थं **तमणु** तं शुद्धजीवास्तिकायलक्षणमर्थं अनुलक्षणीकृत्य समाश्रित्य **गमणुज्जदो** गमनोद्यतः तन्मयत्वेन परिणमनोद्यतः **णिहदमोहो** शुद्धात्मैवोपादेय इति रुचिरूपनिश्चय-सम्यक्त्वप्रतिबंधकदर्शनमोहाभावात्तदनंतरं निहतमोहो नष्टदर्शनमोहः। **पसमिदरागदोसो** निश्चलात्मपरिणतिरूपनिश्चयचारित्रप्रतिकूलचारित्रमोहोदयाभावात्तदनंतरं प्रशमितरागद्वेषः एवं पूर्वोक्तप्रकारेण स्वपरयोर्भेदज्ञाने सति शुद्धात्मरुचिरूपे सम्यक्त्वे तथैव शुद्धात्मस्थितिरूपे चारित्रे च सति पश्चात् **हवदि** भवति। कथंभूतः ? **हदपरावरो** हतपरापरः। अत्र परमानंद-ज्ञानादिगुणाधारत्वात्परशब्देन मोक्षो भण्यते परशब्दवाच्यान्मोक्षादपरो भिन्नः परापरः संसार इति हेतोः विनाशितः परापरो येन स भवति हतपरापरो नष्टसंसारः। स कः ? **जीवो** भव्यजीवः ।।१०४।।

इति पंचास्तिकायपरिज्ञानफलप्रतिपादनरूपेण षष्ठस्थले गाथाद्वयं गतं। एवं प्रथममहाधिकारमध्ये गाथाष्टकेन षड्भिः स्थलैश्चूलिकासंज्ञोष्टमोऽन्तराधिकारो ज्ञातव्यः। अत्र पंचास्तिकायप्राभृतग्रंथे पूर्वोक्तक्रमेण सप्तगाथाभिः समयशब्दपीठिका, चतुर्दशगाथाभिर्द्रव्यपीठिका, पंचगाथा-भिर्निश्चयव्यवहारकालमुख्यता, त्रिपंचाशद्गाथाभिर्जीवास्तिकायव्याख्यानं, दशगाथाभिः पुद्गलास्तिकायव्याख्यानं, सप्तगाथाभिर्धर्माधर्मास्तिकायद्वयविवरणं, सप्तगाथाभिराकाशास्तिका-व्याख्यानं, अष्टगाथाभिश्चूलिकामुख्यत्वमित्येकादशोत्तरशतगाथाभिरष्टांतराधिकारा गताः।।

इति श्रीजयसेनाचार्यकृतायां तात्पर्यवृत्तौ पंचास्तिकायषड्द्रव्यप्रतिपादनं नाम प्रथमो महाधिकारः समाप्तः ।।१।।

---

**समयव्याख्या : दुःखविमोक्षकरणक्रमाख्यानमेतत्। एतस्य शास्त्रस्यार्थभूतं शुद्धचैतन्यस्वभावमात्मानं कश्चिज्जीवस्तावज्जीनीते। ततस्तमेवानुगंतुमुद्यमते। ततोऽस्य क्षीयते दृष्टिमोहः। ततः स्वरूपपरिचयादुन्मज्जति ज्ञानज्योतिः। ततो रागद्वेषौ प्रशाम्यतः। ततः उत्तरः**

**पूर्वश्च बंधो विनश्यति। ततः पुनर्बंधहेतुत्वाभावात् स्वरूपस्थो नित्यं प्रतपतीति ।।१०४।।**

**इति समयव्याख्यायामंतर्नीतषड्द्रव्यपञ्चास्तिकायवर्णनः प्रथमः श्रुतस्कंधः समाप्तः ।।१।**

**અનુવાદ : આ, દુઃખથી વિમુક્ત થવાના ક્રમનું કથન છે.**

**પ્રથમ, કોઈ જીવ આ શાસ્ત્રના અર્થભૂત શુદ્ધચૈતન્યસ્વભાવવાળા (નિજ) આત્માને જાણે છે; તેથી (પછી) તેને જ અનુસરવાનો ઉદ્યમ કરે છે; તેથી તેને દૃષ્ટિમોહનો ક્ષય થાય છે; તેથી સ્વરૂપના પરિચયને લીધે જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે; તેથી રાગ-દ્વેષ પ્રશમી જાય છે – નિવૃત્ત થાય છે; તેથી ઉત્તર અને પૂર્વ (પછીનો અને પહેલાંનો) બંધ વિનાશ પામે છે; તેથી ફરીને બંધ થવાના હેતુપણાનો અભાવ હોવાથી સ્વરૂપસ્થપણે સદા પ્રતપે છે-પ્રતાપવંત વર્તે છે (અર્થાત્ તે જીવ સદાય સ્વરૂપસ્થિત રહી પરમાનંદજ્ઞાનાદિરૂપે પરિણમે છે). ૧૦૪.**

**આ રીતે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી 'પંચાસ્તિકાયસંગ્રહ' શાસ્ત્રની શ્રીમદ્ અમૃતચંદ્રાચાર્યદેવવિરચિત) સમયવ્યાખ્યા નામની ટીકામાં ષડ્‌દ્રવ્ય-પંચાસ્તિકાયવર્ણન નામનો પ્રથમ શ્રુતસ્કંધ સમાપ્ત થયો.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૧૨, સમવાર)

હવે દુઃખોનો નાશ કરવાનો ક્રમ બતાવે છે અથવા ક્યા ક્રમથી જીવ સંસારરહિત થઈને મુક્ત થાય તે બતાવે છે.

જે પુરુષ આ ગ્રંથનું રહસ્ય જે શુદ્ધાત્મ પદાર્થ છે તેને જાણીને તેમાં જ પ્રવીણ થવાનો ઉદ્યમી થાય છે તે ભેદવિજ્ઞાની જીવ મોક્ષપદનો અનુભવી થાય છે. કેવો છે તે જીવ ? કે જેણે દર્શનમોહનો નાશ કર્યો છે, રાગ-દ્વેષ જેનામાં ઠરી ગયા છે અને જેણે પૂર્વાપર બંધનો નાશ કર્યો છે.

આ 'પંચાસ્તિકાય' ગ્રંથ છે, તેનું રહસ્ય એમ છે કે પાંચ અસ્તિકાય ને કાળ જેમ છે તેમ જાણવા ને તેનું ફળ વીતરાગતા છે.

છ દ્રવ્યોમાંથી કોઈનો અભાવ વર્તે છે એમ નથી. વળી આ દ્રવ્ય આમ કેમ પરિણમ્યું તે પણ સવાલ નથી ને આ દ્રવ્ય બીજાને લીધે પરિણમ્યું એમ પણ નથી. સૌ સૌના કારણે છે. એમ છેપણું નક્કી કરે તો શુદ્ધ આત્મા તરફ વલણ થાય છે.

બધા પદાર્થો છે એમ કહો, મહાસત્તા છે, અવાંતરસત્તા છે એમ કહો, શુદ્ધ દ્રવ્યદૃષ્ટિ કહો, ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કહો, મોક્ષમાર્ગ કહો, પર્યાયબુદ્ધિ છોડી સ્વભાવબુદ્ધિ કરવી કહો, તે બધાનું ફળ વીતરાગતા છે. અવાંતરસત્તાથી નક્કી કરો કે આ પર્યાય છે, આ ગુણ છે, આ દ્રવ્ય છે એમ છેપણું નક્કી કરે તો પર્યાય ક્ષણિક છે ને દ્રવ્ય ત્રિકાળ છે એવું નક્કી કરતાં દ્રવ્ય તરફ વજન ગયા વગર રહેતું નથી. વિકાર છે, પર્યાયમાં અધૂરપ છે, દ્રવ્ય પૂર્ણ શુદ્ધ છે – બધું છે એમ કબૂલ કરનારનું વજન વિકારીપર્યાય ઉપર જતું નથી પણ શુદ્ધ આત્મા ઉપર જાય છે અને હું છું એમ નક્કી કરતાં અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર, સુખનો ભરેલો છું એમ નક્કી થાય છે.

આમ ધર્મી જીવ પરને પર જાણે, રાગને રાગ જાણે, રાગને ત્રિકાળમાં ખતવતો નથી, પરને પોતામાં ખતવતો નથી, પોતાને શુદ્ધ આત્મા જાણે છે એણે પંચાસ્તિકાયનું રહસ્ય જાણ્યું છે.

આ પ્રમાણે શુદ્ધ આત્મપદાર્થને જાણીને તે જીવ આત્મપદાર્થમાં પ્રવીણ થવાનો ઉદ્યમી થાય છે. આમાં ઘણા ન્યાયો આવી જાય છે. દેવ–ગુરુ–શાસ્ત્ર ત્રણે એમ કહે છે કે તું તારા શુદ્ધ આત્મા તરફ વલણ કર. શાસ્ત્ર એમ કહેતાં નથી કે તું રાગનો પ્રયત્ન કર. ગુરુ એમ કહેતા નથી કે અમો હોઈએ તો તારું કલ્યાણ થાય. એમ જો કોઈ ગુરુ કહે ને બહિર્મુખતા બતાવે તો તે ગુરુ નથી. ને દેવ પણ રાગ કરવાનું કહેતા નથી. પ્રથમ શ્રવણ વખતે વિકલ્પ હતો ત્યારે સુદેવાદિનું નિમિત્ત હતું ને કુદેવાદિનું નિમિત્ત છૂટી ગયું. વિકલ્પ પહેલો હોય છે માટે વ્યવહાર પહેલો ને નિશ્ચય પછી એવો એનો અર્થ નથી. પણ પોતાના સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન કરે તો પૂર્વના વિકલ્પને વ્યવહાર કહેવાય છે, નહિતર તેને વ્યવહાર પણ કહેવાતો નથી.

વળી કોઈ કહે છે કે 'ક્રમબદ્ધ–પર્યાયનો નિર્ણય કરવાથી પ્રમાદ થશે તો ?' આમ પ્રશ્ન કરનાર ક્રમબદ્ધ–પર્યાયને સમજતો નથી. જે વખતે જેમ થવાનું છે તેમ થવાનું છે તેમ યથાર્થ સમજનારને અંતર્મુખ પ્રવીણપણું થયા વિના રહેતું નથી. તેને પ્રમાદ રહેતો નથી. અજ્ઞાનીનો પ્રશ્ન છે કે 'વસ્તુસ્વભાવની દ્રષ્ટિ થતાં દોષ થાય તો ?' 'જેમ થવાનું તેમ થવાનું એમ માનનારને વ્યવહાર નહિ સચવાય તો ?' આ પ્રશ્નો પૂછનાર વસ્તુસ્વભાવને સમજ્યો નથી. સ્વભાવના અંતર્મુખ આશ્રય વિના યથાર્થ જાણપણું થતું નથી. જે પદાર્થો જેમ છે તેમ સમજતાં સ્વભાવનો પ્રયત્ન થાય છે. **સાધકને નબળાઈનો રાગ છે તે રાગની ભૂમિકામાં આવે છે, માટે વ્યવહાર રહેશે નહિ તે વાત રહેતી નથી.** ધર્મી જીવ પદાર્થમાં પ્રવીણ છે ને જેટલો રાગ છે તે જાણવા માટે છે, પણ કોઈ વ્યવહારની પકડ કરીને કહે કે 'મોક્ષ માર્ગમાં વચ્ચે વ્યવહાર આવશે, મૂંઝાઈશ નહિ.' 'વ્યવહાર આવ્યા વિના રહેશે નહિ.' એમ કોઈ કહે તો તેનું વજન વ્યવહાર ઉપર છે, તેને વ્યવહારનું અવલંબન છે. તેને વ્યવહારને અનુસરીને રહેવું છે પણ શુદ્ધ આત્માને અનુસરીને રહેવું નથી.

અહીં પાઠ છે કે '**तदनुगमनोद्यतः**' – 'તે જ આત્મપદાર્થમાં પ્રવીણ થવાનો ઉદ્યમી થાય છે.' રાગ કે વ્યવહારનો ઉદ્યમી કહ્યો નથી પણ શુદ્ધ આત્મપદાર્થને અનુસરવાનો ઉદ્યમી કહ્યો છે. આમ જે ધર્મી જીવને ભેદવિજ્ઞાન વર્તે છે તેની ભ્રાંતિનો નાશ થઈ જાય છે. મારું શું થશે ને કેમ થશે તે વાત રહેતી નથી. જડ કર્મનો નાશ તો કોઈ જીવ કરી શકતો નથી ને મિથ્યાભ્રાંતિનો નાશ પણ કોઈ કરી શકતો નથી. સ્વભાવ તરફનો પુરુષાર્થ થતાં ભ્રાંતિ ઉત્પન્ન થતી નથી. તેણે દર્શનમોહનો નાશ કર્યો એમ કહેવામાં આવે છે. આ એક જ ઉપાય છે, બીજો ઉપાય નથી.

હવે તે જીવ ચારિત્ર પ્રગટ કરી મોક્ષને પામે છે તે બતાવે છે. તે જ સ્વભાવના અવલંબને શાંતિ પ્રગટે છે. આટલાં વ્રત, તપ કરે તો શાંતિ થાય એમ છે જ નહિ તેમ જ નિમિત્ત, બાહ્ય ક્ષેત્ર કે પરના અવલંબને શાંતિ નથી. આમ નક્કી તો કરેલ હતું પણ ધર્મી જીવ સ્વભાવમાં વિશેષ સ્થિરતા કરે છે તે ચારિત્ર છે. વળી કોઈ કહે છે કે 'શાસ્ત્ર સાંભળનાર ઘણા હોય તો સંતોષ ને શાંતિ આવે, એકલા હોઈએ તો શાંતિ ક્યાંથી આવે ?' આમ અજ્ઞાની જીવ પરના આશ્રયે શાંતિ માની બેઠો છે. ભાઈ, પરનો આશ્રય લેવામાં આકુળતા છે, એકલા સ્વભાવના

આશ્રયે શાંતિ છે, આમ ભેદવિજ્ઞાની જીવ પોતાના સ્વભાવનો આશ્રય પૂરેપૂરો લ્યે છે, તેથી અસ્થિરતા ટળી જાય છે, પૂર્વ બંધ નાશ પામે છે ને મોક્ષદશાને પામે છે.

**ભાવાર્થ** : સંસારી જીવ અનાદિ અવિદ્યાના કારણે રખડે છે. કોઈ કર્મના કારણે રખડે છે એમ કહ્યું નથી પણ વિદ્યમાન સ્વભાવની અરુચિ ને વિકારાદિ તથા સંયોગો કે જે ક્ષણિક છે – અવિદ્યમાન છે તેની રુચિ તે અવિદ્યા છે. આવી અવિદ્યાના કારણે પુણ્ય–પાપના ભાવોને પોતાનો સ્વભાવ માને છે. આવી રીતે અજ્ઞાની થઈ જીવ રાગ–દ્વેષરૂપે પરિણમે છે. પણ જ્યારે સ્વ–પુરુષાર્થ કરીને સર્વજ્ઞ–વીતરાગનાં વચનોને અવધારણ કરે છે ત્યારે તેનું મિથ્યાત્વ નાશ પામે છે. ભગવાનનાં વચનો સાંભળી તે જીવ જાગ્રત થાય છે કે અહો ! બધા પદાર્થો વ્યવસ્થિત છે, નિયમબદ્ધ છે, કોઈ કોઈને રાગ–દ્વેષ કરાવતું નથી. પોતે ભૂલ કરે છે તો રાગ–દ્વેષ થાય છે, ને તે સ્વભાવના આશ્રયે ભૂલ ટળે છે, પોતાના જ્ઞાનસ્વભાવમાંથી જ્ઞાન ને વીતરાગતા પ્રગટે છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. આવા ભગવાનનાં વચનો રુચ્યાં તેને સંસારમાંથી છૂટવાનાં ટાણાં આવ્યાં. આમ પુરુષાર્થ કરી જે જીવ પોતાના સ્વભાવની રુચિ કરે છે તેની કાળલબ્ધિ પાકી ગઈ છે. જ્ઞાનસ્વભાવ જાણ્યો તે સ્વભાવ છે, સ્વભાવ તરફ જે કાળે વળ્યો તે કાળલબ્ધિ છે ને સ્વભાવ તરફ વળતાં કર્મનો અભાવ થવા લાગ્યો – આમ પાંચે સમવાય એકસાથે આવી મળે છે. તેણે વીતરાગનાં વચનોને અવધાર્યાં છે ને તેનો મોહ નાશ પામે છે ને ભેદવિજ્ઞાનરૂપ સમ્યગ્જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે.

જે જીવે પોતાના જ્ઞાનસ્વભાવનો નિર્ણય કર્યો નથી તેણે સ્વભાવને જાણ્યો નથી, તેનો સાચો પુરુષાર્થ ઊપડતો નથી, તે નિયતને સમજતો નથી. તેને કાળલબ્ધિ પાકી નથી, તેને કર્મનો અભાવ થતો નથી. આમ અજ્ઞાની એકે સમવાયને જાણતો નથી.

ધર્મી જીવ વિચારે છે કે અહો ! સર્વજ્ઞ ભગવાનને અનંત શક્તિ ખીલી ગઈ છે, તે કોઈનું કાંઈ પણ કરી શકે નહિ. તો પછી હું અલ્પજ્ઞ પરનું શું કરું ? કોઈ કોઈનું કરવા સમર્થ નથી. પોતાના જ્ઞાનસ્વભાવી આત્મામાંથી જ્ઞાન પ્રગટે છે, વીતરાગસ્વભાવી આત્મામાંથી વીતરાગતા પ્રગટે છે, પોતાના વીર્યવાન આત્મામાંથી વીર્ય પ્રગટે છે. આમ નક્કી કરનાર ધર્મી જીવને કાળલબ્ધિ પાકી ગઈ છે. માત્ર ધારણાની વાત નથી પણ અંતર્મુખ અવલંબનની વાત છે. તેને શંકા રહેતી નથી. આવું ભાન થયા પછી ચારિત્રમોહ નાશ પામે છે. આ સમજ્યા વિના વ્રત, તપ કરવા માંડે ને તેથી ચારિત્ર પ્રગટી જાય તેમ બનતું નથી. શરીરાદિ પર છે, પુણ્ય–પાપ રહિત મારા સમસ્વભાવી ચૈતન્યસૂર્યમાંથી વીતરાગતા પ્રગટે છે. એવા ભાનવાળા જીવને ચારિત્ર પ્રગટે છે. ભેદવિજ્ઞાન થયા પછી અસ્થિરતાના સંકલ્પવિકલ્પ હોય છે, બહારમાં યશના ગંજ હોય તો તેથી મને શાંતિ નથી, અપયશના ઢગલા હોય તો અશાંતિ નથી, મારા સ્વભાવના અવલંબને જ શાંતિ છે. એમ વિશેષ દઢતા લાવી સ્વભાવમાં લીન થતો જાય છે. કોઈ કહે કે 'તમારા પ્રભાવનાના શુભરાગથી ઘણી પ્રભાવના થશે માટે તે રાગ કરવો જોઈએ.' ધર્મી જીવ સમજે છે કે શુભરાગથી પર જીવોને લાભ નથી તેમ જ મને પણ લાભ નથી. હું બહારમાં રોકાઉં છું એટલો અટકું છું. મારી પ્રભાવના બહારમાં નથી, હું અંતરમાં એકાગ્ર થાઉં એ મારી પ્રભાવના છે. આમ સર્વથા સંકલ્પવિકલ્પોનો અભાવ કરે છે ત્યારે સ્વરૂપમાં લીન થાય છે, આગામી બંધ થતો નથી, પૂર્વનાં

કર્મો સંયોગો આપી છૂટી જાય છે. તીર્થંકર ચક્રવર્તી વગેરે જેને જે પ્રકારના પુણ્યના નિમિત્તે સંયોગો મળવાના હોય તે મળી જાય છે ને કર્મ છૂટી જાય છે ત્યારે તે જીવ નિર્બંધ અવસ્થાને ધારણ કરી મુક્તદશાને પામે છે ને અનંતકાલ સુધી સ્વરૂપમાં ગુપ્ત રહીને અનંત સુખને ભોગવે છે. સાધકદશામાં અલ્પ રાગ હતો તે ટળી ગયો ને પરિપૂર્ણ વીતરાગ–સર્વજ્ઞદશા પ્રાપ્ત કરી અનંતસુખને ભોગવે છે. ૧૦૪.

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ--૧૩, મંગળવાર)

પ્રથમ શ્રુતસ્કંધ સમાપ્ત થયો. તેમાં છ દ્રવ્યો સ્વતંત્ર બતાવ્યાં. હવે નવ પદાર્થનું ભેદથી કથન કરે છે. તેમાં પ્રથમ ભગવાનની સ્તુતિ કરે છે. કેમ કે જેનું વચન પ્રમાણ છે તે પુરુષ પ્રમાણ છે. ને પુરુષપ્રમાણથી વચનની પ્રમાણતા છે. આ કેવળી ભગવાન સર્વજ્ઞ–વીતરાગ છે તેમનાં વચનો માન્ય હોઈ શકે. વીતરાગ–સર્વજ્ઞ સિવાય અન્યનાં વચન સાચાં નથી. કેટલાક જીવો ભગવાનના નામે શાસ્ત્ર લખે. પુસ્તકનું નામ ‘વીર દેશના’ રાખ્યું હોય ને અંદર ગપાટા માર્યા હોય માટે તે પ્રમાણ નથી. ભગવાનનાં વચન પ્રમાણ છે, તેથી કુંદકુંદાચાર્ય મહારાજ ભગવાનની સ્તુતિ કરે છે.

# નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગ પ્રપંચવર્ણન

(પ્રથમ, શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ પહેલા શ્રુતસ્કંધને વિષે શું કહેવામાં આવ્યું અને બીજા શ્રુતસ્કંધને વિષે શું કહેવામાં આવશે તે શ્લોક દ્વારા અતિ સંક્ષેપમાં દર્શાવે છે :)

**द्रव्यस्वरूपप्रतिपादनेन शुद्धं बुधानामिह तत्त्वमुक्तम्।**
**पदार्थभङ्गेन कृतावतारं प्रकीर्त्यते संप्रति वर्त्म तस्य।।७।।**

**શ્લોકાર્થ** : અહીં (આ શાસ્ત્રમાં પ્રથમ શ્રુતસ્કંધને વિષે) દ્રવ્યસ્વરૂપના પ્રતિપાદન વડે બુધ પુરુષોને (સમજુ જીવોને) શુદ્ધ તત્ત્વ (શુદ્ધાત્મતત્ત્વ) ઉપદેશવામાં આવ્યું. હવે પદાર્થભેદ વડે ઉપોદ્ઘાત કરીને (–નવ પદાર્થરૂપ ભેદ વડે પ્રારંભ કરીને) તેનો માર્ગ (–શુદ્ધાત્મતત્ત્વનો માર્ગ અર્થાત્ તેના મોક્ષનો માર્ગ) વર્ણવવામાં આવે છે. (૭)

(હવે આ બીજા શ્રુતસ્કંધને વિષે શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવવિરચિત ગાથાસૂત્ર શરૂ કરવામાં આવે છે :)

**अभिवंदिऊण सिरसा अपुणब्भवकारणं महावीरं।**
**तेसिं पयत्थभंगं मग्गं मोक्खस्स वोच्छामि ।।१०५।।**

अभिवंद्य शिरसा अपुनर्भवकारणं महावीरम्।
तेषां पदार्थभङ्ग मार्गं मोक्षस्य वक्ष्यामि ।।१०५।।

શિરસા નમી અપુનર્જનમના હેતુ શ્રી મહાવીરને,
ભાખું પદાર્થવિકલ્પ તેમ જ મોક્ષ કેરા માર્ગને. ૧૦૫.

**અન્વયાર્થ** : (अपुनर्भवकारणं) અપુનર્ભવના કારણ (महावीरम्) શ્રી મહાવીરને (शिरसा अभिवंद्य) શિરસા વંદન કરીને, (तेषां पदार्थभङ्‌गं) તેમનો પદાર્થભેદ (– કાળ સહિત પંચાસ્તિકાયનો નવ પદાર્થરૂપ ભેદ) તથા (मोक्षस्य मार्गं) મોક્ષનો માર્ગ (वक्ष्यामि) કહીશ.

---

**तात्पर्यवृत्ति** : इति ऊर्ध्वं `अभिवंदिऊण सिरसा' इति इमां गाथामादिं कृत्वा पाठक्रमेण पंचाशद्‌गाथापर्यंतं टीकाभिप्रायेणाष्टाधिकचत्वारिंशद्‌गाथापर्यंतं वा जीवादिनवपदार्थप्रतिपादको द्वितीयमहाधिकारः प्रारभ्यते। तत्र तु दशांतराधिकारा भवन्ति। तेषु दशाधिकारेषु मध्ये प्रथमतस्तावन्नमस्कारगाथामादिं कृत्वा पाठक्रमेण गाथाचतुष्टयपर्यंतं व्यवहारमोक्षमार्गमुख्यत्वेन व्याख्यानं करोतीति प्रथमांतराधिकारे समुदायपातनिका। तथाहि - अन्तिमतीर्थंकरपरमदेवं नत्वा पंचास्तिकायषड्‌द्रव्यसंबन्धिनं नवपदार्थभेदं मोक्षमार्गं च वक्ष्यामीति प्रतिज्ञापुरःसरं नमस्कारं करोति, - **अभिवंदिऊण सिरसा अपुणब्भवकारणं महावीरं** अभिवंद्य प्रणम्य। केन ? शिरसा। कं ? अपुनर्भवकारणं महावीरं। ततः किं करोमि ? **वोच्छामि** वक्ष्यामि। कं ? **तेसिं पयत्थभंगं** तेषां पंचास्तिकायषड्‌द्रव्याणां नवपदार्थभेदं। न केवलं नवपदार्थभेदं। **मग्गं मोक्खस्स** मार्गं मोक्षस्येति। तद्यथा। मोक्षसुखसुधारसपानपिपासितानां भव्यानां पारंपर्येणानंतज्ञानादिगुणफलस्य मोक्षकारणं महावीराभिधानमन्तिमजिनेश्वरं रत्नत्रयात्मकस्य प्रवर्तमानमहाधर्मतीर्थस्य प्रतिपादकत्वात्प्रथमत एव प्रमाणमिति गाथापूर्वार्धेन मंगलार्थमिष्टदेवतानमस्कारं करोति ग्रंथकारः, तदनंतरमुत्तरार्धेन च शुद्धात्मरुचिप्रतीतिनिश्चलानुभूतिरूपस्याभेदरत्नत्रयात्मकस्य निश्चयमोक्षमार्गस्य परंपरया कारणभूतं व्यवहारमोक्षमार्गं तस्यैव व्यवहारमोक्षमार्गस्या-वयवभूतयोर्दर्शनज्ञानयोर्विषयभूतान्नवपदार्थांश्च प्रतिपादयामीति प्रतिज्ञां च करोति। अत्र यद्यप्यग्रे चूलिकायां मोक्षमार्गस्य विशेषव्याख्यानमस्ति तथापि नवपदार्थानां संक्षेपसूचनार्थमत्रापि भणितं। कथं संक्षेपसूचनमिति चेत्। नवपदार्थव्याख्यानं तावदत्र प्रस्तुतं। ते च कथंभूताः। व्यवहारमोक्षमार्गे विषयभूता इत्यभिप्रायः ।। १०५।।

**समयव्याख्या : आप्तस्तुतिपुरस्सरा प्रतिज्ञेयम्। अमुना हि प्रवर्तमानमहाधर्मतीर्थस्य मूलकर्तृत्वेनापुनर्भवकारणस्य भगवतः परमभट्टारकमहादेवाधिदेवश्रीवर्द्धमानस्वामिनः सिद्धिनिबंधनभूतां भावस्तुतिमासूत्र्य, कालकलितपञ्चास्तिकायानां पदार्थविकल्पो मोक्षस्य मार्गश्च वक्तव्यत्वेन प्रतिज्ञात इति ।।१०५।।**

**અનુવાદ : આ, આપ્તની સ્તુતિપૂર્વક પ્રતિજ્ઞા છે.**

**પ્રવર્તમાન મહાધર્મતીર્થના મૂળ કર્તા તરીકે જેઓ અપુનર્ભવના કારણ છે એવા ભગવાન, પરમ ભટ્ટારક, મહાદેવાધિદેવ શ્રી વર્ધમાનસ્વામીની, સિદ્ધત્વના નિમિત્તભૂત ભાવસ્તુતિ કરીને, કાળ સહિત પંચાસ્તિકાયનો પદાર્થભેદ (અર્થાત્ છ દ્રવ્યોનો નવ પદાર્થરૂપ ભેદ) તથા મોક્ષનો માર્ગ કહેવાની આ ગાથાસૂત્રમાં પ્રતિજ્ઞા કરવામાં આવી છે. ૧૦૫.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૧૩, મંગળવાર)

(પ્રથમ શ્રુતસ્કંધ સમાપ્ત થયો. તેમાં છ દ્રવ્યો સ્વતંત્ર બતાવ્યાં. હવે આ બીજા શ્રુતસ્કંધમાં નવ પદાર્થનું ભેદથી કથન કરે છે.)

હું, કુંદકુંદાચાર્ય મોક્ષના કારણભૂત વર્ધમાન તીર્થંકર ભગવાનને મસ્તક દ્વારા નમસ્કાર કરીને મોક્ષના કારણસ્વરૂપ તે છ દ્રવ્યોના નવપદાર્થરૂપ ભેદને કહીશ.

અહીં નિમિત્તકારણની વ્યાખ્યા કરી છે. ભવના અભાવનું કારણ તો પોતાનો સ્વભાવ છે એવી જેને રુચિ થઈ છે તેને ભગવાન નિમિત્ત છે તેથી તેની સ્તુતિ કરે છે. જેને ભવની રુચિ છે તેને સર્વજ્ઞની રુચિ નથી ને સર્વજ્ઞની રુચિ છે તેને ભવની રુચિ નથી. ગમે તે ભવ હો. સર્વાર્થસિદ્ધિનો ભવ હોય કે તીર્થંકરનો ભવ હોય. કોઈ પણ ભવની રુચિ ધર્મીને હોતી નથી. જે ભાવથી ભવ મળે તે ભાવ આકુળતા છે. ભવજન્ય દુઃખ છે તેવી આકુળતા રહિત એકલો જ્ઞાયક સ્વભાવ જેને રહી ગયો ને જે પૂર્ણ દશા પામ્યા ને જેના જ્ઞાનમાં ત્રણ લોક જણાયા એવા સર્વજ્ઞદેવ અપુનર્ભવનું કારણ છે. મોક્ષનું કારણ તો આત્મા છે પણ ભગવાનને તેમાં નિમિત્તકારણ કહ્યા છે.

જે કોઈ એમ કહે કે અહીંથી છૂટીને મહાવિદેહમાં જવાશે અથવા દેવમાં જવાશે ને ત્યાંથી ભગવાનની વાણી સાંભળવા જવાશે ને ત્યાં ધર્મ થશે, તે જીવ વીતરાગ દેવ, શાસ્ત્ર કે ધર્મને માનતો નથી. કારણ કે તેને હજી ભવની રુચિ રહેલી છે. વળી કોઈ કહે કે મારે ભલે એકાદ ભવ થાય પણ જગતનું કલ્યાણ થતું હોય તો કરી દેવું એમ માનનાર જીવને પણ ભવની રુચિ છે. ભવ વિનાના સ્વભાવની રુચિ નથી તેથી તેને ભગવાનની વાણીની પણ રુચિ નથી. ધર્મી જીવને શુભરાગ આવે છે પણ તે સમજે છે કે મારા સ્વભાવનો સ્વાદ મારામાં છે, શ્રવણ કરાવવાનો વિકલ્પ ઊઠ્યો છે તે મારા કારણે છે, તે વિકલ્પથી બીજાને લાભ નથી. તેમ જ પોતાને લાભ નથી. પોતાને પોતાના સ્વભાવથી લાભ છે એમ જે નક્કી કરે છે તેને ભગવાન ધર્મમાં નિમિત્ત છે.

જે જીવ રાગથી લાભ માની રાગમાં રોકાયો છે, પોતાનું કલ્યાણ પરને લીધે અટક્યું માને છે, નિમિત્તને તથા રાગને સાધન માની અટક્યો છે તે ભગવાનને નિમિત્ત બનાવી શકતો નથી. અજ્ઞાની પરજીવની દયા ને સેવામાં ધર્મ માની અટકી જાય છે. પરને માટે સેવા કરું છું એમ માને છે પણ એ બધું અભિમાન છે.

મારો સ્વભાવ ભવ વિનાનો છે એમ ભગવાને કહ્યું છે. ભગવાન કોઈ ભવનું સ્થાપન કરતા નથી પણ શુદ્ધ સ્વભાવનું સ્થાપન કરે છે. અહીં કુંદકુંદાચાર્ય ભગવાનને વિકલ્પ ઊઠ્યો છે તેથી કહે છે કે હે નાથ ! સંસારના અભાવ સ્વભાવરૂપી પર્યાય પ્રગટવાનું કારણ તો અમો છીએ પણ તેમાં આપ નિમિત્ત છો એટલે આપને વંદું છું. જે ભવનો અભાવ બતાવે ને સ્વભાવનું માહાત્મ્ય બતાવે ને તેમાં લીનતા કરવાનો ઉપદેશ કરે તે વંદનીય છે.

જે કોઈ ભવના કારણરૂપ રાગાદિને અનુમોદન આપે તેને વંદન કરનાર જીવ મિથ્યાદૃષ્ટિ છે. દેવ–ગુરુ–શાસ્ત્રના રાગને પણ આદરણીય માને તે મિથ્યાદૃષ્ટિ છે. વળી સ્વર્ગમાં જવાથી કે

મહાવિદેહમાં જવાથી લાભ થશે એમ કહે પણ વસ્તુસ્વભાવથી લાભ થશે એમ ન કહે તો તે વંદનીય નથી. બહારવટિયાને મદદ કરનાર જેમ ગુનેગાર ગણાય છે તેમ શુદ્ધચૈતન્ય સ્વભાવની વિરુદ્ધ કહેનારાને પુષ્ટિ આપવી તે બહારવટિયાને મદદ આપવા સમાન છે.

હે નાથ ! તારી વાણી ને તારાં શાસ્ત્ર તો દરેક દ્રવ્યની પૃથકતા બતાવે છે. સાધકદશામાં રાગ આવે છે પણ તેનું હું અનુમોદન કરતો નથી. સમયે સમયે જીવમાં નવી નવી પર્યાયનો ઉત્પાદ થાય છે. જો તે પર્યાયનું વલણ બહારમાં જાય છે તો સંસાર છે ને અંતર સ્વભાવનું વલણ કરે તો મોક્ષમાર્ગ છે.

શરીર, મન, વાણી વગેરે પરની રુચિ કરીને જે પર્યાય ઉત્પન્ન થાય છે તેણે મોક્ષમાર્ગને સીલ માર્યાં છે ને જે પરની તથા રાગની રુચિ છોડીને સ્વભાવની રુચિ કરી જે પર્યાય ઉત્પન્ન થાય છે તેણે મોક્ષમાર્ગને ખોલી નાખ્યો છે. ને જેટલી શુદ્ધતા પ્રગટી તે દ્રવ્ય સાથે અભેદ થાય છે પણ જેટલો રાગ રહ્યો છે તે શરણભૂત નથી, એમ ધર્મી માને છે.

અહીં કુંદકુંદાચાર્ય ભગવાનને શુભવિકલ્પ ઊઠ્યો છે છતાં કહે છે કે મારું કર્તવ્ય તો શુદ્ધ સ્વભાવ તરફ વળવું એ જ છે. અપુનર્ભવનું કારણ આત્મા છે. તેના ઉપર વજન છે તેથી અપુનર્ભવ (મોક્ષ) થશે જ પણ હજી રાગ રહ્યો છે ને વિકલ્પ ઊઠ્યો છે તેથી વંદન કરું છું પણ તેના ઉપર વજન નથી. વજન તો અપુનર્ભવના કારણ શુદ્ધ સ્વભાવ ઉપર છે. ભગવાનની સ્તુતિ વખતે ભગવાન પ્રત્યે રાગ હોવા છતાં અમે તમોને વિકલ્પમાં નિમિત્ત કહેતા નથી. અમે તમોને જ્ઞાયક સ્વભાવમાં નિમિત્ત કહીએ છીએ. આ પ્રમાણે અપુનર્ભવનું કારણ પોતાનો આત્મા છે ને તેમાં નિમિત્ત મહાવીર ભગવાન છે એમ કહી નિશ્ચય–વ્યવહાર બન્ને બતાવે છે.

આ પ્રમાણે મોક્ષના કારણભૂત વર્ધમાન તીર્થંકર ભગવાનને મસ્તકથી નમસ્કાર કરીને મોક્ષમાર્ગ અથવા તેના કારણ સ્વરૂપ છ દ્રવ્યોના નવપદાર્થરૂપ ભેદોને કહીશ એમ આચાર્ય કહે છે. મોક્ષમાર્ગ ક્યાં ચાલતો હશે ? આત્માનો મોક્ષમાર્ગ અંતરદિશામાં છે. સ્વરૂપમાં અંતર્મુખ એકાગ્ર થવું તે મોક્ષમાર્ગ છે. તે મોક્ષમાર્ગના કારણસ્વરૂપ છ દ્રવ્યો છે જે ભગવાનની વાણીમાં આવ્યા તે પ્રમાણે જ છે. તે છના ભેદ પાડીને નવની વ્યાખ્યા કહીશ.

**ભાવાર્થ :** વર્તમાન પંચમકાળ છે. તેમાં ધર્મતીર્થના કર્તા ભગવાન પરમભટ્ટારક દેવાધિદેવ, શ્રી વર્દ્ધમાનસ્વામી છે. જે પાત્ર જીવોએ પોતાના સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન કરી પોતામાં ધર્મતીર્થ પ્રગટ કર્યું તેવા જીવોને ધર્મ પ્રગટ કરવામાં ભગવાન નિમિત્ત હતા તેથી ભગવાન ધર્મતીર્થના કર્તા કહેવાય છે.

વળી ભગવાન દેવના દેવ છે. ગણધરદેવના દેવ, ચક્રવર્તીના દેવ, દેવાધિદેવ છે, તેમની સ્તુતિ કરું છું એમ કહેવું તે વ્યવહાર છે. ખરેખર તો અંતરમાં એકાગ્રતા થાય છે તે ભાવસ્તુતિ છે ને વિકલ્પ ઊઠ્યો છે તે દ્રવ્યસ્તુતિ છે. આવી રીતે કુંદકુંદાચાર્ય ભગવાને મહાવીર ભગવાનની સ્તુતિ કરીને મોક્ષમાર્ગને બતાવવાવાળાં છ દ્રવ્યોના ભેદરૂપ નવતત્ત્વો કહેવાની પ્રતિજ્ઞા કરી. ૧૦૫.

**सम्मत्तणाणजुत्तं चारित्तं रागदोसपरिहीणं।**
**मोक्खस्स हवदि मग्गो भव्वाणं लद्धबुद्धीणं ।।१०६।।**
**सम्यक्त्वज्ञानयुक्तं चारित्रं रागद्वेषपरिहीणम्।**
**मोक्षस्य भवति मार्गो भव्यानां लब्धबुद्धीनाम् ।।१०६।।**
**સમ્યક્ત્વજ્ઞાન સમેત ચારિત રાગદ્વેષવિહીન જે,**
**તે હોય છે નિર્વાણમારગ લબ્ધબુદ્ધિ ભવ્યને. ૧૦૬.**

**અન્વયાર્થ :** (सम्यक्त्वज्ञानयुक्तं) સમ્યક્ત્વ અને જ્ઞાનથી સંયુક્ત એવું (चारित्रं) ચારિત્ર – (रागद्वेषपरिहीणम्) કે જે રાગદ્વેષથી રહિત હોય તે, (लब्धबुद्धीनाम्) લબ્ધબુદ્ધિ (भव्यानां) ભવ્ય-જીવોને (मोक्षस्य मार्गः) મોક્ષનો માર્ગ (भवति)હોય છે.

---

**तात्पर्यवृत्ति :** अथ प्रथमतस्तावन्मोक्षमार्गस्य संक्षेपसूचनां करोति, - **सम्मत्तणाणजुत्तं** सम्यक्त्वज्ञानयुक्तमेव न च सम्यक्त्वज्ञानरहितं **चारित्तं** चारित्रमेव न चाचारित्रं **रागदोसपरिहीणं** रागद्वेषपरिहीनमेव न च रागद्वेषसहितं। **मोक्खस्स हवदि** स्वात्मोपलब्धिरूपस्य मोक्षस्यैव भवति न च शुद्धात्मानुभूतिप्रच्छादकबंधस्य, **मग्गो** अनंतज्ञानादिगुणामौल्यरत्नपूर्णस्य मोक्षनगरस्य मार्ग एव नैवामार्गः **भव्वाणं** शुद्धात्मस्वभावरूपव्यक्तियोग्यतासहितानां भव्यानामेव न च शुद्धात्मरूपव्यक्तियोग्यतारहितानामभव्यानां **लद्धबुद्धीणं** लब्धनिर्विकारस्वसंवेदनज्ञानरूपबुद्धीनामेव न च मिथ्यात्वरागादिपरिणतिरूपविषयानंदस्वसंवेदनकुबुद्धिसहितानां, क्षीणकषायशुद्धात्मोपलंभे सत्येव भवति न च सकषायाशुद्धात्मोपलंभे भवतीत्यन्वयव्यतिरेकाभ्यामष्टविधनियमोत्र द्रष्टव्यः। अन्वयव्यतिरेकस्वरूपं कथ्यते। तथाहि - सति संभवोऽन्वयलक्षणं असत्यसंभवो व्यतिरेकलक्षणं, तत्रोदाहरणं - निश्चयव्यवहारमोक्षकारणे सति मोक्षकार्यं संभवतीति विधिरूपोऽन्वय उच्यते, तत्कारणाभावे मोक्षकार्यं न संभवतीति निषेधरूपो व्यतिरेक इति। तदेव द्रढयति। यस्मिन्नग्न्यादिकारणे सति यद्धूमादिकार्यं भवति तदभावे न भवतीति तद्धूमादिकं तस्य कार्यमितरदग्न्यादिकं कारणमिति कार्यकारणनियम इत्यभिप्रायः ।।१०६।।

---

**समयव्याख्या : मोक्षमार्गस्यैव तावत्सूचनेयम्। सम्यक्त्वज्ञानयुक्तमेव नासम्यक्त्वज्ञानयुक्तं, चारित्रमेव नाचारित्रं, रागद्वेषपरिहीणमेव न रागद्वेषापरिहीणम्, मोक्षस्यैव न भावतो बंधस्य, मार्ग एव नामार्गः, भव्यानामेव नाभव्यानां, लब्धबुद्धीनामेव नालब्धबुद्धीनां, क्षीणकषायत्वे भवत्येव न कषायसहितत्वे भवतीत्यष्टधा नियमोऽत्र द्रष्टव्यः ।।१०६।।**

**અનુવાદ : પ્રથમ, મોક્ષમાર્ગની જ આ સૂચના છે.**

**સમ્યક્ત્વ અને જ્ઞાનથી યુક્ત જ–નહિ કે અસમ્યક્ત્વ અને અજ્ઞાનથી યુક્ત, ચારિત્ર જ – નહિ કે અચારિત્ર, રાગ–દ્વેષરહિત હોય એવું જ (ચારિત્ર) – નહિ કે રાગ–દ્વેષ સહિત હોય એવું, મોક્ષનો જ–ભાવતઃ નહિ કે બંધનો, માર્ગ જ–નહિ કે અમાર્ગ, ભવ્યોને જ–નહિ કે અભવ્યોને,**

**લબ્ધબુદ્ધિઓને જ–નહિ કે અલબ્ધબુદ્ધિઓને, ક્ષીણકષાયપણામાં જ હોય છે–નહિ કે કષાયસહિતપણામાં હોય છે. આમ આઠ પ્રકારે નિયમ અહીં દેખવો (અર્થાત્ આ ગાથામાં ઉપરોક્ત આઠ પ્રકારે નિયમ કહ્યો છે એમ સમજવું). ૧૦૬.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૧૩, મંગળવાર)

હવે મોક્ષમાર્ગનું સંક્ષેપ કથન કરે છે.

સમ્યક્ત્વ એટલે કે શ્રદ્ધાન અને વસ્તુના યથાર્થ જ્ઞાન સહિત જે આચરણ છે તે મોક્ષનો માર્ગ છે અર્થાત્ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ ચારિત્ર – આ ત્રણેનું જ્યારે એક સાથે પરિણમન થાય છે ત્યારે જ મોક્ષમાર્ગ થાય છે. કેવું છે તે દર્શન–જ્ઞાન સહિતનું ચારિત્ર ? ઇષ્ટ–અનિષ્ટ પદાર્થોમાં રાગ–દ્વેષરહિત સમતારસગર્ભિત છે. એવો મોક્ષમાર્ગ કોને થાય છે ? જેને સ્વ–પર–ભેદવિજ્ઞાન–બુદ્ધિ પ્રાપ્ત થઈ છે અને જે મોક્ષમાર્ગની સન્મુખ છે તે જીવને મોક્ષમાર્ગ થાય છે.

આ ગાથા બહુ સરસ છે.

અહીં ચારિત્રને મોક્ષમાર્ગ કહ્યો છે કારણ કે ચારિત્ર તે સાક્ષાત ધર્મ છે ને તે મોક્ષમાર્ગ કેવળજ્ઞાનનું કારણ છે. તે ચારિત્ર કેવું છે ? સમ્યગ્દર્શન ને જ્ઞાનથી યુક્ત છે. અજ્ઞાની જીવો વ્રત તપને ચારિત્ર કહે છે પણ તે ચારિત્ર નથી. અનાદિથી અજ્ઞાનીને પુણ્યથી ધર્મ માનવાનું શલ્ય પડ્યું છે તેથી રખડે છે. અહીં કહે છે કે ધર્મમાં જવાબદારી પોતાની છે. બીજાને આધારે કામ ન આવે એટલે કે પોતે જ યથાર્થ શ્રદ્ધા–જ્ઞાન કરવાં જોઈએ.

અહીં કહે છે કે યથાર્થ શ્રદ્ધાન ને યથાર્થ વસ્તુના જ્ઞાન સહિત જે આચરણ છે તે મોક્ષમાર્ગ છે. ત્રણેની એકતાથી મોક્ષમાર્ગ થાય છે. સમ્યગ્દર્શન તે સાક્ષાત્ ધર્મ નથી પણ ધર્મનું મૂળ છે, સાક્ષાત્ ધર્મ તો ચારિત્ર છે, તે ચારિત્ર સમ્યગ્દર્શન વિના ન હોય.

કેવું છે તે દર્શન–જ્ઞાનયુક્ત ચારિત્ર ? ઇષ્ટ–અનિષ્ટ પદાર્થોમાં રાગ–દ્વેષરહિત સમતારસ ગર્ભિત છે. અહીં ચારિત્રની વાત કરે છે. આવી અદ્ભુત સ્વતંત્રતા બતાવનારી વાણી નીકળે છે છતાં આ જીવ કેમ માનતો નથી ? આ વિરોધીએ સાચો માર્ગ વિલોપ કરી નાખ્યો એવા પ્રકારના વિકલ્પો ચારિત્રવંતને ઊઠતા નથી. જે કાંઈ યશ હોય તો મારા સ્વભાવને લીધે છે ને અપયશ હોય તો મારી પર્યાયમાં છે. બહારના કારણે રાગ–દ્વેષ થાય છે એમ સમ્યગ્દૃષ્ટિ માનતો નથી. તે ઉપરાંત પોતાની શિથિલતાના કારણે 'આમ કેમ ?' એવો વિકલ્પ પણ ચારિત્રવંતને હોતો નથી. તે વિચારે છે કે કોણ કોનું માને ? કોઈ કોઈનું માનતું નથી એમ વિચારી મુનિઓ અંતરમાં ઠરી જાય છે. જેટલી શિથિલતા છે તેટલું ચારિત્ર નથી. કોણ કોને સુધારે ને કોણ કોને બગાડે ? એવી વૃત્તિ ઊઠતી નથી. મારા સ્વભાવનો આદર તે માન છે ને સ્વભાવનો અનાદર તે જ અપમાન છે એમ સમજી બહારનાં માનાપમાન તરફની નબળાઈની વૃત્તિ તોડી અંતર ઠરી જવું તે ચારિત્ર છે. તેને ઇષ્ટ–અનિષ્ટ પદાર્થોમાં રાગ–દ્વેષરહિત સમતા પ્રગટી છે. એવો મોક્ષમાર્ગ કોને

થાય છે ? જેને સ્વ-પરવિવેક-ભેદવિજ્ઞાનબુદ્ધિ પ્રગટ થઈ છે ને જે મોક્ષમાર્ગની સન્મુખ છે તેને ચારિત્ર અથવા મોક્ષમાર્ગ પ્રગટ થાય છે.

**ભાવાર્થ :** ચારિત્ર તે છે કે જે દર્શન-જ્ઞાન સહિત છે. સ્વરૂપનું આચરણ, સ્વભાવનું અનુષ્ઠાન, સ્વભાવમાં રમણતા એ ચારિત્ર છે. ને તે દર્શન-જ્ઞાન સહિત હોય છે.

બાળકના હાથમાંથી ચૂસણિયું લઈને પેંડો આપવામાં આવે તોપણ તે કજિયો છોડે નહિ, સમજશે નહિ. તેમ અજ્ઞાનીને ખોટા ક્રિયાકાંડ મૂકવાનું કહીને સાચું ચારિત્ર બતાવો તોપણ તે સમજશે નહિ. જે ભગવંતો સર્વજ્ઞદશાને પામ્યા તે પોતામાં સ્થિર રહીને ભગવાન થયા છે, બહારથી થયા નથી. જે પૂર્ણાનંદ દશાને પામ્યા તે શિરસાવંદ્ય છે. તે મોટા છે, તેમણે પોતાના સ્વભાવના આશ્રયે વીતરાગતા ને સર્વજ્ઞતા પ્રગટ કરીને રાગ-દ્વેષ કાઢી નાખ્યા. તેમણે જે કાઢી નાખ્યું તે કાઢી નાખવા જેવું માન ને તેમણે જે રાખ્યું તે તું સ્વભાવના આશ્રયે રાખ તો તેં સિદ્ધને માન્યા છે. આમ પોતાના સ્વભાવની અંતરદૃષ્ટિ વિના ચારિત્ર પ્રગટે નહિ, આત્માનાં શ્રદ્ધા-જ્ઞાનપૂર્વક આચરણ તે ચારિત્ર છે.

હવે નાસ્તિથી વાત કરે છે. દર્શન-જ્ઞાન વિના જે ચારિત્ર છે તે મિથ્યાચારિત્ર છે. આત્માના જ્ઞાન વિના ને નવતત્ત્વની યથાર્થ સમજણ વિના મહાવ્રતાદિનું પાલન કરે તે મિથ્યાચારિત્ર છે. પાંચ મહાવ્રતનો રાગ આસ્રવ છે. તે આત્માની દશાને બગાડનાર છે. અંતર સ્વભાવથી લાભ છે એમ માન્યા વિના આચરણ હોતું નથી.

કોઈ કહે કે સમ્યગ્દર્શન થાય તેની ખબર ન પડે – તો તે વાત ખોટી છે. આત્મામાં પ્રમેયત્વ નામનો એક ગુણ છે. **જ્યાં શ્રદ્ધાની પર્યાય છે ત્યાં પ્રમેયત્વ પણ છે. તેથી તેનામાં જણાવાની યોગ્યતા છે ને જ્ઞાન જ્ઞેયને જાણી લ્યે તેવો જ્ઞાનનો સ્વભાવ છે. અજ્ઞાનીને ભાન નથી તેથી સમ્યગ્દર્શન થતું નથી. આત્મદ્રવ્યના જ્ઞાન વિના, રાગ ને સ્વભાવ વચ્ચેના વિવેક વિના સ્વભાવની અંતરરમણતા થાય નહિ.**

જે જીવ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માને છે તેને હજી ગૃહીત મિથ્યાત્વનો ત્યાગ કેવી રીતે થાય તેની પણ ખબર નથી. સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર ને પ્રતિમા કેવાં હોય એવી વ્યવહારની ખબર નથી તેને ગૃહીત મિથ્યાત્વ છે ને અગૃહીત તો પડેલું છે જ. જેને વ્યવહારનો વિવેક નથી તેને નિશ્ચયનો વિવેક તો છે જ નહિ, તેને મહાવ્રત હોતાં નથી.

અહીં તો કહે છે કે સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને વ્યવહારે માન્યા પછી વ્રત, તપ, દયા-દાનાદિ ને ધર્મનું સાધન માને તો તે મૂઢ છે – તેને ચારિત્ર હોતું નથી.

જે ચારિત્ર છે તે જ ચારિત્ર છે, જે રાગરહિત જ્ઞાનસ્વભાવમાં ઝૂલે છે. ચિદાનંદ શક્તિને ફાડીને આનંદનો અનુભવ કરે છે તે ચારિત્ર છે. છઠ્ઠે ગુણસ્થાને ભાવલિંગી મુનિને ૨૮ મૂળગુણનો, મહાવ્રતાદિનો વિકલ્પ ઊઠે છે તે ચારિત્ર નથી, તો પછી મિથ્યાદૃષ્ટિનું ચારિત્ર ચારિત્ર હોઈ શકે જ નહિ.

વળી ચારિત્ર તે જ છે કે જે રાગ-દ્વેષરહિત સમતારસ સહિત છે, બહારમાં માન-અપમાન હોય, અન્યાય થતો હોય તોપણ મુનિઓ આત્માના ભાનસહિત વીતરાગી સમતા ધારણ કરે છે

ને અંતર આનંદમાં ઝૂલે છે. જૈનધર્મ સાચો છે ને અન્ય મત ખોટો છે એવો વિકલ્પ પણ ઊઠતો નથી. પણ સમતામાં ઝૂલે છે તે ચારિત્ર છે. અજ્ઞાની માને છે કે 'અમોને દુશ્મને ઘણી લાકડી મારી તોપણ અમોએ સમતા રાખી'. ભાઈ, તે સમતા નથી, પરને લક્ષે થતી કષાયમંદતા તે સમતા નથી. તેને રાગનો અંશે પણ અભાવ થતો નથી. સ્વભાવની યથાર્થ દૃષ્ટિ વિના રાગ યથાર્થપણે ઘટતો નથી. આત્માનું ભાન વર્તે છે તેવા મુનિને સત્‌ના સ્થાપનનો ને આ સત્‌ના ઉત્થાપનનો વિકલ્પ ઊઠતો નથી. તે સમતા છે. શાસ્ત્ર લખવાનો વિકલ્પ ઊઠે છે તે ચારિત્ર નથી, જે કષાયરસગર્ભિત છે તે ચારિત્ર નથી, પણ સંક્લેશરૂપ પરિણામ છે. મહામુનિઓને શાસ્ત્ર લખવાનો વિકલ્પ ઊઠે છે તે સંક્લેશરૂપ છે, ચારિત્ર નથી, સમતાભાવ નથી; પાછળ અકષાયપરિણતિ રહેલી છે તે ચારિત્ર છે ને તે મોક્ષનું કારણ છે.

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–૧૪, બુધવાર)

**ભાવાર્થ :** (૧) આ અધિકાર મોક્ષમાર્ગનો છે. આત્માનો સ્વભાવ શુદ્ધ છે. પર્યાયમાં રાગ–દ્વેષ છે તેનાથી મુક્તિ થવી ને શક્તિઓની પૂર્ણ વ્યક્તતતા થવી તેને મોક્ષ કહે છે. તેનો માર્ગ તે મોક્ષમાર્ગ છે ને તે ચારિત્ર છે. આત્મા પરમાં ને સંકલ્પ–વિકલ્પમાં અટકે છે તે બંધમાર્ગ છે. વિભાવરહિત થઈ સ્વભાવમાં સ્થિરતા કરવી તે ચારિત્ર છે. સ્વરૂપમાં ચરવું, રમવું તે ચારિત્ર છે.

'ચારિત્ર તે જ છે જે દર્શન–જ્ઞાન સહિત છે, દર્શન–જ્ઞાન વિના જે ચારિત્ર છે તે મિથ્યાચારિત્ર છે.' જે શાંતિ પ્રગટે છે તે ચારિત્ર છે, જે સમ્યગ્દર્શન–જ્ઞાન સહિત છે. આત્મપદાર્થ પરથી રહિત ને સંકલ્પથી રહિત છે, એવો પદાર્થ માન્યા વિના તેમાં ઠરશે શી રીતે ? જે જીવ પૈસા, આબરૂ, શરીર વગેરેમાં સુખ માની અટક્યો છે તે સ્વમાં સ્થિર કેવી રીતે થાય ? સ્વનું માહાત્મ્ય આવ્યા વિના લીનતા ક્યાંથી થાય ? અહીં સમ્યગ્દર્શન ને જ્ઞાન બન્ને સાથે લીધાં છે, તે હોય તો ચારિત્ર હોય. શરીર, મન, વાણી આત્માથી જુદાં છે. તેમાં હું રહી શકતો નથી, તે જુદું તત્ત્વ છે, એમ રુચિ ને જ્ઞાન કરે છે તેને ચારિત્ર હોય છે. નહિતર ચારિત્ર હોતું નથી. દર્શન–જ્ઞાન વિનાનું ચારિત્ર મિથ્યાચારિત્ર છે. સ્વભાવના માહાત્મ્ય વિના ચારિત્ર હોય નહિ. શુભાશુભ ભાવો આકુળતાવાળા છે. તે આકુળતા રહિત નિરાકુળ સ્વભાવમાં સુખ છે એ ભાન વિના ચારિત્ર હોતું નથી. પછી ત્યાગી થાય ને વ્રત–તપ કરે ને લોકો તેને ચારિત્ર કહે તોપણ તે ચારિત્ર નથી.

(૨) 'જે ચારિત્ર છે તે જ ચારિત્ર છે, મિથ્યાચારિત્ર તે ચારિત્ર નથી. આત્મા ચૈતન્ય ભૂમિકાવાળો છે. પુણ્ય–પાપવાળો નથી. ચૈતન્યમય આત્માની પ્રતીતિ ને જ્ઞાન વર્તે છે તેને ચારિત્ર છે. મિથ્યાચારિત્ર તે ચારિત્ર નથી, વ્રત પાળે તે ચારિત્ર નથી. ધર્મ નથી. ચિદાનંદ સ્વભાવના ભાન વિનાના મિથ્યાચારિત્રને ચારિત્ર કહેતા નથી.

(૩) 'અને ચારિત્ર તે જ છે જે રાગ–દ્વેષરહિત સમતારસસંયુક્ત છે, જે કષાયરસગર્ભિત છે તે ચારિત્ર નથી, સંક્લેશરૂપ છે.' રાગ–દ્વેષરહિત સમતા સ્વભાવ પર્યાયમાં ફાટ્યો તે ચારિત્ર છે. બહારમાં અનુકૂળતા પ્રત્યે રાગ નથી, પ્રતિકૂળતા પ્રત્યે દ્વેષ નથી. રાગ–દ્વેષ વિનાના સ્થાનમાં સમતા

છે. આ સમતાસંયુક્તને ચારિત્ર કહે છે. કોઈ પણ પદાર્થ હોય તે ક્રિયાસંપન્ન છે. ને તે તેની ક્રિયા સહિત છે માટે મારે તેની ચિંતા નથી, તેને મારી ચિંતા નથી. કોઈ પણ કાળે ક્રિયા વિનાનું તત્ત્વ હોઈ શકે નહિ. તે મારી આશા રાખે તેવું તત્ત્વ નથી. હું તેની આશા રાખું તેવો નથી – એવા જ્ઞાનમાં સમતારસ પ્રગટે છે. હું પરને આધીન નથી, મારી આશા કોઈ રાખશો નહિ ને હું કોઈની આશા રાખતો નથી. એમ માનનારને ચારિત્ર પ્રગટે છે. જે રાગની લાગણીઓનો આતાપ થતો તે પરના માટે નહિ પણ સ્વના વેદન માટે – સ્વના આતાપના વેદન માટે થતો તે આતાપનું વેદન મટાડી આત્માના ભાનપૂર્વક સમતારસ પ્રગટે તે ચારિત્ર છે. સમ્યગ્દર્શન પછી જ્ઞાનીને અસ્થિરતાનો રાગ હોય છે પણ વિશેષ સ્થિરતા કરી આકુળતા ટાળી અનાકુળ રસ પ્રગટ્યો ને શાંતિનો ડુંગર ફાટ્યો ને ચિદાનંદ રસમાં એકાગ્રતા જામી તે સમતા છે ને તે ચારિત્ર છે.

અજ્ઞાની જીવો બહારમાં શાંતિ રાખે તે સમતા નથી, મૂઢતા છે. કોઈ પ્રતિકૂળતા આવી પડે ત્યારે કહે કે 'સામાએ કાંઈ કર્યું નથી પણ મારા કર્મનો ઉદય એવો હતો માટે પ્રતિકૂળતા આવી છે' એમ કર્મની ઓથે સમતા રાખે તે સાચી સમતા નથી. કર્મના ઉદયનો વિકલ્પ ઉઠાવવો એ જ દુઃખદાયક છે. મારા આત્મામાં કર્મ છે જ નહિ તેમ જ આકુળતા નથી એમ આત્માના ભાનપૂર્વક કષાય ઉત્પન્ન થયો જ નહિ ને શાંતરસ ઉત્પન્ન થયો તે ચારિત્ર છે.

(૪) 'જે આવું ચારિત્ર છે તે સકળ કર્મના ક્ષયલક્ષણ મોક્ષસ્વરૂપ છે. પરંતુ કર્મના બંધરૂપ નથી.'

આત્મા અંતર વસ્તુ છે. દેહ, મન, વાણીથી પાર છે. એવી દૃષ્ટિપૂર્વક આત્મરમણતામાં રમે છે તેને સકળ કર્મનો ક્ષય થાય છે. ચારિત્રથી કર્મ બંધાતું નથી. કોઈ કહે છે કે ચારિત્રથી પુણ્ય બંધાય ને સ્વર્ગમાં જવાય તો તે વાત ખોટી છે. ચારિત્રમાં અંશે પણ બંધન હોતું નથી. વળી કોઈ કહે કે ચારિત્રથી થોડી શુદ્ધિ થાય ને થોડું પુણ્ય બંધાય તે પણ ખોટું છે. જ્યાં બંધન છે ત્યાં અચારિત્ર છે. ચારિત્ર હોય ત્યાં થોડું પણ બંધન હોય નહિ. અત્યારે વર્તમાનમાં ઘણી વિવિધ વિરુદ્ધતા વર્તે છે. છતાં લોકો તેને સત્યમાર્ગ કહે છે. બે રોટલી ને પાશેર દૂધ ખાય, જીર્ણ કપડું પહેરે, માથું મુંડાવે, બૈરાં–છોકરાં છોડે તેને લોકો ચારિત્ર કહે છે તે ચારિત્ર નથી. આત્મા અબંધ સ્વભાવી છે તેમાં લીન થવું તે ચારિત્ર છે. જે ભાવથી સર્વાર્થસિદ્ધિનો ભવ મળે, તીર્થંકરનો ભવ મળે, ગમે તે સંયોગો મળે તે ભાવ ચારિત્ર નથી, ક્લેશ છે. પુણ્ય તે શુભક્લેશ છે તેથી અનુકૂળતા મળે છે ને પાપ તે અશુભક્લેશ છે તેથી પ્રતિકૂળતા મળે છે. પુણ્યપાપરહિત અબંધસ્વરૂપમાં લીનતા કરવી તે ચારિત્ર છે ને તે મોક્ષ માર્ગ છે.

**પ્રશ્ન** : સંપીલું કુટુંબ હોય તેને ક્લેશ કહેવાય ?

**સમાધાન** : સંપીલું કોને કહેવું ? બાપ–દીકરા વચ્ચે હિમાચલ ને વિંધ્યાચલ જેટલો આંતરો છે. એક–બીજાના અભાવ વિના બે ચીજો પૃથક્ રહી શકે નહિ. અભાવમાં સંપ હોઈ શકે નહિ. અમો સંપીલા છીએ એવો વિકલ્પ ઉઠાવવો તે જ ક્લેશ છે. પોતાનો આત્મા અનંતગુણોનો સમાજ છે તેની સાથે એકતાબુદ્ધિ કરવી તે સંપ છે. બે ભાઈઓ વચ્ચેનો સંપ તો અશુભરાગવાળો ક્લેશ છે. પણ મહાવ્રતાદિના પરિણામ શુભરાગ છે તે પણ ક્લેશ છે. આકુળતા છે, પુણ્ય પાપ–વિનાનો,

અબંધ સ્વભાવી આત્માની એકાગ્રતાથી પ્રગટેલો ભાવ તે ચારિત્ર છે ને તે સકળ કર્મોનો નાશ કરે છે.

લોકો કહે છે કે વિશ્વપ્રેમ કરો. વિશ્વ એટલે બધા સાથે પ્રેમ કરવો. એમાં આ મારું ને આ તારું એમ રહેતું નથી. એકેન્દ્રિય પ્રત્યેના પ્રેમમાં રોકાઈ જાય તો પંચેન્દ્રિય તરફ તે વખતે પ્રેમ બતાવી શકતો નથી. એકીસાથે બધાની સાથે પ્રેમ કેવી રીતે બતાવી શકશે ? ઘરમાં પણ એક દીકરા સાથે પ્રેમ બતાવવા જઈશ તે વખતે બીજા સાથે બતાવી શકશે નહિ તો જગતના બધા જીવો સાથે એકીવખતે કેવી રીતે પ્રેમ કરીશ ? તેથી બધા સાથે તું પ્રેમ કદી બતાવી શકીશ નહિ. વળી પર પ્રત્યે પ્રેમ બતાવવા જઈશ તો સ્વરૂપની અંતરસ્થિરતા કરવાનો પ્રેમ ચાલ્યો જાય છે. માટે તારી વૃત્તિ શુભાશુભ ભાવમાં વળી રહી છે તેને અંતરમાં વાળ. એક સમયમાં બધાને જેમ છે તેમ જાણી લેવાની તારી તાકાત છે. સિદ્ધ હોય કે નિગોદ હોય, સર્વજ્ઞ હોય કે અલ્પજ્ઞ હોય, મિથ્યાદષ્ટિ હોય કે સમ્યગ્દષ્ટિ હોય – તે બધાને પોતાના જ્ઞાનમાં રહીને જાણીને સમતારસગર્ભિતપણે રહેવું ને ક્યાંય અટકવું નહિ તેને વિશ્વપ્રેમ કહે છે, આખા વિશ્વનો જ્ઞાયક રહે છે, તે જ્ઞાયકપણું અંતર શક્તિ ભરેલી છે તેમાંથી પ્રગટે છે. આનું નામ ચારિત્ર છે ને તે મોક્ષસ્વરૂપ છે.

(૫) 'જે દર્શન–જ્ઞાનયુક્ત ચારિત્ર છે તે જ ઉત્તમ માર્ગ છે, કોઈ સંસારનો માર્ગ ભલો નથી.' પહેલા બોલમાં જ્ઞાન–દર્શનયુક્ત છે તે ચારિત્ર છે એમ કહેલ હતું. આ પાંચમા બોલમાં જ્ઞાન–દર્શન–ચારિત્રયુક્તને 'ઉત્તમમાર્ગ' કહ્યો. અહીં ઉત્તમ કહીને વિશેષતા બતાવવી છે. આત્મા શક્તિએ સર્વજ્ઞની તાકાતવાળો છે. તેમાંથી સર્વજ્ઞતા પ્રગટે છે. તે ઉત્તમમાર્ગ છે. જે ભાવથી તીર્થંકરનામકર્મ બંધાય, સર્વાર્થસિદ્ધિનો ભવ મળે તે ભાવ સંસારમાર્ગ છે, તે ભલો માર્ગ નથી.

કોઈ કહે કે ભગવાનને પણ 'સવિ જીવ કરું શાસન રસી, એવી ભાવ દયા મન ઉલ્લસી' આ ભાવ ઊઠ્યો હતો ને ? **સમાધાન :** ભગવાનને ભાન હતું કે રાગ તે ઝેર છે. અંતરમાં ઠરવું તે ઉત્તમમાર્ગ છે, રાગ ઉત્તમમાર્ગ નથી. વળી કોઈ કહે કે આત્માનાં શ્રદ્ધા–જ્ઞાન ન હોય પણ રાગનો ઘટાડો કરે તેને થોડો સારો માર્ગ તો કહો ? ના, તે બિલકુલ સારો નથી, તે ઝેર છે. વળી જે જીવ ત્રણ લોકના નાથ પાસે શાંતિ શોધવા જાય તે પોતાને નમાલો જાહેર કરે છે. હું જ્ઞાનમાં સ્થિર થાઉં તો સુખી થાઉં એ સ્વતંત્રતાની જાહેરાત છે. વર્તમાન સ્વરાજ્યને લોકો સ્વતંત્રતા કહે છે પણ ખરેખર તો તે પરતંત્રતા છે.

અહીં કહ્યું કે દર્શન–જ્ઞાન સહિત ચારિત્ર તે જ ઉત્તમમાર્ગ છે, સંસારમાર્ગ ઉત્તમ નથી.

(૬) જે મોક્ષમાર્ગ છે તે નિકટ સંસારી જીવોને થાય છે, અભવ્ય કે દુર્ભવીને થતો નથી. 'જે ભવ્ય જીવો છે તેને મોક્ષમાર્ગ હોય છે. ચિદાનંદ સ્વભાવ જેને રુચ્યો છે તે ભવ્ય છે, જેને પુણ્યની રુચિ છે, વ્યવહારની ને નિમિત્તની રુચિ છે તેને સ્વભાવની રુચિ નથી. તે મોક્ષમાર્ગને યોગ્ય નથી.'

ચક્રવર્તીને પુણ્યના ઢગલા હોય છે છતાં તેને આત્માનું ભાન હોય છે. જેટલો રાગ વર્તે છે તેને ઝેર સમજે છે, અંતર સ્વભાવમાં ઠરવું તેને મોક્ષમાર્ગ માને છે. અહીં કહ્યું કે ભવ્ય જીવોને

મોક્ષમાર્ગ હોય છે ને અભવ્ય જીવોને મોક્ષમાર્ગ હોતો નથી.

(૭) 'જેને ભેદવિજ્ઞાન છે તેવા ભવ્યજીવોને જ થાય છે. સ્વ-પર જ્ઞાનશૂન્ય અજ્ઞાનીને થતો નથી.' પહેલા બોલમાં સમ્યગ્દર્શન ને જ્ઞાન એમ બે સાથે વાત કરી હતી. અહીં એકલા જ્ઞાનને જુદું પાડીને વાત કરે છે. જેને સ્વસંવેદન જ્ઞાન પ્રગટે છે તેને મોક્ષમાર્ગ હોય છે. વિષયકષાયમાં મીઠાશ છે તેને મોક્ષમાર્ગ હોતો નથી. અહીં જ્ઞાનની પ્રધાનતાથી વાત કરે છે. પરમાણુ એક એક મારાથી જુદો છે. આ રજકણને મારો આધાર નથી, એનો મને આધાર નથી – એમ પરથી વિરક્ત છે એવા ભેદજ્ઞાની જીવને મોક્ષમાર્ગ હોય છે. પણ જે જીવ સ્વ ને પરનો ખીચડો કરે છે ને શરીર તથા પુણ્ય સાથે એકત્વબુદ્ધિ કરે છે તે સ્વ-પર જ્ઞાનશૂન્ય છે, તેને કદાપિ મોક્ષમાર્ગ પ્રગટતો નથી.

પૂર્વે ગમે તેટલી ઊંધી માન્યતા કરી હોય પણ એક ક્ષણમાં તે માન્યતાને જીવ ફેરવી શકે છે. સંયોગો, નિમિત્તો, રાગ વગેરે કૃત્રિમ પદાર્થોનો અજ્ઞાનીને વિશ્વાસ આવે છે. એક મોટો લાડવો આ નાના સાંકડા ગળામાં ઊતરી જશે – અંદરમાં પચી જશે – એમ વિશ્વાસ આવે છે. ગળું કેટલું પહોળું છે તે જોયું નથી છતાં તેનો વિશ્વાસ આવે. એ પ્રમાણે અનેક પદાર્થોનો વિશ્વાસ આવે પણ હું આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છું, પરથી ને પુણ્યથી જુદો છું, મારા આશ્રયે શાંતિ ને ધર્મ છે, એવો વિશ્વાસ આવતો નથી. આવી રીતે જેને સ્વ-પર ભેદ વિજ્ઞાન હોતું નથી તેને મોક્ષમાર્ગ થતો નથી. ને તેને ચારિત્ર-તપ હોતાં નથી ને જેને પરથી ભેદવિજ્ઞાન થયું છે તેવા જીવને ચારિત્ર હોય છે, બીજાને હોતું નથી.

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ-૦)), ગુરુવાર)

આ મોક્ષમાર્ગ અધિકાર છે, મોક્ષરૂપી નગરીમાં જવાનો રસ્તો છે. તે વીતરાગી દશાનો પંથ તે ચારિત્ર છે. ચારિત્ર વિના મોક્ષમાર્ગ હોઈ શકે નહિ.

ગઈ કાલે સાત બોલ કહેવાણા છે.

(૧) જેને સમ્યક્દર્શન-જ્ઞાન હોય તેને ચારિત્ર હોય છે.

કોઈ કહે કે કંચન, કામિની ને કુટુંબ છોડે તેને ચારિત્ર હોય છે ને ?

**સમાધાન :** પરને છોડી શકું છું એ માન્યતા અજ્ઞાની છે, તેવા જીવને ચારિત્ર હોતું નથી. નિજ ક્ષેત્રમાં નિજ પર્યાયમાં અજ્ઞાનથી રાગ-દ્વેષની પરિણતિ થઈ રહી છે તેનો ત્યાગ તે ચારિત્ર છે. તે ક્યારે પ્રગટે ? ત્રિકાળી ચૈતન્ય સ્વભાવમાં વિકાર નથી એમ અંતર દૃષ્ટિનું જ્ઞાન ને લીનતા થતાં ચારિત્ર પ્રગટે છે. કંચન, કામિની ને કુટુંબ નિજ પર્યાયમાં કે દિવસે પેઠાં હતાં કે તેનો ત્યાગ કરવો ? તે તો કદી પેઠાં નથી. શરીર, મન, વાણી વગેરે પદાર્થો તો કદી આત્માએ ધારી રાખ્યા નથી. ભાઈ, તારો ધર્મ તારી અંતર દશામાં છે, બહારમાં નથી. બીજાના પરિચયે ને સ્વભાવના અપરિચયે શાંતિ મળે નહિ તેમજ પુણ્ય-પાપના પરિચયે શાંતિ મળે નહિ, પુણ્ય-પાપરહિત શુદ્ધ સ્વભાવના આશ્રયે શાંતિ ને ધર્મ છે એમ પ્રથમ શ્રદ્ધા-જ્ઞાન હોય તેને ચારિત્ર હોય છે, બીજાને

ચારિત્ર હોતું નથી.

(૨) જે અંતર પરિચય કરી જ્ઞાનસ્વભાવનો પત્તો મેળવીને એમાં લીન થાય તેને ચારિત્ર કહે છે, બાકી મિથ્યાચારિત્ર છે.

(૩) જે ચારિત્ર છે તે સમતાભાવ સહિત હોય છે. પરનું ગ્રહણત્યાગ તો છે જ નહિ પણ સ્વભાવને ગ્રહું ને રાગને છોડું એવા વિકલ્પ પણ સ્વભાવમાં નથી. ચિદાનંદ સ્વભાવનો પત્તો મેળવી અંતર સમતારસ પ્રગટે તેને ચારિત્ર કહે છે. જેટલી વૃત્તિઓ ઊઠે છે તે પુણ્યનું કારણ છે. સંકલેશ છે. તે બંધનનું કારણ છે.

(૪) જે સકળ કર્મનો ક્ષય કરી મોક્ષ પમાડે તે ચારિત્ર છે. જેનાથી કર્મનું બંધન થાય તે ચારિત્ર નથી.

(૫) જ્ઞાન–દર્શન યુક્ત ચારિત્ર તે જ ઉત્તમ માર્ગ છે. વિભાવમાં ટકવું તે ઉત્તમ માર્ગ નથી – અચારિત્ર છે.

(૬) ભવ્ય જીવોને ચિદાનંદ સ્વભાવનું ભાન થાય છે, અભવીને ભાન થતું નથી. અજ્ઞાની જીવોને દુનિયાના કામનો વિશ્વાસ આવે, દીકરાનો વિશ્વાસ આવે, દયા–દાનાદિ પરિણામ થાય તેનો વિશ્વાસ આવે પણ તે તો બધાં મરી ગયેલાં મડદાં સમાન છે. તેનો ભરોસો કરે પણ શુદ્ધ જાગતી જ્યોત ચિદાનંદ સ્વભાવનો ભરોસો કરતો નથી. તેવા અભવ્યજીવોને મોક્ષમાર્ગ કદી હોતો નથી.

(૭) જેને ભેદ વિજ્ઞાન છે તેવા ભવ્ય જીવોને ચારિત્ર પ્રગટે છે. જેને ભેદ વિજ્ઞાન નથી તેને ચારિત્ર પ્રગટતું નથી. કોઈ જીવ કુટુંબાદિના ત્યાગથી ધર્મ માને છે. પણ આત્મા તો તેનાથી જુદો છે. વળી જો તેના ત્યાગથી ધર્મ હોય તો કીડી, કાગડા ને ઝાડની પાસે કંચન, કામિની, કુટુંબ કાંઈપણ નથી તો તેને ઘણો ધર્મ થવો જોઈએ. જે જેનામાં ન હોય તેનો ત્યાગ કરી શકે નહિ. જે જેનામાં હોય તેનો ત્યાગ કરી શકે છે. કુટુંબાદિ આત્મામાં નથી માટે તેનો ત્યાગ આત્મા કરી શકતો નથી પણ રાગદ્વેષાદિ પર્યાયમાં થાય છે તેનો ત્યાગ કરી શકે છે, તે પણ ઉપચાર માત્ર છે. વિકાર વિનાના શુદ્ધ સ્વભાવમાં લીનતા કરવાથી રાગ ઉત્પન્ન થતો નથી. તેણે રાગનો ત્યાગ કર્યો એમ કહેવાય છે. આમ પરપદાર્થો ને વિકારથી આત્મા જુદો છે, એવું ભેદજ્ઞાન નથી તેને ધર્મ થતો નથી.

વળી કોઈ કહે છે કે માનવધર્મનું પાલન કરો, માનવધર્મ આત્માનો કહેવો કે શરીરનો? આત્માનો માનવધર્મ તો શુદ્ધ આત્માનું ભાન થવું તે છે ને શરીરનો ધર્મ તે જડનો ધર્મ છે, તેનાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ ત્રણે અંશો તેના કારણે થાય છે તે તેનો ધર્મ છે. શરીરની ક્રિયા કરવી તે આત્માના અધિકારની વાત નથી.

હું માનવ નથી. શરીર, મન, વાણી હું નથી. પુણ્ય–પાપના ભાવ તે ક્ષણિક વિકાર છે. હું શુદ્ધ ચૈતન્યસ્વભાવી છું એમ પરથી જુદાનું ભાન થઈને જુદાઈના રસ્તે પૂર્ણ જુદા થવું તે મોક્ષ છે.

બીજા વેપારીના પૈસા હું દાનમાં આપું છું એમ કોઈ કહે તો તેને બીજાના પૈસા દાનમાં આપવાનો શો અધિકાર છે ? કુટુંબ, કામિની, કંચન તો બીજાની ચીજ છે. જડની ચીજ છે તે

તારી ક્યાં હતી કે તું એને છોડે છે એમ કહે છે ? તે તો ત્રણે કાળ છૂટેલી જ પડી છે. આત્મા પરના ત્યાગસ્વરૂપ જ છે. પરનો અભાવ છે છતાં તેનો અભાવ કરું છું એમ માનવું એ જ મિથ્યાત્વ છે. મિથ્યાભ્રાંતિ, અજ્ઞાન ને રાગ–દ્વેષનો ત્યાગ થઈ શકે છે. સ્વભાવના ભાનપૂર્વક તે રાગાદિ ઉત્પન્ન થતા નથી. આમ જેને ભેદ વિજ્ઞાન છે તેને ચારિત્ર છે, તે વિના ચારિત્ર નથી, ભેદજ્ઞાન વિના વ્રતાદિ બધું મિથ્યા છે.

(૮) અહીં મોક્ષમાર્ગની ઉત્કૃષ્ટતા બતાવે છે તે બારમે ગુણસ્થાને હોય છે. જ્યાં ચારિત્રદશા પૂર્ણ નિર્મળ થાય છે, ત્યાં મહાવ્રતાદિનો વિકલ્પ પણ હોતો નથી. જ્યાં કષાય હોય છે ત્યાં ચારિત્ર હોતું નથી. અત્યારે જૈનના નામે બહુ ફેરફાર થઈ ગયો છે. વસ્ત્રાદિ લેવાનો રાગ કેવળજ્ઞાનીને હોઈ શકે નહિ. છઠ્ઠે ગુણસ્થાને મુનિને પણ વસ્ત્રનો રાગ હોતો નથી તો પછી કેવળી ભગવાનને વસ્ત્રાદિ લેવાનો રાગ વર્તે તે ન્યાયથી વિરુદ્ધ છે. ભરત મહારાજાને પ્રથમ ભેદ વિજ્ઞાન હતું, સંસારદશામાં જરા રાગ થતો નથી, પછી વૈરાગ્ય થયો. અહો ! હવે દીક્ષિત થવું છે, વસ્ત્ર, દાગીના છૂટી ગયાં ને શરીરની નગ્ન દશા થઈ ગઈ ને બે ઘડી ધ્યાનમાં રહી ચારિત્ર પ્રગટાવી કેવળદશાને પામ્યા. બાહ્ય ત્યાગ ને નગ્ન દશા તે ચારિત્ર નથી પણ આત્મસ્વભાવની લીનતા વધે છે ત્યારે બાહ્યમાં નગ્નદશા હોય છે. ને જ્યાં નગ્નદશા ન હોય ત્યાં ચારિત્ર હોતું નથી, વસ્ત્ર રાખીને ચારિત્રદશા થાય નહિ. ને ચારિત્ર વિના કેવળજ્ઞાન થાય નહિ. મુનિને માત્ર મોરપીંછી ને કમંડલ હોય છે, બીજું કાંઈ હોતું નથી, ભરતને ભાન તો હતું. પછી આખી દુનિયાથી ઉદાસ થઈ એકલા સ્વભાવનું અવલંબન લીધું, બહાર નગ્નદશા હતી ને અંદર લૂખી (વીતરાગી) દશા હતી તે વધીને કેવળજ્ઞાન પામ્યા, આ એક જ મોક્ષમાર્ગ છે. ગમે તે ભવે માને તો આ જ ઉપાય છે, આ પ્રમાણે મોક્ષ સાધનનો ઉપાય આઠ પ્રકારે કહ્યો. ૧૦૬.

---

**सम्मत्तं सद्दहणं भावाणं तेसिमधिगमो णाणं।**
**चारित्तं समभावो विसयेसु विरूढमग्गाणं ।।१०७।।**
**सम्यक्त्वं श्रद्धानं भावानां तेषामधिगमो ज्ञानम्।**
**चारित्रं समभावो विषयेषु विरूढमार्गाणाम् ।।१०७।।**
**'ભાવો' તણી શ્રદ્ધા સુદર્શન, બોધ તેનો જ્ઞાન છે,**
**વધુ રૂઢ માર્ગ થતાં વિષયમાં સામ્ય તે ચારિત્ર છે. ૧૦૭.**

**અન્વયાર્થ** : (भावानां) ભાવોનું (– નવ પદાર્થોનું) (श्रद्धानं) શ્રદ્ધાન (सम्यक्त्वं) તે સમ્યક્ત્વ છે; (तेषाम् अधिगमः) તેમનો અવબોધ (ज्ञानम्) તે જ્ઞાન છે; (विरूढमार्गाणाम्) (નિજ તત્ત્વમાં) જેમનો માર્ગ વિશેષ રૂઢ થયો છે તેમને (विषयेषु) વિષયો પ્રત્યે વર્તતો (समभावः) સમભાવ (चारित्रम्) તે ચારિત્ર છે.

---

**तात्पर्यवृत्ति** : अथ व्यवहारसम्यग्दर्शनं कथ्यते :-

**एवं जिणपण्णत्ते सद्दहमाणस्स भावदो भावे।**

**पुरिसस्साभिणिबोधे दंसणसद्दो हवदि जुत्ते ।।१।।**

एवं पूर्वोक्तप्रकारेण **जिणपण्णत्ते** जिनप्रज्ञप्तान्। वीतरागसर्वज्ञप्रणीतान् **सद्दहमाणस्स** श्रद्दधतः **भावदो** रुचिरूपपरिणामतः। कान् ? कर्मतापन्नान्। **भावे** त्रिलोकत्रिकालविषयसमस्त-पदार्थगतसामान्यविशेषस्वरूपपरिच्छित्तिसमर्थकेवलदर्शनज्ञानलक्षणात्मद्रव्यप्रभृतीन् समस्तभावान् पदार्थान्। कस्य ? **पुरिसस्स** पुरुषस्य भव्यजीवस्य। कस्मिन् सति ? **आभिणिबोधे** आभिनिबोधे मतिज्ञाने सति मतिपूर्वकश्रुतज्ञाने वा। **दंसणसद्दे** दार्शनिकोयं पुरुष इति शब्दः **हवदि** भवति। कथंभूतो भवति ? **जुत्तो** युक्त उचित इति। अत्र सूत्रे यद्यपि क्वापि निर्विकल्पसमाधिकाले निर्विकारशुद्धात्मरुचिरूपं निश्चयसम्यक्त्वं स्पृशति तथापि प्रचुरेण बहिरंगपदार्थरुचिरूपं यद्व्यवहारसम्यक्त्वं तस्यैव तत्र मुख्यता। कस्मात् ? विवक्षितो मुख्य इति वचनात्। तदपि कस्मात् ? व्यवहारमोक्षमार्गव्याख्यानप्रस्तावादिति भावार्थः।।१।। अथ सम्यग्दर्शनज्ञानचारित्रत्रयस्य विशेषविवरणं करोति, - सम्यक्त्वं भवति। किं कर्तृ ? **सद्दहणं** मिथ्यात्वोदयजनितविपरीताभिनिवेशरहितं श्रद्धानं। केषां संबन्धि। भावाणं पंचास्तिकायषड्द्रव्यविकल्परूपं जीवाजीवद्वयं जीवपुद्गल-संयोगपरिणामोत्पन्नास्रवादिपदार्थसप्तकं चेत्युक्तलक्षणानां भावानां जीवादिनवपदार्थानां। इदं तु नवपदार्थविषयभूतं व्यवहारसम्यक्त्वं। किंविशिष्टं ? शुद्धजीवास्तिकायरुचिरूपस्य निश्चयसम्यक्त्वस्य छद्मस्थावस्थायां साधकत्वेन बीजभूतं तदेव निश्चयसम्यक्त्वं क्षायिकसम्यक्त्वबीजभूतं। **तेसिम् -** तेषाम् नवपदार्थानामधिगमो नौयानसंस्काररूपविपरीतात् अनभिनिवेशगतिरधिगमः संशयादिरहिताऽवबोधः। **णाणं** सम्यग्ज्ञानं इदं तु नवपदार्थविषयव्यवहारज्ञानं छद्मस्थावस्थायाम् आत्मविषयस्वसंवेदनज्ञानस्य परंपरया बीजं, तदपि स्वसंवेदनज्ञानं केवलज्ञानबीजं भवति। **चारित्तं** चारित्रं भवति। स कः ? **समभावो** समभावः। केषु ? विषयेषु इन्द्रियमनोगतसुखदुःखोत्प-त्तिरूपशुभाशुभविषयेषु। केषां भवति ? **विरूढमग्गाणं** पूर्वोक्तसम्यक्त्वज्ञानबलेन समस्तान्यमार्गेभ्यः प्रच्युत्य विशेषेण रूढमार्गाणां विरूढमार्गाणां परिज्ञातमोक्षमार्गाणां। इदं तु व्यवहारचारित्रं बहिरंगसाधकत्वेन वीतरागचारित्रभावनोत्पन्नपरमात्मतृप्तिरूपस्य निश्चयसुखस्य बीजं तदपि निश्चयसुखं पुनरक्षयानंतसुखस्य बीजमिति। अत्र यद्यपि साध्यसाधकभावज्ञापनार्थं। निश्चयव्यवहारद्वयं व्याख्यातं तथापि नवपदार्थविषयरूपस्य व्यवहारमोक्षमार्गस्यैव मुख्यत्वमिति भावार्थः ।।१०७।

---

**समयव्याख्या : सम्यग्दर्शनज्ञानचारित्राणां सूचनेयम्। भावाः खलु कालकलित-पञ्चास्तिकायविकल्परूपा नव पदार्थाः। तेषां मिथ्यादर्शनोदयापादिताश्रद्धानाभावस्वभावं भावांतरं श्रद्धानं सम्यग्दर्शनं, शुद्धचैतन्यरूपात्मतत्त्वविनिश्चयबीजम्। तेषामेव मिथ्यादर्शनोदयान्नौयान-संस्कारादि* स्वरूपविपर्ययेणाध्यवसीयमानानां तन्निवृत्तौ समञ्जसाध्यवसायः सम्यग्ज्ञानं, मनाग्ज्ञानचेतनाप्रधानात्मतत्त्वोपलंभ बीजम्। सम्यग्दर्शनज्ञानसन्निधानादमार्गेभ्यः समग्रेभ्यः परिच्युत्य स्वतत्त्वे विशेषेण रूढमार्गाणां सतामिन्द्रियानिन्द्रियविषयभूतेष्वर्थेषु रागद्वेषपूर्वकविकारा-भावान्निर्विकारावबोधस्वभावः समभावश्चाचारित्रं, तदात्वायतिरमणीयमनणीयसोऽपुनर्भवसौख्यस्यै-कबीजम्। इत्येष त्रिलक्षणो मोक्षमार्गः पुरस्तान्निश्चयव्यवहाराभ्यां व्याख्यास्यते। इह तु**

**सम्यग्दर्शनज्ञानयोर्विषयभूतानां नवपदार्थानामुपोद्घातहेतुत्वेन सूचित इति ।।१०७।।**

* અહીં **'संस्कारादि'** ને બદલે **'संस्कारादिव'** હોવું જોઈએ, એવું લાગે છે.

**અનુવાદ : આ, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રની સૂચના છે.**

**કાળ સહિત પંચાસ્તિકાયના ભેદરૂપ નવ પદાર્થો તે ખરેખર 'ભાવો' છે. તે 'ભાવો'નું મિથ્યાદર્શનના ઉદયથી પ્રાપ્ત થતું જે અશ્રદ્ધાન તેના અભાવસ્વભાવવાળો જે ભાવાંતર–શ્રદ્ધાન (અર્થાત્ નવ પદાર્થોનું શ્રદ્ધાન), તે સમ્યગ્દર્શન છે – કે જે (સમ્યગ્દર્શન) શુદ્ધચૈતન્યસ્વરૂપ આત્મતત્ત્વના વિનિશ્ચયનું બીજ છે. નૌકાગમનના સંસ્કારની માફક મિથ્યાદર્શનના ઉદયને લીધે જેઓ સ્વરૂપવિપર્યયપૂર્વક અધ્યવસિત થાય છે (અર્થાત્ વિપરીત સ્વરૂપે સમજાય છે – ભાસે છે) એવા તે 'ભાવો'નો જે (– નવ પદાર્થોનો જ), મિથ્યાદર્શનના ઉદયની નિવૃત્તિ હોતાં, જે સમ્યક્ અધ્યવસાય (સત્ય સમજણ, યથાર્થ અવભાસ, સાચો અવબોધ) થવો, તે સમ્યગ્જ્ઞાન છે – કે જે (સમ્યગ્જ્ઞાન) કાંઈક અંશે જ્ઞાનચેતનાપ્રધાન આત્મતત્ત્વની ઉપલબ્ધિનું (અનુભૂતિનું) બીજ છે. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના સદ્ભાવને લીધે સમસ્ત અમાર્ગોથી છૂટીને જેઓ સ્વતત્ત્વમાં વિશેષપણે રૂઢ માર્ગવાળા થયા છે તેમને ઇંદ્રિય અને મનના વિષયભૂત પદાર્થો પ્રત્યે રાગ–દ્વેષપૂર્વક વિકારના અભાવને લીધે જે નિર્વિકારજ્ઞાનસ્વભાવવાળો સમભાવ હોય છે, તે ચારિત્ર છે – કે જે (ચારિત્ર) તે કાળે અને આગામી કાળે રમણીય છે અને અપુનર્ભવના (મોક્ષના) મહા સૌખ્યનું એક બીજ છે.**

**– આવા આ ત્રિલક્ષણ (સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રાત્મક) મોક્ષમાર્ગનું આગળ નિશ્ચય અને વ્યવહારથી વ્યાખ્યાન કરવામાં આવશે. અહીં તો સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનના વિષયભૂત નવ પદાર્થોના ઉપોદ્ઘાતના હેતુ તરીકે તેનું સૂચન કરવામાં આવ્યું છે. ૧૦૭.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, ચૈત્ર વદ–0)), ગુરુવાર)

(હવે સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનું સ્વરૂપ કહે છે.)

ભગવાને છ દ્રવ્યો વર્ણવ્યાં છે તેની પ્રતીતિ કરવી તે વ્યવહારશ્રદ્ધા છે. કેસર લેવા માટે કાણાંવાળો કોથળો કામ આવતો નથી પણ ટીનનો ડબો કામ આવે. તેમ આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપ છે તેની પ્રતીતિ માટે છ દ્રવ્યો આદિની પ્રતીતિરૂપ વ્યવહાર–સમકિત તે બારદાન છે. વ્યવહારશ્રદ્ધા ખોટી હોય ને સમ્યગ્દર્શન પ્રગટી જાય તેમ બનતું નથી. સાચી વ્યવહારશ્રદ્ધા વિના નિશ્ચય સમકિત હોય નહિ ને વ્યવહારનો અભાવ કર્યા વિના નિશ્ચય સમકિત પ્રગટે નહિ એમ બન્ને વાત સમજવી જોઈએ.

પંચાસ્તિકાય ગાથા ૨૬–સમયવ્યાખ્યામાં કહ્યું છે કે ખરતર દૃષ્ટિવાળાએ = સૂક્ષ્મદૃષ્ટિવાળાએ કાળ સહિત પાંચ અસ્તિકાયને સ્વીકારવા જોઈએ. જે કાળને સ્વીકારતા નથી તે શાસ્ત્ર જૈનશાસ્ત્ર નથી, તે બાર અંગને અનુસરી લખાણું નથી માટે છ દ્રવ્યોને જેમ છે તેમ યથાર્થ–સ્વતંત્ર સમજવાં જોઈએ.

પાંચ અસ્તિકાય છે. જેમ આ શરીરના પરમાણુ ઘણા છે તેમ આત્મા વગેરેને અનેક પ્રદેશો છે તે તેની કાયા છે. આત્મા, ધર્મ ને અધર્મ દ્રવ્ય અસંખ્યપ્રદેશી છે. આકાશ અનંતપ્રદેશી છે. પુદ્‌ગલ સ્કંધો બેથી લઈને અનંતપ્રદેશી છે, આમ પાંચ અસ્તિકાયની પ્રતીતિ તે વ્યવહાર સમકિત છે.

વળી નવ તત્ત્વની શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે. સમયસાર ગાથા ૧૩માં નવેની વાત આવી ગઈ છે. શુદ્ધ જીવસ્વભાવને જીવ માને, શરીર, કર્મ વગેરેને અજીવ માને. જીવને લીધે અજીવની ક્રિયા નથી ને અજીવની ક્રિયાથી જીવમાં કાંઈ થતું નથી એમ માને. દયાદાનાદિને પુણ્ય માને, હિંસા, જૂઠું આદિને પાપ માને, બન્નેને આસ્રવ માને. તેમાં અટકવું તેને બંધ માને. શુદ્ધ આત્માને આશ્રયે નિર્મળતા થાય તેને સંવર માને. નિર્મળતાની વૃદ્ધિ થાય તેને નિર્જરા માને, સંપૂર્ણ નિર્મળતાને મોક્ષ માને, આ પ્રમાણે રાગ સહિત નવતત્ત્વની શ્રદ્ધા તે વ્યવહાર સમકિત છે. એકલા શુદ્ધ ચૈતન્ય સ્વભાવને જુદો માની અંતર શ્રદ્ધા કરવી તે નિશ્ચય સમ્યગ્દર્શન છે.

જીવથી અજીવની ક્રિયા થાય એમ માને તો જીવ ને અજીવ બે જુદાં રહેતાં નથી. પુણ્યથી ધર્મ માને તો આસ્રવ ને સંવર એક થઈ જાય છે. શુદ્ધ જીવમાંથી શુભ આવે એમ માને તો જીવ ને પુણ્ય એક થઈ જાય છે. આમ જેને નવ તત્ત્વની વ્યવહારશ્રદ્ધાના પણ ઠેકાણાં નથી તેને નિશ્ચય સમ્યગ્દર્શન કદી પણ હોતું નથી, પૈસાથી સુખ માને તેણે જીવ અને અજીવને એક માન્યા. ધર્મ કરતાં ભવ મળે એમ માનનાર સંવર અને આસ્રવને એક માને છે. આમ નવને નવ પૃથક્ જાણે નહિ તેને કદી ધર્મ થતો નથી.

અહીં તો કહે છે કે છ દ્રવ્યો, પાંચ અસ્તિકાય ને નવ તત્ત્વો જેમ છે તેમ રાગ સહિત માને તે વ્યવહાર સમ્યગ્દર્શન છે. તે પણ વ્યવહાર ક્યારે કહેવાય ? વ્યવહારનો વિકલ્પ ઊઠે છે તે હું નથી, હું તો શુદ્ધ ચૈનત્ય સ્વભાવી છું એમ પોતાના આત્માની રાગરહિત પ્રતીતિ કરે ને નિશ્ચય સમ્યગ્દર્શન પ્રગટ કરે તો પૂર્વના નવતત્ત્વાદિના વિકલ્પને વ્યવહાર સમ્યગ્દર્શન કહે છે. અધૂરી દશામાં તત્ત્વોના વિકલ્પનો રાગ આવ્યા વિના રહેતો નથી છતાં રાગ તે સમ્યગ્દર્શન નથી. રાગરહિત પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે. તે જ્યાં નિશ્ચય સમ્યગ્દર્શન હોય છે ત્યાં આવી વ્યવહારશ્રદ્ધા હોય છે તેથી અહીં નિશ્ચય વ્યવહાર બન્ને વાત કહેલ છે.

'તે જ પદાર્થોનું જે યથાર્થ અનુભવન તે સમ્યગ્જ્ઞાન છે.' શુદ્ધ આત્માના અવલંબને જે જ્ઞાન પ્રગટે છે તે સમ્યગ્જ્ઞાન છે. ત્યારે છ દ્રવ્યો જુદાં જુદાં છે, નવ તત્ત્વો છે ઇત્યાદિનું વ્યવહારજ્ઞાન હોય છે. જે જીવ શરીરની ક્રિયાથી ધર્મ માને, આત્માથી શરીર ચાલે તેમ માને તેને ધર્મદશામાં નિમિત્ત કોણ હોય છે તેની ખબર નથી. જેને ધર્મ કરવો હોય તેને છ દ્રવ્યોનું તથા નવ તત્ત્વોનું જ્ઞાન વિકલ્પ દ્વારા યથાર્થ રીતે હોવું જોઈએ. વ્યવહાર જ્ઞાન ખોટું હોય તેને ધર્મ થતો નથી.

હવે ચારિત્રની વાત કરે છે. 'પાંચ ઈંદ્રિયોના વિષયોમાં જેણે અતિ દઢતાથી પ્રવૃત્તિ કરી નથી એવા ભેદ વિજ્ઞાની જીવોનો જે રાગ–દ્વેષરહિત શાંતસ્વભાવ તે સમ્યક્ ચારિત્ર છે.'

પાંચ ઇન્દ્રિયો તથા તેના વિષયો, ભાવેન્દ્રિય ને ત્રિકાળી શુદ્ધઆત્મા એમ ત્રણે વચ્ચે જેને ભેદજ્ઞાન વર્તે છે તેને ચારિત્ર હોય છે. તે વિના ચારિત્ર હોતું નથી. અંતર સ્થિરતા તે ચારિત્ર છે. આ મારા પરિચયવાળા છે કે અપરિચયવાળા છે એવો વિકલ્પ જેને ઊઠતો નથી પણ સ્વરૂપમાં

ઠરી જાય છે તેને ચારિત્ર હોય છે. સંસારમાં અપરિચયવાળો માણસ આદર ન કરે તો જીવને કાંઈ ન થાય પણ પરિચિત માણસ યથાયોગ્ય આદર ન કરે તો ખદબદાટ થાય. અહીં કહે છે કે આત્માને કોઈની સાથે પરિચય નથી, બહારના અપરિચયી કે પરિચયી બન્ને સાથે ઉપેક્ષાભાવ વર્તે છે. આત્મામાં બધાનો અભાવ છે. મારે તો મારા પોતાના જ્ઞાનદર્શનાદિ ગુણો સાથે પરિચય છે એમ સમજી, અંતરમાં ઠરવું તે ચારિત્ર છે, ગમે તે જીવ હો, પ્રશંસા કરે કે નિંદા કરે, જાણીતું મકાન હોય કે ખેતર હોય, મારે કાંઈ સંબંધ નથી, અજ્ઞાનદશામાં રાગ-દ્વેષાદિ કરતો હતો તે સ્વભાવનો પરિચય કરી અંદર ઉદાસીન થઈ સ્વભાવની દ્રઢતા વધી ગઈ. સમ્યગ્દષ્ટિને હજી આસક્તિ હોય છે. અહીં તો તે આસક્તિને પણ સ્વભાવના અવલંબનથી તોડી નાખે તે ચારિત્ર છે.

અજ્ઞાની જીવોને મનમાં થાય છે કે આ દીકરાને કે આ મારા જનાવરોને આખી જિંદગી પુષ્ટિ આપી મોટા કર્યા હતા ને હવે આ મારી વિરુદ્ધ કેમ વર્તે છે ? તો તેને કહે છે કે ભાઈ, તેં કોઈ જીવને પુષ્ટિ આપી નથી, તારા ભાવમાં વિકારને પુષ્ટિ આપી છે. તે વિકાર પણ તારું તત્ત્વ નથી. વિકાર રહિત શાંત સ્વભાવમાં ઠરે તો શાંતિ થાય તેમ છે.

આ જીવ મારો આદર કરે છે ને આ મારો આદર કરતો નથી એમ જે માને છે તેને દૃષ્ટિમાં પદાર્થોમાં જ્ઞેયો તરીકે રહેતા નથી, તે જીવ પરદ્રવ્યોમાં ઘાલમેલ કરે છે. વળી જે જીવો બૈરાં-છોકરાંને છોડવાથી સંસાર છૂટે છે એમ માને છે તેને વસ્તુની ખબર નથી. છ માસના બાળકને પેટમાં દુખતું હોય તો ક્યાં દુખે છે ને તે કેવી રીતે મટશે તે બાળકને ખબર પડતી નથી તેમ અજ્ઞાની જીવને સંસાર ક્યાં રહેતો હશે ને ક્યાંથી છોડવો તે ખબર પડતી નથી. બૈરાં-છોકરાં આત્મામાં પેસી ગયાં નથી કે તેને છોડવાપણું રહે. તે તો ત્રણે કાળ છૂટાં પડેલાં છે. આત્મા શુદ્ધ-ચિદાનંદ જુદો છે એવું ભાન થયા વિના ચારિત્ર હોઈ શકે નહિ. જે પર્યાયે શુદ્ધ આત્માને વિષય કર્યો છે ને પર વિષયોની તથા કુટુંબાદિની ઉપેક્ષા કરી છે ને સ્વભાવમાં ઠર્યો છે તે ચારિત્ર છે. આત્મા રાગરહિત છે એવા શ્રદ્ધા-જ્ઞાન કરી અંતર શાંત સ્વરૂપમાં ઠરવું તે ચારિત્ર છે.

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૧, શુક્રવાર)

**ભાવાર્થ :** જીવોને અનાદિ અવિદ્યાના પ્રભાવથી પદાર્થોની વિપરીત શ્રદ્ધા છે. પોતાનો આત્મા શુદ્ધ ને આનંદસ્વરૂપ છે એમ નહીં માનતાં મારા જ્ઞાન ને આનંદ પરમાંથી આવતા હશે ને પર પદાર્થો મારે લીધે નભતા હશે તેવી માન્યતા તે મિથ્યા દર્શન છે. શરીર, મન, વાણી પૃથક્ હોવા છતાં તેની મદદથી મને શાંતિ છે એમ માનવું તે અજ્ઞાન છે. અનાદિથી અજ્ઞાની જીવને આવી વિપરીત શ્રદ્ધા છે.

કાળલબ્ધિના પ્રભાવથી મિથ્યાત્વ નષ્ટ થાય છે ત્યારે પદાર્થોની યથાર્થ પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે. કાળલબ્ધિનો અર્થ સ્વપર્યાયનો પુરુષાર્થ પોતે જ્ઞાનાનંદસ્વભાવી છે તેવી રુચિ થવી ને વર્તમાન દશામાં સ્વભાવ પ્રગટ કરવાની યોગ્યતા તેને કાળલબ્ધિ કહે છે, પોતાના સ્વભાવની પ્રતીતિ હોય છે, તેને નવ પદાર્થોની યથાર્થ પ્રતીતિ હોય છે, જીવને જીવ જાણે, જડને જડ જાણે,

પુણ્ય–પાપને વિકાર જાણે, ત્રિકાળી સ્વભાવને શુદ્ધ જાણે તેને યથાર્થ પ્રતીતિ છે.

અજ્ઞાની જીવને પરનો મહિમા આવે છે. છોકરાનાં લગ્ન થાય તેનો મહિમા આવે, દાગીનાનો મહિમા આવે, પૈસાનો મહિમા આવે એ બધો અજ્ઞાનભાવ છે. પૂર્વનાં પુણ્ય બળી જાય છે ત્યારે પૈસા મળે છે. જીવ તેમાં હરખાય છે. આવા સંયોગો અનંત વાર મળ્યા છે તેમાં નવાઈ નથી. વળી કોઈને દયાદાનાદિના શુભ ભાવનું માહાત્મ્ય આવે છે. આમ પરને વિકારનું માહાત્મ્ય આવવું તે અજ્ઞાન છે. પોતાના શુદ્ધ આત્માનું માહાત્મ્ય આવતું નથી તેથી જીવ રખડે છે.

વળી જીવ પોતાની પર્યાયમાં પુરુષાર્થ ઉપાડે છે ત્યારે મિથ્યાત્વ નષ્ટ થાય છે ને જીવને જીવ જાણે, અજીવને અજીવ જાણે એમ નવ પદાર્થોને પૃથક્ પૃથક્ જાણે તેમાં શુદ્ધ આત્માની પ્રતીતિ આવી જાય છે. તેનું નામ સમ્યગ્દર્શન છે. તે બીજભૂત છે તેમાંથી કેવળજ્ઞાન પ્રગટે છે. આંબા માટે આંબાનું બીજ વાવવું જોઈએ, આકોલિયાનું ન ચાલે. તેમ પુણ્ય–પાપની રુચિ કરે ને સંસારમાંથી રખડવું મટે તેમ બને નહિ. શુદ્ધ ચૈતન્ય સૂર્ય સ્વભાવી આત્મા છે તેની શ્રદ્ધા કરવી તે બીજભૂત છે, તેમાંથી કેવળજ્ઞાન પ્રગટે છે. નવ પદાર્થોની યથાર્થ પ્રતીતમાં આત્માની પ્રતીત આવી જાય છે. જેનાથી સ્વભાવનું માન આવે અને પરનું માન ગળી જાય તે માન સ્તંભ છે. આત્મા મોટો ભાવ માન સ્તંભ છે. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપી છે ને બીજારૂપે નથી. એવી નિર્વિકલ્પ પ્રતીતિ તે સમ્યગ્દર્શન છે ને તે કેવળજ્ઞાનનું બીજ છે. હવે જ્ઞાનની વાત કરે છે. મિથ્યાત્વના ઉદયથી સંશય, વિમોહ, વિભ્રમ સ્વરૂપ પદાર્થોનું જ્ઞાન થાય છે. જેવી રીતે નાવ પર બેઠેલાને બહારના સ્થિર પદાર્થ ચાલતા દેખાય છે તેને વિપરીત જ્ઞાન કહે છે. દરેક પદાર્થ સ્વતંત્ર પોતાના કારણે આવે–જાય છે. છતાં અજ્ઞાની જીવને એમ લાગે છે કે તે ચીજો મારા માટે આવતી હશે ! તે ચીજો ક્ષેત્રે, કાળે ને ભાવે સંયોગી છે તેથી વિયોગ થાય જ છતાં અજ્ઞાનીને લાગે છે કે તે મારા માટે આવી છે ને જાય ત્યારે મને છોડીને ચાલી ગઈ એમ તે માને છે. એમ તે ઊંધું માન્યા કરે છે. પદ્મનંદી પંચવિંશિતિમાં દાન અધિકાર મુનિઓએ લોભરૂપી ભેખડમાં ભરાતા જીવોને ખેંચવા માટે લખેલ છે ને તે વંચાય ત્યારે ઊંધા જીવોને એમ લાગે કે 'મારી પાસેથી પૈસા પડાવવા માટે આ દાન અધિકાર વંચાય છે' પ્રરૂપણામાં એમ આવે કે આત્મા સિદ્ધ સમાન છે તો ઊંધો માણસ એમ કહે કે 'અમોને તો સિદ્ધસ્વરૂપ ક્યાંય દેખાતું નથી' વળી અજ્ઞાની માને છે કે પૈસા હોય તો નિવૃત્તિ લેવાય તે પણ વિપરીતતા છે. નિવૃત્તિ પરથી લેવાતી નથી. તેને કુદેવાદિ સાચા લાગે, સાચા દેવ કુદેવ લાગે. વળી કોઈ કહે કે 'પુણ્ય વિના સાંભળવાનું મળે ? ને સાંભળ્યા વિના ધર્મ થાય ?' એ વાત સાંભળતાં અજ્ઞાનીને તુરત જ લાગે કે પુણ્યથી ધર્મ થાય છે. આમ જેનું જ્ઞાન વિપરીત છે તેને બધું ઊંધું લાગે છે, અજ્ઞાની કુદેવને, સુદેવ માને, સુદેવને કુદેવ માને. સુમાર્ગને કુમાર્ગ માને, કુમાર્ગને સુમાર્ગ માને. વળી જેમ જેને સર્પ કરડ્યો છે તે જીવને લીમડો કડવો લાગતો નથી પણ મીઠો લાગે છે, તેમ મિથ્યાત્વ ને અજ્ઞાનરૂપી ઝેર જેનામાં છે તે જીવને ઊંધી વાત તુરત જ બેસી જાય છે પણ જ્યારે જીવને મિથ્યા ભ્રાંતિ નાશ પામે છે ત્યારે પદાર્થોનું યથાર્થ ગ્રહણ થાય છે. તે જ્ઞાનનું નામ સમ્યગ્જ્ઞાન છે. અહીં અક્ષરજ્ઞાનની વાત નથી, ચિદાનંદ મારું સ્વરૂપ છે એમ જ્ઞાને જ્ઞાનને પકડ્યું તે સ્વસંવેદન જ્ઞાન છે ને તે આત્મતત્ત્વના અનુભવનની

પ્રાપ્તિનું મૂળ કારણ છે.

હવે ચારિત્રની વાત કરે છે, સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની પ્રવૃત્તિના પ્રભાવથી કુમાર્ગથી નિવૃત્તિ થઈ રાગરહિત પરિણામ થયા તેને ચારિત્ર કહે છે. વીતરાગ સર્વજ્ઞદેવના કહેલા માર્ગ સિવાયના બધા માર્ગો કુમાર્ગો છે. લોકો શરીરની ક્રિયા વગેરેને યોગ કહે છે તે બધા ઊંધા રસ્તા છે, બધા થઈને એક પદાર્થ નથી. વળી ભગવાને દર્શન આપ્યાં તેથી કલ્યાણ થયું એમ કોઈ માને છે. તે બધા કુમાર્ગ છે, તે કુમાર્ગથી નિવૃત્તિ થવી જોઈએ. સર્વજ્ઞ કહે છે તેમ છ દ્રવ્યો સ્વતંત્ર છે, દરેક ભિન્ન ભિન્ન છે એમ યથાર્થપણે જાણવું જોઈએ. આ જાણ્યા વિના આ સાચું હશે કે બીજું સાચું હશે એમ માની અજ્ઞાની જીવ વીર્યને ખંડખંડ કરી કુમાર્ગમાં રખડ્યા કરે છે. માટે સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાનની પ્રવૃત્તિથી સમસ્ત કુમાર્ગમાંથી નિવૃત્ત થઈ જે આત્મસ્વરૂપમાં લીન થાય છે તેને ચારિત્ર હોય છે, દેહની ક્રિયા કે પાંચ મહાવ્રતનાં પરિણામ તે ચારિત્ર નથી તેમજ બે પૂરી ખાય કે બ્રહ્મચર્ય પાળે તે પણ ચારિત્ર નથી. પદાર્થોમાંથી ઇષ્ટઅનિષ્ટની કલ્પના છોડી રાગ-દ્વેષરહિતપણે આત્મ સ્વભાવમાં નિર્વિકાર પરિણામ થવા તે સમ્યક્ચારિત્ર છે. હું શુદ્ધ ચિદાનંદ સ્વરૂપ છું એવા ભાન વિના સમ્યગ્દર્શન હોય નહિ. સમ્યગ્દર્શન વિના ચારિત્ર હોય નહિ, ચારિત્ર વિના કેવલજ્ઞાન હોય નહિ ને કેવલજ્ઞાન વિના મુક્તિ હોય નહિ.

ચારિત્ર દશા ઉત્પન્ન થવાથી સંસાર ઊપજતો નથી. ચારિત્ર તે મોક્ષમાર્ગ છે – તે મોક્ષનું કારણ છે. અહીં સાચા ચારિત્રની વાત છે. એકલું દ્રવ્યલિંગ ધારણ કરે કે મહાવ્રત પાળે તે ચારિત્ર નથી, આત્માના ભાન સહિત અંતરલીનતા થવી તે ચારિત્ર છે, ચોથે ગુણસ્થાને સમ્યગ્દર્શન છે તે પૂર્ણ મોક્ષમાર્ગ નથી; સમ્યગ્દર્શન, જ્ઞાન ને ચારિત્ર એમ ત્રણેની એકતા તે મોક્ષમાર્ગ છે, તેમાંથી એકની કમી હોય તો મોક્ષમાર્ગ નથી.

જેવી રીતે રોગીને ઔષધિનું શ્રદ્ધાન, જ્ઞાન ને ઉપચાર ત્રણ પ્રકાર હોય ત્યારે રોગી રોગથી મુક્ત થાય છે, તેમાંથી એક ન હોય તો રોગ જતો નથી. પરંતુ ત્રણે ઉપચાર સાથે હોય તો રોગ જાય છે. આ દૃષ્ટાંત છે, રોગ તો રોગના કારણે મટે છે. ત્યારે આ ત્રણ નિમિત્ત હોય છે. તેવી રીતે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની એકતાથી મોક્ષમાર્ગ થાય છે, એકલાથી થતો નથી.

હવે નિશ્ચય-વ્યવહારનયોની અપેક્ષાથી મોક્ષમાર્ગ કહે છે, સમ્યગ્દર્શન ને જ્ઞાન દ્વારા નવ પદાર્થો જાણવામાં આવે છે. તે નવ પદાર્થોનું સંક્ષેપ સ્વરૂપ તથા નામ કહે છે. ૧૦૭.

---

**जीवाजीवा भावा पुण्णं पावं च आसवं तेसिं।**
**संवरणिज्जरबंधो[१] मोखो य हवंति ते अट्ठा ।।१०८।।**

**जीवाजीवौ भावौ पुण्यं पापं चास्त्रवस्तयोः।**
**संवरनिर्जरबंधा मोक्षश्च भवन्ति ते अर्थाः ।।१०८।।**

**બે ભાવ-જીવ અજીવ, તદ્ગત પુણ્ય તેમ જ પાપ ને**
**આસરવ, સંવર, નિર્જરા, વળી બંધ, મોક્ષ-પદાર્થ છે. ૧૦૮.**

**અન્વયાર્થ** : (जीवाजीवौ भावौ) જીવ અને અજીવ – બે ભાવો (અર્થાત્ મૂળ પદાર્થો) તથા (तयोः) તે બેનાં (पुण्यं) પુણ્ય, (पापं च) પાપ, (आस्रवः) આસ્રવ, (संवरनिर्जरबंधाः) સંવર, નિર્જરા, બંધ (च) ને (मोक्षः) મોક્ષ – (ते अर्थाः भवन्ति) એ (નવ) પદાર્થો છે.

---

**तात्पर्यवृत्ति** : एवं नवपदार्थप्रतिपादकद्वितीयमहाधिकारे व्यवहारमोक्षमार्गकथनमुख्यतया गाथाचतुष्टयेन प्रथमोंतराधिकारः समाप्तः। अथानंतरं जीवादिनवपदार्थानां मुख्यवृत्त्या नाम गौणवृत्त्या स्वरूपं च कथयति, - जीवाजीवौ द्वौ भावौ पुण्यपापद्वयमिति पदार्थद्वयं आस्रवपदार्थस्तयोः पुण्यपापयोः संवर-निर्जराबंधमोक्षपदार्थचतुष्यमपि तयोरेव। एवं ते प्रसिद्धा नव पदार्थो भवंतीति नामनिर्देशः। इदानीं स्वरूपाभिधानं। तथाहि-ज्ञानदर्शनस्वभावो जीवपदार्थः, तद्विलक्षणः पुद्गलादिपंचभेदः पुनरप्यजीवः, दानपूजाषडावश्यकादिरूपो जीवस्य शुभपरिणामो भावपुण्यं भावपुण्यनिमित्तेनोत्पन्नः सद्वेद्यादिशुभप्रकृतिरूपः पुद्गलपरमाणुपिंडो द्रव्यपुण्यं, मिथ्यात्वरागादिरूपो जीवस्याशुभपरिणामो भावापापं, तन्निमित्तेनासद्वेद्याद्यशुभप्रकृतिरूपः पुद्गलपिंडो द्रव्यपापं। निरास्रवशुद्धात्मपदार्थविपरीतो रागद्वेषमोहरूपो जीवपरिणामो भावास्रवः भावनिमित्तेन कर्मवर्गणायोग्यपुद्गलानां योगद्वारेणागमनं द्रव्यास्रवः कर्मनिरोधे समर्थो निर्विकल्पकात्मोपलब्धिपरिणामो भावसंवरः, तेन भावनिमित्तेन नवतरद्रव्यकर्मागमनिरोधो द्रव्यसंवरः, कर्मशक्तिशातनसमर्थो द्वादशतपोभिर्वृद्धिं गतः शुद्धोपयोगः संवरपूर्विका भावनिर्जरा तेन शुद्धोपयोगेन नीरसभूतस्य चिरंतनकर्मण एकदेशगलनं द्रव्यनिर्जरा, प्रकृत्यादिबंधशून्यपरमात्मपदार्थप्रतिकूलो मिथ्यात्व-रागादिस्निग्धपरिणामो भावबंधः भावबंधनिमित्तेन तैलम्रक्षितशरीरे धूलिबंधवज्जीव-कर्मप्रदेशानामन्योन्यसंश्लेषो द्रव्यबंधः, कर्मनिर्मूलनसमर्थः शुद्धात्मोपलब्धिरूपजीवपरिणामो भावमोक्षः, भावमोक्षनिमित्तेन जीवकर्मप्रदेशानां निरवशेषः पृथग्भावो द्रव्यमोक्ष इति सूत्रार्थः ।।१०८।।

---

**समयव्याख्या : पदार्थानां नामस्वरूपाभिधानमेतत्। जीवः, अजीवः, पुण्यं, पापं, आस्रवः, संवरः, निर्जरा, बंधः, मोक्ष इति नवपदार्थानां नामानि। तत्र चैतन्यलक्षणो जीवास्तिक एवेह जीवः। चैतन्याभावलक्षणोऽजीवः। स पञ्चधा पूर्वोक्त एव - पुद्गलास्तिकः, धर्मास्तिकः, अधर्मास्तिकः, आकाशास्तिकः, कालद्रव्यञ्चेति। इमौ हि जीवाजीवौ पृथग्भूतास्तित्वनिर्वृत्तत्त्वेन भिन्नस्वभावभूतौ मूलपदार्थौ। जीवपुद्गलसंयोगपरिणामनिर्वृत्ताः सप्तान्ये पदार्थाः। शुभपरिणामो जीवस्य, तन्निमित्तः कर्मपरिणामः पुद्गलानाञ्च पुण्यम्। अशुभपरिणामो जीवस्य, तन्निमित्तः कर्मपरिणामः पुद्गलानाञ्च पापम्। मोहरागद्वेषपरिणामो जीवस्य, तन्निमित्तः कर्मपरिणामो योगद्वारेण प्रविशतां पुद्गलानाञ्चास्रवः। मोहरागद्वेषपरिणामनिरोधो जीवस्य, तन्निमित्तः कर्मपरिणामनिरोधो योगद्वारेण प्रविशतां पुद्गलानाञ्च संवरः। कर्मवीर्यशातनसमर्थो बहिरङ्गंतरङ्गतपोभिर्बृंहितशुद्धोपयोगो जीवस्य, तदनुभावनीरसीभूतानामेकदेशसंक्षयः समुपात्त-**

---

१. संवरणं णिज्जरणं बंधो मोक्खो य ते अट्ठा। આવું પાઠાન્તર છે.

कर्मपुद्गलानाञ्च निर्जरा। मोहरागद्वेषस्निग्धपरिणामो जीवस्य, तन्निमित्तेन कर्मत्वपरिणतानां जीवेन सहान्योन्यसंमूर्च्छनं पुद्गलानाञ्च बंधः। अत्यंतशुद्धात्मोपलम्भो जीवस्य, जीवेन सहात्यंतविश्लेषः कर्मपुद्गलानां च मोक्ष इति ।।१०८।।

અનુવાદ : આ, પદાર્થોનાં નામ અને સ્વરૂપનું કથન છે.

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ – એ પ્રમાણે નવ પદાર્થોનાં નામ છે.

તેમાં ચૈતન્ય જેનું લક્ષણ છે એવો જીવાસ્તિક જ (–જીવાસ્તિકાય જ) અહીં જીવ છે. ચૈતન્યનો અભાવ જેનું લક્ષણ છે તે અજીવ છે : તે (અજીવ) પાંચ પ્રકારે પૂર્વે કહેલ જ છે – પુદ્‌ગલાસ્તિક, ધર્માસ્તિક, અધર્માસ્તિક, આકાશાસ્તિક અને કાળદ્રવ્ય. આ જીવ અને અજીવ (બંને) પૃથક્ અસ્તિત્વ વડે નિષ્પન્ન હોવાથી ભિન્ન જેમના સ્વભાવ છે એવા (બે) મૂળ પદાર્થો છે.

જીવ અને પુદ્‌ગલના સંયોગપરિણામથી નીપજતા સાત બીજા પદાર્થો છે. (તેમનું સંક્ષિપ્ત સ્વરૂપ નીચે પ્રમાણે છે :–) જીવના શુભ પરિણામ (તે પુણ્ય છે) તેમજ જે (શુભ પરિણામ) જેનું નિમિત્ત છે એવા પુદ્‌ગલોના કર્મપરિણામ (– શુભકર્મરૂપ પરિણામ) તે પુણ્ય છે. જીવના અશુભ પરિણામ (તે પાપ છે) તેમજ તે (અશુભ પરિણામ) જેનું નિમિત્ત છે એવા પુદ્‌ગલોના કર્મપરિણામ (– અશુભકર્મરૂપ પરિણામ) તે પાપ છે. જીવના મોહરાગદ્વેષરૂપ પરિણામ (તે આસ્રવ છે) તેમજ તે (મોહરાગદ્વેષરૂપ પરિણામ) જેનું નિમિત્ત છે એવા જે યોગ દ્વારા પ્રવેશતાં પુદ્‌ગલોના કર્મપરિણામ તે આસ્રવ છે. જીવના મોહરાગદ્વેષરૂપ પરિણામનો નિરોધ (તે સંવર છે) તેમજ તે (મોહરાગદ્વેષરૂપ પરિણામનો નિરોધ) જેનું નિમિત્ત છે એવો જે યોગ દ્વારા પ્રવેશતાં પુદ્‌ગલોના કર્મપરિણામનો નિરોધ તે સંવર છે. કર્મના વીર્યનું (–કર્મની શક્તિનું) શાતન કરવામાં સમર્થ એવો જે બહિરંગ અને અંતરંગ (બાર પ્રકારનાં) તપો વડે વૃદ્ધિ પામેલો જીવનો શુદ્ધોપયોગ (તે નિર્જરા છે) તેમજ તેના પ્રભાવથી (– વૃદ્ધિ પામેલા શુદ્ધોપયોગના નિમિત્તથી) નીરસ થયેલાં એવાં ઉપાર્જિત કર્મપુદ્‌ગલોનો એકદેશ સંક્ષય તે નિર્જરા છે. જીવના, મોહરાગદ્વેષ વડે સ્નિગ્ધ પરિણામ (તે બંધ છે) તેમ જ તેના (–સ્નિગ્ધ પરિણામના) નિમિત્તથી કર્મપણે પરિણત પુદ્‌ગલોનું જીવની સાથે અન્યોન્ય અવગાહન (– વિશિષ્ટ શક્તિ સહિત એકક્ષેત્રાવગાહસંબંધ) તે બંધ છે. જીવની અત્યંત શુદ્ધ આત્મોપલબ્ધિ (તે મોક્ષ છે) તેમ જ કર્મપુદ્‌ગલોનો જીવથી અત્યંત વિશ્લેષ (વિયોગ) તે મોક્ષ છે. ૧૦૮.

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ–૧, શુક્રવાર)

એક જીવ પદાર્થ અને એક અજીવ પદાર્થ, એક પુણ્ય પદાર્થ અને એક પાપ પદાર્થ, તે બન્ને પુણ્યપાપોનું આત્મામાં આવવું તે એક આસ્રવ પદાર્થ છે. સંવર, નિર્જરા ને બંધ એ ત્રણ પદાર્થ છે અને એક મોક્ષ પદાર્થ છે. આ પ્રમાણે જે છે તે નવ પદાર્થ થાય છે.

**જીવ** : નવ પદાર્થોમાં જીવ એક પદાર્થ છે. એવા જીવો અનંતા છે. દરેક આત્મા અસંખ્યપ્રદેશી

ને અનંતા ગુણવાળો છે. આવા અનંતા આત્મા છે પણ જાતિએ એક છે, કોઈ એક જ આત્મા માને, કોઈ એકાંત અનિત્ય માને, કોઈ નવો ઊપજેલો માને તો તે બધા ખોટા છે.

**અજીવ** : અજીવના પાંચ ભેદ છે. એક ધર્માસ્તિકાય, એક અધર્માસ્તિકાય, એક આકાશ, અસંખ્ય કાળાણુ તથા અનંતા પુદ્‌ગલો છે. આમ પાંચ ભેદ અજીવના જાણવા.

**પુણ્ય** : દયા, દાન, પૂજા, ભક્તિ, કોમળતાનાં પરિણામ, પાંચ મહાવ્રતનાં પરિણામ તે ભાવપુણ્ય છે.

**પાપ** : હિંસા, જૂઠું, ચોરી વગેરે પરિણામ તે ભાવપાપ છે.

**આસ્રવ** : પુણ્ય–પાપના ભાવો થવા તે આસ્રવ છે. તે જીવથી જુદું તત્ત્વ છે. કેટલાક જીવો દયાદાનના ભાવને પાપ કહે છે, કોઈ જીવો આસ્રવને જીવ સાથે અભેદ કરે છે તે ભૂલ છે. પુણ્ય–પાપ જીવની પર્યાયમાં થાય છે પણ તે શુદ્ધ જીવતત્ત્વ નથી.

કોઈ જીવો દયાદાનને પાપ કહે, કોઈ દયાદાનથી ધર્મ મનાવે. બન્ને ભૂલમાં છે. જીવથી શરીર ચાલે તેમ કોઈ માને, અજીવથી જીવમાં કાર્ય થાય એમ કોઈ માને તો તે ભૂલ છે. એમ માનવાથી જીવ અને અજીવ તત્ત્વો રહેતાં નથી. વળી કોઈ જીવો દેવ–ગુરુ–શાસ્ત્રની શ્રદ્ધાના રાગથી ધર્મ માને છે તો આસ્રવ ને સંવર એક થઈ જાય છે. કર્મને લીધે વિકાર માનવામાં આવે તો આસ્રવ ને અજીવ એક થઈ જાય છે. મનુષ્યદેવને લીધે ધર્મ માને તો સંવર ને અજીવ એક થઈ જાય છે. પાંચ મહાવ્રતને લીધે ધર્મ માને તો આસ્રવથી સંવર માને છે તે ભૂલ છે.

**સંવર** : સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રનાં પરિણામ તે સંવર છે. પુણ્યથી ધર્મ માને, શરીરની અનુકૂળતાને લીધે ધર્મ માને તો સંવર તત્ત્વ રહેતું નથી.

**નિર્જરા** : આત્માના આશ્રયે શુદ્ધિની વૃદ્ધિ થવી તે નિર્જરા છે. અજ્ઞાની જીવો રોટલા ન ખાધા તેને નિર્જરા માને છે. તે અજીવને નિર્જરા માને છે. આત્માના આશ્રયે થતી શુદ્ધતા વધે છે તે નિર્જરા છે. જે નવને નવ ન જાણે તેનો વ્યવહાર પણ સાચો નથી. તેને ધર્મ થતો નથી.

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ–૨, શનિવાર)

ગઈકાલે નિર્જરા તત્ત્વ સુધી વાત આવી હતી. રાગદ્વેષાદિ ભાવોમાં અટકી જવું તે બંધ છે ને વિકારી ભાવોથી સંપૂર્ણ મુક્ત થવું તે મોક્ષ છે. આમ નવ પદાર્થોને જેમ છે તેમ શ્રદ્ધામાં લેવા જોઈએ.

**ભાવાર્થ** : જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ આમ નવ પદાર્થ જાણવા જોઈએ.

(૧) **જીવ** : આત્મા ચેતન પદાર્થ છે, પુણ્ય–પાપ કરે તે આત્મા નથી. 'દેહ ભિન્ન કેવલ ચૈતન્યનું જ્ઞાન જો,' દેહથી જુદો, એકલા જાણવા–દેખવાના ઉપયોગવાળો તે જીવ છે, પુણ્ય–પાપ કરે અથવા શરીરાદિની ક્રિયા કરે તે આત્મા નથી, જેમ રાજાને તેના યોગ્ય ઇલકાબથી અરજી

આપે તો સાંભળે તેવી રીતે ચૈતન્ય રાજા જેવો છે તેવો અરજીમાં લખે એટલે કે જ્ઞાનમાં લ્યે તો આત્મરાજા પ્રસન્ન થાય તેવો છે. શરીરાદિ પર છે ને દયાદાનના ભાવ તે વિકાર છે, આત્મા તેથી ભિન્ન છે એમ જાણે તો ભેદ જ્ઞાન થાય ને તો શાંતિ થાય.

અજ્ઞાની જીવો કહે છે કે પૂર્વે પુણ્ય કર્યાં હતાં તો આ બધા સંયોગો મળ્યા ને તેને જીવ ભોગવે છે. તેને કહે છે કે ભાઈ, સંયોગોને જીવ ભોગવતો નથી, સુખદુઃખની લાગણી થાય છે તે પણ જીવ નથી તેમજ સંવર–નિર્જરાની પર્યાય પણ એક સમયની છે. તે પણ ત્રિકાળી જીવ તત્ત્વ નથી.

જીવ ચેતનાલક્ષણવાળો છે તે શું કરે ? જીવ મન, વાણી, દેહની ક્રિયા કરવાવાળો નથી, પણ જાણવા–દેખવાના સ્વભાવવાળો છે. અફીણનો સ્વભાવ કડવાશ છે તેમ આત્માનો સ્વભાવ જાણવું–દેખવું છે. રાગાદિની ઉપાધિ જીવનું સ્વરૂપ નથી. જો રાગ જીવનું સ્વરૂપ હોય તો સિદ્ધમાં પણ રાગ રહેવો જોઈએ. સિદ્ધ વીતરાગ છે માટે રાગ જીવનું સ્વરૂપ નથી, શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ તે જીવ છે. જેટલા આત્મા છે તે બધા ચૈતન્ય પ્રભુત્વથી ભરેલા છે. અજ્ઞાનીને ખબર નથી. તે પોતાના સ્વભાવને ભૂલે છે તે અધર્મ છે. અજ્ઞાની જીવ દયાદાનમાં ધર્મ માની રહ્યો છે, પણ તે વિકારી પર્યાય જીવનો મૂળ સ્વભાવ નથી, જીવનો સ્વભાવ નિરુપાધિમય શાંત છે. આમ જીવનો જ્ઞાતા–દ્દષ્ટા સ્વભાવ જાણવો તે ધર્મ છે.

(૨) ચેતનારહિત જડપદાર્થ અજીવ છે. પુદ્ગલાસ્તિકાય, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, ને કાળદ્રવ્ય એ પાંચ પ્રકારના અજીવ છે. શરીર, મન, વાણી, દાળ, ભાત, હીરા, માણેક, બંગલા, પૈસા જડ પુદ્ગલ છે, અજીવ છે. તેને પોતાનાં માનવાં તે અધર્મ છે. ‘આ મારાં મકાન છે, આ મારા દીકરા છે’ આ મારાં છે એમ કહેતાં તે પર પદાર્થો છે ને તે મારાથી જુદા છે એમ નક્કી થાય છે. જીવ તે જીવ છે, અજીવ નથી; અજીવ તે અજીવ છે, જીવ નથી. આમ હોવા છતાં, મારાથી વાણી બોલાણી. કર્મ મને હેરાન કરે એમ માનવું તે અજ્ઞાન ભાવ છે. ઘરમાં નવ છોકરાં હોય છતાં પાંચ છોકરાં છે એમ કહે તો ખોટું છે તેમ તત્ત્વો નવ છે, તેથી ઓછાં માને તો ભૂલ છે. માટે શરીરાદિ પુદ્ગલનો ધણી આત્મા નથી, આત્મા તેનાથી જુદો છે.

(૩) જે જડ ને ચૈતન્ય પદાર્થો ગમન કરે તેને ગતિમાં સહાય કરે તે ધર્મ દ્રવ્ય છે. તે ચૌદ બ્રહ્માંડમાં વ્યાપેલું અરૂપી અખંડ દ્રવ્ય છે, આ બધું જ્ઞાન કર્યા વિના ધ્યાન કરે તો જડ જેવો થઈ જાય, આત્મા ને બીજાં પાંચ દ્રવ્યો જેમ છે તેમ માનવાં જોઈએ.

(૪) જડ ને ચૈતન્ય પદાર્થો જે ગમન કરીને સ્થિર થાય તેમાં અધર્મ દ્રવ્ય નિમિત્ત છે. તે ચૌદ બ્રહ્માંડમાં વ્યાપેલું અરૂપી અખંડ દ્રવ્ય છે તેનો જ્ઞાનમાં ખ્યાલ આવી શકે છે. એને ન માને તે મિથ્યાદ્દષ્ટિ છે.

(૫) લોકાલોકપ્રમાણ આકાશ અરૂપી અખંડ દ્રવ્ય છે. તે બધા પદાર્થોને અવગાહન આપે છે.

(૬) અસંખ્ય કાળાણુ છે, અરૂપી તત્ત્વ છે, એક કાળાણુમાં અનંતા ગુણો છે, જે કાળને સ્વીકારે નહિ ને નવ તત્ત્વની શ્રદ્ધાનાં ઠેકાણાં નથી તેને આત્માની સમજણ કદી થાય નહિ.

આ પ્રમાણે અજીવના પાંચ ભેદો જાણવા.

છ પદાર્થો અનાદિ અનંત મૂળ વસ્તુ છે. આત્મા ચિદાનંદ સ્વરૂપી વસ્તુ છે તેમજ પુદ્‌ગલ, ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પણ સહજ મૂળ વસ્તુ છે. કોઈએ તેને બનાવેલ નથી, જીવ ને અજીવ બે છે. બન્ને છે એમ ક્યારે માન્યા કહેવાય ? એકબીજાને લીધે નથી એમ સ્વતંત્ર માને તો તે સિવાય સાત પદાર્થો જુદા છે તે જીવ ને પુદ્‌ગલના સંયોગથી ઉત્પન્ન થયેલ છે. જીવ તત્ત્વમાં દ્રવ્ય તો ત્રિકાળ છે ને તેની પર્યાયમાં સાત ભંગ થાય છે, ને કર્મની પર્યાયમાં સાત ભંગ થાય છે, ધર્મ, અધર્મ, આકાશ, કાળમાં આ સાત ભંગો થતા નથી, તેમજ કર્મ સિવાય બીજાં પુદ્‌ગલોમાં આ સાત ભેદો નથી. **તારી નાત–જાત શુદ્ધ ચૈતન્ય દ્રવ્યની છે તે તારી પર્યાયમાં તારા કારણે પુણ્ય–પાપ આદિ સાત ભેદ થાય છે ને અજીવ દ્રવ્ય ત્રિકાળ છે ને તેની સાત પર્યાયો જડના કારણે થાય છે. આમ સ્વતંત્ર જ્ઞાન કરે તો આત્મા તરફ વલણ થયા વિના રહે નહિ.**

તે સાત ભેદો બતાવે છે.

**પુણ્ય** : આત્મા શુદ્ધચૈતન્યસ્વભાવી છે. તેની પર્યાયમાં દયાદાનાદિના પરિણામ થાય, મહાવ્રતાદિના પરિણામ, નમસ્કારમંત્ર બોલવાનો ભાવ તે ભાવપુણ્ય છે. તે જીવ તત્ત્વ નથી, અજીવ તત્ત્વ નથી, તથા ધર્મ અથવા સંવર તત્ત્વ નથી તેમ જ પાપ તત્ત્વ નથી. અરૂપી આત્માની પર્યાય છે, પર્યાયને પર્યાય જાણે, ત્રિકાળી દ્રવ્યને દ્રવ્ય જાણે. શરીર, મન, વાણીને અજીવ જાણે તો ભેદ જ્ઞાન થાય. જેમ લૌકિકમાં નાત ફેરે લગ્ન થતાં નથી તેમ અહીં નવ તત્ત્વોની નાત જુદી છે. હું પૈસા કમાઈ શકું છું, રૂપિયા સાચવી શકું છું એમ જે માને છે તે જીવ તથા અજીવને એક કરે છે.

અજ્ઞાની જીવ શુભનો કર્તા થાય છે. દયા, દાનાદિ પરિણામ એક સમયનો પર્યાય છે તે ત્રિકાળ સ્વભાવથી ભિન્ન છે. એમ જાણે તો સમ્યગ્દર્શન થાય.

ભાવપુણ્યનું નિમિત્ત પામીને શાતા આદિના પરમાણુ બંધાય છે તેને દ્રવ્યપુણ્ય કહે છે. તે દ્રવ્યપુણ્યથી ભાવપુણ્ય જુદું છે ને ભાવપુણ્યથી જીવતત્ત્વ જુદું છે. જડ પુણ્ય પરમાણુની પર્યાય છે. ભાવપુણ્ય જીવની એક સમયની પર્યાય છે. તે કાયમી સ્વરૂપ નથી ને શુદ્ધ જીવ ત્રિકાળી તત્ત્વ છે એમ ભેદજ્ઞાન કરે તો ધર્મને શાંતિ થાય. વળી કર્મમાં પુણ્યરૂપે થવાની લાયકાત હોય છે ત્યારે શુભ ભાવને નિમિત્ત કહેવાય છે. બન્ને સ્વતંત્ર છે. બન્નેથી જીવ તત્ત્વ જુદું છે. એમ શુદ્ધ ચૈતન્યતત્ત્વનું જ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાન છે.

**પાપ** : હિંસા, જૂઠું, ચોરી, ક્રોધ, માન, માયા, લોભના પરિણામની અસ્તિ દેખાય છે તે એક સમયની અવસ્થા છે. તે જડમાં નથી, જડને લીધે નથી, પણ પોતાના અપરાધને લીધે એક સમયની અવસ્થામાં થાય છે, તેનું નિમિત્ત પામીને નીચ ગોત્ર, વગેરે પાપની પ્રકૃતિ બંધાય છે તે દ્રવ્યપાપ છે. પુદ્‌ગલ વર્ગણાઓ પાપરૂપે પરિણમે છે. તે પોતાના કારણે છે, ભાવપાપને લીધે નથી. ભાવપાપ નિમિત્ત માત્ર છે, ભાવપાપ જુદું દ્રવ્ય છે ને દ્રવ્યપાપ જુદું છે ને તે બન્નેથી જીવ તત્ત્વ જુદું છે, એમ જ્ઞાન કરવું જોઈએ.

**આસ્રવ** : પરને લાભ કરી દઉં એવા ભાવ તથા રાગદ્વેષાદિના પરિણામ કરવા તે ભાવ આસ્રવ છે. આત્માની વર્તમાન દશામાં મોહરાગદ્વેષના પરિણામ તે ભાવ આસ્રવ છે, તે એક

સમયની પર્યાય છે, તે જીવતત્ત્વ નથી તેમ જ સંવર તત્ત્વ નથી, ભાવઆસ્રવનું નિમિત્ત પામીને મન, વચન, કાયાના યોગ દ્વારા જડ કર્મના પરમાણુઓનું આવવું થાય છે. તે દ્રવ્ય–આસ્રવ છે. તે જડની અવસ્થા છે. જેટલા પ્રમાણમાં રાગદ્વેષાદિના પરિણામ કરે તેટલા જ પ્રમાણમાં કર્મ પરમાણુનો આસ્રવ થાય, છતાં ભાવઆસ્રવ ને દ્રવ્યઆસ્રવ એકબીજાને પરાધીન નથી, બન્ને સ્વતંત્ર છે, એકબીજાને નિમિત્તનૈમિત્તિક મેળ છે. એ બન્નેથી જીવતત્ત્વ જુદું છે.

**સંવર** : જીવના મોહરાગદ્વેષાદિ વિકારી ભાવોને રોકવાવાળો ભાવ તે ભાવસંવર છે. વિકારી ભાવોને રોકવા એ કથન પણ નાસ્તિથી છે.

હું આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વરૂપ છું એવા ભાવપૂર્વક અંતર સમજણની ક્રિયા થઈ એટલે મિથ્યા ભ્રાંતિ આદિના પરિણામ ઉત્પન્ન થયા નહિ. એણે વિકારી પરિણામો રોક્યા એમ કહેવાય છે. પરિણામો થયા પછી તેને રોક્યા એવો અર્થ નથી, શુદ્ધ ચૈતન્ય સ્વભાવના અવલંબને પુણ્યપાપના પરિણામ થતા નથી તેને ધર્મ કહે છે.

લોકો દેહની ક્રિયાને – અમુક જગ્યાએ અમુક કલાક બેઠો – તેને સંવર કહે છે. તે સ્થૂલ અજ્ઞાન ભાવ છે, શુદ્ધ આત્માના ભાનપૂર્વક શ્રદ્ધા–જ્ઞાન, રમણતા થવાં તે ભાવસંવર છે, તે પણ એક સમય પૂરતી અવસ્થા છે.

આત્માનું ત્રિકાળી સ્વરૂપ નથી. અહીં નિમિત્ત બુદ્ધિને પર્યાય બુદ્ધિ ઉડાડે છે ને શુદ્ધ ત્રિકાળી દ્રવ્ય સ્વભાવની દૃષ્ટિ કરાવે છે. તેનું અવલંબન લ્યે તો સંવર પ્રગટે છે. જીવોને હજી આસ્રવના સ્વરૂપની ખબર નથી, નવ ને નવ ન માનવાં એ મિથ્યાત્વનો આસ્રવ છે એમ પાંચ પ્રકારના આસ્રવ છે. તે આસ્રવને ચૈતન્યના ભાન દ્વારા રોકવો તે સંવર ને ધર્મ છે.

ભાવસંવરનું નિમિત્ત પામીને, મન, વચન, કાયના યોગો દ્વારા પુદ્‌ગલ વર્ગણાઓના આગમનનો નિરોધ કરવો તે દ્રવ્યસંવર છે. આ પણ નિમિત્તથી કથન છે. કર્મો આવવાનાં હતાં ને આત્માએ પરાણે રોકી પાડ્યાં તેવો એનો અર્થ નથી. કર્મોની આવવાની યોગ્યતા જ ન હતી. તે વખતે જીવના ભાવસંવરની જીવની પર્યાયની યોગ્યતા છે. બન્ને એક સમયે છે છતાં સ્વતંત્ર છે. બન્નેથી આત્મા જુદો છે એમ પૃથકતાનું ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

**નિર્જરા** : આત્મા શુદ્ધ ચિદાનંદસ્વરૂપી છે. તેના ભાનપૂર્વક અંતરમાં રમણતા થવી તે શુદ્ધ ઉપયોગ છે. તેને ભાવનિર્જરા કહે છે. કર્મોની શક્તિ ઘટાડવાને સમર્થ બહિરંગ અંતરંગ તપોથી વર્ધમાન એવો જે શુદ્ધ ઉપયોગ તેને ભાવનિર્જરા કહે છે. ખરેખર અંતરંગ તપથી જ ભાવનિર્જરા છે. બહિરંગ તપ ઉપચાર માત્ર છે. બહિરંગ ઉપવાસાદિ તપ તે પુણ્યનું કારણ છે. રોટલા ન ખાધા તેને લોકો તપ કહે છે. ભાઈ, જડના પરમાણુનો સંયોગ ન થવો તે તો જડના કારણે છે. અંતરમાં કષાય મંદતાના પરિણામ કર્યા તે શુભ છે – પુણ્ય છે. તેને ધર્મ માનવો તે મિથ્યાભાવ છે, તે પુણ્ય ને જડની ક્રિયાથી રહિત અંતર ચિદાનંદ સ્વભાવ શુદ્ધ છે, એવું ભાન કરવું ને અંતરલીનતા કરવી તે શુદ્ધ ઉપયોગ, તે નિર્જરા છે. તે એક સમય પૂરતી અવસ્થા છે. આત્મા ભાવનિર્જરા જેટલો નથી. આત્મા ત્રિકાળી છે એમ ભેદજ્ઞાન કરવું જોઈએ.

તે ભાવનિર્જરાનું નિમિત્ત પામીને પૂર્વોપાર્જિત કર્મોનો નીરસ ભાવ થઈ એકદેશ ક્ષય થયો

તેને દ્રવ્યનિર્જરા કહે છે તે પણ નિમિત્તથી કથન છે. આત્મા કર્મોનો ક્ષય કરી શકતો નથી. તે પરમાણુ સ્વયં તેની લાયકાતથી એકદેશરૂપ ક્ષય થાય છે, તે દ્રવ્યનિર્જરા છે. આમ ભાવનિર્જરા ને દ્રવ્યનિર્જરા બન્ને સ્વતંત્ર છે. આત્મા દ્રવ્યનિર્જરાથી જુદો છે ને આત્મા ભાવનિર્જરા જેટલો નથી. પણ શુદ્ધ ત્રિકાળી છે. એમ ભેદજ્ઞાન કરવું તે ધર્મ છે.

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ–૩, રવિવાર)

ધર્મ કેમ થાય તેની વાત ચાલે છે. નવતત્ત્વને બરાબર જાણે તો ચૈતન્યસ્વરૂપ તરફ વળી એકાગ્ર થઈને મુક્તિ પામે. આત્મા શુદ્ધ ચૈતન્ય સ્વભાવી છે, જાણવું–દેખવું તેનો ધર્મ છે. શરીર, મન, વાણી અજીવ છે. અજીવથી જીવ જુદો છે. દયાદાનાદિના ભાવ પુણ્ય છે. તે આત્માની પર્યાયમાં થાય છે. તેને ભાવપુણ્ય કહે છે ને તેનું નિમિત્ત પામીને રજકણો બંધાય તેને દ્રવ્યપુણ્ય કહે છે. હિંસા, જૂઠું, ચોરી પાપતત્ત્વ છે. તેના નિમિત્તે પરમાણુ બંધાય તેને દ્રવ્યપાપ કહે છે. પુણ્ય–પાપના પરિણામને આસ્રવ કહે છે ને તેના નિમિત્તે પરમાણુ આવે તેને દ્રવ્યઆસ્રવ કહે છે.

**સંવર** : આત્મા શુદ્ધચૈનત્યસ્વરૂપ છે. અજીવ તથા પુણ્ય–પાપની રુચિ છોડીને સ્વભાવનું ભાન થવું તે ભાવસંવર છે. તેના નિમિત્તે કર્મોનું અટકવું તે દ્રવ્યસંવર છે. નવાં કર્મો આવવાનાં હતાં તે અટકી ગયાં એવો એનો અર્થ નથી. શુદ્ધ ચૈતન્ય સ્વભાવમાં લીનતા થતાં વિકારાદિ ન થયા ને કર્મો સ્વયં આવતાં અટકી ગયાં તે સંવર છે. આ સંવર વિના અથવા સમ્યગ્દર્શન વિના ધ્યાન ને તપ હોતાં નથી. જેને આત્માનું ભાન છે તે જીવ જાણે છે કે ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને જેટલો પરનો આશ્રય છૂટે છે ને સ્વભાવનો આશ્રય વર્તે છે તેટલી શુદ્ધતા થાય છે.

**નિર્જરા** : આજે વૈશાખ સુદ ૩નો દિવસ છે. ૧૮ ક્રોડાક્રોડી સાગરોપમ પછી પ્રથમ આહારદાન લેનાર ઋષભદેવ ભગવાન (મુનિ અવસ્થામાં) હતા ને પ્રથમ દાન દેનાર શ્રેયાંસકુમાર હતા. તે આજનો દિવસ છે. તેમણે આહારદાન આપ્યું ને નિર્જરા કેમ થઈ તે નિર્જરાનું સ્વરૂપ બતાવે છે. બહિરંગ તપથી નિર્જરા થઈ એમ કહેવું તે નિમિત્તનું કથન છે. આત્મા જ્ઞાતાદ્રષ્ટા શુદ્ધસ્વરૂપી છે. સંયોગ ઉપરની રુચિ છૂટી ગઈ છે ને પુણ્ય–પાપનું સ્વામીપણું છૂટી ગયું છે. પરિપૂર્ણ સ્વભાવની શ્રદ્ધાપૂર્વક લીનતા વર્તે છે. એવા શુદ્ધ ઉપોયગથી નિર્જરા થાય છે. ભાવઆસ્રવનો વ્યય થઈ નિર્વિકારી આનંદનો અનુભવ વધે તેને શુદ્ધ ઉપયોગ કહે છે. અશુદ્ધતા ખસી જવી ને શુદ્ધતા વધવી તે પણ વ્યવહાર છે. ત્રિકાળી સ્વભાવના આશ્રયે શુદ્ધતા વધે છે ને અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી તેને અશુદ્ધતા ખરી એમ કહેવાય છે. લોકો બહારમાં નિર્જરા માને છે. બે કોળિયા ઓછું ખાય ને પેટ ઊણું રાખે તો નિર્જરા થાય – એમ માને છે પણ એ તો જડની ક્રિયા છે. રાગની મંદતા થાય તે પણ નિર્જરા નથી. અંતરમાં અકષાય પરિણતિમાં સ્થિરતા થાય તે ભાવનિર્જરા છે. જીવોને તત્ત્વની ખબર નથી. અશુભ છોડે ને શુભ કરે તો નિર્જરા માને છે. પણ તે નિર્જરા નથી. તેને નવ તત્ત્વનું ભાન નથી ને આત્માનું ભાન નથી. આત્મામાં એકાગ્રતા વિના અશુદ્ધતાનું ટળવું ને શુદ્ધતાનો ઉત્પાદ થવો કેવી રીતે થાય ? બધાં તત્ત્વોને યથાર્થ જાણી શુદ્ધ આત્મામાં

સ્થિરતા કરે તો નિર્જરા થાય.

તે ભાવનિર્જરાનું નિમિત્ત પામીને પૂર્વનાં કર્મો નીરસ થઈ એક દેશ ખસી જાય તે દ્રવ્યનિર્જરા છે. અહીં નિમિત્તનૈમિત્તિક સંબંધ બતાવે છે. આત્મા દ્રવ્યનિર્જરાનો કર્તા નથી. પરમાણુ પરમાણુના કારણે ખરે છે. પણ ભાવનિર્જરાને નિમિત્તનૈમિત્તિક સંબંધ બતાવી ત્રિકાળી આત્મા બન્નેથી જુદો છે એમ જ્ઞાન કરાવે છે.

**બંધ** : જીવના મોહરાગદ્વેષરૂપ પરિણામ–દયાદાનાદિનાં પરિણામ તે ભાવબંધ છે. રાતા ફૂલના નિમિત્તે સ્ફટિક રાતારૂપે પરિણમે છે તેમ આત્મા રાગદ્વેષમિથ્યાત્વભાવરૂપે પરિણમે છે તે ભાવબંધ છે. તે ધર્મ નથી તેમજ ધર્મનું કારણ નથી.

ભાવબંધનું નિમિત્ત પામીને કર્મવર્ગણાઓનો જીવના પ્રદેશો સાથે પરસ્પર એકક્ષેત્રાવગાહ સંબંધ થવો તેને બંધ કહે છે.

**મોક્ષ** : જીવને પરિપૂર્ણ શુદ્ધ આત્મસ્વભાવની પ્રાપ્તિ થવી તે મોક્ષ છે. તે આત્માની દશા છે, તે ભાવમોક્ષ છે. તેનું નિમિત્ત પામીને કર્મનો સર્વથા પ્રકારે સંબંધ છૂટવો તે દ્રવ્યમોક્ષ છે.

અહીં જીવના ભાવ સાથે કર્મોની પર્યાયનો નિમિત્તનૈમિત્તિક સંબંધ રાખ્યો છતાં એકને લીધે બીજો નહિ, પણ બન્ને સ્વતંત્ર છે. બાકીનાં બધાં પુદ્ગલો સાથે તેમ જ અજીવ સાથે નિમિત્તનૈમિત્તિક સંબંધ ઉડાડ્યો છે. આત્મા જાણનાર છે ને બધા અજીવો જ્ઞેય માત્ર છે. દુકાન, બૈરાં, છોકરાં, પૈસા, શરીર, મકાન – આ બધા સાથે નિમિત્તનૈમિત્તિક સંબંધ લીધો નથી. માત્ર જ્ઞાનજ્ઞેય સંબંધ છે – એમ બતાવીને સંયોગબુદ્ધિ– નિમિત્તાધીન બુદ્ધિ ઉડાડી છે. પુણ્ય–પાપ, આસ્રવ, બંધ વિકાર છે. તે આત્માનું સ્વરૂપ નથી ને સંવર, નિર્જરા, મોક્ષ એક સમય પૂરતી અવસ્થા છે. ને આત્મા ત્રિકાળી શુદ્ધ છે એમ બતાવી પર્યાયબુદ્ધિ ઉડાડી છે ને સ્વભાવબુદ્ધિ કરાવી છે. આમ સમજી જે શુદ્ધ સ્વભાવનું અવલંબન લ્યે છે, તેને સંવર નિર્જરા પ્રગટે છે ને પૂર્ણ એકાગ્રતા થતાં મોક્ષદશા પ્રગટે છે. ધર્મ વિવેકથી પ્રગટે છે. આમ નવતત્ત્વનો વિવેક એટલે ભેદજ્ઞાન કરવું જોઈએ. ૧૦૮.

---

**जीवा संसारत्था णिव्वादा चेदणप्पगा दुविहा।**
**उवओगलक्खणा वि य देहादेहप्पवीचारा ।।१०९।।**

**जीवाः संसारस्था निर्वृत्ताः चेतनात्मका द्विविधाः।**
**उपयोगलक्षणा अपि च देहादेहप्रवीचाराः ।।१०९।।**

**જીવો દ્વિવિધ–સંસારી, સિદ્ધો; ચેતનાત્મક ઉભય છે;**
**ઉપયોગલક્ષણ ઉભય; એક સદેહ, એક અદેહ છે. ૧૦૯.**

**અન્વયાર્થ** : (जीवाः द्विविधाः) જીવો બે પ્રકારના છે : (संसारस्थाः निर्वृत्ताः) સંસારી અને સિદ્ધ. (चेतनात्मकाः) તેઓ ચેતનાત્મક (–ચેતનાસ્વભાવવાળા) (अपि च) તેમજ (उपयोगलक्षणाः) ઉપયોગલક્ષણવાળા છે. (देहादेहप्रवीचाराः) સંસારી જીવો દેહમાં વર્તનારા અર્થાત્ દેહસહિત છે

અને સિદ્ધ જીવો દેહમાં નહિ વર્તનારા અર્થાત્ દેહરહિત છે.

---

**तात्पर्यवृत्ति :** एवं जीवाजीवादिनवपदार्थानां नवाधिकारसूचनमुख्यत्वेन गाथासूत्रमेकं गतं। तदनंतरं पंचदशगाथापर्यंतं जीवपदार्थाधिकारः कथ्यते। तत्र पंददशगाथासु मध्ये प्रथमतस्तावज्जीवपदार्थाधिकारसूचनमुख्यत्वेन `जीवा संसारत्था' इत्यादि गाथासूत्रमेकं अथ पृथ्वीकायादिस्थावरैकेन्द्रियपंचमुख्यत्वेन `पुढवी य' इत्यादि पाठक्रमेण गाथाचतुष्टयं, अथ विकलेन्द्रियत्रयव्याख्यानमुख्यत्वेन `संबुक्क' इत्यादि पाठक्रमेण गाथात्रयं, तदनंतरं नारकतिर्यङ्मनुष्यदेवगतिचतुष्टयविशिष्टपंचेन्द्रियकथनरूपेण `सुरणर' इत्यादि पाठक्रमेण गाथाचतुष्टयं, अथ भेदभावनामुख्यत्वेन हिताहितकर्तृत्वभोक्तृत्वप्रतिपादनमुख्यत्वेन च `ण हि इंदियाणि' इत्यादि गाथाद्वयं, अथ जीवपदार्थोपसंहारमुख्यत्वेन तथैव जीवपदार्थप्रारम्भमुख्यत्वेन च `एवमधिगम्म जीव' इत्यादि सूत्रमेकं। एवं पंचदशगाथाभिः षट्स्थलैर्द्वितीयांतराधिकारे समुदायपातनिका। तथाहि। जीवस्वरूपं निरूपयति, - जीवा भवन्ति। किंविशिष्टाः ? **संसारत्था णिव्वादा** संसारस्था निर्वृत्ताश्चैव **चेदणप्पगा दुविहा।** चेतनात्मका उभेपि कर्मचेतनाकर्मफलचेतनात्मकाः संसारिणः शुद्धचेतनात्मका मुक्ता इति **उवओगलक्खणा वि य** उपयोगलक्षणा अपि च। आत्मनश्चैतन्यानुविधायिपरिणाम उपयोगः केवलज्ञानदर्शनोपयोगलक्षणा मुक्ताः क्षायोपशमिका अशुद्धोपयोगयुक्ताः संसारिणः **देहादेहप्पवीचारा** देहादेहप्रवीचाराः अदेहात्मतत्त्वविपरीतदेहप्रवीचारा, अदेहाः सिद्धा इति सूत्रार्थः ।।१०९।।

**समयव्याख्या : अथ जीवपदार्थानां व्याख्यानं प्रपञ्चयति। जीवस्वरूपोद्देशोऽयम्। जीवाः हि द्विविधाः, संसारस्था अशुद्धा निर्वृत्ताः शुद्धाश्च। ते खलूभयेऽपि चेतनास्वभावाः, ~~चेतनापरिणामलक्षणेनोपयोगेन लक्षणीयाः। तत्र संसारस्था देहप्रवीचाराः, निर्वृत्ता अदेहप्रवीचारा~~ इति ।।१०९।।**

**અનુવાદ : હવે જીવપદાર્થનું વ્યાખ્યાન વિસ્તારથી કરવામાં આવે છે. આ, જીવના સ્વરૂપનું કથન છે.**

**જીવો બે પ્રકારના છે : (૧) સંસારી અર્થાત્ અશુદ્ધ, અને (૨) સિદ્ધ અર્થાત્ શુદ્ધ. તે બંનેય ખરેખર ચેતનાસ્વભાવવાળા છે અને ચેતનાપરિણામસ્વરૂપ ઉપયોગ વડે લક્ષિત થવાયોગ્ય (- ઓળખાવાયોગ્ય) છે. તેમાં, સંસારી જીવો દેહમાં વર્તનારા અર્થાત્ દેહ સહિત છે અને સિદ્ધ જીવો દેહમાં નહિ વર્તનારા અર્થાત્ દેહરહિત છે. ૧૦૯.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૩, રવિવાર)

જીવ પદાર્થનું વ્યાખ્યાન કરવામાં આવે છે, જેમાં જીવનું સ્વરૂપ નામ માત્ર કરીને બતાવવામાં

આવે છે.

જીવ બે પ્રકારે છે. સંસારમાં રહેવાવાળા જીવ અશુદ્ધ છે ને મોક્ષ અવસ્થાને પ્રાપ્ત થયેલા જીવ સિદ્ધ છે. નિગોદથી લઈને ચૌદમા ગુણસ્થાન સુધીના જીવો સંસારી છે, સંસાર છૂટે ત્યારે મુક્ત થાય. મુક્તિમાં સંસાર નથી, ને સંસારમાં મુક્તિ નથી. સંસારની પર્યાય સમજાવે છે. બૈરાં–છોકરાં તે સંસાર નથી. મહાવિદેહક્ષેત્રમાં સીમંધર ભગવાન સંસારી છે. ચાર કર્મ બાકી છે માટે સંસારી છે એમ નથી. કેવળજ્ઞાનાદિ પ્રગટવા છતાં પ્રતિજીવી ગુણો યોગ, ક્રિયાવતી, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ વગેરેની અશુદ્ધતા છે, તે પોતાને લીધે છે. જીવના કારણે સંસાર છે, કર્મને લીધે સંસાર નથી. નિગોદમાં હોય કે ચૌદમા ગુણસ્થાને હોય તો પણ જે અશુદ્ધતા છે તે જીવની યોગ્યતાથી છે, તે જીવનો ભેદ છે. પોતાના સ્વભાવને ચૂકીને થતી અશુદ્ધતા છે. સંસારમાં રહેલો જીવ અશુદ્ધ છે.

સિદ્ધ ભગવાનને કોઈ અવસ્થામાં મલિનતા નથી. આમ જીવના શુદ્ધ ને અશુદ્ધ એવા ભેદ અનાદિથી છે. કોઈ પૂછે કે પહેલો કોણ ? સિદ્ધ કે સંસારી ? પહેલાં–પછી કોઈ નથી, બન્ને અનાદિથી છે. સમુચ્ચયની વાત લેવી છે. કોઈ પહેલું – પછી નથી, જેમ કૂકડી ને ઈંડામાં પહેલાં–પછી નથી. કૂકડી વિના ઈંડું ન હોય ને ઈંડા વિના કૂકડી ન હોય તેમ બધા અનાદિ અનંત છે. નવે તત્ત્વો અનાદિથી છે. પહેલાં–પછી કોઈ નથી.

પહેલો ભવ ક્યો ? પહેલો છે જ નહિ. સંસાર અનાદિથી છે. એક પરમાણુની પર્યાય પહેલી લીલી કે પીળી ? પહેલાં–પછી નથી, બન્ને અનાદિથી છે. આ વસ્તુ સ્વભાવની વાત છે. જ્યાં સુધી સ્વભાવ જાણવામાં ન આવે ત્યાં સુધી ધર્મદશા પ્રગટે નહિ. સંસાર, સિદ્ધ બધું અનાદિથી છે. માટે પર્યાયબુદ્ધિ છોડીને સ્વભાવબુદ્ધિ કર.

વળી કેવા છે જીવ ? જીવો જાણવા–દેખવાના સ્વરૂપવાળા છે. અજ્ઞાનીનો સ્વભાવ પણ દર્શન ને જ્ઞાન ઉપયોગવાળો છે. પણ તેનું તેને ભાન નથી. તે પોતાને રાગ–દ્વેષવાળો માની બેઠો છે. જીવના સ્વભાવને ઓળખ્યા વિના અજ્ઞાની જીવ કહે કે સંસાર છોડો પણ શું છોડે ? સમજ્યા વિના આદરે કોને ને છોડે કોને ? એટલા માટે જીવની ઓળખાણ આપે છે કે જીવ શુદ્ધ ચૈતન્ય દર્શનજ્ઞાનમય છે. વળી કેવો છે ? દેહ સહિત જીવ તે સંસારી છે ને દેહરહિત છે તે મુક્ત છે. આ જીવની દશાનું વર્ણન કર્યું. આમ સ્વતંત્ર સમજે તો ધર્મ પામી મુક્તિને પામે. ૧૦૯.

---

**पुढवी य उदगमगणी वाउ वणप्फदि जीवसंसिदा काया।**
**देंति खलु मोहबहुलं फासं बहुगा वि ते तेसिं ।।११०।।**

पृथिवी चोदकमग्निर्वायुर्वनस्पतिः जीवसंश्रिताः कायाः।
ददति खलु मोहबहुलं स्पर्शं बहुका अपि ते तेषाम् ।।११०।।

**ભૂ–જલ–અનલ–વાયુ–વનસ્પતિકાય જીવસહિત છે;**
**બહુ કાય તે અતિમોહસંયુત સ્પર્શ આપે જીવને. ૧૧૦.**

**અન્વયાર્થ :** (पृथिवी) પૃથ્વીકાય, (उदकम्) અપ્‌કાય, (अग्निः) અગ્નિકાય, (वायुः) વાયુકાય (च) અને (वनस्पतिः) વનસ્પતિકાય – (कायाः) એ કાયો (जीवसंश्रिताः) જીવસહિત છે. (बहुकाः अपि ते) (અવાંતર જાતિઓની અપેક્ષાએ) તેમની ઘણી સંખ્યા હોવા છતાં તેઓ બધીયે (तेषाम्) તેમાં રહેલા જીવોને (खलु) ખરેખર (मोहबहुलं) પુષ્કળ મોહથી સંયુક્ત (स्पर्शं ददति) સ્પર્શ આપે છે (અર્થાત્ સ્પર્શજ્ઞાનમાં નિમિત્ત થાય છે).

---

**तात्पर्यवृत्ति :** एवं जीवाधिकारसूचनागाथारूपेण प्रथमस्थलं गतं। अथ पृथिवीकायादिपंचभेदान् प्रतिपादयति; - पृथिवीजलाग्निवायुवनस्पतिजीवान् कर्मतापन्नान् संश्रिताः कायाः ददति प्रयच्छन्ति खलु स्फुटं। कं ? मोहबहुलं स्पर्शविषयं बहुका अंतर्भेदैर्बहुसंख्या अपि ते कायास्तेषां जीवानामिति। अत्र स्पर्शनेन्द्रियादिरहितमखंडैकज्ञानप्रतिभासमयं यदात्मस्वरूपं तद्भावना-रहितेनाल्पसुखार्थं स्पर्शनेन्द्रियविषयलांपट्यपरिणतेन जीवेन यदुपार्जितं स्पर्शनेन्द्रियजनकमेकेन्द्रिय-जातिनामकर्म तदुदयकाले स्पर्शनेन्द्रियक्षयोपशमं लब्ध्वा स्पर्शविषयज्ञानेन परिणमतीति सूत्राभिप्रायः ।।११०।।

---

**समयव्याख्या : पृथिवीकायिकादिपञ्चभेदोद्देशोऽयम्। पृथिवीकायाः, अप्कायाः, तेजःकायाः, वायुकायाः, वनस्पतिकायाः इत्येते पुद्गलपरिणामा बंधवशाज्जीवानुसंश्रिताः, अवांतरजातिभेदाद्बहुका अपि स्पर्शनेन्द्रियावरणक्षयोपशमभाजां जीवानां बहिरङ्गस्पर्शनेन्द्रियनिर्वृत्तिभूताः कर्मफलचेतनाप्रधानत्वान्मोहबहुलमेव स्पर्शोपलंभं संपादयन्तीति ।।११०।।**

**અનુવાદ : આ, (સંસારી જીવોના ભેદોમાંથી) પૃથ્વીકાયિક વગેરે પાંચ ભેદોનું કથન છે.**

**પૃથ્વીકાય, અપ્‌કાય, તેજઃકાય, વાયુકાય અને વનસ્પતિકાય – એવા આ પુદ્‌ગલપરિણામો બંધવશાત્ (બંધને લીધે) જીવસહિત છે. અવાંતર જાતિરૂપ ભેદો પાડતાં તેઓ ઘણા હોવા છતાં તે બધાય (પુદ્‌ગલપરિણામો), સ્પર્શનેંદ્રિયાવરણના ક્ષયોપશમવાળા જીવોને બહિરંગ સ્પર્શનેંદ્રિયની રચનાભૂત વર્તતા થકા, કર્મફળચેતનાપ્રધાનપણાને લીધે પુષ્કળ મોહ સહિત જ સ્પર્શોપલબ્ધિ સંપ્રાપ્ત કરાવે છે. ૧૧૦.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૪, સોમવાર)

એકેંદ્રિય જીવ કેવા છે ? પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ ને વનસ્પતિના જીવ એકેંદ્રિય છે. પણ એકેંદ્રિયપણે કાયમ રહે તેવો તેનો સ્વભાવ નથી. તેનો સ્વભાવ તો અખંડ જ્ઞાયક જ્યોત છે. આત્મા તો અખંડ અભેદ સ્વભાવી છે. તેની ભાવના ને એકાગ્રતા કરે તો કેવળજ્ઞાન પ્રાપ્ત કરે ને તેની ભાવના ન ભાવે તો એકેંદ્રિયપણાને પ્રાપ્ત થાય.

અજ્ઞાની જીવ એકેંદ્રિયનું શરીર એ જ હું છું એમ માની રહ્યો છે. તે એકેંદ્રિયપણું કેમ

પ્રાપ્ત થયું ? મનુષ્યપણામાં આવેલો જીવ સ્પર્શેન્દ્રિયનો લંપટી થઈને જ્ઞાનસ્વભાવને ચૂકીને આવી હીણી દશા પામે છે. એકેંદ્રિય જીવ બીજા જીવથી મરે છે કે બચે છે તેની વાત છે જ નહિ, પણ તેની અસ્તિ કેવી રીતે છે તે બતાવે છે. જો જીવ પોતાના અતીન્દ્રિય સ્વભાવની રુચિ કરી એકાગ્રતા કરે તો ચારિત્ર પ્રગટ થઈ કેવળજ્ઞાન થાય. જીવની સિદ્ધદશા, કેવળજ્ઞાનદશા, શુક્લધ્યાન, ચારિત્રદશા, સમ્યગ્દર્શનદશા ન હોય તો કોઈ દશામાં તો જીવ હોવો જ જોઈએ. સમ્યગ્દર્શનાદિથી લઈ સિદ્ધદશા સુધીની બધી દશા પંચેન્દ્રિયની ભૂમિકામાં હોય છે. હવે જો તે દશા નથી તો તેને કેવી દશા પ્રાપ્ત થઈ ? પોતાના જ્ઞાનની અવસ્થા પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવના અવલંબને થાય છે. છતાં તે અતીન્દ્રિય જ્ઞાન સ્વભાવને ચૂકી ઇન્દ્રિયની રુચિ કરી સ્પર્શેન્દ્રિયના વિષયનો લંપટી થઈ મોહ–રાગ–દ્વેષ કરી કર્મ ઉપાર્જન કરે છે તેના કારણે એકેન્દ્રિયપણું પ્રાપ્ત થાય છે.

પોતાના જ્ઞાનસ્વભાવની ભાવના ન કરે તો હીણી દશારૂપે પરિણમે છે. પર્યાય હીણી હોવા છતાં દ્રવ્યગુણ કાયમ રહે છે ને પર્યાય માત્ર સ્પર્શને જ જાણે છે ત્યારે તેનું અધિકરણ સ્પર્શેન્દ્રિય માત્ર છે. ઉઘાડ સ્પર્શનો ને વિષય પણ સ્પર્શનો છે.

સામેનો વિષય, ઇન્દ્રિય ને પર્યાયમાં અલ્પ ઉઘાડ છે તે હેય છે ને દ્રવ્યગુણ ઉપાદેય છે એમ જે જીવે નક્કી કર્યું નથી ને અતીન્દ્રિય જ્ઞાનસ્વરૂપની ભાવના છોડી અલ્પજ્ઞતાની તથા ઇન્દ્રિયોના વિષયોના ગૃદ્ધિપણાની ભાવના ભાવી તેથી એકેન્દ્રિયપણું મળે છે. આમ નિમિત્તો તથા અલ્પજ્ઞતાની ભાવનાવાળો સ્વભાવની તીવ્ર અરુચિ કરે તો હીણી દશા થતાં થતાં એકેન્દ્રિયપણાને પ્રાપ્ત કરે છે.

એકેન્દ્રિયમાં ઇન્દ્રિય અનંતા પરમાણુની બનેલી છે તે નિમિત્ત છે ને ઉઘાડ સ્પર્શને જાણવા જેટલો છે અને સ્પર્શનો જ વિષય જાણે છે. તે ઉઘાડ જેટલું મારું સ્વરૂપ નથી એમ સમજે તેનામાં ઉગ્ર પુરુષાર્થ કરવાની લાયકાત થયા વિના રહે નહિ.

એકેન્દ્રિયમાંથી પંચેન્દ્રિયપણા સુધીનો વિકાસ થયો. ત્યાં સમજણ કરીને અતીન્દ્રિયપણું પ્રાપ્ત કરે તો તે ક્યાંથી પ્રાપ્ત કર્યું ? ઇન્દ્રિયોની ભાવના કરતાં થાય ? પરની સહાયતાથી થાય ? પરનો તો આત્મામાં અભાવ છે. પોતાને પોતાના અસંખ્ય પ્રદેશનો વિરહ નથી પણ અતીન્દ્રિય અસંખ્ય પ્રદેશી શુદ્ધ આત્માની રુચિ છોડી સ્પર્શની તથા ઇન્દ્રિયની તથા એક સમયના અંશની રુચિ કરી ક્રમેક્રમે હીણી દશા થતાં એકેન્દ્રિયપણું પ્રાપ્ત કરે છે. ઇન્દ્રિયાદિની રુચિ છોડે ને સ્વભાવની રુચિ કરે તો ક્રમે વધીને અતીન્દ્રિયપણું પ્રાપ્ત કરે.

સમકિતી જીવને સ્પર્શના વિષય વખતે ખ્યાલ છે કે મારી નબળાઈથી રાગ થાય છે છતાં તે ઇન્દ્રિયના વિષયમાં સુખ માનતા નથી. વિષય વખતે પણ સ્વભાવની રુચિ ખસતી નથી ને અજ્ઞાનીને સ્વભાવની રુચિ થતી નથી.

એકેન્દ્રિય જીવનું અહીં જ્ઞાન કરાવે છે. ધર્મી જીવ એકેન્દ્રિય જીવના સ્વરૂપનું જ્ઞાન કરી વિચારે છે કે આ જીવે સ્વભાવની રુચિ છોડી છે ને ઇન્દ્રિયાદિની રુચિ કરી છે તેથી તે હીણી દશાને પામ્યો છે. હું ઇન્દ્રિયની રુચિ છોડી, સ્વભાવની રુચિ કરી ઉગ્રપણે સ્વભાવને સાધી લઉં એમ તે ભાવના ભાવે છે.

ઉપરના કથનનો સાર એ છે કે :

(૧) એકેન્દ્રિય આત્મા છે એમ કબૂલ કરતાં આ જગતમાં અનંતા આત્મા છે એમ સાબિત થાય છે.

(૨) એકેન્દ્રિયપણામાં પરિણમન ઘણું હીણું થઈ ગયું છે.

(૩) એકેન્દ્રિયપણાની પર્યાય વખતે પણ ઉગ્ર પરિણમન થવાની લાયકાત જીવમાં પડી છે, ઉગ્ર પુરુષાર્થ વડે એકેન્દ્રિયપણાનો અભાવ થઈ સર્વજ્ઞ થઈ શકવાની લાયકાત છે.

આમ અનંતા આત્મા છે, તેમાં વિરોધ કરીને હીણી દશાને પામેલા એકેન્દ્રિય જીવો છે. નિમિત્ત સ્પર્શેન્દ્રિય છે. છતાં શક્તિએ સર્વજ્ઞ છે. આવી બધી વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી માટે અન્યમત સાથે સમન્વય થઈ શકે એમ નથી.

**જ્ઞાનનો વિકાસ અને વીતરાગતા પૂજ્ય છે પણ જ્ઞાનની હીણી દશા અને રાગ પૂજ્ય નથી. માટે રાગી દેવો પૂજ્ય નથી. તેમજ તેની વાત માન્ય હોઈ શકે નહિ. ધર્મી જીવ વિચારે છે કે આ એકેન્દ્રિય જીવો હીણી દશાને પામ્યા છે તે પોતાના અપરાધથી પામ્યા છે. આત્મા તો સર્વજ્ઞ સ્વભાવી છે. તેનાં શ્રદ્ધા–જ્ઞાન કરતાં સ્વને જાણતાં બધા પદાર્થોને જાણી શકે એવી પ્રતીતિનો ખ્યાલ આવે છે.**

**અત્યારે જીવો સમન્વય કરે છે પણ જૈનદર્શનને બીજા સાથે મેળ ખાય તેમ નથી. માટે યથાર્થ વિચાર કરવો જોઈએ.**

**(૧) એકન્દ્રિય જીવનો ઉઘાડ કર્મના કારણે માને તો જીવની પર્યાય રહેતી નથી ને પર્યાય નહીં રહેતાં જીવ સાબિત થતો નથી.**

**(૨) જીવની હીણી દશાના કારણે કર્મ આવ્યું એમ માને તો પુદ્‌ગલદ્રવ્ય સાબિત થતું નથી. છતાં જીવની હીણી દશા વખતે કર્મો આવ્યા વિના રહેતાં નથી તોપણ બન્ને સ્વતંત્ર છે.**

**પૃથ્વીકાયાદિ સ્થાવરના પાંચ ભેદ છે. તેમાં અંદર અરૂપી જીવ છે. તેના શરીરના ભેદોથી બહુ જાત છે તોપણ નિશ્ચયથી તે બધા જીવો મોહગર્ભિત રાગભાવ ઉપજાવે છે ને સ્પર્શના વિષયને ભોગવે છે.**

**મનુષ્યપણામાં સાચું સમજવાનાં ટાણાં વખતે જે જીવ વસ્તુસ્વરૂપને સમજતો નથી ને તીવ્ર વિરોધ કરે છે તે અતીન્દ્રિય સ્વભાવનો અનાદર કરી કર્મનું ઉપાર્જન કરે છે ને એકેન્દ્રિયપણું પ્રાપ્ત કરે છે.**

**એકેન્દ્રિય જીવોનું અહીં જ્ઞાન કરાવે છે.**

**જીવના જ્ઞાનની તાકાતની વાત કરે છે. દ્રવ્ય ગુણ કાયમ રહે છે. પર્યાયમાં હીણપ છે. ઇન્દ્રિય નિમિત્ત છે ને દ્રવ્યના આશ્રયે પૂર્ણ વિકાસ કરે તો ઇન્દ્રિય ને કર્મ રહે નહિ ને પૂર્ણદશા પ્રગટ થાય એમ યથાર્થ શ્રદ્ધાજ્ઞાન કરતો નથી તેવો જીવ અનેક પદાર્થો પ્રત્યે રાગ–દ્વેષ–મોહ કરી એકેન્દ્રિયપણું પામી સ્પર્શના વિષયને ભોગવે છે.**

**ભાવાર્થ** : આ પાંચ પ્રકારના સ્થાવર કાયના જીવોના અનેક ભેદો છે. તે જીવો મોહકર્મના નિમિત્તે પોતાના અજ્ઞાનના કારણે સુખદુઃખરૂપ ફળને ભોગવે છે. ત્યાં રાગ–દ્વેષના કર્તાપણાની મુખ્યતા નથી. તે જીવો એક કાયને આધીન થઈ અનેક નવી અવસ્થા ધારણ કરે છે. જે જીવ યથાર્થપણે

એકેન્દ્રિયની શ્રદ્ધા કરે છે તેને આત્માના અસ્તિત્વની શ્રદ્ધા થાય છે. જ્ઞાન જ જેની ભાવના છે તે એકેન્દ્રિયપણે પરિણમતો નથી પણ વિકાસ પામી કેવળજ્ઞાન પામે છે. ને જે યથાર્થ શ્રદ્ધતો નથી તે એકેન્દ્રિયપણાને પામે છે. ૧૧૦.

**ति त्थावरतणुजोगा अणिलाणलकाइया य तेसु तसा।**
**मणपरिणामविरहिदा जीवा एइंदिया णेया ।।१११।।**
**त्रयः स्थावरतनुयोगा अनिलानलकायिकाश्च तेषु त्रसाः।**
**मनःपरिणामविरहिता जीवा एकेन्द्रिय ज्ञेयाः ।।१११।।**
**त्यां जीव त्रण स्थावरतनु, त्रस जीव अग्नि–समीरना;**
**એ સર્વ મનપરિણામવિરહિત એક–ઇંદ્રિય જાણવા. ૧૧૧.**

**અન્વયાર્થ** : (तेषु) તેમાં, (त्रयः) ત્રણ (પૃથ્વીકાયિક, અપ્કાયિક ને વનસ્પતિકાયિક) જીવો (स्थावरतनुयोगाः) સ્થાવર શરીરના સંયોગવાળા છે (च) તથા (अनिलानलकायिकाः) વાયુકાયિક ને અગ્નિકાયિક જીવો (त्रसाः) ત્રસ છે; (मनःपरिणामविरहिताः) તે બધા મનપરિણામરહિત (एकेन्द्रियाः जीवाः) એકેંદ્રિય જીવો (ज्ञेयाः) જાણવા. ૧૧૧.

**तात्पर्यवृत्ति** : अथ व्यवहारेणाग्निवातकायिकानां त्रसत्वं दर्शयति, - पृथिव्यब्वनस्पतयस्त्रयः स्थावरकाययोगात्संबंधात्स्थावरा भण्यंते अनलानिलकायिकाः तेषु पंचस्थावरेषु मध्ये चलनक्रियां दृष्ट्वा व्यवहारेण त्रसा भण्यंते। यदि त्रसास्तर्हि किं मनो भविष्यति ? नैवं। **मणपरिणामविरहिदा** मनःपरिणामविहीनास्तथा चैकेन्द्रियाश्च ज्ञेयाः। के ? जीवा इति। तत्र स्थावरनामकर्मोद-याद्भिन्नमनंतज्ञानादिगुणसमूहादभिन्नत्वं यदात्मतत्त्वं तदनुभूतिरहितेन जीवेन यदुपार्जितं स्थावरनामकर्म तदुदयाधीनत्वात् यद्यप्यग्निवातकायिकानां व्यवहारेण चलनमस्ति तथापि निश्चयेन स्थावरा इति भावार्थः ।।१११।।

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ–૪, સોમવાર)

સ્થાવરનામકર્મના ઉદયથી પૃથ્વી, જળ, વનસ્પતિ એ ત્રણ પ્રકારના જીવ એકેન્દ્રિય જાણવા. પાંચ સ્થાવરોમાં વાયુ તથા અગ્નિ એ બે પ્રકારના જીવો ચાલે છે, તથાપિ સ્થાવરનામકર્મના ઉદયથી સ્થાવર એકેન્દ્રિય જીવ કહેવામાં આવે છે. કેવા છે એકેન્દ્રિય જીવ ? મનોયોગરહિત છે.

આત્મા અનંત ગુણોનો પિંડ છે. તે સ્થાવરનામકર્મથી જુદો છે. આત્મા કર્મ તથા મનથી રહિત છે ને પોતાના ગુણોથી અભિન્ન છે. તેની ભાવના જે કરતો નથી તે કર્મો બાંધે છે ને

તેથી એકેન્દ્રિયપણાને પ્રાપ્ત થાય છે. રાગની ભાવના કરતાં સ્થાવરનામકર્મ ઉપાર્જન કરે છે.

વર્તમાન જે જે અવસ્થા દેખાય છે તે કર્મના નિમિત્તે થાય છે, તે કર્મ પોતાની ભૂલના કારણે બંધાયેલ છે. કોઈ જીવ પાણીના જીવરૂપે થયો. આમ કેમ ? પૂર્વે એવા ભાવ કરેલ છે તેથી. આને શરીર નીરોગ કેમ ? નીરોગ શરીરની અવસ્થા છે તે કર્મના નિમિત્તે થયેલ છે. પૂર્વે પોતાના સ્વભાવને ચૂકીને શુભભાવ કરેલ તેના ફળમાં તે કર્મ બંધાયેલ ને તેના નિમિત્તે શાતા દેખાય છે. વર્તમાન ભૂલથી રોગ થતો નથી ને ધ્યાન રાખે તેથી શરીર નીરોગ થાય છે એમ પણ નથી. પોતે સ્વભાવને ચૂકીને પૂર્વે શુભાશુભભાવો કરેલા તેના ફળમાં કર્મ બંધાયેલ, તેના ફળમાં રોગ નીરોગતા દેખાય છે.

સિદ્ધદશામાં એકલો શુદ્ધ આત્મા રહી ગયો તેથી સિદ્ધ ભગવાન સૌથી મોટા થઈ ગયા. તે સિદ્ધને અગ્રેસર સ્વીકારવા હોય તો હીણી દશા અને હીણી દશા જે ભાવે મળે તે બધાની ભાવના છોડ ને સ્વભાવની ભાવના કર તો સિદ્ધને અગ્રેસર અથવા પ્રભુ માન્યા કહેવાય.

આ જીવો મનરહિત કેમ થઈ ગયા ? પંચેન્દ્રિયપણાના ઉઘાડની લાયકાત ન રહી એટલે મનનું નિમિત્તપણું પણ ગયું. ઉઘાડની યોગ્યતા પોતાના કારણે છે તે જીવાસ્તિકાયની વાત ચાલે છે. તે જીવ પોતાના સ્વભાવને ચૂકીને પોતાની હીણી દશા કરતાં કરતાં મન વગરનો થઈ ગયો.

આમ એકેન્દ્રિયપણામાં પૃથ્વીમાં ઉપરાઉપરી જન્મ લ્યે તો ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી રહે, બાદર નિગોદ અગ્નિ વગેરેમાં ઉપરાઉપરી ૭૦ ક્રોડાક્રોડી સાગરોપમ સુધી રહે, તેથી વધારે વખત ન રહે, પોતાનો તીવ્ર વિરોધ ભાવ ચાલુ રાખે ને એકેન્દ્રિયપણાની યોગ્યતા રાખે તો એકેન્દ્રિયપણામાં જન્મમરણ કર્યા કરે છે. વાયુનો જીવ પૃથ્વી થાય ઇત્યાદિ એમ એક એકેન્દ્રિયમાંથી બીજી એકેન્દ્રિયના ભવો કરતાં કરતાં અસંખ્ય પુદ્ગલ પરાવર્તન સુધી ત્યાં જન્મમરણ કરે છે. માટે અહીં કહે છે કે જ્ઞાનની હીણી દશાની, રાગની ને નિમિત્તની ભાવના કરવા જેવી નથી. જો તેની ભાવના કરી તો ઉપરાઉપરી આવા એકેન્દ્રિયના ભવ કરવા પડશે.

આ વાત સર્વજ્ઞ સિવાય બીજે ક્યાંય નથી. વીતરાગ ને સર્વજ્ઞદશા પૂજ્ય છે. તે દશા પ્રગટ ન કરે ને હીણું પરિણમન કરે તો પોતાના કારણે છે ને જડની પર્યાય જડના કારણે છે. એકમાં સમુચ્ચય સ્થાવર લીધા ને એકમાં મન વગરના લીધા. મન મળે તો જીવની લાયકાતથી મળે છે, મન મળતું નથી. એ પણ જીવની લાયકાતથી મળતું નથી. કર્મને લીધે નહિ એમ સમજી કર્મ ઉપરની ભાવના ઉઠાવી દ્રવ્યસ્વભાવની ભાવના કરે તો ધર્મ થાય ને એવી ભાવના ન ભાવે તો હીણી દશા થાય. ૧૧૧.

---

**एदे जीवणिकाया पंचविधा पुढविकाइयादीया।**
**मणपरिणामविरहिदा जीवा एगेंदिया भणिया ।।११२।।**

एते जीवनिकायाः पञ्चविधाः पृथिवीकायिकाद्याः।
मनःपरिणामविरहिता जीवा एकेन्द्रिया भणिताः ।।११२।।

---

**આ પૃથ્વીકાયિક આદિ જીવનિકાય પાંચ પ્રકારની,**
**સઘળાય મનપરિણામવિરહિત જીવ એકેંદ્રિય કહ્યા. ૧૧૨.**

**અન્વયાર્થ** : (एते) આ (पृथिवीकायिकाद्याः) પૃથ્વીકાયિક વગેરે (पञ्चविधाः) પાંચ પ્રકારના (जीवनिकायाः) જીવનિકાયોને (मनःपरिणामविरहिताः) મનપરિણામરહિત (एकेन्द्रियाः जीवाः) એકેંદ્રિય જીવો (भणिताः) (સર્વજ્ઞે) કહ્યા છે.

---

**तात्पर्यवृत्ति** : अथ पृथ्वीकायिकादीनां पंचानामेकेन्द्रियत्वं नियमयति, - एते प्रत्यक्षीभूता जीवनिकायाः पंचविधाः पृथ्वीकायिकादयो जीवाः। ते कथंभूताः भणिताः ? मनःपरिणामविरहिताः न केवलं मनःपरिणामविरहिता एकेन्दियाश्च। कस्मिन् सतीत्थंभूताः भणिताः ? वीर्यांतरायस्पर्शनेन्द्रियावरणक्षयोपशमलाभात् शेषेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सतीति। अथ सूत्रे विश्वोपाधिविमुक्तशुद्धसत्तामात्रदेशकेन निश्चयनयेन यद्यपि पृथ्व्यादिपंचभेदरहिता जीवास्तथापि व्यवहारनयेनाशुद्धमनोगतरागाद्यपध्यानसहितेन शुद्धमनोगतस्वसंवेदनज्ञानरहितेन यद्बद्धमेकेन्द्रियजातिनामकर्म तदुदयेनामनसः एवैकेन्द्रियाश्च भवंतीत्यभिप्रायः ।।११२।।

---

**समयव्याख्या : पृथिवीकायिकादीनां पंचानामेकेन्द्रियत्वनियमोऽयम्। पृथिवीकायिकादयो हि जीवाः स्पर्शनेन्द्रियावरणक्षयोपशमात् शेषेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सत्येकेन्द्रिया अमनसो भवंतीति ।। ११२।।**

**અનુવાદ : આ, પૃથ્વીકાયિક વગેરે પાંચ (-પંચવિધ) જીવોના એકેંદ્રિયપણાનો નિયમ છે.**

**પૃથ્વીકાયિક વગેરે જીવો, સ્પર્શેન્દ્રિયના (-ભાવસ્પર્શેન્દ્રિયના) આવરણના ક્ષયોપશમને લીધે તથા બાકીની ઇંદ્રિયોના (-ચાર ભાવેંદ્રિયોના) અવરણનો ઉદય તેમજ મનના (-ભાવમનના) આવરણનો ઉદય હોવાથી, મનરહિત એકેંદ્રિય છે. ૧૧૨.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૪, સોમવાર)

તે પૃથ્વી આદિ પાંચ પ્રકારના જીવો છે ને મનોયોગના વિકલ્પોથી રહિત એકેન્દ્રિય જીવો છે. તે મન વગરના કેમ થયા ? આત્મા ઉપાધિરહિત છે તેની ભાવના જે છોડે છે તે જીવ મન વગરના થઈ જાય છે. આત્માના શુદ્ધ પરિણામરહિત ને અશુદ્ધ પરિણામ સહિતના જીવો એકેન્દ્રિયપણું પામે છે. જ્યારે જીવ પંચેન્દ્રિય મનુષ્ય હતો ત્યારે આત્માનું ભાન કરી અસંખ્ય પ્રદેશે કેવળજ્ઞાનના દીવડા પ્રગટી ઊઠે એવી યોગ્યતા હતી. પણ આત્માનું ભાન નહિ કરતાં આર્તધ્યાન ને રૌદ્રધ્યાન કરી વિકાર ને પુણ્યની ભાવના ભાવી એકેન્દ્રિયપણાને પામે છે.

આ શરીરની સ્થિતિ ૨૫/૫૦ વર્ષની હોય છે પણ તેટલા વખતમાં ઉપાધિનો પાર હોતો નથી. આ શરીર ફુ થઈ જશે ને અત્યારે જેનો પરિચય વર્તે છે તેવા જીવો ક્યાંય દેખાશે નહિ પણ અજ્ઞાનીને તેની ખબર નથી. આત્મા મનાતીત છે તેની ભાવના નહિ કરતાં અશુદ્ધતાની ભાવના કરે છે તે ક્રમે કરીને હીણી દશાને પામી મન વગરનો થઈ જાય છે. એક પથરો ઊંચે ફેંક્યો હોય તે નીચે આવ્યા વિના રહેતો નથી. તેમ કોઈ ઊંચો થઈને પંચેન્દ્રિય થયો હોય તોપણ આત્માનું ભાન નહિ હોવાના કારણે નીચેની દશા–એકેન્દ્રિયમાં આવ્યા વિના રહેશે નહિ. કારણ કે ત્રસ–બેઇન્દ્રિય થી પંચેન્દ્રિયની સ્થિતિ બે હજાર સાગરની છે. તે પૂરી થઈ જતાં એકેન્દ્રિયપણાને પ્રાપ્ત થાય છે. સ્વભાવને સંભાળ્યો નહિ માટે હીણી દશા પામ્યો છે. એકેન્દ્રિય જીવની દયા પાળવાની કે તે દયાથી ધર્મ થાય તે વાત અહીં નથી. એકેન્દ્રિય પર્યાયનું જ્ઞાન કરાવી શક્તિએ તું સર્વજ્ઞ છો એમ બતાવે છે. અવળો પડે તો હીણો થાય છે ને સવળો પડે તો સર્વજ્ઞ થાય છે તે સમજાવવા આ વાત કરી છે.

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ–૫, મંગળવાર)

પાંચ પ્રકારના પૃથ્વીકાય આદિ સ્થાવર એકેન્દ્રિય જીવો છે. પોતાના જ્ઞાનસ્વભાવની ભાવના નહિ કરનાર હીણી દશા પામે તો એકેન્દ્રિય થાય છે. સર્વથા વિકાસનો અભાવ થઈ જાય તો જડ થઈ જાય પણ એમ બનતું નથી. એકેન્દ્રિયના જેટલો વિકાસ રહે છે. આત્મા શક્તિએ પ્રભુ છે ને પર્યાયમાં પ્રભુ થવાની લાયકાત છે. એવું જેને ભાન નથી ને વિભાવ જેટલો પોતાને માને છે તે હીણી દશાને પામે છે. પૃથ્વી આદિ પાંચ પ્રકારના સ્થાવર જીવ છે તેને સ્પર્શેન્દ્રિય વડે જાણવાનો ઉઘાડ છે, બીજી ચાર ઇન્દ્રિયોથી જાણપણું કરવાની તેમ જ મનથી જાણપણું કરવાની યોગ્યતા નથી કેમ કે તે જીવો ચાર ઇન્દ્રિયો ને મનરહિત છે.

આત્મા શુદ્ધ ચૈતન્યસ્વરૂપ છે. આત્મા પોતાના જ્ઞાનભાવનો સ્વતંત્રપણે કર્તા છે, તેને રાગનો કર્તા કહેવો તે ઉપચારમાત્ર છે. જાણનાર–દેખનાર રૂપે રહેવું તે તેનું સ્વરૂપ છે. તેવા સ્વરૂપમાં જે જીવ રહેતો નથી તે હીણી દશાને પામે છે. ત્રસની સ્થિતિ બે હજાર સાગરની છે તે દરમ્યાન આત્માનું ભાન કરી મોક્ષ દશાને પામે, નહિ તો એકેન્દ્રિયપણાને પામે એવો નિયમ છે. એટલે તે દરમ્યાન જે આત્માનું ભાન કરતો નથી તે એકેન્દ્રિયપણાને અવશ્ય પામે છે.

(૧) એકેન્દ્રિયપણામાં માત્ર સ્પર્શને જાણવાનો વિકાસ રહ્યો ને સામે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ એમ પાંચ ઇન્દ્રિયોના વિષયોવાળા પદાર્થો છે જેથી એકેન્દ્રિય જીવને જ્ઞેય પદાર્થોમાં જાણવું ઘણું બાકી રહી જાય છે. સામેના સ્કંધોમાં સ્પર્શાદિ ગુણો, અસ્તિત્વ, વસ્તુત્વ વગેરે ઘણું જાણવાનું બાકી રહે છે.

(૨) સામેના પદાર્થોમાં આટલું જ્ઞેય જાણવું બાકી રહે છે તો અહીં જ્ઞાનમાં પણ જાણવાની શક્તિ હોવી જોઈએ. સામે જ્ઞેયો હોય ને અહીં જ્ઞાનશક્તિ ન હોય એમ બને નહિ. માટે જ્ઞાનમાં પણ અવ્યક્ત શક્તિ એકેન્દ્રિય જીવમાં પણ પડેલી છે એમ નક્કી થાય છે. તે દ્રવ્યગુણમાં ભરેલી

છે એટલે કે પાંચે ઇન્દ્રિયોના વિષયો તથા આખા લોકાલોકના પદાર્થોને જાણવાની શક્તિ એકેન્દ્રિય જીવમાં અવ્યક્તપણે પડેલી છે.

(૩) હવે તે એકેન્દ્રિય જીવ રાગની મંદતા કરી વિકાસ પામે ને બેઇન્દ્રિયપણું પામે તો સ્પર્શ ને રસના વિષયોને જાણે, તેના કરતાં વિશેષ વિકાસ કરે તો અસંજ્ઞી પંચેન્દ્રિયપણા સુધી પોતપોતાના યોગ્ય વિષયોને જાણી શકે.

(૪) તેથી વિશેષ રાગની મંદતા કરી સંજ્ઞી પંચેન્દ્રિય મનુષ્ય થાય તો મનની ધારણાથી સ્કંધોના સ્પર્શાદિ ગુણો તથા અસ્તિત્વ વગેરે ગુણોને શાસ્ત્ર આધારે જાણી શકે પણ તે રાગ સહિતની ધારણા છે.

(૫) તેથી વિશેષ પુરુષાર્થ કરે ને રાગરહિત સ્વભાવની દૃષ્ટિ કરીને પોતાને યથાર્થ જાણે તો સ્વ–પરના જે ગુણો છે તે ગુણોની પ્રતીતિ થયા વિના રહે નહિ. ગુણોને પ્રત્યક્ષ જાણતો નથી. પણ સ્વસંવેદન અંશે પ્રત્યક્ષજ્ઞાન પ્રગટ થતાં બધા ગુણોની પ્રતીતિ યથાર્થ થઈ જાય છે ને તેનું પરોક્ષ જ્ઞાન થાય છે.

(૬) તેથી વિશેષ પુરુષાર્થ વડે સ્વભાવમાં સ્થિરતા કરે તો રાગરહિતપણે થઈ કેવળજ્ઞાન પ્રગટે ત્યારે બધું સ્વ–પર પ્રત્યક્ષ થઈ જાય છે. લોકાલોકને તેમ જ બધા દ્રવ્ય ગુણપર્યાયને પ્રત્યક્ષ જાણી લ્યે છે. વસ્તુમાં પરોક્ષ–પ્રત્યક્ષપણું નથી પણ જ્ઞાનમાં પ્રત્યક્ષ–પરોક્ષપણું છે.

(૭) આમ ચૈતન્ય આત્મામાં ઉગ્ર પુરુષાર્થ વડે વિકાસ કરતાં પ્રત્યક્ષપણે બધા સ્વ–પર પદાર્થોને જાણવાની તાકાત ખીલી શકે એમ છે. એવા અનંતા પ્રભુ છે. તેવી શક્તિ દરેક એકેન્દ્રિય જીવમાં પણ રહેલી છે.

પણ આવી પ્રભુતાને ચૂકેલા જીવો હીણી પર્યાયરૂપે થઈ ગયા ને ચાર ઇન્દ્રિય ને મન વિનાના થઈ ગયા. તેઓ એક જ સ્પર્શેન્દ્રિયનો વિષય જાણે છે.

એકેન્દ્રિય જીવોને ચૈતન્યનું અસ્તિત્વ રહેતું નથી એમ કોઈ શંકા કરે તો તેને દૃષ્ટાંતપૂર્વક સમજાવે છે. ૧૧૨.

---

**अंडेसु पवड्ढंता गब्भत्था माणुसा य मुच्छगया।**
**जारिसया तारिसया जीवा एगेंदिया णेया ।।११३।।**

**अंडेषु प्रवर्धमाना गर्भस्था मानुषाश्च मूर्च्छां गताः।**
**यादृशास्तादृशा जीवा एकेन्द्रिया ज्ञेयाः ।।११३।।**

**જેવા જીવો અંડસ્થ, મૂર્છાવસ્થ વા ગર્ભસ્થ છે;**
**તેવા બધા આ પંચવિધ એકેંદ્રિ જીવો જાણજે. ૧૧૩.**

**અન્વયાર્થ** : (अंडेषु प्रवर्धमानाः) ઇંડામાં વૃદ્ધિ પામતાં પ્રાણીઓ, (गर्भस्थाः) ગર્ભમાં રહેલાં પ્રાણીઓ (च) અને (मूर्च्छां गताः मानुषाः) મૂર્છા પામેલા મનુષ્યો, (यादृशाः) જેવાં (બુદ્ધિપૂર્વક

વ્યાપાર વિનાનાં) છે, (तादृशाः) તેવા (एकेन्द्रियाः जीवाः) **એકેંદ્રિય જીવો** (ज्ञेयाः) જાણવા,

---

**तात्पर्यवृत्ति** : अथ पृथिवीकायाद्येकेन्द्रियाणां चैतन्यास्तित्वविषये दृष्टांतमाहः - अंडेषु प्रवर्तमानास्तिर्यंचो गर्भस्था मानुषा मूर्छागताश्च यादृशा ईहापूर्वव्यवहाररहिता भवन्ति तादृशा एकेन्द्रियजीवा ज्ञेया इति। तथाहि - यथाण्डजादीनां शरीरपुष्टिं दृष्ट्वा बहिरंगव्यापाराभावेपि चैतन्यास्तित्वं गम्यते म्लानतां दृष्ट्वा नास्तित्वं च ज्ञायते तथैकेन्द्रियाणामपि। अयमत्र भावार्थः- परमार्थेन स्वाधीनतानंतज्ञानसुखसहितोपि जीवः पश्चादज्ञानेन पराधीनेन्द्रियसुखासक्तो भूत्वा यत्कर्म बध्नाति तेनांडजादिसदृशमेकेन्द्रियजं दुःखितं चात्मानं करोतीति ।।११३।।

---

**समयव्याख्या : एकेन्द्रियाणां चैतन्यास्तित्वे दृष्टांतोपन्यासोऽयम्। अंडांतर्लीनानां, गर्भस्थानां, मूर्च्छितानां च बुद्धिपूर्वकव्यापारादर्शनेऽपि येन प्रकारेण जीवत्वं निश्चीयते, तेन प्रकारेणैकेन्द्रियाणामपि, उभयेषामपि बुद्धिपूर्वकव्यापारादर्शनस्य समानत्वादिति ।।११३।।**

**અનુવાદ : આ, એકેંદ્રિયોને ચૈતન્યનું અસ્તિત્વ હોવા સંબંધી દ્રષ્ટાંતનું કથન છે.**

**ઈંડાંની અંદર રહેલાં, ગર્ભમાં રહેલાં અને મૂર્છા પામેલાં (પ્રાણીઓ)ના જીવત્વનો, તેમને બુદ્ધિપૂર્વક વ્યાપાર નહિ જોવામાં આવતો હોવા છતાં, જે પ્રકારે નિશ્ચય કરાય છે, તે પ્રકારે એકેંદ્રિયોના જીવત્વનો પણ નિશ્ચય કરાય છે; કારણ કે બંનેમાં બુદ્ધિપૂર્વક વ્યાપારનું અદર્શન સમાન છે. ૧૧૩.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ–૫, મંગળવાર)

જેવી રીતે પક્ષીનાં ઇંડાં વધતાં જાય છે તે જીવનો નિમિત્તનૈમિત્તિક સંબંધ બતાવે છે. તેવી રીતે એકેન્દ્રિય જીવો જાણવા.

**ભાવાર્થ** : જેવી રીતે ઇંડામાં જીવ વધે છે પરંતુ ઇંડામાં શ્વાસ દેખાતો નથી. છતાં ઇંડું વધે છે માટે અંદર જીવ હોવો જોઈએ એમ જાણી શકાય છે. વળી જેવી રીતે વનસ્પતિમાં લીમડોપીપળો વગેરે વધતા દેખાય છે, તેમાં અંકુરા ફૂટે છે તે અંદર જીવનું હોવાપણું બતાવે છે. તેવી રીતે બધા સ્થાવર જીવો જીવનગુણ સહિત છે. પથ્થરની ખાણો વધતી દેખાય છે તેમાં જીવો ઊપજ્યા કરે છે ને તેના નિમિત્તે શરીર વધ્યા કરે છે તેમ દેખાય છે.

વળી જેવી રીતે ગર્ભમાં રહેલો જીવ ઉપરથી માલૂમ પડતો નથી પણ ગર્ભ વધતો જાય છે તેમ જીવ અંદર મોટો થતો જાય છે. તથા જેમાં મૂર્છાને પ્રાપ્ત થયેલ મનુષ્ય મૃતક સદશ જોવામાં આવે છે પરંતુ અંદરમાં જીવ રહેલો છે તેવી રીતે પાંચ પ્રકારના સ્થાવર જીવોમાં ઉપરથી જીવની ચેષ્ટા માલૂમ પડતી નથી પરંતુ આગમથી તથા તે જીવોની પ્રફુલ્લતા આદિ અવસ્થાઓથી ચૈતન્ય માલૂમ પડે છે. ૧૧૩.

**संबुक्कमादुवाहा संखा सिप्पी अपादगा य किमी।**
**जाणंति रसं फासं जे ते बेइंदिया जीवा ।।११४।।**

**शंबूकमातृवाहाः शङ्खाः शुक्तयोऽपादकाः च कृमयः।**
**जानन्ति रसं स्पर्शं ये ते द्वीन्द्रियाः जीवाः ।।११४।।**

**શંબૂક, છીપો, માતૃવાહો, શંખ, કૃમિ પગ-વગરના**
**–જે જાણતા રસસ્પર્શને, તે જીવ દ્વીંદ્રિય જાણવા. ૧૧૪.**

**અન્વયાર્થ** : (शंबूकमातृवाहा:) શંબૂક, માતૃવાહ, (शङ्खाः) શંખ, (शुक्तयः) છીપ (च) અને (अपादकाः कृमयः) પગ વગરના કૃમિ – (ये) કે જેઓ (रसं स्पर्शं) રસ અને સ્પર્શને (जानन्ति) જાણે છે (ते) તેઓ – (द्वीन्द्रियाः जीवाः) દ્વીંદ્રિય જીવો છે.

---

**तात्पर्यवृत्ति** : एवं पंचस्थावरव्याख्यानमुख्यतया गाथाचतुष्टयेन द्वितीयस्थलं गतं। अथ द्वीन्द्रियभेदान् प्ररूपयति, - शंबूकमातृवाहा शंखशुक्त्यपादगकृमयः कर्तारः स्पर्शरसद्वयं जानंत्येते जीवा यतस्ततो द्वीन्द्रिया भवंतीति। तद्यथा। शुद्धनयेन द्वीन्द्रियस्वरूपात्पृथग्भूतं केवलज्ञानदर्शनद्वयादपृथग्भूतं यत् शुद्धजीवास्तिकायस्वरूपं तद्भावनोत्थसदानंदैकलक्षण सुखरसास्वादरहितैः स्पर्शनरसनेन्द्रिययादिविषयसुखरसास्वादसहितैर्जीवैर्यदुपार्जितं द्वीन्द्रियजातिनामकर्म तदुदयकाले वीर्यांतरायस्पर्शरसनेन्द्रियावरणक्षयोपशमलाभात् शेषेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सति द्वीन्द्रिया अमनसो भवंतीति सूत्रार्थः ।।११४।।

---

**समयव्याख्या : द्वीन्द्रियप्रकारसूचनेयम्। एते स्पर्शनरसनेन्द्रियावरणक्षयोपशमात् शेषेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सति स्पर्शरसयोः परिच्छेत्तारो द्वीन्द्रिया अमनसो भवंतीति ।।११४।।**

**અનુવાદ : આ, દ્વીંદ્રિય જીવોના પ્રકારની સૂચના છે.**

**સ્પર્શનેંદ્રિય અને રસનેંદ્રિયના (-એ બે ભાવેંદ્રિયોના) આવરણના ક્ષયોપશમને લીધે તથા બાકીની ઇંદ્રિયોના (-ત્રણ ભાવેંદ્રિયોના) આવરણનો ઉદય તેમ જ મનના (-ભાવમનના) આવરણનો ઉદય હોવાથી સ્પર્શ અને રસને જાણનારા આ (શંબૂક વગેરે) જીવો મનરહિત દ્વીંદ્રિય જીવો છે. ૧૧૪.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ–૫, મંગળવાર)

બેઇંદ્રિય જીવોનો ભેદ બતાવે છે. નાના શંખ, છીપ, કૃમિ, લય વગેરે અનેક પ્રકારના બેઇંદ્રિય જીવો છે તે જીભથી રસ ને સ્પર્શથી શીત ઉષ્ણ જાણે છે. તેથી તે જીવ બેઇંદ્રિયવાળા જાણવા.

બેઇંદ્રિયપણું કેમ મળ્યું ? તે જયસેનાચાર્ય ટીકામાં કહે છે : આત્માનો સ્વભાવ તો ઇંદ્રિયથી

જુદો છે ને ભાવઇંદ્રિયના ઉઘાડ જેટલો પણ આત્મા નથી. ને પોતાના જ્ઞાનદર્શનગુણોથી અભિન્ન–અભેદ છે, હું શુદ્ધ ચિદાનંદ આત્મા છું, જ્ઞાતાદષ્ટા છું એવી જેને ભાવના નથી ને સ્પર્શના ભોગમાં ને રસના ગૃદ્ધિપણામાં સુખ માની રાગ–દ્વેષમાં રોકાય છે તે બેઇંદ્રિય નામકર્મ બાંધે છે, તેના નિમિત્તે બેઇંદ્રિયનું શરીર મળે છે. વર્તમાનમાં જે શરીર ને સંયોગો દેખાય છે તે પોતે પૂર્વે ભૂલ કરેલ ને તેના નિમિત્તે કર્મ બાંધેલ, તેના નિમિત્તે આ બધી વિચિત્રતા દેખાય છે. અહીં એકેન્દ્રિય, બેઇન્દ્રિય જીવને મારવા–બચાવવાની વાત નથી. શુદ્ધ ચૈતન્યને ચૂક્યો તો બેઇન્દ્રિયપણું મળ્યું માટે બેઇન્દ્રિયપણાને જાણવાનું ફળ પણ શુદ્ધ ચૈતન્ય સ્વભાવનાં શ્રદ્ધા–જ્ઞાન કરવાં તે છે. ૧૧૪.

---

**जूगागुंभीमक्कणपिपीलिया विच्छुयादिया कीडा।**
**जाणंति रसं फासं गंधं तेइंदिया जीवा ।।११५।।**

**यूकाकुंभीमत्कुणपिपीलिका वृश्चिकादयः कीटाः।**
**जानन्ति रसं स्पर्शं गंधं त्रींद्रियाः जीवाः ।।११५।।**

**જૂ, કુંભી, માંકડ, કીડી તેમ જ વૃશ્ચિકાદિક જંતુ જે**
**રસ, ગંધ તેમ જ સ્પર્શ જાણે, જીવ ત્રીંદ્રિય તેહ છે. ૧૧૫.**

**અન્વયાર્થ :** (यूकाकुंभीमत्कुणपिपीलिकाः) જૂ, કુંભી, માંકડ, કીડી અને (वृश्चिकादयः) વીંછી વગેરે (कीटाः) જંતુઓ (रसं स्पर्शं गंधं) રસ, સ્પર્શ અને ગંધને (जानन्ति) જાણે છે; (त्रींद्रियाः जीवाः) તે ત્રીંદ્રિય જીવો છે.

---

**तात्पर्यवृत्ति :** अथ त्रीन्द्रियभेदान् प्रदर्शयति, - यूकामत्कुणकुंभीपिपीलिकाः पर्णवृश्चिकाश्च गणकीटकादयः कर्तारः स्पर्शरसगंधत्रयं जानन्ति यतस्ततः कारणात् त्रीन्द्रिया भवंतीति। तथाहि - विशुद्धज्ञानदर्शनस्वभावात्मपदार्थसंवित्तिसमुत्पन्नवीतरागपरमानंदैकलक्षणसुखामृतरसानुभवच्युतैः स्पर्शनरसनघ्राणेन्द्रियादिविषयसुखमूर्च्छितैर्जीवैर्यद्बद्धं त्रीन्द्रियजातिनामकर्म तदुदयाधीनत्वेन वीर्यांतरायस्पर्शनरसनघ्राणेन्द्रियावरणक्षयोपशमलाभात् शेषेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सति त्रीन्द्रिया अमनसो भवंतीति सूत्राभिप्रायः ।।११५।।

---

**समयव्याख्या : त्रीन्द्रियप्रकारसूचनेयम्। एते स्पर्शनरसनघ्राणेंद्रियावरणक्षयोपशमात् शेषेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सति स्पर्शरसगंधानां परिच्छेत्तारस्त्रीन्द्रिया अमनसो भवंतीति ।।११५।।**

**અનુવાદ : આ, ત્રીંદ્રિય જીવોના પ્રકારની સૂચના છે.**

**સ્પર્શનેંદ્રિય, રસનેંદ્રિય અને ઘ્રાણેંદ્રિયના આવરણના ક્ષયોપશમને લીધે તથા બાકીની ઇંદ્રિયોના આવરણનો ઉદય તેમ જ મનના આવરણનો ઉદય હોવાથી સ્પર્શ, રસ અને ગંધને જાણનારા**

**આ (જૂ વગેરે) જીવો મનરહિત ત્રીંદ્રિય જીવો છે. ૧૧૫.**

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ–૫, મંગળવાર)

જૂ, માંકડ, વીંછી, કીડી વગેરે જીવો છે તે સ્પર્શ, રસ, ગંધ એમ ત્રણ વિષયોને જાણે છે તેથી તે જીવોને સિદ્ધાંતમાં ત્રીંદ્રિય કહે છે.

**ભાવાર્થ** : એ સંસારી જીવોને સ્પર્શન, રસન, નાસિકા એ ત્રણ ઇન્દ્રિયોનો ઉઘાડ છે ને બીજી બે ઇન્દ્રિયોનું આવરણ છે તેથી ત્રણ ઇન્દ્રિય જીવ કહેવાય છે.

જયસેન આચાર્યની સંસ્કૃત ટીકામાં ત્રીંદ્રિયપણું કેમ પ્રાપ્ત થયું તે બતાવે છે. આત્માનો સ્વભાવ વિશુદ્ધ જ્ઞાનદર્શનમય છે. તેના શ્રદ્ધા, જ્ઞાન ને લીનતાથી વીતરાગી પરમાનંદ લક્ષણવાળા સુખામૃત રસનો અનુભવ ઉત્પન્ન થાય છે. પણ તેવા શુદ્ધ આત્માનું જેને ભાન નથી ને સ્પર્શ, રસ, ગંધના વિષયોમાં લોલુપી થાય છે તે જીવ વીતરાગ આનંદથી ચ્યુત થાય છે એટલે કે તેને તે સુખનો અનુભવ થતો નથી. ૧૧૫.

---

**उद्दंसमसयमक्खियमधुकरिभमरा पयंगमादीया।**
**रूवं रसं च गंधं फासं पुण ते विजाणंति ।।११६।।**

**उद्दंशमशकमक्षिकामधुकरीभ्रमराः पतङ्गाद्याः।**
**रूपं रसं च गंधं स्पर्शं पुनस्ते विजानन्ति ।।११६।।**

**મધમાખ, ભ્રમર, પતંગ, માખી, ડાંસ, મચ્છર આદિ જે,**
**તે જીવ જાણે સ્પર્શને, રસ, ગંધ તેમ જ રૂપને. ૧૧૬.**

**અન્વયાર્થ :** (पुनः) વળી (उद्दंशमशकमक्षिकामधुकरीभ्रमराः) ડાંસ, મચ્છર, માખી, મધમાખી, ભમરા અને (पतङ्गाद्याः ते) પતંગિયા વગેરે જીવો (रूपं) રૂપ, (रसं) રસ, (गंधं) ગંધ (च) અને (स्पर्शं) સ્પર્શને (विजानन्ति) જાણે છે. (તે ચતુરિંદ્રિય જીવો છે.)

---

**तात्पर्यवृत्ति :** अथ चतुरिन्द्रियभेदान् प्रदर्शयति, - उद्दंशमशकमक्षिकामधुकरीभ्रमरपतंगाद्याः कर्तारः स्पर्शरसगंधवर्णान् जानन्ति यतस्ततः कारणाच्चतुरिन्द्रिया भवन्ति। तद्यथा - निर्विकारस्वसंवेदनज्ञानभावनोत्पन्नसुखसुधारसपानविमुखै; स्पर्शनरसनध्राणचक्षुरादिविषयसुखानुभवाभिमुखैर्बहिरात्मभिर्यदुपार्जितं चतुरिन्द्रियजातिनामकर्म तद्विपाकाधीना तथा वीर्यांतरायस्पर्शनरसनध्राणचक्षुरिन्द्रियावरणक्षयोपशमलाभात् श्रोत्रेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सति चतुरिन्द्रिया अमनसो भवंतीत्यभिप्रायः ।।११६।।

**समयव्याख्या : चतुरिन्द्रियप्रकारसूचनेयम्। एते स्पर्शनरसनघ्राणचक्षुरिन्द्रियावरणक्षयोपशमात् श्रोत्रेन्द्रियावरणोदये नोइन्द्रियावरणोदये च सति स्पर्शरसगंधवर्णानां परिच्छेत्तारश्चतुरिन्द्रिया अमनसो भवंतीति ।।११६।।**

**અનુવાદ : આ, ચતુરિંદ્રિય જીવોના પ્રકારની સૂચના છે.**

**સ્પર્શનેંદ્રિય, રસનેંદ્રિય, ઘ્રાણેંદ્રિય અને ચક્ષુરિંદ્રિયના આવરણના ક્ષયોપશમને લીધે તથા શ્રોત્રેંદ્રિયના આવરણનો ઉદય તેમ જ મનના આવરણનો ઉદય હોવાથી સ્પર્શ, રસ, ગંધ અને વર્ણને જાણનારા આ (ડાંસ વગેરે) જીવો મનરહિત ચતુરિંદ્રિય જીવો છે. ૧૧૬.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ–૫, મંગળવાર)

ડાંસ, મચ્છર, માખી, મધમાખ, ભમરા, પતંગ આદિ જીવ રૂપ, ગંધ, રસ ને સ્પર્શને જાણે છે તેથી નિશ્ચય કરીને તેને ચતુરિંદ્રિય જીવ જાણવા.

**ભાવાર્થ** : જ્યારે તે સંસારી જીવોને સ્પર્શન, જીભ, નાસિકા, નેત્ર એ ચાર ઇન્દ્રિયોના આવરણકર્મનો ક્ષયોપશમ હોય ને કર્ણેન્દ્રિય ને મનના આવરણનો ઉદય હોય છે ત્યારે સ્પર્શ, રસ, ગંધ, વર્ણ એ ચાર વિષયોનો જાણનાર હોય છે. તે ચાર ઇન્દ્રિય સહિત હોય છે ને કર્ણ ને મનથી રહિત હોય છે.

જીવના ઉઘાડને લીધે ઇન્દ્રિયોના પરમાણુને આવવું પડે એમ પરાધીનતા નથી. આત્મા જડ ઇન્દ્રિયોના કર્તા નથી. એક એક ઇન્દ્રિયનો ઉઘાડ વધતો જાય તેમ એક એક અધિકરણ નિમિત્તરૂપે વધતું જાય છે એવો નિમિત્તનૈમિત્તિક સંબંધ બતાવે છે, પણ કોઈ કોઈનો કર્તા નથી.

જયસેનાચાર્ય ટીકામાં જણાવે છે કે જીવે પોતાના શુદ્ધ ચૈતન્ય સ્વભાવની ઓળખાણ કરી નિર્વિકાર સ્વસંવેદન જ્ઞાનભાવનાથી સુખસુધારસપાન ઉત્પન્ન કરવું જોઈએ. પણ આત્માનું ભાન નહિ હોવાથી તે જીવને આવા સુખસુધારસનું પાન મળતું નથી ને સ્પર્શ, રસ, ઘ્રાણ ને ચક્ષુ વગેરેના વિષયમાં સુખ માની તે વિકારી સુખને ભોગવે છે તેથી ચતુરિંદ્રિયનામકર્મ ઉપાર્જન કરે છે ને તેથી તેપણે ઉત્પન્ન થાય છે. ૧૧૬.

---

**सुरणरणारयतिरिया वण्णरसप्फासगंधसद्दण्हू।**
**जलचरथलचरखचरा बलिया पंचेंदिया जीवा ।।११७।।**

**सुरनरनारकतिर्यञ्चो वर्णरसस्पर्शगंधशब्दज्ञाः।**
**जलचरस्थलचरखचरा बलिनः पञ्चेन्द्रिया जीवाः ।।११७।।**

**સ્પર્શાદિ પંચક જાણતાં તિર્યંચ–નારક–સુર–નરો**
**–જળચર, ભૂચર કે ખેચરો–બળવાન પંચેંદ્રિય જીવો. ૧૧૭.**

**અન્વયાર્થ :** (वर्णरसस्पर्शगंधशब्दज्ञाः) વર્ણ, રસ, સ્પર્શ, ગંધ અને શબ્દને જાણનારાં (सुरनरनारकतिर्यञ्चः) દેવ–મનુષ્ય–નારક–તિર્યંચ – (जलचरस्थलचरखचराः) જેઓ જળચર, સ્થળચર કે ખેચર હોય છે તેઓ– (बलिनः पञ्चेन्द्रियाः जीवाः) બળવાન પંચેંદ્રિય જીવો છે.

---

**तात्पर्यवृत्ति :** इति विकलेन्द्रियव्याख्यानमुख्यतया गाथात्रयेण तृतीयस्थलं गतं। पंचेन्द्रियभेदानावेदयति, - सुरनरनारकतिर्यंचः चत्वारः वर्णरसगंधस्पर्शशब्दज्ञाः यतः कारणात्ततः पंचेन्द्रियजीवा भवन्ति तेषु च मध्ये ये तिर्यंचस्ते केचन जलचरस्थलचरखचरा बलिनश्च भवन्ति। ते च के ? जलचरमध्ये ग्राहसंज्ञाः स्थलचरेष्वष्टापदसंज्ञाः खचरेषु भेरुंडा इति। तद्यथा - निर्दोषिपरमात्मध्यानोत्पन्ननिर्विकारतात्त्विकानंदैकलक्षणसुखविपरीतं यदिन्द्रियसुखं तदासक्तै-र्बहिर्मुखजीवैर्यदुपार्जितं पंचेन्द्रियजातिनामकर्म तदुदयं प्राप्य वीर्यांतरायस्पर्शनरसनघ्राणचक्षुःश्रो-त्रेन्द्रियावरणक्षयोपशमलाभान्नोइन्द्रियावरणोदये सति केचन शिक्षालापोपदेशनशक्तिविकलाः पंचेन्द्रिया असंज्ञिनो भवन्ति, केचन पुनर्नोइन्द्रियावरणस्यापि क्षयोपशमलाभात्संज्ञिनो भवन्ति, एकेन्द्रियादिचतुरिन्द्रियपर्यंता असंज्ञिन एव, तिर्यंचः पंचेन्द्रियाः संज्ञिनोऽसंज्ञिनो भवन्ति तेषु च मध्ये नारकमनुष्यदेवाः संज्ञिन एव तिर्यंचः पंचेन्द्रियाः संज्ञिनोऽसंज्ञिनो भवन्ति, एकेन्द्रियादिचतुरिन्द्रियपर्यंता असंज्ञिन एव। कश्चिदाह - क्षयोपशमविकल्परूपं हि मनो भण्यते तत्तेषामप्यस्तीति कथमसंज्ञिनः ? परिहारमाह - यथानिकाया गंधविषये जातिस्वभावेनैवाहारादिसंज्ञारूपं पटुत्वमस्ति न चान्यत्र कार्यकारणव्याप्तिज्ञानविषये अन्येषामनां संज्ञिनां तथैव मनः पुनर्जगत्त्रयकालत्रयविषयव्याप्तिज्ञानरूपकेवलज्ञानप्रणीतपरमात्मादितत्त्वानां परोक्षपरिच्छित्तिरूपेण परिच्छेदकत्वात्केवलज्ञानसमानमिति भावार्थः ।।११७।।

---

**समयव्याख्या : पञ्चेन्द्रियप्रकारसूचनेयम्। अथ स्पर्शनरसनघ्राणचक्षुःश्रोत्रेन्द्रियावरणक्षयोपशमात् नोइन्द्रियावरणोदये सति स्पर्शरसगंधवर्णशब्दानां परिच्छेत्तारः पञ्चेन्द्रिया अमनस्काः। केचित्तु नोइन्द्रियावरणस्यापि क्षयोपशमात् समनस्काश्च भवन्ति। तत्र देवमनुष्यनारकाः समनस्का एव, तिर्यञ्च उभयजातीया इति ।।११७।।**

**અનુવાદ : આ, પંચેન્દ્રિય જીવોના પ્રકારની સૂચના છે.**

**સ્પર્શનેંદ્રિય, રસનેંદ્રિય, ઘ્રાણેંદ્રિય, ચક્ષુરિંદ્રિય અને શ્રોત્રેંદ્રિયના આવરણના ક્ષયોપશમને લીધે, મનના આવરણનો ઉદય હોતાં, સ્પર્શ, રસ, ગંધ, વર્ણ અને શબ્દને જાણનારા જીવો મનરહિત પંચેંદ્રિય જીવો છે; કેટલાક (પંચેંદ્રિય જીવો) તો, તેમને મનના આવરણનો પણ ક્ષયોપશમ હોવાથી, મનસહિત (પંચેંદ્રિય જીવો) હોય છે.**

**તેમાં, દેવો, મનુષ્યો અને નારકો મન સહિત જ હોય છે; તિર્યંચો બંને જાતિનાં (અર્થાત્ મનરહિત તેમ જ મન સહિત) હોય છે. ૧૧૭.**

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ–૫, મંગળવાર)

તે જીવનો વિકાસ વધતાં પંચેન્દ્રિય થાય છે. દેવ, મનુષ્ય, નારકી ને તિર્યંચ ગતિના જીવ છે તે પંચેન્દ્રિય જીવ છે. જેમાં માછલાં આદિ જળચર છે. ગાયો, ભેંસો આદિ ભૂમિચર છે ને પક્ષી આકાશગામી છે. તે પંચેન્દ્રિય જીવોને સ્પર્શ, રસ, ગંધ, વર્ણ, શબ્દ એ પાંચ ઇન્દ્રિયનો ઉઘાડ છે. પોતાના કારણે જ્ઞાનનો વિકાસ પંચેન્દ્રિયનો થયો છે. તે ઇન્દ્રિયો ને મન દ્વારા પરપદાર્થો જણાય પણ આત્મા જણાય નહિ. કોઈ ઇન્દ્રિય દ્વારા આત્મા જણાય તેવો નથી પણ અતીન્દ્રિય સ્વસંવેદન જ્ઞાન દ્વારા જણાય એવો છે.

**ભાવાર્થ** : જ્યારે સંસારી જીવોને પાંચ ઇન્દ્રિય આવરણ કર્મોનો ક્ષયોપશમ હોય ત્યારે પાંચે વિષયને જાણે છે. પંચેન્દ્રિય જીવ બે પ્રકારના છે, એક સંજ્ઞી, એક અસંજ્ઞી. જેને મન આવરણ કર્મનો ઉદય છે તે મનરહિત અસંજ્ઞી છે ને જેને મન આવરણનો ક્ષયોપશમ હોય છે તે મનસહિત સંજ્ઞી પંચેન્દ્રિય જીવ છે. તિર્યંચ ગતિમાં મનસહિત અથવા મનરહિત હોય છે.

જયસેનાચાર્ય ટીકામાં જણાવે છે કે આત્માનો સ્વભાવ અતીન્દ્રિય છે. તેવા નિર્દોષ પરમાત્માના ધ્યાનથી નિર્વિકાર તાત્ત્વિક આનંદલક્ષમવાળું સુખ ઉત્પન્ન થાય છે પણ તેવું જેને ભાન નથી ને પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં સુખ માને છે તે તાત્ત્વિક સુખ નથી. જગતના વિષયોમાં તે સુખની કલ્પના કરે છે ને પાંચ ઇન્દ્રિયોના વિષયોમાં લીન થઈ બહિર્મુખ થઈ અંતરસત્તાને ભૂલી જાય છે. તેથી પંચેન્દ્રિયજાતિનામકર્મ ઉપાર્જન કરે છે તેથી પંચેન્દ્રિયપણે જન્મે છે.

જો પંચેન્દ્રિય સંજ્ઞી જીવો આત્માનું ભાન કરે ને કેવળી ભગવાને કહેલાં છ દ્રવ્યો ને નવ તત્ત્વોની ઓળખાણ કરે તો તેને સમ્યગ્દર્શન ને સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થાય છે. કેવળી ભગવાન સ્વ–પર લોકાલોકને પ્રત્યક્ષ જાણે છે, જ્યારે ભાવશ્રુતજ્ઞાની પરોક્ષ જાણે છે પણ યથાર્થ જાણે છે. મનવાળા પ્રાણી આત્માનું ભાન કરી, સમ્યગ્જ્ઞાન પ્રગટ કરી કેવળજ્ઞાન પામી શકે છે. એ સમજાવવા બધી વાત કરે છે. ૧૧૭.

---

**देवा चउण्णिकाया मणुया पुण कम्मभोगभूमीया।**
**तिरिया बहुप्पयारा णेरइया पुढविभेयगदा ।।११८।।**

**देवाश्चतुर्णिकायाः मनुजाः पुनः कर्मभोगभूमिजाः।**
**तिर्यञ्चः बहुप्रकाराः नारकाः पृथिवीभेगताः ।।११८।।**

**નર કર્મભૂમિજ ભોગભૂમિજ, દેવ ચાર પ્રકારના,**
**તિર્યંચ બહુવિધ, નારકોના પૃથ્વીગત ભેદો કહ્યા. ૧૧૮.**

**અન્વયાર્થ :** (देवाः चतुर्णिकायाः) દેવોના ચાર નિકાય છે, (मनुजाः कर्मभोगभूमिजाः) મનુષ્યો

કર્મભૂમિજ અને ભોગભૂમિજ એમ બે પ્રકારના છે, (तिर्यञ्चः बहुप्रकाराः) તિર્યંચો ઘણા પ્રકારના છે (पुनः) અને (नारकाः पृथिवीभेदगताः) નારકોના ભેદ તેમની પૃથ્વીઓના ભેદ જેટલા છે.

---

**तात्पर्यवृत्ति :** तथैकेन्द्रियादिभेदेनोक्तानां जीवानां चतुर्गतिसंबन्धित्वेनोपसंहारः कथ्यते, - भवनवासिव्यंतरज्योतिष्कवैमानिकभेदेन देवाश्चतुर्णिकाया; भोगभूमिकर्मभूमिजभेदेन द्विविधा मनुष्याः पृथिव्याद्येकेन्द्रियभेदेन शम्बूकयूकोद्दंशकादिविकलेन्द्रियभेदेन जलचरस्थलचरखचरद्विपद-चतुःपदादिपंचेन्द्रियभेदेन तिर्यंचो बहुप्रकाराः रत्नशर्करावालुकापंकधूमतमोमहातमःप्रभाभूमिभेदेन नारकाः सप्तविधा भवंतीति। अत्र चतुर्गतिलक्षणा स्वात्मोपलब्धिलक्षणा या तु सिद्धगतिस्तद्भावनारहितैर्जीवैः सिद्धसदृशनिजशुद्धात्मभावनारहितैर्वा यदुपार्जितं चतुर्गतिनामकर्म तदुदयवशेन देवादिगतिषूत्पद्यंत इति सूत्रार्थः ।।११८।।

---

**समयव्याख्या : इन्द्रियभेदेनोक्तानां जीवानां चतुर्गतिसंबंधत्वेनोपसंहारोऽयम्। देवगितनाम्नो देवायुषश्चोदयाद्देवाः, ते च भवनवासिव्यंतरज्योतिष्कवैमानिकनिकायभेदाच्चतुर्धा। मनुष्यगतिनाम्नो मनुष्यायुषश्च उदयान्मनुष्याः। ते कर्मभोगभूमिजभेदात् द्वेधा। तिर्यग्गतिनाम्नस्तिर्यगायुषश्च उदयात्तिर्यञ्चः। ते पृथिवीशम्बूकयूकोद्दंशजलचरोरगपक्षिपरिसर्पचतुष्पदादिभेदादनेकधा। नरकगतिनाम्नो नरकायुषश्च उदयान्नारकाः। ते रत्नशर्करावालुकापङ्कधूमतमो-महातमःप्रभाभूमिजभेदात्सप्तधा। तत्र देवमनुष्यनारकाः पञ्चेन्द्रिया एव। तिर्यञ्चस्तु केचित्पञ्चेन्द्रियाः, केचिदेक-द्वि-त्रि-चतुरिन्द्रिया अपीति ।।११८।**

**અનુવાદ : આ, ઇંદ્રિયોના ભેદની અપેક્ષાએ કહેવામાં આવેલા જીવોનો ચતુર્ગતિસંબંધ દર્શાવતાં ઉપસંહાર છે (અર્થાત્ અહીં એકેંદ્રિય-દ્વીંદ્રિયાદિરૂપ જીવભેદોનો ચાર ગતિ સાથે સંબંધ દર્શાવીને તે જીવભેદોનો ઉપસંહાર કરવામાં આવ્યો છે).**

**દેવગતિનામ અને દેવાયુના ઉદયથી (અર્થાત્ દેવગતિનામકર્મ અને દેવાયુકર્મના ઉદયના નિમિત્તથી) દેવો હોય છે; તેઓ ભવનવાસી, વ્યંતર, જ્યોતિષ્ક અને વૈમાનિક એવા નિકાયભેદોને લીધે ચાર પ્રકારના છે. મનુષ્યગતિનામ અને મનુષ્યાયુના ઉદયથી મનુષ્યો હોય છે; તેઓ કર્મભૂમિજ અને ભોગભૂમિજ એવા ભેદોને લીધે બે પ્રકારના છે. તિર્યંચગતિનામ અને તિર્યંચાયુના ઉદયથી તિર્યંચો હોય છે; તેઓ પૃથ્વી, શંબૂક, જૂ, ડાંસ, જળચર, ઉરગ, પક્ષી, પરિસર્પ, ચતુષ્પાદ( ચોપગાં) ઇત્યાદિ ભેદોને લીધે અનેક પ્રકારનાં છે. નરકગતિનામ અને નરકાયુના ઉદયથી નારકો હોય છે; તેઓ રત્નપ્રભાભૂમિજ, શર્કરાપ્રભાભૂમિજ, વાલુકાપ્રભાભૂમિજ, પંકપ્રભાભૂમિજ, ધૂમપ્રભાભૂમિજ, તમઃપ્રભાભૂમિજ અને મહાતમઃપ્રભાભૂમિજ એવા ભેદોને લીધે સાત પ્રકારના છે.**

**તેમાં દેવો, મનુષ્યો અને નારકો પંચેંદ્રિય જ હોય છે. તિર્યંચો તો કેટલાક પંચેંદ્રિય હોય છે અને કેટલાક એકેંદ્રિય, દ્વીંદ્રિય, ત્રીંદ્રિય અને ચતુરિંદ્રિય પણ હોય છે. ૧૧૮.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૬, બુધવાર)

આ જીવ અધિકાર છે. જીવનો સ્વભાવ જ્ઞાન ને દર્શન છે. તેની રુચિ છોડી જે જીવ સંયોગની અને વિકારની ભાવના કરે છે તે નામકર્મ ઉપાર્જન કરે છે ને તેને લીધે સંસારમાં જન્મમરણ કરે છે.

દેવગતિનામકર્મના ઉદયથી દેવનું શરીર મળે છે. તે સર્વથી ઉત્કૃષ્ટ ભોગને ભોગવે છે. તે દેવો ચાર પ્રકારના છે : ભવનવાસી, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક - એમ ચાર પ્રકારના છે. પોતાનો આત્મા સિદ્ધસમાન છે. ચાર ગતિથી વિલક્ષણ ને ચૈતન્ય સ્વભાવથી પ્રાપ્ત જેનું લક્ષણ છે એવી સિદ્ધગતિની આત્માના ભાન સહિત જે ભાવના કરતો નથી તે ચતુર્ગતિનામકર્મ બાંધી, શુભ ભાવ કર્યા હોય તેના ફળમાં દેવરૂપે ઊપજે છે.

વળી જે જીવ પોતાના સ્વભાવને ચૂકીને મનુષ્યગતિને લાયક શુભભાવ કરે છે તે મનુષ્ય થાય છે. કોઈ મનુષ્ય કર્મભૂમિમાં ઊપજે છે ને કોઈ મોટા આયુષ્યવાળા ભોગભૂમિમાં જન્મે છે. વર્તમાનમાં મોટા શેઠ ને લક્ષાધિપતિ થાય છે તે ઉપાધિભાવને સેવીને થયા છે. આત્માના ધર્મથી શેઠિયા થયા નથી. આત્માનો ધર્મ જ્ઞાનાનંદમય છે. તેના વડે ઉપાધિરહિતપણું થાય, પણ તેના વડે પુણ્ય બંધાય નહિ. સ્વભાવને ચૂકીને ઉપાધિભાવના કારણે કર્મ બંધાય છે.

વળી તિર્યંચ ગતિના જીવ એકેન્દ્રિયથી સંજ્ઞી પંચેન્દ્રિય ઢોર સુધીના હોય છે. મન વગરના ને મનવાળા એમ બે પ્રકારના ઢોર હોય છે. જે જીવ પોતાનો ત્રિકાળી સ્વભાવ ચૂકી આડોડાઈ, કપટ, દંભ સેવે છે તેના ફળમાં ઢોર ગતિ પ્રાપ્ત કરી ઢોરરૂપે અવતરે છે. માણસનાં શરીર ઊભાં છે, જ્યારે ઢોરનાં શરીર આડાં છે. પૂર્વે આડોડાઈ કરેલી તેના ફળમાં તે જીવો આડા શરીરવાળાં તિર્યંચરૂપે અવતરે છે. જે જાતના ભાવ કરે તે જાતનું ફળ આવે છે. નિજક્રિયાનું ફળ નિજમાં આવે છે. શુભાશુભભાવ જીવ પોતાના અસંખ્ય પ્રદેશમાં કરે છે તેનું ફળ પોતાની પર્યાયમાં આવે છે. તેનું ફળ બહાર સંયોગોમાં આવતું નથી. માટે અહીં કહે છે કે આડોડાઈની તથા વિકારી પર્યાયની રુચિ છોડ ને જ્ઞાનાનંદ સ્વભાવની રુચિ કર.

વળી નરકના જેટલા ભેદો છે તેટલા નારકીના જીવો છે. નરક સાત છે તો નારકીના જીવો સાત પ્રકારના છે. જે જીવો માંસ ખાય છે, દારૂ પીએ છે. શિકારાદિ કરે છે તે નરકમાં જાય છે. ત્યાં પણ પોતાના ભાવને ભોગવે છે. ક્ષેત્ર તો નિમિત્તમાત્ર છે.

સ્વભાવને ચૂકીને જે ભાવ થાય તે બધા ચાર ગતિમાં રખડવાના ભાવ છે. મારા વિના આનું કામ થશે નહિ એમ માનનાર જીવ સામા પદાર્થોનું સ્વતંત્રપણું ચૂકી જાય છે. કોઈ પણ પદાર્થ વર્તમાન કાર્ય વિના હોતાં નથી. બધા જડ ને ચેતન પદાર્થો કાર્યસંપન્ન છે. છતાં તેનું કાર્ય મારા વિના નહિ થાય એમ માની ચૈતન્ય સ્વભાવને ચૂકે છે ને રાગ ને અહંકારની ભાવના કરી ચાર ગતિમાં રખડે છે.

આત્મા સિવાય બીજાં તત્ત્વ છે કે નહીં ? વસ્તુ છે તો તેનું કાર્ય છે કે નહિ ? કે કાર્ય

વિનાની છે ? કાર્ય વિનાની હોય તો તે વસ્તુ કૂટસ્થ થઈ જાય. પણ એમ વસ્તુસ્વરૂપ નથી. માટે પરનું કરવારૂપ અહંકાર છોડીને જ્ઞાતા સ્વભાવની રુચિ કર. અજ્ઞાની ચોવીસે કલાક અહંકાર કરે છે. શરીર પરમાણુઓની અવસ્થા છે. તેનું કાર્ય તેનાથી થાય છે. તે પરમાણુઓ કાયમ રહીને પલટે છે. તેને જીવ બદલાવે એમ બને નહિ. જીવે પરતત્ત્વનાં કાર્ય કર્યાં નથી ને કરતો પણ નથી છતાં અજ્ઞાનીએ એક સમયમાત્ર પણ પરનો અહંકાર છોડ્યો નથી.

પોતાનો આત્મા સિદ્ધસમાન એકરૂપ છે તેની ભાવના છોડીને અનેકતાની ભાવના કરે છે તે ગતિમાં રખડે છે. દરેક દ્રવ્ય ત્રિકાળ છે. તેના ગુણો ત્રિકાળ છે. તેનું ક્ષેત્ર ત્રિકાળ છે. તેની પર્યાયનો કાળ એક સમયનો છે. તેની પર્યાય તે તેનું કાર્ય છે. જો કાર્ય વિનાનું તત્ત્વ માને તો તત્ત્વે શું કર્યું ? ચોવીસે કલાક ધારાવાહી અહંકાર અજ્ઞાનીએ કર્યો છે. પોતે જ્ઞાનસ્વભાવી છે એવી રુચિ કરતો નથી. તેથી કર્મ ઉપાર્જન કરી રખડે છે. નગ્ન દિગંબર મુનિ થયો છતાં પણ હું નગ્ન થઈ શકું છું. પરદ્રવ્યનાં ગ્રહણ ત્યાગ કરી શકું છું. એવી માન્યતાના કારણે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે ને મોટો ભોગી છે. ચાર ગતિમાં રખડે છે. જ્યાં ઊભો છે ત્યાં પરને લીધે તથા સંયોગને લીધે કાર્ય થાય છે એમ માની રહ્યો છે. શુદ્ધ ચિદાનંદની ભાવના ચૂકી પુણ્યપાપનો અહંકાર કરતો પરનાં કાર્ય મારાથી થાય એમ માનતો, સ્વભાવને ચૂકતો કર્મ બાંધે છે.

અજ્ઞાની જીવ પરનાં કાર્ય હું કરી શકું છું એમ માની રહ્યો છે. દુકાનનાં, શરીરનાં, સગાં આદિનાં કામ હું કરી શકું છું એમ અહંકાર કરે છે. સંયોગો અને સંયોગી ભાવો વિનાના શુદ્ધ સ્વભાવને તે જાણતો નથી ને અનેક પ્રકારના ભાવો કરીને જુદા જુદા ભવ ધારણ કરે છે. કોઈ મનુષ્યમાંથી દેવ થાય, કોઈ મનુષ્યમાંથી મનુષ્ય થાય, ઢોરમાંથી ઢોર થાય એમ અનેક વિચિત્રતાવાળા ભવો ધારણ કરે છે. એકરૂપ રહેતો નથી. જેવા ભાવ કરે તેવી ગતિને પ્રાપ્ત કરે છે.

આયુગતિ નામકર્મના ઉદયથી દેવાદિક પર્યાય થાય છે તેથી તે પર્યાયોનું અનાત્મસ્વરૂપ બતાવે છે. ૧૧૮.

---

**खीणे पुव्वणिबद्धे गदिणामे आउसे च ते वि खलु।**
**पाउुण्णंति य अण्णं गदिमाउस्सं सलेस्सवसा ।।११९।।**

**क्षीणे पूर्वनिबद्धे गतिनाम्नि आयुषि च तेऽपि खलु।**
**प्राप्नुवन्ति चान्यां गतिमायुष्कं स्वलेश्यावशात् ।।११९।।**

**ગતિનામ ને આયુષ્ય પૂર્વનિબદ્ધ જ્યાં ક્ષય થાય છે,**
**ત્યાં અન્ય ગતિ–આયુષ્ય પામે જીવ નિજલેશ્યાવશે. ૧૧૯.**

**અન્વયાર્થ :** (पूर्वनिबद्धे) પૂર્વબદ્ધ (गतिनाम्नि आयुषि च) ગતિનામકર્મ અને આયુષકર્મ (क्षीणे) ક્ષીણ થતાં (ते अपि) જીવો (स्वलेश्यावशात्) પોતાની લેશ્યાને વશ (खलु) ખરેખર (अन्यां गतिम् आयुष्कं च) અન્ય ગતિ અને આયુષ (प्राप्नुवन्ति) પ્રાપ્ત કરે છે.

**तात्पर्यवृत्ति :** अथ गतिनामायुःकर्मनिर्वृत्तत्वाद्देवत्वादीनामनात्मस्वभावत्वं दर्शयति, अथवा ये केचन वदन्ति नान्यादृशं जगत्, देवो मृत्वा देव एव मनुष्या मृत्वा मनुष्या एवेति तन्निषेधार्थं,- क्रमेण दत्तफले क्षीणे सति। कस्मिन् ? पूर्वनिबद्धे पूर्वोपार्जिते गतिनामकर्मण्यायुषि च तेपि खलु ते जीवाः कर्तारः खलु स्फुटं प्राप्नुवन्ति। किम् ? अन्यदपूर्वं मनुष्यगत्यपेक्षया देवगत्यादिकं भवांतरे गतिनामायुष्कं च। कथंभूताः संतः ? स्वकीयलेश्यावशाः स्वकीयपरिणामाधीना इति। तद्यथा - 'चंडो ण मुअइ वेरं भंडणसीलो य धम्मदयरहियो। दुट्ठो स ण एदि वसं लक्खणमेयं तु किण्हस्स' इत्यादिरूपेण कृष्णादिषड्लेश्यालक्षणं गोमट्टशास्त्रादौ विस्तरेण भणितमास्ते तदत्र नोच्यते। कस्मात् ? अध्यात्मग्रंथत्वात्। तथा संक्षेपेणात्र कथ्यते। कषायोदयानुरंजिता योगप्रवृत्तिर्लेश्या सा च शुभाशुभगतिनामकर्मण आयुःकर्मणश्च बीजं कारणं भवति तेन कारणेन तद्विनाशः कर्तव्यः। कथमिति चेत् ? क्रोधमानमायालोभरूपकषायोदयचतुष्काद्भिन्ने अनंतज्ञानदर्शनसुखवीर्यचतुष्कादभिन्ने परमात्मनि यदा भावना क्रियते तदा कषायोदयविनाशो भवति तद्भावनार्थमेव शुभाशुभमनोवचनकायव्यापारपरिहारे सति योगत्रयाभावश्चेति कषायोदयरंजितयोगप्रवृत्तिरूपलेश्याविनाशस्तदभावे गतिनामायुष्कर्मणोरभावस्तयोरभावेऽक्षयानंतसुखादिगुणस्य मोक्षलाभ इति सूत्राभिप्रायः ।।११९।।

---

**समयव्याख्या : गत्यायुर्नामोदयनिर्वृत्तत्वाद्देवत्वादीनामनात्मस्वभावत्वोद्योतनमेतत्। क्षीयते हि क्रमेणारब्धफलो गतिनामविशेष आयुर्विशेषश्च जीवानाम्। एवमपि तेषां गत्यंतरस्यायुरंतरस्य च कषायानुरञ्जिता योगप्रवृत्तिर्लेश्या भवति बीजं, ततस्तदुचितमेव गत्यंतरमायुरंतरञ्च ते प्राप्नुवन्ति। एवं क्षीणाक्षीणाभ्यामपि पुनः पुनर्नवीभूताभ्यां गतिनामायुःकर्मभ्यामनात्मस्वभावभूताभ्यामपि चिरमनुगम्यमानाः संसरंत्यात्मानमचेतयमाना जीवा इति ।।११९।।**

**અનુવાદ : અહીં, ગતિનામકર્મ અને અને આયુષકર્મના ઉદયથી નિષ્પન્ન થતાં હોવાથી દેવત્વાદિ અનાત્મસ્વભાવભૂત છે (અર્થાત્ દેવપણું, મનુષ્યપણું, તિર્યંચપણું અને નારકપણું આત્માનો સ્વભાવ નથી) એમ દર્શાવવામાં આવ્યું છે.**

**જીવોને, જેનું ફળ શરૂ થયું હોય છે એવું અમુક ગતિનામકર્મ અને અમુક આયુષકર્મ ક્રમે ક્ષય પામે છે. આમ હોવા છતાં તેમને કષાય–અનુરંજિત યોગપ્રવૃત્તિરૂપ લેશ્યા અન્ય ગતિ અને અન્ય આયુષનું બીજ થાય છે (અર્થાત્ લેશ્યા અન્ય ગતિનામકર્મ અને અન્ય આયુષકર્મનું કારણ થાય છે), તેથી તેને ઉચિત જ અન્ય ગતિ અને અન્ય આયુષ તેઓ પ્રાપ્ત કરે છે. આ રીતે ક્ષીણ–અક્ષીણપણાને પ્રાપ્ત છતાં ફરીફરીને નવીન ઉત્પન્ન થતાં એવાં ગતિનામકર્મ અને આયુષકર્મ (પ્રવાહરૂપે) – જોકે તેઓ અનાત્મસ્વભાવભૂત છે તોપણ–ચિરકાળ (જીવોની) સાથે સાથે રહેતાં હોવાથી, આત્માને નહિ ચેતનારા જીવો સંસરણ કરે છે (અર્થાત્ આત્માને નહિ અનુભવનારા જીવો સંસારમાં પરિભ્રમણ કરે છે). ૧૧૯.**

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ–૬, બુધવાર)

પૂર્વકાળમાં બાંધેલ ગતિનામકર્મ તથા આયુકર્મ પૂરું થવાથી તે પોતાનો રસ દઈને ખરી જાય છે ને નિશ્ચયથી તે જીવ પોતાની કષાયગર્ભિત યોગોની પ્રવૃત્તિરૂપ લેશ્યાના પ્રભાવથી અન્યગતિ તથા આયુને પ્રાપ્ત કરે છે. લાકડા સાથે કાગળ ચોંટાડવો હોય તો શ્લેષ જોઈએ તેમ આત્માને પર ગતિમાં જવા માટે ક્રોધ, માન, માયા, લોભના પરિણામ સહિત યોગોની પ્રવૃત્તિ શ્લેષ સમાન છે. ખરેખર તો જીવ પોતાના પરિણામના કારણે બીજી ગતિ ધારણ કરે છે. કર્મને લીધે જાય છે એમ કહેવું તે ઉપચારમાત્ર છે.

**ભાવાર્થ** : જીવોની ગતિનો ને આયુનો બંધ ક્રોધાદિ પરિણામ ને યોગની પ્રવૃત્તિથી પડે છે. એક પછી એક ભવ શૃંખલાવત્ ચાલ્યા કરે છે. જેના ભાવ કરે છે તેવો ભવ મળે છે. પૂર્વનું આયુ ખરે છે ને નવું બાંધે છે તેથી સંસારમાર્ગ ચાલ્યા કરે છે. અજ્ઞાની જીવો ઘણી તપશ્ચર્યા કરે તોપણ તે બાળ તપ છે, દાન આપે, ઉપવાસ કરે પણ આહારપાણીનો હું ત્યાગ કરી શકું છું એવી માન્યતાના કારણે અજ્ઞાન ટળતું નથી ને એક પણ ભવનું રખડવાનું ટળતું નથી. એક પછી એક ભવમાં ભમ્યા કરે છે. આ પ્રમાણે અનાદિ કાળથી અજ્ઞાની જીવ સંસારમાં રખડ્યા કરે છે.

આત્માનું સ્વરૂપ તો ક્રોધ, માન, માયા, લોભથી તથા લેશ્યાથી રહિત છે ને અનંત જ્ઞાનદર્શનસુખવીર્યરૂપ ચતુષ્ટયથી અભિન્ન છે. એની ભાવના ભાવે તો કષાય નાશ પામે પણ તેની ભાવના નહિ ભાવતાં રાગ અને વ્યવહારની ભાવના ભાવે છે તે મિથ્યાદૃષ્ટિ છે ને ચાર ગતિમાં રખડે છે. તે જીવ ભલે શુક્લ લેશ્યાના પરિણામ કરે તોપણ સંસારમાં રખડે છે. છ પ્રકારની લેશ્યા છે, કૃષ્ણ નીલ, કાપોત – એ ત્રણ અશુભ લેશ્યા છે. પીત, પદ્મ ને શુક્લ એ ત્રણ શુભ લેશ્યા છે. તારતમ્યતાની અપેક્ષાએ આ છ પ્રકાર પડે છે – ત્રણ અશુભબંધનું કારણ છે ને ત્રણ શુભબંધનું કારણ છે. દયાદાનાદિના ભાવ કરે તો શુભનો બંધ પડે છે ને માનાદિના પરિણામ હોય તો અશુભનો બંધ પડે છે. આત્મા જ્ઞાનદર્શનમય છે એવાં શ્રદ્ધા–જ્ઞાન ન કરે ને પુણ્યની ભાવના કરે તો રખડે છે ને સ્વભાવની ભાવના કરે તો કષાયનો નાશ થાય છે.

કોઈ અજ્ઞાની જીવ કહે કે હમણાં પુણ્ય કરો તો હળવે હળવે પુણ્ય ફાટીને ધર્મરૂપ દશા થશે તો તે ભ્રાંતિ છે. હિંસા, જૂઠું, ચોરીના ભાવ અશુભ છે ને દયાદાનાદિના ભાવ શુભ છે. તે બન્ને ભાવો વિકાર છે. તેની ભાવના કરવી તે રખડવાના ભાવ છે. પણ શુભાશુભ ભાવરહિત શુદ્ધ આત્માની ભાવના કરવાથી કષાયનો નાશ થાય છે. ચિદાનંદ ભગવાનઆત્માના ભાન વિના રખડવું મટતું નથી. બીજા કોઈ ભગવાન તારી દેતા નથી પોતાની શાંતિ ને સુખ સ્વભાવમાં જ છે. પરને લીધે ન હોય, પરમાં ન હોય તેમ જ પુણ્ય–પાપના ભાવમાં શાંતિ ન હોય માટે સ્વભાવની ભાવના કરવા જેવી છે તેથી શાંતિ મળે છે. તે ભાવના વિનાના જીવોને ચાર ગતિમાં રખડવું પડે છે. ૧૧૯.

**एदे जीवणिकाया देहप्पविचारमस्सिदा भणिदा।**
**देहविहूणा सिद्धा भव्वा संसारिणो अभव्वा य ।।१२०।।**

**एते जीवनिकाया देहप्रवीचारमाश्रिताः भणिताः।**
**देहविहीनाः सिद्धाः भव्याः संसारिणोऽभव्याश्च ।।१२०।।**

**આ ઉક્ત જીવનિકાય સર્વે દેહસહિત કહેલ છે,**
**ને દેહવિરહિત સિદ્ધ છે; સંસારી ભવ્ય અભવ્ય છે. ૧૨૦.**

**અન્વયાર્થ :** (एते जीवनिकायाः) આ (પૂર્વોક્ત) જીવનિકાયો (देहप्रवीचारमाश्रिताः) દેહમાં વર્તનારા અર્થાત્ દેહ સહિત (भणिताः) કહેવામાં આવ્યા છે; (देहविहीनाः सिद्धाः) દેહરહિત એવા સિદ્ધો છે. (संसारिणः) સંસારીઓ (भव्याः अभव्याः च) ભવ્ય અને અભવ્ય એમ બે પ્રકારના છે.

---

**तात्पर्यवृत्ति :** अथ पूर्वोक्तजीवप्रपंचस्य संसारिमुक्तभेदेनोपसंहारव्याख्यानं करोति, - एते जीवनिकाया निश्चयेन शुद्धात्मस्वरूपाश्रिता अपि व्यवहारेण कर्मजनितदेहप्रवीचाराश्रिता भणिताः देहे प्रवीचारो वर्तना देहप्रवीचारः निश्चयेन केवलज्ञानदेहस्वरूपा अपि कर्मजनितदेहविहीना भवन्ति। ते के ? शुद्धात्मोपलब्धियुक्ताः सिद्धाः संसारिणस्तु भव्या अभव्याश्चेति। तथाहि - केवलज्ञानादिगुणव्यक्तिरूपा या शुद्धिस्तस्याः शक्तिर्भव्यत्वं भण्यते तद्विपरीतमभव्यत्वं। किंवत् ? पाच्यापाच्यमुद्गवत् सुवर्णेतरपाषाणवद्वा शुद्धिशक्तिर्यासौ सम्यक्त्वग्रहणकाले व्यक्तिमासादयति अशुद्धशक्तेर्यासौ व्यक्तिः सा चाशुद्धिरूपेण पूर्वमेव तिष्ठति तेन कारणेनानादिरित्यभिप्रायः ।।१२०।।

---

**समयव्याख्या : उक्तजीवप्रपञ्चोपसंहारोऽयम्। एते ह्युक्तप्रकाराः सर्वे संसारिणो देहप्रवीचाराः, अदेहप्रवीचारा भगवंतः सिद्धाः शुद्धा जीवाः। तत्र देहप्रवीचारत्वादेकप्रकारत्वेऽपि संसारिणो द्विप्रकाराः भव्या अभव्याश्च। ते शुद्धस्वरूपोपलम्भशक्तिसद्भावासद्भावाभ्यां पाच्यापाच्यमुद्गवदभिधीयंत इति ।।१२०।।**

**અનુવાદ : આ ઉક્ત (-પૂર્વે કહેવામાં આવેલા) જીવવિસ્તારનો ઉપસંહાર છે.**

**જેમના પ્રકારો (પૂર્વે) કહેવામાં આવ્યા એવા આ સર્વ સંસારીઓ દેહમાં વર્તનારા (અર્થાત્ દેહ સહિત) છે; દેહમાં નહિ વર્તનારા (અર્થાત્ દેહ રહિત) એવા સિદ્ધભગવંતો છે - કે જેઓ શુદ્ધ જીવો છે. ત્યાં, દેહમાં વર્તવાની અપેક્ષાએ સંસારી જીવોનો એક પ્રકાર હોવા છતાં તેઓ ભવ્ય અને અભવ્ય એમ બે પ્રકારના છે. 'પાચ્ય' અને 'અપાચ્ય' મગની માફક, જેમનામાં શુદ્ધ સ્વરૂપની ઉપલબ્ધિની શક્તિનો સદ્ભાવ છે તેમને 'ભવ્ય' અને જેમનામાં શુદ્ધ સ્વરૂપની ઉપલબ્ધિની શક્તિનો અસદ્ભાવ છે તેમને 'અભવ્ય' કહેવામાં આવે છે. ૧૨૦.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ-૭, ગુરુવાર)

જીવના બે ભેદો છે. એક સંસારી ને બીજા મુક્ત. બધા મોક્ષસ્વરૂપ છે એમ પણ નથી અને બધા દેહવાળા છે એમ પણ નથી. જીવ સ્વભાવથી સદાય શુદ્ધ છે પણ ચૈતન્યના ભાન વિના નવા નવા દેહો ચાર ગતિમાં મળ્યા કરે છે. આત્માને કેવળજ્ઞાન જ દેહ છે. સ્વભાવથી જ્ઞાન જ તેનું શરીર છે એમ ભાન કરે તો આત્મબુદ્ધિ થાય છે. જે જીવ આત્માનું ભાન કરતો નથી ને દયાદાનના ભાવ કરે છે તે દેવ થાય છે. ને પાપ કરે તે નારકી થાય છે ને મધ્યમ પરિણામ કરે તે મનુષ્ય થાય છે, માયાના ભાવ કરે તે તિર્યંચ થાય છે. આમ મુક્તિ વિનાના જીવને દેહનું પલટન થયા કરે છે. આ શરીર ન હોય તો તૈજસ ને કાર્મણ શરીર તો હોય જ છે એમ ભગવાન કહે છે. દેહરહિત જીવ તે સિદ્ધ છે ને તેણે અનંત જ્ઞાનદર્શનાદિ ગુણો પ્રગટ કરેલ છે. તે કોઈના ઉપર પ્રસન્ન થતા નથી ને ફરી અવતાર ધારણ કરતા નથી. વળી સંસારી જીવમાં બે જાત છે. એક મોક્ષને લાયક ભવ્ય જીવ છે ને બીજા મોક્ષને માટે નાલાયક અભવ્ય જીવ છે.

**ભાવાર્થ** : લોકમાં જીવ બે પ્રકારના છે. એક દેહધારી ને બીજા દેહરહિત. દેહધારી તે સંસારી છે ને દેહરહિત જીવ સિદ્ધ પર્યાયને અનુભવે છે. બધા થઈને એક જીવ નથી. જીવ જાતિએ એક અને સંખ્યાએ અનંત છે. દેહધારી એટલે કે વ્યવહારથી શરીરવાળો કહેવાય છે. જીવ વિકારીભાવ કરે છે તેના નિમિત્તે કર્મ બંધાય છે ને તેના ફળમાં શરીર મળે છે.

**પ્રશ્ન** : આત્મા વિના દેહ એની મેળે ચાલે છે તો ચાલતી વખતે દેહ બરાબર બારણામાંથી નીકળે છે ને ભીંતમાં કેમ ભટકાતો નથી ?

**સમાધાન** : શરીરની પર્યાય શરીરના કારણે થાય છે તેમાં આત્માનો અધિકાર નથી. જીવ રાગ–દ્વેષ કરે કે જ્ઞાન કરે પણ દેહનું કાંઈ પણ કરી શકે નહિ. બન્ને પૃથક્ છે.

સંસારીને દેહનો સંબંધ છે એમ નિમિત્તનું જ્ઞાન કરાવે છે ને સિદ્ધભગવાનને દેહનું નિમિત્તપણું પણ હોતું નથી.

વળી સંસારીમાં બે જાતના જીવો છે. એક ભવ્ય જીવ છે. જેમ મગ કે અડદના દાણા પાણીમાં પાકી જાય છે તેની જેમ ભવ્ય જીવો આત્માના શ્રદ્ધા–જ્ઞાન કરી મુક્તિ પામવાને લાયક છે. તે જીવો દેહ અને વિકારરહિત શુદ્ધાત્માનું ભાન કરી મુક્તિ પામે છે. અને કોરડુ મગને ગમે તેટલા પાણીમાં ઉકાળો ને નીચે લાકડાં બાળો તોપણ તે કદી પાકતા નથી, તેમ અભવ્ય જીવ ગમે તેટલો ક્રિયાકાંડ કરે, હજારો રાણીઓ છોડે પણ તે શુદ્ધ આત્માની રુચિ કરતા નથી તેથી મુક્તિ પામતો નથી. બહુ પાપ કરે ને કસાઈખાનાં માંડે તે અભવી થાય ને દયાદાનાદિના ભાવ કરે તે ભવી થાય એમ નથી. અભવ્ય ને ભવ્ય એવી બે જાત અનાદિથી છે. અભવ્ય અનંતા છે પણ ભવ્ય જીવો તેના કરતાં અનંતગુણા છે. અભવ્ય જીવો શરીરની ક્રિયા કરતા દેખાય છે. કષ્ટ સહન કરતા દેખાય છે પણ તેઓ શરીર વિનાના આત્માની રુચિ કરતા નથી.

**પ્રશ્ન** : શરીરને કષ્ટ આપવું કે નહિ ?

**સમાધાન** : શરીરને કષ્ટ હોય નહિ, આત્માને પર્યાયમાં કષ્ટ હોય. તે કષ્ટ તો પાપ છે, ધર્મ કષ્ટદાયક ન હોય. લોકોને ધર્મની ખબર નથી. જે કાંઈ આર્તધ્યાનના પરિણામ થાય છે તે

પાપ છે, પુણ્ય નથી ને ધર્મ તો નથી જ. જે ભાવથી દુઃખ લાગે તે ભાવ ધર્મ તો નથી જ પણ પુણ્યેય નથી. જડ શરીરને દુઃખ થતું નથી પણ અંદર રહેલો જીવ શરીર સાથે મમતાના પરિણામ કરે છે તે દુઃખ છે માટે જે જીવ ધર્મક્રિયા કરે તે દુઃખ ભોગવે તે બરાબર નથી. ધર્મ શાંતિદાયક ને આનંદદાતા છે.

હું આત્મા જ્ઞાતા દ્રવ્ય છું એવા ભાનપૂર્વક અંતર શાંતિ ને આનંદ પ્રગટે તે ધર્મ છે. ને જે કષ્ટદાયક લાગે તે અધર્મ છે. અજ્ઞાની જીવો ચારિત્રને દુઃખદાયક માને છે ને મહાવીર ભગવાન સંબંધમાં કહે કે ભગવાને અન્ન કરીને ખાધું નહિ, પાણી કરીને પાણી પીધું નહિ, સુખે કરીને સૂતા નહિ તો એમ માનનાર જીવો ચારિત્રને કષ્ટદાયક માને છે તે વીતરાગના સ્વરૂપને ઓળખતા નથી. ચારિત્ર તો શાંતિદાયક છે.

ગરમીમાં ઠંડી હવા વગેરે શાંતિદાયક લાગે છે. તેમ સંસારરૂપી તાપમાંથી બચી આત્માના ભાનપૂર્વક ચારિત્ર પ્રગટે તે શીતલીભૂત છે. ને તેથી અનાદિનો આતાપ ટળે છે.

અજ્ઞાની જીવ માને છે કે હું પરપદાર્થને અનુભવું છું પણ તે પદાર્થને અનુભવતો નથી પણ રાગનો અનુભવ કરે છે. આત્માના ભાન દ્વારા તે રાગને ટાળીને રાગરહિત શાંતિનું વેદન કરવું તે ચારિત્ર ને તપ છે. અજ્ઞાનપૂર્વકના તપને બાળતપ કહે છે. જગતમાં અભવી જીવો છે ને ભવી જીવો પણ છે. છે, છે ને છે તે તેનો સ્વભાવ છે. આમ કેમ એવો પ્રશ્ન સ્વભાવમાં નથી. આત્માનો સ્વભાવ ત્રણે કાળના ને ત્રણ લોકના પદાર્થોને જાણવાનો છે એમ ઓળખાણ કરે તેને હું ભવી છું એમ ખ્યાલમાં આવી જાય છે. ને બીજા ભવી ને અભવી આત્મા છે એમ તે ખ્યાલ કરી લે છે. આ પ્રમાણે જીવની જાતની વાત કરી. ૧૨૦.

---

**ण हि इंदियाणि जीवा काया पुण छप्पयार पण्णत्ता।**
**जं हवदि तेसु णाणं जीवो त्ति य तं परूवेंति ।।१२१।।**

**न हीन्द्रियाणि जीवाः कायाः पुनः षट्प्रकाराः प्रज्ञप्ताः।**
**यद्भवति तेषु ज्ञानं जीव इति च तत्प्ररूपयन्ति ।।१२१।।**

**રે ! ઇંદ્રિયો નહિ જીવ, ષડ્‌વિધ કાય પણ નહિ જીવ છે;**
**છે તેમનામાં જ્ઞાન જે બસ તે જ જીવ નિર્દિષ્ટ છે. ૧૨૧.**

**અન્વયાર્થ** : (न हि इंद्रियाणि जीवाः) (વ્યવહારથી કહેવામાં આવતા એકેંદ્રિયાદિ તથા પૃથ્વીકાયિકાદિ 'જીવો'માં) ઇંદ્રિયો જીવ નથી અને (षट्प्रकाराः प्रज्ञप्ताः कायाः पुनः) છ પ્રકારની શાસ્ત્રોક્ત કાયો પણ જીવ નથી; (तेषु) તેમનામાં (यद् ज्ञानं भवति) જે જ્ઞાન છે (तत् जीवः) તે જીવ છે (इति च प्ररूपयन्ति) એમ (જ્ઞાનીઓ) પ્રરૂપે છે.

---

**तात्पर्यवृत्ति** : एवं गाथाचतुष्टयपर्यंतं पंचेन्द्रियव्याख्यानमुख्यत्वेन चतुर्थस्थलं गतं। अत्र पंचेन्द्रिया इत्युपलक्षणं तेन कारणेन गौणवृत्या 'तिरिया बहुप्पयारा।' इति पूर्वोक्तगाथा-

खंडनैकेन्द्रियादिव्याख्यानमपि ज्ञातव्यं। उपलक्षणविषये दृष्टांतमाह - काकेभ्यो रक्षतां सर्पिरित्युक्ते मार्जारादिभ्योपि रक्षणीयमिति। अथेन्द्रियाणि पृथिव्यादिकायाश्च निश्चयेन जीवस्वरूपं न भवंतीति प्रज्ञापयति, - इन्द्रियाणि जीवा न भवन्ति। न केवलमिन्द्रियाणि। पृथिव्यादिकायाः षट्प्रकाराः प्रज्ञप्ता ये परमागमे तेपि। तर्हि किं जीवः ? यद्भवति तेषु मध्ये ज्ञानं जीव इति तत्प्ररूपयन्तीति। तद्यथा - अनुपचरितासद्भूतव्यवहारेण स्पर्शनादिद्रव्येन्द्रियाणि तथैवाशुद्धनिश्चयेन लब्ध्युपयोगरूपाणि भावेन्द्रियाणि यद्यपि जीवा भण्यंते तथैव व्यवहारेण पृथिव्यादिषट्कायाश्च तथापि शुद्धनिश्चयेन यदतीन्द्रियममूर्तं केवलज्ञानांतर्भूतमनंतसुखादिगुणकदंबकं स जीव इति सूत्रतात्पर्यम् ।।१२१।।

---

**समयव्याख्या : व्यवहारजीवत्वैकांतप्रतिपत्तिनिरासोऽयम्। य इमे एकेन्द्रियादयः पृथिवीकायिकादयश्चानादिजीवपुद्गलपरस्परावगाहमवलोक्य व्यवहारनयेन जीवप्राधान्याज्जीवा इति प्रज्ञाप्यंते। निश्चयनयेन तेषु स्पर्शनादीन्द्रियाणि पृथिव्यादयश्च कायाः जीवलक्षणभूतचैतन्यस्वभावाभावान्न जीवा भवंतीति। तेष्वेव यत्स्वपरपरिच्छित्तिरूपेण प्रकाशमानं ज्ञानं तदेव गुणगुणिनोः कथञ्चिदभेदाज्जीवत्वेन प्ररूप्यत इति ।।१२१।।**

**અનુવાદ : આ, વ્યવહારજીવત્વના એકાંતની પ્રતિપત્તિનું ખંડન છે (અર્થાત્ જેને માત્ર વ્યવહારનયથી જીવ કહેવામાં આવે છે તેનો ખરેખર જીવ તરીકે સ્વીકાર કરવો ઉચિત નથી એમ અહીં સમજાવ્યું છે).**

**જે આ એકેંદ્રિય વગેરે તથા પૃથ્વીકાયિક વગેરે, 'જીવો' કહેવામાં આવે છે તે, અનાદિ જીવ–પુદ્ગલનો પરસ્પર અવગાહ દેખીને વ્યવહારનયથી જીવના પ્રાધાન્ય દ્વારા (– જીવને મુખ્યતા અર્પીને) 'જીવો' કહેવામાં આવે છે. નિશ્ચયનયથી તેમનામાં સ્પર્શનાદિ ઇંદ્રિયો તથા પૃથ્વી–આદિ કાયો, જીવના લક્ષણભૂત ચૈતન્યસ્વભાવના અભાવને લીધે, જીવ નથી; તેમનામાં જ જે સ્વપરની જ્ઞપ્તિરૂપે પ્રકાશતું જ્ઞાન છે તે જ, ગુણ–ગુણીના કથંચિત્ અભેદને લીધે, જીવપણે પ્રરૂપવામાં આવે છે. ૧૨૧.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ–૭, ગુરુવાર)

જીવોનું સ્વરૂપ વ્યવહારાશ્રિત સર્વથા પ્રકારે કહી શકાતું નથી; કથંચિત્ અન્ય પ્રકારે પણ દેખાડે છે.

જીવને સ્પર્શાદિ પાંચ ઇન્દ્રિયનું નિમિત્ત વ્યવહારનયથી કહેલ હતું પણ ઇન્દ્રિયો જીવનું સ્વરૂપ નથી. વળી પૃથ્વીકાય, જળકાય, અગ્નિકાય, વાયુકાય, વનસ્પતિકાય ને ત્રસકાયરૂપ યોગ્યતા જીવની પર્યાયમાં છે તેને અશુદ્ધનિશ્ચયનયથી જીવ કહેલ પણ પર્યાયની યોગ્યતા તો અંશ છે, ત્રિકાળીસ્વરૂપ નથી માટે નિશ્ચયથી તે પણ જીવનું સ્વરૂપ નથી. એકરૂપ ચૈતન્યભાવ તે જીવ છે.

**ભાવાર્થ** : એકેન્દ્રિયાદિક ભેદો વ્યવહારનયની અપેક્ષાથી શરીરના સંબંધથી કહેવામાં આવેલ

છે. નિશ્ચયનયથી વિચારવામાં આવે તો સ્પર્શનાદિ ઇન્દ્રિયો તથા પૃથ્વી આદિક કાયા ચૈતન્યલક્ષ્મીવાન જીવથી જુદી છે. ઇન્દ્રિયો તથા શરીર જીવનું સ્વરૂપ નથી. એક સમયનો પર્યાય અશુદ્ધ નિશ્ચયનયથી જીવનો કહ્યો હતો પણ તે જીવનું કાયમી સ્વરૂપ છે જ નહિ. ત્રિકાળી જ્ઞાતાદ્રવ્ય એ જીવનું ખરું સ્વરૂપ છે. કોઈ પૂછે કે પરની દયા પાળવી કે નહિ ? ભાઈ, કોની દયા પાળવી છે ? શરીર તો જડ છે. જડની દયા પાળવી છે ? પૃથ્વી આદિક એક સમયની યોગ્યતા છે તેની દયા પાળવી ? ત્રિકાળી જ્ઞાતાદષ્ટા સ્વભાવ છે તેની દયા પાળવી ? પર શરીરનું રક્ષણ થઈ શકતું નથી ને પરનો પર્યાય કે સ્વભાવ તારો રાખ્યો રહે તેમ નથી. પોતે પરનું કાંઈ કરી શકતો નથી. પોતે જ્ઞાતાદષ્ટા છે એમ નિર્ણય કરવો તે સ્વદયા છે. કોઈ પૂછે કે આ વાત જુવાનીમાં બેસતી હશે ? **સમાધાન** : આત્મા બાળક નથી, જુવાન નથી, વૃદ્ધ નથી. આત્મા ચૈતન્યભાવમાત્ર છે. શ્રીકૃષ્ણના પુત્ર પ્રદ્યુમ્ન કામદેવ હતા, ત્રણ ખંડમાં સૌથી વિશેષ રૂપવાન હતા, જુવાનીમાં ઘણી વિદ્યા સાધેલી હતી. માતાને મળ્યા પછી વૈરાગ્ય આવતાં દીક્ષા લેવા તૈયાર થયા. માતા કહે છે કે તું ૧૬ વરસ ભેગો ન થયો ને અહીં મળ્યો તો હવે દીક્ષા લેવાનું કહે છે. છતાં પ્રદ્યુમ્ન કહે છે કે આવાં શરીરો તો અનંત મળ્યાં. પૂર્વના ભવો સ્વપ્ન સમાન થઈ ગયા તેમ આ દેહ પણ સ્વપ્ન સમાન થશે એમ વૈરાગ્ય લાવી દીક્ષા લે છે. આમ આત્માની ઓળખાણ કરવી તે ધર્મ છે.

અહીં જીવનું સ્વરૂપ ઓળખાવે છે. એકેન્દ્રિય આદિ ઇન્દ્રિયો, પૃથ્વી આદિ શરીર જીવનું સ્વરૂપ નથી. ઇન્દ્રિયો કે શરીર ફાટીને કેવળજ્ઞાન થતું નથી. તેમ જ એક સમયની યોગ્યતાના આધારે કેવળજ્ઞાન થતું નથી. જીવની ગતિની લાયકાત તે પણ જીવનું સ્વરૂપ નથી. દેહ, ઇન્દ્રિયો ને ઉઘાડભાવ બધાનું પલટન થઈને એકલો શુદ્ધ ચૈતન્યભાવ રહી જાય છે તે જીવ છે. સ્વ–પરને જાણવાવાળો આત્મ પદાર્થ છે, તેમાં ગુણગુણીનો ભેદ છે. આત્મા તે ગુણી છે ને જ્ઞાનદર્શનાદિ તે ગુણો છે એમ સંજ્ઞાભેદે ભેદ છે છતાં પ્રદેશભેદે ભેદ નથી તેથી અભેદ સંયુક્ત છે. આત્મા અસંખ્ય પ્રદેશે છે તેમ જ્ઞાન પણ અસંખ્ય પ્રદેશે રહેલું છે. આવો અવિનાશી, અચલ, નિર્મલ, ચૈતન્યસ્વરૂપ જીવપદાર્થ જાણવો. આમ પરથી ભેદસ્વરૂપ અને ગુણથી અભેદસ્વરૂપ એવા આત્માને જાણવો તે ધર્મ છે.

આ જીવ પદાર્થને જાણ્યા વિના અજ્ઞાની જીવ વિકારીભાવ કરી, દેહ ધારણ કરી પાંચ ઇન્દ્રિયોના વિષયોને ભોગવે છે પણ પોતાના અમૃતસ્વરૂપ આત્માને ભોગવતો નથી. વિષયો સ્વપ્નવત્ છે. પોતાનું સુખ પોતામાં છે તેને ભૂલીને પરમાં ટકું છું એમ માની પરને ભોગવે છે. જેવી રીતે દારૂ પીધેલો માણસ પોતાની માતાને સ્ત્રી કહે. ને સ્ત્રીને માતા કહે તેમ શરીર, મન, વાણી વગેરે પરપદાર્થો મારા છે એમ મોહથી ઉન્મત્ત જીવ માને છે અને પરદ્રવ્યમાં મમત્વભાવ કરે છે. પોતાનો ચૈતન્યભાવ પોતાની ચીજ છે તે ભૂલી જઈને પરમાં મોહ કરી મોક્ષસુખથી પરાઙ્મુખ રહે છે. એવો જે સંસારી જીવ છે તેનો દ્રવ્યદૃષ્ટિથી વિચાર કરવામાં આવે તો તે પણ નિર્મળ ચૈતન્ય વિલાસી આત્મારામ છે. આમ સ્વભાવદૃષ્ટિ કરવી તે ધર્મ છે. ૧૨૧.

**जाणदि पस्सदि सव्वं इच्छदि सुक्खं बिभेदि दुक्खादो।**
**कुव्वदि हिदमहिदं वा भुंजदि जीवो फलं तेसिं ।।१२२।।**
**जानाति पश्यति सर्वमिच्छति सौख्यं बिभेति दुःखात्।**
**करोति हितमहितं वा भुंक्ते जीवः फलं तयोः ।।१२२।।**
**જાણે અને દેખે બધું, સુખ અભિલષે, દુઃખથી ડરે,**
**હિત-અહિત જીવ કરે અને હિત-અહિતનું ફળ ભોગવે. ૧૨૨.**

**અન્વયાર્થ :** (जीवः) જીવ (सर्वं जानाति पश्यति) બધું જાણે છે અને દેખે છે, (सौख्यम् इच्छति) સુખને ઇચ્છે છે, (दुःखात् बिभेति) દુઃખથી ડરે છે, (हितम् अहितम् करोति) હિત-અહિતને (શુભ-અશુભ ભાવોને) કરે છે (वा) અને (तयोः फलं भुंक्ते) તેમના ફળને ભોગવે છે.

---

**तात्पर्यवृत्ति :** अथ ज्ञातृत्वादि कार्यं जीवस्य संभवतीति निश्चिनोति, - जानाति पश्यति। किं ? सर्वं वस्तु, इच्छति किं ? सौख्यं। बिभेति कस्मात्। दुःखात्, करोति किं ? हितमहितं वा, भुंक्ते। स कः कर्ता ? जीवः। किं ? फलं। कयोः ? तयोर्हिताहितयोरिति। तथाहि - पदार्थपरिच्छित्तिरूपायाः क्रियाया ज्ञप्तेर्दृशेश्च जीव एक कर्ता न तत्संबंधः पुद्गलः कर्मनोकर्मरूपः सुखपरिणतिरूपायाः इच्छाक्रियायाः स एव दुःखपरिणतिरूपाया भीतिक्रियायाः स एव च हिताहितपरिणतिरूपायाः कर्तृक्रियायाश्च स एव सुखदुःखफलानुभवनरूपाया भोक्तृक्रियायाश्च स एव कर्ता भवतीत्यसाधारणकार्येण जीवास्तित्वं ज्ञातव्यं। तच्च कर्तृत्वमशुभशुभशुद्धोपयोगरूपेण त्रिधा भिद्यते, अथवानुपचरितासद्भूतव्यवहारेण द्रव्यकर्मकर्तृत्वं तथैवाशुद्धनिश्चयेन रागादिविकल्परूपभावकर्मकर्तृत्वं शुद्धनिश्चयेन तु केवलज्ञानादिशुद्धभावनां परिणमनरूपं कर्तृत्वं नयत्रयेण भोक्तृत्वमपि तथैवेति सूत्रतात्पर्यं। तथा चोक्तं। `पुग्गलकम्मादीणं कत्ता ववहारदो दु णिच्छयदो। चेदणकम्माणादा सुद्धणया सुद्धभावाणं' ।।१२२।।

---

**समयव्याख्या : अन्यासाधारणजीवकार्यख्यापनमेतत्। चैतन्यस्वभावत्वात्कर्तृस्थायाः क्रियायाः ज्ञप्तेर्दृशेश्च जीव एव कर्ता, न तत्संबंधः पुद्गलो, यथाकाशादि। सुखाभिलाषक्रियायाः दुःखोद्वेगक्रियायाः स्वसंवेदितहिताहितनिर्वर्तनक्रियायाश्च चैतन्यविवर्तरूपसङ्कल्पप्रभवत्वात्स एव कर्ता, नान्यः। शुभाशुभकर्मफलभूताया इष्टानिष्टविषयोपभोगक्रियायाश्च सुखदुःखस्वरूप-स्वपरिणामक्रियाया इव स एव कर्ता, नान्यः। एतेनासाधारणकार्यानुमेयत्वं पुद्गलव्यतिरिक्तस्यात्मनो द्योतितमिति ।।१२२।।**

**અનુવાદ : આ, અન્યથી અસાધારણ એવાં જીવકાર્યોનું કથન છે (અર્થાત્ અન્ય દ્રવ્યોથી અસાધારણ એવાં જે જીવનાં કાર્યો તે અહીં દર્શાવ્યાં છે).**

**ચૈતન્યસ્વભાવપણાને લીધે, કર્તૃસ્થિત (કર્તામાં રહેલી) ક્રિયાનો-જ્ઞપ્તિ તથા દૃશિ-જીવ જ કર્તા છે; તેના સંબંધમાં રહેલું પુદ્ગલ તેનું કર્તા નથી, જેમ આકાશાદિ નથી તેમ. (ચૈતન્યસ્વભાવને**

**લીધે જાણવાની અને દેખવાની ક્રિયાનો જીવ જ કર્તા છે; જ્યાં જીવ છે ત્યાં ચાર અરૂપી અચેતન દ્રવ્યો પણ છે તોપણ તેઓ જેમ જાણવાની અને દેખવાની ક્રિયાનાં કર્તા નથી તેમ જીવની સાથે સંબંધમાં રહેલાં કર્મ–નોકર્મરૂપ પુદ્‌ગલો પણ તે ક્રિયાનાં કર્તા નથી.) ચૈતન્યના વિવર્તરૂપ (–પલટારૂપ) સંકલ્પની ઉત્પત્તિ (જીવમાં) થતી હોવાને લીધે, સુખની અભિલાષારૂપ ક્રિયાનો, દુઃખના ઉદ્વેગરૂપ ક્રિયાનો તથા સ્વસંવેદિત હિત–અહિતની નિષ્પત્તિરૂપ ક્રિયાનો (–પોતાથી ચેતવામાં આવતા શુભ–અશુભ ભાવોને રચવારૂપ ક્રિયાનો) જીવ જ કર્તા છે; અન્ય નહિ. શુભાશુભ કર્મના ફળભૂત ઇષ્ટાનિષ્ટવિષયોપભોગક્રિયાનો, સુખદુઃખસ્વરૂપ સ્વપરિણામક્રિયાની માફક, જીવ જ કર્તા છે; અન્ય નહિ.**

**આથી એમ સમજાવ્યું કે (ઉપરોક્ત) અસાધારણ કાર્યો દ્વારા પુદ્‌ગલથી ભિન્ન એવો આત્મા અનુમેય (– અનુમાન કરી શકાવાયોગ્ય) છે. ૧૨૨.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ–૮, શુક્રવાર)

નવ પદાર્થોમાંથી આ જીવ પદાર્થનું વર્ણન છે. નવ તત્ત્વોમાં જીવનું પરથી ભેદજ્ઞાન કરાવવાનો આ અધિકાર છે. અનાદિથી સ્વ–પરની એકતા બુદ્ધિરૂપ જે મિથ્યાભાવ છે તે અધર્મ છે. પરથી જુદું પોતાનું સ્વરૂપ સમજે તો કલ્યાણ થાય. તેથી જીવમાં હોય ને બીજા કોઈ દ્રવ્યોમાં ન હોય એવા ખાસ કાર્યનું વર્ણન કરે છે.

પ્રથમ તો જાણવું–દેખવું તે જીવની ક્રિયા છે; જાણવા–દેખવાની ક્રિયા જીવ સિવાય અન્ય કોઈ દ્રવ્યમાં નથી.

વળી સુખને ઇચ્છે છે ને દુઃખથી ડરે છે તે પણ જીવની ક્રિયા છે; અજીવને સુખ–દુઃખ હોતાં જ નથી.

વળી શુભ–અશુભ આચરણ તે પણ જીવનું કર્તૃત્વ છે. જડમાં કાંઈ પુણ્યપાપના ભાવો હોતા નથી. હિંસાદિના પાપભાવ કે દયાભક્તિના પુણ્યભાવ તે જીવની ક્રિયા છે. આમ સમજે તો પરથી ભેદજ્ઞાન થાય. નિમિત્ત સારાં મળ્યાં માટે શુભ પરિણામ થયાં કે ખરાબ નિમિત્ત મળ્યાં માટે અશુભ પરિણામ થયાં એમ નથી પણ શુભઅશુભ પરિણામ તે જીવનું જ કર્તવ્ય છે.

વળી પોતાના કાર્યના ફળરૂપ સુખદુઃખને પણ જીવ જ ભોગવે છે. જડમાં કાંઈ સુખદુઃખ ભોગવવાનું હોતું નથી. દુઃખનું વેદન દેહમાં થતું નથી પણ જીવમાં થાય છે. આમ સમજાવીને જીવને પરથી ભિન્ન ઓળખાવે છે.

જાણવા–દેખવાની ક્રિયા કરનાર જીવ પોતે જ છે; કોઈ પરને લીધે આત્મામાં જાણવા–દેખવાની ક્રિયા થતી નથી. નિમિત્તને લીધે જ્ઞાન થાય એમ નથી. પણ જીવ પોતે જ જાણવાના સ્વભાવવાળો છે.

નવ પદાર્થોમાં જીવ કેવા સ્વભાવવાળો છે તે ઓળખાવે છે. જ્ઞાન–દર્શનક્રિયા સાથે આત્મા તન્મય છે. આત્મા શરીરાદિની ક્રિયા સાથે તન્મય નથી. તેનાથી તો જુદો છે પણ પોતાની જ્ઞાનદર્શનની

ક્રિયા સાથે જ તે તન્મય છે. પરને અને મારે કાંઈ પણ સંબંધ નથી એમ સમજીને ભેદજ્ઞાન માટે આ વર્ણન છે. જીવ પદાર્થનું વર્ણન પૂરું કરતાં છેલ્લે કહેશે કે જીવઅજીવ પદાર્થોના લક્ષણનું વર્ણન માત્ર ભેદવિજ્ઞાન કરવાના હેતુથી જ કરવામાં આવ્યું છે. પરથી ભેદજ્ઞાન કરીને અંતર્મુખ સ્વભાવના અવલંબને જ શાંતિ છે. આમ સમજે તો બહારથી શાંતિ કે જ્ઞાન લેવાની મિથ્યાબુદ્ધિ રહે નહિ. જ્ઞાનની ક્રિયા તો પોતાના આત્મામાં થાય છે. કોઈ પુસ્તક પાનાથી કે બહારના પદાર્થો વડે તે જ્ઞાનક્રિયા થતી નથી. જ્ઞાનક્રિયા આત્મામાં જ થાય છે. તે જ્ઞાન ક્રિયાની સાથે આત્મા તન્મય છે. પણ જીવ સાથે સંબંધવાળું એવું અચેતન પુદ્ગલ દ્રવ્ય તે જ્ઞાનક્રિયાનું કર્તા નથી. અચેતન આંખને લીધે આત્મા જાણે એ વાત જૂઠી છે. જ્ઞાનાવરણ કર્મ જડ છે, તે આત્માની જ્ઞાનક્રિયાનું કરનાર કે રોકનાર નથી. જીવ પોતે પોતાના જ્ઞાનની જેવી ક્રિયા કરે તેવી થાય છે. જેમ અચેતન આકાશ કાંઈ જાણતું નથી તેમ અજીવ પુદ્ગલ દ્રવ્યની સાથે પણ જીવની જ્ઞાનક્રિયાને કાંઈ સંબંધ નથી તેમ અજીવ પુદ્ગલ સાથે પણ જ્ઞાનનો સંબંધ નથી. જેમ આકાશ સાથે જ્ઞાનનો કાંઈ સંબંધ નથી તેમ અજીવ પુદ્ગલ સાથે પણ જ્ઞાનનો સંબંધ નથી. જ્ઞાન તો આત્મા સાથે એકમેક છે. આમ સમજે તો જ્ઞાનમાં પરાશ્રયબુદ્ધિ રહે નહિ. જેમ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ એ ચાર અરૂપી દ્રવ્યો આત્માને જ્ઞાનનું કારણ નથી તેમ પુદ્ગલ દ્રવ્ય પણ આત્માને જ્ઞાનનું કારણ નથી. બાર અનુપ્રેક્ષામાં કહે છે કે પુણ્ય–પાપ આસ્રવ છે તે આસ્રવની ક્રિયા મોક્ષમાં નિમિત્ત પણ નથી એમ ચિંતવવું.

વ્યવહારના શુભ પરિણામ મોક્ષનું નિમિત્ત થશે એમ તું ચિંતવીશ નહિ. આસ્રવના ભાવોને મોક્ષનું પરંપરા કારણ પણ માનીશ નહિ. ત્યાં જેમ આસ્રવ તે મોક્ષની ક્રિયાનું કારણ નથી એમ કહ્યું તેમ અહીં કહે છે કે અજીવ દ્રવ્યોને લીધે જીવમાં જ્ઞાનક્રિયા થતી નથી.

છ દ્રવ્યોમાં એક જીવ દ્રવ્ય જ જ્ઞાનક્રિયાસંપન્ન છે તેથી તે જ્ઞાન ક્રિયા વડે જીવને અન્ય સમસ્ત દ્રવ્યોથી જુદો ઓળખવો.

જીવમાં જ સુખની ઇચ્છા થાય છે. સિદ્ધ ભગંવતો તો પૂર્ણ સુખી થઈ ગયા. તેમને હવે ઇચ્છા રહી નથી. અજીવને પણ સુખની ઇચ્છા હોતી નથી. દરેક જીવ સુખને ઇચ્છે છે આમ કહીને અહીં જડની ભિન્નતા બતાવે છે. આત્માના અતીન્દ્રિય સુખની અભિલાષા હોય કે સંસારના ઇન્દ્રિયસુખની અભિલાષા હોય તે જીવમાં જ છે. અજીવમાં તે હોતી નથી. સુખ નામનો ગુણ જીવમાં જ છે.

વળી દુઃખથી ભયભીત થાય એવી ક્રિયા પણ જીવમાં જ છે. અજીવમાં કાંઈ દુઃખનો ડર હોતો નથી. જુઓ સુખદુઃખ એ કાંઈ કલ્પના નથી. પણ જીવની પર્યાયમાં સુખદુઃખ થાય છે.

વળી શુભઅશુભભાવોરૂપે પ્રવર્તન વગેરે ક્રિયાઓમાં પણ જીવ જ પ્રવર્તે છે. જુઓ, અહીં જીવને બીજા પદાર્થોથી જુદો ઓળખાવવો છે. માટે શુભ–અશુભનો કર્તા કહ્યો છે. દૃષ્ટિના વિષયનું વર્ણન હોય ત્યાં તો એમ કહે કે શુભ અશુભભાવો આત્માના સ્વભાવમાં નથી. આત્મા શુભાશુભને કરતો નથી પણ અહીં તો પર્યાય અપેક્ષાએ વાત છે તેથી આત્માને શુભાશુભનો કર્તા કહ્યો છે. પોતાના શુભ અશુભભાવના ફળરૂપ સુખદુઃખનો ભોક્તા પણ જીવ પોતે છે. સુખદુઃખના

ભોગવટારૂપ ક્રિયા પરને લીધે થતી નથી પણ જીવની જ તે ક્રિયા છે. કોઈ સંયોગો તેને સુખદુઃખ દેવામાં સમર્થ નથી.

આ પ્રમાણે જ્ઞાનદર્શન, સુખદુઃખ, શુભઅશુભ કે હર્ષશોક વગેરે ક્રિયાઓનો કર્તા જીવ જ છે એમ જાણવું. તે જાણવા દેખવા વગેરેની ક્રિયાઓ અજીવમાં હોતી નથી. આમ ઓળખીને જીવ–અજીવનું ભેદવિજ્ઞાન કરવું તે અપૂર્વધર્મ છે.

નવ પદાર્થોમાં પહેલો જીવ પદાર્થ આવો છે. આવા જીવનું ભાન ન કરે ને બહરની ક્રિયામાં ધર્મ માની લ્યે તેને રખડવાનું મટે નહિ. માટે પહેલાં જીવ શું ને જીવની ક્રિયા શું તે સમજવું જોઈએ. શરીર ઊંચુનીચું થાય કે ભાષા બોલાય તે તો અજીવની ક્રિયા છે. તે ક્રિયામાં કાંઈ જીવનો ધર્મ હોતો નથી. જીવનો ધર્મ તો પોતાના જ્ઞાનદર્શનાદિની ક્રિયામાં છે. 'મન–વચન–કાયાથી કરવું, કરાવવું ને અનુમોદવું' એમ નવ કોટિથી ત્યાગ કરવાનું કથન આવે, ત્યાં તે પ્રકારના જીવના ભાવોને છોડવા માટેની વાત છે. કાંઈ જડની ક્રિયાને આત્મા કરતો નથી, ને જડની ક્રિયાને છોડવાની વાત નથી. કરવાનો, કરાવવાનો કે અનુમોદવાનો ભાવ કોનો છે ? તે ભાવ તો જીવની પર્યાયમાં થાય છે તેથી તે ભાવને છોડવાની વાત છે એમ સમજવું. આમ સમજે નહિ ને આત્માને જડની ક્રિયાથી ધર્મ–અધર્મ માને તેને તો હજી જીવ–અજીવની ભિન્નતાનું પણ ભાન નથી. તેને ધર્મ થાય નહિ માટે અહીં જીવ અજીવના લક્ષણ બતાવીને ભેદજ્ઞાન કરાવ્યું છે.

---

**एवमभिगम्म जीवं अण्णेहिं वि पज्जएहिं बहुगेहिं।**
**अभिगच्छदु अज्जीवं णाणंतरिदेहिं लिंगेहिं ।।१२३।।**

**एवमभिगम्य जीवमन्यैरपि पर्यायैर्बहुकैः।**
**अभिगच्छत्वजीवं ज्ञानांतरितैर्लिङ्गैः ।।१२३।।**

**બીજાય બહુ પર્યાયથી એ રીત જાણી જીવને,**
**જાણો અજીવપદાર્થ જ્ઞાનવિભિન્ન જડ લિંગો વડે. ૧૨૩.**

**અન્વયાર્થ :** (एवम्) એ રીતે (अन्यैः अपि बहुकैः पर्यायैः) બીજા પણ બહુ પર્યાયો વડે (जीवम् अभिगम्य) જીવને જાણીને (ज्ञानांतरितैः लिङ्गैः) જ્ઞાનથી અન્ય એવાં (જડ) લિંગો વડે (अजीवम् अभिगच्छतु) અજીવને જાણો.

---

**तात्पर्यवृत्ति :** एवं भेदभावनामुख्यत्वेन प्रथमगाथा जीवस्यासाधारणकार्यकथनरूपेण द्वितीया चेति स्वतन्त्रगाथाद्वयेन पंचमस्थलं गतं। अथ गाथापूर्वार्धेन जीवाधिकारव्याख्यानोपसंहारमुत्तरार्धेन चाजीवाधिकारप्रारंभं करोति, - एवमभिगम्य ज्ञात्वा। कं। जीवं अन्यैरपि पर्यायैर्बहुकैः पश्चादभिगच्छतु जानातु। कं ? अजीवं ज्ञानांतरितैर्लिंङ्गैरिति। तद्यथा - एवं पूर्वोक्तप्रकारेण जीवपदार्थमधिगम्य। कैः ? पर्यायैः। कथंभूतैः ? पूर्वोक्तैः, न केवलं पूर्वोक्तैः व्यवहारेण गुणस्थानमार्गणास्थानभेदगतनामकर्मोदयादिजनितस्वकीयस्वकीयमनुष्यादिशरीरसंस्थानसंहनन-

प्रभृतिबहिरंगाकारैर्निश्चयेनाभ्यंतरै रागद्वेषमोहरूपैरशुद्धैस्तथैव च नीरागनिर्विकल्पचिदानंदैकस्वभावात्मपदार्थसंवित्तिसंजातपरमानंदसुस्थितसुखामृतरसानुभवसमरसीभावपरिणतमनोरूपैः शुद्धैश्चान्यैरपि। पश्चात्। किं करोतु ? जानातु। कं ? अजीवं पदार्थं। कैः ? लिंगैः चिह्नैः। किंविशिष्टैरग्रे वक्ष्यमाणैर्ज्ञानांतरितत्वात् जडैश्चेति सूत्राभिप्रायः ।।१२३।।

**समयव्याख्या : जीवाजीवव्याख्योपसंहारोपक्षेपसूचनेयम्। एवमनया दिशा व्यवहारनयेन कर्मग्रंथप्रतिपादितजीवगुणमार्गणास्थानादिप्रपञ्चितविचित्रविकल्परूपैः, निश्चयनयेन मोहरागद्वेषपरिणतिसंपादितविश्वरूपत्वात्कदाचिदशुद्धैः कदाचित्तदभावाच्छुद्धैश्चैतन्यविवर्तग्रन्थिरूपैर्बहुभिः पर्यायैः जीवमधिगच्छेत्। अधिगम्य चैवमचैतन्यस्वभावत्वात् ज्ञानादर्थांतरभूतैरितः प्रपंच्यमानैर्लिङ्गैर्जीवसंबद्धमसंबद्धं वा स्वतो भेदबुद्धिप्रसिद्ध्यर्थमजीवमधिगच्छेदिति ।।१२३।।**

**- इति जीवपदार्थव्याख्यानं समाप्तम्।**

**અનુવાદ : આ, જીવ–વ્યાખ્યાનના ઉપસંહારની અને અજીવ–વ્યાખ્યાનના પ્રારંભની સૂચના છે.**

**એ રીતે આ નિર્દેશ પ્રમાણે (અર્થાત્ ઉપર સંક્ષેપમાં સમજાવ્યા પ્રમાણે), (૧) વ્યવહારનયથી કર્મગ્રંથપ્રતિપાદિત જીવસ્થાન–ગુણસ્થાન–માર્ગણાસ્થાન ઇત્યાદિ દ્વારા પ્રપંચિત વિચિત્ર ભેદરૂપ બહુ પર્યાયો વડે, તથા (૨) નિશ્ચયનયથી મોહરાગદ્વેષપરિણતિસંપ્રાપ્ત વિશ્વરૂપતાને લીધે કદાચિત્ અશુદ્ધ (એવા) અને કદાચિત્ તેના (– મોહરાગદ્વેષપરિણતિના) અભાવને લીધે શુદ્ધ એવા ચૈતન્યવિવર્તગ્રંથિરૂપ બહુ પર્યાયો વડે, જીવને જાણો. એ રીતે જીવને જાણીને, અચૈતન્યસ્વભાવને લીધે, જ્ઞાનથી અર્થાંતરભૂત એવાં, અહીંથી (હવેની ગાથાઓમાં) કહેવામાં આવતાં લિંગો વડે, જીવ–સંબદ્ધ કે જીવ–અસંબદ્ધ અજીવને, પોતાથી ભેદબુદ્ધિની પ્રસિદ્ધિ અર્થે, જાણો. ૧૨૩.**

**આ રીતે જીવપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ–૮, શુક્રવાર)

હવે જીવ અજીવના વ્યાખ્યાનને સંક્ષેપી કહે છે.

એ પ્રમાણે બીજી પણ અનેક પર્યાયોથી આત્માને જાણીને જ્ઞાનથી ભિન્ન સ્પર્શ, રસ, ગંધ, વર્ણાદિ ચિહ્નથી પુદ્‌ગલાદિ પાંચ અજીવ દ્રવ્યોને જાણો.

એ પ્રમાણે જ્ઞાનદર્શનાદિ ક્રિયા વડે જીવને અન્ય દ્રવ્યોથી ભિન્ન ઓળખાવ્યો. તે રીતે ગુણસ્થાન, જીવસ્થાન વગેરે અન્ય પર્યાયોથી પણ જીવને અન્ય અજીવ દ્રવ્યોથી ભિન્ન ઓળખી લેવો. જુઓ ! સમયસાર, નિયમસાર વગેરેમાં જીવના અખંડ સ્વભાવની અધિકતા બતાવવા માટે ગુણસ્થાન, જીવસ્થાન વગેરેને અજીવના પરિણામ કહ્યા છે ત્યાં પર્યાય ગૌણ કરીને દ્રવ્યદષ્ટિનો વિષય બતાવ્યો છે અને અહીં તો અજીવ દ્રવ્યોથી ભિન્નતા બતાવવા માટે જીવની પર્યાય વડે જીવને ઓળખાવ્યો છે. મિથ્યાત્વાદિ ૧૪ ગુણસ્થાનો છે. તે બધા ભાવો જીવની પર્યાયમાં થાય છે, તે કાંઈ અજીવને

લીધે થતા નથી. ત્રિકાળી સ્વભાવની દૃષ્ટિ કરાવવા માટે તેને કર્મજનિત કહ્યા છે પણ **ત્યાં તો પર્યાયને અંતર્મુખ કરીને અભેદ સ્વભાવ બતાવવાનો અભિપ્રાય છે. જો પર્યાયને જ પરાધીન–કર્મને લીધે માની લે તો તો અંતર્મુખ થઈને અભેદ સ્વભાવની દૃષ્ટિ ક્યાંથી કરશે ? કેમ કે અભેદ સ્વભાવને દૃષ્ટિમાં લેનાર તો પર્યાય છે. તે પર્યાયને જ જેણે પરને લીધે માની તે જીવ પર્યાયને અંતર સ્વભાવની સન્મુખ કરી શકશે નહિ. માટે નક્કી કરવું જોઈએ કે જેટલી જીવની પર્યાયો છે તે બધી જીવને પોતાને લીધે જ થાય છે.** આવો આત્માની પર્યાયોનો વિલાસ છે. તે પર્યાયના વિલાસથી જીવતત્ત્વને જાણી લેવું. નિગોદની દશા, નરકાદિની દશા વગેરે બધી દશામાં પણ જીવતત્ત્વનો વિલાસ છે. જગતના જે બાહ્ય પદાર્થો દેખાય છે તેમાં તો જડનો વિલાસ છે, તેમાં આત્માનો વિલાસ નથી. આત્માનો વિલાસ તો પોતાની પર્યાયમાં જ છે. આમ જીવની પર્યાય વડે જીવને ઓળખવો. જીવની શુદ્ધ પર્યાય કે અશુદ્ધ પર્યાય તેના વડે જીવ તત્ત્વ જ ઓળખાય છે ને અચેતનપણા વડે અજીવ તત્ત્વો ઓળખાય છે.

કદાચિત્ મોહ–રાગ–દ્વેષ વગેરે અશુદ્ધ પર્યાયો છે તે અશુદ્ધ નિશ્ચયનયથી જીવ છે. તે અશુદ્ધ પર્યાયથી જીવતત્ત્વ જણાય છે કેમ કે તે પર્યાય જીવની છે. અને તે અશુદ્ધતા ટળીને શુદ્ધ પર્યાય પ્રગટે તે શુદ્ધ પર્યાય વડે પણ જીવતત્ત્વ જણાય છે.

આ પ્રમાણે સર્વજ્ઞદેવપ્રણીત આગમ અનુસાર અનેક પ્રકારના નયવિલાસથી જીવતત્ત્વને જાણવું. અને જડ સ્વભાવ વડે અજીવતત્ત્વને ઓળખવું. કર્મો, નોકર્મો કે છૂટા રજકણો તે બધાય અજીવ છે. જીવ જ્ઞાન, દર્શનમય છે, તે અજીવથી ભિન્ન છે. આમ જીવના લક્ષણથી જીવને જાણવો ને અજીવના લક્ષણથી અજીવને જાણવો. એ રીતે જીવ–અજીવનું ભેદજ્ઞાન કરાવવા માટે જ આ જીવ–અજીવનાં પૃથક્ લક્ષણો ઓળખાવ્યાં છે.

જીવ–અજીવનું ભેદજ્ઞાન કર્યા વિના પરમાંથી એકત્વબુદ્ધિ ટળે નહિ ને તે વિના ધર્મ થાય નહિ. જુઓ ! આ સમજ્યા વિના જન્મમરણનો થાક ઊતરે તેમ નથી. તારે અનંત જન્મમરણનો થાક ઉતારવો હોય તો જ્ઞાનાદિ લક્ષણો વડે તારા જીવતત્ત્વને અજીવથી ભિન્ન ઓળખીને તારા જીવસ્વભાવમાં વિસામો લે.

અભવ્ય જીવને પણ જે મિથ્યાત્વાદિ ભાવો છે તે કર્મને લીધે નથી પણ તેની પોતાની પર્યાયને લીધે જ છે. આમ નવ તત્ત્વોમાં જીવને અજીવથી ભિન્ન જાણવો. નવતત્ત્વોમાં જીવતત્ત્વને સમજવાનું તાત્પર્ય છે. નવતત્ત્વમાં જીવની પર્યાયને પર્યાય તરીકે જાણે છે ને દ્રવ્યને દ્રવ્ય તરીકે જાણે છે. તે જ્ઞાનનું જોર અખંડ દ્રવ્ય તરફ વળ્યા વિના રહેતું નથી કેમ કે દ્રવ્યને દ્રવ્યપણે જાણ્યું ને પર્યાયને પર્યાયપણે જાણ્યું ત્યાં પર્યાય કરતાં દ્રવ્યનું સામર્થ્ય અનંતગણું છે એમ પણ તે જ્ઞાને જાણ્યું છે તેથી તે જ્ઞાનનું વલણ અખંડ દ્રવ્ય તરફ વળ્યા વિના રહેતું નથી. એ રીતે નવતત્ત્વના જ્ઞાનમાં પણ અભેદ દ્રવ્ય તરફનું વલણ જ આવી જાય છે.

નવતત્ત્વમાંથી જીવતત્ત્વનું વર્ણન અહીં પૂરું થયું.

**आगासकालपुग्गलधम्माधम्मेसु णत्थि जीवगुणा।**
**तेसिं अचेदणत्तं भणिदं जीवस्स चेदणदा ।।१२४।।**

**आकाशकालपुद्‌गलधर्माधर्मेषु न सन्ति जीवगुणाः।**
**तेषामचेतनत्वं भणितं जीवस्य चेतनता ।।१२४।।**

**છે જીવગુણ નહિ આભ-ધર્મ-અધર્મ-પુદ્‌ગલ-કાળમાં;**
**તેમાં અચેતનતા કહી, ચેતનપણું કહ્યું જીવમાં. ૧૨૪.**

**અન્વયાર્થ :** (आकाशकालपुद्‌गलधर्माधर्मेषु) આકાશ, કાળ, પુદ્‌ગલ, ધર્મ અને અધર્મમાં (जीवगुणाः न सन्ति) જીવના ગુણો નથી; (કારણ કે) (तेषाम् अचेतनत्वं भणितम्) તેમને અચેતનપણું કહ્યું છે, (जीवस्य चेतनता) જીવને ચેતનતા કહી છે.

---

**तात्पर्यवृत्ति :** एवं जीवपदार्थव्याख्यानोपसंहारः तथैवाजीवव्याख्यानप्रारंभ इत्येकसूत्रेण षष्ठस्थलं गतं। इति पूर्वोक्तप्रकारेण `जीवाजीवा भावा' इत्यादि नवपदार्थानां नामकथनरूपेण स्वतन्त्रगाथासूत्रमेकं, तदनंतरं जीवादिपदार्थव्याख्यानेन षट्स्थलैः पंचदशसूत्राणीति समुदायेन षोडशगाथाभिर्नवपदार्थप्रतिपादकद्वितीयमहाधिकारमध्ये `द्वितीयांतराधिकारः' समाप्तः। अथ भावकर्मद्रव्यकर्मनोकर्ममतिज्ञानादिविभावगुणनरनारकादिविभावपर्यायरहितः केवलज्ञानाद्यनंतगुण-स्वरूपो जीवादिनवपदार्थांतर्गतो भूतार्थपरमार्थरूपः शुद्धसमयसाराभिधान उपादेयभूतो योऽसौ शुद्धजीवपदार्थस्तस्मात्सकाशाद्विलक्षणस्वरूपस्याजीवपदार्थस्य गाथाचतुष्टयेन व्याख्यानं क्रियते। तत्र गाथाचतुष्टयमध्ये अजीवत्वप्रतिपादनमुख्यत्वेन `आयासकाल' इत्यादिपाठक्रमेण गाथात्रयं, तदनंतरं भेदभावनार्थं देहगतशुद्धजीवप्रतिपादनमुख्यत्वेन `अरसमरूवं' इत्यादि सूत्रमेकं, एवं गाथाचतुष्टपर्यंतं स्थलद्वयेनाजीवाधिकारव्याख्याने समुदायपातनिका। तद्यथा। अथाकाशादीनामजीवत्वे कारणं प्रतिपादयति, - आकाशकालपुद्‌गलधर्माधर्मेष्वनंतज्ञानदर्शनादयो जीवगुणाः सन्ति न ततः कारणात्तेषामचेतनत्वं भणितं। कस्मात् तेषां जीवगुणा न संतीति चेत्। युगपज्जगत्त्रयकालत्रय-वर्तिसमस्तपदार्थपरिच्छेदकत्वेन जीवस्यैव चेतकत्वादिति सूत्राभिप्रायः ।।१२४।।

---

**समयव्याख्या : अथ अजीवपदार्थव्याख्यानम्। आकाशादीनामेवाजीवत्वे हेतूपन्यासोयम्। आकाशकालपुद्‌गलधर्माधर्मेषु चैतन्यविशेषरूपा जीवगुणा नो विद्यंते, आकाशादीनां तेषामचेतनत्वसामान्यत्वात्। अचेतनत्वसामान्यञ्चाकाशादीनामेव, जीवस्यैव चेतनत्वसामान्यादिति ।।१२४।।**

**અનુવાદ : હવે અજીવપદાર્થનું વ્યાખ્યાન છે. આ, આકાશાદિનું જ અજીવપણું દર્શાવવા માટે હેતુનું કથન છે.**

**આકાશ, કાળ, પુદ્‌ગલ, ધર્મ અને અધર્મમાં ચૈતન્યવિશેષોરૂપ જીવગુણો વિદ્યમાન નથી; કારણ કે તે આકાશાદિને અચેતનત્વસામાન્ય છે. અને અચેતનત્વસામાન્ય આકાશાદિને જ છે, કેમકે જીવને**

**જ ચેતનત્વસામાન્ય છે. ૧૨૪.**

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ–૮, શુક્રવાર)

હવે અજીવ તત્ત્વની વાત કરે છે.

આકાશદ્રવ્ય, કાળદ્રવ્ય, પુદ્‌ગલદ્રવ્ય, ધર્મદ્રવ્ય, અધર્મદ્રવ્ય એ પાંચે દ્રવ્યોમાં સુખસત્તા, બોધ ચૈતન્યાદિ જીવના ગુણો નથી, ભગવાને તે પાંચે દ્રવ્યોમાં ચેતનારહિત જડભાવ કહ્યો છે. ચૈતન્યભાવ એક જીવદ્રવ્યને જ કહેવામાં આવ્યો છે.

'સચેતન વનસ્પતિ' એમ કહેવાય છે ત્યાં ખરેખર બહારમાં જે લીલી વનસ્પતિ દેખાય છે તે વનસ્પતિ તો જડ છે. જીવ તો ચૈતન્ય લક્ષણવાળો છે. તે અજીવથી ભિન્ન છે. જીવ અજીવ વગેરે નવે તત્ત્વોને જાણીને તેમાં ઉપાદેયરૂપ તો જ્ઞાયકમૂર્તિ શુદ્ધ જીવ જ છે. જાણવા યોગ્ય તો બધાં તત્ત્વો છે. પણ તે જાણીને શુદ્ધજ્ઞાયક ભૂતાર્થ જીવને આદરવો તે તાત્પર્ય છે. ૧૨૪.

**सुहदुक्खजाणणा वा हिदपरियम्मं च अहिदभीरुत्तं।**
**जस्स ण विज्जदि णिच्चं तं समणा बेंति अज्जीवं ।।१२५।।**

**सुखदुःखज्ञानं वा हितपरिकर्म चाहितभीरुत्वम्।**
**यस्य न विद्यते नित्यं तं श्रमणा विंदंत्यजीवम् ।।१२५।।**

**સુખદુઃખસંચેતન, અહિતની ભીતિ, ઉદ્યમ હિત વિષે**
**જેને કદી હોતાં નથી, તેને અજીવ શ્રમણો કહે. ૧૨૫.**

**અન્વયાર્થ : (सुखदुःखज्ञानं वा) સુખદુઃખનું જ્ઞાન, (हितपरिकर्म) હિતનો ઉદ્યમ (च) અને (अहितभीरुत्वम्) અહિતનો ભય – (यस्य नित्यं न विद्यते) એ જેને સદાય હોતાં નથી. (तम्) તેને (श्रमणाः) શ્રમણો (अजीवम् विंदंति) અજીવ કહે છે.**

**तात्पर्यवृत्ति :** अथाकाशादीनामेवाचेतनत्वे साध्ये पुनरपि कारणं कथयामीत्यभिप्रायं मनसि धृत्वा सूत्रमिदं प्रतिपादयति, - सुखदुःखज्ञातृता वा हितपरिकर्म च तथैवाहितभीरुत्वं यस्य पदार्थस्य न विद्यते नित्यं तं श्रमणां ब्रुवंत्यजीवमिति। तदेव कथ्यते। अज्ञानिनां हितं स्रग्वनिताचंदनादि तत्कारणं दानपूजादि, अहितमहिविषकंटकादि। संज्ञानिनां पुनरक्षयानंतसुखं तत्कारणभूतं निश्चयरत्नत्रयपरिणतं परमात्मद्रव्यं च हितमहितं पुनराकुलत्वोत्पादकं दुःखं तत्कारणभूतं मिथ्यात्वरागादिपरिणतमात्मद्रव्यं च एवं हिताहितादिपरीक्षारूपचैतन्य-विशेषाणामभावादचेतना आकाशादयः पंचेति भावार्थः ।।१२५।।

**समयव्याख्या :** आकाशादीनामचेतनत्वसामान्ये पुनरनुमानमेतत्। सुखदुःखज्ञानस्य हितपरिकर्मणोऽहितभीरुत्वस्य चेति चैतन्यविशेषाणां नित्यमनुपलब्धेरविद्यमानचैतन्यसामान्या एवाकाशादयोऽजीवा इति ।।१२५।।

**અનુવાદ : આ વળી, આકાશાદિનું અચેતનત્વસામાન્ય નક્કી કરવા માટે અનુમાન છે.**

**આકાશાદિને સુખદુઃખનું જ્ઞાન, હિતનો ઉદ્યમ અને અહિતનો ભય – એ ચૈતન્યવિશેષોની સદા અનુપલબ્ધિ છે (અર્થાત્ એ ચૈતન્યવિશેષો આકાશાદિને કોઈ કાળે જોવામાં આવતા નથી), તેથી (એમ નક્કી થાય છે કે) આકાશાદિ અજીવોને ચૈતન્યસામાન્ય વિદ્યમાન નથી જ.**

---

**પ્રવચન :**

(વીર સંવત ૨૪૭૮, વૈશાખ સુદ–૯, શનિવાર)

છ દ્રવ્યોની સ્વતંત્રતાની વાત અગાઉ આવી ગઈ હતી છતાં પાછો અજીવનો અધિકાર કેમ ? એમ કોઈ પ્રશ્ન કરે તો તેનું સમાધાન એ છે કે અહીં અજીવની વ્યાખ્યા બીજી ઢબે આવી છે. જીવના દ્રવ્યગુણપર્યાય જેવા છે તેવા અજીવમાં નથી. જે દ્રવ્યમાં સુખદુઃખ નથી, તે અજીવ છે. કર્મમાં, પુદ્‌ગલમાં, શરીર, વાણી, ધર્મ, અધર્મ, આકાશ, કાળ વગેરે દ્રવ્યોમાં સુખ–દુઃખ અથવા જાણપણું નથી, તે અજીવદ્રવ્ય છે. કોઈ જીવ ભયના કારણે ડરે છે ને ભાગે છે તો ત્યાં ડર અથવા દુઃખ શરીરને નથી. જીવને દુઃખ અથવા ડર લાગે છે. તે ભય કર્મની પર્યાયમાં નથી, શરીરનું ક્ષેત્રાંતર શરીરના કારણે છે ને આત્માનું ક્ષેત્રાંતર આત્માના કારણે છે. શરીર, કર્મ આદિ અજીવ પદાર્થમાં સુખદુઃખ હોતું નથી. જે દ્રવ્યમાં સુખદુઃખનું જાણપણું અથવા ઉત્તમ કાર્યોમાં પ્રવૃત્તિ અથવા દુઃખદાયક કાર્યથી ભય નથી તેવાં દ્રવ્યોને ગણધરાદિક જ્ઞાનીઓ અજીવ પદાર્થ જાણે છે.

**ભાવાર્થ** : જે દ્રવ્યોમાં સુખદુઃખનું જાણપણું નથી તે અજીવ છે. વળી જે દ્રવ્યોમાં ઇષ્ટ–અનિષ્ટ કાર્ય કરવાની શક્તિ નથી તે અજીવ છે. આંખ, કાન, જીભમાં હિતાહિત બુદ્ધિ નથી. એ દ્રવ્યોના વિષયમાં અનુમાન થાય છે કે તે પદાર્થો ચેતનાગુણરહિત છે. તે આકાશાદિક પાંચ દ્રવ્યો છે. હિતાહિતની પ્રવૃત્તિ આ કોઈપણ દ્રવ્યમાં નથી માટે તેને અજીવ જાણવાં. ૧૨૫.

**અહીંયા પ્રવચન પ્રસાદના સંકલિત પ્રવચનો પૂરા થાય છે.**
**હવે આના પછીના બધા પ્રવચનો અક્ષરશઃ ઉતારવામાં આવેલ છે**
**જે સી.ડી. ઉપરથી સાંભળી શકાશે**

## ગાથા-૧૨૬-૧૨૭

संठाणा संघादा वण्णरसप्फासगंधसद्दा य ।
पोग्गलदव्वप्पभवा होंति गुणा पज्जया य बहू ।। १२६ ।।
अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं ।
जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं ।। १२७ ।।

संस्थानानि संघाता: वर्णरसस्पर्शगन्धशब्दाश्च ।
पुद्गलद्रव्यप्रभवा भवन्ति गुणां पर्यायाश्च बहव: ।। १२६ ।।
अरसमरूपमगन्धमव्यक्तं चेतनागुणमशब्दम् ।
जानीह्यलिङ्गग्रहणं जीवमनिर्दिष्टसंस्थानम् ।। १२७ ।।

जीवपुद्गलयो: संयोगेऽपि भेदनिबन्धनस्वरूपाख्यानमेतत् ।

यत्खलु शरीरशरीरिसंयोगे स्पर्शरसगन्धवर्णगुणत्वासशब्दत्वात्संस्थानसङ्घ । तादिपर्यायपरिणतत्वाच्च इन्द्रियग्रहणयोग्यं, तत्पुद्गलद्रव्यम् । यत्पुनरस्पर्शरसगन्धवर्णगुणत्वादशब्दत्वादनिर्दिष्टसंस्थानत्वादव्यक्तत्वादिपर्यायै: परिणतत्वाच्च नेन्द्रियग्रहणयोग्यं, तच्चेतनागुणत्वात् रूपिभ्योऽरूपिभ्यश्चाजीवेभ्यो विशिष्टं जीवद्रव्यम् । एवमिह जीवाजीवयोर्वास्तवो भेद: सम्यग्ज्ञानिनां मार्गप्रसिद्ध्यर्थं प्रतिपादित इति ।। १२-१२७)

इति अजीवपदार्थव्याख्यानं समाप्तम् ।

---

સંસ્થાન-સંઘાતો, વરણ-રસ-ગંધ-શબ્દ-સ્પર્શ જે,
તે બહુ ગુણો ને પર્યાયો પુદ્‌ગલદરવનિષ્પન્ન છે. ૧૨૬.
જે ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યકત છે,
નિર્દિષ્ટ નહિ સંસ્થાન, ઇન્દ્રિયગ્રાહ્ય નહિ, તે જીવ છે. ૧૨૭.

**અન્વયાર્થ :- (संस्थानानि)** (સમચતુરસ્રાદિ) સંસ્થાનો, **(संघाता:)** (ઔદારિકાદિ શરીર સંબંધી) સંઘાતો, **(वर्णरसस्पर्शगन्धशब्दा: च)** વર્ણ, રસ, સ્પર્શ, ગંધ અને શબ્દ- **(बहव: गुणा: पर्याया: च)** એમ જે બહુ ગુણો અને પર્યાયો છે, **(पुद्गलद्रव्यप्रभवा: भवन्ति)** તે પુદ્‌ગલદ્રવ્યનિષ્પન્ન છે.

**(अरसम् अरूपम् अगन्धम्)** જે અરસ, અરૂપ તથા અગંધ છે, **(अव्यक्तम्)** અવ્યકત છે, **(अशब्दम्)** અશબ્દ છે, **(अनिर्दिष्टसंस्थानम्)** અનિર્દિષ્ટસંસ્થાન છે (અર્થાત્ જેનું

**કોઇ સંસ્થાન કહ્યું નથી એવો છે), (चेतनागुणम्) ચેતનાગુણવાળો છે અને (अलिङ्गग्रहणम्) ઇન્દ્રિયો વડે અગ્રાહ્ય છે, (जीवं जानीहि) તે જીવ જાણો.**

ટીકા :- જીવ-પુદ્‌ગલના સંયોગમાં પણ, તેમના ભેદના કારણભૂત સ્વરૂપનું આ કથન છે (અર્થાત્ જીવ અને પુદ્‌ગલના સંયોગમાં પણ, જે વડે તેમનો ભેદ જાણી શકાય છે એવા તેમના ભિન્નભિન્ન સ્વરૂપનું આ કથન છે).

શરીર અને *શરીરના સંયોગમાં, (૧) જે ખરેખર સ્પર્શ-રસ-ગંધ-વર્ણગુણવાળું હોવાને લીધે, સશબ્દ હોવાને લીધે તથા સંસ્થાન-સંઘાતાદિ પર્યાયોરૂપે પરિણત હોવાને લીધે ઈન્દ્રિયગ્રહણયોગ્ય છે, તે પુદ્‌ગલદ્રવ્ય છે; અને (૨) જે સ્પર્શ-રસ-ગંધ-વર્ણગુણ વિનાનું હોવાને લીધે, અનિર્દિષ્ટસંસ્થાન હોવાને લીધે તથા *અવ્યકતત્વાદિ પર્યાયોરૂપે પરિણત હોવાને લીધે ઈન્દ્રિયગ્રહણયોગ્ય નથી, તે, ચેતનાગુણમયપણાને લીધે રૂપી તેમ જ અરૂપી અજીવોથી *વિશિષ્ટ (ભિન્ન) એવું જીવદ્રવ્ય છે.

આ રીતે અહીં જીવ અને અજીવનો વાસ્તવિક ભેદ સમ્યગ્જ્ઞાનીઓના માર્ગની પ્રસિદ્ધિ અર્થે પ્રતિપાદિત કરવામાં આવ્યો.

(ભાવાર્થ :- અનાદિ મિથ્યાવાસનાને લીધે જીવોને પોતે કોણ છે તેનું વાસ્તવિક જ્ઞાન નથી અને પોતાને શરીરાદિરૂપ માને છે. તેમને જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યનો વાસ્તવિક ભેદ દર્શાવી મુક્તિનો માર્ગ પ્રાપ્ત કરાવવા અર્થે અહીં જડ પુદ્‌ગલદ્રવ્યનાં અને ચેતન જીવદ્રવ્યનાં વીતરાગસર્વજ્ઞકથિત લક્ષણો કહેવામાં આવ્યા. જે જીવ તે લક્ષણો જાણી, પોતાને એક સ્વતઃસિધ્ધ સ્વતંત્ર દ્રવ્ય તરીકે ઓળખી, ભેદવિજ્ઞાની અનુભવી થાય છે, તે નિજાત્મદ્રવ્યમાં લીન થઈ મોક્ષમાર્ગને સાધી શાશ્વત નિરાકુળ સુખનો ભોકતા થાય છે.) ૧૨૬-૧૨૭

આ રીતે અજીવપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

---

*૧. શરીરી = દેહી, શરીરવાળો (અર્થાત્ આત્મા).*
*૨. અવ્યકતત્વાદિ = અવ્યકતત્વ વગેરે; અપ્રકટત્વ વગેરે.*
*★વિશિષ્ટ = ભિન્ન; વિલક્ષણ; ખાસ પ્રકારનું.*

## પ્રવચન નં:-૨૮, ગાથા-૧૨૬-૧૨૭
## ભાદરવા વદ-૨-બુધવાર, તાઃ-૨૩-૯-૬૪

વર્ણન ચાલે છે. એમાં પહેલાં નવતત્ત્વનું વર્ણન ચાલે છે. નવ પદાર્થ ભિન્ન ભિન્ન કહે છે, એવા સમ્યગ્જ્ઞાનીઓના માર્ગની પ્રસિદ્ધિ હેતુ સમ્યગ્જ્ઞાનીઓના માર્ગની પ્રસિદ્ધિ હેતુ પ્રતિપાદન કરવામાં આવે છે. કરવામાં આવ્યું છે એમ આગળ આવશે, છેલ્લી ગાથામાં.

ગાથા ૧૨૬-૧૨૭. મોક્ષમાર્ગપ્રકાશકમાં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ લીધા છે તે તેમાંથી લીધા છે. પછી મોક્ષનો અધિકાર, મોક્ષમાર્ગનો અધિકાર પણ તેમાંથી લીધો છે. તેનુ કરવાનું કાંઇ નથી. તેનું સ્પષ્ટીકરણ અહીં (કર્યું છે.) કેટલેક ઠેકાણે સામાન્ય હોય ત્યાં વિશેષ સ્પષ્ટીકરણ કર્યું છે. જીવ-અજીવનો છેલ્લો સંબંધ બતાવવા માટે.

**संठाणा संघादा वण्णरसप्फासगंधसद्दा य ।**
**पोग्गलदव्वप्पभवा होंति गुणा पज्जया य बहू ।। १२६ ।।**
**अरसमरूवमगंधं अव्वत्तं चेदणागुणमसद्दं ।**
**जाण अलिंगग्गहणं जीवमणिद्दिट्ठसंठाणं ।। १२७ ।।**

**ટીકાઃ- જીવ-પુદ્ગલના સંયોગમાં પણ,** શું કહે છે, જુઓ! આ આત્મા અને આ પુદ્ગલ એક જગ્યાએ સાથે રહેવા છતાં બન્નેનું ભિન્ન ભિન્ન લક્ષણ અને ભિન્ન ભિન્ન કાર્ય (છે.) બેયનું એક કાર્ય છે નહીં. સંભળાય છે? નહિંતર અહીં આવો નજીક. સમજાય છે કાંઇ? જીવ-પુદ્ગલના સંયોગમાં પણ. આ સાથે રહેવા છતાં. જીવ અને આ પુદ્ગલ એક સાથે સંયોગપણે, નિમિત્ત-નિમિત્ત સંબંધપણે રહેવા છતાં **તેમના ભેદને કારણભૂત,** બેની જુદાઇના કારણભૂત સ્વરૂપનું આ કથન છે. જુઓ! તેમાંથી લીધું છે અહીંયાંથી.

**જીવ અને પુદ્ગલના સંયોગમાં પણ, જે વડે તેમનો ભેદ જાણી શકાય છે,** શરીર અને આત્મા નજીક એક જગ્યાએ હોવા છતાં પણ શરીરની પર્યાય પુદ્ગલની સ્વતંત્ર થાય છે. આત્માની પર્યાય આત્માથી સ્વતંત્ર થાય છે. ફકત તે શરીરાદિ પર્યાય થાય છે, ત્યારે જીવના રાગ, જ્ઞાન આદિને નિમિત્ત કહેવામાં આવે છે. એ તો નિમિત્ત પણ નિમિત્તનો અર્થ એ નથી કે તેનાથી તે પર્યાય થાય છે. અને પોતાના જીવની પર્યાયમાં જ્ઞાન-દર્શન આદિની પર્યાયમાં જડ ને મનનું નિમિત્ત છે પણ તેનાથી તે થાય છે એમ છે નહીં.

**પુદ્‌ગલના સંયોગમાં પણ જેના દ્વારા જેનો ભેદ જાણી શકાય છે એવા તેમના ભિન્નભિન્ન સ્વરૂપનું આ કથન છે. શરીર અને શરીરીના સંયોગમાં,** શરીરી એટલે જીવ. આ શરીર અને શરીરના સંયોગમાં, જુઓ! આ વાસ્તવિક અજ્ઞાનીની ભૂલ ક્યાં થાય છે અને સમ્યગ્જ્ઞાનીઓની ક્યાં ભૂલ ન થાય તેની પ્રસિદ્ધિ માટે વાત કરે છે. સમજાણું કાંઈ?

**શરીર અને શરીરીના સંયોગમાં, જે ખરેખર સ્પર્શ-રસ-ગંધ-(રંગ) વર્ણગુણવાળું હોવાને લીધે,** આ શબ્દ-રૂપ-રસ-ગંધ-સ્પર્શ વર્ણવાળા જડના ગુણ છે. તેની પર્યાય પણ તેનાથી થાય છે. આત્માથી નહીં. આ શરીરની અવસ્થા થાય છે, વર્ણ-ગંધ-રસ-સ્પર્શની રૂપાંતર પર્યાય અથવા આ ક્ષેત્રાંતર પર્યાય એ બધી પર્યાય અજીવની અજીવથી અજીવમાં થાય છે, આત્માથી નહીં. સમજાણું કાંઈ?

આ પર્યાય પણ તેનાથી થાય છે તો બહારની તો વાત શું કરવી? એ બતાવે છે. વેપાર, ધંધા. શેઠ! એ તો બધી જડની પરની પર્યાય પરથી થાય છે, આત્માથી કાંઈ એક ફુદડી-એક પરમાણુનો પરમાં ફેરફાર કરી શકે તેમ છે જ નહીં.

મુમુક્ષુ :- ............

ઉત્તર :- ધૂળ કરે! અજ્ઞાની એમ માને છે. પોતા સિવાય એક પરમાણુથી અનંત પરમાણુ પોતાની વર્તમાન પર્યાયથી સ્વતંત્ર સ્વયં પરિણમી રહ્યા છે. તેમાં આત્માનો બિલકુલ અધિકાર નથી. કહો, સમજાણું કાંઈ? નિમિત્ત કહેવામાં આવે છે તેનો અર્થ એ કે પૃથક્તા જણાવે છે. એ પૃથક્ ચીજ છે. શરીરાદિની આવી અવસ્થા, વાણી નીકળે છે એ બધી જડની પર્યાય જડથી થાય છે, આત્માથી નહીં. સમજાણું કાંઈ? જુઓ! તેમાંથી મોક્ષમાર્ગપ્રકાશકમાંથી લીધું છે.

જીવ-અજીવનું અધ્યાત્મમાં જેનાથી ભેદજ્ઞાન થાય એવો અભ્યાસ કરતા નથી. અને કદાચિત્ અભ્યાસ કરે છે તો એક બીજાનો અંશ એક બીજામાં ભેળવી દયે છે. છે ને? અમરચંદભાઈ! આહાહા! પણ અજીવની પર્યાય થાય છે, તેમાં જીવ તો નિમિત્તમાત્ર છે. જીવના અનંતગુણની પર્યાય થાય છે, તેમાં અજીવ નિમિત્તમાત્ર છે. એવું ભેદજ્ઞાન કરતા નથી. અને એક બીજાનો અંશ એક બીજામાં ભેળવીને માને છે, તેથી તેમાં તેની જીવ-અજીવની અનાદિની ભૂલ છે. જીવ-અજીવની ભૂલ છે.

મુમુક્ષુ :- ......

ઉત્તર :- એમાં એ ક્યાં આવ્યું? તેનાથી જડથી થાય છે. આત્મા તો ફક્ત છે એટલું જ. એ તો બતાવવું છે. આત્મા છે તો બને છે એમ નહીં.

મુમુક્ષુ :- આત્મા ન હોય તો કેમ નથી બનતી?

ઉત્તર :- નથી બનતી. બીજી બને છે. એમાં શું? આત્માની હયાતી છે અને બને છે. એ તો

અહીંયાં બતાવવું છે. સંયોગમાં રહેવા છતાં, એકસાથે રહેવા છતાં શરીરની અવસ્થા શરીરથી છે, આત્માથી નહીં. અને આત્માના અનંતગુણની એક સમયની પર્યાય આત્માથી થાય છે. શરીર, ઇન્દ્રિય, મનથી નહીં. આ તો હજી જીવ-અજીવનો ભેદ કરાવે છે. સમજાણું કાંઈ? ઓહોહોહો! શું કહે છે. જુઓ!

**જે ખરેખર સ્પર્શ-રસ-ગંધ-વર્ણગુણવાળું હોવાને લીધે,** કોણ? શરીર. તેની પર્યાય વર્ણ-ગંધ-રસ-સ્પર્શની થાય છે, તે શરીરની શરીરને કારણે થાય છે. **સશબ્દ હોવાને લીધે,** અને શબ્દ પરમાણુ છે ને પરમાણુ. **સશબ્દ હોવાને લીધે તથા સંસ્થાન-સંઘાતાદિ પર્યાયોરૂપે પરિણત હોવાને લીધે,** પહેલાં ગુણ લીધા. પરમાણુ શરીર ખરેખર સ્પર્શ, રસ, ગુણવાળા હોવાને લીધે. અને હવે પર્યાય લ્યે છે. આ શરીર, આ વાણી, આ બધા કર્મ આદિ એ બધા વર્ણ-ગંધ-રસ-સ્પર્શવાળા પદાર્થ છે. ગુણ ગુણ. અને તેની પર્યાય સશબ્દ આ અવાજ શબ્દ ઊઠે છે એ પર્યાય છે, દ્રવ્યની જડની પર્યાય છે. પુદ્ગલની પર્યાય છે. આત્માથી ઊઠતી નથી, આત્મા બોલતો નથી. આત્માને કારણે શબ્દની પર્યાય થતી નથી.

મુમુક્ષુ :- ભાવ તો આવે છે ને?

ઉત્તર :- ભાવ આવે છે એ બીજી વાત છે.

મુમુક્ષુ :- ભાવથી જ વાણી થાય છે.

ઉત્તર :- બિલકુલ નહીં. અહીંયાં એ વાત કહે છે. ઝરીયાજી! ભાવ ભાવ પાસે રહ્યા. તેની પર્યાયમાં રહ્યા અને શબ્દની પર્યાય જડમાં ઊઠે છે. ભાવથી શબ્દની પર્યાય ઊઠે છે? એ તો બતાવવું છે. સમજાય છે કાંઈ? એ પહેલાં બતાવવું છે. જીવ-અજીવ બેયની ભિન્નતામાં ભૂલ ક્યાં? આ અમારો ભાવ છે તો વાણીમાં પર્યાય થાય છે (એમ માને તે) મિથ્યાદષ્ટિ છે. અજીવની પર્યાય અજીવથી થાય છે તેમાં જીવ ફક્ત નિમિત્ત (છે.) નિમિત્તનો અર્થ :- એ થવાવાળી તો તેનાથી થાય છે. આ છે તો થાય છે (એમ માને) તો નિમિત્ત ન રહ્યું. તો આત્માથી થઈ છે તો નિમિત્ત ન રહ્યું. ઉપાદાન થઈ ગયું. સમજાણું કાંઈ?

**શરીર અને શરીરીના સંયોગમાં,** શરીરી એટલે જીવ. **જે ખરેખર સ્પર્શ-રસ-ગંધ-વર્ણ** જડના છે અને આ ભાષાની પર્યાય જડની છે. અને **સંસ્થાન,** જુઓ! આ આકાર થયો ને? બધાનો આકાર આવો આવો આવો આવો. એ બધા જડની પર્યાયમાં જડની પર્યાયથી આકાર થયા છે, આત્માથી નહીં. આ શું છે? 'સંસ્થાન' આવ્યું તે શું છે?

મુમુક્ષુ :- આત્મા ચાલ્યો જાય છે તો શરીરની પર્યાય?

મુમુક્ષુ :- શરીરની પર્યાય બીજી થાય છે. તે બીજી પર્યાય એકરૂપ રહે છે. પર્યાય ભિન્ન ભિન્ન થાય

છે. નહીં, આત્માથી તે પર્યાય થઈ જ નથી તે તો અહીં બતાવવું છે. એ માટે તો અહીંયાંથી લીધું છે. જીવ-અજીવથી નવતત્ત્વ લેશે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા બંધ અને મોક્ષ. પહેલાં આપણે ૧૫૪ થી મોક્ષમાર્ગનો અધિકાર ચાલ્યો. આવ્યો હતો. તમે આવ્યા ત્યારે માર્ગ ચાલ્યો હતો. પહેલેથી. અને કલાસ ચાલ્યા તો ૧૫૪ થી ચાલ્યા.

આ સંસ્થાન. જુઓ! એ સંસ્થાનની પર્યાયરૂપે પરિણત હોવાને લીધે, એ જડ પર્યાયોરૂપે પરિણત થાય છે. આત્માની પર્યાય પણ નહીં અને આત્માની પર્યાયથી તે થતી પણ નથી. આહાહા! આ અનાદિનો મોટો ભ્રમ છે ને? તે તો બતાવે છે. અનાદિ અજ્ઞાની-અજીવ અને જીવ એક સાથે રહે છે, સંયોગમાં. (એમ માને છે કે) હું છું તો તે પર્યાય થઈ, જુઓ આવું થયું આવું થયું આવું થયું. તો બધા સંસ્થાન એ પર્યાય છે. સંસ્થાન-વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ ગુણ છે અને સંસ્થાન શબ્દ તે પરમાણુની પર્યાય છે. પુદ્‌ગલની પર્યાય છે, તે પર્યાય પુદ્‌ગલથી થઈ છે. આત્માથી નહીં.

મુમુક્ષુ :- ........

ઉત્તર :- કોના ચમત્કારની? કોની?

મુમુક્ષુ :- .......

ઉત્તર :- કાંઈ ફાટયું નથી. તેની પર્યાય થવાની હતી. એ તો નિમિત્તની વાત છે. ફાટયું-ફાટ્યું! કોઈથી શિવલીંગ ફાટતું હશે? બહુ ઊંડી વાત છે. કોઈના પરમાણુની પર્યાયનો ઉત્પાદ તેમાં થાય છે? બીજો ઉત્પાદ કરાવી દયે તો તેણે શું કર્યું?

મુમુક્ષુ :- પછી તેણે મદદ કરી.

ઉત્તર :- હા, પછી મદદ શું કરી? જેમાં ઉત્પાદની શક્તિ ન હોય તો બીજો ઉત્પાદ કરાવી ન શકે. અને પોતાથી ઉત્પાદ હોય તો પરની અપેક્ષાની શું જરૂર છે?

મુમુક્ષુ :- એ તો કુંદકુંદઆચાર્યએ કહ્યું છે.

ઉત્તર :- એ તો આવી ગયું. પંચાધ્યાયીમાં પણ એમ કહે છે કે તારે નિમિત્તનું શું કામ છે? તેને કારણે તે પર્યાય ઉત્પન્ન થાય છે, તેમાં નિમિત્ત નિમિત્ત કરે છે, શું કામ છે તારે?

મુમુક્ષુ :- ........

ઉત્તર :- રાખી હતી શું? પુદ્‌ગલની પર્યાય થવાની હતી. રાખે શું? સમન્તભદ્રઆચાર્યના મંત્રથી થઈ છે? ઘટના સાચી હોય શકે છે. ઘટના બરાબર છે. પણ તેનાથી થઈ છે, એમ નથી. ઘટના તો એવી થઈ શકે છે. દેવમાં પણ શક્તિ છે કે મનુષ્યને રોગાદિ કરી દયે, પણ તેનો પાપનો ઉદય હોય તો. તેને કારણે થાય છે પણ શબ્દ એમ આપે છે કે દેવમાં આવી શક્તિ છે. પણ એ તો નિમિત્તપણાનો અર્થ જ એ છે કે ત્યાં થવાવાળી હતી ત્યારે નિમિત્ત કોણ હતું તેનું જ્ઞાન કરાવે છે. સમજયા? શરીરમાં રોગ,

નિરોગ, આડું શરીર કરી દયે, વાંકુ કરી દયે, દાંત આવા (વિચિત્ર) કરી દયે પણ તેમાં તેનો પાપનો ઉદય પરમાણુની પર્યાયથી થવાવાળું હોય ત્યારે દેવને નિમિત્ત કહેવામાં આવે છે. એવી વાત છે.

મુમુક્ષુ :- .......

ઉત્તર :- નથી કરી શકતા. પોતાનું કરી શકે. પરનું શું કરી શકે. ભગવાન ત્રિલોકનાથ જિનેન્દ્ર વીતરાગ અનંતવીર્યવાળા બીજાની પર્યાયને શું કરી શકે? અજ્ઞાનીએ પોતાનું શલ્ય માન્યું છે કે મારાથી તેમાં થયું છે. અનેકાંત થયું. તેનાથી થાય છે, મારાથી નહીં. તેનું નામ અનેકાંત. તેનાથી પણ થાય છે અને મારાથી પણ થાય છે (તેને) ફુદડીવાદ (કહે છે.)

મુમુક્ષુ :- જોવામાં આવે છે.

ઉત્તર :- શું જોવામાં આવે છે? એમ કે જોવામાં તો એમ આવે છે કે, બંદુક ગઈ બંદુક. સમજ્યા? બંદુકને? તો ગોળી અંદર ગઈ તો કાણા પડે છે. જોવામાં તો એમ આવે છે. તે ભ્રમ છે. તે પરમાણુની પર્યાય એવી ઉત્પન્ન થવાને કારણે ઉત્પન્ન થઈ છે. ગોળીથી નહીં. શેઠે પ્રશ્ન કર્યો તો તેનો પ્રત્યક્ષ દ્દષ્ટાંત આપ્યો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આવું માનવા માટે હુકમ છે કે ......

ઉત્તર :- હુકમ નહીં. વસ્તુ એવી છે. વસ્તુ એવી છે. તર્ક બર્ક નહીં. વસ્તુ એવી છે. એમ જાણો નહીંતર મિથ્યાજ્ઞાન થશે. દુઃખદાયક દ્દષ્ટિ થશે.

મુમુક્ષુ :- એ તો હુકમ થયો.

ઉત્તર :- હુકમ નહીં. વસ્તુ સ્વરૂપ છે. ઠીક કહે છે. અંગ્રેજી આવડે નહીં ને આવું કરે છે. શું દબાણથી હુકમ છે? શોભાલાલભાઈ! ભાઈ ઠીક કહે છે. ધીમેથી. કે આવો હુકમ છે ને? દબાણથી હુકમ છે.

મુમુક્ષુ :-એમ કહેવાય થોડું? વીતરાગની આજ્ઞા છે.

ઉત્તર :- એ આજ્ઞાનો અર્થ વસ્તુ એવી છે. એવી અમે જાણી છે એમ તમે જાણો તો સમ્યક્ થશે નહીંતર મિથ્યા થશે.

મુમુક્ષુ :- આજ્ઞા થઈ ગઈ.

ઉત્તર :- આજ્ઞાનો અર્થ શું? છે એમ જાણો. તે આજ્ઞા. આજ્ઞા બીજી શું હોય?

મુમુક્ષુ :- હુકમ કહો કે આજ્ઞા કહો.

ઉત્તર :- પણ છે એમ અમે કહીએ છીએ. અમે કહીએ છીએ એટલે માનો આમાં. એમ નથી.

મુમુક્ષુ :- ન માને તો સજા તો થાય ને?

ઉત્તર :- સજા પણ કહી, એ તો પદાર્થમાં એવી અવસ્થા છે. તો માને છે કે મારાથી થઈ તો તેની

દૃષ્ટિમાં અસત્ય આવ્યું. એ સત્યની સજા તેને થઈ. સમજાણું કાંઈ? શું કીધું? જુઓ! પહેલો શબ્દ. **સશબ્દ હોવાને લીધે,** શબ્દ છે? આચાર્ય મહારાજ કહે છે, ભગવાન કુંદકુંદઆચાર્ય અને અમૃતચંદ્રઆચાર્ય ટીકા કરે છે. કે આ શરીર, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ પરમાણુ પરમાણુનો ગુણ છે. કાયમ રહેવાવાળી શક્તિ. અને શબ્દ છે તે તેની પર્યાય છે. કોની? આ પુદ્‌ગલની. એ પુદ્‌ગલની પર્યાય શબ્દની છે. પણ આત્માથી-મારાથી થઈ છે એમ માને તો મિથ્યાજ્ઞાન અસત્‌દૃષ્ટિ થઈ. તો તેને પાપદૃષ્ટિ થવાથી દુઃખરૂપ દૃષ્ટિ આવી. વસ્તુનું સ્વરૂપ આવું છે એમ ન માને અને વિપરીત માને, વિપરીત માન્યતાનો તેને દંડ છે. કોઈ ભગવાનનો દંડ બંડ છે નહીં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- આચાર્યને ...........

ઉત્તર :- કીધું ને? કાલ તેની બહુ જ વાત આવી ગઈ. પુદ્‌ગલ તેની શક્તિથી થાય છે. અમારાથી તો કાંઈ નથી થયું.

મુમુક્ષુ :- ..................

ઉત્તર :- કોઈ બોલતું નથી. પરમાણુની પર્યાય થાય છે. શું આત્મા બોલી શકે છે? ૧૭૩માં આવ્યું ને? પરમ દિવસે બપોરે બતાવ્યું ને? પુનમ પુનમ. વાણી સ્વશક્તિથી બની છે. અમારાથી નહીં. અમે શાસ્ત્ર બનાવ્યા પણ નથી. અમે કોણ? અમે તો અરૂપી આત્મા છીએ. રૂપીમાં ઘુસી જાય કે રૂપીને બનાવી દયે.

મુમુક્ષુ :- મહારાજ! સમજમાં ન આવે. જડ ચેતનને જગાડે છે.

ઉત્તર :- ના ના, જગાડતા નથી. તે જાગે છે ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે છે. એમ છે. જગાડતા નથી.

મુમુક્ષુ :- આપનો ઉપદેશ જગાડે છે.

ઉત્તર :- નહીં નહીં નહીં. એ વાતમાં કાંઈ માલ નથી.

મુમુક્ષુ :- ........

ઉત્તર :- નહીં એમ નથી. ......... શું જોવે છે? તેની જ્ઞાનની ઉત્પાદરૂપ પર્યાય તેમાં થાય છે તો વાણીને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્તનો અર્થ-વાણી ત્યાં છે તો થાય છે એમ નથી. તેની પાસે જ્ઞાનગુણ છે. આ વર્ણગુણ છે. વર્ણ, ગંધ, રસ. તો તેની સશબ્દ પર્યાય, સંસ્થાન પર્યાય. જુઓ! આ આકાર છે ને આકાર. બધા આકાર આમ આમ. એ બધી આકૃતિ પુદ્‌ગલ પરમાણુની પર્યાય છે. પોતાથી થઈ નથી. આત્મા કર્તા ને તે કાર્ય છે જ નહીં. સમજાણું કાંઈ? એમ શબ્દમાં. આ સંસ્થાનમાં આવ્યું. શબ્દમાં. પોતાથી થતી નથી. એમાં પરમાણુમાં એ સમયે એવી પર્યાય-ઉત્પાદવ્યયધ્રુવયુકતમ્‌સત્‌. એક સમયમાં ભગવાને પદાર્થના ત્રણ અંશ જોયા. છે એમ જોયા છે. કર્યું બર્યું કાંઈ નથી. તો પુદ્‌ગલમાં એ

પર્યાય તેને કારણે ઉત્પન્ન થાય છે તો તેનું ઉપાદાન તો તે જ છે. આત્મા તેનું ઉપાદાન નથી. સમજાણું કાંઈ? એ વાત તો અહીંયાં કહે છે. શરીરમાં વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આ પરમાણુ છે, તે તેની કાયમની ચીજ છે. અને શબ્દ છે તે તેની વર્તમાન પર્યાય છે. તો તે પર્યાય પુદ્ગલથી થાય છે. આત્માથી નહીં. આત્માથી થાય છે એમ માનવાવાળા અજીવને જીવ માને છે. અજીવની પર્યાય મારાથી થાય છે એમ માનવાવાળા અજીવને જીવ માને છે. છ ઢાળામાં આવે છે ને? સાત તત્ત્વની ભૂલ. સાત તત્ત્વની ભૂલ છ ઢાળામાં આવે છે. છ ઢાળા છે ને તેમાં ભૂલ આવે છે. અને આ મોક્ષમાર્ગપ્રકાશકમાં પણ લીધું છે.

પુદ્ગલ અને જીવ બેયની પર્યાય એક સમયે સ્વતંત્ર થાય છે તો તેમાં આ ઉપાદાન તેનું, આ તો નિમિત્ત છે. નિમિત્તનો અર્થ-છે તો અહીં થાય છે એમ નથી. થાય તો તેને કારણે પણ તેને કારણે અહીંયા થયું છે, એમ નથી.

મુમુક્ષુ :- .......

ઉત્તર :- બિલકુલ નહીં. એ નિમિત્તનો અર્થ શું કરે છે કે મારાથી થયું જ નથી. એ નિમિત્તનો અર્થ છે.

મુમુક્ષુ :- વિકલ્પ આવે છે .......

ઉત્તર :- વિકલ્પ તો આવે છે. એમાં શું કીધું? એમાં શું આવ્યું. વિકલ્પ આવ્યો તો આવ્યો. વાણી તો વાણીથી થઈ ગઈ.

મુમુક્ષુ :- જ્ઞાનમાં તો આવ્યું ને?

ઉત્તર :- શું જ્ઞાન આવ્યું? જ્ઞાન તો તેની પાસે રહ્યું. વાણીમાં શું જ્ઞાન આવ્યું. તેની પાસે જ્ઞાન રહ્યું. તેની પાસે રહ્યું. એ રૂપે પરિણમવાની યોગ્યતાથી પરિણમી રહ્યું છે. જ્ઞાનથી પરિણમી રહ્યું છે? જડમાં એવું જ પરિણમન થવાની પર્યાય છે. જ્ઞાનથી, ના. એ પણ નહીં. એમ પણ નહીં. એ પરમાણુ શાસ્ત્ર થવાની (યોગ્યતા) હતી તો વિકલ્પ આવ્યો એમ પણ નથી. તો એ કર્તા અને વિકલ્પ કર્મ થઈ જાય, એમ પણ નથી. અને જ્ઞાનમાં ખ્યાલ આવ્યો કે આમ કહું, તો જ્ઞાનનો ખ્યાલ છે તો ત્યાં શબ્દરૂપે પરિણમે એમ પણ નથી. બિલકુલ નહીં. સમજ્યા? શેઠ! આ તમાકુમાં ગપ્પ માર્યા એમ અહીં નહીં ચાલે.

મુમુક્ષુ :- એમ ન ચાલે?

ઉત્તર :- કાંઈ ન ચાલે. શોભાલાલભાઈ! આવી વાત છે.

મુમુક્ષુ :- બાપ દીકરાએ ચલાવ્યું.

ઉત્તર :- ક્યાંય (ચાલે નહીં.) માન્યું છે, ચલાવે કોણ? પૈસા હોય ને તો આમ આમ લાગે! આહાહા! એય! ભગવાનદાસ શેઠ આવ્યા, ભગવાનદાસ શેઠ! આમ દેખીને મોઢું ફાટે! એક તો મોટી

મૂછો! પડઘો પડે એના ઘરનો. એટલી પેદાશ! અને બુંદેલખંડના મોટા રાજા!

મુમુક્ષુ :- સમ્મેદશીખરની જાત્રાનો ભાવ આવ્યો.

ઉત્તર :- પણ કોણ કરી શકે પરનું.....

મુમુક્ષુ :- કોઈનો અહેસાન માનવો, કોઈનો ઉપકાર માનવો.

ઉત્તર :- ઉપકાર બુપકાર બધું વ્યવહારથી માનવાનું છે. ઉપકાર કોઈનો છે નહીં અને અપકાર કોઈનો છે નહીં.

મુમુક્ષુ :- અમે આપનો ઉપકાર માનીએ.

ઉત્તર :- એ બોલવાનું છે, એવો વિકલ્પ આવે છે. તેને સમજમાં પોતાથી જ આવ્યું તો નિમિત્ત છે, એવો વિકલ્પ આવે છે. પણ તેનાથી કાંઈ તેમાં થયું છે એ વાતમાં કિંચિત્ પણ સાચું છે નહીં.

મુમુક્ષુ :- એમ માને તો એને ઉપકાર માન્યો એમ કહેવાય.

ઉત્તર :- એણે ઉપકાર જ માન્યો નથી. પરથી મારામાં થયું છે એમ માનવાવાળા પરનો ઉપકાર જ નથી સમજયા. કેમકે પર એમ કહે છે કે મારાથી તારામાં કાંઈ થયું જ નથી. ભારે વાત ભાઈ! એ વિનયની ભાષા છે. વિકલ્પ એવો આવે છે એ વિનયની ભાષા છે. ભાષા તો ભાષાને કારણે નીકળે છે. અને ભાષા થઈ તો ત્યાં જ્ઞાનની પર્યાય, આત્મા છે જ્ઞાનગુણ કાયમ છે. જ્ઞાનની પર્યાય થાય છે તો, તેની ગુણની પર્યાય વિશેષ. સામાન્યનું વિશેષ તેમાં થયું. વાણીનું વિશેષ શું આવ્યું? પુદ્‌ગલના ગુણ વર્ણ,ગંધ,રસ,સ્પર્શ, એ સામાન્ય. આ ભાષાની પર્યાય થઈ તે તેનું વિશેષ. તો તેના વિશેષથી ત્યાં વિશેષ થયું, એમ છે નહીં. એવું છે ભાઈ! ભાઈસાબ! આ આવો સત્યનો માર્ગ છે. હુકમ કે બળજોરીથી નહીં.

મુમુક્ષુ :- પરના લક્ષના કર્તા નથી એ દિમાગમાં આવી જાય તો (બેડો પાર થઈ જાય)

ઉત્તર :- ખલાસ! જે પરિણમે તે કર્તા. તેમાં આવ્યું ને? એક પરિણામ તેના બેય દ્રવ્ય કર્તા (ન હોય) જુઓ! ઉપર દ્રવ્યદષ્ટિ છે ચાકડો. દ્રવ્યદષ્ટિ ઉપર છે ચાકડો. આડા આડા. એક પરિણામ તેનો કર્તા બે દ્રવ્ય નથી. એક પરિણામના બે દ્રવ્ય કર્તા નથી. જડની પર્યાયનો કર્તા જડ છે. આત્માની પર્યાયનો કર્તા આત્મા છે. જડની પર્યાયના બે કર્તા છે નહીં. જડ પણ કર્તા અને આત્મા પણ કર્તા, (એમ) ત્રણકાળમાં છે નહીં.

મુમુક્ષુ :- એમ જ માની રહ્યા છે.

ઉત્તર :- હા, માની રહ્યા છે. એ જ ભ્રમ કાઢવા માટે કહે છે ને. જુઓ! છેલ્લી ગાથામાં જુઓ! **આ રીતે અહીં જીવ અને અજીવનો વાસ્તવિક ભેદ સમ્યગ્જ્ઞાનીઓના માર્ગની પ્રસિદ્ધિ અર્થે પ્રતિપાદિત કરવામાં આવ્યો.**

મુમુક્ષુ :- .....

ઉત્તર :- પણ તેની યોગ્યતા છે તો આવે છે. આ કારણથી ત્યાં આવે છે એમ પણ નથી. આ તો અજબ લીલા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નટ-નાગરની બાજી છે.

ઉત્તર :- નટ-નાગરની બાજી! શું સમજે બ્રાહ્મણ કાજી. એ આનંદઘનજીમાં આવે છે. સમજાણું કાંઈ?

''કિસ્સા એક સમયમેં ઠાણે, ઉપજે વિનશે તબ હી,
ઉલટ-પલટ ધ્રુવ સત્તા રખ્ખે યા હમ સૂની ન કબ હી.''
અબ તો નટ-નાગર કી બાજી, ક્યા જાને બ્રાહ્મણ કાજી.

બ્રાહ્મણ વેદ કોણ જાને અને કાજી કુરાન કોણ જાને આ વાતને. એ તો સર્વજ્ઞ ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વરે વીતરાગદેવે કહ્યું, તેમાં જાણવામાં આવે છે. બીજામાં તે વાત છે નહીં. ક્યા જાને બ્રાહ્મણ કાજી.

એક સમયમાં બધા પદાર્થ ફરે છે. એક સમયમાં ધ્રુવ રહે છે-સ્થિરતા. અને ઉપજે વિણસે તબહી. નવી પર્યાયથી ઉપજે છે અને જૂની પર્યાયનો વ્યય થાય છે. ઉલટ-પુલટ ધ્રુવ સત્તા રાખે. ઉપજે-વિણસે ઉલટ-પુલટ ધ્રુવ સત્તા રાખે. યા હમ સૂની ન કબ હી. આવી વાત અમને વીતરાગ સર્વજ્ઞ સિવાય ક્યાંય સાંભળવામાં આવી નથી. ક્યા જાને બ્રાહ્મણ કાજી. એ વેદાંત અને કુરાનને શું ખબર છે કે એક એક દ્રવ્યમાં એક સમયમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ ત્રણે અંશ છે. કોણ જાણે? સમજાણું કાંઈ? આહાહા!

કીધું, અહીંથી લ્યો ભઈ! જીવ-અજીવનું ભેગું થાય ને પછી પુણ્ય-પાપનું લેવું છે. શેઠી!

મુમુક્ષુ :- આ જ ઘૂંટવા જેવું છે. ..... આપના દ્વારા પ્રવચન થઈ રહ્યા છે. ....

ઉત્તર :- બિલકુલ ભાવ તેને સ્પર્શતા નથી. વાણીને આત્માના ભાવ સ્પર્શતા નથી, છૂતા નથી, અડતા પણ નથી. વાણી આત્માના ભાવને સ્પર્શતી નથી, અડતી નથી. નક્કી કરી લ્યો! સમજાણું કાંઈ?

દરેક પુદ્ગલ આદિનું કાર્ય ઉત્પાદ છે. ઉત્પાદ કહો કે કાર્ય કહો. પોતાની પર્યાયથી કાર્ય કરે છે. બીજો પદાર્થ શું કરે? એક પરમાણુમાં, આ હોઠ છે ને હોઠ. હોઠ કહે છે ને? તેનાથી પણ ભાષા નથી બોલાતી. આત્માથી તો નહીં પણ હોઠથી પણ નહીં. આ હોઠ ભિન્ન છે અને ભાષા ભિન્ન છે. ભાષા સૂક્ષ્મ છે. આ સ્થૂળ છે. આ (હોઠ) હલે છે તો ભાષાની પર્યાય થાય છે (એ વાત) બિલકુલ ખોટી છે.

મુમુક્ષુ :- જીભથી તો (ભાષા) થાય.

ઉત્તર :- જીભથી (ભાષા થાય) એ પણ ખોટું છે.

મુમુક્ષુ :- ......ચક્કરમાં પડી જવાય છે.

ઉત્તર :- ચક્કરમાં પડી જાય છે. ખબર નહીં ને. પણ અનંત પુદ્ગલ છે કે નહીં? કે એક, બે, ત્રણ ને અસંખ્ય છે? અનંત છે. તો, અનંત અનંત પુદ્ગલ અનંતપણે રહીને પોતાનું ઉત્પાદનું કાર્ય કરે છે કે બે ભેગા થઈને કરે છે. આ પદાર્થ ભિન્ન છે, શબ્દની પર્યાય ભિન્ન છે, જીભના પરમાણુ ભિન્ન છે. બધા પોત-પોતાની પર્યાયને કરે છે. કોઈ કોઈની પર્યાય કરે... ભાષાની પર્યાયને જડ નથી કરી શકતું કે આત્મા નથી કરી શકતો.

મુમુક્ષુ :- બધી ભેગી થઈને તો થાય છે ને?

ઉત્તર :- લ્યો! કામ કરો ભાઈ! ભગવાનલાલ શોભાલાલની કંપની.

મુમુક્ષુ :- .....

ઉત્તર :- બુધ્ધિ બુધ્ધિ આત્મામાં છે, પર્યાય પર્યાય પર્યાયમાં છે. એમ કહે છે. આવી વસ્તુ સ્થિતિ છે. ભગવાનનો હુકમ નથી. જોર નહીં. અમે કહીએ છીએ, છે એમ માનો નહીંતર... નહીંતર જેલમાં એમ નથી. ભગવાન! તમે આત્મા છો ને. તો તારી સમાપ્તિ તારી પર્યાયમાં છે. સમજાણું કાંઈ? તારી સમાપ્તિ તારો સત્‌ના અંશના સમાપ્તપણાની સીમા, તારી પર્યાયમાં તારી સીમા છે. પરમાણુની દ્રવ્ય-ગુણની સીમા તેની પર્યાયમાં સીમા છે. પોતાની પર્યાયની સીમા ઉલ્લંઘીને કોઈની પર્યાય કરવા જાય અને કોઈની પર્યાય પોતામાંથી થાય (એમ) ત્રણકાળ ત્રણલોકમાં બનતું નથી.

મુમુક્ષુ :- કોઈ બંધનમાં પડયા છે તે તો રુષ્ટ થઈ જાય છે.

ઉત્તર :-પણ તે રુષ્ટ થઈ જાય છે તેને કારણે. એમાં આપણે શું છે?

મુમુક્ષુ :- તેનો ધર્મ છે તેને વંદન કરવાનો.

ઉત્તર :- પણ તે ધર્મી હોય તો ને? ધર્મ હોય તો તેને વંદન કરવાનો ભાવ આવ્યા વગર રહેતો જ નથી. એ તો વિકલ્પ આવે જ છે. તેમાં શું? સમ્યગ્દષ્ટિ સહિત ધર્મી ને મુનિ હોય, આ તો કર્તા માને છે કે અમે ભાષાના કર્તા છીએ. અમે કોઈનું કરીએ છીએ. અમે મંદિર બનાવીએ છીએ, અમે આમ કર્યું, અમે શિષ્ય બનાવ્યા. કોણ બનાવે? કોઈની પર્યાય કોઈ બનાવતું નથી. .....મિથ્યાદષ્ટિ. ઈશ્વરને જગતનો કર્તા માને અને જૈનસાધુ એમ માને કે હું છકાયની દયા પાળી શકું છું, શરીરની રક્ષા કરી શકું છું. બેય એક જાતના મિથ્યાદષ્ટિ છે. એક જાતના મિથ્યાદષ્ટિ છે.

એ તો આપણે આવી ગયું. કર્તાપણે, સર્વવિશુધ્ધજ્ઞાન અધિકારમાં આવી ગયું. આહાહા! સમજાણું કાંઈ? જૈનમાં જનમ્યા પણ જૈન શું કહે છે અથવા વસ્તુ શું છે (તેની) ખબર નથી તો ધર્મ કયાંથી થશે. સમજયા? બહારથી મુંડ મુંડાવીને બેસે પણ.. આ તો કેશલોચ મેં કર્યું. પરમાણુની પર્યાય થાય છે તેમાં તેં શું કર્યું? સમજાણું કાંઈ?

કોણ કરે? આંગળી વાળને અડતી પણ નથી. ત્રકાળમાં આંગળી વાળને અડતી પણ નથી. અને

વાળ નીકળે છે તે તેની પર્યાયને કારણે નીકળે છે. આત્મા માને કે મેં કર્યું. લોકો કહે, આહાહાહા! શું છે પણ? એ તો અજ્ઞાન થયું. પરનું કાર્ય મેં કર્યું એ તો મિથ્યાદષ્ટિ અજીવની પર્યાયને પોતાની માની તે તો મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ? ભાઈ! આ સૂક્ષ્મ વાત છે.

મુમુક્ષુ :- ઊંડી વાત છે.

ઉત્તર :- ઊંડી એવી. એવી વાત છે. જેવી છે તેવી આ છે. બીજી છે નહીં. લોકોને, સમાજને આ વાત મળી નહીં અને આવી વાત, ક્રિયાકાંડ કરવા, આમ કરવું. ઘુસી ગયા.

મુમુક્ષુ :-સાંભળવામાં કેમ ન આવી?

ઉત્તર :- હા પણ સમાજની યોગ્યતા ન હતી તો સાંભળવામાં ન આવી. શું કહે છે. જુઓ! ઉપાદાન શું કહે છે ઉપાદાન. શબ્દ તેનાથી થયા છે. પુદ્‌ગલમાં શબ્દ થવા અને સંસ્થાન-સંઘાત મળી ગયા. એકતા થઈ. **પર્યાયોરૂપે પરિણત હોવાને લીધે,** કોણ? પુદ્‌ગલ. એ પુદ્‌ગલ પોતાની પર્યાયોરૂપે પરિણત હોવાને લીધે, જુઓ! ભાષા કેટલી સ્પષ્ટ છે. શરીર, આ વાણી (તેનો) આમ આમ આમ બધા આકાર થયા છે. (તે) બધા આકારો પુદ્‌ગલની પર્યાયની પરિણતિ થવાથી થયા છે. આત્માના કર્મથી નહીં અને આત્માએ ભાવ કર્યા હતા તો કર્મ બંધાણા હતા, એમ પણ નથી. અને કર્મ છે તો આવી પર્યાય થઈ, એમ પણ નથી.

મુમુક્ષુ :- આ જ દલીલ ગળે નથી ઉતરતી.

ઉત્તર :- આ તો બે ને બે ચાર છે. તો દલીલ કેમ નથી ઉતરતી? પુદ્‌ગલ અનંત છે કે નહીં? કે એક છે? અનંત છે તો અનંત રહીને ઉત્પાદ થાય છે કે મળીને ઉત્પાદ થાય છે. મળીને થાય તો અનંત રહે નહીં. અને અનંત રહીને ઉત્પાદ થાય તો બીજાથી થતા નથી.

મુમુક્ષુ :- મળીને એક થયા તો અનંતપણું શું કરવા ચાલ્યું ગયું?

ઉત્તર :- ચાલ્યું ગયું. બધી મળીને એક પર્યાય થઈ તો તે પર્યાયમાં, અનંતની અનંત થવી જોઈએ, અને એક પર્યાયને અનંત દ્રવ્યએ કરી તો દ્રવ્ય એક થઈ ગયા. દ્રવ્ય જુદું રહ્યું નહીં. સમજાણું કાંઈ?

અનંત દ્રવ્યની અનંત પર્યાય ભિન્ન થવી જોઈએ. એની જગ્યાએ અનંતની અસંખ્ય પર્યાય મળીને થાય તો અનંત દ્રવ્યનો તો નાશ થઈ ગયો. સ્વતંત્ર અનંત છે, ભિન્ન ભિન્ન. તેનું અસ્તિત્વ તો રહ્યું જ નહીં. સમજાણું કાંઈ? આરે! આ કેવો ધર્મ! ભાઈ કહે.

મુમુક્ષુ :- ઉલટી જાતના ભૂક્કા ઉડાવી દીધા.

ઉત્તર :- જુદી જાતનું છે. એય!

મુમુક્ષુ :- આ ડાહ્યા થવાની કોલેજ છે.

ઉત્તર :- આ મુર્ખાઈ કાઢવા માટેની કોલેજ છે. મુર્ખાઈ ભરેલી છે ને મુર્ખાઈ! સાધુ નામ ધરાવીને

પણ મુરખ બુધ્ધિ રાખે છે. કે અમે ભાષા બોલીએ છીએ તો બોલાય છે. શરીર આમ ચલાવીએ છીએ. શરીરની પર્યાય તો કહે છે કે પર્યાયરૂપથી પરિણત તો પુદ્‌ગલ થયું છે. તારાથી થયું છે? તું કોણ? તારું તારા અસ્તિત્વમાં છે, તેના અસ્તિત્વમાં તારું ઘુસી ગયું છે?કે તેના અસ્તિત્વમાં તારાથી પર્યાય થાય. વીતરાગસ્વરૂપીભાવ. સમજાણું કાંઈ?

આ વળી વીતરાગની વાણી કહેતો હતો ને એટલે. વાણી જ વીતરાગની નથી. એ બધી સમજવાની વાત છે. એટલે જ લોકો ગડબડ કરે છે ને? આ ભગવાનની વાણી નથી. હવે સાંભળ તો ખરો! એ તો નિમિત્તથી કથન છે. ભગવાન જડના છે? વાણી તો જડ છે. ભગવાન શું જડ છે? સોનગઢને નામે લોકો અત્યારે બહુ જ મોટી ગડબડ કરે છે. પણ આ કોણ કહે છે? આ કુંદકુંદઆચાર્ય ભગવાને બે હજાર વર્ષ પહેલાં કહ્યું છે અને અનાદિથી એ જ વાત ચાલી આવે છે. વાત ત્રિકાળ એકરૂપ છે. બીજી વાત ત્રણકાળમાં હોય જ નહીં. ઓહોહોહો! સમજાણું કાંઈ? લ્યો! હજી તો અહીં અટક્યું! શરીર અને શરીરી બેય ભિન્ન ચીજ છે.

મુમુક્ષુ :- જીવ તો શરીર નથી અને આમાં શરીરી ક્યાંથી આવ્યું?

ઉત્તર :- શરીરમાં પણ શરીરી જીવને શરીરવાળો એમ કહેવામાં આવ્યું. ટૂંકી ભાષા કરવા માટે નિમિત્તથી કથન કરવામાં આવ્યું. સમજાણું કાંઈ? એ ખરેખર આ શરીર સ્પર્શ-રસ-ગંધ-વર્ણ એ તેના ગુણ છે. શબ્દ તેની પર્યાય છે. અને સંસ્થાન તેની પર્યાય છે. સંસ્થાન. આ જુઓ! આમ આમ થાય છે.

મુમુક્ષુ :- સંસ્થાન એટલ હાલત?

ઉત્તર :- આકાર. સંસ્થાન એટલે આકાર. એ આકાર. આ આકાર છે ને. જુઓને! ભિન્ન ભિન્ન આકાર થયા ને? એક એક રગમાં કેટલા આકાર છે. જુઓ! અહીં અહીં અહીં. કોઈને કાંઈ, કોઈને કાંઈ. બધા પરમાણુસ્કંધના આકાર થાય છે તે પુદ્‌ગલનું પરિણમન છે. આત્માએ બિલકુલ કર્યું નથી. ત્યારે કોઈ કહે કે પૂર્વના કર્મ છે કે નહીં? પણ કર્મ ભિન્ન ચીજ છે. કર્મના રજકણ ભિન્ન છે, આ રજકણ ભિન્ન છે. કર્મથી આ થયું છે એમ પણ નથી. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કહ્યું હતું. આહાહા! સમજાણું કાંઈ?

**સંસ્થાન-સંઘાતાદિ,** આદિ એટલે કંઈ પણ આકૃતિ થાય આવા વિસ્તાર આદિ બધા **પર્યાયોરૂપે પરિણત હોવાને લીધે,** નાના-મોટા આકાર થાય છે ને? શરીરના ટુકડા થઈ જાય પાછા ભેગા થઈ જાય, પાતળો થઈ જાય. આવા વળ શરીરમાં પડે, શરીર છે ને તો વળ પડે છે ને? એ બધાની આકૃતિરૂપ પરિણમન આ પુદ્‌ગલની પર્યાય છે. સમજાણું કાંઈ? આ જીભ પણ (મોઢાની) અંદર આમ આમ ફરે, આકાર. જીભનો આકાર ફરે છે ને? ખાતી વખતે આમ સીધી નથી રહેતી. એ આકૃતિ પુદ્‌ગલની

પર્યાયથી થાય છે. આત્માની ઈચ્છાથી એમ થતી જ નથી.

મુમુક્ષુ :- .....ને ભાવ છે?

ઉત્તર :- ભાવ આત્માની પાસે રહ્યા. એમાં શું? એને અડયા છે? જીભના અનંત પરમાણુના સ્કંધ છે. એ કહે છે કે સ્કંધના સંસ્થાન-સંઘાત એકઠા થવા, ઉત્પાદ-નાશ થવું એ બધી જડની પર્યાય છે, આત્માથી છે નહીં. ઓહોહો! હજી તો જીવ-અજીવની ભિન્નતાનું ભાન નથી. તેને પુણ્યથી આત્મા ભિન્ન બતાવવો, એ તો બીજી ચીજ રહી ગઈ. એ આગળ કહેશે.

મુમુક્ષુ :- .....

ઉત્તર :- નહીં નહીં બહારથી નહીં. પોતાથી પર્યાય થાય છે. એટલી વાત. એ અનંતગુણની વિશેષરૂપ પર્યાય પોતાથી થાય છે. મનથી નહીં, વાણીથી નહીં, શરીરથી નહીં, કર્મથી નહીં, દેવ-ગુરુ-શાસ્ત્રથી પણ નહીં. જેની પાસે જે સામાન પુંજી છે તેનું વિશેષ થાય છે. એ પહેલાં આગળ આવી ગયું ને. ૧૨૫માં આવી ગયું. એમકે તેમાં હિત-અહિત આદિની વિશેષ પર્યાય દેખાતી નથી તો સામાન્યજ્ઞાન તેમાં નથી. જેમાં વિશેષ દેખાતું હોય તે વિશેષનું સામાન્ય હોય. જડમાં જ્ઞાનની પર્યાયનું વિશેષ નથી તો સામાન્યજ્ઞાન પણ નહીં. સમજાણું કાંઈ? એ પહેલાં આવી ગયું. આ તો ત્યાંથી મેં ટૂંકું કરીને લીધું છે. આવે છે ને. આ તો ઉપરથી કહી ગયા ને. એ તો અહીં ૧૨૬-૧૨૭માં વાત લેવી છે. સમજાણું કાંઈ?

એ તો જડમાં, કોઈ જડની પર્યાયમાં જ્ઞાનનું વિશેષપણું દેખાતું નથી. તો જ્ઞાનગુણનું સામાન્યપણું પણ તેમાં નથી. જડમાં પર્યાયશબ્દની સંસ્થાન-આકૃતિ દેખાય તો તેમાં સામાન્ય વર્ણ-ગંધ-રસ-સ્પર્શ દેખાય છે. જેનું વિશેષ હોય તે પ્રકારનું સામાન્ય હોય. જડમાં જ્ઞાનની પર્યાયનું વિશેષ નથી તો જ્ઞાનનો સામાન્યગુણ પણ નથી. એમ જડમાં જે શબ્દ આદિની જે પર્યાય થાય છે તે વિશેષ છે. અને વિશેષ જડ છે તો તેના ગુણ વર્ણ-ગંધ-રસ-સ્પર્શ પણ જડ છે.

આત્મામાં જે જ્ઞાનાદિની વિશેષ પર્યાય થાય છે તો સામાન્ય પણ જ્ઞાનગુણ છે. સામાન્ય ગુણ છે તેની વિશેષ પર્યાય છે. વિશેષ જાત હોય તે જાતનું સામાન્ય હોય. સમજાણું કાંઈ? કહો, શેઠી!

મુમુક્ષુ :- વાણી તો છે આત્મા સાથે.

ઉત્તર :- જડ છે.

મુમુક્ષુ :- જડ છે તો આત્મા ઉપર પ્રભાવની છાપ પડે છે.

ઉત્તર :- કોઈ (છાપ પ્રભાવની) પડતી નથી. કોણ કહે છે પડે છે. ભગવાન ના પાડે છે. પડતી જ નથી.

મુમુક્ષુ :- .....

ઉત્તર :- એ તો તેનું ઉપાદાન છે તો ખ્યાલ આવે છે. એ તો નિમિત્ત ચીજ છે. તેનાથી પ્રભાવ પ્રભાવ પડતો નથી. મિથ્યાદષ્ટિએ માન્યું છે. અત્યારે વાત ચાલતી નથી. એવી ગડબડ થઈ ગઈ છે એવી ગડબડ. પાણી પણ આત્માએ પીધું નથી પછી ક્યાં પ્રશ્ન છે. ભગવાનની વાણી જ નથી. એ તો આવ્યું ને? પરમ દિવસે ૧૭૩ ગાથામાં બપોરે આવ્યું.

મુમુક્ષુ :- બધો લોકો બોલે છે.

ઉત્તર :- એ તો બોલવામાં આવે છે. નિમિત્ત કોણ એમ બોલવામાં આવે છે. આરોપથી કથન છે. વાણી તો વાણીની છે. આ કહ્યું ને? સશબ્દ હોવાને લીધે, કોણ? જડ. **સંસ્થાન-સંઘાતાદિ,** ભેગા થવા-જુદા થવા. **પર્યાયોરૂપે પરિણત હોવાને લીધે ઇન્દ્રિયગ્રહણયોગ્ય છે, તે પુદ્ગલદ્રવ્ય છે.** લ્યો! પુદ્ગલદ્રવ્ય છે. બધા પુદ્ગલદ્રવ્ય છે. ભાષા પુદ્ગલ, ભગવાનની વાણી તો નિમિત્તથી કહેવામાં આવી છે. વાણી ભગવાનને થાય છે? ભગવાન જડ છે? ઓલા કહે ને કે અરરર! ભગવાનની વાણી નહીં? અરે! ભગવાનની વાણી કહીને ગાળ આપે છે. ભગવાન તો અરૂપી ચૈતન્યઘન છે. તેની પાસે ક્યાંથી આવી વાણી? તે બહારમાં આવી ગયા? આહાહા!

હજી તો રૂપી-અરૂપીમાં પણ કોની પર્યાય કેમ થાય છે અને કોણ નિમિત્ત છે તેની પણ ખબર નથી કોઈનો અંશ કોઈમાં ભેળવી દેવો, મૂઢ છે. મિથ્યાજ્ઞાન છે, અસત્જ્ઞાન છે, પાપદષ્ટિ છે.

મુમુક્ષુ :- વ્યાપ્ય-વ્યાપક છે ને?

મુમુક્ષુ :- ક્યાંથી વ્યાપ્ય-વ્યાપક થાય? પોતાની પર્યાયમાં થાય પછી પ્રશ્ન શું છે? એક પરમાણુ બીજા પરમાણુમાં વ્યાપ્ય-વ્યાપક થતા નથી. વ્યાપ્ય કહો કે અવસ્થા કહો, વ્યાપ્ય કહો કે ઉત્પાદ કહો. ઉત્પાદ તે વ્યાપ્ય છે અને દ્રવ્ય તે વ્યાપક છે. એ વ્યાપ્ય-વ્યાપક પોતામાં થાય છે કે (પરમાં થાય છે?) કર્તા-કર્મ કહો કે વ્યાપ્ય-વ્યાપક કહો. આહાહા! કે ઉત્પાદને ધ્રુવ કહો. ધ્રુવ વ્યાપક પર્યાય વ્યાપ્ય, ઉત્પાદથી. વસ્તુનો અનાદિ સ્વભાવ છે, કોઈએ કર્યો નથી. ભગવાને કહ્યું, હુકમ દઈ દીધો કે આ માનો નહીંતર જેલ થશે. એમ છે નહીં.

મુમુક્ષુ :- એમ નહીં માનો તો ચોર્યાસીમાં (ફરવું પડશે.)

ઉત્તર :- એ તો વસ્તુ એવી છે. એમ નહીં માનો તો-તમારી દષ્ટિમાં વિપરીતતા છે માટે જાશે. સમજાણું કાંઈ? આહાહા! પરિણમનની પોતાની યોગ્યતાથી પરિણમે છે. તેની યોગ્યતા પ્રમાણે તે જાણે છે પોતાને કારણે. શ્રોતા પોતાની યોગ્યતાથી સામાન્યજ્ઞાનમાંથી વિશેષરૂપ યોગ્યતા તે સમયે થાય છે એમ જાણે છે. બસ. વાણીથી કહે છે એ પણ નિમિત્તનું કથન છે. શું કોઈનું વિશેષ કોઈ સામાન્ય વિનાનું હોય છે? તેનું જ્ઞાનગુણ સામાન્ય છે તેની વિશેષ પર્યાય થશે. સામાન્ય ન્યાં છે તો તેનાથી અહીં વિશેષ થઈ? આહાહા! આખી મોટી વસ્તુ જ અનંત પદાર્થનો નાશ થાય છે દષ્ટિમાં, દષ્ટિમાં. વસ્તુ તો ક્યાં ચાલી જાય છે. કહો, સમજાણું કાંઈ? એય દેવીલાલજી! શું છે આ? આ ભગવાનની પૂજા બુજા પછી કરવી

કે નહીં? અષ્ટ દ્રવ્ય. નક્કી તો કર! ક્રિયા પણ વચ્ચે થવાવાળી જડથી થાય છે. તારો તો શુભભાવ, તારો તો શુભભાવ, બસ. એ ક્રિયા એનાથી થાય છે, તારાથી નહીં. સમજાણું કાંઈ? અરે ભગવાન!

હજી જડથી દૃષ્ટિ ઉઠાવવી મુશ્કેલ પડે છે તો તેના પુણ્યના વિકલ્પથી દૃષ્ટિ ઉઠાવવીને મારામાં પુણ્ય પણ નહીં. સમજાણું કાંઈ? જેને પોતાના સિવાય બીજા પદાર્થ અને બીજાથી પોતાનામાં કાર્ય કારણ માન્યું તેણે બધું વિપરીત માન્યું. તે જડ કારણ અને મારી પર્યાય કાર્ય. મારી પર્યાય કારણ અને જડ પર્યાય કાર્ય. બધું વિપરીત ગોટાળા!

મુમુક્ષુ :- .....

ઉત્તર :- એ વાત કરી. સ્વરૂપ કારણ વિપર્યાસ, સ્વરૂપ વિપર્યાસ, ભેદાભેદ વિપર્યાસ બધું વિપર્યાસ થઈ ગયું તેને તત્ત્વ શું છે. વસ્તુ આ તો શાંતિથી, ધીરજથી ભેદજ્ઞાન કરવાની વાત છે. જીવ-અજીવથી ભેદજ્ઞાન કરવાની વાત છે. ભેદ તો ક્યારે થશે કે મારી પર્યાય મારાથી તેની પર્યાય તેનાથી ત્યારે ભેદ થશે. હજી તો અજીવ ને જીવથી ભેદ કરવાની વાત છે. પછી પુણ્ય ને પાપથી ભેદ કરવાની વાત સ્વભાવની છે. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અહીં આવી પડયા તો મોક્ષ આટલો બધો આકરો પડશે.

ઉત્તર :- આકરો! લ્યો! એ કહે છે કે અહીં આવી પડયા તો મોક્ષ ભારે આકરો પડશે. આકરો થઈ ગયો. આવી પડયા હવે આમાંથી નીકળવું શી રીતે? વિષ્ટાને અમૃત માન્યું હતું. શું કહે કે વિષ્ટા આપણે બહુ જ છે, બહુ જ છે. એવું શું? અહીં કહે છે કે ભગવાન તારી ચીજમાં પુદ્‌ગલનું પરિણમન તારાથી ક્યારેય થયું જ નથી. ભૂલ કાઢવા માટે કહે છે ને કે ભૂલ રાખવા માટે કહે છે? એ કહ્યું ને? **જીવ-અજીવનો વાસ્તવિક ભેદ સમ્યગ્જ્ઞાનીઓના માર્ગની પ્રસિધ્ધિ,** માર્ગની પ્રસિધ્ધિ માટે કહેવામાં આવે છે. ભગવાન અમૃતચંદ્રઆચાર્ય..... ભાઈ! **'सम्यग्ज्ञानिना मार्गप्रसिद्धयर्थ प्रतिपादित इति'.** સંસ્કૃતમાં, નીચે હિન્દીમાં છે. ભાવાર્થ ઉપર છે. કહો, સમજાણું કાંઈ?

એ વાસ્તવમાં ગુણ અને પર્યાયથી **પરિણત હોવાને લીધે એક ઈન્દ્રિયગ્રહણયોગ્ય છે, તે પુદ્‌ગલદ્રવ્ય છે.** એ પુદ્‌ગલદ્રવ્ય છે. એ પોતાનું આત્મદ્રવ્ય નહીં. અને આત્માની પર્યાય પણ નહીં. સમજાણું કાંઈ? શરીરાદિ પર્યાય હો, આત્માને નિમિત્ત કહે છે. નિમિત્ત કહે છે તો નિમિત્ત છે તો તે થઈ છે? તો નિમિત્ત રહ્યું નહીં. નિમિત્તનો અર્થ એ કે એ ચીજ બને છે પોતાથી ત્યારે સામે સંયોગ છે. તેને નિમિત્ત કહેવામાં આવે છે. નિમિત્ત છે તો તેમાં પર્યાય થઈ. તેમાં પર્યાય થઈ તો પોતાના નિમિત્તથી થઈ એમ છે નહીં. સમજાણું કાંઈ? આ તો શરીરની વાત ચાલે છે. બાહ્યમાં પણ બધું, આ લાડું વળે છે, આમ થાય છે, ઢેબરા, પુરી બધું, ચક્કર, ગોળ, બધી પુદ્‌ગલની પર્યાય પરિણમે છે. પુદ્‌ગલ થઈને પરિણમે છે. આત્માની ઈચ્છા ત્યાં પરિણમાવે એવું ત્રણ કાળમાં બનતું નથી.

મુમુક્ષુ :- થોડું ધ્યાન જરૂરી છે.

ઉત્તર :- હં... આ જ્ઞાન જરૂર વગર તેને સત્યની ખબર નહીં પડે. કહે છે એટલું જ્ઞાન જરૂરી છે. જડથી ભિન્ન ચૈતન્યની પર્યાય એવું. ટૂંકામાં ટૂંકું છે. ઇન્દ્ર, ચક્રવર્તીને પણ ભાન છે. તેમાં ભાન છે. છન્નું હજાર સ્ત્રી ચક્રવર્તી ને છે, કરોડો અપ્સરા ઇન્દ્રને છે. છે ભાન અમારી પર્યાય અમારાથી ઉઠતી પર્યાય તેનાથી અમારાથી કાંઇ છે નહીં. એવું ભાન છે ઇન્દ્રને. સમ્યગ્દષ્ટિ છે. ભેદજ્ઞાન છે. ભેદનો અર્થ-જુદાં. શરીરની પર્યાય શરીરથી મારાથી નહીં. ચક્રવર્તી પણ સમ્યગ્દષ્ટિ હો. લડાઇ કરવા જાય, ઘોડેશ્વાર થઇને જાય છે ને. હજાર તો દેવ સેવા કરે છે. તિમિત ગુફા હતી. ગુફા શોધે છે ને? હાથમાં ડંડ છે. એક દંડ હજાર દેવ સેવા કરે છે. એ પર્યાય મારાથી થઇ નથી એમ માને છે. મારાથી થઇ નથી. મારી પર્યાય મારી સીમા આળંગીને બહાર જાતી નથી. તેની પર્યાય તેની પર્યાય તેની સીમા ઓળંગીને બીજાને અડતી નથી. ઓહોહોહો! એ પુદ્‌ગલ આવ્યું. એ પુદ્‌ગલની વ્યાખ્યા કરી, શરીર. સમજાણું કાંઇ?

આદિ બધું લેવું, હોં! એકલું શરીર નહીં. આ તો શરીરની વાત કરી છે. ઔદારિક શરીર સંબંધી સંઘાત, વર્ણન આદિ બધું, બધું લેવું. અને બધી બહારની પણ પુદ્‌ગલની પર્યાય, અક્ષર વાંચવા, અક્ષર લખવા, શીશપેન ફેરવવી, એ બધી પુદ્‌ગલની પર્યાય છે. આત્મા તેને કરતો નથી. કહો, સમજાણું કાંઇ? આ શરીરની એકતા થાય છે ને પરમાણુ, એ બરાબર થાય, આમ આમ આમ કરો તો શરીર સારું રહેશે. કાંઇ છે નહીં. તારી કલ્પનાની મર્યાદા કલ્પના. શરીરની પર્યાયમાં પરિણમન થાય તે શરીરને કારણે. તારી કલ્પનાથી તેમાં કાંઇ પણ ફેરફાર થાય, ત્રણકાળમાં બને નહીં. સમજાણું કાંઇ?

વિકલ્પ તો આવે છે. જ્ઞાનીને પણ ક્ષુધા તો આવતી નથી? ક્ષુધા તો.પણ તે આહાર આવવો (તે) વિકલ્પ આવ્યો તો આવે છે એમ નથી અને તેમાં જઠરનું ઉપશમ થવું તે આહાર આવ્યો તો થયું એમ પણ નથી. એ પર્યાય એવી ઉત્પન્ન થવાની હતી તો આહારને નિમિત્ત કહેવામાં આવ્યો. વિકલ્પ આવ્યો તો આહાર આવ્યો અને ક્ષુધા મટી ગઇ એમ છે નહીં. સંઘાત આવે ને સંઘાત. પુદ્‌ગલ(નું) ભેગું થવું તે આત્માની પર્યાય છે? ના, એ તો પુદ્‌ગલની પર્યાય છે. પુદ્‌ગલ પર્યાય એકઠી થાય છે. એ પુદ્‌ગલ એક ગાથાનો અર્થ થયો. હવે ૧૨૯ ગાથા. જુઓ! **'पोग्गलदव्वभवाहोंति गुणा पज्जया य बहू'**

હવે આત્મા. સ્પર્શ, રસ, રંગ, ગંધ, વર્ણ ગુણ રહિત આત્મા. આત્મામાં **સ્પર્શ, રસ, ગંધ, વર્ણગુણ વિનાનું હોવાને લીધે, અશબ્દ.** ઓલામાં શબ્દ હતું ને? આત્મામાં શબ્દ હોવાનું કારણ નથી. એટલે શબ્દ હોવાનું કોઇ કારણ નથી. આત્મા શબ્દ રહિત છે.

મુમુક્ષુ :- કયારે?

ઉત્તર :- અનાદિઅનંત. આત્મામાં શબ્દ છે? શબ્દમાં આત્મા છે? બે ભિન્ન ચીજ છે. આ ઓલાને લાગે, બે કારણ લગાવો. પણ બે કારણનો અર્થ શું? પોતાથી થાય છે તો એ બીજી ચીજ છે તો તેને આરોપ તેનાથી દેવામાં આવે છે. નહીં. જેવું નિમિત્ત મળે તેવી પર્યાય થાય છે. અચ્છા! ચાલ્યા જાવ ચાર ગતિમાં રખડવાને.

મુમુક્ષુ :- ભગવાનની વાણી ખરે છે....

ઉત્તર :- ખરે છે તો વાણી ખરે છે એમ કહ્યું ને? એ તો વાણી ખરે છે. આત્મા ખરે છે? આત્મા ખરે છે તેમાં? ભગવાન ખરે છે વાણીમાં? ખરતા હોય તો ભગવાનનું જ્ઞાન ક્ષીણ થઈ જાય. એ તો વાણી ખરે છે, જડ. અનંત રજકણ પરમાણુ. ભાષા થવાની લાયકાતથી ભાષાની પર્યાય થાય છે. ભગવાનની વાણી છે કે જડની? જૈનનું શું? જીવ-અજીવ તે પણ સાંભળ્યું નથી.

મુમુક્ષુ :- .......... વાર લાગશે.

ઉત્તર :- વાર લાગશે તો ભલે લાગે.

મુમુક્ષુ :- આત્મા જે ભાવથી .......ક્રિયા થાય છે તો ...... અંદર જાવાનો ભાવ થયો.

ઉત્તર :- ભાવ થયો.

મુમુક્ષુ :- ........

ઉત્તર :- ન કરી શકે તો ત્યાં તો ભાષા પણ નથી કરી શકતા. ભાષા થવાની હોય તો થાવ. શરીર પણ પોતાના પરિણમનથી ગતિ કરવાનું હોય તો હો. પણ ભાવ આવ્યો તો શરીરની ગતિ થઈ એમ નથી. ભાવ થયો તો વાણી નીકળે છે એમ નથી.

મુમુક્ષુ :- ભગવાનની વાણી હતી તો ભાવ આવ્યો.

ઉત્તર :- નહીં એમ પણ નહીં.

મુમુક્ષુ :- ક્રિયાથી તો પક્કડમાં આવે છે, ભાવ ક્રિયાથી પક્કડમાં આવે છે.

ઉત્તર :- નહીં બિલકુલ કોઈએ પકડયું નથી. ભાવ ભાવમાં રહ્યા, ભાષા ભાષામાં રહી.

મુમુક્ષુ :- ક્રિયા .....

ઉત્તર :- નહીં, નહીં, નહીં. જડની ક્રિયા જડમાં, આત્માની ક્રિયા આત્મામાં.

મુમુક્ષુ :- અનુકૂળ એટલે એકરૂપ થઈ ગયા ને?

ઉત્તર :- અનુકૂળનો અર્થ શું? ભાષા જેવા ભાવ હતા એવી ભાષા પણ. ભાષા ભાષાને કારણે નીકળી છે. ભાવને કારણે નહીં. એ તો કહે છે, અહીં બતાવવું છે.

મુમુક્ષુ :- ............

ઉત્તર :- કોણ? કોના? એ તો વ્યવહારના વિકલ્પ આવે છે. પૂજ્ય વ્યવહારે કહેવામાં આવે છે. શુભભાવ આવે છે ને? એ કારણે. આત્મા તો, આ ભગવાનની પ્રતિમા પણ જડ છે. પણ નિક્ષેપ કરે છે તો આ ભગવાન એવો શુભભાવ આવે છે. એ પોતામાં શુભભાવ છે. પણ શુભભાવને કારણે મંદિર બન્યા એમ નથી. અને મંદિર છે તો શુભભાવ આવ્યો એમ નથી. આહાહા!

મુમુક્ષુ :- શાસ્ત્રોમાં તો આવે છે મંદિર બંધાવવું.

ઉત્તર :- એ તો ભાષા આવે. વિકલ્પ થવાનો હોય તો થાય. આત્માનું કર્તવ્ય છે? આત્મા કરી

શકે છે? આહાહા! ભારે ગડબડ ભાઈ! હજી તો ભગવાનની વાણીના વાંધા ઉઠે. અહીં કહે છે કે વાણી જડની છે, લે.

મુમુક્ષુ :- એ કહે છે કે જાદુ ....

ઉત્તર :- જાદુ કરે, ના, ઠીક છે. ..... થોડી વાર લાગશે. એમ કહે છે. નહીં સમજાય એમ નથી કહેતા. કહો, સમજાણું કાંઈ? નિર્ણય કરવાનો બહુ જ ખીચડો હોય છે ને તો એમાંથી કાઢવું. અશબ્દ હોવાને લીધે, કોણ? આત્મા અશબ્દ છે. જુઓ! કુંદકુંદાચાર્ય કહે છે કે આત્મામાં અશબ્દ છે અને શબ્દમાં આત્માનો અભાવ છે. અત્યંત અભાવ છે. શબ્દની પર્યાયમાં ભગવાનઆત્માનો અત્યંત અભાવ છે. ભગવાનઆત્મામાં શબ્દની પર્યાયનો અત્યંત અભાવ છે. કોણ કોને કરે. આહાહા!

વ્યવહારથી બોલવામાં આવે છે. બપોરે આવ્યું ને? વ્યવહારીક દૃષ્ટિ. એ તો વ્યવહારથી કથન કરવામાં આવ્યું, નિમિત્તથી. પોતાના ભાવની પર્યાય કરે છે. બસ, બસ. પોતાના અસ્તિત્વમાં. બીજાના અસ્તિત્વના ક્ષેત્રમાં શું સીમા છે અંદરની પોતાની કે તેમાં ઘુસે.

**સ્પર્શ-રસ-ગંધ-વર્ણગુણ વિનાનું હોવાને લીધે, અશબ્દ હોવાને લીધે,** કોણ? આત્મા. **અનિર્દિષ્ટસંસ્થાન હોવાને લીધે,** તેમાં કોઈ સંસ્થાન નથી કે આવું સંસ્થાન કહેવામાં આવે છે. **તથા અવ્યકતત્વાદિ પર્યાયોરૂપે પરિણત હોવાને લીધે,** ઈન્દ્રિયગ્રાહ્ય નથી એવી પર્યાયરૂપથી પરિણત છે. ઈન્દ્રિયગ્રાહ્ય નથી એવી પર્યાયથી પરિણત છે. **ઈન્દ્રિયગ્રહણયોગ્ય નથી.** લ્યો! આત્મા ઈન્દ્રિયગ્રહણયોગ્ય નથી, શબ્દ ઈન્દ્રિયગ્રહણયોગ્ય છે. પુદ્‌ગલ ઈન્દ્રિયગ્રહણયોગ્ય, બે ભિન્ન ચીજ છે. બેયને કોઈનું કાંઈ લેવું દેવું નથી. સમજાણું કાંઈ?

મોક્ષમાર્ગ પ્રકાશકમાં એ લીધું છે. અજીવથી અજીવ થાય છે (તેમાં) તારું તો નિમિત્ત છે, એ તો અંશ મેળવી દયે છે તારો. મારા અંશથી તેનું થશે અને તેના અંશથી મારું થશે, કહો, સમજાય છે કાંઈ? **ચેતનાગુણમયપણાને લીધે,** લ્યો! કેવા ભગવાન છે આત્મા? ભગવાનનો અર્થ બધા આત્મા, હોં! **ચેતનાગુણમયપણાને લીધે રૂપી તેમ જ અરૂપી અજીવોથી વિશિષ્ટ (ભિન્ન) એવું જીવદ્રવ્ય છે.** લ્યો! ભગવાનઆત્મા ચેતનાગુણમયપણાને લીધે તેની પર્યાય પણ ચેતનામય છે. એ રૂપી પુદ્‌ગલથી ભિન્ન છે. અરૂપી આકાશાદિથી પણ ભિન્ન છે. પાંચ છે ને દ્રવ્ય પોતાનાથી ભિન્ન? રૂપી પુદ્‌ગલ અને અરૂપી આ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. એ રૂપી અને અરૂપી અજીવોથી **વિશિષ્ટ ભિન્ન, વિલક્ષણ, ખાસ પ્રકારનું,** ભિન્ન એવું જીવદ્રવ્ય છે, લ્યો! બેય દ્રવ્ય ભિન્ન ભિન્ન છે.

હજી જીવ અને અજીવ ભિન્નનો ભાસ ન હોય, ભિન્નની ખબર ન હોય. તેને ધર્મ, ચાલો કરો સામાયિક કરો, પડિકમણા કરો, પૌષધ.. શું છે? મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? લ્યો! વિશેષ વાત કરશે. **(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં:- ૨૯, ગાથા:- ૧૨૬ થી ૧૩૦
## તા.૨૪/૯/૧૯૬૪, ગુરુવાર, ભાદરવા વદ-૩

૧૨૬-૧૨૭ ગાથા. પંચાસ્તિકાય નવપદાર્થનું વર્ણન ચાલે છે. કાલે આ અધિકાર પૂરો થયો. **આ રીતે અહીં જીવ અને અજીવનો વાસ્તવિક ભેદ,** છે? જીવ એ રૂપી અરૂપી અજીવોથી ભિન્ન છે. જીવ રૂપી પુદ્ગલ અને અરૂપી ધર્માસ્તિ આદિ કાળ તેનાથી ચૈતન્ય દ્રવ્ય ભિન્ન છે. એ વાસ્તવિક ભેદ યથાર્થપણે ભેદ ભિન્ન છે.

**સમ્યગ્જ્ઞાનીઓના,** સાચા જ્ઞાનીઓના **માર્ગની પ્રસિદ્ધિ અર્થે,** જડ અને ચૈતન્ય, જડની પર્યાય જડથી થાય છે, ચૈતન્યની પર્યાય ચૈતન્યથી થાય છે. કાલ આવ્યું હતું ને, સમઠાણ આદિ. બધા શરીરની પર્યાયનો કાળ પરમાણુથી થાય છે. અહીં અસ્તિત્વ સિદ્ધ કરવું છે. એ અસ્તિત્વ તેનાથી છે. પોતાના આત્માનું અસ્તિત્વ જડનું, દ્રવ્ય-ગુણ-પર્યાયથી ભિન્ન છે. એવી વાસ્તવિક જુદાઈ, ખરેખર બેય જુદા છે. એટલે એમ નહીં કે એક જીવ ને એક અજીવ ને એક જીવ સહિત અજીવ સહિત જીવને, એમ ગરબડ કરે છે ને, બહુ જ. એ પુદ્ગલ સહિત જીવ, આવો જીવ એમ બહુ જ વાત કરે છે. એક એકલો જીવ છે. બે સાથે છે. છે જ નહીં.

જીવ ને અજીવ ત્રણેકાળ ભિન્ન છે. એ સચેતન પુદ્ગલ એ જૂઠ છે. સચેતન પુદ્ગલ ક્યાંથી આવ્યું? એ કોઈ કહે છે. આત્મા સચેતન પુદ્ગલ છે, બીજા અચેતન પુદ્ગલ છે. એમ નહીં, વાસ્તવિક જીવ અને અજીવ. દ્રવ્ય-ગુણ-પર્યાય પોતપોતામાં ત્રણેકાળ ભિન્ન જ છે. **સમ્યગ્જ્ઞાનીઓના માર્ગની પ્રસિદ્ધિ અર્થે,** કોઈ કહે છે કે એકલો આત્મા જ જગતમાં છે. કોઈ વળી કહે કે એકલો અજીવ જ છે. જીવ બીવ કોઈ દેખાતા નથી. એમ નથી. રૂપી અરૂપી, રૂપી અરૂપીથી ભિન્ન. રૂપી પુદ્ગલ અરૂપી આકાશ, ધર્માસ્તિ આદિ અરૂપી તેનાથી આત્મા ભિન્ન. કાલ આવ્યું હતું.

આત્મા રૂપી અને અરૂપી અજીવથી ભિન્ન. અજીવના બે પ્રકાર, એક રૂપી અજીવ અને એક અરૂપી અજીવ. રૂપી અજીવ આ પુદ્ગલ, અરૂપી અજીવ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. કહો! સમજાણું કાંઈ? એ પાંચથી ભગવાનઆત્મા તદ્દન ભિન્ન અનાદિનો છે. એ **માર્ગની પ્રસિદ્ધિ અર્થે પ્રતિપાદિત કરવામાં આવ્યો,** લ્યો! આચાર્યમહારાજ અમૃતચંદ્રઆચાર્યદેવ કહે છે કે, ભગવાન કુંદકુંદઆચાર્યે આવું ભિન્ન બતાવવા માટે, ભિન્ન છે, એવા જ્ઞાનીને પ્રસિદ્ધિ માટે ભિન્ન બતાવ્યું.

મુમુક્ષુ :- અત્યારે ભિન્ન છે?

ઉત્તર :- અત્યારે ભિન્ન છે, અત્યારની વાત છે. સિદ્ધની વાત ક્યાં છે. શરીરની પર્યાય શરીરમાં

છે. આત્માની પર્યાય આત્માથી ભિન્ન જ છે. કહો! સમજાણું કાંઇ? બહુ જ ગડબડ થાય છે ને, આ ક્યાંથી થયું? વાણી જિનવાણી છે કે નહીં? વાણી જિનવાણી છે કે નહીં? જિનવાણી છે કે નહીં? જિનવાણી છે નહીં અને વાણી જિનની છે નહીં. વાણી વાણીની છે, જિન જિનના છે. સમજાણું કાંઇ? જિન જિનના છે, વાણી વાણીની છે. વાણી શું જિનની થઇ જાય છે? અને જિન શું વાણીના થઇ જાય છે? જિનની વાણી ખરે છે ને? જિનની નથી ખરતી. જિનમાંથી નીકળે છે તો ખરે છે? પરમાણુની પર્યાય થઇને ખરે છે. ઓહોહો! નીકળે છે બીજું શું ખરે છે. બહાર આવે ને ભણકાર. શું છે?

શ્રોતા :- વાણી ક્યાંથી આવે છે?

ઉત્તર:-વાણી જડમાંથી આવે છે. ક્યાંથી આવે? આત્મામાં ભરી છે? આત્મામાં પરમાણુની ખાણ છે?

શ્રોતા :- ભાષા પર્યાપ્તિ છે.

ઉત્તર :- ભાષા પર્યાપ્તિ જડમાં છે. એ પર્યાપ્તિથી પણ આવતી નથી. ભાષા પર્યાપ્તિ ભિન્ન છે. નામ કર્મ છે. આદિ સૂક્ષ્મ છે. બેય ભિન્ન ચીજ છે. ક્યારેય ભિન્ન પાડ્યું પણ નહીં. ક્યારે શું ભિન્ન છે. ખબર પણ નથી. આવું કરું, આવું બનાવું. કોણ કરે ભાઇ! પર પદાર્થ માટે આત્મા પાંગળો છે. પાંગળા, પંગુ, પંગુ. છે જ નહીં. પોતાના સ્વરૂપમાં એ છે નહીં તેના સ્વરૂપમાં આ છે નહીં. તદ્દન ભિન્ન અત્યારે કે કાયમ? ત્રણેકાળમાં.

હવે ભાવાર્થ. તેનો થોડો ભાવાર્થ લે છે.

**અનાદિ મિથ્યાવાસનાને લીધે,** અનાદિ મિથ્યાગંધ, રુચિ, અભિપ્રાયને લીધે, **જીવોને પોતે કોણ છે,** પોતે કોણ છે, **તેનું વાસ્તવિક જ્ઞાન નથી.** પોતે કોણ છે, કેમ છે, કેવી રીતે છે, ખબર નથી.

મુમુક્ષુ :- ધર્મ ... કોણ છે?

ઉત્તર :- ધર્મ કોનો? ધર્મ કરનાર કોણ છે તેની ખબર નથી તો ધર્મ ક્યાંથી થશે? ધર્મ કરનાર કેવા છે, કેવી રીતે છે, અને ધર્મ શું પર્યાય છે, દ્રવ્ય છે કે ગુણ છે?

મુમુક્ષુ :- ભગવાને આચારંગ કહ્યા છે.

ઉત્તર :- આચારંગ કીધા છે. આચારંગમાં સમ્યગ્દર્શન, જ્ઞાન નથી કીધું? આવા ને આવા ઊંધા ઉંઠા. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનનું આચારંગમાં વર્ણન નથી? પહેલાં વર્તનનું કથન કર્યું છે અને દૃષ્ટિનું તો બાર અંગમાં કહ્યું છે. એમ કાલે આવ્યું છે. દૃષ્ટિનો વિષય બાર અંગમા દૃષ્ટિવાદમાં અને આચારંગના કથન પહેલાં. સમ્યગ્દર્શન વિના આચારંગ ક્યાંથી આવ્યા? સમજાણું કાંઇ? જેઠાભાઇ! અહીંયા મોટા મોટા પંડિત ભણ્યા, સમજાય છે? પાડા પખાળે છે. કાંઇ ખબર નહીં શું ચીજ છે. ઓહોહો! પંડિતાઇની

આ ચીજ નથી. આ તો વસ્તુની અંતરદષ્ટિની અને અંતરરુચિની ચીજ છે. સમજાણું કાંઈ?

કરા પડ્યા ને લખ્યા ને ભાષણ આપી દયે, પચાસ પચાસ હજાર, લાખને, માટે હોંશિયાર છે, એમ નથી. આ ચીજ એવી નથી. ચીજ ચીજમાં છે, ચીજ પરમાં ત્રણકાળમાં છે નહીં. ભાષા આત્મા કરી શકે છે, બીજાને સમજાવી શકે છે એ વસ્તુમાં છે નહીં. આહાહા!

કહે છે અનાદિ મિથ્યાવાસનાને લીધે જીવોને પોતે કોણ છે તેનું વાસ્તવિક જ્ઞાન નથી, આમ તો કહે છે કે અમે જીવ છીએ, જીવ છીએ પણ જીવ છે તો પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાયમાં તેની સીમા મર્યાદા છે. પરની સીમા પરમાં છે. સમજાણું કાંઈ? આ આંગળી હલે, આ હલે તે તો તેના કારણે હલે છે. હલ્યા વગર રહે નહીં. કોઈ કહે કે તેને કારણે હલે છે તો પછી તમે બંધ કરી દયો, તો હલે? પણ કોણ બંધ કરે? તેના કારણે હલે તો તેના કારણે બંધ થાય. તેમાં બીજાનો અધિકાર છે જ નહીં. બીજા કાર્ય કરીને ખસી જાય તો બીજાએ કાર્ય ન કર્યું તેમ માનવું. એમ છે જ નહીં. એ તો વાણી, શરીર તેની પર્યાયમાં જે રહેવાવાળી ક્રિયા છે તે તો થશે જ. થશે જ. એ ક્યાં પોતાના આત્માથી થાય છે.

એમ **જીવોને પોતે કોણ છે તેનું વાસ્તવિક જ્ઞાન નથી. અને પોતાને શરીરાદિરૂપ માને છે.** ક્યા કારણથી? પોતાનું અસ્તિત્વ કેવું છે એવું જાણવામાં ન આવ્યું તો ક્યાંય પણ પોતાનું અસ્તિત્વ માનવું તો જોઈએ. પોતાનું વાસ્તવિક સ્વરૂપ કેવું છે એવું જ્ઞાનમાં લીધું નહીં તો ક્યાંય પણ પોતાના હોવાપણાનું અસ્તિત્વ માનવું તો પડશે જ. આ શરીર હું છું, વાણી હું કરું છું, શરીરને હલાવું છું, વાણી બોલું છું, કર્મ બાંધું છું, એમ પરને પોતાનું માન્યું છે. કહો! સમજાણું કાંઈ?

પોતાની ચીજ ભિન્ન છે તેનું જ્ઞાન નથી તો પોતાના હોવાપણાની સત્તાનો સ્વીકાર તો ક્યાંક કરવો પડશે ને? પોતાની સત્તાનો સ્વીકાર નથી કે હું જ્ઞાયક એકલો ચૈતન્ય ભિન્ન છું, એવું જ્ઞાન નથી. પોતાનું અસ્તિત્વ શરીર હું છું, આ હું કરું છું, આ કરું છું, તેની પ્રસિદ્ધિથી મારી પ્રસિદ્ધિ મારું અસ્તિત્વ તેનાથી છે. બોલું છું કે હું આત્મા, ચાલું છું તો હું આત્મા, કર્મ બાંધું તો હું આત્મા. એમ પરના અસ્તિત્વમાં પોતાનું (અસ્તિત્વ) માની લીધું છે. સમજાણું કાંઈ?

પોતાને શરીરાદિરૂપ, શરીર, વાણી, કર્મ, **તેમને જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યનો વાસ્તવિક ભેદ દર્શાવી,** ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા અથવા કુંદકુંદઆચાર્ય આદિ સંતો, જેને આવું જ્ઞાન સ્વયં કોણ છે એવું નથી તો પરને પોતાનું માન્યા વગર રહેતા નથી. સ્વયં પોતાનું ભિન્ન શું છે તે જાણવામાં આવ્યું નથી તો પરમાં પોતાપણું માન્યા વગર રહેતા નથી. **તેમને જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યનો વાસ્તવિક ભેદ દર્શાવી,** તેમને ભેદ બતાવ્યો, ભાઈ! શરીર આદિ રૂપી છે, આકાશ આદિ અરૂપી છે. તે તારામાં છે નહીં. તારું અરૂપી જ્ઞાનઘન ભિન્ન તત્ત્વ છે. તારે અને પરને કાંઈ સંબંધ છે નહીં. **તેમને જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યનો વાસ્તવિક ભેદ દર્શાવી મુક્તિનો**

**માર્ગ પ્રાપ્ત કરાવવા અર્થે,** લ્યો!

**મુક્તિનો માર્ગ,** મુક્તિનો માર્ગ, **મોક્ષનો ઉપાય, પ્રાપ્ત કરાવવા અર્થે, અહીં જડ પુદ્‌ગલ દ્રવ્યનાં,** જડ પુદ્‌ગલ દ્રવ્યનાં, **અને ચેતન જીવદ્રવ્યનાં,** શરીરાદિ જડ પુદ્‌ગલ દ્રવ્યનાં અને ચૈતન્ય જીવદ્રવ્યનાં, **વીતરાગસર્વજ્ઞકથિત,** સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર વીતરાગે કહેલા **લક્ષણો કહેવામાં આવ્યા છે.** તેના જીવના અને જડના લક્ષણો કહેવામાં આવ્યા છે. સમઠાણ, શબ્દ વગેરે તો જડની પર્યાય છે. એ તો જડના લક્ષણ છે, તારાથી તે ક્યાંથી આવ્યા? તારું લક્ષણ તો જ્ઞાન છે. આત્મા જ્ઞાનથી જાણવામાં આવે છે. આત્મા જ્ઞાતા છે. બેયને વીતરાગ સર્વજ્ઞથી કહેવામાં આવ્યા. એવા લક્ષણો કહેવામાં આવ્યા.

**જે જીવ તે લક્ષણો જાણી,** જડની પર્યાય જડનું લક્ષણ છે અજીવના, જ્ઞાનલક્ષણથી આત્મા જાણવામાં જાય છે, આત્મા. એવા **જે જીવ તે લક્ષણો જાણી,** બેયના લક્ષણ જીવ. જાણવાવાળો તો આત્મા છે ને? લક્ષણો બેના, જાણવાવાળો એક. જડનું લક્ષણ જાણવાવાળો જડ છે. જડનું લક્ષણ અને ચૈતન્યનું લક્ષણ જાણવાવાળો તો આત્મા જ છે. બેયના લક્ષણ જાણવાવાળો તો એક છે. લક્ષણ બેના જાણવાવાળા બે એમ છે નહીં, એક જ છે. સમજાણું કાંઈ?

**જે જીવ તે લક્ષણો જાણી,** જુઓ! જડનું લક્ષણ સમઠાણ આદિ, શબ્દ આદિ, વર્ણ-ગંધ-રસ-સ્પર્શ આદિ એ તો તેનું તત્ત્વ છે અને મારું તત્ત્વ તેનાથી ભિન્ન છે. બેયના લક્ષણ જાણવાવાળો એક જીવ. સમજાણું કાંઈ?

**પોતાને એક સ્વતઃસિધ્ધ,** બેનું લક્ષણ જાણીને પોતાને સ્વતઃસિધ્ધ પોતાથી છે. શરીરથી, કર્મથી, પરદ્રવ્યથી છે નહીં. કોઈ ઈશ્વરથી છે નહીં, પોતાથી સ્વયંસિધ્ધ છે. **પોતાને સ્વતઃસિધ્ધ સ્વતંત્ર દ્રવ્ય તરીકે ઓળખી,** સ્વતંત્ર દ્રવ્ય તરીકે ઓળખ. હું તો પદાર્થ સ્વતંત્ર છું. અનાદિ સ્વયંસિધ્ધ, પર્યાયમાં પણ બગડવું, સુધરવું તે પોતાથી થાય છે. સ્વતંત્ર છું. મારી પર્યાય અને ગુણ-દ્રવ્ય સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? **એક સ્વતઃસિધ્ધ સ્વતંત્ર દ્રવ્ય તરીકે ઓળખી ભેદવિજ્ઞાની અનુભવી થાય છે.** લ્યો! પરથી ભિન્ન જાણીને, બેના લક્ષણ ભિન્ન જાણીને પોતાનો આત્મા પરથી ભિન્ન છે તો પોતાના દ્રવ્ય ઉપર લક્ષ જવાથી પોતાને ભેદજ્ઞાન-અનુભવ થાય છે. કહો! સમજાણું કાંઈ? કેમ કે પરથી ભિન્ન અને મારા લક્ષણથી તે ભિન્ન બેને જાણ્યા તો પોતાની પર્યાય-ગુણ-દ્રવ્ય, પરથી ભિન્ન. પર્યાયનું લક્ષણ જાણ્યું તો પર્યાય પછી દ્રવ્ય શું છે તે જાણ્યું, દ્રવ્ય-ગુણ શું છે તે જ્ઞાનથી ઓળખવામાં આવ્યું. એકલા પર્યાયના નહીં, પર્યાય-ગુણ ને દ્રવ્ય ત્રણેયને જાણવામાં આવે તો લક્ષ દ્રવ્ય ઉપર જાય છે તો ભેદવિજ્ઞાની થાય છે. સમજાણું કાંઈ?

પરથી જુદા કરીને પોતે અનુભવી થાય છે એ મુક્તિ, મુક્તિમાર્ગનો ઉપાય છે.એ મુક્તિનો માર્ગ

છે. પરથી પોતાનો આત્મા પર્યાય તો ભિન્ન છે પણ એક સમયની પર્યાયને દ્રવ્ય-ગુણ પણ પરથી તો ભિન્ન છે. તો દ્રવ્ય કેટલું છે, કેવું છે? એવા પોતાના આત્માને પરથી ભિન્ન જાણીને પોતાના આત્માનો **ભેદવિજ્ઞાની અનુભવી થાય છે. તે નિજાત્મદ્રવ્યમાં લીન થાય છે.** લ્યો! તે પોતામાં લીન થઈને પોતાને પરથી ભિન્ન જાણ્યો તે પોતામાં લીન થઈને, લ્યો! પહેલાં જાણ્યું પણ ભિન્ન અને પોતામાં લીન થયો તે ચારિત્ર. સમજાણું કાંઈ?

પરમાં લીન થવું એ નહીં, રાગ-દ્વેષાદિ વિકાર કેમ કે તે તો પર્યાય છે, દ્રવ્યમાં છે નહીં તો દ્રવ્યને પરથી ભિન્ન જાણીને ભેદવિજ્ઞાની અનુભવી થાય છે, આ કરવાનું છે. કરવાની આ ચીજ છે. **તે નિજાત્મદ્રવ્યમાં લીન થઈ મોક્ષમાર્ગને સાધીને,** નિજાત્મદ્રવ્યમાં લીન થઈને મોક્ષમાર્ગને સાધીને, પોતાનો જ્ઞાયકસ્વભાવ ચિદાનંદ પ્રભુ આનંદનું ધામ નિત્યાનંદ જેમાં આનંદ જ ભર્યો છે. એવું દ્રવ્ય, એવો ગુણ, એવી પોતાની દૃષ્ટિ આનંદવન, આનંદભુવન ભગવાન, આનંદના ભુવન ભગવાનઆત્મા તે તરફની દૃષ્ટિ થઈ તો પર્યાયમાં પણ અતીન્દ્રિય આનંદ પ્રગટ થાય તેનું નામ ભેદજ્ઞાન અનુભવ કહેવામાં આવે છે. એ સાચું જ્ઞાન છે. સમજાણું કાંઈ?

**નિજાત્મદ્રવ્યમાં લીન થઈને મોક્ષમાર્ગને સાધીને,** એ લીન થઈને મોક્ષમાર્ગને સાધીને, બીજું સાધવાનું છે જ નહીં. જ્ઞાયક ચૈતન્ય નિત્યાનંદ જેના આનંદનો સ્વાદ એક સમયમાં નિર્ભર આખો આનંદથી ભરેલો, પર્યાયમાં ક્યારેય આનંદ લીધો નહીં. કેમ કે પરથી ભિન્ન જાણ્યું નહીં, ભિન્ન ન જાણ્યું તો દ્રવ્યમાં પૂર્ણાનંદ છે એવી ઓળખાણ થઈ નહીં. સમજાણું કાંઈ?

જ્યારે દૃષ્ટિએ પરદ્રવ્યનું લક્ષ છોડ્યું (અને) પોતાના જ્ઞાનલક્ષણથી લક્ષ થવાવાળો ભગવાન તેમાં દૃષ્ટિ લગાવીને, જો આત્મા પરથી ભિન્ન જાણ્યો તો તેમાં પર્યાયમાં આનંદનો અનુભવ થયો તો જાણ્યું કે આખો આત્મા આનંદમય છે. હું આખો આત્મા અનાદિ આનંદમય છું. અતીન્દ્રિય આનંદમય છું. તેમાં લીન થઈને આનંદમાં લીન થવું એ ચારિત્ર છે. ચારિત્ર કોઈ દુઃખરૂપ નહીં. ચારિત્રને કષ્ટ સહન કરવું પડે એવું નથી. આહાહા! સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પરથી ભિન્ન એક પર્યાયમાં જરા રાગ અને દુઃખ છે, એટલું નથી કારણ કે ભિન્ન જાણ્યું તો પર્યાયથી ભિન્ન જાણ્યું પણ સર્વ દ્રવ્ય પણ ભિન્ન છે. એક પર્યાય જેટલું દ્રવ્ય નથી. એવી સત્તા, જ્ઞાન,આનંદ સત્તારૂપ દ્રવ્ય તેનો પરથી અનુભવ કર, મુક્તિ પોતામાં લીન થઈને **મોક્ષમાર્ગને સાધી,** જુઓ! તે મોક્ષનો ઉપાય સાધીને **શાશ્વત નિરાકુળ સુખનો ભોક્તા થાય છે.** શાશ્વત, નિરાકુળ, આકુળતા વિના આનંદનો ભોક્તા થાય છે. લ્યો! સમજાણું કાંઈ?

કઈ બે ચીજ છે, બેમાં ક્યાંથી ખસવું અને ક્યાં જાવું અને તેમાં લીન થવું તે જ મોક્ષનો માર્ગ. અને મોક્ષના માર્ગથી મોક્ષ પૂર્ણ નિરાકુળ આનંદની પ્રાપ્તિ થાય છે. આહાહા! સમજાણું કાંઈ?

**મોક્ષમાર્ગને સાધી શાશ્વત નિરાકુળ સુખનો ભોકતા થાય છે.** એ શાશ્વત સુખ પ્રગટ થયું તો અંદર શાશ્વત પોતાનું સુખ તેનો અનુભવ પૂર્ણ થયો. પૂર્ણ થયો અને તેવો ને તેવો અનાદિ સાદીથી ઉત્પન્ન થયો અનાદિ અનંતકાળ પછી રહે છે. સાચો આનંદ પ્રગટયો અનંતકાળ રહેશે. શાશ્વતમાંથી આનંદ આવ્યો, શાશ્વતકાળ રહે છે.

એ પોતાનો ચૈતન્ય પરથી ભિન્ન, રાગથી ભિન્ન, આ ગુણ-ગુણીનો પણ ભેદ નહીં દષ્ટિમાં. ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? કહો! દેરીયાજી! આ શું કરવું, ક્રમબદ્ધમાં માણસ મુંઝાય છે. આ ક્રમબદ્ધમાં કરવું શું? પણ ક્રમબદ્ધમાં કરવું, હું કરું એવી બુદ્ધિનો નાશ થાય છે. ક્રમબદ્ધમાં હું કરું એવી બુદ્ધિનો નાશ થાય અને અકર્તાબુદ્ધિ ઉત્પન્ન થાય તેનું નામ ક્રમબદ્ધ માન્યું કહેવામાં આવે છે. એમ નહીં થાય છે, થાય છે, થાય છે પણ થાય છે (તો) તું કોણ છો? સમજાણું કાંઈ?

ક્રમબદ્ધમાં લોકો કહે સ્વચ્છંદ બનાવી દયે છે એમ માને છે. સ્વચ્છંદ બને તો સમજે નહીં. રોકી શકાય છે, શું? થાય છે એવી એની દષ્ટિ નથી રહેતી. એ રોકી શકાય છે, એનો અર્થ એ છે. ક્રમબદ્ધ માનવાવાળાની ક્રમ થાય છે તેની ઉપર દષ્ટિ હોતી નથી. પર્યાય થાય છે, પોતાનો અર્થ પર્યાય થાય છે, પરમાં થાય છે અને પોતામાં થાય છે. થાય છે પણ ક્રમબદ્ધ માનવાવાળાની દષ્ટિ ક્રમબદ્ધ માન્યા કયારે કહેવામાં આવે છે કે હું પરનું કરું અને રાગનું કરું એવી બુદ્ધિનો નાશ થઈ જાય. તેનો અર્થ એ કે જ્ઞાતાદષ્ટા થઈ જાય. ત્યારે તેણે ક્રમબદ્ધ માન્યું, જાણ્યું કહેવાય. માન્યું છે કયાં? એમ ક્રમબદ્ધ ક્રમબદ્ધ કરે તો કયાંથી ચાલે? સમજાણું કાંઈ?

ક્રમબદ્ધનો અર્થ-થાય છે. થાય છે તેમાં કરવું કયાંથી આવ્યું? કર્તૃત્વબુદ્ધિ અનાદિથી તેને બનાવ, બનાવ, બનાવ, બનાવ, બનાવ પોતામાં બનાવ, પરમાં બનાવ, એ બુદ્ધિનો પ્રવેશ જ્ઞાયક ઉપર થાય છે. જ્ઞાયક ઉપર પ્રવેશ થાય છે. બનાવ એ બુદ્ધિ છૂટી જાય છે. છે તેના જ્ઞાતાદષ્ટા રહી જાય છે. આ તેનું નામ ક્રમબદ્ધ જાણ્યું અને માન્યું કહેવાય. નહીંતર માન્યા ન કહેવાય. કરું કરું એવી બુદ્ધિ છે અને ક્રમબદ્ધ માને એ કયાંથી આવ્યું? હું આવું કરું, હું આવું કરું, ક્રમબદ્ધ તો થાય છે તેમાં કર્તૃત્વ હું કરું એવી બુદ્ધિનો અભાવ અને અકર્તાપણાની બુદ્ધિનો ઉત્પાદ. અકર્તાપણાની ઉત્પત્તિનો ઉત્પાદ જ્ઞાતાદષ્ટાના આશ્રયથી થાય છે. ભારે ઝીણી વાત! વસ્તુની ખબર નહીં, પદાર્થ શું છે.

મુમુક્ષુ :- ........

ઉત્તર :- તેની છે. સમકિત (તેને છે જેને) કર્તૃત્વ નથી, તેને ક્રમબદ્ધની શ્રદ્ધા છે. અજ્ઞાનીને શ્રદ્ધા કયાં છે? કરું, કરું, તો બુદ્ધિ છે તેની. શેઠી! ક્રમબદ્ધની માન્યતા કોને હોય છે? ક્રમસર થાય છે. ક્રમસર થાય છે. તો ક્રમસર થાય છે તો કરું એવી બુદ્ધિ કયાંથી આવી? સમાધાન તો થાતું નથી તેને? હું આમ કરું, હું આમ કરું, આમાં આમ કરી દઉં, તેનાથી મારામાં આમ આવી જાય. આવી બુદ્ધિ

તો પર્યાય છે. તેમાં ક્રમબદ્ધ ક્યાં આવ્યું? આસ્થા તો છે નહીં, માનતો તો નથી. સમજાણું કાંઈ? પ્રવીણભાઈ! ભારે ગડબડ ચાલી છે.

ક્રમબદ્ધ શબ્દ નહોતો ત્યાં સુધી મૂઢપણું હતું, ક્રમબદ્ધ આવ્યો તો પાછા, અરે! આ શું? થાય છે, થાય છે તો થવા દો ને? પણ થવા દેવું કોને? પરને થવા દેવું તમારા અધિકારની વાત છે કે પરનું અટકાવી દે. પરની પર્યાય તો થાય છે, ચાલી જાય છે. તમારાથી ટકે છે ને તમારાથી બને છે?

મુમુક્ષુ :- ......

ઉત્તર :- અને પોતામાં પણ, બને તો બનવા દયો તેનો અર્થ શું? રાગ આવે છે તો, આવે છે તો તેની દૃષ્ટિ ક્યાં છે? રાગ ઉપર નહીં, પર્યાય ઉપર નહીં, પર ઉપર નહીં, ગુણભેદ ઉપર નહીં. અખંડજ્ઞાયકમૂર્તિ આત્મા છે. તે તરફ સાવધાનીથી ઝૂકીને પરનો અકર્તા થયો ત્યારે તેની ક્રમબદ્ધની માન્યતા સાચી થઈ. એ તો જ્ઞાતાદૃષ્ટા થઈ ગયો. અમરચંદભાઈ! આહાહા! વાત એવી વસ્તુસ્થિતિ એવી છે. સમજાણું કાંઈ? નિજાત્મદ્રવ્યમાં લીન થઈને કહો કે ક્રમમાં કર્તૃત્વબુદ્ધિ છૂટીને પોતાનો જ્ઞાતાસ્વભાવ આખો જ્ઞાનનો ભંડાર, પૂરી જાણવાની ક્રિયા એ જ્ઞાનની પણ ક્રમસર થવાવાળી પર્યાય, જ્ઞાનગુણની પણ ક્રમસર થવાવાળી પર્યાય, રાગની પણ ક્રમસર થવાવાળી પર્યાય, પરની પણ ક્રમસર થવાવાળી પર્યાય, કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ. હું જ્ઞાનપર્યાય કરું એવો પણ વિકલ્પ નહીં. રાગને કરું એમ તો નહીં પણ હું પર્યાય કરું એવી બુદ્ધિ છૂટી ગઈ. જ્ઞાતાદૃષ્ટા તરફ દૃષ્ટિ ઝૂકી ગઈ, પર્યાય નિર્મળ થાય છે. બસ! ધરમચંદજી! સમજમાં આવ્યું? ગડબડ બહુ જ છે તો બહુ જ ખુલાસો કરવો પડે છે. હૈં? આહાહા! અરે ભગવાન! તારી વાસ્તવિક ચીજની ખબર જ્યાં પડી ત્યાં તું ગડબડ કરે છે! હા.. અચ્છા! અમારા મીઠાલાલજી છે ને! મીઠા! મીઠાલાલ છે મીઠા! ભાઈ! તારું સ્વરૂપ તો, અહીં સર્વજ્ઞપણું સિદ્ધ કરવું છે.

સર્વજ્ઞ છે, કોનું કરે છે? કોનું કરે છે, કોનું અટકાવે છે? જાણે છે. એવો જ તું છો. સર્વજ્ઞ સ્વભાવ જાણનાર-દેખનાર તું છો, બસ એટલું જ ત્યાં સિદ્ધ કરવું છે. જાણવું-દેખવું, કોને? બધાને, કોનામાં રહીને? પોતામાં રહીને. પરમાં રહીને નહીં, પોતાની જ્ઞાનપર્યાયમાં રહીને અને તે પર્યાય દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થઈ તેનું જાણવું-દેખવું રહી ગયું. સર્વજ્ઞ પૂર્ણ જાણે છે, જ્ઞાની અલ્પ જાણે છે પણ જાણવું-દેખવું બેયનું એક સરખું છે. સમજાણું કાંઈ? અહીં રાગ આવે છે તોપણ જાણે છે. ભગવાનને રાગ નથી તો નથી જાણતા એટલું. પણ જાણવું-દેખવું એ સિદ્ધ કરવું છે ક્રમબદ્ધમાં. આહાહા! સમજાણું કે નહીં? કાંતિભાઈ! શું છે આ બધું? સુધરેલા માણસો પાછા આ બધી ગડબડ કરે, ક્રમબદ્ધ હોય ક્રમબદ્ધ. ક્રમબદ્ધ ક્રમબદ્ધનો અર્થ શું? ક્રમબદ્ધ તો મોટી મહાન મહત્ ચીજ છે.

એકલો જ્ઞાનસ્વભાવ સિદ્ધ કર્યો, હું જ્ઞાનસ્વભાવ છું એટલો નિર્ણય થયો (તો) જાણવાની પર્યાય

ઉત્પન્ન થાય છે. બસ! રાગ લાવવો છે કે રાગ છોડવો છે કે રાગ કરવો છે એ કાંઇ રહેતું નથી. તેનું નામ ક્રમબદ્ધને માન્યું કહેવામાં આવે છે. એમ શબ્દ બોલવાથી શું કરે?

મુમુક્ષુ :- ......

ઉત્તર :- હા, એ વીતરાગતા છે.

મુમુક્ષુ :- .....

ઉત્તર :- નહીં. નિર્મળ પર્યાયને કરું એવા વિકલ્પને પણ સ્થાન નથી. સમજાણું કાંઇ? **નિજાત્મદ્રવ્યમાં લીન થઈ મોક્ષમાર્ગને સાધી,** બસ એમ જ્યાં જ્ઞાતા-દૃષ્ટા થયો, કર્તાપણું છૂટી ગયું, પરમ સત્ સ્વભાવની એકાગ્રતા થતાં થતાં, રાગ છૂટી જશે, કેવળજ્ઞાન થઈ જશે. શાશ્વત સુખનો ભોકતા થઈ જશે. સમજાણું કાંઇ? પણ જેને કરવું છે ને અથવા કરવું છોડવું છે, કરવું અટકાવવું છે તેને આ વાત નહીં બેસે. શેઠી! કરવું અને કરવું છોડવું બેય આત્મામાં છે નહીં.

પરનું કરવું અને પરનું છોડવું, રાગને કરવો અને રાગને છોડવો બેય આત્મામાં છે નહીં. એવી દૃષ્ટિ હોય તો ક્રમબદ્ધ તેને બેસે નહીંતર બેસે નહીં. ઝાંઝરીજી!

મુમુક્ષુ :- ......

ઉત્તર :- કોનું કરવું? રાગનું કરવું છે? રાગનું છોડવું છે? જાણવું-દેખવું છે, બસ.

મુમુક્ષુ :- રાગ આવે છે.

ઉત્તર :- આવે, કરવું નથી. આવે છે ને બીજા તો પરજ્ઞેય તરીકે જાણવું છે. સૂક્ષ્મ વિષય છે. આવે છે તો આવો, તેને તો આત્મા જાણે છે. આવ્યા, જેવું પર છે તેવું આવ્યું, જોયું તો રાગ ભિન્ન જાણ્યો, રાગને કરવો નહીં, રાગને છોડવો નહીં. સ્વભાવમાં ક્યાં છે રાગને કરવો ને છોડવો. એવી દૃષ્ટિ હોય તો ક્રમબદ્ધ માન્યું કહેવામાં આવે, નહીંતર તો વાત કરે છે. હેં? શું? ધોખાબાજી કરે છે. ઠીક કહે છે. પોતાની વાતમાં ઠગાય છે, પોતાને ઠગે છે, ક્રમબદ્ધના નામથી. બહુ સૂક્ષ્મ વાત છે.

સર્વગ ભગવાન કોને.... આ તો આપણે આવી ગયું **दिट्ठी जहेव णाणं** આ દૃષ્ટિ જુએ છે, શું કરે દૃષ્ટિ? શું કરે? જુએ. એવું છે, ખાડો પડયો, નીકળ્યો, ઢગલો થયો. ખાડો કરે છે આંખ? ઢગલો કરે છે? આત્મા શું રાગ બનાવે છે? આત્મા રાગ છોડે એ વસ્તુમાં છે નહીં.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- રાગ હો તો હો, જાણે છે. મારા સ્વભાવમાં રાગ છે જ નહીં. હું તો રાગનું, રાગનું જ્ઞાન મારી સન્મુખ થઈને મારાથી પર્યાય તેમાં મને જાણું છું તેમાં રાગ વ્યવહારથી જાણવામાં આવી જાય છે. આહાહા! એવું ક્રમબદ્ધનું અકર્તાપણું, જ્ઞાતાપણું તેની સિદ્ધિફળ છે. ક્રમબદ્ધનું ફળ એ છે. એ ફળ આવ્યા વિના ક્રમબદ્ધ માને એને માન્યા છે નહીં. સમજ્યા? સોગંદચંદજી! અહીંયા ઘંટીના પડ નથી

હલાવવાના. રાટી બોટી કરવી હોય તો લાવ ઘંટીના પડ હલાવો, રોટી કરો, આમ લાવો, ફલાણું કરો. સમજાય છે કે નહીં?

એ તો રજકણે રજકણ પરદ્રવ્ય છે. પોતાની પર્યાયથી આવે જાય છે, ફરે છે, તૂટે છે, ભાંગે છે તેમાં આત્માનો અધિકાર શું છે? અને પોતાની પર્યાયમાં દોષનો રાગ આવ્યો તો ક્રમબદ્ધવાળાની દૃષ્ટિ રાગ ઉપર છે પણ નહીં. તો પર્યાય બુદ્ધિ થઈ, ત્યાં કર્તાબુદ્ધિ થઈ. ક્રમસરની બુદ્ધિ થઈ (નહીં.) હું જ્ઞાયક છું, જ્ઞાયક સ્વપરપ્રકાશક ચૈતન્ય છું, પોતાને જાણવામાં પરનું જાણવું પોતાને જાણવામાં આવી જાય છે. પરનું જાણવું જુદું કરવું પડે એમ પણ નથી. સમજાણું કાંઈ?

જુઓ! તેમાં થોડું એ આવ્યું, ક્રમબદ્ધનું પણ. તેમાં લીન થવું છે. સાવધાન જ્ઞાનની પર્યાય દ્રવ્ય તરફ ઢળી છે, ઢળી કહે છે ને? બસ! ઢળી તે ઢળી. ક્રમબદ્ધનો નિર્ણય કરવાવાળાની દૃષ્ટિ જ્ઞાન-જ્ઞાયક ઉપર ઢળી. ઢળી, વળી, ઝૂકી, બસ થઈ ગયું. પછી રાગ આવે છે તો જાણે છે. પરવસ્તુ થાય છે તો જાણે છે. આ પોતાની પર્યાય થઈ તેને પણ જાણે છે. હું કરું એવી બુદ્ધિ છે જ નહીં. સમજાણું કાંઈ? વાત બહુ સૂક્ષ્મ છે. લ્યો! ૧૨૬-૧૨૭ થઈ ગઈ.

**આ રીતે અજીવપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.** તેનો અર્થ જીવ અને અજીવ બેનું વ્યાખ્યાન. કાલે જીવનું વ્યાખ્યાન પૂરું થયું આ અજીવનું, બેનું પૂરું થયું. પહેલાં જીવનું કહેવાઈ ગયું છે. પહેલાં ભિન્ન.

**બે મૂળપદાર્થો કહેવામાં આવ્યા.** કોણ? બે. જીવ અને અજીવ. **હવે (તેમના) સંયોગપરિણામથી નિષ્પન્ન થતા,** સંયોગપરિણામથી નિષ્પન્ન થતા **અન્ય સાત પદાર્થોના ઉપોદ્‌ઘાત અર્થે,** જુઓ! પુણ્ય-પાપ અથવા આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ અને પુણ્ય અને પાપ. એ સાત. એ સાત તેના સંયોગપરિણામથી ભાષા એવી છે. શું છે? જીવ અને અજીવ સંયોગપરિણામથી, સંયોગની હયાતિમાં પોતાથી પુણ્ય, પાપ, આસ્રવ, બંધ અને સંયોગના અભાવમાં પોતાથી સંવર, નિર્જરા અને મોક્ષ. એટલી પણ અપેક્ષા આવી તો સંયોગપરિણામથી નિષ્પન્ન સાત પદાર્થ કહેવામાં આવ્યા. મોક્ષ પણ સંયોગપરિણામથી નિષ્પન્ન થવાવાળા સાત પદાર્થ. સમજાણું કાંઈ?

પોતાની પર્યાય પોતામાં, દ્રવ્યમોક્ષના પરિણામ જડમાં. સંવરના પરિણામ પોતામાં અને દ્રવ્યસંવરના પરિણામ પરમાણુમાં. એ બે દ્રવ્ય તેની સાત પર્યાય. સાત પર્યાયમાં-સાત પર્યાય આત્માની છે અને સાત જડની છે. સમજાણું કાંઈ? **તેમના સંયોગપરિણામથી પ્રાપ્ત નિષ્પન્ન,** થવાવાળા **અન્ય સાતપદાર્થોના ઉપોદ્‌ઘાત,** તેનો ઉપોદ્‌ઘાત કરે છે. સમજી ગયા? એ કહેશે. સૂચનિકા-સૂચન, સૂચન. **જીવકર્મ અને પુદ્‌ગલકર્મનું ચક્ર વર્ણવવામાં આવે છે.** જીવકર્મ એટલે જીવનું કાર્ય અને

પુદ્‌ગલકર્મનું ચક્ર વર્ણવવામાં આવે છે. પર્યાયની વાત કરે છે ને. જરીક સંવર, નિર્જરા પછી ક્હેશે. સૂચન. આ સૂચન કરવામાં આવ્યું. આ હવે કહેશે. ઉપોદ્‌ઘાત કરે છે ને, આ પુસ્તકમાં આ કહેવામાં આવે છે, એમ પહેલાં સૂચન કરે છે. પ્રસ્તાવના કરે ને શું કરે? પ્રસ્તાવના.

ગાથામાં સંવર, નિર્જરા, મોક્ષ નહીં લ્યે. ગાથામાં તો એકબીજાના નિમિત્ત-નિમિત્તસંબંધથી પરિભ્રમણ કરે છે એમ લેશે. પછી લેશે. સ્વાધીન ને નિધન. અનાદિઅનંત અભવિના સંસાર ભવિના સંસાર અનાદિસાંત. બસ એટલું.

---

**उक्तौ मूलपदार्थों । अथ संयोगपरिणामनिर्वृत्तेतरसप्तपदार्थानामुपोद्धातार्थं जीवपुदगल-कर्मचक्रमनुवर्ण्यते ।**

**खो खलु संसारत्थो जीवो तत्तो दु होदि परिणामो ।**
**परिणामादो कम्मं कम्मादो होदि गदिसु गदी ।। १२८ ।।**
**गदिमधिगदस्स देहो देहादो इंदियाणि जायंते ।**
**तेहिं दु विसयग्गहणं तत्तो रागो व दोसो वा ।। १२९ ।।**
**जायदि जीवस्सेवं भावो संसारचक्कवालम्मि ।**
**इदि जिणवरेहिं भणिदो अणादिणिधणो सणिधणो वा ।। १३० ।।**

य: खलु संसारस्थो जीवस्ततस्तु भवति परिणाम : ।
परिणामत्कर्म कर्मणो भवति गतिषु गति: ।। १२८ ।।
गतिमधिगतस्य देहो देहादिन्द्रियाणि जायन्ते ।
तैस्तु विषयग्रहणं ततो रागो वा द्वेषो वा ।। १२९ ।।
जायते जीवस्यैवं भाव: संसारचक्रवाले ।
इति जिनवरैर्भणितोऽनादिनिधन: सनिधनो वा ।। १३० ।।

**इह हि संसारिणो जीवादनादिबन्धनोपाधिवशेन स्निग्ध: परिणामो भवति । परिणामामात्पुन: पुद्गलपरिणामात्मकं कर्म । कर्मणो नारकादिगतिषु गति: । गत्यधिगमनाद्देह: । देहादिन्द्रियाणि । इन्द्रियेभ्यो विषयग्रहणम् । विषयग्रहणाद्रागद्वेषौ । रागद्वेषाभ्यां पुन: स्निग्ध: परिणाम: । परिणामात्पुन: पुद्गलपरिणामात्मकं कर्म । कर्मण: पुनर्नारकादिगतिषु गति: । गत्यधिगमनात्पुनर्देह: । देहात्पुनरिन्द्रियाणि । इन्द्रियेभ्य: पुनर्विषयग्रहणम् । विषयग्रहणात्पुना रागद्वेषौ । रागद्वेषाभ्यां पुनरपि स्निग्ध: परिणाम: । एवमिदमन्योन्यकार्यकारणभूतजीवपुद्गल-**

परिणामात्मकं कर्मजालं संसारचक्रे जीवस्यानाद्यनिधनं अनादिसनिधनं वा चक्रवत्परिवर्तते । तदत्र पुद्गलपरिणामनिमित्तो जीवपरिणामो जीवपरिणामनिमित्त: पुद्गलपरिणामश्च वक्ष्यमाण–पदार्थबीजत्वेन संप्रधारणीय इति ।। १२८–१३० ।।

બે મૂળપદાર્થો કહેવામાં આવ્યા. હવે (તેમના) સંયોગપરિણામથી નિષ્પન્ન થતા અન્ય પદાર્થોના ઉપોદ્ઘાત અર્થે જીવકર્મ અને પુદ્ગલકર્મનું ચક્ર વર્ણવવામાં આવે છે.

સંસારગત જે જીવ છે પરિણામ તેને થાય છે,
પરિણામથી કર્મો, કર્મથી ગમન ગતિમાં થાય છે. ૧૨૮.
ગતિપ્રાપ્તને તન થાય, તનથી ઈન્દ્રિયો વળી થાય છે,
એનાથી વિષય ગ્રહાય, રાગ–દ્વેષ તેથી થાય છે. ૧૨૯.
એ રીત ભાવ અનાદિનિધન અનાદિસાંત થયા કરે
સંસારચક્ર વિષે જીવોને––એમ જિનદેવો કહે. ૧૩૦.

**અન્વયાર્થ :- (य:) (યઃ) જે (खलु) ખરેખર (संसारस्थ: जीव:) સંસારસ્થિત જીવ છે (तत: तु परिणाम: भवति) તેનાથી પરિણામ થાય છે (અર્થાત્ તેને સ્નિગ્ધ પરિણામ થાય છે), (परिणामात् कर्म) પરિણામથી કર્મ અને (कर्मण:) કર્મથી (गतिषु गति: भवति) ગતિઓમાં ગમન થાય છે.**

**(गतिम् अधिगतस्य देह:) ગતિપ્રાપ્તને દેહ થાય છે, (देहात् इन्द्रियाणि जायन्ते) દેહથી ઈન્દ્રિયો થાય છે, (तै: तु विषयग्रहणं) ઈન્દ્રિયોથી વિષયગ્રહણ અને (तत: राग: वा द्वेष: वा) વિષયગ્રહણથી રાગ અથવા દ્વેષ થાય છે.**

**(एवं भाव:) એ પ્રમાણે ભાવ, (संसारचक्रवाले) સંસારચક્રમાં (जीवस्य) જીવને (अनादिनिधन: सनिधन: वा)અનાદિ–અનંત અથવા અનાદિ–સાંત (जायते) થયા કરે છે– (इति जिनवरै: भणित:) એમ જિનવરોએ કહ્યું છે.**

ટીકા :- આ લોકમાં સંસારી જીવથી અનાદિ બંધનરૂપ ઉપાધિના વશે સ્નિગ્ધ પરિણામ થાય છે, પરિણામથી પુદ્ગલપરિણામાત્મક કર્મ, કર્મથી નરકાદિ ગતિઓમાં ગમન, ગતિની પ્રાપ્તિથી દેહ, દેહથી ઈન્દ્રિયો, ઈન્દ્રિયોથી વિષયગ્રહણ, વિષયગ્રહણથી રાગદ્વેષ, રાગદ્વેષથી પાછા સ્નિગ્ધ પરિણામ, પરિણામથી પાછું પુદ્ગલપરિણામાત્મક કર્મ, કર્મથી પાછું નરકાદિ ગતિઓમાં ગમન, ગતિની પ્રાપ્તિથી પાછો દેહ, દેહથી પાછી ઈન્દ્રિયો, ઈન્દ્રિયોથી પાછું વિષયગ્રહણ, વિષયગ્રહણથી પાછા રાગદ્વેષ, રાગદ્વેષથી વળી

પાછા સ્નિગ્ધ પરિણામ. એ પ્રમાણે આ અન્યોન્ય *કાર્યકારણભૂત જીવપરિણામાત્મક અને પુદ્‌ગલપરિણામાત્મક કર્મજાળ સંસારચક્રમાં જીવને અનાદિ-અનંતપણે અથવા અનાદિ-સાંતપણે ચક્રની માફક ફરીફરીને થયા કરે છે.

આ રીતે અહીં (એમ કહ્યું કે), પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે એવા જીવપરિણામ અને જીવપરિણામ જેનું નિમિત્ત એવા પુદ્‌ગલપરિણામ હવે પછી કહેવામાં આવનારા (પુણ્યાદિ સાત) પદાર્થોના બીજ તરીકે અવધારવા.

ભાવાર્થ :- જીવ અને પુદ્‌ગલને પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકપણે પરિણામ થાય છે. તે પરિણામને લીધે પુણ્યાદિ પદાર્થો ઉત્પન્ન થાય છે, જેમનું વર્ણન હવેની ગાથાઓમાં કરવામાં આવશે.

પ્રશ્ન :- પુણ્યાદિ સાત પદાર્થોનું પ્રયોજન જીવ અને અજીવ એ બેથી જ પૂરું થઈ જાય છે, કારણ કે તેઓ જીવ અને અજીવના જ પર્યાયો છે. તો પછી તે સાત પદાર્થો શા માટે કહેવામાં આવે છે?

ઉત્તર :- ભવ્યોને હેય તત્ત્વ અને ઉપાદેય તત્ત્વ (અર્થાત્ હેય તત્ત્વ અને ઉપાદેય તત્ત્વનું સ્વરૂપ તથા તેમનાં કારણો) દર્શાવવા અર્થે તેમનું કથન છે. દુઃખ તે હેય તત્ત્વ છે, તેનું કારણ સંસાર છે, સંસારનું કારણ આસ્રવ અને બંધ બે છે (અથવા વિસ્તારથી કહીએ તો પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ ચાર છે) અને તેમનું કારણ મિથ્યાદર્શનજ્ઞાનચારિત્ર છે. સુખ તે ઉપાદેય તત્ત્વ છે, તેનું કારણ મોક્ષ છે, મોક્ષનું કારણ સંવર અને નિર્જરા છે અને તેમનું કારણ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર છે. આ પ્રયોજનભૂત વાત ભવ્ય જીવોને પ્રગટપણે દર્શાવવા અર્થે પુણ્યાદિ *સાત પદાર્થોનું કથન છે. ૧૨૮-૧૩૦.

*કાર્ય એટલે નૈમિત્તિક, અને કારણ એટલે નિમિત્ત. (જીવપરિણામાત્મક કર્મ અને પુદ્‌ગલ-પરિણામાત્મક કર્મ પરસ્પર કાર્યકારણભૂત અર્થાત્ નૈમિત્તિક-નિમિત્તભૂત છે. તે કર્મો કોઈ જીવને અનાદિ-અનંત અને કોઈ જીવને અનાદિ-સાંત હોય છે.)

*અજ્ઞાની અને જ્ઞાની જીવ પુણ્યાદિ સાત પદાર્થોમાંથી કયા કયા પદાર્થોના કર્તા છે તે સંબંધી આચાર્યવર શ્રી જયસેનાચાર્યદેવકૃત તાતપર્યવૃત્તિ નામની ટીકામાં નીચે પ્રમાણે વર્ણન છેઃ-

*અજ્ઞાની જીવ નિર્વિકાર સ્વસંવેદનના અભાવને લીધે પાપપદાર્થનો તથા આસ્રવ-બંધપદાર્થોનો કર્તા થાય છે; કદાચિત્ મંદ મિથ્યાત્વના ઉદયથી, દેખેલા-સાંભળેલા-અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ નિદાનબંધ વડે, ભવિષ્યકાળમાં પાપનો અનુબંધ કરનારા પુણ્યપદાર્થોનો પણ કર્તા થાય છે. જે જ્ઞાની જીવ છે તે, નિર્વિકાર-આત્મતત્ત્વવિષયક રુચિ, તદ્‌વિષયક જ્ઞપ્તિ અને તદ્‌વિષયક નિશ્ચળ અનુભૂતિરૂપ અભેદરત્નત્રયપરિણામ વડે, સંવર-નિર્જરા-મોક્ષપદાર્થોનો કર્તા થાય છે; અને જ્યારે પૂર્વોક્ત નિશ્ચયરત્નત્રયમાં સ્થિર રહી શકતો નથી ત્યારે નિર્દોષપરમાત્મસ્વરૂપ અર્હંત-સિધ્ધોની તથા તેનું (નિર્દોષ પરમાત્માનું) આરાધન કરનારા આચાર્ય-ઉપાધ્યાય-

## ગાથા ૧૨૮થી ૧૩૦ ઉપર પ્રવચન

खो खलु संसारत्थो जीवो तत्तो दु होदि परिणामो ।
परिणामादो कम्मं कम्मादो होदि गदिसु गदी ।। १२८ ।।
गदिमधिगदस्स देहो देहादो इंदियाणि जायंते ।
तेहिं दु विसयग्गहणं तत्तो रागो व दोसो वा ।। १२९ ।।
जायदि जीवस्सेवं भावो संसारचक्कवालम्मि ।
इदि जिणवरेहिं भणिदो अणादिणिधणो सणिधणो वा ।। १३० ।।

અહીં તો અહીંથી શબ્દ ઉપાડયો છે. 'સંસારસ્થ જીવ'. પછી ટીકાકાર જરી વધારે લેશે. અનાદિબંધને વશ એટલું થોડું નાખશે. જુઓ! આ નિમિત્ત-નિમિત્ત સંબંધ બતાવે છે, હો! અહીં લોકો બહુ જ ગડબડ કરે છે. જુઓ! પંચાસ્તિકાયમાં આવું લખ્યું છે, **कम्मादो हो हि गदिसु गदी** લ્યો! ભવિ અને અભવિ બેની વાત.

**ટીકા :- આ લોકમાં સંસારી જીવથી,** જીવથી **સ્નિગ્ધ પરિણામ થાય છે,** એવું કહેવું છે. સમજાણું કાંઈ? પાઠમાં છે ને, **'संसार जीवो तदो कोइ परिणामो'** પહેલું પદ છે. સંસારી જીવને પરિણામ થાય છે. કેમ થાય છે તે ખુલાસો કર્યો. કે **સંસારી જીવથી અનાદિ બંધનરૂપ ઉપાધિના વશે,** એટલા શબ્દ લીધા. કર્મથી નહીં, કર્મના વશે. હા.. તેઓ ઉપાધિને વશ થાય છે. ઉપાધિ તો પર છે. પરને વશ થાય છે. કર્મથી નહીં પણ ઉપાધિને વશ થાય છે તો પરિણામ ચિકાશ રાગ-દ્વેષ થાય છે, એમ બતાવ્યું છે.

પાઠ એમ છે ને, **ततो दु होदि परिणामो** સંસારમાં જીવ રહ્યો તો પરિણામ થાય છે. તો પરિણામની વ્યાખ્યા કરી, ઉપાધિ કર્મ, કર્મની ઉપાધિને વશ થઈને, કર્મ જડ છે, ઉપાધિ પર વસ્તુ. તેને વશ થઈને, જીવમાં ચીકાશ મિથ્યાત્વ રાગ-દ્વેષભાવ આત્મા કરે છે.

---

***સાધુઓની નિર્ભર અસાધારણ ભક્તિરૂપ એવું જે સંસારવિચ્છેદના કારણભૂત, પરંપરાએ મુક્તિકારણભૂત, તીર્થંકરપ્રકૃતિ વગેરે પુણ્યનો અનુબંધ કરનારું વિશિષ્ટ પુણ્ય તેને અનીહિતવૃત્તિએ નિદાનરહિત પરિણામથી કરે છે. આ રીતે અજ્ઞાની જીવ પાપાદિ ચાર પદાર્થોનો કર્તા છે અને જ્ઞાની સંવરાદિ ત્રણ પદાર્થોનો કર્તા છે.***

***(અહીં જ્ઞાનીના વિશિષ્ટ પુણ્યને સંસારવિચ્છેદના કારણભૂત કહ્યું ત્યાં એમ સમજવું કે- ખરેખર તો સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર જ સંસારવિચ્છેદના કારણભૂત છે, પરંતુ જ્યારે તે સમ્યગ્દર્શનચારિત્ર અપૂર્ણદશામાં હોય છે ત્યારે તેની સાથે અનિચ્છિતવૃત્તિએ વર્તતા વિશિષ્ટ પુણ્યમાં સંસારવિચ્છેદના કારણપણાનો આરોપ કરવામાં આવે છે. તે આરોપ પણ વાસ્તવિક કારણની-સમ્યગ્દર્શનાદિની-હયાતિમાં જ થઈ શકે.)***

મુમુક્ષુ :- સ્નિગ્ધ એટલે?

ઉત્તર :- સ્નિગ્ધ એટલે ચીકાશવાળા રાગ-દ્વેષ મિથ્યાત્વ. મિથ્યાત્વ અને રાગ-દ્વેષ ચીકાશ. એ ચીકણા ભાવ છે. બંધનું કારણ બતાવવું છે ને? **સ્નિગ્ધ પરિણામ થાય છે.** સ્નિગ્ધ એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ. **ઉપાધિના વશે,** એટલું લીધું. સ્નિગ્ધ પરિણામ ચીકાશ રાગ-દ્વેષ મિથ્યાત્વ થાય છે. વશ લીધું. ઉપાધિના વશે લીધું, હોં! **પરિણામથી પુદ્ગલપરિણામાત્મક કર્મ,** એ નિમિત્ત કહે છે, હવે. ત્યાં નિમિત્ત-નિમિત્ત સંબંધ બતાવે છે ત્યાં આગળ કે જુઓ! એ રીતે હોય છે, એ રીતે હોય છે. આ તો આ છે તો ત્યાં તેને કારણે થાય છે તેનો નિમિત્ત-નિમિત્ત સંબંધ બતાવે છે વ્યવહાર.

મુમુક્ષુ :- વ્યવહાર-વિભાવ પરિણતિ કોની?

ઉત્તર :- જીવની. જીવના વિભાવ પરિણામનું નિમિત્ત પામીને પુદ્ગલ પોતાથી કર્મરૂપ થાય છે. પહેલાં કર્મ લ્યે છે. **પરિણામથી પુદ્ગલપરિણામાત્મક કર્મ,** પુદ્ગલ પરિણામસ્વરૂપ આઠ કર્મ. એ પુદ્ગલ પરિણામસ્વરૂપ કર્મ છે. એ આત્માએ કર્યા નથી. આત્માએ તો પોતાના ચીકાશ પરિણામ કર્યા- મિથ્યાત્વ અને રાગ-દ્વેષ બસ, એટલું. જુઓ! પરિણામ થાય છે, **પરિણામથી પુદ્ગલપરિણામાત્મક કર્મ,** એનાથી એટલે નિમિત્તથી પુદ્ગલ પરિણામસ્વરૂપ કર્મ છે. પુદ્ગલ પરિણામસ્વરૂપ કર્મ છે, તેમાં પરિણામ નિમિત્ત પડયા. સમજાણું કાંઈ?

એ પરિણામથી એટલે નિમિત્તથી એમ લેવું. નિમિત્ત તેમાં ત્યાં આઠ કર્મ થવાની પર્યાયની યોગ્યતાથી પુદ્ગલ પરિણામનું કાર્ય જડમાં થાય છે. આ તો પરિણામ કહ્યા ને નિમિત્તથી. પરિણામ કહો કે જીવના મિથ્યાત્વ ને રાગ-દ્વેષ નિમિત્ત અને ત્યાં પુદ્ગલના પરિણામરૂપી કાર્ય જડમાં નૈમિત્તિક, જડના કારણે ત્યાં થયું. આ કારણથી નહીં. આ તો નિમિત્ત. સમજાણું કાંઈ? નૈમિત્તિક જડની અવસ્થા, ઉપાદાન તેનું. ત્યાં રાગનું ઉપાદાન જીવ, મિથ્યાત્વનું ઉપાદાન જીવ, નિમિત્ત પરને તે. સમજાણું કાંઈ? **પરિણામથી પુદ્ગલપરિણામાત્મક કર્મ,** બધા માળા આ વાત લ્યે!

મુમુક્ષુ :- .....

ઉત્તર :- પણ અહીં વાત એ કહે છે, નિમિત્ત-નિમિત્ત સંબંધ બેના સંયોગપરિણામથી આમ થાય છે, એ બતાવે છે. કર્મને લઈને પરિણામ છે ને પરિણામને લઈને કર્મ, એ તો નિષેધ કર્યો પહેલેથી. જુદા તો બતાવી દીધા.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- સ્વતંત્ર છે. બતાવ્યું ને. મિથ્યાત્વ રાગ-દ્વેષ થવામાં સ્વતંત્ર જીવ છે. અને કર્મ થવામાં પુદ્ગલ સ્વતંત્ર છે. કર્મ થવાની પર્યાયમાં પુદ્ગલ સ્વતંત્ર છે. અને રાગ-દ્વેષ કર્યા તો કર્મ કરવા પડયા એમ નથી. આહાહા! ભારે વાત ભાઈ!

મુમુક્ષુ :- નિમિત્ત-નૈમિત્તિક

ઉત્તર :- સંબંધ બસ બસ એટલું. પૃથક પૃથક પોત પોતાની પર્યાયમાં નિમિત્ત-નિમિત્ત કેવું હોય છે એ બતાવ્યું છે. લ્યો! આવ્યું ને. હવે આવશે, જુઓ! **કર્મથી નરકાદિ ગતિઓમાં ગમન,** એ તો નિમિત્તથી કથન છે. એ તો પહેલાં આવી ગયું. નરકગતિમાં પોતાની યોગ્યતાથી જાય છે, એ તો પહેલાં આવી ગયું છે. સમજાણું કાંઈ?

ચાર ગતિની ઉદયભાવની પર્યાય પોતાથી પોતામાં છે. કર્મને કારણે ઉદયભાવ ચાર ગતિનો છે એમ છે નહીં. કહો! સમજાણું કાંઈ? અહીં તો થાય છે તેમાં નિમિત્ત કોણ એટલું બતાવવું છે. કાંઈ કર્મ નરકગતિમાં લઈ જાય છે, જડ? જડની પર્યાયથી જીવને નરકગતિમાં જાવું પડે? બિલકુલ નહીં.

મુમુક્ષુ :- પૂર્વે ભાવ તો કર્યા છે ને.

ઉત્તર :- ભાવ તો વર્તમાન છે, પૂર્વ નહીં, વર્તમાન. નરકગતિમાં જાવાનો ભાવ છે. પૂર્વભાવ કોણ કહે છે. વર્તમાનમાં નરકગતિની યોગ્યતા ઉદયથી પોતામાં છે. તો ચાલ્યો જાય છે, પોતાની ક્રિયાથી જાય છે. નરકગતિના ઉદયથી કામ નહીં. નિમિત્ત છે. સમજાણું કાંઈ? એ ભગવાન કર્મથી નરકગતિમાં કહે છે અને તમે ના પાડો છો. અહીં તો નિમિત્ત-નિમિત્ત સંબંધ કહે છે. નરકમાં કર્મ પરદ્રવ્ય, આત્માને પોતાની પર્યાયમાં ખેંચીને લઈ જાય? કર્મમાં તાકાત છે? પોતાની શક્તિ નરકમાં જાવાની ન હોય અને કર્મ નરકમાં જાવાની શક્તિ બનાવી દયે, એમ બને નહીં. પોતામાં શક્તિ છે તો નરકગતિએ શું કર્યું? પોતાનાથી જ જાય છે. એ તો નિમિત્તમાત્ર ભિન્ન ચીજ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ......

ઉત્તર :- વિરૂધ્ધ જ છે. અજ્ઞાની કરે છે કે નહીં અનાદિથી? તે કરે છે કે નહીં? કોણ કરે છે? જડ. એ તો પહેલાં આવી ગયું.

મુમુક્ષુ :- અજ્ઞાન ફસાવી દયે છે.

ઉત્તર :- અજ્ઞાન પોતાનું. કોણ અજ્ઞાન? બીજાનું અજ્ઞાન છે? તેનું અજ્ઞાન. અજ્ઞાન કોઈ જડ નથી. તેનું બેભાન તેને અજ્ઞાનમાં ફસાવે છે. ભાન નથી તેને. પોતાનું અજ્ઞાન છે, કોઈ બીજાનું અજ્ઞાન છે? પોતાથી બંધાય છે, રાગથી.

મુમુક્ષુ :- કઠણ છે.

ઉત્તર :- કઠણ કાંઈ નથી. બધું સીધું સટ થઈ ગયું છે હવે તો. નવા હોય એને જરી, સાંભળ્યું ન હોય એને નવું (લાગે).

મુમુક્ષુ :- બાળકોને ભણાવો છો. આપ ભણાવો છો ને.

ઉત્તર :- બાળકોને ભણાવે છે, અહીં તો બુઢા કોઈ નથી. બધા બાળક જ છે. સમજવાવાળા

વિદ્યાર્થી છે ને વિદ્યાર્થી.

મુમુક્ષુ :- સત્ય, પવિત્ર વધારે છે...

ઉત્તર :- વધારે છે, એવું કાંઈ નથી. ઘણું સરળ છે. આત્મા શું છે, આત્મા તો સરળ છે, સીધો છે. આ રહ્યા હાજર છે. કહો! સમજાણું કાંઈ? નરકાદિ ગતિ, જુઓ! ચારે ગતિ લીધી ને? કર્મથી ચાર ગતિમાં જાય છે એ નિમિત્તથી કથન લીધું. કોઈ દ્રવ્યથી કોઈ દ્રવ્યની પર્યાય ક્યારેય ત્રણકાળમાં... આ તો એવો ચક્રભાલ બતાવવો છે ને? સંસાર ચક્રભાલમાં, જુઓ! સંસારના ચક્રમાં નિમિત્ત-નિમિત્ત સંબંધથી શું થાય છે એ બતાવવું છે. સમજાણું કાંઈ?

ન કર્મથી નરકાદિ નરક, મનુષ્ય, દેવ, સ્વર્ગ, નિગોદ. નિગોદાદિ ગતિમાં ગમન. એ બધામાં લેવું. સમજાણું કાંઈ? પરદ્રવ્ય નિમિત્તમાત્ર છે. પરદ્રવ્યથી પરદ્રવ્યમાં ક્રિયા ત્રણકાળમાં થતી નથી. એ તો પહેલાં સિધ્ધ કર્યું. પરના પરિણામ પરનું કર્તૃત્વ છે એમ છે નહીં. અજ્ઞાનથી પણ પોતાને ભૂલીને પોતાના પરિણામ અજ્ઞાન કરે તો તે કારણે નરકમાં (જાય) શ્રેણિકરાજા એ તો જ્ઞાની હતા. લ્યો! સમકિતી હતા. ક્ષાયિક સમકિતી, તીર્થંકર ગોત્ર (બાંધ્યું) એ પણ પોતાની ગતિની યોગ્યતાથી ત્યાં જાય છે. ગતિની યોગ્યતાના પરિણામ પોતાના સ્વતઃસિધ્ધ છે. ગતિનો ઉદયભાવ છે પોતામાં. ગતિ તો ભિન્ન છે કર્મ. એ કારણે જાય છે. આ તો નિમિત્ત બતાવવું છે. સમયસારમાં એવું છે. બધામાં આવે છે.

આવે, **નરકાદિ ગતિઓમાં ગમન.** લ્યો! કોનાથી? કર્મથી. એના ઉપર ભાર દયે. કર્મથી.. અરે! સાંભળને ભાઈ! પહેલાં જ બતાવી દીધું, બંધના વશે, પોતાના વશે પોતાના પરિણામ છે. શું પરના વશે પરિણામ થાય છે? અને **ગતિની પ્રાપ્તિથી દેહ,** લ્યો! ગતિ થઈ તો ત્યાં દેહ મળશે. એમ કહે છે. દેહ તો જડ છે. ગતિ દેહને કારણે ઉદય થઈ છે. ગતિ છે ત્યાં દેહ હશે. આ શરીર નહીં રહે. એમ બતાવે છે. ગતિ તો પોતાની પર્યાયને કારણે મળી છે. અને ત્યાં દેહ જડ આવ્યો. અને પરમાણુના પિંડની શરીરરૂપે થવાની લાયકાત થઈ.

મુમુક્ષુ :- પર્યાયમાં નિમિત્ત-નિમિત્ત

ઉત્તર :- દરેક નિમિત્ત-નિમિત્ત સંબંધ બતાવવો છે. ચક્ર બતાવવું છે ને? **દેહથી ઇન્દ્રિયો,** જુઓ! દેહ મળ્યો-ઇન્દ્રિયો, ઇન્દ્રિયોથી વિષયગ્રહ્યા, વિષયગ્રહણનો અર્થ શું? વિષયગ્રહણ કરી શકે છે? વિષય ઉપર લક્ષથી આ છે મારું આ વિષય, આ શબ્દ, આ રૂપ, આ ગંધ, આ રસ, આ સ્પર્શ, શરીરના વિષયનું ત્યાં જ લક્ષ જશે.

**ઇન્દ્રિયોથી વિષયગ્રહણ,** વિષયનું લક્ષ કરશે. શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, **આ વિષયગ્રહણથી રાગદ્વેષ,** ત્યાં રાગદ્વેષ જ છે. આ ઠીક છે ને આ અઠીક છે. આવા શબ્દ ઠીક છે ને આવા શબ્દ અઠીક છે. આવા રૂપ ઠીક છે ને આવા રૂપ અઠીક છે, આવી વાણી ઠીક છે. આવા **વિષયગ્રહણથી રાગદ્વેષ,**

કહો! સમજાણું કાંઈ? આ **રાગદ્વેષથી પાછા સ્નિગ્ધ પરિણામ,** મિથ્યાપરિણામ. એ પણ પરિણામ તે જ થયા. એ ચક્ર.... સંસારચક્ર આલંબી. આહાહા! **રાગદ્વેષથી પાછા સ્નિગ્ધ પરિણામ,** એમ લીધું છે..જુઓ! કર્મથી નહીં. એ રાગદ્વેષ એ ચીકાશભાવ છે. **પરિણામથી પાછું પુદ્‌ગલપરિણામાત્મક કર્મ,** એમ પાછું ચક્ર આવ્યું. એ પરિણામ નિમિત્ત અને નવા કર્મ પોતાથી બંધાય છે. **કર્મથી પાછું નરકાદિ ગતિઓમાં ગમન,** વળી ચાર ગતિઓમાં જાવું. એકમાંથી બીજીમાં.

મુમુક્ષુ :- ચક્રમાં છે.

ઉત્તર :- એ ચક્રમાં અનાદિથી પડયો છે. એ બતાવવું છે, નિગોદથી માંડીને અનાદિથી, **ગતિની પ્રાપ્તિથી પાછો દેહ,** ગતિ મળી તો ત્યાં દેહ થશે જ. **દેહથી પાછી ઈન્દ્રિયો,** અહીં ઈન્દ્રિયો કહ્યું કેમ કે તેનું લક્ષ તો પર ઉપર છે ને? ઈન્દ્રિયોથી પાછું વિષયગ્રહણ, શુભઅશુભ ..... હો! ભગવાનની પ્રતિમા પણ વિષય, ભગવાન પણ વિષય, હા.. સમવસમરણમાં બિરાજમાન ભગવાન પણ ઈન્દ્રિયનો વિષય છે. ત્યાં લક્ષ જશે તો રાગ થશે. લક્ષ અહીં આત્મદ્રવ્ય શું છે એ તો ખબર નહીં.

મુમુક્ષુ :- આત્માનું શરીરમાં... કયાં જાય?

ઉત્તર :- કયાં જાય? બહાર જાય. એ તો કહ્યું ને બહાર જાય. એ તો કહે છે. અંદરમાં પ્રવેશ ન કરે તો કયાં જાય? બહાર જાય. આ તો બીજું સિધ્ધ થઈ ગયું. ઈન્દ્રિયોથી પાછું વિષય(ગ્રહણ), સ્ત્રી, કુટુંબનો વિષય હો કે દેવ-ગુરુ-શાસ્ત્રની વાણીની મૂર્તિ કે ભગવાન સાક્ષાત હો. પણ એ ઈન્દ્રિયોથી તે પરદ્રવ્ય જોવામાં આવશે. શુભઅશુભરાગ થશે. સમજાણું કાંઈ?

**વિષયગ્રહણથી પાછા રાગદ્વેષ, રાગદ્વેષથી વળી પાછા સ્નિગ્ધ પરિણામ,** લ્યો! ચક્રાવો. **એ પ્રમાણે આ અન્યોન્ય કાર્યકારણભૂત છે,** જુઓ! અન્યોઅન્ય કાર્યકારણભૂત, નિમિત્ત જુઓ! નીચે (ફૂટનોટ) છે. **કાર્ય એટલે નૈમિત્તિક અને કારણ એટલે નિમિત્ત,** નીચે ફૂટનોટ છે. **જીવપરિણામાત્મક કર્મ અને પુદ્‌ગલ-પરિણામાત્મક કર્મ, જીવ પરિણામાત્મક કર્મ,** જીવના રાગદ્વેષરૂપ પરિણામરૂપી કાર્ય અને પુદ્‌ગલના પરિણામરૂપી જડનું કાર્ય, **પરસ્પર કાર્યકારણભૂત અર્થાત્ નૈમિત્તિક-નિમિત્તભૂત છે.** કાર્ય તે નૈમિત્તિક અને કારણ તે નિમિત્ત, **ભૂત છે,** બસ. **તે કર્મો કોઈ જીવને અનાદિ-અનંત અને કોઈ જીવને અનાદિ-સાંત હોય છે.** હવે ખુલાસો આવશે. પાઠમાં છે ને, પાઠમાં.

અભવિને અનાદિ-અનંત, ભવિને અનાદિ-સાંત. સ્વભાવ ઉપર દૃષ્ટિ કરશે ત્યારે તેનું સ્વયં કામ થશે. કર્મ ઉપર જયાં સુધી દૃષ્ટિ છે, ત્યાં સુધી સંસારચક્ર (ચાલુ રહેશે.) અભવિને અનાદિ-અનંત, ભવિને અનાદિ-સાંત. સ્વભાવ ઉપર દૃષ્ટિ કરશે ત્યારે તેનું સ્વયં કામ થશે. કર્મ ઉપર જયાં સુધી દૃષ્ટિ છે, ત્યાં સુધી સંસારચક્ર ચાલશે.

**કાર્યકારણભૂત જીવપરિણામાત્મક,** જીવના પરિણામસ્વરૂપ અને પુદ્‌ગલના પરિણામસ્વરૂપ **કર્મજાળ,** કર્મજાળ, જુઓ! જીવપરિણામસ્વરૂપ કર્મ અને પુદ્‌ગલપરિણામસ્વરૂપ કર્મજાળ છે. વિકારપરિણામ પણ કર્મજાળ છે, જડના પરિણામ જડની જાળ છે. **સંસારચક્રમાં જીવને અનાદિ-અનંતપણે,** એવા સંસારચક્રમાં જીવને અનાદિ-અનંતપણે અભવિ, **અનાદિ-સાંતપણે** ભવિ. **ચક્રની માફક,** ચક્રની માફક. ચક્ર, કોઈનું ચક્ર રોકાય જાય છે, કોઈનું ચક્ર ચાલુ જ રહે છે, એમ ને એમ. **ફરીફરીને થયા કરે છે.** લ્યો! **અનાદિ-સાંતપણે ચક્રની માફક ફરીફરીને થયા કરે છે.** ભવિને પણ અનાદિ, જ્યાં સુધી અંત ન આવે ત્યાં સુધી ફર્યા કરે છે. અભવિ પણ ફરે છે. ભગવાનના તીર્થંકરના આત્મા પણ એમ ને એમ અનાદિથી સાંત ફર્યો. છે અનાદિ? સંસારચક્ર.... સમજાણું કાંઈ?

જુઓ! આ કથનની શૈલીમાં નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી કારણકાર્યભાવ કહ્યો છે. સમજાણું કાંઈ? એ વ્યવહારનયનો સંબંધ બતાવ્યો છે. ટોડરમલજી કહે છે ને, વ્યવહારનયનું લક્ષણ એવું છે, એક કારણને બીજામાં કાર્ય બનાવી દયે. કારણકાર્યને એક બીજાને, એક ભાવને બીજા ભાવમાં એવી રીતે પરસ્પર લગાવી દયે, એનું નામ વ્યવહાર. એવી શ્રદ્ધા કરે છે તે મિથ્યાદષ્ટિ છે. જ્ઞાન કરવું પણ એવું શ્રદ્ધાન કરી લ્યે કે આ કારણથી આ કાર્ય થયું, આ કાર્યમાં આ કારણ પડયું, એક બીજાના કારણ બતાવે, નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કહ્યું છે. સમજાણું કાંઈ?

વ્યવહાર આવે છે ને ભાઈમાં! ટોડરમલ! એ તો વ્યવહાર અભૂત તેમાંથી કાઢીને સંબંધ કીધો છે. નિમિત્ત-નિમિત્ત સંબંધને એમ માની લ્યે કે નિમિત્તથી અહીં થાય છે, ત્યાંથી ત્યાં થયું, એમ છે જ નહીં. ફકત નિમિત્તની ઉપસ્થિતિ જ્ઞાન કરાવવા માટે છે. એમ માની લ્યે કે તેનાથી આત્માની ગતિ થઈ અને કર્મ આત્માને ગતિમાં લઈ જાય છે તો એ કારણકાર્ય બીજાને બીજામાં માન્યા એ મિથ્યાત્વ છે.

મુમુક્ષુ :- ......

ઉત્તર :- હા, કયાંથી સુઝે. એ તો કોઈ કર્મને કારણે અહીંયા હોય અને ત્યાંને કારણે અહીંયા હોય. કોઈ દિ' આપણામાં આવવાની ફુરસદ મળે જ નહીં. એ તો પોતાને કારણે પોતામાં છે, તો પોતાની દષ્ટિ લગાવી દયે, હટી જાય વિકાર. કર્મ પણ બંધાતા નથી, કર્મને કારણે બંધાતા નથી. સમજાણું કાંઈ? આટલો સ્પષ્ટ કર્મનો ખુલાસો તેમણે કર્યો તે વસ્તુની સ્થિતિ બતાવવા માટે. વ્યવહારનય એવો છે કે પરને કારણકાર્યમાં મેળવીને કહે છે. છે કે નહીં? એને તો મિથ્યાત્વ થાય છે એ તેમને નથી બેસતું વર્તમાનમાં. ગડબડ.. પોતાની શ્રદ્ધા નથી બેસતી તેમને. જુઓ!

વ્યવહારનય સ્વદ્રવ્ય પરદ્રવ્યને અને તેના ભાવોને અને કારણકાર્ય આદિમાં કોઈનું કોઈમાં મેળવીને કથન કરે છે. તેથી તેવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે. તેથી તેનો ત્યાગ કરવો. એ શ્રદ્ધાનો ત્યાગ કરવો. અને નિશ્ચયનય તેનું યથાર્થ નિરૂપણ કરે છે, એમ કોઈનું કોઈમાં મેળવતું નથી તેથી તે શ્રદ્ધાન સમ્યક્ હોય

છે. માટે એવું શ્રદ્ધાન કરવું. નિશ્ચયનું શ્રદ્ધાન કરવું, વ્યવહારના શ્રદ્ધાનમાં કારણકાર્ય લગાવીને તેનું શ્રદ્ધાન છોડવું. છે એવું માનવું, નિમિત્ત છે પણ તેનાથી થાય છે તેવું શ્રદ્ધાન છોડવું. ૨૫૫ થી શરૂ છે. ૨૫૬માં પૂરું થાય છે. બહુ સરસ લીધું છે. એ તો બધામાં આવ્યું છે. શાસ્ત્રની પદ્ધતિ છે ને તેમાં, વાંચવાની. તેમાં આવ્યું છે. શરૂઆતમાં, શરૂઆતમાં આવ્યું છે. પરદ્રવ્યનું નિરૂપણ. જુઓ! દેખો. શ્રદ્ધાન છોડીને, એ ને? એ તો પહેલેથી ત્યાંથી લીધું છે.

મુમુક્ષુ :- .......

ઉત્તર :- તમને નહોતું મળ્યું ને. જુઓ! વ્યવહારનય સ્વદ્રવ્ય પરદ્રવ્યને અને તેમના ભાવોને કારણકાર્યમાં ભેળવીને નિરૂપણ કરે છે એટલે એવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે. એ તો ત્યાગ, એ તો આપણે ચાલતું હતું તે. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. વખત થઈ ગયો.

(શ્રોતા :-પ્રમાણ વચન ગુરુદેવ.)

***નિશ્ચય દૃષ્ટિથી દરેક જીવ પરમાત્મસ્વરૂપ જ છે. જિનવરને જીવમાં ફેર નથી. ભલે તે એકેન્દ્રિયનો જીવ હોય કે સ્વર્ગનો જીવ હોય. એ બધું તો પર્યાયમાં છે. વસ્તુ સ્વરૂપે તો પરમાત્મા જ છે. પર્યાય ઉપરથી જેની દૃષ્ટિ ખસીને સ્વરૂપ ઉપર દૃષ્ટિ થઈ છે એ તો પોતાને પણ પરમાત્મા સ્વરૂપ દેખે છે ને દરેક જીવને પણ પરમાત્મસ્વરૂપ દેખે છે. સમ્યગ્દૃષ્ટિ બધા જીવોને જિનવર જાણે છે અને જિનવરને જીવ જાણે છે. અહા! કેટલી વિશાળ દૃષ્ટિ! અરે, આ વાત બેસે તો કલ્યાણ થઈ જાય, પણ આવી કબૂલાતને રોકનારા માન્યતારૂપી ગઢના પાર ન મળે! અહીં તો કહે છે કે ૧૨ અંગનો સાર એ છે કે જિનવર સમાન આત્માને દૃષ્ટિમાં લેવો કેમ કે આત્માનું સ્વરૂપ પરમાત્માસ્વરૂપ જ છે. ૨૫. (પરમાગમ સાર)***

## પ્રવચન નં:-૩૦, ગાથા-૧૨૮ થી ૧૩૦
## ભાદરવા વદ-૪-શુક્રવાર, તા:-૨૫-૯-૬૪

આ પંચાસ્તિકાયના નવપદાર્થનું કથન ચાલે છે. આ આવ્યું. જુઓ! ૧૩૦ ગાથા-ટીકાની આ છેલ્લી ત્રણ પંક્તિ છે. **આ રીતે અહીં (એમ કહ્યું કે), પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે,** કોના? જીવના પરિણામમાં. એવા જીવ પરિણામ. દ્રવ્ય બે છે. જીવ અને અજીવ. બેયના પરસ્પર નિમિત્ત-નિમિત્ત સંબંધથી સાત પરિણામ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

આ રીતે અહીં એમ કહ્યું કે, આવ્યું? તેને આવ્યું નથી. **પુદ્‌ગલપરિણામ જેનું નિમિત્ત છે. એવા જીવપરિણામ,** એ જીવપરિણામમાં તો, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. (એમ) સાત પર્યાય આવે છે. અને જીવપરિણામ જેનું નિમિત્ત છે. પુદ્‌ગલના **એવા પુદ્‌ગલપરિણામ** તેમાં સાત પર્યાય છે. **હવે પછી કહેવામાં આવનારા (પુણ્યાદિ સાત) પદાર્થોના બીજ તરીકે અવધારવા.** અરસપરસ પરિણામના સંબંધ તેના બીજ તેનાથી સાત પર્યાય ઉત્પન્ન થાય છે. જુઓ તેનો ભાવાર્થ. તેનો ભાવાર્થ છે.

**જીવ અને પુદ્‌ગલને પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકપણે,** જ્યારે જીવના પરિણામ નિમિત્ત તો પુદ્‌ગલના પરિણામ નૈમિત્તિક, પુદ્‌ગલના પરિણામ નિમિત્ત તો જીવના પરિણામ નૈમિત્તિક. **જીવ અને પુદ્‌ગલને પરસ્પર નિમિત્ત-નૈમિત્તિકપણે પરિણામ થાય છે. તે પરિણામને લીધે પુણ્યાદિ પદાર્થો ઉત્પન્ન થાય છે.** તે પરિણામ જ પુણ્યાદિ પદાર્થ છે. કહો, સમજાણું કાંઈ? શું શોભાલાલભાઈ? સમજમાં ન આવ્યું? ક્યાં ગયા? શેઠ આવ્યા નથી? શેઠ નો આવે ને, શેઠને વાર લાગે.

જીવ અને જડ બે પદાર્થ દ્રવ્ય છે. પરસ્પર નિમિત્ત નૈમિત્તિક સંબંધમાં સાત પર્યાય જીવમાં અને સાત પર્યાય પુદ્‌ગલમાં ઉત્પન્ન થાય છે. કહો, સમજાણું કાંઈ? શું કીધું? ફરીને. જીવદ્રવ્ય અને પુદ્‌ગલદ્રવ્ય બે પદાર્થ છે, વસ્તુ. હવે વસ્તુમાં જીવના પરિણામમાં સાત પર્યાય ઉત્પન્ન થાય છે. પુણ્યપરિણામ પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એ સાત પરિણામમાં પુદ્‌ગલપરિણામ નિમિત્ત છે. અને પુદ્‌ગલના સાત પરિણામમાં, દ્રવ્યપુણ્ય, દ્રવ્યપાપ, દ્રવ્યઆસ્રવ, દ્રવ્યસંવર, દ્રવ્યનિર્જરા, દ્રવ્યબંધ અને દ્રવ્યમોક્ષ તેમાં પુદ્‌ગલના પરિણામમાં જીવના પરિણામ નિમિત્ત છે. કહો, હવે સમજાણું કે નહીં? માંગીરામજી!

મુમુક્ષુ :- નિમિત્તનું કાંઈ હાલતું નથી.

ઉત્તર :- હાલતું નથી એમ ક્યાં કહ્યું? છે. જો પોતાના પરિણામ થાય છે તો, સદ્‌ગુરુને નિમિત્ત

કહેવામાં આવે છે. તે પણ અહીંયાં તો, પુણ્ય, પાપ, આસ્રવ, બંધ જે છે. એ વિકારી ચાર ભાવ તેમાં પુદ્ગલના વર્તમાન પરિણામ નિમિત્ત છે. વિદ્યમાન. સંવર, નિર્જરા, મોક્ષમાં તે પરિણામ અભાવરૂપ નિમિત્ત છે. સમજાણું કાંઈ? પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, એ જીવમાં ચાર પરિણામ થાય છે તે વિકાર છે. કર્મના ઉદયનું નિમિત્ત-ત્યાં વિદ્યમાન નિમિત્ત છે. અને અહીંયાં સંવર, નિર્જરા, મોક્ષ પોતાની પર્યાયમાં પોતાથી થાય છે ત્યારે કર્મના નિમિત્તનું અભાવરૂપ નિમિત્ત.

મુમુક્ષુ :- ચાર સદ્ભાવરૂપ ત્રણ અભાવરૂપ.

ઉત્તર :- ત્રણ અભાવરૂપ. ત્રણમાં, અભાવરૂપ. સૂક્ષ્મ વાત! આત્મામાં સાત પરિણામ થાય છે. શુભભાવ-અશુભભાવ બેય મળીને આસ્રવ. અટકવું બંધ, સંવર નિર્મળ પર્યાય, નિર્જરા વિશેષ શુદ્ધ પર્યાય, મોક્ષ પૂર્ણ શુદ્ધ પર્યાય. આ સાત પરિણામ તે જીવમાં થાય છે. તેમાં પુદ્ગલનું નિમિત્ત વિદ્યમાન, શુભ, અશુભ, આસ્રવ અને બંધ, તેમાં વિદ્યમાન નિમિત્ત છે. ચાર. ચારમાં. અને સંવર, નિર્જરા, મોક્ષમાં નિમિત્તનો અભાવ. તેના અભાવરૂપ નિમિત્ત છે. લ્યો! સમજાણું કાંઈ?

દ્રવ્ય પોતપોતાના પરિણામનું કર્તા (છે.) નિમિત્ત કહેવું એ બીજી કઈ ચીજ ઉપસ્થિત છે તેનું જ્ઞાન કરાવવું. સાતે પરિણામનો કર્તા જીવ. શુભ, અશુભ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ. સાત પર્યાયનો કર્તા આત્મા-જીવ. અને પુદ્ગલપરિણામમાં દ્રવ્યઆસ્રવ, દ્રવ્યબંધ, દ્રવ્યપુણ્ય, દ્રવ્યપાપ અને દ્રવ્યસંવર, દ્રવ્યનિર્જરા, દ્રવ્યમોક્ષ. તેના પરિણામને કરવાવાળું પુદ્ગલ. અમરચંદભાઈ! શું છે? જુઓ! આ નવતત્ત્વની વાત ચાલે છે. નવપદાર્થ લખ્યું છે ને. **નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગપ્રપંચકવર્ણન** છે. પ્રપંચનો અર્થ વિસ્તાર. સમજાણું કાંઈ? ૧૫૪ ગાથાથી આપણે લીધું હતું. આ તો પહેલાં નવપદાર્થનું વચમાંથી છોડી દીધું હતું. જુઓ ભાવાર્થ.

**જીવ અને પુદ્ગલને,** પુદ્ગલ એટલે કર્મપુદ્ગલ અહીં લેવા એકલા. બીજા પુદ્ગલને ન લેવા. **જીવ અને પુદ્ગલને પરસ્પર,** પરસ્પર. **નિમિત્ત-નૈમિત્તિકપણે પરિણામ થાય છે.** નિમિત્ત-નૈમિત્તિકપણે, કર્તા-કર્મથી નહીં. જીવપરિણામ કર્તા અને પુદ્ગલમાં કાર્ય, પુદ્ગલપરિણામ કર્તા અને જીવપરિણામમાં કાર્ય એમ નથી. કર્તા-કર્મ ભિન્ન ચીજ છે અને નિમિત્ત-નૈમિત્તિક ચીજ ભિન્ન છે.

મુમુક્ષુ :- પરિણામ પર્યાય.

ઉત્તર :- પરિણામ કહો કે પર્યાય કહો એટલી ખબર નથી? પરિણામ કહો, પર્યાય કહો, અવસ્થા કહો, દશા કહો, વર્તમાન ભાવ કહો, બધાનો એક અર્થ છે. સમજાણું કાંઈ? આ તો હજી નવતત્ત્વની વાત ચાલે છે અને નવ કોને કહે છે? હેં? ત્યાં આગળ હજી બાધામંડળ! બાધામંડળ એટલે શું છે. હજી તો નવતત્ત્વ મૂળ વાત! પહેલી સાધારણ. તેમાં જીવ અને જડ બે દ્રવ્ય છે, પદાર્થ. તેના પરિણામ, પર્યાય, અવસ્થા, દશા બધું એક અર્થમાં છે. જડમાં પણ પરિણામ થાય છે, ચૈતન્યમાં પણ (પરિણામ)

થાય છે. કેમકે પર્યાયને અહીંયાં પરિણામ કહેવામાં આવ્યા છે. પરિણામને પર્યાય અને પર્યાયને પરિણામ કહો તે એક જ વાત છે. ભાવ કહો, વર્તમાન પરિણામ કહો, પર્યાય કહો, અવસ્થા કહો બધી એક જ વાત છે. તો જીવમાં, જીવદ્રવ્ય છે, વસ્તુ ધ્રુવ,. તેમાં ચાર પરિણામ વિકારી થાય છે. શુભ-અશુભ, આસ્રવ અને બંધ. સંવર, નિર્જરા, મોક્ષ અવિકારી પરિણામ થાય છે. સાત. કર્મમાં સાત થાય છે. અહીંયાં શુભભાવ તેમાં નિમિત્ત થયો તો દ્રવ્યપુણ્ય અથવા નવા પુણ્ય આવ્યા. નવા પુણ્ય આવ્યા તે દ્રવ્યપુણ્ય, દ્રવ્યપાપ, દ્રવ્યઆસ્રવ રજકણ આવે છે. દ્રવ્યબંધ અને સંવર નિર્જરા અહીંયાં આવે છે તો તેને કારણે રજકણ ઉદયમાં આવ્યા નહીં, રોકાઈ જાય અથવા આવે નહીં, તેને કહે છે કે દ્રવ્યસંવર. દ્રવ્યનિર્જરા કર્મના રજકણ ખરી જાય તે દ્રવ્ય નિર્જરા. પૂર્ણપણે કર્મ ખરી ગયા તે મોક્ષ. તે સાત પર્યાય પરિણામ પુદ્‌ગલમાં થાય છે અને સાત પરિણામ પર્યાય જીવમાં થાય છે. અરસ-પરસ નિમિત્ત-નિમિત્ત સંબંધ, કર્તા-કર્મ સંબંધ નહીં. સમજાણું કાંઈ?

**જીવ અને પુદ્‌ગલને પરસ્પર** માહોં માહે. **નિમિત્ત-નૈમિત્તિરૂપે પરિણામ થાય છે. તે પરિણામને લીધે,** પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ પદાર્થ ઉત્પન્ન થાય છે. **તે પરિણામને લીધે ઉત્પન્ન** એટલે કે પરિણામ પોતે જ પદાર્થ છે. જેમનું વર્ણન હવેની ગાથાઓમાં કરવામાં આવશે. પછી આવશે. જીવ-અજીવ આવ્યા. હવે પુણ્ય-પાપ પદાર્થ ૧૩૧ ગાથાથી શરૂ થાશે.

હવે જરી અંદર જયસેનઆચાર્યની ટીકામાંથી પ્રશ્ન લીધા છે. પ્રશ્ન. કહો શેઠ! સમજાણું કાંઈ? લ્યો! શું સમજમાં આવ્યું (કહે) તો જવાબ આપવો પડશે. શોભાલાલભાઈ! જવાબ આપવો પડશે. શેઠ! હા પાડવામાં પણ જવાબદારી છે ને? બે પદાર્થ છે, દ્રવ્ય-અનાદિઅનંત. જીવ અને જડ. અત્યારે અહીં પુદ્‌ગલપરમાણુની વાત લેવી છે ને? દ્રવ્ય છે તો અરસપરસ પોતાના પરિણામ જીવમાં સાત પ્રકારના થાય છે ત્યારે પુદ્‌ગલકર્મને નિમિત્ત કહેવામાં આવે છે. અને પુદ્‌ગલમાં સાત પરિણામ થાય છે. જડમાં જડને કારણે પર્યાય (થાય છે.) તેમાં જીવના પરિણામને નિમિત્ત કહેવામાં આવે છે. કર્તા-કર્મ કોઈ નહીં.

મુમુક્ષુ :- પરસ્પર ઉપકાર કરે છે.

ઉત્તર :- ઉપકાર કરે એ ક્યાંથી આવ્યું? આ તો નિમિત્ત છે તેનું નામ ઉપકાર. નિમિત્ત છે તેનું નામ ઉપકાર કહેવામાં આવે છે. ઉપકાર કોણ કરે અને અપકાર કોણ કરે. કહો, સમજાણું કાંઈ? હવે જુઓ! ટોડરમલ્લે નવપદાર્થ અને મોક્ષમાર્ગ અહીંથી વિશેષ ખાસ લીધા છે. કેટલીક વાત બીજેથી લીધી છે. તેમાં પ્રયોજનભૂત નવતત્ત્વ કહે છે ને? હા, પ્રયોજનભૂત શબ્દ અહીંથી લીધો છે. આ જયસેનઆચાર્યની ટીકામાંથી. પ્રયોજનભૂત એવો શબ્દ ક્યાંથી આવ્યો? અહીંથી લીધો છે, જયસેનઆચાર્યની ટીકામાંથી.

**પ્રશ્ન :- પુણ્યાદિ સાત પદાર્થોનું પ્રયોજન જીવ અને અજીવ એ બેથી જ પૂરું થઈ**

**જાય છે.** શિષ્યનો પ્રશ્ન છે. ભગવન! પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ એ સાત પર્યાયો. સાત પર્યાય કહો કે પદાર્થ કહો, અવસ્થા કહો, ભાવ કહો. સમજાણું કાંઈ? એક સમયની પર્યાયને પદાર્થ પણ કહે છે. તદઅર્થ શબ્દ બોલે છે એવું ત્યાં છે ને? ત્યાં ભાવ છે ને ભાવ! સંવર. એ શબ્દ હતો. સંવર પર્યાય છે કે નહીં? વસ્તુ છે કે નહીં? અને સાતેયને પદાર્થ કહે છે. પદાર્થ કોઈ દ્રવ્યને જ કહે છે એવું નથી. પર્યાયને પણ પદાર્થ કહે છે. નવપદાર્થ છે કે નહીં? સાત તો પર્યાય છે. પર્યાયને પણ અહીં પદાર્થ કહેવામાં આવ્યા છે. અનાદિથી ચાલે છે. આ કોઈ નવી વાત નથી. નવપદાર્થ છે ને? જુઓ! ઉપર. **નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગપ્રપંચકવર્ણન.**

**પુણ્યાદિ સાત પદાર્થોનું,** જુઓ! શુભભાવ પણ પુણ્યપદાર્થ, અશુભભાવ પાપપદાર્થ બે થઈને આસ્રવપદાર્થ, રોકાઈ જાવું અબંધસ્વભાવી ત્યાં રાગમાં રોકાઈ જાય તે ભાવબંધ પદાર્થ અને શુદ્ધિનું થવું તે સંવર પર્યાયરૂપ પદાર્થ. શુદ્ધિની વૃદ્ધિ થવી તે શુદ્ધરૂપ પર્યાયરૂપ પદાર્થ અને પૂર્ણ શુદ્ધિ થવી તે મોક્ષરૂપ પદાર્થ. સમજાણું કાંઈ? સંપ્રદાયમાં જન્મ્યા પણ સંપ્રદાય શું તે ખબર નહીં. શોભાલાલભાઈ! આ શેઠીયાઓને પણ ખબર નહીં, ઓલાને પણ ખબર નહીં. આ શેઠીયાઓ તો મોઢાઆગળ બેસવાવાળા છે. આવો આવો આવો! મોઢા આગળ બેસો. (પણ) સમજે છે શું? કાંઈ નહીં.

મુમુક્ષુ :- સમજવા માટે તો આગળ બેઠા.

ઉત્તર :- આગળ બેઠા તો અત્યાર સુધી કર્યું શું? દિગંબર ધર્મમાં જન્મ લીધો અને ચાલતી નથી? સમજાણું કાંઈ? જીવ અને પુદ્ગલમાં સાત પદાર્થોનું પ્રયોજન. શિષ્ય પૂછે છે. જીવ-અજીવ બેથી જ પુરું થઈ જાય છે. બે દ્રવ્યથી બીજી ચીજ સાત પદાર્થ છે નહીં. બેયની આવશ્યકતા છે તો બે કહેવામાં સાત આવી જાય છે. સાતથી ક્યાં પ્રયોજનની જરૂર છે. એમ શિષ્યનો પ્રશ્ન છે. બેયમાં આવી જાય છે. બે સિવાય કોઈ ત્રીજી ચીજ જીવ અને જડ બેના પરિણામ છે (તો) બેમાં આવી ગયું.

સાત પરિણામ બેથી ભિન્ન એવા નવનું કરવું તો સાતથી શું પ્રયોજન છે? સાત પર્યાયનું. પર્યાય તો દ્રવ્યની છે. જીવની પર્યાય સાત અને જડની પર્યાય સાત, તે તો પર્યાય છે, અવસ્થા છે. દ્રવ્ય કોઈ બીજું નથી.

મુમુક્ષુ :- આસ્રવ, બંધ, નિર્જરા ક્રિયા છે ને?

ઉત્તર :- ક્રિયા છે. પર્યાય કહો કે ક્રિયા કહો. રાગ, આસ્રવ-બંધ રાગની ક્રિયા છે. રાગની ક્રિયા કહો કે રાગ પદાર્થ કહો કે રાગ પર્યાય કહો કે રાગ પરિણામ કહો કે રાગ અવસ્થા કહો.

મુમુક્ષુ :- પદાર્થ ........

ઉત્તર :- એ માટે તો આ વાત ઠીક ખુલી. પર્યાયને અહીંયાં પદાર્થ કહે છે. ત્યાં કહ્યું નહીં? જુઓ! થોડી વાર લાગશે. છે નહીં ને. થોડી વાર લાગશે. જુઓ! આવ્યું ને ભાઈ! પ્રશ્ન જુઓ!

**પુણ્યાદિ સાત પદાર્થોનું,** જુઓ! પુણ્યાદિ સાત પદાર્થ. તેને પદાર્થ કહે છે. હમણાં અર્થ કર્યો ને? પદ શબ્દનો અર્થ તેમાં છે. સંવર શબ્દ અર્થ તે પર્યાય છે. નિર્જરા શબ્દ શુદ્ધિ તે પર્યાય છે. પર્યાયને પદાર્થ કહે છે. દ્રવ્યને પણ પદાર્થ કહે છે અને પર્યાયને પણ પદાર્થ કહે છે. ત્રણેયને પદાર્થ (કહે છે.) ત્રણેયને ભાવ કહે છે, પર્યાય કહે છે, અવસ્થા કહે છે. દ્રવ્યને પણ અવસ્થા અને પર્યાયને પણ અવસ્થા. અહીંયા અવસ્થા સાથે છે તેને પદાર્થ કહે છે.

નવપદાર્થ કોને કહે છે? નવ તો નામ સાંભળ્યું છે કે નહીં? નવ તત્ત્વ. તો નવતત્ત્વમાં સાત તો પર્યાય આવી. જીવ અને અજીવ બે દ્રવ્ય આવ્યા. સાત તો પર્યાય આવી. એક સમયની પર્યાય છે. વિકારી પર્યાય એ ક્રિયા છે. રાગની ક્રિયા એ આસ્રવ, પુણ્ય, પાપની ક્રિયા એ પર્યાય, એ પદાર્થ. સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય એ ક્રિયા. એ શુદ્ધપદાર્થ. શુદ્ધપર્યાય, પદાર્થ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ભાવવાન અને ભાવ...

ઉત્તર :- બે પદાર્થ છે. પર્યાય પદાર્થ છે કે નહીં? એક સમયની અવસ્થા છે. અને એક સમયની અવસ્થામાં પણ અનંત અનંત ધર્મસ્વભાવ ભર્યો છે. એ પર્યાયમાં પણ અનંત સ્વભાવ ભર્યો છે. પોતાની પર્યાયથી, બીજી પર્યાયથી નહીં, દ્રવ્ય ગુણથી નહીં. એક પર્યાયમાં અનંતી સપ્તભંગી ઊઠે છે. અમરચંદભાઈ! એક પર્યાયમાં અનંતી સપ્તભંગી ઊઠે છે. અનંતદ્રવ્યથી પર્યાય નહીં, અનંતગુણથી પર્યાય નહીં, બીજી પર્યાયથી નહીં, વર્તમાન પર્યાય અનંત છે. એમાં એક એક પર્યાય બીજી પર્યાયથી નહીં. અસ્તિનાસ્તિ એવી સપ્તભંગી અનંત. પદાર્થ, પર્યાય, વસ્તુ છે ને? કાયમની નહીં પણ એક સમયનું સત્ છે કે નહીં? સત્ છે કોઈ અસત્ ચીજ નથી.

આ તો ભાઈએ પૂછયું ને કે પદાર્થ શું? તો પદાર્થ સિદ્ધ કર્યો. એક સમયની પર્યાય, પદાર્થ શું કે તેમાં અનંતધર્મ છે. એક સમયની પર્યાયમાં અનંત અનંત શકિત છે. પોતાથી છે, પરથી નહીં, દ્રવ્યથી નહીં, ગુણથી નહીં, બીજી પર્યાયથી નહીં. એવો નાસ્તિ ધર્મ તેમાં અનંત છે. પર્યાય એમ. સમજાણું કાંઈ? અત્યારે એ વાત ચાલતી નથી. બહારથી કાં લોકસેવા ને એ વાત ચાલશે, કાં આ બાહ્ય ક્રિયા ભકિત, પૂજા કરવી અને વ્રત, નિયમ લઈ લેવા. પણ શું ચીજ છે? વ્રત શું છે, પૂજા શું છે. કોની પર્યાય છે, કયાં ઉત્પન્ન થાય છે, કોણ તેમાં નિમિત્ત છે, કેટલો કાળ તે પર્યાય રહે છે. દ્રવ્ય કેટલો કાળ રહે છે, ખબર નહીં. ચાલો આંધળે આંધળાં પલાય, દેખાડનાર આંધળો અને કરનાર પણ આંધળો. પલાય, ચાલો.

મુમુક્ષુ :- એક વાર પ્રશ્ન તો એવો રાખ્યો હતો કે ....

ઉત્તર :- ધીરે ધીરે ઊંધા રસ્તે છે. રસ્તો એ નથી. રસ્તો એ નથી. કોઈ રાગ મંદ હોય તેમાં. પણ તેની પણ તેને ખબર નથી કે રાગ મંદ હોય તોપણ શુભભાવ કહેવામાં આવે છે. એને તો એમ કે આ

શરીરમાં આહાર બે દિવસ ન કર્યા તો અમારે નિર્જરા થઈ ગઈ. કાળ ગયો તારો. નિર્જરા ક્યાંથી આવી? સમજાણું કાંઈ? અપવાસ બપવાસ કરે છે કે નહીં?

મુમુક્ષુ :- .........

ઉત્તર :- બેકારી હતી. ગઈ ક્યાંથી? બેકાર ન હતા ને બેકાર થયા એમ નથી. શેઠી!

નવપદાર્થ, જુઓ! ઉપર નામ છે. **નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગપ્રપંચકવર્ણન.** આ તેમાં માક્ષમાર્ગમાં ઘણા અધિકાર લીધા છે. એક શબ્દ પણ તેના ઘરનો નથી. ટોડરમલ્લે શાસ્ત્રનું સામાન્ય થોડી વાતનું વિશેષ સ્પષ્ટીકરણ કર્યું છે. તેણે લખ્યું છે, કોઈ જગ્યાએ સામાન્ય અથવા વિશેષ કહીશ. બાકી તો હું શાસ્ત્રની જ વાત કરું છું. અમારા ઘરની કોઈ (વાત નથી.) પંચાસ્તિકાયમાંથી નવપદાર્થ લીધા છે અને મોક્ષમાર્ગ અહીંથી લીધું છે. નિશ્ચય-વ્યવહાર. સમજ્યા?

કેટલાક પુષ્ટિ કરવા માટે બીજેથી લીધા છે, પ્રવચનસાર, સમયસાર, ........... લોકો-પોતાથી કોઈ બીજા મોટા થઈ જાય અને અમે પંડિત છીએ ને અમે રહી જાય? નહીં જાઓ તે અપ્રમાણિક છે. (એમ કહે.) અરે! કોઈપણ આઠ વર્ષનો બાળક હોય અને યથાર્થ વાત કહે તો તે પ્રમાણ છે. સમ્યગ્દષ્ટિ બાળક હોય સમ્યગ્દષ્ટિ. આઠ વર્ષનો બાળક શું આઠ વર્ષની છોકરી હોય. વાત કરે અંદરની કે માર્ગ આવો છે. તેનું વચન પ્રમાણ છે. સમજાણું કાંઈ?

સમ્યગ્જ્ઞાનીનું વચન પ્રમાણ છે. આઠ વર્ષની છોકરી છે અને અમે સો સો વર્ષના છીએ, અને અમે મોટા મોટા કરોડપતીઓ છીએ. તો એમ ત્યાં ન ચાલે. આઠ વર્ષની છોકરી પિતાજીને કહે પિતાજી! તમે ખોટું કરો છો. કેમ બહેન? તમે રાગમાં ધર્મ માનો છો તે તો વિકલ્પ છે. નિર્વિકલ્પ (વસ્તુ છે.) માનવું પડશે. એમ નહીં કે અમે એંસી વર્ષના થઈ ગયા અને મોટા મોટા વિદ્વાન થઈ ગયા તો મારી ભૂલ કાઢે છે? અરે! ભૂલ તો ઢેઢ હરિજન પણ કાઢે. એમાં શું? સમજાય છે કાંઈ? એ તો કબુલ કરવું પડે ને? એમાં શું?

**પુણ્યાદિ સાત પદાર્થોનું,** લ્યો! સાત પદાર્થ. ઉપર નવપદાર્થ કહે છે ને? જીવ-અજીવ તો દ્રવ્ય પદાર્થ છે, સાત પર્યાય પદાર્થ છે. બે દ્રવ્ય પદાર્થ છે, સાત પર્યાય પદાર્થ છે. પર્યાય પદાર્થ કહો કે પરિણામરૂપી પદાર્થ કહો. કહો, સમજાણું કાંઈ? એ **પ્રયોજન,** શિષ્યનો પ્રશ્ન છે હો? **જીવ અને અજીવ બેથી જ પૂરું થઈ જાય છે. કારણ કે તેઓ જીવ અને અજીવની જ પર્યાય છે.** જીવ અને અજીવની જ પર્યાય છે. બીજાની નથી. **તો પછી તે સાત પદાર્થો શા માટે કહેવામાં આવે છે?** શિષ્યનો પ્રશ્ન છે. તે સાત પર્યાય તો જીવની જ છે. જીવ-અજીવની જ છે. કોઈ બીજી ચીજ નથી (કે) કોઈ ત્રીજું દ્રવ્ય છે. **તો સાત પદાર્થો શા માટે કહેવામાં આવે છે?** એવો શિષ્યનો પ્રશ્ન (છે.) આચાર્યએ સામાનો ખુલાસો કરવા માટે પ્રશ્ન શિષ્યના મુખમાં લીધો.

**ઉત્તર :- ભવ્યોને,** જુઓ! ભવ્યોને. અભવિને નહીં. ભવ્યોને વાત સમજવામાં આવે છે ને? અભવિને સમજમાં આવતી નથી. પહેલેથી (ભવ્યોને) શબ્દ ઉપાડયો.

**ભવ્યોને,** લાયક જીવને, **હેય તત્ત્વ અને ઉપાદેય તત્ત્વ.** જુઓ! **(અર્થાત્) હેય અને ઉપાદેય તત્ત્વનું સ્વરૂપ તથા તેમના કારણો દર્શાવવા અર્થે,** તેમનું કથન છે. ભવ્યોને છોડવાલાયક શું, આદરવાલાયક શું અર્થાત્ ઉપાદેય શું અને હેય શું (તે) દર્શાવવા માટે અને તેમના કારણો દર્શાવવા અર્થે, હેયનું કારણ કોણ અને ઉપાદેયનું કારણ કોણ.

હેય-ઉપાદેયનું સ્વરૂપ શું અને હેય-ઉપાદેયનું કારણ શું? સમજાણું કાંઈ? **દર્શાવવા અર્થે** તેમનું કથન છે. હવે સિદ્ધાંત લીધો. **દુઃખ તે હેય તત્ત્વ છે,** જુઓ! સમજો. દુઃખ તે હેય તત્ત્વ છે. પ્રાણીને દુઃખ તે છોડવાલાયક ચીજ છે. દુઃખ. આત્માની પર્યાયમાં દુઃખ, આકુળતા. દુઃખ તે હેય તત્ત્વ છે. છોડવાલાયક છે. લોકોને દુઃખ નથી જોઈતું. સુખ જોઈએ છીએ. તે હેય તત્ત્વ થઈ ગયું. પોતાની પર્યાયમાં જે આકુળતા ઉત્પન્ન થાય છે તે દુઃખ છે, હેય તત્ત્વ છે. **તેનું કારણ સંસાર છે,** દુઃખ તે હેય અને તેનું કારણ સંસાર. જુઓ! કહ્યું હતું ને **તત્ત્વનું સ્વરૂપ તથા તેમના કારણો**. કૌંસમાં લીધુ છે. સમજાય છે કાંઈ? **તેનું કારણ સંસાર છે.** એ દુઃખનું કારણ એ સંસરણમ્ દશા છે.

**સંસારનું કારણ આસ્રવ અને બંધ બે છે.** એ સંસરણમ્ રખડવાનો ભાવ તેનું કારણ પુણ્ય-પાપરૂપી આસ્રવ. અબંધ ભગવાન રાગમાં રોકાઈ જાય છે તે જ આસ્રવ અને બંધ જ સંસારનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? ત્રણ બાજુથી વાત લીધી. દુઃખ તો હેય તત્ત્વ છે. એક વાત. તેનું કારણ સંસાર. તેનો અર્થ એ સંસરણ દશા. આત્મામાં જે સંસરણ દશા છે તે દુઃખનું કારણ છે. અને સંસારનું કારણ તે જ આસ્રવ અને બંધ ભાવ (છે.) બેય પર્યાય છે. પુણ્ય-પાપની પર્યાય તે આસ્રવ દુઃખરૂપ છે. સંસાર છે, હેય છે. અને બંધ. આત્મા અબંધસ્વભાવી રાગમાં રોકાય જાય છે એટલો બંધ. તે આસ્રવ-બંધ જ સંસારનું કારણ છે. કહો, સમજાય છે કાંઈ?

મુમુક્ષુ :- પુણ્ય-પાપથી તો આસ્રવ-બંધ થાય છે, અહીં પુણ્ય-પાપ .....

ઉત્તર :- એ આવી ગયું ને. આવી ગયું. આસ્રવ ને બંધમાં પુણ્ય-પાપ આવી ગયું. આ છે, જુઓ! **(અથવા વિસ્તારથી કહીએ તો પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ ચાર છે)** સાથે લ્યો તો આસ્રવમાં પુણ્ય-પાપ આવી ગયું. નવ (પદાર્થ) માં લ્યો તો વિસ્તાર ચાર આવી ગયા. પાંચ પર્યાય લ્યો, બે દ્રવ્ય અને પાંચ પર્યાય-આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. એ પાંચ હોય છે. વિસ્તાર કરો તો આસ્રવમાંથી પુણ્ય-પાપ. બીજા બે પુણ્ય-પાપ સાત પર્યાય થઈ ગઈ. સાત થઈ ગઈ. સમજાણું કાંઈ?

બહુ સરસ અધિકાર છે. જયસેનાચાર્યે બહુ સરસ વાત કરી. ભાઈ! તારે દુઃખ જોઈએ છીએ?

તો કહે, ના. દુઃખ કયાં છે તે તને ખબર નથી પણ દુઃખ જોઈએ છે? તો કહે, ના. તો દુઃખ હેય છે. દુઃખ છોડવાલાયક છે. દુઃખનું કારણ સંસરણ દશા છે. સ્વભાવમાંથી નીકળીને સંસરણ વિકાર પરિણામમાં (જવું) તે સંસાર છે. તે સંસાર દુઃખનું કારણ છે. અને તે જ સંસાર આસ્રવ-બંધનું કારણ સંસાર છે. **(અથવા વિસ્તારથી કહીએ તો પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ ચાર છે)** સંસારનું કારણ. લ્યો! સંસારનું કારણ પુણ્ય પરિણામ છે. એ વિકારી સંસરણ દશા છે ને?

મુમુક્ષુ :- છે તો ખરા! પણ જોર ચાલે છે ....

ઉત્તર :-અનાદિથી અજ્ઞાનીનું જોર ચાલ્યું આવે છે. હેય છે, દુઃખરૂપ છે, સંસારરૂપ છે, તેના કાણરૂપ છે. એટલું તો સિદ્ધ કર્યું. પુણ્ય પરિણામ હેયરૂપ છે. કારણ કે દુઃખરૂપ છે. એ સંસારનું કારણ સંસરણ છે. સંસારનું કારણ શુભભાવ છે, આસ્રવભાવ છે. વર્તમાનમાં ચાલે છે. દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ છે એ ધર્મ છે. (એમ લોકો માને છે.) ખબર ન મળે. વ્યવહારધર્મ તો જેને નિશ્ચય ધર્મ થાય છે તેને શુભભાવમાં વ્યવહારધર્મનો આરોપ આપવામાં આવે છે. નિશ્ચયથી તો તે ધર્મ નથી. નિશ્ચયથી તો અધર્મ છે.

મુમુક્ષુ :- આખો ફેરફાર છે. સોનગઢનું છે એમ કહે છે.

ઉત્તર :- સોનગઢનું હોય? આત્મ અવલોકનમાં ચોખ્ખું કહ્યું છે, મિશ્રધર્મમાં આવા શ્રાવકોને અધર્મ અને ધર્મ બે છે. એવી વાત લીધી છે. પાઠમાં લીધી છે, અધમમ. પંચાધ્યાયીમાં લીધું છે. સંવર, નિર્જરા સિવાય ભાવ રહે છે તે અધર્મ છે. તેમાં શું છે? સમજાય છે કાંઈ? પહેલાં ૮૫ની સાલમાં સભામાં કહ્યું હતું. જે ભાવથી તીર્થંકર ગોત્ર બાંધે તે ભાવ ધર્મ નથી. ધર્મથી બંધ નથી. ત્યારે શું? ધર્મ વિરૂદ્ધ છે. તેમાં સમજી લ્યો ને? ૮૫ની સાલ. કેટલા વર્ષ થયા? ૩૫. બોટાદમાં મોટી સભા હતી. બોટાદના સંપ્રદાયમાં હતા ને? અમારું નામ બહુ જ પ્રસિદ્ધ હતું ને? અમે વ્યાખ્યાન કરવા બેસીએ તો લોકો મકોડાની જેમ આવતા હતા. મકોડા. બહુ જ માણસો. ૮૫ની સાલ પોષમાસ. બહુ જ માણસો આખું ભરચક્ક. વ્યાખ્યાનમાં આવે તો બારી છે ને બારી-બહાર આખી શેરી ભરાઈ જાતી હતી. નામ તો બહુ જ પ્રસિદ્ધ હતું ને? અમે તો, પહેલાંથી.. એમાં બે નામધારી સાધુ બેઠા હતા. એમાં અમે કહ્યું કે જે ભાવથી તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ ધર્મ નથી. ધર્મથી વિરૂદ્ધ છે. ધર્મથી બંધ થાય નહીં. અને જે ભાવથી બંધ થાય તે ધર્મ નથી. તીર્થંકર ગોત્ર બંધાય તે ભાવ પણ ધર્મ નથી.

મુમુક્ષુ :- કલ્યાણ તો થઈ જાય.

ઉત્તર :- કલ્યાણ તેનાથી થાય? કે રાગનો અભાવ કરવાથી કલ્યાણ થાય છે.

મુમુક્ષુ :- બંધમાં લાભ છે.

ઉત્તર :- બંધમાં બિલકુલ લાભ થતો નથી. એ અહીંયાં કહેશે. પરંપરા.... પુણ્યથી બિલકુલ-

તીર્થંકર ગોત્રનો બંધ પડયો છે તે તો જડ પ્રકૃત્તિ છે. શું તેનાથી આત્માનું કલ્યાણ થાય છે? શેઠ! નક્કી કરવું પડશે. અત્યાર સુધી બહુ જ ગપ્પા ચલાવ્યા છે. પ્રકૃત્તિ જડ છે. શું અજીવ પ્રકૃત્તિ આત્માને શાંતિ આપે છે? જે ભાવથી પ્રકૃત્તિ બંધાય છે, તે શુભભાવ તો રાગ છે. રાગ વીતરાગભાવનું કારણ થાય છે? કેવળજ્ઞાનનું કારણ થાય છે? .....નંદજી! હે...ખળભળાટ થઇ ગયો! ઊભા થઇ ગયા, ભાગી ગયા. વોસરે! વોસરે! ભાગી ગયા. સભા તો મોટી હતી. એમ કે આવો સત્યનો માર્ગ ન જોઇએ. અમને આ વાત રુચતી નથી. ૮૫માં.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- તે વિના જરી બેસે નહીં. ધર્મ નહીં. ધર્મ છે એ આત્માની શાંતિનું કારણ છે. ધર્મ બંધનું કારણ હોતું જ નથી. ધર્મ બંધનું કારણ હોય તો મોક્ષ થાય કે' દિ'. અને બંધનું કારણ છે તો ધર્મ કયાંથી થશે? બંધનું કારણ બંધરૂપ છે. મોક્ષનું કારણ મોક્ષરૂપ છે.

મુમુક્ષુ :- મીઠી જબાન....

ઉત્તર :- એમાં મીઠી જીભ શું છે? વાત સમજવામાં મીઠાશ છે, નહીં સમજવામાં અજ્ઞાન છે. કહો, સમજાણું કાંઇ? અને તેનું કારણ, હવે જુઓ! તેનું કારણ. કોના? આસ્રવ અને બંધનું. કેટલો ભેદ લીધો! એક તો દુઃખ હેય છે, એક વાત. દુઃખ હેય છે **તેનું કારણ સંસાર છે,** વિકાર, સંસરણ દશા. તેનું કારણ આસ્રવ-બંધ છે અને તેનું કારણ મિથ્યાદર્શન, જ્ઞાન, ચારિત્ર છે. ચાર સ્પષ્ટ વાત લીધી. સમજાણું કાંઇ?

આત્મા આનંદમૂર્તિ છે. આત્માનો સ્વભાવ તો અતીન્દ્રિય આનંદમૂર્તિ છે. તેને ભૂલીને પર્યાયમાં આનંદથી ઉલટી વિકારી દશા દુઃખરૂપ છે. તેનો સ્વભાવ તો સચ્ચિદાનંદ આનંદ છે. પર્યાયમાં આનંદથી ઉલટી દશા દુઃખ છે, આકુળતા છે. એ આકુળતાનું કારણ સંસરણ દશા છે. એ સંસરણનું કારણ આસ્રવ અને બંધભાવ છે. આસ્રવ-બંધનું કારણ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર છે. એક વાતને ચારમાં લગાવી. સમજાણું કાંઇ?

ખરેખર મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર તે દુઃખ છે. લ્યો! મિથ્યાશ્રદ્ધા, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર તે જ દુઃખ છે.

મુમુક્ષુ :- .......આસ્રવ ઓછા ....

ઉત્તર :- હેં? આસ્રવ તો તેમાં ઓછા થયા છે. અહીં કયાં આવ્યું? અહીં કયાં આવ્યું. આત્મામાં આવ્યા? આ તો રજકણ ... જડમાં. આત્મામાં શું છે? જડની પર્યાય થઇ. ભાવ ન કરે એટલે શું? ......... પરમાણુમાં આવવાવાળી તાકાત ન હતી. તેમાં કયાં આવ્યો? એ તો એને કારણે નથી આવ્યા. આત્માએ ભાવ ન કર્યા ન કર્યા તો રોકાઇ ગયા? એમ નથી. એને કારણે આવવાવાળા ન હતા તેને

દ્રવ્યઆસ્રવથી અટક્યા એમ કહેવામાં આવે છે. ઓહોહો! જુઓ! આખો સંસાર દુઃખને હિતકર નથી માનતો. એ તો બરાબર છે. તો દુઃખ ક્યાં છે તેની ખબર નથી. સંયોગમાં નિર્ધનપણું માને છે. આવું દરિદ્રપણું, ... .......... જેમાં આનંદ છે તેની દશામાં જ દુઃખ છે. દુઃખ નથી સંયોગમાં, દુઃખ નથી સ્વભાવમાં. દુઃખ તેની પર્યાયમાં (થતો) વિપરીતભાવ છે. વિપરીત પર્યાય છે તેનું નામ દુઃખ છે. પરમાં દુઃખ નથી, સ્વભાવમાં દુઃખ નથી. પરમાં સુખ નથી, સ્વભાવ સુખથી ખાલી નથી.

આનંદ-એ આનંદસ્વભાવને ઉલ્ટા માન્યા એ પુણ્યપરિણામ, પાપપરિણામ એ જ હું, એટલો જ હું, એ જ મારું કાર્ય, એ જ મારો સર્વસ્વ અધિકાર તો એ જ ભાવ દુઃખરૂપ છે. એ દુઃખરૂપને અહીં સંસાર કહ્યું. એ સંસારનું કારણ પુણ્ય, પાપ, આસ્રવ, બંધ કહ્યું. એ જ બંધનું કારણ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર. જો પર વિષય કરીને સ્વ વિષયને છોડીને, પુણ્ય-પાપને વિષય બનાવીને એ જ હું છું એવી મિથ્યાશ્રદ્ધા તેનું જ્ઞાન કરવું, સ્વનું જ્ઞાન છોડવું-મિથ્યાજ્ઞાન અને રાગ-દ્વેષમાં એકાકાર થવું તે મિથ્યાચારિત્ર. મિથ્યાદર્શનજ્ઞાનચારિત્ર જ આસ્રવ-બંધ છે, સંસાર છે, દુઃખ છે, માટે તે હેય છે.

બાયડી છોકરા છોડવા છે? એ તો છૂટા જ પડ્યા છે. એ અંદરમાં ક્યાં ઘુસી ગયા છે. મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર. મિથ્યાચાર તો એ કે જે પોતાના સ્વભાવમાં નથી તેને પોતાનું માનવું અને પોતાનો સ્વભાવ શ્રદ્ધામાં ભૂલી જવો. તેનું નામ મિથ્યાદર્શન. પુણ્ય ને પાપનો ભાવ પોતાના સ્વભાવમાં નથી તેને પોતાનો માનવો તે મિથ્યાદર્શન. તેનો આખો સ્વભાવ વિષય કરવાલાયક છે તે વિષય છોડીને જો જ્ઞાને એકલા રાગ-દ્વેષને વિષય કર્યા (તો તે) મિથ્યાજ્ઞાન. અને આખા સ્વભાવમાં તો વિકલ્પ છે નહીં. પુણ્ય-પાપ ઉત્પન્ન થયા અને તે જ આચરણ કર્યું તે મિથ્યાચારિત્ર.

મુમુક્ષુ :- મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર ......

ઉત્તર :- નથી ફરતા. ફરીને કહો, એમ કહે છે. ભગવાનઆત્મા પોતાનો નિત્યાનંદપ્રભુ, તેની સ્વવિષય કરીને પ્રતીતિ કરે તો સમ્યગ્દર્શન. તેનો વિષય છોડીને પુણ્ય-પાપનો વિષય કરીને તે જ હું છું. તે જ. પરની વાત એક બાજુ રાખો, તેનું નામ મિથ્યાદર્શન. અને જ્ઞાનની પર્યાય સ્વવિષય ન કરીને એકલા પુણ્ય-પાપને જ્ઞેય કરીને જ્ઞાન રોકાઇ ગયું. તેનું નામ મિથ્યાજ્ઞાન. અને પુણ્ય ને પાપના વિકલ્પ-સ્વરૂપમાં છે નહીં. તેના વિપરીત ભાવ કરીને, તેનું આચરણ કરવું, વર્તન કરવું. લીન થવું, વેદન કરવું તેનું નામ મિથ્યાચારિત્ર. સમજાણું કાંઇ? લ્યો! એ એક વાત કરી. દુઃખને હેય કહ્યું. દુઃખ હેય છે અને સંસાર પરિણામ પણ હેય છે. અને તેના પુણ્ય, પાપ, આસ્રવ, બંધ તે પણ હેય છે, અને તેનું કારણ મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્ર તે પણ હેય છે. સમજાણું કાંઇ?

હવે **સુખ તે ઉપાદેય તત્ત્વ છે.** આનંદ એ આદરણીય છે. સમજાણું કાંઇ? એ આનંદની પર્યાય

પ્રગટ કરવી તે ઉપાદેય છે. આનંદ-લોકો આનંદ જ માગે છે કે નહીં. પૂર્ણ આનંદ-અનાકુળ શાંતિ, પૂર્ણ શાંતિ તે સુખ. તે જ ઉપાદેય છે. હેય કરવાલાયક છે માટે તેને દુઃખરૂપ છે, હેય કરવાલાયક, વ્યય કરવાલાયક માટે તેને હેય કહ્યું. સમજાણું કાંઈ? ઉત્પન્ન કરવાલાયક છે માટે તેને ઉપાદેય કહ્યું. શું ઉત્પન્ન કરવું છે? પૂર્ણ આનંદ. આનંદ ઉત્પન્ન કરવો તે ઉપાદેય છે. સુખ તે ઉપાદેય તત્ત્વ છે.

**તેનું કારણ મોક્ષ છે,** મોક્ષમાં જ સુખ છે. બીજામાં સુખ છે નહીં. સંસાર પરિણામ દુઃખ, મોક્ષ પરિણામ સુખ. સમજાણું કાંઈ? **મોક્ષનું કારણ સંવર અને નિર્જરા છે,** મોક્ષનો ઉપાય સંવર અને નિર્જરા. શુદ્ધ સ્વભાવ તે તો ઉપાદેય છે જ. પણ પૂર્ણ શુદ્ધ પ્રગટ કરવો છે, તો ઉપાદેય છે. અંગીકાર કરવાલાયક છે. ઉત્પન્ન કરીને અંગીકાર કરવાલાયક છે. દુઃખ, રાગ-દ્વેષ, પુણ્ય, પાપ વ્યય કરવાલાયક છે, માટે હેય છે. ઉત્પન્ન કરવાલાયક છે માટે ઉપાદેય છે. **મોક્ષનું કારણ સંવર અને નિર્જરા છે,** દેખો! સંવર અને નિર્જરા મોક્ષનું કારણ છે. આસ્રવ અને પુણ્ય-પાપ ભાવ, બંધનું કારણ છે. હેય છે, આ ઉપાદેય. **અને તેમનું કારણ,** સંવર, નિર્જરાનું કારણ, **સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર છે.** સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર છે એ સંવર, નિર્જરાનું કારણ છે. સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર વિના સંવર-નિર્જરા હોતી નથી. સમજાણું કાંઈ? વળી શું સંવર, નિર્જરાનું કારણ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર વ્યવહાર છે? સમજાણું કાંઈ? સંવર, નિર્જરાનું કારણ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર નિશ્ચય છે.

મુમુક્ષુ :- બારમે ગુણસ્થાને.

ઉત્તર :- બારમે ગુણસ્થાને એ તો પૂર્ણની વાત છે. અહીં તો ચોથે (ગુણસ્થાન)થી સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રનો અંશ ઉત્પન્ન થાય છે. ચોથેથી ત્રણનો અંશ ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રની વ્યાખ્યા જ જુદી છે.

ઉત્તર :- કીધું ને? સ્વસ્વભાવ પૂર્ણાનંદ પ્રભુ, તેનો વિષય કરીને, અનુભવ કરીને પ્રતીત કરવી તે સમ્યગ્દર્શન અને તેનું વેદન કરવું તે જ્ઞાન. અને તેનો વિષય કરીને જ્ઞાન કરવું તે સમ્યગ્જ્ઞાન. અને તેના વિષયમાં લીન થવું-દ્રવ્યમાં લીન થવું તે ચારિત્ર. ભારે વાત! આ તો હજી નવપદાર્થની વાત ચાલે છે. મૂળ એકડાની હજી!

મુમુક્ષુ :- એકડા જ શીખવાવાળા છીએ, સાહેબ!

ઉત્તર :- હજી એકડા શીખવાવાળા છે? ૭૬-૭૭ વર્ષ થયા ને? સાચી વાત છે. શેઠીને ૭૭ વર્ષ ચાલે છે. ૭૭ ને? શરીરને ચાલે છે ને? આત્માને શું છે. ક્યાં તમે જયપૂરના. તમને મોટા ખાનદાન કહે છે. એમણે આવું સાંભળ્યું નથી. આ વાત ચાલતી જ નહોતી. બહારની વાત! આમ કરો ને આમ કરો. એ... ભગવાનની પ્રતિમાને નાહ્યા વિના અડતા નહીં. આમ કરતા નહીં. જય ભગવાન! શું છે પણ હવે? એકવાર અમે ગયા ને. અમે ઉપર ચડયા ભગવાન-એ... અડતા નહીં. શું છે પણ હવે તને? ઝઘડા

ઝઘડા ઝઘડા! એમકે સ્નાન કર્યા વિના અડાય નહીં. સાંભળને! તારા કરતાં પણ અમે વધારે સ્નાન કરીએ છીએ. પાછા આવા ને આવા! આહાહા! ઝઘડા! મૂર્તિના ને પૂજાના ઝઘડા! એ તો એક શુભભાવ હોય છે ત્યાં મૂર્તિ, પૂજા વગેરે નિમિત્તપણે આવે છે. સમજાણું કાંઇ? પણ તેમાં ઝઘડા! અમે મોટા ભગત છીએ. જુઓ! આવા. ન્હાઇ ધોઇને આવે એમાં કલેશ શું કામ કરે છે?

મુમુક્ષુ :- .....

ઉત્તર :- ના ના ના. એ તો અમે ઉપર ચડયા ને, છે ને મંદિરમાં કોઇક ઊભા ભગવાન ઉપર છે. કોઇક મંદિરમાં. તો અમે ઓટલા ઉપર ચડયા, ઓટલા સમજો છો? વેદીમાં ચડયા, આગળ ભગવાન હતા માટે. અરે! અડતા નહીં ઊભા રહેજો. અરે! કીધું આવા ને આવા. કાંઇ ભાન ન મળે, ક્રિયા કાંડ ને એકલા, મૂર્તિની પૂજા કરે ને કહે કે અમે ભગત છીએ. અને એને બરાબર એમ કે વિવેકથી (કરીએ છીએ.) કલેશ કલેશ કલેશ.

**મોક્ષનું કારણ સંવર-નિર્જરા છે,** સંવર-નિર્જરાનો અર્થ શુધ્ધ પર્યાય પ્રગટ કરવી તે સંવર. અને શુધ્ધિમાં વૃધ્ધિ થવી તેનું નામ નિર્જરા. **અને તેમનું કારણ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર છે**. જુઓ! મોક્ષમાર્ગ આવી ગયું. આ નિશ્ચયસમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર નિર્જરાનું કારણ છે? માળા! આ તો કહે, જુઓ! સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર સંવર-નિર્જરાનું કારણ છે, સાતમે ગુણસ્થાન સુધી. ભાઇ! ગજબ કર્યો છે ને? કોઇ પૂછનાર ન મળે! આહાહા!

મુમુક્ષુ :- ....

ઉત્તર :- પોતાની ઉપર ઘાત કરે છે તેને ખબર નથી. જુઓ! હવે આચાર્યદેવ ખુલાસો કરે છે. **આ પ્રયોજનભૂત વાત ભવ્ય જીવોને,** જુઓ! આ શબ્દ આવ્યો. શિષ્યએ પ્રશ્ન કર્યો હતો. કે પ્રયોજન તો બેથી ચાલશે. સાતથી શું-સાત તો તેની પર્યાય છે. તો કહે, નહીં. આ દુ:ખ બતાવવું છે, દુ:ખ હેય કરાવવું છે. દુ:ખનું કારણ સંસાર છે, સંસારનું કારણ પુણ્ય-પાપ આસ્રવ-બંધ છે. તેનું કારણ મિથ્યાદર્શનજ્ઞાનચારિત્ર છે. મિથ્યા. તે કારણે સાત પર્યાય પ્રયોજનભૂત છે. (એ) બતાવવું જોઇએ. એ વગર તે સમજી શકે નહીં. કહો, સમજાણું કાંઇ?

**આ પ્રયોજનભૂત વાત** જુઓ! હવે આચાર્યદેવ પોતે કહે છે. એ તો શિષ્યના મુખમાં પ્રશ્ન પોતે મુકયો છે ને? **આ પ્રયોજનભૂત વાત ભવ્ય જીવોને પ્રગટપણે દર્શાવવા અર્થે,** પ્રગટ આ શુભભાવ, આ આસ્રવ, આ બંધ, આ સંવર, આ નિર્જરા, આ મોક્ષ. પર્યાય ખ્યાલમાં આવી જાય તે કારણે તે પ્રયોજનભૂત છે. સાત પર્યાય સહિત બેય દ્રવ્ય પ્રયોજનભૂત છે. જુઓને! ત્યાં તેણે પ્રયોજનભૂત કહ્યું ને? શ્વેતાંબર પ્રયોજનભૂત નથી કહેતાં. નવને માનો (પણ) પ્રયોજનભૂત છે એનું નથી કહેતાં. આ એમાંથી લીધું છે. પ્રયોજનભૂત શું છે? (તે કીધું છે.) એકલા ઘટને જાણ્યા ને ઘટ રાતો

છે ને પીળો છે ને, કાળો છે ને ઢીકણું છે. એમાં શું આવ્યું? પ્રયોજનભૂત અજીવ શું છે? પોતાના સંબંધમાં નિમિત્ત, પર્યાયમાં શું છે? રાગ. તેમાં શું હોય છે-પર્યાય. બસ તે પ્રયોજનભૂત. સમજાણું કાંઈ?

**આ પ્રયોજનભૂત વાત ભવ્ય જીવોને પ્રગટપણે દર્શાવવા અર્થે,** જુઓ! પ્રગટરૂપે, ખાસ તેને ખ્યાલમાં આવી જાય. (કે) આ પર્યાય પુણ્ય અને આ પર્યાય પાપ (છે.) બેય થઈને આસ્રવ-બેય થઈને બંધ. તે જ દુઃખ, તે જ હેય. તેની શ્રદ્ધાથી લાભ માનવો તે મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન, મિથ્યાચારિત્ર છે. એવું સમજાવવા માટે, બરાબર **પ્રગટપણે દર્શાવવા અર્થે પુણ્યાદિ સાત પદાર્થોના કથન છે.** લ્યો! પુણ્યાદિ સાત પદાર્થોના કથન છે ને? નીચે (ફુટનોટમાં) થોડી વાત છે, જુઓ! નીચે (ફુટનોટમાં) બગડો છે. નોટમાં છે નોટમાં.

**અજ્ઞાની અને જ્ઞાની જીવ પુણ્યાદિ સાત પદાર્થોમાંથી કયા કયા પદાર્થોના કર્તા છે તે સંબંધી,** હવે કર્તા કોનો છે તે બતાવે છે. આચાર્યવર શ્રી જયસેનાચાર્યદેવકૃત તાત્પર્યવૃત્તિ નામની ટીકામાં નીચે પ્રમાણે વર્ણન છે. બહુ સરસ વાત કરે છે.

**અજ્ઞાની જીવ નિર્વિકાર સ્વસંવેદનના અભાવને લીધે,** ત્યાં કારણ આપ્યા. કર્મ ફર્મ તો છે જ નહીં. કર્મ તો નિમિત્ત કર્મમાં છે. અહીંયાં ક્યાં છે? અજ્ઞાની જીવ નિર્વિકાર સ્વસંવેદન. આત્મા આનંદ તેના આનંદનું વેદન. સ્વસંવેદન-સ્વસંવેદન, સ્વ એટલે પોતાનું વેદન, આનંદનું વેદન, અનાકુળ આત્માની શાંતિનું વેદન. જુઓ! આત્મા અનાકુળ અને આનંદરૂપ છે. તેનો અભાવ અજ્ઞાનીને અભાવ. સ્વસંવેદન નથી. પોતાના આનંદનું વેદન હોય તો **પુણ્ય-પાપ પદાર્થનો કર્તા થતો નથી. તેના અભાવને લીધે પાપપદાર્થોનો,** પાપપદાર્થ એટલે? અશુભભાવ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, ક્રોધ, માન, માયા.

**અને આસ્રવ-બંધ પદાર્થોનો કર્તા થાય છે**. પુણ્યનું પછી લેશે. **આસ્રવ-બંધ પદાર્થોનો કર્તા થાય છે.** અજ્ઞાનીને પોતાના આનંદના વેદનની ખબર નહીં અને વેદનમાં આખો આત્મા આનંદમય પડયો છે તેની દૃષ્ટિ નથી. આનંદનું વેદન નથી તો વેદન થાય તો આખો આત્મા આનંદમૂર્તિ છે એવી દૃષ્ટિ થાય તો તે પાપ-પુણ્યનો કર્તા થતો નથી. પોતાની રચના, શાંતિની રચના તેનો કર્તા થાય છે. અજ્ઞાની પોતાનો નિર્વિકાર આનંદ-જો નિત્ય આનંદ, ધ્રુવ આનંદ, તેના તરફ ઝૂકવાથી પર્યાયમાં જે આનંદનું ભાન તેનો અજ્ઞાનીને અભાવ. પાપપદાર્થોનો-અશુભભાવનો કર્તા થાય છે. અજ્ઞાની અશુભભાવનો કર્તા થાય છે. કેમકે આત્માના આનંદનું તો ભાન નથી. આનંદનું ભાન હોય તો આનંદની પર્યાયનો કર્તા થાય. અથવા સંવર, નિર્જરા, મોક્ષનો કર્તા થાય. એ તો છે નહીં, ખબર નથી. સમજાણું કાંઈ? શું?

પાપપરિણામના, પાપપદાર્થ છે ને? પાપપરિણામ. એ અરૂપી પાપપરિણામ તેને અહીં પદાર્થ કહ્યું.

હિંસા, જૂઠ, ચોરી, વિષય, ભોગ, રાગ-દ્વેષ, રતિ, અરતિ. આસ્રવ. આસ્રવમાં પુણ્ય-પાપ ભેગા આવી ગયા. **અને બંધપદાર્થોનો પણ કર્તા થાય છે.** હવે જરી પુણ્યને જુદા પાડીને બતાવે છે. **કદાચિત્ મંદ મિથ્યાત્વના ઉદયથી,** મંદ મિથ્યાત્વ! વાહ! મંદ મિથ્યાત્વ.

અનંતાનુબંધીનો મંદ મિથ્યાત્વ, મંદ ભાવ. **દેખેલા,** દેખેલા આત્માને તો અજ્ઞાનમાં જોયો નથી. બાર જોયેલાં પદાર્થ. સાંભળેલાં બાર પદાર્થ. **અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ,** કેમકે અજ્ઞાનીને સ્વસંવેદનમાં આનંદનો તો અભાવ છે. તો તેના **દેખેલા-સાંભળેલાં અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ,** બસ તે. આ હોય તો ઠીક આ હોય તો ઠીક આ હોય તો ઠીક. નિદાનબંધ વડે, નિદાન કરે છે, હેતુ ત્યાં બાંધે છે. સ્વભાવ ઉપર નહીં શુભભાવ ઉપર હેતુ પડયો છે. હેતુ એ પડયો છે, સારું ફળ મળશે. અમે શુભ- ભાવ કરીએ છીએ (તો) સારું ફળ મળશે. હેતુ ત્યાં છે. ભવિષ્યકાળમાં પાપનો અનુભવ કરવાવાળા. છે ને? ભવિષ્યકાળમાં તો તેમાં પાપનો અનુબંધ થશે. પુણ્યપદાર્થનો પણ કર્તા થાય છે. અજ્ઞાની શુભભાવનો કર્તા છે. દયા, દાન, વ્રત, તપ, ભક્તિ, કરુણા, કોમળ, સેવા. એ ભાવનો કર્તા મિથ્યાદષ્ટિ છે. ભવિષ્યમાં પાપ બાંધશે. રોગ લાગશે. શું કરે છે? રાગ કરે છે. બહુ સારું કરે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નિદાન બાંધશે...

ઉત્તર :- પણ એ નિદાન હેતુ જ છે નિદાન. હેતુબંધ વડે, હેતુ ત્યાં પડયો છે ને? રાગમાં હેતુ પડયો છે. ભોગમાં હેતુ પડયો છે. સ્વભાવના અનુભવરૂપ ભોગ નહીં, ત્યાં સારું છે કે મીઠાશ છે. રાગમાં મીઠાશ છે. **નિદાનબંધ વડે,** ભવિષ્યમાં પાછા પાપ કરશે. અત્યારે થોડા પુણ્ય બાંધે છે, ભવિષ્યમાં પાછા પાપ કરીને જાવ! નરકમાં ચાલ્યો જાશે. ભારે કઠણ! સમજાણું કાંઈ? પુણ્યપદાર્થનો કર્તા,

મુમુક્ષુ :- આકાંક્ષા....

ઉત્તર :- આકાંક્ષા જ છે. આનંદની ભાવના નથી,

મુમુક્ષુ :- તોપણ તે કષાય .....

ઉત્તર :- તોપણ કષાય છે પણ રાગ છે, મંદ કષાય છે ને? મંદ છે ને? **અને જે જ્ઞાની જીવ છે,** જુઓ! તે અજ્ઞાનીની વાત કરી. આત્મા અનંદસ્વરૂપની દષ્ટિ નહીં, નિર્વિકલ્પ ચૈતન્યના શ્રદ્ધાનનું જ્ઞાન નહીં, એવા પુણ્ય-પાપ આ આ ક્રિયા ને આ ભાવ. તેની માન્યતા છે. સમજાણું કાંઈ? આ મોટા મોટા નેતા કહેવાય ને? અમે સેવા કરીએ, પાપ બાંધીને ભવિષ્યમાં રખડવાના છે. એમ કહે છે.

મુમુક્ષુ :- ઈન્દ્ર બની જાશે.

ઉત્તર :- ઈન્દ્ર બીન્દ્ર નહીં બને ઈન્દ્રનો ઘોડો બની જાશે. ઘોડા એટલે એ દેવ છે. પણ તે ઘોડાનું રૂપ ધારણ કરે. ઘોડાનું રૂપ ધારણ કરવું પડે. હાથીનું રૂપ ધારણ કરે એવા ચાકર-નોકર થાય. પાછા

ભવિષ્યમાં પાપ બાંધી ને જાય હેઠે. ચાર ગતિમાં રખડવા. સમજાણું કાંઈ? ક્યાં ગયા વાસુદેવભાઈ? છે કે નહીં? ઠીક. કહો, સમજાણું કાંઈ? આ કીધું ને? **ભવિષ્યકાળમાં પાપનો અનુબંધ કરનારા પુણ્યપદાર્થનો પણ કર્તા થાય છે.** ભવિષ્યમાં પાપ બાંધશે. મિથ્યાત્વભાવ છે. જાવ ચોર્યાસીમાં રખડવા.

આત્મા પરમાનંદ છે તેનો તો આદર નહીં. આ દયા-દાનનો ભાવ આવ્યો, સેવાનો ભાવ આવ્યો. (તેનો) આદર કરે છે. અમે બહુ જ કરીએ છીએ, બધું અમે બહુ જ કરીએ છીએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ........

ઉત્તર :- એ વાત ખોટી છે. નહીં, કહે છે કે, જુઓ! આમ થયું તો સ્વતંત્ર પર્યાય થઈ. મૂઢ છે. કોઈ ગુલામ આમ વિચાર પણ નથી. મોટો ગુલામ રહ્યો. ગુલામી કોને કહે છે? માથે રાજા રાજ કરે તો ગુલામી છે? એ તો પરિણામ મંદ હોય તો એમ થાય છે. એમાં શું છે?

મુમુક્ષુ :- નકશો જ બદલી નાખ્યો.

ઉત્તર :- ના ના, નકશો બદલી ગયો. જેલમાં ગયો માટે બદલી ગયો છે? તમારી વાત કરે છે. જેલમાં ગયા ને? મહિનો મહિનો ગયા હતા. એક એક મહિના, બે મહિના. કહો, સમજાણું કાંઈ? જ્ઞાની કયા ભાવનો કર્તા છે? તેની વાત કરશે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)

***નિર્વિકલ્પ થવાવાળો જીવ નિર્વિકલ્પ થયા પહેલાં આવો નિર્ણય કરે છે કે રાગાદિભાવે સદાય હું પરિણમનારો નથી. પણ જ્ઞાન-દર્શનરૂપ પરિણમનારો (એવા સ્વભાવે) છું. હજુ રાગાદિભાવો થશે એમ જાણે છે. છતાં તેના સ્વામીપણે હું થનાર નથી, મને ભવિષ્યમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થશે એવો મારો પ્રયત્ન છે છતાં તે વખતે રાગ હશે, પરંતુ તે રૂપે હું (સ્વભાવે કરીને) પરિણમનાર નથી તેવો નિર્ણય છે. નિર્ણય કરે છે પર્યાયમાં. પછી અનુભવ થશે પર્યાયમાં. પણ તે પર્યાય એવો નિર્ણય કરે છે કે હું તો ચિન્માત્ર અખંડ જ્યોતિસ્વરૂપ છું, પર્યાયરૂપ નથી. ૨૯ (પરમાગમ સાર)***

## પ્રવચન નં:-૩૧, ગાથા-૧૨૮ થી ૧૩૧
## ભાદરવા વદ ૫, શનિવાર, તા:-૨૬-૯-૬૪

નવ પદાર્થનો અધિકાર ચાલે છે. નીચે (ફુટ)નોટ ચાલે છે (ફુટ)નોટ. ૧૨૮થી ૧૩૦ ગાથાની નોટ ચાલે છે. નીચે નોટ છે ને? અજ્ઞાની અને જ્ઞાની કયા પદાર્થના કર્તા હોય છે તેની વાત છે. પહેલાં અજ્ઞાની આવી ગયું. ફરીથી જુઓ! પેરેગ્રાફ છે ને? હિન્દીમાં ૧૯૩ મા પાના ઉપર નીચે છે.

**અજ્ઞાની જીવ નિર્વિકાર સ્વસંવેદનના અભાવને લીધે,** પોતાનું સ્વરૂપ નિર્વિકાર આનંદ શુધ્ધ તેનું અંતર સ્વવેદનના અભાવને લીધે, **પાપપદાર્થનો કર્તા થાય છે.** પાપપદાર્થરૂપ પરિણમન કર્તા થાય છે. **આસ્રવ-બંધ પદાર્થનો કર્તા થાય છે.** આત્મા આનંદ અને જ્ઞાયક સ્વસંવેદનમાં આવ્યો નથી તો તે બંધ અને આસ્રવ અને પુણ્ય-પાપનો કર્તા, બુધ્ધિમાં તે જ વર્તે છે.

**કદાચિત્ મંદ મિથ્યાત્વના ઉદયથી,** પોતાના પરિણામમાં મિથ્યાત્વનો મંદ ઉદય હોય. **દેખેલા-સાંભળેલા-અનુભવેલા ભોગોની આકાંક્ષારૂપ નિદાનબંધ વડે,** તેનો હેતુ એ રાગ ઉપર પડયો છે. સ્વભાવમાં વેદનનો અભાવ છે. તો એ **આકાંક્ષારૂપ નિદાનંબધ વડે, ભવિષ્યકાળમાં પાપનો અનુબંધ કરનારા પુણ્યપદાર્થનો પણ કર્તા થાય છે.** પુણ્યપદાર્થ એવો છે કે ભવિષ્યમાં પણ પાપ પરંપરા કરશે. દૃષ્ટિ ત્યાં રહેશે ત્યાં સુધી. હવે ત્યાં સુધી આવ્યું હતું. અર્થ.

**હવે જે જ્ઞાની જીવ છે,** સમ્યગ્દૃષ્ટિ, જુઓ! તેમાં શું લખ્યું છે? સ્પષ્ટીકરણ છે. **નિર્વિકાર-આત્મતત્ત્વવિષયક રુચિ,** જુઓ! તેનું નામ અભેદરત્નત્રયપરિણામ કહ્યા છે. કોઈ કહે કે ભેદરત્નત્રયાત્મકથી સંવર-નિર્જરાનો કર્તા થાય છે. તો અહીંયાં નિષેધ કરે છે. ચોથાથી સાતમા સુધી ભેદરત્નત્રય-વ્યવહારરત્નત્રય એમ કહે છે. અને તેનાથી સંવર અને નિર્જરા થાય છે. એમ કહે છે. કહે છે કે **નિર્વિકાર આત્મતત્ત્વવિષયક રુચિ.** જ્ઞાયક શુધ્ધ નિર્વિકાર અનાકુળ એવો જે આત્મતત્ત્વસ્વભાવ તે સંબંધી રુચિ તે નિશ્ચય અભેદરત્નત્રયમાં નિશ્ચયસમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

નિર્વિકાર-આત્મતત્ત્વ-નિર્વિકારીઆત્મસ્વભાવ. શુધ્ધ જ્ઞાયક વીતરાગસ્વભાવ. તે સંબંધી રુચિ. **તદ્‌વિષયક જ્ઞપ્તિ,** તે આત્મા નિર્વિકારતત્ત્વ તે સંબંધી તેનું જ્ઞાન. તે નિશ્ચય જ્ઞાન. અને **તદ્‌વિષયક નિશ્ચળ અનુભૂતિરૂપ,** તદ્‌સંબંધી નિર્વિકારી ભગવાન જ્ઞાયકભાવ સ્વભાવ તે સંબંધી નિશ્ચળ અનુભૂતિ, અનુભવન, નિર્વિકલ્પ અંતર અનુભવન. તે અભેદરત્નત્રયપરિણામ. તેને નિશ્ચય અભેદ રત્નત્રયપરિણામ કહેવામાં આવ્યા છે. કહો, સમજાણું કાંઈ? અભેદરત્નત્રયપરિણામ વડે, **સંવર-નિર્જરા-મોક્ષપદાર્થોનો કર્તા થાય છે.**

મુમુક્ષુ :- .......

ઉત્તર :-નહીં. જુઓ! તેમાં છે કે નહીં. શું કહ્યું? શુધ્ધ જ્ઞાયકદ્રવ્ય વસ્તુસ્વભાવ તે સંબંધી સમ્યક્રુચિ. નિશ્ચયસમ્યક્ તે સંબંધી જ્ઞપ્તિ, સ્વનું જ્ઞાન. નિશ્ચયજ્ઞાન કહો કે આ ભેદજ્ઞાન કહો. અને **તદ્‌વિષયક અનુભૂતિ.** એ સંબંધી આત્મા નિર્વિકાર, તે સંબંધી સ્વરૂપની સ્થિરતા. અનુભૂતિરૂપ ચારિત્ર. અભેદરત્નત્રય, એ ત્રણે અભેદરત્નત્રય છે. ચોથા ગુણસ્થાનમાં પણ અંશે છે. નહિંતર સંવર-નિર્જરાનો કર્તા થતો નથી. જુઓ! સમજાણું કાંઈ?

**અભેદરત્નત્રયપરિણામ વડે,** પૂર્ણ શુધ્ધ નિર્મળ ભગવાન અનાકુળ આનંદ રસ સ્વભાવ તે સંબંધી રુચિ, તે સંબંધી જ્ઞાન, તે સંબંધી અનુભૂતિ તે અભેદરત્નત્રયપરિણામ થયા. તે પર્યાય છે. એ નિશ્ચયરત્નત્રય એ પરિણામ છે, પર્યાય છે, વિષય છે. શું? તેનો વિષય આત્મા.

મુમુક્ષુ :- અભેદ રત્નત્રય એટલે?

ઉત્તર :- કહ્યું ને? બે વાર અભેદ એટલે નિશ્ચય. પોતાનો નિર્વિકારી આત્મભાવ. તત્ત્વ એટલે ભાવ. નિર્વિકારી જ્ઞાયક આનંદ સ્વભાવભાવ. તે સંબંધી અંતર રુચિ. તે અભેદસમ્યગ્દર્શન. પર્યાય દ્રવ્ય સાથે અંદર અભેદ થઈ. અને તે સંબંધી જ્ઞપ્તિ-જ્ઞાન, સ્વભાવ સંબંધી અને સ્વભાવ સંબંધીની અનુભૂતિ. એ અભેદ સ્વરૂપ તરફની પર્યાય અભેદ થઈ. ભેદરત્નત્રય જે વ્યવહારરત્નત્રય છે તે ભેદ છે, વિકલ્પ છે, આસ્રવ છે. સમજાણું કાંઈ? લ્યો! આ જયસેનઆચાર્યમાંથી એવું નીકળ્યું. લોકો કહે કે અહીંયાં વ્યવહારરત્નત્રય છે, ચોથે (ગુણસ્થાન)થી છઠ્ઠા-સાતમા સુધી. છે તેમાં? જુઓ! દેવીલાલજી! શું કીધું?

**અભેદરત્નત્રયપર્યાય,** પર્યાય કહો, પરિણામ કહો, અવસ્થા કહો. એકવાર આ **સંવર, નિર્જરા અને મોક્ષપદાર્થનો કર્તા થાય છે.** અમરચંદભાઈ! હજી આ મોટી ચર્ચા બહારમાં ચાલે છે. અત્યારે ઊંધી, ઊંધાનો અર્થ. એ તો કહે છે, વ્યવહારરત્નત્રય એકલા ચોથે, પાંચમે, છઠ્ઠે થાય છે. એકલા વ્યવહારરત્નત્રય. નિશ્ચય નહીં. અભેદરત્નત્રય નહીં. અને તે વ્યવહારરત્નત્રય તે જ મોક્ષનો માર્ગ અને સંવર, નિર્જરાનો કરવાવાળો તે છે. દેવીલાલજી! આ બોલથી નક્કી કરવું હોં! એ બંધના કારણને સંવરનું કારણ બતાવે છે. તે જ પહેલાં મોક્ષમાર્ગ છે, એમ કહે છે. કેમકે પરંપરા મોક્ષનું કારણ તે છે. સાક્ષાત કારણ નિશ્ચય છે. સાતમાથી થોડું લીધું છે. આઠમાથી થાય છે. અને પરંપરા વ્યવહાર છે. એમ છે જ નહીં. સાક્ષાત અભેદરત્નત્રય સંવર, નિર્જરાના કર્તા છે. ધરમચંદજી! આ જુઓ! આ વાત બહુ જ ચાલે છે. તમારા હિન્દીમાં, હિન્દમાં બહુ જ ગડબડ ચાલે છે.

મુમુક્ષુ :- બિના દુલ્હે કી જાન

ઉત્તર :- શું? હા, દુલ્હા નહીં સાચી વાત છે. અમારે કહે છે. વર વિનાની જાન. વર વિનાની જાન.

તો અહીં કહે છે કે એ તો શાસ્ત્રમાં મોક્ષમાર્ગ નામ પડયા ને? વ્યવહાર અને નિશ્ચય. તો વ્યવહારરત્નત્રય પહેલાં તેનાથી સંવર, નિર્જરા વધીને આગળ વધતાં વધતાં સાતમે (ગુણસ્થાને) નિર્વિકલ્પ અનુભવ થઈ જાય તો તે નિશ્ચયઅભેદરત્નત્રય. અહીં તો કહે છે જયાંથી સંવર, નિર્જરા પર્યાય પ્રગટ થઈ તેના કર્તા અભેદરત્નત્રયપરિણામ છે ત્યાંથી કર્તા કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ?

અભેદરત્નત્રય એટલે આત્મા જ્ઞાયકભાવ નિર્મળ, નિર્વિકારી તત્ત્વ કહ્યું ને? આત્મા નિર્વિકારી તત્ત્વ છે. અચલ નિર્દોષ વીતરાગ સમસ્વભાવી આત્મા તે સંબંધી નિર્વિકલ્પ રુચિ. તે વિષય કહેવાય ને? વિષય એટલે તે સંબંધી રાગ વિનાનું નિર્વિકલ્પ જ્ઞાન. અંતર જ્ઞાયકનું જ્ઞાન અને જ્ઞાયકમાં અનુભૂતિ. એ ત્રણે નિર્વિકાર અભેદરત્નત્રય વીતરાગી પર્યાયરૂપ પરિણામ છે. એ **વડે સંવર, નિર્જરા અને મોક્ષપદાર્થોનો કર્તા થાય છે.** સમજાણું કાંઈ?

મોક્ષનો કર્તા અભેદરત્નત્રય પરંપરા, સાક્ષાત નિશ્ચય. અહીં તો કહે છે કે, મોક્ષની પર્યાય અને સંવર, નિર્જરાની પર્યાયનો કર્તા અભેદરત્નત્રયપરિણામ વડે જ કર્તા થાય છે. શેઠી! સમજાય છે કાંઈ? બહુ જ શાસ્ત્રના વાંચવાવાળા એમ માને છે. અમે શાસ્ત્રમાંથી આમ કાઢયું છે. આમ કાઢયું છે. ટોડરમલે કાઢયું છે એવું નથી, જયચંદપંડિતે કાઢયું છે એવું નથી, બનારસીદાસે કાઢયું છે એવું નથી. અમે કાઢયું છે. ચોથાથી છઠ્ઠા સુધી વ્યવહારરત્નત્રય હોય છે. સાતમા સુધી હોય છે તે તો વળી એમ કહે છે. બારમે (ગુણસ્થાને) નિશ્ચય હોય છે. અહીં તો કહે છે જયાંથી સંવર, નિર્જરાની પર્યાય ઉત્પન્ન થઈ તેના કરવાવાળા પરિણમવાવાળા અભેદરત્નત્રય છે. દેવીલાલજી! સમજાણું કાંઈ?

હજી શાસ્ત્રનો અર્થ કેમ છે તેને સમજવાની તૈયારી નથી અને પોતાની કલ્પનાથી અર્થ કરે, યશોવિજયજી કહે છે. જાતિ અંધનો દોષ નહીં આકરો, જો જાણે નહીં અર્થ, જાતિ અંધ. સમજયા? જન્મ અંધ. જન્મ અંધ તો કાંઈ જોતા નથી બિચારા! શું કરે? જાતિ અંધનો રે દોષ નહીં આકરો, જે જાણે નહીં અર્થ, મિથ્યાદષ્ટિ રે તેથી આકરો. કરે અર્થનો અનર્થ. ઓલો આંધળો તો કાંઈ જોતો નથી. આ મિથ્યાદષ્ટિ આંધળો અર્થના અનર્થ કરે. આહાહા! જયસેનઆચાર્યમાંથી આધાર લઈને અમારા પંડિતજીએ નાખ્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .......

ઉત્તર :- છે. ના, પહેલાં એટલા બધા ન હતા. પહેલાં તો સમુચ્ચય હતા. વ્યવહાર-નિશ્ચય વ્યવહાર-નિશ્ચય. પણ આ તો હવે પહેલાં વ્યવહાર હોય. એવા બહુ તર્ક આવે છે.

મુમુક્ષુ :- .......

ઉત્તર :- લાવો અહીંયાં. લાવો તમારે અહીંયા લાવવું, ત્યાં જયપૂર લઈ જાવું એમ નથી. આહાહા! મીઠાલાલ છે ને. હળવે હળવે મીઠું બોલે. જુઓ!

**અભેદ રત્નત્રય પરિણામ વડે,** વાસ્તવિક સ્વઆશ્રય. સ્વઆશ્રય. અભેદ શબ્દે આત્મા જ્ઞાયક નિર્વિકારી તત્ત્વ તેની સ્વરૂપ સંબંધી રુચિ, તે સંબંધી જ્ઞાન તે સંબંધી અનુભૂતિ સ્થિરતા. તે અભેદરત્નત્રય કહો, નિશ્ચયરત્નત્રય કહો, યથાર્થ મોક્ષમાર્ગ કહો. તે આખા **સંવર, નિર્જરા, મોક્ષપદાર્થોનો કર્તા થાય છે.** લ્યો! જુઓ! ચોથે, પાંચમે, છઠ્ઠે સંવર, નિર્જરા છે કે નહીં? સમજાણું કાંઈ? સંવર, નિર્જરા છે કે નહીં? તો સંવર, નિર્જરાનો કર્તા વ્યવહારરત્નત્રય છે ભેદરત્નત્રય? એ તો પરાશ્રિત ભાવ છે. ભેદરત્નત્રય સ્વ-પર પ્રગટે તે ભાવ છે. મેલ છે, આસ્રવ છે, ઉદયભાવ છે. તો એ કહે કે નહીં. એ તો ક્ષયોપશમ, ક્ષાયિક, ઔપશમિકભાવ છે. બહુ ગડબડ, ઘણી ગડબડ! સામે કોઈને જ્ઞાન ન મળે. સાંભળવાવાળા! અને આ બધું એમ ને એમ ચાલે. ઓહોહો! વાહ! વાહ! સારું કાઢ્યું!

અહીં કહે છે કે તે **સંવર, નિર્જરા, મોક્ષપદાર્થોનો કર્તા થાય છે.** સ્વશુધ્ધ ચૈતન્ય નિર્વિકારી સ્વભાવ, સ્વ કહો કે નિર્વિકારી આત્મતત્ત્વ કહો. આત્મતત્ત્વ. આત્માનો નિર્દોષ ત્રિકાળી આનંદ પવિત્ર સ્વભાવ. તે સંબંધી શ્રધ્ધા, જ્ઞાન અને અનુભૂતિ તે પરિણામ દ્વારા, સંવર, નિર્જરા અને મોક્ષના પરિણામનો આત્મા કર્તા થાય છે. સમજાણું કાંઈ? ભેદરત્નત્રયથી સંવર, નિર્જરા અને મોક્ષનો કર્તા નહીં. ભેદરત્નત્રયથી મોક્ષની પરિણતિ થતી નથી. ભેદરત્નત્રયથી સંવર, નિર્જરાની પરિણતિ થતી નથી. એમ લોકો કહે છે. સમજાણું કાંઈ?

અને જીવ પહેલેથી સંવર, નિર્જરાનો કર્તા અભેદરત્નત્રય છે, પૂરો મોક્ષ થવામાં અભેદરત્નત્રય પરિણામ મોક્ષ પર્યાયનો કર્તા છે. કહો, સમજાય છે કાંઈ? અને **જયારે પૂર્વોકત નિશ્ચયરત્નત્રયમાં,** જુઓ! **પૂર્વોકત.** એ અભેદરત્નત્રયને જ નિશ્ચયરત્નત્રય કહ્યું. નિશ્ચયનો સ્વઆશ્રય. એકલો જ્ઞાયકભાવ પરમનિર્દોષ તેના આશ્રયથી જે દૃષ્ટિ, જ્ઞાન લીનતા થઈ તે અભેદરત્નત્રય કહો કે નિશ્ચયરત્નત્રય કહો, એ **નિશ્ચયરત્નત્રયમાં સ્થિર રહી શકતો નથી** , સ્થિર નથી રહી શકતો ત્યારે **નિર્દોષપરમાત્મસ્વરૂપ અર્હંત-સિધ્ધોની,** ભકિત કરે છે. એમ કહે છે. સમજાણું કાંઈ?

**અસાધારણ ભક્તિરૂપ,** સમજાણું કાંઈ? **નિર્દોષપરમાત્મસ્વરૂપ અર્હંત-સિધ્ધોની ભક્તિ કરે છે. તથા તેનું (નિર્દોષ પરમાત્માનું) આરાધન કરનારા આચાર્ય-ઉપાધ્યાય-સાધુઓની નિર્ભર અસાધારણ ભક્તિ,** બહુ જ ઉલ્લાસ, વિકલ્પથી અસાધારણ ભકિત એ સમ્યગ્દષ્ટિને જ હોય છે. તે કારણે તેને અસાધારણ કહ્યું.

મુમુક્ષુ :-

ઉત્તર :- આ થયું. તેમાં પછી સ્થિર રહી શકતો નથી. થોડો થયો તો છે. પણ અંદર સ્થિર રહી શકતો નથી. તો અરિહંત, સિધ્ધની ભકિતનો શુભભાવ આવે છે. અને અરિહંત સિધ્ધનું આરાધન કરવાવાળા આચાર્ય-ઉપાધ્યાય-સાધુની ભકિતનો ભાવ કરે છે, કરે છે એટલે આવે છે. એમ કહેવામાં

આવે છે. સમજાણું કાંઈ? એ પરંપરા એટલે તેનો અભાવ કરીને જાશે તે કારણે. સમજાણું કાંઈ? **અસાધારણ ભક્તિરૂપ એવું જે સંસારવિચ્છેદના કારણભૂત,** છે તો શુભભાવ. પરંપરા વિચ્છેદના કારણનો આરોપ આવ્યો. સંસારવિચ્છેદનું કારણ તો અંદર નિશ્ચયરત્નત્રય છે. પણ શુભભાવમાં સંસારવિચ્છેદનો આરોપ આવ્યો. હમણાં કહેશે. આગળ કહેશે આગળ. ખુલાસો કરશે. નીચે (ફુટનોટમાં) પછી ભાઈ ખુલાસો કરશે. પંડિતજી. પાછળ પાછળ. **અસાધારણ ભક્તિરૂપ એવું જે સંસારવિચ્છેદના કારણભૂત, પરંપરાએ મુક્તિકારણભૂત,** જુઓ!

**તીર્થંકરપ્રકૃત્તિ વગેરે પુણ્યનો અનુબંધ કરનારું વિશિષ્ટ પુણ્ય,** એ લેવાનો છે, ભાવ લેવાનો છે. **પરંપરાએ મુક્તિકારણભૂત, તીર્થંકર પ્રકૃત્તિ વગેરે પુણ્ય,** આહારક શરીરાદિ બની જાય. **અનુબંધ કરનારું,** એ પુણ્યનો અનુબંધ કરનારું, ખાસ પુણ્યથી **અનીહિતવૃત્તિએ** જ્ઞાની, અનીહિતવૃત્તિથી, ઓલામાં નિદાન હતું. ભાવ નથી કે હું કરું પણ અનીહિતવૃત્તિએ એવો ભાવ આવ્યા વગર રહેતો નથી. **નિદાનરહિત પરિણામથી કરે છે.** લ્યો! હેતુ તેનો આ થાય તે મને લાભદાયક છે એવા નિદાનરહિત પરિણામ કર્તા એટલે પરિણમે છે. જ્ઞાની પણ શુભપરિણામરૂપ પરિણમે છે. તેને અહીંયાં કર્તા કહેવામાં આવ્યા. સમજાણું કાંઈ?

સંવર, નિર્જરારૂપ પરિણમે છે. અને મોક્ષરૂપ પરિણમે છે. એમ નિર્વિકલ્પ અનુભવના ઉપયોગમાં સ્થિર ન રહી શકે ત્યારે એવા ભાવરૂપ પુણ્યભાવ (આવે છે.) જેથી તીર્થંકરપ્રકૃત્તિ બંધાય એવા શુભભાવનો કર્તા થાય છે. કહો, સમજાણું કાંઈ? **આ રીતે અજ્ઞાની જીવ પાપાદિ ચાર પદાર્થોનો કર્તા છે,** ખુલાસો કરી દીધો, સરવાળો. અજ્ઞાની જીવ પાપ, પુણ્ય, આસ્રવ, બંધનો કર્તા છે. સંવર, નિર્જરા, મોક્ષનો નહીં. પોતાના જ્ઞાયકભાવનું સ્વસંવેદન નિર્વિકલ્પ જ્ઞાનચેતનાના અભાવથી અજ્ઞાની પાપ-પુણ્ય અને આસ્રવ, બંધના પરિણામનો કર્તા છે. એ ચાર પ્રકારના પરિણામના પરિણમનરૂપ દશા છે. જ્ઞાની સંવરાદિ ત્રણ પદાર્થોનો કર્તા છે. સંવર, નિર્જરા અને મોક્ષ. પુણ્યને કહ્યું પણ અનીહિતવૃત્તિથી તેને છોડી દીધું. સંવર, નિર્જરા અને મોક્ષનો જ કર્તા છે.

મુમુક્ષુ :- અનીહિતવૃત્તિએ એટલે?

ઉત્તર :- ઈચ્છા વિના. અનીહિતવૃત્તિએ ઈચ્છા નથી કે એવું કરું, (પણ) આવ્યા વિના રહેતી નથી. કહો, સમજાણું કાંઈ? જુઓ! તેનો ખુલાસો પાછળ ફુટનોટમાં કર્યો છે. પાછળના પાનામાં ફુટનોટ. વિચ્છેદ. વિચ્છેદ કહ્યું ને? તેનો ખુલાસો કરે છે. (નીચે) ફુટનોટ છે ને?

**અહીં જ્ઞાનીના વિશિષ્ટ પુણ્યને,** ખાસ પુણ્યને, **સંસારવિચ્છેદના કારણભૂત કહ્યું,** ત્યાં શુભભાવને કહ્યો ને? જેનાથી તીર્થંકરગોત્ર બંધાય આદિ, તે ભાવને સંસારવિચ્છેદના કારણભૂત કહ્યું. **ત્યાં એમ સમજવું કે-ખરેખર તો સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર,** અભેદરત્નત્રય નિશ્ચય. એ સંસાર-

વિચ્છેદના કારણભૂત છે. સંસારની પર્યાયના પાપાદિનો નાશ કરવાવાળું તો નિશ્ચય રત્નત્રય છે. **પરંતુ જયારે તે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર અપૂર્ણદશામાં હોય છે.** પુરી દશા નથી અપૂર્ણદશા છે, દર્શનજ્ઞાન તો છે પણ ચારિત્રમાં હજી અપૂર્ણદશા છે. ત્યારે તેની સાથે અનીહિતવૃત્તિ, અનીહિતવૃત્તિનો અર્થ કર્યો. અનિશ્ચિતવૃત્તિથી, ઈચ્છાવિના વૃત્તિથી વર્તતો થકો, **ખાસ પુણ્યથી સંસારવિચ્છેદના કારણપણાનો આરોપ કરવામાં આવે છે.** ખરેખર તો નિશ્ચયરત્નત્રય સંસારવિચ્છેદના કારણભૂત છે. શુભભાવમાં આરોપથી સંસારવિચ્છેદનું કારણ કહેવામાં આવ્યું. **તે આરોપ પણ વાસ્તવિક કારણની-સમ્યગ્દર્શનાદિની-હયાતીમાં જ થઈ શકે.** જુઓ!

તે આરોપ પણ વાસ્તવિક એટલે આત્મા નિર્દોષ, નિર્વિકારીની રુચિ, જ્ઞાન અને રમણતા એવી ભૂમિકામાં જે શુભભાવ આવ્યો તેને આરોપ આપવામાં આવે છે. અજ્ઞાનીના શુભભાવમાં પણ સંસારવિચ્છેદનો આરોપ કહેવામાં આવતો નથી.

મુમુક્ષુ :- ........

ઉત્તર :- ત્રણ થઈ ગયું છે. રાગનો અભાવ. તેનો રાગનો અભાવ. એ ભાવે બંધાણો છે તે રાગનો અભાવ કરશે. પ્રકૃત્તિ તેને કારણે નાશ થશે. ભાવનો નાશ કરીને થઈ જાશે. જ્ઞાનીને શુભભાવમાં આરોપ આવ્યો. કેમકે તેની દૃષ્ટિ ત્યાં નથી સ્વસંવેદનમાં છે. અનીહિતવૃત્તિથી આવ્યો. તેનો અભાવ કરીને વીતરાગતા થઈ જાશે. તો તેને પરંપરાનો આરોપ આપવામાં આવ્યો. અજ્ઞાનીને આત્માના સ્વદ્રવ્યનો આશ્રય દૃષ્ટિ, જ્ઞાન નથી (તો) તેનો ગમે તેટલો શુભભાવ હોય, સંસારવિચ્છેદનો આરોપ પણ તે પુણ્યપરિણામમાં આવતો નથી. સમજાણું કાંઈ?

કેમકે સ્વદ્રવ્યના આશ્રયથી જ ભવનો અભાવ થાય છે. ત્રણકાળ, ત્રણલોકમાં વિકલ્પના આશ્રયે ભવનો અભાવ થતો નથી. શેઠી! નિર્દોષ, નિર્વિકાર આત્મતત્ત્વ. તત્ત્વ કહો કે ભાવ કહો. ત્રિકાળી જ્ઞાન, આનંદ સ્વભાવ તેના આશ્રયથી જ દૃષ્ટિ, જ્ઞાન ને લીનતા તે જ ભવના અભાવનું કારણ છે. જ્ઞાનીને શુભભાવ વચમાં આવ્યો તો આરોપ દેવામાં આવ્યો કે પરંપરા કારણ સંસારવિચ્છેદનું છે. ખરેખર તો છે જ નહીં. તે આરોપ પણ જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ સ્વસંવેદન, પોતાના દ્રવ્યના આશ્રયે દૃષ્ટિ જ્ઞાન કર્યા હોય તેને શુભભાવમાં આવો આરોપ આવે છે. સ્વદ્રવ્યનો આશ્રય નથી. એકલો શુભરાગ થાય છે. ચાહે તે પંચમહાવ્રતનો હોય કે અઠીયાવીસ મૂળગુણનો હોય તે ભાવમાં પરંપરા સંસારવિચ્છેદના કારણનો આરોપ પણ આવતો નથી. બરાબર છે? જુઓ! આ ખુલાસો અભેદરત્નત્રય સંવર-નિર્જરાનું કારણ અહીંથી, હા, ચોથે તેટલા અંશે સંવર, નિર્જરા છે કે નહીં? કે ભેદરત્નત્રય-વ્યવહારરત્નત્રયથી સંવર, નિર્જરા થાય છે? વ્યવહારરત્નત્રય તો ઉદયભાવ છે, રાગ છે, વિકલ્પ છે. ઓહોહો!

મુમુક્ષુ :- .....

ઉત્તર :- હા. હા. સાતમે કહો કે આઠમે કહો કે બારમે. ખબર છે. કોઈ વળી તેરમે પૂરા. બહુ જ ગડબડ થઈ ગઈ છે. ના ના ચારેયનો એક મત નથી એમાં. અજ્ઞાનીના અનેક મત હોય. સમજાણું કાંઈ? પછી વિકલ્પ આવે છે તેને ભેદરત્નત્રય કહે છે. સમજાણું કાંઈ? શું છે? શું ચરણાનુયોગમાં આવે છે? શુભભાવની વાત ચાલે છે. ચરણાનુયોગમાં પાપથી બચવા માટે શુભભાવની વાત ચાલે છે. પણ તે શુભભાવમાં સમ્યગ્દર્શનજ્ઞાન પોતાનો શુદ્ધ સ્વભાવ એવી દૃષ્ટિ ન હોય તો એકલા શુભભાવમાં સંસાર-વિચ્છેદનો આરોપ પણ કહેવામાં આવતો નથી.

ભગવાનઆત્મા જ્ઞાનચિદાનંદ સ્વરૂપ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકર પ્રભુએ જેવો આત્મા જોયો. તો આત્મા કોને કહે છે? શરીર, વાણી આ જડને આત્મા કહે છે? અને દયા, દાનના પરિણામને આત્મા કહે છે, તે તો આસ્રવ છે. પુણ્ય-પાપના પરિણામ તો આસ્રવ છે, તે આત્મા નથી. આત્મા નિર્દોષ સ્વભાવભાવ. જુઓ! માટે વિશેષણ આપ્યું. નિર્વિકાર આત્મતત્ત્વ. સમજાણું કાંઈ? પુણ્ય-પાપનો વિકલ્પ જે ભાવ છે તે તો આસ્રવ છે. બંધનું કારણ છે. તેનાથી રહિત નિર્દોષ , નિર્વિકારી આત્મતત્ત્વ ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ તેની અંતર રુચિ તે સંબંધી જ્ઞાન, તે સંબંધી લીનતા સાક્ષાત સંવર, નિર્જરા, મોક્ષનું કારણ છે. અમરચંદભાઈ! આ વાત છે.

'લાખ વાતની વાત કરે પણ નિશ્ચય ઉર આણો', આવે છે કે નહીં? ભાઈ! ઢાળમાં આવે છે. છ ઢાળામાં (આવે છે.) એ વાત જ પણ વ્યવહાર કરતાં કરતાં શું પણ નિશ્ચય વિના વ્યવહાર કહેતા જ નથી. અહીં તો એ કહે છે. સ્વચૈતન્ય જ્ઞાયકભાવ નિર્દોષભાવ સ્વભાવભાવ. પુણ્ય,પાપ વ્યવહારરત્નત્રય સદોષભાવ છે. રાગભાવ છે, ઉદયભાવ છે. સમ્યગ્દૃષ્ટિને હોય છે પણ તે ભાવ સ્વભાવભાવ છે. તે નહીં. અરે! આવા નિર્ણયના પણ ઠેકાણા નહીં! આહાહા! એ ઊંડા કૂવાના ગંભીરપણાનો ક્યાંથી તેને પતો લાગે? આ ગંભીર પદાર્થ! ઓહોહો! કેટલા આનંદ ચૈતન્ય..બધાથી નિર્દોષ, કહ્યું ને? નિર્દોષ, નિર્વિકાર આત્મતત્ત્વ. નિર્વિકારઆત્મભાવ, ત્રિકાળ સ્વભાવભાવ, નિર્વિકાર નિર્દોષ આત્મતત્ત્વ. પુણ્ય, દયા, દાનના વિકલ્પો બધા રાગ. એ તો આસ્રવ તત્ત્વ છે. તેનાથી રહિત નિર્વિકારી પોતાનો ભગવાન મહાન સત્તાધામ આનંદ તે સંબંધી રુચિ જ્ઞાન અને રમણતા, તે અભેદ રત્નત્રય, નિશ્ચય રત્નત્રય. સંવર, નિર્જરા મોક્ષનો પરિણમવાવાળો તે.

મુમુક્ષુ :- આ તો એકાંત થઈ ગયું. અનેકાંત ન થયું.

ઉત્તર :- એકાંત આ. એમ છે અને વ્યવહારરત્નત્રયથી નથી તેનું નામ અનેકાંત છે. વ્યવહારથી છે અને નિશ્ચયથી પણ છે એવું અનેકાંત છે જ નહીં. એ અભેદ રત્નત્રયથી સંવર, નિર્જરા, મોક્ષનો કર્તા છે. ભેદ રત્નત્રયથી સંવર, નિર્જરા, મોક્ષનો કર્તા નથી. તેનું નામ અનેકાંત છે. પરસ્પર વિરૂદ્ધ શક્તિ જુઓ. પરસ્પર વિરૂદ્ધ શક્તિનું નામ અનેકાંત છે. તે એમાં છે. એક વસ્તુને વસ્તુપણાને નીપજાવનારી

અસ્તિ-નાસ્તિ આદિ પરસ્પર બે શક્તિનું પ્રકાશવું અનેકાંત છે. વિરૂધ્ધ અસ્તિ-નાસ્તિ. પોતાનું અભેદ રત્નત્રયથી એક જ મોક્ષમાર્ગ છે. વ્યવહારથી કહ્યું તે કથન માત્ર છે. છે નહીં. આહા! અત્યારે તો તે ઘડી થઇ ગઇ તે. નાખી દીધું નથી. તેની અણસમજાણે નાખી દીધું છે. શેઠ! વ્યવહારનયે નહીં.

મુમુક્ષુ :- વ્યવહારનયે પણ નહીં.

ઉત્તર :- વ્યવહારનય તો શ્રુતજ્ઞાનની એક પર્યાય છે. જાણવાલાયક બરાબર થયો, ત્યાં રાગ છે એવું જ્ઞાન થયું તો સમ્યગ્જ્ઞાનનો અંશ છે. સમજાણું કાંઇ? જેવું ત્રિકાળી જ્ઞાયકનું જ્ઞાન થયું એવું વ્યવહારનું જ્ઞાન થયું. રાગ છે, ભેદ છે. એનું જ્ઞાન પણ વ્યવહારનય શ્રુતજ્ઞાનનો એક અંશ છે. નય છે. નિશ્ચયનય શ્રુતજ્ઞાનનો અંશ છે એમ વ્યવહારનયપણ શ્રુતજ્ઞાનનો અંશ છે. પણ જાણવા માટે છે. આદરવા માટે નહીં. આહાહા! સમજાણું કાંઇ?

વ્યવહારને ન જાણે અને ન માને તો તે એકાંત મિથ્યાદષ્ટિ છે. અને વ્યવહારને આદરણીય માને તો પણ એકાંત મિથ્યાદષ્ટિ છે. એ વાત છે. સર્વથા બંધનું કારણ છે. સર્વથા બંધનું કારણ છે. એ અહીંયા આવશે. કળશટીકા આવશે ને? સર્વથા બંધનું કારણ. સમજાણું કાંઇ? અલમ અલમ છે ને? કયાં ગયું અલમ? એ બતાવશે. જુઓ! શું કહે છે જુ ઓ!

દ્રવ્યક્રિયા સિધ્ધાંતને વાંચો, લખો ઇત્યાદિ કિંચીત્ ન અસ્તિ. શુધ્ધ જીવસ્વરૂપ અનુભવ સર્વથા મોક્ષમાર્ગ છે. અન્ય સમસ્ત સર્વથા મોક્ષમાર્ગ છે નહીં. આ બાર ગાથા આવતાં આવતાં વાર લાગી ને? આવે ત્યારે આવે ને? બાકી તો એવું સ્પષ્ટ કર્યું છે! સમજાણું કાંઇ? શુધ્ધ જીવને, અનુભવીને એકલું મોક્ષનું કારણ છે. સમયસાર ઉપરાંત જે જીવને સ્વરૂપનો અનુભવ નથી તેને બીજો દ્રવ્યક્રિયા સિધ્ધાંતને વાંચો લખો તે કિંચિત (જરા) પણ મોક્ષમાર્ગ નથી. રાગ છે, બંધમાર્ગ છે. સમજાણું કાંઇ? તેનું જ્ઞાન કરવું છે તે પણ શ્રુતજ્ઞાનનો અંશ છે. જાણવા લાયક છે. આહાહા! સમજાણું કાંઇ? શુધ્ધ જીવસ્વરૂપ અનુભવ મોક્ષમાર્ગ સર્વથા છે. જયપૂરની ઢુંઢારી ભાષામાં ત્યાં છે લખ્યું છે. હોં! છે. અન્ય સમસ્ત મોક્ષમાર્ગ સર્વથા છે નહીં. લ્યો! આગળ પણ આ જ મોક્ષમાર્ગ છે એનાથી અધિક કોઇ મોક્ષમાર્ગ કહે, એવા અભેદરત્નત્રયથી બીજો કોઇ મોક્ષમાર્ગ કહે (તો તે) બહિરાત્મા છે, ................

મુમુક્ષુ :- પંચમહાવ્રત પાળે છે.

ઉત્તર :- કોણ પાળે છે? વચ્ચે આવે છે. પાળે કોણ? કહ્યું ને? અનીહિતવૃત્તિએ શુભભાવ પંચમહાવ્રત આદિ મુનિને આવ્યા વિના રહેતા નથી. આવે છે જરૂર. ત્યાં પાળવું છે, આસ્રવનું રક્ષણ કરવું છે? પંપાળીને બચ્ચાને મોટા કરવા એવું કરવું છે? શેઠી! આવે છે. વ્યવહારની સાથે કહેવામાં આવે છે. આવે છે એનો અર્થ શું? અનીહિતવૃત્તિએ નિશ્ચયરત્નત્રયમાં સ્થિર ન હોય (ત્યારે) એવો ભાવ જરૂર આવે છે. વ્યવહાર ............. રાગ શુભભાવ તેમાં આરોપ પણ આવે છે કે સંસારવિચ્છેદનું પરંપરા

કારણ છે એવો પણ આરોપ આવે છે. એ નિશ્ચયરત્નત્રયની અભેદદષ્ટિ હોય તો. સમજાણું કાંઈ? તો શુભભાવ આવે છે. છે બંધનું કારણ.

ભગવાનઆત્મા જ્ઞાયક ચિદાનંદ પ્રભુ, સર્વજ્ઞપરમાત્મા તીર્થંકરદેવે જેવી વસ્તુ જોઈ એવી વસ્તુની અંતરદષ્ટિ જ્ઞાન અને રમણતા એક જ મોક્ષનો માર્ગ છે. કોઈ વચમાં વિકલ્પ... જે ભાવે તીર્થંકરગોત્ર બાંધે એ ભાવ પણ મોક્ષમાર્ગ નહીં. જે ભાવે તીર્થંકરગોત્ર બાંધે એ ભાવ પણ મોક્ષમાર્ગ નહીં. તે ભાવ બંધમાર્ગ છે. તારી પાસે મોટી પુંજી પડી છે, મહાધ્યાન તેની તો તું દષ્ટિ કરતો નથી, નિહાળતો નથી અને આ ગડબડ ક્રિયાકાંડ ચરણાનુયોગમાં કહ્યું છે, આ બધું કહ્યું છે. નિશ્ચયની ભૂમિકામાં કેવો વ્યવહાર હોય છે તેનું ધ્યાન કરાવ્યું છે. વ્યવહારનયથી કહે છે કે પાળો. પાળે છે એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

જુઓ! આ અલમ અલમમાં છે હો? ન સમયસાર ન પરમ કિંચિત અસ્તિ હલો, હલોમાં. .....સમજાણું કાંઈ? વાસ્તવિક **આ કારણની-સમ્યગ્દર્શનાદિની-હયાતિમાં જ થઈ શકે છે.** નહીંતર આરોપ પણ હોતો નથી. લ્યો એ પૂરા થઈ ગયા. ૧૩૧ ગાથા. ૧૩૦ ગાથા પૂરી થઈ. ૧૩૧ ગાથા. **હવે પુણ્ય-પાપપદાર્થોનું વ્યાખ્યાન છે.** પુણ્ય કોને કહે છે, પાપ કોને કહે છે. તે વ્યાખ્યા. પછી આસ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ ચાલશે. પછી મોક્ષમાર્ગ પાપના વ્યાખ્યાન બાદ. કહો સમજાણું કાંઈ?

---

## ગાથા-૧૩૧

**मोहो रागो दोसो चित्तपसादो य जस्स भावम्मि ।**
**विज्जदि तस्स सुहो वा असुहो वा होदि परिणामो ।। १३१ ।।**

**मोहो रागो द्वेषश्चित्तप्रसादः वा यस्य भावे ।**
**विद्यते तस्य शुभो वा अशुभो वा भवति परिणामः ।। १३१ ।।**

पुण्यपापयोग्यभावस्वभावाख्यापनमेतत् ।

**इह हि दर्शनमोहनीयविपाककलुषपरिणामता मोहः । विचित्रचारित्रमोहनीयविपाकप्रत्यये प्रीत्यप्रीती रागद्वेषौ । तस्यैव मन्दोदये विशुद्धपरिणामता चित्तप्रसादपरिणामः । एवमिमे यस्य भावे भवन्ति, तस्यवश्यं भवति शुभोऽशुभो वा परिणामः । तत्र यत्र प्रशस्तरागश्चित्तप्रसादश्च तत्र शुभः परिणामः, यत्र तु मोहद्वेषावप्रशस्तरागश्च तत्राऽशुभ इति ।। १३१ ।।**

હવે પુણ્ય-પાપ પદાર્થોનું વ્યાખ્યાન છે.

---

છે રાગ, દ્વેષ, વિમોહ ચિત્તપ્રસાદપરિણતિ જેહને,
તે જીવને શુભ વા અશુભ પરિણામનો સદ્ભાવ છે. ૧૩૧.

**અન્વયાર્થ :- (यस्य भावे) જેના ભાવમાં (मोहः) મોહ, (रागः) રાગ, (द्वेषः) દ્વેષ (वा) અથવા (चित्तप्रसादः) ચિત્તપ્રસન્નતા (विद्यते) છે, (तस्य) તેને (शुभः वा अशुभः वा) શુભ અથવા અશુભ (परिणामः) પરિણામ (भवति) છે.**

ટીકા :-આ, પુણ્ય-પાપને યોગ્ય ભાવના સ્વભાવનું (સ્વરૂપનું) કથન છે.

અહીં, દર્શનમોહનીયના વિપાકથી જે કલુષિત પરિણામ તે મોહ છે; વિચિત્ર (-અનેક પ્રકારના) ચારિત્રમોહનીયનો વિપાક જેનો આશ્રય (-નિમિત્ત) છે એવી પ્રીતિ-અપ્રીતિ તે રાગ-દ્વેષ છે; તેના જ (ચારિત્રમોહનીયના જ) મંદ ઉદયે થતાં જે વિશુદ્ધ પરિણામ તે *ચિત્તપ્રસાદપરિણામ (-મનની પ્રસન્નતારૂપ પરિણામ છે. એ રીતે આ (મોહ, રાગ, દ્વેષ અથવા ચિત્તપ્રસાદ) જેના ભાવમાં છે, તેને અવશ્ય શુભ અથવા અશુભ પરિણામ છે. તેમાં, જ્યાં પ્રશસ્ત રાગ તથા ચિત્તપ્રસાદ છે ત્યાં શુભ પરિણામ છે અને જ્યાં મોહ, દ્વેષ તથા અપ્રશસ્ત રાગ છે ત્યાં અશુભ પરિણામ છે. ૧૩૧.

## ગાથા-૧૩૧ ઉપર પ્રવચન

मोहो रागो दोसो चित्तपसादो य जस्स भावम्मि ।
विज्जदि तस्स सुहो वा असुहो वा होदि परिणामो ।। १३१ ।।

છે રાગ, દ્વેષ, વિમોહ ચિત્તપ્રસાદપરિણતિ જેહને,
તે જીવને શુભ વા અશુભ પરિણામનો સદ્ભાવ છે. ૧૩૧.

ટીકા :- આ, પુણ્ય-પાપને યોગ્ય ભાવના સ્વભાવનું (-સ્વરૂપનું) કથન છે. છે? ૧૯૪ પાના પાછળ ટીકા છે.

**ટીકા :-** આ, પુણ્ય-પાપને યોગ્ય, ભાવ હોં? ભાવની વાત. આત્મામાં પુણ્યભાવ ને પાપભાવ જે દોષ છે, બંધનું કારણ છે, એ કોને કહેવા તેની અહીં ઓળખ કરાવે છે. **પુણ્ય-પાપને યોગ્ય ભાવના સ્વભાવનું,** જુઓ! એવા ભાવના સ્વભાવનું અર્થાત્ સ્વરૂપનું કથન છે.

**અહીં, દર્શનમોહનીયના વિપાકથી જે કલુષિત પરિણામ તે મોહ છે.** આત્મામાં પુણ્ય પરિણામ મારો ધર્મ છે, પાપભાવમાં મને મજા પડે છે, એવો મિથ્યાત્વભાવ તે અશુભભાવ છે. તે મોહ

*પ્રસાદ = પ્રસન્નતા; વિશુદ્ધતા; ઉજ્જવળતા.

છે. પાપ પરિણામ અને તેમાં મને મજા પડે છે, પુણ્ય પરિણામ તે મારો ધર્મ છે અને અલ્પજ્ઞપણું તે મારું પૂર્ણતત્ત્વ છે, એવી જેની દૃષ્ટિ છે તેને મોહ એટલે મિથ્યાત્વ કલુષિત પરિણામ કહેવામાં આવે છે. એ મિથ્યાત્વભાવ છે. મિથ્યાદર્શન શલ્ય.

મુમુક્ષુ :- ........

ઉત્તર :- શું ફેર છે? એ કે બીજી? કહ્યું ને? એ એક વાત કરી છે. આત્મામાં જે પાપભાવ થાય છે, હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ-વાસના તેમાં મને મજા પડે છે, આનંદ આવે છે તે મિથ્યાત્વભાવ છે. અને દયા, દાન, પુણ્યના પરિણામ થાય છે તે ધર્મ છે, પરમાર્થધર્મ છે તે મિથ્યાત્વભાવ છે. અને આત્મામાં અલ્પજ્ઞ, અલ્પદર્શી, અલ્પવીર્ય જો અલ્પપર્યાય છે તેને પૂર્ણતત્ત્વ માનવું તે મિથ્યાત્વ છે. અલ્પમાં પૂર્ણને માનવું અને પુણ્યને ધર્મ માનવો અને પાપમાં મજા માનવી તેનું નામ કલુષિત મિથ્યાત્વભાવ છે. કહો, સમજાણું કાંઈ? પરપદાર્થની વાત નથી કરતા. વિકાર અને અલ્પજ્ઞ. સમજાણું કાંઈ? એ પ્રકારનો વિકાર અને એક અલ્પજ્ઞ, અલ્પદર્શી, અલ્પવીર્ય એટલો જ હું છું, એટલી જ દૃષ્ટિ રાખી છે, તેમાં મને મજા છે, એ જ મિથ્યાત્વ કલુષિતભાવ છે.

બહાર પૈસા મારા અને મકાન મારા માનવું તો ક્યાંય રહી ગયું. એ તો ધૂળ રહી ગઈ ક્યાંય. પૈસા ક્યાં આત્મામાં ઘુસી ગયા છે. એ તો બહાર છે, ખબર છે. અહીં ગજવામાં (ખીસ્સામાં) લાવ્યા છે? ક્યાં છે? અહીં પૈસા લાવ્યા છે? ગુંઝામાં છે? ક્યાં છે? ગુંઝા સમજો છો? જેબ. જેબ. છે? અહીંયા પૈસા છે? અમે પૈસાવાળા છીએ. એવી પોતાની પાસે મમતા છે. એ મમતા એ જ પાપ છે. અને તે પાપમાં મને મજા છે તે મિથ્યાત્વભાવ છે. ધૂળમાં રૂપિયા દાનમાં.. દાન તો રાગની મમતા કરે તો થાય છે. પૈસા હોય કે ન હોય તેની વાત ક્યાં કરે છે? એકેન્દ્રિયને પણ પુણ્યભાવ નથી હોતો? ત્યાં પૈસા નથી, મુનિને દાન નથી. અમરચંદભાઈ! આ નિગોદના જીવ. નિત્ય નિગોદ. મનુષ્ય થાય છે, પુણ્યભાવ શુભભાવ થાય છે, એમાં શું છે? કષાયની મંદતા થાય છે, શુભભાવ થાય છે. પૈસા પણ નથી. આહાર-પાણી દેવા માટે કાંઈ નથી. પુણ્ય પણ નથી. એક શરીર સિવાય મન ને વાણી પણ નહીં. તો શું આવ્યું? ભાવ તો પોતાની કષાયની મંદતાથી થાય છે. કહો, સમજાણું કાંઈ? દર્શનમોહનીયના વિપાકથી જે કલુષિત પરિણામ. એ તો કર્મના નિમિત્તથી લીધું પણ પરિણામમાં પોતાનો સંબંધ કર્યો તો તેમાં કલુષિત પરિણામ મિથ્યાત્વ થયું તેને મોહ કહે છે. સમજાણું કાંઈ? મિથ્યાદર્શન શલ્ય. મિથ્યાશ્રદ્ધા, વિપરીત અભિપ્રાય. એક વાત. તે અશુભભાવ છે. અહીં અશુભની વાત પહેલાં કરી. શુભને પછી લેશે.

એ પાપભાવ છે. મોહ એક પાપભાવ છે. પાપભાવ જેનો સ્વભાવ છે, સ્વરૂપ છે. લ્યો! **(-અનેક પ્રકારના) ચારિત્રમોહનીયનો વિપાક જેનો આશ્રય (-નિમિત્ત) છે,** પરિણામમાં. જીવમાં શુભ-અશુભ પરિણામ થાય છે, ચારિત્રમોહનીયનો વિપાક જેનો આશ્રય છે, જુઓ! પહેલાં દર્શનમોહનીયના

વિપાકથી કલુષિત પરિણામ એમ કહ્યું હતું. અહીં ખુલાસો કરી દીધો. **ચારિત્રમોહનીયનો વિપાક જેનો આશ્રય છે. નિમિત્ત છે.** સમજાણું કાંઈ? તેમાં એમ લેવું. દર્શનમોહનીયનો ઉદય મિથ્યાત્વ પરિણામ કરે છે તો તેને નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? **એવી પ્રીતિ-અપ્રીતિ તે રાગ-દ્વેષ છે.** લ્યો! એ રાગ અને દ્વેષ. દયા-દાનનો ભાવ એ પુણ્ય રાગ અને બીજો દ્વેષ. અને સ્ત્રી, કુટુંબ, પરિવાર લક્ષ્મી પ્રત્યે પ્રેમ એ અશુભરાગ. સમજાણું કાંઈ?

**તેના જ (ચારિત્રમોહનીયના) મંદ ઉદયે,** છે ને? **એવી પ્રીતિ-અપ્રીતિ તે રાગ-દ્વેષ છે. મંદ ઉદયે થતાં જે વિશુધ્ધ પરિણામ તે** પુણ્ય છે. રાગમાં પણ, એ તો પહેલાં આવ્યું તે અશુભ છે. મંદ ઉદયે, રાગનો મંદ ભાવ હોય દયાનો, દાનનો, વિશુધ્ધ પરિણામ તે શુભપુણ્ય છે, પુણ્યબંધનું કારણ છે. ધર્મ નહીં, સંવર, નિર્જરા નહીં. **ચિત્તપ્રસાદપરિણામ,** જુઓ! **ચિત્તની પ્રસન્નતા, વિશુધ્ધતા, ઉજ્જવળતા.** એ બધા શુભભાવ છે. **(-મનની પ્રસન્નતારૂપ પરિણામ) છે. આ રીતે આ (મોહ, રાગ, દ્વેષ અથવા ચિત્તપ્રસાદ) જેના ભાવમાં છે, તેને અવશ્ય શુભ અથવા અશુભ પરિણામ છે.** લ્યો! જેના ભાવમાં આવા ભાવ છે તેને શુભ અને અશુભ (પરિણામ છે.) રાગ-દ્વેષ એકલા સ્ત્રી, કુટુંબ આગળ છે તે અશુભ છે. દ્વેષને અહીં અશુભ ગણવામાં આવ્યા છે. મોહ, મિથ્યાત્વ અશુભ છે. દયા, દાન આદિમાં રાગની મંદતા હોય તો તે શુભ છે.

**એ રીતે આ (મોહ, રાગ, દ્વેષ અથવા ચિત્તપ્રસાદ) જેના ભાવમાં છે,** જે આત્માની પર્યાયમાં તે છે, **તેને અવશ્ય શુભ અને અશુભ પરિણામ (છે.)** કહેવામાં આવશે. બેય પુણ્ય ને પાપના ભાવ છે. પુણ્ય ને પાપ તત્ત્વ છે. જ્ઞાયકતત્ત્વ ભિન્ન આત્મા. નિર્દોષ સ્વભાવભાવરૂપી જ્ઞાયકભાવ તેમાં પરિણામમાં આ શુભ અને અશુભભાવ હોય (તે) બંધનું કારણ છે. સમજાણું કાંઈ? ધર્મનું કિંચિત કારણ નહીં. દયા, દાન, ભકિત, વ્રત, વિકલ્પ એ પુણ્ય પરિણામ. હિંસા જૂઠ, ચોરી, અવ્રત વિકલ્પ તે પાપ પરિણામ. જેના પરિણામમાં પુણ્ય ને પાપભાવ બેય બંધનું કારણ છે. સમજાણું કાંઈ? **તેમાં, જયાં પ્રશસ્ત રાગ તથા ચિત્તપ્રસાદ છે,** જુઓ! ખુલાસો કરે છે. જેમાં શુભરાગ છે, દયા, દાન, ભકિત, પૂજા અને ચિત્તની પ્રસન્નતા, દેવ, ગુરુ, શાસ્ત્ર પ્રત્યેનો ઉલ્લાસ, પ્રસન્નતા એવા શુભ પરિણામ. એ શુભ પરિણામ છે, પુણ્ય પરિણામ છે. પુણ્યબંધનું કારણ છે. ધર્મ નહીં. સમજાણું કાંઈ? હજી તો બહુ જ ગડબડ ચાલે છે. સારા વીતરાગના માર્ગમાં... દયા, દાન, વ્રત, તપ, ભકિત કરો, તે ધર્મ છે. ભગવાન કહે છે કે તે રાગ મંદ હોય તો પુણ્ય છે. ધર્મ બર્મ નહીં. ધર્મ સંવર, નિર્જરા છે. આ તો પુણ્ય-પાપ તત્ત્વની વાત ચાલે છે. પુણ્ય-પાપ (તે) સંવર, નિર્જરા નથી. સંવર, નિર્જરા (તે) પુણ્ય-પાપ નથી. સમજાણું કાંઈ? સાત પદાર્થની વ્યાખ્યા ચાલે છે. જીવ અને અજીવ બે દ્રવ્ય છે. બેના સંગથી સાત પર્યાય જીવમાં અને સાત પર્યાય જડમાં (છે.) અહીં જીવની વાત ચાલે છે. અને જયાં

મિથ્યાત્વભાવ છે, દ્વેષભાવ છે. અને **અપ્રશસ્ત મેલા રાગ (અશુભ) છે ત્યાં અશુભ પરિણામ છે.** લ્યો! શુભ-અશુભ પરિણામની વ્યાખ્યા. સમજાણું કાંઈ? આટલું પણ સમજાય નહીં. કહો, આહાહા! હોંશિયાર કેટલા?

આત્મામાં જેટલો વિપરીત મિથ્યાત્વનો ભાવ છે કે પુણ્ય પરિણામમાં ધર્મ છે. તે પુણ્ય પરિણામ દયા, દાન તે સંવર છે. એવી માન્યતાનો ભાવ મિથ્યાત્વભાવ છે. તે અશુભભાવ છે. અને પર પ્રત્યે દ્વેષ કરવો તે અશુભભાવ છે. અને સ્ત્રી, કુટુંબ પ્રત્યે રાગ કરવો તે અશુભભાવ છે. અને દેવ, ગુરુ, શાસ્ત્ર પ્રત્યે, સાચા પ્રત્યે ઉલ્લાસ કરવો, ભક્તિ ચિત્તની પ્રસન્નતાભાવ તે શુભ છે. શુભ અને અશુભ બન્ને બંધનું કારણ છે. કર્મનો ઉદય કોણે કહ્યું? સાંભળ્યું નહીં? નિમિત્ત છે તે તો. ઉદય કોણે કીધું? જૈનમાં કર્મની લાકડી ઘરી ગઈ છે. અને એક પુણ્ય પરિણામથી ધર્મ થાય છે, એવી લાકડી ઘરી ગઈ છે. અનાદિની છે અને વર્તમાનમાં એવું કહેવાવાળા મળ્યા તો પુષ્ટિ થઈ ગઈ. શેઠી! આ મોટા જૂના માણસ વૃધ્ધ છે, તેને પણ લાકડી ઘરી ગઈ. એ તો અહીંયાં આવી ને જરી ફર્યા. નહીંતર તો, નહીં નહીં, આ શું? પ્રવિણભાઈ! ........ આ તો પૂર્વની વાત છે. જુઓ! અનાદિકાળથી ...... ...................

મુમુક્ષુ :- ચમક થાય છે.

ઉત્તર :- ચમક થાય છે. ચમક થાય છે ને? લોઢાને કાટ લાગી જાય છે ને પછી ચમક થાય છે ને? અરે! સાંભળ તો ખરો? અહીં તો કહે છે કે, જેટલા દયા, દાન, વ્રત, ભક્તિ, વિકલ્પ, તપ મેં કર્યું એવો વિકલ્પ ઊઠે છે તે બધા પુણ્ય પરિણામ છે. તે પુણ્ય પરિણામ છે. તેનાથી પુણ્ય બંધાશે. આત્માને બિલકુલ ધર્મ નહીં થાય. અનાદિથી તે કરે છે અને કરતો આવે છે. પોતાનો સ્વભાવ પુણ્ય પરિણામથી ભિન્ન છે. તેની દૃષ્ટિ કર્યા વગર, તેનો અનુભવ કર્યા વગર ક્યારેય સંવર, નિર્જરા હોતા નથી.

મુમુક્ષુ :- ........

ઉત્તર :- તપથી શું? શું તપ? આ હું નહીં એવો વિકલ્પ તે શુભ છે. તપ શું? શુભ પરિણામ છે, જો રાગ મંદ કર્યો હોય તો. માન માટે કર્યું હોય તો અશુભભાવ છે. અપવાસ બપવાસ પંદર કર્યા અને મારી, શું કહેવાય સાંજી વહેંચે ઈ. ભેગા થઈને સાંજી વહેંચે છે ને? લ્હાણી કરે, સાંજી કે કાંઈક એવું કરે, આપે આમ આપે. ઓહોહો! વળી પચ્ચીસ માણસો પૂછવા આવે. ઓહો! બહેન બહુ અપવાસ! ............. પછી સૂંઠ બુંઠ ચોપડે ને કરે ......... ઓહોહો! એ તો એકલા પાપભાવ છે. જગતમાં માન લેવાનો ભાવ છે. અને એવી કોઈ વિધવા બાઈ હોય, પાંચ પચીસ હજાર ખર્ચાવવા હોય ધણી પાસે કે કોઈ દીકરા પાસે, એ તો પાપભાવ છે. પણ રાગ મંદ કર્યો હોય તો પુણ્ય છે. ધર્મ તો નહીં.

ધર્મ તો આત્મા આનંદકંદ. શુધ્ધ દ્રવ્યમાં દૃષ્ટિ લગાવ્યા વિના ધર્મની પર્યાય દ્રવ્યમાંથી આવતી નથી. સમજાણું કાંઈ? અનાદિથી માન્યું છે અને લોકોએ પુષ્ટિ કરી છે. હાય! હાય! બાયડીયું, આ બધા

વર્ષીતપ કરે અને પછી ખર્ચ કરાવે. પાંચ, દસ હજાર.. પાંચ, દસ હજાર ખર્ચે આહાહા! અને નહીંતર આ માણસ મરી જાય છે ને? પછી ન સુવે ને? છાતી ન કૂટે તો, લાકડું પડ્યું છે આ? એમ બાયડીયું રોવડાવે.

મુમુક્ષુ :- ..........

ઉત્તર :- ધૂળમાંય જાણતો નથી. પાપ છે ત્યાં. એમ આ જરી અપવાસ બપવાસ કરે, લાંઘણું. અને પાછો બે પાંચ હજાર ખર્ચાવે તો, આહાહા! પૂજાય-પૂજાય બાપા! ધૂળમાંય તપ નથી. હવે સાંભળને? તપ કોને કહેવી તને ખબર નથી.

ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ પરમાત્મા તીર્થંકરદેવ જૈન પરમેશ્વર જેને સો ઇન્દ્રો પૂજનિક. એ ભગવાન કહે છે કે ભગવાન તારી ચીજ એ દયા, દાન, પુણ્ય-પાપના વિકલ્પથી ભિન્ન અંદર છે. એવી દૃષ્ટિ કર્યા વિના તને ધર્મ ત્રણકાળમાં સંવર, નિર્જરા હોતી નથી. સમજાણું કાંઈ? ભગવાનભાઈ! આ ભગવાનભાઈ અહીં પડાવ નાખ્યો છે. હા, એ મિથ્યાત્વ છે, બાપા! ઈ મોટું મિથ્યાત્વ છે. દરેક મિથ્યાત્વ સાથે છે.

અહીં તો કહે છે, હેં? બધે ફરી વળે. એમ કે અહીં ધર્મ પણ મોંઘો થઈ ગયો, એમ. તેલ મોંઘુ, ગોળ મોંઘા, અનાજ મોંઘુ, ધર્મ મોંઘો થઈ પડ્યો એમ કહે છે. અહીં ધમાલ છે. સમજાણું કાંઈ? બધું મોંઘુ થઈ ગયું. ધર્મ પણ મોંઘો થઈ ગયો છે. ધર્મ તો દુર્લભ જ છે. અનાદિથી દુર્લભ છે. પોતાનો છે માટે સુલભ છે. નથી પામ્યો માટે દુર્લભ છે. એ વાત છે. હં... પોતાથી પ્રાપ્ત થાય છે. તેમાં કોઈની જરૂર નથી. વિકલ્પની જરૂર નહીં, મનની જરૂર નહીં, પૈસાની જરૂર નહીં, ......... નહીં. કોઈની જરૂર નહીં. એ પોતાના આત્માથી પ્રાપ્ત થાય છે. એને તો સુલભને દુર્લભ માને છે. અને આ લક્ષ્મી બક્ષ્મી ધૂળ અનંતવાર મળી. અનંતવાર આવી અને અનંતવાર ગઈ. એ તો પુણ્ય હોય તો આવે તેમાં શું છે? ધૂળમાં છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, **પ્રશસ્તરાગ તથા ચિત્તપ્રસાદ છે ત્યાં શુભ પરિણામ, શુભભાવ. અને મોહ, દ્વેષ તથા અપ્રશસ્ત રાગ છે ત્યાં અશુભ પરિણામ છે.** આ તેનું શુભાશુભ પરિણામનું સ્વરૂપ. તેમાં નક્કી કરવું જોઈએ. નવ તત્ત્વની શ્રદ્ધા કરવામાં પુણ્ય-પાપનું ત્રીજું સ્વરૂપ કયા પ્રકારે છે. તેમાં તેણે સમજીને શ્રદ્ધા કરવી જોઈએ. આ નવ તત્ત્વની શ્રદ્ધા કરાવે છે. પુણ્ય તત્ત્વને સંવર માને અને સંવરતત્ત્વ ભૂલી જાય. મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? વાત કરીને કેટલું સ્પષ્ટ કર્યું છે. જુઓ!

અહીં તો કહે, ચિત્તપ્રસન્નતા શુભભાવ છે. નામ કર્મમાં આવે છે.....ચાર કારણથી શુભભાવ છે, તે શુભ છે. તેનાથી પુણ્ય બંધાય છે. નામકર્મથી પુણ્ય બંધાય છે, લ્યો! એ ચાર બોલ આપણે

તત્ત્વાર્થસૂત્રમાં આવે છે ને? ચાર પ્રકારે પુણ્ય બંધાય છે. નામ કર્મ. ......... કાયની સરળતા, વચનની સરળતા, મનની સરળતા, અવિસંવાદ કોઈને ઠગવા નહીં. એવા ચાર ભાવ આવે છે. ચારથી પુણ્ય બંધાય છે પાપ. નામકર્મનું પુણ્ય બંધાય છે. સમજાણું કાંઈ? આવે છે? નામકર્મમાં આવે છે. શુભ નામકર્મ બંધાય છે ને? કાયા, વાણી, મન એ તો જડ. પણ તેમાં સરળ પરિણામ રાખવા (તે) પુણ્યભાવ છે. સમજાણું કાંઈ? એ કહે છે. એ જ્ઞાનાર્ણવમાં આવે છે. જ્ઞાનાર્ણવ શું કહેવાય? જુઓ! જ્ઞાનસાગર એ અમારે વીરજીભાઈના પિતાજી હતા ને? એ ક્રિયાકાંડમાં માનવાવાળા. આ જ્યાં બ્યાસીમાં બોલ આવ્યો, ....... મનને વાણીના પરિણામ અંદર સરળ હોય પુણ્યબંધ છે, ધર્મ નહીં. મહારાજ! કાંઈક વાત તો કહો. એકલા ખાનગી આવ્યા હતા. શું વાત છે? ......... એ તો નિમિત્ત છે. પણ અંદર સરળતાના પરિણામ હોય કાયાસંબંધી, ભાષાસંબંધી શુભનામ. જુઓ! તમારા જ્ઞાનસાગરે લખ્યું છે.

આ પોષા કરે ને સામાયિક કરે. ક્યાં તારા પોષા ને સામાયિક! હજી વસ્તુની ખબર નથી, આત્મા કોણ છે, શું કરી શકે છે, કેવો જ્ઞાતા-દૃષ્ટા છે, શું કરી શકે છે, ખબર નથી. આ તારા પોષા ને સામાયિક ક્યાંથી આવ્યા? પોષા ને સામાયિક તો પંચમ ગુણસ્થાનમાં હોય છે. હજી સમ્યગ્દર્શનની તો ખબર નથી. શેઠી! એ મોટા મોટા હતા. વીરજીભાઈના પિતાજી! મોટા વ્રત! બત્રીસ સૂત્ર. ચાલતા સૂત્ર કહેવાતા. બત્રીસ સૂત્ર કહેવાય ને? સાધુ-આર્યિકાને વંચાવે. જામનગરમાં મોટા... એ જ્યાં બે વ્યાખ્યાન સાંભળ્યા ત્યાં મુંઝાઈ ગયા. ૮૨ની સાલ. આડત્રીસ વર્ષ થયા. એક દિવસ જ્યાં વ્યાખ્યાન સાંભળ્યું આ... દેખો તો જ્ઞાનસાગરમાં તમારા જામનગરથી બહાર પડ્યું છે, પુનાતર તરફથી. ત્રણ યોગની સરળતા પુણ્યબંધનું કારણ છે. ત્રણ યોગમાં સરળતા ધર્મ છે, એમ તેણે નથી લખ્યું. ............ સમજાણું કાંઈ? .....

શુભ અને અશુભ નવ તત્ત્વમાં શુભ-અશુભ કોને કહે છે તેનું સ્વરૂપ બતાવ્યું. તેને એમ સમજવું. તેને સંવર, નિર્જરા ન સમજવી. તેને આખો પૂર્ણ આત્મા ન સમજવો. દયા, દાન આદિનો રાગ આવ્યો, રાગ મંદ પ્રસન્નતા તેને પુણ્ય સમજવું. સાથે મિથ્યાત્વ આદિ ભાવ તેને પાપ સમજવું. જ્ઞાયકભાવ તેને જીવ સમજવો. અને સંવર, નિર્જરા બીજી ચીજ છે એ આગળ નવ તત્ત્વમાં વિસ્તારમાં કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## ગાથા-૧૩૨

सुहपरिणामो पुण्णं असुहो पावं ति हवदि जीवस्स ।
दोण्हं पोग्गलमेत्तो भावो कम्मत्तणं पत्तो ।। १३२ ।।

शुभपरिणाम: पुण्यमशुभ: पापमिति भवति जीवस्य ।
द्वयो: पुद्गलमात्रो भाव: कर्मत्वं प्राप्त: ।। १३२ ।।

पुण्यपापस्वरूपाख्यानमेतत् ।

जीवस्य कर्तु: निश्चयकर्मतामापन्न: शुभपरिणामो द्रव्यपुण्यस्य निमित्तमात्रत्वेन कारणीभूतत्वात्तदास्रवक्षणादूर्ध्वं भवति भावपुण्यम् । एवं जीवस्य कर्तुर्निश्चयकर्मतामापन्नोऽ-शुभपरिणामो द्रव्यपापस्य निमित्तमात्रत्वेन कारणीभूतत्वात्तदास्रवक्षणादूर्ध्वं भावपापम् । पुद्गलस्य कर्तुर्निश्चयकर्मतामापन्नो विशिष्टिप्रकृतित्वपरिणामो जीवशुभपरिणामनिमित्तो द्रव्यपुण्यम् । पुद्गलस्य कर्तुनिश्चियकर्मतामापन्नो विशिष्टप्रकृतित्वपरिणामो जीवाशुभपरिणामनिमित्तो द्रव्यपापम् । एवं व्यवहारनिश्चयाभ्यामात्मनो मूर्तममूर्तञ्च कर्म प्रज्ञापितमिति ।। १३२ ।।

શુભભાવ જીવના પુણ્ય છે ને અશુભ ભાવો પાપ છે;
તેના નિમિત્તે પૌદ્‌ગલિક પરિણામ કર્મપણું લહે. ૧૩૨.

**અન્વયાર્થ :- (जीवस्य) જીવના (शुभपरिणाम:) શુભ પરિણામ (पुण्यम्) પુણ્ય છે અને (अशुभ:) અશુભ પરિણામ (पापम् इति भवति) પાપ છે; (द्वयो:) તે બન્ને દ્વારા (पुदगलमात्र: भाव:) પુદ્‌ગલમાત્ર ભાવ (कर्मत्वं प्राप्त:) કર્મપણાને પામે છે (અર્થાત્ જીવના પુણ્ય-પાપભાવના નિમિત્તે શાતા-અશાતાવેદનીયાદિ પુદ્‌ગલમાત્ર પરિણામ વ્યવહારથી જીવનું કર્મ કહેવાય છે).**

ટીકા :- આ, પુણ્ય-પાપના સ્વરૂપનું કથન છે.

જીવરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત શુભ પરિણામ દ્રવ્યપુણ્યને નિમિત્તમાત્રપણે કારણભૂત છે તેથી 'દ્રવ્યપુણ્યાસ્રવ'ના પ્રસંગને અનુસરીને (-અનુલક્ષીને) તે શુભ પરિણામ 'ભાવપુણ્ય' છે. (શાતાવેદનીયાદિ દ્રવ્યપુણ્યાસ્રવનો જે પ્રસંગ બને છે તેમાંજીવના શુભ પરિણામ નિમિત્તકારણ છે માટે 'દ્રવ્યપુણ્યાસ્રવ'પ્રસંગની પાછળ પાછળ તેના નિમિત્તભૂત શુભપરિણામને પણ 'ભાવપુણ્ય' એવું નામ છે.) એવી રીતે જીવરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત અશુભપરિણામ દ્રવ્યપાપને નિમિત્તમાત્રપણે કારણભૂત છે તેથી 'દ્રવ્યપાપાસ્રવ'ના પ્રસંગને અનુસરીને (-અનુલક્ષીને) તે અશુભપરિણામ 'ભાવપાપ' છે.

પુદ્‌ગલરૂપ કર્તાના *નિશ્ચયકર્મભૂત વિશિષ્ટપ્રકૃત્તિરૂપ પરિણામ (-શાતાવેદનીયાદિ ખાસ પ્રકૃત્તિરૂપ પરિણામ)-કે જેમાં જીવના શુભપરિણામ નિમિત્ત છે તે દ્રવ્યપુણ્ય છે. પુદ્‌ગલરૂપ કર્તાના *નિશ્ચયકર્મભૂત વિશિષ્ટપ્રકૃત્તિરૂપ પરિણામ (-અશાતાવેદનીયાદિ ખાસ પ્રકૃત્તિરૂપ પરિણામ)-કે જેમાં જીવના અશુભપરિણામ નિમિત્ત છે તે દ્રવ્યપાપ છે.

આ પ્રમાણે વ્યવહાર તથા નિશ્ચય વડે આત્માને મૂર્ત તથા અમૂર્ત કર્મ દર્શાવવામાં આવ્યું.

ભાવાર્થ :-નિશ્ચયથી જીવના અમૂર્ત શુભાશુભપરિણામરૂપ ભાવપુણ્યપાપ જીવનું કર્મ છે. શુભાશુભપરિણામ દ્રવ્યપુણ્યપાપનું નિમિત્તકારણ હોવાને લીધે મૂર્ત એવાં તે પુદ્‌ગલપરિણામરૂપ (-શાતા-અશાતાવેદનીયાદિ) દ્રવ્યપુણ્યપાપ વ્યવહારથી જીવનું કર્મ કહેવાય છે.

## પ્રવચન નં :-૩૨, ગાથા-૧૩૨,
## ભાદરવા વદ ૬, તા-૨૭-૯-૬૪, રવિવાર

પંચાસ્તિકાયઃ-૧૩૨ ગાથા ચાલે છે. ભગવાન તીર્થંકરદેવે જે નવ પદાર્થનો વિસ્તાર કહ્યો, તેનો વિસ્તાર ચાલે છે. આ ૧૩૨મી ગાથા આવી છે. પુણ્ય-પાપના સ્વરૂપનું કથન. નવ પદાર્થ છે ને, નવ તત્ત્વ. જીવ-અજીવ તો બે દ્રવ્ય છે દ્રવ્ય. દ્રવ્ય એટલે વસ્તુ. જીવ-અજીવ બે પદાર્થ. તેના સંયોગમાં સાત પર્યાય ઉત્પન્ન થાય છે. જીવમાં સાત પર્યાય-પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. જડમાં સાત પર્યાય કર્મે ઉત્પન્ન થાય છે. એ બે કર્મ મળીને નવ તત્ત્વ કહેવામાં આવ્યા છે.

નવ તત્ત્વ શું છે તે સમજ્યા વગર તેની સાચી શ્રદ્ધા થતી નથી અને સાચી શ્રદ્ધા વગર સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન વગર તેને કોઈ વ્રત, તપ, સંવર થતા નથી. બધું અજ્ઞાન થાય છે. તો કહે છે, પુણ્ય અને પાપ ભગવાન તીર્થંકરદેવ પરમાત્માએ શું સ્વરૂપ કહ્યું કે જે પુણ્ય અને પાપભાવ બેય હેય છે. સમજાણું કાંઈ? હેય છે. છોડવા લાયક છે. ધર્મ નહીં. પુણ્ય અને પાપ બેય ભાવ ધર્મ નથી. પણ છે તેને જાણવા લાયક છે. સમ્યગ્દૃષ્ટિને પણ પુણ્ય આદિ પાપનો ભાવ આવે છે. તે જાણવા લાયક છે. આદરવા લાયક નથી. એ પુણ્ય-પાપનું શું સ્વરૂપ છે એ બતાવે છે. જુઓ! ગાથા ૧૩૨.

*જીવ કર્તા છે અને શુભ પરિણામ તેનું (અશુદ્ધનિશ્ચયનયે) નિશ્ચયકર્મ છે.*

**પુદ્‌ગલ કર્તા છે અને વિશિષ્ટપ્રકૃત્તિરૂપ પરિણામ તેનું નિશ્ચયકર્મ છે (અર્થાત્ નિશ્ચયથી પુદ્‌ગલ કર્તા છે અને શાતાવેદનીયાદિ ખાસ પ્રકૃત્તિરૂપ પરિણામ તેનું કર્મ છે).*

**सुहपरिणामो पुण्णं असुहो पावं ति हवदि जीवस्स ।**
**दोण्हं पोग्गलमेत्तो भावो कम्मत्तणं पत्तो ।। १३२ ।।**

ટીકા :-**જીવરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત શુભ પરિણામ,** જુઓ! આટલા શબ્દની વ્યાખ્યા આત્મા અનંતગુણનો પિંડ પૂર્ણ સ્વરૂપ આત્મા છે. તેની પર્યાયમાં જીવ કર્તા થઈને, કર્તા થઈને પુણ્ય પરિણામનો રટવાવાળો થઈને આત્મામાં શુભભાવ પુણ્ય થાય છે. સમજાણું કાંઈ? જુઓ! **જીવરૂપ કર્તાના,** જીવ કર્તા છે. કરવાવાળો છે. **નિશ્ચયકર્મભૂત,** આત્માની પર્યાયમાં, અવસ્થામાં દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો જે વિકલ્પ ઊઠે છે તે રાગ છે, તે પુણ્ય છે, તે નિશ્ચયથી આત્માનું કાર્ય છે. સમજાણું કાંઈ? શું શેઠી! શું થયું?

મુમુક્ષુ :- સર્વથા હેય બતાવ્યું.

ઉત્તર :-હા, સર્વથા હેય.

મુમુક્ષુ :- આશ્રય કરવા લાયક છે.

ઉત્તર :- આશ્રય બાશ્રય કરવા લાયક બિલકુલ નહીં. પુણ્યભાવ આશ્રય કરવા લાયક માને એ મિથ્યાદષ્ટિ મૂઢ છે. એ જૈન છે નહીં. તેને જૈનની, વીતરાગની આજ્ઞા શું છે તેની ખબર નથી.

મુમુક્ષુ :- આવે તો છે?

ઉત્તર :- આવે છે તો આજ્ઞા છે રાખવાની? તેમાં શું આવ્યું? એ તો કાલ આવી ગયું. સમજાણું કાંઈ? અહીં કહે છે કે જીવરૂપ કર્તા, પોતાના નિશ્ચય કર્મ એટલે કાર્યભૂત. આત્માની પર્યાયમાં થાય છે તે કારણે નિશ્ચય અને શુભભાવ છે તે કાર્ય. આત્માની દયાના, અહિંસાના, સત્યના, દત્તના, બ્રહ્મચર્યના, અપરિગ્રહના, દાન વગેરે ભાવ, ભક્તિ, વ્રત, પૂજા એવા જે રાગ આવે છે, તે નિશ્ચયથી કર્તા આત્માનું કાર્ય છે. છે તે પર્યાય. તે શુભરાગરૂપી વિકારી પર્યાય તેને પુણ્ય કહે છે. શા માટે પુણ્ય કહે છે તે પણ અહીં થોડું લઈ લેશે. સમજાણું કાંઈ? ખબર ન મળે શું પર્યાય છે. દેરીયાજી! પર્યાય સિધ્ધમાં પણ લાગુ પડી ગઈ. પર્યાય પીછો છોડતી નથી. પર્યાય તો પોતાનો સ્વભાવ છે. વિકારી હોય કે અવિકારી હોય દરેક આત્માના પર્યાય પરિણામ અવસ્થા કહો, પર્યાય કહો તે તેનો ધર્મ છે. ધર્મનું નામ તેનો સ્વભાવ છે. પર્યાય ન હોય તો દ્રવ્ય ન હોય, દ્રવ્ય ન હોય તો પર્યાય ન હોય. પણ ખબર નહીં. વસ્તુ આમ એવી અંધાધૂંધ ચાલે અને માની લ્યે.

ભગવાનઆત્મા દ્રવ્ય છે. અનંતગુણનો પિંડ, પદાર્થ. તેની પર્યાયમાં પરિણમન છે. પલટવું અવસ્થા થાય છે. તેમાં આ પુણ્યપરિણામ એક અવસ્થા છે. દયા, દાન, વ્રત, ભક્તિ, તપ એવો જે વિકલ્પ ઊઠે છે, બહારની ક્રિયા નહીં. રાગ ઊઠે છે. એ શુભ પરિણામ પુણ્ય છે. જેનાથી શાતાવેદનીય આદિ બંધ પડે છે. ધર્મ નહીં. **નિશ્ચયકર્મભૂત,** જુઓ! તે નિશ્ચયથી આત્માનું કાર્ય છે. કોણ? શુભ

પરિણામ, શુભભાવ, શુભ પર્યાય, શુભ વિકારી દશા તે આત્મામાં, આત્માથી કર્તા થઈને, શુભ પરિણામ આત્માની પર્યાયમાં થાય છે. તેનો કર્તા આત્મા છે. કહો, સમજાણું કાંઈ?

**એ શુભ પરિણામ નિશ્ચયકાર્યભૂત દ્રવ્યપુણ્યને નિમિત્તમાત્રપણે કારણભૂત છે.** શું કહે છે, જે શુભભાવ થયા અહિંસા, સત્ય, દત્ત, દયા આદિ નવા પુણ્ય શાતાવેદનીય ઉચ્ચ ગોત્ર, લાંબુ આયુષ્ય વગેરે. જેનું લાંબુ હોય-નારકીનું તો સાત છે. મનુષ્ય આદિનું. એવું આયુષ્ય અને નામ કર્મ પુણ્ય-યશોકીર્તિ વગેરે. એવી જડ પ્રકૃત્તિ બંધાય છે, તેમાં શુભ પરિણામ નિમિત્ત પડે છે. તેને નિમિત્ત કહેવામાં આવે છે. કહો. સમજાણું કાંઈ? શુભ પરિણામ, જો જીવનું નિશ્ચય કાર્ય છે. તે દ્રવ્યપુણ્ય. દ્રવ્યપુણ્ય સમજાય છે? જડ જડ. કર્મમાં શાતાવેદનીય આદિ રજકણ જે પડે, રજકણ ધૂળ ઝીણી. આઠ કર્મ છે તેમાં ચાર કર્મ અઘાતિમાં પુણ્ય છે અડધા. બીજા પાપ છે. અને ચાર ઘાતિકર્મ તો એકલા પાપ જ છે. (શ્રોતા :- ઘાત કરવાવાળા) ઘાત કરવાવાળા નહીં. એમ નથી કહેતાં. પાપ છે એમ કહે છે. કર્મ પોતાની પર્યાયને ઘાત કરતા નથી. કહેવા માત્ર છે. કર્મ તો જડ છે. પર પદાર્થ પોતાની પર્યાયને ઘાત કરે એમ કયારેય બનતું નથી. ઘાતિકર્મ ઘાત કરે. એ નામ આવ્યું. ભિખારીનું લક્ષ્મીચંદ નામ આવ્યું તો લક્ષ્મીચંદ થઈ ગયો? ભિખારીને લક્ષ્મીચંદ નામ નથી આપતાં? એવું નામ છે આ. એ પરમાણુની પર્યાયનું નામ ઘાતિકર્મ કહેવામાં આવ્યું છે. આત્મા પોતાની પર્યાયને ઉલટો થઈને ઘાત કરે છે ત્યારે તે કર્મ ઘાતિ નિમિત્ત કહેવામાં આવે છે. તે કારણથી ઘાતિ કહેવામાં આવે છે. આહાહા! ઘાત પોતાથી પોતાની પર્યાયમાં (થાય છે.) પરથી થાય છે? સમજાણું કાંઈ? બપોરે આવે છે. પોતાના પરિણામ પોતામાં થાય છે પરના પરિણામ પરમાં છે.

જૈન સંપ્રદાયમાં જન્મે પણ જૈન પરમેશ્વર શું કહે છે, નહીં ખબર પોતાને નહીં ખબર ત્યાગીને. જય નારાયણ એમ ચાલે. 'જય નારાયણ' રખડવાનું થાય. ચાર ગતિમાં રખડશે. કહો, સમજાણું કાંઈ? ભગવાનઆત્મા પોતાના અંતર આનંદ અને જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવે તેમાંથી અસ્થિર થઈને જે પુણ્યના શુભ પરિણામ થાય છે તે આત્માનું નિશ્ચયથી યથાર્થ કાર્ય છે. તે શુભ કાર્ય નવા દ્રવ્યપુણ્યને નિમિત્ત છે. શાતાવેદનીય આદિ નવા કર્મ બંધાય છે તેમાં તે શુભ પરિણામ નિમિત્ત છે. સમજાણું કાંઈ?

**દ્રવ્યપુણ્યને નિમિત્તમાત્રપણે કારણભૂત છે. તેથી 'દ્રવ્યપુણ્યાસ્રવ'ના પ્રસંગને અનુસરીને (-અનુલક્ષીને)** જુઓ! આ આવ્યું. દ્રવ્યપુણ્ય જડમાં પરમાણુમાં થાય છે. શાતાવેદનીય જડ અજીવ માટી ઝીણી ધૂળ. એ ધૂળમાં જે શાતાવેદનીય છે તે જડના પુણ્ય પ્રકૃત્તિ પરિણામ કહેવામાં આવે છે. જડના પરિણામ હોં! એ **'દ્રવ્યપુણ્યાસ્રવ'ના પ્રસંગને અનુસરીને (-અનુલક્ષીને)** એ નિમિત્ત જે જડ થાય છે પુણ્ય તેનું અનુસરણ અનુલક્ષ કરીને શુભ પરિણામને પુણ્ય કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? આ તકરાર છે ને. પહેલું નિમિત્ત પહેલું નિમિત્ત. પહેલું નિમિત્ત શું છે? આ ફેરવી નાખ્યું.

પંડિતજીએ પક્ષ લીધો એમ કહે છે. કહો, સમજાણું કાંઈ?

અરે! ભગવાન! તત્ત્વ શું છે, નવ તત્ત્વમાં દ્રવ્ય કેટલાં અને પર્યાય કેટલી એ તો ખબર ન મળે! ભગવાન જાણે! ભગવાન તો જાણે છે ને? તને શું ખબર છે? નવ તત્ત્વ ભગવાને કહ્યા તેની યથાર્થ શ્રદ્ધા આત્મજ્ઞાનપૂર્વક હોય તો સમ્યગ્દર્શન થાય છે. સમ્યગ્દર્શન વિના કોઈ વ્રત, તપ, સંયમ કાંઈ હોતું જ નથી. બધા બાળ (તપ) અજ્ઞાન તપ છે. મુર્ખાઈથી ભરેલાં અજ્ઞાન મુર્ખાઈ છે. એ તો ખબર નથી શું છે? કહે છે કે નવ તત્ત્વમાં જે પુણ્ય પરિણામ છે તે શુભભાવ તે નવા જડકર્મમાં નિમિત્ત પડે છે. જડકર્મ પુણ્ય છે તો પુણ્યનું અનુલક્ષ કરીને શુભભાવને પુણ્ય કહ્યા. એમ અહીં સંબંધ લગાવ્યો છે. અહીં શુભભાવથી ત્યાં પુણ્યનું નિમિત્ત નથી લગાવ્યું. શેઠી! ફરીથી આ કહે છે ને?

શુભભાવ થયો તેનાથી ત્યાં દ્રવ્યપુણ્ય બંધાયું તો તેને પુણ્ય કહ્યું. એમ અહીં નથી કહ્યું. નવા જે જડ દ્રવ્યપુણ્ય બંધાય છે, શાતાવેદનીય, ઉચ્ચ ગોત્ર, દેવાદિનું લાંબુ આયુષ્ય વગેરે. સમજાણું કાંઈ? તે જડની પરમાણુની પર્યાય છે. દ્રવ્યપુણ્ય પરમાણુ પુદ્‌ગલ અજીવ માટી મૂર્ત ધૂળની પર્યાય છે. તેને પુણ્ય કહ્યા તો તેમાં જે નિમિત્ત ભાવ પડયો તેનું અનુલક્ષ કરીને, તેને અનુસરીને શુભભાવને પણ પુણ્ય કહ્યા. અમરચંદભાઈ! આ બીજી ગતિએ વાત છે. અહીંથી લગાવ્યું છે અહીંથી નહીં. કર્મ પુણ્ય બંધાવે છે, માટે ભાવને પુણ્ય કહેવામાં આવ્યું છે. આહાહા!

મુમુક્ષુ :- ..ભાવ તો પહેલાં છે.

ઉત્તર :- પહેલાં નથી. પહેલાં કયાંથી આવ્યા? કોણ કહે છે પહેલાં?

મુમુક્ષુ :- ....... થયા.

ઉત્તર :- ના ના થયા બયા નથી. બધું એક સાથે છે. કયાંથી આવ્યા?

મુમુક્ષુ :- શુભ હોવા છતાં....

ઉત્તર :- બસ, એટલું સિદ્ધ કરવું છે. એક સમયમાં, એક સેકન્ડના અસંખ્ય ભાગમાં, જયારે દ્રવ્યપુણ્ય બંધાય છે, જડમાં જડના પરિણામ થાય છે, પુણ્યરૂપ પરિણામ જડમાં જડમાં જડના પરિણામ. એ અપેક્ષા લઈને શુભભાવને આત્મામાં શુભભાવ થયો. દયા, દાન, વ્રત, તપનો વિકલ્પ જો શુભરાગ તેને ભગવાન કહે છે કે દ્રવ્યપુણ્યનું અનુલક્ષ કરીને તેને પુણ્ય કહ્યું. સમજાણું કાંઈ? પહેલાં પછી નહીં. શેઠી! શું થયું? વળી પહેલાં ત્યાં થયા ને અહીં કયાંથી આવ્યા? એ તો તકરારી પ્રશ્ન છે. પહેલાં નિમિત્ત થયું પછી નૈમિત્તિક થયું એમ કોઈ કાઢે છે. એમ છે જ નહીં. સાથે છે. સ્વતંત્ર નહીં, સાથે છે. સ્વતંત્ર તો છે પણ બેય એક સમય....

મુમુક્ષુ :- .......

ઉત્તર :- ના તે નહીં. ભાવ તો દ્રવ્યપુણ્યમાં તે નિમિત્ત છે. તે કારણે તેને પુણ્ય કહ્યું. પછી

કહેવામાં આવ્યું. દ્રવ્યપુણ્યમાં શુભ પરિણામ નિમિત્ત છે. નવા બંધાય છે તે શુભ પરિણામમાં નિમિત્ત નથી. તેને પુણ્ય કહેવામાં આવ્યા. એવી વાત છે. સમજાણું કાંઈ?

આત્મામાં તો અનંતગુણ આનંદ સચ્ચિદાનંદ સિધ્ધ સમાન આત્મા છે દ્રવ્ય વસ્તુ વસ્તુ. પર્યાયમાં જેટલા દયા, દાન, વ્રતના પરિણામ આવે છે, તે શુભરાગ છે, પુણ્ય છે. તો કહે છે કે તેને પુણ્ય કેમ કહ્યા? કે શાતાવેદનીય આદિ જડકર્મ પુણ્ય બંધાય છે, તેનું અનુલક્ષ કરીને શુભભાવને પુણ્ય કહેવામાં આવ્યા છે. તે નવા (કર્મ) બને છે એ શુભ પરિણામમાં નિમિત્ત છે એમ નથી. શું? અહીં તો બહુ ફેર છે. નવા કર્મ બને છે એ શુભ પરિણામમાં નિમિત્ત છે એમ નથી. પણ નવા બને છે તેમાં શુભ પરિણામ નિમિત્ત છે. શુભ પરિણામ નિમિત્ત છે. શુભ પરિણામમાં નવા કર્મ નિમિત્ત છે એમ નથી. સમજાણું કાંઈ? અહીંયાં તો એટલું સિધ્ધ કરવું છે કે, ભગવાનઆત્મા પોતાની પર્યાયમાં જે જેટલા પરિણામ દયા, દાન, વ્રત આ તપમાં રાગ મંદ કરતા હોય તો, શુભ પરિણામ હોય તો તેને પુણ્ય કેમ કહ્યું? એ નવા શાતાવેદનીય પરમાણુમાંથી બંધાય છે એ પુણ્ય બંધાય છે. પુણ્ય બંધાય છે તેનું અનુલક્ષ કરીને શુભભાવને પુણ્ય કહેવામાં આવ્યા. શુભભાવમાં દ્રવ્યપુણ્ય નિમિત્ત છે એમ નથી. પણ દ્રવ્યપુણ્યને કારણે શુભભાવને પુણ્ય કહેવામાં આવ્યા. બસ એટલું. અને શુભભાવ નવા દ્રવ્યકર્મ બંધાય છે તે પોતાને કારણે બંધાય છે, તેમાં શુભ પરિણામ નિમિત્ત છે. કહો, સમજાણું કાંઈ? લ્યો! આ પંડિત માણસ છે ને ગંભીર માણસ એ તો અમારે પંડિતમાં ગણાય છે. કહો, સમજાણું કાંઈ?

આ ૧૩૨મી ગાથા ચાલે છે. તે ગાથા સંબંધી ચર્ચા બહુ જ ચાલી હતી. બાર દિવસ. ફરીવાર કહે છે. અહીંયાં ભાવપુણ્ય અને દ્રવ્યપુણ્ય બેની વાત ચાલે છે. ભાવપુણ્ય આત્માના પરિણામ થાય તેને ભાવપુણ્ય કહે છે. કયા પરિણામ? દયા, દાન, અહિંસા, વ્રત, ભક્તિ, પૂજા, સેવા, અનુકંપા એવા ભાવ તે ભાવપુણ્ય છે. રાગની મંદતા છે. ભાવપુણ્ય છે. કોને ભાવપુણ્ય નિમિત્ત પડે છે? નવા શાતાવેદનીય આદિ બંધાય છે તેમાં ભાવપુણ્ય નિમિત્ત છે. પણ જે દ્રવ્યપુણ્ય કહેવામાં આવ્યા છે, બંધાય છે તે કારણે શુભને ભાવપુણ્ય કહેવામાં આવ્યા. સમજાણું કાંઈ?

પહેલાં પછીની અહીં વાત છે જ નહીં. કે દ્રવ્યપુણ્ય પહેલાં અને ભાવપુણ્ય પછી, ભાવપુણ્ય પહેલાં અને દ્રવ્યપુણ્ય પછી. એક સમયમાં બે સાથે હોય છે. બધામાં એક સાથે હોય છે ને! આગળ પાછળ હોય છે? સમજાણું કાંઈ? વલ્લભદાસભાઈ! સમજાય છે કાંઈ આમાં? એય! જયંતિભાઈ! ભગવાન જાણે શું હશે ખબર ન મળે. આંધળે આંધળા એમ ને એમ. કરો સામાયિક અને કરો પોષા અને કરો પડિક્કમણા. ધૂળમાંય તારા સામાયિક નથી. હવે સાંભળને! હજી દૃષ્ટિ મિથ્યાત્વ છે, અજ્ઞાન શું છે, મિથ્યાત્વ શું છે તેની તો ખબર નથી. સમ્યગ્દર્શન શું છે તે પણ ખબર નથી. સમ્યગ્દર્શન તો છે નહીં પણ સમ્યગ્દર્શન કોને કહે છે તેની પણ ખબર નથી. થઈ ગયા વ્રત ને સંયમ ને મહાવ્રત ને દયા

ને દાન. ભગવાનભાઈ! એ બધા જૂના માણસ છે. એ જયંતિભાઈ ને આ વલ્લભદાસભાઈ! જુઓ! જામનગરના જૂના માણસ છે ને? આહાહા! અરેરે! કાંઈ ખબર ન મળે!

વીતરાગ પરમેશ્વર ત્રિલોકનાથ નવ તત્ત્વનું શું રૂપ છે, શું સ્વરૂપ છે. તેમાં હેય કોણ છે, ઉપાદેય કોણ છે. ખબર ન મળે. સમજાણું કાંઈ? અને (એમ કહે કે) તેને સમ્યગ્દર્શન છે, માની લ્યો. હવે વ્રત લઈ લ્યો તો સંયમ થઈ ગયો. ધૂળમાંય નથી. મૂઢ છે. બાળ મુર્ખાઈ ભરેલાં વ્રત, મુર્ખાઈ બાળ અજ્ઞાનીના તે તપ છે. તેવા વ્રત, તપમાં કોઈ સંવર, નિર્જરા છે નહીં. શેઠી! હવે તો બહુ જ સાંભળતા આવ્યા છીએ ને? હવે શું કઠણ પડે છે?

શું કીધું? જુઓ! અહીંયાં આચાર્યદેવે એટલા નવા બોલ લીધા કે આત્મા તો પવિત્રધામ અનંતગુણનો પુંજ આત્મા ભગવાન છે. તેને આત્મા જ્ઞાયકભાવ (કહે છે.) હવે તેની પર્યાય તેનું નામ આત્મા કહ્યું. હવે પર્યાયમાં કેવા ભાવને પુણ્ય કહ્યા અને તેને પુણ્ય કેમ કહ્યા? બે બોલ છે. તેની પર્યાયમાં, ભાવમાં જેટલા દયા, દાન, વ્રત, ભક્તિના ભાવ થાય છે તે શુભ પરિણામ છે. શુભ પર્યાય છે, વિકારી પર્યાય છે, મલિન દશા છે, ઉપાધિ ભાવ છે. તે શુભ પરિણામ ભાવપુણ્ય કહેવામાં આવ્યા ભાવપુણ્ય. ભાવપુણ્ય કેમ? કે આત્માની પર્યાયમાં થાય છે, અવસ્થામાં. માટે ભાવપુણ્ય કહેવામાં આવ્યા. તે ભાવપુણ્ય નિમિત્ત નવા શાતાવેદનીય આદિ નવા કર્મ બંધાય છે તે દ્રવ્યપુણ્ય. તો દ્રવ્યપુણ્યનું લક્ષ કરીને, અનુસરીને. છે તો સમય એક જ. શુભભાવને પુણ્ય કહેવામાં આવ્યા. દ્રવ્યપુણ્યને અનુસરીને કહેવામાં આવ્યા. દ્રવ્યપુણ્ય ભાવપુણ્યને નિમિત્ત છે એમ નહીં. ભાવપુણ્ય દ્રવ્યપુણ્યમાં નિમિત્ત છે. દ્રવ્યપુણ્ય ભાવપુણ્યને નિમિત્ત છે એમ નહીં. પણ દ્રવ્યપુણ્યને પુણ્ય કહ્યા તો તે પુણ્યનું અનુલક્ષ કરીને શુભભાવને ભાવપુણ્ય કહેવામાં આવ્યા. સમજાણું કાંઈ? એટલું અહીં કહ્યું. સમજાણું કાંઈ?

ખરેખર તો એ શુભભાવ છે તે આત્માનો સ્વભાવ છે જ નહીં. સમજાણું કાંઈ? એ તો વિકાર છે, વિભાવ છે, મેલ છે. જેમ હિંસા, જૂઠ, ચોરી, વિષય, ભોગ-વાસના, કામ-ક્રોધ, પાપ મેલ છે. તેમ દયા, દાન, અહિંસા, વિકલ્પ પુણ્ય મેલ છે. ધર્મ નહીં. અજ્ઞાનીને ખબર નથી. તે ધર્મ. બીજાને ધર્મ કહે, મિથ્યાત્વનું સેવન કરે, મિથ્યાદષ્ટિની પુષ્ટિ કરે અને માને કે અમે ધર્મ કર્યો. કહો, જયંતિભાઈ! શું કર્યું? અત્યાર સુધી શું કર્યું છે?

મુમુક્ષુ :- પ્રતિહાર્ય મળે ને?

ઉત્તર :- પ્રતિહાર્ય મળે. ધૂળમાંથી મળે. એમાં આત્માને શું થયું? ધર્મ નહીં. થઈ રહ્યું. ...... પુણ્યબંધ... ભવકટ્ટીનો નાશ ન થાય. દયા, દાન, પરિણામથી ચાર ગતિમાં પરિભ્રમણ કરશે. સમજાણું કાંઈ? એ હેય છે. જયસેનાચાર્યમાં લખ્યું છે. તેમાંથી બધું લીધું છે. જયસેનાચાર્યની ટીકામાં ૧૩૩ ગાથા

શરૂ કરીને તો આ હેયની વાત કરી દ્રવ્યભાવની. તેમાંથી બધું મોક્ષમાર્ગપ્રકાશક(માં લીધું છે.) સમજાણું કાંઈ?

**શુભ પરિણામ 'ભાવપુણ્ય' છે.** જુઓ! કૌંસમાં. **શાતાવેદનીયાદિ** નવા કર્મ બંધાય છે ને શુભભાવથી? નવા કર્મ બંધાય છે. શુભભાવથી સંવર, નિર્જરા નથી થતી. સંવર, નિર્જરા તો આત્મા અખંડાનંદ શુદ્ધ ચિદાનંદની મૂર્તિ. તેનું અંતરમાં અવલંબન કરીને ભગવાન પરમાનંદ પોતાની જ્યોત તેની અંતરમાં દૃષ્ટિ કરીને જ્યારે નિર્મળ પર્યાય થાય છે તેને ભગવાન સંવર, નિર્જરા કહે છે. સમજાણું કાંઈ? બાકી થોથે થોથા પુણ્ય ને પાપના પરિણામ કરે, બંધ કરે અને ચાર ગતિમાં રખડે. સમજાણું કાંઈ? **શાતાવેદનીયાદિ,** આદિ શબ્દે? શાતાવેદનીય, નામ કર્મ, ગોત્ર, આયુષ્ય. મનુષ્ય ઊંચા આયુષ્ય અને સ્વર્ગાદિ. **દ્રવ્યપુણ્યાસ્રવ,** દ્રવ્યપુણ્યાસ્રવ કહ્યું, **જે પ્રસંગ બને છે તેમાં,** દ્રવ્યપુણ્યાસ્રવ કોણ? નવા આવે છે તે. આ નવા આવે છે તેમાં અહીં પૂર્વની વાત નથી. જે શુભભાવ નવા પરમાણુ પોતાને કારણે આવે છે, **શાતાવેદનીયાદિ, દ્રવ્યપુણ્યાસ્રવનો જે પ્રસંગ બને છે તેમાં, પ્રસંગ બને છે** પરમાણુમાં કર્મની પર્યાય **તેમાં જીવના શુભ પરિણામ નિમિત્તકારણ છે.** દ્રવ્યપુણ્યાસ્રવ જે આવે છે તેમાં જીવના શુભ પરિણામ નિમિત્ત છે. **માટે 'દ્રવ્યપુણ્યાસ્રવ'પ્રસંગની પાછળ પાછળ એ** દ્રવ્યપુણ્યાસ્રવ જે રજકણો આવ્યા તેને અનુસરીને, લક્ષ કરીને, પાછળ પાછળનો અર્થ પછી પર્યાય થઈ એમ નથી. તેને દ્રવ્યપુણ્ય કહ્યું, તો અહીં શુભને ભાવપુણ્ય કહેવામાં આવ્યા. સાથે સાથે. પાછળ પાછળ એટલે સાથે નામ લીધું. શેઠ થાય તો તેનું નામ નોકર આપે છે કે નહીં?

**તેના નિમિત્તભૂત,** કોના નિમિત્તભૂત? નવા દ્રવ્યપુણ્યાસ્રવ આવે છે. નવા જડકર્મનો બંધ આવે છે તે દ્રવ્યપુણ્ય **તેના નિમિત્તભૂત શુભ પરિણામને પણ ભાવપુણ્ય એવું નામ છે.** ભાવપુણ્ય એવું નામ છે. ભાવપુણ્ય આત્માની વિકારી પર્યાય છે. જડપુણ્ય કર્મની વિકારી પર્યાય છે. પુદ્‌ગલની વિકારી પર્યાય છે. બેય ભિન્ન ભિન્ન ચીજ છે. દ્રવ્યપુણ્ય જડની પર્યાય છે. ભાવપુણ્ય જીવની વિકારી પર્યાય છે. બેય ચીજ ભિન્ન ભિન્ન છે. સમજાણું કાંઈ? ભગવાન જાણે ભાવપુણ્ય શું હશે ને દ્રવ્યપુણ્ય શું હશે? સમજાણું કાંઈ? ભગવાન તો જાણે છે. આ ભગવાન જણાવે છે.

**એવી રીતે જીવરૂપ કર્તાના,** એક બોલ ચાલ્યો. પુણ્ય પરિણામની વાત. તેને શુભભાવ પુણ્ય કેમ કહ્યા? કે દ્રવ્યપુણ્ય આવે છે તે દ્રવ્યપુણ્ય ખરેખર જડની પર્યાય છે તેનું લક્ષ કરીને તેને ભાવપુણ્ય કહેવામાં આવ્યા. નહીંતર વિકારી ભાવ છે તેને પુણ્ય કેમ કહ્યા? દ્રવ્યપુણ્યને કારણે તેને ભાવપુણ્ય કહ્યા. સમજાણું કાંઈ? ખાસ વાત છે એટલે તેમાંથી એક માણસ કહે છે. જુઓ! પહેલાં નિમિત્ત તેની પાછળ પાછળ નૈમિત્તિકભાવ. એમ છે નહીં.

મુમુક્ષુ :- સમયભેદ નથી.

ઉત્તર :- સમયભેદ નહીં.

મુમુક્ષુ :- કાળ ભેદ

ઉત્તર :- કાળ ભેદ પણ ક્યાં છે? એ તો દ્રવ્યપુણ્ય શાતાવેદનીયમાં કહ્યું તો અહીં ભાવપુણ્ય તેમાં નિમિત્ત છે. તો દ્રવ્યપુણ્ય ત્યાં નિમિત્ત છે તો ત્યાં ભાવપુણ્ય કહેવામાં આવ્યા. ખરેખર વિકારી પરિણામને ભાવપુણ્ય કેમ કહ્યા? કે દ્રવ્યપુણ્યનું તેમાં નિમિત્ત પડ્યું. અને દ્રવ્યપુણ્યને પુણ્ય કહ્યું, તેને કારણે આને ભાવપુણ્ય કહ્યું. બસ આ વાત છે. આહાહા! જુઓ! અમૃતચંદ્ર આચાર્યમહારાજે એવો શબ્દ લીધો છે. પાઠમાં લીધું છે, અનુસરીને, **'દ્રવ્યપુણ્યાસ્રવ'પ્રસંગને અનુસરીને,** એવો પાઠ છે. અમૃતચંદ્રાચાર્યની ટીકા. સમજાણું કાંઈ? આવી વાત આ સમજવું. એ કરતાં પાળને દયા ને વ્રત, થઈ જશે કલ્યાણ. એટલે તો બિચારો મરી ગયો, એમ ને એમ. અનંતકાળ ચાલ્યો ગયો. એમાં પણ ક્યાંય જન્મ-મરણ તેના નાશ થયા નહીં. દેવીલાલજી! શું છે? કરો ભક્તિ ભગવાનની! કરી નાખો. ઓલો કહે પાળો દયા, ઓલો કહે કરો જાત્રા, ઓલો કહે કરો વ્રત, બીજો કહે કરી નાખો અપવાસ. બધા મૂઢે મૂઢ છે. તેમાં ધર્મ માને એ. ભાવ શુભ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અજ્ઞાનીના શુભભાવની શું કિંમત? જ્ઞાનીના શુભભાવ પણ બંધનરૂપ છે.

ઉત્તર :- એ બંધનભાવ..... આ તો અજ્ઞાની મિથ્યાદષ્ટિ છે ને. તેને શુભભાવ છે તેમાં તો કાંઈ લાભ છે નહીં. ચાર ગતિ .... સમ્યગ્દષ્ટિને શુભભાવ આવે છે જરૂર ભક્તિનો, વ્રતનો પણ એ રાગ પુણ્યબંધનું કારણ જાણે છે. પોતાના આત્માની શાંતિ અને ધર્મનું કારણ નથી માનતા. અજ્ઞાની તેને ધર્મ માને છે. કહો, ભીખાભાઈ!

મુમુક્ષુ :- માન્યતા .....

ઉત્તર :- હા તો તેને માટે તો નવ પદાર્થ બતાવે છે. એ આત્માની સન્મુખ થઈને નવ પદાર્થ જેવા છે તેવા તેને માનવા. તો તેનું નામ સમ્યગ્દર્શન કહે છે. સમજાણું કાંઈ? ભગવાન શું કહે છે. ભગવાન શું? નવ તત્ત્વના નામ પણ હજી ઘણાને નથી આવડતા. પાછા જીવ, અજીવ બોલી જાય પણ કોને કહે છે? સમજાયા વિના પાછું તેને સમજાય. એ ભીખ માંગવાની ટેવ છે. કહે છે. ભીખાલાલ છે ને? સમજાણું કાંઈ? ભીખાલાલ નામ છે ને?

અહીં તો ભગવાન કહે છે કે કોઈની પર્યાયના કોઈ કરવાવાળા છે જ નહીં. ભીખાભાઈની માંગણી ક્યાં આવી? કહો, સમજાણું કાંઈ? એ પુણ્ય પરિણામની વાત કરી. પુણ્ય પરિણામ છે. અરૂપી વિકારી આત્મામાં ભાવ થાય છે. અહિંસાના, દયાના, દાનના, અનુકંપાના, સેવાના, ભગવાનના નામ સ્મરણના. એ બધા શુભરાગ છે. પુણ્યભાવ છે, પુણ્યબંધનું કારણ છે. સંવર, નિર્જરા નહીં. એ નવા પુણ્ય બંધાય છે તેને પુણ્ય કહેવામાં આવ્યા. તેને અનુસરીને શુભભાવને પુણ્ય કહેવામાં આવ્યા. બસ. સમજાણું કે

નહીં? શેઠ! પૂછે તો આ કહેતાં આવડે કે નહીં? ના પાડે છે તમારા. રાજમલજી કહે આવડે નહીં. એટલી હિંમત પણ થોડી ન આવી? કે કહી શકે. આટલી વાત તો કરી.

આત્મા અનાદિ અનંત વસ્તુ છે. કોઈએ બનાવી નથી. અકૃત્રિમ પદાર્થ આત્મા. તેની પર્યાયમાં એટલો ભાવ દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો આવ્યો તેને ભાવપુણ્ય કેમ કહ્યું? એ ભાવને પુણ્ય કેમ કહ્યા? કે તેના નિમિત્તથી નવા દ્રવ્યપુણ્ય બંધાય છે. તેને અનુસરીને તેને ભાવપુણ્ય કહેવામાં આવ્યા. બસ એટલી વાત છે. લ્યો! એ ભાવપુણ્ય આત્માનું નિશ્ચય કાર્ય છે. એ આવી ગયું નિશ્ચયકર્મ. ભાવપુણ્ય આત્માનું નિશ્ચયકાર્ય છે અને દ્રવ્યપુણ્ય તે પરમાણુનું નિશ્ચય કાર્ય છે. સમજાણું કાંઈ?

**એવી રીતે,** હવે પાપની વાત લ્યે છે. **જીવરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત,** કર્મ એટલે કાર્યભૂત. અશુભ પરિણામ. હિંસાનો ભાવ, જૂઠાનો ભાવ, ચોરીનો, વિષયનો, પરિગ્રહનો, ક્રોધ, માન, માયા, લોભ, ભોગ-વાસના બધા અશુભભાવ છે. પાપ ભાવ છે. મલિન ભાવ પાપ ભાવ છે. એ **જીવરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત છે.** કર્મ એટલે કાર્ય. એ જીવનું નિશ્ચયકાર્ય છે. પોતાની પર્યાયનું તે કાર્ય છે. જીવમાં પાપ થાય છે. કોઈ જડમાં નહીં. પુણ્ય પણ જીવમાં થાય છે, પરમાં નહીં. પોતાનો આત્મા દ્રવ્યગુણપર્યાય. દ્રવ્ય અનંતગુણનો પિંડ, ગુણ અનંત શક્તિઓ, તેની પર્યાય હાલત-હાલતમાં પાપ ભાવ થાય છે. પુણ્ય પણ તેની હાલતમાં અને પાપ પણ તેની હાલત પર્યાયમાં. (થાય છે.) સમજાણું કાંઈ?

કહે છે **જીવરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત,** કર્મ એટલે કાર્ય. **અશુભ પરિણામ દ્રવ્યપાપને નિમિત્તમાત્રપણે,** નવા પાપ બંધાય છે ને? જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય, અશાતાવેદનીય, નરક આયુષ્ય આદિ. એ પાપ કર્મનો બંધ છે. તેમાં આ પાપ પરિણામ નિમિત્ત કહેવામાં આવે છે. નવા બંધ પડે છે તેમાં પાપ પરિણામ અશુભભાવ નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એ અશુભ પરિણામ **દ્રવ્યપાપને નિમિત્તમાત્રપણે,** દ્રવ્યપાપ એટલે જડ.અશાતાવેદનીય જ્ઞાનાવરણીય કર્મ બંધાય તે જડ એ દ્રવ્યપાપ. માટી, ધૂળ, અજીવ. તેને અશુભ પરિણામ નિમિત્ત થયા તે ભાવ જીવનું પાપ. જીવના ભાવરૂપી પાપ. તે અરૂપી વિકારી ભાવ. અને જડ કર્મ છે, રૂપી, મૂર્ત જડ પર્યાય. કર્મની જડ પર્યાય. સમજાણું કાંઈ? આવી વાત પણ સાંભળી ન હોય. જયંતિભાઈ! હાલે છે ક્યાં? આખો દિ' મંડે છે, આ કરો ને આ કરો. અપવાસ કરી નાખો, આંબેલ કરી નાખો, સામાયિક કરો, પોષા કરો. પણ કોણ છો તું? શું કરે છે એ તને કાંઈ ખબર છે? (આત્માના) ભાન વિના. સમજાણું કાંઈ? મિથ્યાદર્શનમાં ધર્મ કરી લ્યો! શ્રદ્ધા તો વિપરીત છે. ભાન તો છે નહીં. શું પુણ્ય, શું પાપ, શું બંધન, શું જડ. જડમાં નિમિત્ત કોણ છે. સમજાણું કાંઈ?

તો કહે છે, નિશ્ચય જીવનું કાર્ય પાપ પરિણામ છે. હિંસા, જૂઠું, ચોરી, ક્રોધ, માન, માયા, લોભ,

રાગ-દ્વેષ પાપ પરિણામ છે. અરૂપી જીવના પરિણામ છે. જીવનું કાર્ય છે. જીવમાં થાય છે. જીવ સ્વતંત્ર થઈને પાપ પરિણામને કરે છે. સમજાણું કાંઈ? કર્મ બર્મની અહીં વાત કરી નથી હો! પૂર્વના કર્મ નિમિત્ત છે, એ સાધારણ વાત બેયમાં લીધી પણ નથી. પુણ્યમાં પણ પૂર્વના કર્મ નિમિત્ત છે એ વાત લીધી નથી. પાપમાં પણ પૂર્વના કર્મ નિમિત્ત છે એ વાત લીધી પણ નથી. પાપ પરિણામ થાય છે, નવા અશાતા આદિ બંધાય તેમાં પાપ પરિણામ નિમિત્ત કહેવામાં આવે છે. એમ લીધું છે.

અમૃતચંદ્રાચાર્યની શૈલી ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે. ભગવાનના પેટ ખોલીને જે વાત કરી તેને ટીકામાં સ્પષ્ટ કરી દીધી. સમજાણું કાંઈ? અશુભ પરિણામ, કોણ? કે જીવનું નિશ્ચય કાર્ય છે, ખરેખર જીવનું પાપ પરિણામ કાર્ય છે. વિકલ્પ પાપનો હિંસા, જૂઠું, ચોરી, વિષય વગેરે તે અશુભ પરિણામ દ્રવ્ય પાપને જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અશાતાવેદનીયને **નિમિત્તમાત્રપણે,** કારણ કે જડ પર્યાય ભિન્ન છે, આ પાપ પરિણામ ભિન્ન છે. નિમિત્તનો અર્થ કારણભૂત છે. નવા જડ કર્મ બંધાય તેમાં પાપ પરિણામ નિમિત્તરૂપ કારણ છે. પાપના પરિણામમાં પૂર્વના કર્મ નિમિત્ત છે એ વાત અહીં લીધી નથી. નવા કર્મમાં તો નિમિત્ત છે. નવા કર્મ પાપના પરિણામમાં નિમિત્ત છે. એમ છે જ નહીં. ભારે ગડબડ ભાઈ! સમજાણું કાંઈ?

નવો બંધ પડે છે તે અશુભ પરિણામમાં નિમિત્ત છે એમ છે નહીં. નવો બંધ પડે છે તેમાં અશુભ પાપ પરિણામ નિમિત્ત છે. અહીં પાપને પાપ કેમ કહ્યું? એ કહે છે. જુઓ! **તેથી 'દ્રવ્યપાપાસ્રવ'ના પ્રસંગને અનુસરીને (-અનુલક્ષીને),** ઓલું દ્રવ્યપાપ બંધાણું, એ દ્રવ્યપાપાસ્રવનો પ્રસંગ બન્યો, ત્યાં પરમાણુની પર્યાય બની, અશાતાવેદનીય જડમાં બન્યા એ **'દ્રવ્યપાપાસ્રવ'ના પ્રસંગને અનુસરીને (-અનુલક્ષીને) તે અશુભ પરિણામ 'ભાવપાપ' છે.** એમ કહેવામાં આવ્યું છે. કહો, સમજાણું કાંઈ?

ઉદયની વાત છે જ નહીં. એ તો કહ્યું ને પહેલાં? ઉદયનું શું કામ છે? પોતાથી પરિણામ થાય છે, તેનું કામ શું છે? આ તો પરિણામ પોતાથી થયા તેમાં નવા બંધ પડયા તે પરિણામ તેને નિમિત્ત પડયા. અને જે બંધ થયો તે પુણ્યનો બંધ થયો, તો અહીં શુભભાવને પુણ્ય કહ્યા. અશુભ પરિણામ નિમિત્ત નવા અશાતાના બંધાયા તે પાપ. તો અહીં અશુભ પરિણામને પાપ કહ્યા. બસ એટલી વાત છે. સમજાણું કાંઈ? પૂર્વને પૂર્વના પુણ્યની વાત છે જ નહીં. પૂર્વની અહીં વાત છે જ નહીં.

અહીં તો શુભ પરિણામ થયા તો પોતાના રાગની મંદતા કરવાથી દયા, દાન, વ્રતના શુભભાવ થયા. એ પરિણામમાં પૂર્વના કર્મની વાત લીધી જ નથી. તે પરિણામ નવા બંધમાં નિમિત્ત છે. અને નવા બંધમાં પુણ્ય પડયા તો શુભ પરિણામને પુણ્ય કહ્યા, પાપ પડ્યા તો અશુભ પરિણામને પાપ કહ્યા. બસ એટલી વાત લેવામાં આવી છે. સમજાણું કાંઈ? બે બોલ થઈ ગયા. ભાવપુણ્ય, દ્રવ્યપુણ્ય, ભાવપાપ,

દ્રવ્યપાપ. ભાવપુણ્ય-ભાવપાપ એ જીવની પર્યાય, દ્રવ્યપાપ-દ્રવ્યપુણ્ય એ કર્મની, પુદ્‌ગલની જડ પર્યાય. એ જડની પર્યાયનો કરવાવાળો આત્મા નથી અને આત્માના પુણ્ય-પાપભાવને કરવાવાળા કર્મ જડ નહીં. સમજાણું કાંઈ?

હવે પુદ્‌ગલની વાત લ્યે છે, જુઓ! જીવની લીધી હવે પુદ્‌ગલની. **પુદ્‌ગલરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત,** જુઓ! પુદ્‌ગલ કર્તા. કોણ કર્તા? એ શાતાવેદનીય બંધાય છે, શાતાવેદનીય. ઉચ્ચ ગોત્ર એવા પુણ્યના પરમાણુ બંધાય છે. એ પુણ્યની પર્યાયનો કર્તા કોણ? તો કહે એ પુદ્‌ગલકર્મ છે. જડ પુણ્યની પર્યાયનો કર્તા નિશ્ચયથી પુદ્‌ગલકર્મ છે. એ પુદ્‌ગલનું નિશ્ચય કાર્ય છે. કોણ? જો શાતાવેદનીય બંધાણી, ઉચ્ચ ગોત્ર બંધાણું એ પુદ્‌ગલનું નિશ્ચય કાર્ય છે. જડની પર્યાયરૂપી કાર્ય એ પુદ્‌ગલનું નિશ્ચય કાર્ય છે. આત્માનું નહીં. સમજાણું કાંઈ?

પુદ્‌ગલકર્મ નવા પરમાણુ, રજકણ છે ને. ધૂળ. આઠ કર્મ માટી. એ માટી છે. આ જેમ માટી છે એમ આઠ કર્મ અંદર ઝીણી ધૂળ છે. માટી ઝીણી. **પુદ્‌ગલરૂપ કર્તાના,** એ પુદ્‌ગલ કર્તા થઈને, **નિશ્ચયકર્મભૂત,** નીચે (ફૂટનોટમાં છે.) લખ્યું છે. **પુદ્‌ગલ કર્તા છે અને વિશિષ્ટપ્રકૃત્તિરૂપ પરિણામ તેનું નિશ્ચયકર્મ છે,** જુઓ! **(અર્થાત્ નિશ્ચયથી પુદ્‌ગલ કર્તા છે અને શાતાવેદનીયાદિ ખાસ વિશિષ્ટપ્રકૃત્તિરૂપ પરિણામ તેનું કર્મ છે).** એ પુદ્‌ગલનું કાર્ય છે.

આઠ કર્મમાં શાતાવેદનીયાદિ ચાર કર્મ જો અઘાતિના બંધાય એ પુદ્‌ગલની પર્યાય છે. પુદ્‌ગલની પર્યાય જો શાતા આદિરૂપ થઈ, તેનો નિશ્ચયથી કર્તા પુદ્‌ગલ છે. પુદ્‌ગલના પુણ્ય પરિણામ જડની પર્યાયમાં થયા, શાતાવેદનીય જડની પર્યાય એ પુદ્‌ગલનું નિશ્ચય કાર્ય છે. કાંઈ ખબર ન મળે.... અને થઈ જાય સમજણ વિના ધર્મ.

મુમુક્ષુ :- સમજણ નથી પડતી ત્યારે ઝળઝળીયા પડે છે.

ઉત્તર :- ત્યારે ઝળઝળીયા પડે છે ને? કહો, સમજાણું કાંઈ? પહેલાં જીવની વાત કરી શુભ-અશુભભાવ. પુણ્ય-પાપ કેમ કહ્યું? અને કેમાં તે પુણ્ય-પાપ નિમિત્ત પડયા, તેનું નામ કેમ પડયું એની વાત પહેલાં કરી દીધી. હવે એ પુણ્ય પરિણામ જે જીવમાં થયા ત્યાં જડમાં શાતાવેદનીય બંધાણા, ઉચ્ચ ગોત્ર બંધાણા એ પુદ્‌ગલનું નિશ્ચયકાર્ય છે. આત્મા તેને બાંધતો નથી. આત્મા અરૂપી છે, તે તો જડ માટી, ધૂળ છે. ધૂળની પર્યાય આત્મા કયાંથી કરે? લોકો કહે છે ને આત્મા અકત્તા ને વિકત્તા, આત્મા કર્મને કરે અને આત્મા કર્મને ભોગવે. મૂઢ છે, એવું કયાંથી લાવ્યો? જડની પર્યાય આત્મા કરે? જડની પર્યાય આત્મા ભોગવે? સમજાણું કાંઈ? આ તો નિમિત્તનું કથન છે. નિમિત્તનું કથન આવશે. સમજાણું કાંઈ?

આઠ કર્મ છે. તેમાં ચાર કર્મ અઘાતિ. એ બે પ્રકારે છે. પુણ્ય અને પાપ. ચાર ઘાતિ. એકલા પાપ

માટી ધૂળ હો! આઠ કર્મ જડ રજકણ છે. તો એ **પુદ્ગલરૂપ કર્તાના,** નિશ્ચયકાર્ય. એ પુદ્ગલનું કાર્ય. વળી પુદ્ગલને કાર્ય હોય? જીવને કાર્ય હોય. અરે! સાંભળને? માળા! આ પુદ્ગલનું કાર્ય છે. શું કહે છે આ? પુદ્ગલની પર્યાય છે.

મુમુક્ષુ :- હેરાન કર્યા!

ઉત્તર :- હેરાન કર્યા તમારા ભાવે. કોઈએ હેરાન કર્યા નથી. જેચંદભાઈ! હાથે કરીને હેરાન થઈ ગયા ને, કર્મે હેરાન કર્યા (એમ) મૂઢ માને છે. જેચંદભાઈ! તમે કર્મ જોયા છે? ક્યાં કર્મ છે? કર્મ તમને હેરાન કરી ગયા? કર્મ તો જડ છે. જડની પર્યાય આત્માને હેરાન કરી શકે છે? એ માને છે. મૂઢ મિથ્યાદષ્ટિ-જૈન નથી. વીતરાગના માર્ગની તેને ખબર નથી. એમ કહે છે. એ ક્યાં ગયા? શું આ કહે છે? હેરાન થઈ ગયા. હેરાન થઈ ગયા. બે ભેગા હતા ત્યારે ખુશી હશે જાણે મજા હશે, ધૂળમાં. બે ભાઈ ભેગા હશે ત્યારે મજા હશે. ધૂળમાંય મજા નથી. કલ્પના છે, કલ્પનાના ઘોડા. ધૂળમાં મજા ક્યાં હતી ન્યાં. પાંચ પચીસ લાખ પૈસા હોય કે દસ લાખ ધૂળ હોય. એ બધા દુઃખીના દાળીયા છે. સમજાણું કાંઈ? હેરાન હેરાન હેરાન હેરાન. હેરાન ભાવમાં હો! પરને કારણે નહીં. પોતાની પર્યાયમાં કલ્પના દોડાવે આવા અમે પૈસાવાળા છીએ, અમે સુખી છીએ, અમારે પૈસા આવે છે. મૂઢ છે. પરના પૈસા ક્યાં તારી ચીજ છે. એ તો જડ છે. માનતે છે કે અમે સુખી છીએ. મૂઢ છે. પ્રતિકૂળતામાં હેરાન થઈ ગયા. એ પણ તારી (પોતાની) મૂઢતાથી હેરાન થયો છો. શું પ્રતિકૂળ સંયોગથી હેરાન થાય છે? સમજાણું કાંઈ?

**પુદ્ગલરૂપ કર્તાના નિશ્ચયકાર્ય(કર્મ)ભૂત,** હો? કાર્ય નિશ્ચય. જડમાં કાર્ય થાય છે. પર્યાય તેની જડની કાર્ય છે. ખબર નહીં જડનું કાર્ય છે કે નહીં. કાર્ય તો આત્મા કરે. કાંઈ જડ કરતું હશે? અરે! ભગવાન! સાંભળ તો ખરો? કોઈ પણ જડ, કાર્ય વગર એક સમય પણ રહેતું નથી. કાર્ય કહો, પર્યાય કહો, અવસ્થા કહો. વસ્તુ પરમાણુ કાયમ રહીને તેની પર્યાય થાય છે તે જડનું કાર્ય છે. એ કર્મનું કાર્ય પુદ્ગલનું કાર્ય છે. આત્માનું નહીં. સમજાણું કાંઈ?

**નિશ્ચયકર્મભૂત,** ક્યાં ગયા મલુકચંદભાઈ! ઓલા પૈસામાં યાદ આવ્યા. તમારો છોકરો, દુઃખના દાળિયા છે. ધૂળમાંય કરોડ બે કરોડ થઈ ગયા લ્યો! ક્યાં ગયા ડોસા! આ ડોસા રહ્યા. આ આના મામાના દીકરા પાસે પંદર કરોડ છે, લ્યો ને? આ પ્રેમચંદભાઈનો મામો. પંદર કરોડ. એક દિવસની ત્રીસ, ચાલીસ હજારની પેદાશ. ધૂળમાંય સુખ નથી. હેરાન હેરાન ગોવામાં છે. મૂઢ! પૈસા તો ધૂળ છે. એ તો માટી અજીવ પુદ્ગલ છે. તેના કારણે તારામાં સુખ ક્યાંથી આવી ગયું?

મુમુક્ષુ :- એમ માનતા હતા કે પૈસામાં સુખ છે.

ઉત્તરઃ- એ જ કહે છે કે મૂઢ છે અને માનતા હતા(કે પૈસામાં સુખ છે.) મફતનો મૂઢ થઈ! મોહનભાઈ! બેય જુદા પડયા ને તો આમ અંદરથી ખદબદ ખદબદ ખદબદ. બેય ભાઈ જુદા પડયા.

ઓલો નાનો જુદો પડયો ને કાંઈક પૈસા થઈ ગયા મોટો ગાંડો થઈ ગયો. મગજ અસ્થિર થઈ ગયો. એક ઠેકાણે. સમજાણું? આ નાનાને કાંઈક થયું. ઓલા મોટાને કાંઈક થયું હતું.

એમ ને એમ દુનિયા ચાલી જાય છે. શું પરને કારણે થાય છે? સમજાણું કાંઈ? આહાહા! અહીં કહે છે કે પુદ્‌ગલ જે માટી રજકણ છે, વિહૂય રયમલા, નથી આવતું લોગસ્સમાં? એ આમાં આપણે દિગંબરમાં પણ આવે છે. વિહૂય રયમલા. રય=રજ ઝીણી ધૂળ છે. આઠ કર્મની માટી. એને રજ કહેવામાં આવે છે. રય 'ય'નો 'જ' થાય છે. અને મલ આ પહેલું કીધું રાગ-દ્વેષ, દયા-દાનના પરિણામ એ મેલ ભાવકર્મ છે. આ પાપ પરિણામ ભાવકર્મ છે. એ ભાવકર્મને મળ કીધો છે, જડકર્મને રજ કીધા છે. બેય ચીજ જુદી છે. મળ એ પોતાની પર્યાયમાં (થાય છે.) આ પુણ્ય-પાપના ભાવ એ મેલ છે. અને જડકર્મ બંધાય છે એ રજ છે. ઝીણી માટી, આ માટી છે ને? એ સ્થૂળ છે. આ આઠ કર્મની ઝીણી માટી છે ઝીણી. કાર્મણ રજકણ. ધૂળ અજીવ તત્ત્વ છે, માટી છે. એ માટીમાં જે કર્મની પર્યાય થાય છે, એ પુદ્‌ગલ કર્તા થઈને થાય છે, એમ કહે છે. ઓહોહો! સ્વતંત્ર! કર્તાની વ્યાખ્યા સ્વતંત્ર. તેમાં પણ કર્તા થઈને કર્યું ને? સ્વતંત્ર. કર્તાની વ્યાખ્યા સ્વતંત્ર.

આત્મા પુણ્ય ને પાપના પરિણામ કરે એ સ્વતંત્ર થઈને કરે છે. કર્મ છે તો પુણ્ય-પાપ કર્તા છે, એમ નથી. અને આત્માએ પુણ્ય-પાપ કર્યા તો કર્મ તેના અવલંબનથી બંધાયને પડયા એમ છે જ નહીં. **પુદ્‌ગલ કર્તાના નિશ્ચયકર્મભૂત વિશિષ્ટપ્રકૃત્તિરૂપ,** વિશિષ્ટ એટલે ખાસ. જેમ કે શાતા આદિ પરિણામ. કોના પરિણામ? જડના. જડમાં શાતાવેદનીયાદિ પર્યાય થઈ એ પુદ્‌ગલના પરિણામ છે. પરિણામ કહો, પર્યાય કહો, અવસ્થા કહો, દશા કહો, હાલત કહો કે કાર્ય કહો. સમજાણું કાંઈ?

**પુદ્‌ગલરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત વિશિષ્ટપ્રકૃત્તિ,** ખાસ પ્રકૃત્તિ પરિણામ એમ. શાતાવેદનીયાદિ મુખ્ય પ્રકૃત્તિ. વિશિષ્ટ કહ્યું ને? અહીં વિશિષ્ટનો અર્થ મુખ્ય. મુખ્ય પ્રકૃત્તિરૂપ પરિણામ. શાતા એટલે ઉચ્ચ ગોત્ર લઈએ. **-કે જેમાં જીવના શુભપરિણામ નિમિત્ત છે.** જુઓ! શાતાવેદનીય પર્યાય થઈ. તે કર્મનું કાર્ય છે. નિશ્ચયથી કર્મનું કર્તૃત્વ છે. **-કે જેમાં,** જેમાં એટલે શાતાવેદનીય કર્મ બંધાયા તેમાં. **જીવના શુભપરિણામ નિમિત્ત છે.** કહો સમજાણું કાંઈ?

**તે-દ્રવ્યપુણ્ય છે.** જડને દ્રવ્યપુણ્ય કહે છે. જડ જડ રજકણ માટી ધૂળ! જો પાપ થાય છે ને- આ પૈસા આદિ મળે છે, નિમિત્તથી કહેવામાં આવે છે તે. તેના વિકલ્પમાં પુરુષાર્થ છે નહીં. આ ધૂળ આવે છે ને? પાંચ, પચાસ લાખ. તે ધૂળ આવે છે તેમાં પૂર્વના દ્રવ્યપુણ્ય નિમિત્ત કહેવામાં આવે છે. તેના રાગથી અને પુરુષાર્થથી પૈસા આવે છે એમ ત્રણકાળ, ત્રણલોકમાં છે નહીં. એવા દ્રવ્યપુણ્યને જડનું કાર્ય કહેવામાં આવે છે. ઓહોહો! એને કેમ ખબર પડે કે મારે શાતાવેદનીયપણે બંધન...ખબરની કયાં જરૂર છે? ખબર હોય તો એક જ દ્રવ્ય સિદ્ધ થશે.

ભગવાને તો છ દ્રવ્ય જોયા છે. ભગવાને જ્ઞાનમાં છ દ્રવ્ય જોયા છે. અનંત આત્મા, અનંત પરમાણુ, એક ધર્માસ્તિ, એક અધર્માસ્તિ, એક આકાશ અને કાળ અસંખ્ય. એવા ભગવાને કેવળજ્ઞાનમાં છ દ્રવ્ય જોયા છે. જાણનાર એક જ દ્રવ્ય છે અને બીજા પદાર્થ નહીં. એમ છે નહીં. અનંતગુણા જડ છે. આત્મા કરતાં તો અનંતગુણા પરમાણુ છે. આ જગતમાં પરમાણુ છે તે અનંતગુણા છે. જેટલી સંખ્યા જીવની છે તેના કરતાં અનંતગુણા પરમાણુની સંખ્યા છે. અનાદિથી છે. જો ખબરવાળા દ્રવ્ય છે તો એકલા આત્મા સિધ્ધ હોય અને અનંતગુણા પરમાણુ સાબિત ન થાય. એ પરમાણુમાં પોતાની પર્યાય થવાની તાકાત છે. ખરેખર તેના દ્રવ્યમાં તે પર્યાય શક્તિ પડી છે. આહાહા! વળી એ આવ્યું લ્યો! એ દ્રવ્યપુણ્ય થવાની પર્યાયમાં પરમાણુમાં અંદર ગુણમાં શક્તિ પડી છે. એ રૂપે કાળ આવ્યો તો દ્રવ્યપુણ્યરૂપે પર્યાય થઇ ગઇ. કાર્યનું કારણમાં કથંચિત સત્વ છે. કારણમાં સત્વ ન હોય અને અધ્ધરથી કાર્ય થઇ જાય એમ બને નહીં. સમજાણું કાંઇ? એવી વાત છે.

આત્મામાં પણ જે પુણ્ય-પાપના પરિણામ થયા તે પરિણામની શક્તિની યોગ્યતા તો અંદર હતી. ગુણ છે તેમાં ક્ષણિક પર્યાયની એવી એક એક પર્યાયની ભિન્ન ભિન્ન યોગ્યતા છે. બધા ગુણમાં વિકાર થવાની યોગ્યતા નથી. તેમાં પણ ભિન્ન-ભિન્ન ક્ષણિક અવસ્થા છે. જો અવસ્થા થવાની યોગ્યતા છે તેમાં તે જાતની શક્તિ છે. કારણમાં થોડું સત્ છે. કાર્ય બિલકુલ નવું થાય છે એમ છે નહીં. ભારે તત્ત્વ ઝીણું ભાઇ!

મુમુક્ષુ :- સત્ય વાત.

ઉત્તર :- અંદર છે ને? એટલી એ જાતની પર્યાયની યોગ્યતા ગુણ તો અનંત પર્યાયનો પિંડ છે. પણ એવી એક પર્યાયની યોગ્યતા છે. પુણ્યરૂપ થાય છે, પાપરૂપ થાય છે. સમજાણું કાંઇ?

અને પરમાણુમાં પણ એવી શક્તિ પડી છે તો પુણ્યરૂપ પર્યાય થાય છે, પાપરૂપ પર્યાય થાય છે. અંદર પડી છે. પર્યાયરૂપ થવું તે અનંત પરમાણુનો સ્કંધ છે. પરમાણુમાં એવી યોગ્યતા તો પડી છે નહીંતર સ્કંધરૂપે ક્યાંથી થાય? સમજાણું કાંઇ? કર્મરૂપ પર્યાય તો દરેક પરમાણુની થાય છે કે નહીં? કોઇ એવો ખાસ ગુણ નથી કે ગુણને કારણે અંદર કર્મની પર્યાય થાય. પણ તેમાં એવી પર્યાય થવાની લાયકાત છે. સમજાણું કાંઇ? એ દ્રવ્યપુણ્ય. કોને દ્રવ્યપુણ્ય કહ્યા? શાતાવેદનીય આદિ બંધાણા તેમાં ભગવાનઆત્માના શુભપરિણામ નિમિત્ત થયા, તેને દ્રવ્યપુણ્ય કહેવામાં આવ્યા. જડનું કાર્ય, માટીનું કાર્ય.

**પુદ્ગલરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત,** હવે પાપ લ્યે છે. જડનું પાપ. હોં! **પુદ્ગલરૂપ કર્તાના નિશ્ચયકર્મભૂત વિશિષ્ટપ્રકૃત્તિ** સમજયા ને? વિશિષ્ટ એટલે ખાસ. વિશિષ્ટ એટલે અશાતા આદિ. અશાતા આદિ પરિણામ જડમાં પડે છે, **વેદનીયાદિ વિશિષ્ટ પ્રકૃત્તિરૂપ પરિણામ-કે જેમાં**

**જીવના અશુભપરિણામ નિમિત્ત છે.** લ્યો! નવા પાપના પરિણામ જડથી થાય છે તેમાં આત્માના પાપ પરિણામ નિમિત્ત કહેવામાં આવે છે. કેટલું આમાં યાદ રાખવું? ફાવાભાઇ! સંસારની પાપની વાત કેટલી યાદ રાખે છે? હા. ઠામડાની પાધરી યાદ આવે ફટ! વહાણની. અત્યારે મુકી દીધું છે તોપણ. જેની જેને રુચિ તેની તેને યાદગીરી રહ્યા વિના રહે નહીં. સમજાણું કાંઇ?

અહીં તો પદાર્થ નવ તત્ત્વ શું છે તેની વાત ચાલે છે. જડપાપ અને જડપુણ્ય પરમાણુની પર્યાયનું કાર્ય છે. પરમાણુનું કાર્ય છે. ભાવપુણ્ય ને ભાવપાપ એ જીવનું નિશ્ચયથી કાર્ય છે. સમજાણું કાંઇ? ભાષા એક એક જુઓ તો અહીંયાં છે તો વળી બીજે ઠેકાણે એવું કીધું તો વિરોધ થશે? કે પુણ્ય-પાપના પરિણામ જીવનો સ્વભાવ નથી. જીવ પુણ્ય-પાપરૂપે પરિણમતો જ નથી. એ તો દૃષ્ટિની અપેક્ષા... સમ્યગ્દર્શન થયું-'હું ચૈતન્ય સ્વરૂપ જ્ઞાયક છું' એવી દૃષ્ટિ થઇ તો પછી પુણ્ય-પાપના થોડા પરિણામ થાય છે તેને કર્મનું કાર્ય છે એમ કહીને કાઢી નાખ્યા. પણ પહેલાં તેમાં છે નહીં ને નથી કરતો તો કાઢવાનું ક્યાંથી આવ્યું? સમજાણું કાંઇ?

પહેલેથી જ કહી દયે કે પુણ્ય-પાપ પરના પુણ્ય-પાપ પરના, કર્મને લઈને એ ભાવ... મૂઢ છે એ તો. હજી તો તારી પરથી ભિન્ન પડવાની તાકાત નથી. પછી પુણ્ય-પાપનો વિકલ્પ તેનાથી મારી ચીજ ભિન્ન છે. નિર્ણય કર્યા પછી. પછી. પહેલેથી (કહે કે) પુણ્ય-પાપ જડ છે. પુણ્ય-પાપ જડ છે તો મરી જાશે. સમજાણું કાંઇ? પુનાતર! કોઇક દિ' આવે તેમાં કેટલી ઝીણી વાત! આમાં યાદ કયાં રહે? આ તો સાધારણ વાત છે. આમાં કાંઇ એવી વાત છે નહીં. આહાહા! લ્યો! આ તેને દ્રવ્યપાપ કહે છે. કોને? ઓલા પરમાણુને. અશાતાવેદનીય અને જ્ઞાનાવરણીય જડની પર્યાય તેમાં ભગવાનઆત્માના અશુભપરિણામ નિમિત્ત થયા તેને પાપ કહ્યા. પાપના અનુલક્ષથી પાપ કહેવામાં આવ્યા. એટલી વાત. જુઓ!

**આ પ્રમાણે વ્યવહાર તથા નિશ્ચય વડે આત્માને મૂર્ત તથા અમૂર્ત કર્મ દર્શાવવામાં આવ્યું.** વ્યવહાર વડે મૂર્ત કર્મનો કરવાવાળો નિમિત્તરૂપે કહ્યો. નિશ્ચયથી પોતાના પરિણામનો કર્તા કહેવામાં આવ્યો. સમજાણું કાંઇ? તેનો ભાવાર્થ કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## ગાથા-૧૩૩

जम्हा कम्मस्स फलं विसयं फासेहिं भुंजदे णियदं ।
जीवेण सुहं दुक्खं तम्हा कम्माणि मुत्ताणि ।। १३३ ।।

यस्मात्कर्मण: फलं विषय: स्पर्शैर्भुज्यते नियतम् ।
जीवेन सुखं दु:खं तस्मात्कर्माणि मूर्तानि ।। १३३ ।।

मूर्तकर्मसमर्थनमेतत् ।

यतो हि कर्मणां फलभूत: सुखदु:खहेतुविषयो मूर्तो मूर्तैरिन्द्रियैर्जीवेन नियतं भुज्यते, तत: कर्मणां मूर्तत्वमनुमीयते । तथाहि–मूर्तं कर्म, मूर्तसम्बन्धेनानुभूयमानमूर्तफलत्वादाखुविषवदिति ।। १३३ ।।

---

છે કર્મનું ફળ વિષય, તેને નિયમથી અક્ષો વડે,
જીવ ભોગવે દુઃખે-સુખે, તેથી તે કરમ તે મૂર્ત છે. ૧૩૩.

**અન્વયાર્થ :-** **(यस्मात्)** કારણ કે **(कर्मण: फलं)** કર્મનું ફળ **(विषय:)** જે (મૂર્ત) વિષય તે **(नियतम्)** નિયમથી **(स्पर्शै:)** (મૂર્ત એવી) સ્પર્શનાદિઇન્દ્રિયો દ્વારા **(जीवेन)** જીવ વડે **(सुखं दु:खं)** સુખે અથવા દુઃખે **(भुज्यते)** ભોગવાય છે, **(तस्मात्)** તેથી **(कर्माणि)** કર્મો **(मूर्तानि)** મૂર્ત છે.

ટીકા :- આ, મૂર્ત કર્મનું સમર્થન છે.

કર્મનું ફળ જે સુખદુઃખના હેતુભૂત મૂર્ત વિષય તે નિયમથી મૂર્ત ઇન્દ્રિયો દ્વારા જીવ વડે ભોગવાય છે, તેથી કર્મના મૂર્તપણાનું અનુમાન થઈ શકે છે. તે આ પ્રમાણે :- જેમ મૂષકવિષ મૂર્ત છે. તેમ કર્મ મૂર્ત છે, કારણ કે (મૂષકવિષના ફળની માફક) મૂર્તના સંબંધ દ્વારા અનુભવાતું એવું મૂર્ત તેનું ફળ છે. (ઉંદરના ઝેરનું ફળ(-શરીરમાં સોજા થવા, તાવ આવવો વગેરે) મૂર્ત છે અને મૂર્ત શરીરના સંબંધ દ્વારા અનુભવાય-ભોગવાય છે, તેથી અનુમાન થઈ શકે છે કે ઉંદરનું ઝેર મૂર્ત છે; તેવી રીતે કર્મનું ફળ (-વિષયો) મૂર્ત છે અને મૂર્ત ઇન્દ્રિયોના સંબંધ દ્વારા અનુભવાય-ભોગવાય છે, તેથી અનુમાન થઈ શકે છે કે કર્મ મૂર્ત છે.) ૧૩૩.

## પ્રવચન નં ૩૩, ગાથા-૧૩૩-૧૩૪,
## ભાદરવા વદ ૯, તા-૨૯-૯-૬૪, મંગળવાર

### ગાથા ૧૩૩ ઉપર પ્રવચન

નવપદાર્થની વ્યાખ્યામાં પુણ્ય-પાપની વ્યાખ્યા ગઇ. એના ફળની જરા વાત કરે છે.

**जम्हा कम्मस्स फलं विसयं फासेहिं भुंजदे णियदं ।**
**जीवेण सुहं दुक्खं तम्हा कम्माणि मुत्ताणि ।। १३३ ।।**

**ટીકા :- આ, મૂર્ત કર્મનું સમર્થન છે.** કર્મ અંદર છે આઠ કર્મ એ મૂર્ત છે મૂર્ત, રૂપી છે. તેની વાત અહીં સિધ્ધ કરે છે. આત્મા અમૂર્ત છે અને કર્મ મૂર્ત છે. તેના ફળ પણ બહારથી વિષય અનુકૂળ-પ્રતિકુળ મળે એ પણ મૂર્ત છે. એ વાત સિધ્ધ કરે છે. મૂર્ત દ્વારા ભોગવવામાં આવે છે તો કર્મ મૂર્ત છે. એમ કહે છે. જુઓ!

**કર્મનું ફળ જે સુખદુઃખના હેતુભૂત મૂર્ત વિષય,** કર્મ છે જે શાતા-અશાતા આદિ કર્મ બંધ પડયા છે તે મૂર્ત છે, અજીવ છે, રૂપી છે. કેમ? કે કર્મનું ફળ તો આત્મામાં દુઃખના પરિણામ જે થાય છે, સુખ-દુઃખનો ભાવ થાય છે, તેના હેતુભૂત મૂર્ત વિષય છે. સમજાણું કાંઇ?

આત્મામાં આ મને ઠીક છે, મને અઠીક છે એવી જે કલ્પના, સુખ-દુઃખની કલ્પના-છે તો બેય દુઃખ. શેઠી! બેય દુઃખ છે. સુખ આ. જુઓને આ લોકો માને છે સુખ આ. લાકડીનો ઘોડો કર્યો તો બાળક માને છે કે આ લાકડીનો ઘોડો, તો આ ઘોડો લે. એમ ભગવાનઆત્મા પોતાના અતીન્દ્રિય આનંદ સુખને ભૂલીને, પોતાના અતીન્દ્રિય આનંદ સ્વભાવને ભૂલીને, કર્મના ફળરૂપ જે ઇષ્ટ-અનિષ્ટ વિષય તેમાં સુખ-દુઃખની કલ્પના કરે છે, એ સુખ-દુઃખને ભોગવે છે તો કર્મનું ફળ જડ છે, ઇન્દ્રિય દ્વારા ભોગવે છે તો કર્મ જડ છે એમ અહીંયાં સિધ્ધ કરવું છે. સમજાણું કાંઇ?

**કર્મનું ફળ જે,** એટલું. **સુખ-દુઃખના હેતુભૂત,** કર્મનું ફળ કોણ? કે સુખ-દુઃખની જે કલ્પના થાય છે કે આ લક્ષ્મી મને મળી, નિર્ધનતા થઇ. અરેરે! શરીરમાં રોગ આવ્યો, અરે! ઠીક નહીં, નિરોગતા હોય તો ઠીક. એવી અજ્ઞાનીની કલ્પના પોતાના અતીન્દ્રિય આનંદ સ્વરૂપ સ્વભાવ તેને છોડીને, પૂર્વના કર્મના ફળરૂપ મળેલા ઇષ્ટ-અનિષ્ટ પદાર્થ. એ તરફની કલ્પના સુખ-દુઃખની થાય છે તેમાં હેતુભૂત પૂર્વના કર્મથી મળેલાં ઇષ્ટ-અનિષ્ટ પદાર્થ. કહો, સમજાણું કાંઇ? સમજાણું કે નહીં?

કર્મના ફળ જે, સુખ-દુઃખ એ અહીં કર્મનું ફળ નથી. કર્મનું ફળ જે સુખ-દુઃખ એમ નહીં. પણ

કર્મનું ફળ એટલું. જે, શું કર્મનું ફળ? કે પોતાની પર્યાયમાં જીવ આનંદને ભૂલીને પોતાના આત્મામાં અતીન્દ્રિય આનંદ છે તેને ભૂલીને, જે સુખ-દુઃખની કલ્પના કરવાવાળો જીવ એને હેતુભૂત નિમિત્ત-મૂર્ત વિષય, એ કર્મનું ફળ મૂર્ત વિષય છે. આ પાંચ, પચીસ લાખ ધૂળ મળે, સ્ત્રી-કુટુંબ મળે, બંગલા-બંગલા મળે, નિર્ધનતા મળે, સરોગતા થાય એ બધું મૂર્ત કર્મનું બાહ્ય ફળ છે. એ જેચંદભાઈ!

અનુકૂળ-પ્રતિકુળ બાહ્ય સંયોગ એ ફળ કર્મનું છે, ઈષ્ટ-અનિષ્ટ વિષયો જડ મળ્યા એ કર્મનું ફળ. એ પોતાના સુખ-દુઃખની કલ્પનામાં નિમિત્ત છે. સમજાણું કાંઈ? કર્મનું ફળ, ભગવાનઆત્માનું ફળ તો આનંદ છે. અતીન્દ્રિય આનંદમય સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છે. સત્-ચિદાનંદ. સત્-શાશ્વત, ચિદ્ એટલે જ્ઞાન અને અણીન્દ્રિય આનંદ સ્વરૂપ આત્મા છે.

મુમુક્ષુ :- એ આત્મા કેવો હશે?

ઉત્તર :- આ ભાન વિનાનો નથી તેવો. આ દુઃખ ભોગવે છે કે નહીં આ કલ્પનામાં? ઊંચા અંદર સ્વભાવ છે-અતીન્દ્રિય આનંદ. સમજાણું કાંઈ? પૂર્વના કર્મ જે પુણ્ય-પાપ બંધાયા છે તેના પાપ કાળમાં બાહ્યમાં અનુકૂળ-પ્રતિકુળ જગત કહે એવી ચીજનું મળવું. એ પૂર્વ કર્મનું ફળ. તેમાં અજ્ઞાની પોતાના આનંદને ભૂલીને સુખ-દુઃખની કલ્પના કરે છે તેમાં ઈષ્ટ-અનિષ્ટ વિષયો નિમિત્ત પડે છે. એ કરાવતા નથી. સમજાણું કાંઈ?

પ્રતિકુળ સંયોગ આવ્યા તો દુઃખ ઉત્પન્ન કરાવતા નથી. દુઃખમાં નિમિત્તભૂત છે. માને છે કે, અરે! મને નિર્ધનતા, હું એકલો થઈ ગયો, હું વાંઢો, હું વાંઝીયો, હું નિર્ધન, દરિદ્ર એવી અજ્ઞાનીની કલ્પનામાં પ્રતિકુળ ચીજો નિમિત્ત કહેવામાં આવે છે. કોઈ પ્રતિકુળ ચીજ દુઃખને કરાવતી નથી. અને જે અનુકૂળ છે. શરીર સુંદર, આબરૂ, કીર્તિ પાંચ-પચાસ લાખ ધૂળ. ધૂળ એટલે આ પૈસા. એ હોય તો અજ્ઞાની મૂઢ માને છે કે હું સુખી છું. એવી જે કલ્પના, એ કલ્પનામાં મળેલાં વિષયો નિમિત્ત કહેવામાં આવે છે. એ વિષય પૂર્વના મૂર્ત કર્મનું ફળ છે. બરાબર છે મોહનભાઈ! ભાઈ! સગવડતામાં તો બધું બરાબર લાગે. અગવડતામાં આકરું લાગે છે, એમ કહે છે. સગવડતા હોય શરીર સુંદર, ઈન્દ્રિયો સારી, કુટુંબ સારું, પૈસા, આબરૂ, કીર્તિ બધું બરાબર છે. પૂર્વના પુણ્ય કર્મનું ફળ છે. પોતાની કલ્પના કરે છે તો માને છે કે હું સુખી છું. સુખી છે નહીં. એ તો દુઃખ છે. કલ્પના તો દુઃખ છે. પણ માનેલું છે ને કે તેનાથી હું સુખી છું. અત્યારે તો બધાથી અમારે બાદશાહી છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે કર્મનું ફળ, જો આત્મામાં સુખ-દુઃખના પરિણામ થવા તેના હેતુભૂત મૂર્ત વિષય, **તે નિયમથી મૂર્ત ઈન્દ્રિયો દ્વારા જીવ વડે ભોગવાય છે,** તે વિષયો શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ, તે નિયમથી મૂર્ત ઈન્દ્રિયો દ્વારા, નિમિત્ત છે ને નિમિત્ત. મૂર્ત ઈન્દ્રિયો દ્વારા ભોગવાય છે. ભોગવે છે તો સુખ-દુઃખના પરિણામ પણ અહીં ઈન્દ્રિય દ્વારા તેની કલ્પના થઈને (કે) આ મને ઠીક છે, આ મને

અઠીક છે, એવી કલ્પનાનો ભાવ અજ્ઞાનીનો તેને સુખ-દુઃખની કલ્પનામાં પૂર્વના કર્મનું ફળ નિમિત્ત કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઇ? એ અનેકાંતમાં લેખ છે આ શ્રીમંતાઇનો. એ શ્રીમંતાઇનો લેખ છે ને એક વડીલોને. સમજાણું કાંઇ? લીધું છે એ રાખો તમારી પાસે.

એ મૂર્ત વિષય લાડુ, પૈસા, નિર્ધનતા, રોગ, સડેલા શરીર શરીર, શરીરમાં દાણે દાણે ઇયળુ પડે. દાણે દાણે સમજો છો? શીતળા થાય છે ને શીતળા. શીતળા કહે છે. ઇયળ પડે ઇયળ. એ પ્રતિકૂળતા મૂર્ત કર્મનું ફળ છે. એ ઇન્દ્રિય દ્વારા કલ્પનાથી હું દુઃખી છું એમ ભોગવવામાં આવે છે. તો કર્મ મૂર્ત છે અને તેનું ફળ મૂર્ત છે. ઇન્દ્રિયો મૂર્ત દ્વારા ભોગવવામાં આવ્યા માટે કર્મ મૂર્ત એમ સિધ્ધ કરવું છે. સમજાણું કાંઇ? આહાહા!

તેથી કર્મના મૂર્તપણાનું અનુમાન થઇ શકે છે. આ કારણે કર્મમાં મૂર્તપણું છે એવું અનુમાન થઇ શકે છે. સમજાણું કાંઇ? કેમ અનુમાન થયું? મૂર્ત કર્મનું ફળ મૂર્ત અને લક્ષ કરીને ઇન્દ્રિયો મૂર્ત દ્વારા ભોગવવામાં આવી. તો કર્મ મૂર્ત છે તો તેના ફળ મૂર્ત ઇન્દ્રિયો દ્વારા સુખ-દુઃખની કલ્પના ભોગવી તેમાં તે નિમિત્ત થયા તો ઇન્દ્રિયો દ્વારા ભોગવવામાં આવે છે, એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઇ? આ શ્રીમંતાઇનું ભોગવવું શું છે? શ્રીમંતાઇ પૂર્વના પુણ્યનું ફળ છે. અને ઇન્દ્રિયો દ્વારા કલ્પના કરીને અમે સુખી છીએ, મૂઢ એમ માને છે. એમાં મૂઢ લખ્યું નથી હો!

ભગવાનઆત્મા અતીન્દ્રિયરસની સૂરણ ગાંઠ. ભગવાનઆત્મા દેહમાં બિરાજમાન અતીન્દ્રિય આનંદની સૂરણ ગાંઠ. એ ગાંઠ સાંભળી છે સૂરણની? આખી. સૂરણની ગાંઠ. એવા ભગવાન આ દેહના રજકણથી ભિન્ન, વાણીથી ભિન્ન, કર્મના રજકણ આ ધૂળ ઝીણી છે તેનાથી ભિન્ન, ચૈતન્ય આનંદરસનો કંદ છે. ખબર નથી ક્યારેય. શું છે? હું છું. ભગવાનઆત્મા અંદર દેહમાં બિરાજમાન બધાના આત્મા હોં! અતીન્દ્રિય શાંત રસ, અનાકૂળ આનંદરસની ભીલી છે. ભીલી અમારે કોને કહે છે સમજાણું? ગોળની ભીલી આવે છે. ધ્રુવ આનંદરસની ભીલી તેને ભૂલીને અનાદિથી અજ્ઞાની મૂર્ત કર્મનું ફળ મૂર્ત ઉપર લક્ષ કરીને ઇન્દ્રિય દ્વારા સુખ-દુઃખની કલ્પના કરે છે. તો મૂર્તનું ફળ મૂર્ત અને ઇન્દ્રિયો દ્વારા ભોગવાયા તે કારણે કર્મમાં મૂર્તપણાની સાબીતી થઇ. શોભાલાલભાઇ! બરાબર છે? એ શેઠ! આ સમજાય છે? ધ્યાન પડે છે પણ યાદ નથી રહેતું. હેં? હા... શું મળ્યા? ધૂળ મળ્યા એમાં શું પણ થયું? કર્મથી પૈસા આવ્યા શ્રીમંતાઇ. તો એમાં આત્મામાં શું આવ્યું? આત્મા પાંચ પચાસ કરોડ પૈસા, તો તેની પાસે શું આવ્યું? લાવો. એ તો અરૂપી છે. તેની પાસે મારા છે તેવી મમતા આવી. ચીજ તો ત્યાં રહી ગઇ. સાથે લાવ્યા છે શેઠ? આ બેય શેઠીયા બેઠા છે. અમે ત્યાં કાનપૂરની સંભાળ કરીએ છીએ, આ શેઠ બધાની માથે હવે ધ્યાન રાખે છે. એ બધી મમતા છે.

કહે છે ભગવાન એક વાર સાંભળ તો ખરો? કે તારામાં આનંદ છે ભાઇ! તું તો સિધ્ધ જેવો

અતીન્દ્રિય આનંદમય છો. સિધ્ધ ભગવાનને આનંદ છે. પરમાત્મા શરીરી અરિહંત ને સિધ્ધ થયા. અરિહંત ને સિધ્ધ ભગવાન. જેમ અતીન્દ્રિય આનંદ અનંતચતુષ્ટય પ્રગટ થયા. અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય. એવા તારા આત્મામાં અંદરમાં બેહદ જ્ઞાન, દર્શન, આનંદ અને વીર્ય પડયા છે. તેની રુચિ વિના, તેના આશ્રય વિના, તેના અવલંબન વિના, તેના અનુભવ વિના મૂર્ત ધર્મનું ફળ મૂર્ત મળ્યું. તેનું લક્ષ કરીને મને ઠીક અઠીક છે એવી કલ્પનાને અજ્ઞાની અનંદને ભૂલીને ભોગવે છે. સમજાણું કાંઇ? કાંઇક તો મજા હશે કે નહીં ત્યાં? હેં? જેચંદભાઇ! પાંચ, પચીસ લાખની પુંજી હોય પાંચ-છ લાખની પેદાશ હોય તો તેમાં કાંઇક તો સુખ હશે કે નહીં?

મુમુક્ષુ :- અત્યાર સુધી એમ જ માનતા હતા.

ઉત્તર :- અત્યાર સુધી એમ માન્યું છે. હા... એ ઠીક કહ્યું. એ કહે છે કે અત્યાર સુધી માન્યું હતું. ભાઇ એમ કહે છે કે હવે શું છે? આહાહાહા! કોણ દયે ને કોણ લ્યે? અનંતકાળનો અજાણ્યો રખડતો, રખડતો ભિખારી. અનંતકાળનો અનાદિ અનાદિ અનાદિ અનાદિ અનાદિ આત્મા છે એને કાંઇ આદિ છે? છે છે તત્ત્વ અનાદિઅનંત ભગવાન પોતાના નિજ સ્વરૂપ તો ત્રિકાળ છે. તેની ખબર વિના આ ઈષ્ટ અનિષ્ટ પદાર્થ જોઇને ઝંપલાવે છે. જેમ ઓલા પતંગિયા દીવા જોઇને, દીવા કહે છે ને? ઝંપલાવે છે. એમ મૂર્ત વિષયને જોઇને અજ્ઞાની ઝંપલાવે છે. ખાડમાં પડે એમ કલ્પનાની ખાડમાં પડે છે. હા તો શું છે? છે શું? શરીર તમારું નથી, કર્મ તમારા નથી, બહારની ચીજ તમારી નથી. કલ્પનાની ખાડમાં પડયા. માટે હવે નક્કી કરવું કે આ કલ્પનાની ખાડ એ નુકસાન કારક છે. અંતર આનંદધામ ભગવાન છે. અતીન્દ્રિય આનંદનું ધામ જેનો સ્વાદ ઈન્દ્રોના ઈન્દ્રાસનમાં છે નહીં. એવો ભગવાનઆત્મા હું છું એવી રુચિ કરાવવા માટે આ વાત કરે છે. સમજાણું કાંઇ? તાત્પર્ય તો એ બતાવવું છે ને આવું આવું.પણ બતાવવું છે એ. અમૂર્ત ભગવાનઆત્મા તેનો અંદર અમૂર્ત આનંદ તેની રુચિ કર્યા વગર પોતામાં આનંદનું પોષણ કર્યા વગર, બહારના વિષયમાં ઈન્દ્ર હોય, નરેન્દ્ર હોય ઝંપલાવે છે તો કહે છે કે મૂર્તનું ફળ મૂર્તમાં ભોગવવામાં આવ્યું, તો કર્મ મૂર્ત છે એમ સાબિત થઇ ગયું. સમજાણું કાંઇ?

ઓ ભીખાભાઇ! કેટલું સુખ હશે મકાનમાં? હવે ભઇ ઓલા તળેટી કરતાં અત્યારે મકાન મોટા થયા. તળેટી કે શું કહેવાય? તળાટી. તળેટી તો ડુંગરની નીચે તળેટી કહેવાય.

મુમુક્ષુ :- .........

ઉત્તર :- હા, તળાટી. મજૂરી કરવાની. કહો સમજયા?

હવે દૃષ્ટાંત આપે છે. **તે આ પ્રમાણેઃ-** કર્મ મૂર્ત કેમ છે? કે મૂર્ત તેના ફળમાં ઈન્દ્રિયો દ્વારા ભોગવવામાં આવે છે. હવે તેનું દૃષ્ટાંત આપે છે. **જેમ મૂષકવિષ મૂર્ત છે,** ઉંદર ઉંદર. ઉંદરનું વિષ છે ને? ઝેર. રાત્રે ઉંદર નથી કરડતા? ફૂંક મારે છે ઉંદર-ઉંદર. ફૂ ફૂ ફૂ ફૂંક મારે એ વખતે ખબર ન પડે.

અંદરથી ચામડી કાપી જાય. ખુલ્લા પગ રહી ગયા હોય તો ફૂંકી ફૂંકીને. એ સમયે એને દુઃખ ન થાય. સવારમાં જ્યાં આમ નજર કરે ત્યાં લાલચોળ! અરે! આ શું? પછી તેનું ઝેર ચડે તો સૂજી જાય. સૂજે. અમારી ભાષામાં સોજા સોજા. સોજી જાય છે.

**જેમ મૂષકવિષ,** મૂષક એટલે ઉંદરનું ઝેર **મૂર્ત છે. તેમ કર્મ મૂર્ત છે. કારણ કે (મૂષકવિષના ફળની માફક)** ઉંદરના ઝેરના ફળની માફક. મૂર્તના સંબંધ દ્વારા અનુભવાતું એવું મૂર્ત તેનું ફળ છે. મૂર્તના સંબંધ દ્વારા અનુભવાતું એવું મૂર્ત તેનું ફળ છે. શું? કે **ઉંદરના ઝેરનું ફળ (-શરીરમાં સોજા થવા, તાવ આવવો વગેરે),** બહુ કરડી ગયો હોય ને, તાવ આવી જાય. પગમાં (કરડયો હોય)તો ચાલી ન શકો હો? સવારમાં એટલા (સોજા) ચડી જાય. એક કલાક બે કલાક ...... સવારે ઊઠે તો આહાહા! વિષ મૂર્ત છે તો શરીરમાં સોજા, તાવ વગેરે થાય છે. તો **મૂર્ત છે અને મૂર્ત શરીરના સંબંધ દ્વારા અનુભવાય** છે. સમજાણું કાંઈ? કોણ? ઓલા ફળ. ઉંદરનું ઝેર. **સંબંધ દ્વારા અનુભવાય-ભોગવાય છે, તેથી અનુમાન થઈ શકે છે કે ઉંદરનું ઝેર મૂર્ત છે.** લ્યો! ઉંદરનું ઝેર મૂર્ત છે. કારણ કે શરીર દ્વારા ભોગવવામાં-ભોગવવામાં તો રાગ-દ્વેષ આવ્યા. પણ તેમાં નિમિત્ત પડ્યા ને? લાલચોળ.. તેવી રીતે કર્મનું ફળ (-વિષયો) મૂર્ત છે, લ્યો! અહીં તો ચોખ્ખું કહ્યું છે. બહારનું મળે ત્યારે મળે છે બાહ્ય પદાર્થ. કર્મના ફળ, વિષય પાંચ ઈન્દ્રિય શબ્દો, દુનિયા પ્રશંસા કરે, સુંદર રૂપ જોવા મળે. સુગંધ સારી મળે. ભોજનમાં ખાવા-પીવાનું સારું મળે. અને સરસ-સુંદર સુંદર મખમલની ગાદી... એ બધા કર્મના ફળ-સંયોગ છે. **અને મૂર્ત ઈન્દ્રિયોના સંબંધ દ્વારા અનુભવાય છે, તેથી અનુમાન થઈ શકે છે કે કર્મ મૂર્ત છે.** લ્યો! જેવા ઉંદરનું ઝેર મૂર્ત છે એવા કર્મના ફળ મૂર્ત છે. ઉંદરનું ફળ ઝેર એ શરીર દ્વારા, મૂર્ત દ્વારા ભોગવવામાં આવ્યા તે ઝેર છે. એમ ઈન્દ્રિયો દ્વારા તેનું ફળ જડ ભોગવવામાં આવ્યું, કર્મ મૂર્ત છે એવું અનુમાન થઈ શકે છે. આ કર્મની સિદ્ધિ કરી. કર્મ છે કે નહીં? કે તું છો અને કર્મ નથી અને કર્મ છે અને તું નથી. બેય છે. સમજાણું કાંઈ?

એમ શા માટે કહ્યું? કે જે બહારની સામગ્રી મળે છે એ તારા વર્તમાન પ્રયત્નથી નથી. વર્તમાનમાં તારી વિચિક્ષણતા અને સમજણ બહુ જ હોય તો બહુ જ પ્રાપ્ત કરી શકાય છે એમ નથી. બહારમાં મળે એ તો મૂર્ત કર્મનું જ ફળ છે. તારો પ્રયત્ન તેમાં કાંઈ જ કામ કરતો નથી. સમજાણું કાંઈ? જેચંદભાઈ! ત્યાં ડહાપણ કામ ન કરે કે હું હોંશીયાર છું તો બાર મહિને પચાસ હજાર પેદા કરું છું, લાખ પેદા કરું છું, લાખ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ............ દાન કરતા જાય.

ઉત્તર :- દાન કરતાં જાય શું? દાનમાં રાગ મંદ હોય તો પુણ્ય થાય. માન હોય તો પાપ થાય એમાં શું છે?

મુમુક્ષુ :- આશ્રમ ખુલે.

ઉત્તર :- આશ્રમ ખુલે. કોણ ખોલે? રાગ મંદ હોય તો પુણ્ય હોય. આશ્રમ ખોલવામાં, પ્રભાવનામાં, પૈસામાં મંદ રાગ હોય. તૃષ્ણા મંદ હોય, પુણ્ય થાય. તેમાં ધર્મ કયાં છે? એ દ્વારા કોઈ ધર્મ થતો નથી. પચાસ લાખ કરોડ મળ્યા ને, પચાસ લાખ ખર્ચ કર્યા તો ધર્મ થઈ ગયો, ધૂળમાંય ધર્મ નથી. એ વળી બીજી વાત કે કોઈને માન ન પણ હોય. ધર્મની પ્રભાવના થઈ તો તેમાં રાગની મંદતા થઈ, પુણ્ય બંધ થયો, શુભભાવ થયો. પણ તેનાથી કોઈ ધર્મ થાય છે (એમ છે નહીં.) કે પાંચ પચાસ લાખના મંદિર બનાવ્યા તો ધર્મ થયો છે (એમ છે નહીં.) અને ત્યાં ધર્મ કરશે તેને કાંઈક ભાગ મળશે એમ પણ છે નહીં. શેઠી!

મુમુક્ષુ :- ..... લાભ લ્યે.

ઉત્તર :- લાભ લ્યે તો તેની પાસે રહ્યા. તમારે શું આવ્યું?તમારી પાસે કયાં આવ્યા? ભાઈ! વાત તો એવી છે. તેને કારણે તો થયું છે. તેને કારણે શુભભાવ કર્યો તો પુણ્ય થયું. ધર્મ તો પોતાના સ્વભાવની દૃષ્ટિ કરવાથી ત્યાં ધર્મ થાય છે. મંદિર અને દેરાસર ઉપર લક્ષ કરવાથી ધર્મ નથી થતો.

મુમુક્ષુ :- ..... કરે છે.

ઉત્તર :- કરે છે શું? પોતાથી શુભભાવ કરે છે. નિમિત્ત કોણ થયા? બાહ્ય અહીંયા મંદિર નિમિત્ત પડયું. પડયું તો તેનાથી નથી થયું તો આનાથી કેમ થાય ? એ સમયનો ભાવ તેણે કર્યો કે મંદિર હોય તો દુનિયા લાભ લ્યે! એવો પોતાનો ભાવ તે સમયે કરવાવાળાનો હતો તો તેનું નામ પુણ્ય. એટલું પુણ્ય થયું બસ. પછી કોઈ કરે તો અહીં થોડો લાભ મળશે..

મુમુક્ષુ :- એ તો પાપ છે.

ઉત્તર :- એ તો પુણ્ય છે, પણ પુણ્ય કરે છે ત્યાં તેનો અહીંયાં લાભ છે એમ છે નહીં.

મુમુક્ષુ :- .........પરનો લાભ મળે.....

ઉત્તર :- એમ છે નહીં. પરનો લાભ પરથી પોતામાં લાભ મળે એમ છે નહીં.

મુમુક્ષુ :- આશિર્વાદ તો આપે છે ને?

ઉત્તર :- કોણ દયે આશિર્વાદ? કોઈના આશિર્વાદ કોઈને ફળે છે? એમ છે ગાંધીજી!

મુમુક્ષુ :- ........

ઉત્તર :- શું વર્ણન છે? શાસ્ત્રમાં કયાંય છે નહીં. પુણ્ય થાય તેવું છે. મોક્ષ કયાંથી આવ્યો? છે જ નહીં. પંચમહાવ્રત પાળે તોય મોક્ષ નહીં તો પછી મંદિર બનાવે તો મોક્ષ કયાંથી આવ્યો? ભાઈ અહીં તો વાત..... ભાવ આવે, ભગવાનની પ્રતિમા આદિની ભક્તિ કરે તો શુભભાવ છે. પુણ્ય થશે પણ તેનાથી કોઈ સંવર, નિર્જરા અને મોક્ષ થઈ જાય એ વાત છે (નહીં.) અને ત્યાં કોઈને મોક્ષ થયો તો

કરવાવાળાને લાભ થયો...એ તો પોતાની પર્યાયથી પોતાના દ્રવ્યને આશ્રયે લાભ થયો છે. વાત બહુ વિચિત્ર છે. લોકોએ એવી માની લીધી છે, આપણે નફો એક લાખ કરોડ તેમાંથી જેટલા લોકો ત્યાં ધર્મ કરશે તેમાંથી આપણને એક દસમો ટકો તો મળશે.

મુમુક્ષુ :-

ઉત્તર :- ક્યાંથી કરે તો શું છે પણ? તેના પરિણામ પ્રમાણે તેને મળશે. હો. તેના પરિણામમાં જેવા ભાવ કર્યા તેના પુણ્યનું ફળ તેને છે. બીજાએ જે ભાવ કર્યો હતો તેમાં બધું મળે. ખુબ લાભ થાય તો એવા ભાવ જે પ્રમાણમાં કર્યા હતા તેટલા પુણ્ય બંધાયા. તેમાં છે બીજાથી કોઈ મરી જાય ને ત્યાં જાય ને અહીં ખુબ માણસ કરે તો તેનું ફળ ત્યાં જાય એમ છે નહીં. શેઠ! નક્કી કરવું જોઈએ હોં! બધાએ. આ જુઓ આપણે દેરિયાજી ખુલાસો કરે છે! આ શેઠીયાવનો. અરે! આ પૈસાવાળા આટલા ખર્ચે તો એને કાંઈ મળે નહીં? અહીં મોટી નસિયા બનાવી, આવું બનાવ્યું. લ્યો! એમાંથી કાંઈક અહીં લાભ થાય છે કે નહીં? તો કહે બિલકુલ નહીં. વાત એવી છે. જે પ્રકારે તેણે ભાવ કર્યા હોય કરતાં કરતાં કરતાં, લોકો લાભ લ્યે એવા. જેવા ભાવ કર્યા તેવા તેને પુણ્ય (બંધાય) છે.

મુમુક્ષુ :- માનથી કર્યું હોય તો.

ઉત્તર :- એ તો વાત અહીં છે નહીં. માનથી શું પણ ભાવ સારા કર્યા હોય, લોકો લાભ લ્યે, ધર્મની પ્રભાવના સ્વાધ્યાય કરે શાસ્ત્રથી, એવા. એવા એવા જેવા ભાવ હોય એ પ્રમાણે પુણ્ય બંધાય છે. પણ બીજાથી પુણ્ય આવી જાય છે એમ છે નહીં.

મુમુક્ષુ :- અમારી બિરાદરી નથી ચાલતી.

ઉત્તર :- બિરાદરી નથી ચાલતી. હં........ નક્કી કરવું જોઈએ. ૧૩૩ ગાથા થઈ, લ્યો! સમજાણું કાંઈ? બહારના અનુકૂળ-પ્રતિકુળ ફળ મળવા એ પોતાના પૂર્વના પુણ્ય-પાપના ફળ છે. અને તે ઈન્દ્રિય દ્વારા ભોગવવામાં આવ્યા મૂર્ત, પૂર્વના કર્મ મૂર્ત છે એટલું સાબિત કર્યું. અર્થાત્ એ કર્મ હું નથી અને તેનું ફળ પણ હું નથી. અને ભોગવવામાં વિકલ્પ આવ્યો સુખ-દુઃખ એ ખરેખર મારી ચીજમાં નથી. એવો અંતર અનુભવ નિર્ણય કરાવવા માટે આ વાત કરે છે. ખાલી વાત જ નથી કે આમ છે આમ છે આમ છે. સમજાણું કાંઈ?

ભગવાન બહારની ચીજ તારાથી ભિન્ન છે તેનું કારણ કર્મ પણ તારાથી ભિન્ન છે અને તને ઈન્દ્રિય દ્વારા ભોગવવાની કલ્પના થઈ એ સુખ-દુઃખની કલ્પના તો તારા સ્વભાવથી ખરેખર ભિન્ન છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....... અમૂર્ત છે.

ઉત્તર :- અમૂર્ત છે, વિકારી પરિણામ અમૂર્ત છે પણ ખરેખર સ્થૂળ પરિણામ છે. સૂક્ષ્મ ચૈતન્ય સ્વભાવ તેમાં અતીન્દ્રિય આનંદ રસ પરિપૂર્ણ ભર્યો છે. એવો ભગવાનઆત્મા તેની અંતર દૃષ્ટિ કરવી

એ બધું અહીં કહેવાનું તાત્પર્ય અને ફળ છે. સમજાણું કાંઇ? સાથે કર્મ અને ફળ પણ સાબિત કરે છે અસ્તિથી. આસ્થા તો બધી કરવાની છે કે નહીં?

કોઇની સામે જોવું નહીં એમ કહે છે. અરે! મને બહુ પ્રતિકૂળ આપી દીધું અને મને સહાય કરીને બહુ જ અનુકૂળ આપી દીધું. એ વાતમાં કાંઇ માલ નથી. તારા પૂર્વના પુણ્ય-પાપથી બહારની સામગ્રી આવે છે, બસ. અને સ્વભાવને ભૂલીને જેટલો તારો અપરાધ થયો, એટલો અપરાધ સુખ-દુઃખની કલ્પના કરો, એટલું તને નુકસાન છે. તારા ઘરમાં તોટો પડે છે. સમજાણું કાંઇ? તો આ પૈસા મળ્યા તેનો લાભ તો નહીં પણ સુખ-દુઃખની કલ્પનાનો તોટો પડયો.

વીતરાગ માર્ગ ભાઇ એવો છે, જગતને ઝટ... એટલો કઠણ પડે. આ બાહ્ય સામગ્રી! આહાહા! કેટલું સુખ છે એય! મલુકચંદભાઇ! આ સુખ જોઇને મેં સવારમાં પૂછયું. મુંબઇ ગયા હતા ને શું? બહુ જવાબ ન આપ્યો! બધાય અંધારે મુંબઇ જાય છે. પૈસા લઇને આવશે. ત્યાં કયાં પૈસા એના ગુંજા (ખીસ્સા)માં પડયા હતા કે લઇ આવે.

મુમુક્ષુ :- .....

ઉત્તર :- એ એને ખબર નથી પણ લોકો એમ માને છે. લોકો એમ માને છે. હેં? લોકો એમ માને. ભઇ મોટા દિકરા! કરોડપતિ! ત્યાં ગયા હશે તો કાંઇક લેવા ગયા હશે. તો લાવશે કાંઇક તો માણસ માને. એ તો ગમે તે કારણે ગયા હોય. ઓલો તો ત્યાં સામુ પણ જોવે નહીં. હો હા. બધું સમજવા જેવું છે. બાપા બાપા કરે! બાપા બાપુ! બાપુ ત્યાં પૈસામાં કયાં બેસે? કેટલું સુખ હશે આ પૈસાવાળાને? એમ કહે છે આ. નહીં? બે છોકરા મોટા કરોડપતિ છે. એક એક કરોડ કરોડ રૂપિયા છે. લ્યો! ધૂળમાંય નથી. છોકરાને રૂપિયા નથી તો વળી બાપને કયાંથી આવ્યા? આહાહા!

અહીં તો પૂર્વના પુણ્યની પાપની સામગ્રી મળે તેનું લક્ષ કરીને ઇન્દ્રિયથી ભોગવે. શું તે અતીન્દ્રિયથી ભોગવવામાં આવે છે? ઇન્દ્રિય દ્વારા લક્ષ કરીને આ ચીજ આવી છે, હેરાન! હેરાન! ઇન્દ્રિયથી પરાધીન થઇને હેરાન થઇ ગયો. અપને કો આપ ભૂલકે હેરાન હો ગયા. અહીં તો કર્મની સાબિતી કરી. ..... કર્મ જડ સાબિત કર્યા, ફળ જડ સાબિત કર્યા, સુખ-દુઃની કલ્પના સાબિત કરી. આત્માના અનંદથી તે ભાવ વિપરીત હતો. 'છે' એટલું સિદ્ધ કર્યું. એ આસ્રવ તત્ત્વ છે. સુખ-દુઃખની કલ્પના તે આસ્રવ તત્ત્વ છે. કર્મ જડ તત્ત્વ છે. તેનાથી મને સામગ્રી મળી તે પર વસ્તુ છે. સમજાણું કાંઇ?

એકલો આત્મા જ છે, એકલું જડ જ છે. એમ નથી. આત્મા સર્વથા નિર્મળ જ છે. પર્યાયમાં અનાદિ સંસારમાં નિર્મળ નહીં. વિકારી ભાવ છે. નિર્મળ હોય તો અંદર તેને આનંદનો અનુભવ હોવો જોઇએ. અંદર આનંદ સ્વભાવ નિર્મળ છે. પર્યાયમાં નિર્મળ હોય તો અતીન્દ્રિય આનંદનો અનુભવ હોવો જોઇએ. માટે તેની દૃષ્ટિ પર ઉપર છે. સુખ-દુઃખને ભોગવે છે. પોતાનો આનંદ પડયો રહે છે.

## ગાથા-૧૩૪

मुत्तो फासदि मुत्तं मुत्तो मुत्तेण बंधमणुहवदि ।
जीवो मुत्तिविरहिदो गाहदि ते तेहिं उग्गहदि ।। १३४ ।।

मूर्त: स्पृशति मूर्तं मूर्तो मूर्तेन बन्धमनुभवति ।
जीवो मूर्तिविरहितो गाहति तानि तैरवगाह्यते ।। १३४ ।।

मूर्तकर्मणोरमूर्तजीवमूर्तकर्मणोश्च बन्धप्रकारसूचनेयम् ।

इह हि संसारिणि जीवेऽनादिसन्तानेन प्रवृत्तमास्ते मूर्तकर्म । तत्स्पर्शादिमत्त्वादागामि मूर्तकर्म स्पृशति, ततस्तन्मूर्तं तेन सह स्नेहगुणवशाद्बन्धमनुभवति । एष मूर्तयो: कर्मणोर्बन्धप्रकार: । अथ निश्चयनयेनामूर्तो जीवोऽनादिमूर्तकर्मनिमित्तरागादिपरिणामस्निग्ध: सन् विशिष्टतया मूर्तानि कर्माण्यवगाहते, तत्परिणामनिमित्तलब्धात्मपरिणामै: मूर्तकर्मभिरपि विशिष्टतयाऽवगाह्यते च । अयं त्वन्योन्यावगाहात्मको जीवमूर्तकर्मणोर्बन्धप्रकार: । एवममूर्तस्यापि जीवस्य मूर्तेन पुण्यपापकर्मणा कथञ्चिद्बन्धो न विरुध्यते ।। १३४ ।।

–इति पुण्यपापपदार्थव्याख्यानम् ।

---

મૂરત મૂરત સ્પર્શે અને મૂરત મૂરત બંધન લહે;
આત્મા અમૂરત ને કરમ અન્યોન્ય અવગાહન લહે. ૧૩૪.

**અન્વયાર્થ :- (मूर्त: मूर्तं स्पृशति) મૂર્ત મૂર્તને સ્પર્શે છે, (मूर्त: मूर्तेन) મૂર્ત મૂર્તની સાથે (बन्धम् अनुभवति) બંધ પામે છે; (मूर्तिविरहित: जीव:) મૂર્તત્વરહિત જીવ (तानि गाहति) મૂર્ત કર્મોને અવગાહે છે અને (तै: अवगाह्यते) મૂર્તકર્મો જીવને અવગાહે છે (અર્થાત્ બન્ને એકબીજામાં અવગાહ પામે છે).**

ટીકા :- આ, મૂર્તકર્મનો મૂર્તકર્મની સાથે જે બંધપ્રકાર તથા અમૂર્ત જીવનો મૂર્તકર્મની સાથે જે બંધપ્રકાર તેની સૂચના છે.

અહીં (આ લોકમાં), સંસારી જીવને વિષે અનાદિ સંતતિથી (-પ્રવાહથી) પ્રવર્તતું થકું મૂર્તકર્મ વિદ્યમાન છે. તે, સ્પર્શાદિવાળું હોવાને લીધે, આગામી મૂર્તકર્મને સ્પર્શે છે; તેથી મૂર્ત એવું તે તેની સાથે, સ્નિગ્ધત્વગુણના વશે (-પોતાના સ્નિગ્ધરૂક્ષત્વપર્યાયને લીધે), બંધને પામે છે. આ મૂર્તકર્મનો મૂર્તકર્મની સાથે બંધપ્રકાર છે.

વળી (અમૂર્ત જીવનો મૂર્તકર્મોની સાથે બંધપ્રકાર આ પ્રમાણે છે કે), નિશ્ચયનયથી જે અમૂર્ત છે એવો જીવ, અનાદિ મૂર્તકર્મ જેનું નિમિત્ત છે એવા રાગાદિપરિણામ વડે સ્નિગ્ધ

વર્તતો થકો, મૂર્તકર્મોને વિશિષ્ટપણે અવગાહે છે (અર્થાત્ એકબીજાને પરિણામમાં નિમિત્તમાત્ર થાય એવા સંબંધવિશેષ સહિત મૂર્તકર્મોના ક્ષેત્રમાં વ્યાપે છે) અને તે રાગાદિપરિણામના નિમિત્તે જેઓ પોતાના (જ્ઞાનાવરણીયાદિ) પરિણામને પામે છે એવાં મૂર્તકર્મો પણ જીવને વિશિષ્ટપણે અવગાહે છે (અર્થાત્ જીવના પ્રદેશો સાથે વિશિષ્ટતાપૂર્વક એકક્ષેત્રાવગાહને પામે છે). આ, જીવ અને મૂર્તકર્મનો અન્યોન્ય-અવગાહસ્વરૂપ બંધપ્રકાર છે. આ રીતે અમૂર્ત એવા જીવનો પણ મૂર્ત પુણ્યપાપકર્મની સાથે કથંચિત્ (-કોઈ પ્રકારે) બંધ વિરોધ પામતો નથી. ૧૩૪.

આ રીતે પુણ્ય-પાપપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

## ગાથા-૧૩૪ ઉપર પ્રવચન

**मुत्तो फासदि मुत्तं मुत्तो मुत्तेण बंधमणुहवदि ।**
**जीवो मुत्तिविरहिदो गाहदि ते तेहिं उग्गहदि ।। १३४ ।।**

**ટીકા :-** ૧૩૪ ગાથા. **આ, મૂર્તકર્મનો મૂર્તકર્મની સાથે જે બંધપ્રકાર,** બંધનો પ્રકાર. એ પૂર્વના મૂર્તકર્મની સાથે નવા મૂર્તકર્મ બંધાય છે તેની વાત કરે છે. જડથી જડ બંધાય છે. પૂર્વના કર્મ છે જડ તેનાથી નવાકર્મ મૂર્તની સાથે મૂર્ત બંધાય છે. **તથા અમૂર્ત જીવનો મૂર્તકર્મની સાથે જે બંધપ્રકાર તેની સૂચના છે.** અહીંયાં હવે બે સૂચના બતાવવી છે.

એ પૂર્વના કર્મ છે જડ, માટી, ધૂળ પડી છે ઝીણી, તેનાથી નવા કર્મ ધૂળથી ધૂળ બંધાય છે. રૂપીથી રૂપી અને આત્મા અરૂપી. તેની સાથે નવા કર્મ રૂપી જ બંધાય છે. તે કયા પ્રકારે તે વાત અહીં સિદ્ધ કરવી છે. મૂર્ત મૂર્તથી બંધાયા છે અને અમૂર્ત મૂર્તથી બંધાયા છે. બે વાત સિદ્ધ કરવી છે. સમજાણું કાંઈ? **અહીં (આ લોકમાં), સંસારી જીવને વિષે અનાદિ સંતતિથી (-પ્રવાહથી) પ્રવર્તતું થકું મૂર્તકર્મ વિદ્યમાન છે.** શું કહે છે? ભગવાનઆત્મા અરૂપી જ્ઞાનઘન આદિ શુદ્ધ નિર્મળ સ્વભાવ અને પર્યાયમાં મલિનતા અને તેની સાથે કર્મ અનાદિ સંતતિ પ્રવાહથી ચાલ્યો આવે (છે.) આત્મા ક્યારેય કર્મ રહિત થયો નથી.

સંસારી જીવમાં સંસરણ કરતા એવા આત્મામાં અનાદિ પ્રવાહથી, ઓહોહો! ખાણમાં જેમ પથ્થર અને સોનું સાથે છે. એમ ભગવાનઆત્મામાં કર્મ અનાદિથી સાથે છે. પહેલાં આત્મા કર્મ રહિત હતો અને પછી કર્મ થયા એમ છે નહીં. સમજાણું કાંઈ? ખાણમાં જેમ સોનું અને પથ્થર સાથે છે, ત્યાર પહેલાં સોનું જુદું હતું અને પથ્થર પછી લાગ્યો એમ છે નહીં. સમજાણું કાંઈ? સંસારી જીવને વિષે **અનાદિ સંતતિથી (-પ્રવાહથી) પ્રવર્તતું થકું મૂર્તકર્મ વિદ્યમાન છે.** જુઓ! મૂર્તકર્મ વિદ્યમાન છે. સર્વજ્ઞ

પરમાત્મા સિવાય એવી વાત ક્યાંય ત્રણકાળમાં હોય નહીં. વીતરાગ પરમેશ્વર સર્વજ્ઞ દેવ જેણે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોક જોયા અને જાણ્યા. એવા પરમેશ્વર વીતરાગ તીર્થંકર એ સિવાય ક્યાંય કર્મની એવી જાત, એવી રીત કોઈએ જાણી નહીં અને કોઈએ કહી નહીં અને કોઈના ખ્યાલમાં આવી નહીં. સમજાણું કાંઈ?

**અનાદિ સંતતિથી (-પ્રવાહથી) પ્રવર્તતું થકું મૂર્તકર્મ વિદ્યમાન છે.** જડ વિદ્યમાન છે. ભગવાનઆત્મા પણ વિદ્યમાન છે. એની સાથે તે કર્મ પણ અનાદિ પ્રવાહ, પ્રવાહ, પ્રવાહ અનાદિ હો? એના એ કર્મ નહીં. એના એ રજકણ નહીં. વર્માન જે કર્મના રજકણ છે તે નહીં. પણ કર્મ કર્મ કર્મ કર્મ પ્રવાહથી ચાલ્યા આવે છે. નવા પરમાણુ આવે છે. પૂર્વના ચાલ્યા જાય છે.એમ કર્મના પ્રવાહ અનાદિથી સાથે ચાલ્યા આવે છે. સમજાણું કાંઈ? વર્તમાનમાં જે કર્મ છે અનાદિના તે જ કર્મ રજકણ છે એમ છે નહીં. સમજાણું કાંઈ? કેમ કે કર્મની સ્થિતિ ૭૦ ક્રોડાક્રોડીની છે. તેનાથી વધારે હોતા નથી તો કોઈપણ પ્રાણીની સાથે ૭૦ ક્રોડાક્રોડીની સ્થિતિથી વધારે કર્મ તેની સાથે હોતા જ નથી. અભવિ હોય કે ભવિ હોય, અનંત સંસારી હોય કે એકાવતારી હોય. સમજાણું કાંઈ?

આઠ કર્મ જડ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, વેદનીય, મોહનીયની સ્થિતિ અધિકમાં અધિક મિથ્યાત્વની છે. સતર ક્રોડાકોડી. અમારી કાઠીયાવાડી ભાષામાં સીંતેર કહે છે. સાત અને શૂન્યને અમારે સીંતેર કહે છે. તમારે (હિન્દીમાં) સતર કહે છે. એને કરોડે ગુણ્યે સીંતેર ક્રોડાક્રોડી. એક કરોડને કરોડે ગુણે એવા સીંતેર ક્રોડાક્રોડી. સાત અને શૂન્ય કરોડ. એને કરોડે ગુણ્યે સીંતેર ક્રોડાક્રોડ. એવી કર્મની સ્થિતિ અધિકમાં અધિક હોય તો આટલી હોય છે. આટલી અધિક સ્થિતિ કોઈ જીવની હોતી નથી. અભવિ અનંતકાળ રોવે, કર્મની સ્થિતિ અનંતકાળની નહીં. નવા બંધાય છે, જૂના ખરે છે, નવા બંધાય છે. એવો પ્રવાહ ચાલ્યો જાય છે. જેમ પાણીનો લોઢ છે ને? એ લોઢ સમાય જાય છે નવો ઉત્પન્ન થાય, સમાય જાય નવો ઉત્પન્ન થાય. નવા નવા ઉત્પન્ન થાય પણ લોઢ એવો પ્રવાહ રહે છે.

મુમુક્ષુ :- ........

ઉત્તર :- નવા કર્મ આવે છે. જૂના ચાલ્યા જાય છે, નવા આવે છે જૂના ચાલ્યા જાય છે. સર્વથા તો ચાલ્યા ન જાય. થોડા થોડા આવે છે અને થોડા જાય છે. એવો પ્રવાહ ચાલે. **અનાદિ સંતતિથી (-પ્રવાહથી) પ્રવર્તતું થકું મૂર્તકર્મ વિદ્યમાન છે.** એમ સિદ્ધ કર્યું. જુઓ! એ આત્માની સાથે કર્મ છે જડ. સાથે હોં! છે તો જુદાં. કર્મ કર્મનું કાર્ય કરે આત્મા આત્માનું કાર્ય કરે. આત્માનું કાર્ય કર્મ ન કરે અને કર્મનું કાર્ય આત્મા ન કરે. દ્રવ્ય બે ભિન્ન છે. વસ્તુ બે ભિન્ન છે. કોઈનું કોઈ કરે નહીં પણ સાથે છે. સમજાણું કાંઈ? ગાયને નથી કરતાં? બે ગાયને અંદર દોરડાં નાખે. બે ગાયને. અંદર દોરડાં નાખે. આગળ નાખે. એમ બે હાથ છે પણ છે ભિન્ન ભિન્ન. આ ગાય ભિન્ન, આ ગાય ભિન્ન. એમ કર્મ રજકણ

જડ ભિન્ન આત્મા ભગવાન ભિન્ન. પણ છે બેય એક ક્ષેત્રમાં એક સાથે.

મુમુક્ષુ :- ભાગી જાય તો?

ઉત્તર :- આ તો દૃષ્ટાંત આપ્યું છે. ભાગી કયાં જાય? આ તો દૃષ્ટાંત આપ્યું છે. ગધેડાને બે પગ નથી બાંધતા? બહુ દોડનારો ભાગનારો હોય તો બાંધી રાખે. ઓલો એટલામાં ને એટલામાં રહે. એમ અહીં તો નિમિત્ત નિમિત્ત સંબંધ તરીકે જડ અને આત્મા. નિમિત્ત નિમિત્ત સંબંધથી અનાદિથી સાથે છે બસ એટલું. **તે, સ્પર્શાદિવાળું હોવાને લીધે,** કોણ? એ વિદ્યમાન કર્મ અનાદિથી પડયા છે તે. એના પરમાણુંમાં કર્મમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ છે. જેમ આ શરીર છે માટી. એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ છે. એમ તેમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ આઠ કર્મ ઝીણી માટી છે, માટી ઝીણી ધૂળ છે.

**સ્પર્શાદિવાળું હોવાને લીધે આગામી મૂર્તકર્મને સ્પર્શે છે.** શું કહે છે? ભવિષ્યના મૂર્તકર્મને સ્પર્શ કરે છે એમ. નવા કર્મને સ્પર્શ, ચીકાશ, લુખાશની એવી યોગ્યતા અને તેની યોગ્યતાની સાથે સંબંધ હોય છે. આ કર્મના, અજીવના, અજીવ તત્ત્વ છે કે નહીં? નવ તત્વમાં અજીવ તત્ત્વ અને જીવ તત્ત્વ એવા ભેદ પાડીને અહીં સમજાવે છે. સમજાણું કાંઈ? **તે, સ્પર્શાદિવાળું હોવાને લીધે,** તે એટલે કોણ? પૂર્વે બાંધેલાં કર્મ. પ્રવાહથી ચાલ્યા આવે છે તે, રંગ, ગંધ, રસ, સ્પર્શવાળા છે. તો **આગામી મૂર્તકર્મને સ્પર્શે છે.** નવા કર્મ પણ તેની સાથે બંધમાં આવી જાય છે. સ્પર્શ સાથે બંધાય જાય છે. **તેથી મૂર્ત એવું તે તેની સાથે,** મૂર્ત એવું તેની સાથે, **સ્નિગ્ધત્વગુણના વશે,** જુઓ! **(પોતાની સ્નિગ્ધરૂક્ષત્વપર્યાયને લીધે),** નવા પરમાણુ પોતાની સ્નિગ્ધ-રૂક્ષ ચિકાશ, લુખાશની યોગ્યતાને લીધે, **બંધને પ્રાપ્ત થાય છે.** પૂર્વની સાથે સંબંધ થઈ જાય છે. કહો, સમજાણું કે નહીં?

એક પરમાણુ પોતાની બે પર્યાય થાય અને બીજામાં ચાર થાય, એમ હોય તો, સાથે મળીને અહીં ચાર થઈ જાય એ સ્કંધરૂપે કહેવામાં આવે છે. એમ પૂર્વના પરમાણુમાં નવામાં પોતાના સ્પર્શની સ્નિગ્ધતા-રૂક્ષતાની મેળવાળો સંબંધ તેને હોય તો બંધમાં આવી જાય છે. **मुत्तो फासदि मुत्तं** આ તેનો અર્થ કરે છે. પહેલાં શબ્દ છે ને? **मुत्तो फासदि मुत्तं मुत्तो मुत्तेण बंधमणुहवदि** પહેલી જ લીટીનો અર્થ છે. આહાહા! **તેથી મૂર્ત એવું તે તેની સાથે, સ્નિગ્ધત્વગુણના વશે,** પોતાની સ્નિગ્ધ રૂક્ષત્વ પર્યાયને કારણે, એમાં બેય નાખ્યું હોં! એ તો સ્નિગ્ધ તો એક શબ્દ મૂકયો છે. ચિકાશ અને લુખાશ બેયને કારણે બંધને પરમાણુમાં એવી યોગ્યતા છે જૂના કર્મ સાથે બંધાય જાય છે. **આ, મૂર્તકર્મનો મૂર્તકર્મની સાથે બંધ પ્રકાર છે.** લ્યો!

જૂઓ! પાઠમાં એમ છે- **बंधमणुहवदि** મૂર્ત મૂર્તની સાથે બંધને અનુભવે છે, અનુભવે છે એવો પાઠ છે. અનુભવનો અર્થ-એમ હોય છે. એનું નામ અનુભવ છે. એમ કહેવામાં આવે છે. પાઠ છે ને? **मुत्तो मुत्तेण बंधमणुहवदि** જડને અનુભવ... અનુભવ એટલે હોવું. બંધની પરમાણુમાં એવી યોગ્યતા

હોય નવા કર્મ જેવા તેણે દયા, દાન, ભક્તિ, કામ, ક્રોધ, પાપ ભાવ કર્યા એ પ્રમાણે એવા નવા કર્મ પોતાની યોગ્યતાથી, ચિકાશ, લુખાશની યોગ્યતાથી પૂર્વના કર્મની સાથે બંધાય જાય છે. સમજાણું કાંઈ?

જડને એવી કેમ ખબર પડે? હેં? પોતાની પર્યાય ધર્મ છે તેની બહુ જ. એક એક પરમાણુમાં કર્મ થવાની લાયકાત છે. સમજાણું કાંઈ? મૂર્તકર્મ, મૂર્તકર્મની સાથે બંધપ્રકાર છે. એમ લખ્યું ને? **बंधमणुहवदि** નો અર્થ કર્યો. મૂર્તકર્મ મૂર્તને અનુભવે છે. અનુભવનો આવો અર્થ છે. અનુભવનો અર્થ આ કે બંધમાં બંધરૂપ થઈ જાય છે. તેનું નામ અનુભવ કરે છે એમ કહેવામાં આવે છે. આહાહા!

**વળી (અમૂર્ત જીવનો મૂર્તકર્મોની સાથે બંધપ્રકાર આ પ્રમાણે છે કે),** હવે આ તો ઠીક પણ આ ભગવાન અમૂર્ત અને આ કર્મ મૂર્ત આવા બે લાકડા કયાંથી ઘરી ગયા? કર્મ સાથે કર્મ તો બંધ થાય. એ તો જડ છે. જડને સ્પર્શ છે. પણ અસ્પર્શી આત્મા અને સ્પર્શવાળા કર્મ પુદ્ગલ એની સાથે કયાં જોડાણ થઈ ગયું? તેનો બંધ કેમ થયો? સમજાણું કાંઈ? અમૂર્ત જીવનો, કેટલાક કહે છે ને કે આત્મા તો નિર્મળ છે આત્મા તો. પણ કયાં નિર્મળ? સાંભળ તો ખરો? પર્યાયમાં મલિનતા ન હોય તો કર્મનો નિમિત્તરૂપ સંબંધ કયાંથી રહ્યો? સમજાણું કાંઈ? તારી પર્યાયમાં રાગ-દ્વેષ, અજ્ઞાન, મિથ્યાત્વ પડયા છે, પર્યાયમાં. તેં કર્યા છે એ પડયા છે. પર્યાયના કર્મ. બધા કર્મ પડયા છે તે નિમિત્ત છે. બે ચીજ છે.

આત્મા નિર્મળ છે નિર્મળ છે. શું નિર્મળ છે? નિર્મળ તો વસ્તુ સ્વભાવ નિર્મળ છે. પર્યાયમાં નિર્મળ હોય તો પછી કર્મ અને મલિનતા કયાંથી આવી? સમજાણું કાંઈ? નિશ્ચયનયથી જે અમૂર્ત છે એવો જીવ, જુઓ! ભગવાનઆત્મા તો અમૂર્ત છે. તેમાં રંગ, ગંધ, રસ, સ્પર્શ આત્મામાં નથી. અરૂપી આત્મા જ્ઞાન ઘન. રંગ, ગંધ, રસ, સ્પર્શ વિનાની તે ચીજ. અનાદિઅનંત ભગવાનઆત્મા અમૂર્ત, અરૂપી. આત્મા તો કયાં ગયો આમાં? બાયડી, છોકરા, પૈસા આડે, આબરૂ આડે, પુણ્ય-પાપ આડે. આડે ને (હિન્દીમાં) શું કહો છો? સંબંધમાં ઘુસી ગયો.

આત્મા અંદર મહાન પદાર્થ! મહાન પદાર્થ. જેની એક સમયની પર્યાયમાં ત્રણકાળ, ત્રણલોક જોવે. એવી એક સમયની પર્યાયનો, અનંત પર્યાયનો પિંડ ગુણ, એવા અનંતગુણનો પિંડ દ્રવ્ય. મહાન પદાર્થ ગુમ થઈ ગયો. કોઈ ચીજ ખોવાય જાય તો શોધવા જાય છે. કયાં ગઈ? કયાં ગઈ? કયાં ગઈ? સોનાની કોઈ ચીજ પડે છે ને? ઓહો! .......... સોનાની ખોવાઈ ગઈ. આ તું ખોવાઈ ગયો કયાં? તારી તને ખબર છે? ખોવાઈ ગયો (ને) શું કહે છે? ખો ગયા. આખો આતમ પદાર્થ ખોવાઈ ગયો. આ પણ શું વાત કરે છે? આ વાત કરે તો ઠીક, આ શરીર ને વાણી ને આ ધૂળ ને બૂળને. પણ આખો પદાર્થ ચિદાનંદ પ્રભુ અનંતગુણનું ધામ પરમાત્મા જેમ સિધ્ધ થયા એવી પરમાત્મ શક્તિની સંપદાવાળો આત્મા છે. દરેક જીવ. એ માટે તો કહીએ છીએ કે, પણ આ ખોવાઈ ગયાની ખબર નથી. સમજાણું? ખોવાઈ

ગયો તેની ખબર નથી. જોરાવરમાં થયું હતું ને? શું? કોઈકનું ખોવાઈ ગયું. ઓલું છોડીનું ખોવાઈ ગયું. કોણ હતું? કોઈક અહીંયાં? ......... સોનાનું. બુટ બુટ કાંઈક કહે ને? કાંટાવાળું હો. ખોવાઈ ગયું, ગોત્યું પણ મળે નહીં. એમાં જરી પગલાં કરવા ગયા તો તેના લુગડા (કપડા) માં ગરી ગયેલું (તો) પગમાં વાગ્યું. આ હાથ આવ્યું લ્યો! કીધું પગથી. સોનાની બૂટ હતી. કીરચંદભાઈની દીકરીને. પગે ગોતી દીધું.

એમ આત્મા શું છે, એવી નિર્મળ કળા પ્રગટ કરે તો આત્માને શોધે. આ તો ખબર નહીં શું છે? આ જગતની વિદ્યા, આબરૂ, કેળવણી. બી. એ., એલ. એલ. બી. ના પૂંછડા વળગાડે. એ માંગીરામજી! તમારે દીકરીયું તો ભણે છે ને ત્યાં? દીકરીયું બધી. ભાઈની દીકરી ને બધી તમારી દીકરી છે ને. એવા એવા પૂંછડા વળગાડે, ભણે. પચીસ વર્ષની. આહાહા! થઈ ગયા હોંશિયાર જાણે. કયાંય જાણે નીચે પગ થંભે નહીં. શું છે પણ? શું થયું? પાગલપણું થયું. અમે તો બસ એવા-વાળ છૂટા- હાથમાં બેગ બેગ રાખે. શું કહેવાય? એક હાથમાં રાખે અને એક હાથમાં આમ. શું છે પણ? કયાં જાવું છે? શું કહે છે? અમારી નજરમાં તો મજા દેખાય છે અને તમે તો કયાંક પડવા જાવ છો દુર્ગતિમાં. બહુરૂપિયા થઈ ગયા.

કહે છે ને ભગવાન! તમે અરૂપી છો પ્રભુ! પણ **અનાદિમૂર્તકર્મ જેનું નિમિત્ત છે એવા રાગાદિ પરિણામ વડે,** જુઓ! આત્મા અમૂર્ત છે. જ્ઞાનાનંદ છે. છતાં **અનાદિમૂર્તકર્મ જેનું નિમિત્ત,** કોનું? રાગાદિ પરિણામ. આત્માએ રાગ, દ્વેષ, દયા, દાન, પુણ્ય-પાપનો ભાવ કર્યો, એ રાગ તેના પૂર્વના કર્મ નિમિત્ત. પૂર્વના. **અનાદિમૂર્તકર્મ જેનું નિમિત્ત,** જેનું એટલે આવા રાગ, દ્વેષ, પુણ્ય-પાપ, દયા, દાન, ભક્તિ, વ્રત, તપ બધા વિકલ્પ ઊઠે છે. રાગ એ રાગ-દ્વેષ ઊઠે, ..... એ બધા વિકાર પરિણામ તારી પર્યાયમાં તારાથી થાય છે. તેમાં પૂર્વના કર્મ નિમિત્ત કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .....

ઉત્તર :- નિમિત્ત-નિમિત્ત સંબંધ બતાવે છે. **અનાદિમૂર્તકર્મ જેનું નિમિત્ત છે એવા રાગાદિ પરિણામ વડે,** કોણ? આત્મા. એ પોતામાં રાગ-દ્વેષ દ્વારા ચિકાશ વર્તતો. એ ચિકાશ તેની છે. જડની ચીકાશ જડમાં છે. બેનો નિમિત્ત-નિમિત્ત સંબંધ થઈ જાય છે. એમ કહેવું છે. આત્મામાં તો દયા, દાન, કામ, ક્રોધ, પુણ્ય-પાપના ભાવ તે રાગ છે, તે ચિકાશ છે, દ્વેષ છે તે પણ ચિકાશ છે. એ ચિકાશ વિકાર તે ચિકાશ છે.

એ ચિકાશ વડે **સ્નિગ્ધ વર્તતો થકો, મૂર્તકર્મોને વિશિષ્ટપણે અવગાહે છે.** જુઓ! ચિકાશને કારણે નવા મૂર્તકર્મોને ખાસ એકબીજાને માટે પરિણામમાં નિમિત્તમાત્ર છે. **એકબીજાને માટે પરિણામમાં નિમિત્તમાત્ર એવા સંબંધવિશેષ સહિત,** સંબંધવિશેષ. કર્મનો ઉદય હોય અને રાગ-

દ્વેષ આત્મા કરે તો તેને નિમિત્ત કહે છે. અહીંયાં રાગ-દ્વેષ કરે તો નવા કર્મ બને તેમાં રાગ-દ્વેષ નિમિત્ત કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- ........

ઉત્તર :- નવામાં ઈ કાંઈ કરતો જ નથી.

મુમુક્ષુ :- ........

ઉત્તર :- ચોંટે છે કે નહીં એમ કહે છે. ચિકાશ અહીં એનું મૂળ તો ચિકાશ નિમિત્ત-નિમિત્ત સંબંધ એ કહ્યું એક બીજાને નિમિત્ત-નૈમિત્તિક થવું એનું નાામ અમૂર્ત સાથે મૂર્તનો બંધ કહેવામાં આવ્યો છે. તેને કારણે હો, ત્યાં રાગ-દ્વેષની ચિકાશ થઈ, પરમાણુમાં એટલી ચિકાશ પ્રમાણે પરમાણુ આવીને પૂર્વ કાર્ય સંબંધ છે. આત્માની સાથે નિમિત્ત-નિમિત્ત સંબંધ છે. બસ પોતાના પરિણામ કર્યા વિકાસ નવા કર્મમાં તે નિમિત્ત પડયા. પોતાના પરિણામ કર્યા પૂર્વના કર્મ તેમાં નિમિત્ત પડયા બસ એટલો સંબંધ છે. વિશિષ્ટ કીધાને. ખાસ નિમિત્ત-નિમિત્ત સંબંધ એવા છે. નહિંતર ત્યાં તો ધર્માસ્તિ અને અધર્માસ્તિ બીજા પણ પડયા છે.

જયાં આત્મા છે ત્યાં ધર્માસ્તિ ને અધર્માસ્તિ નિમિત્તરૂપે પડયા છે. પણ આ ખાસ વિશિષ્ટ નિમિત્ત. અર્થાત્ રાગ-દ્વેષ કરે તો કર્મને નિમિત્ત કહેવામાં આવ્યા અને રાગ-દ્વેષ કરે તો નવા કર્મમાં રાગ-દ્વેષ નિમિત્ત કહેવામાં આવ્યા. સમજાણું કાંઈ? ભાઈ! નવ પદાર્થનો અભ્યાસ કરવો જોઈએ. આ નવ પદાર્થની વ્યાખ્યા કરે છે. પછી મોક્ષમાર્ગની વાત, આપણે ચાલી ગઈ છે. લૌકિક પદાર્થનું જ્ઞાન કરે. વિજ્ઞાન, નથી આવતું? પદાર્થ વિજ્ઞાન. પણ આ તો ભગવાનનું કહેલું પદાર્થ વિજ્ઞાન. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ વીતરાગ અચિંત્ય સંપદાનો સ્વામી તેની વાણીમાંથી નીકળ્યું છે. તેની વાણી કહેવામાં નિમિત્તથી કથન છે.

એવા, **મૂર્તકર્મોને વિશિષ્ટપણે અવગાહે છે.** જુઓને, અવગાહે છે એનો અર્થ છે ને? પાઠમાં છે ખરૂં ને? **जीवो मुतिविरहिदो गाहदि ते तेहिं उग्गहदि** એમ. અવગાહે છે, એમ. પાઠમાં છે. **અર્થાત્ એકબીજાને પરિણામમાં નિમિત્તમાત્ર થાય એવા સંબંધવિશેષ,** લ્યો! એનું નામ વિશેષસંબંધ. સહિત મૂર્તકર્મોના ક્ષેત્રમાં પ્રાપ્ત થાય છે. કહો, સમજાણું કાંઈ? મૂર્તકર્મોના ક્ષેત્રમાં આત્મા પ્રાપ્ત થયો. આત્માના ક્ષેત્રમાં કર્મ પ્રાપ્ત થયા. બસ. **અને તે રાગાદિપરિણામના નિમિત્તથી,** જેટલા પ્રમાણમાં જીવ પોતાની ભૂલને ભૂલીને રાગ-દ્વેષ ને અજ્ઞાન પરિણામના નિમિત્તથી જેટલા પરિણામ કરે છે, જેટલા નિમિત્તથી. **પોતાના જ્ઞાનાવરણીયાદિ પરિણામને પામે છે,** કોણ? કર્મ. જ્ઞાનાવરણીયાદિ આઠ કર્મ પોતાની પર્યાયને કોણ પ્રાપ્ત થયા? **એવા મૂર્તકર્મો પણ જીવને વિશિષ્ટપણે અવગાહે છે.** એ મૂર્તકર્મ પણ જીવને અવગાહે છે. આત્માએ તેની સાથે નિમિત્તરૂપે અવગાહ કર્યું. તેની સાથે નિમિત્તરૂપે

અવગાહ કર્યું. સમજાણું કાંઈ?

એમ એકલા આત્મા આવો આવો કરે પણ, વાસ્તવિક પર્યાય શું? મલિન છે, નિર્મળ કેમ થાય છે, મલિનમાં નિમિત્ત કોણ છે, કર્મ શું છે ખબર નહીં તો ઉલટા થયા વગર રહે જ નહીં. કોઈની નિશ્ચયની એવી વાત સાંભળે તો આપણા જેવા છે હોં! અરે! તને ખબર નથી. આ વીતરાગની વાત એવી છે કે કોઈની સાથે તેનો મેળ થાય જ નહીં. સમજાણું કાંઈ?

**એવાં મૂર્તકર્મો પણ જીવને વિશિષ્ટપણે અવગાહે છે. અર્થાત્ જીવના પ્રદેશો સાથે** કોણ? **વિશિષ્ટતા પૂર્વક,** ખાસ નિમિત્ત-નિમિત્ત સંબંધ પૂર્વક **એક ક્ષેત્રાવગાહને પામે છે,** કર્મ. આત્મા કર્મના ક્ષેત્રને પ્રાપ્ત. ક્ષેત્રને અર્થાત્ નિમિત્ત-નિમિત્ત સંબંધરૂપ. અને કર્મ આત્માના નિમિત્ત-નિમિત્ત સંબંધમાં રહે છે, અનાદિથી રહે છે.

**આ, જીવ અને મૂર્તકર્મનો,** જુઓ! આ ભગવાનઆત્મા અને મૂર્તકર્મનો, **અન્યોન્ય-અવગાહ-સ્વરૂપ બંધપ્રકાર છે.** અન્યોન્ય-અવગાહ બસ. અન્યોન્ય નિમિત્ત સંબંધે વ્યાપવું, રહેવું એવો બંધનો પ્રકાર છે. બીજો કોઈ છે નહીં, બસ... જીવ રહે ત્યાં કર્મ અને કર્મ છે ત્યાં જીવ નિમિત્ત-નિમિત્ત અવગાહ કરીને રહે છે. એક બીજાને પરિણામમાં નિમિત્ત થાય છે. એટલો સંબંધ છે. કર્તા-કર્મ સંબંધ નથી. આત્માએ રાગ-દ્વેષ કર્યા તો, આત્માએ કર્મ બંધ પણ કર્યા અને કર્મ ઉદય આવ્યા તો તેમાં કાર્ય કર્મનું આવ્યું ને. આત્મામાં કર્મએ રાગ-દ્વેષ કર્યા, કરાવ્યા એમ છે નહીં. કર્મ બે કામ નથી કરતા અને આત્મા બે કામ નથી કરતો. કર્મ પોતાની પર્યાયને કરે છે અને આત્મા પોતાની વિકારી પર્યાયને કરે છે. બસ. પોતાની વિકારી પર્યાયને કર્મ કરતાં નથી અને કર્મની પર્યાયને આત્મા વિકારી પર્યાયથી કરતો નથી. કેટલું આમાં યાદ રાખવું?

**આ, જીવ અને મૂર્તકર્મનો અન્યોન્ય-અવગાહસ્વરૂપ બંધપ્રકાર છે. આ રીતે અમૂર્ત એવા જીવનો પણ,** લ્યો! છે? અમૂર્ત હોવા છતાં **મૂર્ત પુણ્યપાપકર્મની સાથે,** જુઓ! પુણ્ય-પાપ લેવાના છે ને? પુણ્ય-પાપની વ્યાખ્યા ચાલે છે ને? **પુણ્ય-પાપની સાથે કથંચિત્ (-કોઈ પ્રકારે) બંધ વિરોધ પામતો નથી.** દ્રવ્યબંધ નિમિત્તરૂપ છે. સર્વથા બંધ છે નહીં. એકરૂપે નથી. નિમિત્તરૂપ બંધ વ્યવહારથી છે. વિરોધને પ્રાપ્ત થતો નથી. લ્યો! આ રીતે પુણ્ય-પાપની વ્યાખ્યા પૂરી થઈ. હવે આસ્રવપદાર્થની વ્યાખ્યા ચાલશે.

**(શ્રોતાઃ- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## ગાથા-૧૩૫

अथ आस्रवपदार्थव्याख्यानम् ।

रोगो जस्स पसत्थो अणुकंपासंसिदो य परिणामो ।
चित्तम्हि णत्थि कलुसं पुण्णं जीवस्स आसवदि ।। १३५ ।।

रागो यस्य प्रशस्तोऽनुकम्पासंश्रितश्च परिणाम: ।
चित्ते नास्ति कालुष्यं पुण्यं जीवस्यास्रवति ।। १३५ ।।

पुण्यास्रवस्वरूपाख्यानमेतत् ।

प्रशस्तरागोऽनुकम्पापरिणति: चित्तस्याकलुषत्वञ्चेति त्रय: शुभा भावा: द्रव्यपुण्यास्रवस्य निमित्तमात्रत्वेन कारणभूतत्वात्तदास्रवक्षणादूर्ध्वं भावपुण्यास्रव: । तन्निमित्त: शुभकर्मपरिणामो योगद्वारेण प्रविशतां पुद्गलानां द्रव्यपुण्यास्रव इति ।। १३५ ।।

---

હવે આસ્રવપદાર્થનું વ્યાખ્યાન છે.

છે રાગભાવ પ્રશસ્ત, અનુકંપાસહિત પરિણામ છે,
મનમાં નહીં કાલુષ્ય છે, ત્યાં પુણ્ય-આસ્રવ હોય છે. ૧૩૫.

**અન્વયાર્થ :- (यस्य) જે જીવને (प्रशस्त: राग:) પ્રશસ્ત રાગ છે, (अनुकम्पासंश्रित: परिणाम:) અનુકંપાયુકત પરિણામ છે (च) અને (चित्ते कालुष्यं न अस्ति) ચિત્તમાં કલુષતાનો ભાવ છે, (जीवस्य) તે જીવને (पुण्यं आस्रवति) પુણ્ય આસ્રવે છે.**

**ટીકા :- આ, પુણ્યાસ્રવના સ્વરૂપનું કથન છે.**

પ્રશસ્ત રાગ, અનુકંપાપરિણતિ અને ચિત્તની કલુષતા-એ ત્રણ શુભ ભાવો દ્રવ્યપુણ્યાસ્રવને નિમિત્તમાત્રપણે કારણભૂત છે તેથી 'દ્રવ્યપુણ્યાસ્રવના પ્રસંગને *અનુસરીને (-અનુલક્ષીને) તે શુભભાવો ભાવપુણ્યાસ્રવ છે અને તે (શુભભાવો) જેનું નિમિત્ત છે એવા જે યોગદ્વારા પ્રવેશતાં પુદ્ગલોના શુભકર્મપરિણામ (-શુભકર્મરૂપ પરિણામ) તે દ્રવ્યપુણ્યાસ્રવ છે. ૧૩૫.

---

*શાતાવેદનીયાદિ પુદ્ગલપરિણામરૂપ દ્રવ્યપુણ્યાસ્રવનો જે પ્રસંગ બને છે તેમાં જીવના પ્રશસ્ત-રાગાદિ શુભભાવો નિમિત્તકારણ છે માટે 'દ્રવ્યપુણ્યાસ્રવ' પ્રસંગની પાછળ પાછળ તેના નિમિત્તભૂત શુભભાવોને પણ 'ભાવપુણ્યાસ્રવ' એવું નામ છે.

## પ્રવચન નં :-૩૪, ગાથા :-૧૩૫-૧૩૬,
## ભાદરવા વદ ૧૦, તા.૩૦-૯-૬૪, બુધવાર

### ગાથા ૧૩૫ ઉપર પ્રવચન

**હવે આસ્રવપદાર્થનું** વ્યાખ્યાન છે. આ નવ પદાર્થનું શું સ્વરૂપ છે, એ બતાવે છે. નવ પદાર્થ જેવા છે તેવા માનવા તેનું નામ 'તત્ત્વાર્થશ્રદ્ધાનમસમ્યગ્દર્શન' છે. તો એ સમ્યગ્દર્શનની વ્યાખ્યામાં તેના વિષય નવ શું છે તેની વાત કરે છે. ગાથા ૧૩૫.

**रोगो जस्स पसत्थो अणुकंपासंसिदो य परिणामो ।**
**चित्तम्हि णत्थि कलुसं पुण्णं जीवस्स आसवदि ।। १३५ ।।**

ટીકા :- એ પુણ્ય-પાપનો અધિકાર તો આવી ગયો હતો. પણ એક ગાથામાં બેય સાથે લઈ લીધા હતા. પુણ્ય અને પાપ. અહીંયાં આસ્રવ અધિકાર છે તો તેના વિસ્તારથી પુણ્ય ને પાપ બેય આસ્રવ છે, એ બતાવવા માટે તેમાં વિસ્તારથી કહે છે. આસ્રવમાં છ ગાથા લેશે.

**ટીકા :- આ, પુણ્યાસ્રવના સ્વરૂપનું કથન છે. પ્રશસ્ત રાગ,** પ્રશસ્ત રાગ. શુભરાગ. **અનુકંપાપરિણતિ,** પર પ્રાણીને દુઃખમિશ્રિત અનુકંપાની પર્યાય. આ બધો શુભરાગ છે, વિકલ્પ છે. પ્રશસ્ત રાગ શુભ તેનો વિષય પ્રશસ્ત છે, આગળ કહેશે. સમજાણું કાંઈ? ૧૩૬ ગાથામાં કહેશે. તેનો વિષય પ્રશસ્ત, દેવ-ગુરુ-શાસ્ત્ર આદિ તો રાગને પણ પ્રશસ્ત કહેવામાં આવ્યો છે.

પ્રશસ્ત એટલે શુભ. **અનુકંપાપરિણતિ,** પર પ્રાણીને દુઃખી જોઈને અનુકંપાના પરિણામ તે પણ શુભપુણ્ય છે. શુભપુણ્ય છે. **ચિત્તની અકલુષતા,** ચિત્તમાં કલુષિતતા રહિત ભાવ એટલે શુભભાવ. **એ ત્રણ શુભભાવ દ્રવ્યપુણ્યાસ્રવને નિમિત્તમાત્રપણે કારણભૂત છે,** એ ત્રણ શુભભાવ નામ સ્મરણ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, પૂજા અથવા વિકલ્પ. ણમો અરિહંતાણં, ણમો સિદ્ધાણં આદિ સ્મરણ એ બધા પ્રશસ્ત રાગ, શુભરાગ છે. સમજાણું કાંઈ? ભગવાનની ભક્તિ, પૂજાનો પણ જે રાગ છે તે શુભરાગ, પ્રશસ્ત રાગ છે.

**એ ત્રણે શુભભાવ દ્રવ્યપુણ્યાસ્રવને,** નવા જે દ્રવ્યપુણ્ય આવવાના પરમાણુની જે લાયકાત છે, શાતાવેદનીય, ઉચ્ચ ગોત્ર, નામ, આયુષ્ય એ રજકણો તે સમયે તેનો દ્રવ્યપુણ્યરૂપ થવાનો કાળ છે. કોનો? જીવનો નહીં, જડનો. બરાબર! દ્રવ્યપુણ્યાસ્રવ, નવા પરમાણુમાં પુણ્યરૂપ પર્યાય પરમાણુમાં થવાની લાયકાતનો કાળવાળો છે તેને દ્રવ્યપુણ્યાસ્રવ કહે છે. **તેને નિમિત્તમાત્રપણે કારણભૂત છે.**

તેને આ શુભરાગ નિમિત્તમાત્ર કારણ છે. એ ધર્મ નહીં. અનુકંપા, પ્રશસ્ત રાગ અકલુષિતતા એ રાગની મંદતારૂપ શુભભાવ છે. અને તે નવા દ્રવ્યપુણ્યાસ્રવ એ જ સમયમાં આવવાવાળા પરમાણુની શાતાવેદનીય ઉચ્ચ ગોત્ર આદિ પર્યાય પરમાણુમાં થવા લાયક છે. તેને આ શુભભાવ નિમિત્ત કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

અહીંયાં ભાવની વાત નથી. પહેલાં તો દ્રવ્યપુણ્યાસ્રવ કોણ છે? કે જેમાં રજકણની પુણ્યરૂપ પર્યાય થવાની લાયકાત છે, તે આવવાવાળા છે, તેમાં આ શુભભાવ નિમિત્ત કહેવામાં આવે છે. અહીં તો સ્વતંત્ર શુભભાવ કર્યા તો પરમાણુ દ્રવ્યપુણ્યાસ્રવ આવ્યા એમ નથી. એ પરમાણુમાં પુણ્યની શાતાવેદનીય પર્યાય થવાવાળી હતી તેથી અહીં પ્રસંગ પ્રસંગ લીધો છે ને? તેનો પ્રસંગ હતો. દ્રવ્યપુણ્ય આવવાનો પરમાણુની પર્યાયમાં પ્રસંગ કાળ હતો. તેમાં આ શુભભાવ નિમિત્ત પડયો. જડને નહીં. જડની વાત એટલે શુભભાવ નિમિત્ત થયો. કયો જડ ભાવ? જૂના કર્મ કે નવા આવે છે તે? કોને પૂછે? કેટલી વાત ચાલી હવે? હજી એટલું પણ નથી કહેતાં? લ્યો! આ શું કહ્યું? શેઠી ઠીક છે. કયાં ચાલે છે? વિચાર કયાં ચાલે છે? દ્રવ્યપુણ્ય જો પરમાણુની પર્યાય આવવાવાળી છે તેનો પરમાણુનો પુણ્ય થવાનો કાળ છે. જીવે શુભભાવ કર્યો તો ત્યાં પુણ્ય થવાનો કાળ આવ્યો એમ નથી. સમજાણું કાંઈ? શેઠ! ધ્યાન રાખે તો સમજાય. એવી વાત છે. એમ નથી. અત્યાર સુધી તો બહુ જ ગડબડ ચાલી છે.

મુમુક્ષુ :- ........

ઉત્તર :- અહીં ઉદયની વાત છે નહીં.

મુમુક્ષુ :-.........

ઉત્તર :- દરબાર છે તો શું સમજવું છે કે કેમ બેસે? આ તો દલાલ છે ને. દેરિયાજી! અમારા દલાલ છે. એમ કે અહીંયાં બેઠા છીએ તો અમારે સમજવાની કયાં ચિંતા છે? એમ. વાત સાચી છે. સમજાણું કાંઈ? પોતાથી કામ થાય છે, કોઈથી કામ નથી થતું. પોતે જ સમજવું પડશે.

અહીંયાં જે કહે છે કે **પ્રશસ્ત રાગ, અનુકંપાપરિણતિ અને ચિત્તની અકલુષતા.** શુભરાગ. બસ! તેનાથી કાંઈ પરમાં થાય છે એવી અહીં વાત છે જ નહીં. પણ તે શુભરાગ નવા શાતાવેદનીયના પરમાણુ પર્યાયરૂપે આવવાવાળી યોગ્યતાનો પ્રસંગ છે. તેનો કાળ છે.

મુમુક્ષુ :- પુણ્યથી નથી આવ્યા.

ઉત્તર :- તેના શુભભાવથી નથી આવ્યો. શુભભાવથી નથી આવ્યો. એ તો જડની પર્યાય છે. શુભભાવ તો તેની પર્યાયમાં થયો બસ. નવા પરમાણુ આવવાનો તેનો કાળ હતો પુણ્યરૂપે થવાનો. શેઠી! ધ્યાન રાખવાનું છે. આમ નહીં ચાલે, ત્યાં હીરા, માણેકમાં ચલાવ્યા અને તમાકુમાં ચલાવ્યા. પ્રસંગનો અર્થ શું? કાળ. આ પ્રસંગ ભજયો તેનો અર્થ શું છે? એવા એ પ્રસંગનો એ કાળ છે. તેવી વાત થઈ.

અહીંયાં તો આચાર્ય એટલું સિદ્ધ કરે છે કે નવા પરમાણુ આવવાવાળાની સ્વતંત્ર પર્યાય યોગ્યતાથી આવે છે. ત્યારે ત્યાં ભાવપુણ્ય થયા તેને નિમિત્ત કહેવામાં આવ્યા. એવી વાત છે. શુભરાગ છે વિકારી પર્યાય, ધર્મ નહીં. અનુકંપા, પ્રશસ્ત રાગ. ધર્મ બર્મ નહીં, સંવર બંવર નહીં, મોક્ષનું કારણ નહીં. સમજાણું કાંઈ? જ્ઞાનીને પણ આવે છે અને અજ્ઞાનીને પણ (આવે છે.) ખુલાસો કરશે. છ ગાથામાં છે, આસ્રવ અધિકાર.

અહીં તો જરી **તેથી 'દ્રવ્યપુણ્યાસ્રવ'ના પ્રસંગને,** જુઓ! એ પરમાણુમાં શાતા થવાની, ઉચ્ચ ગોત્ર થવાની નામની પ્રકૃત્તિ, યશોકીર્તિ આદિ થવાનો એવી પ્રકૃત્તિનો પરમાણુની પર્યાયમાં તે જ સમયમાં એ દ્રવ્યપુણ્યાસ્રવરૂપ પરિણમવાનો તેનો કાળ હતો. અમરચંદભાઈ! આણે શુભભાવ કર્યો તો ત્યાં કાળ આવ્યો એમ નથી....મોટું આશ્ચર્ય! એવી વાત છે જ નહીં.

મુમુક્ષુ :-........

ઉત્તર :- તેના કાળમાં. એ કાળ એક જ પણ પોત પોતાના કાળમાં છે. સમજાણું કાંઈ? અહીં તો કહ્યું કે, **દ્રવ્યપુણ્યાસ્રવને શુભરાગ નિમિત્તમાત્રપણે કારણભૂત છે તેથી 'દ્રવ્યપુણ્યાસ્રવ'ના પ્રસંગને અનુસરીને,** કાલ ૧૩૨માં આવ્યું હતું. એ અનુસરણ કરીને અહીં ભાવપુણ્ય કેમ કહ્યું? કે દ્રવ્યપુણ્યની પર્યાય તેમાં પરમાણુમાં હતી તો તેનું લક્ષ કરીને શુભભાવને ભાવપુણ્ય કહેવામાં આવ્યા. સમજાણું કાંઈ? ભાવપુણ્ય એ અરૂપી વિકાર છે. અને દ્રવ્યપુણ્ય એ રૂપી જડ પુદ્‌ગલ કર્મની પર્યાય છે. તે પર્યાયના પ્રસંગનું લક્ષ કરીને શુભભાવને પુણ્ય કહ્યા. એમ અહીં ભાવપુણ્ય કેમ કહ્યું? દ્રવ્યપુણ્યનો આસ્રવ થાય છે તનું લક્ષ કરીને અહીં શુભભાવને ભાવપુણ્ય કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- .......

ઉત્તર :- હા. એ અહીં થયા છે. સમજાણું કાંઈ? ત્યાં પુણ્ય-પાપ એક સાથે એક ગાથામાં લીધા હતા. હવે અહીં ભિન્ન ભિન્ન વિસ્તાર કરે છે. પુણ્ય-પાપ બધો આસ્રવ છે, બેય આસ્રવ છે. એ બતાવવા માટે વિસ્તાર કરે છે. સમજાણું કાંઈ?

એ દ્રવ્યપુણ્યાસ્રવના પ્રસંગનું અનુસરણ કરીને, નીચે (ફુટનોટમાં) છે. જુઓ! **શાતાવેદનીયાદિ,** પરમાણુમાં શાતાવેદનીયાદિ પર્યાય થવાની હતી, ઉચ્ચ ગોત્રવાળી થવાની હતી. એ કર્મમાં, જડમાં તે પર્યાય થવાની હતી. આહાહા! આણે ભાવ કર્યો તો તેમાં (જડમાં) થવાની હતી એમ નથી. એમ સ્વતંત્ર સિદ્ધ કરે છે. ઉચ્ચ ગોત્ર, આયુષ્ય, નામ, બાદર, પંચેન્દ્રિયપણું, પર્યાપ્તપણું આદિ બને છે ને તે બધી પુણ્ય પ્રકૃત્તિ છે.

**પુદ્‌ગલપરિણામરૂપ દ્રવ્યપુણ્યાસ્રવનો જે પ્રસંગ બને છે,** પ્રસંગ બને છે. જુઓ! એ પ્રસંગ, કાળ તેનો બને છે. **તેમાં જીવના પ્રશસ્ત-રાગાદિ શુભભાવો નિમિત્તકારણ છે માટે**

**'દ્રવ્યપુણ્યાસ્રવ' પ્રસંગની પાછળ પાછળ,** પાછળ પાછળનો અર્થ? કાળ પાછળ નહીં, ભાવ. જ્યારે દ્રવ્યપુણ્યાસ્રવ આવ્યા તો તેનું નામ જ્યારે દ્રવ્યપુણ્યાસ્રવ છે, તો અહીં પ્રશસ્ત રાગ અનુકંપા, અકલુષિત ભાવને ભાવપુણ્ય, દ્રવ્યપુણ્યનો પ્રસંગ બનવાવાળી પર્યાય થઈ છે. તેમાં જે ભાવપુણ્ય નિમિત્ત હતા તેને અહીં દ્રવ્યપુણ્યના આસ્રવને કારણે ત્યાં ભાવપુણ્ય કહેવામાં આવ્યા. સમજાણું કાંઈ? ઓહોહો! ટીકા તે પણ કઈ જાતની છે? અમૃતચંદ્રાચાર્ય એ તો એટલું સિદ્ધ કરે છે. ખરેખર ભાવ ભાવપુણ્ય ને ભાવપાપ કહેવા એ તો દ્રવ્યપુણ્ય ને દ્રવ્યપાપાસ્રવની પર્યાય થવાનો પ્રસંગ હતો તેનું લક્ષ અહીં કર્યું. ભગવાન(આત્મા) તો શુદ્ધ છે, વસ્તુ શુદ્ધ છે. પર્યાયમાં પુણ્ય-પાપનું નામ કેમ આપ્યું? એ તેની પર્યાય જે આવવાની હતી તેનું અનુલક્ષ કરીને અહીં પુણ્ય-પાપ કહ્યા. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પ્રશસ્ત રાગ, પ્રશસ્ત શબ્દે...

ઉત્તર :- શુભરાગ. પ્રશસ્ત એટલે શુભ-શુભ. પુણ્ય. અશુભ અપ્રશસ્ત, શુભ પ્રશસ્ત. બેય પ્રશંસા કરવાને લાયક નથી. બેય બંધનું કારણ છે. સમજાણું કાંઈ? આત્માને બિલકુલ ધર્મનું કારણ નથી. એ માટે તો ખુલાસા કરીએ છીએ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પ્રશસ્ત કહેવું ને પાછો ધર્મ.

ઉત્તર :- પ્રશસ્તનો અર્થ? અશુભની અપેક્ષાએ પ્રશસ્ત. બાકી ખરેખર તે પણ અશુભ જ છે. પોતાના શુદ્ધપરિણામ સંવર, નિર્જરા એ અપેક્ષાએ તો તેને અશુભ કહેવામાં આવ્યા. પણ અશુભ જો પરિણામની કલુષિતતા છે. એ અપેક્ષાએ તેને અપ્રશસ્ત કહો તો શુભરાગને પ્રશસ્ત કહો, બસ એટલું. બાકી બેય બંધનું કારણ છે. બેય વિકલ્પ છે, રાગ છે. સમજાણું કાંઈ?

જુઓ! ......જરા વાંચવું, શીખવું પડશે. ચોપડા બોપડા શીખે છે તો વાંચે છે કે નહીં? કે એમ ને એમ ખતવણી કરે છે? કે આ શું છે, જમા, ઉધાર કોની પાસેથી શું લીધું? શું દીધું? કઈ અપેક્ષાએ છે તેનો પોતે સ્વાધ્યાય કરવાની પ્રેક્ટીસ કરવી જોઈએ. સમજાણું કાંઈ? ધરમચંદજી! ડોક્ટરની પ્રેક્ટીસ કેટલી કરી છે? ઉડાડી દયે છે. શું એમાં કાંઈ ન મળે થોથા. સમજાણું? દ્રવ્યપુણ્યાસ્રવના પ્રસંગનું અનુસરણ કરીને **પાછળ પાછળ તેના નિમિત્તભૂત શુભભાવોને પણ 'ભાવપુણ્યાસ્રવ' એવું નામ છે.** નામ છે. શુભભાવ ભાવપુણ્યાસ્રવ છે. એ શુભભાવ ભાવપુણ્યાસ્રવ અને શુભભાવ જેનું નિમિત્ત છે. જુઓ! જે કાળમાં આવવાવાળા પરમાણુના.

**એવા જે યોગદ્વારા પ્રવેશતા,** આત્મામાં કંપન થયું. યોગ દ્વારા પરમાણુ આવ્યા. આત્માના પ્રદેશમાં પ્રવિષ્ટ થવાવાળા **પુદ્ગલોના શુભકર્મપરિણામ** પુદ્ગલોના શુભકર્મ પરિણામ-**શુભકર્મરૂપ પરિણામ તે દ્રવ્યપુણ્યાસ્રવ છે.** શુભકર્મરૂપ પર્યાય એ દ્રવ્યપુણ્યાસ્રવ છે. જીવ અને જડ બે દ્રવ્ય છે, આ સાત પર્યાય છે. એક ભાવપુણ્ય જીવની વિકારી શુભપર્યાય અને દ્રવ્યપુણ્ય પુદ્ગલની વિકારી

પર્યાય. છે તે પર્યાય. નથી સમજાતું? એય! શેઠી!

મુમુક્ષુ :- ના પાડે છે.

ઉત્તર :- ના ન પાડે. એમાં ના પાડે તો આબરૂ જાય. નહીં જાય. એટલી વાત યાદ નથી રહેતી? એમ કહે છે. સમજણમાં કેમ ન રાખે? કહ્યું ને? કે દ્રવ્યપરમાણુ પુણ્યના પરમાણુ આવવાનો કાળ છે. તો અહીં તેને શુભભાવ નિમિત્ત પડ્યા તો પુણ્ય આવવાને કારણે તેને ભાવપુણ્ય કહેવામાં આવે છે. અને જેને ભાવપુણ્ય નિમિત્ત છે તે રજકણને દ્રવ્યપુણ્ય કહેવામાં આવ્યા. સીધી વાત છે. આ યોગ કંપન છે ને? આત્માના પ્રદેશ. કંપન દ્વારા આવે છે. આ શુભ ને અશુભપરિણામ વિકાર છે. તેનાથી સ્થિતિ-રસ પડે છે. અને યોગ દ્વારા આવે છે. પ્રકૃત્તિ અને પ્રદેશ યોગ દ્વારા આવે છે. અને આ શુભ ને અશુભપરિણામ દ્વારા સ્થિતિમાં રસ પડે છે. એ બતાવવા માટે કહ્યું. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉદય .....

ઉત્તર :- ઉદય શું વળી દ્રવ્યપુણ્યનું? અહીં કોણ કહે છે દ્રવ્યપુણ્યનો ઉદય હોય. અહીં કોણે કહ્યું? હુકમીચંદજી! બરાબર ધ્યાન રાખવું જોઈએ ને? અત્યાર સુધી બહુ જ ગપગોળા ચલાવ્યા. દ્રવ્યપુણ્ય તો આવવાવાળા રજકણની વાત છે. ભાઈ! શું? આવવાવાળા છે. નવા આવે છે તેની વાત છે. જૂના કર્મની (વાત નથી.) એ તો ઘણી વાર આવી ગયું. સમજાણું કાંઈ?

નવા રજકણ પુદ્‌ગલમાં કર્મમાં પુણ્યપર્યાય થવાવાળા પરમાણુની પર્યાય થઈ તે દ્રવ્યપુણ્ય. તેમાં આ ભાવપુણ્ય નિમિત્ત પડે છે, એટલું. અને ઓલા દ્રવ્યપુણ્ય કહ્યા તો તેના પ્રસંગને આનું નામ ભાવપુણ્ય કહ્યા. આ ભાવપુણ્ય છે. ઓલા દ્રવ્યપુણ્ય છે. બેય ભિન્ન ભિન્ન છે. આ ચૈતન્યની પર્યાય છે. તે જડની પર્યાય છે.

મુમુક્ષુ :- યોગ દ્વારા .....

ઉત્તર :- કંપન. ના, ના પ્રદેશનું કંપન. આત્માના પ્રદેશ અંદર કંપે છે, ધ્રુજે છે. એ દ્વારા આવે છે. જેમ તળાવમાં છીદ્ર હોય ને પાણી આવે છે ને? એમ કંપન પ્રદેશના. અંદર આત્મપ્રદેશના. એ દ્વારા પ્રકૃત્તિ આ પરમાણુ આવે છે. અને શુભ અશુભપરિણામ વિકાર છે. તેમાં સ્થિતિ રસ પડે છે.

અહીં તો નિમિત્તની વાત કરી પણ નિમિત્તથી શું આવ્યું? એમ કહ્યું ને? આવવાવાળા પરમાણુને નિમિત્ત યોગ છે. અને પડવાવાળી સ્થિતિ રસમાં નિમિત્ત કષાય ભાવ છે. એમ બે વાત કરવી છે ને? નિમિત્ત. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .........

ઉત્તર :- એ તો વાત ચાલે છે. અહીં તો નિમિત્તનું જ્ઞાન કરાવવું છે ને? આવવાના છે તો નિમિત્ત કોણ છે તેની તો વાત કરે છે. સમજાણું કાંઈ? એ તો પહેલાં વાત કરી ને? પ્રસંગ તો તેનો છે કર્મ

પરમાણુમાં આવવાવાળી પર્યાય તેમાં આ પુણ્યપરિણામ નિમિત્ત પડયા તો ભાવપુણ્ય કહેવામાં આવ્યા. હવે તેને આવ્યા કેમ તે બતાવવું છે. આવ્યા યોગના કંપન છે અને આવવાની પ્રકૃત્તિ, પ્રદેશ તેની લાયકાતથી આવી છે. તેમાં નિમિત્ત યોગ છે. સ્થિતિ રસમાં શુભઅશુભપરિણામ છે. એ ચારે વાત આવી. સમજાણું કાંઈ? **એવા જે યોગદ્વારા પ્રવેશતાં પુદ્‌ગલોના શુભકર્મપરિણામ (-શુભકર્મરૂપપરિણામ) તે દ્રવ્યપુણ્યાસ્રવ છે.** લ્યો! હવે શેઠીને કહો કે (સ્પષ્ટ) થઈ ગયું કે નહીં હવે? જડની ને ચૈતન્યની બેયની પર્યાય ભિન્ન ભિન્ન છે. હજી નક્કી થયું નથી?

એક પરમાણુ પુદ્‌ગલદ્રવ્ય પુદ્‌ગલ છે. કર્મ થવાને લાયક. તેમાં કર્મ થવાની પુણ્યની પર્યાય થઈ. બસ તે જડ. અને અહીંયાં આત્મામાં પ્રશસ્ત રાગ અનુકંપા આદિ એ શુભરાગ તેમાં તે નિમિત્ત પડયા. તેને દ્રવ્યપુણ્યાસ્રવ કહ્યા છે તે છે. તેનું પ્રથમ લક્ષ કરીને તેને અહીં ભાવપુણ્ય કહ્યા. તે દ્રવ્યપુણ્ય છે. બેય પર્યાય છે. બેય બે દ્રવ્યની પર્યાય છે. એક જીવની વિકારી ભાવપુણ્ય પર્યાય અને દ્રવ્યપુણ્ય જડની પર્યાય તે પુદ્‌ગલની વિકારી પર્યાય છે. એ અજીવ છે આ જીવની વિકારી પર્યાય જીવ છે. સમજાણું કાંઈ?

એક જ સમયની વાત છે. એ તો એક સમયમાં ચાલે છે. આગળ-પાછળ છે નહીં. તે તરફનું તેનું લક્ષ કરીને અહીં પુણ્ય કહેવામાં આવ્યા. હવે વિશેષ. ૧૩૬ ગાથા.

મુમુક્ષુ :- થવાવાળી પર્યાય થઈ.....

ઉત્તર :- થઈ જ છે. પણ તે આવવામાં નિમિત્ત કોણ? શુભરાગ. ત્રણ બોલ કહ્યા ને? તેમાં નિમિત્ત. પણ તેને ભાવપુણ્ય કેમ કહ્યા? નિમિત્તને ભાવપુણ્ય કેમ કહ્યા? કે દ્રવ્યપુણ્યનો પ્રસંગ બનવાથી તેને ભાવપુણ્ય કહેવામાં આવ્યા. ઓહોહો! હવે એકસો છત્રીસ. બરાબર અભ્યાસ કરવો, થોડો. ઘરે કોઈક દિ' વાંચો છો કે નહીં? ના પાડે છે. શોભાલાલભાઈ! થોડો થોડો અભ્યાસ કરવો. ઘરે પણ થોડો અભ્યાસ કરવો. ચોપડા કેમ ફેરવ ફેરવ કરે છે? કરે છે, ચોપડા ફેરવ ફેરવ કરે છે કે નહીં? કેટલા છે કેટલા છે, બધું ખ્યાલમાં છે. ડાલચંદજી શું કરે છે, પ્રેમચંદજી શું કરે છે, બધો ખ્યાલ (હોય છે.) સમાચાર લાવ નહીં તો કાગળ કેમ નથી આવ્યા?

## ગાથા-૧૩૬

**अरहंतसिद्धसाहुसु भत्ती धम्मम्मि जा य खलु चेट्ठा ।**
**अणुगमणं पि गुरूणं पसत्थरागो त्ति वुच्चंति ।। १३६ ।।**

**अर्हत्सिद्धसाधुषु भक्तिर्धर्मे या च खलु चेष्टा ।**
**अनगमनमपि गरूणां प्रशस्तराग इति ब्रुवन्ति ।। १३६ ।।**

**प्रशस्तरागस्वरूपाख्यानमेतत्।**

अर्हत्सिद्धसाधुषु भक्ति:, धर्मे व्यवहारचारित्रानुष्ठाने वासनाप्रधाना चेष्टा, गुरूणामाचार्यादीनां रसकित्वेनानुगमनम्-एष: प्रशस्तो राग: प्रशस्तविषयत्वात् । अयं हि स्थूललक्ष्यतया केवलभक्तिप्रधानस्याज्ञानिनो भवति । उपरितनभूमिकायामलब्धास्पदस्यास्थानरागनिषेधार्थं तीव्ररागज्वरविनोदार्थं वा कदाचिज्ज्ञानिनोऽपि भवतीति ।। १३६ ।।

અર્હંત-સાધુ-સિદ્ધ પ્રત્યે ભક્તિ, ચેષ્ટા ધર્મમાં,
ગુરુઓ તણું અનુગમન-એ પરિણામ રાગ પ્રશસ્તના. ૧૩૬.

**અન્વયાર્થ :- (अर्हत्सिद्धसाधुषु भक्ति:)અર્હંત-સિદ્ધ-સાધુઓ પ્રત્યે ભક્તિ, (धर्मे या च खलु चेष्टा) ધર્મમાં ખરેખર ચેષ્ટા (अनुगमनम् अपि गुरूणाम्) અને ગુરુઓનું અનુગમન, (प्रशस्तराग: इति ब्रुवन्ति)તે 'પ્રશસ્ત રાગ' કહેવાય છે.**

ટીકા :- આ, પ્રશસ્ત રાગના સ્વરૂપનું કથન છે.

*અર્હંત-સિદ્ધ-સાધુઓ પ્રત્યે ભક્તિ ધર્મમાં-વ્યવહારચારિત્રના *અનુષ્ઠાનમાં-*ભાવનાપ્રધાન ચેષ્ટા અને ગુરુઓનું-આચાર્યાદિનું-રસિકપણે *અનુગમન, તે 'પ્રશસ્ત રાગ' છે. કારણ કે તેનો વિષય પ્રશસ્ત છે.

આ (પ્રશસ્ત રાગ) ખરેખર, *જે સ્થૂળ-લક્ષ્યવાળો હોવાથી કેવળ ભક્તિપ્રધાન છે એવા અજ્ઞાનીને હોય છે; ઉપરની ભૂમિકામાં (-ઉપરના ગુણસ્થાનોમાં) સ્થિતિ પ્રાપ્ત ન કરી હોય ત્યારે, *અસ્થાનનો રાગ અટકાવવા અર્થે અથવા તીવ્ર રાગજ્વર હઠાવવા અર્થે, કદાચિત્ જ્ઞાનીને પણ હોય છે. ૧૩૬.

*૧- અર્હંત-સિદ્ધ-સાધુઓમાં અર્હંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પાંચેય સમાઈ જાય છે (કારણ કે 'સાધુઓ'માં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ત્રણ સમાઈ જાય છે).*

*(નિર્દોષ પરમાત્માથી પ્રતિપક્ષભૂત એવા આર્ત-રૌદ્રધ્યાનો વડે ઉપાર્જિત જે જ્ઞાનાવરણીયાદિ પ્રકૃતિઓ તેમનો, રાગાદિવિકલ્પરહિત ધર્મ-શુક્લધ્યાનો વડે વિનાશ કરીને, જેઓ ક્ષુધાદિ અઢાર દોષ રહિત અને કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટય સહિત થયા તેઓ અર્હંતો કહેવાય છે.*

*લૌકિક અંજનસિદ્ધ વગેરેથી વિલક્ષણ એવા જેઓ જ્ઞાનાવરણીયાદિ-અષ્ટકર્મના અભાવથી સમ્યક્ત્વાદિ-અષ્ટગુણાત્મક છે અને લોકાગ્રે વસે છે, તેઓ સિદ્ધો છે.*

*વિશુદ્ધ જ્ઞાનદર્શન જેનો સ્વભાવ છે એવા આત્મતત્ત્વની નિશ્ચયરુચિ, તેવી જ જ્ઞપ્તિ, તેવી જ નિશ્ચળ અનુભૂતિ, પરદ્રવ્યની ઇચ્છાના પરિહારપૂર્વક તે જ આત્મદ્રવ્યમાં પ્રતપન અર્થાત્ તપશ્ચરણ અને સ્વશક્તિને ગોપવ્યા વિના તેવું જ અનુષ્ઠાન-આવા નિશ્ચયપંચાચારને તથા તેના સાધક વ્યવહારપંચાચારને-કે જેની વિધિ આચારદિશાસ્ત્રોમાં કહી છે તેને-એટલે કે ઉભય આચારને જેઓ પોતે આચરે છે અને બીજાઓને આચરાવે છે, તેઓ આચાર્યો છે. પાંચ અસ્તિકાયોમાં શુદ્ધજીવાસ્તિકાયને, છ દ્રવ્યોમાં શુદ્ધજીવદ્રવ્યને, સાતતત્ત્વોમાં શુદ્ધજીવતત્ત્વને અને નવ પદાર્થોમાં શુદ્ધજીવપદાર્થને જેઓ નિશ્ચયનયે ઉપાદેય કહે છે. તેમ જ ભેદો ભેદરત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગને પ્રરૂપે છે અને પોતે ભાવે (-અનુભવે) છે, તેઓ ઉપાધ્યાયો છે.*

## ગાથા :- ૧૩૬ ઉપર પ્રવચન

**अरहंतसिद्धसाहुसु भत्ती धम्मम्मि जा य खलु चेट्ठा ।**
**अणुगमणं पि गुरूणं पसत्थरागो त्ति वुच्चंति ।। १३६ ।।**

જુઓ! આ પ્રશસ્ત રાગની વ્યાખ્યા. ત્રણ બોલ આવ્યા ને? ત્રણ. પ્રશસ્ત ઉપયોગની વ્યાખ્યા. એક ગાથામાં એક એક ભિન્ન ભિન્ન વ્યાખ્યા કરશે. સમજાણું કાંઈ? પછી અનુકંપા હતી પછી અકલુષતા હતી.

આમાં કયાં હરિગીત છે? આમાં હરિગીત છે જ નહીં. નથી તો કયાંથી લાવવું અહીં. કહો, સમજાણું કાંઈ?

**ટીકા :- આ, પ્રશસ્ત રાગના સ્વરૂપનું કથન છે.** છે ટીકા? બસ્સો પાને. બસ્સો. ત્રીજી પંકિત વચ્ચે હિન્દીમાં. ટીકા :- **આ, પ્રશસ્ત રાગ,** જુઓ! પહેલાં પ્રશસ્ત રાગ કહ્યું ને? તેનું સ્વરૂપ કહે છે. **આ, પ્રશસ્ત રાગના સ્વરૂપનું કથન છે.** આ પ્રશસ્ત રાગ પહેલાં કીધો તેની વ્યાખ્યા કરે છે.

**અર્હંત-સિધ્ધ-સાધુઓ પ્રત્યે ભકિત,** જુઓ! ત્રણલોકના નાથ સાક્ષાત પરમાત્મા હોય કે પ્રતિમા હોય અને સિધ્ધ ભગવાનની મૂર્તિ હો અને સિધ્ધભગવાન લક્ષમાં લેવા-સિધ્ધભગવાન ભકિતના ભાવથી લક્ષમાં લેવા, એ બધા શુભરાગ છે, પ્રશસ્ત રાગ છે. અર્હંત-સિધ્ધ-સાધુ, સાધુમાં ત્રણેય આવી ગયા. નીચે (ફૂટનોટમાં) છે જુઓ! નીચે છે એકડો.

**અર્હંત-સિધ્ધ-સાધુઓમાં અર્હંત, સિધ્ધ બે છે. સાધુમાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ પાંચેય સમાય જાય છે. (કારણ કે 'સાધુઓ'માં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ ત્રણ સમાઈ જાય છે).** કહો, સમજાણું કાંઈ? એ બધું છે ને લીટી ખરી. જુઓ! પાંચ પરમેષ્ઠી. તે પ્રત્યેની ભકિત, સ્મરણ, યાદ કરવું તેનું નામ પ્રશસ્ત રાગ છે. પછી સાક્ષાત ભગવાન હોય અને સ્મરણ કરવું પછી સ્મરણ કરે ભગવાન ભગવાન ભગવાન ભગવાન ભગવાન ભગવાન નમોકાર આદિ. ભગવાનની

*નિશ્ચય-ચતુર્વિધ-આરાધના વડે જેઓ શુધ્ધ આત્મસ્વરૂપને સાધે છે, તેઓ સાધુઓ છે.)*
*૧. અનુષ્ઠાન = આચરણ; આચરવું તે; અમલમાં મૂકવું તે.*
*૨. ભાવનાપ્રધાન ચેષ્ટા = ભાવપ્રધાન પ્રવૃત્તિ; શુભભાવપ્રધાન વ્યાપાર.*
*૩. અનુગમન = અનુસરણ; આજ્ઞાંકિતપણું; અનુકૂળ વર્તવું તે. (ગુરુઓ પ્રત્યે રસિકપણે (ઉલ્લાસથી, હોંશથી) આજ્ઞાંકિત વર્તવું તે પ્રશસ્ત રાગ છે.)*
*૪. અજ્ઞાનીનું લક્ષ્ય (-ધ્યેય) સ્થૂળ હોય છે તેથી તેને કેવળ ભકિતનું જ પ્રધાનપણું હોય છે.*
*૫. અસ્થાનનો = અયોગ્ય સ્થાનનો, અયોગ્ય વિષય પ્રત્યેનો; અયોગ્ય પદાર્થોને અવલંબનારો.*

પ્રતિમામાં પૂજાનો ભાવ. બધો પ્રશસ્ત રાગની જાત છે. સમજાણું કાંઈ? નીચે ફૂટનોટ.

**નિર્દોષ પરમાત્માથી પ્રતિપક્ષભૂત એવા આર્ત-રૌદ્રધ્યાનો વડે ઉપાર્જિત જે જ્ઞાનાવરણીયાદિ પ્રકૃત્તિઓ,** શું કહે છે? અર્હંતની વ્યાખ્યા કરે છે. અર્હંત કેમ થયા? અર્હંત કેમ થયા કે તેવી રીતે થયા તેના જે ભક્તિ, સ્મરણ આદિ તેને પ્રશસ્ત રાગ કહેવામાં આવે છે. તે પણ સંવર, નિર્જરા નહીં. જેમ ભગવાનની પૂજા, ભક્તિ પણ શુભરાગ છે એમ સ્મરણ કરવું એ પણ શુભરાગ જ છે. એમાં કોઈ આ સ્મરણ કરવામાં સંવર-નિર્જરા છે અને ભગવાનની ભક્તિમાં બીજો રાગ છે એમ છે નહીં. બધાને ભગવાન શુભરાગ કહે છે. એવો શુભરાગ જ્ઞાની કે અજ્ઞાનીને પણ આવે છે.

**નિર્દોષ પરમાત્માથી પ્રતિપક્ષભૂત એવા આર્ત-રૌદ્રધ્યાનો વડે ઉપાર્જિત જે જ્ઞાનાવરણીયાદિ પ્રકૃત્તિઓ,** જુઓ! જરા. **તેમનો, રાગાદિવિકલ્પ રહિત ધર્મ-શુકલધ્યાનો વડે વિનાશ કરીને,** ભગવાન અરિહંત કેમ થયા? જે અજ્ઞાન અને રાગ-દ્વેષ ભાવથી, આર્ત અને રૌદ્રભાવથી ઉપાર્જિત કરેલાં આઠ કર્મો એ બન્ને રાગાદિ વિકલ્પ રહિત ધર્મ-શુકલધ્યાન. જુઓ! ધર્મધ્યાન પણ રાગાદિ વિકલ્પ રહિત, શુકલધ્યાન પણ રાગાદિ વિકલ્પ રહિત.

અત્યારે ધર્મધ્યાનમાં બહુ જ ગડબડ ચાલે છે. ધર્મધ્યાન છે તો થોડો સાથે પ્રશસ્ત રાગ છે. તેમાં નિર્જરા (અને) સંવર પણ છે, એ ના પાડે છે. જુઓ! રાગાદિ વિકલ્પ રહિત ધર્મધ્યાનમાં શુધ્ધતા થોડી છે. શુકલધ્યાનમાં શુધ્ધતા વિશેષ છે. પણ છે તો બન્ને રાગ રહિત. પુણ્ય અને પાપનો જે વિકલ્પ છે તેનાથી રહિત પોતાના સ્વરૂપની ધર્મધ્યાન પરિણતિ અને શુધ્ધિની વૃધ્ધિરૂપ શુકલધ્યાનની પરિણતિ એ **વડે વિનાશ કરીને.** આઠ કર્મ એ વડે વિનાશ થયા છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ધર્મધ્યાનનો કાઉસગ્ગ હોય?

ઉત્તર :- એ ધર્મધ્યાન કાઉસગ્ગમાં ક્યાં છે? એ તો વિકલ્પ છે. અહીં તો આત્મા અનંત અનંત આનંદનો કંદ તેની અંતરદષ્ટિ કરીને જે રાગ રહિત ધ્યાન પોતાની શુધ્ધતામાં થયું તે ધર્મધ્યાન છે. તે જ ધર્મધ્યાન કર્મનો નાશ કરવાનો ઉપાય છે. બાકી બીજા શુભરાગ ઉપવાસ કર્યા ને આમ કર્યું ને આમ કર્યું. એ બધું અહીંયાં આત્મા આનંદકંદ જ્ઞાતા-દૃષ્ટા તેમાં લીનતાની ધર્મધ્યાનની પર્યાય પ્રગટ કરે તેનાથી કર્મનો નાશ થાય છે. બીજો કોઈ નાશનો ઉપાય છે નહીં. કહો, સમજાણું કાંઈ? શેઠી!

ધર્મધ્યાન અને શુકલધ્યાનમાં શુધ્ધતાના ઓછા વધતાપણાનો ફેર છે. ધર્મધ્યાનમાં શુધ્ધતા થોડી છે. શુકલધ્યાનમાં શુધ્ધતા વિશેષ છે. એ પહેલાં વચ્ચે કહ્યું હતું યાદ ન રહ્યું.

મુમુક્ષુ :- પ્રશસ્તરાગમાં ધર્મધ્યાન છે.

ઉત્તર :- નહીં નહીં નહીં પ્રશસ્ત રાગ એ ધર્મધ્યાન નથી. એ તો અહીં કહે છે. તેની સામે જ વાત છે. પ્રશસ્ત રાગ એ શુભપરિણામ છે. સમજાણું કાંઈ? આહાહા! ધર્મ અને શુકલધ્યાન વડે અરિહંત

થયા. કોઈ અપવાસ બપવાસ કરીને, કોઈએ આટલા કર્યા પણ તેમાં ધર્મ અને શુકલધ્યાન આવે તો કર્મનો નાશ થાય છે. સમજાણું કાંઈ? અહીં તો મારે બીજું કહેવું હતું. ધર્મધ્યાનને કોઈ બે પ્રકારે કહે છે. એક વિકલ્પ છે રાગ તે ધર્મધ્યાન તેનાથી પણ નિર્જરા થાય છે એમ નથી.

મુમુક્ષુ :- શુધ્ધતામાં અંતર છે.

ઉત્તર :- (શુધ્ધતામાં) અંતર છે.

મુમુક્ષુ :- ........

ઉત્તર :- નહીં. શુધ્ધતા તો છે નિર્વિકલ્પ. ધર્મધ્યાન અને શુકલધ્યાન બેય નિર્વિકલ્પ શુધ્ધ પરિણતિ છે. પુણ્ય વિકલ્પ પ્રશસ્ત રાગમાં સામે દીધું છે ને? તેણે આ. પ્રશસ્ત રાગ તો શુભબંધનો છે. તેને વ્યવહાર ધર્મધ્યાન કહે. પણ આ નિશ્ચય ધર્મધ્યાન હોય તો તેને વ્યવહાર કહે અને તે પુણ્યબંધનું કારણ છે. સમજાણું કાંઈ?

**રાગાદિ વિકલ્પરહિત,** ધર્મ-શુકલધ્યાનો બેયને હજી એક શબ્દ લાગુ પાડયા છે. ઓલા શું કહે છે? કે ચોથાથી તે સાતમા સુધી હજી તો ધર્મધ્યાન છે. શુભરાગ. એ શુભઉપયોગ ધર્મધ્યાન, ત્યાંથી સંવર-નિર્જરા થાય છે. પછી શુકલધ્યાન આઠમાથી કોઈ વળી બારમેથી... સમજાણું કાંઈ? એમ છે નહીં. ધર્મધ્યાન આત્માના જ્ઞાતાસ્વભાવનું ધ્યાન એકાગ્રતા તે ધર્મધ્યાન છે. વચ્ચે પ્રશસ્ત રાગ આવ્યો ભગવાનનું સ્મરણ આદિ એ તો શુભરાગ છે. એ પુણ્યબંધનું કારણ છે. તે કર્મના નાશનું કારણ નથી. કહો, દેવીલાલજી! ભગવાનની ભક્તિ કરવી તે પુણ્ય છે અને સામાયિક કરીને વિકલ્પ કરીને બેસવું તે ધર્મ છે એમ છે? નહીં. એમ કહે છે.

એમ કે અહીં સામાયિક કરીને બેસે ને આ શુભરાગ વર્તે એ સંવર નિર્જરા. ભગવાનની ભક્તિ પુણ્ય એમ નથી. સામાયિકમાં પણ જેટલો ભગવાનના સ્મરણ, નામ આદિનો વિકલ્પ ઊઠે એ બધા પુણ્યબંધ છે. તેને ખરેખર સામાયિક છે નહીં.

મુમુક્ષુ :- .........

ઉત્તર :- બધા બંધના જ કારણ છે. ભગવાન જ્ઞાયક ચૈતન્યમૂર્તિ, નિર્વિકલ્પ સ્વભાવ તેને પકડીને લીન થવું તેનું નામ સામાયિક છે. તેનું નામ ધર્મધ્યાન છે. તેનું નામ કર્મનો નાશ કરવાનો ઉપાય છે. એ સંવર છે. સમજાણું કાંઈ? આગળ સંવરનો અધિકાર આવશે.

જેઓ ક્ષુધાદિ અઢાર દોષ રહિત, જુઓ! ખુલાસો કર્યો છે. કેવા છે અરિહંત ભગવાન? એક તો રાગાદિવિકલ્પરહિત ધર્મ-શુકલધ્યાનો વડે વિનાશ કરીને, વિનાશ થયો તો થયું શું? ક્ષુધાદિ અઢાર દોષ રહિત થઈ ગયા. ભગવાન અરિહંતને ક્ષુધા, તૃષા, રોગ હોતા નથી. એવા અરિહંતનો ખુલાસો કર્યો. કોઈ કહે છે ને કે અરિહંતને ક્ષુધા હોય છે. વિચાર લે છે રોગ આવ્યો (તો) ઔષધિ લીધી. એ બધી વાત

સાચી છે નહીં. કહો, સમજાણું કાંઈ? **ક્ષુધાદિ અઢાર દોષો રહિત,** રહિત છે તો ગુણ શું થયા? **અને કેવળજ્ઞાનાદિ અનંતચતુષ્ટય સહિત થયા,** લ્યો!

કેવળજ્ઞાન, કેવળદર્શન, અનંતઆનંદ, અનંતવીર્ય એવી પર્યાય અસ્તિ થઈ. અઢાર દોષ કર્મ નાશવાન તેવા દોષથી રહિત થયા. **લૌકિક અંજનસિદ્ધ વગેરેથી વિલક્ષણ,** હવે સિદ્ધની વ્યાખ્યા કરે છે. એ અરિહંતની કરી. એવા અરિહંતની ભક્તિ આદિને એટલે પ્રશસ્ત રાગ કહેવામાં આવે છે. એવા અરિહંત. બીજા અરિહંત કલ્પે કે રાગ તેના રાગને ખરેખર પ્રશસ્ત રાગ કહેવામાં આવતો નથી. અહીંયા એ કહે છે. હવે સિદ્ધ. આ પાંચ બોલ છે ને અરિહંત, સિદ્ધ, સાધુ આ ત્રણ બોલ તેની વ્યાખ્યા છે.

**લૌકિક અંજનસિદ્ધ આદિ,** લૌકિકમાં એમ કહે છે ને અંજન આમ ઓલાના પગ તપી જાય એવી સિદ્ધિ. એવી પુણ્યની સિદ્ધિ થાય છે. એ નહીં. સિદ્ધપુરુષ. હા. એ સિદ્ધ ચિંતવન પુણ્યના. એ નહીં. તેનાથી વિલક્ષણ. **જ્ઞાનાવરણીયાદિ-અષ્ટકર્મના અભાવથી,** લ્યો! સમ્યક્ત્વાદિ-અષ્ટગુણાત્મક છે. આઠ કર્મનો અભાવ અને આઠ ગુણની પર્યાયનો સદ્ભાવ. **અને લોકાગ્રે વસે છે.** લ્યો! અહીં લોકાગ્રે વસે છે એમ કહ્યું. તેઓ સિદ્ધ છે. લોકાગ્રે વસે છે. ક્ષેત્ર બતાવ્યું. ભાવ-પોતાના અનંતચતુષ્ટયમાં વસે છે. એ ભાવ કહ્યું. સમજાણું કાંઈ? તેની ભક્તિ તે પ્રશસ્ત રાગ છે. એમ કહેવું છે. તેનું સ્મરણ કરવું, તેને યાદ કરવા, તેને પ્રેમ કરવો, તેનું બહુમાન કરવું, વારંવાર મનન, રટણ કરવું અરિહંત, સિદ્ધનું. તે પ્રશસ્ત રાગ છે, શુભરાગ છે, પુણ્ય રાગ છે. તેનાથી પુણ્ય આવે છે.

હવે સાધુની વાત કરે છે. આચાર્ય, ઉપાધ્યાય. **વિશુદ્ધ જ્ઞાનદર્શન જેનો સ્વભાવ છે એવા આત્મતત્ત્વની,** કેવો છે આત્મભાવ? આત્મતત્ત્વ કેવું છે? કે વિશુદ્ધ જ્ઞાનદર્શન જેનો સ્વભાવ. એકલો જ્ઞાતા-દ્રષ્ટા વિશુદ્ધ નિર્મળ જ્ઞાનદર્શન વિશુદ્ધ સ્વભાવ તે આત્મતત્ત્વ. **તેની નિશ્ચયરુચિ,** તેની નિશ્ચયદૃષ્ટિ. તેનું નામ સમ્યગ્દર્શન. **તેવી જ્ઞપ્તિ.** એવી જ, એવા આત્મતત્ત્વની જ્ઞપ્તિ. એવો જ્ઞાન-દર્શન સ્વભાવવાળો આત્મા તેનું જ્ઞાન, તેનું જ્ઞાન એ નિશ્ચય સમ્યગ્જ્ઞાન છે. **તેવી જ નિશ્ચળ-અનુભૂતિ.** તેવી જ અંતરમાં નિશ્ચળ અનુભૂતિ, સ્થિરતા, રમણતા તેનું નામ ચારિત્ર.

**પરદ્રવ્યની ઈચ્છાના પરિહારપૂર્વક તે જ આત્મદ્રવ્યમાં પ્રતપન અર્થાત્ તપશ્ચરણ છે,** લ્યો! એ તપશ્ચરણ. પહેલાં સમ્યક્ આકાર કહ્યા. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર. હવે સમ્યક્તપ. **પરદ્રવ્યની ઈચ્છાના પરિહારપૂર્વક તે જ આત્મદ્રવ્યમાં પ્રતપન અર્થાત્ તપશ્ચરણ,** સ્થિર, વિશેષ, ઉગ્ર પુરુષાર્થથી થવું તેનું નામ તપશ્ચરણ આચાર કહે છે. આચારના નામ કહે છે. પાંચ આચાર પાળે તે આચાર. આ પાંચ આચાર. સમજાણું કાંઈ? **અને સ્વશક્તિને ગોપવ્યા વિના,** એ વીર્ય. **સ્વશક્તિને ગોપવ્યા વિના તેવું જ અનુષ્ઠાન,** એ વીર્યાચાર. વીર્યાચાર. દર્શનાચાર, જ્ઞાનાચાર, ચારિત્રાચાર, તપાચાર, વીર્યાચાર પાંચ આચાર.

**તેવું જ અનુષ્ઠાન-આવા નિશ્ચયપંચાચારને તથા તેના સાધક વ્યવહારપંચાચારને,** હવે અહીં તો સાથે લીધા. સાધક ને ફાધક, પહેલાં સાધક હોય અને સાધ્ય પછી હોય ને ઈ આમાં તો ન આવ્યું. **-કે જેની વિધિ આચારાદિશાસ્ત્રોમાં કહી છે.** વ્યવહારાચાર હો! **-એટલે કે ઉભય આચારને જેઓ પોતે આચરે છે,** ઉભય આચારને જેઓ પોતે આચરે છે. અહીં તો ભાઈ ઉભય કહ્યું. એક સમયમાં બે. જુઓ! હેં? કયાં થયો? **ઉભય આચારને જેઓ પોતે આચરે છે,** એક સાથે કહ્યું, ઉભય કોને કહે? નિશ્ચયદૃષ્ટિ, જ્ઞાન ને રમણતા, તપ ને વીર્યાચાર તે નિશ્ચય. તેની સાથે વ્યવહાર, જ્ઞાનના આચાર છે ને? કાળે ભણવું, વિનયથી ભણવું, દર્શનશુદ્ધિ ........... ચારિત્રનો, તીર્થનો વગેરે. વિકલ્પાત્મકભાવ વ્યવહાર છે તે પંચાચાર સાથે છે. નિશ્ચયપંચાચારની સાથે. **ઉભય આચારને જેઓ પોતે આચરે છે,** પોતે આચરે છે એ કયાંથી આવ્યું? વ્યવહારને આચરે છે અને નિશ્ચયને દૃષ્ટિમાં રાખે છે એમ છે?

મુમુક્ષુ :-........

ઉત્તર :- કયાં આચરે છે? પોતે આચરે છે, વર્તમાન આચરે છે કહ્યું. પોતે આચરે છે અને બીજાઓને આચરણ કરાવે છે. તેનું નામ ઓલા નિશ્ચય-વ્યવહારને કરાવે છે.એમ કહે છે, જુઓ!

મુમુક્ષુ :- .......

ઉત્તર :- શું? એ જયસેનાચાર્યએ લખી છે. જયસેનાચાર્યની વાત છે. હિંમતભાઈના ઘરની નથી. સમજાણું કાંઈ? માળા, કોણ જાણે શું કરે છે? કયાં ઉથલાવી મારી છે. ફેરફાર ફેરફાર. ઉભય આચારને જેઓ પોતે આચરે છે અને બીજાઓને આચરાવે છે. અહીં તો એવું લખ્યું છે. સમજાણું કાંઈ? જયસેનાચાર્યની ટીકામાં છે ને ટીકામાં. શબ્દે શબ્દ છે. પછી શું? ઓહોહો! આવા આચાર્યની આવા આચાર્યની ભકિત. સમજાણું કાંઈ?

હવે ઉપાધ્યાય. ભેદાભેદરત્નત્રય, ત્યાં લેશે. ઉપાધ્યાય કોને કહે છે એ બતાવે છે. આવા ઉપાધ્યાયની ભકિત પ્રશસ્ત રાગ છે. ભેદાભેદરત્નત્રય વ્યવહાર બેયમાં આવી ગયું. સાધુ તો પોતાનું સાધન કરે છે ને? ઓળખાણ કોને આવી? એના ખ્યાલમાં હોય કે આ વસ્તુ છે એટલી. એ તો જ્ઞાન ને દર્શન હોય એ શુદ્ધિ એનામાં પોતાને પોતાના કારણે થઈ. આ એવા છે એટલું લક્ષ કર્યું એ તો વ્યવહારજ્ઞાન છે. અને તેના પ્રત્યે ભકિતનો ભાવ એ શુભરાગ છે. સમજાય છે કાંઈ?

પોતાના આત્મામાં અંદરમાં જ્ઞાન-દર્શનની પરિણતિ સ્વના અવલંબે પ્રગટ થાય તે નિશ્ચય સમ્યગ્દર્શન છે. આ આચાર્ય આવા આવા આવા (એવું ) લક્ષ પરાવલંબી, પરસત્તાવલંબી, પરજ્ઞાન છે. અને તેની ભકિત આદિનો ભાવ શુભરાગ છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઉભય વ્યવહારમાં કાળ ભેદ છે કે આ કાળ છે?

ઉત્તર :- આ કાળ છે. એ મેં કહ્યું ને? પહેલાં કહ્યું. એક સાથે છે. પહેલાં કહ્યું. ઉભય એટલે એક સાથે છે. ત્યાં નિશ્ચયપંચાચાર છે સાથે વ્યવહાર વિકલ્પ આદિ છે. નિશ્ચય વિના વ્યવહાર ન હોય. એક નય-બીજી નયની સાપેક્ષતા ન હોય તો મિથ્યા નય થઈ જાય છે. એકલો વ્યવહાર હોય અને નિશ્ચય ન હોય તો મિથ્યા નય થઈ જાય છે. અને પૂર્ણ નિશ્ચય હોય તો ત્યાં વ્યવહાર ભલે ન હોય પણ નિશ્ચય છે તો સાથે વ્યવહાર હોય જ છે. વિકલ્પ એવો શુભરાગ પ્રશસ્ત રાગ હોય જ છે. સાપેક્ષ વ્યવહાર ને નિશ્ચય થઈ ગઈ. સમજાણું કાંઈ? નિશ્ચયથી વ્યવહારથી નિરપેક્ષ નિશ્ચય છે. તેમાં વ્યવહારથી એવો સાપેક્ષ વિકલ્પ આવે છે. ભારે ભાઈ નયનું.

હવે ઉપાધ્યાય કેવા છે? આ એવા અરિહંત, એવા સિધ્ધ અને એવા આચાર્ય. તેની ભક્તિ તેનું નામ હજી પ્રશસ્ત રાગ શુભરાગ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ........

ઉત્તર :- બોલ બોલ કરે તો શું છે? પરાવલંબી જ્ઞાન છે જાણપણું. એમાં શું છે? સ્વના જ્ઞાન વિના એ પરાવલંબી જ્ઞાન ખરેખર મોક્ષના માર્ગમાં છે જ નહીં. સમજાણું કાંઈ?

**હવે પાંચ અસ્તિકાયોમાં શુધ્ધજીવાસ્તિકાયને નિશ્ચયનયથી ઉપાદેય કહે છે.** કહે છે. જુઓ! એ ઉપાધ્યાય એવી પ્રરૂપણા કરે છે. કે પાંચ અસ્તિકાય છે, કાળ સિવાય. તેમાં શુધ્ધજીવાસ્તિકાયને જ નિશ્ચયનયથી ઉપાદેય કહે છે. જુઓ! સમજાણું કાંઈ?

એ ઉપાદેય ભગવાન જીવાસ્તિકાય સ્વ. અસંખ્યપ્રદેશી, અનંતગુણનું ધામ શુધ્ધજીવાસ્તિકાય એ ઉપાદેય છે. એવી પ્રરૂપણા ઉપાધ્યાય કરે છે. એથી વિરૂધ્ધ કરે તો ઉપાધ્યાય છે નહીં. એવી પ્રરૂપણા કરવાવાળા ઉપાધ્યાયની ભક્તિ પણ શુભરાગ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- અસ્તિકાય છે.

ઉત્તર :- હા, અસ્તિકાય ચાલે છે હા હા. અત્યારે ચાલે છે. આસ્રવતત્ત્વ. **છ દ્રવ્યોમાં શુધ્ધજીવદ્રવ્યને,** ઉપાદેય કહે છે. લ્યો! કહે છે, જુઓ! એવો ઉપદેશ કરે છે. **છ દ્રવ્યોમાં શુધ્ધજીવદ્રવ્યને,** સ્વભાવ શુધ્ધ એ જીવદ્રવ્ય ઉપાદેય અને અંગીકાર કરવા લાયક છે. એવું કહેવાવાળાને ઉપાધ્યાય કહે છે. એવા ઉપાધ્યાયની ભક્તિ તે શુભરાગ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ........

ઉત્તર :- એની અહીં વાત જ કયાં છે? તેથી તો અહીં વાત કરે છે.

મુમુક્ષુ :- ......

ઉત્તર :- એને માને તો એને મિથ્યાત્વ થાય. ઉપાધ્યાય છે નહીં, આચાર્ય છે નહીં, અરિહંત, સિધ્ધ સ્વભાવ છે નહીં. (તેને માને) તો તેને મિથ્યાત્વ થાય. મિથ્યાત્વનો ભાવ આવે. ઓહોહો! છ

**દ્રવ્યોમાં શુધ્ધજીવદ્રવ્યને, સાત તત્ત્વોમાં શુધ્ધજીવતત્ત્વને,** શું કીધું? ઉપાધ્યાય તેને કહ્યા કે સાત તત્ત્વોમાં શુધ્ધજીવતત્ત્વને જ ઉપાદેય કહેવામાં આવે છે. **નવ પદાર્થોમાં શુધ્ધજીવપદાર્થને,** જેઓ નિશ્ચયનયે, જુઓ વસ્તુ છે હો બધી. **નિશ્ચયનયે ઉપાદેય કહે છે,** એક વાત. તેમ જ **ભેદાભેદરત્નત્રયસ્વરૂપ મોક્ષમાર્ગને પ્રરૂપે છે.** વ્યવહાર નિશ્ચયરત્નત્રયની પ્રરૂપણા કરે છે. ભેદ ને ભેદ એટલે વ્યવહાર અને અભેદ એટલે નિશ્ચય. બે છે ને બે છે, સ્વરૂપ મોક્ષમાર્ગની પ્રરૂપણા કરે છે **અને પોતે ભાવે (-અનુભવે) છે,** ભેદાભેદરત્નત્રય પોતે ભાવે છે. **તેઓ ઉપાધ્યાયો છે.** કહો, સમજાણું કાંઈ? એવા ઉપાધ્યાયની ભક્તિ તે પ્રશસ્ત રાગ છે.

અહીં તો પાંચ પદ કયા છે તેની ખબર નથી અને (અમે) જૈન છીએ (એમ કહે) બસ ભગવાનની ભક્તિ કરીએ, નમો અરિહંતાણં. બસ ક્રમે ક્રમે સંવર નિર્જરા થઈ જાશે. સામાયિક છે ને? બેઠા હતા તો અંદર શું કાંઇ સાફ કર્યું હતું? મેં સામાયિક કરી તેવી તેની માન્યતા જ મિથ્યાત્વ છે. સામાયિક છે નહીં અને તેને સામાયિક માની છે. શુધ્ધજીવસ્વભાવની,

મુમુક્ષુ :- (તેમાં) આનંદ આવે.

ઉત્તર :- ધૂળનો આનંદ આવે ત્યાં એને. **ભેદાભેદરત્નત્રય.... તે ઉપાધ્યાયો છે.** જુઓ! ઓળખાણ આપી ને? ઓળખાણ-ઓળખાણ

હવે સાધુ. **નિશ્ચય-ચતુર્વિધ-આરાધના વડે,** પણ સાધુ પ્રરૂપણા નથી કરતાં, એ તો તેનું સાધન કરવું છે ને? સાધુને પોતાનું સાધન કરવું તે તો નહીં આદેશ, નહીં ઉપદેશ તે અપેક્ષાએ.

મુમુક્ષુ :- .......

ઉત્તર :- તે નથી કરતાં આ સાધુ નથી કરતાં. ઉપાધ્યાય-વ્યવહારરત્નત્રયમાં આવી ગયું. વ્યવહારરત્નત્રય-નિશ્ચયરત્નત્રયમાં આરાધન કરે છે તેમાં વિકલ્પ આવી ગયા. ભેદરત્નત્રય વ્યવહાર છે. નિશ્ચયરત્નત્રય નિર્વિકલ્પ છે. જગતમાં પ્રરૂપણા કરે છે ને ઉપાધ્યાય છે ને ઉપાધ્યાય. એની સમીપે.... પ્રરૂપણા કરે છે. સાધુ છે ને સાધુ. સાધુમાં શું? સાધના કરવી બસ. તેને કોઈ આદેશ કરવો, ઉપદેશ કરવોની વ્યાખ્યા મુખ્યપણે છે જ નહીં.

**નિશ્ચય-ચતુર્વિધ-આરાધના વડે,** એ પોતાના જ્ઞાન-દર્શન ને આનંદ તેના દ્વારા, **જેઓ શુધ્ધ આત્મસ્વરૂપને સાધે છે, તેઓ સાધુઓ છે.** સાધુઓમાં તો પ્રરૂપણા કરવી, સમજાવવું, દીક્ષા આપવી તેવું તો છે નહીં. તે અપેક્ષાએ પોતાના નિશ્ચય સ્વરૂપનું આરાધન કરે છે. જુઓ! તેમાં કોઈ વિકલ્પનું આરાધન કરે છે તે પણ લીધું નથી. અને કહે છે જગતને સમજાવે છે એવું પણ સાધુમાં નથી લીધું. સાધુ તો પોતાના આનંદસ્વરૂપને સાધે તે સાધુ. અતીન્દ્રિય આનંદ(મય) સાધુ. જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ, નિર્વિકલ્પ શુધ્ધ તેની સેવના, સાધુ છે ને તે સેવના કરે છે. સાધના કરે તે સાધુ. એ

**અર્હંત-સિધ્ધ-સાધુઓ પ્રત્યે ભક્તિ,** લ્યો! એટલો અર્થ થયો. એક પહેલી પંક્તિ. **અર્હંત-સિધ્ધ-સાધુઓ પ્રત્યે ભક્તિ,** તેનું નામ પ્રશસ્ત રાગ છે. કહો, સમજાણું કાંઈ?

એ સાક્ષાત સમવસરણમાં પ્રભુ બિરાજતા હોય તોપણ તેના પ્રત્યેની ભક્તિ તે શુભરાગ છે. ઓહોહો! અને આચાર્ય, ઉપાધ્યાય, સાધુ સાક્ષાત હોય તેની ભક્તિ પણ શુભરાગ છે. **ધર્મમાં-વ્યવહારચારિત્રના અનુષ્ઠાનમાં-ભાવનાપ્રધાન ચેષ્ટા,** શુભરાગની વ્યાખ્યા કરે છે. એ પ્રશસ્ત રાગની વ્યાખ્યા કરે છે. વ્યવહારચારિત્ર પંચમહાવ્રતના પરિણામમાં, તેના **અનુષ્ઠાનમાં, આચરણ, આચરવું તે, અમલમાં મૂકવું. ભાવનાપ્રધાન ચેષ્ટા,** શુભભાવ હોં! **શુભભાવપ્રધાન વ્યાપાર.** (આચાર) પંચમહાવ્રતમાં, પાંચ સમિતિ, ગુપ્તિમાં વ્યવહારમાં, વ્યાપારમાં બરાબર ભાવનાપ્રધાન ચેષ્ટા. શુભભાવ મુખ્ય.... ચેષ્ટા તેનું નામ પ્રશસ્ત રાગ છે, પુણ્યબંધનું કારણ છે.

**અને ગુરુઓનું-આચાર્યાદિનું-રસિકપણે અનુગમન.** જુઓ! આચાર્ય, ઉપાધ્યાય, સાધુ આવતાં હોય જાતાં હોય **તેનું રસિકપણે અનુગમન કરવું. અનુસરણ, આજ્ઞાંકિતપણું, અનુકૂળ વર્તન, ગુરુઓ પ્રત્યે રસિકપણે, પ્રેમથી, ઉલ્લાસથી, ઉત્સાહથી, રુચિપૂર્વક આજ્ઞાંકિત વર્તવું તે પ્રશસ્ત રાગ છે.** લ્યો! સમજાણું કાંઈ? કેટલા શબ્દ લીધા છે, જુઓ!

**ગુરુઓનું-આચાર્યાદિનું-રસિકપણે,** એટલે પ્રેમથી, ઉલ્લાસથી, ઉત્સાહથી રુચિપૂર્વક. એમ. વેઠ તરીકે નહીં. વેઠ કરે છે ને તમારે, હેં? જબરજસ્તી. હઠ કહે છે. આ તો રસિકપણે અનુગમન તે પ્રશસ્ત રાગ છે. લ્યો! તેનું નામ ભગવાન પ્રશસ્ત રાગ કહે છે. શુભરાગ કહે છે. પુણ્યાસ્રવનું કારણ કહે છે. સંવર, નિર્જરા નહીં. કેમ? હવે પ્રશસ્તની વ્યાખ્યા કરી. જુઓ!

કેમ કહ્યું પ્રશસ્ત રાગ? કે તેનો વિષય પ્રશસ્ત છે. સમજાણું કાંઈ? પંચપરમેષ્ઠી તેનો વિષય છે ને તે પ્રશસ્ત છે. તો રાગને પ્રશસ્ત કહેવામાં આવ્યો. અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ. પંચમહાવ્રત આદિ છે અને રસિકપણે, ઉત્સાહપણે ભક્તિ આદિ ભાવ તેનો વિષય પ્રશસ્ત છે તો રાગને પ્રશસ્ત કહેવામાં આવ્યો. વિષય પ્રશસ્ત છે તો રાગ પ્રશસ્ત. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કારણ પ્રશસ્ત છે તેથી રાગ પ્રશસ્ત.

ઉત્તર :- તે નહીં. તેનો વિષય પ્રશસ્ત છે. સામી ચીજ પ્રશસ્ત છે એટલું, સામી ચીજ પ્રશસ્ત છે તો અહીંયાં રાગને પ્રશસ્ત કહેવામાં આવ્યો. એટલી વાત છે.

મુમુક્ષુ :- કારણ પ્રશસ્ત છે.

ઉત્તર :- એ કારણ બારણની વાત નથી. અહીં એ વાત નથી. અહીં તો પ્રશસ્ત વિષય છે માટે, નિમિત્ત એવું છે ને? બસ એટલું. નિમિત્ત પ્રશસ્ત છે તો રાગને પ્રશસ્ત કહેવામાં આવ્યો એટલી વાત છે બસ. એ વાતની અહીં વાત નથી. અહીં તો રાગ કહે છે તેને પ્રશસ્ત કેમ કહ્યું? તેનો વિષય પ્રશસ્ત

છે, એટલું. તેનાથી ઉત્પન્ન થયું છે કે તે કારણ છે તેની વાત અહીં છે જ નહીં.

રાગ છે તેનો વિષય પ્રશસ્ત કેમ કહ્યો એટલી વાત છે. પ્રશસ્ત કેમ કહ્યું કે સામે વિષય પ્રશસ્ત છે. બસ! નિમિત્ત કહેવામાં આવ્યું દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રશસ્ત છે ને એટલે. સમજાણું કાંઈ? એટલે એણે રાગને પ્રશસ્ત કેમ કહ્યો? એ. અમારે પંડિતજી એક કહેતા હતા કે નહીં? આજ્ઞાંકિત માનવું એ હજી શુભરાગ છે. આજ્ઞા પ્રમાણે રહેવું. વ્યવહારથી આજ્ઞાંકિત. આજ્ઞા પ્રમાણે રહેવું.

મુમુક્ષુ :- આજ્ઞા પ્રમાણે એટલે રાગ......

ઉત્તર :- એમ નહીં નહીં નહીં. આજ્ઞાંકિત એટલે ગુરુની આજ્ઞા અનુકૂળતાથી ચાલવું તેમની આજ્ઞા પ્રમાણે રહેવું. એ શુભરાગ છે. એમ. શુભરાગની અહીં વાત નથી. અહીં તો તેની અનુકૂળમાં લક્ષ કરીને રહેવું બસ એટલી વાત છે. વિશેષ અહીં વાત જ નથી. સમજાણું કાંઈ? અહીંયાં તો પ્રશસ્ત વિષય છે ને નિમિત્ત. એટલે અહીં રાગને પ્રશસ્ત કહેવામાં આવ્યો. તેનાથી થાય છે એ પ્રશ્ન અહીં છે નહીં. વાત પ્રશસ્તની કરી ...... આ તો પ્રશસ્ત વિષય જ છે. એ વાતની ચર્ચા અમારે થઈ ગઈ છે, અમૃતલાલ સાથે. વિષય એટલે નિમિત્ત જ પ્રશસ્ત છે. સ્ત્રી, કુટુંબ અપ્રશસ્ત નિમિત્ત છે. એ કારણે અહીં પ્રશસ્ત રાગ કહેવામાં આવ્યો છે. ઉત્પન્ન તો પોતાથી થયો છે. હવે તે રાગ કોને થાય છે. એ વાત કહે છે. પોતાને કારણે હોં!

**આ (પ્રશસ્ત રાગ) ખરેખર, જે સ્થૂળ-લક્ષ્યવાળો હોવાથી,** અજ્ઞાની. આહાહા! **અજ્ઞાનીનું ધ્યેય સ્થૂળ હોય છે.** તેને માત્ર ભક્તિની જ પ્રધાનતા હોય છે, જુઓ! અજ્ઞાનીને ભક્તિની પ્રધાનતા, શુભભાવ. બસ. સ્મરણમાં, યાદગીરીમાં, ભક્તિમાં, પૂજામાં એકલો શુભરાગ તલ્લીન. સ્થૂલ-લક્ષ્યવાળો એમ કહ્યું. હો! ધ્યેય ધ્યેય. લક્ષ્ય એટલે ધ્યેય. સ્થૂલ-ધ્યેય છે. રાગ-ધ્યેય છે. પરધ્યેય છે તેમાં પોતાનું ધ્યેય છે નહીં. **કેવળ ભક્તિપ્રધાન છે,** એવા અજ્ઞાનીને ભક્તિ ખરેખર હોય છે. અજ્ઞાનીની એવી સ્થૂળ ભક્તિ હોય છે. સમજાણું કાંઈ?

**ઉપરની ભૂમિકામાં (-ઉપરના ગુણસ્થાનોમાં) સ્થિતિ પ્રાપ્ત ન કરી હોય,** ઉપરની ભૂમિકામાં, હવે જ્ઞાનીની વાત કરે છે. **ઉપરની ભૂમિકામાં (-ઉપરના ગુણસ્થાનોમાં) સ્થિતિ પ્રાપ્ત ન કરી હોય ત્યારે, 'અસ્થાનનો રાગ અટકાવવા અર્થે,** આ જ્ઞાનીની વાત છે. એ બધી વ્યવહારની વાત છે. અસ્થાનનો રાગ, તે તો રાગ-દ્વેષમાં વિકલ્પ એવો આવે છે કે આવું ન હોય. કોઈ અહીંયાં ક્રમબદ્ધમાં વિરોધ કરે એમ નહીં. અસ્થાનનો રાગ અટકાવવા અર્થે, કોઈ કહે કે અસ્થાનનો રાગ આવવાનો હતો ને રોકયો કેવી રીતે? અરે! ભાઈ! એમ નથી. અહીં તો, એમ છે નહીં. ત્યાં તો રાગ ને સાથે થોડો અશુભરાગ ન હોય એવો વિકલ્પ આવે છે તેને રોકવાને માટે અસ્થાન એટલે રાગ આવ્યો છે ને રોકયો છે? કથનની પધ્ધતિ નિમિત્તથી વાત સમજાવે છે.

**અથવા તીવ્ર રાગજ્વર અટકાવવા અર્થે,** તીવ્ર રાગજ્વર, રાગજ્વર તીવ્ર છે તો અટકાવવા માટે છે. પણ તીવ્ર રાગજ્વર ન આવે એવો ભાવ છે તો ત્યાં શુભરાગ કહેવામાં આવે છે. **કદાચિત્ જ્ઞાનીને પણ હોય છે,** એવો રાગ આવે છે ભક્તિનો, સ્મરણનો આદિનો ભાવ જ્ઞાનીને પણ પ્રશસ્ત રાગ આવે છે. આવ્યા વિના રહેતા નથી. એને પણ પુણ્યાસ્રવ એટલો, લ્યો! જ્ઞાનીને પણ પુણ્યાસ્રવ કહ્યા. કોઈ કહે કે ના, જ્ઞાનીનો શુભરાગ સંવર, નિર્જરાનું કારણ છે, એમ કહે છે ને? કહે છે. જ્ઞાનીનો અશુભરાગ ભોગમાં પણ નિર્જરા હોય છે તો શુભભાવમાં કેમ નિર્જરા ન હોય? અમરચંદભાઈ! એમ કહે છે. નહીં. જ્ઞાનીનો અશુભભાવ ભોગનો ભાવ પણ પાપનું કારણ છે. ભોગ ભાવ શું નિર્જરાનું કારણ છે? આ તો દૃષ્ટિની શુધ્ધતાની પ્રધાનતા બતાવવા માટે ભોગને જ્ઞાનીની નિર્જરા કહી છે. ભોગનો ભાવ નિર્જરા છે? જ્ઞાનીના શુભભાવને તો અહીંયાં પુણ્યાસ્રવ કહ્યા. જુઓ અહીંયાં. સમ્યગ્જ્ઞાનીના શુભભાવ પ્રશસ્ત વિષય છે સામે, તેનું લક્ષ થયું તો પુણ્યાસ્રવ છે, ધર્મ નહીં. ૧૩૬ ગાથા (પૂરી) થઈ.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

***વિકારી પર્યાય પરદ્રવ્યની સન્મુખતા કરે છે તેથી વિકારને દ્રવ્યથી ભિન્ન કહ્યો અને શુદ્ધ પર્યાય સ્વદ્રવ્યની સન્મુખ થાય છે તેથી શુદ્ધ પર્યાયને દ્રવ્યથી અભિન્ન કહેવાય છે. પણ અભિન્નતાનો અર્થ એ છે કે દ્રવ્યનું જેટલું સામર્થ્ય છે-શક્તિ છે એ જ્ઞાન પર્યાયમાં આવી જાય છે. પ્રતીતિમાં આવી જાય છે. તેથી શુદ્ધ પર્યાયને દ્રવ્યથી અભિન્ન કહી છે. પણ એનો અર્થ એ નથી કે અનિત્ય પર્યાય નિત્ય દ્રવ્યની સાથે એકમેક થઈ જાય છે. દ્રવ્ય-પર્યાય બન્નેનું સ્વરૂપ જ ભિન્ન હોવાથી બન્ને ભિન્ન છે. પર્યાય દ્રવ્યનો આશ્રય કરે છે. લક્ષ કરે છે તેથી પર્યાય શુદ્ધ થાય છે. પણ તેથી દ્રવ્ય પર્યાય એક થઈ જાય છે તેમ નથી, બન્નેના સ્વરૂપ ભિન્ન હોવાથી પર્યાય દ્રવ્યરૂપ થતી નથી અને દ્રવ્ય પર્યાયરૂપ થતું નથી. ૩૦ (પરમાગમ સાર)***

## ગાથા-૧૩૭

तिसिदं व भुक्खिदं वा दुहिदं दट्ठूण जो दु दुहिदमणो ।
पडिवज्जदि तं किवया तस्सेसा होदि अणुकंपा ।। १३७ ।।

तृषितं बुभुक्षितं वा दु:खितं दृष्ट्वा यस्तु दु:खितमना: ।
प्रतिपद्यते तं कृपया तस्यैषा भवत्यनकम्पा ।। १३७ ।।

अनुकम्पास्वरूपाख्यानमेतत् ।

कञ्चिदुदन्यादिदु:खप्लुतमवलोक्य करुणया तत्प्रतिचिकीर्षाकुलितचित्तत्वमज्ञानिनो-ऽनुकम्पा । ज्ञानिनस्त्वधस्तनभूमिकासु विहरमाणस्य जन्मार्णवनिमग्नजगदवलोकनान्मनाग्मन: खेद इति ।। १३७ ।।

---

દુ:ખિત, તૃષિત વા ક્ષુધિત દેખી દુ:ખ પામી મન વિષે
કરુણાથી વર્તે જેહ, અનુકંપા સહિત તે જીવ છે. ૧૩૭.

**અન્વયાર્થ :- (तृषितं)** તૃષાતુર, **(बुभुक्षितं)** ક્ષુધાતુર **(वा)** અથવા **(दु:खितं)** દુ:ખીને **(दृष्ट्वा)** દેખી **(य: तु)** જે જીવ **(दु:खितमना:)** મનમાં દુ:ખ પામતો થકો **(तं कृपया प्रतिपद्यते)** તેના પ્રત્યે કરુણાથી વર્તે છે, **(तस्य एषा अनुकम्पा भवति)** તેનો એ ભાવ અનુકંપા છે.

ટીકા :- આ, અનુકંપાના સ્વરૂપનું કથન છે.

કોઈ તૃષાદિદુ:ખથી પીડિત પ્રાણીને દેખી કરુણાને લીધે તેનો પ્રતિકાર (-ઉપાય) કરવાની ઈચ્છાથી ચિત્તમાં આકુળતા થવી તે અજ્ઞાનીની અનુકંપા છે. જ્ઞાનીની અનુકંપા તો, નીચલી ભૂમિકાઓમાં વિહરતાં (-પોતે નીચેનાં ગુણસ્થાનોમાં વર્તતો હોય ત્યારે), જન્માર્ણવમાં નિમગ્ન જગતના અવલોકનથી (અર્થાત્ સંસારસાગરમાં ડૂબેલા જગતને દેખવાથી) મનમાં જરા ખેદ થવો તે છે.* ૧૩૭.

---

**આ ગાથાની આચાર્યવર શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકામાં આ પ્રમાણે વિવરણ છે:- તીવ્ર તૃષા, તીવ્ર ક્ષુધા, તીવ્ર રોગ વગેરેથી પીડિત પ્રાણીને દેખી અજ્ઞાની જીવ 'કોઈપણ પ્રકારે હું આનો પ્રતિકાર કરું' એમ વ્યાકુળ થઈને અનુકંપા કરે છે; જ્ઞાની તો સ્વાત્મભાવનાને નહીં પ્રાપ્ત કરતો થકો (અર્થાત્ નિજાત્માના અનુભવની ઉપલબ્ધિ ન થતી હોય ત્યારે), સંકલેશના પરિત્યાગ વડે (-અશુભભાવને છોડીને) યથાસંભવ પ્રતિકાર કરે છે તથા તેને દુ:ખી દેખીને વિશેષ સંવેગ અને વૈરાગ્યની ભાવના કરે છે.*

## પ્રવચન નં:-૩૫, ગાથાઃ-૧૩૭ થી ૧૩૯,
## ભાદરવા વદ ૧૧, તા :-૧-૧૦-૬૪

### ગાથા-૧૩૭ ઉપર પ્રવચન

પંચાસ્તિકાય તેમાં નવ પદાર્થ ચાલે છે. નવ પદાર્થની વ્યાખ્યા. નવ પદાર્થ કોને કહે છે. તેમાં આસ્રવ પદાર્થની વ્યાખ્યા ચાલે છે. પુણ્ય અને પાપ, શુભ અને અશુભભાવ બેય આસ્રવ છે. તેનાથી નવા આવરણ આવે છે, તે બંધનનું કારણ છે. એમ બતાવે છે. એ જુઓ! પહેલાં ૧૩૬માં આવી ગયું છે.

પ્રશસ્ત રાગ આવ્યું ને? પંચપરમેષ્ઠીમાં પ્રશસ્ત રાગ, ભક્તિ આદિ એ પુણ્યાસ્રવ છે. સમજાણું કાંઈ? અરિહંત, સિધ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સાધુ સાચા, તેની વ્યાખ્યા કરી ગયા. તેની ભક્તિ, નામ, સ્મરણ, પૂજા વગેરે ભાવને પુણ્યાસ્રવ કહે છે. સંવર નહીં, ધર્મ નહીં. પરંપરા પણ નહીં. શુભરાગમાંથી પરંપરા થાતું નથી. પોતાનો સ્વભાવ શુધ્ધ એ સંવર માર્ગમાં આવશે. શુધ્ધ માર્ગ સંવર ચૈતન્યમૂર્તિ તેનું અંતર અવલંબન લઈને જે શુધ્ધ વિકાર રહિત પરિણતિ પર્યાય ઉત્પન્ન થાય તે મોક્ષનો માર્ગ એ જ સંવર છે, બીજો કોઈ માર્ગ છે નહીં. વચ્ચે એવો ભાવ આવે છે, તો તેને પુણ્યાસ્રવ કહેવામાં આવ્યો. કહો, સમજાણું કાંઈ? પ્રશસ્ત રાગની વ્યાખ્યા થઈ ગઈ.

જ્ઞાનીને પણ પ્રશસ્ત રાગ આવે છે. અજ્ઞાનીને તો એકલા સ્થૂળ લક્ષવાળી ભગવાનની ભક્તિ કરવાથી અમારું કલ્યાણ થઈ જશે એવો તેનો ધ્યેય સ્થૂળ છે. તેને પણ રાગ મંદ હોય તો પુણ્યાસ્રવ થાય છે, ધર્મ નહીં. જ્ઞાનીને પોતાના શુધ્ધસ્વભાવમાં રહી શકતા નથી અને અશુભરાગને વંચનાર્થ અથવા નિષેધાર્થ એવી ભક્તિનો ભાવ, સમ્યગ્જ્ઞાનીને પણ ભગવાનની ભક્તિ સ્મરણ, નામ, જાપ આદિનો ભાવ આવે છે. પણ છે તે પુણ્યાસ્રવ. શુભભાવ પુણ્યનો આસ્રવ કરવાવાળા છે. બંધને કરવાવાળા છે. હવે અનુકંપાની વાત ચાલે છે. શુભભાવના ત્રણ બોલ. એક પ્રશસ્ત રાગ, એક અનુકંપા એક અકલુષિત ભાવ. ત્રણ શુભભાવ છે. તેનાથી પુણ્યાસ્રવ, નવા પુણ્યનું આવરણ થાય છે. તેમાં એક પ્રશસ્ત રાગની વ્યાખ્યા થઈ ગઈ. હવે અનુકંપા. ૧૩૭ ગાથાની ટીકા.

**तिसिदं व भुक्खिदं वा दुहिदं दट्ठूण जो दु दुहिदमणो ।**
**पडिवज्जदि तं किवया तस्सेसा होदि अणुकंपा ।। १३७ ।।**

**ટીકા :- આ અનુકંપાના સ્વરૂપનું કથન** છે. એ અનુકંપા પણ શુભરાગ છે. સમજાણું કાંઈ?

અનુકંપા પણ શુભરાગ છે. ધર્મ નહીં, સંવર નહીં. એ કહે છે, જુઓ! ૧૩૭ ની ટીકા.

**કોઈ તૃષાદિદુઃખથી પીડિત પ્રાણીને દેખી,** સંસ્કૃતમાં છે તેનું અક્ષરશઃ નીચે છે. કોઈ **તૃષાદિ,** કોઈને તૃષા લાગી હોય, ક્ષુધા લાગી હોય, રોગ હોય એવા દુઃખી પ્રાણી હોય. એવા દુઃખથી પીડિત પ્રાણી, એવા **દુઃખથી પીડાવંત પ્રાણીને દેખી કરુણાને લીધે,** કરુણા આવી હોય. પર પ્રાણીને કરુણાને લીધે તેનો પ્રતિકાર (-ઉપાય) કરવાની ઈચ્છાથી તેની તૃષા, ક્ષુધા, રોગ પીડા વગેરે દૂર કરવાના પ્રતિકારની ઈચ્છાથી **ચિત્તમાં આકુળતા થવી,** ચિત્તમાં આકુળતા થવી તે અજ્ઞાનીની અનુકંપા છે. સમજાણું કાંઈ?

એ અજ્ઞાનીની અનુકંપા છે, અજ્ઞાનીને અનુકંપા એવો શુભભાવ આવે છે. **'હું આનો પ્રતિકાર કરું'** ઝટ કરી દઉં, ઝટ છોડી દઉં એવી અજ્ઞાનીની આકુળતા હોય છે. પરનો પ્રતિકાર કરવાની ઈચ્છા હોય પણ આત્મા કાર્ય કરી શકે એમ ત્રણકાળમાં છે જ નહીં. અજ્ઞાનીને એવી આકૂળતા થાય કે હું એકદમ પરનું દુઃખ દૂર કરી દઉં, ક્ષુધા દૂર કરી દઉં, તૃષા દૂર કરી દઉં. **ચિત્તમાં આકુળતા થવી એ અજ્ઞાનીની અનુકંપા છે.** મિથ્યાદૃષ્ટિનો એ જરી શુભભાવ છે. તેને પુણ્યાસ્રવ હોય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .....

ઉત્તર :- વાત તો એવી છે. જુઓ! ક્યાંથી આવ્યા છો ભાઈ? ગ્વાલીયરથી. અચ્છા!.... શેઠી! જ્ઞાનીની અનુકંપા, જુઓ! સમ્યગ્દૃષ્ટિની અનુકંપા કેવી હોય છે તેનું સ્વરૂપ કહે છે. પોતાનું સ્વરૂપ આનંદ અને જ્ઞાન છે. એવું જેને અંતર ભાન થયું છે. એવી સમ્યગ્દૃષ્ટિની અનુકંપાનું શું સ્વરૂપ છે?

**નીચલી ભૂમિકાઓમાં વિહરતાં,** ચોથે, પાંચમે આદિ ગુણસ્થાનમાં વિચરતાં હોય. **(-પોતે નીચેનાં ગુણસ્થાનોમાં વર્તતો હોય ત્યારે) જન્માર્ણવમાં નિમગ્ન જગતના અવલોકનથી,** જુઓ! ભાષા ફરી ગઈ. અજ્ઞાની એ તો દુઃખની પીડા જોઈને પ્રતિકાર કરવાની આકુળતા છે. અને જ્ઞાનીને **જન્માર્ણવમાં નિમગ્ન જગતના,** જન્મરૂપી સંસાર, ચોર્યાસીના અવતાર તેમાં ડૂબતાં **જગતના અવલોકનથી,** અરે! પ્રાણી ચાર ગતિમાં રખડે છે. **સંસારસાગરમાં ડૂબેલાં** ચાર ગતિમાં પરિભ્રમણ કરવાવાળા **જીવને જોઈને મનમાં જરા ખેદ થવો તે અનુકંપા છે.** ખેદનો અર્થ શુભભાવ, અનુકંપા.

મુમુક્ષુ :- એ તો મટાડી શકાય...

ઉત્તર :- મટાડી કોણ શકે છે? એ તો કહે છે. પરની પર્યાય કોણ મટાડી શકે છે? મટાડીને શું કહે છે? કોણ મીટા શકતે હૈ? પરનું આયુષ્ય હોય તો રહી શકે, આયુષ્ય ન હોય તો મરી જાય. તેને અશાતા ઉદય હોય તો પ્રતિકુળ સંયોગ મળે, શાતાના ઉદયથી અનુકુળ સંયોગ મળે. બીજું કોણ મેળવી શકે છે?

એક દ્રવ્ય બીજા દ્રવ્યને મેળવી શકે છે અને સંયોગ બનાવી શકે છે એમ ક્યારેય ત્રણકાળમાં બનતું નથી. બરાબર છે કે નહીં ભાઈ?

કોઈ પરમાણું પરદ્રવ્ય છે કે નહીં? જેમ જગતના કર્તા ઈશ્વર છે એમ માને છે એમ કોઈ જૈન પરદ્રવ્યના કર્તા માને તો બેયની દૃષ્ટિ એક જેવી છે, એક સ્થાન છે. પરનું શું કરી શકે? પરમાણુ પરઆત્મા સ્વતંત્ર દ્રવ્ય છે. તેની પર્યાયનું થવું તેને કારણે થાય છે. અજ્ઞાની પ્રતિકાર કરવામાં 'હું પ્રતિકાર કરી દઉં' દેરિયાજી! આ સમજવાની ચીજ છે.

મુમુક્ષુ :- આચાર્ય તુલસી આમ જ કહે છે.

ઉત્તર :- તુલસી શું કરી શકે છે? મટાડી શકે છે? પાપ કરે છે. તુલસી તો એવું કહે છે કે, અહીં તો પુણ્ય છે. પાપમાં ફેર છે. એ તો કહે છે કે બીજાને બચાવવાનો ભાવ પાપ છે. એમ નથી. એ તુલસી છે ને તેરાપંથી. સ્થાનકવાસીમાં નથી? તેરાપંથી. તે એમ માને છે ને કે બીજા ક્ષુધા, તૃષાવંતને આહાર-પાણી આપવાનો ભાવ પાપ છે. એમ કહે છે. પાપ નહીં. છે પુણ્ય.

જૈનની બીજી વાત છે, એ કહે છે એ બીજી વાત છે, દેરિયાજી! એ તો કહે છે કે બીજાને ભૂખ્યાને આહાર આપવાનો ભાવ એ પાપ છે. એમ નથી. એ ભાવ તો પુણ્ય છે. પણ અજ્ઞાનીને તેને પ્રતિકાર કરી દઉં, ક્ષુધા મટાડી દઉં, એવી ક્રિયા છે એ મિથ્યાદૃષ્ટિમાં અજ્ઞાનની આકુળતા છે. સમજાણું કાંઈ? અને જ્ઞાનીને પ્રતિકાર કરવાની ઈચ્છા નથી. અનુકંપા છે. પણ તેનો પ્રતિકાર કરી શકું, ક્ષુધા ટાળી શકું, તૃષા ટાળું એ મારા અધિકારની વાત નથી. એમ પરદ્રવ્યની પર્યાય હું કરી શકતો નથી. એ ફેર છે. બહુ જ ઉગમણો આથમણો ફેર છે. સ્થાનકવાસીમાં તેરાપંથી છે ને? એ તો એમ કહે છે, ક્ષુધા, તૃષા જોઈને, દુઃખી જોઈને, લક્ષ્મી પણ આપવી તે પાપ છે. એમ નથી. છે તો પુણ્ય-શુભભાવ. પણ હું આ ક્રિયા કરી શકું છું એવી માન્યતા અજ્ઞાની મિથ્યાદૃષ્ટિની છે. તેની તો પરની તો તેને ખબર પણ નથી. પરને કરી શકું, એ તો તેને પણ ખબર નથી અમને ખબર છે. તેના બધા શાસ્ત્રો જોયા છે.

મુમુક્ષુ :- ભાષા બદલી છે.

ઉત્તર :- ના, ના. ભાષા હવે બદલી. પહેલાં એવી ભાષા નહોતી. અલૌકિક પુણ્ય છે, સંસાર છે. એવી ભાષા કરતાં હતા. અમને ખબર છે. પહેલાં આવી ભાષા નહોતી. ચોખ્ખી પરની એ તો કહે છે, ચોખ્ખી પરની અનુકંપા. કેમ? કે તે બચે તો ઠીક! એવી ભાવના. આહાર-પાણી આપવાની ભાવના પાપ છે, એમ કહે છે. અહીંયાં એમ નથી. છે તો પુણ્ય પણ પરની ક્રિયા કરી શકું છું, એવી માન્યતા અજ્ઞાનીની છે. એ અજ્ઞાન સાથે શુભભાવનું પુણ્ય આવે છે, બસ એટલી વાત છે. અમરચંદભાઈ! અમરચંદભાઈને તો ફેકટરી છે ત્યાં કાનપુરમાં. તેરાપંથી........ સમજાણું કાંઈ?

એમ હું પરની ક્રિયામાં ક્ષુધા મટાડી દઉં, મટે ક્યાંથી? મટે તો, તેના સંયોગ મળે ને તેને મટે તો

મટે. તું ક્યાંથી મટાડી શકે? સમજાણું કાંઈ? જ્ઞાનીને તો અનુકંપા સંસારસાગરમાં ડૂબેલાં પ્રાણી છે. એવું જોઈને જરા ખેદ, શુભરાગ આવ્યો તો અનુકંપા પુણ્ય આવ્યા. દૃષ્ટિમાં તે પુણ્યનો આદર નથી. પરની ક્રિયા કરી શકું એમ જ્ઞાની માનતા નથી. એ અનુકંપાનો ભાવ આવ્યો. પણ સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિમાં ઉપાદેય નથી. ઉપાદેય નથી, અનુકંપા શુભભાવ હેય છે. આહાહા!

મુમુક્ષુ :- એના પુણ્યની અનુકંપા જોરવાળી છે.

ઉત્તર :- અજ્ઞાનની જોરવાળી થઈ. અજ્ઞાનના જોરવાળી થઈ પહેલી. પરનું હું કરી દઉં, પરનું હું કરી દઉં. કોણ કરી શકે છે? અજ્ઞાનનું જોર કરું. સમજાણું કાંઈ? બહુ જ ફેર છે. વસ્તુ વસ્તુમાં બહુ જ ફેર છે. કહે છે, જ્ઞાનીને અનુકંપા થાય છે. કોને? દુઃખને જોઈને થાય છે એમ નથી કહ્યું. જુઓ!

**પીડિત પ્રાણીને દેખી કરુણાને લીધે** અજ્ઞાનીને, જ્ઞાનીને દુઃખને જોઈને નહીં, કેમકે પર્યાયબુદ્ધિ તેને છે જ નહીં. પોતામાં તેને જોઈને વૈરાગ્ય આવે છે. ઓહોહો! ચૌર્યાસીમાં ડૂબેલાં પ્રાણી, તેને શુભભાવ આવ્યો ખેદ, તેને પ્રશસ્ત રાગ કહેવામાં આવે છે. એ પણ પુણ્યાસ્રવ છે. જ્ઞાનીને પણ તે પુણ્યાસ્રવ છે. વીતરાગ ન હોય તો એવો ભાવ આવે છે. પણ તે ધર્મ નથી. સમજાણું કાંઈ? ભારે ગડબડ કરે છે. **મનમાં જરા ખેદ થવો,** જોયું? થોડો જરા નીચે (ફુટનોટમાં) ખુલાસો છે. નીચે ફુટનોટમાં જયસેનાચાર્યની ટીકાનો ખુલાસો છે. નોટ છે. નીચે. ૨૦૨ પાના ઉપર નીચે.

આ ગાથાની આચાર્યવર શ્રી જયસેનાચાર્યદેવકૃત ટીકામાં આ પ્રમાણે વિવરણ છે. તીવ્ર તૃષા, તીવ્ર ક્ષુધા, તીવ્ર રોગ વગેરેથી પીડિત પ્રાણીને દેખી અજ્ઞાની જીવ 'કોઈ પણ પ્રકારે હું આનો પ્રતિકાર કરું' હું આમ દઈ દઉં, હું આમ દાન દઈ દઉં, આવો આહાર આપી દઉં પણ કોણ દઈ શકે છે?અજ્ઞાનીની એટલી આકુળતા છે. સમજાણું કાંઈ? જ્ઞાનીને પ્રતિકાર યથા સંભવ લક્ષ આવે છે. પણ તે પ્રતિકારની ક્રિયાનો કર્તા નથી થતો. ઇચ્છા-અનુકંપા આવી, એ કહે છે. જુઓ!

મુમુક્ષુ :- ........

ઉત્તર :- કોણ પણ? શુભરાગ છે. આકુળતા શું? એ રાગ જ આકુળતા છે. સદાવ્રત ખોલે કે પૂછડું ખોલે. રાગની મંદતા છે. પણ હું કરી શકું છું અને આપી શકું છું ને એ આપી શકે છે. એવી માન્યતા મિથ્યાદૃષ્ટિ અજ્ઞાનીની મિથ્યાત્વનું મોટું પાપ સાથે છે. કહો, સમજાણું કાંઈ? કોણ કરી શકે છે? પરનું કરે છે કોણ? પોતામાં તે ભાવ આવે છે. કરી શકે છે કોણ? અને રોકી શકે છે કોણ? સોગનચંદજી! ભાઈ શું છે? કોણ કરી શકે છે? તમારા શરીરની એક આંગળી પણ નથી ચલાવી શકતો. એ તો જડ છે. જડની પર્યાય જડથી થાય છે. શું એ તમારાથી થાય છે? તેમાં ઉત્પાદ-વ્યય છે કે નહીં? જડ શરીરમાં ઉત્પાદ-વ્યય, તો ઉત્પાદ-વ્યય તેનાથી થયા છે? આત્માથી નથી થયા તો શું પરનું કરી શકે છે? જગતને બહુ કઠણ વાત છે.

**'કોઈ પણ પ્રકારે હું આનો પ્રતિકાર કરું'** અજ્ઞાની. **એમ વ્યાકુળ થઈને અનુકંપા કરે છે.** મિથ્યાશ્રદ્ધા સહિત આવો શુભભાવ અજ્ઞાનીને આવે છે તો મિથ્યાત્વ અને પુણ્ય બેનો આસ્રવ તેને થાય છે. **જ્ઞાની તો,** સમ્યગ્દષ્ટિ તો **સ્વાત્મભાવનાને નહિ પ્રાપ્ત કરતો થકો,** પોતાના અનુભવમાં ન રહી શકે, શુદ્ધઉપયોગમાં ન રહી શકે, ધર્મી પોતાના શુદ્ધ આનંદની, જ્ઞાનની દૃષ્ટિ હોવા છતાં સ્વરૂપમાં ટકી ન શકે, ત્યારે **અર્થાત્ નિજાત્માના અનુભવની ઉપલબ્ધિ** એટલે પ્રાપ્તિ **ન થતી હોય ત્યારે, સંકલેશના પરિત્યાગ વડે,** સંકલેશ નહીં અશુભભાવનો ત્યાગ.

**યથાસંભવ પ્રતિકાર કરે છે,** કરે છે એ વ્યવહારથી કહ્યું છે. સમજયા? યથાસંભવ, એમ. યથાસંભવ એટલે પાંચે ક્રિયા આવી થવાની હોય, એમ થાય છે. તેને વ્યવહારથી કર્તા એમ કહેવામાં આવ્યું છે.

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ના ના યથાસંભવ એટલે એને યોગ્ય. સામાને યોગ્ય. આહાર મળ્યા, પાણી મળ્યું, ન મળ્યું, ઔષધિ મળી ન મળી એવી યથાસંભવ યોગ્યતા ત્યાં હોય એવી સ્થિતિ હોય છે. સમજાણું કાંઈ?

સેવાનો ભાવ થયો પણ ત્યાં સાધન ન હોય તો, યથાસંભવ જે મળ્યું તે આમ સહજ થઈ જાય તો, યથાસંભવ. મુનિને તો પ્રતિકાર ઉપદેશથી થાય છે. બીજી રીતે નહીં.

**તેને દુઃખી દેખીને,** અહીં તો વિશેષ વાત આ છે. કે વિશેષ સંવેગ અને વૈરાગ્યની ભાવના કરે છે. બસ! વૈરાગ્ય! ઓહો! એવા દુઃખીપ્રાણી જન્માર્ણવમાં રખડે છે. એવો વૈરાગ્ય સંવેગ જ્ઞાની કરે છે. પરની ક્રિયા તો કરી શકતો નથી. યથાસંભવ રાગ આવ્યો, યથાસંભવ ક્રિયા બની ગઈ તો બની ગઈ. સમજાણું કાંઈ? અનુકંપાની વાત થઈ. ૧૩૭ ગાથામાં. પ્રશસ્ત રાગની વાત અને અનુકંપાની વાત બેની વાત થઈ. એક અકલુષિતતા. આ પુણ્યાસ્રવની વાત ચાલે છે. ત્રણે પુણ્યાસ્રવ છે. પ્રશસ્ત રાગ, અનુકંપા અને અકલુષિતભાવ એ ત્રણે પુણ્યાસ્રવ છે. ત્રણેમાં કોઈ ધર્મ નથી. સંવર-નિર્જરા નથી. સંવર-નિર્જરા બીજી ચીજ છે.

મુમુક્ષુ :- સંવેગ અને વૈરાગ્ય એટલે શું?

ઉત્તર :- સંવેગ મોક્ષની ભાવના, છૂટવાની ભાવના. સમ્યક પ્રકારે વેગ મોક્ષની અભિલાષા. વૈરાગ્ય રાગથી પાછું ફરવું. મોક્ષનો વેગ અને રાગથી પાછા ફરવું, વૈરાગ્ય. એવી ભાવના અંદરમાં કરે છે. અનુકંપા આવી જાય છે પણ તેની ક્રિયા હું કરી દઉં એવી દૃષ્ટિ નથી. આ તો પંચાસ્તિકાય છે પણ પ્રવચનસારમાં પણ લીધું છે. જે પ્રાણી દુઃખી છે તેની ઉપર કરુણા કરું અને તેની ક્રિયા હું કરી દઉ. એ મિથ્યા દર્શનમોહનો ઉદય છે, દર્શનમોહ મિથ્યાત્વ. સમજાણું કાંઈ?

તેની કરુણા કરી દઉં, ભાવ આવે. તેની હું કરી દઉ. કોણ કરે? ...જ્ઞાન છે. રાગ કરો કે જ્ઞાતા રહો,

બીજા તો કોઈ કરી શકતા નથી. હું કરી દઉં, બીજાનું કરી દઉં મિથ્યાત્વભાવ છે. દર્શનમોહ છે. પ્રવચનસારમાં છે. દર્શનમોહના, મિથ્યાત્વના લક્ષણ બતાવ્યા છે. વિપરીત માન્યતા. સમજાણું કાંઈ? કેટલામી ગાથા છે? ૮૫. એકલી ને? જુઓ! મિથ્યાત્વનું લક્ષણ બતાવ્યું છે. કે પદાર્થોની અયથાર્થ પ્રતિપત્તિ વડે પદાર્થ જેવા છે એવા ન જાણવા અને વિપરીત માનવા એ મિથ્યાત્વભાવ છે. તિર્યંચ અને મનુષ્યો પ્રેક્ષા યોગ્ય હોવા છતાં, જુઓ! તિર્યંચ અને મનુષ્યો તો જ્ઞાતા તરીકે દેખવાયોગ્ય છે. છતાં પણ તેમના પ્રત્યે કારુણ્યબુદ્ધિ વડે મિથ્યાત્વમોહને ઓળખીને, કઠણ વાત છે, આ વાત!

એ તો આત્માનું જ્ઞેય છે. પર જીવમાં દુઃખ હોવું. જ્ઞાન આ જ્ઞાતાનું જ્ઞેય છે. પ્રેક્ષાયોગ્ય છે. તે ઉપરાંત હું તેની કરુણા કરી દઉં તેની દયા પાળી ને તેને બચાવી દઉં. સમજાણું કાંઈ? એ મિથ્યાત્વભાવનું લક્ષણ છે.

મુમુક્ષુ :- સંતોષ થાય.

ઉત્તર :- સંતોષ થાય કે ન થાય પણ એની કરુણા કરું. એમ છે ને? તિર્યંચો, મનુષ્યો તેમના પ્રત્યે કારુણ્યબુદ્ધિ. પોતાથી કરુણા રાગ આવી ગયો મધ્યસ્થ રીતે. આ તો એની કરુણા કરીને હું દુઃખ મટાડી શકું, આમ કરી દઉં, ઓહોહો! તેને જોઈને ધ્રુજારી થઈ જાય. તો એ બધા મિથ્યાત્વનું લક્ષણ છે. દુનિયાથી વિરૂદ્ધ છે.

મુમુક્ષુ :- જ્ઞાની ને અજ્ઞાનીની અનુકંપામાં ભેદ છે.

ઉત્તર :- ભેદ છે. જ્ઞાનીની અનુકંપા પોતાની પર્યાયમાં જરા ખેદ રાગ આવી જાય છે. બસ. અને અજ્ઞાનીને તો હું મટાડી દઉં, આમ કરી દઉં, આખી દુનિયાને સુધારી દઉં.....ના સ્વર્ગ ઉપરથી ઉતારી દઉં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..... છે કે ભાવના છે?

ઉત્તર :- એ માન્યતા એ મિથ્યાત્વ છે. હું પરનું આમ કરી દઉં એવી મિથ્યાત્વ ભાવના મિથ્યાશ્રદ્ધા છે. ભારે વાત છે ભઈ! આવી વાત સાંભળી પણ ન હોય. જૈન પરમેશ્વર ત્રિલોકનાથ દેવાધિદેવ તેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જોયા. જેમાં અનંતપદાર્થ સ્વયંસિદ્ધ જોયા. કોઈ પદાર્થ કોઈનું કરી શકે એમ ભગવાને જોયું નહીં. ભાઈ! એક પદાર્થ બીજાનું કરી શકે છે? કોણ કરી શકે? સમજાણું કાંઈ? હું બીજાનું કરી દઉં એવી ભાવના મિથ્યાત્વ છે. ક્રિયા તો કરી શકતો નથી. ક્રિયા તો અજ્ઞાની શું કરી શકશે? ભાવ કરે છે કે આમ હું કરી દઉં.

મુમુક્ષુ :- ક્રિયા મિથ્યાત્વની?

ઉત્તર :- ક્રિયા તો પરની છે તેમાં ક્યાં મિથ્યાત્વ આવ્યું. હું તેનું (પરનું) કરી દઉં એ ભાવ મિથ્યાત્વ છે. ઓહોહો! કિયા તો જડની થાય છે. પરની થાતી હોય તો થાય. તેમાં તેના ભાવથી ક્યાં

ક્રિયા થાય છે. પણ માને છે કે હું તેનું દુઃખ બરાબર મટાડી દઉં. આમ હું કરી દઉં, આમ કરી દઉં, હું જાણકારને લાવીને તેનું દુઃખ મટાડી દઉં. એવી પરની ક્રિયાને કરવાનો ભાવ એ મિથ્યાત્વભાવ છે.

મુમુક્ષુ :- લુખી લાગણી રાખવાથી શું ફાયદો?

ઉત્તર :-લુખીની કયાં વાત છે? લુખી કોને કહે છે? કરી શકે તો ચીકણી છે? પરનું કામ કરે તો ચીકણી અને ન કરે તો લુખી. કરી શકતો જ નથી પછી પ્રશ્ન શું? શુભરાગ છે અને સાથે મિથ્યાત્વનું મહાન પાપ છે. પુણ્ય જરી છે અને પાપ મોટું છે.

મુમુક્ષુ :- પાપ અને ધર્મની સ્થિતિ......

ઉત્તર :- ના ધર્મ નથી. ધર્મ તો ત્યાં છે જ નહીં. ના ના પુણ્ય તો એ પણ અધર્મ છે. શુભરાગ એ ધર્મ નથી. પણ હું કરી શકું છું એવી માન્યતા મિથ્યાત્વરૂપી અધર્મ છે. અને પુણ્ય સાથે જરી રાગ મંદ હોય તો તે પુણ્યનો અધર્મ છે. મોટી વાત કઠણ, જગતે કયારેય સાંભળી નથી, તત્ત્વ શું છે.

'પદાર્થની અયથાતથપણે પ્રતિપત્તિ' જેવો પદાર્થ છે એવો ન માનવો અને વિપરીત માનવો એ તેની મિથ્યાત્વ માન્યતા છે. હું બીજાનું કરી દઉં, આમ કરી દઉં, આમ કરી દઉં, આખી દુનિયાને સુખી કરી દઉં. ધૂળમાંય સુખી નથી થતાં. એને ભાન નથી. સમજાણું કાંઈ? એમાં છે પંચાસ્તિકાયમાં. શું કહે છે?

જ્ઞાનીને પર જીવને જન્મ-મરણના દુઃખ જોઈને દયા અનુકંપા આવે છે. પ્રતિકાર કરવાની વૃતિ થઈ પણ પ્રતિકાર કરવાની ક્રિયા પોતાથી થઈ તેમ નથી માનતા. થાવું હોય તો થાય, શરીરથી બહારથી. ન થાય તો પરમાં મારો કોઈ અધિકાર નથી. અજ્ઞાની તો પરમાં અધિકાર માને છે. કે હું પરના કામ કરી શકું જ બસ. ન કેમ કરી શકું? ઈચ્છા બળથી હું કરી શકું. એમ કહે કે ફરજ છે, આપણી ફરજ છે. એક જણો તો એમ કહેતો હતો. ઓલો ચૂડાનો નહીં? એય! ઈચ્છા બળથી કામ કરી શકે. વકીલ. પાનાચંદ શું નામ? કાંઈક હતું. અમૃતલાલ હા. લીંબડીમાં કહેતો હતો ને? ઈચ્છા બળથી રોગ મટાડી શકીએ. બહુ સારી વાત.

મુમુક્ષુ :- બહારમાં તો..

ઉત્તર :- બિલકુલ નહીં. પરનું કાંઈ નથી થતું. તેની પાસે, બહારની ક્રિયા તેની પાસે થઈ છે. કોઈ તેની ઈચ્છાના બળે કોઈનો રોગ મટી જાય, ............... આમ શરીર ફરી જાય. બિલકુલ મૂઢ છે. તારી ઈચ્છા તારી પાસે રહી પરની ક્રિયા પરમાં રહી. પરની ક્રિયા કયાં તારી ઈચ્છાથી થઈ છે? એ તો બદલવાની યોગ્યતાવાળાની બદલે છે. ઘર બદલે છે કોણ? એના પુણ્યનો યોગ ન હોય અને પાપનો યોગ હોય અને બદલવાની યોગ્યતા હોય ત્યારે દેવ નિમિત્ત પડે છે. શું દેવથી બદલી જાય છે? દેવ કોઈનો રોગ બદલી શકે એ ત્રણકાળમાં નહીં. અમરચંદભાઈ! આહાહા! ભારે ગડબડ ગડબડ! મિથ્યાત્વભાવ.

અહીં તો કહે છે જ્ઞાનીને જન્મ-મરણ જોઈને રાગ આવે છે, પુણ્યાસ્રવ થાય છે, જાણે છે કે આ

પુણ્યાસ્રવ છે. અજ્ઞાની તો બધું હું કરી દઉં, બસ જંપલાવી દઉં. શું આવે છે? શરીર કાર્યામી કાંઈક આવે છે ને? કાર્યમ સાધયામી હં... ભલે શરીર પડે પણ કાર્ય તો સાધુ. કોના? પરના. મૂઢ છે. કેવી રીતે કરી શકે છે? માંગીરામજી! શું છે આ? આમાં તો મોટી ગડબડ મચી ગઈ......જૂના માણસ છે.

બે બોલ આવ્યા. પ્રશસ્ત રાગ અને અનુકંપા. બેય પુણ્યભાવ છે. નવ તત્ત્વમાં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. તેમાં પ્રશસ્ત રાગ, અનુકંપા બેય પુણ્ય તત્ત્વ છે. સંવર તત્ત્વ નહીં, સમજાણું કાંઈ? નિર્જરા તત્ત્વ નહીં, મોક્ષ તત્ત્વ નહીં. સાત તત્ત્વ નહીં.

---

## ગાથા-૧૩૮

**कोधो व जदा माणो माया लोभो व चित्तमासेज्ज ।**
**जीवस्स कुणदि खोहं कलुसो त्ति य तं बुधा बेंति ।। १३८ ।।**

क्रोधो वा यदा मानो माया लोभो वा चित्तमासाद्य ।
जीवस्य करोति क्षोभं कालुष्यमिति च तं बुधा ब्रुवन्ति ।। १३८ ।।

चित्तकलुषत्वस्वरूपाख्यानमेतत् ।

क्रोधमानमायालोभानां तीव्रोदये चित्तस्य क्षोभ: कालुष्यम् । तेषामेव मन्दोदये तस्य प्रसादोऽकालुष्यम् । तत् कादाचित्कविशिष्टकषायक्षयोपशमे सत्यज्ञानिनो भवति । कषायोदयानुवृत्तेरसमग्रव्यावर्तितोपयोगस्यावान्तरभूमिकासु कदाचित् ज्ञानिनोऽपि भवतीति ।। १३८ ।।

---

મદ-ક્રોધ અથવા લોભ-માયા ચિત્ત-આશ્રય પામીને
જીવને કરે જે લોભ, તેને કલુષતા જ્ઞાની કહે. ૧૩૮.

**અન્વયાર્થ :- (यदा) જ્યારે (क्रोध: वा) ક્રોધ, (मान:) માન, (माया) માયા (वा) અથવા (लोभ:) લોભ (चित्तम् आसाद्य) ચિત્તનો આશ્રય પામીને (जीवस्य) જીવને (क्षोभं करोति) ક્ષોભ કરે છે, ત્યારે (तं) તેને (बुधा:) જ્ઞાનીઓ (कालुष्यम् इति च ब्रुवन्ति) 'કલુષતા' કહે છે.**

ટીકા :- આ, ચિત્તની કલુષતાના સ્વરૂપનું કથન છે.

ક્રોધ, માન, માયા અને લોભના તીવ્ર ઉદયે ચિત્તનો ક્ષોભ તે કલુષતા છે. તેમના જ (-ક્રોધાદિના જ) મંદ ઉદયે ચિત્તની પ્રસન્નતા તે અકલુષતા છે. તે અકલુષતા, કદાચિત્ કષાયનો વિશિષ્ટ (-ખાસ પ્રકારનો) ક્ષયોપશમ હોતાં, અજ્ઞાનીને હોય છે; કષાયના

ઉદયને અનુસરતી પરિણતિમાંથી ઉપયોગને *અસમગ્રપણે પાછો વાળ્યો હોય ત્યારે (અર્થાત્ કષાયના ઉદયને અનુસતા પરિણમનમાંથી ઉપયોગને પૂરો પાછો વાળ્યો ન હોય ત્યારે), મધ્યમ ભૂમિકાઓમાં (-મધ્યમ ગુણસ્થાનોમાં), કદાચિત્ જ્ઞાનીને પણ હોય છે. ૧૩૮.

## ગાથા-૧૩૮ ઉપર પ્રવચન

હવે અકલુષતાને બતાવે છે. અકલુષિતતાનો ભાવ છે શુભભાવ. અકલુષતા. ૧૩૮. પણ પાઠમાં ચિત્તની કલુષતાના સ્વરૂપનું વર્ણન કરે છે. બતાવવી છે અકલુષતા હોં!

**कोधो व जदा माणो माया लोभो व चित्तमासेज्ज ।**
**जीवस्स कुणदि खोहं कलुसो त्ति य तं बुधा बेंति ।। १३८ ।।**

**ટીકા :- આ, ચિત્તની કલુષતાના સ્વરૂપનું કથન છે.** વાત તો લેવી છે અકલુષતા. સમજાણું કાંઇ? દેવીલાલજી! વાત તો શુભરાગરૂપી અકલુષતા બતાવવી છે. અકલુષભાવ શુભરાગ છે. બસ પહેલાં કલુષતા બતાવીને તેનું સ્વરૂપ બતાવશે.

૧૩૮ની ટીકા. **ક્રોધ, માન, માયા અને લોભના તીવ્ર ઉદયે,** ટીકા છે ને? **ક્રોધ, માન, માયા અને લોભના તીવ્ર ઉદયે ચિત્તની પ્રસન્નતા તે અકલુષતા છે.** તીવ્ર શબ્દ પડયો છે ને? આમાં નથી. આ અંદર છે ટીકામાં. તીવ્ર ઉદય છે. છે ને. પણ આમાં નથી. તીવ્ર ઉદય છે. અંદર ત્રણ પછી મંદ ઉદય આવે છે ખરો ને? પછી મંદ ઉદય આવે છે ને? ક્રોધ, માન, માયા, લોભના તીવ્ર ઉદયથી એમ અંદર વચમાં લખવું જોઇએ. તીવ્ર કહો, વો આખો પડયો રહ્યો છે.

ક્રોધ, માન, માયા, લોભનો અશુભભાવ તીવ્ર છે. ચિત્તનો લોભ કલુષતા છે. આ પાપ છે. ક્ષોભ. આ ચિત્તનો ક્ષોભ તે કલુષતા છે. આ પાપની વાત કરે છે. કહેવી છે પુણ્યની. પણ પાપની વાત કરે છે.

મુમુક્ષુ :- બહુ લોભમાં પાપ જ છે ને?

ઉત્તર :- બહુ લોભમાં શું છે? પાપ જ છે. તીવ્ર લોભ. પૈસાનો તીવ્ર લોભ. કંજુસાઇ એ બધા પાપ છે.

મુમુક્ષુ :- કરકસર.

ઉત્તર :- કરકસર બીજી ચીજ છે અને આ (લોભ) બીજી ચીજ છે. કરકસર તો બહુ નકામું ન જાય એ પણ છે તો પાપ. ત્યાં કયાં એમાં પુણ્ય હતું. પણ આ તો કંજુસાઇ અને પૈસા રાખવાની તીવ્ર

*અસમગ્રપણે = અપૂર્ણપણે; અધૂરાપણે; અંશે.

ગૃધ્ધિ. તે પાપ છે.

મુમુક્ષુ :- પરિગ્રહનું પ્રમાણ તો કહેવાય...

ઉત્તર :- પરિગ્રહ પ્રમાણ તો સમ્યગ્દષ્ટિ વિના પરિગ્રહ પ્રમાણ ક્યાંથી આવે? પહેલી દષ્ટિ સુધર્યા વિના, સમ્યગ્દર્શન થયા વગર પરિગ્રહ પ્રમાણના વ્રતભાવ ક્યારેય ત્રણકાળમાં પણ આવતા નથી. પરિગ્રહમાં મિથ્યાત્વ, ક્રોધ, માન, માયા આવે છે ને પરિગ્રહ. હજી મિથ્યાત્વ છૂટયા વિના બહારના પરિગ્રહની મર્યાદા ક્યાંથી કરે? એ તો મમતા ઘટાડવાની વાત છે, આસક્તિ ઘટાડવાની વાત છે. પણ પહેલી દષ્ટિ જ્ઞાનસ્વરૂપ હું છું એવો અનુભવદષ્ટિ થયા વગર તેની આસક્તિ ઘટવાના પ્રયત્ન નકામા છે. આસક્તિ ઘટતી નથી. સાધારણ કરીને કહે છે દ્રવ્ય ક્ષયોપશમ કહેશે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પરિગ્રહ પ્રમાણ.....

ઉત્તર :- પણ કોણ પરિગ્રહ પ્રમાણ કહે છે? એ તો પર વસ્તુ છે, એ બપોરે નથી ચાલતું? એ વિના એને શું કરવું છે? એ વગર કોઈ કરી શકતું પણ નથી. એ સમ્યગ્દર્શન કરતાં પરિગ્રહના પ્રમાણની ઓછી મમતા કરવી એ મહાન મુશ્કેલ છે. પહેલાં આ મુશ્કેલ છે. પછી તે મુશ્કેલ છે. એ તો વ્રત છે. વ્રતનો પુરુષાર્થ તો પાંચમા ગુણસ્થાને થાય છે. છઠ્ઠા ગુણસ્થાનમાં થાય છે. હજી ચોથે નથી આવ્યા ત્યાં પહેલેથી ક્યાંથી પરિમાણ આવ્યું? સમજાણું કાંઈ? ઘટાડી દીધા પણ શું ઘટાડ્યું? મિથ્યાત્વભાવ છે ને? બપોરે ચાલે છે ને? મેં તેનો ત્યાગ કર્યો. મિથ્યાદષ્ટિ છે. શું કર્યો ત્યાગ. તારામાં છે જ નહીં ને ત્યાગ શું કર્યો? એ ચીજ જ તારામાં છે નહીં ને મેં ત્યાગ કર્યો, મેં ઘટાડી દીધું (એમ માને )તો મિથ્યાત્વભાવની પુષ્ટિ કરી. બહુ જ કઠણ વાત છે. જુદી વાત આખી. દુનિયાથી જુદી વાત છે.

વિલક્ષણ. વીતરાગ સર્વજ્ઞ ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમાત્માએ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક જાણ્યા એવો માર્ગ દુનિયામાં કોઈ છે જ નહીં. એ ચીજ જ જુદી છે. કહો, સમજાણું કાંઈ? **તેમના,** તેમના એટલે જે ક્રોધ, માન, માયા, લોભનો જે તીવ્ર ઉદય છે **તેમના જ (-ક્રોધાદિના) મંદ ઉદયે,** મંદપણું, કષાયની મંદતા, **ચિત્તની પ્રસન્નતા,** ઓલામાં ચિત્તનો ક્ષોભ હતો તે પાપ. અને આમાં ચિત્તની પ્રસન્નતા. એ પુણ્ય. શુભભાવ એ ધર્મ નહીં. **તે અકલુષતા છે.** જુઓ! અહીં. ચિત્તને અકલુષ કરવો છે. મંદ ચિત્તમાં મંદભાવ રાગનો તેને અકલુષતા મંદ રાગ. તીવ્ર રાગ એ ક્ષોભ પાપ. મંદ રાગ એ પુણ્ય.

**તે અકલુષતા,** અજ્ઞાનીને હોય છે, પહેલાં એ વાત સિધ્ધ કરે છે. **તે અકલુષતા, કદાચિત્ કષાયનો વિશિષ્ટ (-ખાસ પ્રકારનો) ક્ષયોપશમ હોતાં,** જુઓ! છે તો મિથ્યાદષ્ટિ. પણ આટલા પુરુષાર્થથી રાગ મંદ કર્યો તેને અહીં ક્ષયોપશમ કહેવામાં આવે છે. ખરેખર તો ક્ષયોપશમ છે નહીં. પણ રાગને મંદ કરવાનો તીવ્ર ક્ષોભ પાપનો ભાવ હતો. મંદ કરવાના ભાવને તીવ્રની અપેક્ષાએ ક્ષયોપશમ કહેવામાં આવ્યો છે. હા, તીવ્ર રાગ-દ્વેષ મંદ મહાકલુષિત અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનનો તીવ્ર ભાવ,

આકરો ભાવ, શુભભાવ. હિંસા, જૂઠું, ચોરી, મહા લોભ એ તીવ્ર. મંદ રાગ-રાગની મંદતા, કોમળતા તે મંદ. **અકલુષતા કદાચિત્ કષાયની વિશિષ્ટ એટલે ખાસ પ્રકારની ક્ષયોપશમ હોતાં,** જુઓ! મિથ્યાદષ્ટિનો પણ એ જાતનો ક્ષયોપશમ ગણ્યો છે. નિયમસારમાં પણ પ્રત્યાખ્યાનનો અધિકાર છે. મિથ્યાદષ્ટિનો પણ વ્યવહાર પ્રત્યાખ્યાનને ક્ષયોપશમ ભાવ કહ્યો છે. છે તો ખરેખર ઉદય ભાવ. પણ, તે અપેક્ષાથી, ઓલાં તીવ્ર રાગની અપેક્ષાએ મંદ થશે એ અપેક્ષાએ ક્ષયોપશમ કહ્યો. અજ્ઞાનીને હોય છે. શું? અકલુષતા.

આવી ચિત્તની પ્રસન્નતાનો રાગ અજ્ઞાનીને પણ હોય છે. મિથ્યાદષ્ટિ છે, અકલુષતામાં પુણ્ય બાંધે છે. મિથ્યાત્વભાવ તો નિરંતર ચાલુ છે. સમજાણું કાંઈ? અજ્ઞાનીને હોય છે. કોણ? અકલુષતા. કલુષતા છોડ તેમાં મંદ પ્રસન્નતા અજ્ઞાનીને પણ રાગ મંદની પ્રસન્નતા એવા કોઈ પરની દયા, ભગવાનની ભક્તિ ચાલે તો પ્રસન્નતા આવી જાય છે. ઓહોહો! આહાહા! ........ એવો શુભભાવની પ્રસન્નતા હોય. પુણ્યબંધ છે, પુણ્યબંધ છે. સાથે મિથ્યાત્વ છે. મેં એ ક્રિયા કરી અને આ ભાવ મને સારો છે, ધર્મ છે. એમ માનીને ભાવ થયો તો મિથ્યાત્વ સહિત પુણ્યાસ્રવ હોય છે. ઓહોહો! સમજાણું કાંઈ?

હવે જરા જ્ઞાનીની વાત કરે છે. તે અજ્ઞાનીની વાત કરી. અકલુષતા અજ્ઞાનીની કહી. જ્ઞાનીને પણ અકલુષતા થાય છે. **કષાયના ઉદયને અનુસરતી** કષાયના ઉદયને અનુસરતી **પરિણતિમાંથી ઉપયોગને અસમગ્રપણે પાછો વાળ્યો હોય ત્યારે,** જુઓ! ભાષા પણ પોતાના પુરુષાર્થથી બધું લીધું છે. કષાયના ઉદયને અનુસરતી જે પરિણતિ, પરિણતિ પોતાની પર્યાય. ઉદયને અનુસરતી તેમાં પોતાના ઉપયોગને અંશરૂપથી પાછો વાળ્યો હોય. અંશરૂપથી કે અસમગ્રપણે, એમ. જુઓ નીચે છે. અપૂર્ણપણે, અધૂરાપણે. પોતાની પરિણતિ ઉદયથી બિલકુલ પૂર્ણ હટાવી નથી. અંશરૂપે હટાવી છે. સમજાણું કાંઈ?

આમાં કર્મનું હોય છે તો મંદ રાગ થાય છે કે તીવ્ર રાગ થાય છે એવી વાત કરી પણ નથી. એ તો નિમિત્તની વાત પહેલાં કરી. પોતાની પરિણતિ રાગથી પૂર્ણપણે હટાવી નથી. અંશે હટાવી છે તો અંશમાં રાગના પોતાના શુભભાવમાં અકલુષતા આવે છે. **કષાયના ઉદયને અનુસરતી પરિણતિ,** પરિણતિ સમજ્યા? પર્યાય. પર્યાય-અવસ્થા. તેમાંથી ઉપયોગને પોતાના ભાવને અંશરૂપથી વિમુખ કર્યો. અંશરૂપથી વિમુખ કર્યો અને અંશરૂપથી હજી સન્મુખ રહ્યો.

પોતાના ઉપયોગને અંશરૂપથી રાગથી વિમુખ કર્યો. અંશરૂપથી હજી સન્મુખ રાખ્યો છે. એ બાજુ રાગમાં પુરુષાર્થ જાય છે. એટલી કમી છે. પોતામાં કમી પોતાને કારણે છે. આહાહા! **પૂરો પાછો વાળ્યો ન હોય.** જુઓ! **અર્થાત્ કષાયના ઉદયને અનુસરતા પરિણમનમાંથી ઉપયોગને પૂરો પાછો વાળ્યો ન હોય ત્યારે, મધ્યમ ભૂમિકાઓમાં,** ચોથા, પાંચમા, છઠ્ઠા વગેરે ભાવમાં,મધ્યમ

ગુણસ્થાનોમાં, કદાચિત જ્ઞાનીને પણ અકલુષતા આવે છે. અકલુષતા શુભભાવ છે. પુણ્ય પરિણામ છે. કહો, સમજાણું કાંઈ? આ મધ્યમ ભૂમિકા કઈ? બારમા ગુણસ્થાને? આ તો નીચેની વાત છે. ચોથા, પાંચમા, છઠ્ઠા આદિમાં પોતાના પરિણામ હજી રાગથી હટાવ્યા છે. સમગ્રપણે હટાવ્યા નથી. રાગ સન્મુખ કર્યો છે. ધર્મી જીવે પોતાનો ઉપયોગ સ્વભાવ શુદ્ધ સન્મુખ કર્યો છે. પૂર્ણ સન્મુખ કર્યો નથી અને પૂર્ણ પરથી પાછો હટયો નથી.

પોતાનો શુદ્ધ સ્વભાવ અવિકારી અકષાય પિંડ તે તરફનો તેનો ઝૂકાવ પૂર્ણ થયો નથી અને રાગથી પૂર્ણ વિમુખ થયો નથી. ત્યાં પૂર્ણ સન્મુખ થયો નથી અહીંથી પૂર્ણ વિમુખ થયો નથી. સમજાણું કાંઈ? એટલો અકલુષિત ભાવ જ્ઞાનીને પણ શુભભાવ તો આવે છે પોતાના પુરુષાર્થની કમીને લીધે. સમજાણું કાંઈ? એક એક પદાર્થ શું છે તે સમજ્યા વગર તેની સાચી શ્રદ્ધા કયાંથી થાય? આત્મા કોને કહે છે, પુણ્ય તત્ત્વ કોને કહે છે, પાપ કોને કહે છે, આસ્રવ કોને કહે છે. સંવર-નિર્જરા નવ પદાર્થ શું છે તેની ખબર નથી ને ધર્મ થઈ જાશે? નવ પદાર્થની શું સ્થિતિ છે, નવ પદાર્થથી વિપરીત માન્યતા તો મિથ્યાત્વ છે. તો અવિપરીત તેના પદાર્થનો શું સ્વભાવ છે એ જાણ્યા વિના સમ્યગ્દર્શન થતું નથી. અને સમ્યગ્દર્શન વિના ચારિત્ર વ્રત કે બહારથી નિયમ લીધો.. બધા ઘટાડી દે મિથ્યાત્વ વધારી દે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- વધારી દે.

ઉત્તર :- મિથ્યાત્વ વધારે. પુષ્ટિ થઈ. બહારથી ત્યાગ, લાભ કોને? વસ્તુમાં છે જ નહીં ને તેં ત્યાગ શેનો કર્યો? આવ્યું હતું ને? એ જ આવે છે. ચાલશે ને આજ હજી? પર વસ્તુનો ત્યાગ પરના અભાવ સ્વભાવ તો તારો સ્વભાવ છે. પરના ત્યાગરૂપ તો તારો સ્વભાવ છે. હવે ત્યાગ કરવો કોનો? હું પરને ત્યાગું, તેની દૃષ્ટિ તો પર મારું હતું અને પર હું છોડી શકું છું એવી માન્યતા થઈ એ તો મિથ્યાદૃષ્ટિ થયો. ભારે કઠણ! જૈન વીતરાગ માર્ગ શું છે. વીતરાગ માર્ગ એ વસ્તુનું સ્વરૂપ જ એવું છે. વીતરાગ માર્ગ એ કાંઈ નવો નથી કર્યો. પોતાના ઘરનો.

એવું વસ્તુનું સ્વરૂપ એવું ભગવાને જાણ્યું. એવું વાણીમાં આવ્યું. એવું વસ્તુ સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આ અકલુષિતની વાત ચાલી. સમજાણું કાંઈ? આ આસ્રવનો અધિકાર ચાલે છે. એ ત્રણ બોલમાં તો પુણ્યાસ્રવની વાત ચાલી. પ્રશસ્ત રાગ, અનુકંપાની. હવે પાપ રાગની વાત ચાલે છે. પાપ આસ્રવ. હવે ૧૩૯ ગાથા. પાપ આસ્રવ. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- નવ તત્ત્વમાં મિથ્યાત્વ કયાં આવે?

ઉત્તર :- નવ તત્ત્વમાં મિથ્યાત્વ તત્ત્વ ન આવે? આસ્રવ અને બંધમાં મિથ્યાત્વ તત્ત્વ આવે કે નહીં? કયાં આવે? ૧૩૯ ગાથા આવ્યા. નવ તત્ત્વમાં મિથ્યાત્વ કયાં આવે? એમ પૂછે છે.

વિપરીત માન્યતા એવો ભાવ બંધ અને ભાવ આસ્રવમાં મિથ્યાત્વ ભાવ આવે છે. સમજાણું કાંઈ? અને મિથ્યાત્વનો નાશ થયા પછી પણ અવ્રત, પ્રમાદનો ભાવ પણ પાપ છે. અને એવો ભાવ કષાયની મંદતા આવે તે તો પુણ્ય છે. બેય આસ્રવ છે. મોટી ઝંઝટ ચાલે છે. કે નહીં શુભરાગ તો ધર્મ છે. શુભરાગથી કલ્યાણ થાય છે. સોનગઢવાળા કહે છે કે શુભરાગથી આસ્રવ-સોનગઢવાળા કહે છે કે ભગવાન કહે છે? કાલે આવ્યું છે હોં! એ શુભરાગને હેય કહે છે, શુભરાગને બંધનું કારણ કહે છે. કહે છે ને?

ભાઈ! ભગવાન કહે છે. ત્રણલોકનો નાથ કહે છે. સાંભળ તો ખરો! તને શુભરાગની મીઠાશ છે ને? પુણ્યની મીઠાશ! આહાહા! મોટું પુણ્ય! હવે પુણ્ય થાય છે પણ મોટું શું છે? સારું શું છે? એ તો બંધનું કારણ છે. સમજાણું કાંઈ? જુઓ! આપણે જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે. તેને આત્માના ધર્મની રુચિ નથી. એક દાખલો આપ્યો હતો. ગુજરાતી. જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે. તેને આત્માની રુચિ નથી. દાખલો નાનો છે. જુઓ! નાનું નાનું છે ને લક્ષણનું. ................પણ દેખાતું નથી. ..........

જેને પુણ્યની રુચિ છે તેને જડની રુચિ છે. તેને આત્માના ધર્મની રુચિ છે નહીં. એમ લેવું. તે ખુણામાં છે ભાઈ! બહુ નાના હતા. શુભભાવ છે. ખરેખર ભગવાન તો તેને અચેતન કહે છે. જુઓ! રાગ છે. રાગમાં ચૈતન્યના પ્રકાશની કળાનો અભાવ છે. ચૈતન્યપ્રકાશ, સૂર્યનો પ્રકાશ ચૈતન્યરૂપ. રાગમાં ચૈતન્યનો અભાવ તો ભગવાન તેને અચેતન કહે છે. રાગ જડ કહે છે. કર્તા-કર્મમાં જડ કહે છે. એ જડની જેને રુચિ છે, કર્તા-કર્મમાં આવે છે. (સમયસારની) ૭૨ ગાથા છે, અશુચિ વિપરીતમ. કર્તા-કર્મમાં. ચૈતન્યથી અશુચિ ચૈતન્ય શુચિ છે રાગ અશુચિ છે. ચૈતન્ય ચૈતન્ય છે, રાગ વિપરીત જડ છે. આહાહા! આ પ્રશસ્ત રાગ અનુકંપા અને આ બધા અકલુષ શુભરાગ અચેતન છે નિશ્ચયથી, ચૈતન્યના સ્વભાવની અપેક્ષાએ. નહીં તો છે તેની પર્યાયમાં. સમજાણું કાંઈ?

કર્તા-કર્મમાં છે. મુંબઈમાં બહુ જ સ્પષ્ટીકરણ આવ્યું હતું. મુંબઈમાં આવ્યું હતું. હજારો માણસમાં લીધું હતું. જુઓ! રાગને જડ કહે છે. જડની શું વ્યાખ્યા ચાલી હતી? દસ, બાર હજાર માણસમાં. હજી ચાર મહિના પહેલાં. જડ કહે છે તેનો અર્થ પરમાણુ નહીં. પણ ચૈતન્યસૂર્ય, જ્ઞાયકસૂર્ય સ્વભાવ એ ચૈતન્યના કિરણનો રાગમાં અભાવ છે. રાગમાં ચૈતન્યના પ્રકાશનો અભાવ છે તો અંધારું છે. એ અપેક્ષાએ તેને જડ કહેવામાં આવ્યો છે. ભાઈ હતા છોટાલાલભાઈ-શોભાલાલભાઈ! શેઠી હતા કે નહીં? યાદ ન રહે. યાદ ન રહે તો ભાઈએ કહી દીધું. સમજાણું કાંઈ?

ત્યાં વ્યાખ્યાનમાં ૭૨ ગાથા ચાલી હતી. લ્યો! બીજું જુઓ! આસ્રવોનું અશુચિપણું, વિપરીતપણું અને દુઃખનું કારણ. જુઓ! અહીં તેમાં છે. એમાં નહીં. એ પંચાસ્તિકાય (છે.) આ તો સમયસારમાં

(છે.) આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી તેઓ બીજા વડે જણાવાયોગ્ય છે. પુણ્ય ને પાપ બેય આસ્રવ છે. તેને જડસ્વભાવપણું હોવાથી. વિપરીત શબ્દ પડયો છે ને? ચૈતન્યસ્વભાવ પ્રકાશમય છે. રાગ તેનાથી વિપરીત ભાવ છે. જડ છે. એમ કહેવામાં આવ્યું છે. જુઓ!આસ્રવોને જડસ્વભાવપણું હોવાથી તેઓ બીજા વડે જાણવાયોગ્ય છે. (-કારણ કે જડ છે તે પોતાને અને પરને જાણતું નથી, તેને બીજો જ જાણે છે.) ચૈતન્યથી અન્ય સ્વભાવવાળા આસ્રવ છે. જુઓ! આ આસ્રવની વાત ચાલે છે.

અનુકંપા, પ્રશસ્તભક્તિ આદિનો રાગ થાય છે પણ છે તે અચેતન. તે પુણ્યબંધનું કારણ છે. ચૈતન્યપ્રકાશ સ્વરૂપ છે, તેમાં એ રાગ નથી. કેમકે તે આસ્રવતત્ત્વ છે. આત્મા જ્ઞાયકતત્ત્વ છે. અને આસ્રવમાં બે ભાગમાં એક પુણ્ય ને પાપ બેય, બેય આસ્રવતત્ત્વ છે. શરીર, વાણી અજીવતત્ત્વ છે. નવ તત્ત્વ કેમ સિધ્ધ કરશે? અજીવ અજીવ છે. શરીર કર્મ અજીવ છે. ભગવાન જ્ઞાયકમૂર્તિ ચૈતન્યસૂર્ય આત્મતત્ત્વ છે. અને પ્રશસ્ત રાગ આદિ પુણ્યતત્ત્વ છે. હવે પાપતત્ત્વની વાત હવે કરશે. પાપ અને પુણ્ય બેય અચેતન જડ છે. જડનો અર્થ રજકણ નહીં. પુદ્‌ગલ નહીં. જડનો અર્થ ચૈતન્યપ્રકાશના પૂર તેજના નૂરનો અભાવ છે. આહાહા!

અહીં તો હજી વ્યાખ્યા ચાલે છે. આ સાચું છે લ્યો! એવો આસ્રવમાં ખુશ થઈ જાય છે કે આહાહાહા! બહુ સારો ભાવ આવ્યો. અને તે ભાવથી મને ધર્મ થશે. મુક્તિ થશે. મિથ્યાત્વભાવ છે. માણસને બહુ કડક લાગે છે. અનાદિથી માન્યું છે અને વર્તમાનમાં એવું પોષણ મળે છે. જ્યાં ત્યાં એવું પોષણ મળે છે. ઉપરથી એવું પોષણ મળે કે આમ છે આમ છે. ચાલો ભાઈ! એમ હશે ચાલો. ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા વીતરાગ પરમેશ્વર તેનો આત્મધર્મ રાગ ને પુણ્યરહિત સ્વભાવની દૃષ્ટિ અનુભવ કરવો એ છે. બાકી જેટલો પ્રશસ્ત રાગ આવ્યો, એ પુણ્ય આવે છે. જ્ઞાનીને આવે છે. છોડે ક્યાંથી? છોડે તો શુધ્ધઉપયોગ હોય ત્યારે છૂટી જાય છે. દૃષ્ટિમાં છોડવાલાયક છે એમ માને છે. દૃષ્ટિમાં છોડવાલાયક છે એમ માને છે. છૂટતો નથી. છૂટે તો જ્યારે શુધ્ધઉપયોગ થઈ જાય ત્યારે છૂટી જાશે. પણ દૃષ્ટિમાંથી છોડવાલાયક છે એમ સમકિતી પહેલેથી માને છે. જો પહેલેથી ન માને તો મિથ્યાદૃષ્ટિ છે.

શુભભાવથી ધર્મ અને લાભદાયક છે, પરની ક્રિયા તો એક બાજુ રહી. કેમ ભીખાભાઈ! થઈ જાય છે અરરર! માંડ માંડ આટલું કરીએ છીએ ત્યાં કહે પુણ્ય.

મુમુક્ષુ :- પુણ્ય હોય તો પુણ્ય જ કહેવાય ને? એમાં શું?

ઉત્તર :- ત્યાં પણ એને વળી જડ (કહે) અને પાછો ધર્મ નહીં. કલુષિત અને અકલુષિત બેયની વ્યાખ્યા આમાં બતાવી. બતાવવી હતી તો અકલુષતા પણ કલુષતાની વ્યાખ્યા પાઠમાં છે ને એટલે એ બતાવી ને એમાં અકલુષતા આચાર્યએ કાઢી.

## ગાથા-૧૩૯

चरिया पमादबहुला कालुस्सं लोलदा य विसएसु ।
परपरिदावपवादो पावस्स य आसवं कुणदि ।। १३९ ।।

चर्या प्रमादबहुला कालुष्यं लोलता च विषयेषु ।
परपरितापापवाद: पापस्य चास्रवं करोति ।। १३९ ।।

पापस्रवस्वरूपाख्यानमेतत् ।

प्रमादबहुलचर्यापरिणति:, कालुष्यपरिणति:, विषयलौल्यपरिणति:, परपरितापपरिणति:, परापवादपरिणतिश्चेति पञ्चाशुभा भावा द्रव्यपापास्रवस्य निमित्तमात्रत्वेन कारणभूतत्वात्त-दास्रवक्षणादूर्ध्वं भावपापास्रव: । तन्निमित्तोऽशुभकर्मपरिणामो योगद्वारेण प्रविशतां पुद्गलानां द्रव्यपापास्रव इति ।। १३९ ।।

---

ચર્યા પ્રમાદભરી, કલુષતા, લુબ્ધતા વિષયો વિષે,
પરિતાપ ને અપવાદ પરના, પાપ આસ્રવને કરે. ૧૩૯.

**અન્વયાર્થ :- (प्रमादबहुला चर्या)** બહુ પ્રમાદવાળી ચર્યા, **(कालष्यं)** કલુષતા, **(विषयेषु च लोलता)** વિષયો પ્રત્યે લોલુપતા, **(परपरितापापवाद:)**પરને પરિતાપ **કરવો તથા પરના અપવાદ બોલવા-એ (पापस्य च आस्रवं करोति) પાપનો આસ્રવ કરે છે.**

ટીકા :- આ, પાપાસ્રવના સ્વરૂપનું કથન છે.

બહુ પ્રમાદવાળી ચર્યારૂપ પરિણતિ (-બહુ પ્રમાદથી ભરેલા આચરણરૂપ પરિણતિ), કલુષતારૂપ પરિણતિ, વિષયલોલુપતારૂપ પરિણતિ, પરપરિતાપરૂપ પરિણતિ (-પરને દુઃખ દેવારૂપ પરિણતિ) અને પરના અપવાદરૂપ પરિણતિ-એ પાંચ અશુભ ભાવો દ્રવ્યપાપાસ્રવને નિમિત્તમાત્રપણે કારણભૂત છે તેથી 'દ્રવ્યપાપાસ્રવ'ના પ્રસંગને *અનુસરીને (-અનુલક્ષીને) તે અશુભ ભાવો ભાવપાપાસ્રવ છે અને તે (અશુભ ભાવો) જેનું નિમિત્ત છે એવા જે યોગદ્વારા પ્રવેશતાં પુદ્‌ગલોના અશુભકર્મપરિણામ (-અશુભકર્મરૂપપરિણામ) તે દ્રવ્યપાપાસ્રવ છે. ૧૩૯.

---

** અશાતાવેદનીયાદિ પુદ્‌ગલપરિણામરૂપ દ્રવ્યપાપાસ્રવનો જે પ્રસંગ બને છે તેમાં જીવના અશુભભાવો નિમિત્તકારણ છે માટે 'દ્રવ્યપાપાસ્રવ' પ્રસંગની પાછળ પાછળ તેના નિમિત્તભૂત અશુભભાવોને પણ 'ભાવપાપાસ્રવ' એવું નામ છે.*

## ગાથા ૧૩૯ ઉપર પ્રવચન

હવે પાપ. ૧૩૯ ગાથા.

**चरिया पमादबहुला कालुस्सं लोलदा य विसएसु ।**
**परपरिदावपवादो पावस्स य आसवं कुणदि ।। १३९ ।।**

**આ પાપાસ્રવના સ્વરૂપનું કથન છે.** લ્યો! આ પાપની વ્યાખ્યા હવે આવી. ભાઈ કહેતા હતા ને આ શું પાપ? **બહુ પ્રમાદવાળી ચર્યારૂપ પરિણતિ. (-બહુ પ્રમાદથી ભરેલી આચરણરૂપ પરિણતિ)** એટલે પર્યાય. મહાપ્રમાદ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, વાસના. તીવ્ર પ્રમાદ-તીવ્ર પ્રમાદ. એ અશુભભાવ પાપાસ્રવ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .........

ઉત્તર :- સુઈ રહ્યો હોય? જાગતો હોય છે બહારથી. સુઈ રહે તો સુઈ રહ્યો છે. પોતાના નિજસ્વરૂપમાં સુઈ રહ્યો છે. અંદરમાં જાગ્રત નથી. તીવ્ર પ્રમાદ આવે છે. જ્ઞાનીને પણ થોડો પ્રમાદ તો છે. સમજાણું કાંઈ? બહુ પ્રમાદવાળી ચર્યા, અતિ પ્રમાદથી ભરેલી આચરણરૂપ, ચર્યા એટલે આચરણ. વિષયાદિમાં તીવ્ર આસક્તિ. **કલુષતારૂપ પરિણતિ,** મલિન પરિણતિ. જુઓ! ત્યાં આવ્યા. ત્યાં કલષુતાની વ્યાખ્યા કરી હતી ને? **કલુષતારૂપ પરિણતિ** પાપ. **વિષયલોલુપતારૂપ પરિણતિ.** ૧૩૯ ગાથાની ટીકા. સમજાણું કાંઈ? બહુ પ્રમાદવાળી પર્યાય એટલે ચર્યારૂપ આચરણ એ પણ પાપ. **કલુષતારૂપ પરિણતિ** તે પણ પાપ. **વિષયલોલુપતારૂપ પરિણતિ** પાપ. વિષયની લોલુપતા તીવ્ર આસક્તિ. **પરપરિતાપરૂપ પરિણતિ. (-પરને દુઃખ દેવારૂપ પરિણતિ)** લ્યો! પરને દુઃખ દેવારૂપ ભાવ હો! દુઃખ આપી શકતો નથી. પણ પરને દુઃખ દેવાનો (ભાવ)પરપરિતાપરૂપ છે ને? પરને પરિતાપ કરવો. દુઃખ દેવું. એવી પરિણતિ અને **પરના અપવાદરૂપ પરિણતિ** પરની નિંદારૂપ પરિણતિ. સમજાણું કાંઈ? આ પાંચ અશુભભાવ પરના અપવાદરૂપ પરિણતિ.

એ અશુભ પરની નિંદા વાસ્તવિક ગુણો હોય છતાં વિપરીત અને ન હોય છતાં અપવાદ પોતાના તીવ્ર પરિણામમાં કરીને કરવા તે અશુભભાવ **દ્રવ્યપાપાસ્રવને નિમિત્તમાત્રપણે કારણભૂત છે.** કાલ આવ્યું હતું. એ પાપ પરિણામ નવા જે દ્રવ્યપાપાસ્રવ આવે છે. નવા નવા નવા તેમાં નિમિત્તમાત્રપણે કારણભૂત છે. એવા પાપપરિણામ એ બધું કહ્યું ને? નવા કર્મ જે આવે છે રજકણો તેના નિમિત્તમાત્ર છે. **તેથી 'દ્રવ્યપાપાસ્રવ'ના પ્રસંગને અનુસરીને,** લ્યો! એ આવ્યું. ૧૩૨માં પણ હતું. દ્રવ્યપાપાસ્રવ જે આવે છે તેનું અનુલક્ષ કરીને, પ્રસંગ કરીને, અહીંયાં પાપ કહ્યું. બસ, એટલી વાત છે. સમજાણું કાંઈ? કારણ ફારણ નથી. કારણ તો પોતાના પરિણામ થયા. આવવાવાળી ચીજ તે થઈ. તો તે કારણથી

અહીં નામ પડયું છે એમ નથી. સમજાણું કાંઈ?

પણ તે પાપ આવ્યું એટલું લક્ષ કરીને અહીંયાં પાપ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? કારણ શું? દ્રવ્યપાપાસ્રવનું કારણ તો પૂર્વનું નિમિત્ત છે. આ તો ફક્ત આવે છે એટલું. રજકણો આવે છે. બસ. સમય તો એક જ છે. **'દ્રવ્યપાપાસ્રવ'ના પ્રસંગને અનુસરીને (-અનુલક્ષીને) તે અશુભભાવો ભાવપાપાસ્રવ છે.** એ અશુભભાવને પાપાસ્રવ, ઓલા આવે છે તેનો પ્રસંગ જોઈને તેને પાપ કહ્યું. નીચે ફુટનોટ છે. **અશાતાવેદનીયાદિ,** જુઓ! **પુદ્‌ગલપરિણામરૂપ દ્રવ્યપાપાસ્રવનો જે પ્રસંગ બને છે.** પ્રસંગ બન્યો, એ તેમાં પર્યાય બની, જડમાં. **તેમાં જીવના અશુભભાવો નિમિત્તકારણ છે. માટે 'દ્રવ્યપાપાસ્રવ'ના પ્રસંગની પાછળ પાછળ,** પાછળ પાછળનો અર્થ પાઠમાં છે તો લેવું તો પડે ને? સમજાણું કાંઈ?

'ઉર્ધ્વ' શબ્દ પડયો છે, પાઠમાં, સંસ્કૃતમાં. 'આસ્રવબાદઉર્ધ્વ' છે ને ઉર્ધ્વ? ઉર્ધ્વનો અર્થ પછી. પછીનો અર્થ છે તો સાથે. ઉર્ધ્વમાં મોટી તકરાર હતી. સંસ્કૃતમાં ઉર્ધ્વ શબ્દ પડયો છે. ઉર્ધ્વ એટલે જે પાપ આવ્યું તેની પાછળ પાછળ એટલે તેનું અનુસરણ કરીને આ શુભભાવને પાપ કહ્યું, બસ એટલું. પાછળનો અર્થ તે. છે તો સાથે. પણ અહીંયાંનું લક્ષ અશુભ પરિણામથી પાપ આવ્યું તે પાપના આસ્રવને અહીંયાં પાપ નામ આપવામાં આવ્યું. અશુભને દેવામાં આવ્યું.

તેના નિમિત્તભૂત અશુભભાવોને પણ 'ભાવપાપાસ્રવ' એવું નામ છે. આપણે અહીં લક્ષ આપવાનું છે. પહેલાં બધું ઉર્ધ્વમાં ગયું છે. ૧૩૨માં બધામાં ઉર્ધ્વ છે. બધામાં ઉર્ધ્વ શબ્દ પડયો છે. પાછળ પાછળની વ્યાખ્યા જ ઉર્ધ્વની કરી છે. સમજાણું કાંઈ?

**અને તે (અશુભભાવો) જેનું નિમિત્ત છે.** અશુભભાવો જેનું નિમિત્ત છે. **એવા જે યોગદ્વારા પ્રવેશતાં,** નિમિત્તથી કથન તો શું કરે? વાત તો એમ જ કરે ને? યોગ તો નિમિત્ત છે. પણ યોગદ્વારા પ્રકૃત્તિ આવે છે તેમાં નિમિત્ત યોગ છે. **પુદ્‌ગલોના અશુભકર્મપરિણામ (-અશુભકર્મરૂપ પરિણામ) તે દ્રવ્યપાપાસ્રવ છે.** લ્યો! ભાવ અહીં આવ્યા. નવા રજકણને દ્રવ્યપાપાસ્રવ કહેવામાં આવ્યા. નવા રજકણના કર્મની પર્યાયને દ્રવ્યાસ્રવ અહીંયાં ભાવાસ્રવ પરિણામ સ્વભાવ. બેયને પાપાસ્રવ કહેવામાં આવ્યા. એક જડ અને એક ચૈતન્ય. બેય બંધનું કારણ છે. કહો, સમજાણું કાંઈ? એ આસ્રવની વ્યાખ્યા કરી. હવે થોડો પાપાસ્રવનો વિસ્તાર કરશે. ગાથામાં છે મોટો વિસ્તાર.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)-**

## ગાથા-૧૪૦

सण्णाओ य तिलेस्सा इंदियवसदा य अट्टरुद्दाणि ।
णाणं च दुप्पउत्तं मोहो पावप्पदा होंति ।। १४० ।।

संज्ञाश्च त्रिलेश्या इन्द्रियवशता चार्तरौद्रे ।
ज्ञानं च दुःप्रयुक्तं मोहः पापप्रदा भवन्ति ।। १४० ।।

पापस्रवभूतभावप्रपञ्चाख्यानमेतत् ।

तीव्रमोहविपाकप्रभवा आहारभयमैथुनपरिग्रहसञ्ज्ञाः, तीव्रकषायोदयानुरञ्जितयोग-प्रवृत्तिरूपाः कृष्णनीलकापोतलेश्यास्तिस्रः, रागद्वेषोदयप्रकर्षादिन्द्रियाधीनत्वम्, राग-द्वेषोद्रेकात्प्रियसंयोगाप्रियवियोगवेदनामोक्षणनिदानाकाङ्क्षणरूपमार्तम्, कषायक्रूराशयत्वा-द्धिंसाऽसत्यस्तेयविषयसंरक्षणानन्दरूपं रौद्रम्, नैष्कर्म्यं तु शुभकर्मणश्चान्यत्र दुष्टतया प्रयुक्तं ज्ञानम्, सामान्येन दर्शनचारित्रमोहनीयोदयोपजनिताविवेकरूपो मोहः, -एषः भावपापास्रव-प्रपञ्चो द्रव्यपापास्रवप्रपञ्चप्रदो भवतीति ।। १४० ।।

-इति आस्रवपदार्थव्याख्यानं समाप्तम् ।

---

સંજ્ઞા, ત્રિલેશ્યા, ઈન્દ્રિવશતા, આર્તરૌદ્ર ધ્યાન બે,
વળી મોહ ને દુર્યુકત જ્ઞાન પ્રદાન પાપ તણું કરે. ૧૪૦.

**અન્વયાર્થ :- (संज्ञाः च)** (ચારેય) સંજ્ઞાઓ, **(त्रिलेश्याः)** ત્રણ લેશ્યા, **(इन्द्रियवशता च)**ઇન્દ્રિયવશતા, **(आर्तरौद्रे)** આર્ત-રૌદ્રધ્યાન, **(दुःप्रयुक्तं ज्ञानं)** દુઃપ્રયુક્ત જ્ઞાન (દુષ્ટપણે અશુભ કાર્યોમાં જોડાયેલું જ્ઞાન) **(च)** અને **(मोहः)** મોહ **(पापप्रदाः भवन्ति)** એ ભાવો પાપપ્રદ છે.

**ટીકા :- આ, પાપાસ્રવભાવોના વિસ્તારનું કથન છે.**

તીવ્ર મોહના વિપાકથી ઉત્પન્ન થતી આહાર-ભય-મૈથુન-પરિગ્રહસંજ્ઞાઓ; તીવ્ર કષાયના ઉદયથી *અનુરંજિત યોગપ્રવૃત્તિરૂપ કૃષ્ણ-નીલ-કાપોત નામની ત્રણ લેશયા; રાગદ્વેષના ઉદના *પ્રકર્ષને લીધે વર્તતું ઈન્દ્રિયાધિનપણું; રાગદ્વેષના *ઉદ્રેકને લીધે પ્રિયના સંયોગને, અપ્રિયના વિયોગને, વેદનામાંથી છુટકારાને તથા નિદાનને ઈચ્છવારૂપ આર્તધ્યાન; કષાય વડે *ક્રુર એવા પરિણામને લીધે થતું હિંસાનંદ, અસત્યાનંદ, સ્તેયાનંદ અને વિષયસંરક્ષણાનંદ

---

*૧. અનુરંજિત = રંગાયેલ. (કષાયના ઉદયથી અનુરંજિત યોગપ્રવૃત્તિ તે લેશ્યા છે. ત્યાં, કૃષ્ણાદિ ત્રણ લેશ્યાઓ તીવ્ર કષાયના ઉદયથી અનુરંજિત યોગપ્રવૃત્તિરૂપ છે.) ૨. પ્રકર્ષ = ઉત્કર્ષ; ઉગ્રતા, ૩. ઉદ્રેક = પુષ્કળતા; વધારો. ૪. ક્રૂર = નિર્દય; કઠોર; ઉગ્ર.*

-રૂપ રૌદ્રધ્યાન; વગરપ્રયોજને (-નકામું) શુભ કર્મથી અન્યત્ર (-અશુભ કાર્યમાં) દુષ્ટપણે જોડાયેલું જ્ઞાન; અને સામાન્યપણે દર્શનચારિત્રમોહનીયના ઉદયથી ઉત્પન્ન અવિવેકરૂપ મોહ;-આ, ભાવપાપાસ્રવનો વિસ્તાર દ્રવ્યપાપાસ્રવના વિસ્તારને દેનારો છે (અર્થાત્ ઉપરોકત ભાવપાપાસ્રવરૂપ અનેકવિધ ભાવો તેવા તેવા અનેકવિધ દ્રવ્યપાપાસ્રવમાં નિમિત્તભૂત છે.) ૧૪૦.

આ રીતે આસ્રવપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

---

## પ્રવચન નં :-૩૬, ગાથા-૧૪૦,
## ભાદરવા વદ ૧૨, શુક્રવાર, તાઃ-૨-૧૦-૬૪

પંચાસ્તિકાય. નવપદાર્થનો વિસ્તાર ચાલે છે. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા જેને એક સેકંડના અસંખ્યમાં ભાગમાં આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ છે તેની પૂર્ણ પ્રાપ્તિ પર્યાયમાં સર્વજ્ઞ પદની પ્રાપ્તિ થઈ. ત્રણકાળ, ત્રણલોક જોવાની શકિત સ્વભાવમાં હતી તે પ્રગટ અનુભવ કરીને પ્રગટ થયો તેમાં ત્રણકાળ, ત્રણલોક પોતાના જ્ઞાનમાં જોવામાં આવ્યા. તેમાં આ પાપ, પુણ્ય, ધર્મ કોને કહે છે એ વાત અહીંયાં ચાલે છે. અહીંયાં અધિકાર પાપનો અત્યારે આવ્યો છે. ગાથા ૧૪૦.

**सण्णाओ य तिलेस्सा इंदियवसदा य अट्टरुद्दाणि ।**
**णाणं च दुप्पउत्तं मोहो पावप्पदा होंति ।। १४० ।।**

**ટીકા :- આ, પાપાસ્રવભૂતભાવોના વિસ્તારનું કથન છે.** તેનો શું અર્થ છે? આ આત્મા છે આત્મા તેનો સ્વભાવ તો સચ્ચિદાનંદ સ્વરૂપ છે. આત્મપદાર્થ આ જો માટીથી ભિન્ન આ તો માટી છે પુદ્ગલ પરમાણુ જડ. વાણી પણ માટી છે. તેનાથી ભિન્ન તત્ત્વ જાણવા દેખવાવાળું છે. તેનો અંતરસ્વભાવ સચ્ચિદાનંદ સત્ એટલે શાશ્વત જ્ઞાન ને આનંદ તેના સ્વભાવમાં પૂરા ભર્યા છે.

આતમપદાર્થ જેને આત્મતત્ત્વ કહે છે. એ આત્માનું તત્ત્વ કાયમનો તેમાં તો જ્ઞાન-દર્શન આદિ અંતર સ્વભાવ છે. અનાદિ કાળથી તેને પોતાનો પત્તો લીધો નથી કે હું કોણ છું. પોતાનો સ્વભાવ અને સ્વરૂપના ભાન વિના અનાદિકાળથી પુણ્ય-પાપનો ભાવ થાય છે તે મારી ચીજ છે અને પર વસ્તુ છે તે મારી ચીજ છે એમ પરને પોતાનું માનીને પોતાનું છે એમ માને છે અને તેના રાગની મંદતા કરે શુભરાગ ........વાંચે છે તો પુણ્યભાવ છે. શુભભાવ છે. ધર્મ નહીં. હેં? રાગ છે, વિકલ્પ છે, ધર્મ નહીં. લક્ષ્મીથી

શું ધર્મ થાય છે? અને લક્ષ્મીથી હોય તો ગૃહસ્થોને જ ધર્મ થાય અને ગરીબને રોવું પડે. અમારી પાસે કાંઈ નથી શું કરે. નહીં. ધર્મ એવી ચીજ નથી. ધર્મ તો પોતાનો સ્વભાવ સચ્ચિદાનંદ શુદ્ધ તેને પરથી ભિન્ન કરીને પુણ્ય-પાપની વાસના ઊઠે છે તેનાથી પણ હું ભિન્ન તેવી અંતરમાં દૃષ્ટિ કરવી અને અંતરમાં લીન થવું તેનું નામ સર્વજ્ઞ પરમાત્મા ધર્મ કહે છે. બાકી બધી વાતું છે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! બાકી દુનિયાને સમજાવવાથી તમારે ધર્મ થઈ જાશે. ધૂળમાં પણ છે નહીં. રણમાં રૂદન છે. તારું કોઈ સાંભળશે પણ નહીં તારું રૂદન.

અહીં ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ દેવાધિદેવ પરમેશ્વર કહે છે કે, અરે આત્મા! તારા પરિણામમાં પરિગ્રહસંજ્ઞા તે પાપ છે. સમજી લે તે પાપ છે. તારા સ્વરૂપની એ ચીજ નથી. તે ભૂલીને એવો ભાવ ઉત્પન્ન કર્યો છે. એ ભૂલ પોતાના સ્વભાવની દૃષ્ટિથી ટાળી શકે છે. બીજો કોઈ ઉપાય નહીં. સમજાણું કાંઈ? એ પુણ્ય થઈ ગયું. એ હજી રાગ છે. પૈસા પણ નહીં અને મમતા ઘટાડનાર કે વધારનાર હું નહીં. હું તો જ્ઞાતા આનંદ જ્ઞાનાનંદ સચ્ચિદાનંદ શુદ્ધ એવો આત્મા છું એવી અંતરદૃષ્ટિ કરવાથી ધર્મ થાય છે. બાકી બધી વાતું કરે છે દુનિયા. માની લ્યે કે આપણે ધર્મ કર્યો. સહુ સંતોષ માને કાંઈક માન્યા વિના તો મરી જાય ને? નહીંતર તો જીવે શી રીતે? કાંઈક કરે છે. આપણે કરીએ છીએ. જાય ચોર્યાસીના અવતારમાં. મરણ થયું દેહ છૂટી ગયો. જાય પછી દેહ છૂટે છે કે આત્મા છૂટે છે? મરી જાય છે? આત્મા તો ત્રિકાળ તત્ત્વ છે શાશ્વત. જેવો ભાવ કર્યો (એવા) પરિભ્રમણમાં જાવું પડે.

એટલી વાત કરી. હવે બીજી વાત કરે છે. એ ચારેય પાપ પરિણામ એમ કહ્યું. આ પાપની વ્યાખ્યા ચાલે છે. હોં! **તીવ્ર કષાયના ઉદયથી અનુરંજિત યોગપ્રવૃત્તિરૂપ કૃષ્ણ-નીલ-કાપોત નામની ત્રણ લેશ્યા છે.** એ પણ પાપ છે. ત્રણ લેશ્યા કહે છે ને લેશ્યા? કલેશ કલેશ. કહે છે, જેમ લાકડીમાં કાગળ ચોંટાડવા માટે વચ્ચે કલેશ હોય છે ને ગુંદર. એમ આત્માનો શુદ્ધ લેશ્યા રહિત સ્વભાવ છે. કૃષ્ણ-નીલ-કાપોત તો પાપ લેશ્યા છે. બીજા તેજો-પદ્મ-શુકલ પુણ્યભાવ છે. પાપની વાત કરવી છે ને? છએ પ્રકારની લેશ્યાનો ભાવ બંધનું કારણ છે. ત્રણ લેશ્યા પાપનું કારણ બતાવવું છે. મહા પરિણામ કલીષ્ટ કૃષ્ણ મેલું. તેનાથી થોડું મેલું. તેનાથી થોડું મેલું એવા ત્રણ પરિણામ લેશ્યાને પાપ પરિણામ કહે છે. સમજાણું કાંઈ?

**કષાયના ઉદયથી,** કષાય એટલે રાગ-દ્વેષ તેના ભાવથી **અનુરંજિત** રંગાયેલા, **યોગપ્રવૃત્તિ** અંદર કંપન આત્માના પ્રદેશમાં કંપન થાય છે. જરી સૂક્ષ્મ વાત છે. નીચે ફૂટનોટમાં લખ્યું છે, જુઓ! **(કષાયના ઉદયથી અનુરંજિત યોગપ્રવૃત્તિ તે લેશ્યા છે. ત્યાં, કૃષ્ણાદિ ત્રણ લેશ્યાઓ તીવ્ર કષાયના ઉદયથી અનુરંજિત યોગપ્રવૃત્તિરૂપ છે.)** ઝાડનું દૃષ્ટાંત આપ્યું છે ને? ઝાડનું દૃષ્ટાંત

આપ્યું છે. ખુણામાં છે. લેશ્યાનું દૃષ્ટાંત આપ્યું છે આ લેશ્યાનું. શું? છ માણસો હતા તેને કેરી ખાવાનો ભાવ થયો. તો એક ઝાડ હતું (તેમાં) પચાસ મણ કેરી. લીલીછમ. એક તો કૃષ્ણ લેશ્યાવાળો કહે છે, કૃષ્ણ, કાળી બહુ જ માઠા પરિણામ. એ કહે છે કે આપણે મૂળમાંથી જ ઝાડને તોડી નાખો ને. (તો) કેરી મળશે. સમજાણું કાંઈ? બહુ જ કૃષ્ણ કાળા પરિણામ, મેલા પરિણામ છે.

બીજો નીલ. એ કહે કે આપણે છ જણા છીએ ને આખા ઝાડને કાપવાની શું જરૂર છે? એક જ ડાળી કાપી લ્યો ને? એક જ ડાળીમાં પાંચ પાંચ મણ કેરી છે. પચાસ મણ છે તો દસ ડાળી, એક કાપો તો જરી પાપના પરિણામ મંદ છે. છે તો પાપ.

અને ત્રીજા લેશ્યાવાળા કહે છે કે અરે ભાઈ! મહા ડાળી દસ મણની કાપવી અને કેરી કાઢવી તેના કરતા એક નાની ડાળી કાપી લ્યો! બે ત્રણ ત્રણ મણ નીકળશે. ડાળી કાપીને લેવું. એ ત્રણ પરિણામ મેલા કહેવામાં આવે છે. અને ચોથા પરિણામ એવા છે તેજો. એ પુણ્ય પરિણામ કહે છે. અહીંયા ચોથા સ્થાનમાં છે કે ચોથાવાળાએ આમ લખ્યું છે. કીધું કે ભાઈ! ઝાડ કાપવાનું શું કામ છે? નાના નાના લૂમખા તોડી લો. કેરી હોય છે ને પાંચ પાંચ દસ દસ લૂમખા. લૂમખા કહે છે ને? બસ એટલાં તોડી લ્યો. લૂમખા લઈ લ્યો. બસ. બીજું શું કામ છે? તેના પરિણામ જરા એવા-પાંચમો કહે કે ભાઈ લૂમખા તોડવાનું શું કામ છે? પાકી પાકી કેરી તોડી લ્યો. લઈ લ્યો આપણે બે મણ બહુ જ છે. છઠ્ઠો કહે છે કે આપણે શું કામ છે? જુઓ પવન નીકળ્યો છે. હમણાં પાકી બે મણ કેરી નીચે પડશે. નીચે પડી જાશે. આપણે તોડવાની જરૂર નહીં પડે.

છએના ખાવાના ભાવમાં પરિણામમાં તીવ્રતા, તીવ્ર, મંદ, મંદ, મંદ, મંદ, ચાલ્યું. એમ દરેક કામ કરતી વખતે અજ્ઞાનીના પરિણામમાં છ પ્રકારની તીવ્રતા, મંદતા, મંદતર, મંદ એવા પરિણામ આવે છે. સમજાણું કાંઈ? ઝાડ છે ખુણા માથે, દાખલો છે શાસ્ત્રમાં. લોકોને સમજાવવા માટે. ઝાડનું છે ને ઝાડ ઝાડ એ ખુણામાં. ધોળા ધોળા માણસ તેને કાપે છે. શાસ્ત્રમાં દાખલો છે હોં! પાઠમાં. ત્રણ લેશ્યા તો મેલી છે. કૃષ્ણ, નીલ અને કાપોત. કલેશ છે. નવા આવરણમાં જેમ ચીકાશ કાગળ ચોંટે છે. એમ આત્મામાં એ પરિણામ કિલષ્ટ છે. નવા પાપ આવવામાં કલેશ છે. ચીકાશ છે. એ આત્માનો સ્વભાવ છે નહીં. પણ સ્વભાવનું ભાન ન હોવાથી અસ્વભાવનું ભાન થયા પછી પણ જરાક પોતાની કમજોરીથી આવા પરિણામ આવે છે તે પરિણામને અહીંયાં પાપ કહેવામાં આવ્યા છે. તેનાથી નવા પાપાસ્રવ આવે છે. તેમાં સુખ નથી. સમજાણું કાંઈ? આ તેને ત્રણ લેશ્યા કહેવામાં આવી છે. તે પાપ છે.

હવે ત્રીજું. **રાગદ્વેષના ઉદયના પ્રકર્ષને લીધે,** એ મોટું પ્રકર્ષ લીધું છે ઉત્કૃષ્ટનું. ઉત્કૃષ્ટ-ઉગ્રતા. કારણ **વર્તતું ઈન્દ્રિયાધીનપણું.** જુઓ! ઈન્દ્રિયાધીનપણું પાંચેય ઈન્દ્રિયોને આધીન થઈ જવું.

ભગવાનઆત્મા અતીન્દ્રિય સ્વરૂપ આ ઇન્દ્રિય તો માટીની જડની છે. ભગવાન અરૂપી ચિદાનંદ છે. અને તેમાં ભાવઇન્દ્રિય જે ખંડ ખંડ પરના વિષય ઉપર લક્ષ કરે છે. એ ઇન્દ્રિયાતીત આત્મા જ્ઞાનાનંદ પ્રભુ તેને આત્મા પોતાને ચૂકીને. પોતાને એવા આનંદ જ્ઞાયકમૂર્તિ હું છું એવી પોતાની સત્તા. મહા સત્તા મહા હોવાપણું તેને ચૂકીને પાંચ ઇન્દ્રિયને આધીન થઇ જવું એ પરિણામ પાપાસ્રવ છે. આસ્રવ એટલે તે પરિણામથી નવા રજકણનું આવવું થાય છે. આના-આસ્રવ. આ ઉપસર્ગ છે. સ્રવ આવવું. પરિણામ પાપ છે તે ભાવાસ્રવ છે. નવું આવરણ આવે છે તે દ્રવ્ય પાપાસ્રવ છે. થોડોક અભ્યાસ હોય તો, પંડિતજી! એક જ ગાથામાં પાપાસ્રવની બહુ જ ચર્ચા છે.

ભગવાનઆત્મા પુણ્ય-પાપનો વિકલ્પ જે રાગ છે તેનાથી પોતાનું સ્વરૂપ શુદ્ધ ત્રિકાળી જ્ઞાયક આનંદ છે. તેમાં તો અતીન્દ્રિય આનંદ ભર્યો છે. અતીન્દ્રિય આનંદ સ્વરૂપ પોતાનો સ્વભાવ તેના સ્વભાવનો વિશ્વાસ રુચિ, જ્ઞાન અને લીનતા થયા વગર તેને પાંચ ઇન્દ્રિય શબ્દ, રુપ, ગંધ, રસ, સ્પર્શ તે તરફની ગૃધ્ધિને આધીન થઇ જવું, ઇન્દ્રિયાતીત આત્માને ભૂલી જવું એવા ભાવને પાપભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઇ? અરે ભાઇ! જ્ઞાનીની વ્યાયામશાળામાં કયારેય આવ્યા નહીં. જ્ઞાનીની વ્યાયામશાળામાં કસરત કેવી હોય છે. ડોકટર! સમજાણું કાંઇ? ભગવાનઆત્મા જ્ઞાનની મૂર્તિ ચૈતન્ય પિંડ જ્ઞાયક એવો આનંદકંદ પોતાનો ભાવ પડયો છે. જયાં જયાં જ્ઞાન ત્યાં ત્યાં આનંદ, જયાં જયાં આનંદ ત્યાં ત્યાં જ્ઞાન એવું પડયું છે.

જેમ (લીંડી) પીપરમાં ચોસઠ પહોરી ચરપરાઇ (તીખાશ) છે. તેની સાથે લીલો રંગ પણ છે. બહારમાં પીપરનો રંગ કાળો છે. કાળી દેખાય છે. મૂળ સ્વભાવ કાળો નથી. મૂળ સ્વભાવ ચરપરાઇ (તીખાશ)થોડી દેખાય છે એટલો નથી. મૂળ સ્વભાવ તો ૬૪ પહોરી ચરપરાઇ (તીખાશ) પૂરી છે. અને લીલો રંગ તો છે અંદર. એમ ભગવાનઆત્મામાં અતીન્દ્રિય આનંદ અને જ્ઞાન પૂરા ભર્યા છે. ખબર નહીં કયાં પૂરા અને કયાં અધુરા. એમ ને એમ આંધળે આંધળા પલાય. આંધળો દેખાડનાર અને આંધળો ચાલનાર. શું ચીજ છે એની ખબર નથી. પત્તો નથી. કોઇ તો પાપમાં મજા માને છે અને કોઇ પુણ્ય ક્રિયા કરે છે તેમાં અમને ધર્મ છે. એમ માને છે. બેય મિથ્યાદષ્ટિ મૂઢ છે. એમ કહે છે. રાજમલજી! હેં?

આ પીપરમાંથી થાય છે તેમાં સાબિતિ છે તેનું જ્ઞાન કરવાવાળું કોણ? પૂછો ખબર છે? પીપરને ખબર છે કે મારામાં ૬૪ પહોરી તીખાશ ભરી છે. લીલા રંગની તેને ખબર છે? ખબર કરવાવાળો તો આત્મા છે. જ્ઞાનમાં ખબર પડે છે કે તેમાં ચોસઠ પહોરી છે અને પ્રગટ થાય છે. હો તો પ્રગટ હો. તો ખ્યાલ કરવાવાળા પણ અંદરમાં મારામાં પરિપૂર્ણ જ્ઞાન અને આનંદ ભર્યા છે. તો હું અંતરદષ્ટિ કરીને મારી પર્યાયમાં, અવસ્થામાં પૂર્ણ એવું પ્રગટ કરી શકું છું. બંડીજી! આ વકીલાત એ બીજી વાત છે. શું

કહેવાય તમારે? ઓલા ઇન્કમટેક્સ. કહો, સમજાણું કાંઇ? આહાહા!

**ઇન્દ્રિયાધીનપણું,** ભગવાન અતીન્દ્રિય પ્રભુ! આ ઇન્દ્રિયો તો જડની માટીની છે. અંદર જોવાવાળા તો આ ઇન્દ્રિયથી પાર છે. અને ભાવઇન્દ્રિય એટલે એક એક ઇન્દ્રિયનો વિષય જે એક એક જાણવાની યોગ્યતા છે. એ તો ખંડ ખંડ છે. અંદર વસ્તુ પૂર્ણ સ્વરૂપ અતીન્દ્રિય આનંદ છે તેની રુચિ, દૃષ્ટિ કર્યા વગર અનાદિકાળનો અજ્ઞાની પાંચ ઇન્દ્રિય શબ્દ પ્રશંસા આવે છે ને પ્રશંસા જયાં, અભિનંદન, ખુશી ખુશી વખાણ કરે છે. તેમાં સુખ છે? મજા પડે છે તો એના માટે તો અમે દૃષ્ટાંત આપીએ છીએ. તેમાં સુખ હોય છે?

બે રૂપિયાનો મજુર શીખેલો, ભણેલો, ભણેલો લઇ લેવો. બે પાનામાં લખાણ લખી દેવું. તમે તો આવા છો ને તમે તો આવા છો. બે ચાર પાનામાં. સવારથી સાંજ સુધી સંભળાવ્યા કરે. રાતના નવ વાગ્યે એમ કહે કે હવે નહીં (સંભળાવો). કેમ નહીં? એમાં સુખ છે ને? સુખને મર્યાદા કેમ? સુખ છે તો મર્યાદા કેમ? નહીં તે હવે......સુખ છે ને તેમાં? તારી કલ્પના છે. મૂઢ છે કલ્પના છે કે તેમાં સુખ (છે.) એ વળી તેમની કલ્પના છે. બે રૂપિયાનો પગાર મજુર ભણેલો. વાંચ્યા જ કરે તારા વખાણ કર્યા કરે સવારથી સાંજ. અહીં શું કરે છે? બીજા વખાણ કરે તો મજા આવે છે કે નહીં? આ શું? બીજા વખાણ કરે, બાયડી કહે આહાહા! તમે પણ શું હોંશિયાર! (ઓલો) ફુલી ને દોઢો થાય. ગામના કોઇ માણસો બે પાંચ ભેગા થાય. આહાહા! તમે ભારે હોંશિયાર હોં! શું છે આ બીજા પર નથી? એના બાપના છે એના ઘરના. કહો, સમજાણું કાંઇ? શોભાલાલભાઇ!

અહીં તો વાત બીજી ચીજ છે. અંદર ભગવાનઆત્મા તેની કિંમત કેવળજ્ઞાનીની વાણીમાં પૂર્ણ આવ્યું નહીં. વાણીમાં શું આવે એવી ચીજ! અલૌકિક ચીજ! એક સ્વાદ જેવી ચીજ. સમજાણું કાંઇ? ઘીના સ્વાદ જેવી ચીજ કોઇ કહી શકે? બીજા પદાર્થની સાથે મેળવીને. ઘીનો કેવો સ્વાદ છે? સાકર. ઘી ગાયનું તેનો કેવો સ્વાદ છે? બતાવો. બીજા પદાર્થની સાથે મેળવીને બતાવો, તેનો આવો સ્વાદ છે. બસ એ તો ખાય તેને ખબર પડે. બીજા પદાર્થની સાથે મેળવીને ઘી આવું મીઠું. સાકર જેવું? ના ના, દૂધ જેવું? ના ના, કેળા જેવું? ના ના એ મીઠાશ કોઇ જાત જુદી. જાણતો હોઉં તો પણ કહી નથી શકતો. શોભાલાલભાઇ! જાણવામાં આવે છે બરાબર! કે નહીં ના ના કહી શકતા નથી માટે તમે જાણી શકતા નથી. એમ છે? જાણવામાં તો આવે છે કે સ્વાદ! ઓહો! એની લહેજત પણ કોઇ પરપદાર્થની સાથે મેળવીને, મીંઢવીને બતાવવાનું હોય કે આવો છે...

તળાવમાં ઘીકેળા થાય છે તળાવમાં. ઘીકેળાનો સ્વાદ! ઇ સ્વાદ અને આ સ્વાદ કોઇ ચીજ જ બીજી છે. સમજાણું કાંઇ? એમ જયારે જડ પદાર્થનો પણ ખ્યાલ આવે છે તો કહી શકતા નથી, તો

આ ચૈતન્યનો સ્વાદ..... પુણ્ય-પાપના વિકલ્પથી પાર ભગવાન આનંદનો સ્વાદ. ધર્મ થતાં સમ્યગ્દર્શનમાં પોતાના આનંદનો સ્વાદ જ્ઞાની જાણે છે પણ કહી શકતા નથી. સમજાણું કાંઈ? ખબર નહીં શું ચીજ છે, શું થાય છે, શું કરી શકે છે, તેનું ફળ શું આવશે ક્યારેય વિચાર મનન કર્યા જ નથી.

કહે છે કે, **ઈન્દ્રિયાધીનપણું રાગદ્વેષના ઉદયના પ્રકર્ષને લીધે,** હો! ઉગ્રપણે. તે પાપપરિણામ છે. **રાગદ્વેષના ઉદ્રેકને લીધે પ્રિયના સંયોગને,** આર્તધ્યાનની વાત કરે છે. આર્તધ્યાન. પોતાના આનંદનું ધ્યાન છોડીને અનાદિનું તેણે આર્ત અને રૌદ્રધ્યાન કર્યું. આર્તધ્યાનની શું ભાષા છે? આર્ત પીડા થાય છે. જેમ તલ ઘાણીમાં પીસાઈ જાય છે ને. એમ આર્ત માઠા, ભૂંડા પરિણામથી આત્માની શાંતિ પીસાઈ જાય છે. ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદમૂર્તિ સ્વભાવ એ આર્તધ્યાનના પરિણામથી, જુઓ! **ઈચ્છવારૂપ આર્તધ્યાન છે ને.** છેલ્લે શબ્દ છે ચાર પછી, આર્તધ્યાન. એ આર્ત એટલે પીડા. અંદરમાં રાગની પીડા થાય છે. રાગ, કલેશ, પીડા. શું કહે છે, જુઓ! **ઉદ્રેકને લીધે પ્રિયના સંયોગને,** પ્રિયનો સંયોગ મળ્યો ને. લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ, પુત્ર, જમાઈ. પ્રિયના સંયોગની. સમજાણું કાંઈ?

એ રાગ. આર્ત છે-આર્ત છે. આત્માની શાંતિને લૂંટવાવાળા એ આર્તપરિણામ છે. ભગવાનઆત્મા આર્તધ્યાન, રૌદ્રધ્યાનથી રહિત પોતાના શુદ્ધ જ્ઞાનમૂર્તિ તેની દૃષ્ટિ અને જ્ઞાન કર્યા વગર આવા આર્તધ્યાન, રૌદ્રધ્યાન અંતર કર્યું. તો પહેલાં શું કર્યું? પ્રિયના સંયોગની ભાવના. છે ને? ઈચ્છા. ઈચ્છારૂપ આર્તધ્યાન. પ્રિયના સંયોગની ઈચ્છારૂપ આર્તધ્યાન. છેલ્લે શબ્દ લેવો. અને અપ્રિયના વિયોગને, પ્રતિકુળ દુશ્મન આવી જાય. સર્પ આવી જાય. એય ચાલ્યો જા ચાલ્યો જા, એવી ઈચ્છા. એ આકુળતા તે પણ આર્તધ્યાન છે. પ્રિયના સંયોગની ઈચ્છા એ પણ આર્તધ્યાન એટલે ધ્યાનની વિપરીતતા કલુષિતતા છે. એવા અપ્રિયનો વિયોગ થઈ જાય. અરે! આ પુત્ર આવો જાગ્યો, સ્ત્રી આવી જાગી, આવું મકાન ચાલ્યા જાય. જાય જાય અરે એ તો આવ્યા છે તારે પણ અપ્રિયનો વિયોગ કરવાની ઈચ્છા એ આર્તધ્યાન છે. પોતાના સ્વભાવમાં તો અપ્રિય-પ્રિયનો સંયોગ પણ છે નહીં. અને આર્તધ્યાન આદિ વિકલ્પ જે ઊઠે છે તે સ્વરૂપમાં તો છે નહીં. એવી દૃષ્ટિ કર્યા વગર આવું આર્તધ્યાન તો અનંતવાર કર્યું. તેના પરિણામમાં નવું પાપનું આવરણ આવ્યું. નવા કર્મ આવ્યા એ દ્રવ્યપાપાસ્રવ કહે છે. ભાવ થયો તે ભાવપાપાસ્રવ. પરિણામને ભાવપાપાસ્રવ કહે છે.

**વેદનામાંથી છુટકારાને,** આવ્યું ડોકટરનું. શરીરમાં રોગ રોગ, શરીરમાં રોગથી છુટકારા એવા વિચાર એવી કલુષિતતા, એય દેવાનુપ્રિયા! એમાં તો ઈ જ યાદ આવ્યા. આ શરીરને આ થયું, આ શરીરને આ થયું, આખો દિ' ચોવીસ કલાક રાત્રે નવરા એટલે ઉંઘ નહીં. એય મોહનભાઈ! આ તમારા ભાઈની વાત કરીએ છીએ. રાત્રે આ કામ, આ કામ ક્યાં સુધી માંડવી છે? કહે છે કે આર્તધ્યાન છે. લ્યો

સાંભળો! શરીરની પીડા અવસ્થાની એ રોગને કારણ નહીં. શરીરની અવસ્થા દશા શરીરના અસ્તિત્વમાં છે. પોતાના આત્માના અસ્તિત્વમાં તેનો સ્પર્શ જ નથી. કેવી રીતે પીડા થાય. રાગ કરે છે એની પીડા છે. પરની પીડા કયાં છે. આ તો જડ માટી છે. તેના અસ્તિત્વમાં રજકણમાં તો રંગ, ગંધ, રસ, સ્પર્શનું અસ્તિત્વ છે. એ અસ્તિત્વ હયાતિ આત્માના રૂપિ અસ્તિત્વમાં પેઠા નથી. રાગને કારણે પીડા થઈ. આ કારણે નહીં. તેના અસ્તિત્વમાં વિકલ્પ ઉત્પન્ન કરે છે. અરે! આમ, અરે! આમ. આ તેના વિકારનું દુઃખ છે. શરીરનું નહીં. સમજાણું? દયા! પ્રેમચંદજી!

વાત તો આવી છે. નક્કી કરવું પડશે. તેને સ્વતંત્ર અને સુખી થવું હોય તો. ન હોય તો રખડશે એમાં શું? એ તો અનાદિકાળથી રખડે જ છે. અને એ લોકો કહે છે કે સ્વતંત્રતા મળી ધૂળમાં પણ મળી નથી. સાંભળને! આ બધા કહે છે ને રાગ સ્વતંત્ર. ધૂળમાં પણ સ્વતંત્ર નથી. સ્વતંત્ર કોને કહે છે? ભગવાન અનંતગુણનો ધણી સ્વામી એ વિકાર મારો નથી. પર તો મારું નથી. એવી સ્વતંત્ર સ્વભાવની દૃષ્ટિ કરવી તેનું નામ સ્વતંત્ર થયા કહેવામાં આવે છે. બાકી બધા પરતંત્રના પોટલા છે. રાજા, મહારાજા, નેતા બધા પરાધીન, પરાધીન. સમજાણું કાંઈ? સુખી છે? ધૂળમાં પણ સુખી નહીં. કોણ કહે છે?દસ દસ હજારનો પગાર મળ્યો ને મોટી પદવી મળી. શું થયું પણ? પદવી કોની? તારી પદવી અંદર આનંદકંદ જ્ઞાયક એ પદવીને ચૂકીને આ મને મળી અને હું તેનો સ્વામી! વિષ્ટાના ગંજ ઉપર કુતરાને બેસાડયો હોય એવું છે. એ શેઠી! અને કુતરો માને કે ખુબ વિષ્ટા મળી. ઓલી થોડી થોડી ખાતો હતો એકસાથે... શું છે ભાઈ!

તારી સંપદા તો તારી પાસે છે. એથી ઝેર વધારે. અમે તો વિષ્ટાનો દાખલો આપ્યો. તેને પ્રેમ થાય છે રાગનો એ રાગ ઝેર છે. આત્માના અમૃતને લુંટીને તે રાગ થાય છે. ખરેખર એમ નથી, એનાથી વિશેષ છે. સમજાણું કાંઈ? જુઓ! ત્યાં શું કહે છે? વેદનામાંથી છુટકારો, વેદનામાંથી છુટકારો. કયારે મટે, કયારે મટે, કયારે મટે? કોઈ દેવ આવે ને મટાડે? કોઈ દવા આપે ને મટાડે? એના વિચાર તે આર્તધ્યાન છે. શું છે? વેદના તો મટવાની હશે તો મટશે. તારી કલ્પનાથી નહીં મટે. દવાથી પણ નહીં મટે. દવા તો નિમિત્તમાત્ર મટશે ત્યારે તેને નિમિત્ત કહેવામાં આવે છે. દવાથી મટે તો વૈદ ડોકટર કેમ છુટી જાય? સમજાણું કાંઈ?

નહોતા ઓલા મોટા ડોકટર. ભાઈ કયા? અનસારી ડોકટર મોટા. મોટા અનસારી ડોકટર. રેલમાં જાતા હતા રેલમાં. રેલમાં જ પીડા થઈ, અનસારી મોટા ડોકટર. અરે! આ પીડા એટલી કે દેહ છુટી ગયો. શું તારે? ડોકટરની કળા તેની પાસે રહી. શરીરમાં શું કામ કરે? આ તો જડ છે. પરપદાર્થમાં પોતાની કળા શું કામ કરી શકે? બરાબર છે ભાઈ? મોટા વકીલ છે ને. .................. સમજાણું કાંઈ?

ભગવાન પરમાત્મા સર્વજ્ઞની વાણીમાં આવ્યું. પ્રભુ! આ તારા પરિણામ શરીરમાં વેદના છે ને એને દૂર કરવામાં ચિંતામા પડી ગયો છે ને એ તારું મોટું અર્તધ્યાન છે. આર્તધ્યાન છે. તેમાં પાપ લાગે છે. નવું પાપ આવે છે. રોગ નથી મટતો. આ એ તો એના ભાઈ જાણે. આપણને તો આવડે છે એવું કાંઈ? કહો, સમજાણું કાંઈ?

એ કહે છે હીરા જો નીકળી જાયને બે, પાંચ, દસ લાખના તો મટે પણ હીરા વખતે જો ત્યાં ઊભો હોય, બીજો આવીને કહે મારી નાખું હવે આને. નહીંતર હીરા હું લઈ લઉં. નહિંતર તું ઓળખીને મારી ઉપર ફરીયાદ કરશે. હાય! હાય! એ કરતાં હીરા ન હોત તો ઠીક. શું ધૂળમાં હીરા ઠીક છે? હીરામાં શું છે? અમેરીકામાં ધૂળ છે. બધા એવા ને એવા છે. બધા આત્માની ધૂળ કરીને પરમાં આનંદ માનવાવાળા બધે ઠેકાણે છે. બીજો કોણ બીજો હશે ત્યાં? બધી ચૂલામાં રાખ છે. કોઈપણ દેશમાં જુઓ તો. ચૂલામાં કયાંય કસ્તુરી છે? બધા દેશમાં પોતાના આત્માને ભૂલી ને પરમાં આનંદ માને છે. બધા દુઃખી છે. બધા દુઃખી જ છે એમાં જોવાનું શું છે?

આત્મા અંદર છે તેને ઓળખતો નથી અને પરપદાર્થની અનુકૂળતામાં મને પ્રેમ છે, બસ ઠીક છે. આર્તધ્યાન છે, પીડાધ્યાન છે. આત્માની શાંતિ ભાવપ્રાણની પીડા થાય છે. આ કાયદા જુદી જાતના છે, ભાઈ! આહાહા! અને નિદાનની ઈચ્છા. નિદાન કોઈપણ ક્રિયા કરે અને લાભ મળે. હું આમ કરું છું તો કોઈ પુણ્ય બંધાય તો સ્વર્ગમાંથી દેવ આવી જાય. મૂઢ! સાંભળ તો ખરો હવે ઈચ્છાથી નથી આવતાને. આવે છે તો પુણ્યથી આવે છે. નિદાન બાંધવાની ક્રિયા કરે દયા, દાન, અપવાસ એના ફળમાં સ્વર્ગ મને અથવા તેના ફળમાં અનુકૂળ લક્ષ્મી મળે, આ પાપના પરિણામ છે. તેનાથી નવા પાપ બંધાય છે. એ આર્તધ્યાન થયું.

હવે **કષાય વડે ક્રુર એવા પરિણામને લીધે થતું હિંસાનંદ,** હિંસા કરતાં કરતાં આનંદ માનવો. બહુ મજા! આહાહા! આ તો ઘણા વર્ષની વાત છે. તમારે પાલેજની પાસે નબીપરા. તમારું ગામ નહીં? ભરૂચ અને પાલેજની વચ્ચે, ત્યાં એક ફેરે હું ગયેલો. આ તો ઘણા વર્ષની વાત છે. ૬૫-૬૬ની વાત છે. સંવત ૧૯૬૫ની વાત. સાધુ આવ્યા હતા ને? સ્થાનકવાસી સાધુ. દુકાને હું હતો. ત્યાં એક ગોરો હતો ત્યાં. ખુશી થાતો હતો હરણને મારીને આવ્યા હતા હરણીને. હરણને મારી ને હરણ કુદે ને આ શું કહેવાય તમારું આ? શિકાર. હાથ નાખ્યો ત્યાં કુદયો. હરણ મરે ને આમ. હરણને મારે ને. ..................... ........................નબીપુરા નામ પાડયું છે. ભરૂચ અને પાલેજ વચ્ચે. એ ઘા વાગે ત્યાં ખુશી થાતો તો મારીને. ઓલું આમ કુદે ને? પડયું આગળ જઈને. આહાહાહા! અરે! મુર્ખાના તે કાંઈ ગામ જુદાં હશે? જેચંદભાઈ! મુરખના ગામ જુદાં વસતાં હશે? ગામ દીઠ આવા મુરખ વસે એ

ગામમાં હોય. આહાહા! અરે! તને સ્થિતિ ખબર નથી પ્રાણીને મારવાના ભાવ તારો. ઓલાના પ્રાણ ચાલ્યા જાય. ઓહોહો! આહાહા!

આવા પરાક્રમ ....... આવા હિંસાનંદ! આ ગોંડલમાં રાજકુમાર નહીં? સિંહને મારવા ગયા. ગોંડલમાં બધા. ................ લ્યો! આ દશા! ............ હિંસાનંદ, કેટલાને માર્યા. તો કહે મેં સિંહને માર્યો. હવે આ મરવાના ટાણા જા નરકમાં હેઠે. માળા! આવા પરિણામના ફળ-ભાન છે કે નહીં? પ્રતિકુળ આવા દુઃખ આપવાના ધ્યાન ક્યાંય છે કે નહીં? આટલી પ્રતિકુળતા જેના પ્રાણનો સંહાર એટલી પ્રતિકુળતાના સ્થાન જ્યાં હોય ત્યાં ઉપજે તેને નરક કહે છે. આવા પ્રતિકુળ આવા સ્થાન વર્તમાનમાં છે નહીં. સરકાર શું કરે. એક વાર ફાંસી આપશે. આટલા પ્રતિકુળ મર ફાળ એક નહીં પણ પચાસ, સો, પાંચસો માર ફાળ એવી પ્રતિકુળતાના ભાવમાં વર્તમાનમાં એક વાર ફાંસીની સજા તેનું ફળ પ્રાપ્ત નથી થતું. એ મરીને નરકમાં (જાય છે.) નીચે નરક યોનિ છે. નીચે (નરક) યોનિ છે. ત્યાં આગળ જેટલી પ્રતિકુળતા કરી એટલી પ્રતિકુળતા ભોગવવાના સ્થાનમાં જન્મ લેવો તેનું નામ નરક છે. બંડીજી! લોજીકથી વાત ચાલે છે હોં. જરી સમજમાં લક્ષમાં લેવું. એવી વાત નથી પણ તેને ખબર નથી કયારેય વિચાર કર્યો નથી.

શું પાપ, શું પુણ્ય, શું જડ, શું હું, બસ ............ આ પણ હું, આ પણ હું, આ પણ હું, આ પણ હું. એમ માની ને ચોર્યાસીમાં અનંતવાર દુઃખી થઈ રહ્યો છે. હિંસાનંદ, અસત્યાનંદ-જૂઠું બોલીને આનંદ. પરંપરા ચાલે. એક જૂઠું બોલે તો તેને બચાવવા માટે બીજું, ત્રીજું, ચોથું, પાંચમું અને વળી મોટા માંધાતા હોય જેને પુસ્તક બનાવ્યા હોય ....... વાંચવા. જૂઠે જૂઠું હોય.

અસત્યમાં આનંદ માને તેનું નામ રૌદ્રધ્યાન. આનું નામ રૌદ્રધ્યાન. પહેલું આર્તધ્યાન હતું પરિણામ કાંઈક થોડાક મંદ. આ બહુ તીવ્ર પાપ. રૌદ્રધ્યાન છે ને? રૌદ્રધ્યાન. સમજાણું કાંઈ? અસત્યાનંદ. સ્તેયાનંદ, સ્તેય એટલે ચોરી. ચોરી કરીને મજા માનવી. રાજા સૂતો છે તો ઘરમાં જઈને ચોરી કરી આવ્યો. સમજાણું કાંઈ? ચોરી. સ્તેયાનંદ-સ્તેય એટલે ચોરી. ચોરી કરીને આનંદ માનવો. અત્યારે જુઓ ને? આ કાળા ચોર. આ બધા તમારે શું કહેવાય છે? કાળા બજાર ને, આહાહા! લૂંટારા.

કરે ચોરી અને હોંશીયારી માને જોયું કોઈને ખબર ન પડે. સરકારને ખબર ન પડે લ્યો! મેં આટલા પેદા કર્યા તે સરકારને ખબર ન પડે ચોપડાના પાના ફેરવે, એક પાનું લખે અને એક પાનું ખાલી. ખાલી સમજો છો ને. તમારે ઈન્કમટેકસમાં ઘણા તપાસ કરવા પડતા હશે. તમને છેતરી જાય એવા ઘણાય ત્યાં હશે. સમજાણું કાંઈ? છેતરે કોણ કોઈને. પોતાને છેતરે છે. સમજાણું કાંઈ?

**સ્તેયાનંદ અને વિષયસંરક્ષણાનંદ,** વિષયસંરક્ષણાનંદ **રૌદ્રધ્યાન.** રૌદ્રધ્યાન મહાપરિણામ

ઓલા વિષયના સંરક્ષણ, લક્ષ્મી, સ્ત્રી, કુટુંબ પૂરા પાંચ ઇન્દ્રિયના વિષય રાખે. અમારું શરણ કરશે. વારંવાર પાંચ ઇન્દ્રિયનો સંગ્રહ કરવો એ રૌદ્રધ્યાન છે. માઠા પરિણામ છે. કહો, સમજાણું કાંઈ? મોહનભાઈ! વિષયનું સંરક્ષણ એટલે પાંચ ઇન્દ્રિયના વિષયોનું સંરક્ષણ. તૈયાર આમ જુઓ તો, વાજા તૈયાર, વેશ્યા તૈયાર, ખાવાનું તૈયાર. એક રાજા હતો ને? આપણા માસ્તર નહોતા કહેતા? ક્યાં ગયા રતિભાઈ! કોઈક કહેતું હતું. આપણે માસ્તર કહેતા હતા. ખાવા બેસે ત્યારે પાંચ વિષય ભેગા થાય. વેશ્યા નાચતી હોય, ફુલ બાગમાં બેઠો હોય, આહાહા! આહાર ઊંચો ખાતો હોય, સુગંધ પણ હોય, સાથે પાંચ. રતિભાઈ ! છે કે નહીં ? તમારા બાપ કહેતા હતા. ઈ કહેતા હતા કે એને પાંચ વિષય એક સાથે જોઈ. આ તે મૂઢ ! અરે તારો ઉપયોગ તો એકમાં લક્ષ જાય. રાગમાં. તે ફરે ત્યાં બીજામાં લક્ષ જાય. એક હારે પાંચમાં ક્યાં લક્ષ તારું જાતું હતું. કટકે-કટકે વારાફરતી હોય. આ એક સાથે ન થાય. એકવાર લક્ષ સુગંધ ઉપર છે તો રસ ઉપર નહીં ને રસ ઉપર છે તો ગંધ ઉપર નહીં ને ગંધ ઉપર છે તો સ્પર્શ ઉપર નહીં. વારાફરતી પાંચ ઇન્દ્રિયોને ભોગવે છે. વખાણ કરતા હતા કે ખૂબ સાધન છે.

બાગબગીચા-વેશ્યા નાચે, ખાય, વાજા વાગતા હોય એક હારે ખાવાનું...મૂઢ તે મૂઢ ! એકહારે આત્મામાં આનંદ પડ્યો છે જ્ઞાન શાંતિસાગર એને મૂકીને આવું રૌદ્ર ધ્યાન કરે છે તેનું ફળ નવું પાપ બંધાય છે માટે પાપને ઓળખીને પરને પર જાણીને. પુણ્યનો વિકલ્પ પણ શુભરાગ છે તે ઓળખીને મારી ચીજ તેનાથી જુદી છે. એવું તેનું શ્રદ્ધા જ્ઞાન કરવું તે આનું કહેવાનું પ્રયોજન છે.

**(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ)**

***પ્રશ્ન : અનુમાન જ્ઞાન દ્વારા આત્માનો નિર્ણય કરે તે અનુમાન જ્ઞાનને સમ્યક્જ્ઞાન કહેવાય ?***

***ઉત્તર : અનુમાન જ્ઞાનને સમ્યક્જ્ઞાન કહેવાય નહિ. સમ્યક્જ્ઞાન સાથે આનંદ હોય છે. આનંદ સહિતના જ્ઞાનને સમ્યક્જ્ઞાન કહેવાય. પ્રત્યક્ષ પૂર્વકનું અનુમાન જ્ઞાન હોય તેને સમ્યક્જ્ઞાન કહેવાય છે. પ્રત્યક્ષ વિનાનું એકલું અનુમાન જ્ઞાન તે સમ્યક્જ્ઞાન નથી. પ્રવચનસારમાં (ગા.૧૭૨) અલિંગગ્રહણના બોલમાં પ્રત્યક્ષ વિનાના એકલા અનુમાન જ્ઞાનનો વિષય આત્મા નથી તેમ કહ્યું છે. ૩૧. (પરમાગમ સાર)***

## પ્રવચન નં :- ૩૭, ગાથા ૧૪૦ થી ૧૪૨, ભાદરવા વદ-૧૩, શનિવાર, તા. ૩-૧૦-૬૪

પંચાસ્તિકાય ૧૪૦ ગાથા. આસ્રવપદાર્થની વ્યાખ્યા ચાલે છે. વર્તમાન ચાલે છે તો પાપાસ્રવની વાત ચાલે છે. પાપાસ્રવ. આ મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, અશુભયોગ એ બધા ભાવ પાપાસ્રવ છે. તેનાથી નવા પાપ આવે છે તે દ્રવ્યપાપાસ્રવ છે. તેની વાત ચાલે છે. પહેલાં સંજ્ઞાની વાત કરી.

આત્માને કર્મના નિમિત્તના સંબંધથી તીવ્ર જે આહાર, ભય, મૈથુન, પરિગ્રહની ગૃધ્ધિ થાય છે તે સંજ્ઞા પાપ છે, તે પાપ ભાવપાપ છે. તે ભાવપાપથી નવા દ્રવ્યપાપ આવે છે. લેશ્યા. તીવ્ર કષાયના ઉદયથી રંગાયેલી યોગપ્રવૃત્તિરૂપ છે તે લેશ્યા. યોગની પ્રવૃત્તિ છે કંપન. તેમાં કષાયથી રંગાયેલ ભાવ યોગપ્રવૃત્તિમાં તેનું નામ અહીંયાં લેશ્યા કહેવામાં આવી છે. અનુરંજિત=રંગાયેલી, કોણ? લેશ્યા. કષાયના ઉદયથી ક્રોધ, માન, માયા, લોભની તીવ્ર, અહીંયાં તીવ્રની વાત છે. રંગાયેલ યોગપ્રવૃત્તિ. આત્માના પ્રદેશ કંપન છે તેમાં કષાયનો રંગ ચડયો હોય તેનું નામ લેશ્યા કહેવામાં આવે છે. અહીંયાં પાપલેશ્યાનું કથન છે.

ત્રીજું પદ્મ ને શુકલ અને પુણ્યલેશ્યાનું પરિણામ છે. એ પુણ્યાસ્રવ છે. એ તો પહેલાં સાધારણ આવી ગયું. સમજાણું કાંઈ? હેં? નથી ભલે લીધું પણ એ આવી ગયું છે, શુભભાવ. શુભભાવ લેશ્યા આવી ગઈ. ત્રીજું પદ્મ ને શુકલ એ શુભપરિણામ છે. તેનાથી નવા પુણ્યનો આસ્રવ આવે છે. આ નવા ત્રણના કૃષ્ણ, નીલ અને કાપોત એ પાપાસ્રવ છે. અહીંયાં, કહો, અમરચંદભાઈ! આત્માનું કંપન હોય છે ને? પ્રદેશ કંપન તેનું નામ યોગ. અને તેમાં કષાયથી રંગાયેલા પ્રવૃત્તિ યોગ તેને અહીંયાં લેશ્યા કહે છે.

કેવળીને પછી કષાય નહીં. પણ સાથે યોગ રહ્યો તે કારણે તેને પણ શુકલલેશયા કહેવામાં આવી છે. એક સમયનો આસ્રવ આવે છે ને તે તો શુભ આવે છે. અહીંયાં અશુભની વાત ચાલે છે. કષાયના તારતમ્ય મંદને કારણે. કષાયનું કાલે ઓલું દષ્ટાંત આપ્યું હતું ને? ઝાડનું. તારતમ્ય એટલે હિનાધીક કષાયના ભાવથી પાપના ત્રણ પરિણામ બન્યા. અને મંદ પરિણામ શુભમાં પણ હિનાધીકતા ત્રણ પ્રકારથી શુભભાવ બન્યા. પણ છે તે છએય લેશ્યા આસ્રવનું કારણ છે. તે ભાવાસ્રવ થાય છે. શુકલલેશ્યા હોય તો પણ ભાવાસ્રવ છે. સમજાણું કાંઈ?

અને પછી 'ઇન્દ્રિયવશત' ઇન્દ્રિયનું આધિનપણું એ પણ પાપાસ્રવ છે. આર્ત અને રૌદ્રધ્યાન બેય પાપાસ્રવ છે. ત્યાં સુધી આવી ગયું. હવે **વગરપ્રયોજને,** ત્યાં આવ્યા. **(-નકામું) શુભ કર્મથી**

**અન્યત્ર (-અશુભ કાર્યમાં) દુષ્ટપણે જોડાયેલું જ્ઞાન;** જ્ઞાનમાં અશુભ પરિણામનું જોડાણ બહુ જ એવા વિચાર કરી કરીને એવા સંકલેશ પરિણામ જ્ઞાનમાં લગાવો તેને અહીંયા દુષ્ટપણે જોડાયેલું જ્ઞાન (કહે છે.) તેનું નામ પાપાસ્રવ છે. જ્ઞાન દુષ્ટ પરિણામના વિચારમાં આમ બનાવવું ને આમ કરવું ને આમ કરવું એમાં લાગેલા તે પણ અશુભપરિણામ પાપાસ્રવનું કારણ દ્રવ્યપાપાસ્રવ અને તે પોતે ભાવપાપાસ્રવ છે. કહો, સમજાણું કાંઈ? પોતાના જ્ઞાનની ક્ષયોપશમ દશા આવો પાપનો વિચાર કળા ને ધંધા ને તેમાં વિચાર કરવામાં લગાવી દેવો તે પાપ પરિણામ છે. કહો, પુનમચંદભાઈ! શું હશે એ? પાપપરિણામમાં બરાબર મગજનું સારું કામ કરે જ્ઞાનનું તો? કહ્યું ને જુઓ ને? **વગરપ્રયોજને (-નકામું) શુભ કર્મથી** અશુભ એવી કલ્પના નિષ્પ્રયોજન છે.

મુમુક્ષુ :- પૈસા કમાવા તે નિષ્પ્રયોજન છે.

ઉત્તર :- તે નિષ્પ્રયોજન છે. પૈસા કમાવા શું? એવા સંચા બને ને આ બને ને એવું અહીં કરે ને, એવા કારખાના નાખવામાં જ્ઞાનનો ઉપયોગ લગાવે છે. એવા જ્ઞાનના ઉપયોગને અશુભ પરિણામ પાપાસ્રવ કહેવામાં આવ્યા તેનાથી નવા પાપ આવે છે.

મુમુક્ષુ :- દાન માટે કમાય તો?

ઉત્તર :- દાન માટે કમાવાનું કોણે કીધું? કુતરા મારીને ગાયને નાખવા, ગાય મારીને કુતરાને ધરાવવા. ..... રળીને પછી કમાવું ને પછી દાન આપવું. એમ કોણે કહ્યું?

મુમુક્ષુ :- ......અશુભ જ છે.

ઉત્તર :- અશુભ જ છે. ધંધો શુભ કયે દિવસે હતો?

મુમુક્ષુ :- કમાયા વગર દાન કેમ આપે?

ઉત્તર :- કોણ કહે છે? દાનનું શું કામ છે? આ તો કુદરતે પાપથી આવ્યા હોય પછી રાગ મંદ કરીને દાનનો ભાવ હોય પુણ્ય થાય છે. દાન માટે કમાવું એમ કોણ કહે છે? સમજાણું? ઈષ્ટોપદેશમાં આવે છે અધિકાર ઈષ્ટોપદેશમાં. શાસ્ત્રમાં બધી વાત છે. કોઈ વાત છાની નથી. ઈષ્ટોપદેશમાં કહ્યું કે ઉપદેશ કોને કહે છે? દાન માટે કમાવું અને પછી દાન આપવું એ ઉપદેશ ઈષ્ટ નથી. હાથ બગાડીને પછી પાણીથી ધોવા છે. પહેલાં તો હાથ બગાડવા અને પછી ધોવા તેનો શું અર્થ? કોણ કહે છે કમાવું. કમાવાનો ભાવ જ પાપ છે. દુકાનના થડે બેસવું અને આમ ને આમ (કરવું) તે બધું પાપ છે.

એ બધા બીજા પરિણામ છે. કમાઈ તો તમારા માટે શું છે? તમારો શું અધિકાર છે? રાગ મંદ છે. તેથી શું? પાપ કર્યું એનું શું? એ ઈષ્ટોપદેશમાં બહુ જ લીધું છે. કોઈ એમ વિચાર કરે કે પહેલાં બહુ જ કમાઈ લઈએ પાંચ, દસ, પચ્ચીસ લાખ પછી આપશું. હવે છે તેમાં થોડી તૃષ્ણા ઘટાડે તો પુણ્ય થશે. કમાવાનું જેટલું દુકાને બેસવું અને તેની કળામાં ઉપયોગ લગાવવો. આવો ને આવો ને આવો ને.

એવી મજુરી કરે છે. આવા મજુર લાવવા, આમ લાવવું, એ જ્ઞાનમાં ઉપયોગ લગાવી દેવો તે એકલો પાપભાવ છે.

મુમુક્ષુ :- છોકરાવને જવાબદારી ........

ઉત્તર :- છોકરાવને જવાબદારી શું? એ તો એકલું પાપ જ છે. છોકરો શું કરે, છોકરો કરે તો છોકરાને પાપ છે. છોકરા માટે બનાવવાની-કમાવાની કળા એકલું પાપ છે. નવા કર્મનો બંધ પડે છે. પાપભાવ છે. ક્યાં ગયા વાસુદેવભાઈ? પૈસાથી ઠીક થાય છે? સમજાણું કાંઈ? મૂળ દુકાને બેસવામાં કળા લગાવી દયે. આવું કરવું ને આવું કરવું ને આવું કરવું ને આવું કરવું ને. અને માલમાં મિશ્રણ કરવું ને શું કહેવાય, મરચામાં બીયાં નાખવા, ચોખામાં કણકી ભેળવવી. મહા અશુભપરિણામ, ભૂંડા ભાવ છે.

મુમુક્ષુ :- સાધારણ ભાવ કરે તો?

ઉત્તર :- સાધારણ ભાવ કરે તોપણ એ પાપના ભાવ છે જ. આ તો દુષ્ટ વિશેષ કહ્યા ને! આ તો તીવ્રની વાત ચાલે છે. સમજાણું કાંઈ? પ્રયોજન એટલે, એ મફતનું જ કરે છે એમ એનો અર્થ. શુભકર્મને છોડી ને અશુભ કાર્યમાં દુષ્ટપણે જોડાયેલી જ્ઞાનની કળા ઉપયોગ. એમ આમ આમ જોડે. આવી કળા ને આવું કરવું ને આવું કરવું. પચાસ, લાખમાં લ્યો તો બે લાખ લગાવવા, બે લાખ બીજામાં લગાવવા, આમ લગાવવા, આમ લગાવવા. એ વ્યવસ્થા કરવાના પાપ ભાવની વ્યવસ્થા છે.

નાખે કોણ અને લ્યે કોણ? એમાં ભાવ જો પોતાના ક્ષયોપશમનો અનુભવ થયો હોય તો તેમાં લગાવી દયે છે. બીજા કોઈને ખબર નહીં પડે આમ કરો, આમ લાવો, આમ લાવો, આમ કરો, આમ કરો. એ બધી કળાનો ભાવ અશુભભાવ એકલું પાપ છે.

મુમુક્ષુ :- ......

ઉત્તર :- કોને દે? કોણે કહ્યું? દેવાનું કહ્યું છે કોણે? અહીં તો કોઈને દેવાની વાત પણ ચાલતી નથી. અહીં તો પાપ જ્ઞાનમાં ઉપયોગ જોડવો એ પાપ (છે.)એટલી વાત ચાલે છે. દેહની વાત ચાલે છે ક્યાંથી આવ્યું? અંદરમાંથી આવ્યું, બળખા. સમજાણું કાંઈ?

અહીં તો હજી જ્ઞાનમાં વિકાસ કાંઈક કાંઈક થોડુંક શીખ્યો હોય ને? પાંચ-પચાસ વર્ષ સુધી આ પાપનું બધું. અનુભવનો લાભ પછી દુકાન ઉપર બેસીને છોકરાવને આપે. એને કળામાં લગાવવા આમ કરવું આમ કરવું. એ બધા એકલા દુષ્ટ પાપ છે. નવા નવા પાપના લોચા બને છે.

મુમુક્ષુ :- ભટકવા માટે શીખામણ આપે છે.

ઉત્તર :- ભટકવા માટે શીખામણ આપે છે. પોતાને ભટકવા માટે. તેને ચાર ગતિમાં ભટકવું છે. ક્યાં જાવું છે ને ક્યાં અવતાર કરશે એનું ભાન નથી. એટલું પાપ. કહો, સમજાણું કાંઈ?

**અને સામાન્યપણે દર્શનચારિત્રમોહનીયના ઉદયથી ઉત્પન્ન અવિવેકરૂપ મોહ,** ભાન

વિનાનો રાગ હોય કે મિથ્યાત્વ હોય બધું. **આ ભાવપાપાસ્રવનો વિસ્તાર,** એ ભાવપાપ આસ્રવના પરિણામનો વિસ્તાર કહ્યો છે. **એ દ્રવ્યપાપાસ્રવના વિસ્તારને દેનારો (પ્રણામ કરવાવાળો) છે.** તેને દ્રવ્યપાપનું દાન મળે છે. દ્રવ્યપાપ રજકણો પાપના તેની સાથે પહોંચે છે. કહો, સમજાણું કાંઈ? **(અર્થાત્ ઉપરોક્ત ભાવપાપાસ્રવરૂપ,** જુઓ! ઉપર કહ્યા સંજ્ઞા, લેશ્યા, વિષયા, ચિંતા, મોહ બધું. આર્તધ્યાન, રૌદ્રધ્યાન વગેરે. **અનેકવિધ ભાવો તેવા તેવા અનેકવિધ દ્રવ્યપાપાસ્રવમાં નિમિત્તભૂત છે.)** જેવા જેવા અનેકવિધ પાપભાવ કર્યા એવા નવા આવરણમાં અનેકવિધમાં તે નિમિત્ત પડે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- તો તો જગતમાં બધો વ્યવહાર અટકી જાય.

ઉત્તર :- જગતમાં કોણ અટકે છે? જગતમાં તારી અટકણવાળો ઉત્પાદ છે ને. એમ અહીં તો કહે છે. જગત તો ચાલે જ છે. જગત કોનાથી ચાલે છે? તારાથી ચાલે છે?

મુમુક્ષુ :- .....

ઉત્તર :- પણ શું કામ કરે? દાન દયે તો ન દયે. આજીવિકા થાય છે તો તેમાં શું છે?....... ............

મુમુક્ષુ :- ........

ઉત્તર :- નથી થતાં. અને તેમાં શું? પચાસ રૂપિયા મળે તો પાંચ રૂપિયા દાન દયે. તેમાં શું? પણ એવા વિશેષ પાપ કરીને કરવું એ ભાવ છે નહીં.

મુમુક્ષુ :- ......

ઉત્તર :- ન આપે તો કોણ ના પાડે. ન આપે. પણ પાપ પરિણામ કરવા તે વાત છે નહીં. દાન ન આપે તો ભલે ન આપે. પોતાની પાસે ( ન હોય તો ન આપે.)

મુમુક્ષુ :- .........

ઉત્તર :- એ પણ પાપ છે. ન્યાયથી કરે તે પણ પાપ. પાપ આ તો તીવ્ર, મંદની વાત છે. એ પણ પાપ છે. ન્યાયથી કમાય પણ પાપ છે ને એકલા બસ. આવા પુત્ર માટે, આબરૂ માટે, ખાવા માટે, પીવા માટે કમાય છે. એકલું પાપ છે. કેટલાકને તો એવા લોહવાટ થઈ જાય કે ચોવીસ કલાક ધંધામાં મશગુલ! ચોવીસ કલાક મશગુલ! રાત્રે સપના પણ એવા આવે. ..... આવા લીધા, ............ લે, પોતાનું કપાળ ફાડી નાખે. ..... હોય ને, સૂતેલા હોય જાગે. કપડા ફાડે.

એ પાપની ગૃધ્ધિ સપનામાં પણ એ પરિણામ આવે તો પાપ છે. સપનામાં પણ એ પરિણામ આવે આવા, આવા, આવા, આવા, આવા એકલા પાપનો બોજો લાગે છે. સમજાણું કાંઈ? પાપને જાણવું. પાપ એ છે તેનાથી આત્મા ભિન્ન છે. આત્માનું જ્ઞાન કરે તો પાપપરિણામ મંદ થયા વગર રહે જ નહીં.

જેમાં પાપ નથી એવા આત્મા અખંડાનંદ જ્ઞાનઆનંદકંદ નિજ સંપદાથી ભરેલો એવી દૃષ્ટિ કરે તો અનંતાનુબંધીનો દોષ તો ટળી જાય. મંદ રાગ થયા વગર રહે નહીં. ભલે અશુભ હોય. તીવ્ર જે અનંતાનુબંધીનો હતો તેવો ને તેવો રહેતો નથી. જ્ઞાનીને પણ રાગ તો આવે છે, પાપ પણ થાય છે. તીવ્ર નથી થતો. પોતાનો જ્ઞાયકભાવ શુદ્ધ સ્વભાવની દૃષ્ટિની અધિકતાને કારણે વિકારની તીવ્રતાના પરિણામ તેને થતાં નથી. એકત્વબુદ્ધિથી નથી થતાં. પુણ્ય થાય છે.

મુમુક્ષુ :- .........

ઉત્તર :- કોઈને લાગુ પડતા નથી. એકલાને પાપ લાગે. દસ માણસ માટે કમાતો હોય તો પાપના દસ ભાગ પડતા હશે કે નહીં, એ વાસુદેવભાઈ! એને પૂછો ને એનું કુટુંબ મોટું છે. સાત ભાઈઓ ને છ વહુઓને. છ છે ને શું છે? મોટું કુટુંબ છે. લ્યો! આ હીરા ..... માટે દસ છોકરા માટે રળે તો આ પાપના દસ ભાગ પડતા હશે કે નહીં?

મુમુક્ષુ :- રૂપિયાના પડે.

ઉત્તર :- રૂપિયાના ભાગ પડે પાપના નહીં. પાપ સળંગ એકલું તેને. વીસ ખાય તો કમાવાના એકલાના પાપના એકલા એક ભાગીદાર છે. વીસ ભાગ નહીં. ખવડાવે શું? કોણ ખવડાવે છે? ખાય તોપણ ખાવાવાળાનો ભાવ ભિન્ન. એક દીવામાંથી બીજો દીવો કયારે થાય. બીજો ભિન્ન છે.

મુમુક્ષુ :- બચી જાય તેમાંથી?

ઉત્તર :- નહીં, નહીં, નહીં કયાં બચી ગયા? એ પણ ખાવાવાળાના પિતાજી સારું કમાયા તો અમને સારું છે તે પણ પાપ તેનું છે.

મુમુક્ષુ :- અનુમોદન છે.

ઉત્તર :- અનુમોદન તેનું પાપ તેની પાસે રહ્યું. ખાવાનો ભાવ પાપ છે કે નહીં? ભોગવવું ભોગવવું, અમારા પિતાજી કમાયા, બહુ જ સારું કર્યું તે પણ પાપ પરિણામ છે. આનું ભિન્ન પાપ, આનું ભિન્ન પાપ. ભાગ નથી પડતા કે તેણે આટલું કર્યું પંદર માટે કર્યું તો પાપમાં પંદર ભાગ પડી જાય.

મુમુક્ષુ :- પંદર પાપમાંથી તો બચી ગયા ને?

ઉત્તર :- બિલકુલ નહીં. બચે શું? ધૂળમાં? પંદર પણ માને છે કે અમારા પિતાજી કમાયા. ઠીક કર્યું તો તેનું અનુમોદન કરવાવાળા પણ પાપી છે. અશુભભાવવાળા છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ........ કમીશન લાગે છે.

ઉત્તર :- ત્યાં કમીશન બમીશન લાગતું નથી. કોઈને કારણે અમે શું કરીએ, વીસ માણસો માટે હું એકલો કમાવાવાળો છું. તો ભાર થોડો તેને પણ પડશે. બીજાને પણ પડશે એમ છે નહીં.

મુમુક્ષુ :- એક કમાય ને બધા ખાય .....

ઉત્તર :- ખાય. એક કમાવે અને પોતાના પાપનો ભોગવટો કરે. પાપનો ભોગવટો કરે. તેમાં બીજામાં શું છે? જેટલા પ્રકારના અનેકવિધ પાપાસ્રવ પરિણામ કરે છે. એટલા પ્રમાણમાં અનેકવિધ નવા કર્મના, જુઓ! અનેકવિધ લખ્યું છે ને? બેય. અનેકવિધ પાપાસ્રવ તેવા અનેકવિધ દ્રવ્યપાપાસ્રવ. જેવી જેવી દુષ્ટતા આદિ. સંજ્ઞા, લેશ્યા આદિની છે એ પ્રમાણમાં નવા પાપાસ્રવ થાય છે. કોઈનો કોઈમાં ભાગ પડતો નથી. કહો, સમજાણું કાંઈ?

છોકરો કમાણો હોય અને તેણે કોઈ દાનનો ભાવ મંદ કર્યો હોય તો તેના પિતાને કાંઈક લાભ મળે એવું જરાપણ નથી. કાંઈ જરાપણ નહીં એના બાપાને. એના બાપાને કે આ કરોડ પેદા કર્યા તો ઠીક રહ્યું. એમાં પાપનો ભાવ, ભાવ પોતાનો એનું પાપ એને લાગે. અને એને એમ થયું કે બે લાખ દીધા તો ઠીક થયું એટલા ભાવ થોડા કર્યા હોય તો એ શુભભાવ હોય. પોતાના શુભ હો! પેલાને કારણે નહીં. સમજાણું કાંઈ?

અહીં તો સ્વતંત્ર વાત છે. કોઈને કારણે કોઈ મિશ્રણ મિશ્રણ હોતું નથી. લ્યો! આસ્રવપદાર્થ પૂરો થયો. તેની ઓળખાણ કરાવી. હવે સંવર પદાર્થ. સંવરમાં પણ પાપસંવરની પહેલી ગાથા છે. સર્વથા સંવર નહીં.

## ગાથા-૧૪૧

अथ संवरपदार्थव्याख्यानम् ।

**इंदियकसायसण्णा णिग्गहिदा जेहिं सुट्ठु मग्गम्हि ।**
**जावत्तावत्तेसिं पिहिदं पावासवच्छिद्दं ।। १४१ ।।**

इन्द्रियकषायसंज्ञा निगृहीता यैः सुष्ठु मार्गे ।
यावत्तावत्तेषां पिहितं पापास्रवछिद्रम् ।। १४१ ।।

अनन्तरत्वात्पापस्यैव संवराख्यानमेतत् ।

**मार्गो हि संवरस्तन्निमित्तमिन्द्रियाणि कषायाः संज्ञाश्च यावतांशेन यावन्तं वा कालं निगृह्यन्ते तावतांशेन तावन्तं वा कालं पापास्रवद्वारं पिधीयते । इन्द्रियकषायसंज्ञाः भावपापास्रवो द्रव्यपापास्रवहेतुः पूर्वमुक्तः । इह तन्निरोधो भावपापसंवरो द्रव्यपापसंवरहेतु-रवधारणीय इति ।। १४१ ।।**

હવે સંવરપદાર્થનું વ્યાખ્યાન છે.

માર્ગે રહી સંજ્ઞા-કષાયો-ઈન્દ્રિનો નિગ્રહ કરે,
પાપાસરવનું છિદ્ર તેને તેટલું રૂંધાય છે. ૧૪૧.

**અન્વયાર્થ :- (यैः) જેઓ (सुष्ठु मार्गे) સારી રીતે માર્ગમાં રહીને (इन्द्रियकषायसंज्ञाः) ઇન્દ્રિયો, કષાયો અને સંજ્ઞાઓનો (यावत् निगृहीताः) જેટલો નિગ્રહ કરે છે, (तावत्) તેટલું (पापस्रवछिद्रम्) પાપાસ્રવનું છિદ્ર (तेषाम्) તેમને (पिहितम्) બંધ થાય છે.**

ટીકા :- પાપની અનંતર હોવાથી, પાપના જ સંવરનું આ કથન છે (અર્થાત્ પાપના કથન પછી તુરત જ હોવાથી, અહીં પાપના જ સંવરનું કથન કરવામાં આવ્યું છે).

માર્ગ ખરેખર સંવર છે; તેના નિમિત્તે (-તેના અર્થે) ઇન્દ્રિયો, કષાયો અને સંજ્ઞાઓનો જેટલા અંશે અથવા જેટલો કાળ નિગ્રહ કરવામાં આવે છે, તેટલા અંશે અથવા તેટલો કાળ પાપાસ્રવદ્વાર બંધ થાય છે.

ઇન્દ્રિયો કષાયો અને સંજ્ઞાઓ-ભાવપાપાસ્રવ-દ્રવ્યપાપાસ્રવનો હેતુ (-નિમિત્ત) પૂર્વે (૧૪૦ મી ગાથામાં કહ્યો હતો; અહીં (આ ગાથામાં) તેમનો નિરોધ (-ઇન્દ્રિયો, કષાયો અને સંજ્ઞાઓનો નિરોધ)-ભાવપાપસંવર-દ્રવ્યપાપસંવરનો હેતુ અવધારવો (-સમજવો). ૧૪૧.

## ગાથા-૧૪૧ ઉપર પ્રવચન

**इंदियकसायसण्णा णिग्गहिदा जेहिं सुट्ठु मग्गम्हि ।**
**जावत्तावत्तेसिं पिहिदं पावासवच्छिद्दं ।। १४१ ।।**

ટીકા :- જેટલો કાળ અને જેટલો ભાવ. **પાપની અનંતર હોવાથી,** પહેલાં પાપની વ્યાખ્યા કરી. તેના પછી આવવાવાળી આ ગાથા. **પાપના જ સંવરનું આ કથન છે.** પાપ રોકવાનું કથન છે. સર્વથા પાપ-પુણ્ય નહીં. એકલો પાપ રોકવો. અશુભભાવ ન થવો. અશુભભાવ ન હોય તેટલો પાપ રોકે છે. એટલું. સર્વથા પાપસંવર રોકે એ તો શુભ-અશુભ બન્ને રોકી દયે તો સર્વથા સંવર છે.

મુમુક્ષુ :- પાપને .....

ઉત્તર :- હા, પાપસંવર. પાપને રોકે એટલું અશુભભાવનું ન આવવું, ન થવું. અશુભભાવનું ન થવું એ પણ એટલું પાપનો સંવર ભાવ છે. અને નવા એટલા આવતા નથી તો પાપનો એટલો આસ્રવ રોકાઈ ગયો. **પાપની અનંતર હોવાથી,** પાપના જ સંવરનું આ કથન છે. **અર્થાત્ પાપના કથન પછી તુરત જ હોવાથી, અહીં પાપના જ સંવરનું કથન કરવામાં આવ્યું છે.**

પાપનો સંવર. સમ્યગ્દષ્ટિની વાત છે, હોં! જ્ઞાનીને પાપનો સંવર હોય છે. અજ્ઞાનીને તો હોતો જ નથી.

મુમુક્ષુ :- અજ્ઞાનીને ન થાય?

ઉત્તર :- અજ્ઞાનીને ક્યાં સંવર ફંવર છે. મિથ્યાત્વનો આસ્રવ આવે છે. મિથ્યાદૃષ્ટિ રાગમાં ઠીક માને છે. પાપમાં મજા માને છે. અમને બહુ જ અનુકુળ છે.

મુમુક્ષુ :- પાપના ઘટવાથી અશુભ તો ઘટે છે.

ઉત્તર :- સંવર નથી. **માર્ગ ખરેખર સંવર છે.** જુઓ! ભાષા. માર્ગ તો વાસ્તવમાં સંવર છે. મોક્ષનો માર્ગ તો વાસ્તવમાં સંવર છે. આસ્રવ તો વાસ્તવમાં બંધનો માર્ગ છે. અહીંયાં સંવર છે. જુઓ! જેટલો તેમાં મિથ્યાત્વ અને રાગ-દ્વેષ રોકાઈ જાય અને સમ્યગ્દર્શનમાં અરાગી પ્રવૃત્તિ હોય એ જ એક સંવર માર્ગ છે. બાકી કોઈ સંવરમાર્ગ મોક્ષમાર્ગ છે નહીં. કહો, સમજાણું કાંઈ? શુભમાં પણ એ લોકો લગાવે છે. શુભમાં પણ થોડો સંવર છે એમ લગાવે છે. અહીં તો માર્ગ વાસ્તવમાં સંવર છે.

મુમુક્ષુ :- .......

ઉત્તર :- આ છે ને પાઠમાં છે.....માર્ગ આત્મામાં શુધ્ધ ચૈતન્ય સ્વરૂપ પુણ્ય-પાપના રાગ રહિત પોતાના સ્વભાવનું અંતર પૂર્ણાનંદને દૃષ્ટિમાં સ્વીકાર કરીને, સ્વરૂપ તરફની સાવધાની કરીને જીતવું, લીન થવું એ જ એક સંવર મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

સંવર માર્ગ કીધો જુઓ! મિથ્યાત્વ અને રાગનો નિરોધ એટલે ઉત્પત્તિ ન થવી અને સમ્યગ્દર્શન અને વીતરાગી પરિણતિની ઉત્પત્તિ થવી એ જ એક સંવર માર્ગ છે. બીજો કોઈ માર્ગ છે નહીં. ક્યાં કોનો માર્ગ? પૂર્ણ પરમાત્મપદ પામવાનો માર્ગ. પૂર્ણ મોક્ષ દશા પામવાનો માર્ગ એ શુભાશુભ વિકલ્પ રાગ અને નિમિત્તથી ખસીને સ્વભાવ પૂર્ણાનંદ એ તરફનો ઝૂકાવ જેટલે અંશે દૃષ્ટિ થઈ સ્થિરતા એટલે અંશે માર્ગ છે. સમજાણું કાંઈ?

જેને સંયોગ અને નિમિત્ત ઉપરનું જોર છે તે ત્યાંથી દૃષ્ટિ નહીં હટાવે. અને જેને શુભપરિણામમાં કોઈ લાભની બુધ્ધિ છે તે પોતાની પર્યાયથી બુધ્ધિ નહીં હટાવે. જેને પોતા સિવાય પર ચીજ છે, તે મારા કોઈ પણ કાર્યમાં લાભ-મદદ કરે છે એવી દૃષ્ટિ છે તો સંયોગથી નહીં હટે. અને જેને પોતાના પરિણામમાં શુભરાગની મંદતા હોય તેનાથી લાભ માનશે તેને પરિણામ ઉપરથી દૃષ્ટિ નહીં હટે. તેને ક્યારેય સંવર નહીં થાય. કહો.

મુમુક્ષુ :- માર્ગ કાંઈ લાંબાટૂંકો હોય છે?

ઉત્તર :- હા, કોઈને કાળ થોડો લાગે કોઈને કાળ વધારે લાગે, લાંબો ટૂંકો. માર્ગ બીજો નહીં. માર્ગ એ જ એક જ. વાંકો-ચૂંકો નહીં. એ તો તમારા વાંકાનો માર્ગ છે. એમ એક જણાએ કહ્યું હતું. અહીંના સોનગઢવાળાને પૂછ્યું ઓલાને, એ ટેઢાનો (વાંકાનો) માર્ગ છે. નામ ન પાડે પણ ટેઢાના (વાંકાના) માર્ગમાં શું કહેવું છે એ પાછો ઓલો પૂછે નહીં ને એમ ને એમ ચાલે. ટેઢા શું કહે છે એ પગદંડીનો. એ

એનો જવાબ જલ્દીનો છે કે શું છે? તેણે જવાબ એવો આપ્યો.

મુમુક્ષુ :- પગદંડી એટલે જલ્દી.

ઉત્તર :- છે તો તેમ. પણ કોઈ પગદંડીમાં ઘુસી પણ જાય રસ્તામાં એવો કોઈ મળે તો. એમ કે કોઈએ પૂછ્યું કે આ કાનજીસ્વામી એવો માર્ગ કહે છે ને? વાંકા-ચૂંકાનો રસ્તો છે. પગદંડી તો સીધી થઈ જાય. આડા રસ્તા મળે, મેળામાં ખાડમાં સીધા ચાલ્યા જાય. તેનો કહેવાનો અર્થ બીજો છે, હોં! આહાહા! એમ કે ત્યાં ચડી જાય અને આ તો અમે જે કહીએ છીએ તે ઠોસ માર્ગ. ધોરી માર્ગ. ચાલ્યા જાય બસ, પહોંચે પહોંચે ને પહોંચે એમ. અરે ભગવાન! આ તો એક જ માર્ગ છે. રાગ માર્ગ કહો, કેડી માર્ગ કહો. પગદંડી કહે છે ને? પગદંડી. પગદંડીનો માર્ગ.

એ ભગવાનઆત્મા નિમિત્તનો પ્રેમ છોડીને, પુણ્યનો આગ્રહ છોડીને-શુભભાવનો. પોતાના સ્વભાવની દૃઢતામાં પ્રવેશ કરે, એ એક જ માર્ગ છે. બસ! બીજો કોઈ માર્ગ ત્રણકાળમાં નથી. સમજાણું કાંઈ? તેથી કહ્યું કે માર્ગ તો વાસ્તવમાં સંવર છે. દયા, દાન, ભક્તિ, વ્રત વિકલ્પ એ સંવર નહીં. એ માર્ગ નહીં. એ પુણ્યાસ્રવ છે. બંધ માર્ગ છે. એ માર્ગ નહીં. અહીં મોક્ષનો માર્ગ કહેવો છે ને? સમજાણું કાંઈ?

કાંઈ એણે વિચાર કર્યો નહીં અને એમ ને એમ જિંદગી ચાલી જાય. થોભે. ઓહો! આવો અવસર! અબજો કરોડો રૂપિયા આપે તોપણ તેની કિંમત (અંકાતી) નથી. એક દાખલો આમાં ક્યાંક આવ્યો છે ને! ઓલા ટોલ્સટોય પાસે ગરીબ માણસ ગયેલો. ગરીબ (માણસ). ટોલ્સટોય હતા ને? આહા! એની પાસે ગરીબ માણસ ગયો. (અને કહ્યું) મારી પાસે કાંઈ નથી, મારી પાસે કોઈ ચીજ પણ નથી. મને કોઈ પાસેથી કાંઈક અપાવો. સારું ભાઈ! એક તમારી આંખ આપો ને તો ડોકટર દસ લાખ આપશે. અરરર! આંખ આપવાની? તારો એક પગ આપીશ તો તેના તને બે લાખ આપશે. પગ કેમ આપવો? તારો એક હાથ આપીશ તો પાંચ લાખ આપશે. એ કેમ અપાય? તું કહેતો હતો ને તારી પાસે કાંઈ નથી? આટલી કિંમતી ચીજ તો તારી પાસે છે. એવો એક ટોલ્સટોય થયો ને? હા એ. ઓલો કહે મારી પાસે તો પાઈ (એક પૈસો) પણ નથી. અમે તો ગરીબ છીએ મારી પાસે તો કાંઈ જ નથી. કોઈ પાસેથી અપાવો મહારાજ! તારી પાસે કાંઈ નથી? એક એક ચીજની આટલી કિંમત છે તોપણ તું કહે છે કે અમારી પાસે કાંઈ જ નથી. એક આંખ આપ આંખ. બીજાને તો કામ આવશે. તારે શું છે? તારી પાસે તો કાંઈ ચીજ છે નહીં. આંખ આપીએ તો અમે આંધળા થઈ જાઈએ, પગ આપીએ તો લુલા થઈ જાઈએ. પણ પૈસા મળે છે કે નહીં? કિંમત મળે છે ને કિંમતની કિંમત થઈ જાય. અરે! પણ કિંમત આપીને પછી કોણ ભોગવે? ત્યારે પછી ભાઈ! તારી પાસે નથી એમ નથી. કિંમતી ચીજ બહુ જ પડી છે. સમજાણું કાંઈ? એ પૈસા દેવા-લેવાથી મળતી નથી. પૈસા આપવાથી મળે છે? એક કરોડ, આંખ મળે છે આંખ? ચલાવે

છે એ તો. પુણ્યનો ઉદય હોય તો કોઈ ત્યાં ચલાવે છે ને? કહો, સમજાણું કાંઈ?

કહે છે કે માર્ગ તો વાસ્તવમાં સંવર છે. માર્ગની પ્રભાવના કહ્યું હતું ને ભાઈ? છેલ્લી ગાથામાં છે ને? ૨૬૬ પૃષ્ઠ. ૨૬૬ પૃષ્ઠ છે. એ આપણે એક વાર કહ્યું હતું. (ગાથા-૧૭૩ની ટીકાનો બીજો પેરેગ્રાફ.)

માર્ગ એટલે પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે ઢળતી પારમેશ્વરી પરમ આજ્ઞા. લ્યો! એ માર્ગ છે ને? ૧૭૩ ગાથાની પહેલી ટીકાની લીટી છે. ૧૭૩ ગાથા અને પાના નં ૨૬૬ છે. નીચેની બે લીટી. તદ્દન નીચેની. માર્ગ એટલે પરમ વૈરાગ્ય કરવા પ્રત્યે ઢળતી પારમેશ્વરી પરમ આજ્ઞા. શું જુઓ! નિમિત્ત અને રાગથી ખસીને પોતાના સ્વભાવમાં આવવું તે માર્ગ છે. છે ને અમરચંદભાઈ? માર્ગ ભગવાનની આજ્ઞા પરમ વૈરાગ્ય. વિકલ્પથી, નિમિત્તથી, સંયોગથી, ભેદથી ખસીને પોતાના સ્વભાવમાં ઢળવું તેનું નામ માર્ગ છે. સમજાણું કાંઈ? ૨૨૫(પેઈજ)માં છે. એ આવી ગયું છે પહેલાં? હવે આવશે નહીં? ૨૨૫(પેઈજ).

એ તો **જીવસ્વભાવમાં નિયત ચારિત્રરૂપ હોવાને લીધે નિશ્ચયથી મોક્ષમાર્ગ છે.** એ શબ્દ આવે છે ને? ૧૫૪ માં આવ્યું. આપણે ચાલી ગઈ. ૧૫૪ ગાથા. **જીવસ્વભાવમાં નિયત ચારિત્રરૂપ હોવાને લીધે નિશ્ચયથી મોક્ષમાર્ગ છે.** દેખો! આપણે ૧૫૪(ગાથા)થી ચાલ્યું. કલાસમાં. ૧૫૪ ગાથા. તેની ટીકાની લીટી. ટીકાની પછી. આ મોક્ષમાર્ગના સ્વરૂપનું કથન છે. જીવસ્વભાવમાં નિયત ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. ૧૫૪ ગાથા નથી મળતી? ૧૫૪ ગાથાની ટીકા કયાં આવી? આટલા શબ્દ લેવા છે.

નિયત-નિશ્ચય. પોતાના જ્ઞાતા-દૃષ્ટા સચ્ચિદાનંદસ્વરૂપ તેમાં નિયત-નિશ્ચય ચારિત્ર તે મોક્ષમાર્ગ છે. તેમાં ચારિત્ર આવ્યું. દર્શન જ્ઞાન તો પહેલાં આવી ગયા? સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .........

ઉત્તર :- બહારમાં શું છે? અંદરમાં બધું પડયું છે. આખો ભગવાન અંદરમાં પડયો છે. પૂર્ણાનંદ પ્રભુ એક સમયની પર્યાયમાં પણ પૂર્ણ આવતો નથી. તો બહારમાં કયાંથી ઘુસી ગયો? સમજાણું કાંઈ?

આવો મહાન પ્રભુ! ચૈતન્ય મહાપ્રભુ! તેનો જો મહાન ત્રિકાળ જ્ઞાતા-દૃષ્ટા આનંદ આદિ સ્વભાવ તેમાં નિશ્ચય ચારિત્ર. જુઓ! ઓલા વિકલ્પ વ્યવહાર ચારિત્ર નહીં એમ કાઢવા માટે કહ્યું. વ્યવહાર પંચમહાવ્રત વિકલ્પ એ મોક્ષમાર્ગ નહીં. એમ કહ્યું. આ કોણ જાણે કયાંથી કાઢે છે આ? સમજાણું કાંઈ?

એકલા સ્વચૈતન્ય પ્રભુ તેનો આશ્રય લઈને જે ચારિત્ર થયું તે જ મોક્ષમાર્ગ છે. તન્મયતા. જેટલો જ્ઞાતા-દૃષ્ટાનો સ્વીકાર આવે તેમાં જેટલી લીનતા થઈ જાય, દૃષ્ટિપૂર્વકની વાત છે ને? દૃષ્ટિમાં તો જામ્યો છે કે 'ચરિત ખલુ ધમ્મો' આ આત્મા છે. અને પછી લીનતા થઈ જાય બસ તેજ મોક્ષમાર્ગ છે. ચારિત્ર મોક્ષમાર્ગ. બસ એક જ. અને ધર્મનું કારણ સમ્યગ્દર્શન જ્ઞાન. એ તો પહેલાં થયું હોય.

સ્વભાવની પ્રતીત અને જ્ઞાન પછી સ્વભાવમાં લીનતા, એક જ ચારિત્ર મોક્ષનું નિશ્ચય ચારિત્ર એક જ મોક્ષનો માર્ગ છે. ઓહોહો! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ......

ઉત્તર :- કયાં હતું ધૂળમાં, સુખ શું? જુદા જુદા પ્રકારના હથીયાર વાગે છે. વાગે છે અંદર. ચારેકોર. આ જુદા જુદા પ્રકારનું સુખ કહે છે પૈસાવાળાને. છોકરાનું સુખ, લ્યો! ઓહોહો! એનો છોકરો બાંધે છે ને બીજું કાંઈક. આહા! રાજકુમાર જેવો છે ને છોકરો. બાપ એવો રૂપાળો નથી. છોકરો રૂપાળો છે. આવા તે પુણ્ય લઈને આવ્યો છે ને. માણસ એમ કહેતા હતા. પુણ્ય લઈને આવ્યો છે. રાજકુમાર દેખાય છે અત્યારથી. કહે રાજનો કુમાર. એમના દીકરાનો દીકરો નાનો. કરોડપતિને ઘરે આવ્યો. લઈને આવ્યો છે ને પુણ્ય. પુણ્યના સોજા. ધૂળમાંય સુખ નથી. મફતનો માને છે. કહો, સમજાણું કાંઈ?

અહીં તો વજન આપણે માર્ગ વાસ્તવ કહો કે ખરેખર કહો, ખરેખર કહો કે નિશ્ચયથી કહો. સમજાણું કાંઈ? માર્ગ તેજ સંવરઃ 'હી'નો વાસ્તવ અર્થ કર્યો ને? 'હી' અર્થ વાસ્તવ કર્યો. ખરેખર ઠીક છે. ખરેખર કહો, વાસ્તવ કહો, યથાર્થ કહો. માર્ગો સંવર હી એટલો શબ્દ સંસ્કૃતમાં છે. માર્ગો હી સંવર. સમજાણું કાંઈ? પહેલાં બે શબ્દ મુકી દઈને. **अनन्तरत्वात्पापस्यैव संवराख्यानमेतत् ।** પછી માર્ગો હી સંવર નિશ્ચયાત્મા **'ही ही खलु निश्चय यथार्थ वस्तु'** એક ભગવાનઆત્મા પૂર્ણ જ્ઞાન, દર્શન, આનંદ, સ્વભાવ તેમાં જ લીનતા. દૃષ્ટિની, જ્ઞાનની અને સ્થિરતાની. બસ એ જ એક સંવર. એ જ એક માર્ગ છે. બાકી બીજા માર્ગ (છે નહીં). વચ્ચે શુભ રાગાદિ, દયા, દાનના વિકલ્પ આવે એ બધા પુણ્યાસ્રવ છે, બંધનું કારણ છે. સંવર નહીં, મોક્ષનો માર્ગ નહીં. કહો, સમજાણું કાંઈ?

**તેના નિમિત્તે અથવા તો તેના હેતુથી ઈન્દ્રિયો, કષાયો અને સંજ્ઞાઓનો જેટલા અંશે,** જુઓ! અહીં પાપાસ્રવની વાત છે ને? અહીં સર્વથા પુણ્ય-પાપથી રહિત નથી લીધું. પછી લેશે. પાંચ ઈન્દ્રિયોના તીવ્ર પાપથી હટવું અને કષાયોમાં તીવ્ર કષાયથી હટવું અને સંજ્ઞાઓમાં જે તીવ્ર કષાય છે ને તેનાથી હટવું. **જેટલા અંશે અથવા જેટલો કાળ,** બે શબ્દ લીધા છે. યાવત્, તાવત્ જેટલા અંશે સમ્યગ્દર્શનપૂર્વક, પોતાના આત્માની શ્રદ્ધા જ્ઞાનપૂર્વક જેઢલા અંશે પાપાસ્રવથી હટે છે, તેટલો કાળ નિગ્રહ કરવામાં આવે છે. પાપ પરિણામને રોકે છે. અથવા પાપ પરિણામ ઉત્પન્ન થવા દેતા નથી. **તેટલા અંશે અથવા તેટલો કાળ પાપાસ્રવદ્વાર બંધ થાય છે.** આહાહા!

શુભભાવ હોય અંદર વિચાર મનનમાં અંતર ઊઠે છે તો શુભભાવ હોય તો તેટલો પુણ્યાસ્રવ છે. પણ જેટલા અંશે તે પાપ તરફથી પરિણામ હટી ગયા છે તેટલા અંશે તેટલો કાળ પાપનો નિરોધ એવો સંવર કહેવામાં આવે છે. દૃષ્ટિપૂર્વક હોં!

મુમુક્ષુ :- પાપનો સંવર.

ઉત્તર :- હા, પાપનું રોકાઈ જવું થયું. પાપમાં હા. શુભપરિણતિમાં ઓલા અશુભથી હટયો એટલા પાપ ઘટી ગયા. પણ તે દષ્ટિથી હોં!

મુમુક્ષુ :- માર્ગપૂર્વક છે.

ઉત્તર :- પણ એ તો પહેલાં માર્ગ એ માર્ગ વિનાની વાત પણ ક્યાં છે? એ અંદર સ્વભાવ સન્મુખ દષ્ટિ થઈ છે, તેમાં ખરેખર તો તેનાથી રોકાયો પણ ત્યાંથી પાપપરિણામ ન કર્યા તો એટલો પાપાસ્રવ રોકાઈ ગયો. એનાથી બે સંબંધ બતાવ્યા. બેનો સંબંધ. સમજાણું કાંઈ?

અહીં પાપાસ્રવ રોકાયો તો એટલો દ્રવ્યાસ્રવ પાપથી ન થયો. સમજાણું કાંઈ? અજ્ઞાનીની તો વાત જ છે નહીં. અજ્ઞાનીની દષ્ટિમાં તો પુણ્ય-પાપના પરિણામ પર જ તેની દષ્ટિ પડી છે. તેના પાપપરિણામ હટયા તો પાપાસ્રવ રોકાઈ ગયા એને તો એ છે જ નહીં. તેને તો મિથ્યાત્વનો આસ્રવ હંમેશા ચાલુ જ છે. મિથ્યાત્વ અને અનંતાનુબંધીની પ્રકૃત્તિ કેટલી થઈ એકતાલીસ? મિથ્યાદષ્ટિને તો હંમેશા એકતાલીસ પ્રકૃત્તિ બંધાય છે. દયા, દાન, ભકિતના પરિણામ હોય તોપણ તેને એકતાલીસ પ્રકૃત્તિ મહાસંસારની બંધાય છે. અને જ્ઞાની લડાઈમાં હોય તોપણ એકતાલીસ પ્રકૃત્તિનો સંવર એ સમયે પણ છે.

મુમુક્ષુ :- પાપાસ્રવ રોકવાથી ઈન્દ્રિય નિગ્રહ થયો ને.

ઉત્તર :- ના ના. નિગ્રહનો અર્થ એ થયો. પોતાના અતીન્દ્રિય સ્વરૂપનો અનુભવ સમ્યગ્દર્શન થયો છે.

મુમુક્ષુ :- ......

ઉત્તર :- ના એ નહીં એ નહીં. એ ઈન્દ્રિય તરફ નહીં. પહેલી હજી આ વાત છે. કે આત્મા, આત્મા માર્ગ સંવર લીધો છે. દષ્ટિમાં અખંડાનંદ શુધ્ધ રાગનો કર્તા હું નહીં. પરની ક્રિયાનો કર્તા હું નહીં. એવી દષ્ટિ અનુભવમાં આવી છે. તેને ઈન્દ્રિય તરફથી ખસે છે તો પાપાસ્રવ રોકાય છે. બસ એટલું. અજ્ઞાનીને તો હટતા જ નથી. તેને તો શુધ્ધદષ્ટિ છે જ નહીં ને.

અજ્ઞાનીને તો ઈન્દ્રિયથી હું કામ લઉ છું, ઈન્દ્રિયથી હું કામ કરી શકું છું એવી બુધ્ધિ છે તો મિથ્યાદષ્ટિ (છે.) તેને તો ઈન્દ્રિય નિગ્રહ છે નહીં. ઈન્દ્રિય પ્રવૃત્તિ વિસ્તારની ઈન્દ્રિય પડી છે. એ તે વાત છે. સ્વભાવની દષ્ટિ.. જુઓ ને! માર્ગ તો પહેલાં કહ્યો. તેના નિમિત્તથી, તેના હેતુથી. એવો માર્ગ છે, બપોરે કહી એવી આ વાત છે.

હું કરું તો કોનો ત્યાગ કરું? મારી ચીજમાં ત્યાગ છે જ નહીં. હું પરના ત્યાગ સ્વભાવી છું. એવો અનુભવ દષ્ટિમાં આવ્યો પછી જેટલી ઈન્દ્રિયો પાપ તરફથી ખસે છે. પરિણામ હો પરિણામ. ઈન્દ્રિયો જડની અહીંયાં વાત નથી. પોતાના પરિણામમાં અશુભપરિણામથી ખસે છે. ઉત્પન્ન નથી થતાં એટલા

પાપાસ્રવ આવતા નથી. એટલી વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ઈન્દ્રિયને કોણ રોકે?

ઉત્તર :- એને કોણ (રોકે?) આ તો માટી છે. એને રોકે કોણ, ઈન્દ્રિયને પોષે કોણ? પણ ભાવઈન્દ્રિય ખંડ ખંડમાં જેટલા પાપના પરિણામ હતા તે સ્વભાવની દૃષ્ટિ સન્મુખ થઈ છે. હું કોઈનો કર્તા ફર્તા નહીં વિકલ્પનો નહીં. મારામાં પરનો ત્યાગ છે જ નહીં. એટલે કે હું પરનો ત્યાગ કરું એમ મારામાં છે નહીં. મારું સ્વરૂપ જ રાગના ત્યાગ સ્વભાવી છે.

એવી અતીન્દ્રિય સ્વભાવની દૃષ્ટિ થઈ છે. પછી પરિણામમાં અશુભપરિણામ ઉત્પન્ન થવા નથી દેતાં તેનું નામ પાપાસ્રવ રોકાયા એમ કહેવામાં આવ્યું છે. અજ્ઞાની પાપાસ્રવને રોકે (એમ) ત્રણકાળમાં (બનતું) નથી. એ તો મિથ્યાત્વના પરિણામ મોટું પાપ તો પડ્યું છે. હું ઈન્દ્રિયને રોકું, આટલો મંદ થાઉં એવી દૃષ્ટિ તો મિથ્યાત્વ છે-હું ખાઈ શકું છું, હું છોડી શકું છું. સમજાણું કાંઈ?

એ તો હજી પુણ્યપરિણામ કરે છે તોપણ કર્તૃત્વબુધ્ધિ છે. કર્તૃત્વબુધ્ધિનો મિથ્યાત્વભાવ તો સાથે પડયો છે. ત્યાં પાપાસ્રવ રોકાતા નથી. મિથ્યાત્વને રોકયો નથી તો બીજા પાપ તો કયાંથી રોકાય? આ તો દૃષ્ટિ કયાં? ભૂમિકામાં બે વાત કરે છે. માર્ગ તો અંદર પ્રગટાવ્યો છે, હું તો રાગ ને વિકલ્પથી, ઈન્દ્રિયોથી ખાલી છું. તેનાથી હું રહિત જ છું. મારે તેને છોડવો છે એમ મારામાં છે જ નહીં. એવી દૃષ્ટિનો અનુભવ માર્ગમાં થયો ત્યારે એ વિકલ્પ અશુભપારિણામ જેટલો તેણે રોકયો અને શુભપરિણામ તો છે. એ છે તો શુભપરિણામ આસ્રવ. પણ અશુભપરિણામ જેટલા રોકાયા તેને એટલો પાપાસ્રવ રોકાયો એમ વ્યવહારથી કહેવામાં આવ્યો.

નિશ્ચયથી પુણ્ય-પાપ બેય વિકલ્પરૂપ છે. સ્વરૂપમાં ઠરે તે સંવર છે. સમ્યગ્દૃષ્ટિને જ થાય છે. અજ્ઞાનીને થતો નથી. આ પણ અજ્ઞાનીને નથી થતો. પાપાસ્રવ પરિણામ સમ્યગ્દૃષ્ટિ જીવ જયારે ધંધા પાણીના વ્યાપાર પરિણામથી ખસીને પોતાના પરિણામના વિચારમાં છે તો શુભપરિણામ છે, દૃષ્ટિ સ્વભાવ ઉપર છે. પણ જેટલા વ્યાપાર ધંધા, ભોગ, વિષય, લડાઈ એટલા પરિણામ છૂટી ગયા તો એટલા નવા પાપ આવતા નથી. એટલા પાપનો સંવર થયો. સમજાણું કાંઈ? નજરે સૂઝે તેવો આ માર્ગ છે.

જ્ઞાનની નજરથી ખ્યાલમાં આવે એવો માર્ગ છે. નજર તો જ્ઞાનની છે કે આંખની છે? કહો સમજાણું કાંઈ? વસ્તુ તો... બપોરે જે કહી હતી તે જ ચીજ છે. પણ ત્યાં જરા ચારિત્રમાં ઓછપ છે, સ્થિરતા નથી અને સ્વરૂપની તો દૃષ્ટિ બરાબર અપોહક હું છું. પરનો ત્યાગ કરું એ મારી ચીજમાં તો છે જ નહીં. ઈન્દ્રિયનો નિગ્રહ કરું એ પણ મારી (ચીજમાં છે નહીં.)

ઈન્દ્રિય કોણ? જડ તો પર છે. ભાવ ઈન્દ્રિયમાં જરા રોકાતો હતો તે જયાં પાપપરિણામ હટીને છૂટયા એટલો અતીન્દ્રિય આનંદ તરફ ઝૂકયો છે અને વિકલ્પ શુભનો છે ત્યાં અશુભ પાપ રોકાઈ ગયા

છે. સમજાણું કાંઈ? કારણ કે પાંચમે ગુણસ્થાને, ચોથે હજી તો અશુભ પહેલાં ઘટાડે છે ને? શુભ તો હોય છે. હોય છે ને દયા, દાન, ભક્તિનો શુભભાવ.

મુમુક્ષુ :- એક સાથે છૂટી જાય.....

ઉત્તર :- એક સાથે છૂટી જાય તો તો કેવળજ્ઞાન થઈ જાય.

મુમુક્ષુ :- આપ તો પ્રતિજ્ઞા કરાવી દયો.

ઉત્તર :- પણ આ સમજયા વિના પ્રતિજ્ઞા કેવી? આ પ્રતિજ્ઞા ચાલે છે કે પ્રતિજ્ઞા કરો કે પુણ્ય-પાાપ મારી ચીજ નથી. પ્રતિજ્ઞા કરો કે પુણ્ય-પાપ મારી ચીજમાં નથી. પ્રતિજ્ઞા કરો કે કોઈ પર ચીજનું કર્તૃત્વ મારી ચીજમાં નથી. એ પહેલી પ્રતિજ્ઞા સમ્યગ્દર્શનની છે. પ્રતિજ્ઞા બીજું શું છે.

જ્ઞાનસ્વભાવ પરની એકત્વબુધ્ધિથી ખસી જાય તેનું નામ પ્રતિજ્ઞા કરી. મને હવે મિથ્યાત્વની પ્રતિજ્ઞા છે. મિથ્યાત્વ નહીં આવે. સમ્યગ્દર્શન એ મારી ચીજ છે. હું શુધ્ધચૈતન્ય છું. મારામાં રાગ ઉત્પન્ન થયો તે ક્રિયા પણ મારી નથી. દેહની ક્રિયા તો મારામાં છે નહીં. એવી દૃષ્ટિ કરવી તે જ યથાર્થ પ્રતિજ્ઞા કહેવામાં (આવે છે.) પહેલાં મિથ્યાત્વ રોકાય છે, પછી અવ્રત અને પ્રમાદ રોકાય છે. મિથ્યાત્વ રોકાયા વગર અવ્રત અને પ્રમાદ ક્યાંથી રોકાય? એ માટે તો આ પહેલો શબ્દ લીધો છે. કોઈ એમ લઈ લ્યે કે ઠીક ત્યારે ઈન્દ્રિયનો નિરોધ કરી લ્યો.

મુમુક્ષુ :- મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય, (યોગ).

ઉત્તર :- મિથ્યાત્વ, અવ્રત, પ્રમાદ, કષાય અને યોગ. પહેલાં મિથ્યાત્વ ટાળ્યા વિના અવ્રતનો ત્યાગ થઈ ગયો? ઈન્દ્રિય નિગ્રહ થઈ ગઈ? ક્યાંથી તારે થઈ ગઈ? માની છે. દ્રવ્યેન્દ્રિ શું ભાવેન્દ્રિયનો પણ માલિક છે. ખંડ ખંડ જ્ઞાનનો માલિક છે, પર્યાયનો માલિક છે. દ્રવ્યનો માલિક તો થયો જ નથી. સમજાણું કાંઈ? જેનો સ્વામી છે. ધણીપણું કરે તેને રોકે કેમ? તેને તો પુષ્ટિ કરે છે. સમજાણું કાંઈ?

અડદની દાળ છે. રત્નકરંડ શ્રાવકાચારમાં કહ્યું ને? પાણી પાણી આમ. તલવારમાં પાણી પાય છે પાણી આમ. એવા કોઈ પાણી હોય ને કોઈ કોઈ તળાવનું કે એવું કે એ પાણી પીએ તો તીખી તીખી તીખી ધાર તીખી ધાર હો! તીખી તો પોતાને કારણે થાય છે. તીખી શું? આ તો દૃષ્ટાંત છે. તરવાર છે ને એ? ભરત ચક્રવર્તીની. વજ્રનો થાંભલો તેની ઘરે તો વજ્રનો થાંભલો છે. હીરાનો થાંભલો. ચક્રવર્તી છે ને? એની ઘરે પથરા ને ઈંટુંના થાંભલા ન હોય. હીરા નિલમણીની પાટુ નીકળે ત્રણ ત્રણ, ચાર ચાર મણની એકલી નિલમણીની પાટ. આટલી એક રૂપિયા ભારની કિંમત લાખો રૂપિયાની. ત્રણ ત્રણ મણ, ચાર ચાર મણની પાટ નીકળે. પાટ સમજો છો? મોટી લાંબી. આવડી મોટી લાંબી. નિલમના થાંભલા. નિલમની લાદી. ચક્રવર્તીને ઘરે નિલમની લાદી હોય.

મુમુક્ષુ :- બધું અહીં રહી જાય છે ને.

ઉત્તર :- એ તો બધાનું અહીંયાં રહી જાય છે. પણ તેને તરવાર લાગે તો ચીરી નાખે એવી તરવાર હોય છે. હીરાનો થાંભલો હો! તરવાર લગાડી દયે છે. જેમ કાકડી કાકડી કહે છે ને શું કહે છે તમારે? કાકડીને જેમ છરી છેદે છે એમ થાંભલા હીરાના હોય, નડતા હોય ને જરૂર પડે તો ચીરી નાખે.

મુમુક્ષુ :- એ જ્યારે ....... તો મોટો લાભ થાય છે.

ઉત્તર :- કોઈને લાભ છે નહીં. લાભની ક્યાં વાત છે? આ તો તેમાં ટીકા કેટલી છે તે બતાવવા માટેનું દૃષ્ટાંત છે. માણસો કાપી નાખે એમ કહે છે. ......... પડે એની સામે (તો કાપી નાખે.) મર્દન ગર્દન કાપવી એમાં શું છે? દુશ્મન ............ વિરોધ કરે તો મારી નાખે. .....તેનું આયુષ્ય એટલું હોય તો મરે છે. એ તો નિમિત્ત પડે છે. ભાવમાં જરાક છે. તો તે પાપનું રોકાવું થાય તો સમ્યગ્દષ્ટિને પાપાસ્રવ રોકાય છે. બસ એટલી વાત છે. સમજાણું કાંઈ?

............................. ત્યાં તો મૂળ માર્ગ છે ને, હેતુથી કહ્યું ને? પાઠમાં કહ્યું ને? **तन्निमित्त** જુઓ ને? **संवरतन्निमित्तमिन्द्रियाणि** એમ કહ્યું ને? એ હેતુ. સંવરના હેતુએ ને મોક્ષમાર્ગના હેતુએ. ભાવઆસ્રવ ભાવપાપાસ્રવનું રોકાવું થયું. તથા કષાયોના, અંદર સ્થિર થવાને માટે. હા, કષાયોના. અજ્ઞાની એકલા અજ્ઞાની મિથ્યાદષ્ટિ કષાયને પોતાના માને છે, ઇન્દ્રિયને પોતાની માને છે આદિ. એ તો સ્વામી છે, ધણી છે. ધણી છે તેને કેમ છોડે? આ તો ધણીપણું છોડીને માર્ગનો અંદર ખ્યાલ દૃષ્ટિનો આવ્યો છે

તેને **ઇન્દ્રિયો, કષાયો અને સંજ્ઞાઓનો જેટલા અંશે અથવા જેટલો કાળ નિગ્રહ કરવામાં આવે છે,** સંવર છે ને એટલે નિગ્રહ શબ્દ વાપર્યો. **તેટલા અંશે અથવા તેટલો કાળ પાપાસ્રવદ્વાર બંધ થાય છે.** જ્ઞાનીને એટલા પરિણામ અશુભ નથી. સમ્યગ્દર્શન છે, સમ્યગ્જ્ઞાન છે, શુભવિકલ્પ છે તો પુણ્યાસ્રવ આવે છે. એટલો પાપાસ્રવ એટલો કાળ રોકાઈ ગયો. કહો, સમજાણું કાંઈ?

સમકિતી પણ લડાઈમાં હોય છે, ભોગમાં હોય છે, વેપારમાં હોય છે. વહાણના વેપારમાં. મોટો વહાણનો વેપારી હોય છે. અબજો અબજો... તો જેટલો કાળ એ સંબંધી અશુભપરિણામ નથી અને તે માર્ગના હેતુ તેમાં ગયો તેટલો પાપાસ્રવ નથી આવતો.

**ઇન્દ્રિયો, કષાયો અને સંજ્ઞાઓ-ભાવપાપાસ્રવ-દ્રવ્યપાપાસ્રવનો હેતુ (નિમિત્ત) પૂર્વે (૧૪૦મી ગાથામાં) કહ્યો હતો;** લ્યો! ઇન્દ્રિયો, કષાયો અને સંજ્ઞાઓ પહેલાં કહી હતી ને? કાલ આવ્યું હતું. ભાવપાપાસ્રવ પરિણામ દ્રવ્યપાપાસ્રવનો હેતુ. નવા દ્રવ્યપાપ બંધાય છે તેમાં ભાવપાપાસ્રવ નિમિત્ત છે. **પૂર્વે ૧૪૦ ગાથામાં કહ્યો હતો. અહીં (આ ગાથામાં) તેમનો નિરોધ,** જુઓ! તીવ્ર જે પાપ કહ્યું હતું તેનો નિરોધ.

**ઈન્દ્રિયો, કષાયો અને સંજ્ઞાઓનો નિરોધ.** ભાવપાપસંવર, ભાવપાપ રોકાવો. દ્રવ્યપાપસંવર, દ્રવ્યપાપ આવવાવાળા ન હતા તેને દ્રવ્યપાપનો સંવર થયો એમ કહેવામાં આવ્યું. **અવધારવો (-સમજવો)** એમ કહે છે. જુઓ! **અવધારણીયમ્,** નિર્ણય કરવો. જેટલો પોતાના સ્વભાવનો માર્ગ પ્રાપ્ત કર્યો છે. તેમાંથી જેટલા પાપ ઘટે (તેને) પાપાસ્રવ સંવર કહેવામાં આવે છે. એમ અવધારવું.

મુમુક્ષુ :- વ્યવહાર સંવર?

ઉત્તર :- નહીં તે નિશ્ચયથી એટલા તો અટકી ગયા ને? દૃષ્ટિ છે કે નહીં? પાપાસ્રવ રોકાઈ ગયા છે. બરાબર રોકાઈ ગયા છે. નિશ્ચયથી રોકાઈ ગયા છે. પુણ્યાસ્રવ છે. ત્યાં અશુભપરિણામ નથી તો એટલા રોકાઈ ગયા છે કે નહીં? ૨૪ કલાક કાંઈ એવા પાપમાં એ પડતા નથી. અમુક વિચારમાં હોય, બે ચાર કલાક સ્વાધ્યાયમાં હોય. દેવદર્શનમાં બેઠા હોય, ભક્તિ, સ્તવનમાં હોય, જ્ઞાની. સમજાણું કાંઈ? એટલા તેને ઓલા પાપપરિણામ નિશ્ચયથી રોકાય છે. છે જ નહીં પાપપરિણામ ઉત્પન્ન થયા નથી તો રજકણ ક્યાંથી આવે? એ આવવાવાળા જ નહોતા. હોય એ તો વ્યવહારથી કથન છે.

મુમુક્ષુ :- ......

ઉત્તર :- પાપાસ્રવ નથી. એ તો વિચારમાં છે. પોતાના વિચારની શ્રેણીમાં છે. કોઈ ભક્તિ-સ્તુતિમાં છે ત્યારે તો પાપના પરિણામ તીવ્ર છે જ નહીં. કષાય મંદ છે. મંદ છે. દૃષ્ટિ તો સ્વભાવ ઉપર છે. મંદકષાય પણ હું નહીં. મારી ચીજ તો એ છે. મારે તો કરવું ધરવું છે જ નહીં. સ્વભાવમાં વીર્યની જાગૃતિ ચાલે છે. તેમાં જે તીવ્ર પાપપરિણામ ન થયા એટલા પાપાસ્રવ રોકાયા છે એમ કહેવામાં આવ્યું. બસ એટલી વાત! સમજાણું કાંઈ? ૧૪૧ (ગાથા) થઈ.

હવે સામાન્યપણે સંવરના સ્વરૂપનું કથન. ઓલા તો એકલા પાપનું કહ્યું હતું. હવે પુણ્યભાવ તે પણ આસ્રવ-બંધનું કારણ છે. તે પણ જ્ઞાનીને બેય રોકાઈ જાય તો સંવર બેયનો છે.

## ગાથા-૧૪૨

**जस्स ण विज्जदि रागो दोसो मोहो व सव्वदव्वेसु ।**
**णासवदि सुहं असुहं समसुहदुक्खस्स भिक्खुस्स ।। १४२ ।।**

**यस्य न विद्यते रागो द्वेषो मोहो वा सर्वद्रव्येषु ।**
**नास्रवति शुभमशुभं समसुखदुःखस्य भिक्षोः ।। १४२ ।।**

**सामान्यसंवरस्वरूपाख्यानमेतत् ।**

**यस्य रागरूपो द्वेषरूपो मोहरूपो वा समग्रपरद्रव्येषु न हि विद्यते भावः तस्य निर्विकारचैतन्यवात्समसुखदुःखस्य भिक्षोः शुभमशुभञ्च कर्म नास्रवति, किन्तु संव्रियत एव ।**

तदत्र मोहरागद्वेषपरिणामनिरोधो भावसंवर: । तन्निमित्त: शुभाशुभकर्मपरिणामनिरोधो योगद्वारेण प्रविशतां पुद्गलानां द्रव्यसंवर इति ।। १४२ ।।

સૌ દ્રવ્યમાં નહિ રાગ-દ્વેષ-વિમોહ વર્તે જેહને,
શુભ-અશુભ કર્મ ન આસ્રવે સમદુઃખસુખ તે ભિક્ષુને. ૧૪૨.

**અન્વયાર્થ :- (यस्य) જેને (सर्वद्रव्येषु) સર્વે દ્રવ્યો પ્રત્યે (राग:) રાગ, (द्वेष:) દ્વેષ (वा) કે (मोह:) મોહ (न विद्यते) નથી, (समसुखदु:खस्य भिक्षो:) તે સમસુખદુઃખ ભિક્ષુને (-સુખદુઃખ પ્રત્યે સમભાવવાળા મુનિને) (शुभम् अशुभं) શુભ અને અશુભ કર્મ (न आस्रवति) આસ્રવતું નથી.**

ટીકા :- આ, સામાન્યપણે સંવરના સ્વરૂપનું કથન છે.

જેને સમગ્ર પરદ્રવ્યો પ્રત્યે રાગરૂપ, દ્વેષરૂપ કે મોહરૂપ ભાવ નથી, તે ભિક્ષુને -કે જે નિર્વિકાર ચૈતન્યપણાને લીધે *સમસુખદુઃખ છે તેને-શુભ અને અશુભ કર્મનો આસ્રવ થતો નથી, પરંતુ સંવર જ થાય છે. તેથી અહીં (એમ સમજવું કે)મોહરાગદ્વેષપરિણામનો નિરોધ તે ભાવસંવર છે, અને તે (મોહરાગદ્વેષરૂપ પરિણામનો નિરોધ) જેનું નિમિત્ત છે એવો જે યોગદ્વારા પ્રવેશતાં પુદ્‌ગલોના શુભાશુભકર્મપરિણામનો (-શુભાશુભકર્મરૂપપરિણામનો) નિરોધ તે દ્રવ્યસંવર છે. ૧૪૨.

## ગાથા- ૧૪૨ ઉપર પ્રવચન

સૌ દ્રવ્યનું આવ્યું. હવે તેમાં તો કેટલો કાળ કેટલા અશુભપરિણામ ન થયા. જુઓ ત્યાં ભિક્ષુને આપ્યું.

जस्स ण विज्जदि रागो दोसो मोहो व सव्वदव्वेसु ।
णासवदि सुहं असुहं समसुहदुक्खस्स भिक्खुस्स ।। १४२ ।।

**ટીકા :- આ, સામાન્યપણે સંવરના સ્વરૂપનું કથન છે.** સામાન્ય એટલે પાપને રોકવો કે પુણ્યનું આવવું એમ કાંઈ નહીં પણ બેયનું ન આવવું. પુણ્ય-પાપના બેય વિકલ્પ છે, બેયનું ન આવવું. એકલા આત્મા તરફનો સંવર તેની વ્યાખ્યા છે.

**જેને સમગ્ર પરદ્રવ્યો પ્રત્યે રાગરૂપ,** જુઓ! ભાષા કેવી લીધી છે, કારણ લીધું છે. પરદ્રવ્ય

** સમસુખદુઃખ = સુખદુઃખ જેને સમાન છે એવા; ઇષ્ટાનિષ્ટ સંયોગોમાં જેને હર્ષશોકાદિ વિષમ પરિણામ થતા નથી એવા. (જેને રાગદ્વેષમોહ નથી, તે મુનિ નિર્વિકારચૈતન્યમય છે અર્થાત્ તેનું ચૈતન્ય પર્યાયે પણ વિકારરહિત છે તેથી તે સમસુખદુઃખ છે.)*

કારણ લીધું છે. કે જેટલું પરદ્રવ્ય ઉપર લક્ષ છે, દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિ, દયા આદિ તો પરદ્રવ્ય ઉપર લક્ષ છે એટલા તો શુભપરિણામ આસ્રવ છે. સમજાણું કાંઈ? અશુભમાં તો સ્ત્રીના ભોગ-વિષય લડાઈ તેમાં પરદ્રવ્યથી ખસ્યો હતો. આ તો સર્વ પરદ્રવ્યો પ્રત્યે. સ્વદ્રવ્યને આશ્રયે સંવર અને પરદ્રવ્યને આશ્રયે જેટલું લક્ષ એટલો આસ્રવ. એ સિધ્ધ કરવા માટે બધું લીધું છે. સમજાણું કાંઈ?

'સર્વદ્રવ્યેષુ' લેવાનો હેતુ, ભગવાનઆત્મા સર્વ પ્રશસ્ત કે અપ્રશસ્ત પરદ્રવ્ય તેનું લક્ષ છોડીને પોતાના લક્ષમાં લીધેલો આત્મા તેમાં ઠરી જાય તે સામાન્ય સંવર. તેને પુણ્ય અને પાપ બેય આવતા નથી. સમજાણું કાંઈ? હવે અહીં તો હજી સર્વ દ્રવ્યોમાંથી રોકે તેને કહે છે. ઓલા કહે નવ તત્ત્વ પરદ્રવ્ય છે અને પરદ્રવ્યની શ્રધ્ધા તે સમ્યગ્દર્શન ચોથા ગુણસ્થાનની શ્રધ્ધા છે. અરે ભગવાન! કયાંથી કયાં લાવ્યા? કહો! નવ તત્ત્વ પરદ્રવ્ય છે, માટે તેની શ્રધ્ધા વ્યવહાર સમકિત છે. સ્વદ્રવ્યની શ્રધ્ધા જ્ઞાન તો તેરમે થાય છે બારમે થાય એ નિશ્ચય છે. અહીં તો કહે છે પહેલાંથી જેટલા પરદ્રવ્ય સામાન્ય બધા તેનું લક્ષ હટાવીને પોતાના એક દ્રવ્યમાં લક્ષ-રુચિ થઈ ગઈ તેનુ નામ એક દ્રવ્યાશ્રય સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ?

અને પછી ચારિત્રમાં બધું પરદ્રવ્ય. સમ્યગ્દર્શન થયું હતું. છતાં જેટલું અપ્રશસ્ત દ્રવ્ય ઉપર લક્ષ હતું સ્ત્રી આદિ અને પ્રશસ્ત દ્રવ્ય ઉપર પણ લક્ષ હતું. જેટલું પર ઉપર લક્ષ હતું એટલો પુણ્ય-પાપનો આસ્રવ હતો. દેવીલાલજી! કહો! સ્પષ્ટ છે કે નહીં આ? પંચાસ્તિકાયમાં બધા દ્રવ્ય લીધા. આ મોક્ષમાર્ગ તો હવે બતાવવો છે ૧૫૪માં.

પહેલાં સંવર તો એને કહે છે અને એ સંવર મોક્ષમાર્ગ છે. જેટલા પરદ્રવ્યના લક્ષ ને આશ્રય રહે એટલો આસ્રવ છે. **જેને સમગ્ર પરદ્રવ્યો પ્રત્યે રાગરૂપ, દ્વેષરૂપ કે મોહભાવરૂપ,** ભાવ નથી. ત્રણેય લઈ લીધા. કોઈ પરપદાર્થ પ્રત્યે રુચિનો તો અભાવ થઈ ગયો પણ પરપદાર્થ પ્રત્યેના આશ્રયનો પણ અભાવ થઈ ગયો. કોઈ પ્રત્યે રાગ, દ્વેષ, મોહ નહીં. **તે ભિક્ષુને,** મુનિને -**કે જે નિર્વિકારચૈતન્યપણાને લીધે,** પર્યાય કેવી ઉત્પન્ન થઈ છે, નિર્વિકારચૈતન્યપણાને લીધે. સમજાણું કાંઈ? નીચે લખ્યું છે. જુઓ! સમસુખદુઃખ છે. એમ લખ્યું છે ને? **જેને સુખદુઃખ સમાન છે એવા; ઈષ્ટાનિષ્ટ સંયોગોમાં જેને હર્ષશોકાદિ વિષમ પરિણામ થતા નથી.** હર્ષ-શોકના સુખદુઃખનો અર્થ સંયોગ છે ને અનુકુળ, પ્રતિકુળ. એ તરફથી સમાન છે. જ્ઞેયરૂપ થઈ ગયા છે. અસ્થિરતા શુભ-અશુભ કોઈ નથી.

**જેને રાગદ્વેષમોહ નથી, તે મુનિ નિર્વિકારચૈતન્યમય છે, અર્થાત્ જેની ચૈતન્યપર્યાય પણ વિકારરહિત છે.** એમ બતાવવું છે ને અહીંયાં? શુભવિકલ્પ વિકાર છે. પરદ્રવ્યનું લક્ષ હતું દેવ, ગુરુ, શાસ્ત્ર આદિની ભક્તિ એ બધાથી છૂટીને ચૈતન્યપર્યાય વિકારરહિત છે. **તેથી તે સમસુખદુઃખ છે.** અર્થાત્ સંયોગો અનુકૂળ, પ્રતિકુળમાં એકલો જ્ઞાતાદષ્ટા થઈને રહ્યો છે. સમજાણું કાંઈ?

**તેને શુભ અને અશુભ કર્મનો આસ્રવ થતો નથી.** લ્યો! તે શુભ અને અશુભ પરદ્રવ્યથી સર્વથા ખસી ગયો છે. સ્વદ્રવ્યમાં દૃષ્ટિપૂર્વક સર્વથા લીન થઈ ગયો છે. તેને શુભઅશુભ આસ્રવ (હોતો નથી.) **પરંતુ સંવર જ થાય છે.** લ્યો! તેને તો સંવર થાય છે. તે જ મોક્ષનો માર્ગ છે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૩૮, ગાથા :-૧૪૨,
## ભાદરવા વદ-૧૪, રવિવાર, તા:-૪-૧૦-૬૪

પદાર્થનો વિસ્તાર છે. સમ્યગ્દર્શન તેનો નવ પદાર્થ વિષય છે. એ નવ પદાર્થનું સ્વરૂપ કેવું છે. ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવે જેવું નવ પદાર્થનું સ્વરૂપ જાણ્યું, જોયું એવું અહીં કહેવામાં આવ્યું છે. એવા નવ પદાર્થની વાસ્તવિક યથાર્થ સ્વભાવ સન્મુખની શ્રધ્ધા તેને સમ્યગ્દર્શન પ્રથમ ધર્મ કહે છે. પ્રથમમાં પ્રથમ ધર્મ કહો કે સુખ કહો. એ નવ પદાર્થમાં હવે સંવરની વ્યાખ્યા આવી છે. ૧૪૨.

જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ એટલા અધિકાર ચાલ્યા ગયા. હવે સંવરનો અધિકાર ચાલે છે. ૧૪૨ ફરીને. **આ, સામાન્યપણે સંવરના સ્વરૂપનું કથન છે.** ૧૪૨. સામાન્ય એટલે સંક્ષેપરૂપથી સંવર એટલે આત્માને વિષે પુણ્ય ને પાપ આદિ જે પરિણામ આવતા હતા, થતા હતા તેનું રોકાઈ જવું. પોતાના આનંદસ્વરૂપ જ્ઞાયક ચિદ્દાનંદને અવલંબન લઈને પરદ્રવ્ય તરફની રુચિ છોડીને પોતાનો એક સ્વભાવ શુદ્ધ આનંદ જ્ઞાયક છે. એવી રુચિ કરવી તે પહેલાં સમ્યગ્દર્શનરૂપી સંવર છે. સમજાણું કાંઈ?

સંવર કહો, ધર્મ કહો, સુખ કહો, શુધ્ધપરિણામ કહો બધું એકાર્થ છે. **આ, સામાન્યપણે (સંક્ષેપમાં) સંવરના સ્વરૂપનું કથન છે.** અર્થાત્ ધર્મના સ્વરૂપનું કથન છે. **જેને,** જે જીવને **સમગ્ર પરદ્રવ્યો પ્રત્યે,** શું કહે છે અહીંયાં? આ પોતાનો આત્મા છે તે જ્ઞાન, દર્શન આદિથી ભરેલો પદાર્થ છે. અને તેની જેટલી પરદ્રવ્ય પ્રત્યે પ્રીતિ હોય છે અને પરદ્રવ્ય પ્રત્યે અપ્રીતિ હોય છે એ બધા ભાવ આસ્રવ અને વિકાર ભાવ છે. એ પરદ્રવ્ય તરફની રુચિ છોડીને સમગ્ર આત્મા સિવાય અનંત પદાર્થ પોતાના સિવાય અનંત સ્ત્રી, કુટુંબ, પરિવાર, દેવ, ગુરુ, શાસ્ત્ર આદિ બધા પરપદાર્થ છે. અહીંયાં મોક્ષની વાત નથી. અહીંયાં પરદ્રવ્યની વાત છે. મોક્ષની અહીંયાં રુચિ એ તો સ્વભાવની રુચિ. સમજાણું કાંઈ? એની અહીંયાં વાત નથી.

અહીંયાં તો સ્વદ્રવ્યનું અવલંબન કરીને પરદ્રવ્યનું અવલંબન છુટવું એનું નામ સંવર અને ધર્મ છે. ઓહોહો! કહો વલ્લભદાસભાઈ! વ્યાખ્યા ભારે આ! ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગદેવ જેને એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પોતાની પર્યાયની પવિત્રતામાં જાણવામાં આવ્યા. તે ભગવાનની વાણી ઈચ્છા વિના નીકળી એ વાણીને શાસ્ત્ર કહેવામાં આવ્યા. એ શાસ્ત્રોમાનું આ પંચાસ્તિકાય નામનું એક શાસ્ત્ર છે. આત્માને સુખ કેમ થાય છે. સુખ કહો, ધર્મ કહો, સંવર કહો, શુધ્ધ દશા કહો કે સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રની મોક્ષમાર્ગની દશા કહો, બધું એક અર્થમાં છે. અભ્યાસુને, આ સંસારના સુખની વાત નથી.

પોતાના આત્મામાં અતીન્દ્રિય આનંદ છે. તો સર્વજ્ઞને પૂર્ણ અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો અને પરમાત્માને અનંતજ્ઞાનદર્શનવીર્ય પ્રગટ થયા. એવા અંતર આત્મામાંથી જે પ્રગટ થયું એ અંદરમાં હતું એવો સ્વદ્રવ્ય સ્વભાવની સન્મુખ થઈને તેની રુચિ, અનુભવ દૃષ્ટિ કરે એટલી પરદ્રવ્ય પ્રત્યેની રુચિ તેને છૂટી ગઈ. સર્વ પરદ્રવ્ય પ્રત્યેની રુચિ છૂટી ગઈ. દેવ, ગુરુ, શાસ્ત્રની રુચિ તે પણ એક રાગ છે. સમજાણું કાંઈ?

એક ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્યમાં ભાગમાં વસ્તુ વસ્તુ અનંતગુણનો ધામ પ્રભુ! પોતાનો નિજ સ્વભાવ તેનું અવલંબન લઈને **જેને સર્વ પરદ્રવ્યો પ્રત્યે રાગરૂપ, દ્વેષરૂપ કે મોહરૂપ ભાવ નથી.** પૂર્ણ સંવરની વાત કરી છે ને? તો પહેલાં મોહથી વાત કરે છે. બધા પરદ્રવ્ય પોતાના સિવાય અનંત પર પદાર્થ તેમાં ઈષ્ટ, અનિષ્ટબુધ્ધિ છોડીને પોતાનો જ્ઞાયક સ્વભાવ ચિદ્દાનંદ પ્રભુ તેની અંતરમાં રુચિ દૃષ્ટિ કરીને સમ્યગ્દર્શન, જ્ઞાનનું પરિણમન થવું તેનું નામ પ્રથમમાં પ્રથમ સંવર છે. પ્રથમ ધર્મ છે, પ્રથમ આનંદ દશાનો અનુભવ છે. તેને પ્રથમ શુધ્ધ દશાની પર્યાય કહે છે. ઓહોહો!

મુમુક્ષુ :- ચોથા ગુણસ્થાનની વાત છે?

ઉત્તર :- ચોથા ગુણસ્થાનની વાત ચાલે છે. વલ્લભદાસભાઈ! આવું ચોથું ગુણસ્થાન! જૈનમાં તો દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રધ્ધા માની ભગવાન સાચા. જાવ થઈ ગયું સમકિત. પ્રભુ! એમ નથી ભાઈ! તને ખબર નથી. સમજાય છે? સમજાય છે એટલે સમજમાં આવે છે? તમારી હિન્દી ભાષામાં. ભગવાનઆત્મા! એટલે એક સેકન્ડના અસંખ્ય(માં) ભાગમાં પૂર્ણાનંદ પ્રભુ! 'સર્વ ઈદં' હું સર્વસ્વભાવ સંપન્ન છું.

એવા પર સમસ્ત પદાર્થથી રુચિ, સાવધાની અભિપ્રાય પરથી છોડીને પોતાનો જ્ઞાયકભાવ પૂર્ણાનંદ તરફનો ઝૂકાવ કરીને સમ્યગ્દર્શનરૂપી પર્યાય સંવર પ્રગટ થયો તેનું નામ સંવર, ધર્મ અને સુખરૂપ દશા કહે છે. આહાહા! જૈનદર્શનમાં તો આવા નામ પણ ક્યાંય સાંભળવામાં આવતા નથી. આમ કરો-ભક્તિ કરો, પૂજા કરો, વ્રત કરો ને અપવાસ કરો. આહાહા! અરે ભગવાન! તું કોણ છો પણ? ક્યાંથી હટવાનું છે અને ક્યાં જાવાનું છે. ક્યાંથી હટવું તે ચીજ શું છે અને જેમાં જાવાનું છે એ ચીજ કેવી અને કઈ રીતે

છે. જયંતિભાઈ!

ભગવાન સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ દેવાધિદેવ ફરમાવે છે કે, અરે! આત્મા! સંવર કોને કહે છે કે **જેને સમગ્ર પરદ્રવ્યો પ્રત્યે,** પહેલાં આપણે મોહરૂપભાવ નથી એમ લગાવતા હતા. સાંભળો! **જેને સમગ્ર પરદ્રવ્યો પ્રત્યે,** રાગ-દ્વેષ પછી લેશે. મોહરૂપ ભાવ નથી. સમગ્ર પરદ્રવ્યો પ્રત્યે આ ઠીક, આ અઠીક એવી રુચિ નથી. પોતાના જ્ઞાયક સ્વભાવ પૂર્ણાનંદ પ્રત્યે જેની દૃષ્ટિ થઈ તેને પોતાના દ્રવ્ય સિવાય સમસ્ત પરદ્રવ્ય જ્ઞેયરૂપ થઈ ગયા. સમજાણું કાંઈ? પરદ્રવ્ય આ ઠીક છે, આ અઠીક છે એવી સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિમાં રહેતું નથી. જે ભિન્ન પદાર્થ છે તેને મારી સાથે કોઈ સંબંધ છે જ નહીં. મારું દ્રવ્ય એક સેકન્ડના અસંખ્યમાં ભાગમાં સચ્ચિદાનંદ જેવો પરમાત્માનો સિધ્ધ સ્વભાવ છે એ પ્રગટ છે. એવો મારામાં સ્વભાવ શકિત સત્વરૂપ પડયો છે પૂર્ણ પ્રભુ. એવી પોતાના દ્રવ્ય ઉપર દૃષ્ટિ લગાવીને સર્વ પરદ્રવ્યો પ્રત્યેની પ્રીતિ, રુચિ, મિથ્યાત્વની છૂટી જવી આ તેનું નામ પ્રથમ સમ્યગ્દર્શન સંવર કહેવામાં આવે છે. ત્યારથી ધર્મની શરૂઆત થાય છે. કહો, સમજાણું કાંઈ? અહીં તો લાખો માણસ ધર્મ-ધર્મ તો બહુ કરે છે. ભાદરવો મહિનો આ, શ્રાવણ ગયો. આઠ આઠ અપવાસ, કેટલાક દસ દસ. અરે ભગવાન! એ અપવાસ કોને કહે છે એ તો આહાર પાણી ન આવ્યા એ તો જડની અજીવ દશા થઈ. તારામાં કદાચિત આહાર ન કરું એવો ભાવ થયો હોય તોપણ શુભરાગનો વિકલ્પ, રાગનો વિકલ્પ પુણ્ય થયું છે. ધર્મ નહીં. આહાહા! ધરમચંદજી! એ ધર્મ નહીં. એ ધર્મચંદ નહીં.

મુમુક્ષુ :- કરમચંદ છે. કાંઈક મદદગાર તો છે ને.

ઉત્તર :- બિલકુલ નહીં. શું મદદગાર છે? રાગ મદદગાર છે, પોતાની સમ્યગ્દૃષ્ટિ, અરાગી દૃષ્ટિને રાગ મદદગાર છે? તેમાં હતા ને પહેલાં. ગળા સુધી ઘરી ગઈ હતી પહેલાં. હવે વળી થોડું થોડું બેસે છે. સમજાણું કાંઈ?

ભગવાન સર્વજ્ઞ પરમાત્માએ ઈન્દ્રની ઉપસ્થિતિમાં, ગણધરની ઉપસ્થિતિમાં, નરેન્દ્રની ઉપસ્થિતિમાં સમવસરણમાં ફરમાવ્યું. અત્યારે પણ પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં સીમંધર પ્રભુ ત્રિલોકનાથની વાણી દ્વારા આવી ધર્મ પ્રરૂપણા થાય છે. સમજાણું કાંઈ? તો કહે છે કે ભાઈ! આહાહા! જુઓ! આ સર્વ દ્રવ્યો આવ્યા ને ઉપર જરા અમારે વધારે. સમજાણું કાંઈ? એક ભગવાન પોતાના સ્વદ્રવ્ય. બસ પોતાના સ્વદ્રવ્ય ઉપર અંતર ઝૂકાવ થવાથી પોતાના સિવાય દેવ, ગુરુ, શાસ્ત્ર, સ્ત્રી, કુટુંબ, પરિવાર, શેત્રુંજય અને સમ્મેદ્શિખર બધા પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ?

પોતાના એક કોર રામ અને એક કોર ગામ. એક કોર પોતાના નિજાત્મ સ્વભાવ ભગવાન રામ આતમરામ જેમાં અનંત શાંતિ, જ્ઞાન, આનંદ ભરેલાં છે. એવા નિજ આત્મા ઉપર સ્વદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી પોતાના સિવાય અનંત પરદ્રવ્ય ત્રિલોકનાથના સમવસરણમાં ભગવાનની વાણી એ પણ

પરદ્રવ્ય છે. તેના ઉપર જેટલું લક્ષ રહે છે એટલો વિકલ્પ અને આસ્રવ થાય છે. અને તેનાથી લાભ માને છે તો તે મિથ્યાત્વભાવ થાય છે. ઓહોહો! સમજાણું કાંઈ?

આવું તો હવે જૈન દર્શનમાં સાંભળ્યું નહોતું. એ વલ્લભદાસભાઈ! ભઈ અમે તો કંદમૂળ ન ખાવું, રાત્રે ચૌવિહાર કરવો, સામાયિક પોષા કરવા ભઈ આવું અમે સાંભળ્યું અને આ વળી કયાંથી નવું (કાઢયું?)

મુમુક્ષુ :- પ્રશસ્ત રાગ છે ને.

ઉત્તર :- પ્રશસ્ત રાગ રાગ તો શુભઆસ્રવ છે. એ સંવર નહીં. ધરમ નહીં. સમજાણું કાંઈ? દેવ, ગુરુ, શાસ્ત્રની ભક્તિનો પ્રેમ એ પ્રશસ્ત શુભરાગ છે. પર જીવને ન મારવા એ ભાવ શુભરાગ છે. ભગવાનની પૂજા, શેત્રુંજય, સમ્મેદ્‌શિખર, ગીરનાર, પૂજાનો, ભક્તિનો, જાત્રાનો ભાવ શુભરાગ છે. એ આસ્રવ છે, સંવર નહીં. એ માટે તો અહીંયાં પરદ્રવ્ય કીધા છે. સમજાણું કાંઈ?

**સમગ્ર પરદ્રવ્યો,** છે પાઠ? ટીકા જુઓ! આ મહા સિધ્ધાંત છે. વીતરાગ પરમાત્માના ઘરના નથી. તેણે બનાવ્યા નથી. છે એમ જાણ્યા, છે એમ કહ્યા. કોઈ દ્રવ્યના કોઈ દશાના ભગવાન કર્તા ફર્તા નથી. સમજાણું કાંઈ? ભગવાન તો સર્વજ્ઞ પરમાત્મા પૂર્ણ એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન થયું. જેવું છે એવું થયું, એવું કહ્યું, એમ છે. કહો, ફુલચંદજી!

મુમુક્ષુ :- કલીયર વાત છે.

ઉત્તર :- વાત તો કલીયર છે. બાકી દુનિયાએ ગડબડ કરી દીધી છે. આહાહા! જુઓ! શબ્દ છે? **જેને,** એટલે જેમને એટલે ધ્રુવ આત્માને **સમગ્ર પરદ્રવ્યો પ્રત્યે,** પોતાના દ્રવ્ય સ્વભાવ સિધ્ધ(રૂપ)ની દૃષ્ટિ થઈ તો બધા અનંત પદાર્થ પ્રત્યે મોહરૂપ ભાવ નથી. પહેલાં મિથ્યાત્વના ભાવનો નાશ કર્યો. અહીં તો સમગ્ર સંવરની વાત છે ને? પછી રાગ અને દ્વેષરૂપ. મોહનો નાશ થયો પછી પણ જેટલા દેવ, ગુરુ, શાસ્ત્ર પ્રત્યે દયા પ્રત્યે જેટલો રાગ જતો હતો લક્ષ તે રાગ હતો, શુભરાગ. તે પણ છૂટીને સ્વભાવ તરફ સ્થિરતા થઈ ત્યારે દૃષ્ટિપૂર્વક વીતરાગ દશા થઈ તેનું નામ સામાન્ય સંક્ષેપમાં સંવર, ધર્મ, સુખરૂપ દશા, સ્વતંત્ર શુધ્ધ દશા ભગવાન તેને ધર્મ કહે છે. કહો, આ કાંઈ ગુપત બુપત વાત નથી. અહીં તો ઢંઢેરા પીટીને વાત બહાર નીકળે છે. અમુલખદાસભાઈ! છે જ એવું છે. એવું એને નિર્ણય કર્યા વગર ધર્મ થાય છે (એમ) ત્રણકાળમાં (બનતું) નથી. સમજાણું કાંઈ?

અહીં તો સામાન્ય લઈ લીધું ને? મોહ, મિથ્યાત્વ અને રાગ-દ્વેષ બધું. પહેલાં તો મિથ્યાત્વનો નાશ થાય છે. પરદ્રવ્યથી બિલકુલ મારે લાભ થાય છે એ દૃષ્ટિ છૂટી જાય છે. પરદ્રવ્ય દેવ, ગુરુ, શાસ્ત્ર હોય કે પરવસ્તુ. તેનાથી લાભ (માને) તો તો દૃષ્ટિ પર ઉપર ચાલી ગઈ. એ રુચિ છૂટીને પહેલાં સ્વદ્રવ્યમાં મને લાભ છે. અનંત આનંદનો કંદ હું પૂર્ણાનંદ પ્રભુ છું. મારો સિધ્ધ સ્વભાવ મારામાં પડયો

છે તેને દૃષ્ટિ અને સ્થિરતા કરીને એન્લાર્જ કરીને પર્યાયમાં લાવવાનો છે. પર્યાયમાં અવસ્થામાં પરમાત્મ પદ લાવવાનું છે અંદરમાં પડ્યું છે તે. બહાર નથી પડ્યું ક્યાંય. (જિનેન્દ્ર) ભગવાન પાસે પોતાનો પરમાત્મા નથી. કહો, સમજાણું કાંઈ? ભગવાનભાઈ! આ ભગવાનમાં ભગવાનભાઈ યાદ આવ્યા વળી. ભગવાન પણ ગોત્યા ગોત ક્યાં કરે ભગવાન એવો?

મુમુક્ષુ :- ..........

ઉત્તર :- જાણે, એમ સમજે છે ત્યાં સુધી પણ વિકલ્પ છે. સમજવામાં જેટલું લક્ષ પર ઉપર જાય છે એટલો વિકલ્પ શુભાસ્રવ છે. સંવર નહીં. આ તો યથાર્થ વાતની વાત છે કે નહીં? એ સમજે. ક્લાસમાં સમજ્યા. ઠીક આવ્યું કહે છે. શ્રાવણ માસમાં ક્લાસ ચાલે છે તો અમારા જેવા પ્રૌઢ બહુ જ આવે છે. પ્રૌઢ. પણ ક્લાસમાં સમજવું શું? ક્લાસમાં સમજવામાં શું લેવું? કે પોતાનો ભગવાન, પોતાનું સ્વરૂપ હું પૂર્ણ શાંત આનંદનું ધામ. સમજાણું કાંઈ? જેમાં જ્ઞાન, દર્શન, આનંદનું કિરણ ફૂટે છે. એવું ધામ મારો સ્વભાવ શુદ્ધ. એવી અંતરદૃષ્ટિ લગાવીને પર અનંત પદાર્થ પ્રત્યે લાભ અલાભની રુચિ છૂટી જવી આ તેનું નામ સમ્યગ્દર્શન સંવર કહેવામાં આવે છે. પછી હજી સમ્યગ્દર્શન થયા પછી પણ હજી શુભરાગ દેવ, ગુરુ , શાસ્ત્ર પ્રત્યેનો આવે છે. રુચિ નથી કે તેનાથી લાભ છે. પણ શુભરાગ આવે છે. દયા, દાનનો ભાવ આવે છે. અને કોઈ પ્રતિકુળ હોય તો તેના પ્રત્યે દ્વેષ (થાય છે) પોતાની અસ્થિરતાને કારણે, એ ચીજને કારણે નહીં. પોતાની કમજોરીને કારણે, પ્રતિકુળતાને કારણે દ્વેષ નહીં, અનુકૂળતાને કારણે રાગ નહીં. કેમ કે રુચિ બદલી ગઈ છે.

આટલો પોતાનો દ્રવ્ય સ્વભાવ જ્ઞાયકમૂર્તિ છે તેના સિવાય અનંત પરદ્રવ્ય તેનાથી લાભ (થાય તે) લાભ તેનાથી નુકસાન (થાય તે) નુકસાન એવી દૃષ્ટિ પહેલાં છૂટી ગઈ. લાભ તો મારા ચૈતન્ય દ્રવ્ય સ્વભાવની અંતર અનુભવ દૃષ્ટિથી લાભ છે. પરદ્રવ્યથી મને કાંઈ લાભ છે નહીં. તેવી દૃષ્ટિ પ્રથમ હોય તેનું નામ પ્રથમ સમ્યગ્દર્શન સંવર કહેવામાં આવે છે. અને પછી હજી કમજોરીથી અનંત પરદ્રવ્યને કારણે નહીં. પણ પોતાની કમજોરીથી અનુકૂળ પ્રત્યેનો રાગ અનુકૂળતાને કારણે નહીં. પ્રતિકુળતાને કારણે દ્વેષ નહીં પણ પોતાની કમજોરીથી રાગ-દ્વેષની જો આસક્તિ હતી તે સ્વભાવની સ્થિરતા કરીને એ રાગ-દ્વેષનું છૂટી જવું તેનું નામ ચારિત્રરૂપી સંવર છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ........

ઉત્તર :- વાત તો એવી છે. વીતરાગમાર્ગ પરમાત્માનો માર્ગ ઈન્દ્રો જેને માને છે, ભગવાન ફરમાવે છે, ગણધર જેને સ્વીકાર કરે છે. મહાવિદેહક્ષેત્રમાં મોજુદ છે. સમજાણું કાંઈ? આ કોઈ સાધારણ માણસનો ધર્મ કલ્પના કરીને માની લ્યે એવી ચીજ નથી. માંગીરામજી! ઓહોહો! જેને સમગ્ર પરદ્રવ્ય પ્રત્યે રાગરૂપ એટલે આસક્તિરૂપ, દ્વેષરૂપ અણગમારૂપ એ પણ ચારિત્ર દોષ છે. અને મોહરૂપ મિથ્યાત્વ

દોષ છે. પરથી લાભ નુકસાન માનવાવાળા એ દૃષ્ટિ છૂટી ગઈ અને પોતાના દ્રવ્ય સન્મુખ દૃષ્ટિ થઈ અને પછી પરદ્રવ્યને કારણે નહીં પણ પોતાની કમજોરીથી રાગ-દ્વેષનો આસ્રવ હતો એ પોતાના સ્વભાવને આશ્રયે તેને રોકાઈ ગયો આ તેનું નામ ભગવાન ભાવસંવર કહે છે.

ભજનમાં આમ જાણે, શું જાણે મેરૂ ઉપાડવો હોય તેવું લાગે, કોઈ દિવસ સાંભળ્યું નથી. છકાયની દયા પાડવી, ભગવાનની ભક્તિ કરવી, અપવાસ કરવા અને ખૂબ પૂજા કરવી, સિદ્ધ ચક્ર લગાવી દેવું અને આમ કરવું ને આમ કરવું. પણ કોણ કરે સાંભળ તો ખરો! એ તો પરદ્રવ્ય છે. ત્રણકાળ, ત્રણલોકમાં પરદ્રવ્યની પર્યાય કોણ કરી શકે? ઈશ્વર કર્તા માનો જગતના તો તેનો નિષેધ કરે. ના, (ઈશ્વર) કર્તા નહીં. અને સામા જગતનો કર્તા! દૃષ્ટિ, હાથ ચલાવે છે, બોલે છે તે અમારાથી થાય છે. એકની એક દૃષ્ટિ થઈ કર્તા જેવી એક વર્ગનો તે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ? અમે જૈન છીએ અમે ઈશ્વરને ન માનીએ. બહુ સારું! ચૈતન્ય ઈશ્વરને ન માનો. જડને માનો ને? આ શરીરની ક્રિયા અમે કરી શકીએ છીએ તો તમે ઈશ્વર થયા, જડના. સમજાણું કાંઈ?

કર્મથી અમારામાં વિકાર થાય છે. તો કર્મ થયા તમારા ઈશ્વર. એમ છે જ નહીં. પરદ્રવ્યથી પોતાનામાં વિકાર થાય કે પરદ્રવ્ય પોતાને નુકસાન, લાભ કરે એવી પરદ્રવ્યમાં તાકાત નથી અને પોતામાં તાકાત નથી. પરદ્રવ્યથી માની લ્યે, એવી માન્યતા સાચી છે જ નહીં. ખોટી દૃષ્ટિ છે. સમજાણું કાંઈ? બધા પરદ્રવ્ય પોતાનાથી ભિન્ન કર્મ હોય, દેવ, ગુરુ કે શાસ્ત્ર હોય સમ્મેદ્શિખર કે ગીરનાર, શેત્રુંજય હોય બધા પરદ્રવ્ય છે. પોતાના દ્રવ્ય વસ્તુથી એ બધા પરદ્રવ્ય છે. તેનાથી લાભ-અલાભ માનવાની દૃષ્ટિ છોડીને પોતાના દ્રવ્યથી લાભ થશે એવી દૃષ્ટિ તેમાં જામી જાય તેનું નામ સમ્યગ્દર્શન ધર્મ પહેલામાં પહેલી ધર્મની શરૂઆત ત્યાંથી થાય છે. પછી રાગ-દ્વેષનો ત્યાગ. સમ્યગ્દષ્ટિ હોવા છતાં હજી આસક્તિનો રાગ-દ્વેષ થાય છે. પછી સ્વરૂપમાં સ્થિરતા કરીને રાગ-દ્વેષની ઉત્પત્તિ ન થવી શાંતિ અને સંવર આત્માના આનંદની ઉત્પત્તિ થવી તેનું નામ ચારિત્રરૂપ સંવર છે. પહેલાં સમ્યગ્દર્શનરૂપી સંવર કહ્યું. પછી ચારિત્રરૂપ સંવર હોય. ચારિત્રરૂપ સંવર સમ્યગ્દર્શનના સંવર વગર હોતું નથી. સમજાણું કાંઈ?

**તે ભિક્ષુને,** હવે અહીં સાચા અને પૂર્ણ સંવરની વાત લીધી ને? પૂર્ણ સંવર. એટલે મોહ અને રાગ-દ્વેષ ત્રણેય જેને છૂટી ગયા, પોતાના સ્વભાવ સન્મુખ એકદમ ઉગ્ર સ્થિરતા થઈ તેવા સાધુને. અથવા સાધુની મુખ્યતાથી વાત લીધી છે. સમજાણું કાંઈ?

કે જે નિર્વિકારચૈતન્યપણાને લીધે, એવી અંતર પરિણતિ નિર્મળ. સર્વ અનંત પરપદાર્થની રુચિ છૂટી ગઈ સ્વદ્રવ્યની દૃષ્ટિ થઈ, રુચિ. સર્વ પરપદાર્થ પ્રત્યેના નિમિત્તના પ્રસંગમાં પોતાની કમજોરીથી રાગ-દ્વેષની આસ્રવ વૃત્તિ ઉઠતી હતી તે સ્વભાવની સ્થિરતા દ્વારા જેણે નિર્વિકાર ચૈતન્ય પર્યાય પરિણતિ પ્રગટ કરી છે. ઓલું તો એક કલાક સાંભળે તો ખબર પણ પડે લ્યો! કંદમૂળ ન ખાવું, બટેટા

ન ખાવા. શક્કરકંદમાં અનંત જીવ છે. ભગવાને અનંતજીવ કહ્યા છે. વાત સાચી છે કોણ ના પાડે છે. પણ ખાય કોણ શકે છે? સાંભળ તો ખરો! ખાવાનો ભાવ કરવો તે પાપ છે. સમજાણું કાંઈ?

એ તો કોઈએ સાંભળ્યું નથી અને ખબર પણ નથી. એ તો બધા પરપદાર્થ છે. અહીં સમગ્ર પરદ્રવ્ય લીધા. તો શું આત્મા પરદ્રવ્ય ખાઈ શકે છે? પરદ્રવ્ય છોડી શકે છે? પરદ્રવ્ય શું આત્મામાં ઘુસી ગયું છે? ભગવાન આત્મા ભિન્ન છે, પરદ્રવ્ય ભિન્ન છે. ધરમચંદજી!

મુમુક્ષુ :- શરીરને સ્વસ્થ રાખે છે.

ઉત્તર :- સ્વસ્થ બ્વસ્થ. સ્વસ્થ કોને કહેવું?

મુમુક્ષુ :- સ્વસ્થ શરીરમાં આત્મા રહે છે.

ઉત્તર :- માનવાવાળાની બિલકુલ મૂઢ દશા છે. એ પરદ્રવ્ય છે. રોગ હોય, સ્વસ્થ હોય તેનાથી આત્માને કોઈ લાભ અલાભ છે જ નહીં. એય! દેવાનુપ્રિયા! જેચંદભાઈના ભાઈ! રાડ પાડે છે. શરીરમાં જરા આમ થાય ત્યાં રાડ પાડે છે. લક્ષ કરીને દુઃખી થાય. આ લોકો મૂઢ છે એમ માને છે ને કે શરીર સ્વસ્થ હોય તો મન સ્વસ્થ રહે, પરિણામ સ્વસ્થ થાય. મૂઢ છે. શરીર સ્વસ્થ માછલા પાણીમાં બહુ સ્વસ્થ રહે છે. તેને તો લેપ પણ લાગતો નથી.

અજ્ઞાનીઓએ એવી મિથ્યાત્વની ગંદકી ચલાવી છે (કે) શરીર સ્વસ્થ રહે તો મન સ્ફૂર્તિ રહે. સ્ફૂર્તિ રહે! તને રાગ રહે સાંભળને હવે? સાલા મૂઢ! શરીર તો માટી છે, ધૂળ છે, ચામડા, હાડકા છે. અજીવ તત્ત્વ તને અડયું પણ નથી. તું પણ તેને કયારેય અડયો નથી. અડતો જ નથી. છૂતે નહીં સમજયા? અમારી કાઠીયાવાડની ભાષામાં અડતો પણ નથી (એમ કહે છે.) એક દ્રવ્ય બીજા દ્રવ્યને અડતો પણ નથી કયારેય. હા પણ એમ કહે છે હો અમરચંદભાઈ! જો શરીર આમ હોય તો...

મુમુક્ષુ :- ......

ઉત્તર :- ના એમ નહીં. આ તો સ્વસ્થ શરીરની વાત છે. શરીર નહાયા બહાયા તો સ્ફૂર્તિ રહે, મન સ્ફૂર્તિ રહે. મૂઢ છે. તને રાગની સ્ફૂર્તિ છે. તેમાં અશુભરાગ થયો. એય! દેવીલાલજી! દુનિયાથી બધી વાત જુદી છે. વીતરાગ ત્રિલોકનાથની વાત, દુનિયાથી જુદી હોય-કુંભાર પણ એમ કહે કે જીવને ન મારવો. એ પણ ભગવાન વાત કરે? સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ. ભાઈ! પરદ્રવ્ય શરીર આવ્યું. શરીર સ્વસ્થ હોય તો મને લાભ (થાય) મિથ્યાદૃષ્ટિ મૂઢ છે. અને શરીરમાં ગ્લાનિ હોય, રોગ હોય, વિષ્ટા નીકળે તો આત્મા શું ધર્મ કરી શકે? મૂઢ છે.

સાતમી નરકનો નારકી રવ રવ પાંચ પાસળા છે. આ છે ને નીચે? એમાં સાતમી નરકમાં પાંચ પાસળા. એક પાસળામાં તેત્રીસ સાગરની સ્થિતિ છે. રવ રવ અપરિઠાણા એક સમયમાં શરીરમાં સોળ રોગ. સોળ રોગ. શ્વાસ, ખાંસી, કફ, એવા ચારે કોર જવર સોળ રોગ. કયાં સ્વસ્થ શરીર છે. કોઈ

ક્ષણમાં અસ્વસ્થ શરીરનું લક્ષ તેને થાય તો, ઓહો! આ ચીજ છે? હું તે નહીં. મેં મનુષ્યપણામાં સાંભળ્યું હતું કે તારો આત્મા આનંદ પવિત્ર છે. મેં પ્રયોગ ન કર્યો. મેં સાંભળ્યું હતું પણ હું જાગ્રત થયો નહીં. એવી શરીરની અસ્વચ્છતા એકલી વિષ્ટામાં પડ્યો હતો તે. આમ અંદર ગુલાંટ ખાય છે. હું આત્મા આનંદકંદ છું. એવો અપરિઠાણે નારકી અનંતકાળમાં સમ્યગ્દર્શન પ્રગટ ન થયું તે પ્રગટ કરી શકે છે. સમજાણું કાંઇ? અમરચંદભાઇ! શું શરીર લડે?

મુમુક્ષુ :- સો ટકાની વાત છે.

ઉત્તર :- સો ટકાની વાત છે.

મુમુક્ષુ :- વચ્ચેનો માર્ગ થોડો....

ઉત્તર :- વચલો માર્ગ છે ને આ. વચલો એ કે પહેલી દૃષ્ટિ કરવી પહેલાં રાગ-દ્વેષ નથી છૂટતાં. એ વચલો માર્ગ છે. પહેલાં રાગ-દ્વેષ આસક્તિ નથી છૂટતી. પણ પહેલી સમ્યગ્દૃષ્ટિ કરી શકે છે. એ વચલો માર્ગ. અને સમ્યગ્દર્શન થયા પછી વીતરાગતા થઇ જવી તે ઉત્કૃષ્ટ માર્ગ છે.

એ પહેલો માર્ગ છે. સાતમી નરકમાં અપરિઠાણે કેટલું દુઃખ છે ત્યાં? ગુલાટ ખાઇ જાય છે અંદર, વિષ્ટા હો. ઓહોહો! અને નવમી ગ્રૈવેયકે એટલા સાધન છે તો મિથ્યાદૃષ્ટિ ત્યાં પણ રહે છે.

અને ભગવાનના સમવસરણમાં મનુષ્ય જાય છે. ભગવાનના સમવસરણમાં. ત્યાં પણ મિથ્યાદૃષ્ટિ રહે છે. સમવસરણ શું કરે? રાગનું ..... મહાન. પોતાની અંતર શુધ્ધ વસ્તુ શું છે? પરની સાથે મારે કાંઇ સંબંધ પણ છે નહીં. હું ભિન્ન, તું ભિન્ન. એવું અંતરમાં પરદ્રવ્યની અનુકૂળતા, પ્રતિકુળતાને કારણે મને લાભ, નુકસાન થાય એ માન્યતા મિથ્યાદૃષ્ટિ મૂઢની છે. તેને જૈન કહેતા નથી.

જૈન કોઇ વાડો નથી, સંપ્રદાય નથી જૈન વસ્તુનું સ્વરૂપ છે. જૈન કોઇ સંપ્રદાય નથી કે અમારો આવો ધર્મ અને તારો આવો ધર્મ. જૈન એટલે આત્માનો સ્વભાવ પૂર્ણ વીતરાગ જ્ઞાનાનંદ પડયો છે. તે અજ્ઞાન ને રાગ-દ્વેષને સ્વભાવના આશ્રયથી જીતવો તેનું નામ જૈન કહેવામાં આવે છે. જૈન કોઇ સંપ્રદાય નથી. વસ્તુનું સ્વરૂપ એવું છે. સમજાણું કાંઇ? સાંભળ્યું નહીં જૈન શું છે? જૈનનું બિરૂદ લગાવી દીધું. અમે જૈન છીએ અમે જૈન છીએ. જૈન કોને કહે છે. સમજાણું કાંઇ?

સમગ્ર શરીર અસ્વસ્થ હોય તો તેને ઘરે રહ્યું. અરે! મન પણ થોડું અસ્વસ્થ થઇ જાય, અસ્થિર થોડા રજકણ એવા થઇ જાય, તો તે પણ તેને ઘરે રહ્યું. મારી ચીજ અખંડ જ્ઞાયકમૂર્તિ. સ્વદ્રવ્યનો આશ્રય કર્યો (તો) પરદ્રવ્યથી ઇષ્ટ-અનિષ્ટની રુચિ છૂટી ગઇ. તેનું નામ પહેલામાં પહેલાં શરૂઆતનું સમ્યગ્દર્શન સંવર ધર્મ છે. પછી જ્ઞાનીને પણ રાગ-દ્વેષ ઉત્પન્ન થાય છે. વિષયના, ભોગના, લડાઇના, વ્યાપારના જ્ઞાનીને પણ રાગ થાય છે. અને પ્રતિકુળ ચીજના પ્રસંગમાં પ્રતિકુળ ચીજને કારણે નહીં પણ પોતાના કારણે ત્યાં દ્વેષ જ્ઞાનીને સમકિતીને પણ થાય છે. જેટલા રાગ-દ્વેષ રહે તેટલો આસ્રવ છે. પછી

સ્વભાવમાં સ્થિરતા કરીને પુણ્ય-પાપનો આસ્રવ છૂટી જાય તે વીતરાગરૂપી સંવર છે. સમજાણું કાંઈ?

માર્ગ જ પકડવો નથી. ઊંધે ચાલે, જાવું હોય ભાવનગર અને ઢસા જાય. ભાવનગર જાવું હોય ભાવનગર. અહીં ઢસા. જઈ પડે આમ જાય. પોતાનું શુધ્ધ સ્વરૂપ પરમાનંદ એક. તે તરફ જાવું છે તો કહે બહારથી આ કરો તેનાથી તેમાં જશે. આમ કરો ત્યાં વિકલ્પ રાગ કરો તો અંદરમાં જાશે. ધૂળમાંય નહીં જાય. સમજાણું કાંઈ? રાગ કરો પછી સમ્યગ્દર્શન થશે. પ્રશસ્ત રાગ કરો પહેલાં. રાગથી હજી સમ્યગ્દર્શન તો અરાગી દૃષ્ટિ છે, વીતરાગી દૃષ્ટિ છે. રાગ કારણ અને વીતરાગી દૃષ્ટિ કાર્ય (એમ) મૂઢ માને છે. ભગવાનની આજ્ઞા ન સમજવાવાળા એમ માને છે.

મુમુક્ષુ :- એકદમ છૂટે છે?

ઉત્તર :- દૃષ્ટિ એકદમ છૂટે છે. રાગ-દ્વેષ પછી ક્રમે છૂટે છે. ચારિત્રમાં ક્રમ પડે છે, શ્રધ્ધામાં નહીં. શ્રધ્ધામાં એક સાથે કોઈપણ દ્રવ્યથી મને લાભ નુકસાન નથી. મારા દ્રવ્યથી લાભ એક સમયમાં, એક ક્ષણમાં. પછી રાગ-દ્વેષ ઘટે. રાગ-દ્વેષ ઘટે તે ચારિત્ર છે. તે ક્રમે ક્રમે (થાય છે.) સમજાણું કાંઈ? રાગ-દ્વેષ તો જ્ઞાનીને રહે છે. પૂર્ણ વીતરાગ ક્યાં થઈ ગયા છે. દૃષ્ટિ એક સાથે. એક સાથે ધડાકો.

આ આત્મા પુણ્ય-પાપનો વિકલ્પ ઊઠે તે આસ્રવ, પરદ્રવ્ય મારાથી ભિન્ન. મારી ચીજ રાગ અને આસ્રવ અને પરથી ભિન્ન. એ તો એક દૃષ્ટિમાં કોઈ કમ છે જ નહીં. સમજાણું કાંઈ? દૃષ્ટિ કાં સમ્યક્ અને કાં દૃષ્ટિ મિથ્યાત્વ. પછી રાગ-દ્વેષ તો જ્ઞાનીને પણ રહે છે. રહે તે જુદી વાત છે. પણ રાગનો પ્રેમ નથી. રાગથી લાભ નથી. જ્ઞાનીને દયા, દાનનો ભાવ પણ આવે છે. પણ તે પુણ્યાસ્રવ સમજે છે. હિંસા ભોગનો ભાવ આવે છે તે પાપ સમજે છે. પોતાનો સ્વભાવ વિકારથી ભિન્ન અધિક દૃષ્ટિમાં રાખ્યો છે. પોતાનું રક્ષણ અધિક રાખ્યું છે. ભિન્ન થાય છે તો છે એટલું પાપ એટલો આસ્રવ. હજી તો સમ્યગ્દર્શન થયું. તીર્થંકર તો સમ્યગ્દર્શન લઈને આવે છે તીર્થંકર તો. ક્ષાયિક સમકિતી તો ત્રણ જ્ઞાન લઈને માતાના ઉદરમાં આવે છે. છન્નું હજાર(રાણીઓ) સાથે લગ્ન કરે છે. લગ્ન. સમ્યગ્દૃષ્ટિ છન્નું હજારની સાથે લગ્ન કરે છે. ધરમચંદજી! સાંભળ્યું છે કે નહીં? શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ. એમાં શું છે? એ તો રાગ છે તો ચારિત્ર દોષ છે.

મુમુક્ષુ :- સંસારનું સ્વરૂપ .....

ઉત્તર :- હા, સંસાર સ્વરૂપ રાગ છે, દોષ છે.

મુમુક્ષુ :- લગ્ન કરવાનો રાગ!

ઉત્તર :- લગ્ન રાગ છે. સમ્યગ્દર્શન તો અનુભવ થયો. પણ તે અસ્થિરતા(નો દોષ) ચારિત્ર દોષનો રાગ આવ્યો. ચારિત્ર દોષ બીજો, દર્શન દોષ બીજો. બેયની ખબર નથી. ખબર નથી, કાંઈ ખબર નથી. સાંભળ્યું નથી. જૈનદર્શન વસ્તુ શું છે તે સાંભળ્યું પણ નથી. લગ્ન કર્યા..... તમે દરકાર કરી નથી. શેઠ!

નહીં. શોભાલાલભાઈ! તમે દરકાર કરી તો કેમ સત્ય મળ્યું નહીં? સત્‌ના શોધનારને સત્‌ મળે નહીં એમ બને નહીં. કહો, સમજાણું કાંઈ?

પહેલાં લગ્ન કેમ કરે છે? કે રાગ આવે છે. સમજે છે કે મારી કમજોરી છે. સમ્યગ્દર્શન નિર્મળ છે. ક્ષાયિક સમકિત થાય છે. છન્નું હજારની સાથે લગ્ન કરે છે. લગ્ન કરે છે શું? તેમાં સુખ માને છે? બિલકુલ નહીં. એ વાત આખી આ તો અલૌકિક વાત છે. રાગ આવે છે, લગ્ન કરે છે ભરતચક્રવર્તી દુલ્હા. હંમેશનો દુલ્હો. ત્રણસો ત્રણસો રાણી, કન્યા પરણે હંમેશ.

એ દેહની ક્રિયા હું કરી શકતો નથી. મારાથી થતી નથી અને રાગ આવ્યો છે એ મને આનંદદાયક નથી, દુઃખદાયક છે. એવો અંતરમાં વિવેક-સમ્યગ્દર્શનમાં અંતરમાં વિવેક કાયમ રહે છે. તેનું નામ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન થયું અને તરત જ રાગ-દ્વેષ ચાલ્યા જાય તો તો કેવળજ્ઞાન થઈ જાય. તરત જ સમ્યગ્દર્શન અને કેવળજ્ઞાન થઈ રહ્યું. વચ્ચે ગુણસ્થાન રહે નહીં. ચોથું, પાંચમું, છઠ્ઠું, સાતમું.

મુમુક્ષુ :- મહારાજ! આ વાતને જરા વિસ્તારથી ....

ઉત્તર :- હા, કીધું ને? કે લગ્ન કરવા એ રાગ છે. ચારિત્રનો અસ્થિરતાનો દોષ છે.

મુમુક્ષુ :- સંસાર વધારવાની વાત છે ને....

ઉત્તર :- વધતો નથી પણ તમને હજી ખબર નથી. વધતો નથી પણ ઘટે છે. વાત સાંભળવામાં... આ તો અલૌકિક વાત છે. વધે શું? લગ્ન કર્યા જ નથી. અમે તો તમને બતાવીએ છીએ કે સ્ત્રીનો સંગ છે પણ અંદરમાં સંગ છે જ નહીં. દેરીયાજી! આ તો તમારી જેવી ભાષા કરીને કહ્યું. અંદરમાં તો ક્રમે ક્રમે પોતાના સ્વભાવ સન્મુખ રાગ ઘટતો જાય છે. પણ વચમાં એવો રાગ (આવે છે.) એક ક્ષણમાં રાગ-દ્વેષ છૂટી જાય તો તો કેવળજ્ઞાન થઈ જાય. પછી ગુણસ્થાન રહે નહીં. ચોથું, પાંચમું, છઠ્ઠું. શ્રાવકનું, મુનિનું ગુણસ્થાન ભેદ પણ રહે નહીં.

મુમુક્ષુ :- સંયોગ તો છે ને.

ઉત્તર :- અંદર સંયોગનો ભાવ એટલો પડયો છે, સંયોગ ભાવ પ્રત્યે પ્રીતિ, રુચિ છૂટી ગઈ છે. પ્રીતિ, રુચિ છૂટી ગઈ કે પુણ્ય પરિણામ ને પાપમાં મજા છે, સુખ છે.એવી દષ્ટિ ગઈ. દષ્ટિ થઈ આનંદમાં. પણ આસક્તિ છૂટી જાય તો તો કેવળજ્ઞાન થઈ જાય. એ આસક્તિનો દોષ છે. દર્શનનો દોષ નથી. સમ્યગ્દર્શનમાં કિંચિત્‌ (જરાપણ) કમી નથી. છન્નું હજાર સ્ત્રીના પ્રસંગમાં પણ ક્ષાયિક સમકિતમાં કિંચિત્‌ કમી નથી. ત્રણ જ્ઞાન અને ક્ષાયિક સમકિત છે.

અને અજ્ઞાની સ્ત્રીનો ત્યાગ કરે અને બાલ બ્રહ્મચારી હોય મિથ્યાદષ્ટિ. મેં દેહની ક્રિયા કરી નહીં. મેં આટલો ત્યાગ કર્યો. એવું પરનું મિથ્યાત્વનું અભિમાન પડયું છે. એ મિથ્યાદષ્ટિ મહાન સંસારી છે. આહાહાહા! આ તે કાંઈ વાત! અમરચંદભાઈ! મિથ્યાત્વનું પાપ કેટલું ને સમ્યક્‌માં ધર્મ કેટલો એની કિંમત

જ નથી. વિપરીત માન્યતામાં કષાયખાના સાત વ્યસન પાપથી અનંતગણું પાપ છે. જે પુણ્યપરિણામ થાય છે વિકલ્પ તેમાં લાભ માનવાની દૃષ્ટિ મહા મિથ્યાત્વ છે. અને પાપના પરિણામ હોવા છતાં લાભબુદ્ધિ નહીં, દ્રવ્યમાં લાભબુદ્ધિ છે, જ્ઞાનીને અલ્પ પાપ લાગે છે. આહાહાહા!

મર્યાદિત સંસાર થઈ ગયો. અલ્પ રહી ગયો. અલ્પ-એક મોટા દરિયામાંથી એક બિંદુ રહી ગયું. એ દરિયામાંથી ભોગ છન્નું હજાર સ્ત્રી સાથે લગ્ન દરિયામાંથી એક બિંદુનો રાગ રહી ગયો. અનંતરાગ અનંતાનુબંધીનો છૂટી ગયો. અને અજ્ઞાની બાળ બ્રહ્મચારી આખી જીંદગી સ્ત્રીનો ત્યાગ કરે અને પરિગ્રહ પણ ઓછા ખપે. એ પરદ્રવ્ય મારા ત્યાગ-ગ્રહણમાં છે તો હું ત્યાગી થઈ ગયો. અને મને જરા ત્યાગનો રાગ આવ્યો એ તો મને ધર્મ થયો એ મિથ્યાદૃષ્ટિનું પાપ સાત વ્યસન કરતાં અનંતગણું છે. સમજાણું કાંઈ?

તારણસ્વામી તો એવી વાતમાં 'નિગોદમ ગચ્છઈ' એમ જ કહે છે. કેટલી ગાથા! રાગથી લાભ માને છે, પુણ્યથી લાભ માને છે, પુણ્યાસ્રવથી લાભ માને છે. હો ભલે. આત્માનો ધર્મ માને છે. 'નિગોદમ્ ગચ્છઈ' નિગોદ જાશે. આકરી ભાષા છે. આકરી ભાષા છે હો. તારણસ્વામી. સમજાણું કાંઈ?

રાગ રહે છે. પણ રાગથી લાભ માને છે. જ્ઞાનીને શુભરાગ પણ આવે છે. દયા, દાન, ભક્તિ, પૂજા ભાવમાં આવે. વીતરાગ થઈ ગયા છે? તો ન આવે? આવે છે. પણ જ્ઞાની જાણે છે કે એ પુણ્યાસ્રવ છે. ધર્મ નથી. મને એ કારણથી ધર્મ થાય છે એમ એ માનતા નથી. હું જેટલો મારા સ્વભાવનું અવલંબન લઈને સ્થિર થાવ છું એટલો મારો ધર્મ છે. ઓહોહો! દુનિયાનો માપવાનો ગજ બીજો છે. સમજાણું કાંઈ?

**-કે જે નિર્વિકારચૈતન્યપણાને લીધે સમસુખદુઃખ છે.** શું કહે છે? અહીં તો ઉત્કૃષ્ટ વાત કરી ને? ભિક્ષુની પહેલાં દૃષ્ટિથી જુદાં પાડી દીધા પછી રાગ દ્વેષ પણ છૂટી ગયા. **તે ભિક્ષુને,** નિર્વિકારચૈતન્યપરિણામપર્યાય ઉત્પન્ન થઈ. અંતર પર્યાયમાં દશામાં સમસુખદુઃખ છે. અનુકૂળ, પ્રતિકુળનો ગંજ હોય ત્યારે, બધામાં મને વીતરાગભાવે સમતા જ્ઞાતાભાવ છે. **તેને-શુભ અને અશુભ કર્મનો આસ્રવ થતો નથી.** જુઓ! એવા ધર્માત્માને શુભ અને અશુભ કર્મના નવા પરમાણુ આસ્રવ નથી થતા. સમ્યગ્દર્શન થયું તો મિથ્યાત્વનો આસ્રવ, અનંતાનુબંધીનો આસ્રવ ન રહ્યો. જ્ઞાનીને પણ બીજા ત્રણ કષાય છે. એટલો આસ્રવ આવે છે.

અહીંયાં તો ઉત્કૃષ્ટ વાત કરી છે. એ પણ રાગ છૂટીને મુનિ. મુનિ કોને કહે છે? ઓહોહો! મુનિ પરમેશ્વર પદ. 'નમો લોએ સવ્વ સાહૂણં' ગણધર બાર અંગની રચના કરે. ગણધર ભગવાનના ગણધર. સીમંધર પરમાત્મા પાસે ગણધર બિરાજે છે. બાર અંગની રચના કરે. નમો લોએ સવ્વ

સાહૂણં. પંચમકાળના કોઈ સાચા ભાવલિંગી સંત હોય તો મારા નમસ્કાર તેના શરણમાં. એ મુનિ પદ કેવું છે? ગણધરના નમસ્કાર જેને પહોંચે. સમજાણું કાંઈ? બરાબર છે કે નહીં? નમો લોએમાં આ નહીં હો બધા. લોએમાં આ.

જેના અંતર આનંદકંદની દૃષ્ટિ એક રાગનો કણ ઉઠે છે (પણ) કર્તવ્ય નથી માનતા. આવે છે પંચમહાવ્રતના પરિણામ જ્ઞાનીને આવે છે. પણ રાગ છે, મારું કર્તવ્ય નથી. વિકાર વિકલ્પ આવે છે એ પુણ્ય છે મારો ધર્મ નથી, મારો સંવર નથી. આ તો હજી દૃષ્ટિ વગર પંચમહાવ્રત છે પણ નહીં અને અમારે પંચમહાવ્રત છે ને સંવર નિર્જરા છે. ધૂળમાં પણ છે નહીં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- એ તો બહારના ત્યાગ.....

ઉત્તર :- બહારના ત્યાગથી બેસાડે છે. એમ કે ઓલા અંદરના ગજનું તો માપ છે નહીં. બરાબર બહારનું માપ હોય, બીજું તો માપ છે નહીં. હો. છન્નું હજાર સ્ત્રીને પરણે છે એ તો સમ્યગ્દૃષ્ટિ છે. અને એક સ્ત્રીનો ત્યાગ કરી દયે બ્રહ્મચર્ય લ્યે તોપણ મિથ્યાદૃષ્ટિ છે. અરે! આ તે કાંઈ!

મુમુક્ષુ :- એનો અભિપ્રાય શું છે તે વાત છે.

ઉત્તર :- વીતરાગ માર્ગમાં આ પહેલી વાત સાંભળવા મળે છે. નહીંતર કરો પ્રશ્ન! આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથના વીતરાગ પરમેશ્વરના ઘરની વાત છે. કલ્પના કરીને માની લીધી છે તે વીતરાગના ઘરની વાત નથી.

મુમુક્ષુ :- .........

ઉત્તર :- પણ હજી જેને ઈન્દ્રિય, રાગ, પુણ્ય-પાપ પરિણામ પર(છે તેને) પોતાના માને છે તો પરથી છૂટકારો થશે તો સ્વદ્રવ્ય કોને માનશે? હજી તો તેને માને છે. આ દયા, દાનનો વિકલ્પ આવ્યો, આ બ્રહ્મચર્યનો વિકલ્પ આવ્યો. આ વિકલ્પ આવ્યો. એ તો તને વિકલ્પ આવ્યો રાગ. એ રાગ મારી ચીજ છે એમ માને છે. આસ્રવ મારી ચીજ છે એમ માને છે. અને આ દેહની ક્રિયા વિષયમાં ન થઈ (તો એમ માને છે કે) મેં અટકાવી છે. આ જડની ક્રિયા વિષયમાં ભોગમાં ન થઈ (તો કહે છે કે) મેં અટકાવી. જડની પર્યાય તું અટકાવી શકે છે તો જડનો તું સ્વામી છે. રાગનો ને જડનો સ્વામી છે. કયાંથી સમ્યગ્દર્શન આવ્યું? ધર્મ કયાંથી આવ્યો ત્યાં? કષાય ને કાયા આવે છે ને પ્રવચનસાર. સમજાણું કાંઈ? પ્રવચનસારમાં આવે છે. એક શ્લોક. ભારે કઠણ! ૨૩૬.

જુઓ! જે જીવોને સ્વ-પરનું ભેદજ્ઞાન નથી તેમને કદાચિત ભલે પાંચ ઈન્દ્રિયોના વિષયોનો સંયોગ ન દેખાતો હોય. એ સંયોગ ન દેખાતો હોય. જુઓ! અહીંયાં અમારા પંડિતજીએ તો બધું પહેલેથી લખ્યું છે. જેને સ્વ જ્ઞાયકમૂર્તિ જ્ઞાન અને રાગ એ વિકલ્પ અને આસ્રવ છે, બંધનું કારણ છે, શરીર ઈન્દ્રિય આદિ જડ અને અજીવ છે તેનો ત્યાગ ગ્રહણ મારામાં નથી. એવું જીવને સ્વ-પર ભેદજ્ઞાન

નથી તેને કદાચિત્ પાંચ ઈન્દ્રિયોના વિષયોનો સંયોગ ન દેખાય. ભોગ લેતો ન દેખાય. બાહ્ય ત્યાગ હોય, છ જીવનીકાય દ્રવ્યહિંસા ન દેખાતી હોય, છ જીવને હણતો ન દેખાય, એકેન્દ્રિય જીવને ન હણતો હોય. અને એ રીતે સંયોગથી નિવૃત્તિ દેખાતી હોય તોપણ કાયાને કષાય હિંસાથી એકતા માનનારા એ વિકલ્પ ઊઠે છે દયા, દાન, બ્રહ્મચર્ય પાળુ, એ વિકલ્પ આસ્રવ છે. તે અંદર પોતાના માને છે. માન્યતામાં અભિપ્રાયમાં પોતાના માને છે. અને કાયાથી ક્રિયા મેં છોડી દીધી અને મેં લીધું નહીં. તે બેને એક માનનારા તે જીવોને ખરેખર પાંચ ઈન્દ્રિયોના વિષયોની અભિલાષાનો નિરોધ નથી. હિંસાનો જરા પણ આધાર નથી. એ રીતે પરભાવથી બિલકુલ નિવૃત્તિ નથી.

મુમુક્ષુ :- .......

ઉત્તર :- તેના અભિપ્રાયથી ખબર પડે. એ અભિપ્રાય બોલે એમાંથી ખબર પડે હં.. શલ્ય પડયું છે મિથ્યાત્વનું. રાગથી મેં નિવૃત્તિ લીધી અને ઘણું જ છોડી દીધું. શું છોડી દીધું તે? કહ્યું નહીં? ધંધા પાણી છોડી દીધા. એ તું છોડી શકે છે? એ તો છૂટા જ પડયા છે તે કયારે છોડયા છે? આ કાયાથી અમે કામ નથી કરતાં. કાયાથી તું કરી શકે છે કે તે અટકાવી દીધું. તો જડનો સ્વામી થયો. અને બ્રહ્મચર્ય આદિના પરિણામ વિકલ્પ થયો તો તે પુણ્યાસ્રવ થયો. તેને પોતાપણે માનવાવાળાને બાહ્યથી છકાયની હિંસા ન જોવામાં આવે, બહારથી પાંચ ઈન્દ્રિયના વિષય જોવામાં ન આવે તોપણ મિથ્યાદષ્ટિ અજ્ઞાની હિંસાના પરિણામ અંદર પડયા છે. રાગને પોતાનો માને એ મિથ્યાત્વના તીવ્ર હિંસાના ભાવ છે. અમરચંદભાઈ! આહાહા!

મુમુક્ષુ :- હિંસાનો ભાવ આવવો તો ઠીક છે, વિકલ્પ આવવો પણ ઠીક છે પણ પુરુષાર્થથી બદલે છે, શુધ્ધમાં બદલી જાય. ભાવ આવ્યો તો અમલમાં લીધો .....

ઉત્તર :- અમલમાં નહીં. તમે હજી સમજતાં જ નથી. દેહની ક્રિયા અમલમાં લીધી જ નથી. ભાવ આવ્યો ને? દેહની ક્રિયા લીધી તો અમલમાં લીધી. એ વાત જ ખોટી છે. એ અમલમાં લીધી જ નથી. એ તો જડની ક્રિયા થાય છે.

કહે છે એ સમજાણું ને? એમ કે ભાવ ભલે આવ્યો પણ અમલમાં કેમ મૂકયો? લગ્ન કર્યા અને ભોગ લીધા. અમે તો કહીએ છીએ ભોગ લીધો જ નથી. ભગવાન એમ કહે છે. ભોગ લેતા જ નથી લોકો.

મુમુક્ષુ :- બાલ બચ્ચા કયાંથી થયા?

ઉત્તર :- નહીં છે જ નહીં. બાલ બચ્ચા થયા જ નથી. રાગ આવ્યો બસ એટલું. દેરિયાજી! અહીં તો અલક મલકની વાત છે. બાલ-બચ્ચા તેને થયા જ નથી. એને રાગ થયો એ મારામાં નથી. હં... અભિપ્રાયમાં આખો સંસાર પલટી ગયો છે. આ વાત રાત્રે પણ આવી હતી. તમારા મહેમાન આવ્યા

છે ને, આજ આવ્યા છે ને? કોઈક દિવસ. એ સાંભળે તો ખરા શું છે? આહાહા!

ભાઈ! સર્વજ્ઞ પરમાત્મા જૈન પરમેશ્વર એણે વસ્તુનું પૂર્ણ સ્વરૂપ જાણ્યું તેમણે શું કહ્યું છે, અને કેવી રીતે છે એ ખબર વગર ધર્મ કયાંથી થશે? બહારથી ત્યાગ, અહીં કીધું ને? પાઠમાં છે. જુઓ! સ્વ-પરના વિભાગના અભાવને લીધે કાયા અને કષાયોની સાથે એકતાનો અધ્યવસાય કરતા એવા જીવો વિષયોની અભિલાષાનો નિરોધ નહીં. સંવર બિલકુલ નહીં. અભિલાષા છૂટીને? અભિલાષા અંદર પડી છે, કામ હું કરું છું, રાગ મારું કર્તવ્ય છે. અને રાગ મને આવ્યો તો શરીરની ક્રિયાને જો મેં અમલમાં મૂકી. મૂઢ છે. શરીરની ક્રિયાને આત્મા કયાંથી અમલમાં મૂકી શકે? એ તો થવાની હશે તો થશે અને ન થવાની હોય તો ન થાય. એ તો અજીવની પર્યાય છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ...........

ઉત્તર :- સમજાણું કાંઈ? અમરચંદભાઈ! એમ કે રાગ ભાવ આવવો ત્યાં સુધી હરકત નથી પણ ભાવ કર્યા પછી અમલમાં કેમ મૂક્યો? આ ભોગ ને દુકાને બેસે ને લડાઈમાં જાય. એ વાત જ સત્ય નથી. એ તો લડાઈમાં જાતો જ નથી. એ તો પોતાના ભાવમાં વિકલ્પ આવ્યો તેનો જાણવા-દેખવાવાળો રહે છે. ક્રિયા તો જડની થાય છે. તેને જાણે છે. બહારમાં આવ્યો પણ નથી અને અમલમાં મૂક્યો પણ નથી. આહાહા! અજર પ્યાલા. કોણ કરી શકે? આ વાણી કોણ બોલી શકે? આંગળી કોણ ચલાવી શકે આટલી? એ તો જડની પર્યાય છે. આત્મા ચલાવી શકે? ઈશ્વર જગતનો કર્તા અને આ કહે કે પરની ક્રિયા હું કરી શકું. મિથ્યાદષ્ટિ મૂઢ છે.

આ અનંત પરમાણુ જગત છે. એક એક પરમાણુમાં અનંતગુણ છે. એને તમે પર્યાય પલટ કરી શકો છો? આત્મા હથિયાર લઈ શકે છે? આંગળી આમ કરી શકે છે? મૂઢ છે.

મુમુક્ષુ :- અજ્ઞાની ન કરી શકે. જ્ઞાની તો........

ઉત્તર :- જ્ઞાની, અજ્ઞાની કોઈ પરદ્રવ્યની પર્યાય કરી શકતા નથી. .........ભાઈ! રણે ચડયો રજપૂત છૂપે નહીં. આવે છે કે નહીં? ચંચળ નારી કો નેણ છૂપે નહીં, ચંદ્ર છૂપે નહીં બાદલ છાયા, રાજ છૂપે નહીં ભભૂત લગાયા. એમ કે રજપૂત ચડે રણે એ ............ કરતો હશે વાણીયાની જેમ વેવલા આત્મા પોતાની સરાણે ચડયો કે 'હું જ્ઞાયક છું' દેહની ક્રિયા હો તો હો અને ન હો તો ન હો. મારે આધીન છે જ નહીં. અને મારી કમજોરીથી મારામાં રાગ આવે છે તેને હું બંધનું કારણ જાણું છું. એવો વિવેક જયાં વર્તે છે. લડાઈમાં પણ તે સંવરભાવ પ્રગટ કરે છે. અને અજ્ઞાની બ્રહ્મચર્ય પાળતા પાળતા પણ મિથ્યાત્વનું આસ્રવનું સંવર કરે છે. આસ્રવ એટલે? મિથ્યાત્વ કરે છે. સમકિતનું સંવર કરે છે. સમકિત આવવા નથી દેતો. શેઠી! આહાહા!

આ તો ભાઈ! સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વરનો માર્ગ છે. એ તે કાંઈ રાંકા આલી દુઆલી જેવા છે.

ભિખારી માની લ્યે કે આવો છે ને આવો છે. જૈનમાં છે તો જૈનની તેને ખબર નથી. વાડાની ખબર નથી કે જૈન કોને કહે છે. શું માથે જૈનની છાપ છે? સમજયા વગર આવી ગયો. જૈન થઈ ગયો? માંગીરામજી! શું થયું? જુઓ! **શુભ અને અશુભ કર્મનો આસ્રવ નથી થતો.** જુઓ!

સમ્યગ્દર્શન હોય, જયાં સુધી શુભાશુભ પરિણામ હોય (તો) એટલો તો આસ્રવ આવે છે. પણ દેહની ક્રિયા થઈ માટે આસ્રવ આવે છે? ભોગ લીધા તેનો આસ્રવ અજ્ઞાનીને બિલકુલ નહીં. એ તો જડની પર્યાય થવાવાળી (હતી) તે અજીવની છે. અજીવ તત્ત્વ ભિન્ન માને છે. પોતાના પરિણામમાં જેટલી કલુષતા આવી એટલો આસ્રવ આવે છે એટલું જ્ઞાની જાણે છે. પણ એ આસ્રવ ક્રિયા થાય છે તો આ પરિણામ થયા એમ નથી. પરિણામ છે તો ક્રિયા થાય છે એમ નથી. અને પરિણામ થયા તો મારા સ્વભાવમાં એકરૂપ છે એમ પણ નથી. આહાહા! સમજાણું કાંઈ?

આ મહેમાન આવ્યા છે ને. મહેમાન નવા છે કાંઈ સમજે જરા! હેં? અમદાવાદથી આવ્યા છે. શું છે? આ તે સોનગઢવાળા શું કહે છે? શું છે? સોનગઢવાળા ભગવાનનો માર્ગ કહે છે. સમજાણું કાંઈ? **શુભ અને અશુભ કર્મનો આસ્રવ થતો નથી, પરંતુ સંવર જ થાય છે.** જુઓ! આહાહા! અભિપ્રાયનો દોષ અને રાગ-દ્વેષનો દોષ બેય ચીજ જ જુદી છે. અને રાગ-દ્વેષના દોષને કારણે સમકિત ન થાય તો કયારેય કોઈને સમકિત થતું જ નથી. કેમ કે રાગ-દ્વેષ તો મુનિને પણ છઠ્ઠે ગુણસ્થાને પંચમહાવ્રતનો રાગ આવે છે. આર્તધ્યાન પણ થાય છે. મુનિ ભાવલિંગી સંત પરમેશ્વર સ્વીકાર્યા એવા મુનિ. એવા મુનિ તો હજી કોઈ છે નહીં. એ મુનિ અંદર ભાવલિંગી સંત અંતરમાં છે તેને પુણ્યાસ્રવનો વિકલ્પ આવે છે. એ પણ જાણે છે કે બંધ છે. બંધનું કારણ છે મારી ચીજ નથી. પણ આટલી કમજોરી ન હોય તો સર્વજ્ઞ થઈ જાય. સમજાણું કાંઈ?

અને એ દોષ આવ્યો તો સમ્યગ્દર્શનમાં દોષ છે તો કયારેય સમ્યગ્દર્શન પ્રગટ થતું પણ નથી અને રહેતું પણ નથી. રાગને કારણે સમ્યગ્દર્શન ઉત્પન્ન ન થાય એમ પણ નથી અને રાગ છે તો સમ્યગ્દર્શનમાં વિઘ્ન આવે છે એમ નથી.

મુમુક્ષુ :- તો તો મોક્ષનો રસ્તો જ બંધ થઈ જાય.

ઉત્તર :- કેમ કે રાગ છે એ તો જ્ઞાનીને બારમે છૂટે છે. બારમી ભૂમિકામાં છૂટે છે. તો રાગ-દ્વેષ હોય ત્યાં સુધી સમ્યગ્દર્શનનો દોષ લાગી જાય તો સમ્યગ્દર્શન ઉત્પન્ન જ થતું નથી. અને સમ્યગ્દર્શન ટકતું નથી. સમજાણું કાંઈ? ગજબ વાતું છે ભાઈ! આહાહા!

પહેલાં ક્ષાયિક સમકિત થયું હોય, ક્ષયોપશમ સમકિત હોય પછી ક્ષાયિક થયું હોય અને ભાવલિંગી મુનિ થયા હોય. સમજાણું કાંઈ? પછી તેને ખબર પડે કે અરે! મારી મુનિ પર્યાય નથી, ટકતી નથી. મારામાં પુરુષાર્થની કમી થઈ ગઈ છે. સમજાણું કાંઈ? તો છઠ્ઠે ગુણસ્થાનેથી નીચે ઉતરી જાય ચોથે

ગુણસ્થાને આવી જાય. અને મારાથી વિષયની વૃત્તિ રોકાતી નથી. ભાન છે. લગ્ન કરી લ્યે છે તોપણ ક્ષાયિક સમકિતમાં જરા પણ દોષ નથી. અમરચંદભાઈ! આ દુનિયાને ભાન કે દિ' છે? અક્કલ વિનાની દુનિયા. એને બહારથી માપ કરે એ માપ ચાલે? સમજાણું કાંઈ?

વાત એ છે કે ચારિત્ર પર્યાય પ્રગટ થઈ હતી પણ પછી જાણ્યું કે અમારાથી ચારિત્ર ટકશે નહીં, અંદર સ્થિરતા (છે.) હો! દ્રવ્યથી નગ્ન. બહારથી નગ્ન હોય, અઠ્યાવીસ મૂળ ગુણ પાળતા હોય ચારિત્ર પર્યાય ............. અમારો પર્યાયનો પુરૂષાર્થ ઓછો થઈ ગયો. સપ્તમ ગુણસ્થાન કેમ નથી આવતું? અમારો પુરૂષાર્થ કમ છે. અમારો ભાવ છે. છૂટી ગયા. અમે બહારથી ટકી શકીએ છીએ તો ચાલો. અને બહારથી પણ શુભ પરિણામ ન હોય તો મુનિપણું છોડી દયે. અરે! દેવીલાલજી! દુનિયાને કયાં ભાન છે? દુનિયા દુનિયામાં રહી ગઈ. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કાંઈ?

**શુભ અને અશુભ કર્મનો આસ્રવ થતો નથી. પરંતુ સંવર જ થાય છે. તેથી અહીં (એમ સમજવું કે) મોહરાગદ્વેષ પરિણામનો નિરોધ તે ભાવસંવર છે.** મોહરાગદ્વેષ પરિણામનું અટકવું તે જ ભાવસંવર છે. બરાબર છે! **અને તે (મોહરાગદ્વેષરૂપ પરિણામનો) નિરોધ જેનું નિમિત્ત છે એવો જે યોગદ્વારા પ્રવેશતાં પુદ્‌ગલોના,** નવા આવવાવાળા, આવવાવાળા હતા નહીં હોં? તે તો વાત કરે છે. ત્યાં આવવાવાળા હતા અને અટકી ગયા એમ નથી. ભારે કથનની પધ્ધત્તિ! મોહરાગદ્વેષરૂપ પરિણામનો નિરોધ થયો અંદરમાં. તો જેનું નિમિત્ત છે. જેને આવવાવાળા હતા તેમાં નિમિત્ત છે. **યોગદ્વારા પ્રવેશતાં પુદ્‌ગલોના શુભાશુભકર્મપરિણામનો (-શુભાશુભકર્મરૂપ પરિણામનો) નિરોધ તે દ્રવ્યસંવર છે.** એ રજકણ ન આવ્યા તે દ્રવ્યસંવર છે. અહીં ભાવમાં મોહરાગદ્વેષપરિણામ ન થયા તે ભાવસંવર છે. ભાવસંવર થયો તો ત્યાં દ્રવ્યસંવર રજકણો આવતા નથી તેને દ્રવ્યસંવર (કહે છે.) બે પર્યાય જડમાં એવી પર્યાય ન થઈ, ચૈતન્યમાં વિકારી ન થઈ. એવી એક સમયની આવી વાત કરી તો ભાવસંવર આત્માની પર્યાય છે. દ્રવ્યસંવર જડની પર્યાય છે. આવી નવતત્ત્વમાં સંવરની વ્યાખ્યા કરી. વિશેષ કહેશે. **(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

***પ્રશ્ન : શાસ્ત્રથી આત્માને જાણ્યો અને પછી પરિણામ આત્મામાં મગ્ન (થયા) તે બેમાં આત્માને જાણવામાં શું ફેર છે?***

***ઉત્તર : શાસ્ત્રથી જાણપણું કર્યું એ તો સાધારણ ધારણારૂપ જાણપણું છે અને આત્મામાં મગ્ન થઈ અનુભવમાં તો આત્માને પ્રત્યક્ષ વેદનથી જાણે છે. તેથી એ બેમાં મોટો ફેર છે, અનંતગણો ફેર છે. ૩૭. (પરમાગમ સાર)***

## ગાથા-૧૪૩

जस्स जदा खलु पुण्णं जोगे पावं च णत्थि विरदस्स ।
संवरणं तस्स तदा सुहासुहकदस्स कम्मस्स ।। १४३ ।।

यस्य यदा खलु पुण्यं योगे पापं च नास्ति विरतस्य ।
संवरणं तस्य तदा शुभाशुभकृतस्य कर्मण: ।। १४३ ।।

विशेषेणं संवरस्वरूपाख्यानमेतत् ।

यस्य योगिनो विरतस्य सर्वतो निवृत्तस्य योगे वाङ्मन:कायकर्मणि शुभपरिणामरूपं पुण्यशुभपरिणामरूपं पापञ्च यदा न भवति तस्य तदा शुभाशुभभावकृतस्य द्रव्यकर्मण: संवर: स्वकारणाभावात्प्रसिद्ध्यति । तदत्र शुभाशुभपरिणामनिरोधो भावपुण्यपापसंवरो द्रव्यपुण्यपाप-संवरस्य हेतु: प्रधानोऽवधारणीय इति ।। १४३ ।।

–इति संवरपदार्थव्याख्यानं समाप्तम् ।

જયારે ન યોગે પુણ્ય તેમ જ પાપ વર્તે વિરતને,
ત્યારે શુભાશુભકૃત કરમનો થાય સંવર તેહને. ૧૪૩.

**અન્વયાર્થ :- (यस्य) જેને (-જે મુનિને), (विरतस्य) વિરત વર્તતા થકાં, (योगे) યોગમાં (पुण्यं पापं च) પુણ્ય અને પાપ (यदा) જયારે (खलु) ખરેખર (न अस्ति) હોતાં નથી, (तदा) ત્યારે (तस्य) તેને (शुभाशुभकृतस्य कर्मण:) શુભાશુભભાવકૃત કર્મનો (संवरणम्) સંવર થાય છે.**

ટીકા :- આ, વિશેષપણે સંવરના સ્વરૂપનું કથન છે.

જે યોગીને, વિરત અર્થાત્ સર્વતઃ નિવૃત્ત વર્તતાં થકાં, યોગમાં-વચન, મન અને કાયસંબંધી ક્રિયામાં-શુભપરિણામરૂપ પુણ્ય અને અશુભપરિણામરૂપ પાપ જયારે હોતાં નથી, ત્યારે તેને શુભાશુભભાવકૃત દ્રવ્યકર્મનો (-શુભાશુભભાવ જેનું નિમિત્ત હોય છે એવા દ્રવ્યકર્મનો), સ્વકારણના અભાવને લીધે, સંવર થાય છે. તેથી અહીં (આ ગાથામાં) શુભાશુભ પરિણામનો નિરોધ-ભાવપુણ્યપાપસંવર-દ્રવ્યપુણ્યપાપસંવરનો *પ્રધાન હેતુ અવધારવો (-સમજવો). ૧૪૩.

આ રીતે સંવરપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

---

** પ્રધાન હેતુ = મુખ્ય નિમિત્ત. (દ્રવ્યસંવરમાં 'મુખ્ય નિમિત્ત') જીવના શુભાશુભ પરિણામનો નિરોધ છે. યોગનો નિરોધ નહીં. (અહીં એ ખ્યાલમાં રાખવા યોગ્ય છે કે દ્રવ્યસંવરનું ઉપાદાન કારણ-નિશ્ચય કારણ તો પુદ્‌ગલ પોતે જ છે.*

## પ્રવચન નં :-૩૯, ગાથાઃ-૧૪૩-૧૪૪,
## ભાદરવા વદ-અમાસ, સોમવાર, તાઃ-૫-૧૦-૬૪

### ગાથા :- ૧૪૩ ઉપર પ્રવચન

૧૪૩ ગાથા ચાલે છે. નવપદાર્થની વ્યાખ્યા છે. નવમાં વર્તમાન સંવર અધિકાર ચાલે છે. નવપદાર્થમાં જીવ અને અજીવ તો બે દ્રવ્ય છે. સંયોગ અને વિયોગથી ઉત્પન્ન થવાવાળી સાત પ્રકારની પર્યાય છે. ધર્મ પણ એક પર્યાય છે. ધર્મ કોઈ ત્રિકાળી ગુણ કે દ્રવ્ય એ ધર્મ નથી. ધર્મ તો વર્તમાન એક શુદ્ધ નિર્મળ નિર્વિકારી પર્યાય તેને સંવર અને ધર્મ કહે છે. એ સંવર કહો કે ધર્મ કહો તેની વ્યાખ્યા ચાલે છે. સમજાણું કાંઈ? ગાથા ૧૪૩.

**जस्स जदा खलु पुण्णं जोगे पावं च णत्थि विरदस्स ।**
**संवरणं तस्स तदा सुहासुहकदस्स कम्मस्स ।। १४३ ।।**

**ટીકા :- આ, વિશેષપણે સંવરના સ્વરૂપનું કથન છે.** કાલ સમાન વાત ૧૪૨માં ચાલી હતી. વિસ્તારથી સ્પષ્ટીકરણ કરવા માટે વિશેષપણે સંવરનો અધિકાર કહેવામાં આવે છે.

**જે યોગીને,** પહેલો શબ્દ છે. **જે યોગીને,** અર્થાત્ આત્મા અખંડ આનંદ અને પૂર્ણ શુદ્ધ સ્વભાવ એનું જેને અંતરમાં જોડાણ-યોગ સંબંધ થઈ ગયો છે. દૃષ્ટિમાં ત્રિકાળ જ્ઞાયક આનંદકંદ પૂર્ણ આનંદનું ધામ એ ઉપર દૃષ્ટિનું જોડાણ થઈ ગયું છે. તેનું નામ સમ્યગ્દૃષ્ટિ યોગી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અહીં તો તેનાથી વધારે વાત છે. **વિરત,** યોગી શબ્દ આપીને હવે વિરત, પોતાનો ચૈતન્ય પૂર્ણ આનંદ એકલા જ્ઞાયક સ્વભાવથી પૂર્ણ ભરેલો પડયો છે. એક સમયની પર્યાય તેનું લક્ષ છોડીને, સંયોગનું લક્ષ છોડીને અને વિકલ્પ આવે છે તેનું પણ લક્ષ આશ્રય છોડીને પૂર્ણાનંદ ધ્રુવસ્વભાવ, દ્રવ્યસ્વભાવ તેમાં પૂર્ણ પરમાત્મસ્વભાવ પડયો છે. તેમાં દૃષ્ટિનું જોડાણ હોય તેનું નામ સમ્યગ્દર્શન સંવર કહે છે.

પછી **વિરત અર્થાત્ સર્વતઃ નિવૃત્ત વર્તતા થકાં,** પોતાના પરિણામમાં શુભ અને અશુભ પરિણામ જો વિકલ્પ છે તેનાથી પણ નિવૃત્ત થયો છે. સમજાણું કાંઈ? પહેલાં તો ૧૪૨માં કહી ગયા છે. પોતાના દ્રવ્ય સિવાય બધા અનંત દ્રવ્ય છે. તે તરફની રુચિ છોડીને પોતાના જ્ઞાયક ચૈતન્ય સ્વદ્રવ્યમાં દૃષ્ટિ, રુચિનો અનુભવ થવો તેનું નામ પ્રથમ સમ્યગ્દર્શન, ધર્મ, સંવર, શુદ્ધતા, મોક્ષનો માર્ગ તેને કહે છે. સમજાણું કાંઈ? હજી તો વિરત લીધું વિશેષ. પરદ્રવ્યથી એકલા ભગવાન આતમરામ તેમાં

અનંતગુણનું એક સ્વરૂપ દ્રવ્ય તેમાં ઘુસવાથી જો નિર્વિકલ્પ રાગના અવલંબન વિના સ્વભાવના અવલંબનથી નિશ્ચયદષ્ટિનું સમ્યક્‌નું થવું તેનું નામ સર્વ પરદ્રવ્યથી રુચિ છોડી દીધી. અને સ્વદ્રવ્યમાં રુચિ કરી. એ પહેલાં થયું. પહેલાં થયા વગર પરદ્રવ્ય પ્રત્યે આસક્તિનો શુભાશુભભાવ છૂટતો નથી. સમજાણું કાંઈ?

સ્વચૈતન્યમૂર્તિ જ્ઞાયક પ્રભુ તેના ધામમાં અરિહંત સિદ્ધ પદ પૂર્ણ પડ્યું છે. એમ અંતર એકાગ્ર થઈને જે દષ્ટિનો લાભ થાય તેનું નામ સમ્યગ્દર્શન, સંવર, શુદ્ધતા, મોક્ષના માર્ગની શરૂઆત થઈ એમ કહેવામાં આવે છે. **જે યોગીને,** ઉત્કૃષ્ટ સંવર લેવું છે ને? **વિરત અર્થાત્ સર્વતઃ નિવૃત્ત વર્તતાં થકાં,** અને અનંતદ્રવ્ય પ્રત્યે ઈષ્ટ-અનિષ્ટ બુદ્ધિનો તો નાશ થયો. પોતાનો સ્વભાવ પૂર્ણ ઈષ્ટ છે. એવી રુચિનો અનુભવ દષ્ટિમાં થયો. પણ હજી અનંત પરદ્રવ્ય પ્રત્યે પોતાની કમજોરીથી આસક્તિનો શુભાશુભભાવનો હજુ નાશ થયો નથી. એ શુભાશુભભાવથી પણ વિરત થઈને.

જુઓ! **સર્વતઃ નિવૃત્ત વર્તતા થકાં,** પોતાના પરિણામમાં શુભાશુભભાવની જે પરિણતિ છે તેનાથી નિવૃત્ત, **નિવૃત્ત વર્તતાં થકાં, યોગમાં,** જો આત્માના પ્રદેશમાં કંપન થાય છે તેને યોગ ક્રિયા કહેવામાં આવે છે. આત્માના પ્રદેશનું કંપન છે તેને યોગક્રિયા કહેવામાં આવે છે.

એવા યોગમાં **વચન, મન અને કાયસંબંધી ક્રિયામાં,** અંતઃકંપન ક્રિયામાં, સમજાણું કાંઈ? જો પ્રદેશનું કંપન થાય છે. જેમાં કાયવર્ગણા નિમિત્ત છે તો તેને કાયકંપન કહે છે, પર્યાયમાં. વચનવર્ગણા નિમિત્ત છે તો વચનકંપન કહે છે. અને મનવર્ગણા નિમિત્ત છે તો મનયોગની કંપન ક્રિયા કહે છે. એવા મન, વચન અને કાયના નિમિત્તમાં પોતામાં કંપનરૂપ ક્રિયા એ ક્રિયામાં શુભપરિણામરૂપ પુણ્ય અને અશુભપરિણામરૂપ પાપ જ્યારે નથી હોતાં, સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પોતાની મહિમામાં દષ્ટિ લગાવી દીધી અને અલ્પ પર્યાય રાગ અને નિમિત્તની મહિમા દષ્ટિમાંથી છૂટી ગઈ. ત્યારે અનંત પરદ્રવ્ય પ્રત્યેનો પ્રેમ અને રુચિ એકત્વબુદ્ધિની છૂટી ગઈ. અને પોતાના દ્રવ્યસ્વભાવમાં એકત્વબુદ્ધિ થઈ ગઈ. પણ જ્યાં સુધી પોતાની કંપન ક્રિયામાં અનંત પરદ્રવ્ય પ્રત્યે ઈષ્ટ-અનિષ્ટબુદ્ધિ ન હોવા છતાં આસક્તિના પરિણામ શુભાશુભક્રિયામાં ઉત્પન્ન થાય છે, કંપનક્રિયામાં. ત્યાં સુધી શુભાશુભપરિણામનો તેને આસ્રવ આવે છે. સમજાણું કાંઈ?

એ જ્યારે ક્રિયામાં, યોગની ક્રિયામાં. અહીં દેહની ક્રિયાની વાત નથી. આ તો અજીવતત્ત્વ તેનું અસ્તિત્વ જ ભિન્ન છે. જેનું અસ્તિત્વ ભિન્ન છે તેમાં શું થાય છે તેની તો અહીં વાત છે જ નહીં. સમજાણું કાંઈ? પોતાની કંપનક્રિયામાં શુભપરિણામરૂપ પુણ્ય, દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો શુભવિકલ્પ એ ક્રિયામાં પુણ્યપરિણામ ઉત્પન્ન થતાં હતાં. તેનું જ્યારે ન થવાનું થાય છે. ત્યારે શુભાશુભપરિણામનો સંવર થાય છે. અથવા શુભાશુભપરિણામ ઉત્પન્ન થતાં નથી. તો શુદ્ધપરિણામ

ઉત્પન્ન થાય છે. સમજાય છે કાંઈ?

એ **શુભપરિણામરૂપ પુણ્ય અને અશુભપરિણામરૂપ** પર્યાયમાં **પાપ,** જો અશુદ્ધ ઉપયોગરૂપ પરિણામ હતા. **જ્યારે હોતાં નથી,** જે કાળમાં તે નથી હોતાં, એ કાળમાં **ત્યારે તેને શુભાશુભભાવકૃત દ્રવ્યકર્મનો,** શુભઅશુભભાવનું નિમિત્ત પામીને જે નવા દ્રવ્યકર્મ રજકણ પોતાની યોગ્યતાથી આવવાવાળા હતા. એ **શુભાશુભભાવ જેનું નિમિત્ત હોય છે તેવા દ્રવ્યકર્મનો,** નવા રજકણના આવવામાં શુભાશુભભાવ નિમિત્ત પડે છે. નવા રજકણના પુણ્ય-પાપના રજકણ આવવામાં શુભ અને અશુભપરિણામ નિમિત્ત પડતા હતા એ શુભાશુભપરિણામ જ્યારે નથી હોતાં ત્યારે **સ્વકારણના અભાવને લીધે, સંવર થાય છે.** તો નવા દ્રવ્યકર્મનું કારણ શુભાશુભપરિણામ તેના સ્વકારણ અભાવ થવાથી તે દ્રવ્યકર્મ રજકણ આવતાં નથી તેનું નામ દ્રવ્યસંવર કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? બહુ ઝીણું.

રજકણ આવતાં જ નથી. આવે પછી બંધ પડે ને? આવતાં નથી. સંવર છે કે નહીં? અહીં તો નમિત્ત-નિમિત્ત સંબંધ બતાવવો છે. ત્યાં શુભાશુભભાવ પોતાની ક્રિયામાં હતા તો નિમિત્ત પડતા હતાં, નવા દ્રવ્ય રજકણો શુભાશુભના જે રજકણ આવતાં હતાં તેને દ્રવ્યઆસ્રવ કહેવામાં આવ્યા. અને શુભાશુભભાવ છે તે ભાવઆસ્રવ કહેવામાં (આવ્યા). બેય પર્યાય છે. આ એક વિકારી પર્યાય જીવની અને કર્મની વિકારી પર્યાય આવવાવાળી આસ્રવ પર્યાય થઈને, જડની. જ્યારે તેના સ્વકારણ શુભાશુભપરિણામ રોકાઈ ગયા તો જેમાં તે શુભાશુભપરિણામ નિમિત્ત પડતા હતાં એ ચીજ આવવાવાળી છે એમ નથી અહીંયાં. પણ બતાવે છે. એ ચીજ આવવાવાળી નથી, આવવાવાળી ન હતી. જેમાં શુભાશુભપરિણામ નિમિત્ત પડતા હતાં, એ આવે છે તો જ્યારે શુભાશુભપરિણામ નથી તો આવવાવાળા જ નથી. આ તેનું નામ દ્રવ્યસંવર અને શુભાભશુભપરિણામ રોકાઈ ગયા તેનું નામ ભાવસંવર. સમજમાં આવ્યું?

પર્યાય પર્યાયનું નિમિત્ત-નિમિત્ત સંબંધ શું છે એ બતાવે છે. દ્રવ્ય તો બેય સ્વતંત્ર છે, આખા પૂર્ણ બેય. જીવ અને અજીવ તેની ચાલતી પર્યાય. તેમાં યોગમાં જ્યાં સુધી પુણ્ય-પાપ હતાં. દૃષ્ટિ પોતાના જ્ઞાયક તરફ હોવા છતાં દૃષ્ટિ પોતાના જ્ઞાયક તરફ હોવા છતાં કંપનક્રિયામાં શુભાશુભપરિણામ હતાં ત્યારે તો નવા રજકણ આવવામાં એ પરિણામ નિમિત્ત પડતાં હતાં. બરાબર છે? સુમેરુમલજી! સમજાય છે કાંઈ? જ્યારે અહીંયાં શુભાશુભપરિણામ ક્રિયામાં રોકાઈ ગયા, ઉત્પન્ન ન થયાં. રોકાઈ ગયાનો અર્થ ઉત્પન્ન થયા નહીં. તેનું નામ રોકાયા. આવ્યા હતા અને રોકાઈ ગયા એમ છે નહીં. સમજાણું કાંઈ?

સ્વભાવ પૂર્ણ શુદ્ધ તરફ વિશેષ ઝૂકવાથી અંદર કંપનમાં મન, વચનની ક્રિયા શુભાશુભપરિણામના અણુ ઉત્પન્ન થયા તેને અહીંયાં શુદ્ધ સ્વભાવ તરફથી શુભાશુભપરિણામ રોકાયા એમ કહેવામાં આવે છે. તે કારણે જે આવવાવાળી ચીજ હતી તે રોકાઈ તેને દ્રવ્યસંવર કહે છે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સંવરનો અર્થ નિષ્કંપ થયો?

ઉત્તર :- નિષ્કંપ નહીં. ક્રિયાનું કંપન તો થાય છે. તેમાં શુભાશુભ અશુધ્ધ વિકારી પરિણામ હતા તે રોકાઈ ગયા તેનું નામ ભાવસંવર છે. ક્રિયા, પરિણામ અને ઉપયોગ એ પરિણામ ક્રિયા છે મન, વચનનું નિમિત્તમાં પોતાનું કંપન થયું તે ક્રિયા તે ક્રિયામાં શુભાશુભપરિણામરૂપ અશુધ્ધ ઉપયોગ હતો એ સ્વભાવ તરફ ઝૂકવાથી અશુધ્ધનો, અશુધ્ધની અણઉત્પત્તિ થઈ અથવા ઉત્પન્ન ન થયો તેને ભાવસંવર કહેવામાં આવ્યું. અને એ નિમિત્તથી નવા રજકણ આવવાવાળા હતા એ ન આવ્યા તો દ્રવ્યસંવર કહેવામાં આવ્યું.

કંપન તો છે જ. ક્રિયા તો કેવળીને પણ છે. કંપનની ક્રિયા તો ત્યાં પણ છે. ત્યાં તો રજકણ બહુ જ આવે છે. નીચે કરતાં ત્યાં તો બહુ જ રજકણ આવે છે. એ ચીજ નહીં. અંદર જે શુભઅશુભપરિણામ મલિન આવતા હતા તે જ આસ્રવ હતા. એ અભાવ થયો તો સંવર થયો. નવા દ્રવ્યાસ્રવ પણ આવ્યા નહીં. કહો, દેવીલાલજી! શુભાશુભભાવ જેનું નિમિત્ત થાય છે. એવા દ્રવ્યકર્મના **સ્વકારણના અભાવને લીધે,** અર્થાત્ નવા કર્મ આવવામાં કારણ જો શુભાશુભ પરિણામ હતા તેના તે સ્વકારણના અભાવને લીધે **સંવર થાય છે.** કહો, સમજાણું કાંઈ?

ઓહોહો! સમય સમયની પર્યાય દ્રવ્ય કાયમ રહીને શુધ્ધાશુધ્ધ પર્યાય પોતાથી પોતામાં સ્વતંત્રપણે થાય છે. બીજા કર્મ તો નિમિત્ત માત્ર છે. સમજાણું કાંઈ? પોતાના આત્મામાં એ આત્મા છે એ તો સચ્ચિદાનંદ જ્ઞાનાનંદ પૂર્ણાનંદ સ્વભાવ જ્ઞાન, આનંદ ધ્રુવસ્વરૂપ છે. પૂર્ણ પરમ સ્વરૂપ કહો, પૂર્ણ પરમાત્મસ્વરૂપથી ભરેલો છે આત્મા.એક સમયમાં જ્ઞાન, આનંદથી પરિપૂર્ણ પરિપૂર્ણ વસ્તુ સ્વભાવ છે. તેની અંતરદૃષ્ટિ લગાવવાથી એવા જ્ઞાયક આનંદ પૂર્ણ પરમાત્મા પોતાનું નિજસ્વરૂપ તેમાં દૃષ્ટિ લગાવવાથી સમગ્ર પરદ્રવ્યની રુચિ છૂટી ગઈ. તેનાથી મને લાભ-અલાભ એ દૃષ્ટિ છૂટી ગઈ. મારા પૂર્ણ સ્વભાવથી જેટલો એકાગ્ર છું એટલો મને લાભ છે એવી દૃષ્ટિ-રુચિ થઈ ગઈ. સમજાણું કાંઈ?

અને એવી દૃષ્ટિ હોવા છતાં જ્યાં સુધી મન, વચન અને કાયા નિમિત્ત અને અંદર કંપનની ક્રિયા અને તેમાં શુભ-અશુભભાવ થતાં હતાં. શુભ-અશુભ દયા, દાન, ભકિત એ શુભપરિણામ છે મેલ પુણ્યપરિણામ. અશુભ હિંસા, જૂઠ, ચોરી પાપપરિણામ બેય મલિન ભાવ છે. એ કંપનક્રિયામાં બે હતાં ત્યાં સુધી શુભાશુભપરિણામના ભાવાસ્રવ હતા. મિથ્યાત્વનો આસ્રવ ન હતો. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ........

ઉત્તર :- આ ........ કહે છે, શું કહે છે?

મુમુક્ષુ :- .........

ઉત્તર :- કંપન તો સદાય હોય છે, એ કયાં પ્રશ્ન છે? લે.

મુમુક્ષુ :- કંપન વિના

ઉત્તર :- નહીં નહીં નહી કંપન તો આાવવાવાળી ક્રિયામાં નિમિત્ત છે બસ. પણ તેમાં શુભાશુભપરિણામ છે તે જ બંધ અને સ્થિતિનું કારણ છે. કંપન તો કેવળીને બહુ જ હોય છે. એ તો એક ક્રિયાનું કંપન છે. તેમાં શું છે? તે કોઇ મૂળ ચીજ નહીં.બંધનું કારણ તે ચીજ નહીં. બહુ આ જગતને તત્ત્વ શું છે, તત્ત્વ કેમ પ્રાપ્ત થાય એ ખબર નથી. ભગવાનઆત્મા દેહથી, વાણીથી, આ મનથી, જડથી ભિન્ન. ભિન્ન પણ પોતાના સ્વભાવથી અભિન્ન છે. આત્માનું પોતાનું સ્વરૂપ જે છે એ તો જ્ઞાન, દર્શન, આનંદ, શાંતિ એવા સ્વભાવથી ભરેલો પડયો પૂરો સ્વભાવ આત્મામાં પડયો છે. અનાદિથી છે. પણ તે સ્વભાવનો પ્રેમ તેણે એક સમય પણ અનંતકાળમાં કર્યો નહીં.

આ પર અનંતપદાર્થ પ્રત્યે પ્રેમ, રુચિ ને અરુચિ (કરી) તે કારણે પરથી મને લાભ-અલાભ અને મારાથી પરમાં લાભ-અલાભ (થાય છે.) એવી દૃષ્ટિને મિથ્યાભ્રમ દૃષ્ટિ કહે છે. એ દૃષ્ટિ જયારે ચિદાનંદમાં લાભ છે, પોતાનામાં જેટલો એકાગ્ર છું એટલો મને લાભ. જેટલો અણએકાગ્ર રહું, રાગાદિ (કરું) એટલો મને અલાભ (છે.) કહો, બાલચંદજી! એવી જયારે પ્રથમ દૃષ્ટિ થાય હું તો સચ્ચિદાનંદ શાશ્વત સત્ જ્ઞાન અને આનંદનો હું એક ખજાનો છું. નિધાન છું.

અનંત અનંત બેહદ આનંદ શાંતિ કાઢવાનો મારામાં ખજાનો પડયો છે. એવી દૃષ્ટિ થઇ ત્યારે મિથ્યાદૃષ્ટિ એટલે પરથી લાભ, નુકસાન અથવા અલ્પજ્ઞમાં હું પૂરો હતો, રાગમાં મને લાભ હતો, પુણ્યથી મને લાભ હતો, પાપમાં મઝા છે. એ બધી દૃષ્ટિ છૂટી જાય છે. સમજાણું કાંઇ?

એવી અંતરદૃષ્ટિ ભગવાનઆત્મા પૂર્ણાનંદ સચ્ચિદાનંદની દૃષ્ટિ થઇ ત્યારે તેને સમ્યગ્દર્શન જેવો સત્સ્વભાવ હતો એવી પ્રતીત થઇ તો પ્રશંસનીય દૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિ કહેવામાં આવ્યા. એમ હોવા છતાં જયાં સુધી પોતાના કંપનમાં શુભ-અશુભપરિણામના દયા, દાન, વ્રતાદિ શુભભાવ હિંસા, જૂઠ, ચોરી આદિ અશુભભાવ બેય વિકલ્પ છે, વાસના છે. એ વાસના વૃત્તિ જયાં સુધી ઊઠે છે ત્યાં સુધી તેના નવા આવરણ આવવાનું એ કારણ છે. ભ્રમણા છૂટી ગઇ, અસ્થિરતા રહી ગઇ. સમજાણું કાંઇ?

એ અસ્થિરતા પોતાની ક્રિયામાંથી છૂટી ગઇ છતાં શુદધસ્વભાવમાં, અહીં તો પૂર્ણ સંવરની વાત કરવાની છે ને! પોતાનો જ્ઞાયક ચિદાનંદ પ્રભુ પૂર્ણાનંદથી ભરેલો તેમાં જયાં લીન થયો તો જે શુભ અને અશુભ તે ઉત્પન્ન ન થયા. તેનું નામ શુદધભાવ દ્વારા શુભાશુભપરિણામ રોકાયા તેનું નામ ભાવસંવર કહેવામાં આવે છે. તેનાથી નવા આવરણ આવવાવાળા હતા તે ન આવ્યા તેનું નામ દ્રવ્યસંવર કહેવામાં આવે છે. ઓહોહો! સમજાણું કાંઇ?

ધર્મ શું ચીજ છે ને ધર્મ કેમ થાય છે. બહારથી આમ કર્યું અને આમ કર્યું ને ધૂળ કર્યું ને આમ કર્યું. કોણ કરે છે શરીર આદિ પર ચીજ છે તેનાથી તારો તેમાં કોઇ પ્રયોગ પણ નથી. તારી સત્તા માં તારો પ્રયોગ છે ઉલટો-સુલટો. તો કહે છે. **તેથી અહીં (આ ગાથામાં) શુભાશુભપરિણામનો નિરોધ,**

પોતાના શુધ્ધ આનંદમાં દૃષ્ટિ લગાવીને પછી શુધ્ધતામાં લીન થવું ત્યારે શુભઅશુભપરિણામ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ શુભપુણ્ય છે. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ વાસના પાપ છે. બેયનો નિરોધ. નિરોધનો અર્થ? આવ્યો હતો ને રોકાયો એ તો શબ્દની કથની છે. અંતરમાં સ્વભાવ શુધ્ધતામાં આવ્યો તો તે પરિણામ ઉત્પન્ન ન થયા તેને શુભાશુભને રોક્યા છે એવો ભાવસંવર કહેવામાં આવ્યો છે. ઓહોહો! સમજાણું કાંઈ?

**ભાવપુણ્યપાપસંવર,** જુઓ! તેનું નામ ભાવપુણ્યપાપ સંવર છે. આ તો મહાસિધ્ધાંત છે. એ કોઈ સાધારણ શબ્દ ને સાધારણ કોઈ ચોપડી ભણવી કે વાંચવી એ એવી આ કોઈ ચીજ નથી. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એક સમયમાં પોતાના સ્વભાવ ઉપર દૃષ્ટિ લગાવવા ઉપરાંત ક્રિયામાંથી શુભાશુભપરિણામનું ઉત્પન્ન થવું, સ્વભાવની શુધ્ધતામાં લીન થવાથી ન થયા તેનું નામ ભાવપુણ્યપાપનો આસ્રવ રોકાઈ ગયો, (તેને)સંવર કહે છે. કહો, સમજાણું કાંઈ?

**દ્રવ્યપુણ્યપાપસંવરનો પ્રધાન હેતુ,** જુઓ! એ ભાવપુણ્યપાપની જે વિકારી પર્યાય હતી તે ઉત્પન્ન ન થઈ તો **દ્રવ્યપુણ્યપાપસંવરનો પ્રધાન હેતુ અવધારવો (-સમજવો).** લ્યો! સમજાણું કાંઈ? તેમાં નિમિત્ત તે ભાવપુણ્ય ન થયા તો દ્રવ્યપુણ્યના રજકણો પણ આવવાના રોકાઈ ગયા. આવવાના રોકાઈ ગયાનો અર્થ? આવવાના હતા ને રોકાઈ ગયા એમ નથી. આવ્યા નહીં તેને આવવાના રોકાઈ ગયા એમ કહેવામાં આવ્યું. કથન પદ્ધતિ એવી છે. આવો સ્વકાળનો અર્થ ભાવ. ભાવ ન થયો તો તેને કારણે આવ્યા જ નહીં. આવવાવાળા હતા જ નહીં. આહાહા! સમજાણું કાંઈ?

શુભાશુભભાવ કર્યો તો રજકણોને આવવું પડયું એમ પણ નથી. તેને યોગ્ય જડમાં થવાવાળી પુણ્ય અને પાપની જે પરમાણુમાં પર્યાય હતી તે થતી હતી. અને જ્યારે અહીંયાં ભાવપુણ્યપાપ રોકાઈ ગયા તો તે પરમાણુમાં એવા દ્રવ્યમાં રજકણમાં પુણ્ય ને પાપ પર્યાય થવાવાળા રજકણ પણ ન હતા. સમજાણું કાંઈ? બધું સ્વતંત્ર છે. એમ ત્યાં છે જ નહીં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ......

ઉત્તર :- વસ્તુ પણ બધા, પોતાનો આત્મા દ્રવ્યથી પર્યાયથી પરિણમન કરે છે. કોઈનો સંબંધ છે જ નહીં. પોતાની સીમા જ પોતાના દ્રવ્યગુણપર્યાયમાં પુરી થાય છે. બસ! બધા દ્રવ્યની સીમા, મર્યાદા તેના દ્રવ્યગુણપર્યાયમાં સીમા પુરી થાય છે. બીજીને ક્યારેય અડયો પણ નથી. એક દ્રવ્ય ક્યારેય કોઈને અડયું પણ નથી ત્રણકાળ ત્રણલોકમાં. સમજાણું કાંઈ?

પોતાના મિથ્યાઅભિપ્રાયને અડતો હતો અને શુભાશુભપરિણામનું વેદન કરતો હતો. એ અડતો હતો તેનો અર્થ વેદન કરતો હતો. એ પોતાનો જ્ઞાયકભાવ આનંદધ્રુવ તેને પકડીને જે દૃષ્ટિમાં મિથ્યાવેદન હતું તે નીકળી ગયું. સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનનું વેદન થયું. પછી હજી શુભાશુભપરિણામમાં એટલા મેલનું

વેદન છે. એ આસ્રવ છે. એ પણ સ્વભાવ સન્મુખમાં લીન થતાં રોકાઈ ગયા એટલું વેદન શુદ્ધ થઈ ગયું. સમજાણું કાંઈ? બાપુ! ધર્મ કોઈ બીજી ચીજ છે એવી કોઈ. સુમેરુમલજી! એમ કાંઈ બહારથી મળી જાય (એમ છે નહીં) બહારમાં કોઈ ચીજ છે નહીં એ ચીજ તો જ્યાં છે ત્યાં છે. બહાર છે નહીં તો બહારથી ક્યાંથી મળે? જ્યાં છે ત્યાં તે છે. ક્યાંથી મળે?

ભગવાનઆત્મા અહીં તો આચાર્ય ભગવાનને બે વાત કહેવી હતી. શુભાશુભભાવપરિણામ રોકાઈ ગયા તે ભાવસંવર એ જેમાં નિમિત્ત પડતા હતા તેવા રજકણ પણ ન આવ્યા તેનું નામ દ્રવ્યસંવર. એ બે દ્રવ્યની વિકારીપર્યાય આવવાવાળી હતી અહીં વિકારીપર્યાય થવાવાળી હતી. રોકાઈ ગયા તો ત્યાં નિર્મળપર્યાય થઈ ત્યાં આવવાવાળી હતી નહીં. રજકણો એવા દ્રવ્ય પરિણમવાને લાયક હતા પણ નહીં. તેને દ્રવ્યસંવર કહેવામાં આવ્યું. કહો, સમજાણું કાંઈ?

આ તો વાત એવી છે ભાઈ! ધીરજની વાત છે. વસ્તુ સૂક્ષ્મ છે વસ્તુ. સંવરથી તો શરૂ થયું છે. સંવરથી તો ધર્મ શરૂ થાય છે. તો સંવર કઈ ચીજ છે? હાથમાં પાંચ આંગળી સેવાના પચ્ચખાણ લ્યે. હાથમાં આસ્રવ છે? વાણીમાં આસ્રવ છે? બોલી દીધું અમારે પાંચ હાથ.... એટલે પણ શું? ક્યા આસ્રવ ક્યાં રહે છે? તારે શું ક્રિયા થઈ? તેનાથી ક્યાં રોકાઈ ગયા, ક્યાં હતા કાંઈ ખબર નહીં. બાલચંદજી! કરે છે કે નહીં સંવર? પાંચ હાથને... સમકિતનું સંવર થયું. સમકિત ઉત્પન્ન ન થયું મિથ્યાત્વ ઉત્પન્ન થયું. હવે નીચે (ફુટનોટમાં) જરા ઓલું પ્રધાન હેતુ લખ્યું છે ને. દ્રવ્યપુણ્યપાપસંવરનો પ્રધાન હેતુ કોણ? કે ઓલા શુભાશુભપરિણામ. એમ લખ્યું છે ને? આ બાજુ ૨૦૯ (૧૯૭) પાને. શું કીધું?

**શુભાશુભપરિણામનો નિરોધ,** અથવા પોતાના આત્મામાં શુભ ને અશુભપરિણામના અણ ઉત્પન્ન થવા તેનું નામ નિરોધ કહેવામાં આવ્યું. **ભાવપુણ્યપાપસંવર દ્રવ્યપુણ્યપાપસંવરનો પ્રધાન (મુખ્ય) હેતુ** કહ્યો. પ્રધાન હેતુ કહ્યું ને? પ્રધાન હેતુ કહેવાનું શું કારણ છે? એ નીચે અર્થ કરે છે. નહીંતર તો રજકણ જે આવવાવાળા હતા તે પોતાથી આવે છે. અને રોકાયા પણ પોતાથી છે. તેમાં આ પ્રધાન હેતુ કહ્યું તો આ હતા તો આવ્યા એમ અહીં કહેવાની જરૂર નથી. તો પ્રધાન હેતુ કહેવાનું શું કારણ છે? કે મુખ્ય નિમિત્ત. જુઓ!

**દ્રવ્યસંવરમાં 'મુખ્ય નિમિત્તિ' જીવના શુભાશુભપરિણામનો નિરોધ છે.** યોગનો નિરોધ નહીં. આ સિદ્ધાંત સિદ્ધ કરવો છે. પ્રધાન હેતુ કેમ કહ્યું? છે તો નિમિત્ત. નવા રજકણો આવવાના રોકાઈ ગયા અને શુભાશુભપરિણામ ન થયા એ કારણે. તેને મુખ્ય પ્રધાન હેતુ કેમ કહ્યું? કે યોગની ક્રિયા શુભાશુભપરિણામ આવવામાં નિમિત્ત ન હતી. એ તો યોગની ક્રિયા તો નિમિત્ત ફક્ત રજકણ આવવામાં હતા અને તેમાં સ્થિતિ અને અનુભાગ એવા જે શુભાશુભપરિણામથી નિમિત્ત હતા અને

આવવાવાળા હતા એવા ભાવસંવર થયો ત્યારે દ્રવ્યપરમાણુમાં એવી પર્યાય થવાવાળી ન હતી તે રોકાઈ ગઈ. તેમાં મૂળ કારણ તો આ પરિણામ થયા. યોગ નહીં. યોગ નહીં. યોગનું કંપન તો ચાલુ જ છે. સમજાણું કાંઈ? જુઓ!

પરિણામનો નિરોધ. યોગનો નિરોધ નહીં. કંપન રોકાઈ ગયું નથી. કંપન તો છે. પણ શુભાશુભપરિણામ નવા આવવામાં નિમિત્ત પ્રધાનકારણનો અર્થ યોગ કરે છે એ શુભાશુભભાવ જ નવા આવવામાં નિમિત્ત હતા. તે રોકાઈ ગયા તો નવા શુભાશુભપરિણામ નિમિત્ત ન થયા. નવા પરમાણુ પણ ન આવ્યા તેમાં પ્રધાન કારણ આ હતું યોગ નહીં. એ બતાવવા પ્રધાનકારણ કહ્યું. બાકી તો આવવાવાળા પરિણામ તો પોતાથી જ આવે છે. અહીં શુભાશુભપરિણામ થયા તો આવ્યા અને શુભાશુભપરિણામ રોકાઈ ગયા તો તેમાં રોકાવું પડ્યું, આવતા હતા ને રોકાવું પડ્યું એમ છે નહીં. સમજાણું કાંઈ?

**(અહીં એ ખ્યાલમાં રાખવા યોગ્ય છે કે દ્રવ્યસંવરનું ઉપાદાનકારણ** એ રજકણ ન આવવાવાળા હતા તે ઉપાદાન કારણ **નિશ્ચયકારણ તો પુદ્ગલ પોતે જ છે.**) એ રજકણ આવવાવાળા ન હતા તે તેનું ઉપાદાનકારણ છે. શુભાશુભપરિણામ રોકાઈ ગયા એટલે પ્રધાનકારણ થયું અને તે કારણ તે આવવાના અટકી ગયા એમ છે નહીં. શું કહે છે આ? સમજાણું કાંઈ?

શુભાશુભપરિણામનું મુખ્ય કારણ પ્રધાન કારણ મુખ્ય કારણનો અર્થ શું? મુખ્ય કારણ તો પોતામાં છે ઉપાદાન. પણ પરમાં મુખ્ય કારણ કેમ કહ્યું કે યોગનો નિરોધ કારણ નથી. આ શુભાશુભપરિણામ કારણ આવવાવાળામાં છે. રોકાવામાં એ શુભાશુભપરિણામ રોકાવામાં મુખ્ય કારણ છે એ બતાવવા માટે પ્રધાન કારણ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

એ તો પોતાને કારણે રોકાયા. ઉપાદાન તો તેનું છે. પણ અહીંયાં શુભાશુભને મુખ્ય કારણ પ્રધાન કારણ કહ્યું તો તેનો અર્થ એમ ન લેવો કે એ કારણે આવતા હતા ને તે રોકાયા તો રોકાઈ ગયા. પ્રધાન કારણ કહેવામાં ક્રિયાનો નિરોધ ન હોવા છતાં શુભાશુભ રોકાઈ ગયા તો તેને કારણે તે પણ રોકાઈ ગયા. પોતાને કારણે હો.

મુમુક્ષુ :- ............

ઉત્તર :- નિમિત્ત બતાવવું છે. યોગ નહીં. યોગનો નિરોધ ન થયો. શુભાશુભપરિણામ નો નિરોધ થયો છે. થઈ રહ્યા છે. લોકો નથી કહેતાં? શાસ્ત્ર ભાષાએ ક્રિયાએ કર્મ, પરિણામે બંધ, ઉપયોગે ધર્મ. એ ત્રણ વાત આવે છે. ક્રિયાએ કર્મ, પરિણામે બંધ, ઉપયોગે ધર્મ. કંપન છે ક્રિયા તે કર્મ. કર્મ આવવાવાળામાં નિમિત્ત, શુભાશુભપરિણામ બંધ અને શુધ્ધઉપયોગ તે ધર્મ. સમજાણું કાંઈ? આવે છે ને ત્રણ બોલ આવે છે. શ્રીમદ્‌માં આવે છે. ક્રિયાએ કર્મ, પરિણામે બંધ, ઉપયોગે ધર્મ. એ ઉપયોગ શુધ્ધ લેવો. નહીંતર એ પરિણામે બંધ એ પરિણામ અશુધ્ધ ઉપયોગ છે. શુભાશુભપરિણામ એ અશુધ્ધ

ઉપયોગ છે. પણ પરિણામે બંધ એ શુભાશુભભાવ બંધનું કારણ છે. ક્રિયા સંપન્ન કર્મ આવવાનું નિમિત્ત છે. અને શુધ્ધઉપયોગ એ ધર્મ સ્વરૂપ છે. સમજાણું કાંઈ? આ ક્રિયા નહીં. દેહની ક્રિયાથી કર્મ આવે છે એ નહીં. ક્રિયાએ કર્મ એ ક્રિયા નહીં. સમજાણું કાંઈ? એ બતાવ્યું જુઓ ને?

કાર્ય સંબંધી ક્રિયા એમ લીધું ને? જુઓ! પાઠમાં એમ છે ને? **जस्स जदा खलु पुण्णं जोगे पावं च णत्थि विरदस्स** એ ક્રિયાનયે બે નય છે. એમ પાઠમાં લીધું છે ને? યોગનું કંપન જુદું અને તેમાં શુભાશુભભાવ હોય એ જુદી જાત છે. સમજાણું કાંઈ? કોણ આવા વિચાર કરવાને નવરું છે? સ્થિતિ, અનુભાગ એ જ મૂળ વસ્તુ છે. તેમાં નિમિત્ત પડયા તે આ ચીજ છે. ૧૪૮ ગાથામાં આવશે. તેમાં આવશે. કહો, સમજાણું કાંઈ?

**આ રીતે સંવરપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.** લ્યો! સંવરનું ૧૪૨ ગાથામાં ચાલ્યું હતું, ૧૪૩ ગાથામાં ચાલ્યું. ૧૪૧માં પણ ચાલ્યું. ત્રણ ગાથામાં પૂરું થયું. ૧૪૧માં ચાલ્યું હતું માર્ગ વાસ્તવમાં સંવર છે. ત્યાંથી શરૂ થયું. ૧૪૦ ગાથામાં આસ્રવ પૂરો થયો હતો. દ્રવ્યસંવર હોય કે ભાવસંવર હોય. એ આત્માની શુધ્ધપર્યાય ભાવસંવર છે. દ્રવ્યસંવર એટલે તે પર્યાયમાં રજકણો ન આવ્યા તેનું નામ દ્રવ્યસંવર કહેવામાં આવ્યા. છે તો તે પર્યાય. દ્રવ્યગુણમાં એ ભાવસંવર અને દ્રવ્યસંવર કહેવામાં નથી આવતાં પણ પર્યાયને કહેવામાં આવે છે. એ વાત અહીંયાં સિધ્ધ કરવી છે.

બેય સ્વતંત્ર છતાં એક પોતાની પર્યાય બીજામાં નિમિત્ત પડે છે. એટલું બતાવવું છે. નિમિત્ત હોવા છતાં કર્તા નથી. શુભપરિણામ નવા આવરણમાં નિમિત્ત પડવા છતાં શુભપરિણામ તે નવા રજકણના કાર્ય કરવાવાળા નહીં. એ કાર્ય તો તેમાં તેને કારણે સ્વતંત્ર થાય છે. હવે આ સમજે નહીં અને પછી ઓઘે ઓઘે ધર્મ થઈ જાય, લ્યો!

મુમુક્ષુ :- ઓઘે એટલે?

ઉત્તર :- ઓઘે એટલે સમજયા વિના. સમજણ કર્યા વગર, ઓળખ્યા વગર શું છે?

મુમુક્ષુ :- ........

ઉત્તર :- એ સંવર પરિણામ. કોઈ કહે ભઈ અંદરમાં સંવર પરિણામ થયા તો એટલી દેહની ક્રિયા રોકાઈ જવી જોઈએ. એ તો નહીં પણ યોગની ક્રિયા રોકાતી નથી. એમ કહે છે. અહીં તો ભાઈ એમ કહે છે. સમજાણું કાંઈ? અંતરમાં દૃષ્ટિ અને જેટલી શુધ્ધતા થઈ તો તેમાં ક્રિયા જે કંપન છે તે નથી રોકાઈ. પછી જડની ક્રિયા રોકાઈ જાય એમ છે જ નહીં. સમજાણું કાંઈ?

જડની ક્રિયા જડને કારણે હો કે ન હો તે તેને કારણે નથી થતી. આત્માને કારણે જડની ક્રિયા થતી નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ............

ઉત્તર :- ધર્મ ક્યાં હતો. ધર્મ ક્યાં હતા. કોને ધર્મ કહેવો? મંદીરમાં-એક પ્રશ્ન કર્યો હતો. ભઈ આપણા વડીલોમાં તો આવી ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહારની વાત ન હતી. તો તેને ધર્મ થતો હશે કે નહીં? એવો એક પત્રમાં પ્રશ્ન થયો હતો. તેને એક દિવસ જવાબ આપ્યો કે ભગવાનના દર્શન કરવા જતાં હતા તો ભગવાનની શ્રધ્ધા હતી કે નહીં? આ કહે ભગવાનની શ્રધ્ધા છે તો ધર્મ છે તેને. એમ કહ્યું હતું. ધૂળમાંય ધર્મ નહીં.

એમ કે આપણા વડીલોને ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબધ્ધ ને એવી કાંઈ ખબર ન હતી તો તે ધર્મ કરતાં હતાં તો ધર્મ છે કે નહીં? એવો પત્રમાં પ્રશ્ન આવ્યો હતો. હવે એક માણસે તેનો જવાબ આપ્યો. ભગવાનના દર્શન છે તો ભગવાન છે કે નહીં ત્યાં. ભગવાનની માન્યતા છે કે નહીં? શું તેમાં કાંઈ બીજાની માન્યતા છે? માટે ધર્મ હતો. એમ તે કહેતાં હતાં.

અરે! ભગવાન કોને કહે છે, ભગવાન ક્યાં રહે છે અને કહે, ભગવાન અહીં રહે છે? ત્યાં ભગવાનની ખબર નહીં અને ભગવાનના નિક્ષેપ અને ભક્તિ કરવા જાય તો શુભભાવ છે. સમજાણું કાંઈ? દેવીલાલજી! આ ભગવાનને જાણ્યા વિના બીજા ભગવાનના નિમિત્તના શુભભાવ પણ ક્યાંથી આવશે? ખરેખર તો. ખરેખર તો. એમ કે જ્યારે પોતાનું જ્ઞાન પોતાને પકડે ત્યારે તે જ્ઞાનમાં નય પડે છે તો નયનો વિષય નિક્ષેપ હોય છે. સમજાણું કાંઈ?

પોતાનું જ્ઞાન પોતાને પકડીને જ્યારે સમ્યગ્જ્ઞાન થયું, સમ્યક્શ્રુતજ્ઞાન. એ શ્રુતજ્ઞાનમાં બે ભાગ પડી ગયા, નિશ્ચય અને વ્યવહાર નય. તો નયનો નિક્ષેપ વિષય છે. તો જ્યારે પોતાનું જ્ઞાન ન થયું તો નય નહીં અને નય વિના નિક્ષેપનું જ્ઞાન ક્યાંથી તેને થશે? સમજાણું કાંઈ? આ તો સ્થાપના નિક્ષેપ છે. ભાવનિક્ષેપ ત્યાં છે? ભગવાન ત્યાં છે? પોતાના ભાવભગવાન ત્યાં છે તેનું પ્રતિબોધ થયું તો જ્ઞાન થયું તો જ્ઞાનમાં બે નય પડી ગઈ. નિશ્ચય અને વ્યવહાર. વ્યવહારનય ત્યાં આગળ નિક્ષેપને લક્ષ કરીને નિક્ષેપનો ભાગ પાડે છે. કે આ સ્થાપના છે, આ નામ છે. જ્ઞેયના ભાગ ચાર પાડે છે.

આ જ્ઞાનના અખંડ જ્ઞાયકમૂર્તિનું ભાન થયું તો જ્ઞાનમાં બે ભાગ પડયા નિશ્ચય અને વ્યવહાર. એ પછી જ્ઞેયમાં ચાર ભાગ પાડે છે. કે આ નામ છે, આ સ્થાપના છે, યોગ્યતા છે, આ ભાવ છે. સમજાણું કાંઈ? કહો, બાલચંદજી! શું છે? ક્યાંથી થાય? નિક્ષેપ તો વિષય છે. વિષય, જ્ઞાન થયા વગર વિષય ક્યાંથી આવ્યા? એ પણ પર વ્યવહાર વિષય થયા. તો નિશ્ચય વિષય થયા વગર પોતાના નિશ્ચય વિષય જ્ઞાનમાં થયા વગર જ્ઞાનમાં સમ્યક્પણું આવ્યું ક્યાંથી? અને સમ્યક્પણું આવ્યા વગર નિશ્ચય-વ્યવહારના બે ભંગ શ્રુતજ્ઞાનનો અવયવ ક્યાંથી આવ્યો?

વ્યવહારનયનો જ્યારે અવયવ પડયો તો સામે નિક્ષેપ છે તેનું લક્ષ તેને આવે છે. જ્ઞાનીને જ ખરેખર નિક્ષેપનું જ્ઞાન થાય છે. અજ્ઞાનીને નિક્ષેપનું જ્ઞાન થતું જ નથી. સમજાણું કાંઈ? ભગવાન છે,

પ્રતિમા છે, ભક્તિ છે. એ બધા નિક્ષેપ જ્ઞાનીને જ લાગુ પડે છે. અજ્ઞાનીને નહીં. શું છે દેવાનુપ્રિયા!

**આ રીતે સંવરપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.** હવે નિર્જરાપદાર્થનું વ્યાખ્યાન છે. હવે નિર્જરાપદાર્થ આવ્યો.

---

## ગાથા-૧૪૪

अथ निर्जरापदार्थव्याख्यानम् ।

संवरजोगेहिं जुदो तवेहिं जो चिट्ठदे बहुविहेहिं ।
कम्माणं णिज्जरणं बहुगाणं कुणदि सो णियदं ।। १४४ ।।

संवरयोगाभ्यां युक्तस्तपोभिर्यश्चेष्टते बहुविधैः ।
कर्मणां निर्जरणं बहुकानां करोति स नियतम् ।। १४४ ।।

निर्जरास्वरूपाख्यानमेतत् ।

शुभाशुभपरिणामनिरोधः संवरः, शुद्धोपयोगो योगः । ताभ्यां युक्तस्तपोभिरनशनावमौदर्य–वृत्तिपरिसंख्यानरसपरित्यागविविक्तशय्यासनकायक्लेशादिभेदाद्बहिरङ्गैः प्रायश्चित्तविनयवैया–वृत्यस्वाध्यायव्युत्सर्गध्यानभेदान्तरङ्गैश्च बहुविधैर्यश्चेष्टते स खलु बहूनां कर्मणां निर्जरणं करोति । तदत्र कर्मवीर्यशातनसमर्थो बहिरङ्गान्तरङ्गतपोभिर्बृंहितः शुद्धोपयोगो भावनिर्जरा, तदनुभावनीरसीभूतानामेकदेशसंक्षयः समुपात्तकर्मपुद्गलानां द्रव्यनिर्जरेति ।। १४४ ।।

---

હવે નિર્જરાપદાર્થનું વ્યાખ્યાન છે.

જે યોગ-સંવરયુક્ત જીવ બહુવિધ તપો સહ પરિણમે,
તેને નિયમથી નિર્જરા બહુ કર્મ કેરી થાય છે. ૧૪૪.

**અન્વયાર્થ :- (संवरयोगाभ्याम् युक्तं) સંવર અને યોગથી (શુદ્ધોપયોગથી) યુક્ત એવો (यः) જે જીવ (बहुविधैः तपोभिः चेष्टते) બહુવિધ તપો સહિત પ્રવર્તે છે, (सः) તે (नियतम्) નિયમથી (बहुकानां कर्मणां) ઘણાં કર્મોની (निर्जरणं करोति) નિર્જરા કરે છે.**

ટીકા :- આ, નિર્જરાના સ્વરૂપનું કથન છે.

સંવર એટલે શુભાશુભ પરિણામનો નિરોધ, અને યોગ એટલે શુદ્ધોપયોગ; તેમનાથી (-સંવર અને યોગથી) યુકત એવો જે ( પુરુષ), અનશન, અવમૌદર્ય, વૃત્તિપરિસંખ્યાન, રસપરિત્યાગ, વિવિક્તશય્યાસન અને કાયકલેશાદિ ભેદોવાળાં બહિરંગ તપો સહિત તથા

પાયશ્ચિત, વિનય, વૈયાવૃત્ત્ય, સ્વાધ્યાય, વ્યુત્સર્ગ અને ધ્યાન એવા ભેદોવાળાં અંતરંગ તપો સહિત-એમ બહુવિધ *તપો સહિત પ્રવર્તે છે, તે (પુરુષ) ખરેખર ઘણાં કર્મોની નિર્જરા કરે છે. તેથી અહીં (આ ગાથામાં એમ કહ્યું કે), કર્મના વીર્યનું (-કર્મની શકિતનું) *શાતન કરવામાં સમર્થ એવો જે બહિરંગ અને અંતરંગ તપો વડે *વૃદ્ધિ પામેલો શુદ્ધોપયોગ તે ભાવનિર્જરા છે અને તેના પ્રભાવથી (-વૃદ્ધિ પામેલા શુદ્ધોપયોગના નિમિત્તથી) નીરસ થયેલાં એવાં ઉપાર્જિત કર્મપુદ્ગલોનો એકદેશ *સંશય તે દ્રવ્યનિર્જરા છે. ૧૪૪.

## ગાથા :- ૧૪૪ ઉપર પ્રવચન

**संवरजोगेहिं जुदो तवेहिं जो चिट्ठदे बहुविहेहिं ।**
**कम्माणं णिज्जरणं बहुगाणं कुणदि सो णियदं ।। १४४ ।।**

**ટીકા :- આ, નિર્જરાના સ્વરૂપનું કથન છે.** ટીકા તેની ટીકા. તેનો વિસ્તાર. ટીકાની પહેલી લીટી. **સંવર એટલે શુભાશુભપરિણામનો નિરોધ.** ટીકાની પહેલી લીટી. ૨૧૦ પાનું હિન્દી. સંવરની વ્યાખ્યા શું? શુભાશુભપરિણામનું રોકાઈ જવું. પોતામાં શુભ અને અશુભપરિણામનું ન થવું તેનું નામ સંવર. કહો, સમજાણું કાંઈ? પંચમહાવ્રતના પરિણામ થાય એ પણ આસ્રવ છે, શુભપરિણામ છે. તેને સંવર, નિર્જરા લગાવી દયે છે. લ્યો! કષાયના કણ છે. બેય શુભાશુભભાવ નવપદાર્થનો નિર્ણય કરાવે છે કે જેને સંવર કહે છે તે શું છે? જેને આસ્રવ કહે છે તે શું છે? એવા સ્વરૂપ તેની દૃષ્ટિમાં આવ્યા

*૧. જે જીવને સહજશુદ્ધસ્વરૂપના પ્રતપનરૂપ નિશ્ચય-તપ હોય તે જીવના, હઠ વિના વર્તતા અનશનાદિ સંબંધી ભાવોને તપ કહેવામાં આવે છે. તેમાં વર્તતો શુદ્ધિરૂપ અંશ તે નિશ્ચય-તપ છે અને શુભપણારૂપ અંશને વ્યવહાર-તપ કહેવામાં આવે છે. (મિથ્યાદષ્ટિને નિશ્ચય-તપ નથી તેથી તેના અનશનાદિસંબંધી શુભભાવોને વ્યવહાર-તપો પણ કહેવાતા નથી; કારણ કે જ્યાં વાસ્તવિક તપનો સદ્ભાવ જ નથી, ત્યાં તે શુભભાવોમાં આરોપ કોનો કરવો?)*

*૨. શાતન કરવું = પાતળું કરવું; હીન કરવું; ક્ષીણ કરવું; નષ્ટ કરવું.*

*૨. વૃદ્ધિ પામેલો = વધેલો; ઉગ્ર થયેલો. (સંવર અને શુદ્ધોપયોગવાળા જીવને જ્યારે ઉગ્ર શુદ્ધોપયોગ થાય છે ત્યારે ઘણાં કર્મોની નિર્જરા થાય છે. શુદ્ધોપયોગની ઉગ્રતા કરવાની વિધિ શુદ્ધાત્મદ્રવ્યના આલંબનની ઉગ્રતા કરવી તે જ છે. એમ કરનારને, સહજદશાએ હઠ વિના જે અનશનાદિસંબંધી ભાવો વર્તે તેમાં (શુભપણારૂપ અંશની સાથે) ઉગ્ર-શુદ્ધિરૂપ અંશ હોય છે, જેથી ઘણાં કર્મોની નિર્જરા થાય છે. (મિથ્યાદષ્ટિને તો શુદ્ધાત્મદ્રવ્ય ભાસ્યું જ નથી, તેથી તેને સંવર નથી, શુદ્ધોપયોગ નથી, શુદ્ધોપયોગની વૃદ્ધિની તો વાત જ ક્યાં રહી? તેથી તેને, સહજ દશા વિનાના-હઠપૂર્વક-અનશનાદિસંબંધી શુભભાવો કદાચિત્ ભલે હોય તોપણ, મોક્ષના હેતુભૂત નિર્જરા બિલકુલ હોતી નથી.)*

*૩. સંશય = સમ્યક્ પ્રકારે ક્ષય.*

વિના નવપદાર્થનું યથાર્થ ભાન જેવો વિષય છે, જેવું સ્વરૂપ છે એવું જ્ઞાનમાં ભાસ્યા વિના જ્ઞાન યથાર્થ હોતું નથી. સમજાણું કાંઈ?

જ્ઞાન યથાર્થ થયા વિના નવપદાર્થની સાચી શ્રદ્ધા તેને હોય નહીં. કયાંનું કયાં લગાવી દયે કયાંનું કયાં લગાવી દયે! **સંવર એટલે શુભાશુભપરિણામનો નિરોધ** અને યોગ. **યોગ એટલે શુદ્ધોપયોગ.** યોગની વ્યાખ્યા અહીંયાં શુદ્ધઉપયોગ. **તેમનાથી (-સંવર અને યોગથી) યુક્ત એવા જે,** શું કીધું? શુભાશુભપરિણામનું રોકાવું એ નાસ્તિથી થયું અને યોગ શુદ્ધોપયોગ તેનાથી યુક્ત તે અસ્તિ થઈ. શુભાશુભપરિણામ ન થવા તે નાસ્તિ થઈ. થયું શું? કે યોગ થયો.

પોતાનો સ્વભાવ શુદ્ધ તરફના ઝૂકાવથી જે શુદ્ધપરિણતિ ને શુદ્ધભાવ-શુદ્ધભાવ. એવો યુકત જે પુરુષ. તેમનાથી યુકત જો કોઈ પુરુષ, જુઓ! તેમાં વજન છે. એ વગર કોઈ અનશન ઉણોદરી આદિ કરે તેને વ્યવહાર તપ પણ કહેવામાં આવતું નથી. અહીં નિર્જરાની વ્યાખ્યા છે. જેને એવો ભાવ નથી તેના બાર પ્રકારના તપમાં વ્યવહાર તપ પણ કહેવામાં આવતું નથી. સમજાણું કાંઈ? જેને શુભાશુભપરિણામનો નિરોધ છે અને શુદ્ધસ્વભાવ તરફના પોતાના ઉપયોગના વ્યાપાર અંદરમાં ઝુકયા છે. એવો જે પુરુષ એવો જે પુરુષ. હવે તેની વાત કરે છે, નિમિત્તની, વ્યવહારની.

અનશન. તેને જે અનશન છે, વિકલ્પ આવ્યો કે મારે આહાર નથી કરવો એટલો વિકલ્પ. અનશન અશન નહીં. એ વિકલ્પને નિમિત્તરૂપ વ્યવહાર તપ કહે છે. પણ જયારે તેમાં શુભાશુભપરિણામ રોકાઈ જવાથી શુદ્ધપરિણામ ઉત્પન્ન થયા એ ભૂમિકામાં એવા નિમિત્ત વ્યવહાર આવ્યા તેને વ્યવહાર તપ કહે છે. અને અંદરમાં શુદ્ધોપયોગમાં લીનતા હોય તો નિશ્ચય તપ કહેવામાં આવે છે. કહો, ભીખાભાઈ! આ ભાન વિના અનશન ફનશન કરે એ લાંઘણ કરે છે, એમ કહે છે. લાંઘણ-લાંઘણ કહે છે ને? લાંઘણ-લાંઘણ કહે છે ને?

પહેલાં આ બોલ લીધા છે. પાઠ. કેમ કે મૂળ પાઠમાં એમ છે ને? **संवरजोगिहि जुदोतवेहिं** ભાઈ! એમ શબ્દ છે ને? **तवेहिं जा चिहठे** પછી. સંવર યોગે યુકત સહિત બાર પ્રકારના તપ વ્યવહારરૂપે છે. પણ ત્યાં શુદ્ધોપયોગની વૃદ્ધિ માટે રાગ ઘટાડવા માટે વિકલ્પ આવ્યો. અને આ ભાવ નથી તેના અનશન, ઉણોદરી, વ્રત, તપ આદિ બધું જૂઠ છે. નિર્જરાનું કોઈ કારણ છે નહીં. ઓહોહો! સમજાણું કાંઈ? રહિત એમાં શબ્દ પડયો છે ને સંસ્કૃતમાં શું છે? **बहिरंग अंतरंग तपोभिबृहित:** સંસ્કૃત છે સંસ્કૃતમાં. તપોભિઃ પછી શું?

મુમુક્ષુ :- બહુવિધ તપો સહિત પ્રવર્તે છે.

ઉત્તર :- નહીં નહીં નહીં ચોથું. સંસ્કૃત ટીકા. પાછળથી **वीर्यशातनसमर्थो** પાંચ લીટી પછી છઠ્ઠી છે ને? છેલ્લા **बहिरंग अंतरंग तपोभिबृहित:** બૃંહિતઃ બૃંહિતઃ બૃ-હિતઃ એટલું. છેલ્લે જુદો શબ્દ પાડયો

છે, આમ. બૃં અને હિતઃ જુદો પાડી દીધો. આમાં જુદો પાડયો છે.

જુઓ! શું કહે છે? આ બાર પ્રકારના તપ કહેશે તેમાં પોતાના સ્વરૂપમાં શુભાશુભપરિણામ ન થવા અને શુધ્ધોપયોગનું થવું એ ભૂમિકામાં એવા બાર પ્રકારના તપ કહેવામાં આવ્યા તે નિમિત્તમાત્ર છે. હેતુ તો અંદરમાં શુધ્ધોપયોગમાં વૃધ્ધિ થવી તે વાત છે. પણ તે શુધ્ધોપયોગની ઉત્પત્તિ ન થઈ તેને વૃધ્ધિ નિમિત્તથી કયાંથી થાય? સમજાણું કાંઈ?

બાર પ્રકારના તપથી શુધ્ધોપયોગની વૃધ્ધિ કહેવામાં આવશે. તેથી આ શબ્દ લીધો છે. બૃંહિતઃ શબ્દ પડયો છે ને? બૃંહિતઃ. અંદર શબ્દ. હા એ. પણ વૃધ્ધિ પામેલો કોને? જેને પોતાના સ્વભાવની દૃષ્ટિ જ્ઞાયક જ્ઞાતા જ છું. વિકલ્પનું કાર્ય મારું નથી. મારી ફરજ નથી કે વિકલ્પ કરવો. અને દેહનો ત્યાગ કે અત્યાગ એ મારી ચીજમાં છે જ નહીં. એ તો સ્વતંત્ર પદાર્થ છે. હું જ્ઞાયક છું એવા જ્ઞાનનો બોજ દૃષ્ટિમાં આવ્યો કે હું તો જ્ઞાનથી, પરથી અધિક છું. એવું ભાન થયું તેમાં જે શુધ્ધોપયોગમાં અંદરમાં લીન થયો તેના બાર પ્રકારના તપ શુધ્ધોપયોગની વૃધ્ધિનું નિમિત્ત છે. એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ? નહીંતર એકલી લાંઘણ છે. લાંઘણ. કહે ભાઈ આપણે એટલી ઈન્દ્રિયનિગ્રહ તો કર્યો! આહાર પાંચ આજ ખાવા ન ખાવા.

કહે છે કે ભાઈ! એ ચીજ અને તે ચીજ સંબંધી તેનો વિકલ્પ તેનું તને સ્વામીપણું રહ્યું અને ચૈતન્યસહજ સ્વરૂપનું સ્વામીપણું ન આવ્યું. સમજાણું કાંઈ? ત્યાં સુધી તને જેનું સ્વામીપણું છે તેનો ત્યાગ કરવાનો ભાવ કેમ આવે છે? તેની તો રક્ષા કરવાનો ભાવ છે. સમજાણું કાંઈ? પોતાના સહજ સ્વભાવનું સ્વામીપણું દૃષ્ટિમાં આવ્યું ત્યારે વિકલ્પ અને દેહાદિ ભિન્ન છે. એ તો છૂટવાલાયક છે એવી દૃષ્ટિ થઈ ત્યારે સ્વભાવમાં એકાકાર થઈને પરનો સ્વામી ન હતો. એટલી વસ્તુ જયારે છૂટતી જાય છે (ત્યારે) આત્મામાં સ્વામીપણે શુધ્ધભાવ પ્રગટતો જાય છે. આહાહા! સમજાણું કાંઈ?

અહીં તો કહે, આજ મેં આહાર ન કર્યો. આજ આટલું ન ખાધું (તો) એટલું તો મારું તપ છે કે નહીં? કયાંથી તપ આવ્યું? હજી પરપદાર્થનું ધણીપણું માન્યું છે. જેને ધણી માને તેને છોડી દયે? એ છૂટતા નથી. દૃષ્ટિમાં છૂટયા પણ નથી. (ઘણા એમ કહે) આજ મારે આહાર છૂટયો છે. શું છૂટયું છે? આહારનો તો તું સ્વામી છો. જડનો સ્વામી. હું ખાતો હતો અને એ મેં છોડી દીધું. હું ખાતો હતો ને મેં એ છોડી દીધું. એવી પરની પક્કડબુધ્ધિ તો મિથ્યાત્વ છે. પરનું સ્વામીપણું છે. સમજાણું કાંઈ?

એ બતાવવા માટે અહીં બાર પ્રકારના તપની વ્યાખ્યા કરે છે. ભાઈ! જેનો સ્વ તેનો સ્વામી. તારી ચીજમાં તું સ્વ અને સ્વામી તું. પૂર્ણાનંદ તારો સ્વ અને તેનો સ્વામી તું. એવી દૃષ્ટિ થઈ અને શુભાશુભપરિણામથી ખસીને શુધ્ધમાં આવ્યો તે સમયે અનશન આહારનો ત્યાગ થયો એ શુધ્ધોપયોગની વૃધ્ધિમાં નિમિત્ત કહેવામાં આવ્યો છે. સમજાણું કાંઈ? અંદરમાં તો તેનો અભાવભાવ તો દૃષ્ટિમાં વર્તે

છે. પર વસ્તુનો ત્યાગ વિચાર મારામાં છે જ નહીં. અને તે તરફનો વિકલ્પ ઉઠયો તે પણ મારું કર્તવ્ય છે નહીં. મારા સ્વભાવમાં છે નહીં. તો સ્વભાવમાં છે નહીં એવી દૃષ્ટિ કરીને જ્યારે શુધ્ધમાં એકાકાર થયો તો વિકલ્પનો અને પરનો સ્વામી ન હતો તો વિકલ્પ ઘટી ગયો, શુદ્ધિ વધી ગઈ અને તેને નિર્જરા થાય છે. કહો, દેવીલાલજી!

મુમુક્ષુ :- ..........

ઉત્તર :- શરીરને અસર થાય કે ન થાય તેની સાથે કાંઈ સંબંધ છે નહીં. એમ કહે છે અહીંયાં. શરીર ઝીર્ણ પડયું તોપણ શું અને પુષ્ટ થયું તોપણ શું? તેની તે ક્રિયા જ નથી. એ સ્વામી હતો કે મારું આ છે, રાગનો સ્વામી હતો ત્યારે વિકારનો સ્વામી હતો ત્યારે ચિદાનંદસ્વામીનો ધણી ન હતો. સમજાણું કાંઈ? જેને પોતાની માલીકીની ચીજ માને તેની વૃત્તિ કરવા જાય. અહીંયાં પણ માલીકીની ચીજ માને તો તેની પુષ્ટિ કરવાની તેની ઇચ્છા છે. આહાર બાહાર છૂટયા જ નથી. આહાર કરવાની ભાવના મિથ્યાત્વની પુષ્ટિ થઈ. મેં છોડયું. મેં આહાર છોડયા તો મને લાભ થયો. સમજ્યા? પણ આહારને મેં છોડયું એમ તો માને જ છે.

જ્ઞાતા-દૃષ્ટા સ્વામી થઈને તેને કારણે છૂટી ગયા અને વિકલ્પ આવ્યો તે પણ શુધ્ધતામાં રહીને છૂટી ગયો એવું તો ભાન છે નહીં. આ નિર્જરાની વ્યાખ્યા ચાલે છે. નિર્જરા કોને કહેવી. નિર્જરાની ખબર નથી અને થઈ જાય નિર્જરા. સોળ અપવાસ કર્યા, પચીસ અપવાસ કર્યા થઈ ગઈ નિર્જરા. પોષા-કયાં ગયા તારા તપ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- લાભ તો કર્યો છે ને?

ઉત્તર :- લાભ પાપનો મિથ્યાત્વનો કર્યો છે. કારણ કે જેના સ્વામીપણાની ચીજ છે તેની તો ખબર નથી અને ત્યાં ત્યાગ-ગ્રહણમાં દૃષ્ટિ લગાવી દીધી. સ્વામીપણું થયું. મિથ્યાત્વનો લાભ થયો. બરાબર છે ને? સમજાણું કાંઈ? નિર્જરા પદાર્થની વ્યાખ્યા ચાલે છે. શુભાશુભપરિણામનું રોકાવું અને ઉપયોગ સહિત થવું, પહેલાં અસ્તિ સિધ્ધ કરી. એવા જીવને અનશન (હોય છે). સમજાણું કાંઈ?

અનેક કર્મોની નિર્જરા કરે છે તે તપ સહિત વર્તે છે. એવા વ્યવહારથી વર્તે છે તો અંદર ભાવ એવો છે. શુધ્ધ છે. તેને નિર્જરા શુધ્ધત્વને કારણે થાય છે. સમજાણું કાંઈ? જુઓ આ બધું મેં એને માટે કર્યું છે, હોં! ઓલા ટોડરમલ! અહીં કહ્યું ને અંતરંગ વૃદ્ધિનું કારણ. એણે લખ્યું છે ને? જ્ઞાની જે તપ ને અપવાસ કરે છે તે શુધ્ધોપયોગની વૃદ્ધિ માટે કરે છે. અપવાસ ખાતર અપવાસ નથી. એ શબ્દ બધા અહીંયાંથી નવતત્ત્વના અહીંયાંથી લીધાં છે. ટોડરમલ-મોક્ષમાર્ગપ્રકાશકમાં. બધા નવપદાર્થ આદિ બધી વ્યાખ્યા બહુ જ લીધી છે. ............ સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ..........................

ઉત્તર :- શુદ્ધિ હો તો હો. કર્મ તો તેને કારણે નિર્જરા થાય છે.

મુમુક્ષુ :- ........

ઉત્તર :- સત્તાનો અર્થ શું? કર્મ પડ્યા છે તે ઉદય આવી ને ખરી જાય છે.એ તો એને કારણે ખરે છે. આને કારણે ખર્યા નથી.

મુમુક્ષુ :- એનો કાળ નથી આવ્યો.

ઉત્તરઃ- નહીં કાળ નથી આવ્યો એમ નહીં. કાળ આવ્યો જ છે. ઉદીરણા થઈને ખરી જાય છે. એની પર્યાયનો ક્રમ જ એવો છે. એ ક્રમબધ્ધમાં ફરવાની લાયકતાનો જ કાળ તેનો હતો. પોતાને કારણે નહીં. શુદ્ધ વૃધ્ધિ કરી તે કારણે નહીં. અને અહીંયાં શુભરાગ આવ્યો એ પણ તેને કારણે ખરી ગયો. શુદ્ધ તરફના વલણનું જોર છે એટલો મંદ પડી પડીને ચાલ્યા જાય છે. નિર્જરાના ત્રણ પ્રકાર છે. શુદ્ધઉપયોગ નિર્જરા, અશુદ્ધનો નાશ નિર્જરા બે પોતામાં. અને કર્મની નિર્જરા એ જડ નિર્જરા. એવા ત્રણ બોલ છે. વિશેષ કહેવાશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :-૪૦, ગાથા :-૧૪૪,
## આસો સુદ-૧, મંગળવાર, તા :- ૬-૧૦-૬૪

આ પંચાસ્તિકાય નિર્જરાના સ્વરૂપનું કથન ચાલે છે. ૧૪૩ ગાથા ચાલી ગઈ. ૧૪૪ ચાલે છે. જુઓ! શું કહે છે. આત્મા એક સમયમાં અનંત અનંત-એક એક ગુણ અનંત સામર્થ્યવાળા એવા અનંતગુણ સંપન્ન આત્મપદાર્થ છે. સમજાણું કાંઈ?

એક આત્મા તેમાં એક ગુણ અનંત સામર્થ્યવંત છે. કેમ કે ગુણ જેનો સ્વભાવ તેનું સામર્થ્ય અનંત છે. એવા અનંતગુણના સામર્થ્યરૂપ એક આત્મદ્રવ્ય છે. તેમાં નિર્જરાની પર્યાય, શુદ્ધોપયોગની દશા કેમ થાય છે અને તેને નિર્જરા કેમ કહે છે એ વાત ચાલે છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે **સંવર એટલે શુભાશુભપરિણામનો નિરોધ.** પોતાનો સ્વભાવ જે પરિપૂર્ણ આનંદ અને શુદ્ધસ્વભાવ એ તરફના આશ્રયથી ઝૂકવાથી જે પરિણામમાં શુભાશુભપરિણામ ઉત્પન્ન નથી થતાં તેને રોકવા, સંવરપૂર્વક નિર્જરા લેવી છે ને? સંવરપૂર્વક નિર્જરા લેવી છે. એકલી નિર્જરા થતી નથી. તો સંવરપૂર્વક નિર્જરા કેમ થાય છે? જ્યારે સ્વભાવમાં દૃષ્ટિ આદિની એકાગ્રતા થવાથી શુભાશુભપરિણામની ઉત્પત્તિ ન થવી તેનું નામ સંવર નિરોધ થયો. પુણ્ય-પાપનો નિરોધ થયો. સ્વભાવ તરફની ઉગ્રતાના

પ્રયત્નથી શુભાશુભપરિણામનું રોકાવું, નિરોધ થવો, ઉત્પન્ન ન થવું તેને પ્રથમ સંવરધર્મની શરૂઆત કહે છે.

હવે સંવરપૂર્વક નિર્જરાની વ્યાખ્યા ચાલે છે. અને **યોગ એટલે શુદ્ધોપયોગ** તેનાથી યુકત એવો યોગ. જુઓ! હવે ઉપયોગ શુદ્ધ હોય. સંવર તો હોય. સંવરપૂર્વક. પોતાના આત્મામાં શુદ્ધોપયોગનું થવું. શુભ-અશુભનું રોકાવું કહ્યું. તે સંવર થયો. હવે પોતાના સ્વરૂપમાં શુદ્ધોપયોગની પરિણતિ વિશેષ ઉગ્ર થવી તેનું નામ સંવરપૂર્વક નિર્જરા-શુદ્ધોપયોગને નિર્જરા કહે છે. સમજાણું કાંઈ?

તો કહે છે તેનાથી યુકત જે આત્મા છે તેને અનશન. આહારનો ત્યાગ એવો વ્યવહારતપ. એ નિમિત્તની વ્યાખ્યા છે. છેલ્લે એમ લીધું કે એવા બહિરંગ અને અંતરંગ તપો વડે વૃદ્ધિ પામેલો શુદ્ધોપયોગ તે ભાવનિર્જરા છે. એમ લીધું. નિર્જરા તો શુદ્ધોપયોગભાવ એ નિર્જરા છે. અશુદ્ધઉપયોગનો નાશ થવો, શુદ્ધોપયોગનું ઉત્પન્ન થવું તેનું બેયનું નામ નિર્જરા પણ અહીંયાં શુદ્ધોપયોગની નિર્જરા કીધી છે. સમજાણું કાંઈ?

બે પાંચ અપવાસ કરી નાખે ને આમ કરે ને આમ કરે તેનું નામ નિર્જરા ફિર્જરા છે નહીં. એમ કહે છે. ધરમ બરમ છે નહીં. ધર્મ તો આત્મદ્રવ્ય દૃષ્ટિમાં આવવાથી મિથ્યાત્વના પરિણામનું રોકાઈ જવું અને સમ્યગ્દર્શનના સંવરપરિણામનું ઉત્પન્ન થવું એ પૂર્વક શુભાશુભપરિણામનું રોકાવું અને શુદ્ધોપયોગનું ઉત્પન્ન થવું તેનું નામ નિર્જરા કહેવામાં આવે છે. આહાહા!

એક એક પર્યાય દીઠ વિવેક છે. એક જ આત્મા છે ને આત્મા શુદ્ધ છે ને એમ ચાલે? આત્મા છે અનંતગુણનું શુદ્ધસ્વરૂપ પિંડ તેનો અનાદિથી ઝૂકાવ પરદ્રવ્ય અને શુભાશુભપરિણામ તરફ છે. તે ઝૂકાવ પોતાના સ્વભાવ સન્મુખ થવાથી પહેલાં તો સમ્યગ્દર્શન સંવર અને મિથ્યાત્વનું રોકાવું એ પહેલાં સંવરદશા હોય છે. એવા સંવરપૂર્વક શુભાશુભપરિણામનું રોકાવું તે બીજા પ્રકારનો સંવર છે. સમજાણું કાંઈ?

તો કહે છે કે એ પ્રાણી શુદ્ધોપયોગવાળા જીવ તેનાથી યુકત છે જે, એમ કહ્યું ને? અનશન. બહારમાં આહારનું ન મળવું, ન આવવું એવું નિમિત્ત. **અવમૌદર્ય**-થોડોક આહાર લેવાની વૃત્તિ. અવમૌદર્ય પેટ કુણું રાખવું. એ તો બધી વ્યવહારની વાત છે હો. એ નિર્જરા નથી. **વૃત્તિપરિસંખ્યાન.** કાંઈક થોડોક રસ ઓછો લેવો, અમુક ઘરમાં જાવું, અમુક ઘરમાં ન જાવું એવી વૃત્તિનો સંકોચ કરવો એ પણ બહારની વૃત્તિનું નિમિત્ત છે. તેમાં અંતરસ્વભાવ તરફની નિવૃત્તિમાં વિશેષ ઉપયોગનું જામી જાવું તેનું નામ ભાવસંવરપૂર્વક નિર્જરા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

એકલા અનશન-ઉણોદરીની વાત નથી. જુઓ! પછી **વૃત્તિપરિસંખ્યાન** પછી **રસપરિત્યાગ.** દૂધ, ખાંડ, સાકર ખાતો નથી તો તેને નિર્જરા થાય છે એમ નથી. રસપરિત્યાગની વૃત્તિ થાય અને તેમાંથી સ્વભાવસન્મુખનો ઉપયોગ શુદ્ધ થયો છે. એ તો નિમિત્તપણું. આત્માના રસમાં એકાકાર થઈને

પરના રસનું લક્ષ છૂટી જવું એવો રસપરિત્યાગ. બહાર વ્યવહારથી વાત કરી છે. પણ રસપરિત્યાગ કર્યો તે નિર્જરા ને ધર્મ છે તે નથી. એ તો પરિત્યાગી જ છે. આત્મામાં પર ચીજનો રસ છે જ નહીં. પણ તે તરફનો વિકલ્પ હતો, તેને ઉત્પન્ન થવા ન દીધો અને સ્વભાવ સન્મુખમાં આત્મદ્રવ્ય તરફ શુદ્ધઉપયોગનો ઝૂકાવ થયો તેનું નામ નિર્જરા, ધર્મની વૃદ્ધિ કહે છે. સંવર ધર્મરૂપ ઉત્પન્ન થયો, નિર્જરા ધર્મની વૃદ્ધિરૂપ-ભાવ થયો. સંવર શુદ્ધિરૂપ થયો અને નિર્જરા શુદ્ધિની વૃદ્ધિરૂપ થઈ. સમજાણું કાંઈ?

આ તો કહે તપસાનિર્જરા. તપ કરો તો નિર્જરા થઈ જાશે. અપવાસ કરે, એવું કરે. એમ નહીં. એવા યુક્તપ્રાણી છે તેને એવા ભાવ બાહ્યમાં નિમિત્ત પડે છે, પણ પોતાના શુદ્ધોપયોગભાવમાં વૃદ્ધિ થઈ તે નિર્જરા છે.

મુમુક્ષુ :- સંવરપૂર્વક તપ છે.

ઉત્તર :- એ તપ એટલે આ તપ. અપવાસ બપવાસ તપ નહીં.

મુમુક્ષુ :- સંવરપૂર્વક.

ઉત્તર :- ના, એ નહીં. સંવરપૂર્વક શુદ્ધોપયોગથી યુક્ત પહેલાં લીધું. હા, એ. સંવરપૂર્વક શુદ્ધોપયોગ થયો અંદર.

મુમુક્ષુ :- બહારમાં.....

ઉત્તર :- ના, બહાર બહાર નહીં. એ બહારમાં ભટકે છે ત્યાંથી દૃષ્ટિ છોડીને પોતામાં લીન થાય છે અને અંતરમાં શુદ્ધોપયોગ થાય તે નિર્જરા. બહારનો ત્યાગ બ્યાગ નિર્જરા નથી તેનાથી નિર્જરા થતી પણ નથી અને ધર્મ પણ થતો નથી. વાત બહુ ફેર!

અહીં તો અંદરમાં સંવરપૂર્વક શુદ્ધોપયોગ લાગેલો છે. સમ્યગ્દર્શનના સંવરપૂર્વક અંદર શુદ્ધોપયોગ દ્રવ્યસ્વભાવમાં લીન થયો છે. તેને બાર પ્રકારના તપ ભજે છે તેને વ્યવહારથી કહે છે કે તેને કારણે શુદ્ધોપયોગમાં વૃદ્ધિ થઈ. વૃદ્ધિ તો પોતાથી થઈ છે. નિમિત્તથી નહીં. સમજાણું કાંઈ? પણ વિકલ્પથી જ્યારે નિવૃત્તભાવ થયો (તો) દૃષ્ટિમાં તો તદ્દન જ્ઞાતા-દૃષ્ટા રહેલો છે. જ્ઞાતા-દૃષ્ટા. હું વિકલ્પને કરું કે છોડું એ મારા સ્વરૂપમાં છે જ નહીં. પણ સ્વરૂપમાં ઠરતાં બાહ્યમાં એવું નિમિત્ત ભજે છે રસપરિત્યાગ આદિ નિમિત્ત. તેનું લક્ષ અંતરમાં શુદ્ધોપયોગ ઉપર છે. તેનાથી શુદ્ધોપયોગ વૃદ્ધિ પામ્યો તેને નિર્જરા કહેવામાં આવી છે. આહાહા! સમજાણું કાંઈ?

પહેલાં બે બોલ લીધા ને? શુભાશુભપરિણામનું રોકાવું તે પહેલાં સંવર છે. અને પછી શુદ્ધોપયોગની ઉત્પત્તિ તે નિરોધ તો નાસ્તિથી કહ્યું. ઉત્પન્ન શું થયું છે? આત્મદ્રવ્યની દૃષ્ટિ જ્ઞાયકમય ચિદાનંદ જ્ઞાતા-દૃષ્ટા. મારું કોઈ કર્તવ્ય વિકલ્પનું કરવું કે છોડવું મારામાં છે જ નહીં. પર વસ્તુનું ગ્રહણ કરવું કે છોડવું એ તો મારામાં ત્રણકાળમાં છે નહીં. એવી ચિદાનંદ ચિદબ્રહ્મ તેમાં દૃષ્ટિપૂર્વક લગની સ્થિરતાનો ઉપયોગ

થઈ ગયો તેને આવા બાર પ્રકારના તપ થાય છે તો તેનાથી વૃધ્ધિ થયો શુધ્ધોપયોગ જનિતયુકત હતો તે. હતો તેમાં વૃધ્ધિ થઈ. જેને સમ્યગ્દર્શન નથી.આત્મા અખંડાનંદ જ્ઞાનનું ભાન અનુભવ જ નથી અને જેને શુધ્ધોપયોગની લગની અંદર ઉત્પન્ન થઈ જ નથી. તેને વૃધ્ધિ થવાનું કયાંથી આવ્યું?

અહીં તો શુધ્ધોપયોગ છે તેની વૃધ્ધિ હવે કહે છે. નિર્જરા બતાવી શુધ્ધિ. વસ્તુ! કોઈ રજકણના ત્યાગ-ગ્રહણ મારી ચીજમાં છે જ નહીં. મેં ગ્રહ્યો પણ નથી અને છોડયો પણ નથી. મારી ચીજ તો એકલી જ્ઞાનપિંડ ચિદાનંદ શુધ્ધ છે. એવું દષ્ટિમાં અનુભવમાં આવ્યું પછી શુભાશુભપરિણામ રોકાયા, શુભાશુભ વિકલ્પ રોકાયા. શુધ્ધોપયોગ થયો તેમાં આ બાર પ્રકારના તપ ભજે છે. તેની વૃધ્ધિ શુધ્ધોપયોગ થયો તેમાં વૃધ્ધિ થાય છે. સમજાણું કાંઈ?

**વિવિક્તશય્યાસન.** એકાંતના જંગલમાં રહેવું, સ્ત્રી-પુરુષના પરિચય વગર. અંતરમાં તો દષ્ટિ સંવર સમ્યગ્દર્શનપૂર્વક થઈ છે. અને શુભાશુભપરિણામ રોકાઈને શુધ્ધોપયોગ થયો છે. તેને એવા નિમિત્ત ભજે છે. અંતરમાં બહારથી હટીને અંતરમાં વિશેષ શુધ્ધોપયોગની વૃધ્ધિ થાય છે. તેનું નામ ભાવનિર્જરા કહેવામાં આવે છે. બહુ જવાબદારી! સમજાણું કાંઈ?

**કાયકલેશ.** શરીરમાં આસન લગાવે છે એમ. મયુરાસન ને એવું પદ્મ લગાવે છે ને. એ સમ્યગ્દર્શન જ્ઞાતા ઉપર દષ્ટિ થઈ છે, વિકલ્પ અને ત્યાગ-ગ્રહણ મારામાં નથી. એવા શુભાશુભપરિણામ રહિત ઉપયોગ થયો તેમાં એવા બાર પ્રકારના તપ નિમિત્તરૂપ ભજે, તેનાથી વૃધ્ધિ પામેલો ઉપયોગ તેને નિર્જરા કહે છે. કહો, બાલચંદજી! કેટલા ઉપવાસથી નિર્જરા થાય છે? રસપરિત્યાગથી નિર્જરા થાય છે કે નહીં. આહા! લોકો આ બાર પ્રકારને વળગે. દષ્ટિ મિથ્યા છે ને? (લોકો એમ કહે) આટલું છોડયું ને એને નિર્જરા થઈ, આટલું છોડયું ને તેને નિર્જરા થઈ. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! ભારે વાત!

બાર પ્રકારના નામ લીધા છે, હોં! એ બારેય તો વિકલ્પના ભેદ છે. એ સંવર, સંવર છે જ નહીં, નિર્જરા પણ છે નહીં. પરનો ત્યાગ બ્યાગ તો આત્મામાં છે જ નહીં. એ પ્રશ્ન તો છે નહીં. આ તો નિમિત્તનું લક્ષ કરીને કોનાથી લક્ષ છૂટયું છે અને કોનામાં ગયું છે, કોનાથી લક્ષ છૂટયું. પર આદિથી તો લક્ષ છૂટયું, એટલી થોડી આસકિત (ઘટી) અને સ્વભાવ તરફ ગયું છે. તેને નિર્જરા થાય છે. તો કોનાથી લક્ષ છૂટયું તેનું નામ લીધું છે. આહાહા! સમજાણું કાંઈ?

**કાયકલેશાદિ ભેદોવાળા બહિરંગ તપો સહિત,** બાર તપની વાત, બતાવવા, તપ નિમિત્ત. અને **અંતરંગ તપ.** એ પણ હજી વિકલ્પ હોં! એ પણ બાહ્ય છે. શુધ્ધોપયોગ અપેક્ષાએ તો હજી એ પણ બાહ્ય છે. પ્રાયશ્ચિત કરવું. કોઈ પાપ લાગ્યું હોય. પણ આ પહેલાં તો ઉપયોગ સહિતની વાત કીધી ને? સમ્યક્ સ્વરૂપની દષ્ટિનો અનુભવ થયો. હું તો જ્ઞાનથી ભરેલો પદાર્થ છું. મારા સિવાય મારી કોઈ બીજી ક્રિયા છે જ નહીં. જાણવા-દેખવા સિવાય મારી કોઈ (બીજી) ક્રિયા છે જ નહીં. સમજાણું કાંઈ?

શેઠી! કાલ રાત્રે શેઠીયાએ એક બોલ કીધો હતો સાંજે. એ લોકો બધા કહે છે કે નહીં? થવાનું હોય તેમ થાય છે, તમારા કાનજીસ્વામીને તો થવાનું હોય તેમ થાય છે, થવાનું હોય તેમ થાય છે. તો પછી બધાનું કાર્ય કરવું નહીં. તમારે તમારું પણ કાર્ય કરવું નહીં. તમારું પણ કાર્ય કરવું નહીં અને બીજાનું પણ કાર્ય કરવું નહીં તો તમારે થવાનું હોય તેમ થાય તો તમારા આત્માનું કાર્ય કરવું એ પણ આવ્યું નહીં. પુરુષાર્થ ન રહ્યો. તેને કહ્યું, ભાઈ! પોતાના ગુણ કાર્ય કરી રહ્યા છે તેમાં કાર્ય ન કરવું એ આવ્યું ક્યાં? કાર્ય તો કરી રહ્યા છે અનંતગુણ. અને જ્ઞાને જોયું છે. જ્ઞાન જાણે છે દરેક ગુણ કાર્ય કરી રહ્યા છે. કાર્ય કરવું છે એવું જ્ઞાને જાણ્યું છે. તો પરનું કાર્ય ન કરવું અને પોતાનું કાર્ય તો થાય જ છે. થાય જ છે પછી (વાત ક્યાં રહી) પર્યાય તો થાય છે ને? પર્યાય કહો કે કાર્ય કહો. તમારે કાર્ય ન કરવું એ ક્યાં રહ્યું? શોભાલાલભાઈ! ........................ ઓલા બધા તેરાપંથીમાં લગાવે ને? એને પ્રશ્નનું કામ બહુ પડે.

તમારે તો થવાનું હોય તેમ થાય તો કાર્ય કરવાનું તો રહ્યું જ નહીં. કરવું તો નહીં-તમારું પણ. પણ અમારામાં કાર્ય થાય છે, થઈ રહ્યું છે, ગુણ કરી રહ્યા છે. પછી કરી રહ્યા છે એમાં કરવું ક્યાં બીજું લેવું છે. જ્ઞાન જાણે છે. જ્ઞાન નથી જાણતું? મારું કાર્ય પણ થઈ રહ્યું છે અને તેનું પણ કાર્ય થઈ રહ્યું છે. બસ! થઈ ગયું. જ્ઞાતા-દષ્ટા થયો. એ જ પુરુષાર્થ છે. બીજો પુરુષાર્થ શું છે? સમજાણું કાંઈ? ઘાલ-મેલ કરવી છે? આઘું પાછું કરવું છે? કહો, સમજાણું કાંઈ? એમ અહીંયાં નિર્જરા કાળમાં પણ કોઈ ચીજને આઘી પાછી છોડવી ફોડવી નથી. સમજાણું કાંઈ?

પોતાનો ઉપયોગ શુદ્ધસ્વભાવ તરફ ઝુકયો છે. જાણવા-દેખવાની ક્રિયા થાય છે અને બધા ગુણ પરથી રહિત પોતાનું કાર્ય કરે છે. એવા શુદ્ધોપયોગને નિર્જરા કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ? તમારે તો શુદ્ધોપયોગ કારણ કે કાર્ય તો નહીં તો તમારે શુદ્ધોપયોગ પણ નહીં. અરે! સાંભળ તો ખરો! તે જ ચારિત્રગુણનું કાર્ય છે. સમજાણું કાંઈ?

જ્ઞાનગુણનું કાર્ય જાણવું છે. શ્રદ્ધાગુણનું કાર્ય શ્રદ્ધા કરવી છે. ચારિત્રગુણનું કાર્ય શુદ્ધોપયોગ-કાર્ય થાય જ છે. એ તો એક કાર્ય છે. કાર્ય બીજું કયું છે પણ? સમજાણું કાંઈ? એ શુદ્ધોપયોગ જ ચારિત્રગુણનું કાર્ય છે. કાર્ય છે. એ ગુણ કાર્ય કરી રહ્યું છે. સ્વભાવ સન્મુખ થઈને શુભાશુભ (પરિણામ) રોકાઈ ગયા તો શુદ્ધોપયોગનું કાર્ય થઈ રહ્યું છે. થાય જ છે તો કરવું શું બીજું? સમજાણું કાંઈ?

એ જ કાર્ય છે. ચારિત્રગુણનું એ જ કાર્ય છે. જ્ઞાનગુણનું જાણવું કાર્ય છે, દર્શન ગુણનું દેખવું (કાર્ય) છે, શ્રદ્ધાગુણનું શ્રદ્ધાન છે, વીર્યગુણનું રચના-પર્યાયની રચના થાય છે. એ કાર્ય તો થાય જ છે. પ્રત્યેક ગુણનું કાર્ય થાય જ છે. ક્યાં નથી થતું? સમજાણું કાંઈ? દષ્ટિ જ્ઞાયક ઉપર ન (હોય) અને હું કરું કોઈનું અને મારી પર્યાય કરું. કરું કરુંનો અર્થ શું? કાર્ય થાય છે અને કરુંનો અર્થ શું થયો? તો કાર્ય

થાય છે અને કરું (એમ) બે થયા. સમજાણું કાંઈ?

અહીં કહે છે આ બાહ્યના પદાર્થ લ્યે છે તો લક્ષ ત્યાંથી છૂટે એટલું બતાવવું છે. અંદરમાં અમે જાઈએ છીએ અંદરમાં તો શુધ્ધોપયોગની પરિણતિ જે થઈ બસ, તે શુધ્ધોપયોગ સહિત તો છે. પણ તેનાથી શુધ્ધિની વૃધ્ધિ થઈ તેનું નામ નિર્જરા કહેવામાં આવે છે. પહેલાં અહીં લીધું છે કે સંવર અને સંવર સહિત શુધ્ધોપયોગ યુકતજીવને એમ કહ્યું છે. સમજાણું કાંઈ? તેને એવો કોઈ **પ્રાયશ્ચિત**નો વિકલ્પ હો અથવા તો ત્યાંથી લક્ષ છૂટયું છે અને દેવ-ગુરુ આદિનો **વિનય** કરે છે. ત્યાંથી લક્ષ છૂટયું છે તો વિનય નિમિત્તમાં કહેવામાં આવ્યા છે. **વૈયાવૃત્ત્ય.** ગુરુ આદિ ધર્માત્માના વૈયાવૃત્ત્યમાં જે લક્ષ-વિકલ્પ હતો તેનાથી લક્ષ છૂટયું છે અને અહીંયાં આત્મામાં લક્ષ જામ્યું છે. તો અંશે વૃધ્ધિ થઈ એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? હેં! આહાહા!

**સ્વાધ્યાય.** સ્વાધ્યાયમાં જે વિકલ્પ ઊઠે છે, વાંચન વગેરે. તેનાથી લક્ષ છૂટયું છે અને અંતરમાં લક્ષ જામ્યું છે તો તેને નિમિત્તથી ત્યાં શુધ્ધોપયોગની વૃધ્ધિ થઈ એમ નિમિત્તથી કહેવામાં આવ્યું છે. ભારે વાત! સમજણ જ હજી કઠણ! સમજાણું કાંઈ? એ સમજણને અમલમાં મૂકી. અમલનો અર્થ-જ્ઞાને જાણવાનું કામ કર્યું એ અમલમાં મૂકયું (એમ કહેવામાં આવે છે.) શ્રધ્ધાએ કાર્ય કર્યું એ અમલમાં મૂકયું. ચારિત્રએ શુધ્ધોપયોગનું કાર્ય કર્યું એ અમલમાં મૂકયું. કાંઈ બીજું અમલમાં મૂકવાનું છે નહીં. શેઠી! અમલ એટલે નિર્મળ! પોતાના દ્રવ્યની દષ્ટિપૂર્વક અંતરમાં શુધ્ધોપયોગની નિર્મળતા થવાની હોય તે પોતાના ગુણનું અમલપણું કર્યું. સમજાણું કાંઈ? તે જીવનું જીવન છે. તે જીવનું જીવન છે.

**સ્વાધ્યાય, વ્યુત્સર્ગ.** વ્યુત્સર્ગ કાયોત્સર્ગ આદિનો વિકલ્પ છે. ત્યાંથી લક્ષ છૂટીને, શુભભાવ હતો પહેલાં રોકયો હતો-લક્ષ થયું હતું ત્યાંથી લક્ષ છૂટીને શુધ્ધોપયોગમાં વૃધ્ધિ થઈ. અને **ધ્યાન.** ધ્યાન હું કરું ને આમ કરું. એવો પણ એક વિકલ્પ. જયાં વિકલ્પ થાકી જાય, વિકલ્પ રોકાઈ જાય. ત્યાં વિકલ્પ રોકાયો હતો તે વિકલ્પનું લક્ષ છૂટયું એટલે અહીં વિકલ્પથી વાત કરી છે. નિમિત્તથી વાત બતાવે છે. સમજાણું કાંઈ?

અંતર જ્ઞાનાનંદમાં થંભી જાય. સમજાણું કાંઈ? ધ્યાનમાં-કારણ કે હું ધ્યાન કરું એવો વિકલ્પ. એનાથી વૃધ્ધિ પામ્યો હોય તો તો શુધ્ધોપયોગ છે. અહીં ધ્યાન હજી બાહ્ય વિકલ્પ ને પરનું લક્ષ. હું ધ્યાન કરું. એ વિકલ્પને છોડીને શુધ્ધોપયોગ થયો છે, આ શુધ્ધોપયોગ તો છે. પહેલાં તો કહ્યું. વિશેષ શુધ્ધોપયોગની વૃધ્ધિ-ધ્યાન કરું એવા વિકલ્પથી ખસીને સ્વભાવમાં વિશેષ એકાગ્રતા થઈ એ શુધ્ધોપયોગ ને નિર્જરા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

જો કે ધ્યાન પોતે શુધ્ધોપયોગ ને નિર્જરા છે એમ અહીં નથી કહેતાં. અહીંયાં તો કહે છે કે **એવા ભેદોવાળાં અંતરંગ તપો સહિત-એમ બહુવિધ તપો સહિત પ્રવર્તે છે.** ભેદમાં. હવે નીચે

(ફુટનોટમાં) છે. જુઓ! એકડો છે ને? અથવા આ લીટી લઈ લ્યો. **તે (પુરુષ) ખરેખર ઘણાં કર્મોની નિર્જરા કરે છે.** છે? હવે નીચે (ફુટનોટમાં).

**જે જીવને સહજશુદ્ધસ્વરૂપના પ્રતપનરૂપ નિશ્ચય-તપ હોય તે જીવના,** શું કહે છે જે જીવને સહજ જ્ઞાનાનંદ સહજ સ્વભાવ-હું મારું સ્વરૂપ સ્વતંત્ર સહજ છે. એવા શુદ્ધસ્વરૂપના પ્રતપન એટલે ઉગ્રતાથી થવું તે નિશ્ચય તપ છે. તેનું નામ નિશ્ચયતપ સાચું તપ છે. વ્યાખ્યા, તપની વ્યાખ્યા પણ જુદી છે. જે જીવને સહજ શુદ્ધ જ્ઞાનાનંદ પ્રભુ, પરનો તો ત્રિકાળ અભાવ સ્વભાવ છે. વિકલ્પનો પણ સ્વભાવમાં અભાવ સ્વભાવ છે. એવા સહજ શુદ્ધસ્વરૂપના પ્રતપન પ્ર-વિશેષે ઉગ્રપણે ઓપિત-શોભીત થવું, એવું સુવર્ણ તેમાં ગેરૂ લાગવાથી ગેરૂ કહે છે ને? સોનું શોધે છે, ઓપિત થાય છે. એવું ચૈતન્ય સ્વરૂપ જ્ઞાનની આખી ડલ્લી એવી દૃષ્ટિમાં લઈને સ્થિર થયો એવા જીવને પ્રતપન એટલે ઉગ્ર શાંતિની વૃદ્ધિ થઈ આ તેનું નામ સાચું તપ નિશ્ચયતપ કહેવામાં આવે છે. આહાહા! સમજાય છે કાંઈ?

**તે જીવના,** એવા જીવના. એકલા બાર વ્રત રસત્યાગ ને એ નહીં. એ તો અભવિ પણ અનંતવાર કરે છે. એ કોઈ નિર્જરા અને સંવર છે પણ નહીં. સમજાણું કાંઈ? તે જીવના, હઠ વિના વર્તતા થકો અનશનાદિસંબંધી ભાવોને તપ કહેવામાં આવે છે. નિમિત્તથી તપ કહેવામાં આવે છે. તેમાં વર્તતો થકો શુદ્ધિરૂપ અંશ એ નિશ્ચય-તપ છે. તેમાં અંદર સ્વભાવ તરફનો ઝૂકાવ જે જ્ઞાનાનંદનો, પહેલાં જો માર્ગમાં દૃષ્ટિમાં આવ્યો હતો 'આ આત્મા' એમ માર્ગમાં ઝૂકીને. માર્ગ તો ખ્યાલમાં આવ્યો હતો વસ્તુ. આ રીતે પકડયો હતો. એમ ખ્યાલમાં આવી ગયો છે. એ માર્ગ તરફ વિશેષ ઝૂકે છે. સમજાણું કાંઈ? તેને જે આ શુદ્ધિરૂપ અંશ છે તે નિશ્ચય-તપ અને શુભપણારૂપ અંશને વ્યવહાર-તપ કહેવામાં આવે છે. જુઓ!

એ વિકલ્પ આવ્યો ને જરી! નરક છોડયું ને આ કર્યું વિકલ્પ. તેને નિશ્ચય સહિત તપ હોય તો તેને વ્યવહાર-તપ કહે છે. કેમ બરાબર છે? અમરચંદભાઈ! એકલા વ્યવહાર! આ તો નિશ્ચય આવો હોય તો એવા બાર પ્રકારના વિકલ્પને વ્યવહાર-તપ કહે છે.

નિર્વિકલ્પ આનંદના ઝરણાં ઝરે. દૃષ્ટિના ધ્યેયમાં આત્મા લીધો છે બધું દૃષ્ટિમાંથી છોડી દીધું. પરદ્રવ્ય નથી પર્યાય જેટલો નહીં, રાગ નહીં, ગુણભેદ નહીં. એકલો ચૈતન્ય જ્ઞાયકભાવ આખો પૂર્ણ સ્વભાવ એવી દૃષ્ટિ તેમાં જામી ગઈ, માર્ગ ત્યાંથી અંતરમાં થયો, એવા માર્ગથી અંતરમાં લીન થયો. સમજાણું કાંઈ? સમજવાની ચીજ જ જગતમાં દુર્લભ થઈ ગઈ છે. હજી શું ચીજ છે ને. બહારથી માપ બહારથી માપ. એણે પુરુષાર્થ નથી કર્યો માટે. સમજમાં લ્યે તો સુલભ જ છે. જુઓ!

કહે છે કે મિથ્યાદૃષ્ટિને નિશ્ચય-તપ નથી, જેની દૃષ્ટિ જ હજી રાગ-વિકલ્પ ઊઠે છે. એ શું ચીજ છે? નિર્વિકલ્પ શું ચીજ છે? પરવસ્તુ શું ચીજ છે? હું છોડું ગ્રહણ કરી શકું છું કે નહીં. ભાન જ નથી. સમજાણું કાંઈ? અને પૂર્ણ બ્રહ્માનંદકંદ નિત્યાનંદ પ્રભુ તેની તો દૃષ્ટિ થઈ નથી તો કયાંથી હટીને કયાં

ઊભું રહેવું, કયાં ટકવું એ તો ખબર નથી. સમજાણું કાંઈ? જ્ઞાનીને તો બાર પ્રકારના તપના વિકલ્પ છે, ત્યાંથી ખસીને અહીંયાં ઠરવું તેનું ભાન છે. સમજાણું કાંઈ?

વસ્તુ પરિપૂર્ણ એક જ ચીજ છે. અને હું જ પૂરો પરમેશ્વર છું. એવી અનુભવદષ્ટિ અંદર પકડયા વિના તેની રાગ ઉપર, નિમિત્ત ઉપર ને અંશ ઉપર અને ભેદ ઉપર તો દષ્ટિ છે. એ મિથ્યાદષ્ટિને નિશ્ચય-તપ તો છે નહીં. **તેથી તેના અનશનાદિ સંબંધી શુભભાવોને,** તેને જે વિકલ્પ ઊઠે છે કે આહાર ન કરવો, રસ(વાળું) ખાવું નહીં. સમજયા? આવ્યું ને બધું ઉણોદરી લેવી, બહુ જ મંદ રાગ કરવો, વ્યુત્સર્ગ એકલું જંગલમાં રહેવું આદિ. અને કાયકલેશથી બે ચાર કલાક સુધી બેસી રહેવું. અને પ્રાયશ્ચિત, વિનય કરે, વૈયાવૃત્ય કરે, સ્વાધ્યાય કરે, વ્યુત્સર્ગ કરે. એ બધા શુભભાવોને **વ્યવહાર-તપો પણ કહેવાતા નથી.** તેના શુભભાવને વ્યવહાર-તપ પણ કહેતાં નથી. આહાહા! સમજાણું કાંઈ?

**કારણ કે જયાં વાસ્તવિક તપનો સદ્‌ભાવ જ નથી,** અંતરમાં સ્વભાવની રુચિ અને અનુભવ દષ્ટિ, જેણે પરમાત્મામાં પૂર્ણ દષ્ટિનો સ્વીકાર કર્યો અને તેમાં રોકાવાથી ચારિત્ર થાય છે. બીજી કોઈ ચારિત્રની ક્રિયા જ નથી. એવા નિશ્ચયસ્વભાવની દષ્ટિ અને તેમાં લીનતા થઈ જ નથી. તેને બાર પ્રકારના તપ વ્યવહાર-તપ પણ કહેવામાં આવતાં નથી. શુભભાવમાં આરોપ કોનો કરવામાં આવે? જેને અંદર શુધ્ધભાવ વસ્તુની દષ્ટિ અને વસ્તુનો અનુભવ અને વસ્તુમાં સ્થિરતા થઈ જ નથી. તેના બાર પ્રકારના શુભભાવને વ્યવહાર આરોપ પણ આપવામાં આવતો નથી. એ વ્યવહારતપ પણ કહેવામાં આવતું નથી. નિશ્ચય તો છે જ નહીં. પણ વ્યવહાર પણ છે નહીં. આહાહા! સમજાણું કાંઈ? ભગવાનજીભાઈ! હવે પડયા હશે બે પાંચ જણા કહેનારા. આ વસ્તુ આવી છે. કહો, સમજાણું આમાં?

અહીંયાં તપની વ્યાખ્યા ચાલે છે. ઉતરે નહીં. ઝીણું પડે છે. ઉપરથી સાંભળે છે. આ તો વિષય જુદી જાતનો ને? એ તમારો વિષય જુદો ને આ વિષય પણ જુદો. આ આત્મા છે ને આત્મા. ત્યાં તપની વ્યાખ્યા તો બહુ જ લાંબી છે. ઉપરથી પહેલેથી કહે છે. 'તલાઈ' એ પહેલાં છે ને પહેલી લીટી હિન્દીમાં છે. **સંવર એટલે શુભાશુભપરિણામનો નિરોધ.** ઉપર હિન્દીમાં છે. તેની વ્યાખ્યા જરા ઝીણી છે.

શું કહે છે? જુઓ! સંવર કોને કહે છે અને સંવરપૂર્વક શુદ્ધિની વૃદ્ધિ. સંવર શુદ્ધિને કહે છે અને પછી નિર્જરા ભાષા છે તેને શુદ્ધિની વૃદ્ધિ કહે છે. તો કહે છે કે શુદ્ધિ અને શુદ્ધિની વૃદ્ધિ કોને થાય છે. શુદ્ધિનું નાામ સંવર છે અને વૃદ્ધિનું નામ નિર્જરા છે. નિર્જરા એટલે અશુધ્ધનું ટળવું. હવે એ શુદ્ધિ કોને થાય છે. કે આ આત્મા એક સમયમાં અખંડાનંદ શુધ્ધચિદાનંદની મૂર્તિ પૂર્ણ આનંદથી આત્મા ભર્યો છે. જે આત્મપદાર્થ છે. જે આ માટીથી ભિન્ન છે. શરીરથી, વાણીથી. અને અંદર એક ભાવક જે કર્મ છે. ધૂળ ઝીણી. તેનાથી ભિન્ન છે.

અને આત્મામાં દયા, દાન, ભક્તિ, વ્રત, તપનો વિકલ્પ વૃત્તિ ઊઠે છે. એ પણ પુણ્ય પરિણામ છે. તેનાથી પણ ભગવાન ભિન્ન છે આત્મા. અને હિંસા, ક્રોધ, માન, માયા, લોભ, કમાવું વગેરે રાગાદિ વૃત્તિ ઊઠે છે તે પાપ છે. દયા, દાન, ભક્તિ, વ્રત વિકલ્પનું ઉઠવું તે પુણ્ય. બેય ભાવ અહીંયાં શુભાશુભ કહેવામાં આવ્યા છે. પહેલાં શબ્દમાં. **સંવર એટલે શુભાશુભપરિણામનો નિરોધ.** એ વ્યાખ્યા છે જરી. આ વાચક શબ્દ છે આ તો. સામે પડયો છે. એ વાચકનું વાચ્ય શું છે?

કે, આત્મા એક સમયમાં શુધ્ધ ચિદાનંદ જ્ઞાનમૂર્તિ ધ્રુવસ્વભાવ નિત્યાનંદ પ્રભુ તેમાં દૃષ્ટિ લગાવવાથી પ્રથમ સમ્યગ્દર્શન થાય છે. સાચા અનુભવની પ્રતીતિ. પછી શુભ અને અશુભભાવ જે ઉત્પન્ન થાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ એ બધા ધર્મ નથી. કિરીટભાઈ! આ જરી ઝીણી વાત છે. તમારી વાત કરતાં જુદી છે. મેં ઓલું કહ્યું હતું ત્યાં.

મુમુક્ષુ :- હું તો બહુ નાનો પડું.

ઉત્તર :- હવે નાના શેના? આત્મા નાનો મનાય? ભાઈ! આત્મા નાનો છે જ નહીં. ભગવાન આત્મા છે. લીંડી પીપર નાની પણ (તાકાતમાં) મોટી છે. કેમકે આટલી નાની પીપરમાં ચોસઠ પહોરી તાકાત ભરી છે. છે કે નહીં ચોસઠ પહોરી? હવે તમારે સો પૈસા થઈ ગયા ને? સો પૈસા એટલે રૂપિયો. અત્યાર સુધી તો ૬૪ પૈસા હતા ને? પીપરનો આટલો દાણો હોય. લીંડી પીપર એટલામાં ચોસઠ પહોરી તીખાશ ભરી છે. આપણા હિસાબે તીખાશ હિન્દીના હિસાબે ચરપરાઈ. એટલીમાં ચોસઠ પહોરી પડી છે કે નહીં? એટલી નાનીમાં નહીં? એટલા દાણામાં અને એક જ દાણામાં ચોસઠ પહોરી એટલે સોળઆના એટલે રૂપિયો એટલે પરિપૂર્ણ. એટલી તીખાશ અંદર પડી છે તો પ્રગટ થાય છે. પ્રાપ્તની પ્રાપ્તિ છે. ન હોય તેમાંથી આવતી નથી. અંદર ન પડી હોય તો પથરામાંથી કયાંથી આવે? પથરો એકલો ઘસે તો તેમાં ન હોય તો કયાંથી આવે? પીપરની શક્તિમાં અંદર ચોસઠ પહોરી એટલે રૂપિયો પૂર્ણ, ચરપરાઈ તીખો રસ પડયો છે. તીખા એટલે એની ભાષામાં આપણી ચરપરાઈ અને લીલો રંગ. એમ ભગવાનઆત્મા ખોટા શરીર છે એમ ન લેવું. અંતર દ્રવ્ય વસ્તુ. વસ્તુ સત્ સત્ આદિ અંત વિનાની ઉત્પત્તિ ને નાશ વિનાની ચીજ છે. આદિ વિના છે અનાદિથી. છે છે અને ભવિષ્યમાં છે(પણે) રહેશે. એવી સત્ ચિદાનંદ એનું સત્ તેમાં જ્ઞાન અને આનંદ ભરેલાં છે. જેમ પીપરમાં ચરપરાઈ (તીખાશ) ભરી છે અને લીલો રંગ ભર્યો છે. કાળા તો કૃત્રિમ છે અંદર ખરી ચીજ તે છે નહીં.

એમ આત્મામાં સિધ્ધ અને આનંદ અંદરમાં પડયા છે. જ્ઞાન અને આનંદ પરિપૂર્ણ ચોસઠ પહોરો રૂપિયો પૂરો. ખબર નહીં અને કોઈ દિવસ સાંભળ્યું પણ ન હોય. સમજાણું કાંઈ? આ બહાર કેળવણી જુદી અને અંદર આત્માની કેળવણી જુદી છે. કહો, સમજાણું કાંઈ? એ કહે છે કે ભગવાનઆત્મા શુભાશુભ પરિણામનો નિરોધ કરે અર્થાત્ શુભ અને અશુભ રાગ વાસના છે તે તરફથી ખસીને પોતાના

શુદ્ધ આનંદ તરફ ઝૂકી જાય ત્યારે તેમાં શુદ્ધિની વૃદ્ધિ જે થાય. પહેલી શુદ્ધિ જ ઉત્પન્ન થાય છે. તેને સંવર કહે છે. અને એ શુદ્ધિમાં વિશેષ નિર્મળતા વધે છે તેને ધર્મરૂપી નિર્જરા કહે છે. આ સંવર, નિર્જરા એ જૈનની સારી ભાષાના શબ્દ છે. તેનું વાચ્ય આ સાદી ભાષામાં કહીએ છીએ તે છે. સમજાણું કાંઈ?

ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ પિંડ છે. વસ્તુ સ્વભાવ વસ્તુ સ્વભાવ. પદાર્થ છે તે સ્વભાવથી ખાલી ન હોય. વસ્તુ છે તે બધા ભાવ પોતાના કાયમી અસલી ગુણ શક્તિથી ખાલી હોય નહીં. એવો આત્મા એક વસ્તુ અનંત અનંત શુદ્ધિ જ્ઞાન, દર્શન, આનંદથી ભરેલો પડયો છે. અનાદિથી પોતાની શક્તિની સંપદા શું છે તેની દૃષ્ટિ ન કરીને આ શરીર મારું, ધૂળ મારી, પૈસા મારા, બાયડી મારી, ........... અને અંદરમાં પુણ્ય અને પાપ, શુભાશુભ વિકલ્પ ઊઠે છે. એ વિકાર છે. એ પણ મારા એમ માની ને ત્રિકાળ આનંદકંદને ભૂલી ગયો છે. સમજાણું કાંઈ?

એ આનંદકંદ ભગવાનઆત્મા પોતાનું નિજસ્વરૂપ તેમાં દૃષ્ટિ કરીને શુભ અને અશુભ જે દયા, દાન વિકલ્પ વાસના છે. હિંસા આદિની વાસના છે ત્યાંથી ખસીને પોતાના નિજસ્વરૂપમાં જામી જવું આ તેનું નામ શુદ્ધઉપયોગ પુણ્ય-પાપ શુભાશુભભાવ અશુદ્ધ, મલિન-દયા, દાન, ભક્તિ, વ્રતનો વિકલ્પ પણ પુણ્યરૂપ મલિન અશુદ્ધભાવ. હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ-વાસના, કામ, ક્રોધ એ પાપરૂપ મલિન અશુદ્ધભાવ. બેય ભાવને રોકીને અંતર સ્વરૂપમાં લીન થવું આ તેનું નામ ધર્મ કહેવામાં આવે છે. બાકી બધી વાતું છે. સમજાણું કાંઈ? ઓ શેઠી! આપણે નીચે ચાલે છે. એ નોટ તો પૂરી થઈ ગઈ. છે ને? નીચે (ફુટ) નોટ. એ કૌંસ પૂરો થઈ ગયો.

તેથી અહીં (આ ગાથામાં એમ કહ્યું કે), કર્મના વીર્યનું **(-કર્મની શક્તિનું) શાતન કરવામાં સમર્થ એવો જે બહિરંગ અને અંતરંગ તપો વડે વૃદ્ધિ પામેલો શુદ્ધોપયોગ તે ભાવનિર્જરા છે.** નીચે પંક્તિ છે. બધા શબ્દ જ એવા છે. વાચક છે શબ્દ. જેમ સાકર વાચક છે તો સાકર વાચ્ય શબ્દ સાકરને બતાવે છે. સાકર શબ્દમાં સાકર નથી. સાકર પદાર્થમાં સાકર શબ્દ નથી. પણ સાકર શબ્દ સંજ્ઞા 'આ સાકર' (એમ બતાવે છે.) એમ આ શબ્દો અંદર કઈ દશા છે એ દશા બતાવવામાં એ સંજ્ઞા શબ્દ છે. સમજાણું કાંઈ?

આત્મા એ તો શબ્દ થયો. આત્મા પદાર્થ છે તેમાં શબ્દ નથી. શબ્દ બતાવે છે કે 'આ આત્મા' જ્ઞાનાનંદ ધ્રુવ અખંડ આનંદ પૂર્ણ અનાદિઅનંત શાશ્વત ધામ વસ્તુ સત્ તેનું નામ આત્મા. એ આત્મામાં અનાદિથી પરવસ્તુ મારી ને પોતાની ચીજનો આદર ને સાવધાની કયારેય અનંતકાળમાં એક સેકન્ડ પણ કર્યો નહીં. બાકી બહારમાં અનંતવાર કરોડોપતિ થયો, અબજોપતિ થયો. અનાદિ છે. અનંતકાળમાં આદિ કયાં હતી. પહેલાં આત્મા ન હતો. એમ છે? દરબાર! પહેલાં ન હતો. એમ છે? કે દિ' ન હતો? ખબર પણ નથી. કોણ વિચાર કરે છે? આ ખેતર ને પાદર. એમ છે ને કિરીટભાઈ! આ ખેતર ને પાદર

ને આ શરીર ને આ બાયડી ને છોકરા. નવરો કયાં થાય છે પણ એ વિચાર કરવા. સમજાય છે કાંઈ?

ભગવાનઆત્મા એક સમયમાં પરિપૂર્ણ વસ્તુ. જેમ પીપર પરિપૂર્ણ શકિત અને લીલા-લીલા રંગથી ભરી પડી છે. એમ એવા તો અનંતગુણ છે શકિતઓ. એવો આત્મા અનંતગુણ શકિત સંપન્ન એમાં જયારે આહારના ત્યાગ આદિનો વિકલ્પ છે એ ધર્મ નથી. પણ તે વિકલ્પની વાસનાથી ખસીને પોતાના સ્વભાવમાં લીનતાની શાંતિનું વેદન અકષાય, અવિકારી, અરાગી એવા પરિણામ સ્વભાવમાંથી પ્રગટીને એવા શુધ્ધભાવનું વેદન થવું, અનુભવ થવો તેનું નામ ધર્મ છે. એ ધર્મ મુકિતનો ઉપાય છે. સમજાણું કાંઈ? ભારે વાત ભાઈ!

હજી આ તો લોકો બહારની સેવા કરીએ ને આ કરીએ ને બધા માળા સમાધાન માને હોં! આની સેવા કરીએ છીએ ને! ધૂળ કરીએ છીએ ને? ધૂળેય કરતો નથી. સાંભળને હવે! સેવા કોણ કરે. તારા શરીરની પણ સંભાળ કરી શકતો નથી ને. જડ છે એ તો. આ તો માટી છે. માટી છે કે નહીં? તું તો ચૈતન્ય અરૂપી છે. અરૂપી તેની રક્ષા કરી શકે છે? રક્ષા કરે તો કોઈ અંદર વૃધ્ધાવસ્થા આવવા દે નહીં, કાળા વાળ ધોળા થઈ ગયા. આ તો જડની દશા છે. જડની દશા આત્મા ઉત્પન્ન કરી શકે છે? કાં રોકી શકે છે? જડની દશા તારી છે? તારી ચૈતન્ય ચીજ ભિન્ન છે.

એવા ચેતનના ભાન સહિત પોતાના પરિણામમાં બહિરંગ આદિ ઓલું શાતન કહ્યું છે ને. એનો અર્થ કર્યો છે જરી. (ફુટનોટમાં) શાતન = પાતળું કરવું; હીન કરવું; ક્ષીણ કરવું. આ અમારે પંડિતજી છે ને અહીંયાં તમારે માસ્તર છે કે નહીં હિંમતભાઈ! આ તેમણે આ બધું બનાવ્યું છે. તેમને બહુ જ મગજ છે હોં! દેખાય છે એવા. એ આ હિંમતભાઈ છે આ. આ તેમણે સંસ્કૃતમાંથી બધું બનાવ્યું છે. આખા સંસ્કૃતમાંથી અક્ષરશઃ એવા ચાર પુસ્તક બનાવ્યા છે. સંસ્કૃતમાં તો હજાર વર્ષ પહેલાંનું જુનું છે. શ્લોક તો બે હજાર વર્ષ પહેલાં લખાયેલાં છે. પણ સંસ્કૃતમાંથી અક્ષરસઃ ગુજરાતી. સમજાણું કાંઈ? એ તો જેવો પાઠ છે તેનો અર્થ છે હો. ઘરનું કાંઈ છે નહીં. અનુવાદ છે અનુવાદ.

તો કહે છે. ભગવાનઆત્મા પોતાની નિજ સંપદાની સંભાવના અંદરમાં આવી ત્યારે તેની શુધ્ધિની વૃધ્ધિ જે થઈ એ કારણે જે પૂર્વના કર્મ જડ પડયા હતા જડ કર્મ કર્મ, તેનું શાતન થવું, હીણ થવું, પ્રાર્ગ (શબ્દ) પડયો છે ને પ્રાર્ગ. જેવો શુભ અને અશુભભાવ કર્યો હોય. દયા, દાન, વ્રત, ભકિત શુભ તેનાથી પુણ્ય બંધાય છે. જડ રજકણ પુણ્ય. આ પુણ્યને કારણે આ ધૂળ આદિ મળે છે તે. અને ધૂળ એટલે આ લક્ષ્મી આદિ. અને હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ વાસના, પાપ વાસના કરી હોય તો પાપ બંધાય છે. એ પાપના ફળમાં આ પ્રતિકુળતા, દરિદ્રતા આદિ આવે છે તે.

તો એ જે શુભ અને અશુભભાવ છે તેને રોકીને રૂંધન કરીને સ્વભાવ તરફ શુધ્ધમાં રમણ કરીને જે આત્મામાં શુધ્ધિ થઈ તે ભાવનિર્જરા થઈ. નિર્જરા નિ-ઝરવું. અશુધ્ધતાની દશાનું ફરવું અને

શુધ્ધતાની ઉત્પત્તિ થવી. અને તે નિમિત્તથી જૂના કર્મ જડ જે શુભાશુભપરિણામથી બંધાયા હતા પૂર્વે જે શુભઅશુભભાવ કર્યા અને તેનાથી કર્મબંધન પડયા હતા તેને શુધ્ધપરિણામ અંતર દ્વારા એ કર્મનો રસ અને શક્તિની અસ્તિની સ્થિતિનું હીન થવું, ઘટી જવું આ તેને બાહ્ય નિર્જરા કહે છે. કહો સમજાણું કાંઈ?

**શાતન કરવામાં સમર્થ કર્મની શક્તિનું શાતન કરવામાં સમર્થ.** એય! અમરચંદભાઈ! નિમિત્તથી કથન છે. એ કર્મ અંદર છે જડ માટી ઝીણી ધૂળ. જેમ આ ધૂળ છે જાડી. એમ પ્રારબ્ધ ઝીણી માટી છે ઝીણી તેને કર્મ કહો, નશીબ કહો. એ કર્મ ઝીણા અનંતા રજકણ છે. એ કેમ બંધાય છે કે તેણે જેવા પુણ્ય ને પાપ, શુભ ને અશુભભાવ કર્યા હોય તે પ્રમાણે ત્યાં રજકણના કોટા પડયા છે. હવે જ્યારે આત્મા પોતાના આત્માની દૃષ્ટિ કરીને શુભ-અશુભપરિણામને ઉત્પન્ન થવા ન દે અને સ્વભાવમાં સ્થિર થાય છે ત્યારે તે કર્મશક્તિ હીણી થઈ જાય છે, ઘટી જાય છે, બંધન મંદ પડી જાય છે, મોળા પડી જાય છે, ઢીલા થઈ જાય છે. અને અંદરમાં પૂર્ણ લીન થવાથી એ કર્મ તે ટાઈમે ટળી જાય છે. એવી પૂર્ણ શુધ્ધિ ઉત્પન્ન થવી તેનું નામ મુક્તિ. મુક્તિ કોઈ બીજી ચીજ નથી. પૂર્ણ શુધ્ધિ.

પહેલી સંવરમાં અલ્પ શુધ્ધિ સ્વભાવના આશ્રયે, નિર્જરામાં વિશેષ વૃધ્ધિ અને મુક્તિમાં પૂર્ણ શુધ્ધિ. જેવી શક્તિ અંદર પૂર્ણ છે. એવી પ્રગટ પૂર્ણ શુધ્ધ થવી. પૂર્ણ આનંદ, પૂર્ણ જ્ઞાન, પૂર્ણ દર્શન, પૂર્ણ વીર્ય. એવી પૂર્ણ શુધ્ધતાની પ્રાપ્તિ તેનું નામ મુક્તિ. એ મુક્તિ થયા પછી તેને અવતાર હોતો નથી. સમજાણું કાંઈ? પણ તે મુક્તિ અને મુક્તિનો ઉપાય શું (છે તે) કયારેય તેણે સાંભળ્યું પણ નથી. સમજાણું કાંઈ? જીંદગી એમ ને એમ (ચાલી જાય.) શેઠ! શું કરવું? મૂઢપણે જીંદગી ગુમાવી. લ્યો એમ કહે છે. હળવે, હળવે જઈને કહે છે. ધંધા પાણીના રાગમાં. ધંધા પાણીની ક્રિયામાં નહીં. રાગ, રાગ, રાગ, રાગ. આ દ્વેષ ને રાગ, રાગ ને દ્વેષ, રાગ ને દ્વેષ. ધંધા પાણી તો પરદ્રવ્ય છે. તેની ક્રિયા થાય તો થાય ને ન થાય તો ન થાય. એ આત્માના અધિકારની વાત નથી. અંદરમાં સંકલ્પ-વિકલ્પ, સંકલ્પ-વિકલ્પ, રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, દયા-દાન, ભક્તિ, વ્રત, તપ આદિ વિકલ્પ. બસ! તેમાં જીંદગી ગુમાવે. ત્યાં કહે છે કે ભાઈ! તારે જનમ-મરણના અંત લાવવા હોય અને ભગવાનઆત્મા જેવા સ્વભાવે પવિત્ર ને આનંદ છે. તે દશામાં પ્રગટ કરવા હોય, જેમ પીપરમાં ચોસઠ પહોરી છે તો ચોસઠ બહાર આવે છે તે પૂરી થઈ ગઈ. એમ ભગવાનઆત્મામાં પૂર્ણ જ્ઞાન અને આનંદ પડયા છે તેને અંતરમાં એકાગ્ર કરીને પૂર્ણ શુધ્ધિની આનંદની મુક્તિની દશા પ્રાપ્ત કરવી હોય તો પહેલાં સ્વભાવ સન્મુખનો અનુભવ કરવો પડશે. સમજાણું કાંઈ?

નરસિંહ મહેતા નથી કહેતાં? 'જ્યાં લગી આત્મા તત્ત્વ ચિન્હયો નહીં ત્યાં લગી સાધના સર્વ જૂઠી, મીંડા. ભાઈ આવે છે કે નહીં? શું કર્યું તપ ને તીરથ કરવા થકી ભક્તિને.... એ બધા થોથા!

શુભરાગ થાય કાંઈ પુણ્ય બાંધે ને સ્વર્ગમાં જાય ને ચાર ગતિમાં રખડે. જનમ-મરણના અંત નહીં. સમજાણું કાંઈ? ભગવાનઆત્મા એક સમયમાં પરિપૂર્ણ પરમાત્મા પોતાના નિજસ્વરૂપ સંપદા તેને અંતરમાં દૃષ્ટિમાં સ્વીકારીને, માહાત્મ્ય કરીને, કિંમત કરીને અને પર વસ્તુની કિંમત દૃષ્ટિમાંથી નીકળી જાય અને પુણ્ય ને પાપના ભાવમાંથી કિંમત (દૃષ્ટિ) ખસી જાય. ચીજ નહીં. કિંમતી ચીજ તો મારે ધ્રુવ આનંદ પડયો છે તે કિંમતી છે. તેવી અંતરમાં દૃષ્ટિનું થવું તેનું નામ પ્રથમ સમ્યગ્દર્શન ધર્મ કહેવામાં આવે છે.

પછી સ્વરૂપમાં શુધ્ધતાની વૃદ્ધિની વાત અહીંયાં તો ચાલે છે. દેવીલાલજી! આહાહા! સામાન્ય માણસને બિચારાને તો કાંઈ ખબર પણ ન મળે! ધૂળ ધાણી એમ ને એમ જીંદગી! આ શું વસ્તુ ને ઓલી અંદર શુદ્ધિ હજી શું ને. એ આપણને ખબર પડે કે નહીં? આત્મા આંધળો છે? ચૈતન્ય બિંબ જ્ઞાયક સૂર્ય છે. અંદર ચમકતો ચૈતન્ય સૂર્ય છે. સ્વભાવ એકલું જ્ઞાન પરિપૂર્ણ ભર્યું છે. એમ અંતરમાં ભાન થવાથી આ બાર પ્રકારના તપ તો નિમિત્તથી વાત કરી. તેનાથી વૃદ્ધિ અને કર્મનું ઘટવું આ **શુધ્ધઉપયોગ તે ભાવનિર્જરા છે. તેના પ્રભાવથી (-વૃદ્ધિથી પામેલા શુધ્ધોપયોગના નિમિત્તથી) નીરસ થયેલાં એવાં ઉપાર્જિત કર્મપુદ્‌ગલોનો એકદેશ સંક્ષય તે દ્રવ્યનિર્જરા છે.** લ્યો! કહો, સમજાણું કાંઈ? નીચે ફૂટનોટ છે. ૨૧૦ (૧૯૯)પાને. છે ને એક? ઓલા વૃદ્ધિનો શબ્દ છે ને?

**વૃદ્ધિ પામેલો = વધેલો; ઉગ્ર થયેલો. (સંવર અને શુધ્ધોપયોગવાળા જીવને,** સંવર નામ પહેલાં કહ્યું. જેને આત્માના અનુભવની દૃષ્ટિ થઈ અને શુભ અને અશુભ રાગ જે વાસના છે તેનાથી ખસીને અંતરમાં લીન થાય છે તેને **સંવર અને શુધ્ધોપયોગવાળા જીવને જયારે ઉગ્ર શુધ્ધોપયોગ થાય છે,** અંતરની શાંતિની ઉગ્રતા વધે છે, **ત્યારે ઘણાં કર્મોની નિર્જરા થાય છે.** ત્યારે પૂર્વના કર્મો ખરી જાય છે. એકલા અપવાસ બપવાસની લાંઘણું કરે તો કર્મ ખરતાં નથી. સમજાણું કાંઈ? બે, ચાર, પાંચ, અપવાસ કરી લીધાં પચીસ, પચાસ તે લાંઘણ છે.

ભગવાનઆત્મા આનંદમૂર્તિની અંતર અનુભવની દૃષ્ટિ થયા વગર એ તારા લાંઘણ બાંઘણ તપ બધા નિરર્થક છે. તેમાં આત્માને કોઈ લાભ છે જ નહીં. સમજાણું કાંઈ?

તો કહે છે,**શુધ્ધોપયોગવાળા જીવને જયારે ઉગ્ર શુધ્ધોપયોગ થાય છે ત્યારે ઘણાં કર્મોની નિર્જરા થાય છે.** શુધ્ધોપયોગનો અર્થ કે પોતાનો આત્મા પવિત્ર છે તેનાથી ખસીને જેટલાં શુભઅશુભભાવ થયા તે અશુધ્ધઉપયોગ અશુધ્ધ વ્યાપાર કહેવામાં આવે છે. અને ત્યાંથી ખસીને પોતાના સ્વભાવમાં લીનતાનું આચરણ થાય છે. તેનું નામ શુધ્ધોપયોગ વ્યાપાર કહેવામાં આવે છે. શબ્દો પણ કયારેય સાંભળ્યા નથી. કિરીટભાઈ! આહાહા! અરે! મનુષ્ય જીવન પામીને હું કોણ છું, હું કેટલી કિંમતવાળી ચીજ છું અને હું પરની કિંમત આંકુ છું. મારી કિંમત મને આંકવાની તાકાત છે. હું પૂરો

પરમેશ્વર થવાને લાયક છું. મારામાં પૂર્ણ આનંદ પૂર્ણ ઈદમ, પૂર્ણ પદ મારામાં પડયા છે. એવી કિંમત કરી નહીં. પૈસા મળ્યા, ધૂળ મળી, બાયડી મળી, આબરૂ મળી, કીર્તિ. કાં મોટા અભિનંદનના પૂંછડા ફરફરીયા. અભિનંદન! તમે મોટા છો! ધૂળમાંય છે નહીં. સાંભળને હવે!

અનાદિકાળથી પોતાના નિજસ્વરૂપની પ્રતીત અને કિંમત કર્યા નહીં. અને કિંમત કર્યા વગર એકલા કહે છે એવા તપ કરે છે. તેમાં કાંઈ લાભ થતો નથી. શુધ્ધોપયોગની ઉગ્રતા કરવાની વિધિ શુધ્ધાત્મદ્રવ્યના આલંબનની ઉગ્રતા કરવી તે છે. શું કહે છે? આખી ભાષા અજાણી છે. જીંદગીમાં શુધ્ધોપયોગ પણ સાંભળ્યું ન હોય. આત્મા જ્ઞાનાનંદ શુધ્ધચૈતન્યમાં લીનતા થવી તેનું નામ શુધ્ધોપયોગ. ઉપયોગ એટલે આત્માની નિર્મળ પર્યાય. સ્વભાવ શુધ્ધ છે તેની એકાગ્રતા થવી પુણ્ય-પાપના પરિણામથી ખસીને એ શુધ્ધ વ્યાપાર અંદર પર્યાયમાં નિર્મળતા થવી એ શુધ્ધોપયોગ ઉગ્રતા કરવાની વિધિ. પહેલાં થોડો ઉપયોગ તો છે. સમ્યગ્દર્શનપૂર્વક શુધ્ધોપયોગ છે. વિશેષ ઉગ્રતા.

તો કહે છે. એમ કરવાનું છે કે જેટલા શુધ્ધાત્મ પદાર્થમાં લીનતાની ઉગ્રતા થાય છે એટલો શુધ્ધોપયોગ વધે છે. બહારની ક્રિયાથી નહીં. બહારની ક્રિયા કાંડથી વ્રત ને નિયમ ને તપ ને અનશન ને ઉણોદરી ધૂળ-ધાણી. તેનાથી આત્માને કાંઈ લાભ થતો નથી. સમજાણું કાંઈ? તો કહે છે કે **એમ કરનારને (સહજ દશામાં) હઠ વિના જે અનશનાદિસંબંધી ભાવો વર્તે,** આત્માનો શુધ્ધસ્વભાવ તેની અંતરદષ્ટિ ને એકાગ્રતાના જેટલા પરિણામ ઉત્પન્ન થયા તેનું નામ શુધ્ધભાવ ધર્મ અને નિર્જરા કહે છે.

એ ભૂમિકામાં જેટલા **હઠ વિના શુધ્ધભાવ આવ્યા. અનશનાદિસંબંધી ભાવ વર્તે તેમાં (શુભપણારૂપ અંશની સાથે) ઉગ્ર-શુધ્ધિરૂપ અંશ હોય છે.** અનશન અરસત્યાગ આદિનો વિકલ્પ છે તે શુભ છે. અંદરમાં સ્વભાવ તરફની ઉગ્રતામાં શુધ્ધતા વધી છે તેની સાથે જે શુભ આવ્યા તેને શુભવ્યવહાર કહેવામાં આવે છે. **જેથી ઘણાં કર્મોની નિર્જરા થાય છે.** એ પુણ્ય-પાપના પરિણામ રહિત અંદરમાં જેટલી શુધ્ધતા પ્રગટ થાય એટલી અશુધ્ધતા ટળે છે, કર્મની નિર્જરા એટલે કર્મ ખરી જાય છે. **મિથ્યાદષ્ટિને તો શુધ્ધાત્મદ્રવ્ય ભાસ્યું પણ નથી.** જેની દષ્ટિમાં આત્મા શું ચીજ છે એ તો દષ્ટિમાં આવ્યું પણ નથી. મિથ્યા એટલે જૂઠી, મિથ્યા એટલે અસત્‌દષ્ટિ. એ તો આ જુએ છે, ધૂળ મળી ને આ મળ્યું ને શરીર છે ને, આ વાણી ને આ તો બધી માટી છે. અને બહુ તો અંદરમાં પુણ્ય-પાપનો વિકલ્પ ઊઠે છે રાગ. તેના ઉપર તેની દષ્ટિ છે. મેં આ કર્યું ને મેં આ કર્યું ને મેં આ કર્યું. એ (**મિથ્યાદષ્ટિને તો શુધ્ધાત્મદ્રવ્ય ભાસ્યું જ નથી,** અંતર શુધ્ધાત્મા કોણ છે તે ભાસ્યું જ નથી. **તેથી તેને સંવર નથી.** તેને કોઈ મિથ્યાત્વ કે શુભાશુભપરિણામ રોકાતા નથી. **શુધ્ધોપયોગ નથી, શુધ્ધોપયોગની વૃધ્ધિની તો વાત જ કયાં રહી?** પહેલાં શુધ્ધોપયોગ છે જ નહીં તો વૃધ્ધિ કયાં

રહી? એમ કહે છે. જરી ઝીણી વાત છે. **તેથી તેને, સહજદશા વિનાના-હઠપૂર્વક-અનશનાદિસંબંધી શુભભાવો કદાચિત્ ભલે હોય તોપણ, મોક્ષનાહેતુભૂત નિર્જરા બિલકુલ હોતી નથી.)**

આત્માનો અનુભવ અને સમ્યગ્દર્શનના ભાન વિના જેટલા તપાદિ કરે એમાં આત્માને કાંઈ લાભ (થતો નથી.) શુભભાવ હોય કોઈ પુણ્ય બંધાઈ જાય, સ્વર્ગાદિ ધૂળાદિ મળે, ચાર ગતિમાં રખડે. જનમ-મરણનો અંત આવતો નથી. જનમ-મરણનો અંત આવવાની ચીજ અંતરસ્વભાવમાં જનમ નહીં, મરણ નહીં, રાગ નહીં એવી ચીજનું અવલંબન કરીને શુદ્ધોપયોગની રમણતા કરવી આ તેનું નામ ધર્મ અને નિર્જરા કહેવામાં આવે છે.

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)

***આ નિયમસાર શાસ્ત્રની ટીકામાં કહેલા ભાવોનું-વસ્તુસ્વરૂપનું નિરૂપણ અમે નવું કર્યું નથી. પણ ગણધર આદિ શ્રુતધરોની પરંપરાથી ચાલ્યું આવે છે. એવા આ પરમાગમમાં એમ કહ્યું છે કે કારણપરમાત્મા તે જ ખરેખર આત્મા છે અને કારણપરમાત્મા જ ખરેખર મોક્ષમાર્ગનો હેતુ છે. અહીં ત્રિકાળી પરમપારિણામિકભાવને ધ્યેય બતાવવું છે, તેથી પ્રગટ થતી મોક્ષમાર્ગરૂપ નિર્મળ પર્યાયને પણ પરદ્રવ્ય તેમ જ પરસ્વભાવ કહીને આશ્રય કરવા યોગ્ય નથી - એમ કહ્યું છે. જેમ પરદ્રવ્યના આશ્રયથી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી. તેમ નિર્મળ પર્યાયના આશ્રયથી પણ નવી નિર્મળ પર્યાય પ્રગટ થતી નથી. તેથી તેને પર સ્વભાવ તથા પરદ્રવ્ય કહ્યું છે. અહીં ભગવાનની ગાદીએ બેસીને અંદરથી વાત આવે છે તે પરમાત્માની કહેલી આવે છે. આજે અહીં બેસતાની સાથે જ વિચાર આવ્યો હતો કે પ્રભો! આ વાત આપની જ છે. ૪૫. (પરમાગમ સાર)***

## ગાથા-૧૪૫

जो संवरेण जुतो अप्पट्ठपसाधगो हि अप्पाणं ।
मुणिऊण झादि णियदं णाणं सो संधुणोदि कम्मरयं ।। १४५ ।।

यः संवरेण युक्तः आत्मार्थप्रसाधको ह्यात्मानम् ।
ज्ञात्वा ध्यायति नियतं ज्ञानं स संधुनोति कर्मरजः ।। १४५ ।।

मुख्यनिर्जराकारणोपन्यासोऽयम् ।

यो हि संवरेण शुभाशुभपरिणामपरमनिरोधेन युक्तः परिज्ञातवस्तुस्वरूपः परप्रयोजनेभ्यो व्यावृत्तबुद्धिः केवलं स्वप्रयोजनसाधनोद्यतमनाः आत्मानं स्वोपलम्भेनोपलभ्य गुणगुणिनोर्वस्तुत्वेनाभेदात्तदेव ज्ञानं स्वं स्वेनाविचलितमनास्सञ्चेतयते स खलु नितान्तनिस्स्नेहः प्रहीणस्नेहाभ्यङ्गपरिष्वङ्गशुद्धस्फटिकस्तम्भवत् पूर्वोपात्तं कर्मरजः संधुनोति । एतेन निर्जरामुख्यत्वे हेतुत्वं ध्यानस्य द्योतितमिति ।। १४५ ।।

સંવર સહિત, આત્મપ્રયોજનનો પ્રસાધક આત્મને
જાણી, સુનિશ્ચળ જ્ઞાન ધ્યાવે, તે કરમરજ નિર્જરે. ૧૪૫.

**અન્વયાર્થ :-** **(संवरेण युक्तः)** સંવરથી યુકત એવો **(यः)** જે જીવ, **(आत्मार्थप्रसाधकः हि)** ખરેખર આત્માર્થનો પ્રસાધક (સ્વપ્રયોજનનો પ્રકૃષ્ટ સાધક) વર્તતો થકો, **(आत्मानम् ज्ञात्वा)**આત્માને જાણીને (-અનુભવીને) **(ज्ञानं नियतं ध्यायति)** જ્ઞાનને નિશ્ચળપણે ધ્યાવે છે, **(सः)** તે **(कर्मरजः)** કર્મરજને **(संधुनोति)** ખેરવી નાખે છે.

ટીકા :- આ, નિર્જરાના મુખ્ય કારણનું કથન છે.

સંવરથી અર્થાત્ શુભાશુભ પરિણામના પરમ નિરોધથી યુકત એવો જે જીવ, વસ્તુસ્વરૂપને ( હેય-ઉપાદેય તત્ત્વને) બરાબર જાણતો થકો પરપ્રયોજનથી જેની બુદ્ધિ *વ્યાવૃત્ત થઈ છે અને કેવળ સ્વપ્રયોજન સાધવામાં જેનું *મન *ઉદ્યત થયું છે એવો વર્તતો થકો, આત્માને સ્વોપલબ્ધિથી ઉપલબ્ધ કરીને (-પોતાને સ્વાનુભવ વડે અનુભવીને), ગુણ-ગુણીનો વસ્તુપણે અભેદ હોવાથી તે જ *જ્ઞાનને-સ્વને-સ્વ વડે અવિચળપરિણતિવાળો

*૧. વ્યાવૃત થવું = નિવર્તવું નિવૃત્ત થવું; પાછા વળવું.*

*૨. મન = મતિ; બુધ્ધિ; ભાવ; પરિણામ.*

*૩. ઉધ્ધત થવું = તત્પર થવું; લાગવું; ઉદ્યમવંત થવું; વળવું; ઢળવું.*

*૪. ગુણી અને ગુણમાં વસ્તુ-અપેક્ષાએ અભેદ છે તેથી આત્મા કહો કે જ્ઞાન કહો-બન્ને એક જ છે. ઉપર જેને 'આત્મા' શબ્દથી કહ્યો હતો તેને જ અહીં 'જ્ઞાન' શબ્દથી કહેલ છે. તે જ્ઞાનમાં-નિજાત્માના-નિજાત્મા વડે નિશ્ચળ પરિણતિ કરીને તેનું સંચેતન-સંવેદન અનુભવન કરવું તે ધ્યાન છે.*

થઈને સંચેતે છે, તે જીવ ખરેખર અત્યંત *નિઃસ્નેહ વર્તતો થકો-જેને *સ્નેહના લેપનો સંગ પ્રક્ષીણ થયો છે એવા શુધ્ધ સ્ફટિકના સ્તંભની માફક-પૂર્વોપાર્જિત કર્મરજને ખેરવી નાખે છે.

આથી (-આ ગાથાથી) એમ દર્શાવ્યું કે નિર્જરાનો મુખ્ય હેતુ *ધ્યાન છે. ૧૪૫.

## પ્રવચન નં :- ૪૧, ગાથા-૧૪૫, આસો સુદ-૨, બુધવાર, તા-૭-૧૦-૬૪

આ પંચાસ્તિકાય નવપદાર્થનું સ્પષ્ટીકરણ છે. આ જગતમાં નવપદાર્થ છે. જીવ અને જડ-અજીવ પરમાણુ બે દ્રવ્ય છે. એ સિવાય ચાર દ્રવ્ય જુદા છે અરૂપી. જીવ અને પુદ્‌ગલના સંબંધ સંગ અને વિયોગથી એક એક દ્રવ્યમાં સાત સાત પર્યાય થાય છે. સમજાણું કાંઈ?

આ એનું નામ નવપદાર્થ છે. જીવ અને પુદ્‌ગલ બે દ્રવ્ય છે વસ્તુ. અને બેયના સંબંધના સંયોગ અને વિયોગથી તેમાં સાત પ્રકારની પર્યાય થાય છે. આત્મામાં પુણ્ય, પાપ, આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ એ સાત પર્યાય. (અને) સાત પર્યાય જડમાં થાય છે. એ વાત ચાલે છે. નિર્જરા અધિકારમાં આવ્યું છે. પુણ્ય-પાપના અધિકાર ગયો, આસ્રવના ગયો, સંવરનો પણ અધિકાર થયો, હવે નિર્જરાનો અધિકાર છે. નવપદાર્થ જેવાં છે તેવા તેના અનુભવમાં પ્રતીતમાં આવ્યા વગર તેને સમ્યગ્દર્શન થતું નથી.

ધર્મની પ્રથમ સીડી પ્રથમ સીડી. સોપાન કહે છે ને? આત્મામાં પ્રથમ નવતત્ત્વ ભિન્ન ભિન્ન કયા છે અને એક એક પર્યાયનું શું શું સ્વરૂપ છે. અને બે દ્રવ્યનું શું સ્વરૂપ છે. એમ યથાર્થ અંતરમાં અનુભવથી પ્રતીત થયા વગર તેને સમ્યગ્દર્શન થતું નથી. અને સમ્યગ્દર્શન વગર કોઈ પણ એ ક્રિયા કરે ત્યાગ, વૈરાગ્ય, તપ, સંયમ, વ્રત એ બધા નિરર્થક ચાર ગતિમાં રખડાવવાવાળા છે.

મુમુક્ષુ :- સાર્થક.

ઉત્તર :- સાર્થક કયાં છે? ધૂળમાંય સાર્થક નહીં. હજી સમ્યક્ શું ચીજ છે, શું આત્મા છે, શું કરી શકે છે, શું જડ છે. ભગવાને છ દ્રવ્ય જોયા છે. ષટદ્રવ્ય એ ષટદ્રવ્યનો વિસ્તાર નવપદાર્થ છે. તો ષટદ્રવ્ય શું છે, નવપદાર્થ કેમ છે, કેમ થાય છે, તેમાં હેય-ઉપાદેય કોણ છે તેની ખબર વગર સમ્યગ્દર્શન

*૫. નિઃસ્નેહ = સ્નેહ રહિત; મોહરાગદ્વેષ રહિત.*
*૬. સ્નેહ = તેલ; ચીકણો પદાર્થ; સ્નિગ્ધતા; ચીકાશ.*
*૭. આ ધ્યાન શુદ્ધભાવરૂપ છે.*

થતું નથી અને સમ્યગ્દર્શન વગર બાહ્યના વ્રત, તપ, ક્રિયા-કાંડ, અપવાસ એ બધા નિરર્થક સંસારમાં રખડવા માટે પરિભ્રમણ કરાવે છે. સમજાણું કાંઈ?

તો અહીંયાં નવપદાર્થ છે ને ઉપર નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગપ્રપંચવર્ણન. મોક્ષમાર્ગપ્રપંચનો વિસ્તાર. તો નવપદાર્થમાં નિર્જરા કોને કહે છે? ૧૪૫ ગાથા છે.

**जो संवरेण जुतो अप्पट्ठपसाधगो हि अप्पाणं ।**
**मुणिऊण झादि णियदं णाणं सो संधुणोदि कम्मरयं ।। १४५ ।।**

**ટીકા :- આ, નિર્જરાના મુખ્ય કારણનું કથન છે.** જરી સૂક્ષ્મ વાત છે. અનંતકાળથી તેણે આ વાતને સાંભળી નથી. અનંતવાર જૈન દિગમ્બર સાધુ થયો. નગ્ન દિગંબર હોં! અનંતવાર. અને પંચમહાવ્રત અને અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ-રાગ પણ અનંતવાર લીધો, પાળ્યો. પણ આત્મા શું ચીજ છે, તેમાં શું છે, એ શું કરી શકે છે અને શું નથી કરી શકતો એવી સ્વતંત્રતાની સ્વભાવની દૃષ્ટિ તેણે અનંતકાળમાં એક સેકન્ડ પણ કરી નહીં. સમજાણું કાંઈ?

એ સમ્યગ્દૃષ્ટિ વગર નવતત્ત્વની યથાર્થતા તેને પ્રતીતમાં આવતી નથી. અને તે પ્રતીતના ભાન વગર જે કાંઈ કરવામાં આવે છે-અનંતવાર નવમી ગ્રૈવેયક, 'મુનિવ્રત ધાર અનંતબૈર ગ્રૈવેયક ઉપજાયો પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો' આપણે છ ઢાળામાં આવે છે કે નહીં? છ ઢાળા સાંભળી છે? ડાલચંદજી! તેમાં એ શ્લોક આવે છે. મુનિવ્રત ધાર, દિગમ્બર હજારો રાણીનો ત્યાગ, કરોડો અબજો રૂપિયાની એક મહિનાની પેદાશના રાજ્યનો ત્યાગ અને નગ્ન મુનિ (થઈને) જંગલમાં રહે. છ છ મહિનાના અપવાસ અને બે બે મહિનાના જારની જેમ સંલેખના. બે મહિના સાંઈઠ દિવસ એમ ને એમ પગ હલાવે નહીં આંગળા એમ સંથારા. દરેક જીવે એવા અનંતકાળમાં અનંતવાર કર્યા છે. સમજાણું કાંઈ?

પણ સમ્યગ્દર્શન શું ચીજ છે અને સમ્યગ્દૃષ્ટિ શું માને છે અને તેનો અનુભવ શું છે તેનું તેણે અનંતકાળમાં એક સમય પણ સંશોધન કર્યું નહીં. સમજાણું કાંઈ? તો કહે છે કે નિર્જરા કોને કહે છે. નવતત્ત્વ છે ને જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. નિર્જરા કોને કહે છે? નિર્જરા શું કોઈ દ્રવ્ય છે? ગુણ છે? પર્યાય છે? શું છે? ડાલચંદજી! ખબર નહીં! જગતમાં ત્રણ ચીજ છે ને? દ્રવ્ય છે વસ્તુ, ગુણ છે તેની શક્તિ, પર્યાય છે તેની અવસ્થા. તો નિર્જરા શું ચીજ છે? પહેલાં કહી દીધું ને! કે નિર્જરા આસ્રવ, પુણ્ય, પાપ, સંવર, બંધ અને મોક્ષ એ બધી પર્યાય છે, ગુણ નહીં, દ્રવ્ય નહીં. કોને ખબર શું દ્રવ્ય અને શું ગુણ.

મુમુક્ષુ :- ...

ઉત્તર :- આ ધર્મ શું? તો કોની વાત ચાલે છે? નિર્જરા એ ધર્મ છે. પોતાની પર્યાયમાં શું થાય

છે અને દ્રવ્ય કેવું છે અને પરથી ભિન્ન કેવી રીતે છે? (એના) ભાન વગર પર્યાયમાં કેવી રીતે ધર્મ થઈ જાય? અનંત પદાર્થમાં જ્યાં સુધી પરાશ્રય બુદ્ધિ છે, અર્થાત્ હું પરદ્રવ્યની અવસ્થાને કરી શકું છું અને પર અનંત પદાર્થથી મારામાં કાંઈ પણ લાભ કે નુકસાન થાય છે એવી પરાશ્રયબુદ્ધિમાં દ્રવ્યની સ્વતંત્રતાની તેને ખબર નથી. તેને ધર્મ થતો નથી. કહો, સમજાણું કાંઈ?

અને આત્માની પર્યાયમાં પણ દયા, દાન, વ્રત, ભક્તિ, તપ, જપનો વિકલ્પ, વૃત્તિ ઉઠે છે તે આસ્રવ તત્ત્વ છે, પુણ્ય તત્ત્વ છે. એ પુણ્ય તત્ત્વનો પણ પરાશ્રય ભાવ જ્યાં સુધી ન છૂટે ત્યાં સુધી સ્વદ્રવ્યનો આશ્રય તત્ત્વનો ન લીધો તો તેને સમ્યગ્દર્શન થતું નથી. સમજાણું કાંઈ? પુણ્ય પરિણામ અને પાપભાવ બે વિકલ્પ શુભાશુભભાવ તે તો વિકાર છે. તે કર્મના સંગથી ઉત્પન્ન થયેલો ઉપાધિ ભાવ છે. કર્મથી થયો નથી. સમજાણું કાંઈ? તે એમ માને કે મારામાં પુણ્ય, પાપનો ભાવ થાય છે તે કર્મના આશ્રયથી થાય છે. સમજાણું કાંઈ? તો એ પરાશ્રયબુદ્ધિ મૂઢ મિથ્યાદષ્ટિ છે. સમજાણું કાંઈ?

જૈનમાં વિકાર તો કર્મથી થાય છે, હેં? જૈન છે અને કહે કે બસ આપણે તો કર્મથી થાય છે. વિકાર બિકાર.... કર્મ છે ને? મૂઢની માન્યતા છે. અજ્ઞાનીની માન્યતા છે. કે કર્મથી આત્મામાં વિકાર થાય છે. કેમકે અહીં તો નવતત્ત્વની વાત છે. કર્મ તો અજીવ તત્ત્વ છે. અને પુણ્ય-પાપ તો આસ્રવતત્ત્વ છે. બેય ભિન્ન તત્વ છે. તો ભિન્ન તત્ત્વથી આત્મામાં આસ્રવ થાય છે એવી પરાશ્રય બુદ્ધિ છે તેની તો દષ્ટિ સ્વદ્રવ્ય ઉપર આવતી નથી. સૂક્ષ્મ વાત છે હો, ડાલચંદજી! તમારા ઓલા વ્યાપાર ધંધા જેવી વાત અહીંયા નથી. ત્યાં તો ચાલે. હેં? અક્કલ કાંઈ કામ ન કરે. અક્કલ શું ધૂળ કામ કરે ત્યાં? ત્યાં કમાવામાં અક્કલ કાંઈ કામ ન કરે બરાબર. કેમ? નથુલાલજી! અક્કલ કેટલી કામ કરે સંસારમાં. હોંશિયારી કામ કરે કે નહીં?

એ કહે છે હોંશિયારી તારી પર્યાયમાં ક્ષયોપશમ પર્યાય છે. એ પર્યાય પરદ્રવ્યની પર્યાયમાં શું કામ કરે? પરદ્રવ્ય અને તારી પર્યાય ભિન્ન છે એની તો તને ખબર નથી. હેં? સલાહ આપે. કોણ સલાહ આપે? ભાષા જડની પર્યાય, વિકલ્પ આસ્રવ પર્યાય અને કોણ સલાહ આપે કોને? સમજાણું કાંઈ? શેઠી!

મુમુક્ષુ :- .........

ઉત્તર :- શું ત્યાં જઈને બીજો થઈ જાય છે? બીજા નિયમ ત્યાં લાગુ પડે છે?

મુમુક્ષુ :- બીજો નિયમ ત્યાં લાગુ પાડે છે.

ઉત્તર :- ઘરે જાય તો કોણ ઘરે જાય? ક્યાં જાય? આત્મા તો પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં છે. પોતાના અસ્તિત્વમાં ત્રણેકાળ છે. પરના ક્ષેત્રમાં જાય તો પરના ભાવમાં દ્રવ્યમાં જાય. શું આત્મા પોતાનું અસ્તિત્વ છોડી દયે છે? અને પરનું અસ્તિત્વ પોતાના અસ્તિત્વમાં લાવી શકે છે? જાય ક્યાં? શેઠી!

તો કહે છે કે અનંતકાળમાં એ વાત તેને અંતરમાં ભાવથી રુચિ નથી. બાકી તો બધું ઘણું કર્યું. સમજાણું કાંઈ? બધું કર્યું એટલે શુભભાવ એવા કર્યા કે શરીરનું ખંડ ખંડ કરે (તો) ક્રોધ ન કરે. ક્ષમા, ક્ષમા, ક્ષમા. એવી ક્રિયા પણ અનંતવાર થઈ તેમાં શું આવ્યું? અને શુભ છે તો પુણ્યબંધ વિકલ્પ થયો. અને તેમાં મને લાભ થયો, સાથે મિથ્યાત્વનો લાભ થયો. મિથ્યાદૃષ્ટિને મિથ્યાત્વનો લાભ થયો. સમજાણું કાંઈ? ભઈ! અધ્યાત્મની વાત એવી છે કે તેણે ક્યારેય શું છે એવો સ્પર્શ કર્યો નહીં. સમજાણું કાંઈ?

તો કહે છે નિર્જરા એક આત્માની શુદ્ધપર્યાય છે. શુદ્ધપર્યાય છે. દ્રવ્ય નહીં, ગુણ નહીં. પરને લઈને પર્યાય નહીં. એ પર્યાય એ ધર્મ છે. આહાહા! કોણ જાણે આ કેવી હશે પર્યાય! કાંઈ ખબર જ ન મળે!

મુમુક્ષુ :- ભગવાન તો જાણે છે ને?

ઉત્તર :- ભગવાન તો જાણે છે. આ તો કહે છે કે, સાંભળ તો ખરો! અમે કહીએ છીએ એવી તારી દૃષ્ટિ તો કર! અને બીજેથી દૃષ્ટિ હટાવી લે. સમજાણું કાંઈ? સાંભળો તમે ઈ કરશે.

**નિર્જરાના મુખ્ય કારણનું કથન છે.** નિર્જરા આત્માની, આત્મા અનંતગુણ સંપન્ન સ્વરૂપ છે. સમજાણું કાંઈ? અનંત અનંતગુણનો પિંડ આત્મા છે. એક એક આત્મા. સમજાણું કાંઈ? શેઠી! એ અનંતગુણની એક સમયમાં અનંતી પર્યાયરૂપી કાર્ય દ્રવ્યમાં થાય છે પોતાથી. એ પર્યાયમાં કોઈ પુણ્ય પરિણામ છે, કોઈ પાપ (પરિણામ) છે. ધર્મનું ભાન થયા પછી કોઈ સંવર છે. કોઈ નિર્જરા હોય, કોઈ બંધ હોય. એવી પર્યાય દ્રવ્યમાં વર્તમાન દશામાં એવી પર્યાય જ્ઞાનીને પણ થાય છે. સમજાણું કાંઈ?

અજ્ઞાનીને તો ભાન નથી શું વિકલ્પ ઊઠે છે, શું ચીજ છે. દયા, દાન અને વિકાર કર્મથી થયા છે કે મારાથી થયા છે કે મેં પર્યાય વિકલ્પ કર્યો તો કર્મ આવ્યા કે કર્મ તેને કારણે સ્વતંત્ર આવ્યા. એવી સ્વતંત્રતાની તો જેને ખબર નથી તેને તો આત્મામાંથી સંવરરૂપી સમ્યગ્દર્શન દશા પ્રગટ થતી નથી. સમજાણું કાંઈ?

અહીંયાં તો ભગવાનઆત્મા એક સમયમાં જે અનંતગુણની રાશીરૂપ પિંડ એક વસ્તુ છે. એવી અંતરમાં દૃષ્ટિ કરવાથી પરાશ્રય બુદ્ધિ છૂટી ગઈ. મારાથી પરમાં કોઈ કાર્ય થાય કે બીજાથી બીજામાં કાંઈ થાય એવી દૃષ્ટિ છૂટી ગઈ હોય અને બીજી પોતામાં પુણ્ય અને પાપના વિકલ્પ ઊઠે છે શુભાશુભભાવ. દયા, દાન, બ્રહ્મચર્ય વિકલ્પ આદિ તેના આશ્રયથી દૃષ્ટિ છૂટી ગઈ હોય.

પોતાનો (આત્મા) શુદ્ધ ચૈતન્યમૂર્તિ એક સમયમાં છે. તેનો દૃષ્ટિમાં આશ્રય લઈને સમ્યગ્દર્શનરૂપી સંવર પર્યાય પ્રગટ થઈ હોય તેને આ નિર્જરાની પર્યાય કેવી હોય છે એ વાત કરે છે. આહાહા! ડાલચંદજી! શું કહે છે જુઓ! નિર્જરા કહો કે ધર્મ સંવર કહો. ધર્મની શુદ્ધિ ઉત્પન્ન થઈ તેનું નામ સંવર. નિર્જરા શુદ્ધિની વૃદ્ધિ તેનું નામ નિર્જરા. બેય આત્માની નિર્મળ પર્યાય છે. સમજાણું કાંઈ? એ નિર્મળ

પર્યાય કોઈ શરીરની ક્રિયાથી કે પરને કારણે ઉત્પન્ન થતી નથી. અને નિર્મળ પર્યાય,નિર્મળ પર્યાય થઈ તેના આશ્રયે નવી, નવી પર્યાય ઉત્પન્ન થતી નથી. સમજાણું કાંઈ?

ધર્મીને સમ્યગ્દષ્ટિને સમ્યગ્દર્શન થયું. હું શુધ્ધ દ્રવ્ય છું એવી દૃષ્ટિ (થઈ છે.) સંયોગથી મારું કાર્ય છે કે સંયોગમાં મારું કાર્ય છે, એવી દૃષ્ટિ ઉઠી ગઈ છે. અને પુણ્ય-પાપના વિકલ્પ મારું કર્તવ્ય છે એવી દૃષ્ટિ ઉઠી ગઈ. અને જ્ઞાનાદિ, દર્શન આદિ એક સમયની વર્તમાન ક્ષયોપશમ પર્યાય છે એટલો હું છું એ દૃષ્ટિ ઉઠી ગઈ. હું અનંતગુણનો એકરાશી પિંડ છું એવી દૃષ્ટિ થઈ. સમજાણું કાંઈ? ત્યારે સમ્યગ્દર્શનરૂપી સંવર ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

પછી તેને જે શુભાશુભ પરિણામ છે એ જેટલા પ્રમાણમાં સ્વભાવના આશ્રયે રોકાય છે આ એટલી અંદરમાં શુધ્ધિની વૃધ્ધિ થઈને આત્માની પર્યાયમાં નિર્જરા થાય છે. ભગવાન તું શું કહે છે એ હજી ખબર નથી. છ દ્રવ્ય કહે છ દ્રવ્ય, નવતત્ત્વ, પંચાસ્તિકાય એવો શબ્દ આવે છે કે નહીં? છ દ્રવ્ય કયા? છ દ્રવ્યના ગુણ કયા? છ દ્રવ્યની પર્યાય શેમાં છે. ભગવાન જાણે. છ દ્રવ્ય છે. લ્યો!

મુમુક્ષુ :- આ વ્યાખ્યાન પ્રાથમિક શ્રોતા માટે છે?

ઉત્તર :- પ્રાથમિક શ્રોતા માટે પ્રથમ ધર્મ પ્રગટ કેમ થાય એ માટે પ્રાથમિક શ્રોતા માટે આ કથન છે. અમારો દલાલ છે ને દલાલ, આ ઉંચા દરજ્જાની વાત નથી ને એમ કહે. અહીંયાં તો હજી સમ્યગ્દર્શન જેને પામવું હોય તો તેની નવતત્ત્વની શ્રધ્ધા કેવી હોય છે તેને સંભળાવે છે. સમજાણું કાંઈ? નવતત્ત્વ નવતત્ત્વની વાત કરે. નવ તત્ત્વ છે, છ દ્રવ્ય છે, પંચાસ્તિકાય છે. શબ્દો આવે. એની શ્રધ્ધા પણ એની શ્રધ્ધાનો અર્થ શું? આવે છે ને શબ્દમાં તો બહુ આવે છે તારણસ્વામીમાં. છ દ્રવ્ય, નવતત્ત્વ, પંચાસ્તિકાય. છ દ્રવ્ય કયા? એક એક દ્રવ્યમાં ગુણ કેટલા? તેની પર્યાય શું? અને પર્યાય પરથી ભિન્ન શું? બધા પૃથક પૃથક છે. કોઈનો આશ્રય કે કોઈનું અવલંબન છે નહીં. એમ નવતત્ત્વમાં નવે તત્ત્વ ભિન્ન ભિન્ન છે. એ છ દ્રવ્યના ભેદ નવ છે. સમજાણું કાંઈ? આ એક નિર્જરા સમ્યગ્દષ્ટિને શુધ્ધિમાં પોતાની પર્યાયમાં સંવરની શુધ્ધિ ઉત્પન્ન થઈ છે. તેમાં વૃધ્ધિ ઉત્પન્ન થાય છે તે કેવી રીતે અને તેનું શું સ્વરૂપ છે એ બતાવે છે. કહો, સમજાણું કાંઈ? જુઓ! પછી.

**સંવરથી અર્થાત્ શુભાશુભ પરિણામના પરમ નિરોધથી યુકત એવો જે જીવ,** હવે સમ્યગ્દષ્ટિ જીવ પોતાના દ્રવ્ય સ્વભાવની અનુભવદૃષ્ટિ શું છે, હું પરનો ત્રણકાળ, ત્રણલોકમાં દયા કરવાવાળો, હિંસા કરવાવાળો, જૂઠું બોલવાવાળો હું નથી. સમજાણું કાંઈ? અને કર્મમાં હું નથી અને મારામાં કર્મ છે નહીં. અને કર્મથી મારામાં વિકાર નથી. વિકાર છે તો મને લાભ છે એમ નથી. શુભ, દયા, દાન, વ્રત ભકિતનો વિકલ્પ વિકાર રાગ. એમ જયારે રાગથી અને કર્મથી હટીને એક સમયની પર્યાયના પણ એક સમયની પર્યાય જે છે વિકાર તેનો પણ આશ્રય અવલંબન છોડીને જ્ઞાયક ત્રિકાળ અનંતગુણની

રાશીનો આશ્રય કરીને સમ્યગ્દર્શન પ્રગટ થયું હોય તેને પછી શુભ ને અશુભની આસક્તિ રહી હોય- સમ્યગ્દષ્ટિને પણ હજી શુભ-અશુભ પરિણામ થાય છે. સમ્યગ્દષ્ટિને પણ રૌદ્રધ્યાન, આર્તધ્યાનનો ભાવ થાય છે. શેઠી!

એ શુભાશુભ પરિણામ રોકાવાથી અને પોતાના સ્વભાવ સન્મુખમાં લીન થવાથી શુભાશુભ રોકાયા, ઉત્પન્ન ન થયા આ તેનું નામ સંવર કહેવામાં આવે છે. ભારે વ્યાખ્યા ભાઈ કઠણ. કહો, સમજાણું કાંઈ? એ કહે છે. જુઓ! **સંવરથી અર્થાત્ શુભાશુભ પરિણામના** એ ભાઈ! તેમાં શું છે? પરિણામના છે ને નીચે. **પરમ નિરોધથી** પરમ નિરોધ કેમ કહ્યું? પહેલાં સમ્યગ્દર્શનમાં શુભાશુભ પુણ્ય-પાપના ભાવ મારામાં છે જ નહીં અને મને લાભદાયક છે નહીં. એવો નિરોધ દૃષ્ટિમાંથી તો કર્યો છે. સમજાણું કાંઈ?

પછી શુભાશુભ પરિણામ ઉગ્રપણે ચૈતન્યના અવલંબનમાં લીન થઈને પૂર્ણાનંદ અનંતગુણની રાશી એ શુભાશુભ પરિણામ ઉત્પન્ન થતાં નથી તેને શુભાશુભ પરિણામનો નિરોધ કર્યો એમ કહેવામાં આવે છે. અશુભ પરિણામ ઉત્પન્ન થયા અને રોકે છે એમ નથી. સમજાણું કાંઈ?

**'જે'** શબ્દ પડયો છે ને? શાસ્ત્રની ભાષા પણ કઠણ છે. આ તો એકલું રહસ્ય છે. એમ કહ્યું કે શુભાશુભ પરિણામનો પરમ નિરોધ રોકાવાથી, રોકાવાથી એટલે ઉત્પન્ન થયા હતા અને રોકયા? સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં પોતાના સ્વરૂપ અને અનુભવની પ્રતીતમાં હજી શુભાશુભ પરિણામ રોકાયા ન હતા. શુભાશુભ પરિણામની રુચિ છૂટીને સ્વભાવની દૃષ્ટિ થઈ હતી પણ શુભાશુભ પરિણામ રોકાયા કે ઉત્પન્ન નથી થતાં એમ નથી. જ્ઞાનીને શુભાશુભ પરિણામ સમ્યગ્દષ્ટિને દયા, દાન, ભક્તિ, પૂજાના, ભગવાનના નામ સ્મરણ બધા શુભભાવ છે. એમ હોય છે. અને સમ્યગ્દષ્ટિને હિંસા, જૂઠ, ચોરી, વિષય, ભોગ-વાસના આર્તધ્યાન, રૌદ્રધ્યાન, વ્યાપારના, ધંધાના ભાવ હોય છે. તે અશુભ છે. પણ તે સમ્યગ્દર્શન થયા પછી એ શુભઅશુભ પરિણામ સ્વભાવનું અવલંબન લઈને ઉત્પન્ન નથી થતાં તેને રોકે છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ....

ઉત્તર :- ખ્યાલ છે જાણે છે કે થયું છે. પરિણતિમાં શુધ્ધ પણ પરિણતિ છે થોડી અશુધ્ધ પણ પરિણતિ છે. બેય છે. શું કીધું? શેઠી! સમજાણું કાંઈ? કે, સમ્યગ્દષ્ટિને ગૃહસ્થાશ્રમમાં રહ્યા હોય, છન્નું હજાર સ્ત્રી હોય. સમજાણું કાંઈ? મોટું ચક્રવર્તીનું રાજય હોય. સમ્યગ્દર્શન થયું તો રાજય બાજય છૂટી જાય છે (એમ નથી) રાજય છૂટું જ પડયું છે અંદર કયાં ઘુસી ગયું છે. એ તરફની જરા આસક્તિનો ભાવ છે. પોતાના પુરુષાર્થની કમજોરીથી તો સમ્યગ્દર્શનના ભાન કાળમાં એવા અશુભભાવ, શુભભાવ થાય છે જ્ઞાનીને. છતાં તેને હેય જાણે છે. અંતરમાં આનંદમૂર્તિ મારો સ્વભાવ તેને ઉપાદેય માનીને

દૃષ્ટિનો સમભાવ દ્રવ્ય ઉપર છે. અને શુભાશુભભાવ હોવા છતાં, બંધનું કારણ માનવા છતાં સમ્યગ્દર્શનમાં બિલકુલ દોષ નહીં. સમજાણું કાંઈ?

ક્ષાયિક સમકિત હોય અને છન્નું હજાર (રાણી સાથે) તીર્થંકર લગ્ન કરે, ક્ષાયિક સમકિત થયા પછી લગ્ન કરે. ડાલચંદજી! હા, નહીં શું? સાંભળ્યું નથી ને? તમાકુના વ્યાપારમાં મશગુલ છે ને અત્યારે તો. હા, સાંભળ્યું નથી. તીર્થંકર ચક્રવર્તી થાય છે. ત્રણજ્ઞાન અને ક્ષાયિક સમકિત લઈને આવે છે. પછી છન્નું હજાર (સ્ત્રી) સાથે લગ્ન કરે છે. શાંતિનાથ, કુંથુનાથ, અરનાથે કર્યું. એ શેઠ! સાંભળ્યું નથી. વાત સાંભળી નથી. કરે છે. એવો રાગ છે. એવો રાગ ન હોય તો તો કેવળજ્ઞાન થઈ જાય. તો મુનિપણું થઈ જાય. રાગ છે. શું કીધું? સમજાણું કાંઈ?

ક્ષાયિક સમ્યગ્દર્શન, શ્રેણિકરાજા લ્યો ને? શ્રેણીક રાજાનું સાંભળ્યું છે? હજારો રાણી હતી. તો એમાં શું છે? ભોગની વિષયની વાસના પણ હતી. એ ચારિત્ર દોષ છે. સમ્યગ્દર્શનમાં બિલકુલ કિંચીત્ દોષ નહીં. એ શેઠ! અને કોઈ રાગ મંદ કરીને એ ચીજ છૂટી ગઈ હોય તો સમ્યગ્દર્શન છે એમ નથી. આ ચીજ બીજી, ઓલી ચીજ બીજી. બેય ચીજ જુદી છે. સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી!

શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ સાંભળ્યું છે કે નહીં? ત્રણે ચક્રવર્તી હતા. તેને છન્નું હજાર સ્ત્રી હતી. તો શું લગ્ન કરીને જનમ્યા હતા? જનમ્યા ત્યારે તો ત્રણ જ્ઞાન, ક્ષાયિક સમકિત લઈને જનમ્યા હતા. ત્રણ જ્ઞાન અને ક્ષાયિક સમકિત લઈને જનમ્યા હતા. પછી છન્નું હજાર (સ્ત્રી) સાથે લગ્ન કર્યા. એ જાણે છે કે એ ક્રિયા મારી નથી. એ તો સંજોગ થાય છે તો આવવાવાળા હતા તો આવ્યા છે. મારા અસ્તિત્વમાં નથી. અને મારા અસ્તિત્વમાં જરી આસક્તિ આવી છે એ ચારિત્રનો દોષ છે. મારા સ્વરૂપમાં એ દોષ નથી. હજી થોડું સમજવું પડશે. બરાબર છે.

મુમુક્ષુ :- એને જાણવા માત્રથી દોષથી મુકત થઈ જાય છે?

ઉત્તર :- ચારિત્રના દોષથી મુકત નથી થતો.

મુમુક્ષુ :- એમ જાણી લેવું કે મારો દોષ નથી....

ઉત્તર :- નહીં, એમ નહીં. અંતર આત્મામાં જ્ઞાન થયું. આત્માની સન્મુખમાં જ્ઞાન થયું કે દોષ મારા સ્વભાવમાં નથી. પર્યાયમાં દોષ છે એટલો ચારિત્રનો દોષ છે. મારો નહીં. સમ્યગ્દર્શનમાં દોષ નથી.

મુમુક્ષુ :- સાથે નથી રહી શકતાં?

ઉત્તર :- સાથે રહે છે ને. કીધું ને. અંશે ચારિત્ર છે અને અંશે અચારિત્ર છે. એ વાત કાલે શેઠે પૂછી હતી. શુધ્ધ પરિણતિ પણ થોડી છે અને સાથે અશુધ્ધ પરિણતિ પણ જ્ઞાનીને છે, ચોથા ગુણસ્થાનમાં. પાંચમામાં, છઠ્ઠામાં. અહીં તો આપણે વધારે અહીં લેવું છે. હજી તો શુભાશુભ પરિણામ રોકવાની વાત છે ને? જ્ઞાનીને પંચમ ગુણસ્થાનમાં તો શુભાશુભ પરિણામ હજી રોકાયા નથી. ઉત્પન્ન છે. સમજાણું

કાંઈ? છતાં એ અનંત દ્રવ્યોના સંયોગમાં મારું અસ્તિત્વ નથી. એમ અંદરમાં ભાન છે.

આ તો ભાન પણ ક્યાં છે? હજી તો ખબર પણ નથી કે હું શું છું. અને તે સંયોગ છે એ સંયોગથી અંદરમાં ત્યાગનું માપ નથી. સંયોગ તો પૂર્વના પુણ્યને કારણે બહુ જ હોય છે જ્ઞાનીને, ઢગલા ગંજ. છતાં સમ્યગ્દર્શનમાં બિલકુલ દોષ છે નહીં. ભાગ પડતા નથી તો..... સંયોગ દોષ શું છે? અને તે તરફની પોતાની કમજોરીથી જરા શુભાશુભ પરિણામ આવે છે તેની પણ અંદરમાં આનંદની ઉપાદેયબુધ્ધિમાં તેને હેયબુધ્ધિ વર્તે છે. તો એક સમયમાં શુધ્ધ સમ્યગ્દર્શનની પણ પરિણતિ છે અને તે પુણ્ય-પાપના ભોગની વૃત્તિની પર્યાય સાથે છે. એક સમયમાં બે ભાગ છે. છતાં તેના સમ્યગ્દર્શનમાં કિંચીત્ દોષ નથી. સમજાણું કાંઈ?

અને તે રાગ સમ્યગ્દર્શનમાં દોષ કરાવે તો ક્યારેય સમ્યગ્દર્શન થતું જ નથી. ક્યારેય સમ્યગ્દર્શન રહેતું પણ નથી. હોતું પણ નથી, રહેતું પણ નથી, વૃધ્ધિ પણ થતી નથી. બહુ ઝીણી વાત છે. અત્યારે લોકોને બહારના માપ ઉપર માપ છે. શેઠી! આ ચીજ છે. તો શું કરવા માટે અહીં સમજાવે છે. સંયોગના ગંજ હોય સમકિતીને. કેટલા સંયોગ! લોકો તો એમ માને કે, અરરર! આ? હીરાના થાળ, મણીના વાટકા અને છન્નું હજાર સ્ત્રી આમ પીરસે. કેટલી ઊંચી ચીજ! એક એક કોળીયાની કરોડો રૂપિયાની કિંમત! રસોઈયા એનો એક એક મોટો રસોઈયો. ભાવનગરના દરબારનો દિવાન હોય એવો તો એનો રસોઈયો બાર મહિનાની વાટ જુએ. બાર મહિના સુધી રસોઈની સંભાળ કરે. ........... મોટો અમલદાર હોય. એ અમલદાર બાર મહિના સુધી એક દિવસનો રસોઈયાને હુકમ કરે. રસોઈયાને હુકમ કરે. આજે મહારાજા સાહેબ માટે આ રસોઈ બનાવજે. ડાલચંદજી! ત્રણસો સાંઈઠ દિવસ એક અમલદાર. એ મોટો કરોડપતિ અને મોટો અબજપતિ અમલદાર હો એ. ચક્રવર્તી માટે એક દિવસના ભોજન માટે ત્રણસો ને સાંઈઠ દિવસ તજવીજ કરે. એ બાર મહિને એકવાર રસોઈયાને હુકમ કરે કે આજ મહારાજા સાહેબ માટે મેં બાર મહિના તજવીજ કરી તે (પ્રમાણે) બનાવજો. એવા ત્રણસો ને સાંઈઠ તો અમલદાર રસોઈયા, રસોઈયા નહીં. દેખરેખ રાખવાવાળા, સ્પષ્ટ છે. લોકોને ભાન નહીં પુણ્ય શું છે, પાપ શું છે, પુણ્ય-પાપનું ફળ શું છે, આત્મા શું એ ખબર નહીં એટલે. સમજાણું કાંઈ?

ચક્રવર્તી ભગવાનની ઘરે એમ થતું હતું. એમ શ્રેણિકરાજા સમકિતી હતા. હજારો રાણીઓના વૃંદમાં પડ્યા હતા. (તો) શું છે? ભોગની વૃત્તિ પણ હતી આસ્રવ તત્ત્વ. આસ્રવ ન હોય તો વીતરાગ થઈ જાય. અને આસ્રવ છે તો સમ્યગ્દર્શનમાં દોષ છે? બિલકુલ નથી. આટલો સંયોગ છે તો સમ્યગ્દર્શનમાં હરકત છે? બિલકુલ નહીં. આ તો નવતત્ત્વની પણ ખબર નથી. બહારમાં તો સંયોગમાં અજીવતત્ત્વ થયા તેમાં આત્મા ક્યાં આવ્યો? અને પોતાની પર્યાયમાં જરા પુણ્ય-પાપના શુભાશુભ પરિણામ આવ્યા તેમાં આત્મા ક્યાં આવ્યો? આત્મા તો ભિન્ન છે, તેનું ભાન છે અંદરમાં.

વાત તો બહુ જ સૂક્ષ્મ છે. જગતને મળી પણ નથી. બહારમાં બધું માન્યું. મિથ્યાભાવ, મિથ્યાશ્રદ્ધા,. સંયોગ કાંઈક ઘટે તો ત્યાગી છે એમ અજ્ઞાની માને છે. એ તો અજીવનો સંયોગ ઓછો થયો. તેમાં જીવની પર્યાયમાં શું થયું તે તને ખબર છે? સમજાણું કાંઈ? જીવની પર્યાયમાં તો જયાં અંદરમાં આ સંયોગ ઘટયા, સંયોગ ઘટયા તો મારો રાગ ઘટયો એવી માન્યતા છે ત્યાં મિથ્યાત્વ છે. કેમકે આત્મા ત્રિકાળી જ્ઞાનાનંદ સ્વભાવ છે એવી તો દૃષ્ટિ થઈ નથી. સહારા ઘટયા નહીં ને મારા દોષ ઘટી ગયા. કયાંથી ઘટયા? ધૂળમાંથી. શેઠીયા! કઠણ વાત છે. અજર પ્યાલા છે આ. ઝીરવવા કઠણ! એ રાજમલજી! અજર પ્યાલા પીઓ મતવાલા, ચિન્હિ અધ્યાત્મ ભાષા. તારણસ્વામી તો એમ જ કહે છે કે એવી માન્યતા કહે છે એ નિગોદમાં જાશે. તારા ત્યાગ વૈરાગ્ય બધા મીંડા પડીને નિગોદ જાશે. જાય નિગોદમ ગચ્છઈ. છે કે નહીં? બહુ જ કડક ભાષા છે. ઘણી ગાથામાં બહુ જ કહ્યું છે. નિગોદમ ગચ્છઈ. તત્ત્વની ખબર નહીં. આસ્રવ પર્યાય શેનાથી થાય છે. અજીવનો સંયોગ મંદ, તીવ્ર તેનાથી થાય છે. તારું જીવદ્રવ્ય કેવું છે. તને કાંઈ નવમાં શું વિવેક છે (તેની પણ) ખબર નથી. સમજાણું કાંઈ?

ડાલચંદજી! ઊંધી ખતવણી થશે. પોતાની ને પોતાની દૃષ્ટિ પ્રમાણે તે બીજાની ખતવણી કરશે. સમજાણું કાંઈ? એવા મિથ્યાત્વભાવથી તો નિગોદમાં જશે. શેઠી! આહાહા! ચક્રવર્તીને છન્નું હજાર સ્ત્રી અને આઠ વર્ષે પંચમ ગુણસ્થાન આવી જાય છે. પછી છન્નું હજાર સ્ત્રી સાથે લગ્ન કરે છે. ક્ષાયિક સમકિતી છે. બરાબર સાંભળજો હોં! પિતાજીએ અહીં મકાન કર્યા છે તો તમને સાંભળવા માટે અહીં લાવ્યા છે. તેનો ભાવ એમ કે કોઈ કુટુંબ આદિથી રહે, સાંભળે, સમજે. સમજાણું કાંઈ? નથુલાલજી! આ કયારેય સાંભળ્યું પણ ન હોય. ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર એમ ફરમાવે છે કે તારા અજીવના સંયોગ ઉપરથી ત્યાગ અત્યાગનું માપ છે નહીં. અને આત્મામાં પુણ્ય-પાપના પરિણામ છે તેનાથી ધર્મ અધર્મનું માપ નથી. સમજાણું કાંઈ? નવતત્ત્વ ભિન્ન છે. એ તો અજીવતત્ત્વ છે. બહાર સંયોગ બહાર થયા તેમાં આત્માના અસ્તિત્વમાં શું ઘુસી ગયું? કે તેને દોષ લાગે. સમજાણું કાંઈ? અને તેમાં જરા પુણ્ય-પાપના પરિણામ થયા વસ્તુ દૃષ્ટિમાં તો સમ્યક્‌માં હું જ્ઞાનાનંદ છું એવી દૃષ્ટિ અનુભવમાં આવી ગઈ છે. તેમાં દ્રવ્યમાં પુણ્ય-પાપના પરિણામ ઘુસી નથી ગયા.

સમ્યક્‌માં કોને દોષ લાગે? આવે છે તે આત્માની પર્યાયમાં આવે છે. ભાવમાં આવે છે તે પોતાના દોષથી આવે છે. કર્મથી નહીં. એ દોષથી આવે છે એની દૃષ્ટિ છૂટીને દ્રવ્ય ઉપર સ્વભાવ ઉપર દૃષ્ટિ કરે ત્યારે સમ્યગ્દર્શન થાય છે. દોષ છે. પણ દોષથી દૃષ્ટિ છૂટીને નિર્દોષ ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરી. દોષ તો છે. દોષ ન હોય તો તો વીતરાગ થઈ જાય. સમજાણું કાંઈ? દોષની દૃષ્ટિ છૂટી ગઈ. અને નિર્દોષ ચૈતન્ય ઉપર દૃષ્ટિ થઈ. દોષ રહ્યો અશુભ શુભાશુભભાવ. નવતત્ત્વ કઈ રીતે રહેશે? આત્માનું જ્ઞાન થયું તો આસ્રવતત્ત્વ ઊડી ગયું ને બંધ ઊડી ગયો. થઈ ગયો મોક્ષ! એમ છે નહીં. શેઠી! એ માટે તો અહીં

પહેલાં કહીએ છીએ. જ્ઞાનીને સંવર સમ્યગ્દર્શનની દશામાં સંવર થયો, શુદ્ધપરિણતિ થઈ. સાથે શુભાશુભભાવ અશુદ્ધપરિણતિ છે. બહુ ઝીણી વાત!

આત્મામાં ચારિત્ર નામનો ગુણ છે દ્રવ્યના આધારે. એ ચારિત્ર ગુણનો આધાર દ્રવ્યની દૃષ્ટિ થતાં પોતાની પર્યાયમાં ચારિત્રગુણની શુદ્ધ પર્યાયનો અંશ પ્રગટ થયો. એ જ પર્યાયમાં એક પર્યાયમાં બે ભાગ રહ્યા. થોડો અશુદ્ધ છે અને થોડો શુદ્ધ છે ચારિત્ર ગુણની પર્યાયમાં. હજી પર્યાય કોણ (છે તેની તો ખબર નથી!) સમજાણું કાંઈ?

ત્રિકાળ દ્રવ્ય વસ્તુ અખંડાનંદની દૃષ્ટિ થતાં ચારિત્રની પર્યાયમાં અંશે શુદ્ધિ થઈ. સમ્યગ્દર્શન પૂર્ણ શુદ્ધ થયું. જ્ઞાન પણ સ્વજ્ઞેયને જાણીને જ્ઞાનની પોતાની પર્યાય શુદ્ધ થઈ. સાથે ચારિત્રગુણની શુદ્ધ પર્યાયની સાથે એ જ પર્યાયમાં બે ભાગ છે. થોડી શુદ્ધિ છે, થોડી અશુદ્ધિ છે. પુણ્ય-પાપ, આર્તધ્યાન-રૌદ્રધ્યાન સમકિતીને થાય છે એટલી અશુદ્ધિ છે. અને જેટલી દ્રવ્યને આશ્રયે પર્યાય શુદ્ધ થઈ એટલી શુદ્ધ છે. શુદ્ધ છે તેને સંવર-નિર્જરા કહે છે. અશુદ્ધ છે તેને પુણ્ય-પાપ, આસ્રવ-બંધ કહે છે. શેઠી! કેટલું આવ્યું, કેટલું ફરમાવવું.

અહીં નવ પદાર્થની વાત ચાલે છે કે નહીં? તો સમ્યગ્દૃષ્ટિને નવ પદાર્થ ખ્યાલમાં કેવી રીતે છે? ચોથા ગુણસ્થાનમાં હોં! એમ કે અત્યાર સુધી અમે માનતા હતા. કાંઈ આવું સમજવાની દરકાર નહોતી ને માનતા હતા ધર્મ! આ ડખલ ઉભી કરી આવી એમ કહે છે. અમારે દલાલ છે. માનતા હતા કે અમે સૌ ધર્મ કરીએ (છીએ) ને, એમાં ડખલ ઊભી કરી આ. ના, એ તારી દૃષ્ટિ વિપરીત છે. સમજાણું કાંઈ? અમે પરની દયા પાળી શકીએ છીએ, પરની હિંસા કરી શકીએ છીએ, ભાષા અમે બોલી શકીએ છીએ. તો અજીવતત્ત્વ ભિન્ન ન રહ્યું. નવતત્ત્વમાં અજીવતત્ત્વ છે. તો અજીવની પર્યાય અજીવથી છે તો તારી શ્રદ્ધામાં (તો તે) આવ્યું નહીં.

નવતત્ત્વ છે ને તો અજીવતત્ત્વ ભિન્ન છે. આ વાણી આ બધું અજીવતત્ત્વ છે. કર્મ અજીવતત્વ છે. આ સંયોગ આવે આ લક્ષ્મી ધૂળ આ લાડવા, દાળ, આ મકાન ધૂળ એ બધું અજીવતત્ત્વ છે. તે અજીવતત્વ પોતાની પર્યાયથી ત્યાં પરિણમી રહ્યું છે. તારા કારણે આવ્યા નથી ને તારી ચીજ તે છે નહીં. પોતાની માન્યતામાં માને પણ માને તો કાંઈ થઈ જાય છે?

અને આત્માની પર્યાયમાં શુભ અને અશુભભાવ થાય છે. શુભ પુણ્ય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામ, સ્મરણ, જાપ એ બધા શુભરાગ છે, વિકલ્પ છે. પુણ્ય વિકાર મેલ છે. અને હિંસા, જૂઠ, ચોરી, વિષય એ પાપ. એક પુણ્યતત્ત્વ એક પાપ. બે મળીને આસ્રવતત્ત્વ. અને એટલો આત્મા અંતરમાં શુદ્ધસ્વભાવનો આશ્રય લઈને બિલકુલ હું વિકલ્પનો કર્તા નથી. પુણ્ય, દયા, દાનનો હું કર્તા નથી. હું તો જ્ઞાનાનંદ સ્વરૂપ છું. એવી દૃષ્ટિ થઈ ત્યારે રાગ આવ્યો ખરો. તો રાગની સાથે સ્વભાવના આશ્રયે

જેટલો સંવર થયો તેની સાથે એટલા અશુધ્ધભાવનો આસ્રવ પણ રહ્યો છે. અશુધ્ધભાવ ન હોય તો તો કેવળ થઈ જાય. અને અશુધ્ધભાવ પોતાની દૃષ્ટિના વિષય ને પોતાનું કર્તવ્ય માને તો તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. આહાહા! દેવીલાલજી!

મુમુક્ષુ :- સંવર.....

ઉત્તર :- બધું આવે છે ને. જુઓ! હમણાં આવશે કૌંસમાં. **સંવરથી અર્થાત્ શુભાશુભ પરિણામના પરમ નિરોધથી યુક્ત એવો,** યુક્ત એટલે સહિત એવા. આ તો અમૃત સિધ્ધાંત છે. તેમાં એક એક શબ્દમાં ગંભીરતા પડી છે. એમ ને એમ વાંચી લ્યે તો એમ છે નહીં. સંવરથી શુભાશુભ પરિણામ, શુભ પરિણામ દયા, દાન, નામ, સ્મરણ, ભક્તિ ઈત્યાદિ શુભ. હિંસા, જૂઠું, ચોરી, ભોગ, વાસના અશુભ. એ સમકિતીને સમ્યગ્દર્શનનો સંવર તો છે. કેમકે તે પરના સંયોગમાં પોતાનું અસ્તિત્વ નથી સ્વીકારતો અને સંયોગમાં દશા થાય છે તે મારાથી થાય છે તેમ માનતા નથી. અને પોતાની પર્યાય કર્મથી વિકારથી થાય છે એમ માનતા નથી.

જેને પોતાની પર્યાયમાં પરાશ્રિતબુધ્ધિ છે કે પરથી વિકાર છે તેને સ્વઆશ્રિતબુધ્ધિ થતી નથી. સમજાણું કાંઈ? (ઘણા એમ માને કે) અમારે પુણ્ય ને પાપના ભાવ શું કરે! કર્મના આશ્રયે થાય છે. કર્મ એવા ઉદયમાં આવે તો કરવા પડે છે. મૂઢ છે! સમજાણું કાંઈ? જેના વિકારના પરિણામમાં પરાશ્રિતબુધ્ધિ છે તો તેનાથી મને વિકાર થાય છે. સંયોગ એવા મળ્યા તો મને વિકાર થયો (એમ માને છે.) સંયોગ તો પર તત્ત્વ છે, અજીવ. કર્મ અજીવ તત્ત્વ છે. તેનાથી આસ્રવતત્ત્વ થયા તો નવતત્ત્વ ભિન્ન રહ્યા નહીં. સમજાણું કાંઈ?

અજીવનો આશ્રય છોડીને પુણ્ય-પાપના પરિણામ પણ પરથી થતાં નથી. એવી દૃષ્ટિ છોડીને, પરથી નથી થતું. મારી કમજોરીથી (થાય છે.) પણ તે મારામાં નથી. હું જ્ઞાયક ચિદાનંદ છું. એવી દૃષ્ટિ થઈ તો જેટલા પુણ્ય ને પાપ હજી બાકી રહ્યા એટલો આસ્રવ છે. એ તો સમજી શકાય એમ છે હોં! ડાલચંદજી! બુધ્ધિવાળા પણ સંસારમાં કામ કરે છે તો તેનું કામ નહીં. જાણે છે હો. અમે કેમ જાણવાના કામ ન કરીએ. સમજાણું કાંઈ? હજી તો અહીં અટક્યું! શુભાશુભ પરિણામમાં રોકાઈ ગયા.

**પરમ નિરોધ યુક્ત,** યુક્ત એટલે સહિત **એવો જીવ,** હવે એ જીવની વ્યાખ્યા કરે છે. **વસ્તુસ્વરૂપને (હેય-ઉપાદેય તત્ત્વને) બરાબર જાણતો થકો,** જુઓ! હવે ભાષા આવી. સંસ્કૃત ટીકામાં છે. **मुख्य निर्जराकारणोपन्यासोऽयम् । यो हि संवरेण शुभाशुभपरिणाम परमनिरोधेन युक्त: परिज्ञातवस्तुस्वरुप:** સંસ્કૃત ટીકા છે. શું છે જ્ઞાની? ઉપર સંસ્કૃત લીધું. વસ્તુસ્વરૂપને, અર્થાત્ જ્ઞાયક સ્વભાવ પરમ પવિત્રને ઉપાદેય તરીકે જાણે છે. અને અજીવ આદિને જ્ઞેય તરીકે હેય જાણે છે. અને દયા, દાનનો વિકલ્પ ભક્તિ, પૂજા, વ્રતનો વિકલ્પ ઊઠે છે. તેને હેય જાણે છે. અને પોતાના ત્રિકાળ

શુધ્ધ સ્વભાવને ઉપાદેય જાણીને જેટલી નિર્મળ સંવર, નિર્જરા, મોક્ષની પર્યાય ઉત્પન્ન થાય એ સંવરને ઉપાદેય માને છે, નિર્જરાને હિતકર માને છે, મોક્ષને પરમહિત માને છે. અને પુણ્ય પરિણામ, પાપ પરિણામને હેય તરીકે સ્વીકારે છે. સમજાણું કાંઈ?

જુઓ! શું શબ્દ પડયો છે? વસ્તુસ્વરૂપને હેય-ઉપાદેય, સંસ્કૃતમાં છે. જયસેનઆચાર્યમાં છે ભાઈ! આ શબ્દ ભાઈએ એટલો નાખ્યોને કે સ્વરૂપને જાણ પણ જયસેનઆચાર્યની ટીકામાં છે. સંસ્કૃત ટીકામાં આ ગાથામાં જ છે. ''**अप्पदपसाहगो हि**'' પહેલી પંક્તિમાં છે. તેનું સંસ્કૃત કર્યું છે. **आत्मार्थप्रसाधकः (हि) स्फुटं हेयोपादेयतत्वं विज्ञाय परप्रयोजनेभ्यो व्यावृत्य** એ સંસ્કૃતમાં છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દષ્ટિ જીવને સંવરપૂર્વક નિર્જરા થાય છે તેનો અર્થ આ. બાકી સમ્યક્સંવર એટલે સમ્યગ્દર્શન નથી અને લાખ, કરોડ અપવાસ કરે મરી જાય શરીર સુકાઈ જાય. કિંચીત પણ નિર્જરા થતી નથી. એકલો મિથ્યાત્વ સાથે પાપનો બંધ (થાય છે.) રાગ મંદ હોય તો પુણ્યનો બંધ થાય છે. સમજાણું કાંઈ?

તો **શુભાશુભ પરિણામના પરમ નિરોધથી યુકત એવો જે જીવ, વસ્તુસ્વરૂપને (હેય-ઉપાદેય તત્ત્વને બરાબર જાણતો થકો, मुणिउण** છે ને **मुणिउण** પાઠમાં છે. જ્ઞાની જીવ પોતાના આત્માને જ્ઞાનસ્વરૂપ જ જાણતો થકો જાણવાની ક્રિયા સિવાય મારી કોઈ ક્રિયા મારામાં છે જ નહીં. રાગાદિની ક્રિયા થાય છે તે મલિન છે, ખરેખર તો તે મને મારા જ્ઞાનનું જ્ઞેય છે. સમજાણું કાંઈ?

**બરાબર જાણતો થકો,** એટલે નવતત્ત્વની જો દ્રવ્ય-દ્રવ્ય છે, પર્યાય છે મલિન છે, નિર્મળ છે તેને એમ બરાબર જાણતો થકો, સમજાણું કાંઈ? **પરપ્રયોજનોથી જેની બુધ્ધિ વ્યાવૃત્ત થઈ છે.** પરપ્રયોજનોનો અર્થ-શુભાશુભ વિકલ્પનું પ્રયોજન જેને છૂટી ગયું છે. પરનો તો કર્તા હર્તા નથી. અજ્ઞાની પણ કરી શકતો નથી. પણ પરપ્રયોજન શુભાશુભ પરિણામનું પ્રયોજન જેની બુધ્ધિમાં આવીને વ્યાવૃત્ત થઈ ગયું છે. નીચે (ફુટનોટમાં) વ્યાવૃત્ત છે ને? નિવર્તવું; નિવૃત્ત થવું; પાછા વળવું. શુભ-અશુભ પરિણામમાં પણ મારું પ્રયોજન શું છે? સમ્યગ્દષ્ટિ છે. શુભાશુભભાવ છે. અહીં તો વિશેષ નિર્જરા કહેવી છે ને? શુભાશુભ પરિણામમાં મારું પ્રયોજન શું છે? શુભ ભાવ આવ્યો, દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, સ્મરણ, વિકલ્પ તેમાં પ્રયોજન શું છે? એ તો પુણ્યબંધનું કારણ છે. સમજાણું કાંઈ?

અહીં તો સમ્યગ્દર્શન પછીની વાત છે. ઉત્તર સંવર, નિર્જરાની વાત છે. હા, એવી વાત છે. સમજાણું કાંઈ? **પરપ્રયોજનો,** પરપ્રયોજન શબ્દે વિકલ્પ. શુભ-અશુભ વિકલ્પ જે ઉત્પન્ન થાય છે તેનાથી પણ મારે શું પ્રયોજન છે? **બુધ્ધિ વ્યાવૃત્ત થઈ છે.** પોતાની જ્ઞાન દશા ઉગ્રપણે સ્વભાવનું અવલંબન લઈને એ શુભાશુભ પરિણામથી બુધ્ધિ વ્યાવૃત્ત-નિવૃત્ત થઈ છે. બીજાનું પ્રયોજન કરતા હતા ને એ માટે એમ નહીં. બીજા તો કરી શકતાં જ નથી. કહો, સમજાણું કાંઈ?

આ દેશ સેવા કરી, કુટુંબ સેવા કરી, નાતની સેવા કરી. ત્રણકાળ, ત્રણલોકમાં કરી શકતો નથી. કોની સેવા કરે? તારા અસ્તિત્વમાં નથી ત્યાં તારું અસ્તિત્વ ક્યાં જાય છે પરમાં. કે પરનું તું કરી દે.

મુમુક્ષુ :- આપ તો ........

ઉત્તર :- (અમે) નથી કરતાં. અમે તો અમારામાં છીએ. વાણી વાણીમાં છે. જરી કઠણ વાત છે. લોકોને નવતત્ત્વ શું છે તેની ખબર નથી. નવ કહે તો નવરૂપ હોવું જોઈએ ને? નવમાં એક કરીને ખીચડો કરી નાખે તો એક પણ ન રહે. તો બધા નાશ થઈ જાય. સમજાણું કાંઈ? **પરપ્રયોજનોથી જેની બુદ્ધિ વ્યાવૃત્ત થઈ છે,** પહેલાં સમ્યગ્દર્શન તો છે હોં! પણ **યુક્ત એવો,** એમ પહેલાં કહ્યું ને ભાઈ? આ તો લીનતા નિર્જરાની વાત છે. સ્વભાવનું ભાન છે. જ્ઞાયક છું અને લીન થવા માટે તૈયાર થયો છે. અને શુભાશુભ પરિણામથી રહિત તો સંવર થયો છે. અરે! તેની નિર્જરાની વાત કરે છે. આહાહા!

પરપ્રયોજનોથી જેની બુદ્ધિ, જ્ઞાનની પર્યાય એ શુભાશુભ પરિણામથી પણ દૂર થઈ ગઈ છે. દૃષ્ટિ તો પહેલી રુચિથી દૂર થઈ ગઈ હતી. હવે અહીં ચારિત્રની વાત છે. દૃષ્ટિમાં તો સમ્યક્ થયું તો પુણ્ય-પાપની રુચિ છૂટી ગઈ હતી. પણ પુણ્ય-પાપ રહ્યા હતા. તો હવે ઉગ્રપણે પુરુષાર્થ કરીને શુભાશુભ પરિણામથી પણ વ્યાવૃત્ત, બુદ્ધિને વ્યાવૃત્ત કરીને સ્વરૂપની દૃષ્ટિ થઈ છે એવા સ્વરૂપમાં સ્થિર થાય છે. પહેલી દૃષ્ટિ થઈ છે તેની વાત છે હોં! અજ્ઞાનીને તો એવું ક્યારેય થતું જ નથી.

**કેવળ સ્વપ્રયોજન સાધવામાં જેનું મન ઉદ્યત થયું છે.** એકલો આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ તેમાં મતિ, બુદ્ધિ, ભાવ, પરિણામ ઉદ્યત થયું છે. તત્પર થવું, લાગવું, ઉદ્યમવંત થવું. પુરુષાર્થ જ્ઞાનાનંદ અનંતગુણના પિંડમાં જેની બુદ્ધિ લીન થવા માટે તત્પર થઈ ગઈ છે. ઓહોહો! નિમિત્તથી દૂર થઈને, નિમિત્ત મારામાં છે નહીં એ બીજી વાત પણ નિમિત્ત ઉપર લક્ષ કરતો હતો તો આસક્તિનો થોડો શુભાશુભ પરિણામમાં. તેનાથી બુદ્ધિ દૂર કરીને સ્વભાવમાં મન ઉદ્યત કરીને અંતર જ્ઞાનાનંદમાં, સમ્યગ્દર્શન તો છે. વિશેષ અંદર સ્થિરતા કરીને. **એવો વર્તતો થકો,** જુઓ! એવો વર્તતો થકો,

એમ નથી કહેતાં કે કર્મ કાંઈક માર્ગ બતાવે તો આમ વર્તે છે. એમ છે નહીં. અમારે કર્મ પડયા છે ને? કર્મ બહુ જ ચીકણા પડયા છે ને? થોડાક કાંઈક ઘટે તો અમારું (કલ્યાણ થાય) મૂઢ છે. એ તો અજીવતત્ત્વ છે. અજીવથી તારામાં કાંઈ થયું ને અજીવમાં તારાથી કાંઈ થયું એમ તો છે નહીં. તો કહે છે કે **ઉદ્યત થયું છે એવો વર્તતો થકો,** પોતાના પુરુષાર્થથી પોતામાં વર્તતો થકો. કર્મએ માર્ગ આપ્યો અને કર્મ થોડા ઘટયા તો અમારે ઉદ્યમ થયો એમ છે નહીં.

પોતાને કારણે ઉદ્યમ થયો. દૃષ્ટિ તો હતી.... આનંદમાં, જ્ઞાયકમાં હતી. તેના પછી સંવર પણ થયો. તેની અંશે નિર્જરાની વાત કરે છે. ઓહોહો! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .......

ઉત્તર :- અઘરું કે દિ' હતું. ભાન નથી કર્યું અત્યાર સુધી. જેચંદભાઈ! અત્યાર સુધી મુંડાવ્યું છે બીજું બધું. અઘરું લાગે છે. અત્યાર સુધી દરકાર કે દિ' કરી ભાઈ! ક્યારેય દરકાર કરી જ નથી. એમ ને એમ જીંદગી નિરર્થક ગુમાવી. જેચંદભાઈ! ક્યાં ગયા? એ બેઠા! ત્યાં છેલ્લે.

ઓહો! ક્યા નવતત્ત્વ નવરૂપે કેમ છે? પુણ્ય શું છે. ખોજ કરી નથી. તો તેને કઠણ લાગે. એકડો કોઈ દિવસ શીખ્યો નથી ને પહેલો એકડો જાય તો તેનો હાથ પણ આમ વળે નહીં. અભ્યાસ કર્યા નહીં ક્યારેય. જે કરવાનું છે તે કર્યું નહીં. નકામા (કામ) કરીને મરી ગયો. સમજાણું કાંઈ? વ્યાપાર ધંધાના પરિણામ કર્યા. શું કર્યું હતું તમે? વ્યાપાર કર્યો હતો? કોણ કહે છે વ્યાપાર કર્યો હતો. વ્યાપારના રાગના પરિણામ કર્યા હતા.

મુમુક્ષુ :- ........

ઉત્તર :- કોની વાત કરે છે આ? એ વાત તો આવે છે. હો. તો શું છે સુધારવાવાળો તૈયાર નથી. તેની વાત તો ચાલે છે. નવ(તત્ત્વ)ને બરાબર નવરૂપ ઓળખો. કે જેથી નવ(તત્ત્વ)નો વિવેક કરીને પોતામાં એકાગ્રતા થાય. એ વાત તો મોક્ષમાર્ગની ચાલે છે. અંધાધુંધી. આ જ વ્યાપાર કરવાનો છે. બીજું શું છે ધૂળમાં? પાંચ પચાસલાખ મળ્યા તો કોને મળ્યા? આની પાસે છે? તેની પાસે મમતા છે. માલિકી મમતાની છે. તેની માલિકી ક્યાં છે? ધૂળમાં? માલિકી હોય તો સાથે આવવી જોઈએ. ક્યાં સાથે લાવ્યા છે? પોતાની પર્યાયમાં શું આવ્યું? આ મારા છે એવી મમતા આવી. ચીજ નહીં આવી. ચીજ તો ચીજમાં રહી. બરાબર?

પોતાના અસ્તિત્વમાં આવવું જોઈએ ને? પોતાની અસ્તિ-અસ્તિ એટલે સત્તા. તો પોતાની સત્તા તો દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેયમાં છે. તો લક્ષ્મી શું તેની પર્યાયમાં આવી જાય છે? એ શેઠ! ...... ધૂળમાંય છે નહીં. એવો વર્તતો થકો, આ ઉપર વજન હતું. પોતાના મનને પોતાના સ્વરૂપમાં પુરુષાર્થ કરીને. એમ નિર્જરા થાય છે એવું જ્ઞાન તો પહેલાં કરે! એવા અપવાસ કરી દીધા ને નિર્જરા થઈ ગઈ! સમજાણું કાંઈ? એવું તેવું છે નહીં. એ પ્રેમચંદજી! શું છે જુઓ! અહીંયાં. કડક વાત છે. અમારે દેરિયાજી કહે કે ભાષા કડક છે. કડક શું? સમજમાં આવે નહીં માટે કડક લાગે.

મુમુક્ષુ :- ........

ઉત્તર :- એ સમયસારમાં એવો શબ્દ છે હો! સમયસારમાં શબ્દ છે. અહીંયાં કહે છે મૂઢ છે. એ સમયસારમાં બહુ શબ્દ પડયો છે. **अन्नाणी मूढो** એવો શબ્દ છે. કુંદકુંદઆચાર્ય (કહે છે) પરને જીવાડી શકું છું, પરને આહાર આપી શકું છું. મૂઢ છે, અજ્ઞાની! એવો પાઠ છે. સમયસારમાં હો! એવો પાઠ (છે.) કુંદકુંદઆચાર્ય. સમજાણું કાંઈ? બંધ અધિકારમાં જુઓ!

**जो मञ्रदि हिंसामि य हिंसिज्जामि य परेहि सत्तेहिं ।**
**सो मूढो अण्णाणी णाणी एतो दु विवरीदो ।। २४७ ।।**

બે શબ્દ લગાવ્યા છે. ૨૪૭ ગાથા છે. આ તો અમારે દેરિયાજી પૂછે તો શબ્દ તો આપવો પડે ને? જુઓ! ૨૪૭ ગાથા. **जो मज्जदि जीवेही** જો કોઇ માને કે હું પરને જીવાડી શકું છું અને પરથી મારામાં જીવન થાય છે. હું જીવાડી શકું છું ......... ............................................ બે શબ્દ લગાવ્યા છે. શેઠીયા! **मूढो अण्णाणी** એ તો **ध्रुव अण्णाणी** પાઠમાં ટીકામાંથી આવ્યો છે. ધ્રુવ અજ્ઞાની છે. અજ્ઞાની છે ચોક્કસ અજ્ઞાની છે. ધ્રુવ અજ્ઞાની છે ચોક્કસ અજ્ઞાની છે. મૂઢ છે તેને ખબર નથી. શું તારાથી એક રજકણ પણ ચાલે છે? પાંપણ પણ તારાથી ચાલે છે? તારાથી આંગળી ચાલે છે? એ તો જડની પર્યાય જડમાંથી થાય છે. જડને કારણે થાય છે. તારાથી થાય છે? તું અજીવનો ધણી થઇ ગયો, સ્વામી? તારો સ્વામી ચાલ્યો ગયો? પછી વિશેષ વાત કહેશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ)**

## પ્રવચન નં :- ૪૨, ગાથા-૧૪૫-૧૪૬, આસો સુદ-૩, ગુરુવાર, તાઃ-૮-૧૦-૬૪

આ પંચાસ્તિકાય નવપદાર્થનો વિસ્તાર ચાલે છે. તેમાં ૧૪૫ ગાથા ચાલે છે. જુઓ! શું કહે છે? નિર્જરાની વ્યાખ્યા. નવપદાર્થ છે નવ પદાર્થ. તેમાં જડ અજીવ પુદ્ગલ ને જીવ ચૈતન્ય બે દ્રવ્ય અને સાત તો તેની પર્યાય છે. તેનું જ્ઞાન કરવું પડશે. જેને હિત કરવું છે તેને જ્ઞાન કરવું પડશે કે આ શું ચીજ છે. હિત ન કરવું હોય તો અનાદિકાળથી અજ્ઞાનમાં માનતા આવ્યા છે. અનાદિથી ઉલટ પુલટ (માનતો આવ્યો છે.)

મુમુક્ષુ ......

ઉત્તર :- જરાપણ નહીં. ઉલટ પુલટ એટલે? આ આસ્રવને ધર્મ માન્યો અને ધર્મ નથી ત્યાં ધર્મ માને એવું ઉલટ પુલટ. ઉલટ પુલટના થોડા સુલટ થાય એમ નથી. ઉલટા ને સુલટા ને સુલટાને ઉલટા (માને.) ચૈતન્યને જડ અને જડને ચૈતન્ય (માને) એવા. સમજાણું કાંઇ?

તો કહે છે. પહેલેથી જુઓ! **સંવરથી અર્થાત્ શુભાશુભ પરિણામના પરમ નિરોધથી યુક્ત એવો જે જીવ.** ગાથા-૧૪૫. પહેલાં તો એના બોધમાં એમ હોવું જોઇએ કે શરીરાદિ જડ તેની પર્યાય જડથી સ્વતંત્ર થાય છે. મારાથી નહીં. હવે આ કઠણ પડે તો પછી હવે અંદર હજી સંવર તો ક્યાંય રહી

ગયું. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ તો દુનિયાથી તદ્દન પૃથક છે. સમજાણું કાંઈ? આ તો સર્વજ્ઞથી જાણેલો, સર્વજ્ઞે કહેલો ધર્મ છે. એ કાંઈ કલ્પિત છે અને પોતાની કલ્પનાથી (બનાવ્યો છે) એવી ચીજ નથી. સમજાણું કાંઈ?

તો કહે છે, **સંવરથી અર્થાત્ શુભાશુભ પરિણામના પરમ નિરોધથી યુક્ત એવો જે જીવ.** શું કહ્યું તેમાં? આટલા શબ્દમાં શું કહ્યું? કે જેને નિર્જરા પ્રગટ થાય છે શુધ્ધતા. તે આ જડ શરીર, વાણી, મન, પરપદાર્થની પર્યાય થાય છે તે મારું કાર્ય છે એમ દૃષ્ટિમાંથી તો છૂટી ગયું. સમજાણું કાંઈ? અને આત્મામાં પુણ્ય ને પાપના ભાવ જે થાય છે તેનાથી પણ દૃષ્ટિ છૂટી ગઈ કે તે મારી ચીજ છે તો મને લાભ છે એવી તો દૃષ્ટિ પહેલાં છૂટવી જોઈએ. દૃષ્ટિ છૂટયા વગર જ્ઞાયક ચૈતન્ય અનંતજ્ઞાનગુણનો પિંડ પ્રભુ તેની દૃષ્ટિ તેને થતી નથી. સમજાય છે?

આ દૃષ્ટિ શુધ્ધિ વગર ધર્મનું મૂળ તો દૃષ્ટિ છે. આ છે ને? 'દંસણ મૂલ્લો ધમ્મો' ધર્મનું મૂળ તો દર્શન છે. તો દર્શનની શુધ્ધિની દૃષ્ટિની શુધ્ધિની ખબર નથી તેને ધર્મ કયાંથી થશે? પણ મૂળ ચીજની ખબર નથી. દૃષ્ટિની શુધ્ધિ એ આખા ધર્મનું મૂળ છે. પછી ધર્મ પ્રગટ થાય છે. તો પહેલાં કહે છે કે આ શરીર, વાણી, મન આદિ અજીવ છે તેની જે ક્ષણે ક્ષણે પર્યાય થાય છે એ મારા કારણે છે જ નહીં. પણ નિમિત્તનો અર્થ જ એ થયો. એ વાત તો બપોરના ચાલીને. એક નિમિત્ત હોય છે છતાં તે પોતાની પર્યાય પ્રમાણે જડ પરિણમી રહ્યું છે. આત્માને કારણે નહીં. એમ જડની પર્યાયને પણ પોતાથી ભિન્ન માનવામાં ન આવે તેને તો પુણ્ય ને પાપના ભાવ પોતાના સ્વભાવથી ભિન્ન છે તેની માન્યતા સાચી થઈ શકતી નથી. સમજાણું કાંઈ?

આ તો પૃથક દ્રવ્ય છે. શરીર, વાણી, મન આ તો અનંત પૃથક પદાર્થ છે. તેની પણ પર્યાય થાય છે તે મારાથી થાય છે એમ માને છે તે તો પરાશ્રિતબુધ્ધિ થઈ. તેની પર્યાય તેને કારણે થાય છે. તારામાં તારા વિકલ્પ હોય, શુભાશુભ વિકલ્પ હોય પણ તેનાથી જડની ક્રિયા રોકાઈ જાય કે બને તેવો અધિકાર જડમાં છે નહીં. બહુ ઝીણી વાત છે. અહીં તો હજી આગળ લ્યે છે.

પહેલાં જેને અજીવતત્વ, નવતત્વ છે કે નહીં? તો અજીવતત્ત્વની પર્યાયની દૃષ્ટિ છૂટી ગઈ અને પછી પુણ્ય ને પાપના ભાવ આસ્રવ છે તેની દૃષ્ટિ છૂટી ગઈ. એ નાસ્તિથી કહ્યું. દૃષ્ટિ કયાં થંભી. જીવ જ્ઞાયક ચૈતન્ય જ્ઞાનગુણ અનંત અનંત સ્વભાવનો પિંડ છે. એવી દૃષ્ટિ ત્યાં થંભી તો તેનું નામ સમ્યગ્દર્શન કહે છે. એ ધર્મની મૂળભૂત દૃષ્ટિ છે. ઓ શેઠી!

મુમુક્ષુ :- કાંઈક સહેલું કહો.

ઉત્તર :- આ સહેલું છે, બીજું સહેલું શું છે? ખોટી રીતે હોય તે સહેલું હોય છે?

મુમુક્ષુ :- સમાજને લઈને ચાલે.

ઉત્તર :- સમાજને કોણ લઈને ચાલે? એક દ્રવ્ય બીજા દ્રવ્યને લઈને કયારેય ચાલતું જ નથી. સમાજમાં પણ ભિન્ન ભિન્ન આત્મા છે કે નહીં? અને પરમાણુ ભિન્ન ભિન્ન તત્ત્વ છે. કહો, શેઠી શું કરવું? સમાજને સાથે લઈને ચાલવું? એ તો ફસાઈ જાય. સમજાણું કાંઈ?

અહીં તો એ વાત તો કયાંય રહી ગઈ. અહીં તો કહે છે કે પહેલાં તેની દ્રષ્ટિમાં એક આત્મા અનંત અનંત અનંતગુણનો એક સમુહ સ્વરૂપ ચૈતન્ય, તે જડની ક્રિયાથી દૂર થઈને કાર્ય કરતો નથી તેમાં. અને પુણ્ય-પાપના પરિણામ થાય છે તે મલિન અંશ છે. મારા ત્રિકાળ જ્ઞાનાનંદ સ્વભાવમાં તે નથી. એવી અંતરદ્રષ્ટિ થાય ત્યારે તેનું નામ ધર્મનું મૂળ દ્રષ્ટિ વિશુધ્ધ, દ્રષ્ટિ શુધ્ધ, દર્શન વિશુધ્ધિ કહે છે. કહો, સમજાણું કાંઈ?

તો કહે છે **શુભાશુભ પરિણામના પરમ નિરોધથી,** દ્રષ્ટિમાંથી પહેલાં તો શુભ અને અશુભભાવ, દયા, દાન, વ્રત,તપ, ભકિતનો ભાવ એ મારા સ્વભાવમાં લાભદાયક નથી. એમ ત્યાંથી દ્રષ્ટિ હટાવીને પોતાના શુધ્ધ સ્વરૂપ ઉપર દ્રષ્ટિ કરી છે. પછી **શુભાશુભ પરિણામના નિરોધથી,** આ તો ઉત્કૃષ્ટ વાત ચાલે છે ને? પછી શુભાશુભ પરિણામનું રોકાવું. અર્થાત્ સ્વભાવ તરફનો ઉગ્ર આશ્રય કરવો. વાત પણ અજાણી. દ્રષ્ટિની ખબર નથી અને તેને ધર્મ કરવો છે. દ્રષ્ટિ સ્વભાવ ઉપર મૂકે તો દ્રષ્ટિ નીકળે. શ્રધ્ધા ગુણમાંથી દ્રષ્ટિ નીકળે છે.

આત્મામાં અંદર શ્રધ્ધા ગુણ છે. તેમાંથી દ્રષ્ટિ પર્યાય નીકળે છે. આહાહા! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- પકડાતું નથી. આપ કહો છો પણ પકડાતું નથી.

ઉત્તર :- પકડાતું નથી પણ એણે પકડવું (તો પડશે ને?) આ ન પકડાય તો બીજું શું કરવું? સમજાણું કાંઈ? પછી **વસ્તુ સ્વરૂપને (હેય-ઉપાદેય તત્ત્વને) બરાબર જાણતો થકો,** જુઓ! હેય-ઉપાદેય છે ને? કાલ તો બધું સમજાવ્યું હતું. અજીવની પર્યાય અજીવથી વાણી શરીર આદિ જે થાય તે તેના ક્રમ કાળમાં પર્યાય થાય. એમ જાણે છે અને પુણ્ય-પાપના પરિણામ હેય જાણે છે. ત્રિકાળી દ્રવ્ય અનંતગુણનો પિંડ ઉપાદેય જાણે છે. અને તેમાંથી શુધ્ધિની પર્યાય સંવર સમ્યગ્દર્શન પ્રગટ થયું તે સંવર. શુધ્ધ એક સમયની પર્યાય જાણે છે. અને તેમાં શુધ્ધિની વૃધ્ધિ થાય સ્વભાવને આશ્રયે શુભાશુભ પરિણામથી ખસીને તેનું નામ નિર્જરા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

અને જેટલો આત્મ સ્વભાવ શુભ અને અશુભ રાગમાં રોકાય તેનું નામ ભાવબંધ કહેવામાં આવે છે. અને જેટલા પરિણામ આત્માના આશ્રયે પૂર્ણ શુધ્ધ નિર્મળ થઈ જાય તેનું નામ મોક્ષ પર્યાય કહે છે. હવે આ આટલું પણ જ્ઞાન ન કરે અને તેને સમ્યગ્દર્શન થાય (તેમ બને નહીં.)

મુમુક્ષુ :- આ કાળમાં તો મોક્ષ નથી.

ઉત્તર :- મોક્ષ જ છે. મોક્ષ નથી એમ કોણ કહે છે. દ્રવ્યની દ્રષ્ટિ થઈ તે મોક્ષ જ છે. દ્રવ્ય મુકત

સ્વરૂપ જ છે. સમજાણું કાંઈ? પર્યાયમાં કેવળજ્ઞાન પર્યાય ભલે ન હોય પણ દ્રવ્ય તો મુકતસ્વરૂપ જ છે. રાગથી, ભાવબંધથી, જડબંધથી આત્મા તદ્દન મુકત જ છે. એવી અંતરદષ્ટિ થતાં મુકત જ છે એમ પર્યાયમાં પણ મુકત જેવો છે તેવો માન્યો છે. મુકતએવ આવે છે ને? સમયસારમાં કળશમાં (આવે છે.) સએવ મુકત. મુકત છે સાંભળ તો ખરો!

ભિન્ન પદાર્થ ભાસ્યો જડ જડમાં રહ્યું, પુણ્ય-પાપ, પુણ્ય-પાપમાં રહ્યા. મારા સ્વભાવમાં તો તદ્દન શુધ્ધતા ને આનંદ ને નિત્યાનંદ પ્રભુ છે. એવી ધર્મની ઉત્પત્તિનું કારણ પહેલાં સમ્યગ્દર્શન થયું. ધર્મ તો ચારિત્ર છે. તેનું કારણ છે ધર્મ સમ્યગ્દર્શન. કહો, સમજાણું કાંઈ? હવે આ સમજમાં ન આવે ને ધર્મ થઈ જાય (એમ બને નહીં.) શેઠ! આ બૈરા બૈરા ન સમજે તો શું કરવું? સમજવું પડશે. સમજયા વગર લાખ અપવાસ કરે ને, એવા બહારના બ્રહ્મચર્ય પાળે ને, દયા પાળે ને દાન કરે ને એમાં કાંઈ રાગની મંદતા હોય તો પુણ્ય થશે. ધર્મ બર્મ છે નહીં.

મુમુક્ષુ :- ચર્ચા કરતાં કરતાં....

ઉત્તર :- ધૂળમાં... ચર્ચા કરતાં કરતાં ઝેર ખાતા ખાતા અમૃત થાય છે? રાગ તો ઝેર છે.

મુમુક્ષુ :- ચર્ચા કરતાં કરતાં નજીક તો આવે ને?

ઉત્તર :- બિલકુલ નજીક આવે નહીં. કોણ કહે છે નજીક આવે. એ તો રાગ છે. રાગ કરતાં કરતાં અરાગ નજીક આવે છે? સમજાણું કાંઈ? એ માટે તો અહીંયાં કહે છે. બરાબર વસ્તુ-સ્વરૂપને હેય-ઉપાદેય જાણવું. પુણ્ય-પાપના વિકલ્પ થાય છે. થાઓ! પણ હેય છે. જાણવા લાયક છે.

ભગવાન જ્ઞાયકમૂર્તિ અનંતગુણનો પિંડ હેય-ઉપાદેય એવી પહેલાં સમજણ કરી પછી દૃષ્ટિ અંતરમાં કરવી તે સમ્યગ્દર્શન ધર્મ છે. સમજાણું કાંઈ? **પરપ્રયોજનથી જેની બુદ્ધિ વ્યાવૃત્ત થઈ,** લ્યો! પરપ્રયોજનથી શુભાશુભ પરિણામનું પ્રયોજન છૂટી ગયું. પરપ્રયોજન કહો. બુદ્ધિ વ્યાવૃત્ત થઈ. પુણ્ય-પાપના પરિણામથી પોતાની બુદ્ધિ દૂર થઈ. **અને કેવળ સ્વપ્રયોજન સાધવામાં જેનું મન ઉદ્યત થયું છે,** આ તો ઉત્કૃષ્ટ ઊંચી નિર્જરાની વાત કરે છે ને? સમજાણું કાંઈ? અને માત્ર સ્વપ્રયોજન સાધવામાં જેનું મન, મારું ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ તેમાં પોતાનું પ્રયોજન પોતાનું કાર્ય તેના આશ્રયથી સિદ્ધ થાય છે. પુણ્ય-પાપના વિકલ્પના આશ્રયથી પોતાના ધર્મનું કાર્ય સિદ્ધ થતું નથી. અને જડના આશ્રયથી તો થતું નથી. સમજાણું કાંઈ? ઓહો! આ ચીજ જ એવી છે, એવું સત્પણું છે. એમ ન જાણે અને તેને ધર્મ થઈ જાય, ધર્મ એટલે સમ્યગ્દર્શન અને જન્મ-મરણના અંત આવે એમ કયારેય બનતું નથી.

જેનું મન પોતાનું સ્વપ્રયોજન સાધવામાં વર્તતું થકું, જ્ઞાનાનંદ સ્વભાવમાં પહેલાં સમજણ તો કરે! અજીવ શું છે? પુણ્ય-પાપ શું છે? સમજાણું કાંઈ? **એવો વર્તતો થકો, આત્માને સ્વોપલબ્ધિથી ઉપલબ્ધ કરીને,** ત્યાં સુધી તો કાલ આવ્યું હતું. કાલ સવારમાં આવ્યું હતું. હવે આ શબ્દાર્થ નવા છે.

ત્યાં સુધી તો કાલ સવારે આવ્યું હતું. તત્ત્વનો અભ્યાસ નહીં અને બહારની પ્રવૃત્તિ આદિ એક તો જાણે સંસારની પ્રવૃત્તિ આડે નિવૃત્તિ નહીં. અને નિવૃત્તિ હોય તો તત્ત્વ શું છે એની પ્રવૃત્તિનો વિચાર કરવો કે શું નિવૃત્તિ એની ખબર નહીં.

જુઓ! આત્માને, પરની ક્રિયા તો છે તેનાથી દૃષ્ટિ છૂટી ગઇ કે મારું કાર્ય નહીં, પુણ્ય-પાપ પરિણામથી દૃષ્ટિ છૂટી ગઇ કે આ મારું સ્વરૂપ નહીં. પછી પુણ્ય-પાપના પરિણામથી ખસીને પોતાના ચૈતન્ય સ્વભાવનું સ્વપ્રયોજનમાં જેટલો એકાકાર થાય છે એ આત્માના સ્વોપલબ્ધિથી ઉપલબ્ધ કરે છે. જુઓ! **આત્મા પોતાના સ્વાનુભવ વડે અનુભવીને,** સ્વોપલબ્ધિ એટલે અનુભવ તેને પ્રાપ્ત કરીને, વસ્તુ આખી શાંતિ અને વીતરાગ સ્વભાવથી આત્મા ભરેલો છે. એ પુણ્ય-પાપથી ખસીને, જડથી ખસીને સ્વભાવનું અવલંબન લઇને પોતાનું પ્રયોજન સ્વઅનુભવ આત્માનો કર્યો એ અનુભવથી અનુભવની પ્રાપ્તિ. **સ્વાનુભવ વડે અનુભવીને,** વિકલ્પ દ્વારા નહીં.

શું કહે છે? જરા! ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ તેમાં ઊઠે છે. હું અનંતગુણનો પિંડ છું, આ ગુણ આધેય છે અને વસ્તુ આધાર છે. એવો જે ભેદનો વિકલ્પ છે એ દ્વારા નહીં. **આત્માને સ્વોપલબ્ધિથી ઉપલબ્ધ કરીને,** આ તેની વિધિ છે. એ વિધિ સમજમાં ન આવે તો પ્રયોગમાં કયાથી મૂકે? આત્મા અનંતગુણનો પુંજ પ્રભુ! તેમાં પુણ્ય-પાપ પણ નથી. શરીરની ક્રિયા પણ નથી. એવી દૃષ્ટિ છોડીને પોતાના સ્વભાવની દૃષ્ટિ થઇ પછી શુભાશુભ પરિણામથી ખસીને સ્વરૂપમાં એકાગ્રતાનો આ અનુભવ દ્વારા આત્માનો અનુભવ કરીને, વિકલ્પ દ્વારા નહીં. પુણ્ય-પાપ દ્વારા તો નહીં પણ ગુણ-ગુણીના ભેદ દ્વારા પણ અનુભવ નથી થતો. સમજાણું કાંઇ?

એ વિધિની ખબર નથી. શીરાનું દૃષ્ટાંત અમે આપીએ છીએ ને? શીરાને શું કહે છે? હલવા કહે છે ને? આ હલવા. હલવો કરે છે તો તેમાં પહેલાં ઘીમાં આટો શેકે છે ને? આટો તો ઘીમાં શેકે છે. પછી ગોળ અને સાકરનું પાણી પછી નાખે ને! કોઇ હોંશીયાર બાઇ નીકળી કે સાસુજી અમે તો શીરો બહુ સસ્તો કરી આપીએ. શું છે કે આ આટો ઘી પી જાય છે. તો શું કરવાનું છે? ગોળનું અને સાકરનું પાણી પછી નાખીએ છીએ ને તો પહેલાં જ ગોળને સાકરના પાણીમાં આટો શેકીએ પછી ઘી નાખીએ. શું છે એ ધરમચંદજી? સમાજમાં શું થાય છે તેમાં?

એ કહે છે કે તારો (આત્મા) અંદર આનંદકંદ છે. એવી દૃષ્ટિ પહેલાં કરો એ વિધિ છે. પહેલાં એમ ને એમ વ્રત ને ક્રિયા ને દયા, દાન કરે-ગોળનું પાણી આટામાં પહેલાં નાખે અને પછી ઘી નાખે તો શીરો નહીં થાય, લોપરી થશે. લોપરી પણ નહીં થાય. લોપરીમાં તો જાતું વળતું ઘી હોય છે. એમ કહે છે ને ભાઇ! અમારા કાઠીયાવાડમાં જાતું-વળતું ઘી એમ કહે. જાતું-વળતું એટલે શું? ઉપરછેલ્લું. સમજ પડી કે નહીં? તમારી હિન્દી ભાષામાં કાંઇક કહેતાં હશે? થોડા ઉપર લોપરી કરે છે ને થોડા! ઘઉંની. અમારે

કાઠીયાવાડમાં જાતું-વળતું કહે, આમ થોડા થોડા. આમાં તો એકલો આટો ગોળના પાણીમાં શેકવાથી અને પછી ઘી નાખવાથી તો લોપરી પણ નહીં થાય તો શીરો તો ક્યાંથી થાય? બધું પાણીમાં જાશે. ડાલચંદજી! બરાબર છે? શીરાની વિધિ વિના શીરો કરે તો? નહીં થાય. ચીકણું થઈ ચોંટી જાશે. લોપરી પણ નહીં થાય. ખોડા (ગુમડા) ઉપર બાંધવાની.

શીરાને પણ જો વિધિ વગર કરે તો થતો નથી તો આત્મામાં આત્માના ધર્મની વિધિ શું છે એ સમજ્યા વગર કર્યે જાય. આત્માની દૃષ્ટિ શુદ્ધિ શું છે તે અમને ખબર નથી. અમારે તો કરો વ્રત ને તપ ને દાન ને પૂજા ને ભક્તિ ને જાત્રા. બધા એકડા વિનાના મીંડા છે. સમજાણું કાંઈ? એમ શીરો નથી થાતો. શીરાની વિધિથી શીરો થાય છે. મોંઘા પડે. ભઈ અમારે તો મોંઘા પડે છે. મોંઘા કહે છે ને? મહેંગા પડે. ભઈ આટા ઘી પી જાય પછી ઘી તો પચે નહીં. થોડા સાકરના પાણીમાં શેકવાથી પછી થોડું ઘી નાખે. થોડા નાખવાથી લોપરી જેવું પણ નહીં થાય. શીરા હલવા કેમ થાશે?

એમ ભગવાન કહે છે કે દર્શન, જ્ઞાન, ચારિત્ર એ મોક્ષનો માર્ગ છે. તેમાં પહેલાં દર્શનશુદ્ધિ વગર તારું જ્ઞાન ને વ્રત, તપ ને ચારિત્ર ક્યારેય ત્રણકાળમાં થશે નહીં. સમજાણું કાંઈ? એ પણ ખબર નથી. અમારે તો બસ કરવાનું છે અમને સમજણ કાંઈ નથી પણ બસ અપવાસ કરો, સામાયિક કરો, પોષા કરો, નમો નમો નમો. ત્રણ દિવસ નહીં ખાય, આઠ દિવસ નહીં ખાય અપવાસ કર્યા. આ દસ દિવસ દશલક્ષણના અપવાસ કર્યા. શું કર્યું? શું કર્યું? એ તો જડની ક્રિયા છે. આહાર, પાણી આવવાના નહોતા તો નથી આવ્યા. એમાં તેં શું કર્યું? તારામાં કોઈ રાગની મંદતા થઈ હોય તો પુણ્ય છે. અને તેમાં તારી દૃષ્ટિ ત્યાં પડી છે તો મિથ્યાત્વભાવ છે. દેવીલાલજી!

મુમુક્ષુ :- કોઈ અપવાસ કરે તો....

ઉત્તર :- કોણ કરે છે? કરે છે કોણ? રાગ તો આત્મા સ્વભાવમાં ઉપ એટલે સમીપમાં વસવું તેનું નામ ઉપવાસ છે. ઉપવાસ. બાકી આ તો અપવાસ છે. ભાન વિના!

એ તો અહીંયાં કહે છે કે પહેલાં હેય-ઉપાદેય તત્ત્વ શું છે. જ્ઞેય-જ્ઞાયક શું છે? હેય-ઉપાદેય શું છે, જ્ઞેય-જ્ઞાયક શું છે. એવી સમજણ આવ્યા વગર તને આત્માની દૃષ્ટિ થતી નથી. અને આત્માની દૃષ્ટિ વિના સ્વરૂપમાં સ્થિરતા થતી નથી તો નિર્જરા અને સંવર થતાં નથી. સમજાણું કાંઈ? એ શેઠ! કઠણ વાત છે. શું કરવું? પહેલાં સમજણ કરીને જ્ઞાનનો સુધારો કરવો અને જ્ઞાનનો સુધારો કરીને પછી અંતરમુખ દૃષ્ટિ કરીને આત્માની ઓળખ કરવી. એ પહેલાં કરવાનું છે. સમજાણું કાંઈ? બાકી તો ચાલે છે. આખી દુનિયા ચાલે તેમ. એ તો અનાદિકાળથી ચાલે છે. કેવળીના વખતમાં પણ કોઈ સંસારનો અંત આવ્યો નહીં. અનંતકાળ સંસાર રહેશે. આસ્રવ અને બંધતત્ત્વનો કોઈ દિવસ નાશ નહીં થાય. બધું અનાદિથી ચાલ્યું આવે છે.

કહે છે **આત્માને સ્વોપલબ્ધિથી ઉપલબ્ધ કરીને,** એ ભાષા લીધી છે. કેમ? એ કહે છે જુઓ! **ગુણ-ગુણીનો વસ્તુપણે અભેદ હોવાથી,** સમજાણું કાંઈ? શરીરાદિ ક્રિયા મારી છે તો દૃષ્ટિમાંથી છૂટી ગઈ એ તો થવાની હોય તો હોય. પુણ્ય પરિણામ પણ ઉત્પન્ન થાય છે તો શુભભાવ પણ આસ્રવ છે, બંધનું કારણ છે. અને તેનાથી છૂટીને પોતાના સ્વભાવ સન્મુખમાં આ ભગવાનઆત્મા ગુણી છે અને જ્ઞાન, આનંદ તેના ગુણ છે એવો ભેદ પણ આ વિકલ્પમાંથી છૂટી જવો જોઈએ.

**ગુણ-ગુણીનો વસ્તુપણે અભેદ હોવાથી,** બેય ભિન્ન નથી. એ જ ગુણ અને તે જ ગુણી, ગુણીના આધારમાં રહેવાવાળો ગુણ ને ગુણી આધેય, ગુણીના આધારે રહે છે. એમ અભેદ હોવાથી, **તે જ જ્ઞાનને-સ્વને,** જ્ઞાન કહો કે આત્મા કહો. **જ્ઞાનને-સ્વને-સ્વ વડે,** જુઓ! પોતાના સ્વને સ્વ વડે, જ્ઞાનને જ્ઞાન વડે, આત્માને આત્મા વડે. આહા! જુઓ! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ........

ઉત્તર :- આ સમ્યગ્દર્શન, આ શેની માંડી છે? આ બાવળને બાથ ભીડીને તો બાવળ છૂટતું નથી, એમ કહે તો શું કરવું ભાઈ! બાવળ સમજો છો? બાવળ-ઝાડ ઝાડ. બાથ ભીડે અને પછી કહે આ બાવળ છૂટતું નથી. તો શું કરવું? શું કરવું શું? હાથ છોડી દેવો.

મુમુક્ષુ :- બાવળને પાડી નાખે તો?

ઉત્તર :- બાવળને પાડશે તો ભેગો પોતે પણ પડશે. બાવળ ને આદમી બેય પડશે. કદાચ બાવળ આમ પડશે તો માથા ઉપર બાવળ પડશે. બાવળ સમજો છો ને? બબુલ. ઝાડ. કાંટાવાળું થાય છે. અરે! બાવળે મને પકડી રાખ્યો છે. હાથ છોડી દે. કોઈએ તને પકડયો નથી. સમજાણું કાંઈ? જેચંદભાઈ! પકડી રાખ્યો છે અંદર આમ, મારો પ્રકાશ ને મારું શરીર ને મારી ધૂળ! એય! જેચંદભાઈ! એ મમતાને પકડી રાખી છે બાપા! એ મમતા ભાઈ! તેં કરી છે, બાપા! કોઈએ કરી નથી. પણ ખબર ન મળે! આ મારું ને આ તારું. ભાઈ!

પ્રભુ! તું તો મહા વીતરાગ સ્વભાવ તારામાં છો. પણ ભૂલીને આ મારા ને આ... એ મમતા તો તેં કરી છે. કોઈએ પકડીને કરાવી નથી. દૃષ્ટાંત આપ્યું હતું ને વાંદરાનું. વાંદરો હોય ને તો બોર હતા આટલા આટલા. બોર કહે છે ને? બૈર. આટલા આટલા કાશીના બોર પચાસ, સો. ઘડામાં, ઘડામાં. તો ઘડાનું મોઢું નાનું હતું. અંદર હાથ તો નાખ્યો પણ હાથમાં બોર પકડયા હતા તો હાથ બહાર નીકળે જ નહીં. (તેને એમ થયું કે) કોઈએ હાથ પકડી રાખ્યો છે. તે પકડયો છે બોરને. કોઈએ પકડયો નથી. સાંભળને? હાથમાંથી છોડી દે ને? હાથ તો અંદર ચાલ્યો ગયો. અરે! કોઈએ પકડયો છે. અંદરમાં ભૂત છે. જેચંદભાઈ!

મુમુક્ષુ :- એ આ દુઃખ કેમ મટે?

ઉત્તર :- લે આ કોની વાત ચાલે છે? આ શેની વાત ચાલે છે ભાઈ! એ આ મમતા મટે તો દુઃખ મટે. એ વગર દુઃખ મટે એમ છે નહીં. શરીરની વાત નથી હોં! શરીરમાં દુઃખ છે નહીં. મમતાનું દુઃખ છે. અંતરમાં આત્માના આનંદનો આશ્રય કરીને દુઃખ મટે છે. બીજો કોઈ ઉપાય ત્રણકાળ, ત્રણલોકમાં છે નહીં. આ તો એને હજી શરીરનું દુઃખ મટાડવું છે. શરીરની પર્યાય.. જેચંદભાઈ! શરીરની પર્યાયને બાપુ! એ દુઃખ નથી. અહીં તો પહેલાં કહ્યું ને કે એ તો જડની પર્યાય છે. જડની પર્યાયમાં દુઃખ કયાંથી આવ્યું? દુઃખ કયાં હોય છે જયાં આનંદ હોય છે ત્યાં દુઃખ હોય છે.

આત્મામાં આનંદ છે તેની ઉલટી દશામાં દુઃખ છે. જડમાં કયાં આનંદ છે કે તેમાં દુઃખ હોય. બરાબર છે દેવીલાલજી! આ .દુઃખે? આ રોગમાં દુઃખે? શરીરમાં રોગ હોય તો એ તો માટીની અવસ્થા છે. એ મને થાય છે એમ અજીવને પોતાનું માનવું એવી માન્યતાનું દુઃખ છે. ઓહોહો! દુઃખ તો પોતાની પર્યાયમાં, આનંદની ઉલટી અવસ્થામાં થાય છે ને? પરમાં આનંદ છે? તેમાં દુઃખ છે? આનંદ તારું સ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ અનાકુળ શાંત રસથી આત્મા ભરેલો છે. ભગવાન કેવળજ્ઞાની અનંત શાંતરસથી ઉત્પન્ન થયો તે પર્યાય કયાંથી આવી? તે અંતરમાંથી આવી છે.એવો પૂર્ણ ભર્યો છે તેની દૃષ્ટિ કર્યા વગર આ મારી ચીજ ને હું તેનો. આ પુણ્ય-પાપ મારી ચીજ અને હું તેનો એવી (ઉલટી) માન્યતા તેનું નામ ભગવાન દુઃખ કહે છે.

એ દુઃખ મટવાનો ઉપાય આનંદનો આશ્રય લેવાથી દુઃખ મટે છે. બીજો કોઈ ઉપાય છે નહીં. આહાહા! અરે! આનંદ શું? હજી તો નક્કી કરવાનું પણ ઠેકાણું નથી. સમજાણું કાંઈ? અહીં તો નવતત્ત્વની વાત ચાલે છે ને! કાલથી ચાલ્યું આવે છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર ચાલ્યા. હવે નિર્જરાનો અધિકાર ચાલે છે. જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર છ તત્વ તો ચાલ્યા. હવે સાતમો અધિકાર ચાલે છે. પહેલેથી છે. પણ ધ્યાન કયાં રાખે છે! ઓલો ઓલો પ્રકાશ અંદર યાદ આવે છે, ઊંધો પ્રકાશ. આ ચૈતન્ય પ્રકાશ નહીં.

મુમુક્ષુ :- શરીરમાં તકલીફ થાય તો...

ઉત્તર :- એ શરીરમાં તકલીફ? શું વાત કરી? સાંભળે છે કયાં એ? શરીરમાં તકલીફ છે જ નહીં. એ તો એની પર્યાય છે. એમાં તકલીફ કયાંથી આવી? તેની ઉપર દૃષ્ટિ મૂકવાથી, એ અસ્તિત્વ ભિન્ન છે. મારામાં થયું? મારામાં થયું એ માન્યતાનું દુઃખ છે. આહાહા! અસ્તિત્વ જેની સત્તા જ ભિન્ન છે. તેમાં દુઃખ કયાં આવ્યું? આ વા થયો ને ઢીકણું (થયું) એ તો જડની પર્યાય છે. કયારેય નવતત્ત્વ શું ભિન્ન છે તેનો હજી વિવેક શ્રદ્ધા જ કરી નથી. સમ્યગ્દર્શન તો પછી. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે **ગુણ-ગુણીનો વસ્તુપણે અભેદ હોવાથી,** જ્ઞાનને કહો કે આત્માને કહો બેય એક જ વાત છે. **જ્ઞાનને-સ્વને-સ્વ વડે,** ચૈતન્ય પ્રભુ પોતાનો આત્મા તે જ્ઞાન સ્વરૂપ કહ્યું, ત્યાં

ગુણ-ગુણી... ભિન્ન છે ને એ ચીજને જ આત્મા કહ્યું જ્ઞાન કહ્યું. એ પોતાના જ્ઞાનને અથવા આત્માને. સ્વ વડે. પોતાના જ્ઞાન આનંદની દૃષ્ટિ મૂકવાથી તે વડે, **અવિચળ** જુઓ! વિકલ્પ નહીં, શરીર નહીં. અહીંયાં હોય છતાં એમ થાય છે. આહાહા! ખબર નહીં કે શું કરે છે! હજી તેના **સ્વને-સ્વ વડે,** સમજાણું કાંઈ? **અવિચળપરિણતિવાળો થઈને સંચેતે છે,** લ્યો! સમ્યગ્દર્શન ઉપરાંતની અહીં વાત છે. સમજાણું કાંઈ?

સમ્યગ્દર્શન તો પોતાના સ્વરૂપની પુણ્ય-પાપથી ભિન્ન, દેહની ક્રિયાથી ભિન્ન એક સમયની અવસ્થા જેટલી પણ વર્તમાન પ્રગટ અવસ્થા છે એટલો પણ હું નહીં. પૂર્ણ શુદ્ધ દ્રવ્ય સ્વભાવ એ ઉપર દૃષ્ટિ મૂકવાથી રાગ અને સ્વભાવની એકતાબુદ્ધિનો નાશ થવો તેનું નામ પ્રથમ સમ્યગ્દર્શન કહે છે. પહેલામાં પહેલી ચીજ તે છે. આ તેની પહેલાં સમજણ કરવી કે સાચું શું છે? તેનું નામ પહેલાં ભાસ કહેવામાં આવે છે. પછી સ્વરૂપમાં સ્થિરતા કરવાથી ભગવાન વીતરાગ વિજ્ઞાન ઘનમાં શુભાશુભ વિકલ્પથી પણ ખસીને અંતરમાં સ્થિરતા કરવાથી **અવિચળપરિણતિવાળા,** પરિણતિ એટલે પર્યાય. સ્વરૂપમાં એટલો લીન હોય કે જે પર્યાયમાં વિચલીત ન થાય, ફરે નહીં. સંચેતતા એટલે આત્માને એવો અનુભવે છે. કહો, સમજાણું કાંઈ?

પહેલાં વિધિ સમજે પછી વિધિનો પ્રયોગ કરે. વિધિ સમજયા વગર... માલ લેવા જાય છે તો, શાકભાજી લેવા જાય છે તો એને પહેલેથી એમ કહે છે કે પાંચ રૂપિયા છે મને શાક આપ. શાક કહે છે ને? શાક આપો, પાંચ રૂપિયાનું શાક આપો. કયુ શાક? મને ખબર નથી. આ પચાસ જાતના શાક છે. કયુ શાક? અમને ખબર નથી. અમારા પિતાજીએ પાંચ રૂપિયા આપ્યા છે કે શાક લઈ આવ. શેના પણ શાક? ઓલો મૂર્ખો કહે. ............. લ્યે. બધામાંથી કાઢીને આ દૂધી મારે જોઈએ છે. ઓગણપચાસ ચીજ નહીં મારે દૂધી જોઈએ. રસ્તા ટાણું હોય તો બીજી ચીજમાં મારે કારેલાં જોઈએ. એમ પરથી ભિન્ન કરીને લક્ષ કરીને બોલે છે તો સાતા મળે છે. તો આ જગતમાં હું કોણ છું, રાગ એ પણ એક પુણ્યાસ્રવ છે, ધર્મ નહીં.

અહીં તો ગુણ હું ને આ ગુણી એમ પણ નથી. એ તો જ્ઞાન એ આત્મા. આત્મા એ જ્ઞાન. બસ એમ. મૂળ તો બેની વાત કરે છે. પુણ્ય-પાપનો વિકલ્પ છે તે આત્મા નહીં. પણ જ્ઞાન એ આત્મા અને આત્મા એ જ જ્ઞાન. બેય એક જ ચીજ છે એમ કહેવું છે. તેમાં પોતાના અનુભવ જ્ઞાન દ્વારા, **સ્વ વડે અવિચળપરિણતિવાળો,** અંતરમુખમાં વિકલ્પથી છૂટીને, છૂટીને એ તો નાસ્તિથી કહેવું છે પણ અંતરમાં આવ્યો તો વિકલ્પથી ખસી ગયો જ છે. અંતરમાં અવિચલીત અવસ્થા દ્વારા, અવિચલીત પરિણતિ દ્વારા સંચેતે છે. પોતાના આત્માને અંતર અનુભવે છે. એ અનુભવની દશાને નિર્જરા કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઈ?

કોઈને આ વાત લાગે મોટી એલ. એલ. બી.ની. એલ. એલ બી. ની નથી હજી આ તો એકડાના મીંડાની વાત છે. ધર્મની વાત પણ હજી સાંભળી નથી અને એમ કરી દે, ગૃહસ્થ માણસ હોય પાંચ, પચાસ હજાર લાખ ખર્ચી નાખે, (એને બધા) ધર્મ ધુરંધરના બિરૂદ આપે. શેઠ! 'સમાજભૂષણ' તમારા પિતાજીને આપ્યું છે કે નહીં? એ તો બહારમાં તો એ જ આપે ને? એમાં શું છે? 'આત્મભૂષણ' છે અહીં તો એ કહે છે.

મુમુક્ષુ :- સમાજભૂષણમાં સુખ છે?

ઉત્તર :- ધૂળમાંય સુખ નથી. સમાજભૂષણ ત્યાં મરે છે તો શું કહેવાય? ગીરો મુકીને જાવું પડે છે? ગીરો મુકો અમારી આબરૂને. શેઠ! બહારની વાત શું છે! ધૂળમાં, એ પાંચ, પચાસલાખ મળ્યા, કરોડ, પાંચ કરોડ મળ્યા ને. ધૂળના શેઠ છે. એ તો ધૂળના શેઠ થયા.

અહીં તો બીજી વાત છે કે પુણ્ય પરિણામ આવે છે તેનું પણ શેઠ હોય તો મિથ્યાદષ્ટિ છે. પરિણામ હો! મંદ કષાયના, પુણ્યના દયાના એ મારું સ્વરૂપ અને તેનો સ્વામી થાય તો મિથ્યાદષ્ટિ શેઠ છે. મિથ્યાત્વના શેઠ છે. નટુલાલજી! કડક વાત છે હો બહુ! સાગરમાં આવ્યા હતા ને? દૂધ લઈને આવ્યા હતા. સમજાણું કાંઈ? ઓહો! પહેલાં સમજવું જોઈએ. પહેલાં તેણે સ્વાધ્યાય, સત્‌સમાગમથી બરાબર સમજવું જોઈએ. સમ્યગ્જ્ઞાન કરવું જોઈએ.

સમ્યગ્જ્ઞાન થયા પછી સ્વરૂપ તરફનો પ્રયોગ અંતરમુખની દષ્ટિ કરવી એ પહેલામાં પહેલી દષ્ટિ શુદ્ધિ એ ધર્મ છે. સમજાણું કાંઇ? આ તો પછીની વાત ચાલે છે. પછી સ્વરૂપમાં લીનતા કરવામાં પોતાના સ્વભાવનો અનુભવ ઉગ્ર હોય પુણ્ય-પાપથી ખસીને, **તે જીવ ખરેખર અત્યંત નિઃસ્નેહ વર્તતો થકો,** જુઓ! આ જીવ ખરેખર, યથાર્થપણે **અત્યંત નિઃસ્નેહ વર્તતો થકો,** જુઓ! છે ને? (નીચે ફુટનોટમાં) નિઃસ્નેહ=સ્નેહ રહિત; મોહરાગદ્વેષ રહિત. વિકલ્પનો ચિકાશનો ભાવ પણ ન રહ્યો. થોડો છે તેને ગણતા નથી. આટલો રાગ ટળીને અંદર સ્વભાવ તરફ એકાકાર થયો છે, અત્યંત નિઃસ્નેહ વર્તતો થકો, ઓહોહો! ચિકાશ પણ નહીં જરી. એ દયા, દાનનો વિકલ્પ પણ ચિકાશ છે. તેનાથી ખસીને દ્રવ્યસ્વભાવ તરફ ઝૂકવું અને વિશેષ ઉગ્રતાથી પુરુષાર્થમાં લીન થવું.

**જેને સ્નેહના લેપનો સંગ પ્રક્ષીણ થયો છે,** જુઓ! દષ્ટાંત આપ્યું. **એવા શુદ્ધ સ્ફટિકના સ્તંભની માફક,** અંદર ચૈતન્ય શુદ્ધ સ્ફટિક સ્તંભ છે. દેહ દેવળમાં જેમ સ્ફટિકમાં ચિકાશ નીકળે (તેમ) શુદ્ધ સ્ફટિક સ્તંભ સ્થિર દેખાય એવો આત્મા શુદ્ધ સ્ફટિકના સ્તંભની માફક, **જેને સ્નેહના લેપનો સંગ પ્રક્ષીણ થયો છે એવા શુદ્ધ સ્ફટિકના સ્તંભની માફક,** એમ આત્મા. રાગના વિકલ્પની ચિકાશ છૂટી જવી. સ્ફટિક જેમ શુદ્ધ છે તેમ આત્મા શુદ્ધ સ્ફટિક દેહપ્રમાણ ભિન્ન પોતાના અનુભવમાં આવવું તેનું નામ વીતરાગતા ને તેનું નામ નિર્જરા કહે છે. ઓહોહોહો!

આચાર્ય કોને કહે છે? આ પંચમકાળના આચાર્ય જેને હજી નવસો વર્ષ થયા છે. પ્રાણીને કહે છે કે ચોથા આરાના જીવને કહે છે? પંચમકાળના પ્રાણીને કહે છે. અમૃતચંદ્રઆચાર્ય નવસો વર્ષ પહેલાં તો થયા છે. કુંદકુંદઆચાર્ય બે હજાર વર્ષ પહેલાં થયા છે. શ્લોકના કર્તા. અરે! પ્રાણીઓ! આમ કરો. તો કરી શકે છે તેને કહે છે કે નથી કરી શકતા તેને કહે છે? કરી શકે છે. પણ ક્યારેય કર્યું નથી એટલે ખબર પડતી નથી. કરી શકે છે. કરો આત્મા! તમે આટલી સમજણ કરો. પ્રભુ! તારી પ્રભુતામાં તો પુણ્ય-પાપ પણ નથી, તારી પ્રભુતામાં જડતા, શરીરની પર્યાય બિલકુલ નથી. એવી સમજણ કરો અને સમજણ કરીને પોતાના સ્વરૂપની દૃષ્ટિ કરો. મારું જ્ઞાન સચ્ચિદાનંદ જ્ઞાતા, દૃષ્ટા છે. અને પછી શુભાશુભ પરિણામની આસક્તિ જ્ઞાનીને ઉત્પન્ન થાય છે તો તેનાથી ખસીને સ્વભાવમાં લીન થાવ. તો જેટલી લીનતા અને અવિચલ પરિણતિ થઈ એટલી શુદ્ધિ થઈ. તેને નિર્જરા કહે છે. કહો, સમજાણું કાંઈ? કહો, જ્ઞાનચંદજી! આહાહા!

હવે શરીરને ખોખું બહાર પડયું અને આત્મા અંદર ભિન્ન સ્ફટિક રત્ન જેવો. કાંઈ સંબંધ ન મળે પરની સાથે. આ જ્ઞેય-જ્ઞાયક સંબંધ પણ ખરેખર સંબંધ છે નહીં. હેં? ભગવાન જ્ઞાયકમૂર્તિ પ્રભુ! એ તો જ્ઞેય પર. આ એ જ્ઞેય ને જ્ઞાયક એ પણ વ્યવહારસંબંધ છે, પરમાર્થસંબંધ નથી. આહાહા! એવા ચૈતન્યને અંતરદૃષ્ટિ કરીને, સ્વભાવની અનુભવદૃષ્ટિ કરીને, પછી પુણ્ય-પાપના પરિણામ પણ જ્ઞાનીને હોય છે. સમ્યગ્દૃષ્ટિ છે, ગૃહસ્થાશ્રમમાં છે, રાજપાટના પરિણામ હોય પણ તે પરિણામથી ખસીને જેટલી સ્વરૂપમાં સ્થિરતા કરે છે. ભરત ચક્રવર્તી જેવા છન્નું હજાર સ્ત્રી હતી પણ એ જ્યારે નિવૃત્ત થતાં હતાં અંદર ધ્યાનમાં આવી જતાં હતાં. છ ખંડનું રાજ્ય હોય વિકલ્પ ઉઠતો હતો તમે કરો તો આમ કરો. થઈ જાશે બધું. એ તો ક્ષાયિક સમકિતી હતા.

રાજાને એમ થાય તો લડાઈ કરવાનું પણ કહે. સમજાણું કાંઈ? વાણી તો વાણીની ક્રિયા છે પણ અંદર રાગ આવે તો સમજે છે કે આ દોષ છે. મારા ચારિત્રનો દોષ છે. હું સ્વરૂપમાં સ્થિર રહી શકતો નથી. સમજાણું કાંઈ?

એ વાત કહે છે કે જ્યારે એ પણ અંદરમાં ધ્યાનમાં આવે છે. તો વિકલ્પને છોડીને સ્વરૂપમાં એટલી લીનતા કરે છે કે નિર્જરા થાય છે. પણ પોતાના ચૈતન્યનું શું માહાત્મ્ય અને કેવી ચીજ છે, આ માહાત્મ્ય! ધૂળના, પૈસાના, આબરૂના, કીર્તિના. શરીર રૂપાળુ. શરીર માટી તેનું માહાત્મ્ય! અને અંદર પાપના પરિણામ તો કહે છે કે અમે કરીએ છીએ. કોઈ ન કરે એવો વ્યાપાર અમે કરીએ છીએ, કોઈ ન કરે એવું અમે કરીએ છીએ. શું કરે છે, પરિણામ પાપના! અને કાં તો કરે પુણ્યના પરિણામ. જુઓ! ભાઈ અમે કેટલો ધર્મ કરીએ છીએ. પાંચ લાખની પુંજી એક લાખ છોડી દીધા. લ્યો! સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- સોની મૂડી હોય ને પાંચ હજાર આપી દે.....

ઉત્તર :- ક્યાં છે? એની પાસે હોય એમાંથી આપે કે, પાંચ હજાર હોય તો પાંચ હજાર આપી દે. તોપણ રાગ જેટલો મંદ પડે એટલું પુણ્ય છે. તે આપી શકવાની ક્રિયા એની છે શું? સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે અંતર સ્વભાવ ચૈતન્યધીઠ એકલા સ્ફટિક રત્નનો જેમ પથ્થર હોય તેમ ચૈતન્ય સ્ફટિક રત્નના-ચૈતન્ય સ્ફટિક રત્ન સ્વરૂપ તદ્ન દેહથી, કર્મથી નિરાળાની દૃષ્ટિ કરીને પછી અહીં ધ્યાનની વાત કરે છે. શુભાશુભ પરિણામ છોડીને અચલિત પરિણામ કરવા તે સ્નેહ રહિત સ્ફટિક રત્ન જેમ શોભે છે તેમ રાગ રહિત ભગવાન પોતાની પર્યાયમાં શોભે છે. આ તેનું નામ નિર્જરા કહે છે. સમજાણું કાંઈ?

**જેને સ્નેહના લેપનો સંગ પ્રક્ષીણ થયો છે એવા શુદ્ધ સ્ફટિકના સ્તંભની માફક પૂર્વોપાર્જિત કર્મરજને ખેરવી નાખે છે.** લ્યો! અંદર આત્મામાં જેટલો લીન થયો એટલા કર્મના રજકણ ખરી જાય છે. કર્મ ખેરવતો નથી કે લાવ કર્મને ખેરવી નાખું. એને કારણે ખરે છે. સમજાણું કાંઈ? પોતાની સાથે કોઈ વાત કરવા આવે છે. અને વાત કરવાનો મોખ (ઈચ્છા) ન બતાવે અને પોતામાં જ રહે તો પેલો ચાલ્યો જાય છે. ગાદી ઉપર શેઠીયા બેઠા હોય અને વાત કરવા આવે ત્યારે મારે અત્યારે મોખ (ઈચ્છા) નથી. વાત કરવાનો મોખ ન દે. અને મોઢું આમ કરી દયે તો પેલો ઊઠીને ચાલ્યો જાય.

એમ પોતાના સ્વભાવ સન્મુખ કરીને કર્મના ઉદયની સન્મુખ ન થાય તો કર્મ ખરી જાય. ઓહોહો! ભારે વાત ભાઈ! સમજાણું કાંઈ? એની પહેલાં સમજણ, સાચું જ્ઞાન બરાબર કરવું જોઈએ. વિપરીત જ્ઞાનનો નાશ કરીને આવું જ્ઞાન કરવું જોઈએ. એ જ્ઞાનમાં પછી રુચિ જામી જાય પછી સ્વભાવ ઉપર દૃષ્ટિ થાય માહાત્મ્ય અંતરમાં નિર્વિકલ્પ રાગ વિનાની દૃષ્ટિ થાય છે તો તેનું નામ પહેલાં સમ્યગ્દર્શન કહે છે. હોય રાજપાટ હોય. બધું હોય. સમ્યગ્દૃષ્ટિ તેમાં રહે છે પોતાના સ્વભાવમાં. જરી શુભાશુભભાવ આવે તેટલો આસ્રવ છે. એ પણ ઘટાડીને સ્વભાવમાં જેટલો કાળ લીન થાય એટલા પૂર્વના કર્મના રજકણ છૂટી જાય છે. નિર્જરા થઈ જાય છે. સમજાણું કાંઈ? એટલી અશુદ્ધતા ઉત્પન્ન થતી નથી. એટલી સ્વભાવ સન્મુખ શુદ્ધતા ઉત્પન્ન થાય છે. દસ લક્ષણ પર્વ જુઓ તો એય ધમાધમ કરતા હોય લોકો. સિદ્ધચક્ર ને શું કહેવાય? ફલાણું ચક્ર ને ઢીંકણું ચક્ર. સોલહ કારણ ભાવના ને, સુગંધ દશમી ને. જ્ઞાનચંદજી! બાર મહિનાનું બધું પાણી ફેરવી દયે. બાર મહિનાનું એમ. પાપનું. બાર મહિનાનું પાપ લાગ્યું હોય તે છોડી દયે છે ને! એમ કહે ને? પણ પાપ ક્યાં લાગ્યું છે એ ખબર તો નથી. પાપ ક્યાં (લાગ્યું) છે? સમજાણું કાંઈ? અને એ પાપ ક્યાં છે અને એ પાપ ક્યાંથી નીકળી જાય. આહાહા! ૧૪૫ ગાથા થઈ. **આથી (આ ગાથાથી) એમ દર્શાવ્યું કે નિર્જરાનો મુખ્ય હેતુ *ધ્યાન છે.** લ્યો! સમજાણું કાંઈ? આમાં એ દેખાડ્યું છે. ૧૪૫માં.

## ગાથા-૧૪૬

जस्स ण विज्जदि रागो दोसो मोहो व जोगपरिकम्मो ।
तस्स सुहासुडहणो झाणमओ जायते अगणी ।। १४६ ।।

यस्य न विद्यते रागो द्वेषो मोहो वा योगपरिकर्म ।
तस्य शुभाशुभदहनो ध्यानमयो जायते अग्नि: ।। १४६ ।।

ध्यानस्वरूपाभिधानमेतत् ।

शुद्धस्वरूपेऽविचलितचैतन्यवृत्तिर्हि ध्यानम् । अथास्यात्मलाभविधिरभिधीयते । यदा खलु योगी दर्शनचारित्रमोहनीयविपाकं पुद्गलकर्मत्वात् कर्मसु संहृत्य, तद्नुवृत्ते: व्यावृत्योपयोगममुह्यन्तमरज्यन्तमद्विषन्तं चात्यन्तशुद्ध एवात्मनि निष्कम्पं निवेशयति, तदास्य निष्क्रियचैतन्यरूपस्वरूपविश्रान्तस्य वाङ्मन:कायानभावयत: स्वकर्मस्वव्यापारयत: सकलशुभाशुभकर्मेन्धनदहनसमर्थत्वात् अग्निकल्पं परमपुरुषार्थसिद्ध्युपायभूतं ध्यानं जायते इति । तथा चोक्तम्–*''अज्ज वि तिरयणसुद्धा अप्पा झाएवि लहइ इंदत्तं । लोयंतियदेवत्तं तत्थ वुआ णिव्वुदिं जंति'' ।। ''अंतो णत्थि सुईणं कालो थोओ वयं च दुम्मेहा । तण्णवरि सिक्खियव्वं जं जरमरणं खयं कुणइ'' ।। १४६ ।।

---

નહિ રાગદ્વેષવિમોહ ને નહિ યોગસેવન જેહને,
પ્રગટે શુભાશુભ બાળનારો ધ્યાન-અગ્નિ તેહને. ૧૪૬.

**અન્વયાર્થ :- (यस्य) જેને (मोह: राग: द्वेष:) મોહ અને રાગદ્વેષ (न विद्यते) નથી (वा) તથા (योगपरिकर्म) યોગોનું સેવન નથી (અર્થાત્ મન-વચન-કાયા પ્રત્યે ઉપેક્ષા છે), (तस्य) તેને (शुभाशुभदहन:) શુભાશુભને બાળનારો (ध्यानमय: अग्नि:) ધ્યાનમય અગ્નિ (जायते) પ્રગટે છે.**

ટીકા :- આ, ધ્યાનના સ્વરૂપનું કથન છે.

શુદ્ધ સ્વરૂપમાં અવિચલિત ચૈતન્યપરિણતિ તે ખરેખર ધ્યાન છે. તે ધ્યાન પ્રગટવાની વિધિ હવે કહેવામાં આવે છે :- જ્યારે ખરેખર યોગી, દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો વિપાક પુદ્‌ગલકર્મ હોવાથી તે વિપાકને (પોતાથી ભિન્ન એવાં અચેતન) કર્મોમાં સમેટી દઈને, તદનુસાર પરિણતિથી ઉપયોગને વ્યાવૃત્ત કરીને (-તે વિપાકને અનુરૂપ પરિણમવામાંથી ઉપયોગને નિવર્તાવીને), મોહી, રાગી અને દ્વેષી નહિ થતા એવા તે ઉપયોગને અત્યંત શુદ્ધ આત્મામાં જ નિષ્કંપપણે લીન કરે છે, ત્યારે તે યોગીને-કે જે પોતાના નિષ્ક્રિય ચૈતન્યરૂપ

સ્વરૂપમાં વિશ્રાંત છે, વચન-મન-કાયાને *ભાવતો નથી અને સ્વકર્મોમાં *વ્યાપાર કરતો નથી તેને-સકળ શુભાશુભ કર્મરૂપ ઈંધનને બાળવામાં સમર્થ હોવાથી અગ્નિસમાન એવું, *પરમપુરુષાર્થસિદ્ધિના ઉપાયભૂત ધ્યાન પ્રગટે છે.

વળી કહ્યું છે કે-

*'अज्ञ वि तिरयणसुद्धा अप्पा झाएवि लहइ इंदत्तं ।
लोयंतियदेवत्तं तत्थ चुआ णिव्वुदिं जंति ।।'
'अंतो णत्थि सुईणं कालो थोओ वयं च दुम्मेहा ।
तण्णवरि सिक्खियव्वं जं जरमरणं खयं कुणइ ।।'

(અર્થ :- હમણાં પણ ત્રિરત્નશુદ્ધ જીવો (-આ કાળે પણ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ત્રણ રત્નોથી શુદ્ધ એવા મુનિઓ) આત્માનું ધ્યાન કરીને ઈન્દ્રપણું તથા લૌકાંતિક-દેવપણું પામે છે અને ત્યાંથી ચ્યવીને (મનુષ્યભવ પામી) નિર્વાણને પ્રાપ્ત કરે છે.

શ્રુતિઓનો અંત નથી (-શાસ્ત્રોનો પાર નથી), કાળ થોડો છે અને આપણે *દુર્મેધ છીએ; માટે તે જ કેવળ શીખવાયોગ્ય છે કે જે જરા-મરણનો ક્ષય કરે.)

ભાવાર્થ :- નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્યચમત્કારમાં નિશ્ચળ પરિણતિ તે *ધ્યાન છે. આ ધ્યાન મોક્ષના ઉપાયરૂપ છે.

જેમ થોડો પણ અગ્નિ પુષ્કળ ઘાસ અને કાષ્ઠના રાશિને અલ્પ કાળમાં બાળી નાખે છે, તેમ મિથ્યાત્વ-કષાયાદિ વિભાવના પરિત્યાગસ્વરૂપ મહા પવનથી પ્રજ્વલિત થયેલો અને અપૂર્વ-અદ્ભૂત-પરમઆહ્લાદાત્મક સુખસ્વરૂપ ઘીથી સિંચાયેલો નિશ્ચય-આત્મસંવેદનરૂપ ધ્યાનાગ્નિ મૂલોત્તરપ્રકૃતિભેદવાળાં કર્મરૂપી ઈંધનના રાશિને ક્ષણમાત્રમાં બાળી નાખે છે.

---

*૧. ભાવવું = ચિંતવવું; ધ્યાવવું; અનુભવવું.*

*૨. વ્યાપાર = પ્રવૃત્તિ. (સ્વરૂપવિશ્રાંત યોગીને પોતાના પૂર્વોપાર્જિત કર્મોમાં પ્રવર્તન નથી, કારણ કે તે મોહનીયકર્મના વિપાકને પોતાથી ભિન્ન-અચેતન-જાણે છે તેમ જ તે કર્મવિપાકને અનુરૂપ પરિણમનથી તેણે ઉપયોગને પાછો વાળ્યો છે.)*

*૩. પુરુષાર્થ = પુરુષનો અર્થ; પુરુષનું પ્રયોજન; આત્માનું પ્રયોજન; આત્મપ્રયોજન. (પરમપુરુષાર્થ અર્થાત્ આત્માનું પરમ પ્રયોજન મોક્ષ અને તે મોક્ષ ધ્યાનથી સધાય છે, માટે પરમપુરુષાર્થની (-મોક્ષની) સિદ્ધિનો ઉપાય ધ્યાન છે.*

*★ આ બે ઉદ્ધૃત ગાથાઓમાં પહેલી ગાથા શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત મોક્ષપ્રાભૃતની છે.*

*૧. દુર્મેધ = ઓછી બુદ્ધિવાળા; મંદબુદ્ધિ; ઠોઠ.*

*૨. મુનિને જે શુદ્ધાત્મસ્વરૂપનું નિશ્ચળ ઉગ્ર આલંબન વર્તે તેને અહીં મુખ્યપણે 'ધ્યાન' કહ્યું છે. (શુદ્ધાત્માલંબનની ઉગ્રતાને મુખ્ય ન કરીએ તો, અવિરત સમ્યગ્દષ્ટિને પણ 'જઘન્ય ધ્યાન' કહેવામાં વિરોધ નથી, કારણ કે તેને પણ શુદ્ધાત્મસ્વરૂપનું જઘન્ય આલંબન તો હોય છે.)*

આ પંચમકાળમાં પણ યથાશકિત ધ્યાન થઈ શકે છે, આ કાળે જે વિચ્છેદ છે તે શુકલધ્યાનનો છે, ધર્મધ્યાનનો નહિ. આજે પણ અહીંથી જીવો ધર્મધ્યાન કરીને દેવનો ભવ અને પછી મનુષ્યનો ભવ પામી મોક્ષને પ્રાપ્ત કરે છે. વળી બહુશ્રુતધરો જ ધ્યાન કરી શકે એમ પણ નથી; સારભૂત અલ્પ શ્રુતથી પણ ધ્યાન થઈ શકે છે. માટે મોક્ષાર્થીઓએ શુદ્ધાત્માનો પ્રતિપાદક, સંવરનિર્જરાનો કરનારો અને જરામરણનો હરનારો સારભૂત ઉપદેશ ગ્રહીને ધ્યાન કરવાયોગ્ય છે.

(અહીં એ લક્ષમાં રાખવાયોગ્ય છે કે ઉપરોક્ત ધ્યાનનું મૂળ સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન વિના ધ્યાન હોતું નથી, કારણ કે નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્યચમત્કારની (શુદ્ધાત્માની) સમ્યક્ પ્રતીતિ વિના તેમાં નિશ્ચળ પરિણતિ કયાંથી થઈ શકે? માટે મોક્ષના ઉપાયભૂત ધ્યાન કરવા ઈચ્છનાર જીવે પ્રથમ તો જિનોક્ત દ્રવ્યગુણપર્યાયરૂપ વસ્તુસ્વરૂપની યથાર્થ સમજણપૂર્વક નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્યચમત્કારની સમ્યક્ પ્રતીતિનો સર્વ પ્રકારે ઉદ્યમ કરવાયોગ્ય છે; ત્યારપછી જ તે ચૈતન્યચમત્કારમાં વિશેષ લીનતાનો યથાર્થ ઉદ્યમ થઈ શકે છે.) ૧૪૬.

આ રીતે નિર્જરાપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.

---

## ગાથા-૧૪૬ ઉપર પ્રવચન

ધ્યાન. જુઓ! આહાહા! અંતર જ્ઞાતાસ્વભાવનો મહિમા અંતર આવ્યા પછી તેની પાછળ અંદર વારંવાર લાગી જવું, લીન થવું તે ધ્યાન છે. પણ પહેલાં સમ્યગ્દર્શન વિના ધ્યાન હોતું નથી. એ સ્વરૂપમાં સમ્યગ્દષ્ટિ ગૃહસ્થાશ્રમમાં પણ ધ્યાન કરી લ્યે છે. સમજાણું કાંઈ? તો કહે છે કે આ ગાથામાં શું કીધું? કે નિર્જરાનો મુખ્ય હેતુ તો ધ્યાન જ કહ્યું. આહાહા! સમજાણું કાંઈ?

ત્યારે કહે કે મુખ્ય હેતુ કહ્યું તો ગૌણ હેતુ કોણ છે. એ તો નિમિત્ત બહારનું માહાત્મ્ય કરતાં હતા ને તો નિમિત્ત કહેવામાં આવ્યું છે. વિકલ્પ ઉઠયો તે. નિર્જરાનો મુખ્ય હેતુ આ જ (ધ્યાન) છે.

હવે ૧૪૬.

**जस्स ण विज्जदि रागो दोसो मोहो व जोगपरिकम्मो ।**

**तस्स सुहासुडहणो झाणमओ जायते अगणी ।। १४६ ।।**

ધ્યાનનું સ્વરૂપ. સમ્યગ્દષ્ટિ ધ્યાન કરી શકે છે. મિથ્યાદષ્ટિ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરી શકે છે. કરી શકે છે. ના શું કામ પાડીએ? કરી શકે છે. સમજાણું કાંઈ? જેને જડની પર્યાયની કર્તાબુદ્ધિ છે. પુણ્ય પરિણામનો પ્રેમ છે, પાપ પરિણામમાં મઝા માને છે. ધ્યાન કરે છે આર્તધ્યાન અને રૌદ્રધ્યાન.

આત્માની શાંતિના પ્રાણ ઘાણીમાં જેમ તલ પીલાઈ જાય છે તેમ પોતાની શાંતિ પીલાઈ જાય એવું ધ્યાન કરે છે. સમજાણું નહીં કાંઈ?

આ ઘાણીમાં તલ પીલે છે. એવો આત્મા જ્ઞાનાનંદમૂર્તિ છે. રાગમાં એકાગ્ર થાય છે એટલે આત્માની શાંતિ લૂંટાઈ જાય છે. અજ્ઞાનીનું એવું ધ્યાન છે. જ્ઞાનીનું ધ્યાન પોતાના જ્ઞાયક તરફ એકાગ્રતા ના કરવી તે છે. પહેલા જ્ઞાયક છે એવી દૃષ્ટિ તો થઈ છે. ગૃહસ્થાશ્રમમાં ચોથા ગુણસ્થાનવાળાં હોય, પાંચમાવાળા હોય, છઠ્ઠા ગુણસ્થાનવાળા મુનિ હોય ગુણસ્થાનમાં સ્થિરતા પ્રગટ થઈ છે તે સ્થિરતામાં અંતરમાં ધ્યાન કરીને ચોથા ગુણસ્થાન, પાંચમા ગુણસ્થાનમાં પણ જેટલા અંશે શુધ્ધોપયોગ થઈ જાય અભેદ એટલા અંશે વિશેષ નિર્જરા થાય છે.....

**૧૪૬**. ધ્યાનનું સ્વરૂપ થઈ શકે છે તેની વાત કરે છે કે ન થઈ શકે તેની વાત કરે છે? શ્લોકમાં કહેશે. તેમાં શ્લોક આવશે. હા, થઈ શકે તે શ્લોક અંદર આવશે. પહેલાં દૃષ્ટિની ખબર નથી ને ધ્યાન છે તેની પ્રસિધ્ધિ આવતી નથી. આહાહા!

અનુભવપ્રકાશમાં દીપચંદજી કહે છે. તેઓ ગૃહસ્થાશ્રમમાં સમકિતી જ્ઞાની હતા. સ્ત્રી, કુટુંબ, પરિવાર બધા (હતા). ઘણા ગ્રંથ બનાવ્યા છે. અનુભવપ્રકાશ, આત્મઅવલોકન, ચિદ્‌વિલાસ બહુ જ બનાવ્યા છે સારા. એકવાર ..... કહે છે કે અરે ભાઈ અમને વખત નથી મળતો. અરે ભાઈ! શું વખત નથી મળતો? તારી પાસે કાંઈ ચક્રવર્તીનું રાજ તો નથી. ચક્રવર્તીને છન્નું કરોડ પાયદળ હતું, છન્નું કરોડ ગામ હતા. તારી પાસે છન્નું કરોડ પૈસા પણ નથી. કાંકરા પણ છન્નું કરોડ નથી. ...........

અનુભવપ્રકાશમાં લખ્યું છે. આત્મામાં એકાગ્ર થવું હોય તો તને રોકે છે કોણ? શું પર ચીજ રોકે છે? બિલકુલ રોકતી નથી. એમ અનુભવપ્રકાશમાં લખ્યું છે હોં! છન્નું કરોડ તો પાયદળ હતા. છન્નું હજાર ગામ હતા, બૌંતેર હજાર નગર હતા, અડતાલીસ હજાર પાટણ હતા અને સોળ હજાર દેવ સેવા કરતા હતા. તોપણ ધ્યાનનો વખત તેમને મળતો હતો. તેને ધ્યાનનો વખત મળતો હતો. (અને આ કહે) અમને વખત મળતો નથી. તારી પાસે કેટલા મરઘા છે? મરઘા સમજો છો? શું કહે છે તેને? ખપરા ખપરા. તારી ઘરે છન્નું કરોડ ખપરા પણ નથી. અને તને નિવૃત્તિ નથી મળતી? અને નિવૃત્ત હોય તો ગપ્પામાં ચડી જાય છે. નિવૃત્તિ મળે તો ગપ્પા મારવા ચડી જાય છે. આમ છે ને આમ છે ને આમ છે. આમ પેપરમાં આવ્યું છે ને આમ ફલાણું છે ને આમ છે ને. જર્મનમાં આમ થાય છે ને અંગ્રેજીમાં આમ છે ને તારા ઘરે શું હોય છે? આવા પરિણામ કરવા માટે તને વખત નથી મળતા! અપરાધ તારો છે અને તું કહે છે કે શું કરે? અમારે પંચમકાળ છે. આ દીકરા દીકરી છોકરા બહુ જ વધી ગયા. અમે પચાસ માણસ છીએ. અમારે કેટલું કરવાનું છે. શું કરવું?

મુમુક્ષુ :- ચિંતા તો થાય ને?

ઉત્તર :- ચિંતા થાય પણ ધૂળમાં ચિંતા કરવાથી ફેરફાર થઈ જશે? ચિંતા કરવાથી પરમાં ફેરફાર

થઈ જાશે? સમજાણું કાંઈ? તેમાં લખ્યું છે. તને ધર્મની રુચિ નથી એટલે તું આવા બહાના કાઢે છે. એમ કહ્યું છે. રુચિ નથી. જેની રુચિ જાણે અને જેની જરૂરિયાત જાણે તેમાં પુરુષાર્થ કર્યા વગર રહે, એમ બને નહીં. જેની જરૂરિયાત જાણે તેમાં પુરુષાર્થ કર્યા વગર ન રહે. તને જરૂરિયાત આત્માની છે અને તે કેમ પ્રાપ્ત થાય અને કેમ દૃષ્ટિ થાય તેની ખબર નથી. તને તારી જરૂરિયાત તારી કિંમતમાં આવી નથી. જરૂરિયાત વગર તારો પુરુષાર્થ કયાંથી થશે? સમજાણું કાંઈ?

૧૪૬માં ધ્યાનનું સ્વરૂપ કહ્યું છે.

**जस्स ण विज्जदि रागो दोसो मोहो व जोगपरिकम्मो ।**

**तस्स सुहासुडहणो झाणमओ जायते अगणी ।। १४६ ।।**

આચાર્યદેવે જગતના જીવો ઉપર કરુણા કરીને જંગલમાં તાડપત્ર ઉપર આ શાસ્ત્ર લખ્યું છે. જંગલમાં રહીને તાડપત્ર ઉપર હોં! આ ગાથા બે હજાર વર્ષ પહેલાં અને ટીકા નવસો વર્ષ પહેલાં (થઈ છે.) બેય નગ્ન દિગમ્બર મુનિ જંગલમાં વસવાવાળા. આહાહા! જગતની કરુણા! અરે! આત્મા! તારે કરવાનો અવસર છે ને ભાઈ! અને આ કરવાનો કાળ છે ને નથી કરતો તો પ્રભુ! તું કયારે કરીશ? ખોવાઈ જાઈશ હો! ચોર્યાસીના અવતારમાં. કયાં જઈશ? વર્તમાનમાં કોઈ તને મદદ કરનાર છે નહીં, ભવિષ્યમાં પણ કોઈ છે નહીં. ૧૪૬. (ગાથા)

આ ધ્યાનના સ્વરૂપનું કથન છે. **શુધ્ધ સ્વરૂપમાં અવિચલિત ચૈતન્યપરિણતિ તે ખરેખર ધ્યાન છે.** જુઓ! ધ્યાનની વ્યાખ્યા. **અવિચલિત,** શુધ્ધ સ્વરૂપ ભગવાનઆત્મા. પહેલાં પ્રતીતમાં લીધું છે કે મારામાં કોઈનો કાંઈ સંબંધ છે નહીં. એવો શુધ્ધ ભગવાનઆત્મા જ્ઞાનરસ અને આનંદરસથી ભરેલો એકલો અતીન્દ્રિય આનંદનો ભંડાર આત્મા છે. લ્યો! ભંડાર આવ્યું. તેના મામા છે ને તે સૌભાગ્યચંદજીના. હીરા, માણેક ને પન્ના ભરેલાં છે. ધૂળ બધી ભરી છે. છે ને સૌભાગ્યચંદજીના મામા સરદાર શહેરવાળા.

અહીં તો આ ભર્યા છે, કહે છે. તેની મમતા હોય તો ત્યાં વીંછી ને સર્પ હોય. સમજાણું કાંઈ? આ ભગવાન આ જોવા ન મળે એવું અહીં છે. એ ભંડાર એનો કયાં છે. એ તો જડનો છે. જડની પર્યાય છે. આહાહા! જુઓ! એક પર્યાય એક પંક્તિમાં તે ઉલ્લાસપૂર્વક વીર્યથી નક્કી તો કરે! ઉલ્લાસપૂર્વક વીર્યથી. ઓહો! મારી ચૈતન્ય ચીજ જ તદ્દન વિકલ્પ, રાગથી, પુણ્ય, દયા, દાનથી ભિન્ન છે. જડની ક્રિયા તો કયાંય રહી ગઈ. તેને કારણે હો કે ન હો!

એવા **શુધ્ધ સ્વરૂપમાં અવિચલિત ચૈતન્યપરિણતિ,** પર્યાય લીધી. જુઓ! અવિચલિત, ચળે નહીં એવી ચૈતન્યની પર્યાય તે યથાર્થ ધયાન છે.તેનું નામ ધ્યાન છે. હું ધ્યાનને આમ કરું ને આમ કરું ને આમ કરું. એમ છે નહીં. વિશેષ વાત કરશે.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

**પ્રવચન નં :-૪૩, ગાથાઃ-૧૪૬,**
**આસો સુદ-૪, શુક્રવાર, તા :-૯-૧૦-૬૪**

આ પંચાસ્તિકાય નવપદાર્થ અધિકારમાં નિર્જરા એટલે ધર્મની વૃધ્ધિનો અધિકાર ચાલે છે. તો ધર્મની વૃધ્ધિનો અધિકાર અને ધર્મ પહેલાં થયો છે. સમજાણું કાંઈ? ધર્મ સમ્યગ્દર્શન પહેલાં થયું છે. તેને અહીંયાં ધ્યાનની ક્રિયા નિર્જરાનું કારણ છે એમ બતાવે છે. આગળ લખાણમાં આવશે.

સૌથી પહેલાં તો સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ. એ અર્થમાં આવશે. તેના પછી આ ધ્યાનની વ્યાખ્યા શું છે અને કેમ થાય છે તે બતાવવું છે. તો પહેલાં દ્રવ્ય, ગુણ અને પર્યાય દરેક આત્મા અને દરેક પરમાણુના સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? પોતાનું દ્રવ્ય વસ્તુ તેના ગુણ અને તેની પર્યાય અંદર થાય છે અવસ્થા, તે પોતાથી સ્વતંત્ર છે. અને પરદ્રવ્યના દ્રવ્ય, ગુણ, પર્યાય આ શરીરાદિની થાય છે તે તેનાથી સ્વતંત્ર છે. આત્મા તેને કરતો નથી અને આત્મા તેને રોકતો પણ નથી. એવા બધા દ્રવ્ય, ગુણ, પર્યાયની યથાર્થદષ્ટિ કરીને શુધ્ધ ચૈતન્યપરિણતિ તે પર્યાય, ગુણ, દ્રવ્યનું ભાન કરીને પોતાના ચૈતન્ય ત્રિકાળી જ્ઞાયકભાવ તદ્દન શુધ્ધ છે એવી અંતરમાં દષ્ટિ કરવી તેનું નામ પ્રથમ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? કહો, શેઠ!

એ સમ્યગ્દર્શન પછી નિર્જરા કેવી હોય છે તે વ્યાખ્યા હવે ચાલે છે. શેઠીયા! પાછળ આપણે હિંમતભાઈએ લખાણ કર્યું છે, નીચે. ઓલી કોર વાંચવું હોય તો પહેલાં વાંચો. ૨૧૪. નીચે પેરેગ્રાફ છે. છેલ્લો. ૨૧૪ છેલ્લો પેરેગ્રાફ છે ને? છેલ્લી ત્રણ લીટી.

**અહીં એ લક્ષમાં રાખવાયોગ્ય છે,** છે? કે **ઉપરોકત,** ઉપરયુકત **ધ્યાનનું મૂળ સમ્યગ્દર્શન છે.** વ્યાખ્યા ધ્યાનની ચાલશે. પણ તેનું મૂળ સમ્યગ્દર્શન છે. **સમ્યગ્દર્શન વિના ધ્યાન નથી હોતું. કારણ કે નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્યચમત્કારની (શુધ્ધાત્માની) સમ્યક્ પ્રતીતિ વિના,** ભગવાનઆત્મા દેહાદિની ક્રિયા તો કરી શકતો નથી. રાગ, દયા, દાનનો વિકલ્પ પણ ખરેખર તેનું કર્તવ્ય નથી. એ તો નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્યચમત્કાર વસ્તુ આત્મા છે. તેની સમ્યક્ પ્રતીતિ વિના તેમાં નિશ્ચય પરિણતિ કયાંથી થઈ શકે? આ નિશ્ચયપરિણતિ તેનું નામ ધ્યાન. શેઠી! છે? છે, હં.. અચ્છા! સમજાણું કાંઈ? જગતને આ કઠણ પડે.

આ લોકો કહે દેહની ક્રિયા કરી શકે નહીં, આમ કરી શકે નહીં, આ તો... ઓહોહો! સત્ય તો આમ જ છે. સમજાણું કાંઈ? તારણસ્વામી તો કહે છે કે જે જનરંજન માટે કથા કરશે તે મૂઢ નિગોદમાં જાશે. એમ કહે છે. સાંભળ્યું છે કે નહીં? જનરંજન લોકોને ઠીક પડે એમ કહેવું અને સભાને રાજી કરવી કે

આહા! આ મોટી મોટી વાત છે. એ તો જનરંજન કલરંજન આવે છે ને? બહુ શબ્દ આવે છે. કલરંજન, શરીરરંજન. જન દુનિયા. દુનિયાને શું સાથે લેવી છે? દુનિયા તો તારાથી પર વસ્તુ છે. એ રાજી ક્યાંથી થાય? એ તો અનાદિથી અજ્ઞાની છે. તો તેને તત્ત્વની દૃષ્ટિ સાંભળવી તો નહીં ગમે તો શું તારે દુનિયાને રંજન કરાવવું છે? સમજાણું કાંઈ? કે જેમાં દુનિયા ખુશી હોય, રાજી હોય, વાહ! વાહ! એ તો અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ જનરંજન કરવા ટાઈમ લીધો છે? એમ તેમાં લખ્યું છે. જનરંજન, મનરંજન! જાય નિગોદમાં. ચાર ગતિ તો (છે પણ) નિગોદ અનંતકાળમાં બે ઈન્દ્રિય નહીં થાય એવા નિગોદમાં જાશે. એવી કડક ભાષા છે. રાજમલજી!

અહીંયાં કહે છે. પહેલાં સમ્યગ્દર્શન વગર આ ધ્યાનની ક્રિયા નથી થતી તો તેણે પહેલાં સમ્યગ્દર્શન સમજવું જોઈએ. કોના? ઊંધા. ઊંધુ ધ્યાન થઈ શકે છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન એમ તો કાલે કહ્યું હતું. અહીં તો ધર્મધ્યાન. વાત જગતથી તદ્દન નિરાળી છે. જગતને સાથે લઈને આ વાત ચાલશે નહીં. સમજાણું કાંઈ? શેઠી! જેને પોતાના ધર્મનું કર્તવ્ય કરવું છે તે દુનિયાને છોડીને પોતાનું લક્ષ પોતામાં કરવું જોઈએ. પરનું લક્ષ છોડી દેવું જોઈએ. હું પરનું નથી કરી શકતો. કોઈનું (નહીં.) વાણી નથી કરી શકતો, દેહની ક્રિયા નથી કરી શકતો. એ ક્રિયા થશે, થશે, થવાની છે તે થશે. એવા જડના પરના કાર્ય મારા નથી એમ નિર્ણય કરવામાં પોતાનું લક્ષ કરે તો તેમાં અનંતાનુબંધી કષાયનો નાશ થઈ જાશે. ક્રિયા થાય તે તેને કારણે. કષાય કોમળ થઈ જાશે. કષાય મંદ થઈ જાશે. સમજાણું કાંઈ?

પરનું હું કરી શકું છું અને પરનું કાર્ય મારા અધિકારમાં છે આમ કરો, આમ કરો, આમ કરો, એ તો મિથ્યાદૃષ્ટિ અનંતાનુબંધીના કષાયને પોષે છે. તો કહે છે કે એ પહેલી દૃષ્ટિ છોડી દેવી જોઈએ. આ ધ્યાન તો તેનાથી પણ કઠણ છે, નિર્જરા તો. જુઓ! **તેમાં નિશ્ચયપરિણતિ ક્યાંથી થઈ શકે?** સમ્યક્ ચૈતન્ય જ્ઞાયકમૂર્તિ છે. તેમાં પરનું કાર્ય તો શું રાગનું કર્તૃત્વ પણ પોતાના સ્વભાવમાં નથી. એવી દૃષ્ટિ થયા વગર તેમાં નિષ્ક્રિયધ્યાન ક્યારેય થઈ શકતું નથી.

**માટે મોક્ષના ઉપાયભૂત ધ્યાન કરવા ઈચ્છનાર જીવે પ્રથમ તો જિનોક્ત,** જિનોક્ત હોં! સર્વજ્ઞે કહ્યું. અજ્ઞાની કલ્પના કરીને કહે એ નહીં. જિનાગમ સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ પરમેશ્વર સો ઈન્દ્રોના પૂજ્ય પરમાત્મા મહાવિદેહક્ષેત્રમાં બિરાજે છે. અનંત તીર્થંકરો થઈ ગયા. તેમણે જે દ્રવ્ય, ગુણ, પર્યાય કહ્યા તેને જાણવા જોઈએ. અજ્ઞાની પોતાની કલ્પનાથી કરે છે તે છોડી દે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- છ કાયના જીવ જાણવા કે દ્રવ્ય-ગુણ-પર્યાય જાણવા?

ઉત્તર :- એ દ્રવ્ય, ગુણ, પર્યાય-છકાયના જીવ જીવ છે તેની વર્તમાન પર્યાય મરણ-જીવન આદિ પર્યાય પલટે તે તેની પર્યાય છે. અમારો તેના જીવન-મરણ ઉપર કોઈ અધિકાર નથી. એવા

**જિનોક્ત,** ભાષા એવી છે. ભગવાન પરમાત્મા પરમેશ્વર વીતરાગદેવે જે દ્રવ્ય, ગુણ, પર્યાયરૂપ વસ્તુસ્વરૂપની, એવી વસ્તુ છે. યથાર્થ સમજપૂર્વક, યથાર્થ સમજપૂર્વક પહેલાં તેનું યથાર્થ જ્ઞાન કરવું જોઈએ. **નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્યચમત્કારની,** નિર્વિકાર જ્ઞાયકમૂર્તિ આત્મા! કોઈ પરનું તો ત્રણકાળમાં કરતું નથી. પણ રાગનું પણ મારું કર્તવ્ય નથી. એવા નિષ્ક્રિય ચૈતન્યચમત્કારની સમ્યક્ પ્રતીતિનો, સર્વ પ્રકારે, સર્વ પ્રકારે ઉદ્યમ કરવાયોગ્ય છે. પહેલાં એ કરવાલાયક છે. ગૃહસ્થાશ્રમમાં હોય, ત્યાગીમાં હોય પણ આ નક્કી કર્યા વગર તેને ધર્મની શરૂઆત થતી નથી. સમજાણું કાંઈ?

ત્યારપછી જ તે **ચૈતન્યચમત્કારમાં વિશેષ લીનતાનો યથાર્થ ઉદ્યમ થઈ શકે છે.** હજી સમજણમાં પણ ઊંધી ગડમથલ ચાલે છે. સમજાણું કાંઈ? આહાહા! આઠ આઠ વર્ષની બાલિકા આમ સમજીને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઈ? આત્મા છે ને? મગજ ચોખ્ખું થાય ને.... મગજ એટલે શું? આ જડ મગજ! આ તો માટી છે. પોતાની જ્ઞાનની નજરમાં સ્પષ્ટતા, સ્પષ્ટતા, ચોખ્ખું થવું. જ્ઞાનની નજરમાં અંદર જ્ઞાનની નજરું, જ્ઞાનની વર્તમાન નજર પર્યાય તેમાં સ્પષ્ટતા, શુદ્ધતા દૃષ્ટિની આવવી જોઈએ. પર મારું કાર્ય નથી. આખી દુનિયા હોય (તોપણ) ઓહો! (તે)તેને કારણે હોય છે. મારું કિંચીત કાર્ય નહીં. સમજાણું કાંઈ?

મારામાં રાગાદિ થાય છે એ પણ પુણ્ય-પાપનું તત્ત્વ છે. એ પણ મારું કાર્ય નથી. અજીવનું નથી. પુણ્ય-પાપ વિકલ્પોમાં પણ મારું કાર્ય નથી. હું તો ચૈતન્યચમત્કાર માત્ર વસ્તુ છું. એવી પ્રથમમાં પ્રથમ સર્વ પ્રકારે પ્રયત્ન કરીને, ઉદ્યમ કરીને સમ્યક્ પ્રતીતિ પ્રગટ કરવી જોઈએ. બરાબર છે? નથુલાલજી! આ કરવાનું છે હો! વ્યાપાર-બ્યાપાર કરવાની અહીં ના પાડે છે. બહારનું તો કરી શકતો નથી. પરિણામ કરી શકે છે. ભાવ કરી શકે છે. પુણ્ય-પાપનો શુભાશુભભાવ. પણ તેણે નિર્ણય કરવો જોઈએ કે શુભાશુભ પરિણામ પણ વિકાર છે. મારી ચીજ તેનાથી ભિન્ન છે. બહારથી તો ભિન્ન છે પણ પુણ્ય-પાપના રાગથી પણ મારી ચીજ ભિન્ન છે.

એવો ચૈતન્યચમત્કાર જ્ઞાયક પરમાત્મા પોતાનું નિજ સ્વરૂપ (છે.) આઠ વર્ષની બાલિકા પણ આવું સમ્યગ્દર્શન પ્રગટ કરી શકે છે. કરે તો અનાદિકાળથી અગિયાર અંગ ભણી ગયો અને આટલી ક્રિયા કાંડ કર્યા, શરીરના ખંડ ખંડ કરે તોપણ ક્રોધ ન કરે એમાં શું છે? તેમાં આત્માનું શુદ્ધ કાર્ય છે જ નહીં. તો પહેલાં **સર્વ પ્રકારે ઉદ્યમ કરવાયોગ્ય છે.** સમ્યગ્દર્શન પ્રગટ કરવાનો પહેલો પ્રયત્ન છે. સમજાણું કાંઈ? એ વાત ચાલે છે. તેમાં પણ ધ્યાન કેવું હોય તે વાત ચાલે છે.

સમ્યગ્દષ્ટિને ધ્યાન જો મોક્ષનું કારણ છે. સમ્યગ્દષ્ટિને જો ધ્યાન મોક્ષનું કાકરણ છે. **તે ધ્યાન પ્રગટ કરવાની વિધિ હવે કહેવામાં આવે છે.** છે? સુમેરુમલજી! છે કે નહીં? આહાહા! અરે! પ્રભુ તારે તારું સત્નું કાર્ય કરવું છે કે નહીં? સત્નું હો! ઊંધું તો અનાદિથી માન્યતામાં કરે છે. આહાહા! સુઝ

પડતી નથી. સુઝ પડતી નથી. અંદર નજર ન મળે શું ચીજ છે. અને તે ચીજમાં શું હોય છે અને મારાથી પરમાં શું હોય છે અને પરનું કાર્ય પરથી કેવી રીતે થાય છે. એવી નજર જો પરથી ભિન્ન કામ ન કરે તેને પુણ્ય-પાપથી ભિન્ન મારી ચીજ છે એમ નજર કામ નહીં કરે. અને પુણ્ય-પાપથી ભિન્ન છે એવી દૃષ્ટિ ન હોય ત્યાં સુધી એવું ધ્યાન થઈ શકતું નથી. પર્યાય પર્યાયનો વિવેક કહે છે. પહેલાં સમ્યગ્દર્શનરૂપી પર્યાય રાગથી પૃથક અને પૂર્ણ સ્વભાવથી એકત્વ. પુણ્ય-પાપના વિકલ્પથી પૃથક પૂર્ણ સ્વભાવથી એકત્વ એવી પ્રતીતિ તે પ્રથમ સમ્યગ્દર્શન છે. સમજાણું કાંઈ? પહેલામાં પહેલાં કર્તવ્ય કરવા યોગ્ય હોય તો તે છે.

મુમુક્ષુ :- કંઈ આપી શકાય તેવું ખરું....

ઉત્તર :- આ આપી શકાય છે ને. આ નથી.. એ સમજણ કરે તે આત્માને આપી શકાય છે. ખ્યાલ છે. બપોરે બાકી રહ્યા છે ને ચાર બોલ બાકી છે. કર્તા, કર્મ બે આવ્યા છે ને કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ ચાર (બોલ) બાકી છે ષટ્કારકના. આપી શકાય પોતાની પર્યાય પોતાને દાન આપી શકે. પરને આપી શકે નહીં ત્રણકાળ, ત્રણલોકમાં. શેઠ! શેઠીયા પૈસા નહીં આપે આમ કહેશો તો. કોણ આપે છે? રજકણ છે, જડ છે, જાવાવાળી ચીજ જાશે, આવવાવાળી ચીજ આવશે એમાં તારા અધિકારની વાત છે નહીં.

મુમુક્ષુ :- પોતાના કારણે ક્ષેત્રાંતર થાય છે.

ઉત્તર :- ક્ષેત્રાંતર થાય છે. લક્ષ્મી જાય છે તો તેને કારણે જાય છે. શેઠનો દાનનો ભાવ થયો માટે જાય છે? નિમિત્તનો અર્થ તેનો ઉત્પાદ થઈને ચાલી જાય છે તો નિમિત્ત કહેવામાં આવે છે. પણ મારે કારણે ત્યાં ગઈ (એમ માને) તો નિમિત્ત ન થયું (પોતે) કર્તા થયો. ભાઈ! બરાબર છે? આહાહા! અરેરે! આ મનુષ્ય દેહ અનંતકાળે માંડ માંડ મળ્યો, તેમાં સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ વીતરાગ પરમેશ્વર નવતત્ત્વ કહે છે. નવની વ્યાખ્યા ચાલે છે ને? નવતત્ત્વ નવમાં છે. એક બીજામાં ખીચડો નથી થતાં. ભેગા થઈ જતાં નથી.

જડ જડમાં છે. આત્મા આત્મામાં છે, રાગ રાગમાં છે, નિર્મળ પર્યાય પર્યાયમાં છે, ગુણ શક્તિરૂપ છે, વસ્તુ શક્તિવાન છે. સમજાણું કાંઈ? એવી વાત સર્વજ્ઞ પરમેશ્વર વીતરાગ સિવાય ત્રણકાળ, ત્રણલોકમાં ક્યાંય હોતી નથી. સમજાણું કાંઈ? છ દ્રવ્ય, નવતત્ત્વ, પંચાસ્તિકાય છે ક્યાંય બીજા સ્થાનમાં? એ ચીજ એવી છે. એવું ભગવાને જાણ્યું અને એમ કહેવામાં આવ્યું. જુઓ! કાલ આવ્યું ને? આનો રસ ઉત્પન્ન થાય. આ જુઓને માહાત્મ્ય બતાવે છે કે નહીં? શેનો રસ ઉત્પન્ન થાય? ધૂળનો રસ જો છોડે... આ રાગનો રસ છે તેને પણ છોડી દેવો. પુણ્ય-પાપનો વિકલ્પ છે તે મેલ છે. તેનો પણ પ્રેમ ને રસ છોડીને જ્ઞાયકમૂર્તિ પ્રભુ છે તેનો રસ લે. તેની દૃષ્ટિ કર તો તને સમ્યક્ સત્યતાનો આદર થશે.

નહીંતર અસત્યનો આદર છે અનાદિથી. આહાહા! સમજાણું કાંઈ?

**શુદ્ધ સ્વરૂપમાં અવિચલિત ચૈતન્યપરિણતિ તે ખરેખર ધ્યાન છે.** એ પહેલી લીટી. કાલ આવી હતી. **તે ધ્યાન પ્રગટ કરવાની વિધિ હવે કહેવામાં આવે છે,** આ વિધિ હવે બતાવે છે. ધ્યાન કેમ પ્રગટ (થાય) કોને કઈ રીતે થાય છે. સમ્યગ્દષ્ટિને પણ ધ્યાન આત્મામાં સ્વ આલંબન એકાગ્રતા કેવી રીતે થાય છે, પરથી કેમ ખસે છે, એવી વાત બતાવે છે.

જ્યારે ખરેખર યોગી, યોગી એટલે આત્માના સ્વભાવમાં જોડાણ કરનાર. જોડાણ કહે છે, શું કહે છે? જોડાણ. આત્મા ચૈતન્યચમત્કાર જ્ઞાયક દ્રવ્યસ્વભાવ તેમાં જેની બુદ્ધિનું જોડાણ થયું છે તેને યોગી કહે છે. સમ્યગ્દષ્ટિ પણ યોગી છે. ચારિત્રવંત વિશેષ યોગી છે. સમજાણું કાંઈ? અનાદિકાળથી દેહાદિ ક્રિયા અને વિકલ્પાદિ દયા, દાનના ભાવ તેમાં જે દષ્ટિ થઈ હતી તે અજ્ઞાનનો યોગ છે, મિથ્યાત્વનો યોગ સંબંધ છે.

એ યોગ છોડીને પોતાનો જ્ઞાયકભાવ ચૈતન્ય પૂર્ણ દ્રવ્યસ્વભાવ પૂર્ણનો સ્વીકાર નિમિત્તનો મારામાં અભાવ, રાગનો મારામાં અભાવ, અપૂર્ણ વર્તમાન પ્રગટ પર્યાય જેટલો હું નથી. હું પૂર્ણ જ્ઞાયક છું, શુદ્ધ ચૈતન્યચમત્કાર એવો પૂર્ણનો સ્વભાવનો સ્વીકાર. એવી દષ્ટિને સમ્યગ્દર્શન કહે છે. એ સમ્યગ્દષ્ટિને ધ્યાન કેમ થાય છે-તે યોગી છે. પોતાનામાં જોડાણ કરીને. જોડાણ સમજો છો? સંબંધ. જેટલો સંબંધ પરની સાથે હજી સમકિતદષ્ટિને હોય છે. પોતાની દષ્ટિ થઈ, સમ્યક્ભાન થયું છતાં જ્ઞાનીને પણ પોતાની કમજોરીને લીધે થોડા પુણ્ય-પાપના સંબંધનું જોડાણ થાય છે.

હવે તેનાથી ખસીને પોતાનું ધ્યાન કરવાનું છે તેની વાત ચાલે છે. સમજાણું કાંઈ? સંસારની વાત એક એની મા લાપસી બતાવે તો કેમ કરવી એમાં બાઈ કેટલું ધ્યાન આપે! આ લાપસી કહે છે ને? જુઓ ઘઉંને આમ કરવા, કરતાં કરતાં હલાવતાં રહેવું, આમ ગઠ્ઠા ન થઈ જાય નહીંતર (ગઠ્ઠામાંથી) સૂકો લોટ નીકળશે. કોઈ આવા કડક વેવાઈ આવી જાય ને લાપસી-એલા આ શું? લોટ અંદર છે લોટ. ગઠ્ઠા બની જાય ને. લાપસી બરાબર ન (હલાવે)આમ કરે તો ગઠ્ઠા બની જાય અને ગઠ્ઠામાં કાચો લોટ રહી જાય ઉપરથી શેકેલો દેખાય અને અંદરથી આવો. પણ ધ્યાન રાખે કે મારી મા કેમ બનાવે છે.

એમ ભગવાન કહે છે કે અમે કહીએ છીએ એમાં તારે ધ્યાન રાખવું જોઈએ. આત્માના ધ્યાનની લાપસી કેમ થાય છે લડુ. શેઠી! ત્યાં તો ન આવડે તો ઓલીને સાસુ ઠપકો આપે, તારી માએ આવું શીખવ્યું છે? આવું કાંઈ ભાન નથી? કરે કે નહીં? શેઠ! ગૃહસ્થની દીકરી હોય તો કરે ઓલી સાસુ હોય એ. અહીં કાંઈ બધાય કામ કરનારા માણસ હોય છે? આવું શીખડાવ્યું છે?

અહીં ભગવાન કહે છે તારી ચીજ ક્યાં છે અને તારે ક્યાંથી ખસવાનું છે એ તને ખબર નથી? તારે શું કામ કરવું છે? તું શું શીખીને અહીંયા આવ્યા છો? જ્ઞાનચંદજી! તો કહે છે કે પહેલાં આત્મા

સમ્યક્ પ્રતીતિમાં લેવો જોઈએ કે, હું આ ત્રણકાળ, ત્રણલોકમાં-આ શરીરાદિ ચાલે છે તેની ક્રિયા થાય છે એ મારી નથી. હું અટકાવી શકતો નથી અને હું બનાવતો નથી. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ક્યારે?

ઉત્તર :- અત્યારે. ક્યારે શું વળી? એ શરીર, વાણી, મનની ક્રિયા અત્યારે ચાલે છે તો ચાલો અને અટકે તો અટકો મારા અધિકારની વાત છે નહીં. એ જડની પર્યાય છે. પછી પુણ્ય-પાપનો વિકલ્પ ઊઠે છે એ પણ મારી ચીજમાં કૃત્રિમ ઉપાધિ છે. અકૃત્રિમ ચિદાનંદ પૂર્ણાનંદ એ ભિન્ન છે. એવી દૃષ્ટિ કર્યા પછી સમ્યગ્દર્શન થયું પછી તેને મોક્ષનું કારણ ધ્યાન કેમ ઉત્પન્ન થાય છે એની વાત કરે છે.

**જ્યારે ખરેખર યોગી, ધર્મી દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો વિપાક,** લ્યો! અંદર આત્મા ઉપર દર્શનમોહનીયના જડના રજકણ પડયા છે. જેને સમજણ છે ને તેને એવું હોય જ છે કે મારી પાસે દર્શનમોહનીય અને ચારિત્રમોહનીયનો વિપાક. દર્શન એટલે મિથ્યાત્વમોહનીયના પરમાણુ છે જડ અને ચારિત્રમોહનીયમાં અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાન આદિ રજકણની પર્યાયને ચારિત્રમોહ કહે છે. જડની દશા.

એ **વિપાક પુદ્‌ગલકર્મ હોવાથી,** જુઓ! શું કહે છે? મારે હવે પરથી લક્ષ છોડવું છે. અને પોતામાં જે લક્ષ કર્યું હતું કે આત્મા જ્ઞાયકમૂર્તિ છે તેમાં વિશેષ લીન થવું છે. તો તેને દર્શનમોહ અને ચારિત્રમોહ એ બે કર્મ અંદર છે તેનો વિપાક પુદ્‌ગલકર્મ હોવાથી એ જડ છે, અજીવ છે. **તે વિપાકને (પોતાથી ભિન્ન એવા અચેતન) કર્મોમાં સમેટી દઈને,** તેનો શું અર્થ કહે છે. જરા! આત્મા વર્તમાન પર્યાયમાં પોતાનું ધ્યાન કરવામાં જ્યારે પ્રયત્નવાન થાય છે તો પહેલાં દૃષ્ટિમાં તો આત્મા છે કે જ્ઞાયકમૂર્તિ છે. પણ પછી વિશેષ લીનતા થાય છે ત્યારે અંદર જે કર્મ છે તેનો પાક જડમાં આવે છે.

એ જડની પર્યાય જડમાં રાખી દયે. તેનો અર્થ કે વિપાકનું લક્ષ છોડી દયે. હેં? લક્ષને હટાવી દયે. લક્ષને હટાવી દયે તેનો અર્થ કે કર્મનો પાક જડમાં આવ્યો તેમાં રાખી દીધો. પોતાનું લક્ષ ત્યાંથી છોડી દીધું. સમજાણું કાંઈ? આ સમજ્યા વિના ધ્યાન કરીએ છીએ (એમ કહે) મૂઢ થઈ જાઈશ. હજી દ્રવ્ય, ગુણ, પર્યાય શું છે? વસ્તુ કેવી છે (તેના ખયાલ વિના) ધ્યાન શું કરે? બાવળ જેવો થઈ જાઈશ. બાવળ સમજ્યા? બબુલ. કાંટા જેવા. અજ્ઞાનનો કાંટો મિથ્યાત્વનો કાંટો તો અંદર પડયો છે.

એવી દૃષ્ટિ થયા પછી પોતામાં સ્વરૂપની પૂર્ણ સ્થિરતા છે નહીં એવો સમ્યક્‌દૃષ્ટિને ખ્યાલ છે. તો પોતાનામાં એકાકાર થવાને કારણે કર્મનો જે પાક આવ્યો તે કર્મમાં રાખી દીધો. રાખી દીધાનો અર્થ તેનું લક્ષ છોડી દીધું.

મુમુક્ષુ :- દર્શનમોહનીય હવે ત્યાં છે?

ઉત્તર :- એ દર્શનમોહનીય ક્ષયોપશમ સમકિત છે તેને છે તો ખરાને? થોડો છે ને થોડો બરાબર

છે. અમારા ખ્યાલમાં હતું. તમારી.... ક્ષયોપશમ સમકિત છે ને? દર્શનમોહના રજકણ ઉદયમાં આવે છે તો તેના વિપાક ઉપરથી લક્ષ છોડી દે. સમજાણું કાંઈ? કેમકે પોતામાં લક્ષ લીન કરવું છે. દૃષ્ટિ થઈ છે, ભાન છે કે હું જ્ઞાતા છું, શુધ્ધ છું. મારી કોઈ ચીજ જગતમાં બીજી છે જ નહીં. પણ સ્વરૂપમાં અસ્થિરતા (છે.) ચારિત્રનો દોષ જ્ઞાનીને પણ છે. સમજાણું કાંઈ? ચોથે ગુણસ્થાને તેના પ્રમાણમાં આર્તધ્યાન, રૌદ્રધ્યાનનો ભાવ થાય છે. ભોગનો ભાવ, લડાઈનો ભાવ એ થાય છે. એ ચારિત્રનો દોષ છે. સમ્યગ્દર્શનમાં દોષ નથી. પંચમ ગુણસ્થાનમાં સ્વરૂપનું ખૂબ લક્ષ કર્યું છે. તો તેમાં બાર વ્રતનો વિકલ્પ આવે છે, આર્તધ્યાન થાય છે, રૌદ્રધ્યાન પણ થાય છે. પંચમ ગુણસ્થાનના શ્રાવક સાચા ભાનવાળા હોં! અને વ્યાપાર ધંધા અબજોના ભાવ થાય છે, ભાવ. તે ભાવનો અંદરમાં વિવેક પણ છે કે આ મારી ચીજમાં નથી આ તો વિકાર છે. એટલે વિકાર ઘણો મંદ થઈ ગયો છે. મારા સ્વભાવમાં નથી એવી દૃષ્ટિ થવાથી વિકાર બહુ જ મંદ થઈ ગયા છે. સમજાણું કાંઈ?

અને મુનિ થઈને છઠ્ઠે ગુણસ્થાને નગ્ન દિગમ્બર હોય અને પોતાના સ્વરૂપમાં ત્રણ કષાયના અભાવ હોય તેના પણ થોડા ધ્યાનની વિધિ કહેશે. બધાની ધ્યાનની વિધિ છે. તેને પણ હજી જરા ચારિત્રમોહનીયનો ઉદય, દર્શનમોહનીયનો ઉદય અંદર છે. કેમકે જો ન હોય તો પરમાં લક્ષ જેટલી અસ્થિરતા છે તેનું નિમિત્ત અંદર છે કે નહીં? જો અસ્થિરતા ન હોય તો તો કેવળજ્ઞાન થઈ જાય. સમ્યગ્દર્શન થયું તો તરત જ કેવળજ્ઞાન થઈ જાય. તો પોતાનામાં જે રાગ-દ્વેષની અસ્થિરતા છે તેનો અંદર ઉદય પણ વિપાક તેનું લક્ષ કરવાની ચીજ છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- દર્શનમોહ.....

ઉત્તર :- કીધું ને પહેલાં? ચોથો કીધું હવે. છઠ્ઠે ચારિત્રમોહ-સમકિતમોહનીયનો ઉદય છે ને જરી? તેમાં દર્શનમોહનીયનો ઉદય છે. ક્ષાયિક નથી ને!એ તો પહેલાં કહ્યું. સમજાણું કાંઈ? આહાહા!

કહે છે કે **તે વિપાકને (પોતાથી ભિન્ન એવાં અચેતન) કર્મોમાં સમેટી દઈને,** કેમ? કે કર્મ કેવા છે? કે પુદ્ગલકર્મ છે. મારી ચીજમાં છે નહીં. મારી ચીજમાં તો હવે આનંદનો પાક થવાનો છે. સમજાણું કાંઈ? કર્મોના પાક તરફથી લક્ષ (છોડીને) તેને કેમ ખ્યાલ આવ્યો? પણ તેને ખ્યાલ છે કે મારા સ્વરૂપમાં હું પૂર્ણ સ્થિર નથી તો (તેનું) કારણ શું? કે મારી પરિણતિ પરલક્ષે જાય છે. સમ્યગ્દૃષ્ટિની પણ પરલક્ષે હોં! પરથી નહીં. પરથી નથી થતી પણ પરલક્ષે જાય છે. એટલો હું મારા લક્ષથી ચ્યૂત થાઉં છું. દૃષ્ટિથી (ચ્યૂત) નહીં. દૃષ્ટિ સમ્યક્, સમ્યગ્દૃષ્ટિ સાચો છે.

મુમુક્ષુ :- ........

ઉત્તર :- ભાવ છે. ચારિત્રમાં દોષ છે કે નહીં? ચોથે, પાંચમે, છઠ્ઠે,

મુમુક્ષુ :- રાગ....

ઉત્તર :- એ પણ રાગ છે. રાગ છે તો લક્ષ પર ઉપર છે એવો નિર્ણય કર્યો છે બસ એટલું. એ નહીં. રાગ જાણે પછી વાત છે. હજી તો છે તેની સિદ્ધિ કરે છે. આ લક્ષ હટાવે તો કેમ હટાવે છે કે પહેલાં તેનું લક્ષ પર ઉપર છે. એટલી સિદ્ધિ કરે છે. સમજાણું કાંઈ?

આત્મા જ્ઞાયક ચૈતન્યમૂર્તિ શુદ્ધ ધ્રુવ પરમાત્માએ જેવો જોયો એવો પ્રતીતમાં આવ્યો છે. પછી મારામાં હજી અસ્થિરતા છે. સમ્યગ્દષ્ટિ જાણે છે કે રાગ આવે છે. પુણ્ય-પાપના, પાપના ભાવ, વિષયના ભાવ, રાગના ભાવ આવે છે. તો અસ્થિરતા છે તો તેનું લક્ષ બીજી ચીજ છે. એ કારણે મારામાં મારા કારણે રાગ-દ્વેષની અસ્થિરતા છે. તેમાં લક્ષ પર છે. તો તે વિપાક જે છે તે જડ છે. તેનાથી છે એમ પહેલાં નક્કી કર્યું.

એ તો પહેલાં નક્કી કર્યું છે. કર્મ નિમિત્ત છે. મારું લક્ષ જાય છે. એટલી મારી અશુદ્ધ પરિણતિ મારાથી ઉત્પન્ન થઈ છે. મારા દ્રવ્ય સ્વભાવમાં નથી. પહેલાં એવો નિર્ણય કર્યો છે. પછી હવે તે લક્ષ છોડે છે. આ તો **સમેટી દઈને,** (એમ) આવ્યું ને. સમેટી દઈને એમ કેમ કહ્યું? કે તેના લક્ષમાં હતું કે મારામાં આ રાગ-દ્વેષ છે એટલું પરમાં લક્ષ છે. તો પર ચીજ કર્મનો વિપાક છે. એ વિપાકને વિપાકમાં રાખી દીધો. પોતાનું લક્ષ ત્યાંથી છોડી દીધું.

હવે કહે છે જુઓ! **તદનુસાર પરિણતિથી ઉપયોગને વ્યાવૃત્ત કરીને,** હવે જુઓ! તે શબ્દ હવે આવ્યો. વિપાકથી લક્ષ છૂટયું. તેનો અર્થ એ થયો કે વિપાકને અનુસાર તદઅનુસાર પરિણતિ જે વિકારની હતી તે ઉપયોગને વ્યાવૃત્ત કરીને, ઉપયોગને ત્યાંથી ખસેડી લીધો. આ તો વિધિ કહે છે કે નહીં? આહાહા! સમજાણું કાંઈ? અહીં તો પહેલાં એ સિદ્ધ કર્યું કે જ્ઞાની થયો સમ્યગ્દષ્ટિ થયો, ક્ષાયિકસમ્યગ્દષ્ટિ. ભરત ચક્રવર્તી ક્ષાયિક સમકિતી છન્નું હજાર સ્ત્રીઓમાં રહ્યો. શ્રેણીક રાજા (પણ) ક્ષાયિક સમકિતી. હજારો રાણી, રાજ્ય મોટું, હો. પણ એ ક્રિયા મારી નથી. હું લાવ્યો નથી અને હું તેમાં છું નહીં. અને મારામાં અસ્થિરતા આવે છે તે મારા સ્વભાવમાં છે નહીં. પણ અસ્થિરતા છે તેનું લક્ષ એક વિપાક કર્મ છે અંદરમાં.

હવે જ્યારે આત્મા ધ્યાન કરે છે ત્યારે અંદરમાં શું કરે છે કે તેનો વિપાક વિપાકમાં નાખી દીધો. તેનો અર્થ એ કે તેનું લક્ષ હતું તે છોડી દીધું. તો લક્ષ છોડી દીધુંનો અર્થ શું થયો કે **તદનુસાર પરિણતિ,** જે વિપાકના લક્ષથી પોતામાં રાગ-દ્વેષની પરિણતિ થતી હતી તેવા ઉપયોગને વ્યાવૃત્ત કરીને, એવો ઉપયોગ દૂર કર્યો. સમજાણું કાંઈ? આહાહા!

આ તો આત્માની લક્ષ્મી, પૈસા કેમ પેદા થાય છે તેની વાત છે. નથુલાલજી! આત્માની લક્ષ્મી હો! આ ધૂળની નહીં. પ્રેમચંદજી! શું પેદા થાય છે? તમારે પૈસા પેદા થાય છે? પૈસા ક્યાં તમારી પાસે આવ્યા છે? પૈસા તો ત્યાં ગ્વાલીયરમાં રહી ગયા. મમતા કરે છે. જ્ઞાન કરે છે, લક્ષ કરે છે કે તે છે.

અહીંયાં કહે છે. બહુ સરસ વાત કરી છે. આહા! અને બધું સિદ્ધ કરતાં જાય છે કે પોતાની દૃષ્ટિ પોતાના ચૈતન્ય ઉપર પહેલાં સમ્યક્ થઈ છે. અને પુણ્ય-પાપના ભાવ પણ મારામાં છે. અને લક્ષ કરવાની ચીજ પણ અંદર કર્મ છે. એટલાની પ્રતીત બધું છે. અજીવની પ્રતીત છે. વિપાક, મારામાં પુણ્ય-પાપ થાય છે અસ્થિરતા. અશુદ્ધ ઉપયોગની પ્રતીત છે કે છે. અને મારો સ્વભાવ ભિન્ન છે એવી પણ દૃષ્ટિ થઈ છે. અને એવી પણ પ્રતીત થઈ ગઈ છે. સમજાણું કાંઈ? હવે તેને દશામાં કેમ ખસે છે ઉપયોગ. પોતાના પરિણામ જે અસ્થિર છે રાગ-દ્વેષ, વિપાક જે કર્મ લક્ષ કરતાં હતા (તેનો) ખ્યાલ તો હતો કે મારામાં અશુદ્ધ પરિણતિ રાગ-દ્વેષ છે તો તે પોતાના લક્ષથી ઉત્પન્ન નથી થતી. કમજોરીથી પરલક્ષથી ઉત્પન્ન થાય છે. તો પરલક્ષ તેમાં રાખી દીધું. વિપાક વિપાકમાં. એ અજીવ મારામાં નથી. તો તેનું લક્ષ કરવાની જે ચીજ હતી તે પરમાં નાખી દીધી તો તેનાથી લક્ષ છૂટી ગયું.

તો લક્ષ છૂટવાથી શું થયું? **તદ્‌નુસાર પરિણતિથી,** કર્મના લક્ષ અનુસાર જે રાગ-દ્વેષ, પુણ્ય-પાપનો ઉપયોગ હતો, જ્ઞાનીને હોં! એ **ઉપયોગને વ્યાવૃત્ત કરીને,** સમજાણું કાંઈ? વ્યાવૃત્ત-દૂર કરીને. દૂર કરીને નો અર્થ સમજાવવો કેવી રીતે? એ લક્ષ છોડયું તો પોતાના જ્ઞાયકભાવમાં લક્ષ કર્યું તો લક્ષને અનુસાર જે પુણ્ય-પાપના પરિણામ હતા તે રોકાઈ ગયા. તેને વ્યાવૃત્ત કરીને, એમ કહેવામાં આવ્યું. આહાહા! સમજાણું કાંઈ? પોતાનો નિજ વ્યાપાર કેમ કરવો તેની વાત ચાલે છે. નિજનું કાર્ય કેમ કરવું તેની વાત ચાલે છે. આહાહા! લક્ષ છોડ. તારી દૃષ્ટિનું જેમાં લક્ષ થયું છે તેમાં હવે સ્થિરતાનું લક્ષ કર તો પરનું લક્ષ છૂટી જશે. લક્ષ છોડવું એ વ્યવહારથી કહ્યું છે.

પોતાનામાં સ્થિર થાય છે ત્યારે પુણ્ય-પાપના પરિણામ કર્મના લક્ષ અનુસાર થતાં હતા તે વ્યાવૃત્ત થઈ ગયા. છૂટી ગયા-છૂટી ગયાનો અર્થ એ કે ઉત્પન્ન થયા નહીં. આહાહા! આ વાત સાધારણ જનતાને ભાન ન મળે.

મુમુક્ષુ :- એ તો ખાસ ચીજ છે.

ઉત્તર :- એ તો ખાસ ચીજ છે. અમારા શેઠી એમ કહે છે. લ્યો! એ તો ખાસ ચીજ છે. જે ચીજ પોતાનું કાર્ય કરવામાં સફળતા પ્રાપ્ત થાય તે આ વિધિ છે. આહાહા! વિધિની ખબર નથી, વસ્તુની ખબર નથી, દ્રવ્યગુણપર્યાયની ખબર નથી અને ધર્મ કરવો. અનાદિકાળથી તેણે આવો કાળ ગુમાવ્યો. ચોર્યાસીના અવતાર કરી કરી કરીને નિગોદ નિગોદ નિગોદ. સમજાણું કાંઈ?

કહે છે, **તદ્‌નુસાર,** તદનુસાર શું? કર્મનો વિપાક વિપાકમાં નાખી દીધો હતો. એનો અર્થ એ કે તે અનુસાર પોતાની કમજોરીથી પુણ્ય-પાપના પરિણામ ઉપયોગ જે હતો **તે વિપાકને અનુરૂપ,** વિપાક હતો તેને અનુરૂપ. વિપાક તો નિમિત્ત છે. અહીં નૈમિત્તિક **અનુરૂપ પરિણમવામાંથી ઉપયોગને નિવર્તાવીને,** એ વ્યવહારથી વાત કરી છે. પણ તેનો અર્થ જ્ઞાયક સ્વભાવ પૂર્ણ સ્વભાવની દૃષ્ટિ થઈ

છે તે તરફ પોતાની સ્થિરતા જામી ગઈ તો લક્ષ પરથી છૂટયું, અને તદનુસાર વ્યાપ્ત પરિણામ હતા તેનાથી નિવૃત્ત થઈ ગયો, એમ કહેવામાં આવ્યું. સમજાણું કાંઈ? આ ક્રિયા નિર્જરાનું કારણ ને ધ્યાન આ ક્રિયા મોક્ષનું કારણ છે. બાકી ધૂળની દેહની ક્રિયા અને અંદર દયા, દાનનો કોમળ ભાવ ને, હેં?

મુમુક્ષુ :- ધ્યાન કરનારા ગીરનારમાં ઘણા જોયા છે.

ઉત્તર :- એ યોગી ધૂળનાય યોગી નથી. વસ્તુના ભાન વિના યોગી કોને કહેવા? દ્રવ્ય, ગુણ, પર્યાય શું છે તે તો તેને ખબર પણ નથી. દ્રવ્ય કોને કહે છે, ગુણ કોને કહે છે, પર્યાયનો કાળ કેટલો છે. એક સમયમાં પર્યાય કેટલી છે, કાળ કેટલો છે એ તો ખબર પણ નથી. કોનું ધ્યાન કરે? યોગી કેવા? ભોગી છે, અજ્ઞાનના. સમજાણું કાંઈ? આહાહા!

આ તો ગૃહસ્થાશ્રમમાં રહેવા છતાં સમ્યગ્દષ્ટિ ધ્યાન કરે છે તેની વિધિ છે. આહાહા!અરે! આ તો વાત ભાઈ! જેને ભૂખ લાગી હોય ને એમાં આમ માખણના શું કીધા તમારે? જાંબુ. આ શેઠને ઘરે નહોતા? હા, એ. દાંત પણ ન હોય ને આમ ચાવી જાય, ........... સમજયા? વીસ વર્ષનો જુવાન હોય અને ભૂખ લાગી હોય આમ બરાબર! અને એમાં જયાં આ માવાના જાંબુ આવે! ચાવવા ન પડે. ખૂબ તરસ લાગી હોય એવી તરસ કે ગળું સુકાતું હોય એમાં મોસંબીનું પાણી અને તેમાં બરફ નાખે. પણ કયાંથી જિજ્ઞાસા કેવી તેની તૃપ્તિ થાય છે એ વાત કહે છે. બસ. જિજ્ઞાસા તેમાં કયાં લાગી છે એ વાત છે. એમ આત્માની જિજ્ઞાસા લાગવી જોઈએ.

અરેરે! અનાદિકાળની મારી ભૂખ મટાળવાનો રસ્તો આ છે. તરસ મટાળવાનો રસ્તો આ છે. સમાજને ગળે વળગાળી દીધો. સમાજનું થોડું કામ હોય ને? ધૂળમાંય નહીં થાય. એ તો તેની પર્યાયથી થશે તો કરશે. તારાથી શું થશે? ઘર આ. અનંતગુણનો સમાજ એ આત્મા. આત્માને કયો સમાજ હતો? પરની સાથે તો કોઈ સંબંધ છે નહીં. આગળ આવશે. ઓલામાં આવશે બપોરે. બપોરે છે ને?

આ પરમાણુ સાથે છે તેની સાથે કાંઈ સંબંધ છે નહીં. કાંઈ સંબંધ છે નહી. તેની પર્યાયના કાળમાં પર્યાય ચાલી કર્તૃત્વના કાળમાં. પરમાણુ કર્તા છે. એ પર્યાય કાર્ય છે. પરમાણુનું કાર્ય છે. પરમાણુમાં પણ કર્તા નામનો ગુણ છે. એ કર્તા ગુણથી પર્યાયનો ઉત્પાદ પરમાણુમાં પોતાથી થાય છે. આત્માથી બિલકુલ કિંચીત નહીં. આવું તો પહેલાં અનુભવમાં દષ્ટિ સમ્યક્ ઉપર કરી છે. સમજાણું કાંઈ? આઠ વર્ષની બાલિકા સમકિતી હોય જયારે ધ્યાન કરવા માંડે તે પણ.

મુમુક્ષુ :- રાજકુંવરીની વાત કરો છો?

ઉત્તર :- રાજ ચક્રવર્તીની દીકરી. ગરીબની દીકરી તો હોય તેમાં નવાઈ કયાં છે? પણ આ તો ચક્રવર્તીની દીકરી છે મહા. એ પણ ધ્યાન કરી શકે. સમ્યગ્દર્શન પામી શકીને. ગરીબને તો શું? ગરીબ કોને કહેવા? બહારના અલ્પ સાધન હોય તો ગરીબ અને વિશેષ સાધન હોય તો તવંગર. એ સાધન

આત્મામાં છે જ નહીં. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- કેમ કે ચક્રવર્તીની દીકરી હોય તે તો બધું કરી શકે.

ઉત્તર :- કરી શકે. સાધન ઘણું હોય ને એટલે એમ. હા કર્યો હતો ને. જેઠાભાઈ આવ્યા હતા. જેઠાલાલ નહોતા પહેલાં? દેરાવાસી હતા ખેડાવાળા. પહેલું વ્યાખ્યાન સાંભળ્યું તો તેને એવું લાગ્યું- એવું લાગ્યું કે આ શું કહે છે? આ કાંઈ જૈનધર્મની તો આમાં કાંઈ વાત જ આવતી નથી. એક જેઠાલાલભાઈ ખેડાના, કરતાં કરતાં કરતાં કરતાં કરતાં કરતાં સાંભળતાં સાંભળતાં સાંભળતાં હવે તો એવી લાગી ગઈ છે. એમના સાધુને એમણે સંકડો પ્રશ્ન કરેલાં સેંકડો હોં! કોઈ જવાબ આપે છે? કાંઈ મળ્યું નહીં. મારું તત્ત્વ તો આ છે. એક ખેડાવાળા પાઘડી બાંધીને આવે છે ને? જેઠાલાલ! ઓડીટર હતા. ક્યાં છે હમણાં? મુંબઈ. હવે તો પાકી (શ્રદ્ધા). બધી ક્રિયા કરતાં હોં! ઉના પાણી પીએ ને એક ટાણા ખાય ને એવી બધી ક્રિયા બહુ કરતાં હતાં. બહુ બહુ....

હવે ક્રિયા કેવી તારી! જડની ક્રિયા અહીંયાં ક્યાં છે. જડમાં જડની પર્યાય થાય છે એમાં તે શું કર્યું! ઉના પાણી પીધા તે પાણી તો જડની પરની પર્યાય છે. વિકલ્પ ઊઠે છે એ પણ રાગ છે. પોતાના સ્વભાવમાં નથી એવી દૃષ્ટિ કર્યા વગર ક્યારેય સત્યનો સ્વીકાર આવતો નથી અસત્યનો નાશ થતો નથી. સત્ય તો એ છે. સમજાણું કાંઈ? પરમજ્ઞાયક સત્ પરમાત્મા પોતાનો નિજ આનંદકંદ જ્ઞાયક તેના સત્‌નો આદર એ જ પહેલાં સત્‌નો આદર છે. સમજાણું કાંઈ? આહાહા! અંતરમાં જ્યાં સુધી માહાત્મ્ય ન આવે ત્યાં સુધી એ ચીજ શું છે એની મહત્તા લાગતી નથી. બહારની-બહારની-બહારની (મહિમા).

અહીં તો કહે છે સમ્યગ્દૃષ્ટિ બાળક, સમજાણું કાંઈ? જ્યારે સવિકલ્પમાંથી નિર્વિકલ્પ ધ્યાન કરે છે, એ ઉપાય છે. તરીકાનો અર્થ શું? ઉપાય. સમજાણું કાંઈ? એવું છે. ભગવાન! હેં? વિધિ કીધી. જુઓ! થવાની વિધિ કહેવામાં આવે છે. ઓહો! **તે વિપાકને અનુરૂપ,** કયો વિપાક? તે કર્મનો. એ નિમિત્ત. એ અનુકૂળ છે. મારા પુણ્ય-પાપની અસ્થિરતામાં કર્મનો વિપાક અનુકૂળ છે. અને અનુકૂળને નિમિત્ત કહે છે. અને તેને અનુસાર પોતાનું લક્ષ કરીને જેટલી પરિણતિ છે તેને અનુરૂપ કહે છે. પોતાના સ્વભાવને અનુરૂપ ન થયો.સમ્યગ્દૃષ્ટિને પણ પોતાના સ્વભાવની દૃષ્ટિ થઈ, જ્ઞાન થયું, સંસાર ઓછો થઈ ગયો, અલ્પ સંસાર રહ્યો. પણ જ્ઞાનીને જેટલો પુણ્ય-પાપનો ભાવ થાય છે તે સ્વભાવને અનુરૂપ નહીં. એટલા પરિણામ નિમિત્તને અનુરૂપ છે. કર્મનો પાક છે તે નિમિત્ત. નિમિત્તનો અર્થ અનુકૂળ- અનુકૂળ. અને આ પરિણામ થયા તે અનુરૂપ. નિમિત્તને અનુરૂપ પુણ્ય, પાપ, દયા, દાન, કામ, ક્રોધ, વિકાર પરિણામ થયા. મારા સ્વભાવને અનુરૂપ નથી એમ જ્ઞાની જાણે છે. સમજાણું કાંઈ?

પરિણામ થયા હોં! કરવું ફરવું એ વાત અહીં છે નહીં પરની. **તે વિપાકને અનુરૂપ,** અનુરૂપ કેમ કહ્યું કે મારા અસ્થિરતાના પરિણામ તેને અનુકુળ તો કર્મના વિપાક જડ છે એ નિમિત્ત અનુકૂળ છે. એ

પુણ્ય-પાપના પરિણામને મારો સ્વભાવ અનુકૂળ નહીં. કે સ્વભાવના આશ્રયથી ક્યારેય વિકાર ઉત્પન્ન થતો નથી. સમજાણું કાંઇ? ઓહો! નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સિધ્ધ કર્યો. હું જ્ઞાન ચૈતન્ય જ્ઞાયક છું. મારી ક્રિયા બીજી નથી. એવું ભાન હોવા છતાં પોતાની પર્યાયમાં કમજોરીથી કર્મના પાકને અનુકૂળ નિમિત્ત અને પોતાની પરિણતિ વિકારની અનુરૂપ નિમિત્તને અનુરૂપ છે. એવી નૈમિત્તિક પર્યાય કર્મનો વિકાર નિમિત્ત એવા બે સંબંધ હતા તે હવે જ્ઞાનીઓ સંબંધને તોડે છે અને સ્વભાવને સાથે જોડે છે. સમજાણું કાંઇ?

મુમુક્ષુ :- આવો જ્ઞાન-દર્શનરૂપ મહાત્મા તેને નજરે ન દેખે!

ઉત્તર :- નજરે દેખે શું ધૂળ થાય? મહાત્મા તો પોતે અંદર છે તેને દેખે તો થાય. સાકરનો સ્વાદ કોઇ ખાતો હોય તેને જોવાથી તેને સ્વાદ આવે?

મુમુક્ષુ :- મન તો થાય.

ઉત્તર :- મન થાય તે જુદી વાત વળી! સ્વાદ નથી આવતો. સાકર કોઇ ખાતું હોય તો બીજો તેને જુએ તો તેને સાકરનો સ્વાદ આવે? હું જ્ઞાયક પૂર્ણ છું. મારી પર્યાયમાં નિર્મળતા પણ ઉત્પન્ન થઇ છે સંવર, નિર્જરા. મલિન પર્યાય પણ હજી આસ્રવ, પુણ્ય-પાપની છે, તે પરિણામમાં લક્ષવાન ચીજો કર્મનો પાક પણ છે, અજીવ પણ છે. આટલું આટલું સિધ્ધ કર્યા પછી તેને નવતત્ત્વમાંથી આત્મા નિરાળો કરીને પ્રતીત કર્યો છે.

જેને કર્મ પણ નહીં, પાપ શું, વિકાર શું, નિર્મળ શું, પર્યાય શું, સ્વભાવ શું. ફેરવવું તેનો અર્થ એ કે પોતાનામાં લગાવવું છે. તેને પરથી પાછો ફર્યો એમ કહેવામાં આવે છે. આહાહા! સમજાણું કાંઇ? ફરવું એ નાસ્તિથી કથન છે. કથનની પધ્ધત્તિને સમજાવવી તો પડે ને? વિધિ બતાવવી છે ને?

મુમુક્ષુ :- આમાં તો મગજ ચક્કર ખાય એવું છે.

ઉત્તર :- ચક્કર ખાય ત્યારે અંદર ગરે છે. એમ છે. ભાન કે દિ' કર્યું છે. ભાઇ! બાપા! એમ ને એમ હેરાન થઇ ને મરી ગયો છે. કાંઇ કર્યું નથી કાંઇ ફોરો થઇને હાડ હાલ્યા જાય છે. સમજાણું કાંઇ? કાંઇ કોઇ કોર્ટને પગથિયે ચડયો નહીં અને રીપોર્ટ કોની પાસે લખાવવો. ........... શેઠી! કોર્ટે કદી ચડયો નહીં અને નવા નવા કૃષિકાર છે. મારે અરજી આપવી છે. કોણ લખશે? કોણ લેશે? ચા-પાણી કેટલા, ખબર નહીં. મુંઝાય. મુંઝાય. વળી કોઇ કહે જુઓ આ માણસ બેઠો તેની પાસે રીપોર્ટ લખાવો. આઠ આના, બાર આના. અત્યારે તો વધારે લેતાં હશે. પહેલાં તો આઠ આના, બાર આના હતાં. તને લખતાં ન આવડે, એમ કોર્ટમાં લખવું જોઇએ. ઘણા નામ હોય ને! અન્નદાતા! ભાષા હશે કોઇ એની. અમારે ઓલા લાયકાત સરકારને આપે ને? લાયકાત સરકારને આપે. સમશેરબહાદુર! નકામી જાય!

અમારે ત્યાં વડોદરા નજીક ખરું ને, પાલેજથી. પાલેજથી અઢાર કોસી છે. સમશેરબહાદુર.

ફલાણા-ફલાણા.એવું હોય તો ઓલો રીપોર્ટ વાંચે. નહીંતર તો વાંચે પણ નહીં. રીપોર્ટ કહેવાય ને? શું કહેવાય? કાયદેસર! ઓલો કણબી બિચારો કૃષિકાર ભાન પણ ન હોય. કોણ કેમ લખી દયે છે. તેને પાન-પટ્ટી આપવી પડે છે. ખબર પણ નથી. પાંચ રૂપિયા આપવા કે આઠ આના આપવા. રીપોર્ટને પાછો સરકાર પાસે રીપોર્ટ.

અહીં હજી રીપોર્ટ કોની પાસે લખાવવો ને કોની પાસે સાંભળવો એ પણ ખબર નથી. સમજાણું કાંઈ? કેવી ચીજ યથાર્થ ભગવાનઆત્મા પાસે દલીલ થઈ જાય. એવી દલીલ કેમ કોણ સંભળાવે છે. કોની પાસે સાંભળવી અને શું સાંભળવું તેની ખબર નથી. અને ભગવાનઆત્મા પાસે જાવું છે અને ધર્મ કરવો છે. પહેલાં તો ધ્રુજી ઉઠે છે. હવે ઘરનો શું? એક હોય તો છે ને? અહીં તો અંતરના ઘરની કરવી છે. એ તો દાખલો હતો. બધાને આત્માનું કરવું છે. જેને કરવું હોય તેની વાત છે. તેમાં તો હવે લૌકિકની વાત છે. આ તો હજી દૃષ્ટાંત આપ્યું. સિદ્ધાંત! આહાહા!

આઠ વર્ષની કન્યા પણ, ઓહો! હું તો પરમ પરમાત્મસ્વરૂપ વર્તમાનમાં છું. વર્તમાન મારી પર્યાયમાં અંદર શક્તિમાં પરમાત્મા ન હોય તો પરમાત્મા બહાર કયાંથી આવશે? સમજાણું કાંઈ? નિમિત્તમાં હું નથી, સંયોગમાં નથી, રાગમાં નથી, અલ્પજ્ઞમાં નથી. વર્તમાન અલ્પજ્ઞ પર્યાયમાં હું નથી. મારું સ્વરૂપ એકલું ચિદ્‌ઘન એવા પૂર્ણસ્વભાવનો જયાં સ્વીકાર થયો ત્યાં બધી દૃષ્ટિ ઊડી ગઈ. પરનો કર્તા છું ને રાગ મારું કાર્ય છે એનાથી મને લાભ છે એવી બધી દૃષ્ટિ ઊડી ગઈ. એવા સ્વભાવની દૃષ્ટિ થઈ તેમાં હવે લીનતાની મોક્ષની ક્રિયા કેમ વિશેષ કરવી તેની વાત ચાલે છે.

કોઈ કહે કે ભઈ આવા દાન ને કેટલી તપસ્યા ને કેટલા વ્રત કરવા? શું વ્રત, તપ કરે? એ તો બધા વિકલ્પ છે. આ કરવું તેની વાત ચાલે છે. સમજાણું કાંઈ?એ તપ, તેનું નામ સાચું વ્રત. જ્ઞાયક ચૈતન્યમાં લક્ષ બાંધીને દૃષ્ટિ થઈ છે અને જેટલી પુણ્ય-પાપના વિકલ્પની રાગની અસ્થિરતા હતી તે પરનો વિપાક છે એમ લક્ષમાં હતું. લક્ષ હટાવી લીધું અને સ્વરૂપમાં સ્થિરતા થઈ એ જ વ્રત અને એ જ તપ, એ જ નિર્જરા, એ જ ધ્યાન, એ જ મોક્ષનો ઉપાય. બાકી બધા (થોથા છે.) ન્યાલચંદજી! સાગરમાં આ વાત છે? ..... કરતા હો! ના ન પાડી.

વીતરાગની વાત વીતરાગમાં હોય બીજામાં હોતી નથી. ઓહોહો! એક ગાથામાં કેટલી વાત! અમૃતચંદ્રઆચાર્ય! મહામુનિ! છઠ્ઠા ગુણસ્થાનમાં ઝૂલતાં હતાં. વાણી નીકળી ગઈ વાણીને કારણે. અમે કર્તા નથી હો પ્રભુ! એ વાણી અમે બનાવી નથી. એવી વાણી નીકળી ગઈ! અમે કર્તા નથી તો અમારાથી કેમ નીકળી જાય. જે વિકલ્પ આવ્યો છે એ પણ અમારા પુણ્યાસ્રવ છે. તેનાથી પણ ખસીને અંદર કેવો પ્રયત્ન કરવો એ વાત કરે છે. સમજાણું કાંઈ?

પછી **તે વિપાકને અનુરૂપ,** આ અનુરૂપની વ્યાખ્યા છે હોં! અનુરૂપ કેમ કહ્યું? કે કર્મના વિપાકને

અનુકૂળ કહ્યું. અનુકૂળ કહો કે નિમિત્ત કહો. અને નિમિત્તને અનુરૂપ વિકાર. કાંઈ સ્વભાવને અનુરૂપ વિકાર છે? વિકાર કાંઈ આત્માના સ્વભાવને અનુકૂળ નથી હોતા. વિકાર અનુરૂપ અને સ્વભાવ અનુકૂળ એમ નથી. શું કહ્યું? પુણ્ય-પાપના વિકાર અનુરૂપ અને સ્વભાવ અનુકૂળ એમ નથી. વિકાર અનુરૂપ અને કર્મનો પાક વિપાક અનુકૂળ બેનો સંબંધ છે, તો હજી સ્વરૂપમાં ભાન હતું કે એ સંબંધ મારામાં નથી. હવે અસ્થિરતાનો હતો તો પરનું લક્ષ હટાવીને અંતરમાં એકાકાર થાય છે ત્યારે, ઉપયોગ જે પુણ્ય-પાપનો હતો તે રોકાઈ ગયો. સ્વરૂપમાં જામી ગયો. આ તેનું નામ ધ્યાન અને તેનું નામ નિર્જરા છે. તેને કર્મનો ક્ષય થાય છે. બાકી બધું કરીને મરી જાય લાંઘણ કરીને અપવાસ કરીને. (બધું નિરર્થક છે.) સમજાણું કાંઈ? રણમાં પોક કોઈ સાંભળે નહીં. ધ્યાનની અને નિર્જરાની આ વિધિ છે. ખાનગી બીજી કયાં અહીં છે ખાનગી. એમ કે આ ખાનગી વાત બીજી કોઈ હશે ખાનગી ગુપ્ત કહેવાની. ગુપ્ત હોય કે પ્રગટ હોય આ જ વાત છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- ધ્યાનમાં કાંઈ જાણકારી થઈ તેમાં કાંઈ ખાનગી.....

ઉત્તર :- ખાનગી બાનગી આ છે. ખાનગી પણ આ અને પ્રગટમાં પણ આ. જુઓ કીધું ને. **વિધિ હવે કહેવામાં આવે છે.** ધ્યાન પ્રગટ કરવાની વિધિ. જુઓ! પ્રગટ કરવાની વિધિ કહેવામાં આવે છે. તેમાં કોઈ ગુપત બુપત છે નહીં. કેવું ધ્યાન કરવું, ઓમ ઓમ ઓમ ઓમ, અરે! ઓમ ઓમ કરને (તોપણ) શું છે? ઓમ ઓમ ઓમ ઓમ નમો નમો નમો નમો નમો ણમોઅરિહંતાણં એ તો બધા વિકલ્પ છે. એ તો રાગ છે.

મોહી, રાગી અને દ્વેષી નહીં થતા એવા, જુઓ! અને ઉપયોગ જ્યારે પરથી ખસ્યો ત્યારે **મોહી, રાગી, દ્વેષી નહીં થતા એવા** તે ઉપયોગને એવા આત્માના શુદ્ધ પરિણામને **અત્યંત શુદ્ધ આત્મામાં જ,** અત્યંત ત્રિકાળ શુદ્ધ આત્મામાં જ, જુઓ! એવા ઉપયોગને, ત્યાં વર્તમાન પર્યાય છે. અત્યંત શુદ્ધ આત્મામાં જ, ત્યાં દ્રવ્ય આવ્યું. અત્યંત શુદ્ધ આત્મામાં તે વસ્તુ આવી અને ઉપયોગને ખસેડીને અહીંયા (દ્રવ્ય તરફ) લાવ્યા તે પર્યાય આવી. શુદ્ધ પર્યાય જે નિર્જરાનું કારણ છે. ધર્મ-ધ્યાન છે તે. ઓહોહોહો!

હવે ધર્મધ્યાન કેમ કરે છે. જુઓ! બહારમાં પૂજા, ભક્તિ ને સામાયિક, વ્રત કર્યા ને ધર્મધ્યાન થઈ ગયું. સમજાણું કાંઈ? એ માર્ગનું મુખ બીજું છે. ગુફામાં કયા મુખે જાવું એ મુખ જ બીજું છે. ભગવાનઆત્મા અંદર ભગવાનસ્વરૂપ પરમાત્મા તેના મુખમાં કયાંથી જાવું અને કયાંથી નીકળવું એ માર્ગ જ બીજો છે. સમજાણું કાંઈ? ઓહોહો! આચાર્ય! જગત પાસે પ્રસિદ્ધ કરે છે. કાંઈ ખાનગી રાખ્યું નથી ભઈ આ જગતને ઠીક પડશે કે નહીં? 'લોક મુકે પોક' લોકને શું ભાન છે. સમજાણું કાંઈ?

જેને આત્માનું કલ્યાણ કરવાનું હોય તેની વિધિ અને રીત આ છે. શેઠી! એક રતનચંદજી હતા

એ ભાઈ એમ કહેતાં હતાં. સિધ્ધ કરતાં એ સિધ્ધ. લોક મુકે પોક. લોક તો પોક જ મુકશે અજ્ઞાની જયાં ત્યાં. એને આ વાત નહીં બેસે. પોક મુકે છે તે રાડયું જ પાડયા કરશે. પોકાર પોકાર! અરે! આવું નહીં રે નહીં! અરે! આવું નહીં રે! એ તો લોક તો પોક જ મુકશે. રોશે જ અજ્ઞાની.

મુમુક્ષુ :- બડ બડ બડ બડ કર્યા કરે.

ઉત્તર :- કર્યા જ કરે. એ તો અજ્ઞાનીનો સ્વભાવ છે. જેને સત્યની રુચિ નથી અને સત્ય શું છે એ ખબર નથી એ તો બડ બડ કર્યા જ કરે. આવું નથી ને આવું હોવું જોઈએ ને આવું હોય ને. શું હોવું તને ખબર નથી ને. સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી! આહાહા! આ બેંકનું તાળું કેમ ખોલવું તેની વાત કરે છે. માસ્ટર કી છે. પહેલાં તો ખોલી દીધું છે. રાગાદિ હું નહીં, પરની ક્રિયા આદિ હું નહીં, એવો મારો સ્વભાવ છે. પણ વિશેષ ખોલીને અંદર જ્ઞાનીને શાંતિનું નિધાન નિધાન નિધાન કાઢવું છે, તો પોતાનો ઉપયોગ પરથી ખસેડીને પોતામાં જામી જવું.

એ **અત્યંત શુધ્ધ આત્મામાં જ,** એ દ્રવ્ય આવ્યું. એ ઉપયોગને એ વર્તમાન નિર્મળ પર્યાય આવી. નિષ્કંપપણે લીન કરે છે. ઉપયોગને અંદર કંપન ન હો, ખસે નહીં તેમ લીન કરે છે. લ્યો! આ તેનું નામ ધ્યાન છે. તેને કર્મ ક્ષય થાય છે. સમજાણું કાંઈ? વખત થઈ ગયો. થોડું બાકી છે હોં! એકદમ નહીં લેવાય. સમજાણું કાંઈ?

**(શ્રોતા :-પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :- ૪૪, ગાથા ૧૪૬,
## આસો સુદ-૫, શનિવાર, તાઃ-૧૦-૧૦-૬૪

......પહેલાં નવપદાર્થ શું છે એ સમજયા વગર કયારેય સમ્યગ્દર્શન ધર્મ પહેલાં થતાં નથી. સમજાણું કાંઈ? તો સમ્યગ્દર્શનમાં નવતત્ત્વ ભિન્ન ભિન્ન તેના નવ વિષય છે. ભિન્ન ભિન્નનો અર્થ-નવના લક્ષણ ભિન્ન ભિન્ન છે. પછી પોતાના સ્વરૂપ ઉપર દૃષ્ટિ કરવાથી નવનું યથાર્થ ભાન તેમાં થાય છે. જેને નવતત્ત્વ શું? (તેની) દૃષ્ટિ અને ખ્યાલ નથી તેને કયારેય સમ્યગ્દર્શન થતું નથી. સમ્યગ્દર્શન વિના ત્યાગ, વૈરાગ્ય, વ્રત આદિ કયારેય હોતાં નથી.

કહે છે નવપદાર્થમાં નિર્જરા તત્ત્વ કોને કહે છે એ વાત ચાલે છે. નિર્જરા પદાર્થ. થોડી સૂક્ષ્મ વાત છે. ધ્યાનનો વિષય છે ને આ તો. ધ્યાનનો વિષય લીધો છે. કયાં સુધી આવ્યું. જુઓ! **ત્યારે તે યોગીને,** ગાથા ફરીને લઈએ. કારણ કે આખી મેળવવા માટે. ફરીને તમારે ફરીને? હોંશીયાર માણસને.

મુમુક્ષુ :- હોંશિયાર માણસને પાકુ કરવાનું ન હોય?

ઉત્તર :-જુઓ! ફરીથી. તે ધ્યાનના સ્વરૂપનું કથન છે. છે ગાથાની નીચે?

તે ધ્યાન સમ્યગ્દષ્ટિને હોય છે. એ પછી વિશેષ લખશે. પહેલાં આવી ગયું છે. પોતાનું સ્વરૂપ, જડ રજકણ, શરીર, વાણી, મન એ પર પદાર્થનું કાર્ય કયારેય કરી શકતું નથી. કેમકે તે અજીવ તત્વ છે. આ હાથ હલવો તે પણ આત્માનું કાર્ય નથી અને આત્મા કરી શકતો નથી. દુખે ત્યારે શું? સદાય. દ્રવ્ય જુદું છે. આ તો અજીવ છે. શરીર, વાણી અજીવ છે. એ અજીવની પર્યાય અજીવથી થાય છે. મારાથી નહીં. એવું પહેલાં અજીવના કાર્ય ઉપરથી દૃષ્ટિ ખસી જાય. પછી પુણ્ય ને પાપ, દયા-દાન, વ્રત-ભકિત આદિ શુભભાવ અને અશુભભાવ તે પણ મારું કર્તવ્ય નથી. એ પણ વિકાર છે. એ તત્ત્વથી મારું જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે.

અજીવ ભિન્ન છે. અને પુણ્ય-પાપ, દયા-દાન, ભકિત, વ્રત, તપના જેટલા વિકલ્પ ઊઠે છે તે બધા રાગ છે. તેનાથી મારું જ્ઞાયકતત્ત્વ ભિન્ન છે. અને તે જ્ઞાયકતત્ત્વનો આશ્રય લઈને અંતરમાં જે શુધ્ધ સંવર પ્રગટ થાય છે તે ધર્મની પહેલી સીડી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

ચિદાનંદ અનંતગુણનું ધામ ભગવાન! અનંતગુણનું ધામ એવું દ્રવ્ય, એક દ્રવ્ય પોતાનું તે ઉપર નજર કરીને, અંતરદષ્ટિ કરીને અને સ્વભાવમાં એકત્વ થતાં અને રાગ વિકલ્પથી વિભકત થઈ. સમજાણું કાંઈ? શુભ દયા, દાન, વ્રત, ભકિત, તપના બધા વિકલ્પ તે રાગ છે. તેનાથી વિભકત થઈને અને જ્ઞાનાનંદ સ્વભાવ પૂર્ણાનંદમાં એકત્વ કરીને જે દૃષ્ટિ ઉત્પન્ન થાય તેનું નામ સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ?

એ સમ્યગ્દર્શન ઉત્પન્ન થયું ત્યારે સંવર દશા ઉત્પન્ન થઈ. મિથ્યાત્વ અને રાગની ઉત્પત્તિનો અભાવ અને સ્વભાવની દૃષ્ટિ અને એકાગ્રતા અનંતાનુબંધીનો અભાવ થતાં સ્વરૂપના આચરણની ઉત્પત્તિ તે સંવર થયો. એ સંવરપૂર્વક નિર્જરા કોને થાય છે તે વાત ચાલે છે. ઓહોહો! આવ્યા લાગે છે કયાં બેસસે? અહીં બેસસે કયાં? ત્યાં જગ્યા કરી દયો. હવે આ વચ્ચે ડોળાય છે જુઓ! એને પહેલેથી આવવું હતું ને કાં.... કારણકે ઉતરે છે કયાં? ઉતારવાનું બંધ કર્યુ ને?

આ આત્માને પહેલાં ધર્મ કેમ થાય છે. કે આ આત્મા અનંત આત્માથી ભિન્ન છે અને અનંત પરમાણુ અજીવતત્ત્વથી પણ ભિન્ન છે. પર આત્મા ને પર અજીવનું કાર્ય એટલે અવસ્થા કયારેય આત્મા ત્રણકાળમાં અજ્ઞાનભાવે પણ કરી શકતો નથી. સમજાણું કાંઈ? ડાલચંદજી! હવે જ્ઞાની જયારે પોતામાં જ્ઞાન થાય છે ત્યારે તો જડનું કાર્ય હોય કે ન હોય તે તેને કારણે છે. મારા કારણે કયારેય હાથ પણ ચાલતાં નથી. આ જુઓ! જોયું છે કે નહીં? ઈચ્છાથી અને જ્ઞાનથી શરીરનું કાર્ય થતું નથી. એ શરીરની પર્યાય થવાવાળી છે તે તેનાથી થાય છે. એમ પહેલાં જડથી પોતાની દૃષ્ટિ ખસેડીને પોતાના આત્મામાં

એક સમયમાં અનંતગુણ છે. અનંતગુણ છે. અનંત અનંતગુણ છે. કાલે કહ્યું હતું. સમજાણું કાંઈ?

એક આત્મામાં અનંત, અનંતગુણ છે. એક એક ગુણમાં અનંતી અનંતી શકિત છે. એક એક ગુણની ત્રિકાળ અનંત પર્યાય છે. એવા અનંતગુણ સ્વરૂપ એક આત્મા તેની અંતર એકરૂપ દૃષ્ટિ કરવાથી, સ્વભાવની એકતા કરવાથી અને દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ છે રાગ, તેનું લક્ષ છોડીને પૃથક કરવાથી પોતામાં એકત્વબુધ્ધિ ચૈતન્યમાં હોય, અનંતગુણની રાશિ એક આત્મા તેમાં એકત્વબુધ્ધિ હોય, રાગથી પૃથક હોય, શરીરથી તો પૃથક છે જ. તો મારા શરીરનું કાર્ય પણ મારું નથી, પુણ્ય-પાપના વિકલ્પનું કાર્ય પણ મારું નથી. અને મારા સ્વભાવ તરફની દૃષ્ટિ હોવાથી મારું કાર્ય જાણવું-દેખવું આનંદ થવો એ મારું કાર્ય છે. સમજાણું કાંઈ? એવી સમ્યગ્દષ્ટિ ચોથા ગુણસ્થાને ઉત્પન્ન થાય છે. સમજાણું કાંઈ?

હજી શ્રાવક થયા પહેલાં હોં! શ્રાવક એ આ વાડાના શ્રાવક એ નહીં. નટુલાલજી! શ્રાવક વાડાના એટલે સમજ્યા? આ સંપ્રદાયના ને શ્રાવક કહે છે, એ નહીં. કૂળના શ્રાવક વાડામાં રહે. કૂળના શ્રાવક નહીં. સમજાણું કાંઈ? આત્માનું જે ભાન, સર્વજ્ઞ પરમાત્મા કહે છે એમ અંતરમાં વીતરાગ પરમાત્મા કહે છે હોં! બીજા કોઈ કહે એ વસ્તુ છે જ નહીં ત્રણકાળમાં. એવી અંતરમાં દૃષ્ટિ સમ્યગ્દર્શન દ્રવ્ય, ગુણ, પર્યાયનું ભાન બોધ થઈને. પરદ્રવ્ય, પરગુણ, પરપર્યાય મારાથી ભિન્ન છે, મારામાં વિકારની પર્યાય પણ ભિન્ન છે. વર્તમાન નિર્વિકાર પર્યાય જેટલો પણ હું નથી. અને હું એક જ્ઞાનગુણ આદિનું લક્ષ જુદું પાડું તોપણ અંતરમુખદૃષ્ટિ થતી નથી. સમજાણું કાંઈ?

સર્વથા અંતરમુખદૃષ્ટિ તો ક્યારે થાય છે કે પર્યાયનું લક્ષ નહીં, ગુણભેદનું લક્ષ નહીં, રાગનું નહીં, નિમિત્તનું નહીં. એક સ્વરૂપ સચ્ચિદાનંદ ધ્રુવ સર્વજ્ઞે કહ્યો એવો આત્મા અંતરદૃષ્ટિમાં આવવાથી જે એકત્વબુધ્ધિમાં સમ્યગ્દર્શન થાય તે પ્રથમમાં પ્રથમ ધર્મ ને સંવર કહેવામાં આવે છે. નટુલાલજી!

કૂળના શ્રાવક નહીં. આ બધા કૂળના શ્રાવક થઈ ગયા ને? એવું કાંઈક સમ્યગ્દર્શન થયા પછી સ્વરૂપમાં એકાગ્રતાનું ધ્યાન થાય છે. પંચમ ગુણસ્થાનમાં, ચોથા ગુણસ્થાનમાં, છઠ્ઠા ગુણસ્થાનમાં ધ્યાન થાય છે. એ ધ્યાન નિર્જરાનું કારણ છે. અશુધ્ધિનો નાશ કરે છે. કર્મનો અભાવ થાય છે અને આત્મામાં શુધ્ધિની વૃધ્ધિ થાય છે. એ ધ્યાનનું લક્ષણ ચાલે છે. સમજાણું કાંઈ?

ફરીને, જુઓ! **શુધ્ધ સ્વરૂપમાં અવિચલિત ચૈતન્યપરિણતિ તે ખરેખર ધ્યાન છે.** છે પહેલી લીટી? નટુલાલજી! ક્યાં છે? હા, તે છે. બરાબર છે. શુધ્ધ સ્વરૂપમાં, ચોપડામાં કેટલું ધ્યાન રાખે છે કે ક્યાં નામા છે. ખબર છે કે નહીં? શુધ્ધસ્વરૂપમાં પોતાનો શુધ્ધચૈતન્ય અનંતગુણનો પિંડ તેમાં, **સ્વરૂપમાં અવિચલિત,** ચલિત ન થવું. અંદર વસ્તુસ્વરૂપ જે સમ્યગ્દર્શનમાં ભાનમાં આવ્યું છે, એવી ચીજમાં ચલિત થવું નહીં. સ્થિર થઈ જાવું એવી ચૈતન્યપરિણતિ. એવી આત્માની પરિણતિ એટલે પર્યાય. એ શુધ્ધચૈતન્યની પરિણતિ. ચેતનદ્રવ્ય અનંતગુણ. ચૈતન્યગુણ જ્ઞાન-દર્શન આદિ અને તેની

પરિણતિ તે પર્યાય. સમજાણું કાંઈ?

ચેતન પૂર્ણ એક દ્રવ્ય તેમાં ચૈતન્ય જ્ઞાન-દર્શન આદિ અનંતગુણ અને તે તરફના ઝૂકાવથી જે ચૈતન્યની પરિણતિ અવિચલિત અવસ્થા થાય છે આ તેનું નામ તે પર્યાયનું નામ યથાર્થ ધ્યાન છે. ડાલચંદજી! પર્યાય સમજ્યા? અવસ્થા. દ્રવ્ય ધ્યાન નહીં, ગુણ ધ્યાન નહીં. દ્રવ્ય ને ગુણ ત્રિકાળી જ્ઞાયક સ્વરૂપ છે. તે તરફના એકાકાર ઝૂકાવથી અહીંયાં સમ્યગ્દર્શનપૂર્વકની વાત છે. સમ્યગ્દર્શન વિના ધ્યાન બ્યાન હોતું નથી. અજ્ઞાનીને હજી વસ્તુની પણ ખબર નથી શું ચીજ છે, કેમ ઉત્પન્ન થાય છે, ક્યાંથી ખસવું, નવતત્ત્વની ખબર નથી તેને તો ધ્યાન હોતું નથી. સમ્યગ્દર્શન નથી હોતું તો તેને ધ્યાન હોતું નથી.

સમ્યગ્દષ્ટિને અવિરત સમ્યગ્દષ્ટિથી પંચમ, છઠ્ઠા ગુણસ્થાન આદિમાં ધ્યાન કેવા પ્રકારનું હોય છે કે ચૈતન્યપરિણતિ તે યથાર્થ ધ્યાન. પરિણતિ એટલે અવસ્થા. નિર્મળ દશા. સમજાણું કાંઈ? ચૈતન્ય ત્રિકાળી વસ્તુ તેના ચૈતન્ય જ્ઞાન, દર્શન ત્રિકાળી ગુણ તેની સાથે અવિનાભાવી અનંતશક્તિઓ તેમાં એકાકાર થવાથી ચૈતન્યની પરિણતિ નિર્મળ દશા, પુણ્ય અને પાપના વિકલ્પથી રહિત એવી પરિણતિ પર્યાય ઉત્પન્ન થાય. ચોથે ગુણસ્થાને, પાંચમે ગુણસ્થાને, છઠ્ઠા ગુણસ્થાને, સમજાણું કાંઈ? કે સાતમે. તે યથાર્થ ધ્યાન છે. સમજાણું કાંઈ?

ઓમ ઓમ ઓમ કરે તે ધ્યાન નહીં. એ તો બધા વિકલ્પ છે. ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં, ણમો સિધ્ધાણં. એ બધું રાગ છે, પુણ્ય છે. આસ્રવ છે. ધ્યાન નહીં અને ધર્મ નહીં. સમજાણું કાંઈ? એવી પરિણતિ ધ્યાન, **તે ધ્યાન પ્રગટવાની વિધિ હવે કહેવામાં આવે છે.** અર્થાત આત્મામાં શુધ્ધિની વૃધ્ધિ એવી નિર્જરા કેમ થાય એવા ધ્યાનની વિધિ કહેવામાં આવે છે. **જયારે ખરેખર યોગી,** યોગી એટલે ધર્મી સમ્યગ્દષ્ટિ, સમ્યગદષ્ટિને અહીંયાં યોગી કહેવામાં આવે છે. અજ્ઞાની ને પીરના બાવા બાવા આ બધા જંગલમાં નગ્ન થઈને રહે છે એ યોગી નહીં. સમજાણું કાંઈ? જેની દષ્ટિ હજી આત્મા અખંડ આનંદ પૂર્ણ કોણ, પર્યાય શું, ગુણ શું, વિકાર શું, સંયોગી ચીજનું અસ્તિત્વ શું? નવના અસ્તિત્વનો પણ હજી જેને સ્વીકાર નથી તેને સમ્યગ્દષ્ટિ સ્વભાવ તરફ ઝૂકાવ હોતો નથી. સમજાણું કાંઈ?

અહીં યોગી સમ્યગ્દષ્ટિને લીધા છે. ગૃહસ્થાશ્રમમાં પણ સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તેને પણ યોગી કહે છે. આગળ વધીને પંચમ ગુણસ્થાનમાં શ્રાવક થયો તેને પણ યોગી કહેવામાં આવે છે. મુનિ થયો તે તો અલૌકિક દશા છઠ્ઠા ગુણસ્થાનમાં વનવાસી જંગલમાં રહેવાવાળા. સર્વજ્ઞની વસ્તુની આજ્ઞા પ્રમાણે આત્માનો અનુભવ કરીને, નિર્મળ દશા અરાગી, વિકારી પર્યાયરહિત ઉત્પન્ન થવી તેનું નામ ધ્યાન અને ધ્યાની અથવા યોગી કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? બહુ જ ઝીણી વાત ભાઈ! મૂળ તત્ત્વની

વસ્તુનો અભ્યાસ ન મળે પછી તેને ધર્મ કરવો. **દર્શન મોહનીય અને ચારિત્ર મોહનીયનો વિપાક પુદ્‌ગલકર્મ હોવાથી,** હવે જુઓ!

કર્મ જડ છે. એ અજીવતત્ત્વ છે (એમ) જ્ઞાનીને લક્ષમાં છે. સમ્યગ્દષ્ટિને લક્ષમાં છે કે પુદ્‌ગલકર્મ એક છે તેનો પાક થાય તે અજીવ છે. એ અજીવ પુદ્‌ગલકર્મ હોવાથી દર્શનમોહ એક કર્મ છે અને ચારિત્રમોહ એક કર્મ છે. એ અજીવતત્ત્વમાં તેની શ્રદ્ધામાં તે આવી ગયું છે. સમ્યગ્દષ્ટિને એ કર્મ હજી મારામાં બાકી છે. કેમકે તે હજી વીતરાગ પરમાત્મા નથી થયો. તો તેનો અજીવતત્ત્વનો સંયોગ અને કર્મનો પાક તે અજીવ છે એવું જ્ઞાનીને લક્ષમાં અજીવની પ્રતીતિ છે.

એવો પુદ્‌ગલકર્મનો પાક તે અજીવ, પુદ્‌ગલ, જડ હોવાથી, **તે વિપાકને (પોતાથી ભિન્ન એવાં અચેતન) કર્મોમાં સમેટી દઈને,** જરા સૂક્ષ્મ વાત છે. પોતાનું સ્વરૂપ તો સમ્યગ્દર્શનમાં પોતાનો ભાવ આનંદ અને શુદ્ધ આવી ગયો છે. હવે સમ્યગ્દષ્ટિને પણ જો શુભ અને અશુભભાવ છે તેમાં કર્મનો વિપાક લક્ષમાં હતો. અને તેનું અનુસરણ કરીને શુભાશુભપરિણામ જ્ઞાનીને પણ સમ્યગ્દષ્ટિને પણ થતો હતો. શુભ અને અશુભ. એ કર્મોને સમેટી દઈને તેમાં નાખી દીધા. નાખી દીધાનો અર્થ કર્મનો વિપાક અજીવમાં છે. મારી લક્ષ કરવાની ચીજ હતી. મારામાં નહીં.

શુભ અને અશુભભાવ જે મારામાં થાય છે, સમ્યગ્દષ્ટિ જાણે છે કે મારામાં પાપભાવ થાય છે. આર્તધ્યાન થાય છે, રૌદ્રધ્યાન થાય છે. સમજાણું કાંઈ? હિંસા, જૂઠું, ચોરી, વિષય, ભોગ, વાસના જ્ઞાનીને પણ થાય છે. સમ્યગ્દર્શનનું ભાન છે. તો કહે છે કે મારી આ પર્યાયમાં જે થાય છે તેનું લક્ષ શું? કર્મનો વિપાક તેનું લક્ષ છે.

અજીવ છે તેની દૃષ્ટિમાં પણ તે વિપાકને તેમાં નાખી દીધો. અર્થાત્ તે તરફનો ઝૂકાવ છોડી દીધો. હેં? તે તરફનો ઝૂકાવ છોડી દીધો. છે ને? કર્મોમાં સમેટી દઈને, એ વિપાકને વિપાકમાં રાખ્યો. અર્થાત્ સમ્યગ્દષ્ટિ કર્મના વિપાકમાં જે લક્ષ કરતો હતો ત્યારે પોતાની પર્યાયમાં પુણ્ય-પાપ જે કર્મનું અનુસરણ કરીને પોતાની પર્યાયમાં કમજોરી હતી હવે તેની નિર્જરા અહીંયાં કરવી છે.

એ વિપાકનું લક્ષ છોડીને વિપાકને વિપાકમાં રાખ્યો. તેનો અર્થ વિપાકનું લક્ષ છોડ્યું. સમજાણું કાંઈ? સમેટી દઈને એટલે વિપાક તેમાં રાખ્યો. તેનો અર્થ એ કે તેના ઉપરથી લક્ષ છોડી દીધું. સમજાણું કાંઈ? પોતામાં સંબંધ કરતો હતો. શુભ-અશુભપરિણામ થતાં વિપાકનો સંબંધ કરતો હતો તે લક્ષ છોડ્યું અને વિપાકને વિપાકમાં રાખ્યો, એમ કહેવામાં આવ્યું. ભારે ઝીણી વાત ભાઈ! સમજાણું કાંઈ?

**તદ્‌નુસાર પરિણતિથી ઉપયોગને વ્યાવૃત્ત કરીને,** હવે બીજી વાત લીધી. એ તો લક્ષ છોડ્યું તો તેનું અનુસરણ કરીને જો તે વિપાકનું અનુસરણ કરીને, સમકિતીને પોતામાં શુભ અને અશુભ રાગ થતો હતો. પુણ્ય-પાપનો વિકલ્પ મલિન ભાવ થતો હતો સમકિતીને, **તે ઉપયોગને વ્યાવૃત્ત કરીને,**

પરનું અનુસરણ કરવાનું છોડી દીધું. તેનો અર્થ પોતાના સ્વભાવનું ઉગ્ર અનુસરણ કર્યું. આહાહા! સમજાણું કાંઈ? આ ધર્મ થવાની વિધિ, આ નિર્જરા થવાની વિધિ, આ ધર્મ-ધ્યાન થવાની પ્રગટ વિધિનો પ્રકાર. તો કહે છે કે, **ઉપયોગને વ્યાવૃત્ત કરીને તે વિપાકને અનુરૂપ,** અનુરૂપ સમજયા ને?

કાલે આવ્યું હતું. એ કર્મનો પાક છે (તે) સમ્યગ્દષ્ટિ જાણે છે કે છે. પણ તે નિમિત્ત છે. નિમિત્ત છે. તેમાં પોતાની પુણ્ય-પાપની અશુદ્ધ પરિણતિ પર્યાય થતી હતી તેમાં તે નિમિત્ત હતું. તો નિમિત્ત હતું તે અનુકૂળ હતું. અને તે અનુકૂળ કે અનુસરણ કરવાવાળી અંદર પુણ્ય-પાપની પર્યાય તેને અનુરૂપ કહેવામાં આવ્યું છે. કર્મનો પાક અનુકૂળ નિમિત્ત અને પાકને અનુસરણ કરીને પોતાનો આત્મા પોતાની કમજોરીથી પુણ્ય ને પાપનો ભાવ જે થતો હતો તેને અનુરૂપ. **વિપાકને અનુરૂપ,** આ અનુરૂપ કે અનુકૂળ. અનુકૂળ કે અનુરૂપ શબ્દ સાંભળ્યો છે? અનુકૂળ અનુરૂપ શું કહે છે? કે આ મારા પૂત્ર અમને અનુકૂળ છે. લ્યો! એમ નથી કહેતાં? અનુકૂળનો અર્થ નિમિત્ત. એ અહીંયાં જ્ઞાની સમ્યગ્દષ્ટિને પોતાનું શુધ્ધસ્વરૂપ દષ્ટિમાં અનુભવમાં આવ્યું છે. હજી બાકી રહ્યા છે, પુણ્ય-પાપના મેલ ભાવ. જો બાકી ન રહ્યા હોય તો વીતરાગ થઈ જાય. અને પરથી પૃથક ન કર્યા હોય તો મિથ્યાદષ્ટિ થઈ જાય. સમજાણું કાંઈ?

તો પુણ્ય-પાપનો વિકલ્પ રાગથી પોતાનો સ્વભાવ પૃથક કર્યો છે. દષ્ટિમાં જ્ઞાયકપણું લીધું છે. પૃથક કર્યો છે પણ અભાવ કર્યો નથી. તો અભાવ કરવાના કાળમાં શું થાય છે કે જે કર્મની જડ પ્રકૃત્તિ છે, નવતત્ત્વમાં અજીવતત્ત્વ લક્ષમાં પ્રતીતમાં આવ્યા છે. તેના તરફના ઝૂકાવથી જે પુણ્ય અને પાપ પોતાની પર્યાયમાં શુભ, અશુભ, હિંસા, જૂઠું, ચોરી, ભોગ આદિ વાસના હતી તે કર્મના નિમિત્તને અનુરૂપ. નિમિત્તને અનુરૂપ પોતાની પર્યાય નિમિત્તથી અનુરૂપ અને અનુરૂપને કર્મનો પાક અનુકૂળ. અનુકૂળને નિમિત્ત કહે છે અને નૈમિત્તિક પર્યાયને અનુરૂપ કહે છે. સમજાણું કાંઈ?

વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા તેમણે નવ પદાર્થ કહ્યા. તો કહેશે, જુઓ! તેમાં નવનું ભાન આવી ગયું છે કે હું જ્ઞાયક છું એવી દષ્ટિ થઈ. મારી પર્યાયમાં જેટલું સ્વભાવનું અનુસરણ કરીને શુધ્ધતા પ્રગટ થઈ છે તે પર્યાય સંવર છે અને જેટલી શુધ્ધિની વૃધ્ધિ છે તે નિર્જરા છે અને પુણ્ય-પાપ જે કર્મના પાકનું અનુસરણ કરીને પોતામાં ઉત્પન્ન થાય છે તે આસ્રવ અને બંધ છે. અરૂપી આત્માની પર્યાય. સમજાણું કાંઈ? એ અરૂપી આત્માની પર્યાય જે પરનું અનુસરણ કરીને ઉત્પન્ન થતી હતી (તેને) વ્યાવૃત્ત કરીને, **પરિણમવામાંથી ઉપયોગને નિવર્તાવીને,** સમજાણું કાંઈ? અજાણ્યા માણસને ગ્રીક લેટિન જેવું લાગે એવું છે. આ ગ્રીક લેટિન જેવું શું હશે આ?

કોઈ દિ' અભ્યાસ (નહીં) કે ચૈતન્ય તત્ત્વ વીતરાગ શું કહે છે? સર્વજ્ઞનો પંથ શું છે? વીતરાગ ત્રણ લોકનો નાથ સો ઈન્દ્રોના પૂજનિક! તેમણે શું તત્ત્વ કહ્યું? આ તો પરનું કરો, આવું કરો, આવું કરો.

કહે છે ધર્મીને પોતાના સ્વભાવની દૃષ્ટિ હોવા છતાં, તેની પ્રતીત છે કે હું જ્ઞાયકભાવ છું. તેના આશ્રયથી જેટલું સંવર એટલે સમ્યગ્દર્શનમાં એકાગ્રતા ઉત્પન્ન થઈ છે એટલું પર્યાયમાં સંવર તત્ત્વ છે. અને જેટલું કર્મના પાકને અનુસરણ કરીને, એ કર્મને અનુરૂપ પોતાની પર્યાયમાં અવસ્થામાં પુણ્ય-પાપના પરિણામ થાય છે તે આસ્રવ અને બંધ છે. અને વિપાક છે તે અજીવ છે. અજીવ આવ્યું, પુણ્ય-પાપ આવ્યા, સંવર આવ્યું, આત્મા આવ્યો. સંવરમાં શુદ્ધિની વૃદ્ધિ એ શુભાશુભ પરિણામથી ખસીને જેટલી એકાગ્રતા થાય છે તેટલી સંવરની વૃદ્ધિ એટલે શુદ્ધિની વૃદ્ધિ એટલે નિર્જરા છે.

મુમુક્ષુ :- બન્ને એક સાથે?

ઉત્તર :- એક સાથે. સમજાણું કાંઈ? અનુકૂળ નિમિત્તથી થાય છે. તે નિમિત્ત છે ને પાક? એ અપેક્ષાએ અનુરૂપ કહ્યું. છે પોતાની પર્યાય પોતામાં તાદાત્મ્ય. પણ તેને અનુરૂપ કેમ કહ્યું કે કર્મ છે ને જડ તે અનુકૂળ છે. અનુકૂળ એટલે નિમિત્ત અને તેને અનુરૂપ થઈ. પોતાની પર્યાય તે અનુરૂપ. પર્યાય પોતામાં થઈ. તે અનુરૂપ. કોને અનુરૂપ? નિમિત્તને અનુરૂપ. પોતાના નિર્મળ પરિણમનમાં મલિન પરિણામ જે હતા તે અનુરૂપ અને કર્મનો પાક અનુકૂળ. અનુકૂળનું લક્ષ છોડી દીધું. વિકારી પર્યાય જે અનુરૂપ હતી તે છૂટી ગઈ.

ફરીને, **વિપાકને અનુરૂપ.** અહીંયાં વિપાકને અનુરૂપ લેવું છે ને? કર્મનો પાક છે પણ જે સમ્યગ્દર્શન થયું પણ જો વીતરાગ થઈ જાય તો ખલાસ! વીતરાગ પહેલાં હોતાં નથી. સમ્યગ્દષ્ટિ તો સંસારમાં રાજ પાટમાં પડ્યો હોય, છન્નું હજાર સ્ત્રીઓના (વૃંદમાં)પડ્યો હોય. ક્ષાયિક સમ્યગ્દષ્ટિ. તો કહે છે કે પોતાના આત્માને અજીવના કાર્યથી ભિન્ન કર્યો. પુણ્ય-પાપથી પૃથક કર્યો. જ્ઞાયકભાવમાં એકાકાર દૃષ્ટિ કરી. હવે પુણ્ય-પાપ જે ઉત્પન્ન થાય છે એ કર્મનો પાક નિમિત્ત છે એ અનુકૂળ. તેને અનુરૂપ વિકાર એ પોતાની પર્યાય. પોતાના આત્મામાં વિકારી પર્યાય એ આત્માની સાથે અનિત્ય તાદાત્મ્ય છે. અનિત્ય તાદાત્મ્ય છે. નિત્ય તાદાત્મ્ય નહીં. એમાં બે ભેદ છે. આત્મામાં જ્ઞાન, દર્શન અને આનંદ જે ગુણ છે તે નિત્ય તાદાત્મ્ય, નિત્ય તદ્રૂપ છે. અને વિકારી પર્યાય છે તે અનિત્ય એક ક્ષણની સમયની પર્યાયમાં અનિત્ય તાદાત્મ્ય છે. આહાહા! માલચંદજી! આ માલની વાત ચાલે છે. અંદરમાં માલ શું પડ્યો છે. જુઓ! આહાહા!

વિકાર પર્યાય નિમિત્ત ઓલા વિકાર કર્મ. તેને અનુરૂપ વિકારી પર્યાય. પોતાની પર્યાયમાં અનિત્ય તાદાત્મ્ય છે. પોતાના આત્મામાં હોં! અનિત્ય તાદાત્મ્ય છે. પણ દૃષ્ટિ જ્ઞાયક ઉપર નિત્ય તાદાત્મ્ય સ્વભાવ ઉપર છે. તો તેનું કર્તવ્ય મારું છે એ દૃષ્ટિ છૂટી ગઈ છે. થાય છે. શું કીધું? સમજાણું કાંઈ? સમ્યગ્દષ્ટિને પણ પુણ્ય-પાપનો ભાવ થાય છે. લડાઈનો, ભોગનો, વિષયનો. હો! તે અનુરૂપ. કોને અનુરૂપ? કે તે વિપાક કર્મ નિમિત્ત અનુકૂળ તેને અનુરૂપ. થયો કેમાં? પોતાની પર્યાયમાં. આત્માની

પર્યાયમાં. થવા છતાં, સમ્યગ્ચૈતન્ય જ્ઞાયકનું ભાન છે. તો તે કાર્ય મારું છે એવી બુદ્ધિ છૂટી ગઈ છે. પણ પરિણતિ રહી ગઈ છે. આહાહા! પરિણતિ સમજ્યા? પર્યાય. અવસ્થા છે.

હું કરું એવી બુદ્ધિ છૂટી ગઈ છે. પણ પુણ્ય-પાપની પરિણતિ કર્મના નિમિત્તને અનુરૂપ છે. અને વિકારના પરિણામને કર્મનો પાક અનુકૂળ એટલે નિમિત્ત છે. એ અનુરૂપ આત્માની પર્યાયમાં સમ્યગ્દષ્ટિને ભિન્ન તત્ત્વરૂપ જ્ઞાનમાં ભાસે છે. દયા, દાન, વ્રતાદિના વિકલ્પ જ્ઞાયકથી ભિન્ન તત્ત્વરૂપ અંતરમાં ભાસે છે. છે ખરા. પણ મારા જ્ઞાયકતત્ત્વથી ભિન્ન છે. છે પર્યાયમાં પણ કર્તૃત્વબુદ્ધિથી રહિત છે. પરિણતિ સહિત છે.

મુમુક્ષુ :- અભિપ્રાયમાં ભાસે છે.

ઉત્તર :- હા, ભાસે છે. એક સમય ઉપયોગ થોડો, અસંખ્ય સમયે એમાં કામ કરે. પણ તેમાં એવું કાર્યમાં ભાસન થાય છે. સમજાણું કાંઈ? એક સમય પકડી શકાતો નથી.

મુમુક્ષુ :- ..... બેયની સાથે અનિત્ય તાદાત્મય.

ઉત્તર :- બેયની સાથે તાદાત્મ્યસંબંધ છે. એક જ સમયે એક જ સમયે. બેયની સાથે અનિત્ય તાદાત્મ્યસંબંધ. લ્યો! ભાઈએ પ્રશ્ન પૂછ્યો વિપાકનો. ફરીને વધારે સ્પષ્ટ કરીએ. જુઓ! અહીં નવતત્ત્વ સહિતની અનુભવદષ્ટિ થઈ તેની વાત ચાલે છે ને? તો આત્મા જ્ઞાયક સ્વરૂપ છે એકલા ચિદઘન એવી દ્રવ્યરૂપ બુદ્ધિ થઈ ગઈ. તો પુણ્ય-પાપના પરિણામથી બુદ્ધિ ખસી ગઈ. અજીવતત્ત્વનું કાર્ય મારું એવી બુદ્ધિ ખસી ગઈ. અને પોતાના સ્વભાવ તરફ જેટલો જામી ગયો, તેની દષ્ટિને સમ્યગ્દર્શન કહે છે. અને તે સમ્યગ્દર્શનને સંવર કહે છે. અને સંવરની સાથે થોડી શુદ્ધિ પણ છે તો તેને નિર્જરા કહે છે. પણ વિશેષ નિર્જરા કેમ થાય છે એ વાત ચાલે છે. તો તે જીવદ્રવ્ય દષ્ટિમાં આવ્યો છે. તેના આશ્રયથી થોડી સંવર, નિર્જરા ઉત્પન્ન થઈ છે તે પણ પ્રતીતમાં છે, પણ સંવર નિર્જરા આત્મા સાથે પર્યાયથી અનિત્યતાદાત્મ્ય છે. પણ ખરેખર શુધ્ધ છે તો આત્માની સાથે અભેદ થઈ જાય છે. અને પુણ્ય-પાપની પર્યાય ઉત્પન્ન થાય છે અનિત્યતાદાત્મ્ય થાય છે છતાં તે સ્વભાવથી ભિન્ન છે. આહાહા! ભાઈ! (મુમુક્ષુ :- ભારે કઠણ!) હેં?

ભગવાનઆત્મા આ તો નવપદાર્થ અને તેમાંથી કાઢીને એકલા આત્માની દષ્ટિ થઈ છતાં નવની પ્રતીત વર્તે છે. સમજાણું કાંઈ? જેટલો તે વસ્તુ સ્વભાવથી આશ્રય, વિકલ્પ પુણ્ય-પાપથી પૃથક, પોતાની પરિણતિ નિર્મળ થઈ એ તો સ્વભાવની સાથે અભેદ થઈ એટલે તેને અનિત્યતાદાત્મ્યની કાંઈ જરૂર નહીં. સ્વભાવ સાથે અભેદ થઈ. સમજાણું કાંઈ? છે તો અનિત્ય એક સમયની પર્યાય. પણ છૂટી પડે તો લક્ષ કરવામાં આવે કે આ પર્યાય. પણ છે અભેદ. અને જે રાગ અને દ્વેષ ઉત્પન્ન થાય છે સમકિતીને ચોથે, પાંચમે, છઠ્ઠે (ગુણસ્થાને) રાગ તો મુનિને પણ થાય છે પંચમહાવ્રતના, એ બધો રાગ

છે. પંચમહાવ્રત, અઠીયાવીસ મૂળગુણ એ બધો રાગ છે. ધર્મ કે સંવર બંવર નહીં. તે રાગ આસ્રવ છે એવી જ્ઞાનીને જ્ઞાનમાં પ્રતીતિ છે. અનિત્યતાદાત્મ્યરૂપ છે. પણ મારું કર્તૃત્વ છે એવી બુદ્ધિ છૂટી ગઇ છે. પણ પરિણમનમાં ઓછપ રહી ગઇ છે. તેનું નામ આસ્રવતત્ત્વ કહે છે. અને બીજી રીતે કહીએ તો ત્રિકાળ સ્વભાવ થોડો રોકાઇ ગયો છે સમ્યગ્દષ્ટિને પણ, એટલો ભાવબંધ છે. એ અનિત્યતાદાત્મ્ય છે. પુણ્ય-પાપ, વિકારતેની પર્યાયમાં થાય છે કાંઇ જડમાં નથી. પુણ્ય-પાપ કાંઇ જડમાં નથી થતાં. છે તો આત્માની પર્યાયમાં. તે પર્યાયમાં નિર્મળ ઉત્પન્ન થયા તે તો પોતાના સ્વભાવને અનુકૂળ થઇ ને ઉત્પન્ન થઇ ગયા. અને જેટલો વિકાર રહ્યો તે તો કર્મને અનુરૂપ રહ્યો. કર્મ તેમાં નિમિત્ત અને તેને અનુરૂપ વિકાર. એ વિકારથી ખસીને. એમ આવ્યું ને?

જુઓ! **અનુરૂપ પરિણમવામાંથી,** અનુરૂપ પરિણમવાથી એટલે વિકારી શુભ-અશુભભાવ, પુણ્ય-પાપના ભાવ, હિંસા-જૂઠ્ઠના ભાવ, ભોગના ભાવ. એવા પરિણમનથી **ઉપયોગને નિવર્તાવીને, મોહી, રાગી અને દ્વેષી નહીં થતા એવા,** પરમાં એકત્વબુદ્ધિ નહીં એ મોહી નહીં અને રાગી-દ્વેષી પણ નહીં. એ રાગ-દ્વેષના પરિણામ હતાં. ત્યાંથી ઉપયોગને ખસેડીને પોતાના જ્ઞાયકમાં જોડી દીધો. **એવા તે ઉપયોગને અત્યંત શુધ્ધ આત્મામાં જ,** જુઓ હવે! એવા તે ઉપયોગને, ઉપયોગ તે પર્યાય છે, શુધ્ધ પર્યાય. પુણ્ય-પાપની પર્યાયથી ખસીને પોતાની પર્યાયમાં શુધ્ધતા થઇ તે ઉપયોગ છે, વ્યાપાર છે, પર્યાય છે.

**તે ઉપયોગને અત્યંત શુધ્ધ આત્મામાં જ,** તે દ્રવ્ય છે. અત્યંત શુધ્ધ આત્મામાં રોક્યો તે દ્રવ્ય છે. અત્યંત શુધ્ધ આત્મા તે દ્રવ્ય છે, વસ્તુ છે. ઉપયોગ તે પર્યાય છે. પર્યાયને દ્રવ્યમાં રોકી. સમજાણું કાંઇ? આ સમજ્યા વિનાનું, આ સમજે નહીં તેને ધ્યાન થતું નથી. સમ્યગ્દષ્ટિને ધ્યાન થાય છે એ પણ એવા વિવેકથી થાય છે. આમ અપવાસ કરી નાખે ને આમ બેસી જાય ને આમ કરી જાય ને. તાવ કાય ઠાણેણં માણેણં અપ્પાણં વોસિરામી કાઉસગ્ગ કર્યા. માલચંદજી! આવે છે કે નહીં? ધૂળમાંય કાઉસગ્ગ નહીં. હજી અત્મા શું છે, ગુણ શું છે, પર્યાય શું છે, નિર્મળ શું છે, સંવર શું છે, સંયોગ શું છે. કેટલો સંયોગનો તત્ત્વ છે. સમજાણું કાંઇ? પર્યાય કેટલી એક સમયમાં છે. નિર્મળ કેટલી, મલિન કેટલી કેમાં છે. તેનો વિવેક નથી તેને સમ્યગ્દર્શન નથી અને સમ્યગ્દર્શન વિના ક્યારેય ધ્યાન હોતું નથી. સમજાણું કાંઇ? વાત તો ભઇ કઠણ છે, પ્રભુ! જ્યાં વસ્તુ જેવી છે એવી આવવી જોઇએ કે નહીં?

મુમુક્ષુ :- આપ તો નવી નવી વાતો સંભળાવો છો....

ઉત્તર :- નવીનતા કાંઇ નથી. તેણે સાંભળી નથી, સમજી નથી. નવીનતા છે. વસ્તુ તો અંતરની છે. પણ ક્યારેય તેણે અભ્યાસમાં લીધું નથી. પરિચયમાં બીજો અભ્યાસ કરી કરીને મરી ગયો. શાસ્ત્ર અગિયાર અંગ ભણી ગયો, લ્યો ને! પણ તેમાં આ શું ચીજ છે એવો વિવેક અંદરમાં કર્યો નહીં. બીજા

ભણતરની તો વાત પણ કયાં છે? એ તો અજ્ઞાન ભણતર છે. આ વકીલના પણ અજ્ઞાન ભણતર હશે રામજીભાઈનું? કુજ્ઞાન લ્યો! આવા મોટા વકીલ. એક દિવસમાં બસ્સો રૂપિયા લેતા હતા. લ્યો પચ્ચીસ વર્ષ પહેલાં. એ કુજ્ઞાન હશે?

મુમુક્ષુ :- આપ કહો છો કુજ્ઞાન. ડાહ્યા હોય તો કુજ્ઞાન કહેવાય?

ઉત્તર :- કોણ ડાહ્યા છે? વકીલાતની બુદ્ધિ બધું કુજ્ઞાન છે. એય! ડાલચંદજી! આ તમાકુની બુદ્ધિ બધું કુજ્ઞાન છે. ભાઈને સંભળાવી તો દઈએ કે ડાલચંદજીને બધા બહુ જ હોંશિયાર છે. એ બુદ્ધિ કુજ્ઞાન છે. ધર્મના ભણતર સિવાય બીજા બધા ભણતર કુજ્ઞાન છે. અરે! શાસ્ત્રના ભણતર પણ પોતાના જ્ઞાયકના જ્ઞાન થયા વિના તે પણ કુજ્ઞાન છે. નથુલાલજી! સમજવું તો પડશે ને શું સાચું છે? એમ ને એમ જીંદગી કાઢી નાખે. અનંતકાળ ગયો. અનંતવાર મુનિ થયો, ત્યાગી થયો, અનંતવાર બ્રહ્મચારી થયો. સમજાણું કાંઈ? અગિયાર અંગ અનંતવાર ભણી ગયો. ભણી ગયો. નવપૂર્વ ભણી ગયો. નવપૂર્વ શાસ્ત્ર હોં! શું ચીજ છે. સર્વજ્ઞ પ્રમાણે કેમ પ્રાપ્ત થાય છે. એવો કોઈ દિ' પ્રયત્ન કર્યો નથી. ઓહોહો! શું કીધું જુઓ!

**એવા તે ઉપયોગને અત્યંત શુધ્ધ આત્મામાં જ,** એવો ઉપયોગ. કયો ઉપયોગ? કે જે કર્મ નિમિત્ત હતા અને તેને અનુરૂપ જે પુણ્ય-પાપનો વિકાર હતો. તે વ્યાપાર છોડી દીધો. તેનો અર્થ-છોડી દીધો એ પણ વ્યવહાર કથન છે. એમ છોડી નથી શકાતો. સ્વભાવ સન્મુખ એકાગ્ર થતાં તે પરિણામ છૂટી ગયા અથવા ઉત્પન્ન ન થયા. અને જે શુધ્ધ પર્યાય થઈ તેને સ્વભાવમાં જોડી દીધી. સમજાણું કાંઈ?

સ્વભાવ શું કે અત્યંત શુધ્ધ આત્મા. તે સ્વભાવનું દ્રવ્ય તેને દ્રવ્ય કહે છે. અત્યંત શુધ્ધ આત્મા તેનું નામ દ્રવ્ય. અને ઉપયોગ જે પહેલાં કહ્યો તે પર્યાય. તે નિર્મળ પર્યાયને પોતાના શુધ્ધ આત્મામાં જોડી દીધી. આ તેનું નામ યોગી કહેવામાં આવે છે. આ ક્રિયા હોય તે યોગી. દેરીયાજી! આ યોગી! આ તો આખી બીજી વાત. વાત સાચી છે ભાઈ! ૧૦૦ એ ૧૦૦ %. અનંતકાળમાં તેણે આ વાત વિચારમાં પણ લીધી નથી. થોથે થોથા બહારની વાત ને આમ ને આમ ને આમ. અહીંયાં કહે છે **ઉપયોગને અત્યંત શુધ્ધ આત્મામાં જ.** જુઓ! નિશ્ચય કર્યો. **નિષ્કંપપણે લીન કરે છે.** લીન કરે છે શું? કે, પોતાના પુરુષાર્થથી ઉપયોગને અંદરમાં લીન કરે છે. કોઈ કર્મ માર્ગ આપે તો લીન થાય છે, એમ છે નહીં. કર્મ ભિન્ન છે જડ. તેનું લક્ષ છૂટી ગયું. સમજાણું કાંઈ?

**ત્યારે તે યોગીને**-જુઓ! હવે તે યોગી એટલે ધ્યાની. કે **જે પોતાના નિષ્ક્રિય ચૈતન્ય સ્વરૂપમાં વિશ્રાંત છે.** કે જે પોતાના નિષ્ક્રિય ચૈતન્ય સ્વરૂપમાં વિશ્રાંત છે. કાલે ત્યાં સુધી આવ્યું હતું. પોતાનું નિષ્ક્રિય ચૈતન્ય સ્વરૂપ એ દ્રવ્ય લીધું. **નિષ્ક્રિય ચૈતન્ય સ્વરૂપમાં વિશ્રાંત**-ઠર્યો છે. વિશ્રાંતિ લીધી છે. ઉપયોગ ત્યાં ધ્યાનમાં જામી ગયો છે. વચન, મન, કાયાને ભાવતો નથી. તે સ્વભાવમાં

બહારથી હઠી ગયો તો **મન, વચન, કાયાને ભાવતો નથી.** મન, વચન, કાયા તરફની ભાવના નથી. છૂટી ગઈ. શુભ-અશુભભાવ પણ છૂટી ગયા. મન, વચન, કાયાને ભાવતો નથી. ચિંતવન નથી કરતો. નથી ધ્યાવતો. અનુભવ કરતો. ભાવવું નો નીચે અર્થ છે.

**અને સ્વકર્મોમાં વ્યાપાર નથી કરતો.** આહાહા! જુઓ! બેય નાસ્તિની વાત લીધી. પોતાના શુદ્ધ સ્વરૂપમાં વચન, મન, કાયાને ભાવતો નથી. અથવા વચન, મન, કાયાના પરિણામ તરફની ભાવના છૂટી ગઈ. સ્વભાવ તરફની ભાવના એકાગ્રતા થઈ તો **સ્વકર્મોમાં વ્યાપાર નથી કરતો,** જુઓ! સ્વકર્મો વડે લીધું. નીચે (ફુટનોટમાં) વ્યાપારનો અર્થ છે. વ્યાપાર બગડો છે ને? **વ્યાપાર=પ્રવૃત્તિ. (સ્વરૂપવિશ્રાંત યોગીને,** ઓહો! વિશ્રાંત છે. જેઓ! વિશ્રાંત લખ્યું છે. વિશ્રાંતિ લેવી છે? કહે છે કે નહીં? વિશ્રાંતિ લેવી છે. કયાં લેવી છે? અત્યંત શુદ્ધ ચૈતન્ય ભગવાનમાં વિશ્રાંતિ લેવી તે વિશ્રાંતિ છે.

**સ્વરૂપવિશ્રાંત યોગીને પોતાના પૂર્વોપાર્જિત કર્મોમાં પ્રવર્તન નથી,** આ સ્વકર્મની વ્યાખ્યા. જે જડ કર્મ છે ને તેને સ્વકર્મ નિમિત્તથી કહ્યું. નિમિત્તસંબંધ છે ને? **કારણ કે તે મોહનીયકર્મના વિપાકને પોતાથી ભિન્ન-અચેતન-જાણે છે.** સમ્યગ્દષ્ટિ મોહકર્મને તો અચેતન માને છે, અજીવ માને છે, જડ માને છે, ધૂળ માને છે. જેમ આ ધૂળ છે તેમ કર્મ ઝીણી ધૂળ છે. કહો, સમજાણું કાંઈ?

**તેમજ તે કર્મવિપાકને અનુરૂપ,** લ્યો આવ્યું. જુઓ! કર્મનો પાક જે જડમાં આવ્યો તેને અનુરૂપ પરિણમનથી તેનાથી ઉપયોગને વિમુખ કર્યો છે. એ તરફનું શુભાશુભ પરિણમન જે કર્મના નિમિત્તને અનુરૂપ છે અને પોતાના પરિણામમાં તે કર્મનો વિપાક ફકત નિમિત્ત (છે.) પૃથક ચીજ છે હો એટલું. કરાવતું નથી. આત્મામાં કર્મથી વિકાર થતો નથી. કર્મથી વિકાર મારામાં થાય (તેમ માનવાવાળા)તેને તો અજીવ અને આસ્રવ તત્ત્વની શ્રદ્ધા નથી. અજીવ પૃથક તત્ત્વ છે. આસ્રવ પૃથક તત્ત્વ છે. નવમાં બે તત્ત્વ પૃથક છે. કોઈ એમ માને કે મને અજીવતત્ત્વથી આ વિકાર આવ્યો. તો તો અજીવને (ને પોતાને) બેને એક માન્યા. સમજાણું કાંઈ? શું કરીએ ભાઈ! કર્મનો જેવો ઉદય આવે એવો અમારે વિકાર કરવો પડે. એ તો મૂઢ છે, મિથ્યાદૃષ્ટિ છે. સ્વચ્છંદી છે. કેમકે કર્મ અજીવ અને પુણ્ય-પાપ પરિણામ તારામાં થયા તે આસ્રવ. બે તત્ત્વ નવમાં ભિન્ન છે. એક અજીવ અને એક આસ્રવ. તો અજીવથી આસ્રવ થયો તો અજીવ ને આસ્રવ એક થઈ ગયા. સમજાણું કાંઈ?

ત્યાં તો વિપાક છે એટલું સિદ્ધ કર્યું. પણ તેનું અનુસરણ કરે તો વિપાક થાય છે. ન કરે તો વિકાર નથી થતો. સમ્યગ્દષ્ટિને પણ. આહાહા! કેટલી વાતને સ્પષ્ટ કરે છે. વિપાક છે, અજીવતત્ત્વ છે, પ્રતીતમાં છે જેનું અનુસરણ જેટલું હું કરું એટલો વિકાર થાય છે. મારામાં થાય છે. મારા સ્વભાવમાં નથી. પણ એટલી મલિનતા છે. તો તે અનુરૂપ પરિણમનથી તેણે ઉપયોગને વિમુખ કર્યો. લ્યો! તે પરિણમનથી ખસ્યો, પરિણમનથી ખસીને, વિપાકનું લક્ષ તો હતું પણ પરિણમનથી ખસીને સ્વરૂપમાં

એકાગ્રતા કરી. એ સ્વકર્મનું નિમિત્ત છે ને પોતામાં. સ્વકર્મ થયું ને. કોકનું કર્મ નથી. નિમિત્તરૂપે કર્મ પોતામાં છે. આસ્રવ પણ પોતાના નથી. સ્વકર્મ પોતાનું કહ્યું. એ સ્વકર્મ નિમિત્ત વિપાક છે કે નહીં અંદરમાં? પોતાના સંબંધમાં છે કે નહીં? પોતાના સંબંધમાં છે કે નહીં? કે બીજાના સંબંધમાં છે ને અહીં આસ્રવ થાય છે એમ નથી.

એક ક્ષેત્રાવગાહે કર્મ જડ પોતાના ક્ષેત્રાવગાહમાં રહ્યા છે. તેને અહીંયાં સ્વકર્મ કહેવામાં આવ્યા છે. સમજાણું કાંઈ? લ્યો! કયાં આવ્યા. જુઓ! **સ્વકર્મોમાં વ્યાપાર કરતો નથી તેને,** અર્થાત્ બે વાત થઈ. એક તો ધર્મી જીવ પોતાના સમ્યગ્દર્શનના ભાનમાં અશુધ્ધની પરિણતિ પરલક્ષે હતી, તે અશુધ્ધ પરિણતિનું લક્ષ છોડીને, અશુધ્ધ પરિણતિ પણ છોડી દીધી. અર્થાત્ શુધ્ધસ્વભાવમાં લીન દૃષ્ટિ સમ્યગ્દર્શન છે, તો રાગથી ભિન્ન વિવેક થઈ ગયો. તેમાં વિશેષ લીન થયો તે ચારિત્ર થયું. તે ચારિત્ર થયું, ધ્યાન થયું, ધ્યાન થયું તે નિર્જરા થઈ. એક એક તત્ત્વ પર્યાય-નવતત્ત્વમાં જીવ અને પુદ્ગલ બે દ્રવ્યતત્ત્વ છે અને સાત પર્યાય તત્ત્વ છે. સમજાણું કાંઈ?

જીવ અને કર્મ પુદ્ગલઆદિ કે બીજા અજીવદ્રવ્ય, દ્રવ્ય છે વસ્તુ. અને બેયના સંયોગમાં સાત પર્યાય છે. પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ. એ સાત પર્યાય છે. ગુણ નહીં, દ્રવ્ય નહીં. સમજાણું કાંઈ? તો પર્યાયમાં કેટલી મલિનતા છે ને એ મલિનતા છૂટે છે એ વાત કરે છે.

મુમુક્ષુ :- જીવની છે.

ઉત્તર :- જીવની પર્યાય છે. પોતાની શુધ્ધ. શુધ્ધ છે ને? પોતાથી પ્રગટ થઈ તે શુધ્ધ છે. અને આસ્રવ છે પુણ્ય-પાપ તે અશુધ્ધ છે, મલિન છે. સમજાણું કાંઈ? સંવર તે શુધ્ધ પર્યાય છે, નિર્જરા પણ શુધ્ધ પર્યાય છે, મોક્ષ પણ પૂર્ણ શુધ્ધ પર્યાય છે. મોક્ષ પણ આત્માની નિર્મળ પર્યાય અવસ્થા છે. સમજાણું કાંઈ? સંભળાય છે થોડું થોડું? હા, સંભળાય છે. એમને સંભળાય આમને ન સંભળાય. એક તો રહી ગયો છે કાન સરખો! ના ના, ધ્યાન તો બરાબર છે.

મુમુક્ષુ :- જીવ અજીવની સાથે સાત તત્ત્વ તે પર્યાય છે.

ઉત્તર :- હા, તે પર્યાય છે. અજીવમાં સાત છે ભિન્ન. એ અજીવમાં સાત ભિન્ન, સાત ભિન્ન, સાત ભિન્ન. બે. તે તેના દોષ અજીવ છે તેમાં જે વિકારી કર્મરૂપ પર્યાય થઈ તે પર્યાય થઈ. તે પર્યાયમાં પણ જેટલો દ્રવ્યાસ્રવ આવવાવાળો છે તેને દ્રવ્યાસ્રવ પર્યાય જડની કહે છે. સમજયા? એ આવવાવાળા છે. નથી આવવાવાળા તેને દ્રવ્ય સંવર કહે છે જડની પર્યાયને. બંધ થવાનો તેને દ્રવ્યબંધ કહે છે. બંધ થાય છે તેને દ્રવ્યબંધ કહે છે. અને ભાવબંધ અહીંયાં છોડયા ને દ્રવ્યબંધ છૂટી ગયો તેને નિર્જરાનું તત્ત્વ-દ્રવ્યનિર્જરા તત્ત્વ પર્યાયમાં કહે છે. જડની પર્યાય. સાતમાં જરી સૂક્ષ્મ પડે એટલે થોડું લઈએ છીએ. અજીવમાં પણ સાત અને જીવમાં પણ સાત છે.

મુમુક્ષુ :- ........

ઉત્તર :-અસ્તિ. દ્રવ્ય? નહીં એ નાસ્તિરૂપે છે. દ્રવ્યને નાસ્તિ કહ્યું ને? દ્રવ્ય સંવર પરમાણુ આવવાવાળા નહોતા તેને દ્રવ્યસંવર કહ્યું. પણ તે બહુ ઝીણી પડે છે. એક એકમાં નથી લેતાં. આત્મામાં શુદ્ધ શ્રદ્ધા સમ્યગ્દર્શન થયું તે સંવર. તો તે સમયે મિથ્યાત્વનો આસ્રવ રોકાઈ ગયો. રોકાઈ ગયાનો અર્થ કે આવવાવાળો નહોતો. તેને દ્રવ્યાસ્રવ કહ્યો, દ્રવ્યસંવર કહ્યું કેમકે રોકાઈ ગયો માટે દ્રવ્યસંવર કહ્યું. રોકાઈ ગયો માટે. મિથ્યાત્વ કર્યું તો ભાવબંધ. અને નવા રજકણ આવ્યા તે દ્રવ્યાસ્રવ.

સમકિતદૃષ્ટિને તો ભાવમિથ્યાત્વ છે નહીં. મિથ્યાત્વનો દ્રવ્યાસ્રવ પણ છે નહીં. હવે સમકિતીને અવ્રત, પ્રમાદ, કષાયના પરિણામ રહ્યા. તે ભાવાસ્રવ છે. અને જેટલો ભાવાસ્રવ છે તે પ્રમાણમાં પરમાણુ આવવાવાળા છે રજકણ. અહીં આસ્રવ થયો તો કષાયના રજકણ તેને દ્રવ્યાસ્રવ કહ્યા. પ્રમાદના રજકણ એટલા આવ્યા તો દ્રવ્યાસ્રવ. કષાય પણ એટલો આવ્યો તો દ્રવ્યાસ્રવ. એ તો બહુ સૂક્ષ્મ વાત છે. અને સ્વભાવના આશ્રયે જેટલા પરિણામ રોકાઈ ગયા તે ભાવસંવર અને ત્યારે જે રજકણ આવવાના નહોતા તેને દ્રવ્યસંવર કહ્યા. ત્યાં શુદ્ધિની વૃદ્ધિ થઈ તે ભાવનિર્જરા. કર્મના રજકણનું છૂટી જવું એ દ્રવ્યનિર્જરા.

મુમુક્ષુ :- .......

ઉત્તર :- એ જડમાં કહ્યું. જડમાં કહ્યું ને?

મુમુક્ષુ :- લાકડીના

ઉત્તર :- ના, લાકડીના નહીં. તેની સાથે સંબંધ જ નથી. અંદર કર્મની સાથે સંબંધ છે. હાથની સાથે સંબંધ નથી. ઝીણા રજકણની સાથે સંબંધ છે. અંદર કર્મની સાથે સંબંધ છે. હાથની સાથે સંબંધ નથી. આ તો નોકર્મ તો જડ છે, પર છે. આત્મામાં જે કર્મ રજકણ પડયા છે તેની સાથે આત્માને દ્રવ્ય અને ભાવપર્યાય સાથે સંબંધ છે. હાથની સાથે સંબંધ નથી. એ તો બાહ્ય પદાર્થ છે. અંતરમાં આઠ કર્મના રજકણ પડયા છે, ધૂળ ઝીણી. એ નિમિત્ત પોતાની પર્યાયમાં અનુકૂળથી જે વિકાર તે નૈમિત્તિક. હવે જયારે વિકાર કરે છે તે, ભાવાસ્રવ થયો. અને કર્મના નવા રજકણ આવે છે તે દ્રવ્યાસ્રવ થયો. એ દ્રવ્યાસ્રવ જડની પર્યાય. અને જે આસ્રવ સ્વભાવના આશ્રયે રોકાઈ ગયો તે ભાવસંવર થયો. ત્યાં દ્રવ્યાસ્રવ આવવાનો ન હતો તેને દ્રવ્યસંવર કહ્યું. એ જડની પર્યાય. જરા સૂક્ષ્મ છે થોડી વધારે. સભામાં સાધારણ વાત ન પકડાય.

અહીં તો કર્મ ને આત્માની વચ્ચે સાત તત્ત્વ છે. પરની સાથે કાંઈ સંબંધ નથી. આ તો શરીર ને નોકર્મ જડ-પર છે.

મુમુક્ષુ :- .......

ઉત્તર :- સ્થિતિ એવી છે. આઠ કર્મ. એ અવસ્થામાં પ્રકાર પડે છે બસ. ઓલા કર્મની સ્થિતિ. દ્રવ્યકર્મ કહે છે ને? દ્રવ્યકર્મ, ભાવકર્મ અને નોકર્મ એ ત્રણ બોલ આવે છે ને? તારણસ્વામીમાં તો બહુ આવે છે. તેમાં પણ જિનાગમમાં શબ્દો છે. દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ. દ્રવ્યકર્મ કોણ? આઠ કર્મ જડ. નોકર્મ કોણ? કે, આ વાણી, શરીર આદિ તે નોકર્મ. ભાવકર્મ કોણ? કે આત્મામાં પુણ્ય-પાપના વિકાર થાય તે ભાવકર્મ. ભાવકર્મ અરૂપી, જડકર્મ રૂપી, નોકર્મ રૂપી પણ સ્થૂળ બાહ્ય ચીજ.

એ ત્રણેથી રહિત ભગવાન જ્ઞાયકમૂર્તિની દૃષ્ટિ થવી તેનું નામ સમ્યગ્દર્શન. તે સમયે કર્મનો આસ્રવ રોકાઈ ગયો તેને દ્રવ્યસંવર કહેવામાં આવ્યો. રોકાઈ ગયાનો અર્થ. આવવાનો હતો ને રોકાઈ ગયો એમ નહીં. બહુ સૂક્ષ્મ વાત છે. આવવાનો નહતો તેને દ્રવ્યસંવર કહેવામાં આવ્યો. સમજાણું કાંઈ? અહીં આવશે હમણાં. થોડા વખતમાં બધું સમજીને જન્મ-મરણ ટળે એટલું શીખી લે. બીજું બધું ભલે ભૂલી જા. એ આવશે. હમણાં આવશે. જેનાથી જન્મ-મરણનો અંત આવે તે વાત શીખી લે. બીજી મુક પડતી. બુદ્ધિ થોડી હોય કે ન હોય તેની સાથે સંબંધ છે નહીં. કેમ સુમેરુમલજી! લ્યો! **ભાવતો નથી અને સ્વકર્મોમાં વ્યાપાર કરતો નથી.** અર્થાત્ જે જડકર્મ છે તે તરફનું લક્ષ છોડી દયે છે. **સકળ શુભાશુભ કર્મરૂપ ઈંધનને બાળવામાં,** જુઓ! એ શુભાશુભ કર્મ જડ હો! માટી. એ શુભાશુભ કર્મરૂપ ઈંધન એટલે લાકડી. **બાળવામાં સમર્થ હોવાથી અગ્નિસમાન એવું,** આત્મામાં સમ્યગ્દર્શન સહિત જે ઉગ્રપણે એકાગ્રતાનું ધ્યાન થયું એ અગ્નિ સમાન **પરમપુરુષાર્થસિદ્ધિના ઉપાયભૂત ધ્યાન પ્રગટે છે.**

એક ગાથામાં તો બહુ વાત લીધી છે. જડની સાથે બહુ નથી કહેતાં, કેમકે જડકર્મ છે ને? એ કર્મની અવસ્થામાં એક આવવાયોગ્ય અવસ્થા એક રોકાવાયોગ્ય અવસ્થા. એ બધી જડની અવસ્થા છે. એ જડની સાત પર્યાય છે. આત્મામાં આ પુણ્ય-પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ, મોક્ષ એ આત્માની પર્યાય. સમજાણું કાંઈ?

કેવળજ્ઞાન, કેવળદર્શન ઉત્પન્ન થાય તે પણ એક પર્યાય છે. તે તો પોતાના સ્વરૂપ જ છે. કેવળજ્ઞાન, કેવળદર્શન, મોક્ષ એ પોતાની પર્યાય છે. પણ એ પોતાનું સ્વરૂપ પરિણમન છે, સિદ્ધ સાદી અનંત પરિણમન કરે છે. એ પોતાના પરિણમનના આનંદનો અનુભવ સમય સમયમાં ભિન્ન ભિન્ન છે. એક સમયમાં આનંદ છે તે બીજા સમયે નથી. એવો ખરો પણ તે નહીં. એવી પર્યાય સિદ્ધમાં પણ સાદી અનંત છે. અનંતપર્યાય સિદ્ધમાં ઉત્પન્ન થાય છે. બહુ જ સૂક્ષ્મ. સાત તત્ત્વનું, નવતત્ત્વનું જ્ઞાન અને તેમાં સમ્યગ્દર્શન શું એ વાતમાં બધા ગોટાડા ઊઠયા છે.

કરી દીધું. તેણે આમ કરી દીધું, તેણે આમ કરી દીધું, તેણે આમ કર્યું, એ બધું મિથ્યાત્વનું પોષણ છે. કોણ કરે તારું? જડનું કાર્ય તું નથી કરી શકતો ને પુણ્ય-પાપનું કાર્ય મારું માનવું એ પણ મિથ્યાત્વ

છે. તારી પર્યાયમાં ઉત્પન્ન થવાવાળો વિકાર. સમજાણું કાંઈ? કર્તા હોય તો આખા દ્રવ્યને વિકારી માન્યા. સુમેરુમલજી! બીજાનું કોણ કરે અને કોનાથી હોય. સમજાણું કાંઈ? **અગ્નિસમાન એવું પરમપુરુષાર્થસિદ્ધિના ઉપાયભૂત ધ્યાન પ્રગટે છે.**

મુમુક્ષુ :- ............. ઉપાડી લાવે.

ઉત્તર :- કોણ ઉપાડી લાવે? ધૂળમાંય ઉપાડી ન લાવે. **પરમપુરુષાર્થસિદ્ધિના ઉપાયભૂત ધ્યાન પ્રગટે છે. તેનો પરમપુરુષાર્થ, છે ને નીચે? પુરુષાર્થ=પુરુષનો અર્થ; પુરુષનું પ્રયોજન; આત્મપ્રયોજન. (પરમપુરુષાર્થ અર્થાત્ આત્માનું પરમ પ્રયોજન મોક્ષ છે,** જુઓ! **અને તે મોક્ષ ધ્યાનથી સધાય છે, માટે પરમપુરુષાર્થની (-મોક્ષની) સિદ્ધિનો ઉપાય ધ્યાન છે.)** એ સમ્યગ્દર્શન સહિતનું ધ્યાન છે. સમજાણું કાંઈ? એ સિવાય મોક્ષનો ઉપાય અને મોક્ષ પ્રગટ થતો નથી. વિશેષ કહેશે. **(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**

## પ્રવચન નં :-૪૫, ગાથા-૧૪૬, આસો સુદ-૬, રવિવાર, તા.૧૧-૧૦-૬૪

આજ અધિકાર જરી સૂક્ષ્મ આવ્યો છે. ધ્યાનનો અધિકાર હોય તો સૂક્ષ્મ જ હોય. ધ્યાન સમ્યગ્દર્શન પછી થાય છે એ વાત અંદરમાં હવે કહેશે. આગળ પંડિતજીએ લખ્યું છે. અહીંયાં નવ પદાર્થ છે તેની પ્રત્યેકની પૃથક પૃથક અવસ્થા ને વ્યવસ્થા ને કાર્ય છે. સમજાણું કાંઈ? નવ પદાર્થના નવ કાર્ય છે. નવ કાર્ય કહો કે નવ માર્ગ કહો. સમજાણું કાંઈ?

એ આમાં જ છે ને? પહેલી એમાં જ ગાથા છે. જુઓ! પહેલી. જુઓ! વાંચો ભાઈ! જુઓ! કળશ છે. નવ પદાર્થના નવ માર્ગ છે, જુઓ! પાંચમો કળશ છે, ત્રીજે પાને. હિન્દી છે ને હીન્દી? ત્રીજે પાને પાંચમો કળશ છે. અમૃતચંદ્રઆચાર્ય મહારાજ! જેમણે આ ટીકા કરી છે. એ કહે છે. છે?

**પછી (બીજા અધિકારમાં), જીવ અને અજીવ એ બેના પર્યાયોરૂપ નવ પદાર્થોની-કે જેમના માર્ગ અર્થાત્ કાર્ય ભિન્નભિન્ન પ્રકારના છે તેમની-વ્યવસ્થા પ્રતિપાદિત કરી છે.** આ ચાલે છે તે. શું કીધું? સમજાણું કાંઈ? જીવ, અજીવ, પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. એ નવ પદાર્થનું કાર્ય ભિન્ન છે. તેનો અર્થ કે નવનો માર્ગ પણ ભિન્ન છે. સમજાણું કાંઈ? જુઓ! તેમાં લખ્યું છે ને?

**જીવ ને અજીવ એ બેની પર્યાયોરૂપ નવ પદાર્થોની,** જીવદ્રવ્ય છે એ તો જ્ઞાયકદ્રવ્ય છે

અનંતગુણનો પિંડ. અને અજીવદ્રવ્ય છે તે કર્મ આદિ, શરીર આદિ પણ અહીંયાં તો આપણે મુખ્ય કર્મ લેવાનું છે. આવે તો અજીવપદાર્થનું બધું. અજીવદ્રવ્ય છે અને કર્મ બેની સાત પર્યાય લેવી છે ને? તો પરની સાથે સંબંધ નથી. આત્માને કર્મનો સંબંધ સંયોગ-વિયોગથી સાત પર્યાય થાય છે. સમજાણું કાંઈ?

હજી નવતત્ત્વ કોને કહેવા અને માર્ગ શું, એ વાત ચાલે છે. તો જીવ અને પુદ્‌ગલકર્મ બે પદાર્થ છે દ્રવ્ય. અને તેના સંયોગ-વિયોગથી આત્મામાં સાત પર્યાય થાય છે અને પુદ્‌ગલમાં પણ સાત પર્યાય જડમાં થાય છે. નવના નવ માર્ગ એટલે નવ કાર્ય છે. અહીંયાં જીવનું કાર્ય તો, જીવમાર્ગ તો જ્ઞાયકભાવ છે. જાણવાવાળો, દેખવાવાળો તેનું કાર્ય જાણવા-દેખવાનું છે. સમજાણું કાંઈ?

જડનું કાર્ય તેની પર્યાય જડમાં થવી પર્યાય જડમાં થવી. એવું કાર્ય. અને પછી આત્મામાં પુણ્ય પરિણામ થાય દયા, દાન, ભક્તિ, વ્રતાદિના પરિણામ તે પુણ્ય પરિણામ એ બંધનો માર્ગ છે, એ આસ્રવ છે. હિંસા, જૂઠ, ચોરી, વિષય, ભોગ તે બંધનો માર્ગ છે પાપ. એ બે પર્યાય છે. પુણ્ય અને પાપ બે આત્માની પર્યાય છે. બેયનું કાર્ય ભિન્ન છે. બેયનો માર્ગ ભિન્ન છે. અને જડમાં પણ કર્મના પરમાણુ આવે તે પુણ્યભાવ છે. રજકણની પર્યાયનું આવવું તે દ્રવ્યપુણ્યની પર્યાય જડની છે. અને અહીં પાપ થયું નવા પાપના રજકણ આવ્યા તે જડની પર્યાય છે. સમજાણું કાંઈ?

હવે જ્યારે અહીં, તે આસ્રવ. પુણ્ય ને પાપ બેય મળીને આસ્રવ છે. તો તે આત્માની પર્યાયમાં વિકાર અને પરના રજકણ આવવાવાળા તે દ્રવ્ય જડઆસ્રવ કહે છે. પોતાના આત્મામાં શુધ્ધ જ્ઞાયક સ્વભાવ તે તરફ દૃષ્ટિ કરીને પોતાની પર્યાયમાં જેટલી શુધ્ધિ ઉત્પન્ન થાય સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્‌શાંતિ અરાગી પરિણતિ તેનું નામ જીવની સંવર પર્યાય કહેવામાં આવે છે. એ સંવર પર્યાયનો માર્ગ, કાર્ય મોક્ષનું કારણ છે. તે સંવર પોતાનો માર્ગ-કાર્ય ભિન્ન રાખે છે.

અને નિર્જરા તે શુધ્ધિની વૃધ્ધિ થઈ, શુધ્ધિ થઈ તેમાં સ્વભાવના એકાગ્ર ધ્યાન દ્વારા શુધ્ધિની વૃધ્ધિ થાય તે નિર્જરાનું ભાવનિર્જરાનું કાર્ય છે. અહીં સંવર થયો તો નવા રજકણ આવવાના રોકાઈ ગયા. રોકાઈ ગયાનો અર્થ આવવાવાળા ન હતા તેને દ્રવ્યસંવરની જડની પર્યાય કીધી. અને અહીં આત્મામાં નિર્જરા થઈ તો કર્મમાં જડની અવસ્થા છૂટી ગઈ તે દ્રવ્યનિર્જરા કહેવામાં આવી. તે જડની પર્યાય છે.

બંધમાર્ગ, આત્મામાં જે ત્રિકાળ સ્વભાવ શુધ્ધ છે, જેટલો રાગ-દ્વેષમાં રોકાય છે તે બંધભાવ છે, તે બંધમાર્ગ છે, તે બંધકાર્ય છે. ઉન્મીષ, નવા રજકણ આવવા અને રોકાઈ જવા તે દ્રવ્યબંધ છે. આત્મામાં પૂર્ણ શુધ્ધિનું થવું તે મોક્ષ પર્યાય છે. અને રજકણનું સર્વથા છૂટી જવું તે દ્રવ્યમોક્ષ છે, તે જડની પર્યાય છે. કેટલું યાદ રાખવું આમાં? જુઓ! શેઠ કઠણ કહે છે. આ તો તેની મૂળ ચીજ નવ પદાર્થ

છે. પછી મોક્ષમાર્ગનું વર્ણન, છે ને જુઓ! નવપદાર્થપૂર્વક મોક્ષમાર્ગ પ્રપંચવર્ણન. પ્રપંચ એટલે વિસ્તાર. તો હજી નવ પદાર્થ શું તે ખબર નથી તો મોક્ષમાર્ગ ક્યાંથી થશે. સમજાણું કાંઈ?

નવનું ભિન્ન કાર્ય, નવનો ભિન્ન માર્ગ. તો અજીવકર્મનો માર્ગ પોતાની પર્યાયપણે થવી તેને પોતામાં પુણ્ય-પાપનું થવું તે નહીં. તે કાર્ય તેનું નહીં. પોતામાં પુણ્ય-પાપપણે આસ્રવ થવો તે પોતાની વિકારી પર્યાયનું કાર્ય. સંવર, નિર્જરા, મોક્ષ થવો તે પોતાની નિર્મળપર્યાયનું કાર્ય. પહેલી ચીજ જ હજી તો અન્યથી ભિન્ન શું ભગવાન કહે છે અને ભગવાનના માર્ગમાં એવી બીજી ચીજ હોતી નથી. તેની હજી ખબર નથી. નવનો પંથ શું? રસ્તો શું? માર્ગ શું? કેવી રીતે સમ્યગ્દર્શન થાય, કેવી રીતે તેને આત્મામાં શુદ્ધિ થાય. સમજાણું કાંઈ?

અહીંથી આપણે નિર્જરા અધિકાર ચાલે છે. નિર્જરાનું કાર્ય. એ પર્યાય છે, નિર્જરા એક શુદ્ધ પર્યાય છે. સંવરની શુદ્ધિની વૃદ્ધિ તે નિર્જરા પર્યાય ભાવ. અને રજકણનું છૂટી જવું તે જડ નિર્જરા છે. સમજાણું કાંઈ? ભારે વાત! હવે ફરી કહ્યું છે. જુઓ! અહીંયા સુધી તો આવ્યું હતું ને આપણે? **પરમપુરુષાર્થસિદ્ધિના ઉપાયભૂત ધ્યાન પ્રગટે છે.** ત્યાં સુધી તો આવ્યું છે ને? ભાઈને દીધું પુસ્તક? ઠીક.

વળી કહ્યું છે કે-

**'अज्ञ वि तिरयणसुद्धा अप्पा झाएवि लहइ इंदत्तं ।**
**लोयंतियदेवत्तं तत्थ चुआ णिव्वुदिं जंति ।।'**

આ કુંદકુંદઆચાર્યમહારાજની ગાથા છે. સમજાણું કાંઈ? આમાં લખ્યું નથી, ઓલામાં લખ્યું છે. લખ્યું છે એમાં. આ બે ઉદ્ધૃત ગાથામાં પહેલી ગાથા કુંદકુંદઆચાર્યદેવ પ્રણીત મોક્ષપ્રાભૃતની છે, જુઓ!

કુંદકુંદઆચાર્યમહારાજની આ ગાથા છે. ભગવાન પરમગુરુ કુંદકુંદઆચાર્ય. જે બે હજાર વર્ષ પહેલાં થયા. તેમણે જે મોક્ષપ્રાભૃત આદિ આઠ (પાહુડ) બનાવ્યા તેમાં આ ગાથા છે. અને બીજી ગાથા, બીજી છે.

**'अंतो णत्थि सुईणं कालो थोओ वयं च दुम्मेहा ।**
**तण्णवरि सिक्खियव्वं जं जरमरणं खयं कुणइ ।।'**

હવે બેનો અર્થ. આ સમયે પણ, આ પંચમકાળમાં પણ **ત્રિરત્નશુદ્ધ જીવો** હોય છે. આ વ્યવહાર ત્રિરત્નશુદ્ધ હશે? આ લોકો કહે છે ને અત્યારે. વ્યવહાર મોક્ષમાર્ગ છે, વ્યવહાર મોક્ષમાર્ગ છે. નહીં નહીં નહીં. આ ત્રિરત્નશુદ્ધજીવ નિશ્ચય મોક્ષમાર્ગ છે. શુદ્ધ છે ને? ત્રિરત્નશુદ્ધ, પેલું તો અશુદ્ધ છે. ઓહોહો!

મોટા મોટા શાસ્ત્રના ભણવાવાળા એવી દખલગીરી કરે છે કે વર્તમાન જે મુનિ સાચા ભાવલિંગી

હોય કુંદકુંદઆચાર્ય જેવા તેની પાસે તો વ્યવહારરત્નત્રય હતું. નિશ્ચયરત્નત્રય તો બારમે ગુણસ્થાને જ હોય, તેરમે જ હોય, બહારમાં એવા લખાણ બહુજ આવે છે. કોઈ આઠમે શુકલધ્યાન કરીએ છીએ કોઈ. કોઈ સાતમેથી થોડો દેશઅંશ નિશ્ચય વળી લે છે. પણ ચોથા, છઠ્ઠા સુધી તો એકલો વ્યવહારરત્નત્રય હોય છે એમ કહે છે. જેને જેમ ઠીક પડે તે તેમ લગાવી દયે છે.

અહીંયાં કહે છે આ કાળમાં કુંદકુંદઆચાર્યમહારાજ કહે છે, મહા પરમ દિગંબરસંત મુનિ પરમગુરુ. સમજાણું કાંઈ? **હમણાં પણ ત્રિરત્નશુધ્ધ જીવો (-આ કાળે પણ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ત્રણ રત્નોથી શુધ્ધ એવા મુનિઓ)**, જુઓ! સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર નિર્વિકલ્પ વીતરાગી પર્યાય તેને ત્રિરત્ન શુધ્ધ કહે છે.

આત્મા અખંડ આનંદકંદ તે તરફ ઝૂકવાથી જેપોતાની સમ્યક્શ્રધ્ધા, સમ્યક્અનુભવ તેમાં પ્રતીતિ આત્માના વેદનનું સમ્યક્જ્ઞાન અને આત્મામાં લીનતાનું ચારિત્ર, સમજાણું કાંઈ? આ ત્રરત્ન કહેવામાં આવે છે. એ ત્રિરત્ન કારણ છે અને મોક્ષ કાર્ય છે. સમજાણું કાંઈ? **(-આ કાળે પણ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રરૂપ ત્રણ રત્નોથી શુધ્ધ એવા મુનિઓ)**, જુઓ! પાઠમાં તો શુધ્ધ લીધું છે. **तिरयणसुद्धा** આત્માનું ધ્યાન કરીને સમ્યગ્દર્શન તો પહેલાં છે. આત્મા શુધ્ધ આનંદનો અનુભવ જ્ઞાન થઈને પ્રતીતિ થઈ અને પોતાના સ્વરૂપનું જ્ઞાન થયું, અહીં નિશ્ચયની વાત ચાલે છે. શાસ્ત્રનું જ્ઞાન વ્યવહાર, દેવ, ગુરુ, શાસ્ત્રની શ્રધ્ધાનો વિકલ્પ વ્યવહાર અને શાસ્ત્રનું જ્ઞાન પણ વ્યવહાર અને વ્રતાદિનો વિકલ્પ પણ વ્યવહાર. વ્યવહારરત્નત્રય તે પુણ્યબંધનું કારણ છે. એ વાત અહીં લીધી નથી.

અહીંયાં તો આત્મા ત્રિરયણશુધ્ધ કોઈ કોઈ ઠેકાણે ત્રિકરણશુધ્ધ એમ પણ લખ્યું છે. ભાઈ! ત્રિરયણશબ્દ છે ને ત્યાં કોઈ કોઈ ઠેકાણે ત્રિકરણ એમ શબ્દ આવે છે. પણ આ ઠીક છે. ત્રિરયણશુધ્ધ. સમજાણું કાંઈ? કહ્યું છે ને પોતે આચાર્યએ. આત્મા પોતાના એક સમયમાં પૂર્ણ આનંદ શુધ્ધ દ્રવ્યસ્વભાવ એ અજીવથી લક્ષ છોડીને, પુણ્ય-પાપના વિકલ્પથી લક્ષ છોડીને, એક સમયની વર્તમાન ચાલતી પર્યાયની પણ પ્રતીત છોડીને પોતાનો પૂર્ણ સ્વભાવ વસ્તુ અંતરમુખ થઈને સમ્યગ્દર્શન અનુભવમાં પ્રતીતિ થવી તેનું નામ સમ્યગ્દર્શન એ તો ચોથે ગુણસ્થાને પણ થાય છે. અને તે આત્માનું જ્ઞાન, જ્ઞાનનું જ્ઞાન હોં! શાસ્ત્રનું જ્ઞાન થોડું ઘણું હોય એ પછી આવશે. આત્માનું જ્ઞાન, સ્વસંવેદનજ્ઞાન ચિદાનંદ જ્ઞાનમૂર્તિ પૂર્ણ સ્વરૂપ તેનું અંદર જ્ઞાનમાં જ્ઞાનગુણમાં પર્યાય લીન થવી એ સ્વસંવેદન સમ્યગ્જ્ઞાન. એ ચોથે ગુણસ્થાને પણ હોય છે. અને સમ્યક્ચારિત્ર. પંચમ ગુણસ્થાનમાં થોડું શાંતિ, સ્થિરતા, સ્વરૂપની રમણતા વધી જાય છે, પંચમગુણસ્થાનમાં.

આ પહેલાનું સમ્યગ્દર્શન, જ્ઞાન તો છે. તે ઉપરાંત શાંતિ, આનંદ વધી જાય છે. સમજાણું કાંઈ? અને નિર્વિકલ્પ ઉપયોગ કરવાની તાકાત ચોથા ગુણસ્થાન કરતાં અને પાંચમામાં અલ્પકાળમાં નિર્વિકલ્પ

ઉપયોગ થાય છે એવી તાકાત પાંચમામાં વધી જાય છે. સમજાણું કાંઈ? ભાષા બધી નિર્વિકલ્પ ઉપયોગ ને આમાં ક્યાંય (સમજ પડે એવું નથી.) ક્યાં ગયા તમારા .......... ન આવ્યા. કામમાં રોકાણા હશે. કહો, સમજાણું કાંઈ?

મુમુક્ષુ :- .........

ઉત્તર :- હજી ક્યાં વાત! શું ચાલે છે? ચોથાની પહેલી વાત કરી.

મુમુક્ષુ :- ........

ઉત્તર :- પછી હજી આવવા તો દયો વાત! સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન ચોથેથી પહેલેથી કહેતાં આવ્યા છીએ. અત્યારે ક્યાં? અને પાંચમાં સુધી પહોંચ્યા છીએ. હજી છઠ્ઠે આવ્યા નથી. પહેલાં ચોથા ગુણસ્થાનમાં અવિરતિ સમ્યગ્દષ્ટિ જીવ તેને અંતરમાં ત્રણ કષાયનો ત્યાગ નથી. એક આત્માનો અનુભવ ચિદાનંદની કણિકા સમ્યક્ પ્રતીતિ અને વેદન કણિકા ચાલે છે. અને સ્વરૂપાચરણનો અંશ છે એટલો બોલ તો ચોથે ગુણસ્થાને ઉત્પન્ન થાય છે. એ પણ જઘન્યધ્યાન. નીચે થોડું આવશે. દ્રવ્યનું એટલું અવલંબન છે એટલું જઘન્યધ્યાન તેને પણ કહેવામાં આવે છે. નીચે છે ભાઈ! ફૂટનોટ.

હજી પાછી પંચમ ચાલે છે. પંચમગુણસ્થાન થાય છે ત્યારે સ્વરૂપની આનંદ ને શાંતિની અંદર વૃદ્ધિ થાય છે ચોથાથી. અને શાંતિમાં પછી બાર વ્રતનો વિકલ્પ હોય તે આસ્રવ છે. એ સ્વરૂપમાં સ્થિરતા પોતાનો અનુભવ કરવા માટે ચોથા ગુણસ્થાનવાળો નિર્વિકલ્પ ઉપયોગમાં જામે છે (તેનો) કાળ અલ્પ રહે છે. અને બહુ જ કાળે નિર્વિકલ્પ ધ્યાન આવે છે. પંચમગુણસ્થાનમાં એનાથી થોડો વિશેષ રહે છે. અને ચોથા કરતાં થોડા કાળમાં વિશેષ નિર્વિકલ્પ અનુભવ વાસ્તવિક આનંદનું વેદન ચોથા કરતાં પાંચમામાં ઉપયોગમાં વિશેષ આવે છે. છઠ્ઠે ગુણસ્થાને સમ્યક્ ચારિત્ર વિશેષ થયું. ત્રણ કષાયનો અભાવ અને ચારિત્ર સ્વરૂપની ઉગ્ર રમણતા, બહારમાં નગ્ન દશા હોય, વનવાસી હોય, આત્માનું ધ્યાન ત્રણ કષાયનો અભાવ તો થઈ ગયો. અને જયારે તે પોતાના સ્વરૂપમાં નિર્વિકલ્પ ધ્યાન કરે છે ત્યારે સાતમું ગુણસ્થાન આવે છે. સમજાણું કાંઈ?અને ઉપયોગ અંદરમાં એટલો જામી જાય કે હું ધ્યાન કરું છું કે અનુભવ કરું છું એવો પણ વિકલ્પ નહીં. સમજાણું કાંઈ?

એ **ત્રણ રત્નોથી શુદ્ધ એવા મુનિઓ,** એ ત્રણે પૂર્ણ છે તેને મુનિ કહે છે. સમજાણું કાંઈ? કુંદકુંદઆચાર્ય મુનિ હતા ને? તો પોતાના મુનિ સાથે વાત કરે છે. ગૌણમાં ચોથા, પાંચમાની વાત તો કરી. એ મુનિ આત્માનું ધ્યાન કરીને, **આત્માનું ધ્યાન કરીને ઈન્દ્રપણું,** આહાહા! એ ધ્યાનનું ફળ ઈન્દ્રપણું નથી. પણ ધ્યાનમાં જેટલી શુદ્ધિ થઈ એટલી તો કર્મની નિર્જરા થઈ. અને એટલી અશુદ્ધતા ટળી ગઈ. પણ હજી થોડો વિકલ્પ બાકી છે. વીતરાગ ન થયો, પંચમકાળમાં સર્વજ્ઞ ન થઈ શકે. વીતરાગ નથી થઈ શકતો. તો એવું ધ્યાન કરવામાં રાગ બાકી રહ્યો.

મુનિ સંતો ભાવલિંગી કુંદકુંદઆચાર્ય જેવા મુનિ. એવો થોડો રાગ રહ્યો તેમાં ઇન્દ્રપદનો બંધ થઇ જાય. તે મુનિ અહીંથી છૂટીને ઇન્દ્રપદમાં જાશે. એવા ત્રિરત્નશુધ્ધ પણ એ કાળમાં લખે છે તો અત્યારે છે એવું લખે છે. સમજાણું કાંઇ? **ઇન્દ્રપણું તથા લોકાંતિક-દેવપણું પામે છે,** કોઇ મુનિ ઇન્દ્રપદમાં જાય છે, કોઇ લોકાંતિક.સર્વાર્થ સિધ્ધથી આગળ નથી જઇ શકતા.

પંચમકાળના મુનિ જે સર્વાર્થ સિધ્ધ આગળ છે, કોઇ મુનિ નથી જઇ શકતા. સમજાણું કાંઇ? આ તો બે હજાર વર્ષ પહેલાના મુનિ એ પણ કહે છે. અત્યારે જો જાય તો ઇન્દ્ર હોય અને કોઇ લોકાંતિક પાંચમા દેવલોકમાં દેવ છે, દેવ-ઋષિ કહેવામાં આવે છે. દેવ-ઋષિ-દેવ-ઋષિ. જીંદગીભર બ્રહ્મચારી રહે. અને આત્મજ્ઞાન અને આત્મધ્યાન અનુભવ લઇને ગયા છે. એ વસ્તુ નહીંતર બહારનું બહ્મચર્ય તો નવમી ગ્રૈવેયકવાળા અભવિ પણ પાળે છે. અભવિ નવમી ગ્રૈવેયકવાળા બ્રહ્મચારી છે. દેવને, સ્ત્રીનો પણ વિકલ્પ નથી, મનનો પણ વિકલ્પ નથી. અહીંથી અભવિ મિથ્યાદષ્ટિ ત્યાં નવમી ગ્રૈવેયક જાય છે. ત્યાં પણ તેને બિલકુલ વિકલ્પ નથી. મનથી પણ નથી. આ તો આત્માના સમ્યગ્દર્શન જ્ઞાન સહિત સ્વરૂપની રમણતા લઇને ગયા. થોડો વિકલ્પ રહી ગયો, ઇન્દ્રપદનો બંધ થઇ ગયો કાં લોકાંતિકનો થઇ ગયો.

**પામે છે,** જુઓ! પાઠ તો એવો છે કે ધ્યાન કરીને ઇન્દ્રપદ લોકાંતિક પ્રાપ્ત કરે છે. પણ સમજવું જોઇએ ને કે ધ્યાન તો નિર્જરા છે. નિર્જરાથી કોઇ પુણ્યબંધ થતો નથી. પણ સાથે એવો વિકલ્પ હતો તો સાચા મુનિ હોય છે તે પણ આ ઇન્દ્રપદને લોકાંતિક એવો પાઠ છે. વાત ધ્યાનની છે તો સૂક્ષ્મ તો છે. પણ તેને સમજવું તો જોઇએ કે નહીં? સમજાણું કાંઇ? નિર્જરા કેમ થાય છે, નિર્જરા કાંઇ આટલા અપવાસ કરી નાખ્યા, આમ કરી નાખ્યું, એમ જેમ-તેમ નિર્જરા થતી નથી.

**અને ત્યાંથી ચ્યવીને,** ઇન્દ્રપદ ને લોકાંતિકથી નીકળીને **(મનુષ્યભવ પામી) નિર્વાણને પ્રાપ્ત કરે છે.** એવા પણ મુનિ ભાવલિંગી સંત સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર રત્નત્રય સહિત લોકાંતિક ઇન્દ્રમાં જાય છે. અને ત્યાંથી ચ્યવીને મનુષ્યપણું પામીને ચારિત્ર લઇને અંદર બહુ જ આનંદનો અનુભવ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરીને મુક્તિ પામે છે.

લ્યો! આ કાળમાં પણ એ વખતે મુનિ કહે છે. એક ભવતારી મુનિ હોય શકે છે. સમજાણું કાંઇ? જુઓ! અહીંયાં સર્વાર્થ સિધ્ધનું ન કહ્યું હોં! સર્વાર્થ સિધ્ધમાં કોઇ મુનિ જઇ શકતાં નથી. બે હજાર વર્ષ પહેલાના મુનિ પણ. સમજાણું કાંઇ? મહાન પરમ કુંદકુંદઆચાર્ય ગુરુ મહાન છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝુલવાવાળા. કહે છે કે આજ કોઇ હોય તો લોકાંતિક ઇન્દ્રપદ પ્રાપ્ત કરે છે. સમજાણું કાંઇ? એ પુણ્યના ફળ તરીકે. અને સ્વભાવ તરીકે શુધ્ધિનું ધ્યાન એટલી નિર્જરા થાય છે. ડાલચંદજી! સૂક્ષ્મ વાત છે. બહુ જ સૂક્ષ્મ!

હજી આ તો નિર્જરા અધિકાર થોડું નીચે આવશે. પછી બીજા શ્લોકનો અર્થ. પહેલા શ્લોકનો અર્થ

કુંદકુંદઆચાર્યનો હતો. બીજો શ્લોક અહીં છે. બીજામાં કયાંય છે? પાહુડ દોહા પાહુડ? (મોક્ષપાહુડ). ઠીક. અરે! આચાર્ય કહે છે. અમૃતચંદ્રઆચાર્ય (કહે છે.) **શ્રુતિઓનો અંત નથી (-શાસ્ત્રોનો પાર નથી),** ઓહોહો! અને કાળ થોડો છે. શાસ્ત્રોનો પાર નથી. **કાળ થોડો છે. અને આપણે દુર્મેઘ છીએ,** આહાહા! અમૃતચંદ્રાચાર્ય જેવા કુંદકુંદાચાર્યએ પંચમકાળના તીર્થંકર જેવા કામ કર્યા. અને ટીકાકાર અમૃતચંદ્રાચાર્યએ ગણધર જેવા કામ કર્યા. એ ટીકા એવી સમયસારની ટીકા, પ્રવચનસારની ટીકા ભરતક્ષેત્રમાં છે. એવી ગંભીર એટલી અધ્યાત્મના રસથી ભરેલી. (તેઓ) કહે છે કે અમે તો દુર્મેઘ છીએ. આહાહાહા! અમે તો અલ્પબુદ્ધિવાળા, મંદબુદ્ધિવાળા આહાહા!

કયાં કેવળજ્ઞાન! કયાં અવધિજ્ઞાન! કયાં મનઃપર્યયજ્ઞાન! કયાં મુનિઓનું બાર અંગ અને ચૌદ પૂર્વનું જ્ઞાન! ઓહોહો! અમૃતચંદ્રાચાર્ય પંચમકાળનાચ શ્રુતકેવળી. સમજાય છે કાંઈ? એ લઘુતા-લઘુતા. અરે! આપણી તો બહુ જ થોડી બુધ્ધિ છે ને? દુનિયાને સાથે લઈને વાત કરે છે. ભાઈ! શ્રુતનો પાર નથી. કાળ રહ્યો અલ્પ! અલ્પકાળમાં મોટું કામ કરવાનું છે. કેવળજ્ઞાન લેવાનું સાધન કરવાનું છે. સમજાણું કાંઈ? ભલે કેવળજ્ઞાન ન હોય પણ તૈયારી એવી કરવાની છે કે ભવિષ્યમાં એક ભવ પછી બીજા ભવમાં કેવળજ્ઞાન લઈને મુક્તિ જવું છે. એક કે બે આદિ તેમાં કાંઈ નહીં. સમજાણું કાંઈ?

ઓહો! શાસ્ત્રોનો તો પાર નથી. કાળ તો અલ્પ છે. એક તો શાસ્ત્રોનો પાર નથી અને કાળ અલ્પ બે મેળવ્યા. ત્રીજું આપણે દુર્મેઘ છીએ. મેઘ એટલે બુદ્ધિ અમારી બુદ્ધિ અલ્પ. સમજાણું કાંઈ? સુમેરુમલજી! આહાહા! શ્રીમદ્ પણ જયાં એટલા બુધ્ધિવાળા હતા શ્રીમદ્. ક્ષયોપશમ ફાટ ફાટ! તોપણ કહે છે કે અરે! પામર. આ અમારા પામરને ભગવાન કુંદકુંદાચાર્યનો બહુ જ ઉપકાર છે. સમજાણું કાંઈ? હમણાં જ થયા છે. થોડા વર્ષ પહેલાં. બહુ જ ક્ષયોપશમ. આ પામરને હે ભગવાન કુંદકુંદાચાર્ય, તમારા શાસ્ત્રો અમને મહાન ઉપકારભૂત થયા છે. અતિશય ભક્તિથી નમસ્કાર! સમજાણું કાંઈ?

આચાર્ય કહે છે. નવસો વર્ષ પહેલાના આચાર્ય. આ સમયસાર, પ્રવચનસાર, પંચાસ્તિકાયની ટીકા. ઓહો! અદભૂત ટીકા! એ તો જે અંદરમાં ખોજ કરતો જાય તેને ખબર પડે. ખોજ કરતો જાય તેને ખબર પડે. આ કેટલું અંદર ગંભીર છે.

તે કહે છે કે, અરે! આપણે દુર્મેઘ બુધ્ધિ અલ્પ, મંદબુધ્ધિ. **માટે તે જ કેવળ શીખવાયોગ્ય છે.** તે કારણ તે આત્મામાં જાણવાલાયક શીખવાયોગ્ય છે. **કે જે જરા-મરણનો ક્ષય કરે.** એક વાત છે. સમજાણું કાંઈ?

જેમાં જન્મ, જરા, મરણનો ક્ષય હોય અને આત્માની શુધ્ધિની ઉત્પત્તિ હોય. એ એક કરવાનું છે. બીજું કાંઈ તો અત્યારે કરી શકતા નથી. શાસ્ત્રોનો પાર નથી. કેટલું શીખે? સમજાણું કાંઈ? અને બુધ્ધિ અલ્પકાળ અલ્પ. બે અલ્પ પુરુષાર્થનો કાળ. કામ કરવું છે. બસ! આહાહા! **માટે તે જ કેવળ**

**શીખવાયોગ્ય છે.** કે આ એક આત્મા જ સર્વજ્ઞપરમાત્માએ જેવો જોયો (તે) કેવો છે અને તેની શક્તિઓ કેવી છે. તેની પર્યાય કેવી છે. અને તેમાં અંદર જાણવાલાયક વેદન કેવી રીતે થાય છે. એ પહેલાં શીખી લેવું. આહાહા! સમજાણું કાંઈ? જેનાથી જ્ઞાનાનુભૂતિ, આત્માનુભૂતિ થાય તે કેમ થાય તે શીખી લેવું. બાકી શું શાસ્ત્રમાં, બીજી વિદ્યાની તો વાત કયાં છે? આ શાસ્ત્ર સિવાય બીજી વિદ્યા તો નિરર્થક છે, પાપ બંધનું કારણ છે. પણ શાસ્ત્ર, અપાર શાસ્ત્ર ભણવાથી પર ઉપર કેટલું જાણી શકે. અપાર શાસ્ત્ર ...... એ શીખી લેવા.

ભગવાનઆત્મા! ડાલચંદજી! ભગવાનઆત્મા! એક સમયમાં દ્રવ્ય છે, તેમાં અનંત અનંત સંખ્યાએ ગુણ છે, અને તેની અનંત અનંત નિજ પર્યાય છે. તેમાં વિકાર અને અવિકારી બે પર્યાય થાય છે. અને તેમાંથી વિકારી પર્યાયને છોડીને પોતાની નિર્મળ વર્તમાન અસ્તિ આદિ ગુણની પર્યાયનું લક્ષ છોડીને પોતાના દ્રવ્યને કેમ પ્રાપ્ત કરે. એ શીખી લેવું. મગનભાઈ! આહાહા! **માટે તે જ કેવળ શીખવાયોગ્ય છે.** જેમાં જન્મ-મરણના અંતનો ભણકાર આવે. જન્મ-મરણના અંતનો ભણકાર આત્મા આપે. હવે જન્મ-મરણ નહીં. સમજાણું કાંઈ? એવું પંચમકાળમાં પણ થઈ શકે છે. આહાહા! કહો, સમજાણું કાંઈ?

બીજી વિદ્યાની તો અહીં વાત પણ કરી નથી. અધ્યાત્મવિદ્યા તેમાં શાસ્ત્રના ભણતર પણ ઓછા હોય પણ અધ્યાત્મવિદ્યા જો આત્માને પ્રાપ્ત કરાવી દયે, એ તો તેણે પહેલાં શીખવાની જરૂર છે. મગનભાઈ! આહાહા! સમજાણું કાંઈ? કોણ શીખવે? શીખવાયોગ્ય છે ને શીખવાયોગ્ય કહ્યું ને? શબ્દ આવે ત્યારે કહે ને? ઓહો પ્રભુ! તારી પ્રભુતા પહેલાં અંતર જાણવી જોઈએ. જ્ઞાનમાં મહાન દ્રવ્યનો સ્વભાવ તેની એક એક પર્યાયનો મહાન અનંત સ્વભાવ તેનું માહાત્મ્ય તેની દૃષ્ટિમાં, પોતાની નિર્મળ પર્યાયનું માહાત્મ્ય તો શું કહેવું? પણ તેનાથી ગુણ ને દ્રવ્યનું કેટલું અનંતગણું માહાત્મ્ય છે એવી વસ્તુની સ્થિતિ છે. મહિમા માહાત્મ્યવંત પદાર્થ, 'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શકયા નહીં પણ તે શ્રી ભગવાન જો' એ અપૂર્વઅવસરમાં શ્રીમદ્ કહે છે ને!

'જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં, કહી શકયા નહીં તે પણ શ્રી ભગવાન જો,
તેહ સ્વરૂપને અન્ય વાણી તે શું કહે, અનુભવ ગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો'

'અપૂર્વ અવસર એવો કયારે આવશે' ત્યાં છેલ્લે એમ કહ્યું છે, 'એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં, જુઓ! ગૃહસ્થાશ્રમમાં હતા, બાયડી છોકરા હતા, લાખોના મોતીના વેપાર હતા, ધંધાને ઘરે ધંધા અને આત્માને ઘરે આત્મા હતો. 'એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં, ગજા વગરને હાલ મનોરથરૂપ જો' અરેરે! ગજા વગરનો હું છું હો, કહે. આહાહાહા! સમજાણું કાંઈ? ગજા વગર સમજો છો? ભાષા નથી સમજતાં ને? ગુંજાઈશ નહીં.

શ્રીમદ્ થઈ ગયા ને? શ્રીમદ્ રાજચંદ્ર. તેત્રીસ વર્ષે દેહ છૂટી ગયો. તેંત્રીસ વર્ષે. સાત વર્ષે તો જાતી સ્મરણ થયું હતું. અને પછી ઓગણત્રીસ વર્ષે આત્મસિદ્ધિ બનાવી. અને પછી ત્રીસમા વર્ષે અપૂર્વ અવસર બનાવ્યું. તેમાં એમ લખ્યું 'એહ પરમપદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં, ગજા વગર ને હાલ મનોરથ રૂપ જો, એ મનોરથમાં રહેશે. એટલું ધ્યાન નહીં (આવે) કે જેમાં કેવળ પામું. તોપણ નિશ્ચય રાજચંદ્ર મનને રહ્યો, પ્રભુ આજ્ઞાએ થાશું તે જ સ્વરૂપ જો' પ્રભુ આજ્ઞા સ્વીકારે છે કે આવી દષ્ટિ ને અલ્પ ધ્યાન થયું તો અલ્પકાળમાં કેવળજ્ઞાન પામશું. એવી ભગવાનની આજ્ઞા છે. અમે પણ જલ્દી કરી અલ્પકાળમાં કેવળજ્ઞાન પામશું. અત્યારે ગજુ નથી. માંડ માંડ એ પંચમ, છઠ્ઠાગુણસ્થાનની નિર્જરાની ક્રિયા અમારી પાસે છે નહીં. સમજાણું કાંઈ? એ ધ્યાન અમારી પાસે છે નહીં. આહાહા! સમજાણું કાંઈ?

કહે છે **માટે તે જ કેવળ શીખવાયોગ્ય છે કે જે જરા-મરણનો ક્ષય કરે.** સમજાણું કાંઈ? કોઈ કહે શાસ્ત્રના પ્રશ્ન પૂછે તેમાં ન આવડે, ત્યાં આવડે તો મોટો થઈ ગયો. એમ નથી બાપા! સાંભળ તો ખરો હવે! શેઠ! સમજાણું કાંઈ? એક ફેરે એમાં જયાં કાંઈક શીખીને આવ્યો હોય ત્યાં બીજાને પૂછે અને એને ન આવડે, હાં... આ ન આવડયું ત્યાં થઈ ગઈ મોટી ભૂલ! ધૂળમાંય નથી. સાંભળને હવે! સમજાણું કાંઈ? આ છોકરો કયાંકથી શીખીને આવે છે. મોટો મગજવાળો! એને પૂછે લ્યો! ........ હવે ન આવડયું કે આવડયું. જેને આત્મા આવડયો તેને બધું આવડયું, સાંભળ! સમજાણું કાંઈ? તને ખબર ન પડે જ્ઞાનીના ઓઠા, સમજાણું કાંઈ? જ્ઞાનીના હૃદય કળવા કઠણ પડે જગતને. એ વાત બીજી છે. એ શીખી લે એકવાર.

જુઓ! **માટે તે જ કેવળ,** માત્રનો અર્થ એક જ વાર. જેને સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ ફરમાવે છે. એવા આત્માનો અનુભવ થાય એ શીખી લે. સમજાણું કાંઈ? આહાહા! શેઠી! અપૂર્વ અવસર શેઠીને બહુ જ ગમે છે. સમજાણું કાંઈ? આચાર્યમહારાજ અમૃતચંદ્રઆચાર્ય મુનિ! ઓહોહો! ભાવલિંગી સંત! પરમેશ્વર પદમાં બિરાજમાન ણમો લોએ આયરિયાણં એ પદમાં બિરાજમાન છે. એ કહે છે, અરે ભાઈ! અરે પ્રભુ! શ્રુતનો તો પાર નથી ને ભાઈ! અને આપણી બુદ્ધિ તો બહુ થોડી છે ને! અને કાળ ભાઈ અલ્પ રહ્યો છે ને! બહુ થોડો! બહુ થોડો! પાંચ પચ્ચીસ પચાસ, એમાં તો કેટલાના પચાસ પચાસ (વર્ષ) ચાલ્યા ગયા. સમજાય છે? ચાલીસ ચાલીસ પચાસના ચાલ્યા ગયા. બહુ થોડું રહેવું ભાઈ! તો મુદ્દાના માલની રકમ સમજી લે. સમજાણું કાંઈ? મુદ્દાની રકમ.

એ ચૈતન્ય વસ્તુ તેનો અનુભવ વેદન સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન શાંતિ કેમ થાય એ શીખી લે. સમજાણું કાંઈ? આ કોઈ થોડું આવ્યું, કોઈવાર ન આવ્યું, મૂળ ચીજમાં જો હરકત આવી (તો) તારું બધું ભણેલું લખેલું ફોગટ છે. સમજાણું કાંઈ? આહાહા!

કહે છે, જુઓ! આ ધવલ એ તો વાત ચાલે છે. ધવલ,જયધવલ પરમશ્રુતનો અભ્યાસ કયાં થાય

છે? સમજાણું કાંઈ? બુધ્ધિ એટલી નહીં, અભ્યાસ ન હોય. બુધ્ધિવાળાને કહે છે તો તેને નવરાશ મળતી નથી. તેમાં એટલા બોલ! ઓહોહો! એ વીરસેનસ્વામી ક્ષયોપશમના દરિયા! ત્રિકાળ સર્વજ્ઞની સિધ્ધિ કરતા હતા એવો પાઠ ઈતિહાસમાં છે. એટલા કરોડો અબજો શ્લોકોની પ્રાપ્તિની વાત ને ચરણાનુયોગની વાત. આચાર્ય હતા. મહામુનિ હતા. પાણીના પૂરની પેઠે અબજો શ્લોકો અબજો! આમ. ફાટ! ફાટ! ફાટ! પોતાના ધ્યાનમાં લક્ષ રાખીને. સમજાણું કાંઈ? અભ્યાસ તો થઈ શકતો નથી. પહેલાં તો દર્શનમાત્ર પુસ્તક હતા. હવે બહાર આવ્યા. સમજાણું કાંઈ?

કહે છે, આ એમાંથી પણ તે શીખી લે. આ ''**भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो**'' લ્યો! આ શીખવાનું છે. સમજાણું કાંઈ? શું? 'વ્યવહારો અભુયત્થો' વિકલ્પ આદિ આવે છે તે બધા અભુતાર્થ આશ્રય કરવા યોગ્ય નથી. એક સમયની પર્યાય પણ અવલંબન આશ્રય કરવાલાયક નથી. આખું દ્રવ્ય અખંડાનંદ સત્ચિદાનંદ એકરૂપ. ભગવાન કહે છે હોં! આવા શબ્દો તો ઘણા કહે છે. લોકો જૈનના નામે ગડબડ બહુ કરે છે. સમજાણું કાંઈ? ભાષણ કરે પણ સાંભળનારને પણ ખબર ન હોય અને એક જાણે પૂછ્યું કે આ શ્રદ્ધા ખરી કે નહીં? ના. શ્રદ્ધા એ તો અશ્રદ્ધા હોય. બાકી શ્રદ્ધા શ્રદ્ધા નહીં. શું કહે છે કાંઈ ખબર ન મળે. સમજાણું કાંઈ? આ તે વેદાંત કહે છે કે, આ તે જૈન કહે છે કે, આ તે અન્ય કહે છે. કાંઈ ખબર ન મળે. કહેનારને પણ ખબર ન મળે અને સાંભળનારને પણ ખબર ન મળે. ડાલચંદજી!

ભગવાનઆત્મા એક સેકન્ડના અસંખ્યમાં ભાગમાં પૂર્ણ દરિયો અનંત શક્તિનો પિંડ ભર્યો છે. એક એક શક્તિનું અનંત સામર્થ્ય છે અને એક એક શક્તિની અનંત પર્યાય, બસ! એ દ્રવ્ય. પર્યાય, ગુણ અને દ્રવ્ય વાસ્તવિક શું છે એ સમજી લે અને સ્વભાવ સન્મુખની દૃષ્ટિ કરવી તે શીખવાનું છે. કહો, વલ્લભદાસભાઈ! આગળ પાછળના પડખા જેટલા (છે તે બતાવવા તો જોઈએ ને?) બહુ જ વિપરીત માન્યતા ઘુસી ગઈ છે તો એટલા પ્રમાણમાં અવિપરીત ખ્યાલ આવ્યા વગર વિપરીત નીકળશે નહીં.નહીં નીકળે. વિપરીત બહુ જ નાખ્યા છે ને? વિપરીત માન્યતાનો પાર નથી. સંભળાવવાવાળા, સાંભળવાવાળા પણ એટલા મળ્યા. એની દૃષ્ટિ એવી. લાકડા એટલા ઘરી ગયા કે તેને એના પ્રમાણમાં સાચી સમજણ કરીને લાકડા કાઢી નાખવા પડશે. સમજાણું કાંઈ? જુઓ! કોઈ ગુજરાતી શબ્દ પણ આવી જાય, હિન્દી કાંઈ... લેખે લાગ્યું? લ્યો કર વાત! આ તમારે જામનગરવાળા આવ્યા ને લેખે લાગ્યું એવી વાત છે. લાકડા સમજણ કરીને કાઢી નાખવા. એ તો એ માટે તો વાત ચાલે છે.

હવે ભાવાર્થ. **નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્યચમત્કારમાં નિશ્ચળ પરિણતિ તે ધ્યાન છે.** પાઠમાં આવ્યું હતું ને? ધ્યાનની વ્યાખ્યા. એને સમજયા વિના આમ આમ બધા મૂઢ થઈ જાશે. સમજાણું કાંઈ? એ તો મૂઢ થઈ જાશે. અંદર લાગે, સૂન મૂન જેવું લાગે. જરી લૌકિક આદિ વિકલ્પ

ઓછા દેખાય એટલે અંદર ધ્યાન. એ ધ્યાન નહીં. ધ્યાનની વાત તો કોઈ અપૂર્વ છે. સમજાણું કાંઈ?

એ અનાત્મા જેવો છે એવી વસ્તુની દૃષ્ટિ કરીને પછી અંદર નિર્મળ પરિણતિની પર્યાય ઉત્પન્ન થાય સ્વના આશ્રયે એ **નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્યચમત્કારમાં,** એ દ્રવ્ય લીધું અને **નિશ્ચળ પરિણતિ** તે પર્યાય લીધી. તે ધ્યાન છે. નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્યચમત્કાર તે દ્રવ્ય. તેમાં નિશ્ચળ પરિણતિ તે ધ્યાન. **આ ધ્યાન મોક્ષના ઉપાયરૂપ છે.** મોક્ષનું કારણ એક જ છે. આમાં કાંઈ ઓલું ન લીધું કે વ્યવહારધ્યાન અને નિશ્ચયધ્યાન. આ વ્યવહારધ્યાન મોક્ષનું કારણ આવું છે ને ઢીકણું છે. આ તો એક જ ધ્યાન કીધું છે. કોણ જાણે કેમ.... આહાહા!

**જેમ થોડો પણ અગ્નિ પુષ્કળ ઘાસ અને કાષ્ઠના રાશિને અલ્પકાળમાં બાળી નાખે છે,** થોડી અગ્નિ. એકદમ થોડી. લાખો ગંજ ઘાસના બાળી નાખે. **તેમ મિથ્યાત્વ-કષાયાદિ વિભાવના, પરિત્યાગસ્વરૂપ,** જુઓ! પણ પહેલાં અંદર મિથ્યાત્વનો ત્યાગ હોવો જોઈએ. તો મિથ્યાત્વ કોને કહે છે એ ખબર વગર ત્યાગ કેમ થાય? **તેમ મિથ્યાત્વ-કષાયાદિ વિભાવના પરિત્યાગસ્વરૂપ મહા પવનથી પ્રજ્વલિત થયેલો અને અપૂર્વ-અદભૂત-પરમ-આહ્લાદાત્મક સુખસ્વરૂપ ઘીથી સિંચાયેલો,** અગ્નિ ધ્યાનાગ્નિ. ધ્યાનાગ્નિમાં એક તો મિથ્યાત્વ અને કષાયનો ત્યાગ બરાબર હોવો જોઈએ. પછી તે **મહા પવનથી પ્રજ્વલિત થયેલો અને અપૂર્વ-અદભૂત-પરમ-આહ્દાત્મક સુખ,** આનંદ. એ ધ્યાનમાં પરમ અતીન્દ્રિય આનંદનો રસ ઝરે, તેને અહીંયાં ઘીથી સિંચેલી કહેવામાં આવે છે. ધ્યાનમાં પરમ અતીન્દ્રિય આનંદનો રસ આવવો જોઈએ. આમ થોથા ધ્યાન એમ નહીં.

**નિશ્ચય-આત્મસંવેદનરૂપ ધ્યાનાગ્નિ,** એ ત્રણ બોલ લીધા. નિશ્ચય-આત્મસંવેદનરૂપ ધ્યાનાગ્નિ, આત્માનું જ્ઞાનાનંદમાં વેદન, ધ્યાનાગ્નિ. એ ત્રણ બોલ લીધા. ધ્યાન કોને થાય છે કે પહેલાં મિથ્યાત્વ અને કષાયનો ત્યાગ તેનો પવન લાગ્યો અને અપૂર્વ સુખસ્વરૂપ ઘીથી સિંચાયેલો, આનંદથી અને આત્મસંવેદનરૂપ ધ્યાનાગ્નિ. લ્યો! આ ટૂંકામાં શીખવાની વાત આવી.

**મૂલોત્તરપ્રકૃત્તિભેદવાળાં કર્મરૂપી ઈંધનના,** મૂલ એટલે આઠ કર્મ, ઉત્તર એટલે ઘણી પ્રકૃત્તિ એવા **કર્મ ઈંધનના રાશિને ક્ષણમાત્રમાં બાળી નાખે છે.** ક્ષણમાત્રમાં કર્મનો નાશ થાય છે. સમજાણું કાંઈ? **આ પંચમકાળમાં પણ યથાશક્તિ ધ્યાન થઈ શકે છે.** આ કાળમાં જે વિચ્છેદ છે તે શુકલધ્યાનનો છે. અત્યારે શુકલધ્યાન નથી. ધર્મધ્યાનનો વિચ્છેદ નથી. ધર્મધ્યાન તો છે. **આજે પણ અહીંથી જીવો ધર્મધ્યાન કરીને દેવનો ભવ અને પછી મનુષ્યનો ભવ પામી મોક્ષને પ્રાપ્ત કરે છે.** આજ પણ પોતાના સ્વરૂપની દૃષ્ટિ સમ્યગ્દર્શન પ્રગટ કરીને, સમજાણું કાંઈ? સ્વભાવનું અવલંબન લઈને અને તેટલું ધર્મધ્યાન જે થયું જે રાગ બાકી રહે તો **દેવનો ભવ અને**

**મનુષ્યનો ભવ પ્રાપ્ત કરીને મોક્ષ પ્રાપ્ત કરે છે.** સમજાણું કાંઈ?

અને **બહુશ્રુતધરો જ ધ્યાન કરી શકે એમ પણ નથી.** શાસ્ત્રનું થોડું જ્ઞાન હોય તે ધ્યાન કરી શકે છે એમ પણ નથી. બીજાની બુદ્ધિની તો વાત પણ નથી. આ તો શાસ્ત્રના બહુશ્રુત લીધા ને? શાસ્ત્રના બહુશ્રુતધરો જ ધ્યાન કરી શકે છે એમ પણ નથી. **સારભૂત અલ્પશ્રુતથી પણ ધ્યાન થઈ શકે છે.** સમજાણું કાંઈ? નવતત્ત્વ વાસ્તવિક પદાર્થનો બોધ થયો અને આત્મદ્રવ્ય શું છે (તે જાણીને) તે તરફ ઝુકયો તો તેનાથી પણ ધ્યાન થઈ શકે છે.

**સારભૂત અલ્પશ્રુતથી પણ ધ્યાન થઈ શકે છે. માટે મોક્ષાર્થીઓએ શુદ્ધાત્માનો,** જુઓ! **શુદ્ધાત્માનો પ્રતિપાદક,** શુદ્ધાત્માનો પ્રતિપાદક. એમાં બધું આવ્યું જુઓ! અશુદ્ધતા અંદર છે નહીં. એવો શુદ્ધાત્મા પૂર્ણસ્વરૂપ છે, ગુણ અનંત છે, શુદ્ધ સ્વાભાવ છે. **સંવર-નિર્જરાનો કરવાવાળો,** ધ્યાન-ધ્યાન. **અને જરામરણનો હરનારો સારભૂત ઉપદેશ ગ્રહીને,** એવો ઉપદેશ ગ્રહણ કરીને, ધ્યાન કરવાયોગ્ય છે. સમજાણું કાંઈ? ઠીક! આ ગાથા રવિવારે આવી. મોક્ષાર્થીઓએ, જેને આત્માની પૂર્ણ પ્રાપ્તિ કરવી છે. તેણે શુદ્ધાત્માને કહેવાવાળાનો ઉપદેશ ગ્રહણ કરવો. શુદ્ધાત્માની આમાં વ્યાખ્યા. શુદ્ધાત્માની ભાષા તો અન્ય પણ કહે છે. તેમાં તો છે જ નહીં.

સર્વજ્ઞ પરમાત્મા જેવો આત્મા કહે છે તેમાં ઉપદેશ છે તે ઉપદેશ સાચો છે. સમજાણું કાંઈ? બૌધમાં કહે છે, વેદાંતમાં કહે છે. ઉપદેશની ભાષા તો બહુ જ આવે છે. બધું જ મિથ્યાત્વ. બધા મિથ્યાદષ્ટિન કથન છે. સમજાણું કાંઈ? એય! જુઓ! અહીં તો સર્વજ્ઞ ભગવાનના શ્રીમુખમાંથી પરમાત્મા ત્રિલોકનાથ તેમણે કહ્યું તે સંતો ભાવલિંગી સંત તેમણે કહ્યો તે શુદ્ધાત્મા સિવાય કોઈ બીજો શુદ્ધાત્મા હોય શકે નહીં. કહો, સમજાણું કાંઈ? **સંવરનિર્જરાનો કરનારો અને જરા-મરણને હરનારો સારભૂત ઉપદેશ,** સારભૂત સાર **ગ્રહીને ધ્યાન કરવાયોગ્ય છે.** હવે થોડો ખુલાસો.

**અહીં એ લક્ષમાં રાખવાયોગ્ય છે,** આપણે વાંચ્યું હતું. **ઉપરોકત ધ્યાનનું મૂળ સમ્યગ્દર્શન છે.** ઓલા સાંભળીને એકદમ ધ્યાનમાં ચડી જાય, આમ આમ. નહીં ચડે કાંઈ. ઘણું અત્યારે ચાલે છે. અત્યારે. એ અત્યારે અહીંની વાત બહુ ચાલી ને? કોઈ સાધુ, કોઈ દેરાવાસીના, કોઈ ફલાણા (કહે કે) એ હવે ધ્યાનમાં ચડી જાવ, આપણે નદીને કાંઠે જઈને બેસી જાવ. પણ આત્માને કાંઠે કેમ અવાય તેની તો હજી ખબર કર! નદીકાંઠે બહારમાં ધૂળમાં શું છે? ગીરી ગુફા તો અંદર છે. બહારની ગીરી ગુફામાં શું છે? શેઠી!

**ઉપરોકત ધ્યાનનું મૂળ સમ્યગ્દર્શન છે.** સમ્યગ્દર્શન વિના ધ્યાન હોતું નથી. આત્મા સર્વજ્ઞ પરમાત્માએ મુનિ સંતોએ જેવો જાણ્યો અને કહ્યો છે તેવી અંતરદષ્ટિ અનુભવ થયા વગર ધ્યાન હોતું નથી. યાદ કરે, વિકલ્પ આમ આમ ગમે તે કરે તેને ધ્યાન થતું નથી. સમજાણું કાંઈ? કેમકે નિર્વિકાર

નિષ્ક્રિય ચૈતન્યચમત્કારની સમ્યક્ પ્રતીતિ વિના, ભગવાનઆત્મા પૂર્ણ શુદ્ધ એકરૂપ નિર્વિકાર રાગાદિની ક્રિયા વિનાના ચૈતન્યચમત્કારની એવા ભગવાન **ચૈતન્યચમત્કાર સમ્યક્ પ્રતીતિ વિના તેમાં નિશ્ચળ પરિણતિ કયાંથી થઈ શકે?**

ચીજ જ શું છે તેની શ્રદ્ધા જ્ઞાન નહીં તેને સ્થિરતા કયાંથી થઈ શકે? આ મુદ્દાની વાત છે. સમજાણું કાંઈ? અત્યારે બહુ જ લખાવે છે. મોટા મોટા સાધુ લખે છે, જુઓ! બૌધમાં આવું છે, ફલાણામાં આવું છે, બેય પંથ આવો છે ને? બેય પંથનું મૂળ એક જ છે ને. બૌધમાં પણ સમ્યગ્દર્શન ને નિર્વાણ ને મુકિત ને કુકિત ને, હવે જેટલા શબ્દો આવે તે બધા મિથ્યાત્વના છે. સાંભળને હવે? તને. આ શેઠિયાઓને કાંઈ ખબર ન હોય. હવે તમારે ચિરંજીવી ઉપર કહે છે. માથે કહે તે સત્ય હશે. ત્યાં કયાં કોઈ ભણ્યા લખ્યા છે? સમજાણું કાંઈ? ખૂબ નિશ્રિતમાં આમ છે, ફલાણા નિશ્રિતમાં આવું છે. નિશ્રિતમાં આમ છે. સાંભળને? બધા ગપે ગપ માર્યા છે.

સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ એ અહીંયાં કહે છે. વીતરાગ પરમેશ્વરે જેવું કેવળજ્ઞાનમાં જોયું. અનંત આત્મા, અનંત પરમાણું, અનંત અનંત એક એક દ્રવ્યના ગુણ એવી એક એક પર્યાય અનંતી એક એક દ્રવ્યમાં આવી વાત ત્રણકાળ, ત્રણલોકમાં બીજી હોઈ શકે નહીં. સમજાણું કાંઈ? પલળી ગઈ પછેડી! **નિર્વિકાર ચૈતન્યચમત્કારની (શુદ્ધાત્માની) સમ્યક્ પ્રતીતિ વિના તેમાં નિશ્ચળ પરિણતિ કયાંથી થઈ શકે? માટે મોક્ષના ઉપાયભૂત ધ્યાન કરવા ઈચ્છનાર જીવે પ્રથમ તો જિનોકત,** જિનોકત જુઓ! આવ્યું. જિનોકત વીતરાગે કહ્યું તે. હજી વીતરાગ શું કહે છે તે ખબર નથી ને માર્ગ વીતરાગ આમ કહે છે. બધા આમ જ કહે છે. હજી લોકો સમન્વય બહુ જ કરે છે. સમન્વય સમન્વય. ઝેર અને અમૃત ભેગા. ઝેર ને અમૃતનો સમન્વય. એક રેશમનો કટકો અને એક..... પાણકોરું નહીં. આ કોથળાનો. આ ચોખા ચોખા એ શું કહે? ગુણીયું. એક ગુણીયાનો કટકો અને એક રેશમનો કટકો એનો સમન્વય કરે. આ અક્કલ નથી!

વીતરાગ ત્રિલોકનાથ પરમાત્માએ જે છ દ્રવ્ય અને નવતત્ત્વ, પંચાસ્તિકાય કહ્યા એવી વાત ત્રણકાળ ત્રણલોકમાં બીજે કયાંય છે નહીં. તેને (લોકોને) ખબર નહીં ને લગાવી દે છે, ઓલા પણ આમ કહે છે ઓલા પણ આમ કહે છે. બધામાં એક જ વાત છે ને? બધામાં વાત તો, ધ્યેય તો એક જ છે ને? ધૂળમાંય ધ્યેય એક નથી. સાંભળ તો ખરો? એમ જ કહે છે. તમને ખબર નથી માથે કહ્યું હશે તે તમે માની લીધું. શેઠ! ખબર નથી, ખબર નથી શું ચીજ છે ને અભ્યાસ નહીં ને? અભ્યાસ નહીં. સમજાણું કાંઈ?

કહે છે **જિનોક્ત દ્રવ્યગુણપર્યાયરૂપ,** જુઓ! ભાષા! વીતરાગ પરમાત્માએ કહેલું દ્રવ્ય, તેના કહેલાં ગુણ અને તેમણે કહેલી પર્યાય. એ તો મોટો દરિયો છે. **વસ્તુ સ્વરૂપની યથાર્થ,** આ તો પછી

મગનભાઈ યાદ આવી ગયા. મગનભાઈ એક ફેરે કહેતા હતા તેમાં પણ થોડું સત્ તો છે. છે કીધું. ઝપટ લાગી પછી તો, એમણે સાંભળી લીધું બરાબર! વાંચે બહુ નવરા બહુ છે તો વાંચે બધું. ગીતા ને ઉપનિષદ્ આ ને તે ને. થોથે થોથા. નવરા માણસ. અહીં પણ છે ને એમાં પણ કાંઈક છે. છે કીધું છે. સમજાણું કાંઈ? નરભેરામભાઈ! આ તમને કાંઈ ખબર ન પડે ને વકીલાત કરીને નવરા થયા ને માથે ઓલો કહે તેમ હા એ હા.

આ તો **જિનોકત દ્રવ્યગુણપર્યાયરૂપ વસ્તુસ્વરૂપની યથાર્થ સમજણપૂર્વક,** ભાષા જુઓ! આટલી કડક. આટલી શરત! જિનોકત દ્રવ્યગુણપર્યાયરૂપ વસ્તુસ્વરૂપની યથાર્થ સમજણપૂર્વક, જેવી વસ્તુ છે તેવી યથાર્થ સમજણપૂર્વક. **નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્યચમત્કારની સમ્યક્પ્રતીતિનો સર્વપ્રકારે ઉદ્યમ કરવાયોગ્ય છે.** પહેલાં તો એ સમ્યગ્દર્શન પ્રગટ કરવાની યોગ્યતા કરો પછી બીજી વાત! સમજાણું કાંઈ? **ત્યારપછી જ તે ચૈતન્યચમત્કારમાં વિશેષ લીનતાનો યથાર્થ ઉદ્યમ થઈ શકે છે.** નહીંતર યથાર્થ ઉદ્યમ થઈ શકતો નથી. કહો, સમજાણું કાંઈ? આ અધિકાર પણ આજ પૂરો કરવો હતો. ડાલચંદજી! તમે પહેલા કહી ગયા પછી પાછળ શેઠ આવ્યા. કીધું, આજ નહીં ચાલે. અમારો નિર્ણય ફરતો નથી. અને આ ........... કારણ હતું. સમજાણું કાંઈ?

ઓહો! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા દેવાધિદેવ, તારણસ્વામી પણ જ્યાં ને ત્યાં, જિનોકત જિનોકત હજારો વખત જિન જિન શબ્દ આવે છે. વાંચ્યું છે? દેરિયાજી! કેટલીવાર. હેતુ છે. શબ્દ સાધારણ નથી. ચાલતીભાષામાં મૂક્યું છે. જિન જિન જિન જિન એ સિવાય ક્યાંય વાત ત્રણકાળમાં છે નહીં. એ જિને કહેલા દ્રવ્યગુણપર્યાય તેને પહેલાં યથાર્થ સમજવા. ગુરુગમ્યથી શાસ્ત્રથી પહેલાં ગુરુગમ હો! એની મેળે શાસ્ત્ર વાંચે તો સમજણ નહીં આવે. આવે છે કે નહીં? તેમાં આવે છે. 'ગુરુ વિના જ્ઞાન'. એમ પછી આવે છે. હા, એ. બરાબર છે. શું છે? એમાં આવ્યું બરાબર! નિમિત્ત આવ્યું ને? દેવાનુંપ્રિયા!

એ તો સમજમાં યોગ્યતા હોય ત્યારે તેને સાચા ગુરુ મળ્યા વિના રહે નહીં. અને મળે તો એનાથી જ્ઞાન થાય તેમ છે નહીં. ભારે ભાઈ! બેય વાત! જેવી ચીજ છે તેવો બોધ પહેલાં ગુરુગમથી લેવો જોઈએ. **ત્યારપછી જ તે ચૈતન્યચમત્કારમાં વિશેષ લીનતાનો યથાર્થ ઉદ્યમ થઈ શકે છે.** એ પહેલાં થઈ શકતો નથી. નિર્જરા અધિકાર પૂરો થયો.

**(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ.)**